# સમયસાર સિદ્ધિ

ભાગ-૧૧



# ACKNOWLEDGEMENT

We sincerely express our gratitude to **"Shree Simandhar Kundkund Kahan Adhyatmik Trust, Rajkot"** from where we have sourced **""Samaysar Siddhi" Part 11"** .

**"Samaysar Siddhi" Part 11.** (Pravachans on Shree Samaysar by Pujya Shree Kanji Swami) have taken due care, However, if you find any typographical error, for which we request all the reader to kindly inform us at info@vitragvani.com or to "victoryjack1@rediffmail.com"

**"Shree Simandhar Kundkund Kahan Adhyatmik Trust, Rajkot"**

ॐ

श्री सीमंधरस्वदेवाय नमः
श्री निज शुद्धात्मने नम

# સમયસાર સિદ્ધિ

## ભાગ-૧૧

અધ્યાત્મયુગપુરુષ

**પ. પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીના**

સમયસારજી શાસ્ત્ર ઉપરના ૧૯ મી વખતના સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારની ગાથા ૩૯૦ થી ૪૧૫ તથા તેના શ્લોકો અને પરિશિષ્ટ ઉપર થયેલા ૪૭ મંગલમયી પ્રવચનો

: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં,
નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ–૩૬૦૦૦૭.
ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮ / ૨૪૭૭૭૨૯

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૩૦ | ૨૫૩૬ | ૨૦૬૬ | ૨૦૧૦ |

**પ્રકાશન**

**મહાવીર ભગવાન નિર્વાણ કલ્યાણક દિવસ**

**તા. ૦૬-૧૧-૨૦૧૧**

**પ્રથમ આવૃત્તિ – ૧૫૦૦ પડતર કિંમત – રૂ. ૧૬૦/- મૂલ્ય - રૂ. ૬૦/-**

**પ્રાપ્તિ સ્થાન**

રાજકોટ : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ–૩૬૦૦૦૧. ટેલી. નં. ૨૨૩૧૦૭૩
શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૭. ટેલી. નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮

મુંબઈ : (૧) શ્રી શાંતિભાઈ ઝવેરી
૮૧, નિલામ્બર, ૩૭, પેડર રોડ, મુંબઈ-૪૦૦૦૨૬ ટેલી. નં. ૨૩૫૧૬૬૩૬/૨૩૫૨૪૨૮૨
(૨) શ્રી મહેન્દ્રભાઈ મહેતા
'સાકેત' સાગર કોમ્પ્લેક્ષ, સાંઈબાબા નગર, જે.બી. ખોટ સ્કૂલ પાસે, બોરીવલી (વે.),
મુંબઈ-૪૦૦૦૯૨ ટેલી. નં. ૨૮૦૫૪૦૬૬/૦૯૮૨૦૩૨૦૧૫૯
(૩) શ્રી ભરતભાઈ સી. શાહ
૯૦૫/૯૦૬ યોગી રેસીડેન્સી, એક્સર રોડ, યોગીનગર, બોરીવલી (વે.) મુંબઈ-૯૨
ટેલી. નં. ૨૮૩૩૦૩૪૫/૦૯૩૨૨૨૮૨૧૬૬
(૪) શ્રી વિજયભાઈ મગનલાલ બોટાદરા
બી-૨૭, 'મહાવીર પ્રકાશ' ૨ જે માળે, વલ્લભબાગ (એક્ષટેન્શન લેન) ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ
ટેલી. ૦૨૨-૨૫૦૬૮૭૯૦

કલકત્તા : શ્રી પ્રકાશભાઈ શાહ
૨૩/૧, બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ, ખાલસા સ્કૂલ સામે, ભવાનીપુર, કલકત્તા-૨૦.
ટેલી. નં. ૦૩૩–૨૪૮૬૮૫૧૮/૦૯૮૩૦૩૩૧૦૧૦

સુરેન્દ્રનગર : ડૉ. દેવેન્દ્રભાઈ એમ. દોશી
જૂના ટ્રોલી સ્ટેશન સામે, દર્શન મેડીકલ સ્ટોર સામે, સુરેન્દ્રનગર. ટેલી. નં. ૨૩૧૫૬૦

| લેસર ટાઈપ સેટિંગ | મુદ્રક | જેકેટ અને મલ્ટીકલર ફોટા |
|---|---|---|
| પૂજા ઇમ્પ્રેશન્સ | શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ | ડોટ એડ |
| પ્લોટ નં. ૧૯૨૪/બી<br>૬, શાંતિનાથ બંગલોઝ<br>શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ<br>પાસે, ભાવનગર-૩૬૪૦૦૧<br>ફોન નં. ૯૭૨૫૨૫૧૧૩૧ | ૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,<br>ડૉ. યાજ્ઞિક રોડ,<br>રાજકોટ-૩૬૦૦૦૧<br>ફોન નં. ૯૮૨૫૦૭૫૦૬૧ | ૨૩૪, રાજ ચેમ્બર્સ,<br>માલવિયા પેટ્રોલ પંપ સામે,<br>ગોંડલ રોડ, રાજકોટ<br>ફોન નં. ૬૬૨૬૦૭૩ |

# પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯ માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ શાસ્ત્ર છે. જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગમ્ય કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજ સ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર સમયસારજી છે તેની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે 'આત્મખ્યાતિ' નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયે; લોપ થયો હતો. મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો. જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા. પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું. તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત, અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો.

જેમણે આ આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો

સુવર્ણમય ઉદય થયો. જેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રીએ જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ પ્રદાયક પ્રવચનગંગા દ્વારા તેઓશ્રી પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. વિરોધીઓના વિરોધનો પણ જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી વિરોધીઓ પણ 'ભગવાન આત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં, સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુ૦૯૬

ણાશીલ કોમળ હૃદય બોલી ઊઠ્યું. અરે! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં 'સોનગઢ' મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ (૧૩) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢ્યો અને ફરમાવ્યું કે :–

❋ સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.

❋ સમયસાર તો સિદ્ધાંત શિરોમણિ–અદ્વિતીય અજોડ ચક્ષુ ને આંધળાની આંખ છે.

❋ સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘ શાસ્ત્ર છે.

❋ સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું શાસ્ત્ર બની ગયું. જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ. ધન્ય કાળ!

❋ સમયસારની એક એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.

❋ સમયસાર તો સત્યનું ઉદ્ઘાટન છે. ભારતનું મહારત્ન છે.

❋ સમયસાર જેના થોડા શબ્દોમાં ભાવોની અદ્ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.

❋ સમયસાર તો ભરતક્ષેત્રનો પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર શાસ્ત્ર કહેવાય.

❋ સમયસાર તો જગતના ભાગ્ય, સમયસારરૂપી ભેટણું જગતને આપ્યું. સ્વીકાર નાથ! હવે સ્વીકાર! ભેટ પણ દે, એ પણ સ્વીકારે નહીં?

❋ સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.

❋ સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડ્યા છે અમૃત વહેવરાવ્યા છે.

❋ સમયસાર એકવાર સાંભળીને એમ ન માની લેવું કે આપણે સાંભળ્યું છે. એમ નથી બાપુ ! આ તો પ્ર... વચનસાર છે એટલે આત્મસાર છે વારંવાર સાંભળવું.

❋ સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.

❋ સમયસારની મૂળભૂત એક એક ગાથામાં ગજબ ગંભીરતા પાર ન પડે એવી ચીજ છે. એક એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.

❋ સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ, ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે. જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે. ધર્મનો ધોધ એવો ધર્મી છે. ધ્રુવ પ્રવાહ છે. જ્ઞાનની ધારા છે. ત્રણ લોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે. વાસ્તવિક વસ્તુ છે. સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે. ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ–શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય વાડો ગચ્છ નથી વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને ક્યાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છે ને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક એક ગાથાના અર્થ કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂજ્ય ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય? પૂજ્ય ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો, બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા

આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂજ્ય બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ. તેઓ ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂજ્ય ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિં તો સાધક હોય તોપણ બધી તૈયારી કરવી પડે.

'શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ' ની રચના સ્વ. ચંદુલાલ ખીમચંદ મહેતાના સ્મરણાર્થે બેન સરોજબેન ચંદુલાલ મહેતા પરિવાર રાજકોટ દ્વારા કરવામાં આવી છે. આ ટ્રસ્ટની પ્રવૃત્તિમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય કરવામાં આવશે.

આ પરિવારને આદરણીય પૂ. શ્રી લાલચંદભાઈ મોદી–રાજકોટ દ્વારા જ આધ્યાત્મિક માર્ગમાં પ્રવેશની પ્રેરણા તથા આધ્યાત્મિક મહામંત્રોનું રસપાન થયું હોય આ પરિવાર તેમનો અત્યંત ઋણી છે. પૂ. લાલચંદભાઈ હંમેશા આ પરિવારને કહેતા કે તમો બધા પૂજ્ય ગુરુદેવશ્રીના ભવભ્રમણનો થાક ઊતારનારા મૂળત્ત્વને સાંભળી ને સમજો. તેઓશ્રી ફરમાવતા કે તને 'જાણનારો જણાય છે ખરેખર પર જણાતું નથી' તેમ અમે જાણીએ છીએ, હવે તો સ્વીકાર કરી લે. આવા આવા ઘણા મહામંત્રો જેમાં બાર અંગનો સાર ભરેલો છે તેવા મહામંત્રો તથા પૂ. ભાઈશ્રીની અધ્યાત્મની સૂક્ષ્મ સિદ્ધાંતિક સચોટ શૈલીથી જ આ પરિવાર અધ્યાત્મમાં ઓતપ્રોત થયો હોય તેઓશ્રીનો અત્યંત આભારી છે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારની ગાથાઓ ૩૯૦ થી ૪૧૫ તથા તેના શ્લોકો અને પરિશિષ્ટ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના સળંગ પ્રવચનો નં. ૪૪૧ થી ૪૮૭ સમયસાર સિદ્ધિ ભાગ-૧૧માં અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ પ્રવચનોમાંથી હિન્દીમાં જે પ્રવચનો છે તેનું ગુજરાતીમાં ભાષાંતર કરી પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે. અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ કોઈવાર બે વર્ષ કોઈવાર અઢી વર્ષ તેમ ૧૯ વખત ૪૫ વર્ષમાં જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ જેમ જ્ઞાનીની જ્ઞાન સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા નવા ભાવો આવે છે. તેથી જ ૧૮મી વખતના પ્રવચનો સંકલિત થઈને પ્રકાશિત થયા હોવા છતાં આ અંતિમ પ્રવચનો પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે. ટોટલ ૪૮૭ પ્રવચનો ૧ થી ૧૧ ભાગમાં ક્રમબદ્ધ શૃંખલારૂપે પ્રકાશિત કરવાનું કાર્ય આ ૧૧મો ભાગ

પ્રકાશિત થતા પૂર્ણ થયેલ છે. આ ૧૧ ભાગ અક્ષરશઃ પ્રસિદ્ધ કરવાનું કાર્ય ૨૦૦૪માં ચાલુ થયેલ તે ૨૦૧૦માં એટલે કે ૬ વર્ષે પૂર્ણતાને પામેલ છે. હજૂ પરિશિષ્ટની ૪૭ શક્તિ તથા ત્યાર પછીના કળશો બીજી કોઈ સાલના પ્રકાશિત કરીને સમયસારના પ્રવચનોની સંપૂર્ણતારૂપે ૨ ભાગ હવે પછી પ્રકાશિત કરવામાં આવશે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઉતારવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા સમગ્ર પ્રવચનોને ફરીથી સી.ડી. ઉપરથી સાંભળી ચેક કરી પ્રુફ રિડીંગનું કાર્ય શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ દ્વારા પૂર્ણ થયેલ છે તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

'સમયસાર સિદ્ધિ' ભાગ-૧૧ ના પ્રવચનોનું સમગ્ર કૉમ્પ્યુટરાઈઝ્ડ ટાઈપસેટિંગનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા પુસ્તક પ્રિન્ટિંગ બાઈન્ડિંગનું સંપૂર્ણ કાર્ય શાર્પ ઓફસેટવાળા શ્રી ધર્મેશભાઈ શાહ-રાજકોટ દ્વારા તથા કલર પેઈજનું કામ ડોટ એડવાળા શ્રી કમલેશભાઈ સોમપુરા-રાજકોટ દ્વારા થયું હોય સંસ્થા તેમનો આભાર માને છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિ અપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના ખૂબ જ સરળ ભાષામાં આચાર્યોના ગૂઢભાવોને રજૂ કરી મુમુક્ષુ સમાજ ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. 'ભગવાન આત્મા' કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

સમયસાર સિદ્ધિ ભાગ-૧૧ માટે એક મુમુક્ષુભાઈ તરફથી સહયોગ પ્રાપ્ત થયેલ છે તે બદલ ટ્રસ્ટ તેમનો આભાર માને છે.

આ પુસ્તક http://www.AtmaDharma.com પર મૂકેલ છે.

ટ્રસ્ટી
શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
રાજકોટ

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | ગાથા/શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૪૪૧ | ૨૩-૭-૮૦ | શ્લોક-૨૩૨, ૨૩૩ | ૦૦૧ |
| ૪૪૨ | ૨૪-૭-૮૦ | ગાથા–૩૯૦ થી ૪૦૪, શ્લોક–૨૩૩, ૨૩૪, | ૦૧૩ |
| ૪૪૩ | ૨૫-૭-૮૦ | ગાથા–૩૯૦ થી ૪૦૪ | ૦૩૪ |
| ૪૪૪ | ૨૭-૭-૮૦ | ગાથા–૩૯૦ થી ૪૦૪ | ૦૪૩ |
| ૪૪૫ | ૨૮-૭-૮૦ | ગાથા–૩૯૦ થી ૪૦૪ | ૦૫૪ |
| ૪૪૬ | ૨૯-૭-૮૦ | ગાથા–૩૯૦ થી ૪૦૪ | ૦૬૪ |
| ૪૪૭ | ૩૦-૭-૮૦ | ગાથા–૩૯૦ થી ૪૦૪ | ૦૭૪ |
| ૪૪૮ | ૩૧-૭-૮૦ | શ્લોક–૨૩૫ | ૦૮૪ |
| ૪૪૯ | ૦૧-૮-૮૦ | શ્લોક–૨૩૬, ૨૩૭ | ૦૯૬ |
| ૪૫૦ | ૦૩-૮-૮૦ | શ્લોક–૨૩૭, ગાથા–૪૦૫ થી ૪૦૭ | ૧૦૭ |
| ૪૫૧ | ૦૪-૮-૮૦ | ગાથા–૪૦૫ થી ૪૦૭ | ૧૨૦ |
| ૪૫૨ | ૦૫-૮-૮૦ | શ્લોક–૨૩૮, ગાથા–૪૦૮ થી ૪૧૦ | ૧૩૧ |
| ૪૫૩ | ૦૬-૮-૮૦ | ગાથા–૪૧૧, ૪૧૨ શ્લોક–૨૩૯ | ૧૪૮ |
| ૪૫૪ | ૦૭-૮-૮૦ | ગાથા–૪૧૨ | ૧૬૧ |
| ૪૫૫ | ૦૭-૯-૮૦ | શ્લોક–૨૩૯, ગાથા–૪૧૨ | ૧૭૩ |
| ૪૫૬ | ૦૮-૯-૮૦ | ગાથા–૪૧૨ | ૧૮૪ |
| ૪૫૭ | ૦૯-૯-૮૦ | શ્લોક–૨૪૦, ૨૪૧ | ૧૯૫ |
| ૪૫૮ | ૧૦-૯-૮૦ | ગાથા–૪૧૩, શ્લોક–૨૪૨ | ૨૦૮ |
| ૪૫૯ | ૧૧-૯-૮૦ | શ્લોક–૨૪૩, ગાથા–૪૧૪ | ૨૨૦ |
| ૪૬૦ | ૧૨-૯-૮૦ | શ્લોક–૨૪૪, ગાથા–૪૧૫ | ૨૩૩ |
| ૪૬૧ | ૧૩-૯-૮૦ | ગાથા–૪૧૫ | ૨૪૬ |
| ૪૬૨ | ૧૪-૯-૮૦ | શ્લોક–૨૪૬ | ૨૫૭ |

| પ્રવચન નં. | તારીખ | ગાથા/શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૪૬૩ | ૧૫-૯-૮૦ | શ્લોક–૨૪૬ | ૨૬૮ |
| ૪૬૪ | ૧૬-૯-૮૦ | શ્લોક–૨૪૬, ૨૪૭ | ૨૭૯ |
| ૪૬૫ | ૧૭-૯-૮૦ | પરિશિષ્ટ | ૨૯૬ |
| ૪૬૬ | ૧૮-૯-૮૦ | પરિશિષ્ટ | ૩૦૮ |
| ૪૬૭ | ૧૯-૯-૮૦ | પરિશિષ્ટ | ૩૧૭ |
| ૪૬૮ | ૨૦-૯-૮૦ | પરિશિષ્ટ | ૩૨૮ |
| ૪૬૯ | ૨૧-૯-૮૦ | પરિશિષ્ટ | ૩૩૯ |
| ૪૭૦ | ૨૨-૯-૮૦ | પરિશિષ્ટ | ૩૫૧ |
| ૪૭૧ | ૨૩-૯-૮૦ | પરિશિષ્ટ, શ્લોક-૨૪૮, ૨૪૯, ૨૫૦ | ૩૬૩ |
| ૪૭૨ | ૨૪-૯-૮૦ | શ્લોક–૨૫૧, ૨૫૨ | ૩૭૯ |
| ૪૭૩ | ૨૫-૯-૮૦ | શ્લોક–૨૫૩, ૨૫૪ | ૩૯૩ |
| ૪૭૪ | ૨૬-૯-૮૦ | શ્લોક–૨૫૩, ૨૫૪ | ૩૯૯ |
| ૪૭૫ | ૨૭-૯-૮૦ | શ્લોક–૨૫૫, ૨૫૬, ૨૫૭ | ૪૧૨ |
| ૪૭૬ | ૨૮-૯-૮૦ | શ્લોક–૨૫૮, ૨૫૯, ૨૬૦ | ૪૨૯ |
| ૪૭૭ | ૨૯-૯-૮૦ | શ્લોક–૨૬૦, ૨૬૧ | ૪૪૩ |
| ૪૭૮ | ૩૦-૯-૮૦ | શ્લોક–૨૬૧, ૨૬૨, ૨૬૩ | ૪૫૬ |
| ૪૭૯ | ૦૪-૧૦-૮૦ | શ્લોક–૨૬૩ | ૪૭૦ |
| ૪૮૦ | ૦૫-૧૦-૮૦ | પરિશિષ્ટ | ૪૮૪ |
| ૪૮૧ | ૦૬-૧૦-૮૦ | પરિશિષ્ટ | ૪૯૫ |
| ૪૮૨ | ૦૭-૧૦-૮૦ | શક્તિ ૧, ૨, ૩ | ૫૦૬ |
| ૪૮૩ | ૦૭-૧૦-૮૦ | શક્તિ ૪, ૫ | ૫૧૬ |
| ૪૮૪ | ૦૮-૧૦-૮૦ | શક્તિ ૬, ૭ | ૫૨૭ |
| ૪૮૫ | ૦૯-૧૦-૮૦ | શક્તિ ૬, ૭, ૮ | ૫૩૮ |
| ૪૮૬ | ૦૯-૧૦-૮૦ | શક્તિ ૯, ૧૦ | ૫૪૯ |
| ૪૮૭ | ૦૬-૧૧-૮૦ | શક્તિ ૧૧ | ૫૫૭ |

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

ॐ

શ્રી પરમાત્મને નમઃ

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર

# સમયસાર સિદ્ધિ

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી 'સમયસાર' ઉપર પ્રવચન)

(ભાગ–૧૧)

– ૯ –

## સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

પ્રવચન નં. ૪૪૧, શ્લોક-૨૩૨, ૨૩૩ બુધવાર, અષાઢ સુદ ૧૧, તા. ૨૩-૦૭-૧૯૮૦

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' ૨૩૨ (કળશનો) ભાવાર્થ. ૨૩૨ કળશ છે ને? કળશ. 'જ્ઞાનચેતનાની ભાવનાનું ફળ આ છે કે...' શું કહે છે? આત્મામાં ત્રણ પ્રકારની એકાગ્રતા (થાય છે). એકાગ્રતા. ૧. કર્મચેતના. ૨. કર્મફળચેતના. ૩. જ્ઞાનચેતના. કર્મચેતના એ રાગ અને દ્વેષ, કષાય જે અગ્નિ છે એમાં એકાગ્રતા (થાય) એ કર્મચેતના (છે). બીજી કર્મફળચેતના. રાગ-દ્વેષનું ફળ દુઃખ છે તેનું ફળ ભોગવવું એ કર્મફળચેતના. એ બે સંસારના કારણ છે. આહા..! ત્રીજી

જ્ઞાનચેતના. એ પુણ્ય-પાપના ભાવ થાય એને છોડીને અંદર આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એ જ્ઞાનની ચેતના એટલે એકાગ્રતા, જ્ઞાનનો અનુભવ (કરવો) તેને અહીંયા જ્ઞાનચેતના કહે છે.

એ 'જ્ઞાનચેતનાની ભાવનાનું ફળ...' પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય પૂર્ણ આનંદ, પૂર્ણ બળ, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વભાવથી ભરેલો પ્રભુ, તેની એકાગ્રતાની ભાવનાથી શું ફળ થાય છે, આહાહા..! તે કહે છે. 'તે ભાવનાથી જીવ અત્યંત તૃપ્ત રહે છે...' એક તો એ કે પુણ્ય અને પાપ કર્મચેતના અને તેનું ફળ દુઃખ તેને છોડીને જ્ઞાનચેતના આત્મામાં જ્ઞાનસ્વરૂપ આત્માનું વેદન કરવું તેનાથી આત્મા તૃપ્ત થાય છે. આહાહા..! ભાષા તો સાદી પણ ભાવ આકરા છે, ભાઈ! આહાહા..!

જ્ઞાનચેતનાની ભાવનાનું ફળ અર્થાત્ ચૈતન્યસ્વરૂપ જે ભગવાન આત્મા, પુણ્ય-પાપ ને કામ, ક્રોધ ને કર્મથી ભિન્ન (છે) એવા આત્માની અંદર એકાગ્રતા, એ જ્ઞાન શબ્દે આત્માની અંતર એકાગ્રતા (થવી), એની ભાવનાના ફળમાં, ભાવના શબ્દે એકાગ્રતા, આહાહા..! એ જ્ઞાનસ્વભાવ આત્મા ત્રિકાળ, ત્રિકાળ અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય બળ, અતીન્દ્રિય શાંતિ આદિ અનંત અનંત અતીન્દ્રિય ગુણનો દરિયો ભર્યો છે. આહાહા..! તેમાં એકાગ્રતા (થવી), વિકારની એકાગ્રતા છોડીને ચૈતન્યની એકાગ્રતાનું ફળ વર્તમાન શાંતિ–તૃપ્તિ (છે). કર્મચેતના અને કર્મફળચેતનામાં વર્તમાન અગ્નિ–દુઃખ (છે), એ દુઃખ છે. આહા..! પણ લાગે છે ક્યાં દુઃખ? આ પૈસા એક દિ'ના પાંચ-પાંચ હજાર, દસ-દસ હજાર પેદા થાય એમાં ખુશી થવું એ કહે છે અગ્નિ સળગે છે, એમ કહે છે. કષાય છે. કષાય એટલે કૃષ. કૃષ એટલે સંસાર. આય એટલે લાભ. જેમાં કષાયનો લાભ–સંસારમાં રખડવાનો લાભ (થાય). આહાહા..! આખો દિ' આ કર્યું ને આ કરું ને આ મૂક્યું ને આને કરું એવી જે અંદર કર્મચેતના દુઃખરૂપ દશા (છે) તેને છોડીને આનંદસ્વરૂપ ભગવાન આત્માની એકાગ્રતાની ભાવનાનું ફળ, તેની એકાગ્રતાનું ફળ વર્તમાન શાંતિ, વર્તમાન તૃપ્તિ છે. આહાહા.! કર્મચેતના અને કર્મફળચેતના વર્તમાન દુઃખરૂપ (છે) અને ભવિષ્યમાં દુઃખના અવતારમાં રખડવું (તે છે). આહાહા..! આવું છે.

આ (જ્ઞાન) ચેતના તે ધર્મ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ ભગવાનમાં ચેતવું એટલે એકાગ્ર થવું એ ધર્મ છે. તેનું નામ ધર્મ કહે છે. એ ધર્મનું ફળ વર્તમાન તૃપ્તિ (છે). આહાહા..! છે? 'તે ભાવનાથી જીવ અત્યંત તૃપ્ત રહે છે...' આહાહા..! આ ભાવનાથી આત્મા વર્તમાનમાં જ તૃપ્ત રહે છે, ભવિષ્યમાં રહેશે એ બીજી વાત, પણ વર્તમાનમાં જ તૃપ્ત રહે છે. આહાહા..!

અને સંસારમાં આ કર્મચેતના પુણ્ય-પાપના રાગને કરું ને આ મૂકું ને આ છોડું ને આ લઉં ને આ દઉં એવા જે વિકારની ચેતના એ વર્તમાન અતૃપ્ત નામ દુઃખ (છે). આહાહા..! એ વર્તમાન જ દુઃખ છે. આ જ્ઞાનચેતના વર્તમાનમાં તૃપ્ત છે. આહાહા..! ભાષા તો સાદી પણ ભાવ બહુ ઉંચા. લોકો ધર્મ.. ધર્મ કરે છે (પણ) ધર્મ ક્યાં થાય છે? ધર્મી એવો જે

ભગવાન, અંતર ધર્મને ધરનાર એવા આત્મામાં એકાગ્રતા (થવી) તેનું નામ ધર્મ (છે), તેનું નામ જ્ઞાનચેતના (છે). તેનું ફળ વર્તમાન તૃપ્તિ, શાંતિની તૃપ્તિ (છે). આહાહા..! આ પૈસામાં તો પાંચ-પચીસ લાખ મળ્યા હોય તો પચાસ કરવા, પચાસવાળા કરોડ કરવા, આહાહા..! (એવી) અતૃપ્તિ અને દુઃખનો દરિયો છે. એ આત્માને કર્મચેતના અને કર્મફળચેતનાનું જ આખી દુનિયાનું વેદન છે. એ દુઃખી.. દુઃખી પ્રાણી છે. આહાહા..! આ જ્ઞાનચેતના પોતાના સ્વરૂપમાં એકાગ્રતા (થતાં) તેમાં તૃપ્તિ છે, શાંતિ છે, આનંદ છે. આહાહા..! ધર્મ એ છે. ધર્મ કોઈ દયા પાળવી ને વ્રત પાળવા એ કોઈ ધર્મ નહિ, એ તો વિકલ્પ રાગ છે. એ કર્મચેતના છે. આહાહા..!

તેનું (–જ્ઞાનચેતનાનું) ફળ વર્તમાનમાં તૃપ્ત રહે છે. 'અન્ય તૃષ્ણા રહેતી નથી,...' પોતાનું સ્વરૂપ જ્ઞાનચેતના–જ્ઞાનમાં એકાગ્રતા રહેવાથી બીજી તરફ પોતાની શાંતિ આગળ બીજી તૃષ્ણાના વિકલ્પ રહેતા નથી, રાગ રહેતો નથી. આહાહા..! 'અને ભવિષ્યમાં કેવળજ્ઞાન ઉપજાવી...' આહાહા..! લીટી તો બે-સવા બે છે. ધર્મ અને અધર્મ બેયના ફળની બેય વાત આવી જાય છે. આહાહા..!

આનંદ, અતીન્દ્રિય આનંદથી ભરેલો, અનંત બળનો ધણી પ્રભુ એ જ્યારે પોતાની ચીજમાં આવે છે, પોતાના ઘરમાં જ્યારે આવે છે, પુણ્ય અને પાપના ભાવ કર્મચેતના એ તો પરઘર છે, એ નિજઘર નહિ. આહાહા..! આ ધંધા ને વેપાર આખો દિ' કષાયની હોળી સળગતી હોય. એ તો વળી પરઘર (છે). 'પરઘર ભ્રમત અનેક નામ ધરાયા, અબ હમ કબહુ ન નિજઘર આયા, અબ હમ કબહુ ન નિજઘર આયા, પરઘર ભમત અનેક નામ ધરાયા' આ શેઠિયો છે ને આ પૈસાવાળો છે ને આ આબરૂવાળો છે ને બહુ કમાણી છે ને મોટા કારખાના છે, એવા ધૂળના નામ ધરાવ્યા. આહાહા..! પણ આ ધર્મી છે ને આને આનંદ છે ને જ્ઞાન છે ને આને શાંતિ છે એ એણે કદી કર્યું નહિ. આહાહા..!

એ કહે છે. 'ભવિષ્યમાં કેવળજ્ઞાન ઉપજાવી સમસ્ત કર્મથી રહિત મોક્ષઅવસ્થાને પામે છે.' આ જ્ઞાનચેતનાની ભાવનાનું પરિણામ નામ ફળ, તેનો સાર. આહાહા..! તેમાં કોઈનું કરવું હોતું નથી. પોતામાં પણ પુણ્ય-પાપનું કરવું હોતું નથી તો બીજાનું કરી શકે છે એ તો છે ક્યાં? આહાહા..! રાત્રે ભાઈ નહોતા? ઠીક નહોતું. રાત્રે મેં છેલ્લે વાત મૂકી હતી. સાકરનો ગાંગડો છે ને? સાકરનો. એમાં તો એક એક રજકણ ભેગા ચોંટી ગયા છે ને? છેલ્લો સાકરનો દાખલો આપ્યો હતો. આહાહા..! એમાં પણ અનંત પરમાણુ છે. એક પરમાણુમાં બીજા પરમાણુનો અભાવ છે. આહાહા..! તો ભગવાન જ્યારે એમાં એક સાકરમાં પણ આમ ગઠ્ઠો લાગે છતાં તેના પરમાણુ ભિન્ન રહે તો આ પ્રભુ દેહમાં દેખાય પણ દેહથી ભિન્ન છે. આહાહા..! 'બાબુભાઈ'! એ સાકર આમ ગઠ્ઠો લાગે પણ એક એક પરમાણુ ભિન્ન છે. એક પરમાણુ બીજા પરમાણુ સાથે જોડાયો નથી. આહાહા..! છેલ્લો દાખલો કહ્યો હતો.

લોકોને ચમક લાગે. સાકરનો ગાંગડો છે. તમારામાં શું કહે છે? દલી-ગટ્ટા. એમાં એક એક રજકણ ભિન્ન છે. એક એક રજકણ બીજા રજકણને અડ્યો નથી, સ્પર્શ્યો નથી. આહાહા..! પ્રભુના માર્ગની વાત તો દુનિયાથી જુદી છે. દુનિયામાં વીતરાગની એક વાત આવી નથી. આહાહા..! ત્રણલોકનો નાથ તીર્થંકરદેવ પરમાત્મા...! આહાહા..!

ગોળનો એક ગાંગડો લ્યો તો પણ કોઈ એક રજકણ બીજા રજકણ સાથે ચોંટ્યો નથી. આહાહા..! એમ જ્યારે એ ચીજ એવી છે તો પ્રભુ! તું આ શરીરમાં છે તો શરીર સાથે ચોંટ્યો નથી. આહાહા..! અરે..! અંદર પુણ્ય અને પાપના ભાવ રાગ થાય છે એ મેલ છે. તેની સાથે નિર્મળાનંદ પ્રભુ, પ્રભુ તો નિર્મળાનંદ અંદર આત્મા છે, એ મળ સાથે મળ્યો નથી, મળ સાથે મળતો નથી. મળ સાથે મળતો નથી. ઓહોહો..! ગજબ વાત છે! આવો માર્ગ... આહાહા..! આવું તો આકરું પડે, સાંભળવું મુશ્કેલ પડે. આહાહા..!

મુમુક્ષુ :- આ બે પરમાણુ વચ્ચે દૂરી કેટલી?

ઉત્તર :- અત્યંત અભાવ. એક એક પરમાણુ વચ્ચે અત્યંત અભાવ છે. આ પ્રભુ જે અહીં છે એ કર્મ ને કાર્મણ શરીર ને તૈજસ શરીર ને ઔદારિક ત્રણ શરીર અને પુણ્ય ને પાપને અડ્યો નથી. અંદર ભગવાન ભિન્ન છે. આહાહા..! પરમાણુ પણ જ્યારે એક બીજા પરમાણુ સાથે એક થતા નથી.. આહાહા..! તો પ્રભુ ચૈતન્યસ્વરૂપ શરીર પ્રમાણે પ્રકાશક પદાર્થ, શરીર પ્રમાણે પ્રકાશક હોવા છતાં શરીર સાથે એકમેક નથી. આહાહા..! વીતરાગ, વીતરાગનો માર્ગ ક્યાંય નથી. યથાર્થ વસ્તુનું સ્વરૂપ જેણે કહ્યું એ પરમાત્મા વીતરાગ છે. આહાહા..! ત્રણલોકના નાથ વીતરાગ! ત્રણ લોક જેણે જાણી, જોઈ લીધા. એના પ્રમાણ રહ્યો હોવા છતાં શરીર સાથે ને કર્મ સાથે આત્મા કદી એક થયો નથી. આહાહા..! તદ્દન ભિન્ન છે. આ માટી છે, પ્રભુ તો ચૈતન્ય અરૂપી છે, આ તો રૂપી છે. રૂપી એટલે રંગ, ગંધ, રસ ને સ્પર્શ એ ચીજ એમાં છે. આત્મામાં રંગ, ગંધ, સ્પર્શનો અભાવ છે. આહાહા..! જેમાં બેમાં ભાવનો પણ અભાવ છે. ક્ષેત્ર પણ એક ઠેકાણે રહ્યા છતાં ક્ષેત્રથી ભિન્ન છે. આહાહા..! કર્મનું ક્ષેત્ર અને આત્માનું ક્ષેત્ર બેયનું ક્ષેત્ર ભિન્ન છે. આહાહા..! આવો પ્રભુનો માર્ગ છે. અરે..! જૈનમાં જન્મ્યા એને મળે નહિ, સાંભળવા મળે નહિ એ કે દિ' અંતરમાં જાય? આહાહા..! ચોરાશી લાખની યોનિમાં બાપુ! કચરાઈને અનંતવાર મરી ગયો છે. કચરાઈને મરી ગયો છે. દુઃખી.. દુઃખી કચરાઈ ગયો છે, પુણ્ય-પાપના ભાવમાં કચરાઈ ગયો છે. આહાહા..! તદ્દન જુદી ચીજ છે. તેને અહીં કર્મચેતના કહે છે.

કર્મચેતનાથી ભગવાન જ્ઞાનચેતના ભિન્ન છે. આહાહા..! જ્ઞાનચેતનાની ભાવનામાં વર્તમાન તૃપ્તિ રહે છે. આહાહા..! એમ કીધું ને? અને તૃષ્ણા થતી નથી. આનંદની તૃપ્તિ રહે છે અને તૃષ્ણા રહેતી નથી. તૃષ્ણા રહે ત્યાં શાંતિ નહિ અને શાંતિ રહે ત્યાં તૃષ્ણા નહિ. આહાહા..! એ તૃષ્ણા રહેતી નથી. એક તો વર્તમાન તૃપ્તિ રહે છે, તૃષ્ણા રહેતી

નથી અને ભવિષ્યમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. આહાહા..! થોડા શબ્દમાં પણ (કેટલું ભર્યું છે)! ૨૩૨ (શ્લોક પૂરો થયો).

## શ્લોક–૨૩૩

(स्रग्धरा)

अत्यन्तं भावयित्वा विरतिमविरतं कर्मणस्तत्फलाच्च
प्रस्पष्टं नाटयित्वा प्रलयनमखिलाज्ञानसञ्चेतनायाः
पूर्णं कृत्वा स्वभावं स्वरसपरिगतं ज्ञानसञ्चेतनां स्वां
सानन्दं नाटयन्तः प्रशमरसमितः सर्वकालं पिबन्तु।।२३३।।

'પૂર્વોક્ત રીતે કર્મચેતના અને કર્મફળચેતનાના ત્યાગની ભાવના કરીને અજ્ઞાનચેતનાના પ્રલયને પ્રગટ રીતે નચાવીને, પોતાના સ્વભાવને પૂર્ણ કરીને, જ્ઞાનચેતનાને નચાવતા થકા જ્ઞાનીજનો સદાકાળ આનંદરૂપ રહો'-એવા ઉપદેશનું કાવ્ય હવે કહે છે :–

શ્લોકાર્થ :– [ अविरतं कर्मणः तत्फलात् च विरतिम् अत्यन्तं भावयित्वा ] જ્ઞાની જનો, અવિરતપણે કર્મથી અને કર્મના ફળથી વિરતિને અત્યંત ભાવીને (અર્થાત્ કર્મ અને કર્મફળ પ્રત્યે અત્યંત વિરક્તભાવને નિરંતર ભાવીને), [ अखिल-अज्ञान-सञ्चेतनायाः प्रलयनम् प्रस्पष्टं नाटयित्वा ] (એ રીતે) સમસ્ત અજ્ઞાનચેતનાના નાશને સ્પષ્ટપણે નચાવીને, [ स्व-रस-परिगतं स्वभावं पूर्णं कृत्वा ] નિજરસથી પ્રાપ્ત પોતાના સ્વભાવને પૂર્ણ કરીને, [ स्वां ज्ञानसञ्चेतनां सानन्दं नाटयन्तः इतः सर्व-कालं प्रशम-रसम् पिबन्तु ] પોતાની જ્ઞાનચેતનાને આનંદપૂર્વક નચાવતા થકા હવેથી સદાકાળ પ્રશમરસને પીઓ (અર્થાત્ કર્મના અભાવરૂપ આત્મિક રસને-અમૃતરસને-અત્યારથી માંડીને અનંત કાળ પર્યંત પીઓ. આમ જ્ઞાનીજનોને પ્રેરણા છે).

ભાવાર્થ :– પહેલાં તો ત્રણે કાળ સંબંધી કર્મના કર્તાપણારૂપ કર્મચેતનાના ત્યાગની ભાવના (૪૯ ભંગપૂર્વક) કરાવી. પછી ૧૪૮ કર્મપ્રકૃતિના ઉદયરૂપ કર્મફળના ત્યાગની ભાવના કરાવી. એ રીતે અજ્ઞાનચેતનાનો પ્રલય કરાવીને જ્ઞાનચેતનામાં પ્રવર્તવાનો ઉપદેશ કર્યો છે. એ જ્ઞાનચેતના સદા આનંદરૂપ-પોતાના સ્વભાવના અનુભવરૂપ-છે. તેને જ્ઞાનીજનો સદા ભોગવો-એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે. ૨૩૩.

## શ્લોક-૨૩૩ ઉપર પ્રવચન

'પૂર્વોક્ત રીતે...' પૂર્વ-ઉક્ત. ઉક્ત એટલે કહ્યું. પૂર્વે કહેલી રીતથી. 'કર્મચેતના અને કર્મફળચેતનાની ત્યાગની ભાવના કરીને...' પુણ્ય-પાપને કરવું અને તેને ભોગવવું. કર્મફળચેતના અરૂપી વિકારી પર્યાય (છે). તેમાં કોઈ રૂપ નથી. કર્મચેતના અને કર્મફળચેતનામાં કોઈ વર્ણ, ગંધ, રૂપ નથી. આહાહા..! એ તો અરૂપી છે પણ વિકૃત છે. શુભ અને અશુભભાવ અરૂપી છે, પ્રભુ! તું અરૂપી છો ને પ્રભુ! તારો વિકૃત ભાવ છે એ અરૂપી છે. એ અરૂપી વિકૃત અને આત્મા અરૂપી અવિકૃત (બન્ને અરૂપી છે) છતાં બન્નેને મેળ નથી. આહાહા..! ન્યાય સમજાય છે? આહાહા..! તો બહારની ચીજ સાથે તો ક્યાં સંબંધ છે? પ્રભુ! અરે..રે...! આવી વાત સાંભળવા મળે નહિ. એ સાંભળે કે દિ'? વિચારે કે દિ'? અંદર ઊતરે કે દિ'? અને ભવનો અભાવ કરે કે દિ'? આહાહા..! આમ ને આમ જિંદગી હારી જાય છે. આહાહા..!

'પૂર્વોક્ત રીતે...' પૂર્વ-ઉક્ત એટલે પૂર્વે કહ્યું તે પદ્ધતિથી. 'કર્મચેતના...' પુણ્ય-પાપના ભાવને અનુભવવા. 'અને કર્મફળચેતના...' તેના દુઃખનું વેદન. તેના 'ત્યાગની ભાવના કરીને...' આહાહા...! કર્મચેતનામાં તો વ્યવહાર રત્નત્રય પણ આવ્યા. આહાહા..! વ્યવહાર રત્નત્રય કર્મચેતનામાં આવ્યા. તેનો પણ ત્યાગ કરીને. આહાહા..! 'ત્યાગની ભાવના કરીને અજ્ઞાનચેતનાના પ્રલયને પ્રગટ રીતે નચાવીને...' એ બન્ને અજ્ઞાનચેતના છે. શુભ અને અશુભભાવ એ કર્મચેતના અને તેનો અનુભવ, સુખ-દુઃખની કલ્પના એ પણ તેની ઝાળ, દુઃખ છે. આહાહા..! તેનો ત્યાગ કરીને, એ બન્ને અજ્ઞાનચેતના છે. આહાહા..! એ શુભ અને અશુભભાવ બન્ને અજ્ઞાનચેતના છે.

જ્યારે શુભભાવ અજ્ઞાનચેતના છે તો શુભભાવથી આત્માને કંઈ લાભ થાય એ કઈ રીતે બને? તારી ચીજ તો અંદર પડી છે ને પ્રભુ! અનંત બળ સંપન્ન, એક ક્ષણમાં તોડીને કેવળજ્ઞાન લે એટલી તાકાત છે. એક ક્ષણ, એક સમય. ક્ષણ તો હજી અસંખ્ય સમયનો થાય. આહાહા..! એક સેકંડના અસંખ્ય ભાગમાં એક સમયમાં આત્મા અજ્ઞાનચેતનાનો નાશ કરીને જ્ઞાનચેતના કેવળજ્ઞાન પ્રગટ કરી શકે છે. આહાહા..! આવા બળિયાના દળની ખબર ન મળે અને જેમાં કાંઈક મળ ધૂળ છે... આહાહા..! એના માહાત્મ્ય અંદરથી ખસે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- પુદ્ગલ સાથે એને આટલી ગાઢ પ્રીતિ કેમ થઈ ગઈ?

ઉત્તર :- અજ્ઞાનને લઈને. પ્રીતિ! બીજું શું? અજ્ઞાન છે. વસ્તુ જાણવામાં આવી નહિ કે હું તો આનંદ છું. પોતાની ચીજ આનંદ છે તે ખ્યાલમાં આવી નહિ તો એનો ખ્યાલ ક્યાંક બીજે તો રોકાય. તો એનાથી વિરુદ્ધ પુણ્ય-પાપમાં રોકાણો. પુણ્ય-પાપમાં રોકાઈ ગયો.

આહાહા..! આ તો જુદી જાતનું છે, ભાઈ! આહાહા..! વીતરાગના એક એક વાક્યમાં ઘણું રહસ્ય ભર્યું છે. આહાહા..! આ કંઈ કથા-વાર્તા નથી. આ કંઈ આલીદુઆલીની વાર્તા નથી. આ ત્રણલોકનો નાથ અંદર પૂર્ણ પ્રગટ થયેલા બિરાજે છે એ તારા ત્રણલોકના નાથની વાત કરે છે. આહાહા..!

કહે છે કે, અજ્ઞાનચેતનાનો ત્યાગ કરીને. આહાહા..! છે? 'અજ્ઞાનચેતનાના પ્રલયને પ્રગટ રીતે નચાવીને,...' અજ્ઞાનચેતનાના પ્રલયને પ્રગટ રીતે. પ્રલય એટલે નાશ. પ્ર–વિશેષે, લય (એટલે) નાશ. આહાહા..! આવી વાત હવે. લોકો કહે, ભાઈ અમારે ધર્મ કરવો છે. પણ આ ધર્મ છે. આહાહા..! બાપુ! બીજો ધર્મ નથી. આહાહા..! એ અજ્ઞાનચેતનાનો નાશ. શરીર, કર્મનો નાશ પણ નહિ. આહાહા..! એ પુણ્ય ને પાપના ભાવ જે કર્મચેતના દુઃખરૂપ, એનું વેદન પણ દુઃખરૂપ એ અજ્ઞાનચેતનાનો નાશ. કર્મનો નાશ નહિ, એ પરદ્રવ્ય છે. પરદ્રવ્યનો નાશ પરદ્રવ્યને લઈને એને કારણે (થાય છે). કર્મની અવસ્થા બદલીને અકર્મ અવસ્થા થાય એ એને લઈને થાય. આહાહા..!

અહીં કહે છે, એ અજ્ઞાનચેતનાના.. આહાહા..! 'પ્રલયને પ્રગટ રીતે નચાવીને,...' પ્રગટપણે આત્માના ભાન દ્વારા એ વિકારી અજ્ઞાનચેતનાને પ્રગટપણે નચાવીને એટલે નાશ કરીને. એનો નાશ કરી દે, આહાહા..! બાકી બધું કર્યું, પ્રભુ! અભિમાન! બધું કર્યું શું? અભિમાન. કંઈ કર્યું નથી, એક રજકણ પણ એણે ફેરવ્યો નથી. પણ બધું કર્યું, બધાનું અભિમાન કર્યું. આહાહા..! ગજબ વાત છે. સાંભળવા મળવી મુશ્કેલ પડે. આ તો કહે, લોકોને આમ કરો, દયા કરો, લુગડા આપો, કપડા આપો, દુઃખીને આમ કરો. બાપુ! એ અનંત વાર કર્યું છે. પ્રભુ! આવો ભવ નહિ મળે. આ ભવ પછી ક્યાં જઈશ? અને ત્યાં શું થશે અને એના પછી પણ ભવ કેવો મળશે? આહાહા..! એને ઠેકાણે તું એમ કહે કે, હમણા નહિ, હમણા તો આ કરવા દો. હમણા નહિ, એ પછી હમણા કે દિ' આવશે? હમણા નહિ, હમણા નહિ એ પછી કે દિ' આવશે? પહેલા કે દિ' આવશે? હમણા નહિનો અર્થ પછી. પછી તો હમણા નહિ. આહાહા..! અરે..રે...! એણે વિચાર પણ ક્યાં કર્યો છે? હું ક્યાં છું? આ મને શું છે? હું દુઃખી છું કે સુખી છું? અને દુઃખી છું તો કેમ દુઃખી છું? અને એ દુઃખ ટળે તો સુખ થાય, એ (સુખ) ક્યાંથી આવશે? એ શું ચીજ છે? આહાહા..! આવી વાતું છે.

કહે છે કે, એ 'અજ્ઞાનચેતનાના પ્રલયને પ્રગટ રીતે નચાવીને,...' આહાહા..! ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ (છે) એની સન્મુખ જો. એથી એનાથી વિમુખ એવી અજ્ઞાનચેતનાનો પ્રલય એટલે નાશ થશે અને જ્ઞાનચેતના પ્રગટ થશે. આહાહા..! 'પોતાના સ્વભાવને પૂર્ણ કરીને,...' એ અજ્ઞાનચેતનાનો પ્રગટપણે નાશ થઈને 'પોતાના સ્વભાવને પૂર્ણ કરીને,...' પ્રભુ! શક્તિરૂપે જે પૂર્ણ છે, શક્તિરૂપે તો આત્મા ભગવાન જ છે,... આહાહા..! બધા આત્મા

પરમાત્મા જ છે. સ્વભાવ અને એની શક્તિ, એનું સામર્થ્ય, એની સત્તાનું સત્ત્વ, એની સત્તાના હોવાનું સત્ત્વ પરમેશ્વર જ છે. આહાહા..! કેમ બેસે? લીમડા હેઠે નીકળે ને પીળી લીમડી અને લીંબોડી દેખે તો ... ત્યાં અટકી ગયો. લીમડાની ને લીંબોળી પાકી પીળી લટકતી હોય અને નીકળ્યો હોય ત્યાં (રોકાઈ જાય). આહાહા..! અહીં અંદર અનંત આનંદ લટકે છે, પ્રભુ! આહાહા..! અનંત અનંત અતીન્દ્રિય આનંદનો નાથ ઉછળી જાય છે, ઉછળે છે પણ દૃષ્ટિ કર તો ઉછળે નહિતર તો બિચારો ઢંકાઈ ગયો છે. આહાહા..! આવો ઉપદેશ હવે.

'પોતાના સ્વભાવને પૂર્ણ કરીને, જ્ઞાનચેતનાને નચાવતા થકા...' પોતામાં જ્ઞાનસ્વરૂપનું પરિણમન કરીને એ પુણ્ય-પાપના કર્મ ને કર્મફળચેતનાનો નાશ કરી, પોતાના જ્ઞાનસ્વરૂપને નચાવી–પરિણમાવી... આહાહા..! 'જ્ઞાની જનો...' ધર્મી આત્માઓ 'સદાકાળ આનંદરૂપ રહો...' આહાહા..! પ્રભુ! તું આનંદરૂપ રહે. આ પુણ્ય અને પાપના ભાવ નાથ! તને ખબર નથી. આનંદ જોયો નથી, આનંદ કેવો છે એની ખબર નથી એથી એ પુણ્ય-પાપ ને દુઃખ છે એ એને ભાસતું નથી, અમને મજા છે, ઠીક છે. આહાહા..!

એક કહેતો હતો. કીધું ને? શું કહેવાય? 'પોપટભાઈ' 'ચુડગર'! 'ચુડગર'ના એક ભાઈ હતા. 'નાનાલાલભાઈ' વ્યાખ્યાન ચાલતું હતું અને એમ બોલ્યા, 'અમારા વેવાઈ સુખી છે.' ભાઈ! સુખીની વ્યાખ્યા શું? પૈસા કરોડ રૂપિયા હોય એટલે સુખી છે? આહાહા..! માણસોને બહારની એટલી પડી છે કે બહારથી અંદર ભિન્ન અંતરઆત્મા પ્રભુ કેવડો ને કેટલો ને કેમ ને શું છે એમાં? અરે..રે...! એના વિચારો પણ નહિ, એના તરફ વલણ નહિ. ભગવાન જાહેરાતમાં પડીને બહાર આવ્યા છે. આહાહા..! મનુષ્યપણે તો એને આત્મા બહાર પ્રગટ થઈ શકે છે. આહાહા..! બીજા ભવોમાં તો બિચારાને ભાન પણ ન મળે. ભુંડના ને કૂતરાના ભવમાં શરીર તે હું. શરીરને બસ! ખવરાવો, પીવરાવો ને નિરાંતે સૂવે, કૂતરા સૂવે. આહાહા..! અરે..! ભગવાન અંદર આત્મા છો તેની ખબર ન મળે. આહાહા..! એમ આ માણસપણું મળ્યું એને પણ ખબર ન મળે તો એનામાં અને એનામાં ફેર શું પડ્યો ત્યારે? આહાહા..!

અહીં કહે છે,... આહાહા..! અજ્ઞાન એટલે પુણ્ય-પાપના અનુભવનો નાશ કરી, પ્રભુ! તું તારી જ્ઞાનચેતનાને નચાવ એટલે પરિણમ એટલે તેનું વેદન કર અને સુખી થા. આહાહા..! સદા કાળ આનંદરૂપ રહે. આહાહા..! વિરોધી કોઈ છે જ નહિ, કોઈ દુશ્મન છે નહિ, બધા ભગવાન છે. બધા શરીરમાં પ્રભુ બિરાજે છે. વિકાર છે એ એક સમયની પર્યાયમાં ભિન્ન રહી ગયો. આહાહા..! આવું પરમાત્મપણું પામીને આનંદમાં રહે, એમ કહે છે. આહાહા..! છે? 'આનંદરૂપ રહો–એવા ઉપદેશનું કાવ્ય કહે છે.'

अत्यन्तं भावयित्वा विरतिमविरतं कर्मणस्तत्फलाच्च
प्रस्पष्टं नाटयित्वा प्रलयनमखिलाज्ञानसञ्चेतनायाः
पूर्णं कृत्वा स्वभावं स्वरसपरिगतं ज्ञानसञ्चेतनां स्वां
सानन्दं नाटयन्तः प्रशमरसमितः सर्वकालं पिबन्तु।।२३३।।

આહાહા..! આ એક વ્યક્તિને કહેતા નથી. આહાહા..! પ્રભુ! આખું જગત આ કરો ને પ્રભુ! કરવા જેવું તો આ છે. આ તો આ રાખવું છે ને ઉડી જશે ને રખડવા ચાલ્યો જઈશ. ક્યાંય ભવ ધારણ કરીને કાગડા ને કૂતરા ને ભુંડ ને વીંછી ને સર્પના ભવ, પાછા પાપ કરીને નરકે જાવું. આહાહા..!

શ્લોકાર્થ :– 'अविरतं कर्मणः तत्फलात् च विरतिम् अत्यन्तं भावयित्वा' 'જ્ઞાની જનો, અવિરતપણે...' આહાહા..! અંતર પડ્યા વિના. ધર્માત્મા–ધર્મી અંતર અવિરત–નિરંતર નિરંતર આત્મા તરફ વળો. આહાહા..! આખી દુનિયા તરફના વલણમાં, તીર્થંકર ત્રણલોકના નાથ ઉપર પણ નજર પડતા પ્રભુ! તને રાગ થશે. આહાહા..! તારા સિવાય પૂર્ણ બધી ચીજો જેટલી હોય એ જોતા રાગ થશે. તું એમ માનીશ કે અમે આ ધર્મ કરીએ છીએ, ભગવાનના દર્શન કર્યા ને ભગવાનમાં મોટા લાખો રૂપિયા ખર્ચ્યા ને આમ જાત્રા કાઢી ને ફલાણું કર્યું ને ઢીકણું કર્યું.. બાપુ! એ બધો શુભભાવ છે, એ પુણ્ય છે, રાગ છે, દુ:ખ છે, ઝેર છે. આહાહા..! અરરર..ર..! આ કેમ બેસે? હજી અહીં બાયડી, છોકરા વ્હાલા લાગતા હોય એને ભગવાન ઉપરના પ્રેમને ઝેર કહેવો! આહાહા..! ઝેર છે. પોતાના દ્રવ્ય સિવાય પરદ્રવ્ય ત્રણલોકનો નાથ કેવળી તીર્થંકર પ્રભુ એમ કહે કે, તું મારી સામે જોઈશ તો પ્રભુ! તને દુર્ગતિ થશે, આહાહા..! તને રાગ થશે. રાગથી તારી ગતિ બગડી જશે. આહાહા..! કોણ કહે આ? વીતરાગ સિવાય કોઈ કહે નહિ. અમારી સામે તું જોઈશ તો તને રાગ થશે અને દુ:ખી થઈશ. આહાહા..!

મુમુક્ષુ :– નમુનો જોયા વગર અંદર કેવી રીતે જવાય?

ઉત્તર :– એને જોવાનું નથી. જોવાનું આને છે. એને જોવાનું જ્ઞાન કર તો ત્યાં હજી વિકલ્પ છે. અરે..! એ તો એક કોર રહો. હું જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક એ પણ એક રાગ ને વિકલ્પ ને દુ:ખ છે. '...' આવું છે. આહાહા..! એવી વાત છે. તેથી સોનગઢવાળાને એમ કહે ને, એકાંત છે, એકાંત છે. એના પુસ્તકો દેરાસરમાં રાખ્યા હોય તો કાઢી નાખો. પ્રભુ! તને ખબર નથી. આ વાત સાંભળી નથી, ભાઈ! પ્રભુ! તારી વાત અમને ખબર નથી? આહાહા..! તું શું કહે છે અને કઈ અપેક્ષાએ કહે છે અને શું અર્થ કઈ રીતે કરે છે એ ખબર નથી? આહાહા..! આની એક ખબર કરી નથી, એ કહે છે. જુઓ!

'જ્ઞાની જનો,...' ધર્મી એને કહીએ... આહાહા..! અથવા આચાર્ય મુનિરાજ એમ કહે છે, હે ધર્મી! 'અવિરતપણે કર્મથી...' એ પુણ્ય-પાપના કર્મથી અવિરત. નિરંતરપણે એનાથી

વિરતિ કર. આહાહા..! અવિરત. આહાહા..! એમાં વિરતપણું રહેવા દે, અવિરત થા. આહાહા..! વ્રત, રાગના વ્રત એમાં વિરત, એમાં અવિરત (થા). અહીં તો અવિરતમાં વિશેષ નાખશે. વિરતનો અભાવ એમ નથી નાખવું. અવિરત એટલે નિરંતર. આહાહા..!

હે ધર્મીજીવ! મુનિરાજ સંબોધે છે. હે જ્ઞાની! અવિરતપણે. આહાહા..! નિરાંત કર્યા વિના આત્મા તરફ જોડાઈ જા. આહાહા..! 'કર્મથી અને કર્મના ફળથી વિરતિને અત્યંત ભાવીને...' પ્રભુ નિરંતર. આહાહા..! આંતરો પડ્યા વિના, કર્મચેતના એટલે રાગ-દ્વેષનું ફળ એની વિરતિને અત્યંત પામીને. એની નિવૃત્તિને અત્યંત પામીને. આહાહા..!

અહીં એક જુવાન ૨૦ વર્ષનો છોકરો બે મહિનાના પરણતરે મરી ગયો હોય તો નિરંતર ખટક રહ્યા જ કરે. આહાહા..! હવે ક્યાં છોકરાનો આત્મા, ક્યાં તારો આત્મા, ક્યાં એની વહુનો આત્મા.. જુદેજુદા. કોઈને કાંઈ (સંબંધ નથી). સૌ જુદેજુદા પોતાના ભાવને કરે ને ભોગવે. છતાં વીસ-વીસ વર્ષ સુધી, આ મારો દીકરો, વીસ વર્ષનો આ મરી ગયો, આ મરી ગયો. આ જાગ્યો ત્યાં ત્રણલોકનો નાથ અંદર છે. આહાહા..! પેલો તો વીસ વર્ષનો થયો આ તો અનાદિનો છે. આહાહા..! એને સંભાર ને પ્રભુ! અને પેલાને ભૂલી જા. આહાહા..!

પુણ્ય અને પાપની કર્મચેતના અને કર્મફળચેતના પ્રભુ! એને ભૂલી જા. અવિરતપણે ભૂલી જા, આહાહા..! નિરંતરપણે ભૂલી જા. આહાહા..! છે? 'વિરતિને અત્યંત ભાવીને...' અવિરતપણે, નિરંતરપણે વિરતિ. ન્યાં વિરતિ લીધી. આહાહા..! અવિરત એટલે નિરંતરપણે. વિરતિપણે એટલે એને નિરંતરપણે જુદી ભાવના, જુદી ભાવના રાખ. આહાહા..! અહીં નવરાશ ન મળે. છોકરા, પૈસા, બાયડી, ઘરમાં જ્યારે નવરા થઈને બેસે ત્યારે.. ઘણા વર્ષ પહેલાની (સંવત) ૧૯૮૪ ની વાત છે. 'રાણપુર' ચોમાસુ હતું. (અપાસરાની) સામે વોરાની ગલી છે, લોટિયા વોરા. 'રાણપુર'નો અપાસરો. એક જુનો ખાટલો ઢેઢ ભરતો હતો. આ ખાટલો ભરે ને? કાથીથી જુનો ભરતા હતા. બપોરે સાડા અગિયાર થયા ત્યાં ખાવાનું ટાણું થયું ને બાયડી લઈને આવી. ... અને છોકરો ત્રણે ખાતા હતા તો જાણે ચક્રવર્તી બેઠા હોય એવી રીતે. જાણે.. ઓહો..હો...! ૧૯૮૪ ની વાત છે. 'રાણપુર' માં અપાસરાની પાસે બહાર બેઠા હતા, કામ કરતા હતા. શેરીની સામે. આહાહા..! પણ ત્રણ જણા... દોણીમાં છાશ લાવ્યા હશે અને રોટલો. ત્રણ ભેગા થઈને છાશ-રોટલો ખાતા હશે. એક છોકરો હતો, બાયડી હતી. આહાહા..! અરેરે...! આ શું છે? ક્યાં છે? એનું ફળ શું આવશે? એની વિચારણા કે દિ' કરી છે? આહાહા..! વર્તમાન આ બધી અનુકૂળતા.. ધૂળની! ધૂળની અનુકૂળતા. પૈસા ને એ બધું ધૂળ છે ને! આહાહા..! એમાં આ કહે છે, તું આ બધું છોડી દે ને!

'(કર્મ અને કર્મફળ પ્રત્યે અત્યંત વિરક્તભાવે નિરંતર ભાવીને),...' આહાહા..! અહીં બે ઘડી, ચાર ઘડી વખત મળે ત્યાં નિરંતર ભાવ. આહાહા..! '(કર્મ અને કર્મફળ પ્રત્યે અત્યંત વિરક્તભાવે નિરંતર ભાવીને),...' 'अखिल-अज्ञान-सञ्चेतनायाः प्रलयनम्' 'સમસ્ત

અજ્ઞાનચેતના...' પુણ્ય અને પાપભાવ... આહાહા..! હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, કામ, ક્રોધ પાપ(ભાવ). દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા પુણ્ય(ભાવ). આહા..! બન્ને અજ્ઞાનચેતના. આહાહા..! એ 'અજ્ઞાનચેતનાના નાશને સ્પષ્ટપણે નચાવીને,...' સ્પષ્ટ પ્રત્યક્ષ તારો આત્મા તને થઈ જાય એમ નચાવ–એમ પરિણતિ કર. આહાહા..! તારો આત્મા પ્રત્યક્ષ થઈ જાય. આહાહા..! અહીં તો (એમ કહ્યું છે), 'અજ્ઞાનચેતનાના નાશને સ્પષ્ટપણે નચાવીને,...' પણ એનો અર્થ એ થયો. સ્પષ્ટપણે એનો નાશ થઈ જાય તો અહીં ભગવાન સ્પષ્ટ થઈ જાય. આહાહા..!

અરે..! આત્માની વાત પડી રહી. મૂળ વાત ભગવાન આત્મા અનંત ગુણનો ધણી, જેના ગુણની સંખ્યાનો પાર ન મળે અને તે ગુણ પણ અનંત સંખ્યાના શક્તિના દળવાળી, એવી અનંતી શક્તિના દળવાલી એક શક્તિ, એવી અનંતી શક્તિનો ધણી પ્રભુ પોતે અંદર છે. અરે..! એની સામું જોવાનો વખત નહિ અને પર સામું જોવામાંથી એક સેકંડ પણ પાછું વળવું નહિ. આહાહા..! આવો ઉપદેશ.

'अखिल-अज्ञान-सञ्चेतनायाः' પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એ બધી અજ્ઞાનચેતના (છે). એમાં જ્ઞાન નથી. દયા, દાન, ભક્તિ, વ્રત, તપ ને કામ, ક્રોધ, માન, માયા, લોભમાં જાણપણાનો અંશ નથી, એ તો આંધળા છે. આંધળા છે માટે તે અજીવ છે. આહાહા..! એ અજીવનો નાશ કર. 'સમસ્ત અજ્ઞાનચેતનાના નાશને સ્પષ્ટપણે નચાવીને, નિજરસથી પ્રાપ્ત પોતાના સ્વભાવને...' ભગવાન અંદર આત્મા વસ્તુ છે ને પ્રભુ! આત્મા છો ને નાથ! તારામાં શું નથી? કોઈ વસ્તુ હોય એનો સ્વભાવ હોય કે નહિ? વસ્તુ કાયમ નિત્ય રહે છે. નિત્ય રહે અને તે સ્વભાવ વિના ખાલી રહે? આહાહા..! સ્વભાવથી ભરેલો તું નિત્ય પ્રભુ છો ત્યાં જા ને! આહાહા..!

'નિજરસથી પ્રાપ્ત પોતાના સ્વભાવને પૂર્ણ કરીને,...' એ અજ્ઞાન, પુણ્ય-પાપનો નાશ કરી અને આત્માની પવિત્ર જ્ઞાનચેતના પૂર્ણ પ્રગટ કર. આહાહા..! ભાષા તો બહુ ટૂંકી પણ... આહાહા..! કર્મ નાશ કર ને શરીર નાશ કર, એમ વાત નથી લીધી. કે બાયડી, છોકરા છે એનો નાશ કર... એ તો જુદા જ પડ્યા છે, કાંઈ અડ્યા પણ નથી, તારી પાસે આવ્યા નથી ને તારા છે જ નહિ, તું એમાં નથી અને એ તારામાં નથી. આહાહા..! આ તો તારી પર્યાયમાં અજ્ઞાનચેતના છે... આહાહા..! પુણ્ય અને પાપના ભાવ, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાના ધંધા અને દયા, દાન, વ્રત, ભક્તિ બન્ને અજ્ઞાન છે. આહાહા..! એ અજ્ઞાનચેતનાના નાશને સ્પષ્ટપણે નચાવીને નિજરસથી પ્રાપ્ત. ભગવાન આત્મા અંદર આનંદરસથી પ્રાપ્ત (છે). એ પુણ્ય-પાપના ભાવ તો દુઃખરૂપ (છે). આહાહા..! દુઃખ ક્યાં લાગે છે એને? પુણ્યભાવમાં દુઃખ લાગે. પાપમાં તો ક્યાં લાગે છે? પાપમાં (દુઃખ) લાગતું નથી. હું દુઃખી છું (એમ એને લાગતું નથી). પુણ્યમાં તો દુઃખ ભાસે ક્યાંથી? આહાહા..!

એ શુભ-અશુભભાવ, પુણ્ય-પાપ ભાવ, એ દુઃખરૂપનો નાશ કરી 'નિજરસથી પ્રાપ્ત પોતાના સ્વભાવને પૂર્ણ કરીને,...' આનંદના રસને પ્રગટ કરીને પૂર્ણ કર. એ જ્ઞાનરસ છે, પેલો અજ્ઞાનરસ છે. તેનો નાશ કરી, નાશ થવાને લાયક છે. પ્રભુ કાયમ રહેવાને લાયક છે. એ નિત્યાનંદના નાથને જગાડ અને પોતાના સ્વભાવને પૂર્ણ કર. આહાહા..! ભાષા સાદી છે પણ વાત બહુ ઊંચી છે. આહાહા..! ધંધાના રસ આગળ આવી વાતનો રસ પણ મુશ્કેલ પડે. આહાહા..! અંદર એની મીઠાશ આવવી... આહાહા..! પુણ્ય અને પાપનો, અજ્ઞાનનો નાશ કર અને નિજરસ, આત્માનંદ રસ તેમાં રહે, તેમાં આવ, એને પ્રાપ્ત કરીને સ્વભાવને પૂર્ણ કર. આહા..! તારો સ્વભાવ ભગવાન છે. પ્રભુ! તું પરમાત્મા છો. આહાહા..! એ પરમાત્મા સામું અંદર જો અને આ રાગ ને પુણ્ય-પાપ, દયા, દાન એ અજ્ઞાન છે. એ તારી ચીજથી વિરૂદ્ધ છે. તું જ્ઞાનસ્વરૂપ છો, એ અજ્ઞાનસ્વરૂપ છે. આહાહા..! આવી વાત સાંભળવી મુશ્કેલ (પડે). આહાહા..! કરવાનું આ છે. સમય ચાલ્યો જાય છે. આહાહા..!

કેટલી વાત કરી છે! આહાહા..! મીઠી આનંદ જેવી! 'નિજરસથી પ્રાપ્ત પોતાના સ્વભાવને પૂર્ણ કરીને, પોતાની જ્ઞાનચેતનાને આનંદપૂર્વક નચાવતા થકા...' આહાહા..! પોતાની જ્ઞાનચેતના એટલે જ્ઞાનનો અનુભવ. જ્ઞાનસ્વભાવનો અનુભવ એ જ્ઞાનચેતના. રાગનો અનુભવ એ કર્મચેતના. રાગના ફળનું દુઃખનું ભોગવવું એ કર્મફળચેતના (છે). એ બન્ને અજ્ઞાન છે, બન્ને છોડી દે અને આત્મા અંદર આનંદરસ છે એ જ્ઞાનના રસમાં આવી જા. આહાહા..! 'પોતાની જ્ઞાનચેતનાને આનંદપૂર્વક નચાવતા થકા હવેથી સદાકાળ પ્રશમરસને પીઓ...' આહાહા..! કોઈ આંકડો બાંધ્યો નથી કે આટલા જીવ ને આટલા.. આહાહા..! પ્રભુ! તમે આત્મા ભગવાન છો ને! તમારી જ્ઞાનચેતના પીવો ને! રાગચેતના, પુણ્ય ને પાપ બળી ગયેલી... આહાહા..! બળી ગયો એમાં અનાદિથી, પ્રભુ! આહાહા..!

'આનંદપૂર્વક નચાવતા થકા હવેથી સદાકાળ પ્રશમરસને પીઓ...' જ્યારથી પૂર્ણ આનંદ પ્રગટ થયો ત્યારથી અનંતકાળ સુધી રહેશે. આહાહા..! '(કર્મના અભાવરૂપ આત્મિક રસને-અમૃતરસને-અત્યારથી...)' જ્યારથી શરૂ થઈ ત્યારથી. '(અનંત કાળ પર્યંત પીઓ.)' આહાહા..! મુનિરાજે ભાષા પણ બહુ મીઠી વાપરી છે! આહાહા..! એ આનંદને પીવો ને પ્રભુ! રાગ ને દ્વેષ પીવો છો પ્રભુ! એ દુઃખને તમે અનુભવો છો. તમારામાં નથી એને જ અનુભવો છો. આખો (પ્રભુ) પડ્યો છે એની તરફ તો જોતા નથી. આહાહા..! આવું સાંભળવા ક્યાંય મળે નહિ. આહાહા..! બહારમાં હો..હા.. આ કરો ને આ કરો.. ને આ કરો... આ કરો... કર્તાબુદ્ધિ. આહાહા..!

'(આમ જ્ઞાનીજનોને પ્રેરણા છે).' આ રીતે ધર્મીજીવને મુનિરાજે (પ્રેરણા કરી છે). આ તો 'અમૃતચંદ્રાચાર્યે' પ્રેરણા કરી છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

પ્રવચન નં. ૪૪૨ શ્લોક–૨૩૩, ૨૩૪, ગાથા–૩૯૦ થી ૪૦૪ ગુરુવાર, અષાઢ સુદ-૧૨, તા. ૨૪-૦૭-૧૯૮૦

૨૩૩ કળશ, એનો ભાવાર્થ. 'પહેલાં તો ત્રણે કાળ સંબંધી..' ત્રિકાળ એટલે ભૂતકાળ... તેના ૪૯ ભંગ કહ્યા, વર્તમાનમાં ૪૯ ભંગ, ભવિષ્યમાં ૪૯ ભંગ. ત્રણ વાર આવ્યું ને? 'ત્રણે કાળ સંબંધી કર્મના કર્તાપણારૂપ...' રાગાદિ શુભરાગ હો કે અશુભરાગ હો, એ મારું કર્તવ્ય નહિ. ચારિત્રનો અધિકાર છે ને? સમ્યગ્દર્શન સહિત ચારિત્રનો અધિકાર છે. હું રાગને કરીશ નહિ, વર્તમાનમાં કરું નહિ, ભૂતકાળમાં કર્યો તેને જૂઠ કરું છું અને ભવિષ્યમાં કરીશ નહિ. એમ ત્રિકાળ સંબંધી 'કર્મના કર્તાપણારૂપ કર્મચેતના...' રાગની ચેતના ભગવાન આત્મા સ્વભાવ, તેનાથી વિરૂદ્ધ. ભૂતકાળ, ભવિષ્ય અને વર્તમાન ત્રણેમાં રાગનો કર્તા ૪૯ ભંગે નહિ કરું એમ આવ્યું. આહાહા..!

આ ચારિત્ર અધિકાર છે. (કર્મચેતનાના) 'ત્યાગની ભાવના (૪૯ ભંગપૂર્વક) કરાવી. પછી ૧૪૮ કર્મપ્રકૃતિના ઉદયરૂપ કર્મફળના ત્યાગની ભાવના કરાવી.' હું ભૂતકાળ, વર્તમાન, ભવિષ્યમાં રાગનો કર્તા નથી, હું તો આત્મા છું એવું જેને જ્ઞાન થયું તેની અહીંયા વાત ચાલે છે. જેને આવું જ્ઞાન થયું કે હું આત્મા જ્ઞાન, આનંદ છું તો ભૂતકાળમાં મેં રાગાદિ કર્યા હોય તે નિષ્ફળ થાઓ, વર્તમાનમાં પણ કરીશ નહિ, ભવિષ્યમાં પણ કરીશ નહિ. આહાહા..! આ ચારિત્ર!

ત્રણ કાળ સંબંધી રાગ, દ્વેષ, વિષય વાસના આદિ ૪૯ ભંગે કરીશ નહિ, એમ ૧૪૮ કર્મપ્રકૃતિ પૂર્વે બાંધેલી તે, તેના ત્યાગની ભાવના કરાવી. એ કર્મનો ઉદય આવે તે ભાવનો ભોક્તા હું નહિ. આહાહા..! હું તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા મને મળ્યો, હું તેનો અનુભવ કરીશ. આહાહા..! આ ચારિત્રની વ્યાખ્યા.

સમકિતીને રાગાદિ થાય છે, પરિણમનની અપેક્ષાએ કર્તા પણ છે, વેદનની અપેક્ષાએ ભોક્તા પણ છે (પરંતુ) દૃષ્ટિમાં તે મારા છે એમ માને નહિ. સમ્યગ્દૃષ્ટિ દૃષ્ટિમાં એ મારા છે એમ માને નહિ. ચારિત્રમાં તો એનાથી અધિક છે. એ મારું કર્તવ્ય પણ નહિ અને તે ભોગવવાનો મારો ભાવ પણ નથી. આહાહા..!

'એ રીતે અજ્ઞાનચેતનાનો પ્રલય કરાવીને...' આહાહા..! ત્રણકાળમાં કરવું ને ભૂતકાળમાં કર્મ થયું તેનું ફળ હું કરીશ નહિ, એમ અજ્ઞાનચેતનાનો પ્રલય કરાવીને. રાગ કરવો તે પણ અજ્ઞાનચેતના છે. કેમ કે રાગમાં જ્ઞાનસ્વભાવનું ભાન નથી. રાગ અંધકાર સ્વરૂપ છે.

આહાહા..! ચાહે તો પુણ્યભાવ હો કે પાપભાવ હો, તેમાં જ્ઞાન નથી. તેમાં જ્ઞાનનો અભાવ છે. એ 'અજ્ઞાનચેતનાનો પ્રલય કરાવીને...' નાશ કરાવીને 'જ્ઞાનચેતનામાં પ્રવર્તવાનો...' જ્ઞાનચેતના એટલે? પોતાનું સ્વરૂપ જે જ્ઞાન ને આનંદ છે, પોતાના આનંદનું વેદન કરવું તેનું નામ જ્ઞાનચેતના છે. તેનું નામ ધર્મની શરૂઆત છે. પૂર્ણ આનંદને ભોગવનારો હું– એ ચારિત્ર. આહાહા...!

ધર્મની શરૂઆત ક્યાંથી થાય છે? હું આનંદ છું, હું જ્ઞાન છું, હું શાંત–કષાયથી રહિત શાંત છું એવો જે રાગ વિનાનો અનુભવ, રાગ છે પણ તે વિનાનો અનુભવ (થાય) તેમાં જે પ્રતીતિ થાય તેનું નામ સમ્યગ્દર્શન છે. પછી એ પ્રતીતિ ઉપરાંત અસ્થિરતાના રાગનો ત્યાગ કરી વિશેષ આનંદને ભોગવવો એ ચારિત્ર છે. આહાહા..! અહીં તો (અજ્ઞાનીના મતમાં) ચારિત્ર એટલે બહારની ક્રિયા કરી એટલે થઈ ગયું ચારિત્ર.

અહીં કહે છે કે, અજ્ઞાનચેતનાનો નાશ કરાવીને 'જ્ઞાનચેતનામાં પ્રવર્તવાનો...' ભગવાન તું જ્ઞાન અને આનંદ છો ને! એ પહેલા આવ્યું ને? પીવો, અનંતકાળ પર્યંત પીવો. માથે આવી ગયું. આહાહા..! ભવિષ્યમાં અનંતકાળ... જો રાગનો કર્તા અને રાગનો ભોક્તા થયો તો ભવિષ્યમાં અનંતકાળ રાગનું ભોગવવું થશે, જ્યાં સુધી નાશ નહિ કરે ત્યાં સુધી. આહાહા..! અહીં તો કહે છે, તેનો નાશ કરો અને જ્ઞાનચેતના કરાવી. આ રીતે 'જ્ઞાનચેતનામાં પ્રવર્તવાનો ઉપદેશ કર્યો છે.' ઉપદેશ કર્યો છે.

ભગવાન તને શાંતિ જોઈએ, તારે સુખ જોઈએ તો અંદરમાં પ્રવર્ત. આત્મા આનંદ સ્વરૂપ છે, જ્ઞાન સ્વરૂપ છે તેમાં તારી પ્રવૃત્તિ કર. રાગ અને દ્વેષની પ્રવૃત્તિ દુઃખરૂપ છે. ચાહે તો શુભરાગ હો તો પણ દુઃખરૂપ છે. આહાહા..! શરીર, વાણી, મન પર છે તેની વાત અહીં છે પણ નહિ. પણ પોતાના પરિણામમાં કરવું અને ભોગવવું તેનો ત્યાગ કરાવ્યો અને જ્ઞાનચેતનામાં પ્રવર્તવાનો ઉપદેશ કર્યો.

'એ જ્ઞાનચેતના સદા આનંદરૂપ...' જ્ઞાનચેતના એટલે? પોતાનું જે સ્વરૂપ–જ્ઞાનસ્વરૂપ છે તેનું વેદન, શાંતિ અને આનંદનું વેદન થવું તેનું નામ જ્ઞાનચેતના છે. અશાંતિનું અને વિકારનું વેદન થવું એ કર્મચેતના છે. એ કર્મચેતનાનો ત્યાગ કરાવીને જ્ઞાનચેતનામાં પ્રવર્તવાનો ઉપદેશ કર્યો. આહાહા..! હજી દર્શનની શુદ્ધિ કઠણ પડે, એમાં આ ચારિત્ર. 'એ જ્ઞાનચેતના સદા આનંદરૂપ–પોતાના સ્વભાવના અનુભવરૂપ...' જ્ઞાનચેતના એને કહીએ કે પોતાના અતીન્દ્રિય આનંદનો અનુભવ, એ અતીન્દ્રિય આનંદના સ્વભાવનું વેદન થવું એને અહીંયા જ્ઞાનચેતના કહીએ. આહાહા..! જ્ઞાન એટલે આત્મા.

આખો આત્મા જ્ઞાનસ્વરૂપ જ કહેવામાં આવ્યો છે. તેના શ્રદ્ધા-જ્ઞાન કરીને રાગના કણનું કર્તાપણું-ભોક્તાપણું છોડી દે, તો તને જ્ઞાનચેતના ઉગ્ર થશે. જ્ઞાનચેતના ઉગ્ર થાય તેનું નામ ચારિત્ર છે. આહાહા..! 'તેને જ્ઞાનીજનો સદા ભોગવો...' હે ધર્મી! આહાહા..!

હે જ્ઞાની! તમારી ચીજને ભોગવવાનું તમે કરો. રાગ એ તમારી ચીજ નહિ. પુણ્ય અને પાપ અને તેનું ફળ એ તારી ચીજ નહિ. તારી ચીજ તો જ્ઞાન, આનંદ છે તેનો ઉપભોગ કરો. ઓહોહો..! આનું નામ ચારિત્ર. પંચ મહાવ્રત પાળો, પાંચ સમિતિ કરો એ વાત અહીંયા નથી કરી.

જ્ઞાનસ્વરૂપ ભગવાનમાં જે અતીન્દ્રિય આનંદ છે એ જ્ઞાન, અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે એનું નામ ચારિત્ર છે. આહાહા..! અહીંયા તો જરીક લુગડાં ફેરવી નાખ્યા ને બાયડી, છોકરા છોડીને બેઠા તો (માને કે) ત્યાગી થઈ ગયા, ચારિત્ર થઈ ગયું. ભાઈ! ચારિત્ર અલૌકિક વાત છે. ચારિત્ર આનંદદાયક છે, ચારિત્ર જ્ઞાનનો આનંદ છે. અચારિત્ર જ્ઞાનનું દુઃખ છે. અંદરમાં જેટલું અચારિત્ર છે (તે દુઃખદાયક છે). અંદરની વાત છે, પરની સાથે સંબંધ નથી. પરિણામ સાથે સંબંધ છે. અજ્ઞાનરૂપી પરિણામ છે તે દુઃખનું વેદન છે અને જ્ઞાનગુણના પરિણામ એ આનંદનું વેદન છે. પરવસ્તુનું વેદન કરવું તો છે જ નહિ. આહાહા..! તો શું આ ઘડિયાળ-બડિયાળનું કર્યું ઇ? ઘડિયાળનું આ કરો ને આ કરો, આ કરો. આને વળી હિરાનું, માણેકનું (કામ છે).

આત્મા પોતાના પરિણામ સિવાય કંઈ કરી શકતો નથી–આ સિદ્ધાંત છે. એ પરિણામ શુભ, અશુભ, અજ્ઞાન, જ્ઞાનના થાય છે. જ્ઞાનના પરિણામ, અજ્ઞાનના પરિણામ. જ્ઞાન પરિણામ થવા છતાં જરી શુભાશુભ પરિણામ પણ થાય છે. અજ્ઞાન પરિણામમાં તો એકલા શુભાશુભ પરિણામ થાય છે. આહાહા..! અને ચારિત્ર જ્યારે થાય છે ત્યારે એકલા જ્ઞાન પરિણામ (થાય છે). આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ.. જે અસ્થિરતાનો રાગ છે તેનો પણ ત્યાં ત્યાગ છે અને અતીન્દ્રિય જ્ઞાન, આનંદ(નું વેદન છે). આહાહા..! અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ છું અને તે જ્ઞાન ને આનંદ ત્રિકાળ ધ્રુવ છે. ત્રિકાળ ધ્રુવની દૃષ્ટિ કરવાથી વર્તમાનમાં તેનો અનુભવ થાય છે. અનુભવ થાય છે તે પર્યાય છે. આહાહા..! અને તેને છોડીને પર તરફનું લક્ષ કરીને અજ્ઞાનચેતનામાં રાગ અને દ્વેષનું કરવું અને ભોગવવું થાય છે. પરના કરવા અને ભોગવવા સાથે કંઈ સંબંધ નથી. આહાહા..! આત્મા સિવાય અને આત્માના અજ્ઞાન અને જ્ઞાન પરિણામ સિવાય, આત્માના જ્ઞાન અને અજ્ઞાનના પરિણામ સિવાય, આત્મા પરનું તો કાંઈ કરતો નથી. શરીર, વાણી, મન, કર્મ, ધંધો-વેપાર કોણ કરતું હશે? ઢોર કરતું હશે? માને છે કે હું કર્તા છું, માન્યતાના ભાવનો કર્તા છે, ચીજના ભાવનો કર્તા નથી. આહાહા..! ભારે માર્ગ ભાઈ!

'તેને જ્ઞાનીજનો સદા ભોગવો–એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે.' આહાહા..! 'કુંદકુંદાચાર્ય' આદિ સંતોનો આ ઉપદેશ છે કે, તમારા આનંદનો ભોગવો. પ્રભુ! તું દુઃખી છો. ચાર ગતિમાં અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગ મળે એ તારી ચીજ નહિ અને તેમાં તું મમતા કર તો તું દુઃખી થઈશ. આહાહા..! તારી ચીજ સિવાય જે બહારની ચીજ છે, અરે..! રાગ-દ્વેષના પરિણામ

છે એ પણ તારી ચીજથી ભિન્ન છે અને ભિન્નને પોતાના માનવા એ મહા દુઃખ છે. આહાહા..! દુઃખ લાગતું નથી ને! આહાહા..! ધીરો થઈને જોવે કે આ તે આત્મા છે શું? અને આ શું થાય છે? પરિણામમાં, હોં! બહારમાં થાય છે તે તેના કારણે (થાય છે). વેપાર-ધંધા આદિ, સ્ત્રી આદિ, દીકરા આદિ એ ક્રિયા જડની, પરની પરમાં થાય છે. એ આત્મા કરી શકતો નથી. માને, માને કે હું કરું છું, એ માન્યતા એના પરિણામ છે. એનો કર્તા અને એનો ભોક્તા. આહાહા..!

ત્રણકાળનું કર્તા-ભોક્તાપણું છોડીને, ગયા કાળની પ્રકૃતિનું ફળ તેને ભોગવવું છોડીને. ચારિત્રનો અધિકાર છે ને? અતીન્દ્રિય આનંદનું ભોગવવું કર. આહાહા..! ક્યાં લઈ જવો એને! આ તો મડદું છે, એમાં ચેતન નથી. આ હાડકા, ચામડામાં ચેતન નથી. ચેતન તો હાડકા, ચામડાથી જુદો અંદર છે. ચેતન હાડકા, ચામડાને અડ્યો પણ નથી. આહાહા..! પર્યાયમાં પરવસ્તુની માન્યતાની ઊંધી શ્રદ્ધા કે એ વસ્તુ મારી નહિ એવી સવળી શ્રદ્ધા, એ શ્રદ્ધા એની પર્યાયમાં સ્પર્શે છે. એ પર્યાયમાં સ્પર્શે છે. બાકી પરચીજ તો એની પર્યાયને કદી અડી નથી, સ્પર્શી નથી. આહાહા..! અહીંયા શ્રીગુરુઓનો આવો ઉપદેશ છે.

## શ્લોક-૨૩૪

(वंशस्थ)

इतः पदार्थप्रथनावगुण्ठनाद्-
विना कृतेरेकमनाकुलं ज्वलत्।
समस्तवस्तुव्यतिरेकनिश्चयाद्-
विवेचितं ज्ञानमिहावतिष्ठते।।२३४।।

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે, તેથી જ્ઞાનને કર્તાભોક્તાપણાથી ભિન્ન બતાવ્યું; હવેની ગાથાઓમાં અન્ય દ્રવ્યો અને અન્ય દ્રવ્યોના ભાવોથી જ્ઞાનને ભિન્ન બતાવશે. તે ગાથાઓની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છે :–

શ્લોકાર્થ :– [ इतः इह ] અહીંથી હવે (આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં હવેની ગાથાઓમાં એમ કહે છે કે-) [ समस्त-वस्तु-व्यतिरेक-निश्चयात् विवेचितं ज्ञानम् ] સમસ્ત

વસ્તુઓથી ભિન્નપણાના નિશ્ચય વડે જુદું કરવામાં આવેલું જ્ઞાન, [ पदार्थ-प्रथन-अवगुण्ठनात् कृतेः विना ] પદાર્થના વિસ્તાર સાથે ગૂંથાવાથી (-અનેક પદાર્થો સાથે, જ્ઞેયજ્ઞાનસંબંધને લીધે, એક જેવું દેખાવાથી) ઉત્પન્ન થતી (અનેક પ્રકારની) ક્રિયા તેનાથી રહિત [ एकम् अनाकुलं ज्वलत् ] એક જ્ઞાનક્રિયામાત્ર, અનાકુળ (-સર્વ આકુળતાથી રહિત) અને દેદીપ્યમાન વર્તતું થકું, [ अवतिष्ठते ] નિશ્ચળ રહે છે.

ભાવાર્થ :– હવેની ગાથાઓમાં જ્ઞાનને સ્પષ્ટ રીતે સર્વ વસ્તુઓથી ભિન્ન બતાવે છે. ૨૩૪.

## શ્લોક–૨૩૪ ઉપર પ્રવચન

'આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે, તેથી જ્ઞાનને કર્તાભોક્તાપણાથી ભિન્ન બતાવ્યું; હવેની ગાથાઓમાં...' આ તો કર્તા-ભોક્તાનો નિષેધ કર્યો. હવે 'અન્ય દ્રવ્યો અને અન્ય દ્રવ્યોના ભાવોથી જ્ઞાનને ભિન્ન બતાવશે.' આહાહા..! અન્ય દ્રવ્ય અને અન્ય દ્રવ્યના ભાવ. તારું દ્રવ્ય અને તારો ભાવ તેનાથી અન્ય દ્રવ્ય અને અન્ય દ્રવ્યના ભાવ ભિન્ન છે. આહાહા..! છે? 'અન્ય દ્રવ્યો અને અન્ય દ્રવ્યોના ભાવોથી જ્ઞાનને ભિન્ન બતાવશે. તે ગાથાઓની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છે :–' કાવ્ય.

इतः पदार्थप्रथनावगुण्ठनाद्-
विना कृतेरेकमनाकुलं ज्वलत्।
समस्तवस्तुव्यतिरेकनिश्चयाद्-
विवेचितं ज्ञानमिहावतिष्ठते।।२३४।।

નીચે શ્લોકાર્થ :– 'અહીંથી હવે (આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં હવેની ગાથાઓમાં એમ કહે છે કે–) સમસ્ત વસ્તુઓથી ભિન્નપણાના નિશ્ચય વડે...' બધા પરદ્રવ્ય અને પરદ્રવ્યના ભાવ. આહાહા..! સ્ત્રી અને પુત્ર, લક્ષ્મી અને મકાન, આબરૂ અને અનઆબરૂ, આહાહા..! બધી ચીજ પર છે. એ 'નિશ્ચય વડે જુદું કરવામાં આવેલું જ્ઞાન,...' 'पदार्थ-प्रथन-अवगुण्ठनात् कृतेः विना' પરપદાર્થની સાથે સંબંધ વિના, પરપદાર્થની સાથે એકત્વ સંબંધ વિના. આહાહા..! 'પદાર્થના વિસ્તાર સાથે ગુંથાવાથી...' જાણે પરપદાર્થમાં ગુંથાઈ ગયો હોય એમ માને છે. આહાહા..! આત્માને આ હાથ ને આ શરીર (છે એમ) જાણે એક થઈ ગયો હોય, એમ સ્ત્રી, કુટુંબ-પરિવાર, પૈસા-લક્ષ્મી, મકાન, કપડા જાણે એ મારી ચીજ છે, હું અને એ એક થઈ ગયા છીએ. આહાહા..!

'(–અનેક પદાર્થો સાથે, જ્ઞેયજ્ઞાનસંબંધને લીધે,...' આત્મા ફક્ત જાણનારો છે અને

પર જાણવાલાયક છે એટલા સંબંધને કારણે '(એક જેવું દેખાવાથી)...' જાણે મારું છે એમ દેખાય છે. જાણનારને તો એ જાણવાલાયક છે. પરચીજ, શરીર, વાણી, મન, પુણ્ય-પાપ અને એના ફળ બાયડી-સ્ત્રી, કુટુંબ-પરિવાર, લક્ષ્મી, આબરૂ-કીર્તિ... આત્મા જ્ઞાન છે અને તે જ્ઞેય છે એટલો સંબંધ છે. આહાહા..! એ જ્ઞાનજ્ઞેય સંબંધ સિવાય... છે? '(જ્ઞેયજ્ઞાનસંબંધને લીધે, એક જેવું દેખાવાથી)....' આહાહા..! અમસ્તુ પણ આપણે કહેવાય છે ને? ભાઈઓ ભાઈઓ ભેગા રહે, ભાઈ! ભાઈઓ જુદા પણ પડે એમ પણ કહે. આહાહા..! મકાન કરાવે ત્યારથી એના લક્ષમાં રહે. આમ મારા માને. મકાન કરાવે એમાં ઓસરી હોય ને? ઓસરી. ઓસરીને શું કહે છે? (વરંડો.) પાંચ ભાઈઓ હોય તો બે-બે થાંભલી (લગાવે). એક ભાગ એની કોર અને એક ભાગ એની કોર. પહેલાથી એમ બનાવે. આહાહા..! છે કે નહિ? પહેલાથી મારા માનીને જુદા કરવાનો ભાવ છે. બે-બે થાંભલી રાખે. થાંભલીને શું કહે છે? ખંભા. એક સાથે બે રાખે. બે થાંભલી વચ્ચે રસ્તો હોય. આ બાજુ બાંધે તો આની કોર અને આ બાજુ બાંધે તો આની કોર. આહાહા..! હોય ભાઈઓ ચાર. 'બાબુભાઈ'! છે કે નહિ એમ? આહાહા..! પહેલેથી એમ આવે, પણ અંદરથી છૂટતું નથી. પહેલેથી એમ કરાવે. કેમ કે આપણે જુદા પડીએ તો અહીં કોરની વંડી ત્યાં જશે, આની કોરની વંડી આપણી. આની કોરની થાંભલી એનો અને આની કોરની થાંભલી આપણી. બે થાંભલી સાથે નાખે. બે-બે થાંભલી સાથે નાખે. આહાહા..! એ નાખતાવેંત જ વિચાર કરે છે કે આપણે આનાથી જુદા પડવું પડશે તો આની કોર એ રહેશે અને આ બાજુ (આપણે રહેશું). 'હરિભાઈ'! કરે છે કે નહિ?

મુમુક્ષુ :– પાછળથી તકરાર ન થાય.

ઉત્તર :– એ વળી 'હરિભાઈ' એ ઠીક કહ્યું. પહેલાથી જ એમ માને છે કે આપણે જુદું કરવાનું છે. આમ સગા ભાઈ હોય. હજી તો નાનો ભાઈ જન્મ્યો હોય, લ્યો ને! અને બે–પાંચ-છ ભાઈ હોય. ઓસરીમાં બે બે થાંભલી નાખે, આહાહા..! બે બે થાંભલી નાખે. ત્યારથી એ જાણે છે કે આપણે જુદા રહેવાનું છે, પણ અંદરથી એમ માને કે એ ચીજ જ મારી નહિ. હું તો એકલો રહું છું અને એકલો ચાલ્યો જઈશ. ત્યાં જ હું તો એકલો રહું છું. આહાહા..! કોઈની સાથે મારે સંબંધ નથી.

'(જ્ઞેયજ્ઞાનસંબંધને લીધે, એક જેવું દેખાવાથી)...' એક જેવું દેખાવાથી. એ જણાવાલાયક છે, આ જાણનાર છે. દેખાવાથી. એક જેવું દેખાય છે. મેડી બનાવે, ચાર ચાર માળની મેડી બનાવે, આમ સરખું રાખે, આની કોરનો ભાગ આમ, આની કોરનો ભાગ આમ. આહાહા..! '(એક જેવું દેખાવાથી) ઉત્પન્ન થતી (અનેક પ્રકારની) ક્રિયા તેનાથી રહિત...' 'एकम् अनाकुलं ज्वलत्' આહાહા..! એક જ્ઞાનક્રિયાવાન પ્રભુ. તારી ક્રિયા તો જ્ઞાનની છે. એ (બહારની) ક્રિયા તો તારી નહિ પણ રાગની ક્રિયા તારી નહિ. આહાહા..! 'એક જ્ઞાનક્રિયામાત્ર, અનાકુળ

(–સર્વ આકુળતાથી રહિત) અને દેદીપ્યમાન વર્તતું થકું...' આહાહા..! સર્વથી ભિન્ન થઈને. ભિન્ન છે જ, માન્યતામાં ફેર છે. સર્વથી ભિન્ન જ છે.

એ તો ત્રીજી ગાથામાં કહ્યું ને? એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી, કદી સ્પર્શતું જ નથી. આહાહા..! 'સમયસાર' ત્રીજી ગાથા. સમજાણું કાંઈ? જુઓ! વચમાં છે. ટીકાની પાંચમી લીટી. 'કેવા છે તે સર્વ પદાર્થો? પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે...' છે છઠ્ઠી લીટી? ત્રીજી ગાથા. ટીકાની છઠ્ઠી લીટી, ટીકાની છઠ્ઠી પંક્તિ. આહાહા..! સર્વ પદાર્થ 'પોતાના દ્રવ્યમાં...' પરમાણુ અને આત્મા આદિ પ્રત્યેક પદાર્થ.

એક સાકરનો ગાંગડો આમ દેખાય તો પણ એમાં પરમાણુએ પરમાણુ ભિન્ન છે. એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. સાકરને અડતો નથી. સાકર, સાકર. એક સાથે બધા ભેગા થઈ જાય. એક રજકણ બીજા રજકણની સાથે કદી આવ્યું નથી. આહાહા..! સાકરમાં પણ અનંત પરમાણુ સ્કંધમાં પોતપોતાની પર્યાયને કારણે પરિણમન કરે છે. બીજા પરમાણુની પર્યાયને એક પરમાણુ અડતો નથી. આહાહા..! ગજબ વાત છે.

તેલ.. તેલ. આમ જાણે રસ દેખાય પણ અંદરનો એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. આહાહા..! આવા જુવાનિયાએ આવું કોઈ દિ' સાંભળ્યું ન હોય. સાંભળ્યું હતું કોઈ દિ'? આહાહા..! તેલની ધાર, આ પાણી. પણ પાણીના એક બિંદુમાં રજકણે રજકણ ભિન્ન છે. એક રજકણ બીજા રજકણને અડ્યો નથી. આહાહા..! એવી વાત (છે). કપડું. આ કપડામાં એક રજકણ બીજા રજકણને અડ્યું નથી. ... કપડાને બનાવ્યું ને? આહાહા..!

અહીં (ત્રીજી ગાથામાં) એ કહે છે, 'જેટલા પદાર્થો છે તે બધાય નિશ્ચયથી (નક્કી) એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી જ સુંદરતા પામે છે કારણ કે અન્ય પ્રકારે તેમાં સર્વસંકર આદિ દોષો આવી પડે. કેવા છે તે સર્વ પદાર્થો? પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચંબે છે–સ્પર્શે છે તોપણ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી,...' આહાહા..! 'અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહરૂપે રહ્યા છે...' એક ક્ષેત્રમાં ભેગા રહે. 'તોપણ જેઓ સદાકાળ પોતાના સ્વરૂપથી પડતા નથી,...' આહાહા..! આ એક બે લીટીમાં તો.. (જો) ભેગા ન હોય તો આ કપડું કેમ થાય? ભેગા ન હોય તો આ ચશ્મા કેમ થાય? એકઠા ન હોય તો પગ પણ કેમ થાય? દરેક પરમાણુ ભિન્ન છે. એ સ્કંધમાં પણ એક એક પરમાણુ પોતાની પર્યાયથી પરિણમી રહ્યો છે, બીજી પર્યાયને અડતો નથી. આહાહા..! આત્માને તો એ અડતો નથી, પણ એનો એક એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. આહાહા..! એ ત્રીજી ગાથાનો માલ છે. આહાહા..!

એ અહીંયા કહે છે, 'એક જ્ઞાનક્રિયામાત્ર, અનાકુળ...' જ્ઞાનક્રિયામાત્ર. આહાહા..! એક જ્ઞાનક્રિયામાત્ર. પરદ્રવ્યને તો (અડે) નહિ પણ રાગને પણ અડતો નથી. એક જ્ઞાનક્રિયામાત્ર.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે તો જ્ઞાનની પરિણતિમાત્ર. આહાહા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે તો તેની જ્ઞાનની પરિણતિ–અવસ્થામાત્ર. છે? 'જ્ઞાનક્રિયામાત્ર, અનાકુળ (–સર્વ આકુળતાથી રહિત) અને દેદીપ્યમાન વર્તતું થકું, નિશ્ચળ રહે છે.' દરેક પદાર્થ પોતાનો સ્વભાવ જે શક્તિ છે, ગુણ અને પર્યાય જે સ્વભાવ છે, આહાહા...! તેમાં બધા રહે છે. એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. નિશ્ચળ રહે છે.

ભાવાર્થ :– 'હવેની ગાથાઓમાં જ્ઞાનને સ્પષ્ટ રીતે સર્વ વસ્તુઓથી ભિન્ન બતાવે છે.'

* અહો! જ્ઞાનસ્વભાવનું માહાત્મ્ય કેટલું છે! સામર્થ્ય કેવું છે! એનું જગતને ભાન નથી. આકાશના અનંતા પ્રદેશો છે તેમાં અહીંથી (કોઈ જગ્યાએથી) તેની ગણતરી કરતા આકાશનો છેલ્લો પ્રદેશ ક્યો? તેનો અંત છે જ નહિ. કાળના અનંત સમયો છે તેમાં વર્તમાન સમયથી ગણતાં કાળનો છેલ્લો સમય ક્યો? તેનો અંત છે જ નહિ. તેમ દ્રવ્યો અનંતા છે તેની ગણતરી કરતા છેલ્લું દ્રવ્ય ક્યુ? તેનો અંત છે જ નહિ. તેમ એક જીવ દ્રવ્યના જ્ઞાન-દર્શન આદિ ગુણ આકાશના પ્રદેશ કરતા પણ અનંતગુણા છે, તેમાં છેલ્લો ગુણ ક્યો? તેનો અંત છે જ નહિ. આહાહા! ગજબ વાત છે, જ્ઞાનનો પર્યાય જ્ઞેયપ્રમાણ છે ને જ્ઞેય લોકાલોક છે, જેનો પાર નથી એવા અપાર અનંતાનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જ્ઞેય બનાવનારી એક સમયની જ્ઞાનપર્યાયનું સામર્થ્ય કેટલું? તાકાત કેટલી? એ એક સમયની પર્યાયમાં અનંતાનંત જ્ઞેય-પ્રમાણ જ્ઞાનની પર્યાયના અવિભાગપ્રતિછેદ કેટલા? એનો છેલ્લો પ્રતિછેદ ક્યો? આહાહા! ગજબ વાત છે. સિદ્ધ થાય તેની આદિ ગણાય પણ અંત નથી. સિદ્ધ થયા તેના ભવનો અંત-છેડો તો આવી ગયો પણ તેનો પહેલો ભવ ક્યો? અનાદિ છે, તેની શરૂઆત છે જ ક્યાં? અંત વિનાના દ્રવ્યો છે તેનો અંત આવે કેમ? અંત વિનાનું ક્ષેત્ર છે તેનો અંત આવે કેમ? અંત વિનાનો કાળ છે તેનો અંત આવે કેમ? અંત વિનાના ભાવ છે તેનો અંત આવે કેમ? આહાહા! આટલા આટલા અનંતા જ્ઞેયો છે એને જાણનાર જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે. આવા અનંત પદાર્થોને શ્રુતજ્ઞાનમાં જ્ઞેય બનાવ્યા એની પર્યાયમાં વિષયોનો રસ રહી શકે નહિ. રાગ રહે પણ રાગનો રસ રહી શકે નહિ. આહાહા! આત્મવસ્તુ જ કોઈ એવી અદ્ભુત ચમત્કારિક છે કે એનું શું કહેવું ભાઈ? ૪૮૫.

– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર

# ગાથા–૩૯૦-૪૦૪

सत्थं णाणं ण हवदि जम्हा सत्थं ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं सत्थं जिणा बेंति।।३९०।।
सद्दो णाणं ण हवदि जम्हा सद्दो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं सद्दं जिणा बेंति।।३९१।।
रूवं णाणं ण हवदि जम्हा रूवं ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं रूवं जिणा बेंति।।३९२।।
वण्णो णाणं ण हवदि जम्हा वण्णो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं वण्णं जिणा बेंति।।३९३।।
गंधो णाणं ण हवदि जम्हा गंधो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं गंधं जिणा बेंति।।३९४।।
ण रसो दु हवदि णाणं जम्हा दु रसो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं रसं च अण्णं जिणा बेंति।।३९५।।
फासो ण हवदि णाणं जम्हा फासो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं फासं जिणा बेंति।।३९६।।
कम्मं णाणं ण हवदि जम्हा कम्मं ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं कम्मं जिणा बेंति।।३९७।।
धम्मो णाणं ण हवदि जम्हा धम्मो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं धम्मं जिणा बेंति।।३९८।।
णाणमधम्मो ण हवदि जम्हाधम्मो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णमधम्मं जिणा बेंति।।३९९।।
कालो णाणं ण हवदि जम्हा कालो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं कालं जिणा बेंति।।४००।।

आयासं पि ण णाणं जम्हायासं ण याणदे किंचि।
तम्हायासं अण्णं अण्णं णाणं जिणा बेंति।।४०१।।
णज्झवसाणं णाणं अज्झवसाणं अचेदणं जम्हा।
तम्हा अण्णं णाणं अज्झवसाणं तहा अण्णं।।४०२।।
जम्हा जाणदि णिच्चं तम्हा जीवो दु जाणगो णाणी।
णाणं च जाणयादो अव्वदिरित्तं मुणेयव्वं।।४०३।।
णाणं सम्मादिट्ठिं दु संजमं सुत्तमंगपुव्वगयं।
धम्माधम्मं च तहा पव्वज्जं अब्भुवंति बुहा।।४०४।।

शास्त्रं ज्ञानं न भवति यस्माच्छास्त्रं न जानाति किञ्चित्।
तस्मादन्यज्ज्ञानमन्यच्छास्त्रं जिना ब्रुवन्ति।।३९०।।
शब्दो ज्ञानं न भवति यस्माच्छब्दो न जानाति किञ्चित्।
तस्मादन्यज्ज्ञानमन्यं शब्दं जिना ब्रुवन्ति।।३९१।।
रूपं ज्ञानं न भवति यस्माद्रूपं न जानाति किञ्चित्।
तस्मादन्यज्ज्ञानमन्यद्रूपं जिना ब्रुवन्ति।।३९२।।
वर्णो ज्ञानं न भवति यस्माद्वर्णो न जानाति किञ्चित्।
तस्मादन्यज्ज्ञानमन्यं वर्णं जिना ब्रुवन्ति।।३९३।।
गन्धो ज्ञानं न भवति यस्माद्गन्धो न जानाति किञ्चित्।
तस्मादन्यज्ज्ञानमन्यं गन्धं जिना ब्रुवन्ति।।३९४।।
न रसस्तु भवति ज्ञानं यस्मात्तु रसो न जानाति किञ्चित्।
तस्मादन्यज्ज्ञानं रसं चान्यं जिना ब्रुवन्ति।।३९५।।
स्पर्शो न भवति ज्ञानं यस्मात्स्पर्शो न जानाति किञ्चित्।
तस्मादन्यज्ज्ञान्मन्यं स्पर्शं जिना ब्रुवन्ति।।३९६।।
कर्म ज्ञानं न भवति यस्मात्कर्म न जानाति किञ्चित्।
तस्मादन्यज्ज्ञानमन्यत्कर्म जिना ब्रुवन्ति।।३९७।।
धर्मो ज्ञानं न भवति यस्माद्धर्मो न जानाति किञ्चित्।
तस्मादन्यज्ज्ञानमन्यं धर्मं जिना ब्रुवन्ति।।३९८।।
ज्ञानमधर्मो न भवति यस्मादधर्मो न जानाति किञ्चित्।
तस्मादन्यज्ज्ञानमन्यमधर्मं जिना ब्रुवन्ति।।३९९।।

कालो ज्ञानं न भवति यस्मात्कालो न जानाति किञ्चित्।
तस्मादन्यज्ज्ञानमन्यं कालं जिना ब्रुवन्ति।।४००।।
आकाशमपि न ज्ञानं यस्मादाकाशं न जानाति किञ्चित्।
तस्मादाकाशमन्यदन्यज्ज्ञानं जिना ब्रुवन्ति।।४०१।।
नाध्यवसानं ज्ञानमध्यवसानमचेतनं यस्मात्।
तस्मादन्यज्ज्ञानमध्यवसानं तथान्यत्।।४०२।।
यस्माज्जानाति नित्यं तस्माज्जीवस्तु ज्ञायको ज्ञानी।
ज्ञानं च ज्ञायकादव्यतिरिक्तं ज्ञातव्यम्।।४०३।।
ज्ञानं सम्यग्दृष्टिं तु संयमं सूत्रमङ्गपूर्वगतम्।
धर्माधर्मं च तथा प्रव्रज्यामभ्युपयान्ति बुधाः।।४०४।।

न श्रुतं ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानश्रुतयोर्व्यतिरेकः। न शब्दो ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानशब्दयोर्व्यतिरेकः। न रूपं ज्ञानमचेतनत्वात् ततो ज्ञानरूपयोर्व्यतिरेकः। न वर्णो ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानवर्णयोर्व्यतिरेकः। न गन्धो ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानगन्धयोर्व्यतिरेकः। न रसो ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानरसयोर्व्यतिरकेः। न स्पर्शो ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानस्पर्शयोर्व्यतिरकेः। न कर्म ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानकर्मणोर्व्यतिरेकः। न धर्मो ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानधर्मयोर्व्यतिरेकः। नाधर्मो ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानाधर्मयोर्व्यतिरेकः। न कालो ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानकालयोर्व्यतिरेकः। नाकाशं ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानाकाशयोर्व्यतिरेकः। नाध्यवसानं ज्ञानमचेतनत्वात्, ततो ज्ञानाध्यवसानयोर्व्यतिरेकः। इत्येवं ज्ञानस्य सर्वैरेव परद्रव्यैः सह व्यतिरेको निश्चयसाधितो द्रष्टव्यः। अथ जीव एवैको ज्ञानं, चेतनत्वात्; ततो ज्ञानजीवयोरेवाव्यतिरकेः। न च जीवस्य स्वयं ज्ञानत्वात्ततो व्यतिरेकः कश्चनापि शङ्कनीयः। एवं तु सति ज्ञानमेव सम्यग्दृष्टिः, ज्ञानमेव संयमः, ज्ञानमेवाङ्गपूर्वरूपं सूत्रं, ज्ञानमेव धर्माधर्मौ, ज्ञानमेव प्रव्रज्येति ज्ञानस्य जीवपर्यायैरपि सहाव्यतिरेको निश्चयसाधितो द्रष्टव्यः। अथैवं सर्वपरद्रव्यव्यतिरेकेण सर्वदर्शनादिजीवस्वभावाव्यतिरेकेण वा अतिव्याप्तिव्याप्तिं च परिहरमाणमनादिविभ्रममूलं धर्माधर्मरूपं परसमयमुद्वम्य स्वयमेव प्रव्रज्यारूपमापद्य दर्शनज्ञानचारित्रस्थितिरूपं स्वसमयमवाप्य मोक्षमार्गमात्मन्येव परिणतं कृत्वा समवाप्तसम्पूर्ण-विज्ञानघनस्वभावं हानोपादानशून्यं साक्षात्समयसारभूतं परमार्थरूपं शुद्धं ज्ञानमेकमवस्थितं द्रष्टव्यम्।

એ જ અર્થની ગાથાઓ હવે કહે છે :–

રે! શાસ્ત્ર તે નથી જ્ઞાન, જેથી શાસ્ત્ર કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, શાસ્ત્ર જુદું-જિન કહે; ૩૯૦.
રે! શબ્દ તે નથી જ્ઞાન, જેથી શબ્દ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, શબ્દ જુદો-જિન કહે; ૩૯૧.
રે! રૂપ તે નથી જ્ઞાન, જેથી રૂપ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, રૂપ જુદું-જિન કહે; ૩૯૨.
રે! વર્ણ તે નથી જ્ઞાન, જેથી વર્ણ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, વર્ણ જુદો-જિન કહે; ૩૯૩.
રે! ગંધ તે નથી જ્ઞાન, જેથી ગંધ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, ગંધ જુદી-જિન કહે; ૩૯૪.
રે! રસ નથી કંઈ જ્ઞાન, જેથી રસ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, રસ જુદો-જિનવર કહે; ૩૯૫.
રે! સ્પર્શ તે નથી જ્ઞાન, જેથી સ્પર્શ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, સ્પર્શ જુદો-જિન કહે; ૩૯૬.
રે! કર્મ તે નથી જ્ઞાન, જેથી કર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, કર્મ જુદું-જિન કહે; ૩૯૭.
રે! ધર્મ તે નથી જ્ઞાન, જેથી ધર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, ધર્મ જુદો-જિન કહે; ૩૯૮.
અધર્મ તે નથી જ્ઞાન, જેથી અધર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, અધર્મ જુદો-જિન કહે; ૩૯૯.
રે! કાળ તે નથી જ્ઞાન, જેથી કાળ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, કાળ જુદો-જિન કહે; ૪૦૦.
આકાશ તે નથી જ્ઞાન, એ આકાશ કંઈ જાણે નહીં,
તે કારણે છે આકાશ જુદું, જ્ઞાન જુદું-જિન કહે; ૪૦૧.
નહિ જ્ઞાન અધ્યવસાન છે, જેથી અચેતન તેહ છે,
તે કારણે છે જ્ઞાન જુદું, જુદું અધ્યવસાન છે. ૪૦૨.

રે! સર્વદા જાણે જ તેથી જીવ જ્ઞાયક જ્ઞાની છે,
ને જ્ઞાન છે જ્ઞાયકથી અવ્યતિરિક્ત ઇમ જ્ઞાતવ્ય છે. ૪૦૩.
સમ્યક્ત્વ, ને સંયમ, તથા પૂર્વાંગગત સૂત્રો, અને
ધર્માધરમ, દીક્ષા વળી, બુધ પુરુષ માને જ્ઞાનને. ૪૦૪.

ગાથાર્થ :– [ शास्त्रं ] શાસ્ત્ર [ ज्ञानं न भवति ] જ્ઞાન નથી [ यस्मात् ] કારણ કે [ शास्त्रं किञ्चित् न जानाति ] શાસ્ત્ર કાંઈ જાણતું નથી (-જડ છે,) [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે, [ शास्त्रम् अन्यत् ] શાસ્ત્ર અન્ય છે-[ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે છે. [ शब्दः ज्ञानं न भवति ] શબ્દ જ્ઞાન નથી [ यस्मात्] કારણ કે [ शब्दः किञ्चित् न जानाति ] શબ્દ કાંઈ જાણતો નથી, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે, [ शब्दं अन्यं ] શબ્દ અન્ય છે-[ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે છે. [ रूपं ज्ञानं न भवति ] રૂપ જ્ઞાન નથી [ यस्मात् ] કારણ કે [ रूपं किञ्चित् न जानाति ] રૂપ કાંઈ જાણતું નથી, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે, [ रूपम् अन्यत् ] રૂપ અન્ય છે-[ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે છે. [ वर्णः ज्ञानं न भवति ] વર્ણ જ્ઞાન નથી [ यस्मात्] કારણ કે [ वर्णः किञ्चित् न जानाति ] વર્ણ કાંઈ જાણતો નથી, [ तस्मात्] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે, [ वर्णम् अन्यम्] વર્ણ અન્ય છે-[ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે છે. [ गन्धः ज्ञानं न भवति ] ગંધ જ્ઞાન નથી [ यस्मात् ] કારણ કે [ गन्धः किञ्चित् न जानाति ] ગંધ કાંઈ જાણતી નથી, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે, [ गन्धम् अन्यम् ] ગંધ અન્ય છે-[ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે છે. [ रसः तु ज्ञानं न भवति ] રસ જ્ઞાન નથી [ यस्मात् तु ] કારણ કે [ रसः किञ्चित् न जानाति ] રસ કાંઈ જાણતો નથી, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે [ रसं च अन्यं ] અને રસ અન્ય છે-[ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે છે. [ स्पर्शः ज्ञानं न भवति ] સ્પર્શ જ્ઞાન નથી [ यस्मात्] કારણ કે [ स्पर्शः किञ्चित् न जानाति ] સ્પર્શ કાંઈ જાણતો નથી, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે, [ स्पर्शं अन्यं ] સ્પર્શ અન્ય છે-[ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે છે. [ कर्म ज्ञानं न भवति ] કર્મ જ્ઞાન નથી [ यस्मात् ] કારણ કે [ कर्म किञ्चित् न जानाति ] કર્મ કાંઈ જાણતું નથી, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે, [ कर्म अन्यत् ] કર્મ અન્ય છે-[ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે છે. [ धर्मः ज्ञानं न भवति ] ધર્મ (અર્થાત્ ધર્માસ્તિકાય) જ્ઞાન નથી [ यस्मात् ] કારણ કે [ धर्मः किञ्चित् न जानाति ] ધર્મ કાંઈ જાણતો નથી, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે, [ धर्मं अन्यं ] ધર્મ અન્ય છે-[ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો

કહે છે. [ अधर्मः ज्ञानं न भवति ] અધર્મ (અર્થાત્ અધર્માસ્તિકાય) જ્ઞાન નથી [ यस्मात् ] કારણ કે [ अधर्म किञ्चित् न जानाति ] અધર્મ કાંઈ જાણતો નથી, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે, [ अधर्मं अन्यम् ] અધર્મ અન્ય છે-[ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે છે. [ कालः ज्ञानं न भवति ] કાળ જ્ઞાન નથી [ यस्मात् ] કારણ કે [ कालः किञ्चित् न जानाति ] કાળ કાંઈ જાણતો નથી, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે, [ कालं अन्यं ] કાળ અન્ય છે-[ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે છે. [ आकाशम् अपि ज्ञानं न ] આકાશ પણ જ્ઞાન નથી [ यस्मात् ] કારણ કે [ आकाशं किञ्चित् न जानाति ] આકાશ કાંઈ જાણતું નથી, [ तस्मात् ] માટે [ ज्ञानं अन्यत् ] જ્ઞાન અન્ય છે, [ आकाशम् अन्यत् ] આકાશ અન્ય છે-[ जिनाः ब्रुवन्ति ] એમ જિનદેવો કહે છે. [ अध्यवसानं ज्ञानम् न ] અધ્યવસાન જ્ઞાન નથી [ यस्मात् ] કારણ કે [ अध्यवसानम् अचेतनं ] અધ્યવસાન અચેતન છે, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] જ્ઞાન અન્ય છે [ तथा अध्यवसानं अन्यत् ] તથા અધ્યવસાન અન્ય છે (-એમ જિનદેવો કહે છે).

[ यस्मात् ] કારણ કે [ नित्यं जानाति ] (જીવ) નિરંતર જાણે છે [ तस्मात् ] માટે [ ज्ञायकः जीवः तु ] જ્ઞાયક એવો જીવ [ ज्ञानी ] જ્ઞાની (-જ્ઞાનવાળો, જ્ઞાનસ્વરૂપ) છે, [ ज्ञानं च ] અને જ્ઞાન [ ज्ञायकात् अव्यतिरिक्तं ] જ્ઞાયકથી અવ્યતિરિક્ત છે (-અભિન્ન છે, જુદું નથી) [ ज्ञातव्यम् ] એમ જાણવું.

[ बुधाः ] બુધ પુરુષો (અર્થાત્ જ્ઞાની જનો) [ ज्ञानं ] જ્ઞાનને જ [ सम्यग्दृष्टिं तु ] સમ્યગ્દષ્ટિ, [ संयमं ] (જ્ઞાનને જ) સંયમ, [ अङ्गपूर्वगतम् सूत्रम् ] અંગપૂર્વગત સૂત્ર, [ धर्माधर्मं च ] ધર્મ-અધર્મ (પુણ્ય-પાપ) [ तथा प्रव्रज्याम् ] તથા દીક્ષા [ अभ्युपयान्ति ] માને છે.

ટીકા :– શ્રુત (અર્થાત્ વચનાત્મક દ્રવ્યશ્રુત) જ્ઞાન નથી, કારણ કે શ્રુત અચેતન છે; માટે જ્ઞાનને અને શ્રુતને વ્યતિરેક (અર્થાત્ ભિન્નતા) છે. શબ્દ જ્ઞાન નથી, કારણ કે શબ્દ (પુદ્ગલદ્રવ્યનો પર્યાય છે,) અચેતન છે; માટે જ્ઞાનને અને શબ્દને વ્યતિરેક (અર્થાત્ ભેદ) છે. રૂપ જ્ઞાન નથી, કારણ કે રૂપ (પુદ્ગલદ્રવ્યનો ગુણ છે,) અચેતન છે; માટે જ્ઞાનને અને રૂપને વ્યતિરેક છે (અર્થાત્ બન્ને જુદાં છે). વર્ણ જ્ઞાન નથી, કારણ કે વર્ણ (પુદ્ગલદ્રવ્યનો ગુણ છે,) અચેતન છે; માટે જ્ઞાનને અને વર્ણને વ્યતિરેક છે (અર્થાત્ જ્ઞાન અન્ય છે, વર્ણ અન્ય છે). ગંધ જ્ઞાન નથી, કારણ કે ગંધ (પુદ્ગલદ્રવ્યનો ગુણ છે,) અચેતન છે; માટે જ્ઞાનને અને ગંધને વ્યતિરેક (-ભેદ, ભિન્નતા) છે. રસ જ્ઞાન નથી, કારણ કે રસ (પુદ્ગલદ્રવ્યનો ગુણ છે,) અચેતન છે; માટે જ્ઞાનને અને રસને વ્યતિરેક છે. સ્પર્શ જ્ઞાન નથી, કારણ કે સ્પર્શ (પુદ્ગલદ્રવ્યનો ગુણ છે,) અચેતન છે; માટે જ્ઞાનને અને સ્પર્શને વ્યતિરેક છે. કર્મ

જ્ઞાન નથી, કારણ કે કર્મ અચેતન છે; માટે જ્ઞાનને અને કર્મને વ્યતિરેક છે. ધર્મ (-ધર્મદ્રવ્ય) જ્ઞાન નથી, કારણ કે ધર્મ અચેતન છે; માટે જ્ઞાનને અને ધર્મને વ્યતિરેક છે. અધર્મ (-અધર્મદ્રવ્ય) જ્ઞાન નથી, કારણ કે અધર્મ અચેતન છે; માટે જ્ઞાનને અને અધર્મને વ્યતિરેક છે. કાળ (-કાળદ્રવ્ય) જ્ઞાન નથી, કારણ કે કાળ અચેતન છે; માટે જ્ઞાનને અને કાળને વ્યતિરેક છે. આકાશ (-આકાશદ્રવ્ય) જ્ઞાન નથી, કારણ કે આકાશ અચેતન છે; માટે જ્ઞાનને અને આકાશને વ્યતિરેક છે. અધ્યવસાન જ્ઞાન નથી, કારણ કે અધ્યવસાન અચેતન છે; માટે જ્ઞાનને અને (કર્મના ઉદયની પ્રવૃત્તિરૂપ) અધ્યવસાનને વ્યતિરેક છે. આમ આ રીતે જ્ઞાનનો સમસ્ત પરદ્રવ્યો સાથે વ્યતિરેક નિશ્ચયસાધિત દેખવો (અર્થાત્ નિશ્ચય વડે સિદ્ધ થયેલો સમજવો-અનુભવવો).

હવે, જીવ જ એક જ્ઞાન છે, કારણ કે જીવ ચેતન છે; માટે જ્ઞાનને અને જીવને જ અવ્યતિરેક (-અભિન્નતા) છે. વળી જ્ઞાનનો જીવની સાથે વ્યતિરેક જરા પણ શંકનીય નથી (અર્થાત્ જ્ઞાનની જીવથી ભિન્નતા હશે એમ જરાય શંકા કરવાયોગ્ય નથી), કારણ કે જીવ પોતે જ જ્ઞાન છે. આ પ્રમાણે (જ્ઞાન જીવથી અભિન્ન) હોવાથી, જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ છે, જ્ઞાન જ સંયમ છે, જ્ઞાન જ અંગપૂર્વરૂપ સૂત્ર છે, જ્ઞાન જ ધર્મ-અધર્મ (અર્થાત્ પુણ્ય-પાપ) છે, જ્ઞાન જ પ્રવ્રજ્યા (દીક્ષા, નિશ્ચયચારિત્ર) છે-એમ જ્ઞાનનો જીવપર્યાયોની સાથે પણ અવ્યતિરેક નિશ્ચયસાધિત દેખવો (અર્થાત્ નિશ્ચય વડે સિદ્ધ થયેલો સમજવો-અનુભવવો).

હવે, એ પ્રમાણે સર્વ પરદ્રવ્યો સાથે વ્યતિરેક વડે અને સર્વ દર્શનાદિ જીવસ્વભાવો સાથે અવ્યતિરેક વડે અતિવ્યાપ્તિને અને અવ્યાપ્તિને દૂર કરતું થકું, અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા ધર્મ-અધર્મરૂપ (પુણ્ય-પાપરૂપ, શુભ-અશુભરૂપ) પરસમયને દૂર કરીને, પોતે જ પ્રવ્રજ્યારૂપને પામીને (અર્થાત્ પોતે જ નિશ્ચયચારિત્રરૂપ દીક્ષાપણાને પામીને), દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને, મોક્ષમાર્ગને પોતામાં જ પરિણત કરીને, જેણે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવને પ્રાપ્ત કર્યો છે એવું, ત્યાગ-ગ્રહણથી રહિત, સાક્ષાત્ સમયસારભૂત, પરમાર્થરૂપ શુદ્ધજ્ઞાન એક અવસ્થિત (-નિશ્ચળ રહેલું) દેખવું (અર્થાત્ પ્રત્યક્ષ સ્વસંવેદનથી અનુભવવું).

ભાવાર્થ :– અહીં જ્ઞાનને સર્વ પરદ્રવ્યોથી ભિન્ન અને પોતાના પર્યાયોથી અભિન્ન બતાવ્યું, તેથી અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ નામના જે લક્ષણના દોષો તે દૂર થયા. આત્માનું લક્ષણ ઉપયોગ છે, અને ઉપયોગમાં જ્ઞાન પ્રધાન છે; તે (જ્ઞાન) અન્ય અચેતન દ્રવ્યોમાં નથી તેથી તે અતિવ્યાપ્તિવાળું નથી, અને પોતાની સર્વ અવસ્થાઓમાં છે તેથી અવ્યાપ્તિવાળું નથી. આ રીતે જ્ઞાનલક્ષણ કહેવાથી અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ દોષો આવતા નથી.

અહીં જ્ઞાનને જ પ્રધાન કરીને આત્માનો અધિકાર છે, કારણ કે જ્ઞાનલક્ષણથી જ આત્મા સર્વ પરદ્રવ્યોથી ભિન્ન અનુભવગોચર થાય છે. જોકે આત્મામાં અનંત ધર્મો છે, તોપણ

તેમાંના કેટલાક તો છદ્મસ્થને અનુભવગોચર જ નથી; તે ધર્મોને કહેવાથી છદ્મસ્થ જ્ઞાની આત્માને કઈ રીતે ઓળખે? વળી કેટલાક ધર્મો અનુભવગોચર છે, પરંતુ તેમાંના કેટલાક તો-અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આદિ તો-અન્ય દ્રવ્યો સાથે સાધારણ અર્થાત્ સમાન છે માટે તેમને કહેવાથી જુદો આત્મા જાણી શકાય નહિ, અને કેટલાક (ધર્મો) પરદ્રવ્યોના નિમિત્તથી થયેલા છે તેમને કહેવાથી પરમાર્થભૂત આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવી રીતે જણાય? માટે જ્ઞાનને કહેવાથી જ છદ્મસ્થ જ્ઞાની આત્માને ઓળખી શકે છે.

અહીં જ્ઞાનને આત્માનું લક્ષણ કહ્યું છે એટલું જ નહિ, પણ જ્ઞાનને જ આત્મા જ કહ્યો છે; કારણ કે અભેદવિવક્ષામાં ગુણગુણીનો અભેદ હોવાથી, જ્ઞાન છે તે જ આત્મા છે. અભેદવિવક્ષામાં જ્ઞાન કહો કે આત્મા કહો-કાંઈ વિરોધ નથી; માટે અહીં જ્ઞાન કહેવાથી આત્મા જ સમજવો.

ટીકામાં છેવટે એમ કહેવામાં આવ્યું કે-જે, પોતામાં અનાદિ અજ્ઞાનથી થતી શુભાશુભ ઉપયોગરૂપ પરસમયની પ્રવૃત્તિને દૂર કરીને, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પ્રવૃત્તિરૂપે સ્વસમયને પ્રાપ્ત કરીને, એવા સ્વસમયરૂપ પરિણમનસ્વરૂપ મોક્ષમાર્ગમાં પોતાને પરિણમાવીને, સંપૂર્ણવિજ્ઞાનઘનસ્વભાવને પામ્યું છે, અને જેમાં કાંઈ ત્યાગ-ગ્રહણ નથી, એવા સાક્ષાત્ સમયસારસ્વરૂપ, પરમાર્થભૂત, નિશ્ચળ રહેલા, શુદ્ધ, પૂર્ણ જ્ઞાનને (પૂર્ણ આત્મદ્રવ્યને) દેખવું. ત્યાં 'દેખવું' ત્રણ પ્રકારે સમજવું. શુદ્ધનયનું જ્ઞાન કરીને પૂર્ણ જ્ઞાનનું શ્રદ્ધાન કરવું તે પહેલા પ્રકારનું દેખવું છે. તે અવિરત આદિ અવસ્થામાં પણ હોય છે. જ્ઞાન-શ્રદ્ધાન થયા પછી બાહ્ય સર્વ પરિગ્રહનો ત્યાગ કરી તેનો (-પૂર્ણ જ્ઞાનનો) અભ્યાસ કરવો, ઉપયોગને જ્ઞાનમાં જ થંભાવવો, જેવું શુદ્ધનયથી પોતાના સ્વરૂપને સિદ્ધ સમાન જાણ્યું-શ્રદ્ધ્યું હતું તેવું જ ધ્યાનમાં લઈને ચિત્તને એકાગ્ર-સ્થિર કરવું, ફરી ફરી તેનો જ અભ્યાસ કરવો, તે બીજા પ્રકારનું દેખવું છે. આ દેખવું અપ્રમત્ત દશામાં હોય છે. જ્યાં સુધી એવા અભ્યાસથી કેવળજ્ઞાન ન ઊપજે ત્યાં સુધી તે અભ્યાસ નિરંતર રહે. આ, દેખવાનો બીજો પ્રકાર થયો. અહીં સુધી તો પૂર્ણ જ્ઞાનનું શુદ્ધનયના આશ્રયે પરોક્ષ દેખવું છે. કેવળજ્ઞાન ઊપજે ત્યારે સાક્ષાત્ દેખવું થાય છે તે ત્રીજા પ્રકારનું દેખવું છે. તે સ્થિતિમાં જ્ઞાન સર્વ વિભાવોથી રહિત થયું થકું સર્વનું દેખનાર-જાણનાર છે, તેથી આ ત્રીજા પ્રકારનું દેખવું તે પૂર્ણ જ્ઞાનનું પ્રત્યક્ષ દેખવું છે.

## ગાથા ૩૯૦ થી ૪૦૪ ઉપર પ્રવચન

सत्थं णाणं ण हवदि जम्हा सत्थं ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं सत्थं जिणा बेंति।।३९०।।

सद्दो णाणं ण हवदि जम्हा सद्दो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं सद्दं जिणा बेंति।।३९१।।
रूवं णाणं ण हवदि जम्हा रूवं ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं रूवं जिणा बेंति।।३९२।।
वण्णो णाणं ण हवदि जम्हा वण्णो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं वण्णं जिणा बेंति।।३९३।।
गंधो णाणं ण हवदि जम्हा गंधो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं गंधं जिणा बेंति।।३९४।।
ण रसो दु हवदि णाणं जम्हा दु रसो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं रसं च अण्णं जिणा बेंति।।३९५।।
फासो ण हवदि णाणं जम्हा फासो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं फासं जिणा बेंति।।३९६।।
कम्मं णाणं ण हवदि जम्हा कम्मं ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं कम्मं जिणा बेंति।।३९७।।
धम्मो णाणं ण हवदि जम्हा धम्मो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं धम्मं जिणा बेंति।।३९८।।
णाणमधम्मो ण हवदि जम्हाधम्मो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णमधम्मं जिणा बेंति।।३९९।।
कालो णाणं ण हवदि जम्हा कालो ण याणदे किंचि।
तम्हा अण्णं णाणं अण्णं कालं जिणा बेंति।।४००।।
आयासं पि ण णाणं जम्हायासं ण याणदे किंचि।
तम्हायासं अण्णं अण्णं णाणं जिणा बेंति।।४०१।।
णज्झवसाणं णाणं अज्झवसाणं अचेदणं जम्हा।
तम्हा अण्णं णाणं अज्झवसाणं तहा अण्णं।।४०२।।
जम्हा जाणदि णिच्चं तम्हा जीवो दु जाणगो णाणी।
णाणं च जाणयादो अव्वदिरित्तं मुणेयव्वं।।४०३।।
णाणं सम्मादिट्ठिं दु संजमं सुत्तमंगपुव्वगयं।
धम्माधम्मं च तहा पव्वज्जं अब्भुवंति बुहा।।४०४।।

રે! શાસ્ત્ર તે નથી જ્ઞાન, જેથી શાસ્ત્ર કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, શાસ્ત્ર જુદું-જિન કહે; ૩૯૦.
રે! શબ્દ તે નથી જ્ઞાન, જેથી શબ્દ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, શબ્દ જુદો-જિન કહે; ૩૯૧.
રે! રૂપ તે નથી જ્ઞાન, જેથી રૂપ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, રૂપ જુદું-જિન કહે; ૩૯૨.
રે! વર્ણ તે નથી જ્ઞાન, જેથી વર્ણ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, વર્ણ જુદો-જિન કહે; ૩૯૩.
રે! ગંધ તે નથી જ્ઞાન, જેથી ગંધ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, ગંધ જુદી-જિન કહે; ૩૯૪.
રે! રસ નથી કંઈ જ્ઞાન, જેથી રસ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, રસ જુદો-જિનવર કહે; ૩૯૫.
રે! સ્પર્શ તે નથી જ્ઞાન, જેથી સ્પર્શ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, સ્પર્શ જુદો-જિન કહે; ૩૯૬.
રે! કર્મ તે નથી જ્ઞાન, જેથી કર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, કર્મ જુદું-જિન કહે; ૩૯૭.
રે! ધર્મ તે નથી જ્ઞાન, જેથી ધર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, ધર્મ જુદો-જિન કહે; ૩૯૮.
અધર્મ તે નથી જ્ઞાન, જેથી અધર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, અધર્મ જુદો-જિન કહે; ૩૯૯.
રે! કાળ તે નથી જ્ઞાન, જેથી કાળ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, કાળ જુદો-જિન કહે; ૪૦૦.
આકાશ તે નથી જ્ઞાન, એ આકાશ કંઈ જાણે નહીં,
તે કારણે છે આકાશ જુદું, જ્ઞાન જુદું-જિન કહે; ૪૦૧.
નહિ જ્ઞાન અધ્યવસાન છે, જેથી અચેતન તેહ છે,
તે કારણે છે જ્ઞાન જુદું, જુદું અધ્યવસાન છે. ૪૦૨.
રે! સર્વદા જાણે જ તેથી જીવ જ્ઞાયક જ્ઞાની છે,
ને જ્ઞાન છે જ્ઞાયકથી અવ્યતિરિક્ત એમ જ્ઞાતવ્ય છે. ૪૦૩.

સમ્યક્ત્વ, ને સંયમ, તથા પૂર્વાંગગત સૂત્રો, અને
ધર્માધરમ, દીક્ષા વળી, બુધ પુરુષ માને જ્ઞાનને. ૪૦૪.

આહાહા..! ગાથા એક સાથે ઘણી છે. ટીકા :– 'શ્રુત (અર્થાત્ વચનાત્મક દ્રવ્યશ્રુત)...' આ વચનાત્મક દ્રવ્યશ્રુત. આહાહા..! એ 'જ્ઞાન નથી.' એ વાણી જ્ઞાન નથી. આહાહા..! કેમ કે એ વાણી 'અચેતન છે; (આહાહા..!) માટે જ્ઞાનને અને શ્રુતને વ્યતિરેક (અર્થાત્ ભિન્નતા) છે.' આહાહા..! કિંચિત્ પણ એક નથી. વાણી અને જ્ઞાન કિંચિત્ પણ એક નથી. કથંચિત્ એક નહિ અને કથંચિત્ એક એમ નહિ. કંઈ નથી એમ આવ્યું ને? બીજામાં આવ્યું. આહાહા..!

'શબ્દ જ્ઞાન નથી,...' પહેલા શબ્દ દ્રવ્યશ્રુત લીધું. (અહીં) એકલા શબ્દ બોલે તે શબ્દ જ્ઞાન નથી. 'કારણ કે શબ્દ (પુદ્‌ગલદ્રવ્યનો પર્યાય છે), અચેતન છે; માટે જ્ઞાનને અને શબ્દને વ્યતિરેક (અર્થાત્ ભેદ) છે.' અત્યંત ભેદ છે. આહાહા..! અડતા નથી, જ્ઞાનને શબ્દ અડતા નથી. આ શબ્દ આવે છે એ કાનને અડતા નથી. આહાહા..! અને અંદર જે જ્ઞાનની પર્યાય થાય છે એ શબ્દથી થતી નથી, સાંભળવાથી થતી નથી. આહાહા..!

મુમુક્ષુ :– શબ્દબ્રહ્મ પરબ્રહ્મનો સંકેત કરે છે ને?

ઉત્તર :– કાંઈ કરતું નથી, કાંઈ સંબંધ નથી. બતાવે એ તો નિમિત્ત છે. નિમિત્ત છે એટલે કાંઈ વસ્તુ નથી. આહાહા..!

મુમુક્ષુ :– વાચક-વાચ્યનો સંબંધ છે.

ઉત્તર :– વાચક-વાચ્યનો સંબંધ છે પણ ભિન્ન ભિન્ન ચીજ છે. વાચક ભિન્ન છે, વાચ્ય ભિન્ન છે. વાચકને વાચ્ય અડતું નથી અને વાચ્ય વાચકને અડતું નથી. આહાહા..! અહીં કહ્યું ને? આ તો હિન્દી છે એટલે બહુ શબ્દ નથી. કુછ નહિ, કુછ નહિ (એમ આવે છે). એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે કંઈ સંબંધ નથી. અડતા નથી, સ્પર્શતા નથી. આહાહા..! ગજબ વાત છે.

શબ્દથી (જ્ઞાન) જુદું છે. શબ્દમાં બે વાત લીધી. એક દ્રવ્યશ્રુત–શાસ્ત્ર લીધું, એક શબ્દ લીધો. એ શાસ્ત્ર કાંઈ જાણે નહિ. શાસ્ત્રના શબ્દ છે ને? 'શ્રુત જ્ઞાન નથી, કારણ કે શ્રુત અચેતન છે; માટે જ્ઞાનને અને શ્રુતને વ્યતિરેક (અર્થાત્ ભિન્નતા) છે.' તદ્દન ભિન્નતા છે. આહાહા..! દ્રવ્યશ્રુત અને જ્ઞાન. આત્માના જ્ઞાનગુણની પર્યાય અને આ દ્રવ્યશ્રુતની જડની પર્યાય, બન્ને અડતા નથી, બન્ને સ્પર્શ કરતા નથી. એક પર્યાય બીજી પર્યાયમાં પ્રવેશ કરતી નથી. આહાહા..! આવી વાત છે. 'શબ્દ જ્ઞાન નથી, કારણ કે શબ્દ (પુદ્‌ગલદ્રવ્યનો પર્યાય) છે, અચેતન છે; માટે જ્ઞાનને અને શબ્દને વ્યતિરેક (અર્થાત્ ભેદ) છે.'

'રૂપ જ્ઞાન નથી,...' કહો, આ શરીરનું જે રૂપ છે કે કોઈપણ વર્ણ, ગંધવાળી ચીજ છે, વર્ણવાળી ચીજ રંગ (છે) તેને અને જ્ઞાનને કાંઈ સંબંધ નથી. રંગને જાણે. એ જ્ઞેય

છે અને આ જ્ઞાન છે, પણ જાણે છે તે પણ પોતાની જ્ઞાનની પર્યાયને જાણે છે. આહાહા..! શબ્દને નહિ, સમજાણું? રૂપને નહિ. રૂપને જાણે. જ્ઞાન છે તે જ્ઞેય તરીકે જાણે એટલો વ્યવહાર અહીં સિદ્ધ કરવો છે. રૂપ કંઈ જાણે નહિ. શબ્દશ્રુતનો એક અક્ષર કાંઈ જાણે નહિ. આહાહા..! આ પુસ્તકના મોટા પટારા ભર્યા હોય એ કાંઈ જાણે નહિ. આહાહા..! જાણે શાસ્ત્રમાંથી જ્ઞાન આવતું હશે. સાંભળતા એને એમ થઈ જાય. સાંભળવાથી એમાંથી જ્ઞાન આવે છે (એમ લાગે). જ્ઞાન ક્યાંથી આવે? પ્રભુ! જ્ઞાન તો જેમાં હોય એમાંથી આવે કે (ન હોય એમાંથી આવે)? શબ્દમાં જ્ઞાન છે? શબ્દમાં જ્ઞાન છે તો જ્ઞાન ન્યાંથી આવે? જ્ઞાન તો અહીંયા છે, અહીંયાથી જ્ઞાન આવે છે. આહાહા..!

મુમુક્ષુ :– આપ ઉપદેશ આપો ને અમે સાંભળીએ છીએ અને અમને જ્ઞાન થાય છે.

ઉત્તર :– એ બધી વ્યવહારની વાતું. એ બધા વ્યવહારના કથન (છે). તેનું જ્ઞાન થાય છે, જેવા શબ્દ આવે છે તેવું જ્ઞાન થાય છે, એ જ્ઞાનને શબ્દ અડતા નથી, જ્ઞાન શબ્દને અડતું નથી, કિંચિત્ અડતું નથી. જરીયે સ્પર્શ કરતું નથી. આહાહા..! ગજબ વાત છે.

રસ.. રસ. રસ છે ને? વર્ણ આવ્યો. વર્ણ.. વર્ણ. 'વર્ણ જ્ઞાન નથી,...' રંગ જ્ઞાન નથી. 'કારણ કે વર્ણ (રંગ) (પુદ્ગલદ્રવ્યનો ગુણ છે), અચેતન છે; માટે જ્ઞાનને અને વર્ણને (રંગને) વ્યતિરેક છે...' તદ્દન જુદા છે. આહાહા..!

મુમુક્ષુ :– સોળ ભગવાન કંચન વર્ણ હતા ને?

ઉત્તર :– એ વ્યવહારથી કહ્યું છે. ભગવાન સોનાના વર્ણના છે એમ છે જ નહિ. ભગવાન તો પોતાના વર્ણે અવર્ણ હતા. એ તો દુનિયાને બતાવે. વ્યવહારપ્રધાન કથન બહુ આવે છે પણ એનો અર્થ એવો કરે તો એમ છે નહિ. આહાહા..! સોળ તીર્થંકર સોનાના વર્ણના છે. તીર્થંકર સુવર્ણ વર્ણ છે? શરીરનો વર્ણ પણ આ જ્ઞાન જાણે પણ એને અડે નહિ.

ભગવાનનું રૂપ ઇન્દ્ર એક હજાર નેત્રથી જુએ. આવે છે કે નહિ? ભગવાનનો જન્મ થયો. એટલું સુંદર રૂપ કે એક હજાર નેત્રથી જુએ. છતાં નેત્ર રૂપને અડતા નથી. આહાહા..! દુનિયાથી ઊંધું. આહાહા..! આત્મા તદ્દન જુદો છે. અભવિ હો, ભલે મોક્ષ ન જાય પણ પરની સાથે કાંઈ સંબંધ નથી. એ તો પોતાની યોગ્યતાથી અભવિ છે. આહાહા..!

'ગંધ જ્ઞાન નથી...' આ ફૂલમાં ગંધ આવી એ ગંધ સૂંઘે તો કહે છે કે (એને જ્ઞાન અડતું નથી).

મુમુક્ષુ :– ભાવલિંગી મુનિ હોય એમના શરીરમાં ગંધ હોય તો બધાને બહુ સુંદર લાગે.

ઉત્તર :– ધૂળ છે. નિશ્ચયથી તેને જોતો નથી. આહાહા..! જ્ઞાન પરરૂપને નિશ્ચયથી જોતું જ નથી, અડે તો ક્યાંથી? આહાહા..! વ્યવહારથી કહેવામાં આવે છે કે તેને જાણે

છે. બાકી તો પોતાની પર્યાયને જ જાણે છે. આહાહા..! આટલો ફેર છે.

ગંધ. ગંધ જુદી છે. પુદ્ગલ ગંધ જુદી છે. જ્ઞાન અને ગંધ જુદા છે. 'રસ જ્ઞાન નથી, કારણ કે રસ (પુદ્ગલદ્રવ્યનો ગુણ છે),...' આહાહા..! મેસુબનો રસ, સાકરનો રસ, એ રસ જ્ઞાનથી ભિન્ન છે. આ જીભ એ રસને અડતી નથી, જીભ સાકરને ચૂસતી નથી. ચૂસતી નથી, અડતી નથી. આહાહા..! પ્રત્યેક પરમાણુ પ્રત્યેક કાળમાં પોતાના ક્રમબદ્ધ પરિણામથી, પોતાના સ્વભાવથી પરિણમે છે, બીજા સાથે કંઈ સંબંધ નથી. આહાહા..! 'માટે જ્ઞાનને અને રસને વ્યતિરેક છે.'

'સ્પર્શ જ્ઞાન નથી,...' આહાહા..! શરીરનો સ્પર્શ બીજો કરી શકતો નથી. આહાહા..! શરીરનો સ્પર્શ બીજો જીવ કરે છે એમ માને છે એ જૂઠ છે. સ્પર્શ અને જ્ઞાન તદ્દન ભિન્ન છે. જ્ઞાન શબ્દે આત્મા. આત્મા તદ્દન ભિન્ન છે, સ્પર્શ આદિ ભિન્ન છે. સ્પર્શથી કંઈ પણ અડતો નથી. જ્ઞાન કંઈ પણ, કિંચિત્ પણ પરને સ્પર્શતું નથી. આહાહા..! સ્ત્રીના શરીરને, પુરુષનું શરીર કદી અડતું નથી, કદી સ્પર્શ કરતું નથી. આહાહા..! આવી વાત. અન્યમતિ તો, કેટલાક તો ગાંડાઈ કહે. આહાહા..! પ્રત્યક્ષ થાય છે (એમ) કહે છે.

'સ્પર્શ (પુદ્ગલદ્રવ્યનો ગુણ છે),...' ભગવાન તો જ્ઞાન છે. જ્ઞેય પુદ્ગલ તો અચેતન છે. 'માટે જ્ઞાનને અને સ્પર્શને વ્યતિરેક છે.' આહાહા..! વધારે તો પહેલા શ્રુતનું નાખ્યું. દ્રવ્યશ્રુતને જ્ઞાન અડતું નથી. આહાહા..! અને દ્રવ્યશ્રુતમાં તો વાતો... કહે છે કે, એને અડતું નથી. આહાહા..! સાંભળવાથી જ્ઞાન થાય. બાળક હોય તો સાંભળવાથી ખબર પડે ને? પહેલા તો ખબર ન હોય. પછી આ મા છે, બાપ છે, એ સાંભળતા સાંભળતા એને જ્ઞાન થાય ને? એનું જ્ઞાન ખીલે ત્યારે ખ્યાલ આવે, આને (–સાંભળવાને) લઈને નહિ. પહેલા બાળકને ખબર નથી કે આ મારી મા છે કે આ મારો બાપ છે. પછી મોટો થાય (ત્યારે કહે કે), આ તારી બા છે, એમ બોલ. અત્યારે વળી મમ્મી કહે છે. 'બા' શબ્દ તો અગાઉની ભાષા છે. મમ્મી આનો શબ્દ છે ને? પ ને મ બધા હોઠથી બોલાય છે, બા એ કંઠનો (શબ્દ) છે. બા.. એટલું કહેવું પડે. પછી કહે કે, આ મારી મમ્મી છે. મમ્મી. પણ મમ્મી તારી છે નહિ. બાપને પપ્પા કહે. હોઠથી બોલવાની (રીત છે). એને પપ્પા કહે, પપ્પા-બપ્પા છે નહિ. આવી વાત છે.

મુમુક્ષુ :– એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે કાંઈ સંબંધ નથી.

ઉત્તર :– કાંઈ સંબંધ નથી. તત્ત્વ છે કે નહિ? છે તો સ્વથી છે, પરથી નથી. ખરેખર તો એક પરમાણુમાં અનંત દ્રવ્યની નાસ્તિનો ધર્મ છે, પણ એ નાસ્તિનો ધર્મ અંદર અસ્તિપણે છે. આહાહા...! પરનો અભાવ સ્વભાવ છે, પણ પોતામાં તો એ ભાવ સ્વભાવે છે. આહાહા..! એક પરમાણુ બીજા પરમાણને સ્પર્શ કરતો નથી. આહાહા..! આ વાત જગતને આકરી પડે. વખત થયો... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

પ્રવચન નં. ૪૪૩ ગાથા–૩૯૦ થી ૪૦૪ શુક્રવાર, અષાઢ સુદ ૧૩, તા.૨૫-૦૭-૧૯૮૦

'સમયસાર'. અન્ય દ્રવ્યથી ભિન્ન તો કહેતા આવ્યા છે. હવે નામ કહે છે. આમ તો ત્રીજી ગાથામાં આવી ગયું પહેલાં કે, એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. ઓહોહો..! સાકરનો ગાંગડો છે એમાં રજકણ જુદા શી રીતે રહેતા હશે? એમાં જુદા જ છે. એક જગ્યાએ, એ પણ એની જગ્યાએ નથી, ક્ષેત્ર પણ જુદું છે. એ સાકરના પરમાણુ જે છે એનું દ્રવ્ય પણ ત્યાં જુદું છે, ક્ષેત્ર જુદું છે, કાળ જુદો છે, ભાવ જુદો છે. આહાહા..! એક સાકરના ગાંગડામાં જાણે એકમેક થઈ ગયું હોય. છતાં એક રજકણ બીજા રજકણને કદી અડતા નથી, સ્પર્શ કરતા નથી. આહા..! અહીં આપણે આવી ગયું છે, શ્રુત આપણે ફરીને લઈએ.

શ્રુત.. શ્રુત. વચનામૃત વીતરાગની વાણી દ્રવ્યશ્રુત એ જ્ઞાન નથી. તેમ તેનાથી જ્ઞાન થતું નથી. એમાં જ્ઞાન નથી તો એનાથી જ્ઞાન થાય શી રીતે? આહાહા..! દ્રવ્યશ્રુત વીતરાગની વાણી. તેથી શબ્દોને અને દ્રવ્યશ્રુતને જુદા પાડ્યા છે. સાધારણ જે શબ્દો છે એ દ્રવ્યશ્રુતમાં નહિ ભળે. દ્રવ્યશ્રુત જે વીતરાગની વાણી... આહાહા...! વાણીનો પણ એક એક અક્ષર અનંત પરમાણુથી છે તે પ્રત્યેક પરમાણુ ભિન્ન ભિન્ન પોતાનું કામ કરે છે. આ વાત..

આ શબ્દ છે એ અનંત પરમાણુનો પિંડ છે. એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. પહેલા શ્રુત લીધું છે. પહેલું પાધરું શ્રુત લીધું છે. બીજી વાત મુકી દઈને પહેલું શ્રુત લીધું છે. કોઈ એમ જાણે કે, આ ભગવાનની વાણી સાંભળે અને વાણીને લઈને જ્ઞાન થાય, તો પહેલું શ્રુત લીધું છે. આહાહા..! બાર અંગની વાણી, ચૌદ પૂર્વની (વાણી), એ વાણી વાણીની પર્યાયે પરિણમે છે. એ શ્રુત જ્ઞાન નથી. એ શ્રુત–દ્રવ્યશ્રુત જે છે, વચનામૃત-વચનામૃત, જે વચનસ્વરૂપ છે તે જડ છે. તે જ્ઞાન નથી. કારણ કે શ્રુત અચેતન છે. આહાહા..! વાણી શ્રુત, પાના એને ગમે એટલું બહુમાન આપો.. આ લોકો તારણસ્વામીમાં મૂર્તિ નહિ એટલે શાસ્ત્રને બહુ માન આપે. ચૈત્યવંદન. પણ એ શબ્દ છે, દ્રવ્યશ્રુત તો શબ્દ છે. આહાહા..!

મુમુક્ષુ :– એને શબ્દબ્રહ્મની ઉપમા છે.

ઉત્તર :– ગમે એની ઉપમા હોય, છે અચેતન. એથી પહેલો બોલ લીધો. એકદમ કઠણ પડે. વાણી, એ વાણી તો બીજા શ્લોકમાં આવી ગયું. નિમિત્તથી વાણી છે તો વીતરાગની, જડ, પણ વ્યવહારે એ વંદનને લાયક છે, વ્યવહારે એ પૂજ્ય છે. પૂજ્ય પણ વ્યવહારે. આહાહા..! વીતરાગની વાણી તે પણ જ્ઞાન નથી. કેમકે શ્રુત અચેતન છે. એ તો અચેતન જડ છે. આહાહા..! એ જડને કારણે જ્ઞાનને અને શ્રુતને વ્યતિરેક (છે). જ્ઞાન અને શ્રુત્ બન્ને તદ્દન જુદા છે. આહાહા..! ગજબ વાત! વીતરાગની વાત સમજવી. સાચી વાત ખોટી થઈ શકે નહિ.

હવે અહીંયા સાંભળીએ છીએ. ઘરે બેઠા આ નહોતું, અહીં બેસીને આ જ્ઞાન થાય

છે. દુકાને બેઠા હતા ત્યારે આ હતું? આ નવું (જ્ઞાન) થાય છે. ત્યારે આ શબ્દથી થાય છે કે નહિ? શબ્દ કાને પડે ત્યારે જે શબ્દમાં કહેવું છે તેવું જ્ઞાન ત્યાં થાય. આહાહા..! દેવ અરિહંત છે, એમ બોલ્યા. દેવ અરિહંત છે એવું અહીં જ્ઞાન થયું. આહાહા..! દેવ અરિહંત છે એ દ્રવ્યશ્રુત છે, એ કંઈ જ્ઞાન નથી. અરિહંત દ્રવ્ય છે એ જ્ઞાન નથી. આહાહા..! એનું જ્ઞાન છે (એ) એનામાં રહ્યું. બીજાને જ્ઞાન કરાવે એવી એ ચીજ નથી. આહાહા..! આ તે વાત, ગજબ વાત છે.

દ્રવ્યશ્રુત વચનાત્મક છે. વચનાત્મક. શ્રુત જ્ઞાન નથી. આહાહા..! કારણ કે શ્રુત અચેતન છે. આહાહા..! મુનિઓ બેધડક કહે છે. બનાવે છે, જિજ્ઞાસુ જીવો માટે બનાવે છે. છતાં કહે છે, પહેલોવહેલો આ બોલ લીધો છે. એવા ૧૩ બોલ છે. તેરમાં પહેલો આ લીધો. તું સ્વતંત્ર છો, પ્રભુ! તારા જ્ઞાન માટે શબ્દના નિમિત્તની અપેક્ષા નથી. આહાહા..! તારા જ્ઞાનને પ્રગટ કરવા માટે શબ્દની નિમિત્તની અપેક્ષા નથી. નિમિત્તથી થાતું નથી. ઘરે બેઠા આ (જ્ઞાન) ક્યાં હતું? અહીં આ શબ્દનું જ્ઞાન થાય છે તો શબ્દથી થાય છે કે નહિ?

મુમુક્ષુ :– પ્રભુની વાણીને વાગેશ્વરી કહી છે.

ઉત્તર :– વાગેશ્વરી ને? પણ વાગેશ્વરીનો અર્થ શું? વાક્ ઈશ્વર. વાગેશ્વરી નહિ, વાઘેશ્વરી નહિ. વાકેશ્વરી.. વાગેશ્વરી. વાણીની ઈશ્વરતા. આહા..! શબ્દમાં પણ ફેર છે. બધા વિચારો પહેલા આવી ગયા છે. લોકો વાઘેશ્વરી વાઘેશ્વરી કહે. એટલે પેલી સરસ્વતી વાઘ ઉપર બેસે છે ને? એટલે એ એમ કહે કે, વાઘેશ્વરી વાણી. એ વાઘેશ્વરી છે નહિ. વાકેશ્વરી. જગતની વાણીમાં એની ઈશ્વરતા–મોટપ છે. આહાહા..! જગતના જેટલા શ્રુત છે એ બધા શ્રુતમાં વીતરાગની વાણી મુખ્ય છે છતાં એ અચેતન છે. અને એ અચેતન બીજાને કાને પડે અને ત્યાં અચેતનથી જ્ઞાન ઊપજે એમ નથી. આહાહા..!

એક કોર કહે કે, એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે નહિ. તો પછી આ વાણી એને સ્પર્શે છે એમ કહો તો એ ખોટું પડ્યું. વાણી એને અડતી નથી. આહાહા..! સાંભળનારને સાંભળવાને કાળે જે જ્ઞાનની પર્યાય થાય તે સ્વતંત્ર થાય છે, એ ગુણને લઈને થાય છે, એનામાં ગુણ છે એમાંથી થાય છે, વાણીથી થતી નથી. ઓહોહો..! વાણી ને પુસ્તકને વળી શણગારવા ને એને રંગ દેવા.. એ બધી વ્યવહારની વાતું છે. આહાહા..! રંગ તો અહીં અંદર દેવાનો છે. જ્ઞાનને જ્ઞાનનો રંગ ચડાવવાનો છે. આહાહા..! તે પરથી નહિ. સાંભળવાથી થયું એમ પણ નહિ. આહા..! આચાર્યોને કાંઈ પડી છે? કે, આવું કહીશ તો ઉપકાર નહિ માને. આમ કહીશ તો મારાથી સમજાશે એવો ઉપકાર નહિ માને. એ વાતની દરકાર નથી. ઘણા હોંશિયાર થાય છે કે, મેં તમને આમ કહ્યું હતું ને? મેં તમને સમજાવ્યું હતું ને? મારાથી સમજ્યો ને? મારો ઉપકાર માન. આહાહા..! એ બધી ભ્રમણા છે. આહાહા..!

મુમુક્ષુ :– દેશનાલબ્ધિ એ ભ્રમણા?

ઉત્તર :- દેશનાલબ્ધિ જડ છે. દેશનાલબ્ધિથી અહીં જ્ઞાન થતું નથી. દેશનાલબ્ધિથી જે કાંઈ જ્ઞાન થાય તે કાળે પણ પોતાથી થાય છે, દેશનાલબ્ધિથી નહિ. અને તે પણ જ્ઞાન જે થાય તે જ્ઞાનથી સમકિત થાય નહિ. શું કીધું? દેશનાલબ્ધિ જે કાને પડે એમાં જે જ્ઞાન થાય એ જ્ઞાનને લઈને સમકિત ન થાય. આહાહા..! અને એ જ્ઞાન શબ્દને લઈને થયું નથી. આહાહા..! વીતરાગનો માર્ગ.. એને કંઈ પડી છે કે અમે તને આ સમજાવીએ છીએ માટે ઉપકાર માનજે. વાત કરે. એ તો ઉપકારમાં બોલે. પેલામાં આવી ગયું ને? ઉપકાર ન ભૂલે. કેમકે મોક્ષનું કારણ શબ્દજ્ઞાન. સુબોધ જ્ઞાન. જ્ઞાન. જ્ઞાનનું કારણ શાસ્ત્ર. શાસ્ત્રનું કારણ આપ્તપુરુષ-ધર્માત્મા પુરુષ. આહાહા..! તેથી તેનો ઉપકાર ભૂલે નહિ. એવી વાણી પણ આવે પણ એ બધો વ્યવહાર છે. આહાહા..! છે, વ્યવહાર નથી એમ નહિ. જે પોતાથી સમજે છે એમાં એ નિમિત્ત છે એનો ઉપકાર માને પણ એ બધો વ્યવહાર છે. આહાહા..! વીતરાગની વાણી.. એક કોર મોટા મંદિર બનાવવા અને કહે કે, મંદિરને લઈને જ્ઞાન નહિ થાય. આહાહા..!

મુમુક્ષુ :- શાસ્ત્રો છપાવવા અને કહે કે એનાથી જ્ઞાન નહિ થાય.

ઉત્તર :- નહિ થાય. કોણ છપાવે? આવી વાત છે. વાણીમાં ઘણી ગંભીરતા છે, વાણીમાં ગૂઢતા ભરી છે.

શ્રુત વચનાત્મક જ્ઞાન નથી. વચનસ્વરૂપ છે એમાં જ્ઞાન ક્યાં આવ્યું? આહાહા..! તેથી તે શ્રુત અચેતન છે. માટે જ્ઞાનને અને શ્રુતને વ્યતિરેક-ભિન્નતા છે. ભિન્નતા કહી. દ્રવ્યશ્રુત કાને પડે છે અને ત્યાં જ્ઞાનની પર્યાય થાય છે એ પર્યાયને અને દ્રવ્યશ્રુતને ભિન્નતા છે. ભલે એ જ્ઞાન સ્વ તરફ વળ્યા વિના સમ્યક્ ન હોય. આહાહા..! સાંભળેલું જ્ઞાન એ હજી પરાશ્રય છે. એ વ્યવહારુ જ્ઞાન છે, પરમાર્થ નહિ. પણ એ જ્ઞાનમાં એ વાણી છે તે નિમિત્ત કહેવાય. વાણીથી તે જ્ઞાન થાય છે (એમ કહેવાય). આહાહા..! જગતથી ઊંધું છે આખું. આહાહા..!

કંઈ કાને પડ્યા વિના એને ખબર પણ શું પડે? કે, આ આત્મા, આ જ્ઞાન, આ આનંદ. એ બધી વાતો વ્યવહાર છે. આહાહા..! વીતરાગની દિવ્યધ્વનિ. 'ૐ કાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, ૐ કાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે' ( શ્રોતા :- એ પોતાથી જ નિવારે) આહાહા..! પોતાથી જ નિવારે. આહાહા..! અરે..રે..! આવી વાતું આકરી બહુ, બાપુ! નિશ્ચય અને વ્યવહારના ઝગડા, ઝગડા મોટા. આહાહા..!

અહીં તો કહે છે, વ્યતિરેક-તદ્દન ભિન્ન. એ જ્ઞાન અને વચનાત્મક દ્રવ્યશ્રુત તદ્દન ભિન્ન છે. ભિન્ન ભિન્નને અડે નહિ અને ભિન્ન ભિન્નનું કાંઈ કરે એ વાત ત્રણકાળમાં બને નહિ. આહાહા..! તેમ શબ્દો. એ તો પહેલી વાણી લીધી. પછી આ બધા શબ્દો. અમસ્તા બીજા બોલે ને? અહીં આવો, ભાઈ! અહીં આવો. એને એટલું જ્ઞાન થયું ને? અહીં આવો,

પેલી કોર જાવ, આઘા જાવ, અહીં પાથરો. એ શબ્દો થયા એનું એને જ્ઞાન થયું ને? એ કંઈ દ્રવ્યશ્રુત નથી, એ કંઈ દ્રવ્યશ્રુત નથી. આહાહા..! ફલાણાને બોલાવો, ભાઈ! પેલો સમજ્યો, ફલાણાને બોલાવો એમ સમજ્યો પણ બોલવાની ભાષાથી તે સમજ્યો છે એમ નથી. આહાહા..! ભગવાનની વાણી, આ ભગવાન સાક્ષાત્ પ્રતિમા છે એને દેખીને એમનું જ્ઞાન થાય છે એમ પણ નથી. આહાહા..! એથી કરીને કોઈ મૂર્તિ અને મંદિર ઉડાડી દે એમ પણ નહિ. એ મૂર્તિ હોય છે, પ્રતિમા હોય છે, મૂર્તિ હોય છે, વ્યવહાર હોય છે. આહાહા..!

ખરેખર તો અનાદિકાળથી અનંત તીર્થંકરો થતા આવ્યા અને અસંખ્ય પ્રતિમાઓ સ્વર્ગમાં (છે), અનાદિની અસંખ્ય પ્રતિમાઓ સ્વર્ગમાં છે. બાકી બાવન જિનાલય. અષ્ટાહ્નિકા ચાલે છે ને? ૧૦૮-૧૦૮ પ્રતિમા એક એક મંદિરમાં. શાશ્વત રત્નની (પ્રતિમા)! અને આમ જોવો તો હમણા બોલશે એમ લાગે. એવી પ્રતિમાઓ. પણ એ પ્રતિમાને દેખતા જે જ્ઞાન થયું એ પ્રતિમાને લઈને નહિ. આહાહા..! આવો મોટો ફેર.

મુમુક્ષુ :– નિમિત્ત ઉપરનું લક્ષ ઉઠાવી દેવાની વાત છે ને?

ઉત્તર :– પોતામાં જ આવવાની, અહીં એક જ વાત છે. નિમિત્તનું જ્ઞાન કરવા લાયક છે, નિમિત્ત નથી એમ નહિ. જ્ઞાન કરવા લાયક છે. બીજી ચીજ છે તેમ જ્ઞાન કરવાલાયક છે પણ બીજી ચીજને લઈને અહીં કાંઈ પણ અડ્યું, સ્પર્શ્યું, કાંઈ થયું એ વાત જરીયે નથી. આહાહા..! સમજાણું?

ખરેખર તારણસ્વામીવાળાને જિનપ્રતિમા, મંદિર નથી તો ન્યાયથી વિરૂદ્ધ છે. અહીં તો ખરેખર કહીએ (તો) એકલા પુસ્તકો માને. જૈન મૂર્તિ, જૈન પ્રતિમા, જિનમંદિર એ બિલકુલ નથી (એમ માને તો એ) જૈન માર્ગ નથી. તેમ તેનાથી થાય છે (એમ માને એ) જૈન માર્ગ નથી. આહાહા..! અહીં કંઈ પંથ નથી, અહીં કંઈ પક્ષ નથી, આ તો વસ્તુનું જેવું સ્વરૂપ છે એવું ભગવાને જાણ્યું, એવું વર્ણવ્યું. આહાહા..!

દુનિયાના શબ્દો, એ વખતે કેરી એમ શબ્દ (કાને) પડ્યો તો સામાને કેરીનું જ્ઞાન થયું. તો કેરીનું થયું કે ગામડાનું થયું? તો કેરીના શબ્દથી થયું કે કોનાથી થયું? આહાહા..! જેમાં હોય એમાંથી આવે. તો જ્ઞાન જ્ઞાનમાં છે ત્યાંથી આવે. એ જ્ઞાન કાંઈ શબ્દમાં નથી કે ત્યાંથી આવે. આહાહા..! આવું બધું સમજવું. સમજ્યા વિના ઓઘે ઓઘે પડ્યા હોય. મૂર્તિવાળા (એમ માને કે) જાણે મૂર્તિથી કલ્યાણ થઈ જશે. મૂર્તિ ઉથાપી દીધી. સ્થાનકવાસીએ (મૂર્તિ) ઉથાપી, તારણસ્વામીએ મંદિર રાખ્યું જ નહિ. ન્યાયથી વિરૂદ્ધ છે. મંદિર નથી તે ન્યાયથી વિરૂદ્ધ છે. મંદિરથી ધર્મ થાય તે ન્યાયથી વિરૂદ્ધ છે. આહાહા..! આવી વાતું છે.

એકલા સૂત્રને માનવા અને તીર્થંકરની પ્રતિમા ને તીર્થંકરનું મંદિર ન માનવું એ વસ્તુના ધર્મનો પંથ જ નથી, એ જૈન પંથ જ નથી. આહાહા..! કોણ કોને કહે? કહે તો એને બેસે શી રીતે? કેટલાય વર્ષથી મૂર્તિ વિના ચલાવતા હોય. મૂર્તિ હોય છે, શાશ્વત પ્રતિમાઓ છે.

એ ઉપર સ્વર્ગમાં છે, આમ તીરછા આકારે નંદીશ્વર દ્વિપમાં છે. આહાહા..! અધોલોકમાં છે. ભવનપતિ, વ્યંતર આદિમાં છે. તેમ મનુષ્યનો અમુક ભાગ આમ અધોલોકમાં ચાલ્યો ગયો છે. શું કહેવાય ઇ? આઠ આઠ બોલનું આવે ને? આઠ આઠ ક્ષેત્ર. મહાવિદેહ. આઠ આમ, આઠ આમ. નામ ભૂલી ગયા. એ આઠ, એક આઠ, ભરતક્ષેત્રમાં એક આઠ. દરેકમાં તીર્થંકર છે ને? વિજ્ય, લ્યો વિજ્યગિરી. એ ભૂલી ગયા'તા. શાસ્ત્રના શબ્દો યાદ આવે. એ વિજ્યમાં ભરતનો એક ભાગ આમ (નીચે) હેઠે અધોમાં ચાલ્યો ગયો છે. ત્યાં પણ પ્રતિમા છે, ત્યાં પણ મોક્ષ જાય છે, કેવળ પામીને મોક્ષ જાય છે. અધો એટલે કાંઈ એ નરક નથી, ક્ષેત્રનો અંશ છે. આહાહા..! એક વિજ્ય આમ કુદરતી અનાદિથી ઊંડી ઊતરી ગઈ છે. આહાહા..!

મુમુક્ષુ :– વિદ્યાધરોની શ્રેણી કહેવાય.

ઉત્તર :– વિદ્યાધરની નહિ. માણસની સૌની સાથેની કહેવાય. વિદ્યાધરની નહિ. એ તો આ જેમ છે, બધા છે એમ ઇ છે. ફક્ત આમ નીચે ચાલી ગઈ છે એટલું. વિદ્યાધરની નથી. જેવા આ મનુષ્યો છે એવા ઇ છે, એમાં કંઈ ફેર નથી. ફક્ત ઇ જમીન કુદરતે નીચે આમ વળી ગઈ છે, એટલું કહેવું છે. એટલું કહ્યું એટલે એમાંથી કાંઈક નવીનતા નીકળે કે નવીન જાતના ત્યાં માણસો છે એમ કાંઈ નથી. આહાહા..! એ તો જેવા અહીં માણસો છે એવા ત્યાં છે. અહીં તો બીજું કહેવું હતું કે અધોલોકમાં જે નીચે ચાલ્યું ગયું છે ત્યાં પણ કેવળી થાય છે, મુનિઓ છે, સાધુ છે. આહાહા..! એ ક્ષેત્ર છે. આ જેમ સીધું છે એમ એ છે. એની માથે કાંઈ ઢાંકણ છે એવું કાંઈ નથી. એમ ત્યાં નરકની સ્થિતિ નજીકમાં આવી ગઈ એમ પણ નથી. આહાહા..! આવી વાતું.

અહીં તો કહેવું છે કે, ત્યાં હોય તો પણ તે જમીનને એનું શરીર અડતું નથી. આહાહા..! કે ઊંચે મેરુ પર્વત ઉપર મુનિ ધ્યાન કરવા જાય છે. છે ને વન? કેવું? નંદન. નંદનવનમાં મુનિ ધ્યાન કરવા જાય છે. એ ક્ષેત્રને અડતું પણ નથી, વનને અડતું પણ નથી. આહાહા..! વીતરાગની એક એક વાત અલૌકિક છે. લોકોએ વર્તમાનમાં એને લૌકિક રૂપ આપી દીધું. આ તો અલૌકિક વાતું! ત્રણલોકનો નાથ તીર્થંકર! આહાહા..! એક આત્મા ત્રણકાળને જાણે અને એમાં વળી તીર્થંકર. એટલે પુણ્યમાં પૂરા. ત્રણકાળને જાણે એવા તો કેવળી પણ હોય. છતાં એટલા પુણ્ય ન હોય. તીર્થંકર તો પુણ્યમાં પણ પૂરા. એનું શરીર, એની વાણી, એનો દેખાવ. આહાહા..! છતાં એનાથી બીજાને લાભ થાય એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..! વ્યવહારનય છે ને? એ નયથી કથનથી કહેવાય. બાકી એનાથી થાય છે (એમ નથી). એકબીજામાં અત્યંત અભાવ છે. આહાહા..! આમાં તકરાર (કરે). એક કહે કે, મૂર્તિ હોય છે ને એક કહે કે નથી હોતી. આવી તકરાર (કરે). અરે..! પ્રભુ! પ્રભુના વિરહ પડ્યા અને આવી બધી તકરારો ચાલી. આહાહા..!

અહીં તો કહે છે, વસ્તુ હોય છે. અસંખ્ય પ્રતિમાઓ અનાદિની છે. ત્રણકાળમાં ત્રણકાળની પ્રતિમાનો વિરહ હોય નહિ, ત્રણકાળમાં ત્રણકાળને જાણનારનો વિરહ હોય નહિ. આહાહા..! આ તો બધું વસ્તુનું સ્વરૂપ જ આવું છે. આહાહા..!

અહીં કહે છે કે, દ્રવ્યશ્રુતનો શબ્દ... આહાહા..! ભગવાનની પાસે બેસીને ગણધર સાંભળે તેથી એ શબ્દથી ત્યાં એને જ્ઞાન થાય છે, એમ નથી. આહાહા..! આવી વાત. કઈ વાત વીતરાગની ઝીણી નથી? બાપુ! આહાહા..! અને શબ્દો. ભગવાનની, મુનિની વાણી તો સૂત્ર કહેવાય. અને આ સાધારણ શબ્દો એકબીજા બોલે. એ શબ્દથી સામાને જ્ઞાન થતું નથી. એ.. બેન! પાણી લાવજે. એ પાણી લાવજે એમ કીધું એટલે એનાથી એને પાણી લાવવાનું જ્ઞાન થયું (એમ નથી). આહાહા..! ગજબ વાતું છે. આ થોડુંક ફરીને લીધું.

મુમુક્ષુ :– બહેરો હોય તો ઊંધુ સમજે?

ઉત્તર :– આહાહા..! એક એક દ્રવ્યની એક એક સમયની પર્યાય પોતાથી થાય એટલું સિદ્ધ કરે તો એને પર ઉપરનું લક્ષ છૂટી જાય. ભલે લક્ષ થાય, સાંભળે, વાંચે, બધું કરે, એનાથી જ્ઞાન થાય એમ પણ કહેવામાં આવે, આહાહા..! પણ એ બધું વ્યવહારથી કહેવામાં આવે. આહાહા..! એના પણ વાંધા ઉઠે. આ શાસ્ત્રમાંથી લખ્યું છે કે આગમ વાંચે તો એને જ્ઞાન થાય. અહીં ના પાડે છે. એક સિદ્ધાંત રાખીને પછી બીજે ઠેકાણે ખોટો ઠરાવે?

'શબ્દ જ્ઞાન નથી, કારણ કે શબ્દ (પુદ્ગલદ્રવ્યનો પર્યાય છે),...' આ શબ્દ છે એ તો પુદ્ગલ જડની પર્યાય છે અને એ પર્યાય વિનાનો પુદ્ગલ હોય નહિ. અને સામે પણ સાંભળનારાને (પણ) પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ. એના જ્ઞાનની પર્યાય વિનાનું તે દ્રવ્ય ત્યાં હોય નહિ. એનું હોય નહિ તો શબ્દે ત્યાં જ્ઞાન શી રીતે કરાવ્યું? આહાહા..! આવી વાતું છે. (લોકો) સાધારણ (વાતમાં) તકરાર કરે. અરે..! પ્રભુ! આ તો મુક્તિનો માર્ગ, આહાહા..! ભવરહિત થવાનો માર્ગ છે. ભાઈ! પ્રભુનો માર્ગ ભવરહિત થવાનો છે. એમાં આ તકરાર ને ઝગડા ને આ ખોટા ને આ સાચા.. પ્રભુ! એ શોભતું નથી. આહાહા..! આવી વાત સાંભળે અને જો સમજે... આહાહા..! બેડો પાર થઈ જાય. આહાહા..! અલૌકિક વાત છે, બાપુ! પરમાત્માના વિરહ પડ્યા. આહાહા..! ભગવાન ત્યાં રહી ગયા. અમે સાથે હતા, ત્યાંથી અહીં આવ્યા. આહાહા..! છતાં કોઈથી કોઈને કાંઈ લાભ થાય (એમ છે નહિ). આહાહા..! ગજબ વાત છે.

મુમુક્ષુ :– ગરીબને, શાહુકારથી લાભ થાય ને!

ઉત્તર :– જરીકે લાભ થાય નહિ. શાહુકાર કોણ? શાહુકાર હતો જ કોણ? આત્મા છે ત્યાં શાહુકાર ક્યાંથી આવ્યો?

મુમુક્ષુ :– આત્મા તો ત્રણે કાળ જ્ઞાનનો શાહુકાર જ છે.

ઉત્તર :– એ તો જ્ઞાનનો શાહુકાર છે, પૈસાનો શાહુકાર ક્યાં છે? આહાહા..!

મુમુક્ષુ :- પૈસાનો શાહુકાર જ્ઞાનને તો જાણે ને?

ઉત્તર :- ધૂળને પણ જાણતો નથી. એક ન્યાયે તો જ્ઞાન જ્ઞાનને જાણે. આહાહા..! ચૌદ બ્રહ્માંડની અંદર અનંત ભગવાન બધા બિરાજે છે. એ ભગવાન ભગવાનને જાણે છે. આહાહા..! આવી વાત સાંભળવી મુશ્કેલ પડે. વસ્તુની સ્થિતિ તો આ છે. એમાં એકાંત થઈ જશે ને આ સંપ્રદાય ચાલશે નહિ તો પછી... એ રહેવા દે. બાપુ! જે સમયે, જેની જે રીતે જે ક્ષેત્રમાં, કાળે ભાવે પર્યાય થવાની તે ત્યાં થશે જ. આહાહા..! કાલે ઉતાવળે લીધું હતું. શ્રુતનો બહુ વિસ્તાર નહોતો કર્યો. શ્રુત અને શબ્દનું આજે વધારે (સ્પષ્ટીકરણ) થયું.

શબ્દ જ્ઞાન નથી. પછી રૂપ પુદ્ગલદ્રવ્યનો ગુણ છે. રૂપ અને રંગ, વર્ણ બન્ને જુદી જાત લીધી છે. શું કીધું ઇ? વર્ણ જુદું છે, રૂપ જુદું છે. રૂપમાં વર્ણ, ગંધ, રસ બધું આવી જાય છે અને વર્ણમાં એક રંગ જ આવે. એટલે બે બોલ કહેશે. આવે છે. જુઓ! શું કહ્યું? 'રૂપ (પુદ્ગલદ્રવ્યનો ગુણ છે), અચેતન છે' માટે જ્ઞાનને અને રૂપને વ્યતિરેક છે...' જ્ઞાનને અને રૂપને જુદાઈ છે. આહાહા..! આ શરીરની સુંદરતા ને રૂપાળા હોય એ દેખે છે એ એને (દેખતો નથી), ખરેખર તો એની જ્ઞાનની પર્યાયને દેખે છે. પણ ભ્રમણા એવી થાય છે કે જાણે આ બધું દેખાય છે. આહાહા..! અહીં તો સંકેલવાની વાત છે. સાક્ષાત્ તીર્થંકર હોય તો ત્યાંથી સંકેલીને અંદરમાં જવાનું છે. આહાહા..! પોતે ભગવાન 'કુંદકુંદાચાર્ય' એમ કહે, 'परदव्वादो दुग्गई'. અમે તારાથી જુદા છીએ. અમારા ઉપર તારું લક્ષ જશે તો તારી દુર્ગતિ થશે. દુર્ગતિ (એટલે) ચેતનથી વિરુદ્ધ ભલે શુભરાગ (છે), પણ એ કંઈ ચૈતન્યનો ભાવ નથી. આહાહા..! એ તો સંતો એ વાણી કરે, એ જગતને જાહેર કરે. જગત સમતોલ રહે કે નહિ (એની) સંતોને કંઈ ગરજ નથી. આહાહા..!

એ વર્ણ અને રૂપ જુદું છે. કીધું ને? 'માટે જ્ઞાનને અને રૂપને વ્યતિરેક છે.' હવે વર્ણ આવ્યું. રૂપથી વર્ણ જુદું પાડ્યું. નહિ તો વર્ણ એ રૂપ છે, પણ રૂપમાં વર્ણ, રસ, ગંધ, સ્પર્શ ચારે ભેગા આવી જાય છે અને વર્ણમાં એક વર્ણ જુદો પડે છે. રૂપ અને વર્ણ બેમાં ફેર છે. બે આવ્યા. બે છે, જુઓ! રૂપ એટલે વર્ણ, ગંધ. આહાહા..! આખું રૂપ, બધું. એ રૂપ એ જડ છે. એ રૂપને જ્ઞાન નથી, એનાથી જ્ઞાન થતું નથી. આહાહા..!

કથામાં આવે છે ને? કે, 'ભરત ચક્રવર્તી' આમ તીર્થંકરના પેલા માથે રાખ્યા હતા. ભૂંગડા અડે તો યાદ રહે, આ ભગવાન, આ ભગવાન.. એવું પુરાણમાં આવે છે. 'ભરતે' પોતાના બંગલામાં ભગવાનના પેલા માથે રાખ્યા. એટલે પોતાનો મુગટ અડે એટલે ખબર પડે. ભગવાન યાદ આવે. એવું આવે છે, કથામાં આવે છે. 'આદિપુરાણ' માં કે ક્યાંક હશે. છે, બધું કાંઈ યાદ રહે નહિ કે કેમાં છે? પણ આ છે ખરું. પંડિતજી! 'ભરત' ને દરરોજ યાદ રહે એટલે ભગવાનના રૂપ માથે બનાવ્યા. ભગવાનના પ્રતિમાના (રૂપ). એનો મુગટ અડે એટલે ખબર પડે, ભગવાન છે. આહાહા..! ક્ષાયિક સમકિતી, એ ભવે મોક્ષ જનાર.

આહાહા..! એ પણ આવું કરે. કરે નહિ, થાય. થાય તેને જાણે. થાય તેને જાણે એ વ્યવહાર. આહાહા..! ગજબ વાત છે.

રૂપથી વર્ણ જુદું છે. છે ને? 'વર્ણ જ્ઞાન નથી, કારણ કે વર્ણ (પુદ્‌ગલદ્રવ્યનો ગુણ છે),...' વર્ણમાં રંગ લેવો. એકલો રંગ. રૂપમાં બધું લેવું. વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ. એ તો ઘણે ઠેકાણે આવે છે. આહાહા..! એ વર્ણ અચેતન છે. કાળો, રાતો, ધોળો રંગ આમ દેખાય અને એવું જ અહીં જ્ઞાન થાય. બન્નેનો સમયભેદ નથી, કાળભેદ નથી છતાં બેમાં આનાથી આ થાય એમ નથી. આહાહા..! કોઈ દિ' આવું સાંભળ્યું નથી. હીરા, માણેકમાં ગુંચાઈ ગયા. જેને જે ધંધો હોય એમાં ઘુસી ગયા હોય, થઈ રહ્યું. આહાહા..!

રૂપ ને રંગ બે જુદા (છે). રૂપમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ બધું આવી જાય. ચારેનો સમુદાય તે રૂપ અને રંગ તે જુદો (છે). આહાહા..! રંગમાં કાળો, રાતો, લીલો ઇ. આહાહા..! પણ ઇ કહે છે કે, કાળો, રાતો, લીલો જોતાં એ રંગથી ત્યાં જ્ઞાન થયું નથી. આહાહા..!

વીતરાગની એક એક વાણી.. ઓહોહો..! અંદર સમાડી દે. અંદર સમા! ચારે અનુયોગોનો સાર વીતરાગતા (છે). 'પંચાસ્તિકાય' ની ૧૭૨ ગાથા. અને એ વીતરાગતા એટલે અંદરમાં સમાવું ઇ. ચારે અનુયોગનો સાર અંદરમાં સમાવું ઇ (છે). ત્યાં વીતરાગમૂર્તિ પ્રભુ બિરાજે છે. આહાહા..! આમાં વાદ ને વિવાદ, ઝગડા. આહાહા..! બાપુ! મારગડા, પ્રભુના માર્ગ બહુ જુદા. સૂક્ષ્મથી, ઝીણવટથી એની ખોજ કરે તો ઝીણું ઝીણું મળે. એ મળે તો પોતાથી, તે કાળે પોતાને તે જ્ઞાનમાંથી આવવાનો કાળ છે. આહાહા..! બહુ ફેર.

વર્ણ જ્ઞાન નથી. વર્ણ પુદ્‌ગલદ્રવ્યનો ગુણ અચેતન છે. આહાહા..! આ રૂપ કાળું, લીલું, ધોળું, રૂપાળું એ બધું અચેતન જડ છે. આહાહા..! અને તેને જોઈને તેવું જ્ઞાન થયું તે તેનાથી નહિ. જેને જોઈને તેનું તેવું તેનાથી નહિ પણ તેને જોવાથી તેવું જ્ઞાન થયું એ એનાથી નહિ. આહાહા..! ગજબ વાત છે.

મુમુક્ષુ :– સમજ્યા વિના ઉપકાર શો?

ઉત્તર :– સમજે પોતાથી ત્યારે ઉપકાર કહેવાય. પોતે જ્યારે પોતાથી સમજે ત્યારે નિમિત્ત હોય એને વ્યવહારથી ઉપકારી (કહેવાય). વ્યવહાર છે ને? વ્યવહાર છે ખરો, વ્યવહારથી અહીં થાય નહિ. એ વાત કરે ત્યારે એ નહિ. વ્યવહાર તો ઠેકાણે ઠેકાણે વ્યવહાર છે. શાસ્ત્ર વાંચો, શાસ્ત્ર ભણો, આગમ અભ્યાસથી જ્ઞાન થશે. કારણ કે પહેલી વસ્તુસ્થિતિ અન્યમતિ શું કહે છે અને વીતરાગ શું કહે છે? ('સમયસાર') ૧૩ મી ગાથામાં (એમ કહે), નય, નિક્ષેપ, પ્રમાણથી પહેલું જ્ઞાન કરવું પડશે. આવે છે? આહાહા..! અરે..! ભગવાન! ઘડીક એમ કહે કે, એનાથી થાય અને એક કોર એમ કહે કે, એનાથી ન થાય. બન્ને અપેક્ષા છે, બાપુ! વીતરાગ-વીતરાગ ત્રિલોકના નાથ સર્વજ્ઞ સિવાય ક્યાંય નથી, હોં! આહાહા..! પરમ સત્ય!

'ગંધ જ્ઞાન નથી,...' હવે ગંધ જ્ઞાન નથી. આહાહા..! ફૂલનો બાગ હોય તો ગંધનું–

સુગંધનું જ્ઞાન થાય કે દુર્ગંધનું જ્ઞાન થાય? આહાહા..! ધન્ય પ્રભુ! તારી વહેંચણી, તારું જ્ઞાન...! આહાહા..! એ વખતે કહે છે, ફૂલની સુગંધ આવે. દુર્ગંધ ન આવે અને અહીં સુગંધનું જ્ઞાન થાય તો એટલો તો ફેર પડે ને જ્ઞાનમાં એ સુગંધપણાને કારણે? એ નિમિત્ત તો છે ને? નિમિત્ત કંઈ કરતું નથી તેનું નામ નિમિત્ત કહેવાય. આહાહા..! નિમિત્ત કહો તો નિમિત્તથી ન્યાં જરીયે થાય છે એનું નામ નિમિત્ત નહિ. સમજાય છે કાંઈ? પ્રભુ! આહાહા..! નિમિત્ત નથી એમ નહિ, પણ નિમિત્તથી જરીયે પરમાં થાય છે એ નહિ. નિમિત્ત અનંત છે. પણ કોઈ નિમિત્ત, ત્રણલોકના નાથ નિમિત્ત છે અને આ શબ્દ સાંભળે એ પણ નિમિત્ત છે. બન્ને નિમિત્ત છે. નિમિત્ત નિમિત્તમાં, ઉપાદાન ઉપાદાનમાં. આહાહા..!

આ સાંભળે એનાથી જ્ઞાન ન થતું હોય તો અમે સાંભળવા શું કરવા આવીએ? એમ માળા બોલે. અરે..! પ્રભુ! એમ ન હોય. આ તો વસ્તુની સ્થિતનું વર્ણન છે. સાંભળવાથી કાંઈ થાય નહિ તો અમારે શું કરવું? પછી શું કરવું ત્યારે? ઘરે રોકાવું? આહાહા..! વીતરાગનો કોઈ માર્ગ.. આહાહા..! આવી કાળ અને આવી રીત. વીતરાગ નિમિત્ત છે અને નિમિત્તથી થાય નહિ. નિમિત્ત છે, પળે પળે નિમિત્ત છે, સમયે સમયે નિમિત્ત છે. આહાહા..! છતાં નિમિત્તથી કાંઈ થાય નહિ. આહાહા..! આવી વાત છે.

અરે..! આવું સાંભળવા ક્યારે મળે? આહાહા..! આવો મનુષ્યનો દેહ. સ્થિતિ ચાલી જાય છે. ક્યાં ચાલ્યો જશે? આ બધું સૌને ઠેકાણે પડ્યું રહેશે. તેં અંદરની સ્વતંત્રતા સાધી હશે તો એ કામ કરશે. આહાહા..! પરાધીન માનીને જિંદગી ગાળી હશે, પ્રભુ! પરભવમાં ક્યાંય આરો નહિ આવે. આહાહા..!

ગંધ આવ્યું ને? હવે સ્પર્શ. એ પુદ્‌ગલદ્રવ્યનો ગુણ છે. આહાહા..! 'સ્પર્શ જ્ઞાન નથી,...' આહાહા..! આ સ્પર્શ ટાઢું, ઊનાનું જ્ઞાન આત્માને એનાથી થાય એમ નહિ. આહાહા..! તાવ સામાને આવ્યો છે અને આમ જોવે છે. કહે છે કે, એને અડતું નથી. આંગળીઓ એને અડતી નથી અને એનું જ્ઞાન પોતાથી થયા વિના રહેતું નથી. આહાહા..! પ્રભુ! તારી બલિહારી છે. આહાહા..! તાવ (માપવા) હાથ (આમ અડાડે). ઊનું છે, હોં! તાવ લાગે છે. પણ આ અડ્યો પણ નથી ને! અને એને લઈને અહીં તાવનું જ્ઞાન આવ્યું નથી. આવું તો કો'ક દિ' સાંભળ્યું હશે. આહાહા..! વાણી આવી છે. આહાહા..!

'સ્પર્શ જ્ઞાન નથી, કારણ કે સ્પર્શ (પુદ્‌ગલદ્રવ્યનો ગુણ છે),...' સુંવાળો, ખરખસ, આહા..! ખરખરો, ભારે, હળવો એ જ્ઞાન ગુણ નથી. સામાને (સામે) જેવું હોય એવું જ્ઞાન થાય એથી એને ભ્રમ થઈ જાય છે કે એને લઈને થાય. આહાહા..! લોઢું ભારે હોય, ભલે પાંચ રૂપિયા નવ ટાક હોય, પણ આમ ભારે હોય. આહાહા..! અને રૂ શેર-બે શેર હોય તો આમ હળવું લાગે. આહાહા..! કહે છે કે, એ કોઈ કોઈને અડ્યા નથી, બાપુ! અને કોઈ કોઈને લઈને કોઈનું જ્ઞાન થયું પણ નથી. આહાહા..! એ વહેંચણી કરતાં એક સમય એવો આવશે કે

અંદરથી કેવળજ્ઞાન થઈ જશે. ફડાક દઈને! અંદરથી વહેંચતા, વહેંચતા, વહેંચતા.. આહાહા..! કેવળજ્ઞાન, કેવળજ્ઞાન, હોં! આહાહા..!

અહીં એ કહ્યું, સ્પર્શ. આહાહા..! સ્ત્રીના શરીરને પુરુષનું શરીર અડતું નથી. પુરુષનું શરીર સ્ત્રીને અડતું નથી. છોકરાને આ બચકા ભરે, આમ મીઠુ લાગે, એ બચકું ત્યાં એને અડતું નથી. એ સ્પર્શ અને જ્ઞાન જુદું છે. એ એવો સ્પર્શ છે માટે તેને એ જાતનું ત્યાં જ્ઞાન થયું (એમ નથી). આહાહા..! છોકરું રૂપાળું, કુણું, નરમ અને આમ એને બચ્ચી ભરે માટે એ જાતનું જ્ઞાન થયું માટે એનાથી એ જ્ઞાન થયું એમ નથી. આહાહા..! અરે..રે..! આવી વાતું ક્યાં? આહાહા..! વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવની અફર વાણી છે. આહાહા..! એ સ્પર્શ (જ્ઞાન) નથી. ત્યાં સુધી તો કાલે આવ્યું હતું.

હવે (કહે છે), 'કર્મ જ્ઞાન નથી,...' લ્યો! ૧૪૮ પ્રકૃતિ છે. એવું અહીં જ્ઞાન થયું. શાસ્ત્રમાં લખેલું અહીં જ્ઞાન થયું. એ પ્રકૃતિ લખેલી એને લઈને જ્ઞાન થયું નથી. જ્ઞાન એટલે જાણવું. ૧૪૮ પ્રકૃતિ છે એમ જાણવું એ લખેલાથી જણાણું નથી. આહાહા..! ૧૪૮ પ્રકૃતિ છે. આપણે આવી ગઈ. જ્ઞાનાવરણીયની પાંચ પ્રકૃતિ એ જ્ઞાન નથી. આહાહા..! એ તો જડ છે. જડ તને કેમ રોકે? પ્રભુ! જ્ઞાનાવરણીય છે તે જ્ઞાન નથી. જ્ઞાન નથી તો તારા જ્ઞાનને એ અજ્ઞાન કેમ રોકે? આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! વાતે વાતે ફેર છે, બાપા! આહાહા..!

ભગવાન! તારી બલિહારી છે. તારા ગુણનો પાર નથી, પ્રભુ! આહાહા...! એના ગુણો ને એની પર્યાય. એનું–પરનું નાસ્તિપણું છે તોપણ તેનું અસ્તિપણું છે. પરનું નાસ્તિપણું. આહાહા..! એક દ્રવ્ય પોતાના અસ્તિત્વથી છે અને અનંત પરથી નાસ્તિ છે. પણ એ નાસ્તિ છે એ પણ અસ્તિ છે. આહાહા..! આ શ્લોકોમાં બહુ સમાવ્યું છે.

'કર્મ જ્ઞાન નથી, કારણ કે કર્મ અચેતન છે;...' જડ છે. શું કહે છે? જ્ઞાનાવરણીય કર્મ તારા જ્ઞાનને રોકતું નથી, એમ કહે છે. આહાહા..! અને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થયો માટે તને અહીં ક્ષયોપશમ થયો એમ નથી. જૈનમાં તો એ ચાલે. બાપા! જેવો અંદર ઉઘાડ હોય એ પ્રમાણે (જ્ઞાન થાય). બધાને સરખું જ્ઞાન નથી એનું કારણ કે અંદર જ્ઞાનાવરણીયમાં ફેર છે માટે ફેર છે. આ સીધી વાત સાંભળીને હા (પાડે). અહીં કહે છે કે, ના. બધાને જે ભિન્ન ભિન્ન જ્ઞાન વર્તે છે એ પોતાની પર્યાયને લઈને (છે), જ્ઞાનાવરણીયને લઈને નહિ. વિશેષ કહેશે.. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

પ્રવચન નં. ૪૪૪ ગાથા–૩૯૦ થી ૪૦૪ રવિવાર, અષાઢ સુદ ૧૫, તા.૨૭-૦૭-૧૯૮૦

---

'સમયસાર' અહીં સુધી આવ્યું છે. 'કર્મ જ્ઞાન નથી,...' કર્મ જ્ઞાન નથી. કેમકે કર્મ જડ છે, કર્મ અચેતન છે. 'માટે જ્ઞાનને અને કર્મને વ્યતિરેક છે.' આત્મા જ્ઞાન અને કર્મ

અચેતન (છે માટે) બેની જુદાઈ છે. આહાહા..! એક ક્ષેત્રે–એક પ્રદેશે રહે છે. આત્માના જ્યાં પ્રદેશ છે ત્યાં કર્મ રહે છે. છતાં બન્ને ચીજ જુદી જુદી છે. બન્નેના કાર્ય જુદા, બન્નેના ગુણ જુદા, બન્નેની ક્ષણે ક્ષણે થતી ક્રમસર અવસ્થા અનુસાર બન્ને ભિન્ન ભિન્ન (છે). કર્મમાં ક્રમધારા પણ ક્રમબદ્ધ પર્યાય કર્મને કારણે ક્રમબદ્ધ થાય છે, જ્ઞાનને કારણે નહિ. જ્ઞાન અને કર્મ બન્ને જુદી ચીજ છે. વ્યતિરેક એટલે જુદા છે.

પછી, ધર્મ ધર્મદ્રવ્ય. ધર્માસ્તિકાય દ્રવ્ય. છ પ્રકારના દ્રવ્ય છે. ભગવાને જાતિએ છ પ્રકારના દ્રવ્ય જોયા છે. સંખ્યાએ અનંત (છે). જાતિએ છ. એમાં ધર્માસ્તિકાય દ્રવ્ય છે. સર્વજ્ઞ ભગવાને કહેલ (છે). આહાહા..! ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્ય એ બે સર્વજ્ઞ ભગવાને જ કહ્યું છે, એ સિવાય કોઈએ કોઈ ઠેકાણે ક્યાંય (કહ્યું) નથી.

'(ધર્મદ્રવ્ય) જ્ઞાન નથી, કારણ કે ધર્મ અચેતન છે; માટે જ્ઞાનને અને ધર્મને વ્યતિરેક છે.' આત્માને અને ધર્માસ્તિકાયને જુદાઈ છે. ધર્માસ્તિકાય નથી માટે સિદ્ધ ઉપર જતા નથી, એમ ઘણા કહે છે, પણ એમ છે નહિ. જીવની પર્યાયની લાયકાત જ લોક પ્રમાણે ત્યાં રહે એટલી જ છે. ધર્માસ્તિકાય નથી માટે ઉપર જતા નથી (એમ નથી). શાસ્ત્રમાં ભાષા એમ આવે (કે), ધર્માસ્તિકાય નથી માટે સિદ્ધ ઉપર જતા નથી. આહાહા..! છતાં બન્ને જુદી ચીજ છે. એકબીજામાં અત્યંત અભાવ છે. એકબીજામાં એકબીજાના દ્રવ્ય-ગુણ-પર્યાય તદ્દન ભિન્ન છે અને એ દ્રવ્ય ભગવાને જોયું છે. આહાહા..!

તેમ અધર્માસ્તિકાય. ગતિ કરતાં સ્થિતિ થાય એમાં આ અધર્માસ્તિકાય દ્રવ્ય છે તે અચેતન છે. આહાહા..! શાસ્ત્રમાં તો એવું કહ્યું છે, ધર્માસ્તિકાયવત. દરેક દ્રવ્ય ગતિ કરે છે એમાં ધર્માસ્તિકાય નિમિત્ત છે. એટલે કે એ કંઈ કરાવતું નથી. એટલે કે દરેકને પરને અડતું નથી તો કરતું નથી. આહાહા..! ધર્માસ્તિકાયવત્ નિમિત્ત કીધું છે.

આ પુસ્તક છે આમ ઉપાડો આમ, તો કોઈ એમ કહે કે, આ આંગળાને લઈને ઊભું રહ્યું છે. ધર્માસ્તિકાયવત. એને કારણે ઉભું છે ત્યારે હાથને, ગતિ કરતા જીવ જડને ધર્માસ્તિકાય જેમ નિમિત્ત કહેવાય છે, એમ આને નિમિત્ત કહેવાય. પણ આ આંગળા હતા માટે આ ઊંચું થયું છે એમ નથી. ઝીણી વાત છે, ભાઈ! એક તો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય જૈન પરમેશ્વર સિવાય છે નહિ અને એમાં એ ધર્માસ્તિકાય ગતિમાં નિમિત્ત થાય. એ છે તો ગતિ કરે છે એમ નથી. દરેક દ્રવ્ય પોતાની ગતિની પર્યાયે પરિણમે ત્યારે નિમિત્ત છે. ચાલે છે એટલું.

એમ અધર્માસ્તિકાય. ગતિ કરતા દ્રવ્ય સ્થિર થાય ત્યારે તેને અધર્માસ્તિ નિમિત્ત છે અને એ અધર્માસ્તિ અચેતન છે. 'જ્ઞાનને અને અધર્મને વ્યતિરેક છે.' વ્યતિરેક છે એટલે જુદાઈ છે. આહાહા..! એક આકાશના એક પ્રદેશમાં રહ્યા છે. ધર્માસ્તિકાયના પણ પ્રદેશ છે, અધર્માસ્તિકાયના છે, કાળના છે, અનંત જીવના અસંખ્ય પ્રદેશ છે, પુદ્ગલ અનંત છે,

કાળ દ્રવ્ય પણ ત્યાં છે. શું કીધું ઇ? એક આકાશના પ્રદેશમાં અનંતા પરમાણુ છે, અનંતા જીવના અસંખ્યમા ભાગે, એક એક જીવના અસંખ્ય ભાગે અનંત, અસંખ્ય એવા અનંત જીવના અસંખ્ય પ્રદેશ એક પ્રદેશમાં છે. આકાશના એક પ્રદેશમાં એક જીવ આખો નથી. અહીંયા પણ એક જીવ આખો નથી.

ધર્માસ્તિકાય છે, અધર્માસ્તિકાય છે એ દ્રવ્ય આખા લોક પ્રમાણે છે. આત્મા અહીંયા રહ્યો છે એ એના અસંખ્યમા ભાગમાં છે. એટલે એના એક એક પ્રદેશમાં એક જીવના અસંખ્ય પ્રદેશ છે. એવા અનંતા અસંખ્ય છે. છતાં એકબીજાને કાંઈ મદદ કરતા નથી. આહાહા..! એક પ્રદેશમાં ભેગા. જીવના અનંતા પ્રદેશ, આહાહા..! અનંતા પરમાણુના, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ, કાળ એક. એક પ્રદેશમાં બધા ભેગા છએ દ્રવ્ય. છતાં કોઈ દ્રવ્યને કોઈ અડતું નથી. આહાહા..! આવી વાત.

એક પ્રદેશમાં છએ દ્રવ્ય ભેગા, ભલે આખા દ્રવ્ય નહિ. ધર્માસ્તિનો એક પ્રદેશ. અનંતા એક જીવના અસંખ્ય પ્રદેશ એવા અનંતા અનંતા. આહાહા..! છતાં કોઈ કોઈને મદદ કરે કે કોઈ કોઈને અડે એમ નથી. આહાહા..! આવી ચીજ છે. એથી અધર્માસ્તિ તે અચેતન, જડ છે.

કાળ. કાળ નામનું દ્રવ્ય છે. શ્વેતાંબર માનતા નથી. કાળ નામના અસંખ્ય દ્રવ્ય છે. એક એક આકાશના પ્રદેશ ઉપર એક એક કાળદ્રવ્ય છે. એવા કાળદ્રવ્યને જ્ઞાન નથી. એ કાળ કંઈ જ્ઞાન નથી. કારણ કે કાળ અચેતન છે. એ કાળ છે તે અચેતન છે. કાળલબ્ધિ છે ને? કાળલબ્ધિ. કાળલબ્ધિમાં કાળ મદદ કરે કે નહિ? બધા નિમિત્તમાત્ર છે. કાળલબ્ધિ તો પોતાની પર્યાયને કાળલબ્ધિ કહેવાય છે. કાળદ્રવ્યને લઈને કાળલબ્ધિ કહેવાય છે એમ નથી. આહાહા..!

કાળદ્રવ્ય તે જ્ઞાન–આત્મા નથી. કેમકે કાળ અચેતન છે. માટે જ્ઞાનને અને કાળને જુદાઈ છે. આહાહા..! એક આત્માના પ્રદેશ અસંખ્ય એક પ્રદેશ ઉપર, ન્યાં કાળ એક છે. એ બધાને કાળ પરિણમનમાં નિમિત્ત છે, પરિણમનમાં નિમિત્ત છે. પણ એકબીજા પરિણમાવે, એકબીજાને મદદ કરે એવું નથી. એ કાળદ્રવ્ય અચેતન છે. તેથી જ્ઞાનને અને કાળને વ્યતિરેક છે.

આકાશ જ્ઞાન નથી. આકાશ નામનો પદાર્થ લોકાલોક પ્રમાણ છે. એ આત્મા નથી એટલે જ્ઞાન નથી. જ્ઞાન અને આકાશને ફેર છે. કેમકે આકાશ અચેતન છે. એટલે જ્ઞાનને અને આકાશને જુદાઈ છે.

અધ્યવસાય જ્ઞાન નથી. આહાહા..! આ ઝીણી વાત આવી. આગળ કહેશે, પુણ્ય અને પાપ એ આત્મા છે, એમ કહેશે. શું કહ્યું? શુભભાવ અને અશુભભાવ અધ્યવસાય. શુભ અધ્યવસાય અને અશુભ અધ્યવસાય એ જીવ છે એમ કહેશે. કેમકે જીવની પર્યાયમાં થાય

છે ને? અહીં પહેલા જુદા પાડે છે. છે? 'અધ્યવસાન જ્ઞાન નથી,...' આહાહા..! શું કહેવું છે? કે એ અધ્યવસાય શુભભાવ કે અશુભ, એને જીવ કહ્યો છતાં તે વસ્તુ પોતે જ્ઞાન નથી, જ્ઞાન તો આત્મા છે પણ આત્માની પર્યાયમાં થાય છે તેથી શુભ-અશુભભાવને જીવ કહેવામાં આવે છે. એ અધ્યવસાયને પણ જીવ કહેવામાં આવે છે, એની પર્યાયમાં છે માટે. પણ તે જ્ઞાન નથી. આહાહા..! શું જ્ઞાન નથી? આ દયા પાળવાના ભાવ તે જ્ઞાન નથી, એમ કહે છે. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ જ્ઞાન નથી. આહાહા..! એકબીજાનો પરોપકાર કરવાનો ભાવ તે જ્ઞાન નથી, એ આત્મા નથી. આહાહા..! એ અધ્યવસાયમાં આવે છે. આનું કરી દઉં, આને મદદ કરું. એને અને આત્માને કાંઈ સંબંધ નથી. અધ્યવસાય છે ભલે એની પર્યાયમાં પણ એ પર્યાય પોતે જ્ઞાન નથી. અહીં જ્ઞાન નથી એમ સિદ્ધ કરવું છે. એને પછી સિદ્ધ કરશે. કારણ કે એ અધ્યવસાય જીવની પર્યાયમાં થાય છે, જડમાં નહિ. તેથી પછી કહેશે કે, ધર્મ-અધર્મ એટલે શુભ-અશુભ જીવ છે. આવું છે. વીતરાગની વાણી..

'અધ્યવસાન જ્ઞાન નથી, કારણ કે અધ્યવસાન અચેતન છે; માટે જ્ઞાનને અને (કર્મના ઉદયની પ્રવૃત્તિરૂપ)...' અધ્યવસાનની વ્યાખ્યા કરી. અધ્યવસાય એટલે શું? કર્મના ઉદયને લઈને થયેલો પરિણામ, તેને અધ્યવસાય કહેવામાં આવે છે. આહાહા..! અધ્યવસાયની ઝીણી વાત છે. આ જે રાગાદિ અધ્યવસાય (થાય છે) એ જ્ઞાન નથી માટે જીવ નથી, પણ એ પર્યાયમાં થાય છે માટે તે આત્મા છે અને તે અધ્યવસાય મોક્ષના પરિણામને પણ અધ્યવસાય કીધા છે. જે પરિણામથી મોક્ષ થાય તેને પણ અધ્યવસાય કીધા છે. 'જયસેનાચાર્ય' ની ટીકામાં (આવે છે). અધ્યવસાનના પ્રકાર આટલા છે. આહાહા..!

એક અધ્યવસાય જીવમાં જે શુભરાગ અને અશુભરાગ થાય તેને અધ્યવસાય કહે છે. તે અધ્યવસાય જ્ઞાન નથી. છતાં તે અધ્યવસાય પર્યાયમાં થાય માટે જીવ છે એમ કહેશે. અને મોક્ષનો માર્ગ એ કોઈ અધ્યવસાય એકત્વ કે રાગાદિ નથી છતાં મોક્ષના માર્ગને પણ અધ્યવસાય કહેવામાં આવે છે. છે વીતરાગી પરિણતિ, મોક્ષમાર્ગનું કારણ–માર્ગ વીતરાગ પરિણતિ છે, છતાં તેને અધ્યવસાય કહ્યો છે. આહાહા..! આટલા અધ્યવસાયના અર્થ છે. 'હિંમતભાઈ' છે ને? આહા..! માણસને સમજવું શું આમાં?

અહીં ચૈતન્યમાં જે રાગ, દ્વેષાદિ, દયા, દાનના પરિણામ થાય તે પરિણામમાં આત્માનું જ્ઞાન નથી તેથી તે આત્મા નથી એમ કહેવું છે. પછી કહેશે કે એની પર્યાયમાં છે માટે જીવ છે. ત્રીજી રીતે અધ્યવસાય, મોક્ષના માર્ગને પણ અધ્યવસાય કહે છે. આહાહા..! અભ્યાસ કરવો જોઈએ, થોડો અભ્યાસ (હોવો જોઈએ). એ વિના... આ તો વીતરાગનો માર્ગ મહા ગૂઢ છે. આહાહા..!

'અધ્યવસાનને વ્યતિરેક છે. આમ આ રીતે જ્ઞાનનો સમસ્ત પરદ્રવ્યો સાથે...' અહીં તો અધ્યવસાયને પરદ્રવ્યમાં નાખ્યું. આ રીતે આત્માને સમસ્ત પરદ્રવ્યો સાથે જુદાઈ છે.

આહાહા..! એને તો જુદાઈ છે પણ એક પરમાણુને અને બીજા પરમાણુને જુદાઈ છે. અહીં તો આત્માની વાત કરવી છે. આહાહા..! આત્મા અને પરમાણુ એક સાથે રહે છ દ્રવ્ય, છતાં જુદા, તો પછી સમજી લેવું કે બધા દ્રવ્યો જુદા છે. કોઈ કોઈને કાંઈ સંબંધ નથી. આહાહા..! થોડી થોડી મદદ કરે કે નહિ? ચાલવામાં લાકડી વિના (ચાલી શકે)? ઘરડો માણસ હોય એ લાકડી વિના ચાલે?

મુમુક્ષુ :– ગુરુ શિષ્યને મદદ કરે.

ઉત્તર :– કોણ કરે કોઈનું? એના પરિણામ થાય એ પણ વિકારી જ્યાં છે ત્યાં બીજાનું કરે એ વાત જ ક્યાં છે? ભાઈ! આહાહા..! બહુ ઝીણી વાત. આહાહા..!

'આ રીતે જ્ઞાનનો સમસ્ત પરદ્રવ્યો સાથે...' જુઓ! અહીં 'પરદ્રવ્ય' શબ્દ લીધો. અધ્યવસાયને પણ પરદ્રવ્ય શબ્દ લીધો. ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ (છે), ત્યારે પુણ્ય અને પાપના વિકાર એ પરદ્રવ્ય સ્વરૂપ છે. એમ અહીં કીધું. સમજાણું કાંઈ? આહાહા..! ચૈતન્ય પરમાત્મા, ચૈતન્ય ને આનંદઅમૃતના જેમાં સાગર ભરેલા છે એની જોડે જે આ અધ્યવસાય (છે) એ જ્ઞાન નથી, આત્મા નથી એમ કીધું. પણ અહીં તો કહે છે કે, એને અમે પરદ્રવ્ય કહીએ છીએ. એ અધ્યવસાયને પરદ્રવ્ય કહીએ છીએ. ઓહોહો..! કોઈ ઠેકાણે અધ્યવસાયને જીવ કહે, કોઈ ઠેકાણે અધ્યવસાયને અજીવ કહે, કોઈ ઠેકાણે અધ્યવસાયને મોક્ષનો માર્ગ કહે. આહાહા..!. ક્યે ઠેકાણે કઈ જાતની વાત છે તે વિચારવી. આહાહા..! એ રીતે આત્મા-જ્ઞાન સમસ્ત પરદ્રવ્યોથી (ભિન્ન છે).

મુમુક્ષુ :– કર્મના ઉદયને અધ્યવસાન કહેવાય?

ઉત્તર :– ઉદયને નહિ. અહીં ભાવ કરે એને. કર્મને નહિ, કર્મ જુદી (ચીજ છે). એ પહેલું આવી ગયું છે. કર્મ જુદું ઇ આવી ગયું અને અધ્યવસાય જુદું ઇ આવી ગયું. કર્મના નિમિત્તમાં પોતાના પરિણામમાં અધ્યવસાય સ્વતંત્ર થાય તેને અધ્યવસાય કહીએ. અને કર્મ તો જડ અજીવ જુદી ચીજ છે. આહાહા..! આવું બધું (સમજવા) ક્યાં નવરાશ? આહાહા..!

ભિન્ન ભિન્ન વાત ભેદજ્ઞાનની વાત છે. ભેદજ્ઞાન. આહાહા..! તારી પર્યાયમાં પણ જે અધ્યવસાય થાય એને અમે જ્ઞાન નથી એમ કીધું હતું, આત્મા નથી એમ કીધું હતું એને અમે પરદ્રવ્ય છે એમ કહીએ છીએ. એ પરદ્રવ્ય છે. આહાહા..!

મુમુક્ષુ :– જ્ઞાન અને અધ્યવસાનના ક્ષેત્ર ભિન્ન છે કે અભિન્ન છે?

ઉત્તર :– ક્ષેત્ર તો એક પ્રદેશમાં છએ બધા ભેગા છે. પહેલા કીધું. એક પ્રદેશમાં છએ દ્રવ્ય ભેગા છે. અધ્યવસાય તો પર્યાય છે. પર્યાયની વાત તો શું પણ પરમાણુ, અનંતા પરમાણુના સ્કંધ એક પ્રદેશમાં ભેગા છે. ઇ તો વાત પહેલી કીધી હતી. સમજાય છે કાંઈ? જ્યાં આત્માના પ્રદેશ છે ત્યાં જ અનંતા પરમાણુના સ્કંધ એવા અનંતા સ્કંધ, એક પ્રદેશમાં અનંતા સ્કંધ છે. એક એક સ્કંધમાં અનંતા પરમાણુ છે. જે પ્રદેશમાં એ અનંતા સ્કંધ છે

તે પ્રદેશમાં અનંત જીવના અનંતા અસંખ્ય પ્રદેશ છે. એટલે અસંખ્ય કીધા ને. આખો એક જીવ ન રહે. જીવનો અસંખ્યમો ભાગ રહે. કેમકે આત્માના પ્રદેશ લોક પ્રમાણે છે. અર્ધ લોકમાં રહે તો આકાશના એક પ્રદેશમાં બે બે આવે, ચોથા ભાગમાં (રહે) તો એકમાં ચાર ચાર આવે. આ અસંખ્યમાં ભાગમાં છે માટે એકમાં અસંખ્ય આવે.

આ મોટી ચર્ચા (સંવત) ૧૯૭૪ માં થયેલી. કાંઈ સમજે નહિ ને મફતમાં તકરાર કરે. આહાહા..! (સંવત) ૧૯૭૪ માં રોગ હતો ને? રોગ. પચાસ ગામના માણસો 'બોટાદ' આવ્યા હતા. 'જીવરાજજી મહારાજ' ને ઠીક નહોતું તો હું વાંચતો હતો. તેથી હું વાંચતો હતો. એમાં આ પ્રશ્ન ઉઠ્યો. પેલા માસ્તર, 'પ્રાણજીવન માસ્તર' 'રાજકોટ' ના નહિ? 'પ્રાણજીવન માસ્તર'. ભાઈ ઓળખે છે. 'પ્રાણજીવન માસ્તર' ઇ ત્યાં આવ્યા હતા, એની સાથે આ ચર્ચા થઈ હતી કે, આકાશના એક પ્રદેશમાં આત્માના પ્રદેશ કેટલા? કીધું, એક પ્રદેશમાં એક જીવના અસંખ્યાતા એવા અનંતાના અનંતા (પ્રદેશ રહે). (આ) સાંભળીને 'મૂળચંદજી' કહે, આવું ક્યાંથી કાઢ્યું? કાઢવું હતું ક્યાં? આ તો વસ્તુનું સ્વરૂપ છે. શાસ્ત્રમાં જોઈ લ્યો ને! કંઈ વિચાર નહિ ને નવું કાંઈક લાગે એટલે (વિરોધ કરે).

એક પ્રદેશમાં જીવના અનંતા પ્રદેશ છે. અનંતા જીવના અનંતા પ્રદેશ. એક પ્રદેશમાં એક જીવ ન રહે. સંખ્ય પ્રદેશમાં એક જીવ ન રહે. સંખ્યાત પ્રદેશમાં એક જીવ ન રહે. પણ એક પ્રદેશમાં એક જીવનો અસંખ્યમો ભાગ એવા અનંતા અસંખ્યાતા ભાગમાં અનંતા રહે. 'શશીભાઈ'! આવો વીતરાગ માર્ગ બાપુ! આ તો સર્વજ્ઞ પરમેશ્વર સાક્ષાત્ પ્રત્યક્ષ ભગવાન ત્રિલોકનાથ બિરાજે છે. અનંતા ભગવાન, 'મહાવીર' આદિ તો સિદ્ધ થઈ ગયા. ઇ અત્યારે અરિહંત નથી. અહીં હતા ત્યારે અરિહંત હતા. ણમો અરિહંતાણંમાં હતા, અત્યારે ણમો સિદ્ધાણંમાં છે. 'સીમંધર' ભગવાન ણમો અરિહંતાણંમાં છે. 'સીમંધર' ભગવાન અત્યારે ણમો અરિહંતાણંમાં છે. 'મહાવીરસ્વામી' ણમો સિદ્ધાણંમાં છે. દેહ છૂટીને મોક્ષ પધાર્યા. આમને દેહ છે, ચાર કર્મ બાકી છે. આહાહા..!

અહીં કહે છે, દરેક દ્રવ્યથી દરેક દ્રવ્ય જુદું છે. અધ્યવસાયને પણ દ્રવ્ય કીધું. આહાહા..! એ પરદ્રવ્ય છે. એક કોર એમ કહે કે, આત્માની વિકારી પર્યાય પોતાથી છે, કર્મને લઈને બિલકુલ નહિ. અહીં કહે છે, ઇ અધ્યવસાય ભલે પર્યાય હોય પણ એને અમે પરદ્રવ્ય કહીએ છીએ. કર્મને લઈને થાય માટે પરદ્રવ્ય, એમ નહિ. શું કીધું? કર્મ નિમિત્ત છે માટે અધ્યવસાયને પરદ્રવ્ય કીધું એમ નહિ. એ અધ્યવસાયને પરદ્રવ્ય જ કીધું. સ્વદ્રવ્ય નહિ માટે પરદ્રવ્ય કીધું. આહાહા..! માણસને કેટલું યાદ રહે?

મુમુક્ષુ :- મોક્ષના વીતરાગી પરિણામ પણ પરદ્રવ્ય?

ઉત્તર :- એ એક ન્યાયે પરદ્રવ્ય કહેવાય. બપોરે આવશે. 'નિયમસાર' ની ૫૦ મી ગાથામાં નિર્મળ પર્યાય જે મોક્ષનો માર્ગ, તેને પરદ્રવ્ય કીધું છે. અરે..! ત્યાં તો મોક્ષને પરતત્ત્વ

કીધું છે. 'નિયમસાર'. 'શુદ્ધભાવ અધિકાર' છે ને? આહાહા..! ૩૮ ગાથા. (૫૪ શ્લોક). 'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે, જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...' સર્વ તત્ત્વ. 'કારણપરમાત્મા તે ખરેખર 'આત્મા' છે. અતિ-આસન્ન ભવ્યજીવોને એવા નિજ પરમાત્મા સિવાય (બીજું) કાંઈ ઉપાદેય નથી.' આહાહા..! ૫૦ મી ગાથામાં કીધું એ પરદ્રવ્ય છે. આહાહા..!

૫૦ (ગાથા) જુઓ! 'જે કોઈ વિભાવગુણપર્યાયો છે તેઓ પૂર્વે (૪૯ મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે (શુદ્ધનિશ્ચયનયે) તેઓ હેય છે. શા કારણથી? કારણ કે તેઓ પરસ્વભાવો છે, અને તેથી જ પરદ્રવ્ય છે.' આ સંસ્કૃત ટીકા છે. ૫૦ મી ગાથા. ૩૮ મી ગાથામાં પણ મોક્ષતત્ત્વને અને સંવરતત્ત્વને નાશવાન કીધા. એક સમયની પર્યાય છે તેથી નાશવાન કીધા. અહીં અધ્યવસાયને જીવ કીધો. એ હજી હવે આવશે, અત્યારે ના પાડી (પણ) પછી આવશે. કઈ અપેક્ષા છે? છે?

કહે છે, કે 'શુદ્ધનિશ્ચયનયના બળે...' એક આત્મા સિવાય બધા હેય છે. શા કારણથી? 'કારણ કે તેઓ પરસ્વભાવો છે, અને તેથી જ પરદ્રવ્ય છે.' રાગ છે એ પરદ્રવ્ય છે. હજારો શાસ્ત્રો જોયેલા. (સંવત) ૧૯૬૪ ની સાલથી છે. ૧૯૬૪ ની સાલ. કેટલા વર્ષ થયા? ત્યારથી 'દશવૈકાલિક', 'ઉત્તરાધ્યયન', 'આચારાંગ', 'સૂયગડાંગ', 'અધ્યાત્મ કલ્પદ્રૂમ' બધા ત્યાં દુકાને વાંચેલા. પિતાજીની ઘરની દુકાન હતી. અત્યારે દુકાન છે ને! હવે નામ કાઢી નાખ્યું. 'ખુશાલભાઈ' નીકળી ગયા ને. 'ખુશાલભાઈ'એ પોતે દુકાન છોડી દીધી. અમારા મોટાભાઈ હતા. પિતાજી ગુજરી ગયા એટલે હું ગોઠવાણો. મેં દીક્ષા લીધી એટલે મારાથી નાનો ભાઈ ગોઠવાણો. નાનો ભાઈ ગુજરી ગયો એટલે મોટા ભાઈ બીજી મોટી દુકાન હતી તેમાંથી નીકળી દુકાને ત્યાં બેઠા. પછી પોતે દુકાન છોડી દીધી, પછી અહીં રહેતા. અહીં ગુજરી ગયા. આહાહા..! મારે તો ઇ કહેવું છે, દુકાન ઉપર, ધંધા ઉપર હું તો વાંચતો. 'આચારાંગ', 'સૂયગડાંગ' 'ઠાણાંગ' બધું. આહાહા..! પૂર્વના સંસ્કાર હતા ને! એટલે નાની ઉંમરમાં બીજી કાંઈ બહુ સૂઝ પડતી નહોતી, આમાં અંદર સૂઝ પડતી.

અહીં કહે છે કે, અધ્યવસાય પરદ્રવ્ય છે. અહીં ૫૦ (ગાથામાં) કીધું, મોક્ષની પર્યાય પણ પરદ્રવ્ય છે, અરે...! મોક્ષ પણ પરદ્રવ્ય છે. કઈ અપેક્ષાએ (કીધું એ) જાણવું જોઈએ. આહાહા..! નિવૃત્તિ લઈને, દરરોજ બે-ચાર કલાક તો નિવૃત્તિ લેવી જોઈએ. આ અવતાર ચાલ્યો જશે.

મુમુક્ષુ :– એક કલાક તો આપની સાંભળીએ છીએ.

ઉત્તર :– એક કલાકમાં શું વળે? પાછું એનું મનન, મંથન (માટે) બે-ચાર કલાક બીજા જોઈએ. આહાહા..!

અહીં કહે છે, અધ્યવસાય પરદ્રવ્ય છે. આમાં ને આમાં પાછું આવશે, અધ્યવસાય જીવ છે. કઈ અપેક્ષાએ કીધું? અધ્યવસાય એનું સ્વરૂપ નથી માટે તેને પરદ્રવ્ય કીધું. પણ એની પર્યાયમાં છે, પરને લઈને નથી માટે એને જીવના કીધા. આહાહા..!

'આ રીતે જ્ઞાનનો સમસ્ત પરદ્રવ્યો સાથે...' સમસ્ત પરદ્રવ્ય. ત્રણલોકના નાથને અને આ આત્માને બિલકુલ ભિન્નતા છે. આહાહા..! તીર્થંકરના આત્માને... સિદ્ધ ભગવાન ત્યાં એક ક્ષેત્રમાં અત્યારે અનંતા ભેગા છે. છતાં દરેક દરેક ભિન્ન છે. જ્યાં સિદ્ધ ભગવાન બિરાજે છે તેના પેટમાં અનંતા નિગોદ જીવ છે. પેટ તો ન્યાં ક્યાં છે? ન્યાં તો આત્મા છે. એની પહોળાઈમાં (ક્ષેત્રની વાત છે), જ્યાં સિદ્ધ ભગવાન બિરાજે છે, એની પહોળાઈમાં અંદરમાં અનંતા નિગોદ છે, જ્યાં સિદ્ધ ભગવાન છે ત્યાં અનંતા નિગોદ છે. આહાહા..! આવી વાતું છે.

'નિશ્ચયસાધિત દેખવો..' એ ચીજને અને આત્માને જુદી જોવી જોઈએ. '(અર્થાત્ નિશ્ચય વડે સિદ્ધ થયેલો સમજવો-અનુભવવો).'

'હવે, જીવ જ એક જ્ઞાન છે,...' જીવ જ એક જ્ઞાન છે. 'કારણ કે જીવ ચેતન છે; માટે જ્ઞાનને અને જીવને અવ્યતિરેક (-અભિન્નતા) છે.' જુદાઈ નથી. આહાહા..! જ્ઞાન ગુણ છે, જીવ ગુણી છે એને કાંઈ પ્રદેશભેદ નથી. નામભેદ છે. લક્ષણભેદ છે, પ્રયોજનભેદ છે. અરે... કેટલું! કોને? જ્ઞાન અને આત્મા બે વસ્તુ એક છે છતાં બેના નામ જુદા, લક્ષણ જુદા, પ્રયોજન જુદા, છતાં દ્રવ્ય એક છે. આહાહા..! કેટલું યાદ રહે આમાં માણસને?

'જ્ઞાનને અને જીવને અવ્યતિરેક (-અભિન્નતા) છે. વળી જ્ઞાનનો જીવની સાથે વ્યતિરેક જરા પણ શંકનીય નથી...' જ્ઞાન અને જીવની સાથે વ્યતિરેક એટલે જુદાઈ કિંચિત્ માત્ર પણ શંકા કરવાયોગ્ય નથી. નામ જુદું છે ને? જ્ઞાન, આ જીવ. કિંચિત્માત્ર શંકા કરવી નહિ કે, એ જુદા છે. આહાહા..! પછી એક ઠેકાણે કહેશે કે, ગુણ અને ગુણીના નામ ભેદે, લક્ષણ ભેદે, પ્રયોજન ભેદે ભેદ છે છતાં પ્રદેશ ભેદે ભેદ નથી. આરે! આહા..! અલૌકિક માર્ગ છે, બાપુ! વીતરાગ માર્ગ.. આહા..! સર્વજ્ઞ ત્રિલોકનાથના મુખમાંથી મહાવિદેહમાં દિવ્યધ્વનિ નીકળે છે એ અલૌકિક વાતું નીકળે છે. આહાહા..! છ ખંડના ધણી ચક્રવર્તી..

મુમુક્ષુ :- આપ ફરમાવો છે એ અલૌકિક વાત છે.

ઉત્તર :- આ તો એમનું કહેલું કહીએ છીએ. આહાહા..! વાત તો એવી છે. આહાહા..! ઓહોહો..! કઈ અપેક્ષાએ પરદ્રવ્ય, કઈ અપેક્ષાએ સ્વદ્રવ્ય, કઈ અપેક્ષાએ પર્યાય, કઈ અપેક્ષાએ અધ્યવસાન. મોક્ષનું કારણ પણ અધ્યવસાય, રાગને પણ અધ્યવસાય (કહે). આહાહા..! જે જે સ્થાને તેની જરૂર હોય તે તે ગોઠવે.

અહીં કહ્યું, '(જ્ઞાનની જીવથી ભિન્નતા હશે એમ જરાય શંકા કરવાયોગ્ય નથી), કારણ કે જીવ પોતે જ જ્ઞાન છે.' શું કહ્યું? ભગવાન આત્મા જીવ પોતે જ જ્ઞાન છે. ઠીક! જ્ઞાનસ્વરૂપી

ચૈતન્યબિંબ સૂર્ય, ચૈતન્યસૂર્ય ભગવાન અંદર છે. આહાહા..! નિશાળમાં આ કાંઈ હોય નહિ. મેટ્રિકમાં જાય ને મોટા.. ધર્મના ગામમાં જાય તોપણ મળે એવું નથી. આહાહા..!

એક કોર એમ કહે કે, મોક્ષ પરદ્રવ્ય છે. એક સમયની પર્યાય (છે) અને (દ્રવ્ય) ત્રિકાળ છે એ અપેક્ષાએ. આહાહા..! એક બાજુ (કહે), અધ્યવસાય છે એ જીવ છે, જીવથી જુદો નથી. એક કોર અહીંયા કહે કે, અધ્યવસાય જીવ નહિ. જીવ છે તે હવે આવશે.

જીવ સ્વયં જ જ્ઞાન છે. '(જ્ઞાન જીવથી અભિન્ન) હોવાથી, જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ છે,...' આહાહા..! દેખો હવે! આત્મા જ સમ્યગ્દષ્ટિ, જ્ઞાન છે એ જ સમ્યગ્દર્શન છે. આહાહા..! 'જ્ઞાન જ સંયમ છે,...' આત્માનું જ્ઞાન છે એ જ સંયમ છે. સંયમ કોઈ ક્રિયાકાંડ નથી. આહાહા..! 'જ્ઞાન જ અંગપૂર્વરૂપ સૂત્ર છે,...' એ શું કહ્યું? અક્ષરો ને પાના ને પુસ્તક એ જ્ઞાન નથી. જ્ઞાન તો અંગપૂર્વરૂપ સૂત્ર (છે). આહાહા..! અંગપૂર્વસૂત્રનું જે જ્ઞાન ઉઘડ્યું છે એ આત્મા છે. આ પાના તો જડ છે. આહાહા..!

'જ્ઞાન જ અંગપૂર્વરૂપ સૂત્ર છે,...' અંગ ને પૂર્વ ને શાસ્ત્રના જે શબ્દો એ નહિ. અંતરનું જે અહીં ઉઘડેલું જ્ઞાન એને અંગ જ્ઞાન, સૂત્ર જ્ઞાન, પૂર્વ જ્ઞાન, બાર અંગનું જ્ઞાન જે કહો તે અહીંયા છે. આહાહા..! હવે આવ્યું.

'જ્ઞાન જ ધર્મ-અધર્મ...' લ્યો, ઠીક! ધર્મ-અધર્મ એટલે શુભ-અશુભભાવ. પહેલા ના પાડી. અહીં કોઈ એકાંત લઈ જાય (તેની સામે વાત કરી). અધ્યવસાય એ પુણ્ય-પાપના ભાવ જડ છે અને જડથી થાય છે એમ કોઈ એકાંત લઈ જાય એ માટે અહીં કહ્યું કે, જ્ઞાન એટલે આત્મા. આત્મા જ પોતે ધર્મ અને અધર્મ છે. ધર્મ-અધર્મ એટલે પુણ્ય અને પાપ. આહાહા..! કેટલો ફેરફાર આવ્યો! કઈ કઈ અપેક્ષાએ?

પહેલા અધ્યવસાયને પરદ્રવ્ય કીધું, પહેલા અધ્યવસાયને જ્ઞાનથી જુદા કીધા. બે વાત આવી ગઈ. જ્ઞાન અને અધ્યવસાય જુદા. આત્મા અને અધ્યવસાય પરદ્રવ્ય. અહીં કહે છે, જીવ જ પોતે, જ્ઞાન જ પોતે ધર્મ અને અધર્મ છે. શુભ અને અશુભભાવ પોતે જ્ઞાન એટલે આત્માના છે. ધર્મ-અધર્મ એટલે આ, હોં! પુણ્ય અને પાપ. પેલા ધર્માસ્તિ, અધર્માસ્તિ નહિ. અહીં ધર્મ-અધર્મનો અર્થ ધર્માસ્તિ-અધર્માસ્તિ નહિ. અહીં પુણ્યને ધર્મ કહ્યો છે. વ્યવહાર. પાપ. પુણ્ય ને પાપ બેય જ્ઞાન જ છે. એ આત્મામાં છે, આત્માથી જુદા નથી. આહાહા..! આની પહેલા કીધું કે, અધ્યવસાય અને જ્ઞાન જુદા છે, અહીં કહે કે, જ્ઞાન અને અધ્યવસાય શુભ-અશુભભાવ એક છે. આહાહા..! એની પર્યાય છે ને? એનામાં થાય છે ને? છે? આહાહા..!

જ્ઞાન જ પુણ્ય અને પાપ, આહાહા..! શુભ અને અશુભભાવ. એ આત્માની પર્યાય છે. પર્યાય છે માટે તેને આત્મા કહ્યો. તેથી તેને જ્ઞાન કહ્યું. 'જ્ઞાન જ પ્રવ્રજ્યા...' દીક્ષા એ જ્ઞાન છે. લુગડાં ફેરવવા ને નાગા રહેવું એ કંઈ દીક્ષા નથી. છે કે નહિ? 'જ્ઞાન જ પ્રવ્રજ્યા (દીક્ષા, નિશ્ચયચારિત્ર) છે...' અંતર જ્ઞાન–આત્મા, જ્ઞાનમાં રમણતામાં સ્થિર થાય

તે જ્ઞાન તે ચારિત્ર તે આત્મા છે. આહાહા..! પંચ મહાવ્રત આદિ પરિણામ તે ચારિત્ર નહિ. આહાહા..!

જ્ઞાન.. આહાહા..! 'પ્રવ્રજ્યા (દીક્ષા, નિશ્ચયચારિત્ર) છે,...' આહાહા..! એક બાજુ એમ કહ્યું કે, જ્ઞાન તે શુભાશુભભાવ છે અને ત્યાં જ પાછું કહ્યું કે, જ્ઞાન તે પ્રવ્રજ્યા છે. એ પ્રવ્રજ્યા છે તે ચારિત્ર વીતરાગભાવ છે અને શુભાશુભભાવ છે તે રાગભાવ છે. સમજાય છે કાંઈ? શુભ અને અશુભભાવ તે રાગ છે. એને અહીં આત્મા કહ્યો. અને શુભાશુભ રહિત ચારિત્ર જે છે તે વીતરાગ છે એને પણ આત્મા કહ્યો. આહાહા..! આજે ચોમાસાનો પહેલો દિવસ છે ને? અષાઢ સુદ પુનમ. આજે ચોમાસુ બેઠું. આહાહા..!

મુમુક્ષુ :- આજે ગુરુપૂર્ણિમા છે.

ઉત્તર :- હા. ઇ વાત સાચી. અન્યમતિમાં કહે.

'એમ જ્ઞાનનો જીવપર્યાયોની સાથે પણ અવ્યતિરેક...' જુઓ! પાછું અહીં કહ્યું. અધ્યવસાય, દીક્ષા, પુણ્ય-પાપ એ જીવના પર્યાયો છે. કહ્યું? આહાહા..! એક બાજુ અધ્યવસાયને જ્ઞાનથી જુદા કીધા, એક બાજુ અધ્યવસાયને પરદ્રવ્ય કીધું, એક બાજુ અધ્યવસાયને જીવની પર્યાય કીધી. આહાહા..! અને એક બાજુ અધ્યવસાયને જીવ કહ્યા. આહાહા..! સમજાય છે કાંઈ? કઈ અપેક્ષા છે? આ તો સર્વજ્ઞ ભગવાને જ્ઞાનમાં જે જોયું છે, જેવું જોયું એવું કહ્યું છે એની અપેક્ષા એણે સમજવી જોઈએ. એમાં એકાંત તાણે કે અધ્યવસાય જડ જ છે, એમ પણ નહિ. તેમ અધ્યવસાય આત્મા જ છે, એમ પણ નહિ. તેમ અધ્યવસાય સંસારને લાગુ પડે, મોક્ષમાર્ગને લાગુ નથી પડતો, એમ પણ નહિ. એ નિર્મળ પરિણામને અધ્યવસાય કહ્યા. આહાહા..!

'જ્ઞાનની જીવથી ભિન્નતા હશે એમ જરાય શંકા કરવાયોગ્ય નથી),...' આહાહા..! 'જ્ઞાન જ પ્રવ્રજ્યા... જ્ઞાનનો જીવપર્યાયોની સાથે પણ અવ્યતિરેક નિશ્ચયસાધિત દેખવો...' જીવને એની પર્યાય સાથે અભિન્ન જોવો. સમજાણું કાંઈ? એની પર્યાય મલિન કે અમલિન, જીવના છે માટે જીવના જાણવા. આહાહા..! એક કોર પુણ્યને સંસારનું ઘોર કારણ કહે. અને એક કોર અહીંયા કહે છે કે, પુણ્ય એ તો જીવ છે. આ તો સ્યાદ્વાદનો માર્ગ છે. કઈ અપેક્ષાએ કહે છે? જે અપેક્ષાએ કહે છે તે અપેક્ષાએ બરાબર છે. આહાહા..!

પહેલા પરદ્રવ્ય કીધું, પહેલા અધ્યવસાય જીવથી જુદા કીધા, પછી એને પરદ્રવ્ય કીધું, પછી એને અહીં જીવ કીધા. કીધા ને શુભાશુભભાવ? અને અહીં પાછી એની જીવની પર્યાય કીધી. આહાહા..! આ પ્રકારે 'આમ જ્ઞાનનો...' એટલે આત્માનો 'જીવપર્યાયોની સાથે...' આહાહા..! બધી એની પર્યાયો છે. આહાહા..! શુભ-અશુભ એ પર્યાય છે. જ્ઞાન, દર્શન ને આનંદની પર્યાય તો છે પણ આ શુભાશુભભાવ પણ એની પર્યાય છે. આહાહા..! 'જીવપર્યાયોની સાથે પણ અવ્યતિરેક નિશ્ચયસાધિત દેખવો...' નિશ્ચયે એક છે એમ જાણવું. આહાહા..! કેટલા

ભેદ પડ્યા?

મુમુક્ષુ :– ઘણા પડખેથી તો ઘણા વિકલ્પો ઉપજે છે તો અનુભવ ક્યારે કરે?

ઉત્તર :– પહેલા જાણપણું તો કરે. જાણપણામાં ગોટા ઉઠાવે તો એમાં કાંઈ ન સમજાય તો ક્યાંથી અંદર જાય? કોઈ અધ્યવસાનને એકલો જડ જ કહે, એને ને આત્માને કાંઈ સંબંધ નથી. અને કોઈ અધ્યવસાયને ચેતન કહે તો ચેતનની જેમ કાયમ રહેવા જોઈએ, આ કાયમ રહેતા નથી. આહાહા..! પહેલા જાણપણું હજુ કર્યા વિના એકાગ્ર થાશે ક્યાંથી? અવળી શ્રદ્ધા રાખશે, ઊંધી શ્રદ્ધા રાખશે તો અંદર ક્યાંથી જશે? જેવી વસ્તુ છે તેવું એને જાણવું તો કરવું પડે કે નહિ? આહાહા..! કેટલો ભેદ આવ્યો? આહાહા..!

'હવે, એ પ્રમાણે સર્વ પરદ્રવ્યો સાથે વ્યતિરેક વડે...' પરથી જુદા દ્વારા 'અને સર્વ દર્શનાદિ જીવસ્વભાવો સાથે અવ્યતિરેક વડે...' આત્માને પોતાના ગુણથી અભિન્નતા છે એમ લેવું. પરદ્રવ્યો સાથે જુદાઈ છે અને સર્વદર્શન આદિ જીવસ્વભાવ, પોતાનો દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ એ જીવસ્વભાવો સાથે જુદાઈ નથી. એમ કહીને 'અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિને દૂર કરતું થકું,...' એ બે દોષ છે. 'અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિને દૂર કરતું થકું,...' આહાહા..! જ્ઞાનને અને રાગને એક કહે તો કહે છે કે, અતિવ્યાપ્તિ છે. કેમકે એ જુદી ચીજની અપેક્ષાએ. એક અપેક્ષાએ રાગ એની પર્યાયમાં થાય છે એને ના પાડે કે કર્મને લઈને થાય છે તો પણ અતિવ્યાપ્તિ દોષ છે. આહાહા..! આ તો બહુ ઝીણા બોલ આવ્યા.

'એ પ્રમાણે સર્વ પરદ્રવ્યો સાથે વ્યતિરેક વડે અને સર્વ દર્શનાદિ જીવસ્વભાવો સાથે...' પોતાના જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણો, એની સાથે અભિન્નતા દ્વારા 'અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિને દૂર કરતું થકું, (આહાહા..!) અનાદિ વિભ્રમ જેનું મૂળ છે...' હવે ત્રીજી વાત (કરે છે). જેને શુભાશુભભાવને જીવ કહ્યા હતા, જેને શુભાશુભભાવને જ્ઞાનથી જુદા કહ્યા હતા, જીવથી શુભાશુભભાવ પરદ્રવ્ય કહ્યા હતા, જીવની શુભાશુભ પર્યાયને જીવની કહી હતી, આહાહા..! હવે અહીં કહે છે, 'અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા ધર્મ-અધર્મ...' આહાહા..! પાછું આવ્યું. શુભ અને અશુભભાવ અનાદિ ભ્રમ છે. 'અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા...' શુભ અને અશુભભાવ. આહાહા..! એક કોર શુભાશુભ ભાવ જીવ કહ્યા, એક કોર શુભાશુભ ભાવ પરદ્રવ્ય કહ્યા, એક કોર શુભાશુભ ભાવ જીવની પર્યાય કહી, અહીં કહે છે કે, શુભાશુભ ભાવ વિભ્રમનું મૂળ છે. તેમ ભગવાન આનંદકંદ પ્રભુ અને આ શુભાશુભ ભાવ બેયને ક્યાંય મેળ નથી. આ દુઃખ છે, પ્રભુ આનંદ છે, આ આકુળતા છે, પ્રભુ અનાકુળ છે, પુણ્ય-પાપ અજીવ છે, ચૈતન્ય જીવ છે, આ જડ છે, આ આત્મા છે. આહાહા..! અજાણ્યાને આકરું લાગે (કેમ કે) અભ્યાસ ન હોય. આહાહા..!

કહે છે કે, 'અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા ધર્મ-અધર્મરૂપ પરસમયને દૂર કરીને,...' લ્યો! આહાહા..! કહે છે, એ પુણ્ય ને પાપને ભલે જીવની પર્યાય કીધી, જીવ કહ્યો, જીવથી

જુદા કહ્યા, જીવદ્રવ્ય કીધું પણ જીવ ચૈતન્યરૂપ આનંદનો નાથ પ્રભુ, એમાં પુણ્ય અને પાપ વિભ્રમ છે, ભ્રમણા ઉપજાવે કે આ આત્માની સાથે રહેનાર છે. આહાહા..! એ શુભાશુભ ભાવ જેનું મૂળ છે એવું પુણ્ય-પાપ.. આહાહા..! એવા 'પરસમયને દૂર કરીને,...' લ્યો! એવા જે પુણ્ય અને પાપ ભાવ દુઃખરૂપ છે, પરસમય છે, પરદ્રવ્ય છે એમ જુદા જાણીને તેને દૂર કરવા. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૪૪૫ ગાથા-૩૯૦ થી ૪૦૪ સોમવાર, અષાઢ વદ ૧, તા.૨૮-૦૭-૧૯૮૦

આજ ભગવાનની દિવ્યધ્વનિનો દિવસ છે. શ્રાવણ વદ ૧. સિદ્ધાંતની શ્રાવણ વદ ૧ છે. આજે ભગવાને પ્રરૂપણા કરી. ભાવશ્રુતજ્ઞાનની પ્રરૂપણા કરી. બીજા ચાર જ્ઞાનની પ્રરૂપણા હોઈ શકે નહિ, કેવળજ્ઞાનની પણ પ્રરૂપણા હોઈ શકે નહિ. ભાવશ્રુતજ્ઞાનની પ્રરૂપણા કરી એમાં બધું આવી ગયું. શું કહ્યું? ભગવાન તીર્થંકરદેવ કેવળજ્ઞાન પામ્યા ત્યારે નવ તત્ત્વ ગર્ભિત દિવ્યધ્વનિ એ ભાવશ્રુતજ્ઞાન દ્વારા પ્રરૂપણા કરી. કેવળજ્ઞાનની (પ્રરૂપણા) ભાવશ્રુત દ્વારા કરી. સમજાય છે કાંઈ? કેમ કે એમના શબ્દોમાં ભાવ શું હતા એ ભાવ આવતા. એટલે ભાવશ્રુત(ની પ્રરૂપણા આવતી) અને સાંભળનાર ગણધરને ભાવશ્રુતજ્ઞાન થતું. સાંભળનારને ભાવશ્રુતજ્ઞાન થતું. તેથી ભગવાન પણ ભાવશ્રુતજ્ઞાન કહેતા. આહાહા..! પરમાત્મા કેવળજ્ઞાનથી કે મનઃપર્યય જ્ઞાનથી વાત નથી કરતા.

આમાં પાઠ છે. ભાવશ્રુતનો ઉપદેશ આપ્યો. 'ષટ્ખંડાગમ' નો પહેલો ભાગ છે એમાં છે. ભગવાને ભાવશ્રુતજ્ઞાનનો ઉપદેશ આપ્યો અને તે ભાવશ્રુતમાં નવતત્ત્વ ગર્ભિત, એમ લખ્યું છે. નવતત્ત્વ ગર્ભિત નવ પ્રકારના પદાર્થોથી ગર્ભિત દિવ્યધ્વનિ. બે વાત થઈ. એક તો ભગવાન કેવળજ્ઞાન પામ્યા તો કેવળજ્ઞાનની પ્રરૂપણા શી રીતે થાય? જે વાણી નીકળે એ તો જડ છે તો એને દ્રવ્ય કહેવાય. તો એમાં ભરેલો ભાવ જે ભગવાનને કહેવો છે એ ભાવ ભાવશ્રુતજ્ઞાન છે. એટલે પરમાત્મા જે તીર્થંકરો થાય, અનંતા થયા એ બધાએ ભાવશ્રુતજ્ઞાનની પ્રરૂપણા કરી છે. સમજાય છે કાંઈ?

'ષટ્ખંડાગમ' ના પહેલા (ભાગમાં) એ લેખ છે. ભાવશ્રુતજ્ઞાન. એના બે કારણ છે. એક તે કેવળજ્ઞાન છે એ કહેવાય નહિ. ભાવશ્રુતમાં બધું આવી જાય છે. ભાવશ્રુતજ્ઞાનમાં કેવળજ્ઞાન, નવ તત્ત્વો આદિ બધું આવી જાય છે. એક વાત. અને બીજું, સાંભળનાર ગણધરને ભાવશ્રુતજ્ઞાન થાય છે. એ પછી દ્રવ્યશ્રુત રચે છે. પણ એ ભાવશ્રુત થાય છે એટલે નિમિત્ત પણ ભાવશ્રુત છે. ગણધરને ભાવશ્રુત થાય અને નિમિત્ત કેવળજ્ઞાન હોય એમ ન હોય. સમજાય છે કાંઈ?

ભગવાનને કેવળજ્ઞાન થયું પણ પ્રરૂપણા તો ભાવશ્રુતજ્ઞાન દ્વારા જ કરી. એક તો નવ-તત્ત્વ ગર્ભિત દિવ્યધ્વનિ અને સાંભળનારને ભાવશ્રુત(જ્ઞાન) થાય છે તેથી વાણી પણ દ્રવ્યશ્રુત કહેવાય અને એમાં ભાવ ભરેલા છે. ભાવ કહેવા માગે છે એ ભાવ (ભરેલા છે) તેથી એને ભાવશ્રુત (કહેવામાં આવે છે). આજે શ્રાવણ વદ ૧. શ્રાવણ વદ ૧ ભગવાનની દિવ્યધ્વનિ નીકળી અને તે દિ' તીર્થ સ્થપાણું. આજના દિવસથી તીર્થ સ્થપાણું. એ અંદર આવે છે.

ભાવશ્રુતરૂપ પર્યાયથી પરિણમીત એ 'ઇન્દ્રભૂતિ' એ બાર અંગ અને ચૌદ પૂર્વની એક મુહૂર્તમાં ક્રમથી રચના કરી. ભગવાનનો ઉપદેશ ભાવશ્રુત દ્વારા આવ્યો એ 'ગૌતમ' ગણધરે અંતર્મુહૂર્તમાં બાર અંગ અને ચૌદ પૂર્વની રચના કરી. આહાહા..! દ્રવ્યશ્રુતની. બાર અંગ અને નવ પૂર્વ. પૂર્વ તો બાર અંગની અંદર ભાગ આવી જાય. એની રચના આ દિવસે કરી. આ શ્રાવણ વદ ૧. શ્રાવણ વદ ૧ મે ભાવશ્રુતની પ્રરૂપણા થઈ, ભાવશ્રુતજ્ઞાન ગણધરને થયું, દ્રવ્યશ્રુતની રચના કરી અને ભાવશ્રુતમાં નવતત્ત્વ ગર્ભિત વાણી નીકળી અને તીર્થની ઉત્પત્તિ આજથી થઈ. સમજાણું કાંઈ? એ આજે દિવસ છે. શ્રાવણ વદ ૧. બાકી તો આમાં ઘણી વાત છે. પહેલો ભાગ છે એ વ્યાખ્યાનમાં વંચાઈ ગયો છે. આખો ભાગ વંચાઈ ગયો છે.

અહીં તો એટલું કહેવું હતું કે, ભગવાનને ભાવશ્રુતજ્ઞાન જ નથી. છતાં ભાવશ્રુતની પ્રરૂપણા કરી, એટલે? વાણી આવી તે દ્રવ્યશ્રુત છે તો વાણીમાં ભાવશ્રુત કહેવું છે. વાણીમાં કેવળજ્ઞાન કહેવાય નહિ. આહાહા..! ભાવશ્રુતમાં પછી બધું આવે. કેવળજ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોકના બધા પદાર્થ (ઝળકે છે), એ ભાવશ્રુતજ્ઞાનમાં આવે. પ્રરૂપણા કેવળજ્ઞાનની ન થાય. આહાહા..! ખૂબી તો એકે, જણાણો પૂર્ણ, નીકળી વાણી ભાવશ્રુત.. આહાહા..! અને રચના કરનારને પણ ભાવશ્રુતમાં નિમિત્ત થયું ને? એથી એને ભાવશ્રુત પણ કહ્યું અને ભાવશ્રુતમાં પરિણમીને પરિણમીને દ્રવ્યશ્રુત અંતર્મુહૂર્તમાં બાર અંગ અને નવ પૂર્વની રચના કરી. આહાહા..! ગજબ છે! નવ પૂર્વ અને બાર અંગની અંતર્મુહૂર્તમાં ગણધર (રચના કરે). સૂત્ર, હોં! દ્રવ્યસૂત્ર. ભાવ તો પરિણમે છે, ભાવ તો અંદર પરિણમી ગયો છે પણ વાણીની રચના (કરી).

કોઈને અભિમાન થાય કે અમે આમ જાણીએ છીએ ને આમ જાણીએ છીએ. બાપુ! આહાહા..! એ ગણધરને એક અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરવાની તાકાત છે. આહાહા..! ભગવાનની વાત તો જુદી, એ તો કેવળજ્ઞાની પરમાત્મા છે પણ એની વાણીમાં પણ ભાવશ્રુત આવે છે અને સાંભળનારને ભાવશ્રુત થાય છે અને સાંભળનાર ભાવશ્રુત દ્વારા બાર અંગ અને નવ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં ક્રમે કરે છે. એક સાથે નહિ. શું કીધું? એક સાથે તો નીકળી શકે નહિ. તેથી 'ક્રમ' શબ્દ પડ્યો છે. ક્રમે.. ક્રમે. એ રચના ક્રમે કરી છે છતાં અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના થઈ ગઈ છે. આહાહા..! એટલી આત્મામાં તાકાત છે કે કેવળજ્ઞાન ન હોય તોપણ ભાવશ્રુતજ્ઞાન દ્વારા ક્રમે, એક સમયે નહિ, એક સમયમાં ન કરે, 'ક્રમે' શબ્દ છે. ક્રમે રચના કરતા. બાર અંગની અંતર્મુહૂર્તમાં ક્રમે રચના કરતા અંતર્મુહૂર્ત

જોયું. આહાહા..! વાત બધી અલૌકિક છે.

વીતરાગ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા, એનો આજે તીર્થ દિવસ છે. આજે જ્યારે વાણી ભરતક્ષેત્રમાં વિપુલાચલ પર્વત ઉપર નીકળી હશે... આહાહા..! ગણધર સાંભળે. અનંતકાળમાં નહિ થયેલું ભાવશ્રુત ગણધરને થયું. એ વાણીથી થયું ને? એની યોગ્યતાથી થયું. વાણી તો નિમિત્ત (છે). એની યોગ્યતા જ બાર અંગની પ્રાપ્તિ થવાની (હતી) અને અંતર્મુહૂર્તમાં બાર અંગની રચવાની (યોગ્યતા હતી). આહાહા..! ગજબ વાત છે. કોનો ભાર છે! ગણધર સિવાય બાર અંગની રચના અંતર્મુહૂર્તમાં કરે! આહાહા..! કઈ રીતે સૂત્ર-દ્રવ્યસૂત્ર રચાણું. સાધારણ પ્રાણીને બે-ચાર પુસ્તક કરતા આવડ્યા ત્યાં એને એમ થઈ જાય કે મેં ઘણું કર્યું. અરે..! પ્રભુ! તારામાં શક્તિ ઘણી છે. તું એમ હિણી શક્તિમાં (તને) માની ન બેસ. આહાહા..! ગણધરે બાર અંગની રચના અંતર્મુહૂર્તમાં (કરી). ભલે થઈ ક્રમે, થાય તો અસંખ્ય સમયે ને? પણ અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના! આહાહા.! છદ્મસ્થમાં પણ આટલી લબ્ધિની તાકાત! એ આજનો દિવસ છે. એ દિવસ સ્થાપ્યો.

હવે આપણે આ (ચાલતો) અધિકાર. અહીં આ આવી ગયું છે. ફરીને લઈએ. 'કારણ કે જીવ પોતે જ જ્ઞાન છે.' (હિન્દીમાં) પહેલી લીટી છે. 'જીવ પોતે જ જ્ઞાન છે.' આહાહા..! જ્ઞાન કંઈ લાવવું પડતું નથી. એ પોતે જ્ઞાનનો પિંડ જ છે. આહાહા..! ભગવાન આત્મા... આહાહા..! અરે..! એની કિંમત કરતાં મોટા માંધાતાના ગર્વ ઊતરી જાય. ભાવશ્રુતવાળો અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરે! આહાહા..! પચીસ-પચાસ લાખ, કરોડ અક્ષરોથી કાંઈક બનાવે એની ગણતરી ક્યાં હતી? આહાહા..! એવી આત્મામાં તાકાત છે. નિમિત્ત થવાની. દ્રવ્યશ્રુતમાં તો નિમિત્ત થવાની (તાકાત છે). વાણીમાં અંતર્મુહૂર્તમાં એટલી રચના થઈ જાય.. આહાહા..! કે કાંઈ બાકી ન રહે. કેમકે ભગવાને પણ ભાવશ્રુત દ્વારા પ્રરૂપણા કરી અને એ બાર અંગમાં પણ ભાવશ્રુતનું પરિપૂર્ણ સ્વરૂપ આવ્યું. આહાહા..! છે? આત્માની અંદર તાકાત કેટલી છે! આહાહા..! આત્માની એક પર્યાયમાં તાકાત કેટલી છે!!

અહીં હવે એ આવ્યું. 'આ પ્રમાણે (જ્ઞાન જીવથી અભિન્ન) હોવાથી, જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ છે,...' છે? જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ છે. આહાહા..! જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ છે. આમ બન્ને ગુણ જુદા છે. આહાહા..! જ્ઞાનસ્વરૂપ પ્રભુ અંદર, ચૈતન્યના પ્રકાશનો ચંદ્ર આખો, એકલો પ્રકાશનો ગોળો! આહાહા..! એ પોતે જ સમ્યગ્દર્શન છે. આહાહા..!

'જ્ઞાન જ સંયમ છે,...' એ જ્ઞાન જે ભાવજ્ઞાન થયું, ભગવાને પણ ભાવશ્રુતજ્ઞાન કહ્યું અને અહીંયા જે ભાવશ્રુતજ્ઞાન થયું એ સંયમ છે. જ્ઞાન જ્ઞાનમાં સ્થિર થાય છે. છે? છે કે નહિ?

'જ્ઞાન જ અંગપૂર્વ...' એ જ્ઞાન એટલે આત્મા. એ ચૈતન્યસ્વરૂપ અંગ અને પૂર્વરૂપ છે. અગિયાર અંગ અને પૂર્વ... આહાહા..! એ તો વાણી (છે) પણ આ તો જ્ઞાન અંગ

અને પૂર્વ છે. ઓહોહો..! શું કહ્યું સમજાણું? જે અંગ અને પૂર્વની વાણી કહેવી એ તો દ્રવ્યશ્રુત છે પણ આ જે છે એ 'જ્ઞાન જ અંગપૂર્વરૂપ સૂત્ર છે,...' અંતર આત્મા પોતે જ અંગરૂપ અને સૂત્રજ્ઞાનરૂપ છે. આહાહા..! આત્માની અચિંત્ય મહિમા છે. એની કોઈ પણ મહિમાનો પાર ન મળે! એવા ભગવાનને સમજવા માટે પ્રયત્ન કર્યો નહિ. ભગવાનને મૂકીને બીજી બધી માંડી. આહાહા..!

કહે છે, 'જ્ઞાન જ અંગપૂર્વ...' એ રચના જે અંગ-પૂર્વની અંતર્મુહૂર્તમાં કરી એ નહિ. આ જ્ઞાન અંદર છે તે અંગ અને પૂર્વ છે. આહાહા..! ભગવાનની દિવ્યધ્વનિનો દિવસ છે ને! આહાહા..! એ અંગ અને પૂર્વ જે ગણધરને ઉઘડ્યો, રચના કરી ક્રમે અંતર્મુહૂર્તમાં. પ્રગટ્યું એક સમયમાં! આહાહા..! રચના કરી અંતર્મુહૂર્તમાં. પણ તે જ્ઞાન વાણી નહિ. પણ જે અંગ પૂર્વનું જ્ઞાન, જે ભાવ છે જ્ઞાન એ જ્ઞાન આત્મા છે. આહાહા..! અંગ અને પૂર્વનું જ્ઞાન એ જ્ઞાન છે, વાણી નથી, અક્ષર નથી. આહાહા..! એ રૂપે પરિણમેલો ભગવાન આત્મા અંગ અને પૂર્વના સૂત્રરૂપનું જ્ઞાન એ આત્મા છે. આહાહા..! આહાહા..! ગજબ વાત છે! આત્માની વાત સાંભળી લ્યે પણ એની ઊંડપ, એની ગંભીરતા.. આહાહા..!

જેણે રચના અંતર્મુહૂર્તમાં કરી એ જ્ઞાન કયું? વાણી તો વાણી છે, પણ જે જ્ઞાન અંદર હતું એ તો આત્મા છે, એ જ્ઞાન છે. એ કંઈ વાણી બોલાણી, લખાણી એ કંઈ જ્ઞાન નથી. આહાહા..! 'જ્ઞાન જ અંગપૂર્વરૂપ સૂત્ર છે,...' અંગ-પૂર્વનું જે સૂત્ર છે એ જ્ઞાન છે.

'જ્ઞાન જ ધર્મ-અધર્મ...' આહાહા..! અહીં આત્મા જુદો સિદ્ધ કરવો છે. આત્મા જ્ઞાન તે જ પુણ્ય અને પાપ. આહાહા..! બીજે ઠેકાણે એને અધર્મ પુદ્ગલ કહે, પુદ્ગલના પરિણામ જ કહે. પુણ્ય ને પાપ પુદ્ગલ છે, જડ છે, અચેતન છે. પર્યાય, હોં! અહીંયા કહે છે, એની પર્યાય છે. આહાહા..! એ કાંઈ જડના રજકણમાં નથી. શુભ અને અશુભ પર્યાય એ આત્મા છે. પાપના પરિણામ એ આત્મા છે, પુણ્યના પરિણામ એ આત્મા છે. એક બાજુ કહેવું કે, આત્મા પુણ્ય અને પાપથી જુદો (છે). (પુણ્ય-પાપ) એ અચેતન છે. પુણ્ય અને પાપ ભાવ તે જડ અચેતન છે. દુઃખરૂપ છે, જડ છે, અજીવ છે. આહાહા..! એ એનું વાસ્તવિક ત્રિકાળી સ્વરૂપ નથી એ અપેક્ષાએ (કહ્યું). અને આ એની પર્યાયમાં થાય છે એ અપેક્ષાએ પુણ્ય અને પાપ, ધર્મ અને અધર્મ (જીવના કહ્યા). અહીં પુણ્યને ધર્મ કીધો. શુભભાવ દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા શુભભાવ એ ધર્મ. ધર્મ એટલુ પુણ્ય. પુણ્ય એ પણ જીવની પર્યાય છે. આહાહા..! એ જીવની પર્યાય છે. અને પાપ પણ જીવની પર્યાય છે, અધર્મ.

'જ્ઞાન જ પ્રવ્રજ્યા...' આહાહા..! પ્રવ્રજ્યા નામ ચારિત્ર એ શું છે? કોઈ ક્રિયાકાંડ શરીરની ક્રિયા ચારિત્ર છે? કોઈ પંચ મહાવ્રતના પરિણામ એ ચારિત્ર છે? આહાહા..! વ્યવહાર સમિતિ, ગુપ્તિ એ ચારિત્ર છે? ના. જ્ઞાન પ્રવ્રજ્યા છે. જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું એ જ્ઞાન પ્રવ્રજ્યા (છે). આહાહા..! આણે દીક્ષા લીધી, પ્રવ્રજ્યા લીધી એમ જે કહેવાય એ જ્ઞાન અંદરમાં ઠર્યું એમ

કહેવું છે. દીક્ષા એટલે આ લુગડાં ફેરવ્યા એમ નહિ. પ્રવ્રજ્યા લીધી એટલે જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું. આહાહા..!

'જ્ઞાન જ પ્રવ્રજ્યા...' પાછું શબ્દ દરેકમાં શું વાપર્યો છે? 'જ'. દરેકમાં 'જ' વાપર્યો છે. છે ને? આહા..! જીવ પોતે જ જ્ઞાન છે, જ્ઞાન હોવાથી જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ છે. 'જ' (એટલે) નિશ્ચયથી. જ્ઞાન જ સંયમ છે, જ્ઞાન જ અંગપૂર્વરૂપ સૂત્ર છે,... આહાહા..! અને જ્ઞાન જ.. આહાહા..! એક કોર શુભ પરિણામને અને અશુભ પરિણામને પુદ્ગલ કહે. પુદ્ગલના પરિણામ કહી અને પુદ્ગલ કહે. અને બીજી વાત કે, પુણ્ય અને પાપ એ જીવ-આત્મા છે. જ્ઞાન એટલે આત્મા. આહાહા..! અપેક્ષાઓ, શું કથન છે? અહીંયા જેટલું એની સ્થિતિમાં બને છે એટલું એનું છે એમ સિદ્ધ કરવું છે. અને જ્યારે બીજી વાતમાં દૃષ્ટિની અપેક્ષા આવે (ત્યારે એમ કહે), જે નીકળી જાય છે એ એની ચીજ નહિ. આહાહા..! એ તો કર્મ વ્યાપક અને વિકાર વ્યાપ્ય (છે એમ કહે). આહાહા..! વ્યાપક એટલે કર્તા અને વ્યાપ્ય એટલે કાર્ય. એ કર્મનું કાર્ય, આત્માનું નહિ. એ આત્માનું કાર્ય નહિ. આહાહા..!

પુણ્ય અને પાપ.. કહ્યું? જ્ઞાન જ છે. આહાહા..! 'જ્ઞાન જ પ્રવ્રજ્યા છે,...' આહા..! કાલે અધ્યવસાય કહ્યું હતું ને? ભાઈ! અધ્યવસાય. આમાં ને આમાં અધ્યવસાયને પહેલા અજીવ કીધો, પછી અધ્યવસાયને જીવના પર્યાય કહ્યા અને એ અધ્યવસાય (મોક્ષમાર્ગ) દ્વારા મોક્ષ થાય છે.

મુમુક્ષુ :- એક જ ગાથામાં આમ ભિન્ન ભિન્ન કહેવાનું શું પ્રયોજન?

ઉત્તર :- કહ્યું ને, એની પર્યાયમાં પર્યાય એની છે ને એ માટે. પણ છતાં નીકળી જાય છે માટે એ બેય વાત સાથે રાખી. અધ્યવસાયને મોક્ષનું કારણ કહ્યું ને? 'બંધ અધિકાર' ના કળશમાં છે. અધ્યવસાય (એટલે) કયો અધ્યવસાય? આત્માની એકતાની શુદ્ધતાનો અધ્યવસાય તે મોક્ષનું કારણ છે. આમ છે. અહીં એક ઠેકાણે અધ્યવસાય જીવ કહ્યો, બીજી રીતે તે જડ છે, ત્રીજી રીતે એ ભ્રમનું મૂળ છે, ભ્રમણાનું મૂળ છે. આહાહા..! ત્રણ આવ્યું ને? કઈ અપેક્ષા છે? વીતરાગની વાણી છે. આહાહા..! છે? જુઓ! આવ્યું?

'આમ જ્ઞાનનો જીવપર્યાયોની સાથે...' એ બધી જીવની પર્યાય કીધી. આહાહા..! શુભ-અશુભ એ જીવની પર્યાય લીધી. અને 'અવ્યતિરેક નિશ્ચયસાધિત...' એ પુણ્ય ને પાપ આદિ, સંયમ, પ્રવ્રજ્યા આદિ આત્મા સાથે સાધી લેવા. આત્મા સાથે સાધી લેવા, આત્માથી જુદા ન કરવા. આહાહા..!

મુમુક્ષુ :- દીક્ષા પ્રવ્રજ્યા તો ગુરુ પાસે લે છે ને?

ઉત્તર :- એ દીક્ષા-બીક્ષા નહિ. આત્મા જ્ઞાનસ્વરૂપમાં ઠરે. જેમ બરફ ઠરે છે, બરફ. બરફ આમ ઠરી જાય છે એમ જ્ઞાન, ચપળ જે પર્યાયમાં અસ્થિરતા પુણ્ય-પાપની છે એ ન્યાંથી ખસીને ઠરી જાય છે, જામી જાય છે એને પ્રવ્રજ્યા કહીએ. આહાહા..!

મુમુક્ષુ :– એ તો સંયમમાં આવી ગયું ને?

ઉત્તર :– આવી ગયું પણ બે જુદા લીધા છે. કોઈ એમ કહે કે, સંયમ બધું છે પણ આ તો પ્રવ્રજ્યા–દીક્ષા લીધી, દીક્ષા લીધી. દીક્ષા એટલે શું? કોઈ કહે કે, સંયમ લીધો પણ દીક્ષા લીધી એટલે શું? લુગડા ફેરવ્યા ને નાગો થયો એટલે દીક્ષી લીધી? આહાહા..! દીક્ષા એટલે જ્ઞાનમાં સ્થિર થવું તે. આહાહા..! જામી જાવું. જ્ઞાનમાં જ્ઞાનને ડાહ્યું બનાવવું. ડાહ્યું એટલે સ્થિર. આહાહા..! વીતરાગની વાતું જુદી છે, ભાઈ! આહાહા..!

પહેલા તો તર્ક ઉઠે કે, કેવળી ભાવશ્રુત જ કહે? કેવળીને કેવળજ્ઞાન છે ને! કેવળજ્ઞાનને ચાર જ્ઞાન કેમ થયા? ભાઈ! એ તો પર્યાયમાં રહ્યું. વાણી નીકળી ખરી ને? વાણી એટલે એ દ્રવ્ય છે. એટલે એમાં જે કહેવાનો ભાવ છે એ ભાવશ્રુત છે. આહાહા..! ગજબ વાત છે! એક જ પકડીને બેસી જાય તો વાંધો આવે. આ તો વીતરાગ માર્ગ છે. કેટલા કીધા અધ્યવસાયને એક કોર અધ્યવસાય જીવનો સ્વભાવ નહિ એમ કહ્યું, એક કોર કીધું કે જીવની પર્યાય છે. આહાહા..! અને ત્રીજો અધ્યવસાય એટલે મોક્ષનો માર્ગ છે. આ નહિ, આ અધ્યવસાય છે એ તો રાગવાળો છે. પેલો અધ્યવસાય છે એ રાગ વિનાનો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા એને અધ્યવસાય કહે છે.

મુમુક્ષુ :– એક નક્કી કરી દ્યો.

ઉત્તર :– નક્કી કર્યું ને! જે અપેક્ષાએ જ્યાં કહ્યું છે તે નક્કી કર્યું. આહાહા..! છે અહીં? 'શ્રીમદ્' માં આવ્યું ને? 'શ્રીમદ્'નું પુસ્તક છે ને? 'સમયસાર' સંસ્કૃત ટીકામાં છે. આહાહા..! ગાથાના અર્થમાં જુઓ! વળી અત્યારે યાદ આવ્યું. બીજાને દુઃખી કરી શકતો નથી, સુખી કરી શકતો નથી, બંધ કરી શકતો નથી, બીજાનો મોક્ષ કરી શકતો નથી. આહાહા..! 'બંધ અધિકાર' માં છે.

અહીંયા કહ્યું કે, સંયમ અને પ્રવ્રજ્યા બે લીધા ને? સંયમ શબ્દે તો એકલું અંદરમાં રહેવું. છે, ખબર છે, લીટી કરી છે. ૨૬૦ ગાથા. શું છે? શાતા-અશાતા ઉદય અભાવાત્. સુખ-દુઃખ અભાવ. પરને શાતા-અશાતાનો ઉદય ન હોય અને તું સુખ-દુઃખ કરી શકે એ ત્રણકાળમાં નહિ. 'स्वकीय अशुद्ध अने शुद्ध अध्यवसाय अभावात बंध मोक्ष अभाव' શું કહે છે? સ્વકીય. પોતાના અશુદ્ધ પરિણામ–અધ્યવસાય અને શુદ્ધ પરિણામ વીતરાગતા. અશુદ્ધ અને શુદ્ધ અધ્યવસાય અભાવાત્. એ બે જો નથી તો બંધ અને મોક્ષ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

તું એમ કહે કે, આને બંધ-મોક્ષ કરાવું. પણ એને અશુદ્ધ પરિણામ નથી તો બંધ નહિ થાય. મોક્ષ કરાવું તો શુદ્ધ અધ્યવસાય, શુદ્ધ અધ્યવસાય નહિ હોય તો એનો મોક્ષ નહિ થાય. અધ્યવસાય એટલે વીતરાગતા. આહાહા..! આ તો એવું છે. વીતરાગ વાત છે. એક જ ઠેકાણે પકડીને બેસે તો ન ચાલે. સ્યાદ્વાદ છે. કઈ અપેક્ષાએ ક્યો અધિકાર ચાલે

છે, એ અધિકારમાં કઈ રીત છે? આહાહા..! એક કોર ત્યાં કહ્યું કે, અધ્યવસાય, એક જ ઠેકાણે બે (અર્થ કહ્યા). એક કોર અધ્યવસાય આમાં અજીવ કીધો અને અહીં શુભાશુભ ભાવ જીવની પર્યાય કીધી. કઈ અપેક્ષા છે તે સમજવું જોઈએ ને! અને અહીં અધ્યવસાયને મોક્ષનો માર્ગ કહ્યો. વીતરાગ પર્યાયને અધ્યવસાય કીધી. વીતરાગી પર્યાય.. આહાહા..! ચૈતન્ય ભગવાનની અંદરમાં એકાગ્રતા (થાય) તેને અહીંયા શુદ્ધ અધ્યવસાય કહીને મોક્ષનો માર્ગ કહ્યો છે. ટીકામાં છે, ભાઈ! આહાહા..!

અહીં પણ કહે છે, સંયમ અને પ્રવ્રજ્યા બે કેમ (કહ્યા)? દીક્ષા લીધી. દીક્ષા શેની પણ? લુગડા ફેરવ્યા, નગ્ન થઈ ગયા તો દીક્ષા થઈ ગઈ? આહાહા..!

મુમુક્ષુ :- પહેલા દ્રવ્યદીક્ષા હોય ને પછી ભાવદીક્ષા હોય.

ઉત્તર :- ભાવદીક્ષા એ દીક્ષા (છે). દ્રવ્યદીક્ષા ભલે ભાષા આવે. દ્રવ્યદીક્ષા હોય માટે ભાવદીક્ષા થાય એમ નહિ. ફરીને કહીએ, કે દ્રવ્યદીક્ષા અનંત વાર લીધી. એ એક કોર મૂકો. સમકિતી પહેલા દ્રવ્ય દીક્ષા લે અને દ્રવ્ય દીક્ષા લે છતાં ભાવ દીક્ષા ન થાય. ચોથે ગુણસ્થાને રહે. દીક્ષા લીધી છે છઠ્ઠાની. ક્રિયા બધી પંચ મહાવ્રતની છઠ્ઠાની (પાળે), અંદરમાં ચોથું ગુણસ્થાન હોય. દ્રવ્યલિંગના ત્રણ પ્રકાર કહ્યા છે. દ્રવ્યલિંગી. એક તો બહારની ક્રિયાકાંડ સરખી કરતો હોય, નગ્ન મુનિ (હોય), છે મિથ્યાદૃષ્ટિ. રાગને ધર્મ માનનાર વિગેરે એ દ્રવ્યલિંગી. એક સમકિત છે, પ્રવ્રજ્યા નથી. અને પ્રવ્રજ્યા (નથી) અને દીક્ષા લીધી છે. આહાહા..! દીક્ષા લીધી છે પણ પ્રવ્રજ્યા અંદરથી ન આવી. છે સમકિતી એટલે ચોથે ગુણસ્થાને છે અને પ્રવ્રજ્યા નથી એ પણ દ્રવ્યલિંગી (છે). અને કોઈને પાંચમુ ગુણસ્થાન અંદર હોય અને બહારમાં છઠ્ઠા ગુણસ્થાનની દીક્ષાની, નગ્નપણાની ક્રિયા હોય એ પણ દ્રવ્યલિંગી કહેવાય. આહાહા..! વીતરાગના માર્ગનો પાર નથી, એટલો ગહન માર્ગ! આહાહા..! 'તત્ત્વાર્થસૂત્ર' માં છે.

'(નિશ્ચય વડે સિદ્ધ થયેલો...)' જીવની પર્યાય સાથે જુદાઈ નથી. અવ્યતિરેક એટલે જુદાઈ નથી. એમ 'નિશ્ચયસાધિત દેખવો....' 'હવે, એ પ્રમાણે સર્વ પરદ્રવ્યો સાથે...' અહીં પરદ્રવ્ય લીધા. આહાહા..! અધ્યવસાયને અધ્યવસાય કહ્યો, જીવની પર્યાય કહી, પરદ્રવ્ય કહ્યો. આહાહા..! કઈ-કઈ અપેક્ષા ક્યે ઠેકાણે (છે તે સમજવું જોઈએ). આહાહા..! ગહન વિષય છે, ભાઈ! વીતરાગની વાણી ગહન છે.

અહીં એમ કહ્યું કે, 'એમ સર્વ પરદ્રવ્યો સાથે વ્યતિરેક...' જુદાઈ છે. આહાહા..! ત્યાં કહ્યું હતું કે, જીવની પર્યાય છે, જીવ છે, જ્ઞાન છે. આહાહા..! એની પર્યાયમાં થાય છે એ અપેક્ષાએ. અહીં પછી વાસ્તવિક અંદર પવિત્રતા નથી અને પવિત્રતાથી મુક્તિ થાય એ નથી માટે તેને જડ કીધો અને પરદ્રવ્ય કીધો. આહાહા..! કેટલું યાદ રાખવું? બાપા! અભ્યાસ કરે તો માર્ગ સમજાય. સંસારનો અભ્યાસ કેટલો કર્યો હોય છે ને આ બધો પાપનો? હીરાનો, માણેકનો. એ પાપ આખો દિ'. ઘરાકને બોલાવવો પાપ, એને સમજાવવો પાપ, દેવું

પાપ, પૈસા લેવા પાપ, પૈસા દેવા પાપ, બધું પાપ. પાપના પોટલા આખો દિ'. તમારે ઘડીયાળમાં પાપના પોટલા. આહાહા..!

મુમુક્ષુ :– એ બધું ભૂલીને આ જ યાદ કરવા જેવું છે.

ઉત્તર :– હા, પણ ઇ ભૂલી જવાને માટે તો વાત ચાલે છે. પણ ઇ ક્યારે થાય? કે આ થાય ત્યારે ભૂલાય, એ વિના ભૂલાય નહિ. આહાહા..! પૈસા આવે ત્યારે નિર્ધનતા જાય એમ આ ભાન થાય ત્યારે એ ભાવ જાય. આહાહા..! બાપુ! આ નિશાળ જુદી જાતની છે. આહાહા..! કોલેજ જુદી છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વરના અહીંયા વિરહ પડ્યા. આહા..! એમની વાણીના રહસ્યો અને એમના કથનો, ભરતક્ષેત્રમાં વિરહ પડી ગયા. પ્રભુ ન મળે. વાણી રહી ગઈ. હવે એ વાણીના પાછા અર્થ કરવા એ પોતાને (આવડે નહિ). આહાહા..!

'હવે, એ પ્રમાણે સર્વ પરદ્રવ્યો સાથે...' પરદ્રવ્યમાં બધું લઈ લીધું. અધ્યવસાય પરદ્રવ્ય, ધર્માસ્તિ પરદ્રવ્ય, તીર્થંકર પરદ્રવ્ય. આહાહા..! ઓહો..! ગજબ વાત છે, ભાઈ! 'સર્વ પરદ્રવ્યો સાથે વ્યતિરેક (જુદાઈ) વડે...' વ્યતિરેક એટલે જુદાઈ. જુદાઈ દ્વારા 'અને સર્વ દર્શનાદિ જીવસ્વભાવો સાથે અવ્યતિરેક વડે...' અભિન્ન. આત્મા સાથે દર્શન, જ્ઞાન, આનંદ અભિન્ન છે. અવ્યતિરેક એટલે જુદાઈ નથી. આહાહા..! જુદાઈ નથી.

'અતિવ્યાપ્તિને અને અવ્યાપ્તિને દૂર કરતું થકું, અનાદિ વિભ્રમ જેનું મૂળ છે...' હવે ત્રીજી વાત આવી. આહાહા..! એક કોર અધ્યવસાયને જીવ કહ્યો જ્ઞાન, એક કોર અધ્યવસાયને અજીવ કહ્યો જડ. હવે એ પુણ્ય અને પાપ 'અનાદિ વિભ્રમ જેનું મૂળ છે...' કેમકે ત્યાં અટક્યો છે. કાંઈક-કાંઈક-કાંઈક શુભભાવમાં મીઠાશ (લે છે). આહાહા..! ઊંડે ઊંડે શુભભાવ, ભગવાનની ભક્તિ, સ્મરણ, અંદર લગની, ધ્યાન. ધ્યાન કરી લ્યે પણ એ ધ્યાનમાં વિકલ્પ છે. આહાહા..! 'અનાદિ વિભ્રમ જેનું મૂળ છે...' કોનું? વિભ્રમ મૂળ કોનું? પુણ્ય અને પાપ, શુભ અને અશુભ.

'પરસમયને દૂર કરીને,...' જોયું? આ દૂર કરીને પછી આ થાય. આહાહા..! વાત જ હજી સમજાણી ન હોય, હજી ખ્યાલમાં ન આવે, ખીચડો (કરે). કાઢવું શું અને નાખવું શું? ખીચડો ખાય ભેગો. ખીચડામાં તો ઘઉં ને મગ ને ચોખા પણ હોય. આ ખીચડામાં તો ચોખા ને કાંકરા ભેગા. ઊંધી માન્યતાના કાંકરા ભેગા (હોય). એ ખીચડો કાઢવો. આહાહા..! ખીહરમાં (સંક્રાંતમાં) ખીચડા નથી કરતા? (સંકાતમાં) મગ અને બાજરો, એનો કરે. આહાહા..!

અહીંયા તો અનાદિથી ત્રણ લોકનો નાથ ભગવાન, એની સાથે શુભ-અશુભ કાંકરાને ભેળવી નાખ્યા છે. તેથી તેને મૂળ કીધું છે. આહાહા.! શુભક્રિયા કરી, દેવ-ગુરુની ભક્તિ, સ્તવન ને વાંચન ને શ્રવણ ને શાસ્ત્રનું જ્ઞાન ને વાંચણી કરી ને માણસો પાંચ-પાંચ હજાર, દસ-દસ હજાર ભેગા થયા એમાં દાળિયા શું થયા? આહાહા..!

એ કહે છે, 'અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા ધર્મ-અધર્મરૂપ (પુણ્ય-પાપરૂપ,...)' આહાહા..! ભગવાન આત્મા પુણ્ય અને પાપથી જુદું તત્ત્વ, તેની દૃષ્ટિ વિના શુભ-અશુભભાવ, પુણ્ય અને પાપના ભાવને પોતાના માનીને ખીચડો કરીને પોતાના માન્યા, એને દૂર કર. દુકાન છોડીને બેઠા ઇ દૂર નહિ, એમ કહે છે. ઇ તો અંદર સંતોષ છે કે છોકરા કરે. એ તો એનું એ છે, એમાં કંઈ ફેર નથી. છોકરા કરે એટલે (વાંધો નથી). હું કરું એવું ઇ કરે, તૈયાર થઈ ગયા તો ઇ કરે છે. બધું એકનું એક જ છે ને! અને બધે ઠેકાણે ઇ જ છે.

અમારે દુકાનમાં પણ છોકરો તૈયાર થયો તો 'મનસુખ' તૈયાર થયો તો 'કુંવરજીભાઈ' ઓછું કાંઈક કરે, 'મનસુખ' નો છોકરો તૈયાર થયો તો 'મનસુખ' ઓછું કરે. હવે જુદા પડ્યા તો વળી.. ભેગા થઈ ગયા. બાપ-દીકરાને વધારે કરવું પડે. દુકાન મોટી ચાલે, પેદાશ મોટી. આહાહા..! એમાં માથું મારીને એમાંથી નીકળવું બહુ આકરું કામ છે. એને છોડે તો પણ અહીં તો કહે છે, પરસમય છે જેટલા તેને છોડે. છે ને?

'સર્વ દર્શનાદિ જીવસ્વભાવો સાથે અવ્યતિરેક વડે અતિવ્યાપ્તિને અને અવ્યાપ્તિને દૂર કરતું થકું, અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા ધર્મ-અધર્મરૂપ (પુણ્ય-પાપરૂપ, શુભ-અશુભરૂપ) પરસમય...' એ પરસમય છે. આહાહા...! શુભભાવ, ઊંચામાં ઊંચો પરસમય. પુણ્યની ૪૨ પ્રકૃતિ પડે એમાં ઊંચામાં ઊંચી તીર્થંકર પ્રકૃતિ. એમાં જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ પણ પરસમય છે. આહાહા..! કેમકે શુભભાવથી બંધ પડે છે. ભગવાન અબંધસ્વરૂપ છે. 'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं' આત્માને અબદ્ધસ્પૃષ્ટ દેખે એ બરાબર છે, આત્માને રાગના બંધવાળો દેખે તે મિથ્યાત્વ છે. આહાહા..! ૧૪-૧૫ ગાથા.

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।
अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।।१४।।
जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।
अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।

આહાહા..! રાગથી ભગવાનને અંદર જુદો જોવે, ભાસે, પુણ્ય-પાપના વિકલ્પથી પ્રભુ જુદો ભાસે... આહાહા..! અને અનુભવ (કરે) એનું નામ જૈનશાસન છે. 'पस्सदि जिणसासणं' એણે જૈનશાસનને જોયું. આહાહા..! બધ્ધ છે ને રાગથી સંબંધ છે એમ જેણે જોયું એણે જૈનશાસન જોયું નથી. આહાહા..! આકરો માર્ગ. જેટલી ક્રિયાકાંડના વિકલ્પો દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા એ બધાથી જુદો દેખે તે જૈનશાસન છે. એ રાગ, એ જૈનશાસન નથી. આહાહા..!

તેથી કહ્યું, 'પરસમયને દૂર કરીને, પોતે પ્રવ્રજ્યારૂપને પામીને...' પોતે જ પ્રવ્રજ્યા થઈ. શુભભાવ કર્યો હતો માટે તેને પ્રવ્રજ્યા થઈ, પહેલા શુભ વિચારમાં ખુબ રહ્યા માટે પ્રવ્રજ્યા થઈ એમ નથી. આહાહા..! કેમકે એ તો ઝેર છે. આહાહા..! પરસમય છે, વિષનો ઘડો (છે). છે તો એક સમયની પર્યાય. અસંખ્ય સમયે ખ્યાલમાં આવે. એ શુભભાવને ઝેરનો

ઘડો કહ્યો. ઝેરનો ઘડો છે, ભગવાન આત્મા અમૃતનો ઘડો છે. આહાહા..! ગજબ કર્યું છે ને!

તેને 'દૂર કરતું થકું, અનાદિ વિભ્રમ જેનું મૂળ છે...' મૂળ ઊંડે ઊંડે ઊંડે મૂળિયા (રહી ગયા). ક્યાંક ક્યાંક ક્યાંક શુભના અસંખ્ય પ્રકાર, એમાંથી કોઈ શુભભાવથી સમકિત થાય (એવો વિભ્રમ રહી ગયો). કરણલબ્ધિ, પ્રાયોગ્યલબ્ધિ ને દેશનાલબ્ધિ આવે છે ને? ન્યાં ને ન્યાં પાઠ લીધો, શુદ્ધાત્માભિમુખ પરિણામ. બધી વાત મુકીને શુદ્ધાત્માભિમુખ પરિણામ (કહ્યું છે). આહાહા..! શુદ્ધ આત્મા આનંદસ્વરૂપ પ્રભુ, એની અભિમુખ–સન્મુખના પરિણામ તે સમકિત છે. આહાહા..! કોઈ શુભભાવ ખુબ કરે માટે સમકિત થઈ જાય (એમ નથી). આહાહા..!

'પરસમયને દૂર કરીને, પોતે જ પ્રવ્રજ્યારૂપને પામીને...' લ્યો, પોતે પ્રવ્રજ્યારૂપ થઈને. અંદર આનંદમાં એકાગ્ર થઈને. અતીન્દ્રિય આનંદ. આહાહા..! આ પ્રવ્રજ્યા. અતીન્દ્રિય આનંદ સ્વયં જ પ્રવ્રજ્યા. સ્વયં જ કહેતા એ શુભ હતો તો અહીં ચારિત્ર થયું કે દીક્ષા થઈ, એમ નથી. એ તો વિભ્રમનું મૂળ કીધું. તેનાથી દૂર હઠીને 'પોતે જ પ્રવ્રજ્યારૂપને પામીને...' આત્મા પોતે એ રૂપે થઈને. આહાહા..! 'પોતે જ...' સ્વયં જ, પોતે જ એમ કહ્યું. પરની જરીયે સહાય નહિ. દેવ-ગુરુ-શાસ્ત્રથી મળે કે શુભભાવની ક્રિયા, બહુ શુભભાવ (કરે), આખો દિ' વાંચાવાંચ કરે માટે થઈ જાય એમ નહિ. પોતે જ. પોતે આત્મા પોતાથી જ પ્રવ્રજ્યા થઈ જાય છે. આહાહા..!

મુમુક્ષુ :– ચોથા, પાંચમા ગુણસ્થાનવાળાની વાત કેમ ન કરી?

ઉત્તર :– અહીં તો મુનિની (વાત છે). છેલ્લો અધિકાર છે. એ તો બધી (વાત) આવી ગઈ છે. ૧૪-૧૫ ગાથા. ૧૪ મી ગાથા સમકિત, ૧૫ મી.. બધી આવી ગઈ છે. આ તો છેલ્લા (અધિકાર છે). ત્રણ કાળ અને ત્રણ લોકથી જુદો. પડિકમણા આવ્યું ને? ૪૯ ભંગ, ૧૪૮ પ્રકૃતિથી જુદો. છેલ્લો અધિકાર છે ને? આહાહા..!

'પોતે જ પ્રવ્રજ્યારૂપને પામીને,...' આહાહા..! પહેલા આ શુભ વિચારો હતા માટે અંદર સમકિતનું અને ચારિત્રનું સહેલું પડ્યું એમ નથી. આહાહા..! પોતે જ, સ્વયં પોતે પોતાથી, પરની અપેક્ષા વિના. આહાહા..! 'પોતે જ પ્રવ્રજ્યારૂપને પામીને (અર્થાત્ પોતે જ નિશ્ચયચારિત્રરૂપ દીક્ષાપણાને પામીને)...' આ દીક્ષા. નગ્નપણું લઈ લીધું, લુગડા છોડી દીધા માટે દીક્ષા થઈ ગઈ (એમ નથી). આહાહા..! આત્માના જ્ઞાનમાં ઠરી જાય, વિકલ્પ વિના સ્વયં પોતાની સહાયથી, બીજાની અપેક્ષા અને મદદ વિના. એવું જે આત્માનું સ્વરૂપ એમાં સ્વયં ઠરી જાય, એવી પ્રવ્રજ્યા ગ્રહણ કરીને. આહાહા..! છે ને?

'(પોતે જ નિશ્ચયચારિત્રરૂપ દીક્ષાપણાને પામીને), દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિ રૂપ...' એને છોડીને હવે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિર થા. આહાહા..! એનું નામ ચારિત્ર છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

પ્રવચન નં. ૪૪૬ ગાથા–૩૯૦ થી ૪૦૪ મંગળવાર, અષાઢ વદ ૨, તા.૨૯-૦૭-૧૯૮૦

'સમયસાર' અહીંથી–'હવે, એ પ્રમાણે...' ત્યાંથી. 'હવે, એ પ્રમાણે સર્વ પરદ્રવ્યો સાથે વ્યતિરેક વડે...' શું કહે છે? કે, આ આત્મા જે છે એ સચ્ચિદાનંદ સ્વરૂપ (છે). પોતાનું સત્ અનાદિ જ્ઞાનાનંદ સત્ છે. એ વસ્તુ પરવસ્તુથી ભિન્ન છે. શરીર, કર્મ, રાગ અને દ્વેષ એવા પરિણામથી પણ તે ભિન્ન છે. આહાહા..! છે? 'સર્વ પરદ્રવ્યો સાથે વ્યતિરેક વડે...' એટલે જુદાઈ. વ્યતિરેક એટલે જુદાઈ. આહાહા..!

આ ચૈતન્ય સ્વરૂપ જીવ જાણનાર-દેખનાર ભગવાન, એ સર્વ પરદ્રવ્યોથી વ્યતિરેક–ભિન્ન છે. પોતે પરથી ભિન્ન છે અને પર પોતાથી ભિન્ન છે. આહાહા..! કદી આત્મા તરફ દૃષ્ટિ કરી નથી. દુનિયાની ઝંઝટ, મજૂરી.. મજૂરી. આ ધંધા આદિની મજૂરી. આહાહા..! આત્મા અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ, અતીન્દ્રિય આનંદનો ભંડાર ભર્યો છે. તેને પરદ્રવ્યો સાથે વ્યતિરેક (અર્થાત્) પરદ્રવ્ય સાથે બિલકુલ સંબંધ નથી. આહાહા..!

'અને સર્વ દર્શનાદિ જીવસ્વભાવો સાથે...' અને અંતરમાં જાણવું, દેખવું, આનંદ, શાંતિ, પુરુષાર્થ–વીર્ય એવા ગુણો સાથે અવ્યતિરેક એટલે સંબંધ છે. અનંત ગુણ સાથે સંબંધ છે (અને) પરદ્રવ્યથી રહિત છે. આહાહા..! એક રજકણ અને એક રાગ, પ્રશસ્ત રાગનો શુભભાવ પણ આત્મામાં નથી. આહાહા..! અને આ રજકણ, આ (શરીર) તો અનંત પરમાણુનો પિંડ છે, અનંત રજકણનું દળ–સ્કંધ છે. તેનાથી તો પ્રભુ અંદર તદ્દન ભિન્ન છે. તેની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..! 'સર્વ દર્શનાદિ જીવસ્વભાવ....' દેખવું-જાણવું, આનંદ એ તો જીવનો સ્વભાવ છે. પોતાના જીવનો સ્વ.. સ્વ-ભાવ, એ પોતાનો ભાવ છે. આહાહા..! તેની સાથે 'અવ્યતિરેક વડે...' (એટલે) એની સાથે જુદાઈ નહિ.

'અતિવ્યાપ્તિ...' પોતાથી બીજામાં રહેવું તે અતિવ્યાપ્તિ. 'અને અવ્યાપ્તિ....' જ્યાં જ્યાં આત્મા ત્યાં ત્યાં જ્ઞાન. એમાં કોઈ ઠેકાણે અવ્યાપ્તિ નહિ. કે આત્મા છે અને જ્ઞાન નથી અને જ્ઞાન છે અને આત્મા નથી. એ 'અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિને દૂર કરતું થકું,...' આહાહા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! ધર્મ ચીજ ઝીણી છે. 'અનાદિ વિભ્રમ જેનું મૂળ છે...' શુભ અને અશુભભાવ, પુણ્ય અને પાપના ભાવ એ મિથ્યાત્વનું મૂળ છે, ભ્રમણાનું મૂળ છે. એ પોતામાં નથી. શુભ-અશુભ ભાવ પોતામાં નથી. છતાં જ્ઞાતા-દૃષ્ટામાં એ પુણ્ય અને પાપ મારા છે એવો વિભ્રમ કરી લીધો છે. આહાહા..! એથી ચાર ગતિમાં રખડે છે.

'અનાદિ વિભ્રમ જેનું મૂળ છે...' આહાહા..! પુણ્ય-પાપ એ ભ્રમનું મૂળ છે. કેમકે આત્મા અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ છે તેની સાથે શુભ-અશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, સેવાનો રાગ ભ્રમ ઉપજાવે છે કે રાગ આત્માનો છે. એ આત્માનો નથી. પોતાનું

હોય એ દૂર રહે નહિ અને દૂર રહે તે પોતાનું નહિ. આહાહા..! શરીર અને વાણી તો સ્થૂળ જડ છે. એની સાથે તો કાંઈ સંબંધ નથી. ભગવાન આત્મા તો અંદર અરૂપી (છે), જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી, પણ એમાં પુણ્ય અને પાપના ભાવ પણ નથી. આહાહા.! 'અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા ધર્મ...' એટલે શુભભાવ 'અધર્મ...' એટલે અશુભભાવ. પુણ્ય ને પાપ. 'પરસમયને દૂર કરીને,...' ધર્મીજીવ પોતાનો શુદ્ધ ત્રિકાળી સ્વભાવનો આશ્રય લઈને પુણ્ય અને પાપ જે ભ્રમ છે તેને અંતરથી દૂર કરે છે. આહાહા..! ભારે આકરું કામ.

અંતર વસ્તુ ચૈતન્ય ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, સત્ કાયમ રહેનારો અને જ્ઞાન અને આનંદ જેનું રૂપ છે, એ પુણ્ય-પાપના ભાવ મેલ છે, ભ્રમ ઉપજાવે છે કે જાણે ચૈતન્યની ચીજ છે. ભ્રમ ઉપજાવે છે કે શુભભાવ અને અશુભભાવ મારી ચીજ છે. દયા, દાન, ભક્તિ, વ્રત એ બધો રાગ છે, શુભરાગ ભ્રમ છે. આહાહા..! આ ડૉક્ટર-બૉક્ટર સેવા કરતા હશે એ શું હશે? એ ભ્રમ છે. શુભરાગ.. શુભરાગ. કાલે કોઈ કહેતું હતું ને, બહાર બજાર સુધી લાઈન જામે. ઘણા ડૉક્ટર એવા હોય છે. પોતે પોતાનું કામ કર્યું હોય એટલે પછી નિવૃત્તિથી આવે એને આપે. એ જાણે કે આપણે સેવા કરીએ છીએ. સેવા નહિ, અસેવા છે. કેમ? કે, એ શુભભાવ છે, પુણ્ય ભાવ છે. એ પુણ્યભાવ પોતાનું સ્વરૂપ નહિ. પોતાનું સ્વરૂપ હોય તો પોતાથી દૂર રહે નહિ અને કદી મુક્તિ થાય નહિ. આહાહા..! ભારે આકરું કામ.

'પરસમયને દૂર કરીને,...' પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ બેને અંતર દૃષ્ટિથી, અંતર જ્ઞાન, આનંદ સ્વભાવની દૃષ્ટિથી અંતરમાં તેને દૂર કરે. ધર્મી એને કહીએ. આહાહા..! કે પોતાના જ્ઞાનાનંદ સ્વભાવથી શુભ-અશુભ ભાવ મલિન છે, મેલ છે તેને નિર્મળાનંદ પોતાનો ભગવાન આત્મા, તેનાથી દૂર કરે. આહાહા..!

'પોતે જ પ્રવ્રજ્યારૂપને પામીને...' પોતે ચારિત્ર લે છે. ચારિત્ર આનું નામ છે. લુગડા ફેરવી નાખવા, નગ્ન થવું એ કોઈ ચારિત્ર નથી. અંતરમાં આત્મા જ આનંદસ્વરૂપ પ્રભુ (છે) એ પુણ્ય-પાપને દૂર કરીને પોતાના આનંદ અને જ્ઞાનસ્વરૂપમાં સ્થિર રહેવું, પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ જવું તેનું નામ પ્રવ્રજ્યા એટલે દીક્ષા એટલે ચારિત્ર કહે છે. આહાહા..! દુનિયાથી ઊલટું છે.

'પોતે જ પ્રવ્રજ્યારૂપને પામીને...' પોતે જ કેમ કહ્યું? કે, પુણ્ય પરિણામની પણ મદદ નહિ. શુભભાવની પણ અપેક્ષા, સહાયતા નહિ. આહાહા..! ચૈતન્યમૂર્તિ અસ્તિ જાણન સ્વભાવ ચૈતન્ય, તેનાથી પુણ્યભાવને છોડીને. આહાહા..! 'પોતે જ પ્રવ્રજ્યારૂપને પામીને...' એ પુણ્ય-પાપ છૂટે ત્યારે પોતાના સ્વરૂપમાં સ્થિર થાય ત્યારે તેનું નામ ચારિત્ર, પ્રવ્રજ્યા, મુનિપણું, દીક્ષા, દીક્ષાની શિક્ષા ત્યારે કહેવાય છે. આહાહા..! જગતની સાથે ફેર ઘણો નવરાશ ન

મળે. સંસારના મજૂરી, મજૂરી આખો દિ'. આ કરો ને આ કરો ને આ કરો ને આ કરો..

પ્રભુ! તું તો જ્ઞાન છો ને! જ્ઞાન કરે કોને? જ્ઞાન કોને ન જાણે? આહાહા..! શું કહે છે? જ્ઞાનસ્વરૂપ ભગવાન કોનું કરે? આહાહા..! કોઈનું કરી શકે નહિ. દૂર કરવું એ પણ તેમાં નથી. એ તો જાણનાર-દેખનાર છે. આહાહા..! એ જાણવું-દેખવું થયું ત્યારે પુણ્ય અને પાપ દૂર થયા ત્યારે પ્રવ્રજ્યા એટલે ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા..! જગતથી ભિન્ન બહુ આકરું.

'(નિશ્ચયચારિત્રરૂપ દીક્ષાપણાને પામીને),...' દીક્ષા એનું નામ. સ્ત્રી, કુટુંબ, દુકાન છોડીને નગ્નપણું લીધું માટે એ દીક્ષા થઈ, એમ નથી. દીક્ષા તો તેને કહીએ, પોતાનું જ્ઞાન અને આનંદ સ્વરૂપ, તેમાં લીન થઈને શુભ-અશુભભાવને છોડીને આનંદનું વેદન કરે તેને દીક્ષા અથવા ચારિત્ર કહે છે. આહાહા..! બાહ્યનું કંઈક આચરણ કરે, સદાચરણ કરે તો માને કે ઓહો..! (એ) સદાચરણ નથી. શુભભાવ પણ સદાચરણ નથી, અસદાચરણ છે. દયા, દાન, ભક્તિ, સેવાનો ભાવ પણ અસદાચરણ છે. આહાહા..! સદાચરણ તો સત્ ભગવાન આત્મામાં આચરણ–એકાગ્રતા કરવી એ સદાચરણ છે. આ વાત સાંભળી ન હોય. જિંદગી એમ ને એમ નીકળી જાય. ચોરાશીમાં રખડે, પરિભ્રમણ કરે. આહા..!

આ ચારિત્ર વિના શુભભાવ પણ અચારિત્ર છે. ચાહે તો પરની અહિંસા, પરની દયા, પરને નહિ મારવાનો અહિંસા ભાવ, બધા શુભભાવ બંધનું કારણ છે. આહાહા..! કેમકે આત્મા જ્ઞાનસ્વરૂપ છે. ચૈતન્યચંદ્ર! ચૈતન્ય શીતળ ચંદ્રનો પિંડ છે. આહાહા..! આત્મા એને કહીએ કે જેમાં શીતળતા–શાંતિ, અવિકારી ભાવથી ભરેલો પડ્યો છે. શાંત.. શાંત.. જેમાં પરની દયાનો વિકલ્પ ઉઠાવવો એ પણ પોતાની હિંસા છે. આહાહા..! આકરું કામ છે, પ્રભુ! શું થાય? વાત તો જે હોય એ બહાર આવે. દુનિયાને ઠીક પડે, ન ઠીક પડે, બેસે ન બેસે તેથી સત્ય કાંઈ અસત્ય ન થાય અને અસત્ય કાંઈ સત્ય થાય નહિ. આહાહા..!

પરની સેવા. સેવાનો અર્થ શું? એને ઠીક પડે એમ કરવું એ સેવા. એ સેવા નથી. સેવા તો સ-એવ સેવા. સ–આત્માની એવ–નિશ્ચય અંદર એકાગ્રતા એ સેવા (છે). આહાહા..! શુભ અને અશુભભાવ, પુણ્ય અને પાપના ભાવ અસેવા છે. તેનાથી રહિત આત્મામાં લીન થવું એ સેવા છે. આહાહા..!

'(નિશ્ચયચારિત્રરૂપ દીક્ષાપણાને પામીને), દર્શન-જ્ઞાન-ચારિત્રમાં...' પોતાનો સ્વભાવ જે દૃષ્ટા છે, જ્ઞાન છે અને ચારિત્ર–સ્થિર રહેવું એ ચારિત્ર પણ તેનો ગુણ છે. એમાં સ્થિર 'સ્થિતિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને,...' એ સ્વસમય. સ્વ–આત્મા. રાગ અને પુણ્યને પ્રાપ્ત કરે તે અનાત્મા. આહાહા..! આત્માને છોડીને પોતાની ચીજમાં નથી એવા શુભ-અશુભભાવ એ અનાત્મા છે, એ આત્મા નહિ. આહાહા..! એવા 'સ્વસમયને પ્રાપ્ત કરીને...' કાલે અહીં સુધી આવ્યું હતું.

'મોક્ષમાર્ગને પોતામાં જ પરિણત કરીને,...' એ મોક્ષમાર્ગ. રાગથી હઠીને ભગવાન આત્મા આનંદ સ્વરૂપ પ્રભુમાં લીન થઈને મોક્ષમાર્ગને પોતામાં પરિણત કરીને. બંધ રહિત મોક્ષમાર્ગ પોતામાં પરિણત (કરીને). પરિણત એટલે દશા કરીને. એ રાગ અને જડની ક્રિયા, શરીર, વાણી, મન એ જડ, માટી. આ તો માટી છે. તેની કોઈ ક્રિયા આત્મામાં લાભદાયક નથી, તેમ એ ક્રિયા નુકસાનકારક પણ નથી. એને માનવું કે આ ક્રિયા હું કરું છું, એ માન્યતા નુકસાનકારક છે. આહાહા..! બહુ ફેર.

આખો દિ' કામ કરે અને અહીં કહે છે, એકલો થઈ જા, નહિ તો ચોરાશીના અવતારમાં મરી જઈશ. ચોરાશીના અવતાર કરી કરી કાગડા ને કૂતરા ને ભૂંડ એવા અવતાર અનંત વાર કર્યા, પ્રભુ! આ પહેલા, ભવ પહેલા, ભવ પહેલા, ભવ પહેલા, ભવ પહેલા ભવ હતા. અનંત અનંત ભવ છે. આહાહા..! એમાં કદી આત્મજ્ઞાન કર્યું નહિ. એ કારણે ચોરાશી લાખમાં રખડવું પડ્યું. આહાહા..! પોતાના સ્વરૂપને.. આહાહા..!

'મોક્ષમાર્ગને પોતામાં જ પરિણત કરીને,...' મોક્ષનો માર્ગ એટલે પૂર્ણ આનંદનો લાભ. મોક્ષ એટલે? આત્માના પૂર્ણ અતીન્દ્રિય આનંદનો લાભ. એનું નામ મોક્ષ. બંધ (અર્થાત્) રાગ-દ્વેષના દુઃખનો સંબંધ અને ભોગવવું તે બંધ. આહાહા..! 'મોક્ષમાર્ગને પોતામાં જ પરિણત કરીને,...' રાગ દયા, દાન, વ્રત, તપ એ તો બંધનું કારણ ઝેર છે. ઝેરથી ભિન્ન ભગવાન અમૃત સ્વરૂપ છે. એ અમૃત સ્વરૂપમાં પરિણત (થઈને). અંદર અંદર બદલવું. જે રાગમાં, પુણ્ય-પાપમાં બદલતો હતો તેને છોડીને પોતાના શુદ્ધમાં બદલવું–પરિણમવું, પર્યાયરૂપ થવું, નિર્મળ દશારૂપ થવું, વીતરાગ પર્યાયરૂપ થવું એ મોક્ષમાર્ગને પરિણત કરીને કહેવામાં આવે છે. આહાહા..! આખો દિ' દુનિયાના કામ કરવા... કોણ કરે? પ્રભુ! અભિમાન છે.

આહાહા..! પ્રભુ અંદર તો ચૈતન્ય છે ને, પ્રભુ! એ ચૈતન્ય તો જાણન-દેખન શક્તિ સંપન્ન છે. જાણન-દેખન સંપન્ન (છે). કોઈનો કર્તા (થવું) કે કોઈનો નાશ કરવો કે કોઈને નુકસાન પહોંચાડવું કે કોઈને લાભ પહોંચાડવો એવી કોઈ ચીજ આત્મામાં નથી. આહાહા..!

'મોક્ષમાર્ગને પોતામાં જ પરિણત કરીને, જેણે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવને પ્રાપ્ત કર્યો છે...' આહાહા..! વિજ્ઞાનઘન. જેમ શિયાળામાં.. શિયાળો કહે છે? શરદી. શિયાળાના દિવસોમાં પહેલા ઘી થતા. અત્યારે તો ગડબડ થઈ ગઈ. પહેલા ચોખ્ખા ઘી હતા. ઘી એવું કઠણ (હોય કે) અંદર આંગળી નાખે તો દુઃખવા માંડે. આહાહા..! પહેલા શિયાળામાં ઘી એવા થાતા ઠંડીમાં, ગડબડ નહોતી. કપાસિયા, એ ઘી એવું મજબુત ઘન હતું કે આંગળી પેસે તો આંગળીમાં દુઃખ થાય એવું ઘન હતું. આહાહા..! એ બધું બદલાઈ ગયું.

એમ આત્મા વિજ્ઞાનઘન છે. તેમાં દયા, દાનના વિકલ્પનો પ્રવેશ નથી. આહાહા..! એ વિકારને તો અડતો નથી. એવો ચૈતન્ય ભગવાન..! આહાહા..! છે? 'સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવ...' વિજ્ઞાનઘન થઈ જાઓ. જેમાં રાગનો પ્રવેશ નથી. રાગના ત્યાગથી અરાગ (સ્વભાવી) એવો

પોતાનો સ્વભાવ એ પૂર્ણ ઘન પિંડ થઈ ગયો. એનું નામ મોક્ષ અને એનું નામ સંસારનો અભાવ છે. આહાહા..!

એના 'ત્યાગ-ગ્રહણથી રહિત,...' પાઠમાં છે ને? ભાઈ! ૪૭ શક્તિમાં એક શક્તિ છે. આત્મામાં અનંત શક્તિઓ–ગુણ છે. જેમ સાકરમાં સફેદાઈ, મીઠાશ, સુંવાળપ એવી શક્તિ છે તેમ આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત શક્તિઓ છે. તેમાં એક ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ (છે). આત્મામાં એક ગુણ એવો છે કે પરના ત્યાગ અને પરના ગ્રહણ રહિત એનું સ્વરૂપ છે. આહાહા..! આવ્યું ને?

'ત્યાગ-ગ્રહણથી રહિત,...' પાઠમાં છે. આહાહા..! ચૈતન્યસ્વરૂપ ભગવાન પરના એક રજકણને પણ ગ્રહતો નથી અને રજકણને છોડતો નથી. એમાં ગ્રહણ-ત્યાગ નથી. એમાં ભ્રમ છે. પુણ્ય અને પાપ મારા છે એવો ભ્રમ અજ્ઞાનીને છે. તે કારણે ચાર ગતિમાં રખડે છે. તેને છોડીને 'ત્યાગ-ગ્રહણથી રહિત...' રાગનો ત્યાગ પણ નથી અને સ્વરૂપનું ગ્રહણ થઈ ગયું. ચૈતન્યસ્વરૂપ અહીંયા પૂર્ણપણે પ્રાપ્ત થઈ ગયું ત્યાં રાગ તો છે જ નહિ. રાગનો ત્યાગ અને સ્વરૂપનું ગ્રહણ. પોતાનું ગ્રહણ અને રાગનો ત્યાગ. એવો જ્ઞાનઘન આત્મા. અરે..! આવી વાત ક્યાં? દુનિયા તો અત્યારે ધમાધમ.. ધમાધમ (કરે છે). આ મંડળ બનાવો ને આ બનાવો ને આનું આમ કરો. આહાહા..! સેવામંડળના સેવક થાઓ, ફલાણાને આમ કરો. આહા..!

અરે..! પ્રભુ! તું તો જ્ઞાનસ્વરૂપ છો ને! જ્ઞાન પાસે શું કામ કરાવવું છે? જ્ઞાન જાણવાનું કામ કરે કે જ્ઞાન પરના કામ કરે? આહાહા..! પરના કામ આત્મા ત્રણકાળમાં કરી શકે નહિ અને પોતાનો સ્વભાવ જ્ઞાન ને આનંદ તેને કદી છોડતો નથી. એવી દૃષ્ટિ અને સ્વરૂપ જ્યાં પ્રાપ્ત થયું.. આહાહા..! એ 'ત્યાગ-ગ્રહણથી રહિત, સાક્ષાત્ સમયસારભૂત,..' આત્મા થઈ ગયો. સાક્ષાત આત્મા થયો. આત્મા તો પહેલા હતો પણ જ્યારે શુભ-અશુભભાવને પોતાના માનીને ભ્રમણા કરતો હતો તો એને આત્મા નહોતા કહેતા. આહાહા..! આત્મા તો અનાદિ છે, જે છે, જે છે એ ચીજ કદી નથી, એમ થતું નથી. છે, તેની અવસ્થાના અનુભવ દ્વારા, પર્યાય દ્વારા એ છે, જેની અવસ્થા છે તે ધ્રુવ છે. આહાહા..! આ વિચાર આદિ બદલે છે તે પર્યાય–અવસ્થા છે. એ અવસ્થા ધ્રુવની છે. વસ્તુ અંદર ત્રિકાળ ધ્રુવ છે. એ ધ્રુવને.. આહાહા..! સાક્ષાત્ સમયસારભૂત થઈને. સાક્ષાત્ થઈ ગયો, પર્યાયમાં પૂર્ણ થઈ ગયો. રાગને છોડીને ધ્રુવના આશ્રયે પર્યાયમાં પણ પર્યાયની ધ્રુવતા થઈ ગઈ. એવી ને એવી નિર્મળ પર્યાય રહેશે. તેનું નામ આનંદ અને તેનું નામ મોક્ષ છે. બાકી બધી વાતું છે. આહાહા..!

'ત્યાગ-ગ્રહણથી રહિત, સાક્ષાત્ સમયસારભૂત,...' સાક્ષાત્ કેમ કહ્યું? આત્મા તો હતો, આત્મા તો અનાદિથી છે જ પણ પુણ્ય અને પાપના મેલની સાથે એકત્વબુદ્ધિને કારણે પોતાની ચીજ ભિન્ન જોતો નથી. એ પોતાની ચીજને જ્યારે ભિન્ન દેખે અને ઠરે ત્યારે સાક્ષાત્

સમયસાર થઈ જાય છે. આત્મા જેવો છે તેવો થઈ જાય છે. તેનું નામ મુક્તિ. તેને પરિભ્રમણ કરવું પડતું નથી. આહાહા..! તેને ચાર ગતિમાં રખડવું પડતું નથી. બાકી તો ચાર ગતિમાં રખડવું પડશે. રખડે છે કે નહિ? આહાહા..! એક માણસ મરીને ઢોર-પશુમાં ઊપજે, પશુ મરીને માણસ થશે. આહાહા..! આવા આવા અનંત ભવ કર્યા. પશુ મરીને નરકમાં જાય. નીચે નરક છે. બહુ હિંસા આદિ કરે એ મરીને નરકમાં જાય છે. આ મોટા રાજા, મહારાજાઓ માંસ ખાય એનું સ્થાન નરક છે. નીચે નરક છે. મહાદુઃખ (છે), જેના દુઃખનો પાર નથી. જેના એક ક્ષણનું દુઃખ કરોડો ભવ અને કરોડો જીભથી કહેવાય નહિ. એવા દુઃખ છે. એવા દુઃખ નરકમાં છે. એક ક્ષણમાં આવા દુઃખ છે. એમ ને એમ જિંદગીના અબજો વર્ષો ત્યાં કાઢ્યા. ભૂલી ગયો, અહીંયા આવ્યા તો બધું ભૂલી ગયો. ક્યાં હતો? કેમ રહ્યો? કેવા ભવ કર્યા? વર્તમાન બાયડી, છોકરા, પૈસા, આબરૂ, કીર્તિ, સેવામાં રોકાઈ ગયો. આહાહા..!

કહે છે, 'સાક્ષાત્ સમયસારભૂત, પરમાર્થરૂપ...' પરમાર્થ (એટલે) આ પરમાર્થ, હોં! પરને કંઈ દેવું-લેવું, ક્ષુધાવંતને આહાર દેવો, તૃષાવંતને પાણી દેવું પરમાર્થ છે, એ પરમાર્થ નથી, એ તો રાગ છે. આહાહા..! આ પરમાર્થભૂત 'શુદ્ધજ્ઞાન...' આહાહા..! જેવું ચૈતન્યસ્વરૂપ શુદ્ધ જ્ઞાન છે અને પુણ્ય-પાપ સાથે મલિન હતો તેને છોડીને એકલું જ્ઞાન પરમાર્થ રહી ગયું તેનું નામ પરમાર્થ કહે છે. પરમ-અર્થ. પરમાર્થ–પરમ-અર્થ. ઉત્કૃષ્ટ પદાર્થ જેવો છે તેવો થઈ ગયો. તેનું નામ મુક્તિ છે. આહાહા..! બાકી તો બંધન ને ચાર ગતિમાં ચોરાશીમાં રખડવાનું છે.

'પરમાર્થરૂપ શુદ્ધજ્ઞાન એક અવસ્થિત...' આત્મા સાથે જે પુણ્ય-પાપ અનેક હતા, શુભ-અશુભભાવને છોડીને એકલો રહ્યો. મલિનતાથી બે રૂપ હતો. બગડે, બગડે, એકડે એક ને બગડે બે. એક આત્મામાં રહેવું તે એક છે અને રાગ સાથે એકત્વ કરવું તે બગડે છે. બગડે-બગડે, બે આવે છે ને? આહાહા..! હિન્દીમાં શું કહે છે? બેની સાથે જોડાયો તો બગડી ગયો. આહાહા..! આ તો એકડે એક ને બગડે બેનું હિન્દીમાં શું છે? બગડેમાં શું આવ્યું? અમારા ગુજરાતીમાં તો આમ કહે છે, એકડે એક, બગડે બે, તગડે ત્રણ. બાયડી ને છોકરા, કુટુંબ પછી તગડે, ચાર ગતિમાં રખડવું. આમ કરવું ને આમ કરવું ને આમ કરવું. આહાહા..!

એ તો પહેલા કહેતા હતા ને? મનુષ્ય થયો તો બે પગ છે, જ્યારે સ્ત્રી થઈ ત્યારે ચાર પગ થયા, ઢોર થયો. પશુ જેવો થયો. સ્ત્રી કરી તો (પશુ જેવો થયો). આખો દિ' એની સાથે માથાકૂટ. તેનો છોકરો થયો તો છ પગ થયા. કરોળિયો (થયો). કરોળિયાને શું કહે છે? મકડી. મકડીને છ પગ હોય છે. છોકરાને સ્ત્રી થઈ તો આઠ પગ થયા તો ભમરો થયો. ભમરાને આઠ પગ હોય છે. ભમરી હોય છે ને? ભમરો કહે છે ને? આહાહા..! રખડતા રખડતા અનંત કાળ આમ ગયો. પોતાની ચીજ શું છે? હું એક જ છું, મારી સાથે

બીજી કોઈ ચીજ નથી. મારી ચીજમાં બીજી ચીજ નથી અને બીજી ચીજમાં હું નથી. આહાહા..! એમ પોતાના આત્માને ક્યારેય ભિન્ન દેખ્યો, જાણ્યો, અનુભવ્યો નહિ તો એનું પરિભ્રમણ મટ્યું નહિ. આહાહા..!

એ કહે છે, 'પરમાર્થરૂપ શુદ્ધજ્ઞાન એક અવસ્થિત (-નિશ્ચળ રહેલું) દેખવું...' નિત્ય પ્રભુ આત્મા જ્ઞાનસ્વરૂપ નિત્ય છે તેને જોવો. આહાહા..! જોનારો બીજાને જોવે છે, જોનારો બીજાને જુએ છે એ જોનારને જોવો. આહાહા..! જાણનારો તો ભગવાન આત્મા છે. એ પરને જાણે છે. જાણનારો પરને જાણે છે પણ જાણનારો પોતાને જાણતો નથી. આહાહા..! એમ પોતાનું પરમાર્થ સ્વરૂપ બગાડીને ચોરાશીમાં રખડે છે. એ બગાડ છોડીને અવિચળ નિશ્ચળ (સ્વરૂપ દેખવું).

'(અર્થાત્ પ્રત્યક્ષ સ્વસંવેદનથી અનુભવવું).' આહાહા..! પોતાના ચૈતન્ય સ્વરૂપની અસ્તિ-મોજૂદગી, હયાતી રાગથી છૂટીને સ્વસંવેદન, સ્વ નામ પોતાનું વેદન-જ્ઞાનનું વેદન કરવું તે સ્વસંવેદન, એ ધર્મ. આહાહા..!

મુમુક્ષુ :- ધર્મ બહુ કઠણ કરી નાખ્યો.

ઉત્તર :- ધર્મ જેવો છે તેવો કહ્યો. શાસ્ત્રમાં છે અને એવો જ ધર્મ છે. લોકો ધર્મ કહે છે એ ધર્મ જ નથી.

મુમુક્ષુ :- બીડી આપે તો ધર્મ થાય.

ઉત્તર :- બીડી આપે, દીવાસળી આપે, કોઈને મોતી આપે, પાણી આપે (તો) ધર્મ થાય. ધૂળમાં પણ ધર્મ નથી. શુભભાવ થાય, બંધન ભાવ થાય. એ બધો સંસાર છે. શુભભાવ પણ સંસાર પરિભ્રમણ (છે). સંસરણ-પોતાના સ્વરૂપમાંથી સંસરણ-હટીને સંસરણ થયું. આહાહા..! પોતાના સ્વરૂપમાંથી સંસરણ-હટીને પુણ્ય-પાપમાં આવ્યો તે સંસાર છે. સંસાર કોઈ સ્ત્રી, કુટુંબ-પરિવાર સંસાર નથી, કોઈ પરવસ્તુ સંસાર નથી. આત્મામાં પુણ્ય-પાપને પોતાના માનવા તે સંસાર છે. પોતામાંથી ખસીને વિકારને પોતાના માનીને રહેવું તેનું નામ સંસાર છે. આહાહા..! એ સંસારનો ત્યાગ (કરે) તેનું નામ મુક્તિ છે. પરનો ત્યાગ તે મુક્તિ નથી. આહાહા..!

અહીંયાં એ કહે છે, '(પ્રત્યક્ષ સ્વસંવેદન...)' પ્રત્યક્ષ સ્વસંવેદન. આત્મામાં આત્માને આત્મા દ્વારા રાગના અભાવ દ્વારા અંદર વેદન, સ્વસંવેદન, સ્વ નામ પોતાનું વેદન જાણવું અને અનુભવ કરવું તેનું નામ આત્મા છે. આહાહા..! આવું કઠણ (છે). લોકોએ તો ધર્મ સહેલો બનાવી દીધો. કો'કની સેવા કરી ને આ કર્યું તો ધર્મ થઈ જશે. ધૂળમાં પણ ધર્મ નથી. મરી ગયો કરી કરીને અનંત વાર. આહાહા..! સેવાના મંડળ થાય, મંડળનો અધિપતી થાય. એણે બહુ સેવા કરી. ધૂળમાં પણ નહિ રહે. સેવા નહિ, અજ્ઞાન કર્યું છે.

મુમુક્ષુ :- સેવા તો નથી કરી પણ કુસેવા તો નથી કરીને.

ઉત્તર :– કુસેવા કરી. પોતાને મૂકીને રાગ-દ્વેષ કર્યા. એ શુભ-અશુભ રાગ-દ્વેષ છે તેની સેવા કરી. આકરી વાત છે, ભાઈ! આહાહા..!

'(પ્રત્યક્ષ સ્વસંવેદનથી અનુભવવું).'

ભાવાર્થ :– 'અહીં જ્ઞાનને સર્વ પરદ્રવ્યોથી ભિન્ન...' જ્ઞાન એટલે જાણન (ભાવ). જેની હયાતી વિના આ ચીજ છે કે નથી તેનું જ્ઞાન થતું નથી. જેની હયાતી વિના આ શરીર, આ ચીજ છે એ જેની હયાતી વિના જ્ઞાન થતું નથી, એ જ્ઞાન પોતાનું સ્વરૂપ છે, એ ચીજ નહિ. આહાહા..! જે જ્ઞાનની સત્તામાં એવો પ્રશ્ન ઉઠે કે હું મને દેખાતો નથી. તો એમાં હું મને દેખાતો નથી, ત્યાં હું હુંમાં આવી ગયો. હું મને દેખાતો નથી ત્યાં હું હુંમાં આવી ગયો. વિચાર ક્યાં કરે છે? આહાહા..!

અહીંયા કહે છે કે, પોતાનું સ્વરૂપ ચૈતન્ય જ્ઞાન, આનંદ આદિ છે. એમાં લીન થઈને પુણ્ય-પાપ, રાગ-દ્વેષ આદિને છોડીને મુક્તિ પામવી તે જ જીવનું કર્તવ્ય છે. બાકી તો જીવનું કર્તવ્ય આ રખડવું છે. આહાહા..! ભાવાર્થ આવ્યો ને?

'જ્ઞાનને સર્વ પરદ્રવ્યોથી ભિન્ન અને પોતાના પર્યાયોથી અભિન્ન...' આત્માને પોતાના ગુણથી અભિન્ન, અભેદ અને પોતાની પર્યાયથી પણ અભિન્ન 'બતાવ્યું.' પહેલા બતાવ્યું. પોતાની દશા. રાગ, દ્વેષ, પુણ્ય, પાપ પણ છે તો આત્માની પર્યાય પણ એ મેલ છે. 'તેથી અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ નામના જે લક્ષણના દોષો તે દૂર થયા.' પોતા સિવાય બીજામાં વ્યાપે તે અતિવ્યાપ્તિ અને પોતા સિવાય બધામાં ન વ્યાપે એ અવ્યાપ્તિ. આવા સિદ્ધાંત. નવરાશ નહિ.

'આત્માનું લક્ષણ ઉપયોગ છે.' આત્મા જાણન લક્ષણવાળો છે. આ આંખ આદિ કાલની વાત જાણતા નથી. કાલની વાત જાણે, યાદ આવે કે કાલે આમ કર્યું હતું એ જાણનાર આત્મામાં જ્ઞાન છે. એ જ્ઞાન કોઈ જડમાં, રાગમાં, શરીરમાં નથી. રાગ કોઈ જ્ઞાન નથી, રાગમાં યાદ નથી આવતું. જે યાદ આવે છે એ આત્મા જ્ઞાન છે. આહાહા..! કેટલી વાત યાદ રાખવી? આખો ફેરફાર (થઈ ગયો).

'આત્માનું લક્ષણ ઉપયોગ છે.' ઉપયોગ એટલે જાણવું-દેખવું એ તેનું લક્ષણ છે. 'અને ઉપયોગમાં જ્ઞાન પ્રધાન છે;...' જાણવા-દેખવામાં જ્ઞાન મુખ્ય છે. 'તે (જ્ઞાન) અન્ય અચેતન દ્રવ્યોમાં નથી...' એ જ્ઞાન જડમાં નથી. શરીર, વાણી, મન જડ છે તેમાં (જ્ઞાન) નથી. આહાહા..! 'અન્ય અચેતન દ્રવ્યોમાં નથી તેથી તે અતિવ્યાપ્તિવાળું નથી,...' એટલે પોતામાં પણ છે અને પરમાં પણ છે એમ નથી. 'અને પોતાની સર્વ અવસ્થાઓમાં છે તેથી અવ્યાપ્તિવાળું નથી.' આત્મા જ્ઞાન સ્વરૂપ છે એ સર્વ અવસ્થાઓમાં રહે છે. કોઈ સમયે જ્ઞાન અવસ્થા ન હોય એમ નહિ. માટે અવ્યાપ્તિ પણ નથી. અવ્યાપ્તિ એટલે પોતાનું જ્ઞાન સર્વ સ્થાનમાં, પોતાના ક્ષેત્રમાં, પોતાના કાળમાં કોઈ સમયે ન વ્યાપે એમ નથી માટે અવ્યાપ્તિ નથી. અને

પોતાનું સ્વરૂપ પરમાં વ્યાપે એમ કદી થતું નથી તો અતિવ્યાપ્તિ નથી. આરે! આવી બધી ભાષા. અવ્યાપ્તિ ને અતિવ્યાપ્તિ. પેલા બિચારા સામાયિક કરે ને પોષા પડિકમણા કરે. ગરીબ માણસને કંઈક આપવું હોય તો આપે આહારને અને માની લે કે ધર્મ થઈ ગયો.

અરે..! ચોરાશીના અવતાર કરતા કરતા કરતા થાક ન લાગ્યો. વિશ્રામ, આ આત્મા ચૈતન્ય વિશ્રામ સ્થાન, આનંદઘન પ્રભુ આત્મા તો છે. અતીન્દ્રિય આનંદ (સ્વરૂપ છે) ત્યાં રહેવાથી વિશ્રામ મળે છે. પુણ્ય-પાપમાં રહેવાથી થાક લાગે છે, દુઃખ લાગે છે, અવતાર થાય છે. આહાહા..! કહ્યું ને?

'અહીં જ્ઞાનને જ પ્રધાન કરીને આત્માનો અધિકાર છે. કારણ કે જ્ઞાનલક્ષણથી જ આત્મા સર્વ પરદ્રવ્યોથી ભિન્ન અનુભવગોચર થાય છે.' જાણનપણું કોનામાં નથી? આત્મામાં ક્યા કાળે નથી? સર્વ કાળે જાણન શક્તિ આત્મામાં છે. એ જ્ઞાન જ આત્મા છે. આહાહા..! એ અનુભવગોચર થાય છે. 'જોકે આત્મામાં અનંત ધર્મો છે,...' જોકે આત્મામાં અનંત જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આદિ અનંત ધર્મ છે. ધર્મ નામ ધારવું, ધારી રાખેલી શક્તિઓ એવી અનંતી છે.

'તોપણ તેમાંના કેટલાક તો છદ્મસ્થને અનુભવગોચર જ નથી;...' અલ્પજ્ઞાનીને કેટલીક તો ખ્યાલમાં નથી. છદ્મસ્થ નામ અલ્પજ્ઞાની, તેને અનંત શક્તિઓ ખ્યાલમાં નથી. 'તે ધર્મોને કહેવાથી છદ્મસ્થ જ્ઞાની આત્માને કઈ રીતે ઓળખે? (આહાહા..!) વળી કેટલાક ધર્મો અનુભવગોચર છે. પરંતુ તેમાનાં કેટલાક તો–અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આદિ તો–અન્ય દ્રવ્યો સાથે સાધારણ અર્થાત્ સમાન છે...' શું કહે છે? કે આત્મામાં અસ્તિત્વ ગુણ છે તો જડમાં પણ અસ્તિત્વ છે. અસ્તિત્વ છે કે નહિ? સત્તા છે કે નહિ? તો એ અસ્તિત્વ ગુણથી આત્માનું જ્ઞાન થતું નથી. અસ્તિત્વગુણથી પરથી ભિન્ન ન પડે. કેમકે અસ્તિત્વ તો પોતામાં પણ છે અને પરમાં પણ છે. આહાહા..! આજે બધું ઝીણું આવ્યું.

છે, એ અસ્તિત્વ. એ તો બધા દ્રવ્યમાં છે. તેનાથી આત્મા ભિન્ન નહિ પડે. આત્મા પણ છે અને પર પણ છે. આહાહા..! 'અન્ય દ્રવ્યો સાથે સાધારણ અર્થાત્ સમાન છે...' અસ્તિત્વ, વસ્તુત્વ એ તો પોતામાં પણ છે અને પરમાં પણ છે તો તેનાથી આત્મા જુદો નહિ પડે. જે આત્મામાં છે અને પરમાં નથી એવું જ્ઞાન હોય તે જુદું પડશે. આહાહા..! 'તેમને કહેવાથી જુદો આત્મા જાણી શકાય નહિ, અને કેટલાક (ધર્મો) પરદ્રવ્યોના નિમિત્તથી થયેલા છે...' કેટલાક તો આત્મામાં આ પુણ્ય-પાપ, દયા, દાન પરદ્રવ્યના નિમિત્તથી (થયેલા છે). 'તેમને કહેવાથી પરમાર્થભૂત આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવી રીતે જણાય?' આહાહા..! રાગ, વિકાર આત્મામાં થાય છે તેનાથી આત્મા જણાતો નથી. આહાહા..!

'માટે જ્ઞાનને કહેવાથી...' જાણન સ્વભાવ કહેવાથી. જાણન.. જાણન.. જાણન. પચાસ વર્ષ પહેલાની વાત પણ યાદ આવે. એવું જ્ઞાન છે. શરીર, વાણી, મનની તાકાત નથી. આહાહા..!

પોણો સો વર્ષે એંસી વર્ષની વાત યાદ રહે. આહાહા..! એંસી વર્ષ પહેલા આમ કર્યું હતું. એ જ્ઞાન છે. એ જ્ઞાન ચીજ ત્રિકાળ છે. એ જ્ઞાન ચીજ પોતામાં છે અને બીજામાં નથી. માટે એ જ્ઞાન ચીજથી આત્મા ઓળખાય છે. આહાહા..! આવો ધર્મ કઈ જાતનો? નવરાશ ન મળે, નિવૃત્તિ ન મળે. હો..હા.. હો..હા.. કારખાના કર્યા ને મોટા શેઠિયા થયા ને કરોડોપતિ (થયા).. થઈ રહ્યું, મરીને જાય પાછા ભુંડમાં, કાગડામાં, કુતરામાં. આહાહા..! પોતાની ચીજને જાણી નહિ. પોતાની મહિમા કરી નહિ. કિંમતી ચીજની કિંમત કરી નહિ અને અકિંમતી ચીજની કિંમત કરીને રખડી મર્યો. આ શરીર ને વાણી, પુણ્ય ને પાપ અકિંમતી ચીજ છે. આહાહા..! અંદર જાણનાર દેખનાર આનંદ એ કિંમતી ચીજ છે. આહાહા..! ડૉક્ટર! જાણન-દેખન એ જડમાં નથી તો એ કિંમતી ચીજ છે. જેને જાણે-દેખે એ કિંમતી ચીજ નથી, એ તો પર છે. આહાહા..! આકરું કામ છે. અહીં સુધી આવ્યું ને?

'માટે જ્ઞાનને કહેવાથી જ છદ્મસ્થ (એટલે કે અલ્પજ્ઞાની) જ્ઞાની આત્માને ઓળખી શકે છે.' અંદર જે આ જાણન જાણન શક્તિ પચાસ વર્ષ પહેલાની વાત પણ જાણી શકે છે એવી એ ચીજ અનંતકાળથી જ્ઞાનસ્વભાવી જ છે. એમ જ્ઞાની રાગથી ભિન્ન પડીને પોતાના આત્માને જાણી શકે છે. તે કારણથી જ્ઞાનને મુખ્ય લક્ષણ કહ્યું. આત્માને ઓળખવા માટે આ દયા પાળે એ આત્મા, હિંસા કરે તે આત્મા એમ નહિ, જ્ઞાન તે આત્મા. આહાહા..! જાણન-દેખન તે આત્મા. આહાહા..!

'અહીં જ્ઞાનને આત્માનું લક્ષણ કહ્યું છે...' જાણન, જાણન, જાણન.. પોતાની સત્તામાં જે પરચીજ જાણવામાં આવે છે એ પરચીજ પોતાની સત્તામાં આવતી નથી પણ પોતાના જ્ઞાનની સત્તા પોતાને અને પરને જાણવાની સિદ્ધિ કરે છે. આહાહા..! જ્ઞાન પોતાને જાણે અને જ્ઞાન પરને જાણે, એમ બેની સિદ્ધિ પોતાથી થાય છે. જડ જડને જાણે નહિ, જડ આત્માને જાણે નહિ. જડ આત્મા દ્વારા જણાય છે. બીજા દ્વારા જણાય એ તો જડ છે. પોતા દ્વારા પોતે જણાય અને પોતા દ્વારા પર પણ જણાય. આહાહા..! પણ એટલા બધા વિચાર (કરવાને) વખત ક્યાં છે? એવો જે ભગવાન આત્મા... 'જ્ઞાનને કહેવાથી જ છદ્મસ્થ જ્ઞાની આત્માને ઓળખી શકે છે.' પોતાના સ્વરૂપને જાણી શકે છે.

જ્ઞાન એટલે આત્મા. જાણન.. જાણન.. જાણન.. જાણન સ્વભાવ તે આત્મા. બાકી બધી ચીજ ભિન્ન. એકલા જાણનારનો અનુભવ કરવો અને રાગને ભિન્ન કરવો ત્યારે જ્ઞાન જ્ઞાનરૂપ થઈને જ્ઞાન છૂટી જાય છે. રાગથી છૂટી જાય તેનું નામ મુક્તિ અને તેનું નામ ધર્મ અને તેનું નામ સુખ. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

પ્રવચન નં. ૪૪૭ ગાથા-૩૯૦ થી ૪૦૪ બુધવાર, અષાઢ વદ ૩, તા. ૩૦-૦૭-૧૯૮૦

નોંધ :- મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' અહીંયા આવ્યું છે. ભાવાર્થ છે ને? એનો ત્રીજો પેરેગ્રાફ. 'અહીં જ્ઞાનને આત્માનું લક્ષણ કહ્યું છે...' આત્માનું લક્ષણ જ્ઞાન કહ્યું અર્થાત્ જ્ઞાન લક્ષણથી આત્મા લક્ષિત (થાય છે), અનુભવમાં આવે છે, બીજી કોઈ ચીજથી નહિ. રાગ, દયા, દાનના વિકલ્પથી આત્માનો અનુભવ થતો નથી, આત્મા તેનો કર્તા થતો નથી. બીજા ધર્મ છે પણ આ જ્ઞાન એ મુખ્ય વસ્તુ છે. તેથી કહ્યું કે, 'જ્ઞાનને આત્માનું લક્ષણ કહ્યું છે એટલું જ નહિ, પણ જ્ઞાનને જ આત્મા જ કહ્યો છે;...' જ્ઞાન એ જ આત્મા. એકલો જાણક સ્વભાવ તે આત્મા. એનો અનુભવ (થાય) તે સમ્યગ્દર્શન (છે), એમાં સ્થિરતા એ ચારિત્ર, એમાં પૂર્ણ સ્થિરતા (થાય) એ કેવળજ્ઞાન (છે).

આ આત્મા જ્ઞાન લક્ષણે લક્ષિત (થાય છે). બીજા બધા ધર્મો દ્વારા લક્ષિત થતો નથી. જ્ઞાન એ તો જાણવાની શક્તિ છે. 'પણ જ્ઞાનને જ આત્મા જ કહ્યો છે; કારણ કે અભેદવિવક્ષામાં ગુણગુણીનો અભેદ હોવાથી,...' જ્ઞાન ગુણ અને આત્મા ગુણી અભેદ કથનમાં બન્ને એક જ છે. ભેદ કથનમાં ગુણ અને ગુણી નામ પડે. અભેદ કથનમાં બન્ને એક જ છે, જ્ઞાન એ જ આત્મા છે. આહાહા..!

જેણે આત્માનું કલ્યાણ કરવું હોય એણે જ્ઞાન દ્વારા આત્માને પકડવો. જાણન.. જાણન.. જાણન સ્વભાવ એ દ્વારા આત્માનો અનુભવ કરવો, તો ત્યાંથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. આહાહા..! બહારની ક્રિયાઓ લાખ કરે, ક્રોડ કરે એનું ફળ બંધન છે.

અહીં તો આત્માને જ જ્ઞાન કહ્યો. જ્ઞાન તે આત્મા અને આત્મા તે જ જ્ઞાન, કહ્યું ને? અભેદ કથનમાં 'જ્ઞાન કહો કે આત્મા કહો-કાંઈ વિરોધ નથી; માટે અહીં જ્ઞાન કહેવાથી આત્મા જ સમજવો.' જ્ઞાન આત્મા છે એમ કહેવાથી જ્ઞાન એટલે આત્મા સમજવો. ભલે આત્મામાં અનંત ધર્મ છે, બીજા અનંત અસ્તિત્વ, વસ્તુત્વ, અરે..! ચારિત્ર, આનંદ વગેરે ગુણ છે પણ એ દ્વારા પહેલા પકડાતો નથી.

જ્ઞાન-જાણન સ્વભાવ પ્રત્યક્ષ જ્ઞાન છે તે આત્મા છે, એમ અનુભવ કરવો તો તેને આત્માનું જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! અહીંથી ધર્મની શરૂઆત થાય છે. જ્ઞાન તે આત્મા, આત્મા તે જ્ઞાન. બન્ને એક જ ચીજ છે. એમ એકાકાર થઈને આત્માના જ્ઞાન

લક્ષણથી અનુભવ કરવો તે જ આત્મજ્ઞાન અને આત્મદર્શન (છે), ધર્મનું પહેલું પગથિયું એ છે. આહાહા..!

'ટીકામાં છેવટે એમ કહેવામાં આવ્યું છે–જે, પોતામાં...' થોડી ટીકાની વાત કરે છે. 'પોતામાં અનાદિ અજ્ઞાનથી થતી શુભાશુભ ઉપયોગરૂપ...' પુણ્ય અને પાપ શુભ અને અશુભભાવ, દયા, દાન, વ્રતાદિના શુભ-અશુભ ભાવ એ આત્માનો અજ્ઞાન ભાવ છે, આત્માનો એ જ્ઞાનભાવ નથી. આત્માનું જ્ઞાન સ્વરૂપ એ ભિન્ન સ્વરૂપ છે. આહાહા..! જરી સૂક્ષ્મ વાત છે. સમજાય છે કાંઈ?

આત્મા 'અનાદિ અજ્ઞાનથી થતી શુભાશુભ ઉપયોગરૂપ પરસમયની પ્રવૃત્તિ...' આહાહા..! અનાદિ કાળથી શુભ અને અશુભ પરિણામ જ કરતો આવ્યો છે અને આત્મા તેમાં રોકાઈ ગયો. આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધા શુભભાવ (છે) પણ એ બંધનનું કારણ છે, એ કોઈ ધર્મ નથી. આહાહા..! એ શુભ ને અશુભભાવમાં અનાદિ કાળથી રોકાતો આવ્યો છે. એ 'શુભાશુભ ઉપયોગરૂપ પરસમયની પ્રવૃત્તિ...' એ તો પરસમય છે, પર આત્મા છે, અનાત્મા છે. પરાત્મા એટલે આત્માથી ભિન્ન ચીજ છે. પુણ્ય અને પાપના ભાવ, શુભ ને અશુભ જે ભાવ એ આત્મા ચિદાનંદ પ્રભુથી ભિન્ન ચીજ છે. આહાહા..! ભારે આકરું કામ. હજી બહારથી નવરો થાય નહિ, એમાં અંદરથી પુણ્યના પરિણામથી જુદો (જાણવો).

સમ્યગ્દર્શન–ધર્મની પ્રથમ સીઢી, ધર્મનું પહેલું પગથિયું તેને કહે છે, કે જ્ઞાન તે આત્માનો અનુભવ. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ બધો રાગ વિકાર છે, એ ધર્મ નથી. એ ધર્મનું કારણ પણ નથી. આહાહા..! આકરું કામ. નવરાશ ન મળે. શુભાશુભ ભાવ તે પરસમય છે, આત્મા નહિ. કહ્યું ને? 'શુભાશુભ ઉપયોગરૂપ પરસમય...' છે. એટલે પરાત્મા છે. પરાત્મા એટલે અનાત્મા છે. આહાહા..! એ અનાત્માથી આત્મા પ્રાપ્ત થતો નથી. ઓહોહો..!

'શુભાશુભ ઉપયોગરૂપ પરસમયની પ્રવૃત્તિને દૂર કરીને,...' જેને પોતાનું કલ્યાણ કરવું હોય (તેણે) પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભ ભાવને દૂર કરીને પોતાના સ્વરૂપમાં એકાગ્ર થવું તે કલ્યાણનો રસ્તો છે, એ ધર્મ છે અને એ ધર્મનો રસ્તો છે. આહાહા..! બહારની પ્રવૃત્તિ તો આત્મા કરી શકતો નથી પણ દયા, દાનાદિના પરિણામ કરી શકે છે પણ એ પણ ધર્મ નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, દાન, લાખો કરોડોના દાન (આપે પણ એ) ધર્મ નથી, એનાથી આત્માનું કલ્યાણ થતું નથી, એનાથી આત્માનો ભવછેદ થતો નથી. આહાહા..! એ તો ભ્રમ છે. ભગવાન આત્મા આનંદકંદ છે ત્યારે પુણ્ય-પાપ તો ભ્રમ, દુઃખરૂપ છે. આહાહા..! જેને આત્માનું કલ્યાણ કરવું હોય તેણે આ ભ્રમને દૂર કરવો, શુભ-અશુભભાવને દૂર કરવા. આહાહા..! આવો માર્ગ. પહેલા શું કરવું? પહેલા આ કરવું. પહેલા શુભભાવ કરે (એમ નહિ).

અહીં કહે છે કે, 'પરસમયની પ્રવૃત્તિને દૂર કરીને,...' પોતામાં આનંદ અને શાંતિ ભરી

છે. એમ આત્મા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો પિંડ છે. તેને આત્મા કહીએ. આ દયા, દાન, વ્રતના પરિણામ એ આત્મા નહિ. આહાહા..! રખડવા આડે નવરાશ ક્યાં છે? નિવૃત્તિ ન મળે. નિવૃત્તિ હોય તો પુણ્યના પરિણામમાં ધર્મ માને. ભક્તિ કરી, જાત્રા કરી, ગિરનારની જાત્રા, શેત્રુંજયની જાત્રા (કરી તો) ધર્મ થઈ ગયો. બિલકુલ ધર્મ નથી.

મુમુક્ષુ :– યાત્રામાં ૪૯ વાર જાય તો ધર્મ થાય.

ઉત્તર :– હા, એ એક વાર કહ્યું હતું ને? સમેદશીખરનું 'મહાવીરકીર્તિ' આવ્યા હતા, દિગંબર (છે). એની સાથે વાત થઈ, કીધું, આ પરથી શું થાય? કે સમેદશીખરની મહિમાનું એક પુસ્તક છે, એ પુસ્તકમાં એમ લખ્યું છે કે, ૪૮ ભવે, ૪૯ ભવે સમેદશીખરના દર્શન કરે તો મોક્ષમાં જાય. (એને) કીધું, એ વચન વીતરાગના નહિ. જે સમેદશીખરની મહિમામાં એ લખ્યું હોય એ વીતરાગની વાણી નહિ. પરના લક્ષે ધર્મ થાય અને ભવનો અભાવ થાય (એમ છે નહિ). 'મહાવીરકીર્તિ' હતા ને? અહીં આવ્યા હતા. શ્રદ્ધામાં કાંઈ ઠેકાણા ન મળે. બહારની ક્રિયાના આચરણમાં લોકો અત્યારે મુંઝાઈને પડ્યા છે. અંદર વસ્તુ શ્રદ્ધા શું કહેવાય? મૂળ શું કહેવાય? મૂળિયું, ધર્મનું મૂળ સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શનનું મૂળ આત્મા. આહાહા..! બહારની પ્રવૃત્તિ ક્રિયાકાંડ પુણ્યબંધનું કારણ છે.

અહીંયા કહે છે કે, 'પરસમયની પ્રવૃત્તિને દૂર કરીને, સમ્યગ્દર્શન...' આહાહા..! પુર્ણાનંદનો નાથ આત્મા, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ પ્રભુતા, પૂર્ણ શાંતિથી ભરેલો પડ્યો છે પ્રભુ. એનો અંતર અનુભવ કરીને પ્રતીતિ કરવી તેનું નામ ધર્મની શરૂઆતનું સમ્યગ્દર્શન છે. આહાહા..! બહુ ભણ્યો હોય ને બહુ વિદ્વાન હોય માટે સમ્યગ્દર્શન થાય એમ છે નહિ. પુણ્ય અને પાપના ભાવ દૂર કરી, લક્ષ છોડી અને ચૈતન્ય લક્ષણે ભગવાનનો અનુભવ કરે, તેમાં એકાકાર થાય, તેમાં લીન થાય એમ ભગવાન આત્માની સન્મુખ થાય તો તેનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

કહે છે કે, શુભાશુભભાવને દૂર કરીને 'સ્વસમયરૂપ પરિણમનસ્વરૂપ...' સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને (સમ્યક્)ચારિત્રની પ્રવૃત્તિ. લ્યો! એ પ્રવૃત્તિ કીધી. રાગથી નિવૃત્તિ અને સ્વરૂપમાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની પ્રવૃત્તિ. છે તો નિવૃત્તિ. રાગ ને પુણ્યની ક્રિયાથી નિવૃત્તિ પણ પોતાની પરિણતિ છે માટે પ્રવૃત્તિ. આહાહા..! શુદ્ધ ચિદાનંદ આત્મા પૂર્ણ આનંદઘનની પ્રવૃત્તિ. (તેની) શ્રદ્ધા, તેનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ આત્માની પ્રવૃત્તિ છે. આહાહા..!

(પરસમયની પ્રવૃત્તિને) 'દૂર કરીને, સમ્યગ્દર્શન-(સમ્યક્)જ્ઞાન-ચારિત્રમાં પ્રવૃત્તિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને,...' સ્વસમય એટલે આત્મા. પરસમય એટલે પુણ્ય અને પાપ. આહાહા..! અંતરમાં શુભ-અશુભભાવથી હઠીને અંતર સ્વરૂપમાં જઈને તેની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા કરવી એ મોક્ષનો માર્ગ અને ધર્મ છે. આહાહા..! સંસારની પ્રવૃત્તિથી નવરો (થતો) નથી. નવરો થઈને આ ભક્તિ કરે, જાત્રા કરવા જાય તોપણ એ ધર્મ નથી. એ

તો શુભરાગ છે. ધર્મ તો, શુભરાગ અને અશુભરાગ પરસમય, પરાત્મા, અનાત્મા છે, જડ છે, અચેતન છે, તેનાથી ભિન્ન પોતાનું ચૈતન્ય સ્વરૂપ, આનંદનો અનુભવ, તેની પ્રતીતિ, તેનું જ્ઞાન અને તેમાં પ્રવૃત્તિ, આત્માના આનંદમાં પ્રવૃત્તિ એ રૂપ સ્વસમય (તે ધર્મ છે). છે? સમ્યગ્દર્શનાદિ.

'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પ્રવૃત્તિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને, એવા સ્વસમયરૂપ પરિણમનસ્વરૂપ...' આહાહા..! એ ચૈતન્ય સ્વરૂપ, જ્ઞાનરૂપ પરિણમન થવું, આનંદરૂપ અવસ્થા થવી, વીતરાગી પર્યાયરૂપ અવસ્થા થવી એનું નામ અહીંયા સ્વસમયરૂપ પરિણમન કહેવામાં આવે છે. એ સ્વસમયરૂપ પરિણમન. પુણ્ય-પાપ એ પરસમય પરિણમન, એ સંસાર અર્થે (થાય છે). આહાહા..!

'સ્વસમયરૂપ પરિણમનસ્વરૂપ મોક્ષમાર્ગમાં...' આ મોક્ષમાર્ગ. આત્મા ચૈતન્ય સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ, આનંદ સ્વરૂપ, તેનો અનુભવ, તેનો અનુભવ કરીને પ્રતીતિ (થવી), તેનું જ્ઞાન (થવું) અને તેની રમણતા (થવી) તે સ્વસમયરૂપ 'મોક્ષમાર્ગમાં પોતાને પરિણમાવીને,...' શુભભાવ પણ ધર્મ નથી. દયા, દાન, ભક્તિ, વ્રત, તપ કરે, આઠ-આઠ, દસ-દસ અપવાસ કરે, મહિના-મહિનાના અપવાસ કરે એ બધી લાંઘણ, લાંઘણ છે. એ તપ નહિ. તપ તો પોતાના જ્ઞાનસ્વરૂપમાં તપનતે ઇતિ તપ. પરથી ભિન્ન પોતાના સ્વરૂપમાં તપે, શોભે, ઉગ્ર પ્રયત્નથી લીન થાય તેનું નામ તપ કહેવામાં આવે છે. આહાહા..!

અહીંયા કહે છે કે, 'સ્વસમયરૂપ પરિણમનસ્વરૂપ મોક્ષમાર્ગમાં પોતાને પરિણમાવીને,...' પરિણમાવીને એટલે અવસ્થા કરીને. પુણ્ય અને પાપની જે અવસ્થા છે એ અધર્મ છે. શુભ-અશુભ પરિણામની જે પરિણતિ છે એ અધર્મ છે. એ અધર્મને છોડીને ધર્મની પરિણતિ સ્વભાવના આશ્રયે કરવી એ સ્વસમય પરિણતિ છે. આહાહા..! છે ને?

જે 'સંપૂર્ણવિજ્ઞાનઘનસ્વભાવને પામ્યું છે,...' સંપૂર્ણ વિજ્ઞાનઘન. એકલો આત્મા સંપૂર્ણ વિજ્ઞાનઘનને પ્રાપ્ત કરીને. આહાહા..! 'પામ્યું છે, અને જેમાં કાંઈ ત્યાગ-ગ્રહણ નથી.' પૂર્ણ પરમાત્મ દશા જ્યાં અંતરમાં થઈ ત્યાં કોઈ ત્યાગ કરવો, કોઈને ગ્રહણ કરવું એવું છે નહિ. આહાહા..! એ વાત તો આવી ગઈ છે. પર રજકણનો ત્યાગ અને ગ્રહણ આત્મામાં છે જ નહિ. પરનો ત્યાગ અને ગ્રહણ એ આત્મામાં છે જ નહિ. ફક્ત બહુ કહો તો રાગનો ત્યાગ અને સ્વરૂપનું ગ્રહણ (છે). સમજાય છે કાંઈ?

સ્વરૂપ ચૈતન્ય આનંદ સ્વરૂપ, વીતરાગમૂર્તિ આત્માનું ગ્રહણ અને રાગનો ત્યાગ (તે છે). આત્મામાં એક શક્તિ એવી છે, ત્યાગઉપાદાન (શૂન્યત્વ શક્તિ). એમાં તો એક રજકણનું પણ ગ્રહણ નહિ અને ત્યાગ નહિ. આહાહા..! એક રજકણનો ત્યાગ નહિ અને ગ્રહણ નહિ. એ ત્યાગઉપાદાનશૂન્યત્વ. અહીંયા રાગાદિનો ત્યાગ કરીને આત્માને ગ્રહણ કરવો એને અહીંયા ગ્રહણ અને ત્યાગ કહ્યો છે. આહાહા..! કઈ જાતની વાત આ?

'જેમાં કાંઈ ત્યાગ-ગ્રહણ નથી,...' પ્રથમમાં જરી રાગ છૂટે અને વીતરાગતા વધે. સ્વરૂપની દૃષ્ટિ હોવાથી સ્વરૂપમાં લીનતા કરવાથી, ચારિત્ર કરવાથી, સ્થિરતા વધે અને રાગ ઘટે. પૂર્ણ દશા પ્રગટ થયા પછી ત્યાગ-ગ્રહણ કંઈ નથી. પછી અપૂર્ણતાનો ત્યાગ અને પૂર્ણતાનું ગ્રહણ ત્યાં નથી. પૂર્ણતા થઈ ગઈ. આહાહા..! આવું ઝીણું.

પહેલા તો એને જ્ઞાન ઉપર લેવું. જ્ઞાન ઉપર તો પહેલા લેવું કે આ ચીજ આ છે. જ્ઞાન ઉપર આવે પછી અંદરમાં રમણતા, શ્રદ્ધા કરવા જવું. પહેલા જ્ઞાનમાં આ ચીજ શું છે તેનું ભાવભાસન થવું (જોઈએ). ભાવનું ભાસન એટલે જ્ઞાન. ભાવનું જ્ઞાન ન હોય તો છોડવું કોને અને ગ્રહણ કોને કરવું? આહાહા..! પહેલા ભાવનું ભાસન-જ્ઞાન થવું જોઈએ. પુણ્ય અને પાપ ત્યાગવાયોગ્ય છે અને જ્ઞાનાનંદ સ્વભાવ ગ્રહણ કરવાલાયક છે. એમ નક્કી-નિર્ણય કરીને પછી સ્વરૂપમાં અંદર જઈને અનુભવ-વેદન કરવું. આહાહા..!

'જેમાં કાંઈ ત્યાગ-ગ્રહણ નથી, એવા સાક્ષાત્ સમયસારસ્વરૂપ,...' સમયસાર થઈ ગયો. સમયસાર નામ આત્મા. જેવો આત્મા હતો તેવો થઈ ગયો. પુણ્ય અને પાપના ભાવથી રહિત જે હતો તેવો થઈ ગયો. આહાહા..! અત્યારે પણ ભગવાન તો પુણ્ય-પાપથી રહિત જ છે. પણ તેને માન્યા છે કે મારા છે. એ માન્યતા છૂટવાથી જેવો છે તેવો રહી જશે. આહાહા..! આવો માર્ગ. આ તો કાંઈક કરો, આ કરો ને આ કરો ને આ કરો. એનાથી ધર્મ થશે એવી પ્રરૂપણા કરે. અહીં તો કહે છે, ત્યાગ-ગ્રહણ આત્મામાં છે જ નહિ. રાગનો ત્યાગ અને આત્માનું ગ્રહણ એ વ્યવહાર છે. પરનો ત્યાગ અને શુભભાવનું ગ્રહણ, એ વસ્તુમાં તો છે જ નહિ. અશુભનો ત્યાગ અને શુભનું ગ્રહણ એ તો આત્મામાં છે જ નહિ. અને આત્મામાં પર રજકણનો ત્યાગ અને રજકણનું ગ્રહણ આત્મામાં નથી. એમાં છે તો એટલી વાત-સ્વરૂપનું ગ્રહણ અને રાગનો અભાવ-ત્યાગ. આહાહા..! આવી વાત છે. આવો ધર્મ!

મુમુક્ષુ :- સ્વરૂપના ગ્રહણથી શું સમજવું?

ઉત્તર :- આનંદ સ્વરૂપ છે તેનો અનુભવ કરવો. આનંદ સ્વરૂપને ગ્રહણ કરવો એનો અર્થ અનુભવ કરવો. સ્વરૂપનું ગ્રહણ નથી, જે સ્વરૂપ છે તેનો અનુભવ નથી તેનો અનુભવ કરવો એ ગ્રહણ કરવું છે અને રાગ-દ્વેષનો અનુભવ છે તેને છોડવો. આહાહા..! ભારે કામ આકરું. આવી વાત.

'એવા સાક્ષાત્ સમયસારસ્વરૂપ, પરમાર્થભૂત, નિશ્ચળ રહેલા, શુદ્ધ, પૂર્ણ જ્ઞાનને (પૂર્ણ આત્મદ્રવ્યને) દેખવું.' પૂર્ણ આત્માને દેખવો. આહાહા..! સમ્યગ્દર્શનમાં પૂર્ણ દેખવો, જ્ઞાનમાં પૂર્ણ દેખવો, ચારિત્રમાં પૂર્ણ દેખવામાં સ્થિર થવું અને પછી પૂર્ણ થઈ જશે, કેવળજ્ઞાન થઈને પૂર્ણ થઈ જશે એમ દેખવું. આહાહા..!

'ત્યાં દેખવું ત્રણ પ્રકારે...' જુઓ! આત્મ ભગવાનને જોવાનું ત્રણ પ્રકારે. 'ત્રણ પ્રકારે સમજવું. શુદ્ધનયનું જ્ઞાન કરીને...' પહેલા તો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એમ જ્ઞાન કરીને,

શુદ્ધનયનું ગ્રહણ કરીને 'પૂર્ણ જ્ઞાનનું શ્રદ્ધાન કરવું...' હું પૂર્ણ છું. આહાહા..! આત્માને પકડીને હું તો પૂર્ણ જ છું એમ જોવું જોઈએ. આહાહા..! 'તે પહેલા પ્રકારનું દેખવું છે.' પૂર્ણ વસ્તુ જે આત્મા, પુણ્ય-પાપના ભાવથી રહિત એ પૂર્ણ છે. એ પૂર્ણને જોવું અને જાણવું તેનું નામ જ્ઞાન અને શ્રદ્ધાન છે. છે? 'તે પહેલા પ્રકારનું દેખવું છે.'

'તે અવિરત...' એ ચોથે ગુણસ્થાને થાય છે. આહાહા..! ચોથા ગુણસ્થાનમાં, પાંચમામાં, છટ્ઠામાં અંતરમાં અનુભવની દૃષ્ટિ થાય છે. આહાહા..! એ અનુભવની દૃષ્ટિ વિના ચોથું, પાંચમું, છટ્ઠું ગુણસ્થાન હોતું નથી. આહાહા..! છે? 'શુદ્ધનયનું જ્ઞાન કરીને પૂર્ણ જ્ઞાનનું શ્રદ્ધાન કરવું...' પૂર્ણ જ્ઞાનનું શ્રદ્ધાન કરવું. પૂર્ણ જ્ઞાન તે આત્મા, અપૂર્ણ જ્ઞાન પણ નહિ. રાગ તો નહિ પણ અપૂર્ણ જ્ઞાન પણ નહિ. 'પૂર્ણ જ્ઞાનનું શ્રદ્ધાન કરવું...' આહાહા..! 'તે પહેલા પ્રકારનું દેખવું છે.' આત્મા પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે એમ પૂર્ણ આનંદ સ્વરૂપ છે એમ પહેલા દેખવું તે પ્રથમ પ્રકારનું દેખવું છે. ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે. આહાહા..!

'શુદ્ધનયનું જ્ઞાન કરીને...' શુદ્ધનય. પર્યાય અને રાગની દૃષ્ટિ છોડીને જે જ્ઞાન ત્રિકાળ દ્રવ્યને પકડે તેનું નામ શુદ્ધનય છે. એ શુદ્ધનયનું ગ્રહણ કરીને, જ્ઞાન કરીને 'પૂર્ણ જ્ઞાનનું શ્રદ્ધાન કરવું તે પહેલા પ્રકારનું દેખવું છે.' એ તો ચોથે, પાંચમે પણ થાય છે. નિશ્ચય સમ્યગ્દર્શન ચોથેથી થાય છે. આત્માના આનંદનો અનુભવ, રાગાદિના દુઃખનો અનુભવ પહેલા ચોથેથી થાય છે. ધર્મની પહેલી સીઢી. સુખનું વેદન, આનંદનું સ્વસંવેદન અને દુઃખનો ત્યાગ, એવા જે અંતર શ્રદ્ધા-જ્ઞાન ચોથે, પાંચમે, છટ્ઠે પણ થાય છે. છે?

'જ્ઞાન-શ્રદ્ધાન થયા પછી બાહ્ય સર્વ પરિગ્રહનો ત્યાગ કરી...' હવે મુનિપણાની વાત કરે છે. હવે મુનિપણું કહે છે. આવા જ્ઞાન-શ્રદ્ધાન થયા, આત્માના આનંદનું જ્ઞાન થયું, આત્મા આનંદમૂર્તિ, અતીન્દ્રિય આનંદનો કંદ છે તેનું વેદન થયું પછી ચારિત્ર અંગીકાર કરવું. એમ છે ને? 'સર્વ પરિગ્રહનો ત્યાગ કરી...' આહાહા..! આવો અનુભવ થયા પછી સર્વ પરિગ્રહનો ત્યાગ (કરવો). એક કપડાનો ટુકડો પણ મુનિને નથી. કપડાનો એક ટુકડો મુનિને હોય નહિ. (રાખે તો) એ મુનિ–સાધુ નહિ. 'સર્વ પરિગ્રહનો ત્યાગ...' કીધું ને?

મુમુક્ષુ :– એ તો દિગંબરના સાધુ હોય તેને બીજા સાધુને...

ઉત્તર :– દિગંબરના સાધુ જ સાધુ છે. જૈન દર્શનના મુનિને વસ્ત્રનો ટુકડો હોય નહિ અને પાત્રા હોય નહિ. જેમ માતાએ જન્મ આપ્યો (એવું રૂપ હોય). એવો પાઠ છે. જેમ માતાએ જન્મ આપ્યો તેવો નગ્ન. મુનિ એવા હોય. અત્યારે તો બધી વાત ફરી ગઈ. વસ્ત્રવાળા મુનિ છે જ નહિ. વસ્ત્ર રાખે, પાત્રા રાખે તે મુનિ ત્રણકાળ અને ત્રણલોકમાં નથી.

મુમુક્ષુ :– જેવા શ્રાવક એવા સાધુ.

ઉત્તર :– શ્રાવક તો સમકિતી (હોય). ... 'શ્રેણિક' રાજાને સમકિત હતું, રાજ હતું, રાણીઓ હતી, સેંકડો રાજા ચામર ઢાળતા હતા. છતાં સમકિતી હતા. આહાહા..! ચારિત્ર

નહિ. આહાહા..!

મુમુક્ષુ :– કપડા તો રાખે નહિ પણ ખાટ અને પાટલા તો રાખી શકે ને?

ઉત્તર :– કાંઈ કોઈ ચીજ રાખે નહિ. ઘાસના પોટલા સાથે રાખવા ઘાસ-ઘાસ, ખટારામાં ઘાંસ અહીં આવે છે ને? 'મહાવીરકીર્તિ' આવ્યા તે દિ' આખો ખટારો ભરેલો. એ માર્ગ વીતરાગનો નહિ. આહાહા..! આકરી વાત છે. કુદરતી પાટ પડી હોય અને બેસે એ જુદી વાત છે. પાટ લાવો, એ પરિગ્રહ મુનિને હોય નહિ. આહાહા..!

મુમુક્ષુ :– પાટ ઉપર તો બધાનું નામ હોય છે.

ઉત્તર :– સાધુને નામ કેવા? સાધુને વસ્ત્રનો ટુકડો હોય નહિ તો પાટ કેવી? શું થાય? અત્યારે ફેરફાર થઈ ગયો. સત્ય વાત (કહીએ તો) દુઃખ લાગે. સત્ય વાત કહીએ તો દુઃખ લાગે છે. માર્ગ તો આ છે. દુઃખ મુકવાનો માર્ગ આ છે. મુનિપણું એટલે ચારિત્ર. ચારિત્ર એટલે તદ્દન ત્રણ કષાયનો અભાવ અને બાહ્યમાં નગ્નપણું. વસ્ત્રનો અને પાત્રનો ટુકડો (રાખે) નહિ. આહાહા..! સૂવા માટે ઘાસના પોટલા સાથે રાખે નહિ. (રાખે તો) ઇનું ઇ થયું પરિગ્રહ. ઝીણી વાત છે. અત્યારે તો મુનિપણું તો બહુ મૂળ ચીજ છે.

મુમુક્ષુ :– તંબુ તો નખાય ને?

ઉત્તર :– તંબુ-બંબુ એ બધું.. સાધુ માટે તંબુ હોય નહિ.

મુમુક્ષુ :– સાધુને રોગ હોય તો રોગમાં એને સાધુપણું હોય કે ન હોય?

ઉત્તર :– હોય, રોગને લઈને શું છે? આ તો કપડા (ન હોય). રોગની દવા પણ કરાવે નહિ. આહાર વખતે કોઈ ભેગી આપી દે એ જુદી વાત છે. ફરીને દવા લે અને ફરીને કરે એમ નહિ. ઝીણી વાત છે ભાઈ!

મુમુક્ષુ :– મુનિને ચશ્મા તો હોય ને?

ઉત્તર :– ચશ્મા મુનિને હોય નહિ. (અત્યારે) ચશ્મા રાખે છે. ખબર છે ને બધી. બાપુ! બહુ આકરો માર્ગ. એને દુઃખ લાગે. ખરેખર દુઃખ મટવાનો ઉપાય છે. આહાહા..! એની હજી શ્રદ્ધાની ખબર ન મળે એને ચારિત્ર તો ક્યાંથી લાવવા? આહાહા..! માએ જન્મ આપ્યો હોય એવો 'કુંદકુંદાચાર્યદેવ' નો પાઠ છે. માતાએ જન્મ આપ્યો હોય એવી એની દશા હોય. આહાહા....! એ મુનિપણું પણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન પહેલા હોય પછી તે હોય. સમ્યગ્દર્શન અને જ્ઞાન વિના એ પંચ મહાવ્રતની ક્રિયા ગમે તેવી હોય તોપણ એ સાધુ નથી. આહાહા..!

અહીં એ કહ્યું, આહા..! પહેલા જ્ઞાન-શ્રદ્ધાન કરવું. યથાર્થ કરવા. 'જ્ઞાન-શ્રદ્ધાન થયા પછી બાહ્ય સર્વ પરિગ્રહ...' સર્વ પરિગ્રહ કહ્યું ને? કોઈ ટુકડો રાખવો (એમ નથી કહ્યું). સર્વ પરિગ્રહ. શ્વેતાંબરના શાસ્ત્રમાં જે કપડા નાખ્યા છે એ તો કલ્પના છે. કલ્પનાથી બનાવેલા છે, ભગવાનના બનાવેલા એ શાસ્ત્રો નથી. સમકિતીએ બનાવેલા એ શાસ્ત્રો નથી. આહાહા..!

વસ્ત્ર રાખીને સાધુપણું મનાવ્યું હોય એ પુસ્તક વીતરાગનું નહિ, એ પુસ્તક સમકિતીનું નહિ, મિથ્યાદૃષ્ટિનું છે. આહાહા..! આકરો માર્ગ.

પ્રથમ સમ્યગ્દર્શન, તદ્દન નિરાળો ભગવાન પૂર્ણાનંદનો નાથ, જેમાં રાગનો અંશ નથી, એવી પૂર્ણ ચીજની અંદર અનુભવમાં પ્રતીતિ થાય તે તો સમ્યગ્દર્શન છે પણ પર્યાયમાં પૂર્ણ પ્રાપ્ત કરવા માટે ચારિત્રમાં પરિગ્રહનો એક અંશ હોય નહિ. આહાહા..!

મુમુક્ષુ :– પીંછી, કમંડળ તો હોય છે.

ઉત્તર :– હા, ઇ તો હોય છે. પીંછી, કમંડળ હોય છે. અપવાદીક છે ને? શાસ્ત્રમાં લખ્યું છે.

અહીં તો (કહે છે), બાહ્ય સર્વ પરિગ્રહનો ત્યાગ કરીને. સમ્યગ્દર્શન થયું ત્યારથી એની શ્રદ્ધામાં કપડાનો ટુકડો હોય તો પણ સાધુ નથી, એમ માન્યતા હોય છે. સમ્યગ્દર્શનમાં આવી માન્યતા છે. દેવ-ગુરુ-શાસ્ત્રની એવી શ્રદ્ધા હોય કે દેવને રોગ હોય નહિ, દેવને દવા ન હોય. આહાહા..! દેવને વસ્ત્ર, પાત્ર તો નહિ, ગુરુને વસ્ત્ર, પાત્ર ન હોય. રોગ હોય, ભગવાનને રોગ ન હોય. આહાહા..! પૂર્ણ પવિત્રતા જ્યાં પ્રગટ થઈ ત્યાં રોગ કેવો? નીચે મુનિને રોગ હોય.

'સનતકુમાર' મુનિને ૭૦૦ વર્ષ સુધી ગલત કોઢ (હતો). છદ્મસ્થ છે, પૂર્વનો ઉદય છે, છે મુનિ, ભાવલિંગી સંત છે, અંતર આનંદ-ધ્યાનમાં રહેવાવાળા, અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેનારા. આહાહા..! ચોથે ગુણસ્થાને સમકિતી પણ અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેવાવાળા હોય છે. નહિતર એ સમકિતી નહિ. પાંચમે વિશેષ (આનંદ) હોય છે. મુનિને વિશેષ આનંદ આવે છે. અતીન્દ્રિય આનંદનું વિશેષ વેદન તે મુનિપણું. પ્રચુર સ્વસંવેદન–એવો પાઠ છે. 'સમયસાર' પાંચમી ગાથામાં છે. મુનિ કહે છે, અમે અમારા વૈભવથી કહીશું. અમારો વૈભવ શું છે? કે, પ્રચુર સ્વસંવેદન. આત્માના અતીન્દ્રિય આનંદનું વિશેષ ઉગ્ર વેદન. સમકિતીને પ્રચુર સ્વસંવેદન નથી. વેદન છે, પણ અલ્પ છે. મુનિને પ્રચુર અતીન્દ્રિય આનંદ (છે). આહાહા..! અતીન્દ્રિય આનંદ! ડુંગરમાં જેમ પાણી ઝરે છે તેમ મુનિને આનંદ ઝરે છે. મુનિપણું એટલે પરમેશ્વરપદ! આહાહા..!

અહીં કહે છે, પહેલા જ્ઞાન-શ્રદ્ધા તો કર. પુણ્ય અને પાપ છોડી, એ નહિ, એ વસ્તુનું કામ નહિ, શુભ કરતા કરતા કલ્યાણ થઈ જશે, શુભક્રિયા કરતા કરતા સમકિત થઈ જશે એ શ્રદ્ધા મિથ્યાત્વ છે, એ તો પહેલા છોડ. છોડીને સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાન કર. પછી 'બાહ્ય સર્વ પરિગ્રહનો ત્યાગ કરી તેનો (–પૂર્ણ જ્ઞાનનો) અભ્યાસ કરવો,...' આહાહા..! પૂર્ણ જ્ઞાન જે આત્મા પૂર્ણ સ્વરૂપ છે તેનો અભ્યાસ પૂર્ણ પ્રગટ કરવા માટે કરવો.આની શક્તિ અને સ્વભાવ તો પૂર્ણ જ છે. તેનો અભ્યાસ કરીને પર્યાયમાં પ્રગટ કરવાનો અભ્યાસ કરવો. આ અભ્યાસ. આહાહા..!

અંતરમાં જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણ પૂર્ણ ભર્યા છે પણ એ શક્તિરૂપે છે, સ્વભાવરૂપે

છે, સામર્થ્યરૂપે છે, સત્ત્વરૂપે છે. એને પ્રગટ કરવા માટે પ્રયાસ (કરવો), અંતરમાં એકાગ્રતા કરવી એનું નામ ચારિત્ર છે. આનંદમાં રમવું તેનું નામ ચારિત્ર છે. આહાહા..! (આમ) 'અભ્યાસ કરવો,...'

'ઉપયોગને જ્ઞાનમાં જ થંભાવવો,...' જોયું? સમકિત થયા પછી પણ ચારિત્ર ગ્રહણ કરવા માટે જે જ્ઞાનનો ઉપયોગ છે તેને અંતરમાં વિશેષ લગાવવો. 'ઉપયોગને જ્ઞાનમાં જ થંભાવવો,...' આહાહા..! જે ઉપયોગ પુણ્ય-પાપમાં જાય છે તે બંધનું કારણ છે, એ ઉપયોગ જ્ઞાનમાં લગાવવો, અંતર આત્મામાં લગાવવો અંદરથી, એનું નામ ચારિત્ર છે. આહાહા..! આકરું કામ છે, ભાઈ!

'જેવું શુદ્ધનયથી પોતાના સ્વરૂપને સિદ્ધ સમાન જાણ્યું...' પહેલા, સમ્યગ્દર્શનમાં સિદ્ધ સમાન આત્માને જાણ્યો. સિદ્ધ સમાન પોતાનું શ્રદ્ધાન કર્યું હતું. જ્ઞાન અને શ્રદ્ધાન કર્યા હતા. સમ્યગ્દર્શનમાં પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ વસ્તુનું શ્રદ્ધાન-જ્ઞાન કર્યા હતા 'તેવું જ ધ્યાનમાં લઈને ચિત્તને એકાગ્ર–સ્થિર કરવું,...' આહાહા..! એ વસ્તુમાં આનંદમાં વારંવાર સ્થિર કરવું. મુનિને તો છઠ્ઠે અને સાતમે તો તરત અંતર્મુહૂર્તમાં આવે છે, એક અંતર્મુહૂર્તમાં હજારો વાર આવી જાય છે. સપ્તમ ગુણસ્થાન, અપ્રમત્ત દશા, આનંદ દશા. સાચા સંતને ત્રણ કષાયના અભાવનું છઠ્ઠું ગુણસ્થાન, એક મિનિટ કે બે મિનિટ પણ નથી રહેતું. તરત જ સપ્તમમાં આવી જાય છે. સપ્તમમાં પણ પોણી સેકંડ રહીને વળી છઠ્ઠું આવી જાય. એ દશા કોઈ જુદી વાત છે, એ અંતરની વાતું છે.

અંદરના જ્ઞાન અને આનંદની રમણતા, એનું નામ ચારિત્ર છે. ચારિત્ર નામ ચરવું. ચરવું નામ રમવું. ચરવું નામ જેમ પશુ લીલુ ઘાસ ચરે છે. એમ પોતાના આનંદનું. આહાહા..! અતીન્દ્રિય આનંદનું દળ પ્રભુ છે. તેનું ભોગવવું, ચરવું, તેમાં રમવું તેનું નામ ચારિત્ર છે. આહાહા..! હજી શ્રદ્ધાની ખબર ન હોય અને ચારિત્ર (ક્યાંથી) થાય.. અરરર...! આહાહા..!

'ફરી ફરી તેનો જ અભ્યાસ કરવો, તે બીજા પ્રકારનું દેખવું છે.' પહેલા પ્રકારનું દેખવું એ આવ્યું હતું કે, હું પૂર્ણ સ્વરૂપ છું. પુણ્ય-પાપથી રહિત, શુભ-અશુભથી રહિત પૂર્ણ સ્વરૂપ હું છું એવા શ્રદ્ધા-જ્ઞાન કરવા તે પહેલા (પ્રકારનું દેખવું છે). પછી અંતર રમણતા કરીને પૂર્ણ દેખવું તેનું નામ ચારિત્ર છે. આહાહા..! છે? 'ફરી ફરી તેનો જ અભ્યાસ કરવો, તે બીજા પ્રકારનું દેખવું છે. આ દેખવું અપ્રમત્ત દશામાં હોય છે.' જુઓ! ચોથે, પાંચમે, છઠ્ઠે અમુક (પ્રકારનું દેખવું) અને સાતમા ગુણસ્થાનમાં અંદર આનંદમાં સ્થિર છે, અતીન્દ્રિય આનંદમાં સ્થિર થઈ જાય. આહાહા..! ક્ષણિક રહે, તરત છઠ્ઠું આવી જાય. એમ સાતમેથી છઠ્ઠે, છઠ્ઠેથી સાતમે આવે એ મુનિની દશા છે. સાચા સંતની આ દશા હોય છે. છઠ્ઠે અને સાતમે હજારો વાર એક દિવસમાં આવે એ મુનિ છે. આહાહા..! 'તેવું ધ્યાનમાં લઈને ચિત્તને એકાગ્ર–સ્થિરકરવું, ફરી ફરી તેનો જ અભ્યાસ કરવો, તે બીજા પ્રકારનું દેખવું છે.

આ દેખવું અપ્રમત્ત દશામાં હોય છે.'

'જ્યાં સુધી એવા અભ્યાસથી કેવળજ્ઞાન ન ઊપજે...' આહાહા..! અંતરમાં લીનતા કરતા.. કરતા.. કરતા જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય 'ત્યાં સુધી તે અભ્યાસ નિરંતર રહે. આ, દેખવાનો બીજો પ્રકાર થયો. (આહાહા..!) અહીં સુધી તો પૂર્ણ જ્ઞાનનું શુદ્ધનયના આશ્રયે પરોક્ષ દેખવું છે.' અહીંયા પ્રત્યક્ષ થયો નથી. પ્રત્યક્ષ તો કેવળજ્ઞાન થાય ત્યારે થાય. અસંખ્ય પ્રદેશી અનંત ગુણો! ઓહોહો..! અસંખ્ય પ્રદેશી પૂર્ણ અનંત ગુણો કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ થાય છે. 'આ દેખવાનો બીજો પ્રકાર થયો. અહીં સુધી તો પૂર્ણ જ્ઞાનનું શુદ્ધનયના આશ્રયે પરોક્ષ દેખવું છે.' પહેલા તો પરોક્ષ છે વ્યવહારથી. આમ જ્ઞાનના વેદનથી પ્રત્યક્ષ છે. આખા અસંખ્ય પ્રદેશ જોવામાં આવતા નથી એ અપેક્ષાએ પરોક્ષ જાણવામાં આવે છે. બાકી જ્ઞાનનું વેદન તો પ્રત્યક્ષ છે અને અસંખ્ય પ્રદેશ જોવામાં આવ્યા નથી તો એને પરોક્ષ કહેવામાં આવ્યું. આહાહા..!

'કેવળજ્ઞાન ઊપજે ત્યારે સાક્ષાત્ દેખવું થાય છે...' સાક્ષાત્ કેવળજ્ઞાન! 'તે ત્રીજા પ્રકારનું દેખવું છે.' પહેલો પ્રકાર જ્ઞાન-શ્રદ્ધાન-અનુભવ કરવો. બીજો પ્રકાર–સ્વરૂપમાં ચારિત્ર–રમણતા કરવી, ત્રીજો પ્રકાર–કેવળજ્ઞાન પ્રગટ કરવું. આહાહા..! 'તે સ્થિતિમાં જ્ઞાન સર્વ વિભાવોથી રહિત થયું થકું...' જ્યારે કેવળજ્ઞાન થાય છે ત્યારે સર્વ પ્રકારના વિભાવોથી રહિત (થાય છે). આહાહા..! 'સર્વનું દેખનાર-જાણનાર છે,...' કેવળીને આ મારો શિષ્ય છે એવું કાંઈ નથી. આહાહા..! એ તો જ્ઞાતા-દૃષ્ટા છે. 'તેથી આ ત્રીજા પ્રકારનું દેખવું તે પૂર્ણ જ્ઞાનનું પ્રત્યક્ષ દેખવું છે.' પૂર્ણ જ્ઞાનમાં પ્રત્યક્ષ દેખવું થાય. આહાહા..!

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–' લ્યો! એ જે કહ્યું એનું કાવ્ય હવે કહેશું.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૨૩૫

(शार्दूलविक्रीडित)

अन्येभ्यो व्यतिरिक्तमात्मनियतं बिभ्रत्पृथग्वस्तुता-
मादानोज्झनशून्यमेतदमलं ज्ञानं तथावस्थितम्।
मध्याद्यन्तविभागमुक्तसहजस्फारप्रभाभासुरः
शुद्धज्ञानघनो यथाऽस्य महिमा नित्योदितस्तिष्ठति।।२३५।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– [ अन्येभ्यः व्यतिरिक्तम् ] અન્ય દ્રવ્યોથી ભિન્ન, [ आत्म-नियतं ] પોતામાં જ નિયત, [ पृथक्-वस्तुताम् बिभ्रत् ] પૃથક્ વસ્તુપણાને ધારતું (-વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષાત્મક હોવાથી પોતે પણ સામાન્યવિશેષાત્મકપણાને ધારણ કરતું), [ आदान-उज्झन-शून्यम् ] ગ્રહણ-ત્યાગ રહિત, [ एतत् अमलं ज्ञानं ] આ અમલ (-રાગાદિક મળથી રહિત) જ્ઞાન [ तथा अवस्थितम् यथा ] એવી રીતે અવસ્થિત (-નિશ્ચળ રહેલું) અનુભવાય છે કે જેવી રીતે [ मध्य-आदि-अन्त-विभाग-मुक्त-सहज-स्फार-प्रभा-भासुरः अस्य शुद्ध-ज्ञान-घनः महिमा ] આદિ-મધ્ય-અંતરૂપ વિભાગોથી રહિત એવી સહજ ફેલાયેલી પ્રભા વડે દેદીપ્યમાન એવો એનો શુદ્ધજ્ઞાનઘનરૂપ મહિમા [ नित्य-उदितः तिष्ठति ] નિત્ય-ઉદિત રહે (-શુદ્ધ જ્ઞાનના પુંજરૂપ મહિમા સદા ઉદયમાન રહે).

ભાવાર્થ :– જ્ઞાનનું પૂર્ણ રૂપ સર્વને જાણવું તે છે. તે જ્યારે પ્રગટ થાય છે ત્યારે સર્વ વિશેષણો સહિત પ્રગટ થાય છે; તેથી તેના મહિમાને કોઈ બગાડી શકતું નથી. સદા ઉદયમાન રહે છે. ૨૩૫.

---

પ્રવચન નં. ૪૪૮ શ્લોક–૨૩૫ ગુરુવાર, અષાઢ વદ ૪, તા. ૩૧-૦૭-૧૯૮૦

---

'સમયસાર' ૨૩૫ કળશ.

अन्येभ्यो व्यतिरिक्तमात्मनियतं बिभ्रत्पृथग्वस्तुता-
मादानोज्झनशून्यमेतदमलं ज्ञानं तथावस्थितम्।
मध्याद्यन्तविभागमुक्तसहजस्फारप्रभाभासुरः
शुद्धज्ञानघनो यथाऽस्य महिमा नित्योदितस्तिष्ठति।।२३५।।

'अन्येभ्यः व्यतिरिक्तम्' આ આત્મા પોતાનું સ્વરૂપ શુદ્ધ આનંદકંદ છે તેનું સાધન કરીને પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ. એ પોતાનું ભિન્ન તત્ત્વ છે. પૂર્ણાનંદ હોય તો એ પરમાં ભળી જાય છે એમ નથી. અહીંયા પણ એકલો છે અને ત્યાં પણ એકલો છે. સંસારમાં રખડવામાં પણ એકલો, ધર્મના સાધકપણે પણ એકલો અને તેના ફળ તરીકે સિદ્ધ પણ એકલો. એ કહે છે.

'અન્ય દ્રવ્યોથી ભિન્ન,...' આહાહા..! અનેરા દ્રવ્યો–ભગવાન પણ એનાથી ભિન્ન ભગવાન આત્મા ભગવાનથી પણ ભિન્ન (છે). અન્ય દ્રવ્યોથી ભિન્ન. 'પોતામાં જ નિયત,...' પોતામાં જ નિશ્ચયથી રહેનાર. પરથી ભિન્ન પોતામાં જ રહેનાર. 'પૃથક્ વસ્તુપણાને ધારતું...' બીજી અનંત ચીજ છે તે ચીજથી પૃથક્ જુદી વસ્તુ ધારતું. એવો આત્મા મુક્તપણાને પ્રાપ્ત થાય છે ત્યારે તેને પરનો સંબંધ રહેતો નથી. અહીંયા સંબંધ છે પણ એની સાથે એકત્વ નથી.. આહાહા..!

અહીંયા તો (કહે છે), 'પૃથક્ વસ્તુપણાને ધારતું (–વસ્તુનું સ્વરૂપ...)' હવે આમાં ન્યાય આપ્યો છે. '(–વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષાત્મક...)' શું કહે છે? કે વસ્તુ સામાન્ય એટલે એકરૂપ રહેનાર અને વિશેષ એટલે પર્યાય, પણ પોતાથી રહેનાર. સામાન્યવિશેષસ્વરૂપ જ વસ્તુ છે તો સામાન્ય પોતાથી છે અને પર્યાય બીજાથી છે એમ સિદ્ધમાં પણ નથી, સાધકમાં પણ નથી, બાધકમાં પણ નથી. કેમકે સામાન્યવિશેષાત્મક સ્વભાવ છે. સામાન્ય નામ કાયમ રહેનારી ચીજ અને વિશેષ નામ વર્તમાન પર્યાય. તો વર્તમાન પર્યાય વિનાનું કોઈ દ્રવ્ય નથી. આહાહા..! તો પોતાની પર્યાય વિનાનું દ્રવ્ય નથી તો તેની પર્યાય બીજું કોઈ કરે એ ત્રિકાળ બને નહિ. આહાહા..!

આમાં બે બોલ આકરા છે. ૧. 'आदान शून्यम्' અને ૨. 'पृथक्' સામાન્યવિશેષ. દરેક ચીજ સામાન્ય ધ્રુવપણે રહેનારી અને વિશેષ–પર્યાય રહેનારી, પર્યાય સહિત રહેનારી (છે). કોઈ ચીજની કોઈ પર્યાય બીજો કરે એમ ત્રણકાળમાં બને નહિ. આહાહા..! સમજાય છે કાંઈ ? સામાન્યવિશેષ સ્વરૂપ વસ્તુ જ એવી છે. એ સિદ્ધપદ પણ પર્યાય છે. સિદ્ધપદનો જે આત્મા અંદર ત્રિકાળ છે એ ધ્રુવ (છે) પણ પર્યાય છે એ સામાન્યનું વિશેષ રૂપ છે. એ વિશેષ અને સામાન્ય વિના સિદ્ધ પણ રહેતા નથી. અને બીજા બધા આત્માઓ કે પરમાણુ પોતાની પર્યાય સહિત સામાન્યપણે રહે છે. પોતાની પર્યાય બીજો કોઈ કરે એમ ત્રણકાળમાં બને નહિ. આહાહા..!

આ હાથ છે તો એના પરમાણુ જે છે એ સામાન્ય છે અને આ જે અવસ્થા થાય છે તે વિશેષ છે. આ વિશેષ અવસ્થા આત્મા કરે છે એમ ત્રણકાળમાં નથી. આહાહા..! જો એમ હોય તો વિશેષ વિનાનું દ્રવ્ય રહી જાય, તો દ્રવ્ય એવું છે નહિ. દ્રવ્ય સામાન્ય અને વિશેષ બે સ્વરૂપે છે. આહાહા..!

અનાજનો લોટ થાય છે એ લોટ ઘંટીથી થતો નથી. એ લોટનો સ્વભાવ જ સામાન્યવિશેષ છે. પરમાણુ તરીકે કાયમ રહેનાર અને લોટની જે વિશેષ પર્યાય છે તે વિશેષસહિત સામાન્ય કાયમ રહે છે. તેનું વિશેષ કોઈ બીજો કરે એમ ત્રણકાળમાં બને નહિ. આહાહા..! આ સિદ્ધાંત.

ઠીક, એક તો એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરે નહિ. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કિંચિત્ અડે નહિ, સ્પર્શે નહિ. એક તત્ત્વ બીજા તત્ત્વને કદી અડતું નથી. આહાહા..! અને દરેક તત્ત્વમાં જે પર્યાય–વિશેષ થાય છે તે ક્રમબદ્ધ થાય છે. એક પછી એક થવાવાળી થાય છે, આઘીપાછી નહિ. બે. અને સામાન્યનું જે વિશેષ છે એ પણ સામાન્યનું વિશેષ છે. એ વિશેષ બીજાથી થાય છે એમ નથી. આહાહા..!

લોટની રોટલી થઈ એ સ્ત્રીથી થઈ કે તાવડીથી થઈ એમ નથી. સામાન્ય ચીજ છે તે વિશેષ વિના હોતી નથી. આહાહા..! કોઈપણ ચીજ જે છે તે સામાન્ય ધ્રુવપણે રહીને

વર્તમાન પર્યાય વિના તે દ્રવ્ય રહેતું નથી. પર્યાય તેનું જ્યારે કાર્ય કરે છે તો એ દ્રવ્ય નકામું રહ્યું નહિ. પોતાની પર્યાયરૂપી કાર્ય કર્યું. તો એ પર્યાયનું કરનાર તે સામાન્ય છે. તો બીજો એ પર્યાયને કરે એમ ત્રણકાળમાં બને નહિ. આહાહા..!

આત્મા પરની દયા ત્રણકાળમાં પાળી શકે નહિ. આવી વાત. કેમકે જે સામી ચીજ છે તે પણ સામાન્યવિશેષ સ્વરૂપ છે. આહાહા..! એ દયા બીજો પાળે તો બીજો તેની પર્યાય કરે. તો એ પર્યાય વિનાનું દ્રવ્ય રહ્યું. ઝીણી વાત છે. દૃષ્ટિમાં ઘણો ફેર છે. આહાહા..! સામાન્ય અને વિશેષ એ વસ્તુનું જ સ્વરૂપ છે. એની પર્યાય, સામાન્યની પર્યાય કોઈ બીજો કરે તો સામાન્ય એકલું રહે, તો એ વસ્તુ ન રહી શકે. આહાહા..!

મુમુક્ષુ :– નિમિત્ત તો હોય ને?

ઉત્તર :– હોય સાથે પણ એનાથી કાંઈ થતું નથી. નિમિત્તથી કંઈ થતું નથી. નિમિત્તથી થાય છે એમ માનવું તે મિથ્યાદૃષ્ટિ છે. નિમિત્ત પરને અડતું નથી. પરને અડતું નથી તો કરે શું? એ તો ઠીક, પણ નિમિત્તથી જો થાય તો વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષ છે. વસ્તુ સામાન્ય અને વિશેષ સ્વરૂપ છે તો સામાન્ય રહીને વિશેષ બીજો કરે તો વિશેષ વિનાની વસ્તુ રહી ગઈ. આહાહા..! આકરી વાત છે, ભાઈ! વીતરાગનો માર્ગ બહુ ઝીણો છે, બાપુ! દુનિયા તો...

આ હાથ આત્મા ત્રણકાળ ત્રણલોકમાં હલાવી શકે નહિ. કેમકે આ હાથ હલે છે તે તેની વિશેષ પર્યાય છે. તે પરમાણુ સામાન્યની વિશેષ પર્યાય છે. આહાહા..! એ વિશેષ પર્યાયને આત્મા કરે તો પરમાણુએ શું કર્યું? પરમાણુ સામાન્ય રહી ગયું? આહાહા..! આ મહા સિદ્ધાંત. છેવટે ગાથા મુકી.

સામાન્યવિશેષાત્મકપણાને ધારતું. આહાહા..! આ તો સિદ્ધને માટે પૂર્ણને માટે વાત છે. પણ બધી ચીજ સામાન્ય અને વિશેષને ધારણ કરતી રહી છે. આહાહા..! ઓહોહો..! સામાન્ય વિશેષસ્વરૂપ જ વસ્તુ છે. સામાન્ય એ ધ્રુવ છે, વિશેષ એ ઉત્પાદ-વ્યય પર્યાય છે. તો જે ક્ષણે જે દ્રવ્યની જે પર્યાય થવાવાળી છે, આઘીપાછી નહિ, જે ક્ષણે જે દ્રવ્યની જે પર્યાય–અવસ્થા થનારી છે તે જ થશે. કેમકે સામાન્ય વિશેષસહિત છે, સામાન્ય પર્યાયસહિત છે. સામાન્ય પોતે બદલનારી અવસ્થા સહિત છે. એ પર્યાય બીજો બદલાવે, બીજાથી બદલે એ ત્રણકાળમાં બને નહિ. ઓહોહો...! ભારે કામ! આખો દિ' આ કામધંધા કરે છે ને? શું કર્યું અત્યાર સુધી આ બધું? હીરા ને માણેકને ફેરવ્યા. આહાહા..!

પ્રભુ તો એમ કહે છે, ત્રણલોકનો નાથ સર્વજ્ઞદેવ પરમેશ્વરનું આ ફરમાન છે કે પ્રત્યેક પદાર્થ પોતાનું સામાન્યવિશેષ સ્વરૂપ રાખીને રહે છે. વિશેષરહિત હોય તો એ વસ્તુ રહી શકે નહિ અને એનું વિશેષ બીજો કરે તોપણ એ વસ્તુ રહી શકે નહિ. બીજી ચીજ પણ સામાન્યવિશેષ સ્વરૂપ છે. બીજી ચીજ પણ સામાન્ય ને વિશેષ પર્યાયસહિત છે. પોતે વિશેષ

સહિત છે તો બીજાનું વિશેષ કેમ કરે? આહાહા..! લ્યો, આ તો ક્રમબદ્ધમાં સામાન્યવિશેષ આવ્યું. આહાહા..!

દરેક વસ્તુ સામાન્યવિશેષ સ્વરૂપને ધારતી. સિદ્ધ પણ પોતાનું સામાન્ય અને વિશેષ સ્વરૂપને ધારણ કરતા થકા. સિદ્ધ પણ સામાન્યવિશેષ છે. સિદ્ધમાં પણ સમયે સમયે પર્યાય ફરે છે. આહાહા..! અભિમાન.. અભિમાન આખો દિ' આ કર્યું, મેં આ કર્યું, મેં આ કર્યું, મેં આ કર્યું... મિથ્યાત્વનું અભિમાન છે. આહાહા..! કેમકે કોઈપણ ચીજ તેનું કાર્ય જે પર્યાય વિશેષ, કાર્ય જે પર્યાય વિશેષ વિનાની હોતી નથી તો તું પરદ્રવ્યનું કરે શું? આહાહા..!

દરેક ચીજ સામાન્યવિશેષાત્મકપણાને ધારણ કરતી. આહા..! 'आदान-उज्झन-शून्यम्' પરવસ્તુની પર્યાયને ગ્રહણ કરવી કે છોડવી તેનાથી શૂન્ય છે. આહાહા..! દરેક ચીજ સામાન્યવિશેષ છે અને પરનું ગ્રહણ કરવું તેનાથી શૂન્ય છે. પરદ્રવ્યની પર્યાય ગ્રહણ કરવી તે 'आदान' તે ગ્રહણ. 'आदान' છે ને? 'आदान-उज्झन-शून्यम्' 'आदान' એટલે ગ્રહણ કરવું, 'उज्झन' એટલે છોડવું તેનાથી શૂન્ય છે. ગ્રહણત્યાગથી રહિત છે. આહાહા..! વીતરાગનો એક સિદ્ધાંત, એક જ સિદ્ધાંત જેમ છે તેમ બરાબર સમજે. 'જયસેનાચાર્યદેવ' ની ટીકામાં લખ્યું છે કે એક ભાવ પણ સમજે તો બધા ભાવ બરાબર સમજે. એક પણ વસ્તુ જો યથાર્થપણે સમજે (તો બધું યથાર્થ સમજાય). આહાહા..!

આ જીભ હલે છે, ભાષા નીકળે છે તેનો આત્મા કર્તા નથી. કેમકે જીભ પણ સામાન્યવિશેષ સ્વરૂપ છે. પરમાણુ કાયમ રહીને પર્યાય થાય છે. ભાષા પણ સામાન્યવિશેષ સ્વરૂપ છે. પરમાણુ કાયમ રહીને ભાષાની પર્યાય થાય છે. આહાહા..! ભારે! દરેક વસ્તુ પોતાના સામાન્યવિશેષને ધારણ કરતી (પરના) ગ્રહણત્યાગથી શૂન્ય છે. છે? 'आदान'.

આત્મામાં એક શક્તિ છે તે પરદ્રવ્યના ગ્રહણત્યાગથી શૂન્ય છે. અહીં તો દરેક દ્રવ્ય ગ્રહણત્યાગથી શૂન્ય છે એ અહીં લીધું. ત્યાં લીધું છે–ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. આત્મામાં એવી એક શક્તિ છે કે પરનો ત્યાગ અને પરનું ગ્રહણ આત્મામાં નથી. આહાહા..! આ રોટલીને થાળીમાંથી ઉપાડી શકે એમ બિલકુલ બની શકે નહિ. આહાહા..! કેમકે રોટલી સામાન્યવિશેષ સ્વરૂપ છે.

મુમુક્ષુ :– ખાવું કે ન ખાવું?

ઉત્તર :– ખાય કોણ ને પીવે કોણ? અરે..! પ્રભુ! આ તો વાતો જુદી છે, બાપા! વીતરાગનો માર્ગ કોઈ જુદો છે. આહાહા..! દાસજી! આખો માર્ગ જુદો છે. આહાહા..! આહાહા..!

દીવાસળી હાથમાં લઈને ઘસે છે તે પોતે કરે છે? કે, ના. એ દીવાસળી સામાન્યપણે રહેવાવાળા પરમાણુ છે એની વિશેષની પર્યાય એનાથી થઈ છે, ઘસવાથી નહિ, કરવાથી નહિ. આહાહા..! કેમકે દીવાસળી પરદ્રવ્યને અડતી નથી, સ્પર્શતી નથી. આહા..! તેનો સ્વભાવ સામાન્યવિશેષ છે અને વિશેષ પણ જે સમયે જે પર્યાય થવાવાળી છે તે જ થશે, કોઈ

પર્યાય આઘીપાછી થશે નહિ. આહાહા..! આ તો એકાંત થઈ ગયું. એકાંત જ છે. જૈનદર્શન સમ્યક્ એકાંત જ છે.

અહીંયા બે વાત કરી. એક તો સિદ્ધ ભગવાન, વાત તો અહીંયા પૂર્ણની વાત છે, પણ બધા પદાર્થ સામાન્યવિશેષ સ્વરૂપ છે અને ગ્રહણત્યાગ રહિત છે. પરચીજને ગ્રહણ કરે અને છોડે એ એનામાં છે નહિ. આહાહા..! ગજબ વાત છે. કફ આવે છે તેનો બળખો કરીને કાઢે એ આત્મા કરી શકતો નથી. આહાહા..! વિશેષ સ્વરૂપ તેની પર્યાય, સામાન્ય છે તે તે પર્યાયને કરે છે. બીજો જીવ તેની પર્યાયને કરે છે એમ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- પોતાથી પોતાનું કામ થાય.

ઉત્તર :- અનાદિઅનંત દરેકને. કહો! 'મનસુખ'! શું આ દુકાનનું કામ આખો દિ'? આહાહા..! એક અગરબત્તી સળગાવવી તો કહે છે કે આત્મા સળગાવતો નથી. એ અગરબત્તી સામાન્યપણે રહીને જ્યારે સળગી ત્યારે તેની વિશેષ અવસ્થા થઈ. એ સામાન્ય વિશેષપણે થયું. એ બીજાથી સળગી એમ વાત નથી. આહાહા..!

'ગ્રહણ ત્યાગ રહિત,...' 'एतत् अमलं ज्ञानं' 'આ અમલ (-રાગાદિક મળથી રહિત) જ્ઞાન...' પરમાત્માનું, સિદ્ધ ભગવાન આત્મા થયો તે મળરહિત છે. જોકે અહીંયા પણ આત્મા મળરહિત છે. પર્યાયમાં મળ છે, દ્રવ્ય તરીકે વસ્તુ મળરહિત છે. અહીંયા પણ દરેક ભગવાન આત્મા છે. દરેક ભગવાન (છે). સ્ત્રી, પુરુષ, તિર્યંચ ભગવાન સ્વરૂપે બિરાજે છે. એ ભગવાન સ્વરૂપ સામાન્ય છે તેની મલિન આદિ વિશેષ અવસ્થા રાખવી તે પર્યાય છે. સામાન્ય વસ્તુ છે તે તો ભગવાન તરીકે, દ્રવ્ય તરીકે બધા ભગવાન આત્મા છે. આહાહા..! ગજબ વાત છે. ત્યારે આખો દિ' કરવું શું? સવારથી સાંજ સુધી પર ચીજનું કાંઈ કરી શકે નહિ તો કરે શું? કરવું એ કે જ્ઞાતા-દૃષ્ટાપણાની પર્યાય કરે તે તેનું વિશેષ છે. આહાહા..!

સામાન્ય જે આત્મા ત્રિકાળી રહેનાર તેની જાણવા-દેખવાની પર્યાય તે તેનું વિશેષ છે. એ પણ ખરેખર પરને જાણવું-દેખવું એ નહિ. પોતાને જાણવું-દેખવું તે વિશેષ છે. આહાહા..! જગતને ભારે કઠણ પડે.

મુમુક્ષુ :- સ્પષ્ટ ભેદવિજ્ઞાનની વાત છે.

ઉત્તર :- સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ વીતરાગ પરમાત્માએ જ્ઞાનમાં જે જોયું એવું વાણી દ્વારા આવી ગયું. વાણી પણ એમણે કરી નથી, ભગવાને વાણી પણ કરી નથી. વાણી જડ છે, ભગવાન ચૈતન્ય છે. એ વાણીનો કર્તા આત્મા નથી. દિવ્યધ્વનિ પોતાથી છૂટે છે. દિવ્યધ્વનિનો કર્તા ભગવાન આત્મા નથી. દિવ્યધ્વનિની પર્યાય એ પરમાણુની પર્યાય વિશેષ છે. પરમાણુ કાયમ રહીને દિવ્યધ્વનિની પર્યાયરૂપે પરિણમે છે. આહાહા..! આકરું કામ ભાઈ! દુનિયાએ તો બહારથી (માની લીધું છે કે) આ કરવું ને આ કરવું ને આ કરવું. કરવું.. કરવું.. કરવું... કરવું એ મરવું (છે). પરનું કરવું એનું નામ પોતાના આત્માનું મરવું. એ

જ્ઞાનસ્વરૂપ નહિ. એ પરના કરવાસ્વરૂપ રહ્યો એટલે પોતે જ્ઞાનસ્વરૂપ રહ્યો નહિ અને મરી ગયો. પરના કરવામાં ભળી ગયો. પોતાના જ્ઞાતા તરીકે રહ્યો નહિ તો જ્ઞાતા તરીકે એનું મૃત્યુ થઈ ગયું. આહાહા..! બહુ આકરું કામ. એકાંત આવું હશે? વ્યવહારથી તો હશે કે નહિ? વ્યવહારથી પણ નહિ. વ્યવહારથી કથનમાત્ર બોલવામાં આવે છે પણ છે નહિ. આહાહા..! 'શાંતિભાઈ'! શું કર્યું ત્યારે અત્યાર સુધી આ બધું? આહા..! 'મનસુખ'! એક જુવારનો દાણો ફેરવી શકે નહિ એમ કહે છે. કોથળા પડ્યા હોય, કોથળા, એ કોથળાને હલાવી શકે કે ન્યાં રાખી શકે કે ન્યાંથી કાઢીને આપી શકે (એમ છે નહિ). આહાહા..! આવી વાત છે.

વીતરાગ માર્ગ જૈન પરમેશ્વર ત્રિલોકનાથનો માર્ગ ક્યાંય છે નહિ. પરમેશ્વરે જે છ દ્રવ્ય જોયા એ છ દ્રવ્યમાં જાતિએ છ દ્રવ્ય પણ સંખ્યા અનંત (છે). અનંત આત્મા, અનંત પરમાણુ, અસંખ્ય કાળાણુ એ દરેક દ્રવ્ય પોતાની પર્યાયમાં સામાન્યપણે વિશેષપણે રહેનારા છે. આહાહા..!

અહીં સિદ્ધના પરમાત્મા પૂર્ણ આત્માની દશા થઈ ગઈ એ કોઈ બીજાના વિશેષને કરશે કે નહિ? પરમાત્મા થયો તો કંઈ કરશે, બળવંત છે તો સિદ્ધ ભગવાન બીજાને કંઈ આપી શકે કે નહિ? કે સિદ્ધ ભગવાન પણ પોતાના સામાન્યવિશેષમાં રહે છે. આહાહા..! એ પરમેશ્વર પણ કોઈને કંઈ આપતા નથી. માંગણી કરે, 'સિદ્ધાસિદ્ધિ મમ્ દિસંત્તુ' લોગસ્સમાં આવે છે. 'સિદ્ધાસિદ્ધિ મમ્ દિસંત્તુ' દેખાડે. દેખાડે કોણ? આહાહા..!

બે વાત આવી. એક તો સામાન્ય ચીજ હોય તે વિશેષ વિના હોય નહિ. કાયમ ત્રિકાળ (એમ છે). અને જ્યારે પૂર્ણ આત્મા થઈ ગયો પછી ગ્રહણત્યાગ રહ્યો નહિ. શુદ્ધતાનું ગ્રહણ અને રાગ–મેલનો ત્યાગ એ એમાં રહ્યું નહિ. પૂર્ણ પરમાત્મ દશા થઈ ત્યાં ગ્રહણત્યાગ રહ્યો નહિ, સામાન્યવિશેષ રહ્યું. આહાહા..!

'एतत् अमलं ज्ञानं' 'આ અમલ (–રાગાદિક મળથી રહિત) જ્ઞાન...' 'तथा अवस्थितम् यथा' 'એવી રીતે અવસ્થિત (–નિશ્ચળ રહેલું) અનુભવાય છે...' આહાહા..! આત્મા પણ અંતરમાં સામાન્યપણે રહીને વિશેષપણે અનુભવમાં આવે છે. આહાહા..! ત્રિકાળ જે દ્રવ્ય સ્વભાવ છે તેનું વિશેષ તે વિશેષ પર્યાય અનુભવમાં આવે છે. આહાહા..! સામાન્યનો અનુભવ નહિ, પર્યાયનો અનુભવ થાય છે. આહાહા..! 'અનુભવાય છે...' 'तथा अवस्थितम् यथा' 'એવી રીતે અવસ્થિત (–નિશ્ચળ રહેલું) અનુભવાય છે...' સામાન્યવિશેષ, ગ્રહણત્યાગ રહિત. પ્રત્યેક પદાર્થ એ રીતે જ્ઞાનમાં આવે છે. આહાહા..! ગજબ વાત!

'જેવી રીતે...' 'मध्य-आदि-अन्त-विभाग-मुक्त-सहज-स्फार-प्रभा-भासुरः अस्य शुद्ध-ज्ञान-घनः महिमा' 'આદિ-મધ્ય-અંતરૂપ વિભાગોથી રહિત...' પરમાત્મા સિદ્ધ ભગવાન થયા તેની આદિ નહિ કે આ દ્રવ્યની આદિ થઈ. અંત નથી કે એ દ્રવ્યનો અંત થઈ જાય. મધ્ય નથી કે આ પહેલા હતો તેનું આ મધ્ય છે. એ તો અનાદિ એકરૂપ છે. આહાહા..!

આદિ-મધ્ય-અંત રહિત અથવા વિભાગોથી રહિત. ત્રણના ભાગ એનામાં નથી કે પહેલા આ હતું, વર્તમાનમાં આ છે પછી આ. એ તો ત્રિકાળ એકરૂપ છે. ત્રણકાળનો પણ એમાં ભાગ નથી. આહાહા..! ક્યાં લઈ ગયા? પરચીજનું વિશેષ કરી શકે નહિ, પરચીજને ગ્રહણ કરી શકે નહિ અને પોતાનો આદિ ને અંત નથી, અનાદિઅનંત વસ્તુ છે. આહાહા..! છે?

'मध्य-आदि-अन्त-विभाग-मुक्त' 'આદિ-મધ્ય-અંતરૂપ વિભાગોથી રહિત એવી સહજ ફેલાયેલી પ્રભા...' સર્વજ્ઞ પરમાત્મા પોતાના આત્માના આનંદ ગુણમાં રમણ કરતાં જે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું... આહાહા..! પોતાના આત્માનું સિદ્ધપદ કેમ થયું? કે પોતાના અતીન્દ્રિય આનંદમાં રમતા રમતા પૂર્ણ આનંદ થઈ ગયો. એ પરમાત્મા 'સહજ ફેલાયેલી પ્રભા..' સ્વભાવિક વિસ્તાર પામી. અંદર શક્તિ હતી એ પર્યાયમાં વિસ્તાર પામી. આહાહા..! પ્રાપ્તની પ્રાપ્તિ છે. અંદર પૂર્ણ ભર્યું છે એ પર્યાયમાં આવે છે. આહાહા..! એક ગાથાએ તો બધો (બેડો પાર છે). આચાર્યોની દિગંબર સંતોની કથની અલૌકિક છે. સાક્ષાત્ સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્માની સીધી કથની છે. આહાહા..!

એક તો દરેક ચીજને સામાન્યવિશેષ કહી. તો તેની તે તે સમયની પર્યાય તે વખતે પોતાથી થાય છે અને પરના ગ્રહણ-ત્યાગ રહિત છે. બે (વાત થઈ). અને આદિ-મધ્ય-અંત રહિત છે. એ છે.. છે.. છે. જે તત્ત્વ આદિમાં છે તે જ અંતમાં છે તે જ મધ્યમાં છે. આદિ-મધ્ય-અંત રહિત છે. આહાહા..! છે કે નહિ એમાં? આહાહા..! પરને સુધારવો, પરને બગાડવો, પરને મદદ કરવી એ કોઈ વાત રહેતી નથી. પરની સેવા કરવી, ગરીબને આહાર દેવો એ તો કાંઈ રહેતું નથી. આહાહા..! અરે..! પ્રભુ! માર્ગ જુદા છે, ભાઈ!

વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ આખી દુનિયાથી જુદો છે. કોઈ દુનિયા સાથે એનો મેળ (નથી). અત્યારે તો સંપ્રદાય સાથે મેળ ખાઈ તેમ નથી. આહાહા..! દરેક સંપ્રદાય એમ કહે કે, કરો, કરો ને કરો. પરની દયા પાળો, પરની સેવા કરો, ફલાણું આમ કરો, ફલાણું આમ કરો. કરો.. કરો ને કરો. અહીં તો કહે છે, કરે.. કરે ઇ મરે. આહાહા..!

જાણનાર-દેખનાર આત્મા ભગવાન સામાન્યપણે પણ તે અને વિશેષપણે પણ તે. આહાહા..! એના વિશેષમાં બીજાની અસર નહિ અને એનું વિશેષ બીજાને વિશેષ કરે એમ નહિ. આહાહા..! આ મોટા મોટા કારખાના કરનારા..

મુમુક્ષુ :- કારખાના કારખાનાને કારણે થાય. શેઠિયા કાંઈ ન કરે.

ઉત્તર :- શેઠિયા એમ કહે, આમ કરો, આમ કરો. ત્યાં ખુરશી ઉપર બેઠા હોય. નોકરને કહે, આમ કરો. પાંચ પાંચ, દસ દસ હજારની પેદાશ હોય. આમ હુકમ કરે. અરે..! પ્રભુ! શું છે આ? આ શેની લીલા છે? મિથ્યાત્વની લીલા છે. આહાહા..! એ તો ઊંધી માન્યતાની લીલા છે, ભાઈ!

અહીં પરમાત્મા તો એમ ફરમાવે છે કે જે ચીજ છે તે આદિ-મધ્ય-અંત રહિત છે.

જે ચીજ છે તે સામાન્યવિશેષ સ્વરૂપ છે અને જે ચીજ છે તે પરના ગ્રહણત્યાગ રહિત છે. આહાહા..! એક બોલ પણ યથાર્થ (સમજે). આહાહા..!

'એવી સહજ ફેલાયેલી પ્રભા...' પરમાત્માને જે શક્તિરૂપે પરમાત્મા હતો તે પર્યાયમાં પરમાત્મ દશા ફેલાઈ. શક્તિરૂપે તો બધા પરમાત્મા જ છે. બધા આત્મા પરમાત્મા છે. શક્તિરૂપે બધા ભગવાન છે. આહાહા..! એ શક્તિરૂપે છે તે વ્યક્તિરૂપે થાય છે. વ્યક્તિરૂપે પ્રગટ થાય છે તે બીજાથી નહિ. આહાહા..! આકરું કામ છે, પ્રભુ! બધા ભગવાનસ્વરૂપ છે. એ ભગવાનસ્વરૂપ પોતાની શક્તિ અને સ્વભાવ ધારે છે. એ વ્યક્તપણે ફેલાવ થાય છે તે પોતાથી થાય છે. અહીં આવ્યું ને?

'સહજ ફેલાયેલી પ્રભા...' એ પ્રકાશ સ્વભાવિક વિશેષરૂપે વિસ્તાર પામ્યો. સામાન્યપણે જે હતો તે વિશેષપણે પ્રગટ થયો. આહાહા..! કેવળજ્ઞાન પૂર્ણ દશાને પ્રાપ્ત થાય છે એ નિશ્ચયથી તો મોક્ષમાર્ગથી પણ ઉત્પન્ન થતું નથી. આહાહા..! મોક્ષમાર્ગથી પણ કેવળજ્ઞાન થતું નથી. કેમકે મોક્ષમાર્ગની પર્યાયનો તો વ્યય થાય છે અને કેવળજ્ઞાનની પર્યાયનો ઉત્પાદ થાય છે. તો જે વ્યય-અભાવ થાય તે ભાવને કઈ રીતે કરે? આહાહા..! બહુ ઝીણી વાત, બાપુ! આહાહા..! હીરા, માણેક આડે કોઈ દિ' આ બધું સાંભળ્યું નથી. એટલા તો ભાગ્યશાળી ને? સાંભળ્યું નહોતું એ કબુલ કર્યું. આ હતું નહિ, બાપા! આહાહા..! અરે..! શું કહીએ? હામુકનું લોકો ચોર કોટવાળને દંડે એવું છે.

મુમુક્ષુ :– આપ પણ હીરા-માણેક વહેંચો છો.

ઉત્તર :– આ તો ચીજ છે. આ તો ભગવાનના શ્રીમુખે નીકળેલી (વાત છે). પરમાત્મા બિરાજે છે, 'સીમંધર' ભગવાન બિરાજે છે. એમના શ્રીમુખે નીકળેલી વાણી છે. આહાહા..! કેવળજ્ઞાની પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. વીસ તીર્થંકર અને લાખો કેવળી ત્યાં બિરાજે છે. આહાહા..! એની આ વાણી છે. આહાહા..! એક ગાથામાં કેટલું સમાડ્યું છે!

એક તો સામાન્યવિશેષ કહ્યું, ગ્રહણત્યાગ રહિત કહ્યું. છે.. છે.. ઇ છે એને આદિ-મધ્ય-અંત રહિત કીધું. અને પહેલા નહોતી એવી (પ્રભા) ફેલાણી એ શક્તિ હતી તે ફેલાણી. સામાન્યમાં જે હતું તે વિસ્તાર પામ્યું, એ વિશેષપણે થયું. પરને કારણે કાંઈ થયું નથી. દેવ-ગુરુ-શાસ્ત્રને કારણે પણ બિલકુલ થયું નથી. આહાહા..! જે પૂર્ણરૂપ ફેલાયો.

'દેદીપ્યમાન એવો એનો શુદ્ધજ્ઞાનઘનરૂપ મહિમા...' એવો 'શુદ્ધજ્ઞાનઘનરૂપ મહિમા...' શુદ્ધજ્ઞાનઘન ઘન નામ પિંડ. 'શુદ્ધજ્ઞાનઘનરૂપ મહિમા નિત્ય-ઉદિત રહે...' આહાહા..! પછી કાયમ રહે. સિદ્ધ થયા એ સિદ્ધ થયા. એ દશા સાદિઅનંત એમ ને એમ રહેવાની. આહાહા..! પલટન બને, પર્યાય બદલે પણ દશા એની એ સાદિઅનંત રહે. આહાહા..! પોતાનો આત્મા શુદ્ધ સ્વરૂપથી ભરેલો પ્રભુ, તેનો અનુભવ કરતા કરતા, અનુભવ કરતા કરતા, કોઈ ક્રિયા કરતા કરતા નહિ, આહાહા..! સચ્ચિદાનંદ પ્રભુ આત્મા સર્વજ્ઞ પરમાત્માએ કહ્યો તે, એ

પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ સામાન્ય છે તેની એકાગ્રતા થઈને વિશેષ પ્રગટ થયું તે પર્યાય સાદિઅનંત રહેશે. આહાહા..! એક કળશ, આ તો કળશ છે. આ 'અમૃતચંદ્રાચાર્ય'નો છે. આહાહા..! 'એવો એનો શુદ્ધજ્ઞાનઘનરૂપ મહિમા નિત્ય-ઉદિત રહે (–શુદ્ધ જ્ઞાનના પુંજરૂપ મહિમા સદા ઉદયમાન રહે).' આહાહા..!

ભાવાર્થ :– 'જ્ઞાનનું પૂર્ણ રૂપ સર્વને જાણવું તે છે.' ભગવાન આત્માનું જ્ઞાન સ્વરૂપ પૂર્ણ ભર્યું છે. એ પૂર્ણ જ્યાં પ્રગટ થયું તો બધાને જાણવું એવો સ્વભાવ છે. આહાહા..! જ્ઞાન મોટી શક્તિમાં પ્રગટ થયું તો કોઈને કાંઈ મદદ કરે એમ છે નહિ. આહાહા..! પેલા 'ગીતા' માં કહે છે ને? ભક્તોને ભીડ પડે અને રાક્ષસોની વૃદ્ધિ થાય તો ઈશ્વર મોક્ષમાંથી મદદ કરવા માટે આવે છે. આહાહા..! અહીં તો એક્કે એક વાત (અલૌકિક છે).

એ સિદ્ધ ભગવાન સામાન્યપણે તો સિદ્ધ હતા, શક્તિપણે તો સિદ્ધ છે, બધા શક્તિએ ભગવાન છે. એ પર્યાયમાં ફેલાયો. પર્યાયમાં એ ફેલાયો, વિસ્તાર પામ્યો. સામાન્યમાંથી વિશેષ થયું. આહાહા..! અને એ વિશેષ કાયમ રહેશે. કોઈનું ગ્રહણત્યાગ કરશે નહિ, કોઈનું કાર્ય કરશે નહિ, કોઈને મદદ કરશે નહિ અને આદિ-મધ્ય-અંત રહિત એ દશા પ્રગટ થઈ એ સાદિઅનંત રહેશે. આહાહા..!

'જ્ઞાનનું પૂર્ણ રૂપ સર્વને જાણવું છે.' આ જ્ઞાન જે આત્માનો સ્વભાવ છે એનું સ્વરૂપ તો પૂર્ણ બધાને જાણવું એ રૂપ છે. જ્ઞાન કોઈનું કાંઈ કરે (એવું એનું સ્વરૂપ નથી). આહાહા..! આંખ છે એ કોઈનું કંઈ કરે, રજકણ ઉડાડે કે લાવે (એમ બને નહિ). પહેલા દૃષ્ટાંત આપ્યો છે ને? ૩૨૦ ગાથા. આંખ પરનું કાંઈ કરે નહિ, એ તો જાણે. કોઈ ખાડો હોય તો ખાડો પાડે ને ખાડો ભરી દે, આંખ ભરે? આહાહા..! એમ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી જગતની ચીજ છે તેને જાણે-દેખે. તેને કંઈ મદદ કરે કે પરનું કાંઈ કાર્ય કરે એવી વસ્તુની સ્થિતિ નથી. વસ્તુની સ્થિતિ એમ છે નહિ. આહાહા..!

'જ્ઞાનનું પૂર્ણ રૂપ સર્વને જાણવું છે.' કોઈનું કાંઈ કરવું એ (સ્વરૂપ) નથી. આત્મા કોઈનું કાંઈ કરે, આંગળી હલાવે કે એક અક્ષર લખે એ આત્માની શક્તિ નહિ. આહાહા..! ગજબ વાત. આ આખો દિ' (કરે છે ને)? 'તે જ્યારે પ્રગટ થાય છે...' 'જ્ઞાનનું પૂર્ણ રૂપ સર્વને જાણવું છે. તે જ્યારે પ્રગટ થાય છે ત્યારે સર્વ વિશેષણો સહિત પ્રગટ થાય છે;...' સર્વ વિશેષણો. આદિ-મધ્ય-અંત, વિશેષસહિત, પરના ગ્રહણત્યાગ રહિત પૂર્ણ સ્વરૂપ (પ્રગટ થાય છે). આહાહા..! ભારે કળશ આવ્યો! એક કળશ તો નાનો આવ્યો. આહાહા..!

'જ્ઞાનનું પૂર્ણ રૂપ સર્વને જાણવું છે. તે જ્યારે પ્રગટ થાય છે ત્યારે સર્વ વિશેષણો સહિત પ્રગટ થાય છે; તેથી તેના મહિમાને કોઈ બગાડી શકતું નથી.' આહાહા..! પૂર્ણાનંદના નાથની દશા પ્રગટ થઈ તેને કોઈ બગાડી દે કે સંસારમાં લાવે એમ કદી બનતું નથી. 'સદા ઉદયમાન રહે છે.' એ દશા જે પ્રગટ થઈ... આહાહા..! (તે) સદા ઉદયમાન (રહે છે).

સૂર્ય તો સવારે ઊગે, સાંજે આથમે, બપોરે મધ્યાહ્ને ફેર પડે. ચંદ્રમા શીતળ, શીતળ ચંદ્ર જ્ઞાનસ્વરૂપી ભગવાન.. આહાહા..! સદા એકરૂપ રહે છે. સદા ઉદયમાન રહે છે. આહાહા..! જ્ઞાનજ્યોતિ સદા ઉદિત રહે છે.

આવું બધું સમજવા જાય તો આ બધું કરવું કે દિ' ત્યારે? મંદિર બનાવવું, રથયાત્રા કાઢવી, જાત્રા કાઢવી, પુસ્તક બનાવવા.. આહાહા..! કંઈ કરી શકતો નથી, પ્રભુ! એ તો એ સમયે તેની પરમાણુની પર્યાય થવાની તે થાય છે. તારું એમાં અભિમાન ભળે એ તને દોષવાળું છે. આહાહા..! બાકી જગતની ચીજ તો ક્રમસર તેના કાળે તે પર્યાય થાય છે. કેમકે તે સામાન્યનું જ એ વિશેષ છે. તારું એટલું ભળ્યું કે મેં કર્યું. એટલું અભિમાન તારામાં તને ભળ્યું. આહાહા..! કહો, 'મીઠાલાલજી'! આવી વાત છે.

મુમુક્ષુ :– ઘણાં કેસ જીતાડ્યા એ બધા ગપ્પા?

ઉત્તર :– બધા ગપ્પેગપ્પા. જીતાડ્યા કોને? એ બધા અભિમાન છે. 'રામજીભાઈ' એ એના વખતમાં ઘણાને જીતાડ્યા. 'રામજીભાઈ' મોટા વકીલ કહેવાતા. એ બધા જૂઠા. માન્યું હતું કે, મેં જીતાડ્યા, આને જીતાડ્યા, આને પાસે બસ્સો રૂપિયા લઈને એનું કામ કર્યું. છેવટે એક તાર નહોતો આવ્યો? 'ભાવનગર' નો એક (આવ્યો હતો). મુકી દેવું હતું ત્યારે (એક આવ્યો હતો), મારું એક કામ કરો. એક પારસી આવ્યો હતો. આહાહા..! 'ભાવનગર'ના પારસીનું છેલ્લું આવ્યું હતું. ખબર છે, બધી ખબર છે. પારસીનો છેલ્લો એક કેસ આવ્યો હતો. આહાહા..! કોણ કેસ કરે? 'ઘીયાજી'! કોણ આ બધા કરે તમારું?

આવી વાત સાંભળીને બધા નમાલા થઈ જશે. ન કરે ઇ માલવાળા છે. કરે ઇ નપુંસક છે. પરનું કરે એમ માનનારા પાવૈયા–હીજડા છે. શાસ્ત્રમાં પાઠ છે. નપુંસક કીધા છે. પરનું કરે? શુભભાવ કરે એ હીજડા–પાવૈયા છે. આત્માનું વીર્ય તો અનંત આનંદને પ્રગટ કરે એવું છે. એ છોડીને રાગ ને શુભ ને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામને કરે એ નપુંસક છે. 'સમયસાર' માં પાઠ છે. આહાહા..!

વીર્ય એને કહીએ.. પાછળ ભગવાનના શબ્દ છે, પાછળ છે, વીર્ય એને કહીએ કે સ્વરૂપની રચના કરે. આહાહા..! આત્મબળ એને કહીએ, આત્મબળ.. છે? અંદર છે, જુઓ! શક્તિ છે ને? શક્તિ. કેટલામી છે? વીર્ય શરૂઆતમાં છે, હોં! 'સ્વરૂપની (–આત્મસ્વરૂપની) રચના...' છઠ્ઠો બોલ. 'સ્વરૂપની (–આત્મસ્વરૂપની) રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ.' આહાહા..! સ્વરૂપની–આત્મસ્વરૂપની રચના. છેલ્લે પાછળ છે. આહાહા..! એમાં છઠ્ઠો બોલ છે, છઠ્ઠો.

'સ્વરૂપની (–આત્મસ્વરૂપની) રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ.' છે? આત્મસ્વરૂપની રચના કરે તે વીર્ય. શુભભાવ દયા, દાન ને વ્રતના પરિણામ કરે તે નપુંસક–પાવૈયા-હીજડા છે. પાઠ છે, હોં! નપુંસક... નપુંસક. આહાહા..! ગજબ વાત છે. શુભભાવને કરે તેને નપુંસક કહ્યો છે. કારણ કે તે રાગ છે. આહાહા..! રાગ છે, વિકલ્પ છે. એ રાગને કરનારો નપુંસક

છે. પરમાત્મા વીર્યવાન તો એને કહે છે કે, પોતાના આનંદ ને જ્ઞાન, શાંતિસ્વરૂપની રચના કરે તે વીર્યવાન (છે). તે વીર્યવાન–વીર (છે) અને જે આત્માના સ્વભાવને ભૂલી એકલા શુભ-અશુભભાવને કરે એ વીર્યહીન નપુંસક–પાવૈયા–હીજડા છે. આહાહા..! ગજબ વાત છે, બાપા! આવો પાઠ છે, હોં! 'પુણ્ય-પાપ અધિકાર' માં પાઠ છે અને 'અજીવ અધિકાર' માં પાઠ છે. નપુંસક છે, નપુંસક.

આત્માનું વીર્ય, અંદર જે બળ છે એ અંતર બળ જે છે તે તો શુદ્ધતાને રચે. આનંદ, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય સમકિત, અનંતી શાંતિની રચના કરે એ વીર્ય (છે). પરની રચના કરી શકે એ તો મૂઢ માને છે. હું પરનું કરી શકું છું, આ કરી શકું છું ને ચાલી શકું છું, હું શરીરને ચલાવું છે તે મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ, પાવૈયો છે. આહાહા..! એમ ભગવાન ત્રિલોકનાથનો પોકાર છે. ત્રિલોકનાથ બિરાજે છે. મહાવિદેહમાં, આહાહા..! 'સીમંધરસ્વામી' બિરાજે છે. એમના આ બધા કથન છે. આહાહા..! આકરું પડે એવું છે, બાપુ! વાત આકરી છે. દુનિયાને સત્ય મળતું નથી. સત્ય મળ્યા વિના મજૂરી કરી કરી (મરી ગયો). રળવાની ને બાયડી, છોકરાની મજૂરી કરીને મરીને ચાલ્યા જવાના, ચાર ગતિમાં રખડવાના. આ નરક ને નિગોદમાં જવાના. આહાહા..! અરે..! પ્રભુ! તારી પ્રભુતા તો તારી પ્રભુતાને ખીલવે એ પ્રભુતા છે.

અહીં એ કહે છે, છે? જુઓ! આહાહા..! 'સ્વરૂપની (–આત્મસ્વરૂપની) રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ.' 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ એમ કહે છે કે, આત્મામાં એક વીર્ય નામની શક્તિ છે. આ વીર્ય જે પુત્ર-પુત્રી થાય એ વીર્ય તો જડ છે, એ નહિ. આત્મામાં એક વીર્ય નામનો ગુણ છે. અનાદિઅનંત એક વીર્ય–પુરુષાર્થ નામનો ગુણ છે. એ પુરુષાર્થ ગુણ પોતાના સ્વરૂપની રચના કરે તો એને પુરુષાર્થ કહીએ. પણ એ પુરુષાર્થ જો રાગ અને દ્વેષને રચે, પરને તો રચી શકતો નથી, આ હાથ હલાવી શકતો નથી, વાણી બોલી શકતો નથી, આત્મા પર જડનું તો કાંઈ કરી શકતો નથી, એ મૂઢ જીવ માને છે કે હું પરનું કરું છું. પણ રાગ ને દ્વેષ કરી શકે છે. એ રાગ-દ્વેષની રચના કરવાવાળાને ત્રિલોકનાથે જગતની દરકાર કર્યા વિના નપુંસક કહ્યા છે. આહાહા..! મોટા રાજા ને અબજોપતિ હોય એ નપુંસક છે. આહાહા..!

હમણા ગયા હતા ને? 'આફ્રિકા' 'નાઈરોબી' ૪૫૦ તો ત્યાં કરોડપતિ છે. ઘણું બધું માણસ વ્યાખ્યાનમાં આવતું. પંદર અબજપતિ છે, પંદર અબજપતિ. એક 'રતિભાઈ' કરીને આવતા, પણ આ વાત ક્યાંય સાંભળવા મળે નહિ. એટલે બિચારાએ કાંઈક પૂછવા માંડ્યું. મેં કહ્યું, ભાઈ! તત્ત્વજ્ઞાન તો કરો, સમજો પછી સમજાશે. એમ ને એમ સમજ્યા વિના ચાલી નીકળ્યા. શું આત્મા? આત્માનું કાર્ય શું? જડનું કાર્ય શું? એ તત્ત્વ જે ભગવાને અનંત કીધા, અનંત તત્ત્વો કીધા છે તો અનંત અનંતપણે ક્યારે રહે? કે એક તત્ત્વ બીજા તત્ત્વને કાંઈ ન કરે તો અનંત અનંતપણે રહે. એક તત્ત્વ બીજાને કરે તો અનંત અનંતપણે ન

રહે. એ તો મિથ્યાત્વ છે. આહાહા..!

અહીં એ કહેવું છે કે, આહાહા..! ત્રણલોકના નાથ વીતરાગ પરમેશ્વર એમ કહે છે, પ્રભુ! તારા વીર્ય ગુણનું કાર્ય તો એ હોય, સમકિત, જ્ઞાન ને આનંદની રચના, અતીન્દ્રિય આનંદની રચના કરે. પ્રભુ! હે નાથ! તું પ્રભુ છો. તારું કાર્ય તો આ છે. તે આ શું માંડ્યું? ક્યાં ગયો તું? આહાહા..! વીર્યની રચના સ્વરૂપ જ્ઞાન, આનંદ, શાંતિ, વીતરાગતાની રચના (કરે) તેનું નામ વીર્ય. આહાહા..! દુનિયાથી વાત બીજી છે, બાપા! આખી દુનિયાની જાણીએ છીએ. દુનિયાને જાણીએ છીએ. અહીં ૯૧ વર્ષ થયા. ૯૧ તો વર્ષ થયા. અને બધા આમાં જ કાઢ્યા છે. પાંચ વર્ષ વેપાર કર્યો હતો. 'પાલેજ... પાલેજ'. આ અમારે 'મનસુખ' રહ્યો. એના બાપા ભાગીદાર હતા. મોટી દુકાન છે ત્યાં. આ અહીંયા આવ્યો છે ને હમણા. ધૂળ.. ધૂળ કરી હતી, ધૂળના અભિમાન.

અહીં કહે છે, પ્રભુ! વીર્ય તો એને અમે કહીએ છીએ, પુરુષાર્થ તો એને કહીએ છીએ કે આત્માના આનંદ ને શાંતિ ને વીતરાગતાની રચના કરે. બાકી બીજાને અમે વીર્ય કહેતા નથી. ઘણી વાત આવી ગઈ. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૨૩૬

(उपजाति)

उन्मुक्तमुन्मोच्यमशेषतस्तत्
तथात्तमादेयमशेषतस्तत्।
यदात्मनः संहृतसर्वशक्तेः
पूर्णस्य सन्धारणमात्मनीह।।२३६।।

'આવા જ્ઞાનસ્વરૂપ આત્માનું આત્મામાં ધારણ કરવું તે જ ગ્રહવાયોગ્ય સર્વ ગ્રહ્યું અને ત્યાગવાયોગ્ય સર્વ ત્યાગ્યું'-એવા અર્થનું કાવ્ય હવે કહે છે :–

શ્લોકાર્થ :– [ संहृत-सर्व-शक्तेः पूर्णस्य आत्मनः ] જેણે સર્વ શક્તિઓ સમેટી છે (-પોતામાં લીન કરી છે) એવા પૂર્ણ આત્માનું [ आत्मनि इह ] આત્મામાં [ यत् सन्धारणम् ] ધારણ કરવું [ तत् उन्मोच्यम् अशेषतः उन्मुक्तम् ] તે જ છોડવાયોગ્ય બધું છોડ્યું [ तथा ] અને [ आदेयम् तत् अशेषतः आत्तम् ] ગ્રહવાયોગ્ય બધું ગ્રહ્યું.

ભાવાર્થ :– પૂર્ણજ્ઞાનસ્વરૂપ, સર્વ શક્તિઓના સમૂહરૂપ જે આત્મા તેને આત્મામાં ધારણ

કરી રાખવો તે જ, ત્યાગવાયોગ્ય જે કાંઈ હતું તે બધુંય ત્યાગ્યું અને ગ્રહણ કરવાયોગ્ય જે કાંઈ હતું તે બધુંય ગ્રહણ કર્યું. એ જ કૃતકૃત્યપણું છે. ૨૩૬.

---

પ્રવચન નં. ૪૪૯ શ્લોક-૨૩૬, ૨૩૭ શુક્રવાર, અષાઢ વદ ૫, તા. ૧-૦૮-૧૯૮૦

---

નોંધ :- મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' ૨૩૬ કળશ છે. નીચે અર્થ (છે). 'આવા જ્ઞાનસ્વરૂપ આત્માનું...' છે? ૨૩૫ (કળશ) પૂરો થયા પછી. 'આવા જ્ઞાનસ્વરૂપ આત્માનું...' આત્મા જ્ઞાનસ્વરૂપ છે. પોતાનો જ્ઞાનસ્વરૂપ આત્મા (છે) એ જ્ઞાનસ્વરૂપ આત્મામાં 'ધારણ કરવું...' અંતર સ્વરૂપ પોતામાં ધારણ કરવું, રાગ અને દ્વેષમાં જવા ન દેવું અને પોતાના સ્વરૂપમાં રહીને 'તે જ ગ્રહવાયોગ્ય...' જે ગ્રહણ કરવાલાયક આદરણીય હતું તે બધું આદર્યું. પોતાનું શુદ્ધ સ્વરૂપ પોતામાં ગ્રહણ કરીને રહ્યો તો ગ્રહણ (કરવાયોગ્ય) જે આદરણીય હતું તે આદર્યું. આદરણીય એ એક છે. આહાહા..!

પરચીજ તો આદરણીય નથી પણ એક સમયની પર્યાય પણ આદરણીય નથી. આદર તો દ્રવ્યનો આદર (કરવાલાયક) છે. એમ કહ્યું ને? 'જ્ઞાનસ્વરૂપ આત્મા...' પર્યાય નહિ. એમ આત્મામાં ધારણ કરવું. એ પર્યાય છે પણ પર્યાય દ્રવ્યને ધારણ કરે છે. આહાહા..! દ્રવ્યસ્વરૂપ જ્ઞાનાનંદ ચૈતન્ય રત્નાકર પ્રભુમાં પોતાની પર્યાયને સ્થિર કરવી તે પોતામાં ધારણ કરવું છે. તે જ ગ્રહણ કરવાયોગ્ય (છે). મોક્ષમાર્ગમાં ગ્રહણ કરવું આ. મોક્ષમાર્ગમાં ગ્રહણ કરવાલાયક મોક્ષ નહિ. મોક્ષમાર્ગમાં ગ્રહણ કરવાલાયક આત્મા છે.

'ગ્રહવાયોગ્ય સર્વ ગ્રહ્યું...' આહાહા..! પોતાનો આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપમાં રહ્યો, ધારણ કર્યું, એ જ ગ્રહણ કરવાલાયક હતું તે ગ્રહ્યું. શુદ્ધ આત્મા ગ્રહણ કરવાયોગ્ય હતો, શુદ્ધાત્મા ગ્રહણ કરવાયોગ્ય હતો તે ગ્રહણ કર્યો. 'અને ત્યાગવાયોગ્ય સર્વ ત્યાગ્યું...' આહાહા..! એક-બે લીટીમાં તો (કેટલું ભર્યું છે)! ત્યાગ યોગ્ય ગ્રહણ તો ઠીક પણ પર્યાય પણ ત્યાગયોગ્ય છે. પર્યાય ગ્રહણ કરે છે વસ્તુને પણ પર્યાય ગ્રહણ કરવાલાયક નથી. આહાહા..! છેલ્લી ગાથાઓ છે ને? છેલ્લી ગાથાઓ છે.

પર્યાય દ્રવ્યને ગ્રહણ કરે છે. દ્રવ્ય જે આત્મા ચૈતન્ય, ચૈતન્ય રત્નાકર, ચૈતન્યના રત્નથી ભરેલો પરિપૂર્ણ પ્રભુ છે તેને ગ્રહણ કરીને તેમાં ઠરવું એ જ ગ્રહણ કરવાલાયકને ગ્રહણ કર્યું. આહાહા..! 'અને ત્યાગવાયોગ્ય સર્વ ત્યાગ્યું...' રાગ તો ઠીક પણ ભેદ અને પર્યાય પણ ત્યાગવાયોગ્ય લક્ષમાંથી છોડી દીધા. આહાહા..! માર્ગ આકરો છે, ભાઈ!

એક ચીજ પોતે ત્રિકાળી જ્ઞાયક સ્વભાવને ગ્રહણ કર્યો તેણે સર્વ ગ્રહણ કર્યું અને તેણે સર્વ ત્યાગ્યું. એને ગ્રહણ કર્યો તો બધાનો ત્યાગ કર્યો. કરવો નથી. 'ત્યાગવાયોગ્ય સર્વ ત્યાગ્યું...' (ત્યાગ) કરવાનો નથી. આહાહા..! શુદ્ધ ચૈતન્ય અતીન્દ્રિય આનંદકંદને ગ્રહણ કર્યો તો જે કંઈ ગ્રહણ કરવાલાયક હતું તે સર્વ ગ્રહણ કર્યું અને એ સમયે ત્યાગવાયોગ્ય બધાનો ત્યાગ થઈ ગયો. રાગાદિ ત્યાગવાયોગ્ય હતા તેનો ત્યાગ થઈ ગયો. આહાહા..! 'એવા અર્થનું કાવ્ય હવે કહે છે :–' આ પહેલા મથાળું બાંધ્યું, એ અર્થનું કાવ્ય કહે છે.

उन्मुक्तमुन्मोच्यमशेषतस्तत्
तथात्तमादेयमशेषतस्तत्।
यदात्मनः संहृतसर्वशक्तेः
पूर्णस्य सन्धारणमात्मनीह।।२३६।।

ઓહોહો..! 'संहृत-सर्व-शक्तेः पूर्णस्य आत्मनः' 'જેણે સર્વ શક્તિઓને સમેટી છે...' સર્વ શક્તિઓ જે તરફ ઝુકાવ હતો, એક શક્તિનો ઝુકાવ હતો તો અનંત શક્તિનો ઝુકાવ હતો.. આહાહા..! એ સર્વ શક્તિઓને અંતરમાં વાળી. જે શક્તિનો પિંડ છે એ સર્વ શક્તિઓને 'संहृत' સમેટી લીધી. બહારમાં જતી હતી એ અંદરમાં લઈ ગયો. આહાહા..! આકરી વાત છે, ભાઈ!

પહેલા જ્ઞાન અને ધ્યાનમાં તો લે કે ચીજ તો આ છે. જે ભગવાન આત્મા અનંત અનંત શક્તિવંત છે પણ એ પોતાની શક્તિમાં અંદરમાં ઠરે, પૂર્ણ આત્મામાં ઠરે. (એ થતાં) જે ગ્રહણ કરવાલાયક હતું તેણે સર્વને ગ્રહણ કરી લીધું અને ગ્રહણ કર્યું તો ત્યાગ કરવાલાયકનો ત્યાગ થઈ ગયો. આહાહા..! રાગાદિ, અરે..! પર્યાય ઉપર પણ લક્ષ ન રહ્યું. ધ્રુવ, ચૈતન્ય ધ્રુવને પકડીને ત્યાં રહ્યો તો ગ્રહણ કરવાલાયકને ગ્રહણ કરી લીધો અને એ વખતે છૂટવાલાયક છૂટી જાય છે, છોડવું પડતું નથી, ત્યાગ કરવો પડતો નથી, એમ કહે છે. એમ કહ્યું ને?

'સર્વ શક્તિઓ સમેટી છે (–પોતામાં લીન કરી છે) એવા પૂર્ણ આત્માનું આત્મામાં ધારણ કરવું...' આહાહા..! 'તે જ છોડવાયોગ્ય...' પોતામાં ધારણ કરવું. આહાહા..! શુદ્ધ સ્વભાવ પૂર્ણ અનંત શક્તિ સંપન્નને પોતાની દૃષ્ટિમાં ધારણ કરવો, ત્યાં દૃષ્ટિને થંભાવવી. તેણે 'તે જ છોડવાયોગ્ય બધું છોડ્યું...' છે. છોડવું પડતું નથી. આહાહા..! આ બાજુ જ્યાં ગયો, પૂર્ણ વસ્તુ ગ્રહણ કરવાયોગ્ય હતી તે ગ્રહણ કરી તો છૂટવાયોગ્ય છૂટી ગયું. છૂટવાયોગ્ય કોઈ વસ્તુ રહી નહિ. છોડવું પડ્યું નહિ અને છૂટી ગયું. આહાહા..! આવો માર્ગ હવે. આ પાછળની ગાથાઓ છે ને!

મુમુક્ષુ :– મોક્ષમાર્ગમાં તો એક કષાય ચોકડી જ છૂટે ને?

ઉત્તર :– બધું છૂટી ગયું. અંતરમાં દૃષ્ટિ સ્થિર થઈ તો બધું છૂટી ગયું. કાંઈ રહ્યું

નહિ, મોક્ષ જ થઈ ગયો. આહાહા..!

ગ્રહણ કરવાલાયક જે ચીજ હતી તે ગ્રહણ કરી લીધી. પૂર્ણાનંદ સ્વરૂપ અનંત શક્તિ સંપન્ન (વસ્તુને ગ્રહી) તો પછી છૂટવાયોગ્ય છૂટી ગયું, કાંઈ રહ્યું નહિ. પૂર્ણને જ્યાં ગ્રહણ કર્યો તો અપૂર્ણ અને રાગ એ બધું તો છૂટી ગયું. આહાહા..! આકરી વાત (છે). પ્રભુનો માર્ગ, વીતરાગ માર્ગ અલૌકિક છે, ભાઈ! લોકો બહારથી કલ્પીને જિંદગી આખી જાય છે.

બે વાત ટૂંકામાં કરી. એમાં વાત તો એક જ કરી. અનંત શક્તિ સંપન્ન પ્રભુ, અનંત અનંત ગુણ જેમાં છે, અનંત શક્તિઓને સમેટી લીધી, એમ પાઠ છે ને? 'સર્વ શક્તિઓને સમેટી છે...' સમેટી લીધીનો અર્થ શું થયો? એ અનંત શક્તિઓ હતી તે પર તરફ વળેલી હતી. એક જ પર્યાય પર તરફ શક્તિ હતી એમ નહિ. જેમ કે ૧૧ મી ગાથામાં (કહ્યું કે) 'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो' ભૂતાર્થ આત્મામાં દૃષ્ટિ લગાવીને સમ્યગ્દૃષ્ટિ થયો. તો ત્યાં તો સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થઈ એમ કહ્યું. પણ ખરેખર તો પૂર્ણ આત્મા તરફ સર્વ શક્તિની પર્યાય વળી ગઈ છે. એકલી સમ્યગ્દર્શનની પર્યાય સ્વદ્રવ્ય તરફ ઝુકી એમ નહિ. એક પર્યાય, એક શક્તિ સ્વ તરફ ઝુકે તો તેની સાથે બધી પર્યાય ઝુકે છે. આહાહા..! એનો અહીં સરવાળો કર્યો છે. આહાહા..! અનંત શક્તિઓ જે છે એ પર તરફ શક્તિ ઝુકી હતી એ સર્વ શક્તિ આત્મામાં સમેટી લીધી. આહાહા..! આવો માર્ગ સાંભળવો કઠણ પડે. આહાહા..!

મુમુક્ષુ :- એવો આત્માનો સ્વભાવ છે?

ઉત્તર :- વસ્તુ સ્વરૂપ જ એ છે. અનંત શક્તિઓનો પિંડ છે એમાં એક પણ શક્તિ પર તરફ ઝુકી તો સર્વ શક્તિઓ એટલી પર તરફ ઝુકી છે. આહાહા..! અને સ્વ તરફ સમ્યગ્દર્શન(ની પર્યાય) ઝૂકી તો અનંતી પર્યાય ઝુકી છે, સ્વ તરફ ઝુકી છે. ભલે થોડી બાકી છે પણ ઝુકી છે સર્વ. એક જ શક્તિ ઝુકી છે અને બીજી શક્તિઓ બહાર છે એમ નહિ. આહાહા..! એમ કહ્યું ને? જુઓને!

'જેણે...' જે આત્માએ 'સર્વ શક્તિઓ...' સર્વ શક્તિઓ એમ લીધું છે ને? સર્વ શક્તિ પાઠ છે ને? શક્તિ કહો, ગુણ કહો, સ્વભાવ કહો. સર્વ શક્તિ.. આહાહા..! 'संहृत-सर्व-शक्तेः पूर्णस्य आत्मनः' 'જેણે સર્વ શક્તિઓ સમેટી છે...' આહાહા..! જેટલી અનંત શક્તિઓ છે તે બધી શક્તિને અંતરમાં વાળી લીધી છે. આહાહા..! બહારમાં કંઈ છોડવું રહ્યું નહિ. ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! પૂર્ણ સ્વરૂપની વાત ચાલે છે ને? જન્મ-મરણ તો અનંતકાળથી કરી રહ્યો છે. ચોરાશીના અવતાર (કરી રહ્યો છે). આહાહા..! એમાંથી એક વાર આ બનાવ તો તારા જન્મ-મરણ છૂટી જશે, છોડવા પડશે નહિ.

અંતરમાં જેટલી શક્તિઓ છે તે સર્વ શક્તિઓને સમેટીને આત્મામાં ધારણ કરી લે. આહાહા..! તે 'ગ્રહવાયોગ્ય બધું ગ્રહ્યું.' આહાહા..! 'સર્વ શક્તિઓ સમેટી છે...' સમેટીનો

અર્થ પર તરફનો ઝુકાવ હતો તે અંતર તરફમાં ઝુકાવ થઈ ગયો, તે સમેટી લીધું (કહેવાય છે.) આહાહા..! ઝીણું છે, પ્રભુ! તારો માર્ગ ઝીણો બહુ, ભગવાન! આહાહા..! રાત્રે કોઈ કહેતું'તું. વીતરાગનો માર્ગ બહુ ઝીણો. ઝીણો છે, બાપુ! એ કાંઈ ઉપરટપકે પૈસાથી ને શરીરની ક્રિયાથી, મનની ક્રિયાથી મળી જાય (એમ નથી). જ્યાં મન જ એનું નથી, વાણી એની નથી, પૈસા એના નથી, શરીર એનું નથી. એનું જે નથી એનાથી મળે એ વાત ત્રણ કાળમાં બેસે નહિ. એનામાં જે છે તેનાથી તે મળે. આહાહા..!

અહીં એ કહે છે કે, જેટલી અનંતી શક્તિઓ છે તે સમેટી લીધી. આહાહા..! પર તરફની પર્યાયબુદ્ધિ હતી... આહાહા..! એ અંદર દ્રવ્યબુદ્ધિમાં દૃષ્ટિ લગાવી દીધી તો સર્વ શક્તિઓ સમેટી લીધી. આહાહા..! શ્લોક બહુ ઊંચો આવ્યો છે. આહાહા..! ભગવાન અનંત અનંત શક્તિ સંપન્ન, બધી શક્તિઓને સમેટી લીધી. એક સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ત્રણની પર્યાય પ્રગટ કરી તો સર્વ પર્યાયો પ્રગટ થઈ ગઈ. સર્વ પર્યાયો અંતરમાં ઝુકી ગઈ. આહાહા..! સમજાય છે આમાં? નહિતર મોક્ષ તો 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષ' ત્રણ છે. પણ કહે છે કે એ ત્રણમાં પૂર્ણ ક્યારે? બધી સર્વ શક્તિઓ અંદરમાં સમેટાઈ જાય (ત્યારે). આહાહા..! પાતાળમાં ભગવાન બિરાજે છે ત્યાં બધી શક્તિઓ ચાલી જાય. આહાહા..! પર્યાયની પાછળ ભગવાન પાતાળમાં (બિરાજે છે). આહાહા..! એ ગ્રહણ કરવાલાયક ગ્રહણ થઈ ગયું. છે?

'(-પોતામાં લીન કરી છે) એવા પૂર્ણ આત્માનું આત્મામાં ધારણ કરવું તે જ છોડવાયોગ્ય બધું છોડ્યું...' 'तत् उन्मोच्यम्' તે જ અંતરમાં વળ્યો. પૂર્ણ સ્વરૂપ પહેલા જ્ઞાન ઉપર તો લે. એ પૂર્ણ સ્વરૂપ અંતરમાં વળે, આખી ચીજની જેટલી શક્તિની પર્યાય છે, બધી શક્તિની પર્યાય થાય છે ને? પર્યાય વિનાની શક્તિ હોતી નથી. આહાહા..! એ સર્વ શક્તિની પર્યાયને સમેટી લીધી (અર્થાત્) અંતર્મુખ કરી દીધી. આહાહા..! આ કરવાનું છે. સારમાં સાર આ છે. આહાહા..!

છોડવાયોગ્ય 'તે જ...' એમ કીધું ને? 'तत्' ગ્રહણ કર્યું ત્યાં જ છૂટી ગયું. જે અંતરમાં ગ્રહણ કર્યું તે જ છોડવાયોગ્ય છૂટી ગયું, એમ કહે છે. આહાહા..! ૨૩૬. આહાહા..! 'તે જ છોડવાયોગ્ય બધું છોડ્યું...' શું કહ્યું? પહેલા એમ કહ્યું હતું, 'સર્વ શક્તિઓ સમેટી છે...' સર્વ શક્તિઓને સમેટી લીધી તે જ છોડવાયોગ્ય બધું છૂટી ગયું. આહાહા..! સર્વ શક્તિઓને સમેટી લીધી તો બધું છૂટવાયોગ્ય છૂટી ગયું. ત્યાં પણ 'બધું' લીધું. આહાહા..! આકરી વાત છે. શ્લોક આકરો આવ્યો. છેલ્લો અધિકાર છે ને?

હવે તો આહાર સુધી લઈ જશે. શરીર જ એનું નથી, મુનિનું શરીર જ નથી. મુનિને આહાર જ નથી. આહાહા..! આહાર લેવો-દેવો છે એ તો જડ છે. જડનું લેવું-દેવું આત્મા કરી શકતો નથી. આહાહા..! કેમકે પ્રત્યેક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતા નથી, કદી ચુંબતા

નથી. આહાહા..! એ તો ઠીક, કહ્યું નહિ કે સર્વ દ્રવ્ય સામાન્યવિશેષસ્વરૂપ છે. સર્વ દ્રવ્ય સામાન્ય–કાયમ રહેવું અને વિશેષ–પર્યાય, એ સ્વરૂપ જ છે. આહાહા..! તેની પર્યાય બીજો કરે એમ બને નહિ. સામાન્યવિશેષસ્વરૂપ વસ્તુ જ છે. આહાહા..!

સર્વ શક્તિઓને સમેટી લીધી 'તે જ...' સમેટી લીધી તે જ. આહાહા..! 'તે જ છોડવાયોગ્ય બધું છોડ્યું...' આહાહા..! જરી ઝીણું છે. અત્યારે મૂળ વસ્તુનો માર્ગ બહુ પ્રવૃત્તિ ઘટાડી દીધી. પ્રવૃત્તિમય માર્ગ બનાવી દીધો. આહાહા..! આ તો અંદરમાં વિકલ્પ છે, એ પર્યાય જે છે એ આમ (પર તરફ) ઝુકી છે તે બધીને અહીંયા (સ્વ તરફ) ઝુકાવી દેવી. એ ગ્રહણ કરવાયોગ્ય ગ્રહ્યું અને તે જ છોડવાયોગ્ય છૂટી ગયું. છોડવું પડે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– દૃષ્ટિ અંતરમાં લગાવે તો સર્વ પર્યાયો પોતાની મેળે ઝુકી જાય છે?

ઉત્તર :– દૃષ્ટિની સાથે સર્વ શક્તિ, એકલી શક્તિ નહિ. સર્વ શક્તિ કીધી ને પહેલા? ભાષા એમ લીધી છે કે ભૂતાર્થ ઉપર દૃષ્ટિ કરતાં સમકિત થાય છે. સમકિતની પર્યાય એકલી જ સ્વ તરફ ઝુકી છે? બધી પર્યાય અંશે ઝુકી છે. અહીં પૂર્ણની વાત છે. આહાહા..! આવો માર્ગ, 'શાંતિભાઈ'! હીરા-માણેકમાં હાથ આવે એવું નથી. હીરા-માણકે ખર્ચ્યે હાથ આવે એવું નથી. આહાહા..! (તો એમ કહે) હીરા- માણેક ખર્ચી નાખીએ લાવોને.

એક રજકણની એક પર્યાય જે થાય છે તે સામાન્યનું એ વિશેષ તો એ સમયે તેને કારણે થયું છે. એ સામાન્ય જે પદાર્થ છે તેની પર્યાય તેનું વિશેષ જે સમયે જે થવાવાળી થવાની છે તે જ થાય છે. અને બીજા દ્રવ્યને સ્પર્શ્યા વિના, અડ્યા વિના અનંતી પર્યાય પોતામાં પોતાથી ઉત્પન્ન થાય છે. આહાહા..! ગજબ છે ને! અનંતા પરમાણુ અને અનંતી પર્યાયો થઈ તે પર્યાય પોતાને અડતી નથી, આત્માને અડતી નથી. આત્મા અનંતી પર્યાયનો પિંડ, અરે..! ચૈતન્યની પર્યાયને બીજી ચૈતન્યની પર્યાય અડતી નથી. જડની પર્યાયનું તો શું કહેવું?

અહીંયા તો ત્યાં સુધી લીધું છે કે, એનામાં થોડો મલિનતાનો અંશ હતો તે સર્વ, અહીંયા જ્યારે (શક્તિઓને અંદરમાં) સમેટી લીધી તો એ છૂટી ગયો. છોડવો પડ્યો નહિ. આહાહા..! 'બધું છોડ્યું અને...' 'आदेयम् तत् अशेषतः आत्तम्' 'ગ્રહવાયોગ્ય બધું ગ્રહ્યું.' આહાહા..! ગ્રહણ કરવાયોગ્ય બધું ગ્રહણ કર્યું. પૂર્ણાનંદનો નાથ એક સમયમાં અનંતી.. અનંતી... અનંતી.. અનંતી શક્તિઓનો પિંડ, એ બાજુ ઝુકાવ થયો તો બધું ગ્રહણ કરી લીધું. ગ્રહણ એ કરવાનું હતું. પરવસ્તુનો ગ્રહણત્યાગ તો આત્મામાં છે જ નહિ. આહાહા..!

પરમાણુથી માંડી સર્વ સ્કંધને આત્મા ગ્રહણ કરે અને ત્યાગે એ તો છે જ નહિ. અજ્ઞાનભાવે ગ્રહણ કરે અને ત્યાગે એ તો છે જ નહિ. આહાહા..! આત્મા સિવાય અનેરા આત્મા અને અનેરા રજકણોને ગ્રહણ કરીને છોડે એ આત્મામાં નથી, આ છે કે પૂર્ણ વસ્તુને ગ્રહણ કરી તો જે અવસ્થા અધૂરી હતી, મલિન હતી તે બધું છૂટી ગયું. આહાહા..! આટલું

અંદરમાં થયું. ગ્રહણ-ત્યાગ. પરનો ગ્રહણ-ત્યાગ કર્યો નથી. પરનો ત્યાગ-ગ્રહણ છે જ નહિ.

અંતરમાં આ વસ્તુને ગ્રહણ કરી. આહાહા..! પરમાત્માના ભેટા થયા. આહાહા..! પૂર્ણ પરમાત્મા અનંતી શક્તિ સંપન્ન, એ પરમાત્માએ પોતાની શક્તિ સમેટી લીધી તો ગ્રહણ કરવાયોગ્ય બધું ગ્રહણ થઈ ગયું, છૂટવાયોગ્ય બધું છૂટી ગયું. આહાહા..! ગજબ વાત છે! એક આટલો નાનો કળશ!

મુમુક્ષુ :– અમારે દૃષ્ટિ અંદર કરવાની છે કે પર્યાયને અંદર વાળવાની છે?

ઉત્તર :– પર્યાય એક વળે તો બધી (વળે). દૃષ્ટિ પર્યાય છે. દૃષ્ટિની પર્યાયને વાળે તો બધી વળે જ છે. દૃષ્ટિની પર્યાય અંદર વળે અને બીજી પર્યાય બહાર રહે (એમ બને નહિ). આહાહા..! દૃષ્ટિ પર્યાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર બધી પર્યાય છે.

અહીંયા તો કહે છે, જેટલી અનંત શક્તિઓ છે તેની પર્યાય જે બહાર બાજુ ઝુકતી હતી; બધી પર્યાય ઝુકતી હતી એમ નહિ, કેટલી નહોતી ઝુકતી, અસ્તિત્વ આદિની (પર્યાય) કંઈ બહાર નહોતી ઝુકતી, પણ જે ઝુકતી હતી, એ અહીંયા પૂર્ણને ગ્રહણ કર્યો તો બધું છૂટી ગયું. આહાહા..! હું છોડું એ રહ્યું નહિ. આહાહા..! ગજબ માર્ગ છે, પ્રભુ!

અરે..રે..! આવું મનુષ્યપણું મળ્યું એમાં આવું ન કરે અને આ ધૂળમાં જિંદગી ચાલી જાય. આહાહા..! પાંચ-પચીસ લાખ ધૂળ મળે એમાં શું? આહાહા..! પાપ. પૈસો તો પાપ છે. પાપ છે. મળે ભલે પુણ્યને લઈને પણ પૈસાવાળા એ પાપી છે.

મુમુક્ષુ :– પૈસા રાખે અને મમત્વ ન રાખે તો શું વાંધો છે?

ઉત્તર :– રાખી શકતો નથી ને. એક પરમાણુ આત્મા રાખી શકતો નથી પછી વળી રાખે ને લાવવા એ છે ક્યાં? આહાહા..! આકરી વાત છે, ભાઈ! વીતરાગનો મૂળ માર્ગ.. 'શ્રીમદ્દે' કહ્યું ને? 'મૂળ માર્ગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ, કરી વૃત્તિ અખંડ સન્મુખ' વૃત્તિ અખંડ ઉપર સન્મુખ કરે. આહાહા..! એમ કહે છે. 'મૂળ માર્ગ સાંભળો જિનનો રે...' જેની વૃત્તિ નામ વર્તમાન પરિણતિ અનંત ગુણની પરિણતિને અંદરમાં વાળી લે. આહાહા..! અંતર સન્મુખ કર એ જૈનનો માર્ગ છે. આહાહા..! ત્યાં જુવાની પણ કામ ન આવે, ત્યાં પૈસાવાળાનું કામ ન આવે, ત્યાં બુદ્ધિના–સંસારની બુદ્ધિના મોટા ખાં હોય એ કામ ન આવે. આહાહા..! દુનિયાને રંજન કરવાની, લાખો માણસને (રંજન કરવાની) શક્તિ હોય એ કામ ન આવે, પ્રભુ! એ કામ ન આવે. આહાહા..!

અહીંયા તો અંદર વસ્તુ જે છે... આહાહા..! એ તરફ પૂર્ણ પર્યાય ઝુકે ત્યારે કામ આવે. અને એક જ વાત થઈ. છૂટવાયોગ્ય તો છૂટી ગયું પછી એને છોડવું પડતું નથી. આવી વાતું આકરી છે. એવી વાતું કો'ક દિ' સાંભળવા મળે. આહાહા..!

મુમુક્ષુ :– ઝુકવું શું? હું છું એમ અહમ્‌પણું કરે તો?

ઉત્તર :– એ પણ વિકલ્પ છે. એ તો આપણે પહેલા કહ્યું નહોતું? હું જ્ઞાયક છું, હું

જ્ઞાયક છું એ પણ એક વિકલ્પ છે. આહાહા..! અહીં એ વાત નથી.

અહીંયા તો જેટલી શક્તિઓ પોતાના વીર્યથી (અંદર બાજુ વળી છે). વીર્ય ગુણ પણ બધા ગુણમાં છે, વીર્ય ગુણનું રૂપ સર્વ ગુણમાં છે. છે? અનંત ગુણનું રૂપ અનંત ગુણમાં છે. આહાહા..! એ અનંત ગુણને આ બાજુમાં સમેટી લીધા. આહાહા..! ઓહોહો..! અંદર ગુમ થઈ ગયો એણે બધું છોડી દીધું. બાકી બહારથી બાયડી, છોકરા છોડે, દુકાન છોડે અને ત્યાગી કહેવાય એ વસ્તુ નથી. આહાહા..!

મુમુક્ષુ :- એને અવકાશ તો છે ને બહારનું છોડે એને?

ઉત્તર :- ના, ના. જરીયે નહિ. એમ તો અનંત વાર નવમી ગ્રૈવેયક ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહાહા..! નિવૃત્તિ છે માટે અવકાશ છે એમ છે જ નહિ. નિવૃત્તિ અંદરમાં છે એ અવકાશ છે. આહાહા..! ભગવાન પોત જ નિવૃત્ત સ્વરૂપ છે. આહાહા..! ભગવાન આત્મા નિવૃત્ત સ્વરૂપમાં અંદર ઝુકી જાવું, બસ! જે ગ્રહણ કરવાલાયક છે તે ગ્રહણ કરી લીધું, છોડવાલાયક છૂટી ગયું. છૂટી ગયું. આ ગ્રહણ કરવાલાયક ગ્રહણ કર્યું, એ તો કર્યું, પેલું તો છૂટી ગયું. આહાહા..! એવો માર્ગ છે, પ્રભુ! '...ભાઈ'! ન્યાં સાંભળવા મળે એવું નથી. આહાહા..!

એક્કે એક મિનિટ એક એક સેકંડ આ મનુષ્યના દેહની ચાલી જાય છે. આહાહા..! એમાં કરવાનું તો આ છે. આહાહા..! બાકી બધા થોથા છે. મોટી જજની પદવી મળે ને પચાસ-પચાસ હજારની મહિને પેદાશ હોય એવી મોટી જજની પદવી ધૂળ છે. આહાહા..!

ચૈતન્ય ભગવાન ગરીબ માણસ ભલે હો... આહાહા..! પણ અંતરમાં ભગવાન રોગિષ્ટ હો, બહારમાં અમીર હો, નિર્ધન હો પણ એ રોગિષ્ટ તો જડ છે. પ્રભુમાં રોગિષ્ટપણું છે જ નહિ. પ્રભુ તો રોગને સ્પર્શતો પણ નથી ને! આહાહા..! રોગ તો શરીરની પર્યાય છે ને પ્રભુ! શરીરની પર્યાયને તો આત્મા અડતો પણ નથી ને! સ્પર્શતો નથી ને! પ્રવેશ કરતો નથી. આહાહા..! ક્યાં રહ્યો રોગ? આહાહા..! રોગ રોગમાં રહ્યો.

અહીંયા તો કહે છે, ઓહોહો..! 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર મુનિ આજથી હજી હજાર વર્ષ પહેલા થયા છે. હજી તો આ પંચમ આરામાં (થયા છે). આહાહા..! પંચમ આરામાં ન થાય ને પંચમ કાળ નડે છે એ આત્મામાં કાંઈ છે નહિ. પર નડે ને કોઈ પર અડે (એવું) કાંઈ છે નહિ. આહાહા..! પંચમ આરાના સંત દસ હજાર વર્ષ... હજી તો એક હજાર વર્ષ પહેલા (થયા), ભગવાનના મૂળ શ્લોક ભલે બે હજાર વર્ષ પહેલા થયા, આ ટીકા, આ કળશ તો એક હજાર વર્ષ પહેલા (થયા). એ પોકાર કરે છે.. આહાહા..! નાથ! તું એટલો બધો શક્તિવાન છે, પ્રભુ! તું એટલો શક્તિવાન છે કે એક ક્ષણમાં એ બધી શક્તિઓ સમેટી લે એવો શક્તિવાન છો. આહાહા..! એક ક્ષણમાં બધી શક્તિઓ અંતરમાં વાળી લીધી છે. એવો શક્તિવાન છો, નાથ! પ્રભુ! એવા આત્માને હવે કલંક ન લગાડ. આહાહા..!

ભવ અને ભવનું કારણ એ જીવમાં કલંક છે, પ્રભુ! આહાહા..!

આઠ-આઠ વર્ષની ઉંમરના ચક્રવર્તીના રાજકુંવરો આવું સાંભળીને ચાલી નીકળે છે. ચક્રવર્તીના પુત્ર! તીર્થંકરના પુત્ર! આઠ વર્ષની ઉંમર, આ જ્યાં સાંભળે છે અંદર ત્યાં... આહાહા..! મોરપીંછી, કમંડળ લઈ જંગલમાં ચાલ્યા જાય છે. આહાહા..! જ્યાં છું ત્યાં રહેવા માટે હું જાઉં છું. વનમાં રહેવા માટે નહિ. આહાહા..! અંદરમાં જ્યાં મારી ચીજ છે ત્યાં હું રહેવા જાઉં છું. આહાહા..! આઠ વર્ષના, હોં! આહાહા..!

મુમુક્ષુ :– અનંત ગુણ તો ખ્યાલમાં આવતા નથી પછી અનંત ગુણ કેવી રીતે સ્વીકારે?

ઉત્તર :– અનંત છે. એટલો તો ખ્યાલમાં આવે કે નહિ કે તત્ત્વ એક છે કે અનંત છે? તત્ત્વ અનંત છે. તો એક તત્ત્વ પોતાથી અસ્તિ છે, પરથી નાસ્તિ છે. તો પર અનંત છે તો અનંતથી નાસ્તિ અનંત ધર્મ તો એ થઈ ગયા. લ્યો! આ જુવાન માણસ રાજી થાય છે. માર્ગ આ છે, ભગવાન! આહાહા..! આત્મા છે ને પ્રભુ! નાનો-મોટો એમાં છે ક્યાં? આહાહા..! શું કહ્યું સમજાણું? શું પ્રશ્ન હતો?

મુમુક્ષુ :– બધા ગુણ ખ્યાલમાં આવતા નથી.

ઉત્તર :– એ જ કહ્યું. તું છો કે નહિ? અનંત તત્ત્વ છે કે નહિ? તું છો તો તું તારાથી છે કે તું પરથી છો? તું તારાથી છે અને પરથી નથી, તો પર તો અનંત છે. પરની નાસ્તિ અનંતા અસ્તિરૂપે થઈ. એક ચીજમાં અનંતી નાસ્તિ એ અસ્તિરૂપે થઈ. એ નાસ્તિનું એમાં અસ્તિત્વ છે. આહાહા..! લોજીક છે. મધ્યસ્થ માણસ હોય એ લોજીક સમજે. આ કાંઈ કૃત્રિમ નથી, કલ્પનાનું નથી. ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ પ્રભુ મહાવિદેહમાં બિરાજે છે. આહાહા..! એ પરમાત્માની આ વાણી છે. આહાહા..!

પ્રભુ તું એક છો? હા. એક શક્તિ છે? વસ્તુ એક છે. શક્તિ એક છે? તો અનંત અનંત પદાર્થ છે. અનંત અનંત પદાર્થપણે તો તું છો નહિ, તો એ નાસ્તિરૂપ અનંત શક્તિની અસ્તિ સિદ્ધ થઈ ગઈ. તેની અનંત શક્તિ ભિન્ન રહી ગઈ. જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત શક્તિ તો છે જ પણ પર શક્તિ પોતામાં નથી, પર એવી અનંત શક્તિ સિદ્ધ થઈ. આહાહા..! ઓહોહો..! કળશ બહુ સારો છે. પોણો કલાક ચાલ્યો, લ્યો! આહાહા..!

મુમુક્ષુ :– અગુરુલઘુત્વમાં ઘટાવો.

ઉત્તર :– એ તો કીધું ને, વધઘટ નથી. એ તો વધઘટ થતી નથી. જેટલું છે તેટલું રહે છે. વધઘટ નથી. ગુરુ નામ વધે, લઘુ નામ ઘટે, એ અગુરુલઘુ નહિ. છે તે અનાદિઅનંત છે.

અહીં એ કહે છે, છોડવાયોગ્ય બધાને છોડ્યું છે. 'आदेयम्' 'ગ્રહવાયોગ્ય બધું ગ્રહ્યું.'

ભાવાર્થ :– 'પૂર્ણજ્ઞાનસ્વરૂપ,...' પ્રભુ પૂર્ણજ્ઞાનસ્વરૂપ, 'સર્વ શક્તિઓના સમૂહરૂપ...' સર્વ શક્તિઓના સમૂહરૂપ. એક શક્તિરૂપ નહિ. આહાહા..! 'સર્વ શક્તિઓના સમૂહરૂપ જે આત્મા...' છે? પૂર્ણજ્ઞાનસ્વરૂપ, સર્વ શક્તિના સમૂહરૂપ જે આત્મા છે. આહાહા..! 'તેને

આત્મામાં ધારણ કરી રાખવું...' તેને આત્મામાં ધારણ કરી રાખવું 'તે જ, ત્યાગવાયોગ્ય જે કાંઈ હતું તે બધુંય ત્યાગ્યું...' આહાહા..! 'જયસેનાચાર્યદેવ' ની ટીકામાં શબ્દ છે કે, એક ભાવ પણ બરાબર સમજે તો બધા ભાવ સમજાય જાય. એક ભાવ, એવો પાઠ છે. એક ભાવ પણ બરાબર સમજે. આહાહા..! સ્વપણે છે, પરપણે નથી. સ્વપણે અનંત છે, પરની આશા રાખતો નથી. આહાહા..! એમ એક ભાવ સમજે તો એને બધા ભાવ સમજાય જાય. આહાહા..!

અહીં એ કહ્યું, 'તેને આત્મામાં ધારણ કરી રાખવો તે જ, ત્યાગવાયોગ્ય જે કાંઈ હતું તે બધુંય ત્યાગ્યું...' આહાહા..! બે વાત આવી. પોતાની ચીજ પણ છે અને એક ત્યાગવાયોગ્ય બીજી ચીજ પણ છે. બીજી ચીજ છે, એકલો આત્મા છે એમ નથી. આહાહા..! છૂટવાયોગ્ય, છૂટવાલાયક ચીજ અસ્તિપણે છે. ભલે પર્યાયપણે, કોઈ ગુણપણે, દ્રવ્યપણે (હોય), પણ વસ્તુ છે. પોતા સિવાય અનંત પર વસ્તુ છે. આહાહા..!

'ત્યાગવાયોગ્ય જે કાંઈ હતું તે બધુંય ત્યાગ્યું અને ગ્રહણ કરવાયોગ્ય જે કાંઈ હતું તે બધુંય ગ્રહણ કર્યું. એ જ કૃતકૃત્યપણું છે.' લ્યો! એનું નામ કૃતકૃત્યતા (છે). કાંઈ કરવું હવે બાકી રહ્યું નહિ. કૃતકૃત્ય. કૃતકૃત્ય-કાર્ય થઈ ગયું. કૃત-કાર્ય થઈ ગયું. આહાહા..! કૃત-કૃત્ય. કૃત એટલે કાર્ય. કૃત્ય-જે કાર્ય હતું તે થઈ ગયું. આહાહા..! આવી વાત ક્યાં છે પ્રભુ! બહારમાં લોકો ખેંચાતાણ કરીને આવી વાતને એકાંત કહે. શું કરીએ? પ્રભુ! તને નુકસાન છે.

પ્રભુ! કોઈને નુકસાન થાય એ કોઈની ઇચ્છા હોય? ધર્મીને કોઈને નુકસાન થાય (એવો ભાવ હોય નહિ). આહાહા..! બધા પ્રભુ છે, બધા પ્રભુ થાઓ! કોઈ પણ પામર ન રહો. એમ ધર્મીની ભાવના હોય છે. આહાહા..! ભગવાન થાઓ, પ્રભુ! તમે ભગવાન છો. છો તેમ થાઓ. આહાહા..! તેમ ન થાવું હોય તો ન થાય. આહાહા..! આ તો પૂર્ણ સ્વરૂપ છે અને પરના અભાવસ્વરૂપ છે. તો પૂર્ણ સ્વરૂપ ગ્રહણ કરવાથી પરનો ત્યાગ થઈ ગયો. એકલો પરમાત્મા... આહાહા..! પૂર્ણ આત્મા રહી ગયો. આહાહા..!

'એ જ કૃતકૃત્યપણું છે.' કૃત-કૃત્ય. બધું કાર્ય થઈ ગયું, આહાહા..! કોઈ કામ હવે બાકી નથી. આહાહા..! શ્લોક બહુ સારો આવ્યો. અમારે જજ આવ્યા ને શ્લોક પણ બહુ સરસ આવ્યો. આહાહા..! આવી વાત છે, ભાઈ!

'આવા જ્ઞાનને દેહ જ નથી...' હવે આગળ લઈ જાય છે. એવો જ્ઞાનસ્વરૂપ પ્રભુ... આહાહા..! દેહ જ નથી. દેહ તો જડ, માટી છે. દેહને તો આત્મા અડતો નથી. આહાહા..! આત્મા દેહને અડતો નથી, સ્પર્શતો નથી, ભિન્ન રહે છે. આહાહા..! કેમકે એકની અસ્તિમાં બીજાની નાસ્તિ છે તો એક તત્ત્વમાં બીજાનો અત્યંત અભાવ છે. અત્યંત અભાવ છે તો એવી ચીજને કેમ અડે? આહાહા..! આવી વાત છે પ્રભુની. વીતરાગનો માર્ગ કોઈ અલૌકિક

છે બાપુ! લોકોએ ક્રિયાકાંડમાં બહારમાં ઢસડીને ફેરવી નાખ્યો, જૈનમાર્ગ અજૈન કરી નાખ્યો, પ્રભુ! આ તો જૈન પરમેશ્વર ત્રિલોકનાથ અનંતા તીર્થંકરો થયા, અનંતા કેવળીઓ થયા, અનંતા સિદ્ધ થયા બધાનો આ એક જ આ અભિપ્રાય હતો. આહાહા..!

ઝીણું લાગે, કઠણ પડે, જરાય ઝટ ન થાય એથી કરીને મુંઝાવું નહિ. ધીમે ધીમે એ કામ કર્યે જ છૂટકો છે. આહાહા..! એમ જેનો નિર્ણય હોય, ધીમે ધીમે, ધીરેકથી પણ આ કામ કર્યે જ છૂટકો છે. ન થઈ શકે એવી મુંઝવણ લાવવી જ નહિ. નહિ બની શકે એવી મુંઝવણ અંદર લાવવી નહિ. આહાહા..!

હવે કહે છે, 'જ્ઞાનને દેહ જ નથી' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે :–' આહાહા..!

## શ્લોક–૨૩૭

(अनुष्टुभ्)

व्यतिरिक्तं परद्रव्यादेवं ज्ञानमवस्थितम्।
कथमाहारकं तत्स्याद्येन देहोऽस्य शङ्कयते।।२३७।।

'આવા જ્ઞાનને દેહ જ નથી'-એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે :–

શ્લોકાર્થ :– [ एवं ज्ञानम् परद्रव्यात् व्यतिरिक्तं अवस्थितम् ] આમ (પૂર્વોક્ત રીતે) જ્ઞાન પરદ્રવ્યથી જુદું અવસ્થિત (-નિશ્ચળ રહેલું) છે; [ तत् आहारकं कथम् स्यात् येन अस्य देहः शङ्कयते ] તે (જ્ઞાન) આહારક (અર્થાત્ કર્મ-નોકર્મરૂપ આહાર કરનારું) કેમ હોય કે જેથી તેને દેહની શંકા કરાય? (જ્ઞાનને દેહ હોઈ શકે જ નહિ, કારણ કે તેને કર્મ-નોકર્મરૂપ આહાર જ નથી.) ૨૩૭.

## શ્લોક–૨૩૭ ઉપર પ્રવચન

व्यतिरिक्तं परद्रव्यादेवं ज्ञानमवस्थितम्।
कथमाहारकं तत्स्याद्येन देहोऽस्य शङ्कयते।।२३७।।

આહાહા..! 'एवं ज्ञानम् परद्रव्यात् व्यतिरिक्तं अवस्थितम्' 'આમ (પૂર્વોક્ત રીતે) જ્ઞાન...' નામ ભગવાન આત્મા 'પરદ્રવ્યથી જુદું અવસ્થિત (–નિશ્ચળ રહેલું) છે;...' આહાહા..! પરદ્રવ્યને અડતો પણ નથી. શરીરને આત્મા અંદર અડતો નથી. કાર્માણ શરીર, ઔદારિક શરીર અને તૈજસ શરીર. એક શરીરના અનંત પરમાણુ છે તો એક પણ પરમાણુની પર્યાયને આત્મા અડતો નથી. આહાહા..! એ અનંત પરમાણુથી નાસ્તિરૂપ પ્રભુ છે અને પોતાની પ્રભુતાથી અસ્તિરૂપ છે. આહાહા..! પ્રભુત્વ નામનો એનામાં ગુણ છે. અનંત ગુણ છે એમાં પ્રભુત્વ નામનો એક ગુણ છે. પોતાના પ્રભુત્વથી અસ્તિ છે. પરવસ્તુથી ત્રિકાળ પ્રભુ ભગવાન નાસ્તિ છે. આહાહા..!

આ તો દેખ્યાને અણદેખ્યા કરવા અને અણદેખ્યાને દેખ્યો કરવો એમ છે, બાપુ! દેખે છે તેને અણદેખ્યું કરી નાખવું, એ કોઈ ચીજ જોતો નથી. એ તો પોતાની પર્યાયમાં જોવાની શક્તિ છે તો જોવે છે, એ જોતો નથી. એ ચીજને જોતો નથી, પોતાની પર્યાય દેખાય છે. આહાહા..! એવો ભગવાન એક પર્યાયને જોવામાં રોકાઈ ગયો છે આહાહા...! પરનું તો નામમાત્ર છે પણ એક સમયની પર્યાયમાં રોકાઈ ગયો છે, પ્રભુ! તો ગુલાંટ ખાઈને આ બાજુ આવી જા. પડખું ફેરવી દે. આહાહા..! રાત્રે એક પડખે નીંદર ન આવે તો પડખું ફેરવી દે છે. તો આ સંસારના પડખેથી પડખું ફેરવી દે, પ્રભુ! આહાહા..! તને દેહ જ નથી. આહાહા..! હીરા-માણેક તો નહિ પણ દેહ પણ નથી, એમ કહે છે. અને પંકજ-ફંકજ દીકરો પણ નથી, એમ અહીં તો કહે છે. આહાહા..!

'एवं ज्ञानम् परद्रव्यात् व्यतिरिक्तं अवस्थितम्' 'આમ (પૂર્વોક્ત રીતે) જ્ઞાન...' એટલે ભગવાન પ્રભુ 'પરદ્રવ્યથી જુદું અવસ્થિત (–નિશ્ચળ રહેલું) છે;...' આહાહા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન પરદ્રવ્યથી ભિન્ન અવસ્થિત રહેતો થકો. આહાહા..! 'तत् आहारकं कथम् स्यात् येन अस्य देहः शङ्कयते' 'તે (જ્ઞાન) આહારક (અર્થાત્ કર્મ-નોકર્મરૂપ આહાર કરનારું) કેમ હોય...' આહાહા..! એ ભગવાન જ્ઞાનસ્વરૂપ છે. આહાહા..! પૂર્ણાનંદનું ચૈતન્ય સ્વરૂપ એ કર્મ ને નોકર્મના આહારનો ગ્રહણ કરનારો કઈ રીતે હોઈ શકે? કર્મને ગ્રહણ કરનારો કઈ રીતે હોઈ શકે? એમ કહે છે. આહાહા..! જે ભાવે કર્મ ગ્રહણ થાય એ ભાવે કઈ રીતે થઈ શકે? આહાહા..!

જે આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ અંદર ચૈતન્યરત્નથી ભરેલો, એને કર્મ અને નોકર્મનો આહાર કેમ હોઈ શકે? કર્મનો આહાર તો નહિ, કર્મનું ગ્રહણ તો નહિ પણ નોકર્મ એટલે આહાર–ખોરાક, દાળ, ભાત, રોટલી શાકને ગ્રહણ કઈ રીતે કરે? દેહ જ નથી તો ગ્રહણ કઈ રીતે કરે? આહાહા..! એ વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

પ્રવચન નં. ૪૫૦ શ્લોક–૨૩૭, ગાથા–૪૦૫ થી ૪૦૭ રવિવાર, અષાઢ વદ ૭, તા. ૩-૦૮-૧૯૮૦

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' ૨૩૭ કળશ છે. 'આવા જ્ઞાનને દેહ જ નથી...' ત્યાંથી છે. આત્માને દેહ જ નથી. 'એવા અર્થની, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક કહે છે :–'

व्यतिरिक्तं परद्रव्यादेवं ज्ञानमवस्थितम्।
कथमाहारकं तत्स्याद्येन देहोऽस्य शङ्कयते।।२३७।।

'આમ (પૂર્વોક્ત રીતે) જ્ઞાન પરદ્રવ્યથી જુદું...' જ્ઞાન નામ આત્મા પરદ્રવ્યથી પૃથક્– તદ્દન ભિન્ન (છે). આત્મા પરદ્રવ્યને અડતો નથી. ગ્રહણ તો કરતો નથી પણ આત્મા પરદ્રવ્યને આમ અડતો નથી, સ્પર્શતો નથી. એ કહ્યું. 'જુદું અવસ્થિત (–નિશ્ચળ રહેલું) છે; તે (જ્ઞાન) આહારક (અર્થાત્ કર્મ-નોકર્મરૂપ...)' આહાહા..! ભગવાન આત્મા આહારક શરીરને અડતો નથી, પરમાણુને કદી અડ્યો જ નથી. આહાહા..! એ આત્માને દેહ કેમ હોય? એમ કહે છે. એ પુદ્ગલ પરમાણુને કદી અડતો નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી. કેમકે એક દ્રવ્ય અને બીજા દ્રવ્ય વચ્ચે અન્યોન્ય અભાવ છે. આહાહા..!

અંદર આત્મા શરીરને અડતો નથી. કાર્માણ શરીરને અડતો નથી. કેમકે તે જડ છે, આ ચેતન છે. જોકે જડ પણ એક જડ બીજા જડને અડતું નથી. આ આંગળી આ આંગળીને અડતી નથી. કેમકે આમાં અને એનામાં અન્યોઅન્ય અભાવ છે. બે વચ્ચે અન્યોઅન્ય અભાવ છે. આહાહા..! આવી વાત!

એ કહે છે, 'તે (જ્ઞાન) આહારક (અર્થાત્ કર્મ-નોકર્મરૂપ આહાર કરનારું) કેમ હોય કે જેથી તેને દેહની શંકા કરાય?' એનો શ્લોક.

* સ્વચ્છત્વ શક્તિના લઈને જ્ઞાનમાં રૌદ્રધ્યાનના પરિણામ જણાયા ત્યાં સ્વચ્છત્વ શક્તિમાં કાંઈ અશુદ્ધતા આવી જતી નથી. અરીસામાં અગ્નિ જણાવાથી અરીસામાં ઉષ્ણતા આવી જતી નથી. અશુદ્ધતા જણાતાં જ્ઞાન પણ અશુદ્ધ થઈ જતું નથી, તે જ્ઞાનને જે છોડવા માગે તે સ્વચ્છત્વ શક્તિને સમજ્યો નથી. ૩૧૫.

– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર

## ગાથા-૪૦૫-૪૦૭

अत्ता जस्सामुत्तो ण हु सो आहारगो हवदि एवं।
आहारो खलु मुत्तो जम्हा सो पोग्गलमओ दु।।४०५।।
ण वि सक्कदि घेत्तुं जं ण विमोत्तुं जं च जं परद्दव्वं।
सो को वि य तस्स गुणो पाउगिओ विस्ससो वा वि।।४०६।।
तम्हा दु जो विसुद्धो चेदा सो णेव गेण्हदे किंचि।
णेव विमुंचदि किंचि वि जीवाजीवाण दव्वाणं।।४०७।।

आत्मा यस्यामूर्तो न खलु स आहारको भवत्येवम्।
आहारः खलु मूर्तो यस्मात्स पुद्गलमयस्तु।।४०५।।
नापि शक्यते ग्रहीतुं यत् न विमोक्तुं यच्च यत्परद्रव्यम्।
स कोऽपि च तस्य गुणः प्रायोगिको वैस्रसो वाऽपि।।४०६।।
तस्मात्तु यो विशुद्धश्चेतयिता स नैव गृह्णाति किञ्चित्।
नैव विमुञ्चति किञ्चिदपि जीवाजीवयोर्द्रव्ययोः।।४०७।।

ज्ञानं हि परद्रव्यं किञ्चिदपि न गृह्णाति न मुञ्चति च, प्रायोगिकगुणसामर्थ्यात् वैस्रसिकगुणसामर्थ्याद्वा ज्ञानेन परद्रव्यस्य गृहीतुं मोक्तुं चाशक्यत्वात्। परद्रव्यं च न ज्ञानस्यामूर्तात्मद्रव्यस्य मूर्तपुद्गलद्रव्यत्वादाहारः। ततो ज्ञानं नाहारकं भवति। अतो ज्ञानस्य देहो न शङ्कनीयः।

---

હવે આ અર્થને ગાથામાં કહે છે :–

એમ આતમા જેનો અમૂર્તિક તે નથી આ'રક ખરે,
પુદ્‌ગલમયી છે આ'ર તેથી આ'ર તો મૂર્તિક ખરે. ૪૦૫.
જે દ્રવ્ય છે પર તેહને ન ગ્રહી, ન છોડી શકાય છે,
એવો જ તેનો ગુણ કો પ્રાયોગી ને વૈસ્રસિક છે. ૪૦૬.

તેથી ખરે જે શુદ્ધ આત્મા તે નહીં કંઈ પણ ગ્રહે,
છોડે નહીં વળી કાંઈ પણ જીવ ને અજીવ દ્રવ્યો વિષે. ૪૦૭.

ગાથાર્થ :– [ एवम् ] એ રીતે [ यस्य आत्मा ] જેનો આત્મા [ अमूर्तः ] અમૂર્તિક છે [ सः खलु ] તે ખરેખર [ आहारकः न भवति ] આહારક નથી; [ आहारः खलु ] આહાર તો [ मूर्तः ] મૂર્તિક છે [ यस्मात् ] કારણ કે [ सः तु पुद्गलमयः ] તે પુદ્ગલમય છે.

[ यत् परद्रव्यम् ] જે પરદ્રવ્ય છે [ न अपि शक्यते ग्रहीतुं यत् ] તે ગ્રહી શકાતું નથી [ न विमोक्तुं यत् च ] તથા છોડી શકાતું નથી, [ सः कः अपि च ] એવો જ કોઈ [ तस्य ] તેનો (-આત્માનો) [ प्रायोगिकः वा अपि वैस्रसः गुणः ] પ્રાયોગિક તેમ જ વૈસ્રસિક ગુણ છે.

[ तस्मात् तु ] માટે [ यः विशुद्धः चेतयिता ] જે વિશુદ્ધ આત્મા છે [ सः ] તે [ जीवाजीवयोः द्रव्ययोः ] જીવ અને અજીવ દ્રવ્યોમાં (-પરદ્રવ્યોમાં) [ किञ्चित् न एव गृह्णाति ] કાંઈ પણ ગ્રહતો નથી [ किञ्चित् अपि न एव विमुञ्चति ] તથા કાંઈ પણ છોડતો નથી.

ટીકા :– જ્ઞાન પરદ્રવ્યને કાંઈ પણ (જરા પણ) ગ્રહતું નથી તથા છોડતું નથી, કારણ કે પ્રાયોગિક (અર્થાત્ પર નિમિત્તથી થયેલા) ગુણના સામર્થ્યથી તેમ જ વૈસ્રસિક (અર્થાત્ સ્વાભાવિક) ગુણના સામર્થ્યથી જ્ઞાન વડે પરદ્રવ્યનું ગ્રહવું તથા છોડવું અશક્ય છે. વળી, (કર્મ-નોકર્માદિરૂપ) પરદ્રવ્ય જ્ઞાનનો-અમૂર્તિક આત્મદ્રવ્યનો-આહાર નથી, કારણ કે તે મૂર્તિક પુદ્ગલદ્રવ્ય છે; (અમૂર્તિકને મૂર્તિક આહાર હોય નહિ.) તેથી જ્ઞાન આહારક નથી. માટે જ્ઞાનને દેહની શંકા ન કરવી.

(અહીં 'જ્ઞાન' કહેવાથી 'આત્મા' સમજવો; કારણ કે, અભેદ વિવક્ષાથી લક્ષણમાં જ લક્ષ્યનો વ્યવહાર કરાય છે. આ ન્યાયે ટીકાકાર આચાર્યદેવ આત્માને જ્ઞાન જ કહેતા આવ્યા છે.)

ભાવાર્થ :– જ્ઞાનસ્વરૂપ આત્મા અમૂર્તિક છે અને આહાર તો કર્મ-નોકર્મરૂપ પુદ્ગલમય મૂર્તિક છે; તેથી પરમાર્થે આત્માને પુદ્ગલમય આહાર નથી. વળી આત્માને એવો જ સ્વભાવ છે કે તે પરદ્રવ્યને તો ગ્રહતો જ નથી;-સ્વભાવરૂપ પરિણમો કે વિભાવરૂપ પરિણમો, પોતાના જ પરિણામનાં ગ્રહણત્યાગ છે, પરદ્રવ્યનાં ગ્રહણત્યાગ તો જરા પણ નથી.

## ગાથા-૪૦૫ થી ૪૦૭ ઉપર પ્રવચન

अत्ता जस्सामुत्तो ण हु सो आहारगो हवदि एवं।
आहारो खलु मुत्तो जम्हा सो पोग्गलमओ दु।।४०५।।
ण वि सक्कदि घेत्तुं जं ण विमोत्तुं जं च जं परद्दव्वं।
सो को वि य तस्स गुणो पाउगिओ विस्ससो वा वि।।४०६।।
तम्हा दु जो विसुद्धो चेदा सो णेव गेण्हदे किंचि।
णेव विमुंचदि किंचि वि जीवाजीवाण दव्वाणं।।४०७।।

એમ આતમા જેનો અમૂર્તિક તે નથી આ’રક ખરે,
પુદ્‌ગલમયી છે આ’ર તેથી આ’ર તો મૂર્તિક ખરે. ૪૦૫.
જે દ્રવ્ય છે પર તેહને ન ગ્રહી, ન છોડી શકાય છે,
એવો જ તેનો ગુણ કો પ્રાયોગી ને વૈસ્રસિક છે. ૪૦૬.
તેથી ખરે જે શુદ્ધ આત્મા તે નહીં કંઈ પણ ગ્રહે,
છોડે નહીં વળી કાંઈ પણ જીવ ને અજીવ દ્રવ્યો વિષે. ૪૦૭.

થોડી ઝીણી વાત છે. ટીકા :– ‘જ્ઞાન...’ શબ્દે આત્મા. જ્ઞાન શબ્દે જે આત્મા છે એ ‘પરદ્રવ્યને કાંઈ પણ ગ્રહતું નથી...’ આહાહા..! આત્મા એક પરમાણુને ગ્રહણ કરતો નથી, પરમાણુ બીજા પરમાણુને ગ્રહણ કરતું નથી. ગજબ વાત છે. આહાહા..! કેમકે એક દ્રવ્ય અને બીજા દ્રવ્ય વચ્ચે અન્યોન્ય અભાવ છે. તેથી એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. એમ આત્મા શરીરને, કર્મને અને આહારને અડતો નથી. આહાહા..! પાગલ જેવું લાગે. આહાહા..! અહીંયા અડે નહિ. આ આંગળી કાગળને અડતી નથી. કેમકે બે વચ્ચે અન્યોન્ય અભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એ તો ત્રીજી ગાથામાં આવ્યું છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબન કરતું નથી. ત્રીજી ગાથા. કોઈપણ એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી, સ્પર્શ કરતું નથી, પ્રવેશ કરતું નથી. આહાહા..! જ્ઞાન એટલે આત્મા પરદ્રવ્યને, શરીરને, કર્મને, આહારને કિંચિત્ માત્ર ગ્રહણ કરતો નથી. આહાહા..! ગજબ વાત છે. જૈનદર્શન ઝીણી વાત બહુ, ભાઈ!

એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી તો આત્મા તો અડે જ ક્યાંથી? આહાહા..! ‘જ્ઞાન...’ એટલે આત્મા ‘પરદ્રવ્યને...’ ચાહે તો રૂપી હો કે અરૂપી, ‘કાંઈ પણ (જરા પણ)...’

કાંઈ પણ–કોઈ પડખેથી એક આત્મા આહારના પરમાણુને (ગ્રહતો નથી). આત્મા હાથને અડતો નથી. આહાહા..! ગજબ વાત છે. આ આત્મા આ હાથ.. હાથને અડતો નથી તો પછી આહારને ક્યાંથી અડે? આહાહા..! સમજાય છે?

આત્મા એટલે જ્ઞાન, પરદ્રવ્યને એટલે કોઈ પણ રૂપી-અરૂપી દ્રવ્યને કાંઈ પણ. આહાહા..! કાંઈ પણ 'ગ્રહતું નથી તથા છોડતું નથી,...' આત્મા પરદ્રવ્યનો ત્યાગ કરે છે એમ છે નહિ. કેમકે આત્મામાં એક ત્યાગઉપાદાન નામનો ગુણ છે. ૪૭ શક્તિમાં ત્યાગઉપાદાન નામની શક્તિ છે. એ શક્તિને કારણે કોઈપણ પરમાણુનો ગ્રહણ અને ત્યાગ એમાં છે નહિ. આહાહા..! આ આકરી વાત છે.

ત્રીજી ગાથામાં કહ્યું છે, 'સમયસાર' ની ત્રીજી ગાથા. કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. સ્પર્શતું નથી, અડતું નથી, પ્રવેશ કરતું નથી. આમ અડતું નથી, આમ અડતું પણ નથી. આહાહા..! ગજબ વાત છે. કેમકે એક દ્રવ્ય અને બીજા દ્રવ્ય વચ્ચે અભાવ હોવાથી (અડતા નથી). અડે તો ભાવ થઈ જાય. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે, એક પર્યાય બીજાની પર્યાયને અડે તો તે પર્યાયનો અભાવ થઈ જાય. દરેક દ્રવ્ય દરેક સમયે પોતાની પર્યાયને અડે છે, બીજા કર્મ ને શરીર ને આહારની પર્યાયને, દ્રવ્ય-ગુણ તો નહિ, પર્યાયને પણ આત્મા અડતો નથી. આહાહા..! કહો, 'ડાહ્યાભાઈ'! આ તો ગાંડા કહે, પાગલ જેવું કહે. દુનિયા પાગલ કહે.

આમ ઉપાડ્યું ને! બાપુ! તેં જોયું એ અહીંથી જોયું, તે અહીંથી જોયું (–સંયોગથી જોયું). અહીંથી (–સ્વભાવથી) જોયું નહિ. શું કહ્યું? તેં સંયોગથી જોયું, એના સ્વભાવથી ન જોયું કે એ ઊંચું થઈ શકે છે તે તેનો સ્વભાવ છે. તેં આંગળી જોઈ, તો આંગળી તો સંયોગી ચીજ છે. સંયોગી ચીજથી ઊંચું થયું એમ ત્રણકાળમાં નથી. આહાહા..! આમાં કો'કને મદદ કરવી, ઉપકાર કરવો, આહાર દેવો, પાણી દેવું, દવા (આપવી) એ કાંઈ કરી શક્તો નથી. આહાહા..! માર્ગ આકરો છે, પ્રભુ!

વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમાત્માએ ત્રણકાળ ત્રણલોકને જોયા કે અનંત પદાર્થ છે. એ સર્વ અનંતપણે પોતામાં અસ્તિપણે છે અને પરથી નાસ્તિપણું છે. તો પરથી નાસ્તિપણું છે તો પરને અડે કેમ? આહાહા..! મૂળ વાત આ છે. નવ તત્ત્વમાં જીવ-અજીવ ભિન્ન (છે તો) કઈ રીતે જીવ-અજીવ ભિન્ન છે? આહાહા..!

અનંત પદાર્થ અનંતપણે ક્યારે રહે? કે એક પદાર્થ બીજા પદાર્થને અડે નહિ. અડે તો એનો ભાવ ત્યાં ચાલ્યો જાય છે. અને એક પર્યાયના ભાવનો બીજી પર્યાયના ભાવમાં અત્યંત અભાવ છે. આહાહા..! ગજબ વાત છે!

'જ્ઞાન...' એટલે આત્મા 'પરદ્રવ્યને...' પરમાણુને, પાણીને, આહારને, દવાને... આહાહા..! શીશપેનને, લાકડીને, પાનાને, પુસ્તકને.. પુસ્તકને પણ અડતો નથી. ગજબ વાત છે. પરદ્રવ્યમાં

શું બાકી રહ્યું? પોતાના દ્રવ્ય સિવાય પર અનંત દ્રવ્ય છે તેને કિંચિત્માત્ર, જરી પણ અડતો નથી. આહાહા..! બેસવું કઠણ (પડે). આ લાકડી આમ ઊંચી થઈ એ લાકડીને આંગળી અડી નથી. આ લાકડીને આંગળી અડી નથી. એકબીજામાં અભાવ છે. અને એનાથી ઊંચી થઈ નથી. અજ્ઞાની આને-સંયોગને જોવે છે. આની પર્યાયને જોવે તો એ પર્યાય એનામાં એનાથી થઈ છે, આનાથી નહિ-આ સંયોગથી નથી. પણ સંયોગથી જોનારો હાથથી ઊંચી થઈ એમ અજ્ઞાની જોવે છે. આહાહા..! આકરી વાત બહુ. આહાહા..! ભાઈ! પ્રભુનો માર્ગ (કોઈ અલૌકિક છે).

પ્રત્યેક દ્રવ્ય પૃથક્, પ્રત્યેક દ્રવ્ય પૃથક્ (છે). એની પર્યાય, દ્રવ્ય-ગુણ તો કોઈને સ્પર્શે નહિ, દ્રવ્ય-ગુણ તો કોઈને સ્પર્શે નહિ, અડે નહિ, પણ પર્યાય કોઈને અડતી નથી. આહાહા..! આવો માર્ગ (છે). માર્ગ ત્રણે કાળે આવો છે. આહાહા..! 'પરદ્રવ્યને...' એક લીટીમાં કેટલું સમાવી દીધું છે! એક બાજુ આત્મા, એક બાજુ બધા પરદ્રવ્ય. પરમાણુ, સ્કંધ, દાળ, ભાત, રોટલી, શાક... મોઢાને શાક અડતું નથી. રોટલી અને દાળના ટુકડા થાય છે તે દાંતથી ટુકડા થતા નથી. કેમકે દાંત રોટલીને અડતા નથી. આહાહા..! આવી વાત ગજબ વાત! આહાહા..! એ દાળ ને ભાતમાં પણ એક રજકણ બીજા રજકણને અડતા નથી. આહાહા..! અને જીભને રોટલી અડે છે એમ છે નહિ. રોટલીના પરમાણુમાં અસ્તિત્વ છે એની જીભના પરમાણુમાં નાસ્તિ છે. પોતાથી અસ્તિ છે અને અનંત પરથી નાસ્તિ છે. અનંતની નાસ્તિ છે. આહાહા..! નાસ્તિ છે ત્યાં અસ્તિ-અડે એમ ક્યાંથી આવ્યું? આહાહા..! જરી આકરું છે. આખી દુનિયા,.. સર્વજ્ઞ સિવાય આ વાત ક્યાંય છે નહિ. પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગના જ્ઞાનમાં આવ્યું એમ લોજીક-ન્યાયથી જગત પાસે જાહેર કર્યું. જાહેર કર્યું કે વસ્તુ આમ છે. તમને બેસે ન બેસે તમે સ્વતંત્ર છો. આહાહા..!

'જ્ઞાન...' આ એક પહેલી લીટીનો અર્થ ચાલે છે. 'પરદ્રવ્યને કાંઈ પણ...' એક બાજુ તો અડે કે નહિ? આ આંગળી આ બાજુ અડે છે કે નહિ? આ બાજુ. આ બાજુ ન અડે. કિંચિત્માત્ર અડતી નથી. આહાહા..! 'ગ્રહતું નથી...' 'પરદ્રવ્યને કાંઈ પણ (જરા પણ) ગ્રહતું નથી...' આહાહા..! આ તો છેલ્લી ગાથાઓ છે ને? મુનિપણાની. આહાર પણ આત્માને અડતો નથી. મુનિ એને કહીએ કે પોતાના આનંદમાં રહે. એ આહાર ગ્રહણ કરે નહિ. આહાર આવે છે, જાય છે તેને જાણનાર રહેનાર છે. આહાહા..!

આહાર અને પાણી આવે છે, મુખમાં પડે છે તો જાણે છે કે એ તો જડની ક્રિયા જડને કારણે થઈ છે, મારે કારણે આહારનો કોળિયો હું લઉં છું, કોળિયાને હું પેટમાં ઉતારું છું એમ મુનિ માનતા નથી. આહાહા..! કહો, 'યશપાલજી'! વાત બહુ આકરી. ચોખ્ખું કહે કે, આ ઉપાડ્યું. ના. આ આંગળી એને અડી જ નથી ને. સ્પર્શી જ નથી તો ઉપાડ્યું ક્યાંથી? તેં આંગળીથી, હાથથી જોયું. હાથથી જોયું કે આ ઉપાડ્યું. પણ એ સમયની પર્યાયનો સ્વભાવ

એ રૂપે થવાનો હતો તેને ન જોયો. આહાહા..! જે પદાર્થ જોવો જોઈએ તેને ન જોયો અને સંયોગ જોઈને સંયોગથી આ થયું (એમ જોયું). આહાહા..! મોટું મિથ્યાત્વ છે.

'ગ્રહતું નથી તથા છોડતું નથી,...' આહાહા..! થુંક કાઢીને, બળખો કાઢીને આત્મા બળખો કાઢે એમ કદી નહિ. આહાહા..! અને જંગલ જાવું, એ જંગલ જવાનું આત્મા કરતો નથી. ઓહોહો..! દિશાએ જાવું, જંગલ જાવું એ જડની ક્રિયા છે. આત્મા તો એને અડ્યો પણ નથી. આહાહા..! આકરી વાત છે, પ્રભુ! મારગડા જુદા, નાથ! સમજાય છે કાંઈ? જંગલ–દિશાને આત્મા અડતો નથી, પેશાબને આત્મા અડતો નથી, પોતાની ઇન્દ્રિયને આત્મા અડતો નથી. આહાહા..!

પ્રત્યેક દ્રવ્ય સમયે સમયે પોતાની જે પર્યાય થવાની છે તે થાય છે, આઘીપાછી નહિ, ક્રમબદ્ધ થાય છે. આહાહા..! તેમાં કોઈથી થાય એ તો નથી પણ પોતામાં પણ આગળપાછળ નહિ. આહાહા..! જે કોળિયો આવવાનો છે તે આવશે. પહેલો આ કોળિયો આવશે એ પછી આવશે એમ કંઈ નથી. દરેક દ્રવ્યમાં પર્યાય આગળપાછળ કરવાની તાકાત નથી અને થવાની તાકાત પણ એની નથી. આહાહા..! આવો માર્ગ પ્રભુનો છે. અહીં તો કહે, દયા પાળો ને વ્રત કરો ને આ કરો, આ ગ્રહણ કરો ને આ છોડો ને આ લ્યો ને.... અરે..! પ્રભુ! મારગડા નાથ બહુ જુદા છે ભાઈ! આહાહા..!

અહીં તો કહ્યું કે, આત્મા.. જ્ઞાન એટલે આત્મા 'પરદ્રવ્યને કાંઈ પણ (જરા પણ) ગ્રહતું નથી...' આહાહા..! આત્માએ કદી કર્મને ગ્રહણ કર્યા નથી અને આત્મા કદી કર્મ છોડતો નથી. શાસ્ત્રમાં એમ આવે કે, ચાર ઘાતિકર્મનો નાશ કરીને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. એ નિમિત્તનું કથન છે. કર્મનો નાશ આત્મા કરી શકતો નથી. કેમકે કર્મ જડ પરમાણુ ભિન્ન ચીજ છે. તેનો ઘાત થવો, છૂટા પડવું તેની પર્યાયની યોગ્યતાથી છૂટા થાય છે. આહાહા..! આત્માએ વીતરાગભાવ પ્રગટ કર્યો તેથી કર્મની પર્યાય છૂટી ગઈ એમ છે નહિ. એ કર્મની પર્યાયનો અકર્મ પર્યાય થવાનો તેનો કાળ હતો. આહાહા..! 'શાંતિભાઈ'!

મુમુક્ષુ :– બધું સ્વયં પરિણમે છે?

ઉત્તર :– સ્વયં. સમયે સમયે દરેક પરપદાર્થની પર્યાય પોતાથી (થાય છે) અને તે સમયે, થવાવાળા સમયમાં (થાય છે). પરથી તો નહિ, નિશ્ચયથી તો.. જરી ઝીણી વાત છે, એ પર્યાય જે થાય છે તે નિશ્ચયથી તો તેના દ્રવ્ય-ગુણથી પણ થતી નથી. ઝીણી વાત છે, પ્રભુ! મારગડા જુદા છે, પ્રભુ! આહાહા..! એ પર્યાય એ સમયની સ્વતંત્ર છે. એક સમયની પર્યાયમાં ષટ્કારક – કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એક સમયમાં પર્યાયમાં ષટ્કારક દ્રવ્ય-ગુણની અપેક્ષા વિના અને નિમિત્તની અપેક્ષા તો છે જ નહિ. આહાહા..!

દરેક દ્રવ્યની એક સમયની પર્યાય ષટ્કારકથી પોતાથી થાય છે. આહાહા..! એક પરમાણુને ગ્રહવો કે છોડવો એ આત્મામાં નથી. આહાહા..! કેમ? એમ કેમ થયું? કે,

'પ્રાયોગિક...' આત્મામાં વિકાર થાય છે તો વિકારથી તો પરને અડે કે નહિ? રાગ આવ્યો. રાગથી આહારને લઈ શકે કે નહિ? રાગથી લઈ શકે કે નહિ? નહિ. પ્રાયોગિક એટલે રાગ. રાગ, દ્વેષ, પુણ્ય, પાપ ભાવ એ પ્રાયોગિક છે. પ્રાયોગિક નામ કર્મના નિમિત્ત (પણ) પોતાથી થયા છે, તે પ્રાયોગિક. એ પ્રાયોગિક વિકારથી પણ પરદ્રવ્યને અડતો નથી. આહાહા..! ગજબ વાત!

અહીં તો ઘણા કાળથી, ઘણા વખતથી કહેતા આવીએ છીએ પણ વાત નવી લાગે. આહાહા..! કહે છે, એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી ગ્રહણ કરતું નથી. આત્મા આહારને ગ્રહણ કરતો નથી. એ માટે આ લેવું છે. મુનિ એને કહીએ કે, આહાર લેતા નથી. આહાર આવે છે તેને જાણે. આહાર આવે છે તેને જાણે. જાણે તે પણ આહારને કારણે નહિ. એ જાણે એ પણ પોતાની જ્ઞાનની પર્યાયના સામર્થ્યથી જાણે. આવવાવાળો આહાર આવ્યો તો તેને કારણે અહીંયા જ્ઞાન થયું એમ પણ નથી. આહાહા..! પાગલ કહે એવું જ છે. દુનિયા પાગલ (છે). દુનિયા પાગલ, પાગલ કહે. આને અડતો નથી? કોઈને અડતો નથી? આ પગ જે નીચે ચાલે છે તે જમીનને અડ્યા વિના પગ ચાલે છે. આહાહા..! ગજબ વાત.

મુમુક્ષુ :– માણસનો પગ એને અડ્યા વિના ચાલે છે?

ઉત્તર :– અડ્યા વિના ચાલે છે. માણસનો આત્મા એ પગને અડતો નથી, પગ જમીનને અડતો નથી, જમીન પગને અડતી નથી. સાંભળો પ્રભુ! આવી વાત છે. 'ડાહ્યાભાઈ'! આહાહા..! દુનિયાથી જુદી જાત છે, બાપા! આહાહા..!

આ શરીર બેઠું છે એ પાટને કારણે બેઠું નથી. પાટ ઉપર આ શરીર બેઠું જ નથી. શરીર શરીરમાં બેઠું છે. કેમકે દરેક દ્રવ્યમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ દરેક સમયની પર્યાયમાં ષટ્કારક એક સમયમાં હોય છે, તો દરેક દ્રવ્યની તે સમયની પર્યાય પોતાના કર્તાપણાથી, પોતાના આધારથી પોતાના સાધનથી થાય છે. આહાહા..! ગજબ વાત છે. ગાંડા પાગલ જ કહે ને? પ્રભુ! માર્ગ તો આવો છે, પ્રભુ! વીતરાગ ત્રણલોકના નાથ સર્વજ્ઞ પ્રભુ એમ ફરમાવે છે એ આ વાત છે. આહાહા..!

આત્મા કિંચિત્ પણ પરદ્રવ્યને ગ્રહતો નથી, છોડતો નથી, કેમ? કે, 'પ્રાયોગિક (અર્થાત્ પર નિમિત્તથી થયેલા) ગુણના સામર્થ્યથી...' એટલે રાગ. રાગથી, દ્વેષથી. દ્વેષ થયો, તો દ્વેષથી ચાકુ ઉપાડીને મારવું એ કરી શકતો નથી. દ્વેષ થયો તે પ્રાયોગિક–વિકાર છે. તો દ્વેષથી બીજાને ચાકુ મારી શકે, ચાકુને અડી શકે એમ નથી. અને રાગથી પોતાના પુત્રને ચુંબે છે એ ખોટી વાત છે. રાગથી પણ પરને ચુંબન કરી શકતો નથી. આહાહા..! આવી વાત સાંભળતા... વીતરાગનો માર્ગ આવો છે, પ્રભુ! વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર એમ ફરમાવે છે એ વાત છે. જરી શાંતિથી, ધીરજથી સમજવું જોઈએ.

અહીંયા તો વિશેષ શું લીધું છે? કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને ગ્રહણ-ત્યાગ કરી શકતું

નથી પણ વિકારભાવ કરે છે તો તેનાથી તો અડી શકે કે નહિ? આત્મામાં પરને મારવાનો ભાવ થયો તે પ્રાયોગિક-વિકાર છે. મારવાનો ભાવ થયો તે પ્રાયોગિક છે. તો મારી શકે કે નહિ? નહિ. અને પરની દયા પાળવાનો પ્રાયોગિક ભાવ થયો. પ્રાયોગિક એટલે રાગ, વિકાર. પ્રાયોગિક એટલે નિમિત્તના લક્ષે થયેલો વિકાર પોતાથી થયો છે. એ દયા પાળવાનો રાગ આવ્યો તો પરની દયા પાળી શકે છે એમ ત્રણકાળમાં નથી. આહાહા..!

જુઓ! બે શબ્દમાં શું આવ્યું છે? પ્રાયોગિક 'તેમ જ વૈસ્રસિક...' છે? 'પ્રાયોગિક ગુણના સામર્થ્યથી...' એટલે વિકાર. ચાહે તો જીવ ગમે તેટલા વિકાર કરે એ કર્મથી નહિ, દ્રવ્ય-ગુણથી નહિ, પરથી નહિ. એવો વિકાર કરીને પરનું કાંઈ કરી શકે એમ કિંચિત્ નથી. આહાહા..! પ્રભુનો માર્ગ આવો છે, ભાઈ! આહાહા..! પ્રાયોગિક એટલે વિકાર કરવાથી. આહાહા..! પુરુષને પુરુષવેદનો ઉદય આવ્યો, વિકાર થયો તો શરીર, ઇન્દ્રિયનું કામ કરી શકે છે, અડે છે, સ્પર્શે છે એમ નથી. આહાહા..! છે?

'કારણ કે પ્રાયોગિક ગુણના સામર્થ્યથી...' એટલે વિકારના સામર્થ્યથી પણ પરને અડતો નથી. વિકારના સામર્થ્યથી પણ પરને ગ્રહણ કરે અને છોડે એમ છે નહિ. આહાહા..! નવા માણસને બહુ આકરું લાગે. તદ્દન સાંભળ્યું ન હોય. આ શું કહે છે? આવી ગાંડી વાત! બાપુ! પ્રભુ! મારગડા એવા છે. કેમ? કે, પ્રભુ અનંત દ્રવ્ય કહે છે. તો અનંત દ્રવ્ય ક્યારે રહે? કે પ્રત્યેક સમયે દરેક પદાર્થની, એક સમયે અનંત પદાર્થ પોતપોતાની પર્યાય કરે છે. આહાહા..! પોતાની પર્યાય કરે એમાં બીજો તેની પર્યાયને ક્યાં કરવા જાય? અને બીજું દ્રવ્ય પણ પર્યાય વિનાનું ક્યાં છે કે બીજાની પર્યાયને કરે? બીજો પદાર્થ પર્યાય વિનાનો નથી કે એનું કાર્ય કરે. (કાર્ય કરે) એમ કેમ બને? સમજાય છે કાંઈ? આહાહા..!

પરદ્રવ્ય જો નકામું હોય, નકામું એટલે પર્યાય વિનાનું હોય તો બીજું દ્રવ્ય તેની પર્યાય કરે. પણ પરદ્રવ્ય નકામું નથી અને સ્વદ્રવ્ય પણ નકામું નથી. તો સ્વ પણ પર્યાયવાળું છે અને પર પણ પર્યાયવાળું છે. સમયે સમયે બન્ને પર્યાયવાળા દ્રવ્ય છે અને તે એક પર્યાય બીજી પર્યાયને અડતી નથી. આહાહા..! વીતરાગ સિવાય આ વાત ત્રણ કાળમાં ક્યાંય નથી. અને તે પણ દિગંબર સંત સિવાય આ વાત ક્યાંય નથી. આહાહા..! કોણે સાંભળી હતી કોઈ દિ'? આહાહા..! દિગંબર સંતો કેવળજ્ઞાનીના કેડાયતો, કેવળજ્ઞાનીના કેડાયત અને અલ્પકાળમાં કેવળજ્ઞાનને લેનારા છે. આહાહા..!

પ્રાયોગિક 'તેમ જ વૈસ્રસિક (અર્થાત્ સ્વાભાવિક)...' વિકાર વિનાની પર્યાય. વિકાર વિનાની પર્યાય પણ પરને સ્પર્શતી નથી અને વિકારી પર્યાય પણ પરને સ્પર્શતી નથી. પ્રાયોગિક એટલે વિકારી પર્યાય. વૈસ્રસિક એટલે સ્વાભાવિક નિર્મળ પર્યાય. ચાહે તો વિકારી પર્યાય હો, ચાહે તો સ્વાભાવિક શુદ્ધ પર્યાય હો, શુદ્ધ કેવળજ્ઞાનની અનંત સામર્થ્યવાળી પર્યાય હો તે પરને અડે અને પરના કામ કરે, ભગવાન બીજાને ઉપકાર કરે એમ ત્રણકાળમાં

બને નહિ. આહાહા..! ગાથા એવી આવી. વળી પ્રાયોગિક અને વૈસ્રસિક. આહાહા..! સમજાય છે આમાં?

એમ કે, મેં રાગ કર્યો તો રાગથી તો આ શરીર હલી શકે કે નહિ? રાગ કર્યો તો શરીરના કામ થઈ શકે કે નહિ? આહાહા..! મને હાસ્ય કરવાનો ભાવ આવ્યો તો મોઢું, દાંત આદિ હલે, શરીર દાંત કાઢે કે નહિ? આ શરીર. ના, ના. રાગ વિકાર હાસ્ય ભાવ તારામાં થયો, શરીરની ક્રિયા શરીરમાં થઈ છે. આહાહા..! ગજબ વાત છે. વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ સિવાય ક્યાંય છે નહિ. લોકોને બેસે, ન બેસે સત્ય તો આ છે. આહાહા..! ત્રણલોકના નાથના ભરતક્ષેત્રમાં વિરહ પડ્યા પણ પ્રભુની વાણી રહી ગઈ, આહાહા..! વાણીએ વિરહ ભૂલાવ્યા. એ પોતાની યોગ્યતાથી ભૂલાવ્યા. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

આ વાણી નીકળે છે તો વાણી કાનને અડે છે (એમ નથી). આહાહા..! અને વાણીથી અંદર જ્ઞાન થાય છે (એમ નથી). કાનને તો અડતી નથી પણ અંદર જ્ઞાન થાય છે તે પણ પોતાથી છે, વાણીથી નહિ. આહાહા..! ગજબ વાત છે. આખી દુનિયાને વહેંચી નાખી છે, વહેંચણી કરી નાખી, ભાગ પાડી દીધા. આહાહા..! ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ જિનેશ્વર પરમાત્મા પરમેશ્વર ત્રિલોકીનાથના જ્ઞાનમાં આ આવ્યું એવું વાણીમાં આવી ગયું. વાણી પણ તેમણે કરી નથી. આહાહા..! વાણી દિવ્યધ્વનિના કર્તા પણ ભગવાન નહિ. દિવ્યધ્વનિ પરદ્રવ્ય છે, આત્મા પરદ્રવ્ય છે. આહાહા..! તો આત્મા દિવ્યધ્વનિને અડતો નથી. આહાહા..! અને સાંભળનારને દિવ્યધ્વનિ અડતી નથી. પ્રભુ.. પ્રભુ.. પ્રભુ.. પ્રભુ તારા મારગડા.. વીતરાગ.. વીતરાગ.. વીતરાગ.. એકલો વીતરાગભાવ વર્ણિત છે. સમ્યગ્દર્શન વીતરાગભાવ, સમ્યક્ ચારિત્ર વીતરાગભાવ, કેવળજ્ઞાન વીતરાગભાવ બધા વીતરાગ ભાવ છે. આહાહા..!

કહે છે કે, પ્રાયોગિક તેમ જ વૈસ્રસિક એટલે સ્વાભાવિક. જ્ઞાન ને દર્શન ને આનંદની અવસ્થા પોતામાં થઈ, પોતામાં નિર્મળ જ્ઞાન પોતાથી થયું તો નિર્મળ જ્ઞાનની પર્યાય દ્વારા તો પરને કંઈક અસર કરી શકે કે નહિ? આહાહા..! 'ડાહ્યાભાઈ'! આ આમ વાંચ્યું હતું કે નહિ? આ પ્રમાણે છે.

ત્રીજી ગાથામાં વિસ્તાર આવી ગયો હતો. ત્રીજી ગાથામાં-એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી ચુંબે નહિ, ત્રીજી ગાથામાં આવી ગયું. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી ચુંબે નહિ, અડે નહિ, સ્પર્શે નહિ. દરેક દ્રવ્ય પોતાના ગુણ અને પર્યાયને સ્પર્શે છે પણ પોતાની પર્યાય સિવાય પરદ્રવ્યની પર્યાયને કદી અડ્યું નથી, અડશે નહિ અને અડતું નથી. આહાહા..! એ ત્રીજી ગાથામાં આવી ગયું છે. એ વાત અહીંયા વિસ્તારથી કહે છે.

અહીં શું કહેવું છે? કે, મુનિ આહાર તો લે છે ને? કપડા-બપડા બીજી ચીજ છોડી દીધી, નગ્ન થયા પણ આહાર તો લઈ શકે કે નહિ? આહાર આવવો હોય તે આવે છે પણ લઈ શકે અને દઈ શકતો નથી. આહાહા..! ગજબ વાત છે, પ્રભુ! અંતરમાં એ વાત

બેસવી... આહાહા..!

એક એક પરમાણુ પોતાથી ગતિ કરે છે અને પોતાથી સ્થિર રહે છે. આહાહા..! આ લાકડી છે એ એને કારણે રહી છે અને તેને આમ ધક્કો લાગ્યો તો ચાલે છે એમ નહિ. ધક્કો લાગ્યો અને ચાલે એમ પણ નથી. આહાહા..! એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી. આહાહા..! એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી સ્પર્શ કરતું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં કદી પ્રવેશ કરતું નથી. આહાહા..! આ માર્ગ પ્રભુનો છે, ભાઈ!

ત્રણલોકના નાથ એમ કહે છે કે, મારી ભક્તિથી તારું કલ્યાણ થશે એમ નથી. કેમકે હું પરદ્રવ્ય છું, તું પરદ્રવ્ય છો. આહાહા..! 'परदव्वादो दुग्गई' 'મોક્ષ પાહુડ' માં ૧૬ મી ગાથામાં આવ્યું છે. 'परदव्वादो दुग्गई' હું તારાથી પરદ્રવ્ય છું. મારું સ્મરણ કરવાથી તારી દુર્ગતિ થશે. દુર્ગતિ નામ રાગ થશે. ચૈતન્યની ગતિ નહિ થાય. આહાહા..! સમજાય છે કાંઈ? પ્રભુ 'અષ્ટ પાહુડ' માં એમ કહે છે, 'परदव्वादो दुग्गई'. આહાહા..! અમે તારાથી પરદ્રવ્ય છીએ. તારું લક્ષ જો અમારી ઉપર જશે તો તને રાગ થશે, ચૈતન્યની હાનિ થશે. આહાહા..! મારાથી એ રાગ નહિ થાય, રાગથી તને રાગ થયો અને તારા રાગને કારણે તને ગુણની હાનિ થઈ. આહાહા..! એ રાગ પ્રાયોગિક છે. એ પ્રાયોગિકથી પરમાં કાંઈ કરી શકે નહિ, પોતામાં નુકસાન થાય છે. આહાહા..! આ એક લીટીમાં આટલું ભર્યું છે!

'ગુણના સામર્થ્યથી...' એટલે વિકારથી. 'તેમ જ વૈસ્રસિક...' વિકાર વિના. વિકાર વિનાની નિર્મળ ગુણની પર્યાયથી, ગુણ એટલે પર્યાય લેવી, ગુણ શબ્દે અહીંયા ગુણ ન લેવો. એમ લીધું ને? 'કારણ કે પ્રાયોગિક ગુણના સામર્થ્યથી...' ગુણ શબ્દે પર્યાય છે. આહાહા..! ગુણ તો ત્રિકાળી છે તેમાં હલનચલન કાંઈ નથી. ગુણ તો ધ્રુવ છે એ તો પલટતો નથી, બદલતો નથી, બહાર આવતો નથી. આહાહા..! પર્યાય જે થાય છે તેને અહીંયા ગુણ કહે છે. વિકારી પર્યાય ગમે તેટલા મિથ્યાત્વ ચડાવો, ગમે તેટલા રાગ ને દ્વેષ કરો પણ શરીરની ક્રિયા તું કરી શકે એમ નથી. ગમે તેટલા દ્વેષ કરો પણ હથિયાર ઉપાડી શકે છે એમ છે નહિ. આહાહા..! કહો, 'હિંમતભાઈ'! આ તો ભારે! આ તો જગતથી આખી જુદી જાત છે. દુનિયાની સાથે ક્યાંય (મેળ ખાય તેમ નથી). પ્રભુ! મારગડા એવા છે.

દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. કોઈની કોઈ પર્યાય કરવાને લાયક નથી. કોઈની પર્યાયને કોઈ પર્યાય વિઘ્ન કરે કે મદદ કરે એ વાત ત્રણકાળમાં નથી. આહાહા..! આ સિદ્ધાંત રાખીને પછી બીજી વાત આવે. આહાહા..! ભગવાનની વાણી સાંભળીને જ્ઞાન થયું એ બધા કથન નિમિત્તના છે. વાણી પર જડ છે અને જ્ઞાનની પર્યાય પર (જુદી) છે. વાણીથી આ પર્યાય થાય છે એમ ત્રણકાળમાં બનતું નથી. આહાહા..! ગણધરે ભગવાનની વાણી સાંભળીને ચૌદ પૂર્વની રચના કરી, કહે છે કે એ સાંભળીને નહિ, પોતાની પર્યાયની યોગ્યતાથી થયું છે. આહાહા..! અરે..! અહીં સુધી જાવું..! અહીં તો કહે, ગુરુની કૃપાથી થઈ જશે માટે કરો

ગુરુની ભક્તિ. અહીં તો કહે છે, ગુરુ પરદ્રવ્ય છે, તેની ભક્તિ કરવાથી રાગ થશે. આહાહા..! અહીં કાંઈ માખણ નથી કે ભાઈ! અમારાથી તારું કલ્યાણ થશે. તારું કલ્યાણ તારાથી થશે. આહાહા..!

અહીંયા એ કહ્યું કે, સ્વાભાવિક પર્યાય... છે ને? વૈસ્રસિક ગુણ એટલે પર્યાય. વૈસ્રસિક પર્યાયના 'સામર્થ્યથી...' અંદર ઘણું નિર્મળ બળ પ્રગટ્યું તો એ કારણે હાથ ઊંચો કરી શકે કે પરદ્રવ્યની પર્યાય કરી શકે એમ છે નહિ. અનંત બળ અંદર આત્મામાં પ્રગટ થયું એ બળ પોતામાં કામ કરે છે. એ બળથી શરીરમાં કંઈ કામ કરે (એમ નથી). આહાહા..! આ પૈસાથી શાક આવતું નથી, એમ કહે છે. પૈસા જુદી ચીજ છે, શાક જુદી ચીજ છે. આરે..! આવી વાતું!

અહીં તો મુનિનું બતાવવું છે કે, મુનિને આહાર સિવાય તો બીજું કાંઈ છે નહિ. વસ્ત્રનો ટુકડો પણ મુનિને હોતો નથી. વસ્ત્રનો ટુકડો રાખીને મુનિ માને, મનાવે તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! એક આહાર છે તો કહે છે કે, આહાર આવે છે એ તારા કારણે નહિ. તેની પર્યાયથી યોગ્યતાથી આવે છે.

મુમુક્ષુ :- આહાર તો જગતનો સ્વતંત્ર પદાર્થ છે ને?

ઉત્તર :- હા, સ્વતંત્ર એની મેળાએ આવે છે. તેને કારણે આહાર આવે છે. આહાહા..! અને એ આહાર દાંતને અડે છે એમ પણ નહિ. આહારને દાંત અને જીભ અડે છે એમ નથી. વિકાર હો કે નિર્મળ પર્યાય પરનું કિંચિત્‌માત્ર પણ કરી શકે (નહિ), ગ્રહણ-ત્યાગ કરી શકે નહિ. ગ્રહણ-ત્યાગ. લેવું અને છોડવું કાંઈ કરી શકતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- ગુરુના પગ તો શિષ્ય દાબે ને?

ઉત્તર :- એ વાત ખોટી, જૂઠી છે. પગ જ નથી ને! પગ જડના છે.

મુમુક્ષુ :- પરસ્પર ઉપગ્રહો.. 'ઉમાસ્વામી'માં આવે છે.

ઉત્તર :- એ નિમિત્તથી કથન છે. લોકો ઇ પકડે છે. એ તો નિમિત્તના કથન છે. જ્યાં-ત્યાં એ નાખે છે, પરસ્પર ઉપગ્રહો જીવાનામ્. એટલે (લોકો) રાજી થાય. અહીં ના પાડે છે. અહીં જ નહિ પણ ત્રીજી ગાથામાં પણ ના પાડે છે. આહાહા..!

ત્રીજી ગાથામાં તો ચોખ્ખું લીધું છે, એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી ચુંબતું નથી. ત્રીજી ગાથામાં. પોતાનો જે ધર્મ છે, ધર્મ નામ સ્વભાવ, અને પર્યાય પોતાના સ્વભાવ અને પર્યાયને દ્રવ્ય અડે છે પણ એક દ્રવ્ય (બીજાને) પરને તો અડતું નથી. આહાહા..! ગજબ વાત છે. એકબીજા ઉપકાર કરે, માંગલિક થાય ને મોટા અગ્રેસર થાય, આ દયાના મંડળના અગ્રેસર છે, આ ફલાણાના અગ્રેસર છે. વ્યવસ્થાપક, વ્યવસ્થાપક વ્યવસ્થા કરે. તો અહીં કહે છે, વ્યવસ્થા થાય છે તેને વ્યવસ્થાપક કરે (એમ જે માને તે) મિથ્યાત્વ છે. વ્યવસ્થા તો છે. આહાહા..! ભારે આકરું કામ.

દરેક દ્રવ્ય વ્યવસ્થા નામ પોતાની અવસ્થા. વ્યવસ્થા–વિશેષ અવસ્થા. દરેક પદાર્થ છે એ સામાન્ય છે, એ વિશેષ વિના હોતું નથી. એ સામાન્યનું વિશેષ બીજો કરે એમ બનતું નથી. સામાન્યવિશેષો દ્રવ્યમ્. 'તત્ત્વાર્થ સૂત્ર'. સામાન્ય અને વિશેષ સ્વરૂપ દ્રવ્ય છે. સામાન્ય ત્રિકાળ ધ્રુવ, વિશેષ ઉત્પાદ-વ્યય. એ ઉત્પાદ-વ્યય વિનાનું સામાન્ય હોતું નથી. પોતાની પર્યાય વિશેષ વિના દ્રવ્ય હોતું નથી તો પર્યાયને બીજો કરે શું? અને બીજો પણ પોતાની પર્યાય કરે છે ત્યાં બીજાની પર્યાયને કરે શું? આહાહા..! આવું છે. વીતરાગનો માર્ગ અત્યારે તો ગડબડે ચડાવી દીધો છે. અજૈનને જૈન કરાવી નાખ્યા છે, અજૈનપણું કરી નાખ્યું છે. આહાહા..!

'ગુણના સામર્થ્યથી જ્ઞાન વડે...' એટલે આત્મા દ્વારા 'પરદ્રવ્યનું ગ્રહવું તથા છોડવું અશક્ય છે.' આત્મામાં વિકાર કરો કે અવિકારી દશા રાખો પણ પરનું ગ્રહણ-ત્યાગ તો અશક્ય છે. આહાહા..! આ તો સૂત્ર છે, સિદ્ધાંત છે, ચાવી છે. આ તો આખા દ્રવ્યની ચાવી છે. આહાહા..! અન્યોઅન્ય ઉપાદાનો.. બધા મુકે છે ને? એનો અર્થ 'સર્વાર્થસિદ્ધ' માં કર્યો છે. 'સર્વાર્થસિદ્ધિ વચનિકા' છે તેમાં અર્થ કર્યો છે. આનું શું છે? કે, ત્યાં નિમિત્તનો ઉપચાર કર્યો છે. ત્યાં નિમિત્ત છે એટલું. (તેનાથી) કાંઈ થતું નથી. ફક્ત નિમિત્ત છે તેને અહીં ઉપચાર તરીકે કહેવામાં આવ્યું છે. 'સર્વાર્થસિદ્ધિ વચનિકા' માં અર્થ છે. આહાહા..!

અહીં કહે છે કે, 'પરદ્રવ્યનું ગ્રહવું તથા છોડવું અશક્ય છે. વળી (કર્મ-નોકર્માદિરૂપ)...' નોકર્મ શરીર આદિ. 'પરદ્રવ્ય જ્ઞાનનો–અમૂર્તિક આત્મદ્રવ્યનો–આહાર નથી,...' આહાહા..! કર્મ અને આહાર આત્માનો આહાર નથી. આહાહા..! આત્મા કર્મને ગ્રહણ કરે અને કર્મને છોડે એમ નથી. આત્મા આહારને ગ્રહણ કરે અને દિશા છોડે એમ છે નહિ. આહાહા..! ગજબ વાત છે.

મુમુક્ષુ :– અનઆહારક દશા તો ચૌદમા ગુણસ્થાનમાં થાય છે.

ઉત્તર :– અરે..! ન લેવાનો પ્રશ્ન ક્યાં છે? અહીં તો વિકલ્પ હોય તોપણ આહાર લઈ શકતો નથી (એટલું સિદ્ધ કરવું છે). એ તો પ્રાયોગિક કહ્યું. રાગ હોય તોપણ લઈ શકતો નથી. આવે તેને જાણે, જાય તેને જાણે. આહાહા..! આવી વાત છે, પ્રભુ! દુનિયાને ખટક લાગે. આ તો વ્યવહાર ઊડી જાય છે, નિમિત્તથી કાંઈ થાય નહિ એ વાત ઊડી જાય છે. વાત સાચી છે. ઊડી જાય છે, છે નહિ. નિમિત્ત નિમિત્તમાં છે, ઉપાદાન ઉપાદાનમાં છે. ઉપાદાનને નિમિત્ત અડે નહિ, નિમિત્તને ઉપાદાન અડે નહિ. ઉપાદાનની પર્યાયના કાળમાં સામાન્યવિશેષરૂપ તો પોતાની અવસ્થા છે તો નિમિત્તે એની પર્યાય ક્યાં કરી? સામાન્યની પર્યાય તો સામાન્યએ કરી વિશેષ, તો બીજાએ તેમાં શું કર્યું? આહાહા..! આકરું છે, પ્રભુ! માર્ગ આકરો છે પણ પ્રભુનો માર્ગ આ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

પ્રવચન નં. ૪૫૧ ગાથા-૪૦૫ થી ૪૦૭ સોમવાર, અષાઢ વદ ૯, તા. ૪-૦૮-૧૯૮૦

નોંધ :- મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

જ્ઞાનસ્વરૂપ છે તે પોતાથી બીજી ચીજને ક્યારેય ગ્રહણ કરતું નથી અને 'છોડતું નથી,...' આહાહા..! અહીંયા તો આહાર લેવાની વાત છે. આહાર લઈ શકતો નથી અને આહાર છોડી શકતો નથી. આહાહા...! કેમકે આહાર તે પુદ્ગલ જડ પરિણામ છે, ચૈતન્ય અરૂપી ભગવાન છે. અરૂપી ચૈતન્ય રૂપી પુદ્ગલને ગ્રહણ કરે કે છોડે એમ ત્રણકાળમાં બનતું નથી.

'કારણ કે પ્રાયોગિક ગુણ...' પ્રાયોગિક એટલે વિકારી પર્યાય. પ્રાયોગિક એટલે પ્રયોગ. કર્મના નિમિત્તના પ્રયોગમાં જોડાતા વિકાર થાય તેને અહીંયા પ્રાયોગિક કહે છે. સમજાય છે કાંઈ? કાલે એ વાત થઈ હતી. પ્રાયોગિક એટલે વિકારી ભાવ. કર્મના નિમિત્તના સંબંધે, નિમિત્તથી નહિ, કર્મના નિમિત્તથી નહિ, તેના લક્ષે થતો જે પુણ્ય-પાપનો ભાવ તેને અહીંયા પ્રાયોગિક વિકારી ભાવ કહે છે.

કહે છે કે, વિકારી ભાવ હો, ગુણ એટલે પર્યાય. વિકારી પર્યાયના 'સામર્થ્યથી...' કે વૈસ્રસિક પર્યાયના સામર્થ્યથી. ગુણ એટલે પર્યાય. સ્વાભાવિક નિર્મળ પર્યાય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી પર્યાય હોય તોપણ 'ગુણના સામર્થ્યથી જ્ઞાન વડે...' આત્મા વડે 'પરદ્રવ્યનું ગ્રહવું તથા છોડવું અશક્ય છે.' આહાહા..! ચાહે તો રાગ ને વિકાર ને મિથ્યાત્વ કરે અને ચાહે તો વીતરાગી ભાવ કરે, સમકિત કરે પણ એ પર્યાયથી પરદ્રવ્યને ગ્રહણ કરે અને છોડે એમ બનતું નથી. આહાહા..!

ચૈતન્યસ્વરૂપ પોતામાં વિકારી કે અવિકારી પર્યાય કરી શકે છે. પોતામાં. કર્મથી નહિ. પોતામાં પોતાની પર્યાયમાં વિકાર કે અવિકાર કે ધર્મ, અધર્મ કે ધર્મ, આત્મા પોતાની પર્યાયમાં કરી શકે છે. પણ એ અધર્મ કે ધર્મની પર્યાયથી પરદ્રવ્યને ગ્રહણ કરે કે ત્યાગ કરે એ કદી કરી શકે નહિ. આહાહા..! આવી વાત છે.

એક રોટલીનું બટકું-ટુકડો આત્મા લઈ શકતો નથી. ચાહે તો સમકિતી હોય, મુનિ હોય, ચાહે તો મિથ્યાદૃષ્ટિ હોય પણ એ રોટલીના ટુકડાને લેવું કે છોડી દેવું એ કરી શકે નહિ. ઓહો..! કાલે પોણો કલાક તો ખુબ ચાલ્યું હતું. આજે તો વળી બાકી છે.

પ્રાયોગિક કે વૈસ્રસિક ગુણ એટલે પર્યાય, પોતાની પર્યાયના 'સામર્થ્યથી જ્ઞાન વડે...' આત્મા વડે 'પરદ્રવ્યનું ગ્રહવું તથા છોડવું અશક્ય છે.' આહાહા..! એક પણ પરમાણુ આત્મા ગ્રહે અને છોડે એ અશક્ય છે. આહાહા..! એ પોતામાં વિકાર, અવિકાર કરે. એ પણ

કંઈ પરને કારણે વિકાર કરે એમ નહિ. કર્મના કારણે આત્મામાં વિકાર થાય છે એમ નથી. કેમકે કર્મ પરદ્રવ્ય છે, પોતાનો આત્મા પરદ્રવ્યને કદી અડતો નથી, સ્પર્શ કરતો નથી. સ્પર્શ કર્યા વિના કર્મથી વિકાર થાય છે એ વાત તદ્દન જૂઠી છે. કર્મના નિમિત્તને વશ થઈને પોતાની પર્યાયમાં પોતાને કારણે વિકાર કરે છે. કર્મના નિમિત્તથી અહીંયા વિકાર કરવાની લાયકાત નથી. અહીં કર્મનું નિમિત્ત આવ્યું તેથી વિકાર કરે છે એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :– આમાં તો લખ્યું છે, પરના નિમિત્તથી.

ઉત્તર :– નિમિત્ત એટલે છે. પરનું નિમિત્ત છે. એનાથી થતું નથી. નિમિત્ત બીજી ચીજ છે પણ બીજી ચીજથી બીજામાં કાંઈ થાય, આત્મામાં કાંઈ પણ થાય, એમ છે નહિ. પાઠમાં લખ્યું છે ને? નિમિત્તથી. 'પ્રાયોગિક (અર્થાત્ પર નિમિત્તથી...)' એટલે વિકારી. વિકારી પર્યાય બતાવવી છે. નિમિત્તનો અર્થ નિમિત્ત તરફના લક્ષે પોતે સ્વતંત્ર (કરે છે). વિકાર પણ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણથી ષટ્કારકથી પોતાની પર્યાયમાં થાય છે.

એ તો (સંવત) ૨૦૧૩ ની સાલમાં 'વર્ણીજી' સાથે મોટી ચર્ચા થઈ હતી. કીધું, આત્મા પરને કાંઈ પણ ગ્રહણ કરે કે ત્યાગે એ બની શકે નહિ. એમ જે સમયે જે પર્યાય થવાવાળી છે એ થશે, બીજે સમયે જે થવાવાળી છે તે થશે, ત્રીજે સમયે જે થવાવાળી છે તે થશે. તો એ કહે, નહિ. ગમે તે પર્યાય થાય. એક સમય પછી ગમે તે હો. (મેં) કહ્યું, એમ નહિ. ગમે તે નહિ. જે થવાવાળી હોય છે તે જ થાય છે. આહાહા..! મોટી ચર્ચા થઈ હતી. (સંવત) ૨૦૧૩ ની સાલ. બધાની આખા સંપ્રદાયની શ્રદ્ધા જ એવી હતી. કર્મથી વિકાર, કર્મથી વિકાર, કર્મથી વિકાર (થાય). સ્થાનકવાસીમાં પણ એ, દેરાવાસીમાં એ અને દિગંબરમાં પણ એ. નિમિત્તથી કહ્યું એનો અર્થ–નિમિત્તને વશ થઈને. નિમિત્તથી નહિ, નિમિત્તને વશ થઈને વિકાર થાય છે. તેને અહીંયા પ્રાયોગિક કહે છે. આહાહા..! કર્મથી નહિ. આહાહા..!

'(અર્થાત્ સ્વાભાવિક) ગુણના સામર્થ્યથી...' પોતાની નિર્મળ પર્યાય, સમકિતદર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ વીર્ય. પોતાનો ગમે તેટલો પુરુષાર્થ પર્યાયમાં પ્રગટ કરે એ સ્વતંત્ર છે. કેમકે એક પર્યાયમાં ષટ્કારકનું પરિણમન બધા દ્રવ્યનું એક સમયમાં છ કારકનું પરિણમન સદા થાય છે. કર્તા, પર્યાય કર્તા, પર્યાય કાર્ય, પર્યાય સાધન, પર્યાય પોતામાં રાખવી, પર્યાયથી પર્યાય થઈ, પર્યાયના આધારે પર્યાય થઈ. આહાહા..! આ ષટ્કારક. એ ષટ્કારક દ્રવ્ય-ગુણની અપેક્ષા રાખતા નથી, પોતાના દ્રવ્ય-ગુણની અપેક્ષા રાખતા નથી તો પરની અપેક્ષા તો છે જ નહિ. આહાહા..! બેસવું આકરું પડે. મોટા પંડિતો ગોથા ખાય છે. કર્મને લઈને વિકાર, કર્મને લઈને વિકાર (થાય) પણ કર્મને અડતો નથી ને વિકાર ક્યાંથી આવ્યો? એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી ને. આહાહા..!

પોતાની પર્યાયનો કાળ છે એ પોતાથી વિકાર કે અવિકાર થાય છે. તેનું ગ્રહણ-ત્યાગ થાય છે. વિકારને ગ્રહણ કરવું કે વિકારને ત્યાગવો (છે) પણ પરવસ્તુના ગ્રહણ ને ત્યાગ

(આત્મા કરે) એમ છે નહિ. આહાહા..! આ સૂત્ર બેસવું કઠણ છે.

આ ચશ્માને આ આંગળી અડતી નથી. ચશ્માને આંગળી અડતી નથી અને ચશ્મા નાકના અવલંબને રહ્યા નથી. ચશ્મા નાકના અવલંબને રહ્યા નથી. એ પરમાણુમાં આધાર નામનો ગુણ છે તેના આધારે રહ્યા છે. આહાહા..! ગજબ વાત!

મુમુક્ષુ :– ચશ્માથી તો વંચાય છે.

ઉત્તર :– બિલકુલ વાત ખોટી છે. જે કંઈ પર્યાય થાય છે એ ષટ્કારકથી પોતાથી થાય છે. પરને કારણે બિલકુલ થતી નથી. મોટી ગડબડ છે. આહાહા..! કોઈપણ દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની છે તે પરની અપેક્ષા રાખતી નથી. પોતાથી ષટ્કારક રૂપે પરિણમન કરે છે. આહાહા..!

આ આંખ પુસ્કતને અડતી નથી. આંખને આ પુસ્તક અડતું નથી, પુસ્તક આંખને અડતું નથી અને પુસ્તકથી જ્ઞાનપર્યાય થતી નથી. આહાહા..! પોતાની જ્ઞાનપર્યાય પોતાના કાળે, પોતાને કારણે ષટ્કારકથી ઉત્પન્ન થાય છે, આ પુસ્તકથી નહિ, સાંભળવાથી નહિ. આહાહા..!

આ શબ્દ કાને પડે છે તો કાનને પણ શબ્દ અડતા નથી. શબ્દ કાનમાં પડ્યા અને એનાથી જ્ઞાન થયું એ પણ નહિ. એ તો એ સમયે પોતાની પર્યાય થવાવાળી હતી તે પર્યાય થઈ, પરથી થઈ નથી. આકરી વાત છે, ભાઈ! વીતરાગ માર્ગ બહુ ઝીણો છે. આહાહા..! સમય સમયની દરેક દ્રવ્યની પર્યાય પોતે કર્તા એટલે સ્વતંત્રપણે થઈને પોતાનું કર્મ એટલે કાર્ય કરે છે. આહાહા..! કહો, 'ડાહ્યાભાઈ'! શું આ વકીલ થઈને દલીલ આપીને? દલીલ. કોર્ટમાં જજ દલીલ આપી શકે કે નહિ? એ જજ હતા. આ 'રામજીભાઈ' વકીલ હતા.

મુમુક્ષુ :– જજ અમારું માનતા હતા.

ઉત્તર :– માનતા હતા. માને, એ તો આખી દુનિયા માને છે. પણ આ ભાષા બોલાણી એ આત્માથી ભાષા નીકળે છે (એમ નથી). આત્મા નિમિત્ત છે એટલે નીકળે છે એમ પણ નથી. નિમિત્તને વશ થઈને પોતે સ્વતંત્ર ભાષાવર્ગણાની પર્યાય થવાવાળી છે તો રાગાદિના નિમિત્તને વશ થઈને કરે છે. રાગથી એ ભાષા બને છે એમ ત્રણકાળમાં નથી. આહાહા..! એ કહે છે.

પ્રાયોગિક કે વૈસ્રસિક (ગુણના સામર્થ્યથી) 'જ્ઞાન વડે...' જ્ઞાન એટલે આત્મા. 'પરદ્રવ્યનું ગ્રહવું તથા છોડવું અશક્ય છે. વળી, (કર્મ-નોકર્માદિરૂપ)...' કર્મ અને નોકર્મ એટલે શરીર, વાણી. 'પરદ્રવ્ય જ્ઞાનનો–અમૂર્તિક આત્મદ્રવ્યનો આહાર નથી,...' કર્મ ને નોકર્મનું ગ્રહણ–આહાર (નથી). 'પરદ્રવ્ય જ્ઞાનનો...' (જ્ઞાન) જે અમૂર્તિક છે... પરદ્રવ્ય કોને કહ્યું? એ કર્મ ને નોકર્મથી પરદ્રવ્ય. જ્ઞાનનો અમૂર્તિક–આત્માનો અમૂર્તિક સ્વભાવ છે. પ્રભુ તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો છે. 'અમૂર્તિક આત્મદ્રવ્યનો આહાર નથી,...' આહાહા..! સવાર-સાંજ

ખીચડી કરો, ભજીયા કરો, શિરો બનાવો, ભાખરી બનાવો, ભુકો કરીને ચૂરમું બનાવો.. આ શું આવ્યું? બિલકુલ થઈ શકે નહિ. એ તો થવાવાળી પર્યાય એનાથી થાય છે. આત્માથી એનામાં કાંઈ થાય અને આત્મા એમાં કાંઈ ફેરફાર કરી શકે એ ત્રણકાળમાં બનતું નથી. આકરી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :– અમારાથી પરનું કાંઈ થાય નહિ?

ઉત્તર :– થાય, પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર કરી શકે અને કાં વિકાર કરી શકે. એ સિવાય બીજું કાંઈ કરી શકે નહિ. કાં આત્મામાં વિકાર કરે, કાં આત્મામાં ધર્મની પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાનની કરે. એ સિવાય પરનો એક રજકણ, તણખલાના બે કટકા કરી શકે નહિ. તણખલાના બે કટકા કરી શકે નહિ. આહાહા..! પ્રભુ! મારગડા બહુ જુદા છે. આ તો જ્યાં હોય ત્યાં અભિમાન (કરે), અમે કરીએ છીએ, અમે કરીએ છીએ, અમે કરીએ છીએ. આહાહા..!

ભાષા પણ પોતાથી થાય છે, આત્માથી–પોતાથી નહિ. આત્માથી ભાષા થતી જ નથી. ભાષાને કારણે ભાષાની પર્યાય ઉત્પન્ન થઈને નીકળે છે, આત્માને કારણે નહિ. ભાષાવર્ગણામાંથી ભાષાપર્યાય થાય છે, આત્માથી નહિ. હળવે બોલો, તાણીને બોલો એ બધી વાત જૂઠી છે. હળવે બોલી શકે નહિ અને તાણીને બોલી શકે નહિ. પહેલા બોલતા, પેલો નહિ 'બુલંદશહેર'વાળો? 'કૈલાસચંદજી'! હળવે બોલો, તાણીને બોલો. કોણ બોલે? ભગવાન! બોલે ઇ બીજો. બીજો એટલે આત્મા સિવાય બીજો. આત્મા બોલે નહિ અને બોલે તેને રોકે નહિ. ભાષાની જે પર્યાય થાય છે તેને રોકી શકે નહિ. એમ ભાષાની પર્યાય થાય છે તેને બનાવી શકે નહિ. આહાહા..! વીતરાગ માર્ગ આવો સાંભળતા કઠણ પડે. આખો દિ' અભિમાન. હું કરું છું, હું કરું છું, આ મેં કર્યું, આ મેં બનાવ્યું... આહાહા..!

અહીં કહે છે કે, કર્મ અને નોકર્મ જે રૂપી–મૂર્ત છે તેને, પરદ્રવ્ય–જ્ઞાન એટલે આત્મા એ તો અમૂર્તિક છે. એ 'અમૂર્તિક આત્મદ્રવ્યનો–આહાર નથી,...' આહાહા..! ચા પી શકે નહિ. 'શાંતિભાઈ'! સવારમાં ચા વિના તો ચાલે નહિ. પહેલો ઉકાળો જોઈએ. ઉકાળો, ચા. ચાને આત્મા અડતો નથી. ચા પી શકે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– ચા પીધો નથી.

ઉત્તર :– પીધો નથી. એ પીવાનો નહોતો માટે નથી પીધો. લેવો નથી માટે નથી (પીવાણો), ચા છે માટે નથી પીવો માટે પીવાણો નહિ એમ નથી. એ પીવાની પર્યાયને અડતો જ નથી ને! પ્યાલાને અડતો નથી. પ્રભુ! પ્યાલાને હાથ અડતો નથી, પ્યાલાને જીભ અડતી નથી. આહાહા..! આવો વીતરાગનો માર્ગ છે.

મુમુક્ષુ :– આ ક્યારની વાત છે?

ઉત્તર :– આ ત્રણે કાળની વાત છે. અત્યારની છે, એમ નથી. ત્રણે કાળે આ પ્રમાણે

બને છે. આહાહા..!

મુમુક્ષુ :- ગુરુનું જ્ઞાન તો સ્પર્શે છે ને?

ઉત્તર :- એ બધી વાતું. એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પર્યાયને અડતી નથી. કેવળજ્ઞાનીની વાણી, એ વાણી કેવળજ્ઞાન કરી શકે નહિ. અને વાણી આવી તો ગણધરને વાણીથી જ્ઞાન થયું, એમ છે નહિ. વ્યવહારમાં બોલવામાં આવે, વસ્તુસ્વરૂપ એમ નથી. આહાહા..! એક અંતર્મુહૂર્તમાં ગણધરદેવ બાર અંગની રચના કરે, એ શબ્દની રચના કરી શકે નહિ.

એ તો 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર'ની ટીકામાં આવ્યું છે. આ જે શબ્દો છે તે શબ્દોથી બન્યા છે. ટીકા શબ્દથી બની છે. અમારાથી બની નથી. આહાહા..! આ ટીકા 'અમૃતચંદ્રાચાર્ય'ની (બનાવેલી છે), 'કુંદકુંદાચાર્ય' ના શ્લોક છે. તો 'કુંદકુંદાચાર્ય' કહે છે, આ શ્લોક મેં બનાવ્યા નથી. 'અમૃતચંદ્રાચાર્ય' ની ટીકા છે તો (કહે છે), હું કદી શબ્દને અડ્યો નથી. ટીકા હું ક્યાંથી બનાવું? એ શબ્દથી બની છે. આહાહા..! અને એ શબ્દ સાંભળીને મને જ્ઞાન થયું એમ મોહથી ન નાચો. એવા મોહમાં ન નાચો. પોતાના કાળે પોતાની પર્યાય નિમિત્તના અવલંબન વિના સ્વતંત્ર થવાને કાળે સ્વતંત્ર થાય છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ!

આત્મા અમૂર્તિક છે અને આત્મા રાગ કરે તો કર્મ આવે છે એ રાગને લઈને નહિ. એ પરમાણુની પર્યાય કર્મ થવાની લાયકાતથી થાય છે. રાગ થયો તો કર્મની પર્યાય થઈ, ચારિત્રમોહનીયનું બંધન થયું એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- કંઈ અપવાદ ખરો કે નહિ એમાં?

ઉત્તર :- જરીયે અપવાદ નહિ. અપવાદ એટલે નિંદા. અપવાદ એટલે દોષ. અપવાદ કહે છે ને? આહાહા..!

એક ચીજ બીજી ચીજને કદી અડે નહિ, આ શ્રદ્ધા કરવી. (કરે તો) ગર્વ ઊતરી જાય, ગર્વ. અનંત અનંત પદાર્થનો હું કર્તા છું એ ગર્વ ઊતરી જાય, ગર્વ. આહાહા..! કાલે તો ઘણું કહેવાણું છે. આ તો થોડું બાકી છે.

'કારણ કે તે મૂર્તિક પુદ્‌ગલદ્રવ્ય છે;...' કર્મ અને આહાર મૂર્તિક પુદ્‌ગલ છે. તેને આત્મા કરતો નથી. આત્મા આહાર કરતો નથી, આહારને બનાવતો નથી. ખીચડી ને ચોખા ને રોટલી બનાવે તે આત્મા નહિ. રોટલી બનાવે છે. પરમાણુ છે તેની રોટલી બનવાની પર્યાય હતી તો બને છે. આહાહા..! ગોયણું લે છે ને? રોટલી કરવા. પછી વેલણ (ફેરવે). વેલણ અડતું નથી. વેલણ લોટને અડતું નથી અને લોટની રોટલી થઈ જાય છે, તેની પર્યાયથી થાય છે. આહાહા..! ગજબ વાત છે!

પાણી અગ્નિથી ઊનું થતું નથી. પાણી ઠંડુ મૂક્યું અને હેઠે અગ્નિ છે. કેમ ઊનું થયું?

તો અગ્નિથી ઊનું થયું નથી. પોતાની સ્પર્શ પર્યાય ઠંડી હતી તે પલટીને પોતાની ઉષ્ણ (પર્યાય) થઈ છે, તે પોતાનો કાળ છે, પરથી કંઈ થતું નથી. આહાહા..! અરે..! ગજબ વાત! નાસ્તિકને આકરું લાગે. કાંઈ કરવું નહિ તો શું બેસી રહેવું? પણ માન તોપણ બેસી રહ્યો છો અને ન માન તોપણ બેસી રહ્યો છે. પરને તો કાંઈ કરી શકતો નથી. ભલે માન, એથી કરીને પરનું કરી શકે એમ ત્રણકાળમાં નથી. આહાહા..!

આ કપડા આત્મા પહેરી શકે, ઓઢી શકે (એમ નથી). આહાહા..! આવી વાત શું હશે? દરેક દ્રવ્યનું દરેક સમયનું પરિણમન સ્વતંત્ર છે. એ કર્તાનું પોતાનું કાર્ય છે. બીજો કર્તા અને પોતાનું કાર્ય, પોતે કર્તા અને બીજાનું કાર્ય એમ કદી બનતું નથી. આહાહા..! આવી વાત છે.

આત્માને આહાર નથી, એમ કહે છે. આહાહા..! (આહાર) 'મૂર્તિક પુદ્ગલદ્રવ્ય છે; (અમૂર્તિકને મૂર્તિક આહાર હોય નહિ).' આત્મા તો અરૂપી છે અને આહાર તો રૂપી મૂર્તિક છે. અમૂર્તિને મૂર્તિક આહાર હોય નહિ. અહીં આહાર કેમ લીધો છે? મુનિની વાત છે. મુનિને કપડા આદિ તો હોતું નથી. કપડા નહિ, પાત્ર નહિ, કોઈ દવાની શીશી નહિ, કોઈ ચીજ નહિ. એક આહાર છે તો કહે છે કે, તું આહારને અડતો નથી. આહાહા..!

જીવને મૂર્તિક આહાર હોતો નથી. 'તેથી જ્ઞાન આહારક નથી.' તેથી જ્ઞાન એટલે આત્મા આહારક, આહારક એટલે આહાર કરનારો. આહારક–આહાર કરનારો. આત્મા આહાર કરનારો નથી. આહાહા..! 'માટે જ્ઞાનને દેહની શંકા ન કરવી.' આત્માને દેહ છે તે શંકા ન કરવી. આહાહા..! ત્યારે દેહ છે કોનો? દેહ જડનો છે. માટી–ધૂળ છે, ધૂળ. આ શરીર ધૂળ છે, ધૂળનું શરીર છે. આહાર ધૂળ છે, પુદ્ગલ છે. આહાર પુદ્ગલ છે. આત્મા પુદ્ગલને ખાઈ શકે નહિ, પુદ્ગલને અડી શકે નહિ, પુદ્ગલને લઈ શકે નહિ.

મુમુક્ષુ :– ઘરે મહેમાન આવે તો એમ કહેવું ને કે આહારને આત્મા અડી શકતો નથી?

ઉત્તર :– કહે કોણ? કહી શકે છે કોણ? ભાષાને કાળે ભાષા નીકળે છે. કહી કોણ શકે? 'ડાહ્યાભાઈ'! આ તો જુદી જાતની વાત છે. આહાહા..! 'વાંકાનેર' ના 'ડાહ્યાભાઈ' કરીને હતા ને? મોટું નાટક હતું. 'ડાહ્યાભાઈ ધોળશા' નાટક હતું. જોયું છે. તે દિ' 'પાલેજ' દુકાન હતી ને? હું માલ લેવા 'ભરૂચ' ગયેલો. હું ને 'ફાવો' બન્ને હતા. ફાવાભાઈ ને હું બન્ને હતા. માલ લેવા ગયેલા. માલ લઈ લીધો. પછી નિવૃત્તિ (હતી). રાત્રે (સમય) ક્યાં કાઢવો? રેલ મોડી મળે. ત્યારે 'ડાહ્યાભાઈ ધોળશા' નાટક જોવા ગયેલા. તે દિ', હોં! કેટલા વર્ષ થયા? (સંવત) ૧૯૬૪ સાલ, ૧૯૬૫ સાલ. આહાહા..!

મારે બીજું કહેવું છે. એણે બધું બનાવ્યું. બહુ પૈસા. એક એક રાત્રિના દસ-દસ હજાર, આઠ-આઠ હજાર. પછી મરવાની તૈયારી થઈ. પછી એટલું બોલ્યા, 'ડાહ્યા તારું ડહાપણ

ત્યારે કહીએ કે અત્યારે શાંતિથી દેહ છોડ તો.' આ તેં નાટક બનાવ્યા... આ તો (સંવત) ૧૯૬૪ ની વાત છે, હોં! કેટલા વર્ષ થયા? ૭૩. અમે નાટક જોવા ગયેલા. 'મીરાબાઈ'નું (જોયેલું). આહાહા...! 'ડાહ્યા તારું ડહાપણ ત્યારે કહીએ...' એમ અમે કહ્યું હતું. 'અત્યારે હવે શાંતિથી, સમાધિથી, સમભાવથી દેહ છોડ તો તું ડાહ્યો, નહિતર મૂર્ખ છો.' અત્યાર સુધી આ નાટક બનાવ્યા.. એક એક રાતના તે વખતે ત્રણ-ચાર હજારની પેદાશ. તે વખતે! ૧૯૬૪ ની સાલ એટલે તે વખતના એક લાખ અને અત્યારના પચીસ લાખ, બન્ને સરખા. એ વખતે એટલી પેદાશ. મરતાં કંઈ પણ શરણ ન મળે. આહાહા..! 'વાંકાનેર' ના હતા, 'ડાહ્યાભાઈ ધોળશા'. ધૂળમાં પણ તારા કામ આવે નહિ. નાટક કર્યા હોય, ડહાપણ કર્યા હોય ને ગાયન બનાવ્યા એટલે જાણે હોંશિયાર થઈ ગયા. આહાહા..!

આત્મા હોંશિયારી કરે તો પોતાની પર્યાયમાં પરનું અભિમાન કરે પણ પરનું કરી શકે નહિ. આહાહા..! એ અહીં સિદ્ધ કર્યું છે. 'અહીં જ્ઞાન કહેવાથી આત્મા સમજવો;...' આત્મા આહાર લઈ શકતો નથી. આત્મા પાણી પી શકતો નથી. આત્મા પાણીનો કોગળો કરી શકતો નથી.

મુમુક્ષુ :- એવું હોય તો પાન ખાવ.

ઉત્તર :- પાનને પણ ક્યાં અડે છે? જડને કદી અડતો નથી. જુદી વાત છે, પ્રભુ! દુનિયાથી જુદી વાત છે. આહાહા..!

પ્રભુ તો જ્ઞાનસ્વરૂપ છે ને! એ જ્ઞાનસ્વરૂપ પ્રભુ શું કરે? પરને જાણે કે પરને ફેરવે? એ બધી મુર્ખાઈ છે. એ કરોડોપતિ ને અબજોપતિ મોટા મુરખા છે. જડનું અમે કરી શકીએ છીએ ને અમે આમ કરી શકીએ છીએ એમ માનનારા મોટા મૂરખ છે, એમ અહીં વીતરાગ કહે છે. સમજાય છે કાંઈ?

'નાઈરોબી' 'આફ્રિકા' ગયા હતા ને? હમણા 'આફ્રિકા' 'નાઈરોબી' ગયા હતા ને? ૨૬ દિવસ રહ્યા હતા. ૪૫૦ તો એક ગામમાં કરોડપતિ છે. 'નાઈરોબી' 'આફ્રિકા'. માણસો અહીંના પ્રેમી છે. સાંઈઠ ઘર છે. ૪૦૦-૫૦૦ માણસ છે. ૨૫ લાખનું મંદિર બનાવવાના. ૨૫ લાખનું મંદિર. ભગવાન પછી બે હજારે વર્ષમાં કોઈ દિ' બન્યું નથી. દિગંબર મંદિર 'નાઈરોબી'માં! સાંઈઠ લાખ ભેગા કર્યા, સાંઈઠ લાખ. પંદર લાખ તો પહેલા કર્યા પણ પછી અમે ગયા ત્યારે ૪૫ લાખ થયા.

મુમુક્ષુ :- ભેગા કરી શકાય ને?

ઉત્તર :- આ તો થયા તેની વાત છે. આમ થયું. કોઈ કરી શકતું નથી. આહાહા..! એ પૈસા લઈ શકે, દઈ શકે નહિ. કેમકે એ પરવસ્તુ છે. આત્મા અમૂર્ત પરવસ્તુ છે. એ અમૂર્ત મૂર્તને લઈ, દઈ શકે એ વાત ત્રણકાળમાં જૂઠી છે. દુનિયાથી જુદી વાત છે, ભાઈ! દુનિયા તો આખી પાગલ છે. આહાહા..! દુનિયા તો પાગલ છે. ક્ષણે ને પળે અમે કરીએ

છીએ, અમે કરીએ છીએ, અમે કરીએ છીએ. અહીં પરમાત્મા કહે છે કે, આહાર પણ ગ્રહણ કરી શકતો નથી. 'હસમુખભાઈ'! ઓહોહો..!

'અહીં જ્ઞાન કહેવાથી આત્મા સમજવો; કારણ કે, અભેદ વિવક્ષાથી લક્ષણમાં જ લક્ષ્યનો વ્યવહાર કરાય છે.' લક્ષણ જ્ઞાન છે, તેને આત્મા કહેવો એ વ્યવહાર છે. 'આ ન્યાયે ટીકાકાર આચાર્યદેવ આત્માને જ્ઞાન જ કહેતા આવ્યા છે).'

ભાવાર્થ :– 'જ્ઞાનસ્વરૂપ આત્મા...' ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ જ છે. જાણનસ્વભાવી આત્મા 'અમૂર્તિક છે...' એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ. આહાહા..! 'અને આહાર તો કર્મ-નોકર્મરૂપ પુદ્‌ગલમય મૂર્તિક છે;...' આહાહા...! કર્મનો આહાર પણ કહેવાય છે. કર્મ ગ્રહણ કરે છે ને? એને આહાર કહેવાય. એ કહે છે, કર્મ અને નોકર્મ એટલે આહાર. દાળ, ભાત, રોટલી, શાક આત્મા ખાઈ શકે નહિ, આત્મા લઈ શકે નહિ, આત્મા બનાવી શકે નહિ. અરે..રે..રે...! આ શું કહે છે? દુનિયા આખી પાગલ થઈ ગઈ છે. અમે કરીએ છીએ, અમે કરીએ છીએ, અમે કરીએ છીએ. 'હસમુખભાઈ'! એમાં આ કરોડોપતિઓને તો આખો દિ' ઉપાધિનો પાર ન મળે. આહાહા..!

કીધું ને? હમણા 'નાઈરોબી' ગયા હતા. ૪૫૦ તો એક ગામમાં કરોડપતિ છે. ૪૫૦. મહારાજ! અહીં પધાર્યા. બહુ વિનંતી કરી હતી તો ગયા હતા. નહિતર ૯૧ વર્ષની ઉંમર. ૯૧. ૯૦ + ૧. એટલી ઉંમરે ન્યાં 'આફ્રિકા' માં (ગયા). પણ લોકોનો બહુ પ્રેમ, માણસોનો બહુ પ્રેમ. ખુશી ખુશી થઈ નાચતા. ગયા ત્યાં નાચે, નાચે. સ્વાગતમાં લોકો નાચે. લાખોપતિ માણસો, હોં! લાખોપતિ માણસો. લાખ-બે લાખની તો ત્યાં ગણતરી જ નહિ. દસ લાખ, વીસ લાખ, ત્રીસ લાખ, પચાસ લાખ એવી રીતે ગણતરી. એ લોકો અમે ગયા ત્યાં નાચે. પેલા 'કર્મણભાઈ' નહિ? અહીં આવે છે. ભાઈ 'વીરચંદભાઈ'! 'કર્મણ' સ્વાગતમાં નાચતો હતો. એ કુદરતે બધી ચીજ થવાની તે થાય. કોઈ કહે કે, અમારાથી આ થઈ (તો એમ નથી). આહાહા..!

મુમુક્ષુ :– નિમિત્ત તો થયું ને?

ઉત્તર :– બિલકુલ અહીંને કારણે નથી થયું, થવાનું હતું તે થયું. ઇ ૨૬ દિ'માં ૪૫ લાખ રૂપિયા ભેગા કર્યા. ૪૫ લાખ. પંદર લાખ પહેલા કર્યા. કુલ સાંઈઠ લાખ (થયા). નામ આપે મારું. મહારાજને પ્રતાપે આ બધું થયું. અમારે પ્રતાપે કાંઈ થાતું નથી.

મુમુક્ષુ :– આપના નામે બોર વેંચાણા.

ઉત્તર :– એ બોલે ઇ ભાષા બીજાની. ભાષા જડ. જડને આત્મા કરી શકે નહિ. અહીંયા એ કહે છે.

'જ્ઞાનસ્વરૂપ આત્મા અમૂર્તિક છે અને આહાર તો કર્મ-નોકર્મરૂપ પુદ્‌ગલમય મૂર્તિક છે;...' આહાહા..! આત્મા કેરીને ખાઈ શકે નહિ. કેરીને અડી શકે નહિ. હાય..હાય..! કોઈ દિ' સાંભળ્યું નહિ હોય, 'હસમુખભાઈ'! આહાહા...! એ લાદીના પથરાને આત્મા અડી શકે

નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :- એના નામે થાય તો છે ને?

ઉત્તર :- એને કારણે થવાનું હોય તે થાય. એમાં બીજો કહે કે, મારાથી થાય. એ અહંકાર છે અને તે અહંકાર મિથ્યાત્વ છે. મેં કર્યું એ અહંકાર મિથ્યાત્વ છે. આહાહા..!

અહીંયા એ કહે છે, 'જ્ઞાનસ્વરૂપ આત્મા અમૂર્તિક છે અને આહાર તો કર્મ-નોકર્મરૂપ પુદ્‌ગલમય મૂર્તિક છે; તેથી પરમાર્થે...' પરમાર્થથી એટલે પેલું વ્યવહારથી બોલવામાં આવે છે. કથન કરવામાં ભાષામાં આવે છે કે આણે આહાર લીધો, દીધો પણ એ બધી વાત ખોટી છે. 'તેથી પરમાર્થે આત્માને પુદ્‌ગલમય આહાર નથી.' આ આત્માને પુદ્‌ગલનો ચા, પાણી, આહાર, રોટલી, દાળ, ભાત, શાક આત્મા ખાઈ શકે નહિ, આત્મા તેને અડી શકે નહિ. આહાહા..! આખો દિ' આ હીરા-માણેકના વેપાર કર્યા ને? કષાય.. કષાય.. કષાયની હોળી સળગી. કષાય. ક્રોધ, માન, માયા, લોભ. માન ને ક્રોધ એ દ્વેષનો ભાગ, માયા અને લોભ એ રાગનો ભાગ. રાગના બે ભાગ—માયા અને લોભ. દ્વેષના બે ભાગ—ક્રોધ અને માન. લોભ અને માયા કરે તે રાગ કરે છે. ક્રોધ, માન કરે છે તે દ્વેષ કરે છે. આહાહા..! પણ એ રાગ-દ્વેષ કરે, પણ બીજાને નુકસાન પહોંચાડી શકે એમ ત્રણકાળમાં વાત નથી. આહાહા..! આત્મા તો કોઈનું કરી શકે નહિ (તો) પાંગળો થઈ ગયો? કોઈનું કાંઈ કરી શકે નહિ. તો આ બધા હોંશિયારના દીકરા હોય છે ને ઘણા? આમ કર્યું ને અમે આમ કર્યું ને અમે આમ કર્યું. અહીં ભગવાન ના પાડે છે.

ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર ત્રણકાળના જ્ઞાનીના મુખારવિંદથી એવી વાણી નીકળી કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. આહાહા..! એ તો ઠીક અને આ આત્મા તો અમૂર્તિક છે. મૂર્ત પદાર્થ પણ એકબીજાને અડતા નથી તો આત્મા અમૂર્તિક મૂર્તને કેમ અડે? આહાહા..! આકરું કામ બહુ ભારે. આખી દુનિયાથી વિરૂદ્ધ છે. આખી દુનિયા. આખો દિ! 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે' જેમ ગાડાનો ભાર બળદ ખેંચે. એક ગાડાની નીચે કૂતરું જરીક અડ્યું હોય તો એ જાણે કે આ ગાડુ મારાથી ચાલે છે. એમ આ દુકાનના થડે બેસતો હોય તો જાણે કે મારાથી ધંધો ચાલે છે.

મુમુક્ષુ :- દુકાન ચલાવવી કે ન ચલાવવી?

ઉત્તર :- કોણ ચલાવે? દુકાન ચલાવે કોણ ને રોકે કોણ? દુકાન ચીજ છે કે નહિ? પરમાણુ પુદ્‌ગલ છે કે નહિ? એ તત્ત્વ છે કે નહિ? તત્ત્વ છે તો પોતાથી બદલે છે કે નહિ? એ બીજાથી કેમ બદલાય? આહાહા..! પાગલ જેવું લાગે. દુનિયા પાગલ, એને આ પાગલ જેવું લાગે કે આ શું કહે છે? આહાહા..!

મુમુક્ષુ :- આપ કહો છો તેમ હોય તો દુનિયાનો વ્યવહાર જ ચાલી શકે નહિ.

ઉત્તર :– પણ વ્યવહાર કરી કોણ શકે છે? એ તો થાય છે, કરે છે કોણ? આહાહા..!

અહીં એ કહ્યું, આહાહા..! 'આત્માનો એવો જ સ્વભાવ છે કે તે પરદ્રવ્યને તો ગ્રહતો જ નથી...' છે? આહાહા..! પ્રભુ આત્મા અમૂર્તિક છે. રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે. એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શને કદી અડતો નથી. આહા..! 'પરદ્રવ્યને તો ગ્રહતો જ નથી;– સ્વભાવરૂપ પરિણમો...' જુઓ! આવ્યું. ચાહે તો 'સ્વભાવરૂપ પરિણમો કે વિભાવરૂપ પરિણમો...' પોતામાં કરે. આહાહા..! શું કહ્યું? આત્મા કાં પોતાની શાંતિ સ્વભાવ વીતરાગ સ્વરૂપે રહો અને કાં રાગ ને મિથ્યાત્વરૂપે રહો, વિકાર અને અવિકારપણે પોતામાં કરી શકે છે પણ પરનું તો કાંઈ કરી શકતો નથી. આહાહા..!

આ 'રામજી હંસરાજ' 'અમરેલી'વાળા, કરોડપતિ. અમે એક ફેરી એમના મકાનમાં ગયા હતા. મોટા પગારદાર, મહિનો હજાર-હજાર, પંદરસોવાળા પગારદાર, બે-બે હજાર મહિનાના. પચીસ-ત્રીસ જણા બેઠા હતા. અમે જ્યાં પગલા કરવા અંદર ગયા તો બધા ઉભા થઈ ગયા. મોટો જાણે દરબાર હોય! અરે..રે...! આ શું છે? બાપુ! આ તો બધી ઉપાધિ છે. ભલે બે લાખ, પાંચ લાખ પેદા થતા હોય, એ કાંઈ વસ્તુ નથી. આહાહા..!

'નાઈરોબી' માં કહ્યું નહિ? હમણા અમે ૨૬ દિવસ 'નાઈરોબી' ગયા હતા ને? ૪૫૦ તો કરોડપતિ છે અને પંદર તો અબજપતિ છે, અબજપતિ! કીધું, બધી ધૂળ છે. અબજપતિ ને કરોડપતિના સ્વામી અને ધણી જો માનીશ તો ચાર ગતિમાં રખડવું પડશે. 'હસમુખભાઈ'! અહીં ક્યાં માખણ છે? કોઈ શેઠિયાઓને માખણ ચોપડવું (એવું કાંઈ છે નહિ). આ તો સત્યની જાહેરાત છે. આહાહા..! ઢંઢેરો પીટીને સત્યની જાહેરાત છે. સત્ય આ છે.

આત્મા અમૂર્તિક મૂર્તનો આહાર કેમ કરે? એક મૂર્ત પણ બીજા મૂર્તને અડે નહિ તો અમૂર્તિક આત્મા મૂર્તનો આહાર કેમ ગ્રહણ કરે? સવાર-સાંજ આહાર કરે છે કે નહિ? એ અભિમાન કરે છે. હું આહાર કરું છું એવું અભિમાન કરે છે. આહાહા..! એ ક્રિયા તો જડની છે. આહાર તો માટી–ધૂળ છે. એ ધૂળની ક્રિયાને પોતાની માનવી (મિથ્યાત્વ છે). આહાર ધૂળ છે. શિરો, મેસુબ ધૂળ છે, પુદ્ગલ છે. આહાહા...! તેને હું ખાઈ શકું છું, એમ માનવું તે અહંકાર–મિથ્યાત્વ છે. આહાહા..! અહીંયા સુધી (આવવું) નહિ અને એને ઠેકાણે પરની દયા પાળી શકું, પર જીવની દયા પાળી શકું છું (એમ માનવું) એ મિથ્યાદૃષ્ટિ છે. પરપદાર્થની દયા તું પાળી શકે? અને પરની દયા ભલે પાળી શકે નહિ પણ પર દયાનો ભાવ એ પણ તારી હિંસા છે. કેમકે રાગ છે. રાગ છે એ તારી હિંસા છે. આહાહા..! ગજબ વાત છે. આ તે ક્યાંની વાત?

'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' માં લીધું છે. પરની દયાનો રાગ તે રાગ હિંસા છે. આહાહા..! 'અમૃતચંદ્રાચાર્યે' 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' બનાવ્યું ને? એ તો વસ્તુની સ્થિતિ છે. સંતો દિગંબર મુનિઓ તો કેવળીના જે કથનો છે તે બધા રચ્યા છે. એમાં ફેરફાર કાંઈ નથી. એવી વાત

ક્યાંય છે નહિ. આહાહા..! કેટલાકે જિંદગીમાં સાંભળ્યું નહિ હોય કે આત્મા જડને અડી શકે નહિ, અડી શકે નહિ, સ્પર્શી શકે નહિ. આહાહા..! આખો દિ' આ શરીરને સંભાળે, આમ કરે, ખંજવાળે... આ આંગળી એને અડતી નથી. એવું સ્વરૂપ છે, ભગવાન! ધર્મનું સ્વરૂપ બહુ ઝીણું છે. એ અહીં કહે છે.

'આહાર તો કર્મ-નોકર્મરૂપ પુદ્ગલમય મૂર્તિક છે; તેથી પરમાર્થે આત્માને પુદ્ગલમય આહાર નથી.' એ 'સ્વભાવરૂપ પરિણમો કે વિભાવરૂપ પરિણમો, પોતાનાં જ પરિણામનાં ગ્રહણત્યાગ છે,...' જુઓ! શું કહ્યું? પોતામાં જ રાગનું ગ્રહણ અને રાગનો ત્યાગ (છે). પરનું કાંઈ કરી શકે નહિ. (પરના) ત્યાગગ્રહણ છે જ નહિ. આહાહા..! એ ત્યાગ પણ એક વ્યવહાર છે. રાગનો ત્યાગ કરવો એ પણ વ્યવહાર છે. ગ્રહણ કરવું તે તેની પર્યાય છે પણ રાગનો ત્યાગ કરવો તે વ્યવહાર છે. કેમ? કે, પોતાના સ્વરૂપમાં જ્યારે જાય છે, એકાગ્ર થાય છે ત્યારે રાગની ઉત્પત્તિ થતી નથી. તેને રાગનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! બહુ ફેર, ભાઈ!

રાગનો ત્યાગ, ૩૪મી ગાથામાં છે, 'સમયસાર' ૩૪. આત્મા રાગનો ત્યાગ કરી શકતો નથી. આહાહા..! ફક્ત એ ધ્યાનમાં અંદરમાં જાય છે (ત્યારે) રાગની ઉત્પત્તિ થતી નથી એટલો સંબંધ જોઈને આત્માએ રાગનો નાશ કર્યો એમ કહેવામાં આવ્યું છે. પરમાર્થે રાગનો ત્યાગ આત્મા કરી શકતો નથી. આહાહા..! ગ્રહણ કરી શકે છે. રાગને ગ્રહણ કરી શકે. વિકારી પર્યાય બનાવવી હોય તે પ્રમાણે બને, એની યોગ્યતા પ્રમાણે બનાવે. છોડી શકે નહિ. અજ્ઞાનપણે છોડે એમ માને. પણ આત્માનું ભાન થઈને સ્થિર થાય છે ત્યારે વિકાર ઉત્પન્ન થતો નથી તેને વિકારનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! બહુ ફેર, ભાઈ! આ બધા કારખાનાવાળાને શું હશે? મોટા કારખાના બનાવે ને? ચાર લાખના, પાંચ લાખના (બનાવે). 'ઉજ્જેન' નહિ? 'ઉજ્જેન'. શેઠ નથી 'ઉજ્જેન' માં? 'લાલચંદ' શેઠ. એક ફેરી લઈ ગયા હતા. 'લાલચંદ શેઠ' ગુજરી ગયા. 'ઉજ્જેન' ના (હતા), ગુજરી ગયા. શ્રદ્ધાના કાંઈ ઠેકાણા ન મળે.

મુમુક્ષુ :– બ્રાહ્મણને રાખતા હતા.

ઉત્તર :– અરે..! અમે ઉતર્યા હતા ત્યારે જોડે બ્રાહ્મણ હતા. માળા ગણતા. મેં કીધું, આ શું કરો છો? તો કહ્યું, આ (બધું) સરખું રાખવા શેઠ માળા ગણાવે છે. આવા ને આવા. જૈન થઈને જૈન શું કહે છે તેની ખબર નહિ. આહાહા..! એમ કે, બ્રાહ્મણ પૂજા ને હોમ કરે તો આપણે પૈસા-બૈસામાં અનુકૂળ પડે, વધારો થાય. અહીં કહે છે કે, બિલકુલ કિંચિત્ એક ફોતરું પણ ફેરવી શકે નહિ. આહાહા..! ફોતરા સમજ્યા? તિનકા. રૂની પુણીને અડી શકે નહિ અને ફૂ કરી શકે નહિ. પ્રભુ! તું અરૂપી છો ને નાથ! એ અરૂપી રૂપીનું કેમ કરે? આહાહા..! એ અભિમાન છે. અરૂપી રૂપીનું કાંઈ કરે એ અભિમાન છે. આહાહા..!

હા, સ્વભાવરૂપ પરિણમિત હો અથવા વિભાવરૂપ પરિણમો એ તારા હાથમાં છે. એમાં છે ને? ચાહે તો ધર્મરૂપ–સમ્યગ્દર્શન-જ્ઞાન રૂપે પરિણમો, ચાહે તો મિથ્યાત્વ, અવ્રતપણે પરિણમો એ તારા હાથમાં છે. તારી પર્યાય... આહાહા..! 'પોતાના જ પરિણામનાં ગ્રહણત્યાગ છે,...' પરના નહિ. આહાહા..! એય વ્યવહાર છે. રાગનો ત્યાગ કરવો એ હજી વ્યવહાર છે. એ ઉત્પન્ન થતો નથી તેને નાશ કર્યો એમ કહેવામાં આવે છે. વાત તો એમ છે. રાગનો ત્યાગ કરી શકતો નથી. રાગની ઉત્પત્તિ થતી નથી, અંતરમાં એકાગ્ર થાય છે ત્યારે રાગની ઉત્પત્તિ થતી નથી તો રાગનો નાશ કર્યો એમ વ્યવહારથી કહેવામાં આવે છે. 'પરિણામનાં ગ્રહણત્યાગ છે, પરદ્રવ્યનાં ગ્રહણત્યાગ તો જરા પણ નથી.' છે? 'પરદ્રવ્યનાં ગ્રહણત્યાગ તો જરા પણ નથી.'

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૨૩૮

(अनुष्टुभ्)

एवं ज्ञानस्य शुद्धस्य देह एव न विद्यते।
ततो देहमयं ज्ञातुर्न लिङ्गं मोक्षकारणम्।।२३८।।

આત્માને દેહ જ નહિ હોવાથી, પુદ્‌ગલમય દેહસ્વરૂપ લિંગ (-વેષ, ભેખ, બાહ્ય ચિહ્ન) મોક્ષનું કારણ નથી-એવા અર્થનું, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય હવે કહે છે :–

શ્લોકાર્થ :– [ एवं शुद्धस्य ज्ञानस्य देहः एव न विद्यते ] આમ શુદ્ધ જ્ઞાનને દેહ જ નથી; [ ततः ज्ञातुः देहमयं लिङ्गं मोक्षकारणम् न ] તેથી જ્ઞાતાને દેહમય લિંગ મોક્ષનું કારણ નથી. ૨૩૮.

---

પ્રવચન નં. ૪૫૨ શ્લોક–૨૩૮, ગાથા–૪૦૮ થી ૪૧૦ મંગળવાર, અષાઢ વદ ૧૦, તા.૫-૦૮-૧૯૮૦

---

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' ૨૩૮ કળશ. ૨૩૮.

एवं ज्ञानस्य शुद्धस्य देह एव न विद्यते।
ततो देहमयं ज्ञातुर्न लिङ्गं मोक्षकारणम्।।२३८।।

ન્યાં આવ્યું છે, ભાઈ! ત્યાં 'एव' આવ્યો છે. 'एव न विद्यते'.

શ્લોકાર્થ :– 'एवं शुद्धस्य ज्ञानस्य देहः एव न विद्यते' ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ જ્ઞાનઘન જે ચૈતન્યપ્રભુને દેહ હોતો નથી. આહાર નથી આવી ગયું ને? આહાર નથી તો શરીર તો ક્યાંથી હોય? આહાહા..! 'શુદ્ધ જ્ઞાનને...' શુદ્ધ જ્ઞાન કહ્યું છે. વિશેષણ આપ્યું છે. જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છું એવી દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થાય છે તો એવા 'શુદ્ધ જ્ઞાનને દેહ જ નથી;...' ત્યાં 'જ' આવ્યો. 'દેહ જ નથી;...' મોક્ષમાર્ગ છે. ત્યાં 'જ' આવ્યો, દેહ જ, ત્યાં 'જ' આવ્યો. 'શુદ્ધ જ્ઞાનને દેહ જ નથી;...' નિશ્ચયથી આત્માને દેહ જ નથી. આહાહા..!

'ततः ज्ञातुः देहमयं लिङ्गं मोक्षकारणम् न' 'તેથી જ્ઞાતાને...' જાણનાર, હું તો જાણનાર-દેખનાર, દૃષ્ટા-જ્ઞાતા છું એમ અનુભવમાં આવ્યું એવા 'જ્ઞાતાને દેહમય લિંગ મોક્ષનું કારણ નથી.' એને દેહના ચિહ્ન–જે આકાર, નગ્નપણું વગેરે બાહ્ય ક્રિયાઓ મોક્ષનું કારણ નથી. 'દેહમય લિંગ મોક્ષનું કારણ નથી.' એ દેહના ચિહ્ન છે. હલનચલન, બોલવું... આહાહા..! ખરેખર તો અંદર જે પંચ મહાવ્રતાદિ વિકલ્પ ઉઠે એ પણ કંઈ મોક્ષનું કારણ નથી. ખરેખર એ પણ દેહની ચેષ્ટા છે. આહાહા..! 'જ્ઞાતાને દેહમય લિંગ મોક્ષનું કારણ નથી.' ગાથા આવશે એનો શ્લોક છે.

* જેને દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થઈ છે તેને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક ભાસે છે, શરીરાદિ કાંઈ ભાસતું જ નથી. ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી ભિન્ન ભાસે છે. દિવસે તો ભિન્ન ભાસે છે પણ રાત્રિમાં ઊંઘમાં પણ આત્મા નિરાળો જ ભાસે છે. સમ્યગ્દૃષ્ટિને ભૂમિકા અનુસાર બાહ્ય વર્તન હોય છે. પરંતુ બાહ્ય વર્તનમાં પણ કોઈ પણ સંયોગોમાં એની જ્ઞાનવૈરાગ્યશક્તિ કોઈ જુદા જ પ્રકારની રહે છે. બાહ્યથી ગમે તે પ્રસંગમાં સંયોગમાં જોડાયેલો દેખાય તોપણ જ્ઞાયક તો જ્ઞાયકપણે જ ભાસે છે. વિભાવથી ભિન્ન જ્ઞાયકપણે નિઃશંક ભાસે છે. આખું બ્રહ્માંડ ફરી જાય તોપણ સ્વરૂપ-અનુભવમાં નિઃશંક વર્તે છે. જ્ઞાયક ઉપર ચડીને ઊર્ધ્વરૂપે બિરાજે છે, બીજા બધા નીચે રહે છે. ગમે તેવા શુભભાવો આવે, તીર્થંકરગોત્રનો શુભભાવ આવે તોપણ તે નીચે જ રહે છે. દ્રવ્યદૃષ્ટિવંતને આવું અદ્ભુત જોર વર્તે છે. ૩૦૦.

– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર

## ગાથા–૪૦૮-૪૦૯

पासंडीलिंगाणि व गिहिलिंगाणि व बहुप्पयाराणि।
घेत्तुं वदंति मूढा लिंगमिणं मोक्खमग्गो त्ति।।४०८।।
ण दु होदि मोक्खमग्गो लिंगं जं देहणिम्ममा अरिहा।
लिंगं मुइत्तु दंसणणाणचरित्ताणि सेवंति।।४०९।।

पाषण्डिलिङ्गानि वा गृहिलिङ्गानि वा बहुप्रकाराणि।
गृहीत्वा वदन्ति मूढा लिङ्गमिदं मोक्षमार्ग इति।।४०८।।
न तु भवति मोक्षमार्गो लिङ्गं यद्देहनिर्ममा अर्हन्तः।
लिङ्गं मुक्त्वा दर्शनज्ञानचारित्राणि सेवन्ते।।४०९।।

केचिद्द्रव्यलिङ्गमज्ञानेन मोक्षमार्गं मन्यमानाः सन्तो मोहेन द्रव्यलिङ्गमेवोपाददते। तदनुपपन्नम्; सर्वेषामेव भगवतामर्हद्देवानां, शुद्धज्ञानमयत्वे सति द्रव्यलिङ्गाश्रयभूत शरीरममकारत्यागात्, तदाश्रितद्रव्यलिङ्गत्यागेन दर्शनज्ञानचारित्राणां मोक्षमार्गत्वेनोपासनस्य दर्शनात्।

---

હવે આ અર્થને ગાથામાં કહે છે :–

બહુવિધનાં મુનિલિંગને અથવા ગૃહસ્થીલિંગને
ગ્રહીને કહે છે મૂઢજન 'આ લિંગ મુક્તિમાર્ગ છે'. ૪૦૮.
પણ લિંગ મુક્તિમાર્ગ નહિ, અર્હંત નિર્મમ દેહમાં
બસ લિંગ છોડી જ્ઞાન ને ચારિત્ર, દર્શન સેવતા. ૪૦૯.

ગાથાર્થ :– [ बहुप्रकाराणि ] બહુ પ્રકારનાં [ पाषण्डिलिङ्गानि वा ] મુનિલિંગોને [ गृहिलिङ्गानि वा ] અથવા ગૃહીલિંગોને [ गृहीत्वा ] ગ્રહણ કરીને [ मूढाः ] મૂઢ (અજ્ઞાની) જનો [ वदन्ति ] એમ કહે છે કે '[ इदं लिङ्गम् ] આ (બાહ્ય) લિંગ [ मोक्षमार्गः इति ] મોક્ષમાર્ગ છે'.

[ तु ] પરંતુ [ लिङ्गम् ] લિંગ [ मोक्षमार्गः न भवति ] મોક્ષમાર્ગ નથી; [ यत् ] કારણ કે [ अर्हन्तः ] અર્હંતદેવો [ देहनिर्ममाः ] દેહ પ્રત્યે નિર્મમ વર્તતા થકા [ लिङ्गम् मुक्त्वा ] લિંગને છોડીને [ दर्शनज्ञानचारित्राणि सेवन्ते ] દર્શન-જ્ઞાન-ચારિત્રને જ સેવે છે.

ટીકા :- કેટલાક લોકો અજ્ઞાનથી દ્રવ્યલિંગને મોક્ષમાર્ગ માનતા થકા મોહથી દ્રવ્યલિંગને જ ગ્રહણ કરે છે, તે (-દ્રવ્યલિંગને મોક્ષમાર્ગ માનીને ગ્રહણ કરવું તે) અનુપપન્ન અર્થાત્ અયુક્ત છે; કારણ કે બધાય ભગવાન અર્હંતદેવોને, શુદ્ધજ્ઞાનમયપણું હોવાને લીધે દ્રવ્યલિંગને આશ્રયભૂત શરીરના મમકારનો ત્યાગ હોવાથી, શરીરાશ્રિત દ્રવ્યલિંગના ત્યાગ વડે દર્શનજ્ઞાનચારિત્રની મોક્ષમાર્ગપણે ઉપાસના જોવામાં આવે છે (અર્થાત્ તેઓ શરીરાશ્રિત દ્રવ્યલિંગનો ત્યાગ કરીને દર્શનજ્ઞાનચારિત્રને મોક્ષમાર્ગ તરીકે સેવતા જોવામાં આવે છે).

ભાવાર્થ :- જો દેહમય દ્રવ્યલિંગ મોક્ષનું કારણ હોત તો અર્હંતદેવ વગેરે દેહનું મમત્વ છોડી દર્શનજ્ઞાનચારિત્રને શા માટે સેવત? દ્રવ્યલિંગથી જ મોક્ષને પામત! માટે એ નક્કી થયું કે-દેહમય લિંગ મોક્ષમાર્ગ નથી, પરમાર્થે દર્શનજ્ઞાનચારિત્રરૂપ આત્મા જ મોક્ષનો માર્ગ છે.

## ગાથા-૪૦૯ થી ૪૧૦ ઉપર પ્રવચન

पासंडीलिंगाणि व गिहिलिंगाणि व बहुप्पयाराणि।
घेत्तुं वदंति मूढा लिंगमिणं मोक्खमग्गो त्ति।।४०८।।
ण दु होदि मोक्खमग्गो लिंगं जं देहणिम्ममा अरिहा।
लिंगं मुइत्तु दंसणणाणचरित्ताणि सेवंति।।४०९।।

બહુવિધનાં મુનિલિંગને અથવા ગૃહસ્થીલિંગને
ગ્રહીને કહે છે મૂઢજન 'આ લિંગ મુક્તિમાર્ગ છે'. ૪૦૮.
પણ લિંગ મુક્તિમાર્ગ નહિ, અર્હંત નિર્મમ દેહમાં
બસ લિંગ છોડી જ્ઞાન ને ચારિત્ર, દર્શન સેવતા. ૪૦૯.

છેલ્લી ગાથાઓ છે ને? આહાર નથી ને દેહ પણ નથી. એકલો આત્મા (છે). જે કાંઈ દેહની ક્રિયા થાય છે તેને જ્ઞાન પોતામાં જાણે છે. જ્ઞાનની ક્રિયા, જ્ઞાનની જાણવાની ક્રિયા પોતાની છે. દેહની ક્રિયા પોતાની નથી. દેહની ક્રિયા જ્યારે જેવી થાય છે એવી જ જ્ઞાનની પર્યાય તેની અપેક્ષા વિના પોતાથી જ્ઞાનની પર્યાય થાય છે. આહાહા..! દેહની જેવી ક્રિયા જ્યારે થાય છે એવું જ જ્ઞાન અહીંયા પરની અપેક્ષા વિના, પોતાના જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે, લિંગની અપેક્ષા વિના, લિંગનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન પોતામાં એકસાથે થાય

છે. આહાહા..! આવો માર્ગ છે.

ટીકા :– 'કેટલાક લોકો અજ્ઞાનથી દ્રવ્યલિંગને મોક્ષમાર્ગ માનતા થકા...' છે? આહાહા..! કેટલાક અજ્ઞાની લોકો દ્રવ્યલિંગને (અર્થાત્) ક્રિયા જે છે એ બહારની જે નગ્નપણું, વ્હોરવાની, ચાલવાની, જોઈને ચાલવું વગેરે ક્રિયા છે એ ક્રિયા તો જડની છે. 'કેટલાક લોકો અજ્ઞાનથી દ્રવ્યલિંગને મોક્ષમાર્ગ માનતા થકા...' આહાહા..! એ ક્રિયાકાંડ ને શરીરની ક્રિયાને મોક્ષમાર્ગ માને છે.

'મોહથી દ્રવ્યલિંગને જ...' મિથ્યાત્વને કારણે.. આહાહા..! 'દ્રવ્યલિંગને જ ગ્રહણ કરે છે.' એ મુનિપણું, નગ્નપણું આદિ અંગીકાર કરે છે. વસ્તુની સ્થિતિની ખબર નથી. આત્મા શું ચીજ છે? આત્મા આનંદ સ્વરૂપ (છે). બહુ તો બહારથી લઈએ તો દર્શન, જ્ઞાન અને ચારિત્ર સ્વરૂપ છે. કેમકે એ પ્રગટ થાય છે તો એ સ્વરૂપ જ એનું દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રિકાળી સ્વરૂપ છે. તેમાંથી દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ થાય છે. બાહ્ય લિંગને કારણે અંદર દર્શન, જ્ઞાન, ચારિત્ર કદી થતા નથી. વાત સાદી છે પણ વાત લોકોને આકરી પડે એવી છે. આ દ્રવ્યલિંગ, દ્રવ્યલિંગ કેટલાક કહે છે ને? દ્રવ્યલિંગ પણ ક્યાં છે? આહાહા..! એને માટે (આહાર) બનાવે છે, ચોકા કરે છે. ચોકા બનાવવા એ કાંઈ માર્ગ છે? આહાહા..!

એ કહ્યું હતું, 'મનોહરલાલજી' એ 'જયપુર' માં પ્રશ્ન કર્યો હતો કે, લોકો એની મેળાએ બનાવે અને લે એમાં દોષ શું? પોતે કરે ને કરાવે તો દોષ કહેવાય. એવો પ્રશ્ન 'મનોહરલાલ વર્ણી' એ 'જયપુર' માં કર્યો હતો. મેં કહ્યું, જુઓ! ભાઈ! એને માટે કર્યો એ લે છે એમાં અનુમોદન છે. લે છે એ અનુમોદન છે. એક અનુમોદન કોટિ તુટી તો નવે કોટિ તુટી. ઝીણી વાત છે. સમજાય છે કાંઈ?

એણે બે પ્રશ્ન કર્યા હતા. આ રાગને પુદ્ગલ કેમ કહ્યો છે? એક એ પ્રશ્ન કર્યો હતો. કીધું, એ પુદ્ગલ નીકળી જાય છે, સ્વભાવમાં નથી. નિમિત્તને આધીન પોતામાં થાય છે. નિમિત્તને આધીન, હોં! નિમિત્તથી નહિ. નિમિત્તને આધીન પોતામાં થાય છે તો તેને પુદ્ગલ કહીને કાઢી નાખ્યો. પોતાના સ્વરૂપમાં એ નથી.

એક આ પ્રશ્ન કર્યો હતો અને એક આ કર્યો હતો કે, ઉદ્દેશિકનો જો ખુલાસો થઈ જાય. એમ કે દુનિયા એને માટે કરે છે એમાં લેનારને કંઈ વાંધો નથી. કીધું, પ્રભુ! ભગવાનના વિરહમાં એ વાત અહીં નહિ કરો. પ્રભુનો વિરહ પડ્યો છે માટે આવી વાત કરવી? આહાહા..! એને માટે કરેલું છે એ લે તો એને દોષ નથી. કેમકે કંઈ કર્યું ને કરાવ્યું નથી.

એ પ્રશ્ન તો અમારે (સંવત) ૧૯૬૯ ની સાલથી છે. ૬૭ વર્ષ પહેલા. મેં દીક્ષા લીધા પહેલા ગુરુને પ્રશ્ન કર્યો હતો કે સાધુ માટે અપાસરો કર્યો હોય અને વાપરે તો કઈ કોટિ તુટે? એ પ્રશ્ન કર્યો હતો. ૧૯૬૯ ની સાલ, (સંવત) ૧૯૭૦ માં દીક્ષા (લીધી). સાધુ માટે મકાન બનાવ્યું અને એ મકાન વાપરે તો નવ કોટિમાં કઈ કોટિ (તુટે)? કંઈ બોલ્યા નહિ.

એ કહે, ના, કોટિ તુટે નહિ. દાખલો આપ્યો, તમારા ભાઈએ તમારા માટે મકાન બનાવ્યું, તમે વાપરો એમાં શું? મેં કીધું, અત્યારે આ ન કહેવું. એ વાપરે છે એ અનુમોદન છે. આહાહા..! 'દશવૈકાલિક' માં આઠમા અધ્યયનમાં પાઠ છે. તે દિ' આઠમું અધ્યયન દીક્ષા લીધા પહેલા કંઠસ્થ કરેલું. એમાં એ વાત છે કે, એને માટે કરેલું લે એની અનુમોદન કોટિ તુટે છે. એક કોટિ તુટતા નવે કોટિ તુટે છે તો કાંઈ રહેતું નથી. એ જ પ્રશ્ન અહીં હતો. આહાહા..!

આહાર કે શરીરની ક્રિયા, અહીંયા તો કહે છે. એ બધું અજ્ઞાની મૂઢ 'દ્રવ્યલિંગને મોક્ષમાર્ગ માનતા થકા મોહથી દ્રવ્યલિંગને જ ગ્રહણ કરે છે.' પહેલું એ ગ્રહણ કરે છે. છે અને માને (એ એક વાત) આ તો મોક્ષમાર્ગ છે, મુનિપણું અંગીકાર કરો, નગ્નપણું લઈ લ્યો, વસ્ત્ર છોડી દો,.. આહાહા..! ઓળખાણ તો કરવી પડશે ને? 'દ્રવ્યલિંગને મોક્ષમાર્ગ માનતા થકા મોહથી દ્રવ્યલિંગને જ ગ્રહણ કરે છે.' અજ્ઞાનથી 'દ્રવ્યલિંગને મોક્ષમાર્ગ માનતા થકા મોહથી દ્રવ્યલિંગને જ ગ્રહણ કરે છે.' પાઠ છે ને? ભાઈ! ટીકા છે. ગ્રહણ કરે છે. છે અને મોક્ષમાર્ગ માને, આ તો ગ્રહણ કરે છે. મોક્ષમાર્ગ માટે ગ્રહણ કરે છે. આહાહા..! છે અને દ્રવ્યલિંગને મોક્ષમાર્ગ માને એ તો જૂઠું છે પણ આ તો દ્રવ્યલિંગને મોક્ષમાર્ગ માનીને ગ્રહણ કરે છે. આહાહા..! આમ પાઠ છે. જુઓ!

'દ્રવ્યલિંગને મોક્ષમાર્ગ માનતા થકા મોહથી દ્રવ્યલિંગને જ...' આહાહા..! 'ગ્રહણ કરે છે.' એટલી બધી કોને પડી છે કે વિચાર કરે? આ બાહ્યમાં નગ્ન દેખે ને ક્રિયા દેખે તો જય ભગવાન! બાપુ! દર્શનશુદ્ધિ વિના એ બધા એકડા વિનાના મીંડા છે. અત્યારે તો ચોકાના ચોખ્ખા પાઠ લખે છે. માસિકમાં.. શું કહેવાય? છાપા. છાપામાં ચોખ્ખું લખે, મહારાજ આવ્યા છે ચોકા લઈને આવો, ચોકા બનાવો. અર..ર..ર...! આવો માર્ગ હોય? પ્રભુ! એ માર્ગ નથી.

એ વ્યક્તિને બિચારાને દુઃખ થાય. આ તો માર્ગ જ આવો છે. આહા..! કોઈ વિપરીત પણ ભાવ કરે તો એને એ ભાવનું દુઃખ થાય અને એના ફળ તરીકે દુઃખ થાય, એવી ઇચ્છા કોણ કરે? ધર્મી એવી ઇચ્છા કરે નહિ કે, તું દુઃખી થા. પ્રભુ! તમે સુખી થાઓ. ભૂલ કાઢીને સુખી થાઓ. એ ભૂલ છે. દ્રવ્યલિંગને, નગ્નપણાને જ મોક્ષમાર્ગ માનવો (એ ભૂલ છે). આ શ્વેતાંબરની વાત નથી. શ્વેતાંબરમાં તો વસ્ત્ર રાખે એ તો સાધુ જ નથી, એ તો કુસાધુ છે. આહાહા..! ગજબ વાત! અહીં ક્યાં દુકાન માંડી છે? અહીં તો જંગલમાં પડ્યા છીએ.

મુમુક્ષુ :- કુસાધુ તો એ છે કે જેને દ્રવ્યલિંગ નથી.

ઉત્તર :- એ સાધુ જ નથી. સાધુ (એટલે) અંતરમાં આનંદકંદ પ્રભુ...! આહાહા..! સચ્ચિદાનંદ સ્વરૂપ રાગથી ભિન્ન પડીને આનંદમાં રમે છે તેને સાધુ કહેવાય છે. આ અસ્તિથી વાત છે. એ હમણા આવશે.

અહીં પહેલું કહે છે, 'અનુપપન્ન અર્થાત્ અયુક્ત છે;...' '(દ્રવ્યલિંગને મોક્ષમાર્ગ માનીને ગ્રહણ કરવું તે) અનુપપન્ન અર્થાત્ અયુક્ત છે; કારણ કે બધાય ભગવાન...' જુઓ! 'અર્હંતદેવોને, શુદ્ધજ્ઞાનમયપણું હોવાને લીધે...' ભગવાન તો શુદ્ધ જ્ઞાનમય હતા. 'દ્રવ્યલિંગને આશ્રયભૂત શરીરના મમકારનો ત્યાગ હોવાથી,...' અરિહંતને શરીરની સર્વ ક્રિયાનો ત્યાગ હતો. આહાહા..! મમતાનો ત્યાગ હતો. અંતરમાં ચૈતન્યદ્રવ્યનું અવલંબન લઈને દર્શન, જ્ઞાન, ચારિત્રનું સેવન કરતા હતા. શરીરની ક્રિયાનું સેવન કરતા નથી. આહાહા..! આ તો વસ્તુનું સ્વરૂપ આવ્યું છે. કોઈ વ્યક્તિ માટે કાંઈ છે નહિ. દરેક વ્યક્તિની પોતાના પરિણામની જવાબદારી છે.

આચાર્યદેવ તો ત્યાં સુધી કહે છે, 'દ્રવ્યસંગ્રહ' માં કહ્યું ને? 'દ્રવ્યસંગ્રહ'. 'દ્રવ્યસંગ્રહ' માં ત્યાં સુધી કહે છે, વિપાકવિચય, અવાયવિચય, સંસ્થાનવિચય આવે છે. ત્યાં અવાયવિચયમાં એમ લખ્યું છે, હે પ્રભુ! કોઈ વિરોધી ન રહો. બધા આઠ કર્મનો નાશ કરો. એવો 'દ્રવ્યસંગ્રહ' માં પાઠ છે. કોઈ વિરોધી નથી, પ્રભુ! વિરોધ તો દુઃખ છે. બધા આઠ કર્મનો નાશ કરીને બધા મોક્ષ પધારો. આહાહા..! પ્રભુ! તું ભગવાન છો ને! તારું સ્વરૂપ પ્રભુ ભગવાન છે ને! તો ભગવાન છે એવા થઈ જાઓ. કોઈનો વિરોધ અને કોઈથી વેર, ઇર્ષ્યા ધર્મીને હોતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં એ કહે છે, 'બધાય ભગવાન અર્હંતદેવોને, શુદ્ધજ્ઞાનમયપણું હોવાને લીધે...' એ તો શુદ્ધજ્ઞાનમય હતા. અરિહંત પરમેશ્વર તીર્થંકરો શુદ્ધ જ્ઞાનમય હતા. નગ્ન તો બહારથી હતા પણ અંદર શુદ્ધ જ્ઞાનમય હતા. શુદ્ધ જ્ઞાનવાળા પણ નહિ. શુદ્ધ જ્ઞાનવાળા કહેવામાં પણ ભેદ પડ્યો. શુદ્ધ જ્ઞાનમય હતા. આહાહા..! એ તો પ્રભુ શુદ્ધ જ્ઞાનમય હતા ને, પ્રભુ! અરિહંતોએ આ પ્રમાણે કર્યું તો પ્રભુ! તું પણ કર ને! એમ કહે છે. આહાહા..! છે? જુઓ!

'બધાય ભગવાન અર્હંતદેવોને, શુદ્ધજ્ઞાનમયપણું હોવાને લીધે...' એકલો શુદ્ધ જ્ઞાનમય એવો આત્માની તેણે સેવા કરી છે. 'દ્રવ્યલિંગને આશ્રયભૂત શરીરના મમકારનો ત્યાગ હોવાથી,...' અહીંયા શુદ્ધજ્ઞાનમયતા હોવાને કારણે. અંતરમાં શુદ્ધજ્ઞાન પ્રગટ્યું છે તે કારણે દ્રવ્યલિંગ છુટી ગયું. આહાહા..! 'દ્રવ્યલિંગને આશ્રયભૂત શરીરના મમત્વનો ત્યાગ હોવાથી, શરીરાશ્રિત દ્રવ્યલિંગના ત્યાગ વડે દર્શનજ્ઞાનચારિત્રની...' આહાહા..! પોતાનું સ્વરૂપ પૂર્ણ શુદ્ધ અખંડાનંદ પરમાત્મા, પરમેશ્વર આત્મા છે. પરમેશ્વરની પ્રતીતિ કરો, અનુભવ કરો, તેનું જ્ઞાન કરીને તેમાં રમણતા કરો. દ્રવ્યલિંગમાં મમતા ન કરો કે મેં દ્રવ્યલિંગ ગ્રહણ કર્યું તો મારો મોક્ષ થશે કે એમાં કાંઈક મોક્ષમાર્ગ છે એમ ન માનો. આહાહા..!

'દર્શનજ્ઞાનચારિત્રની મોક્ષમાર્ગપણે ઉપાસના જોવામાં આવે છે...' ટીકાકાર કહે છે. આહાહા..! ભગવાનને તો દર્શન-જ્ઞાન-ચારિત્રની સેવા જોવામાં આવે છે. એ નગ્નપણું ને બહારની ક્રિયા એની નથી, એ તો જડની ક્રિયા છે. આહાહા..! આત્મા નગ્નપણું કરી શકે

નહિ, આત્મા કપડા છોડી શકે નહિ.

એ પ્રશ્ન અહીં 'ચાંદમલજી' 'ઉદયપુર'વાળાએ કર્યો હતો. 'ચાંદમલજી' અહીં આવ્યા હતા. એ બિચારા મધ્યસ્થતાથી પ્રશ્ન કરતા હતા. એ કહે, આ કપડા તો મુનિ ઉતારે ને? કપડા તો ઉતારી શકે કે નહિ? એ પરચીજને ઉતારી શકે કે પહેરે એ વાત અહીં નથી. એમ કહે, ભગવાન ઉતારે છે ને? એ તો ઉતરી જાય છે. એ જડની અવસ્થા એ સમયે ઉતરી જવાની હતી તો ઉતરે છે. આત્માએ વિકલ્પ કર્યો માટે વસ્ત્ર છુટી ગયા એમ નથી. આહાહા..! ભારે આકરું કામ. સાધુ કપડા છોડે? ના. પરવસ્તુ છે ને? પરમાણુને અડતો નથી તો વળી કપડાને ક્યાં અડે? આહાહા..! પ્રભુનો માર્ગ કોઈ જુદો છે, ભાઈ!

'દ્રવ્યલિંગના ત્યાગ વડે દર્શનજ્ઞાનચારિત્રની મોક્ષમાર્ગપણે...' આહાહા..! 'ઉપાસના જોવામાં આવે છે...' આચાર્ય શું કહે છે? કે, અમે તો ભગવાનની દર્શન-જ્ઞાન-ચારિત્રની ઉપાસના જોઈએ છીએ. અમે શરીરની ક્રિયા જોતા નથી. શું કહે છે? અમે શરીરની, સંયોગની ક્રિયા જોતા નથી. સંયોગને જોતા નથી. અંદર એના સ્વભાવને અમે તો જોઈએ છીએ. ભગવાન તો દર્શન-જ્ઞાન-ચારિત્રની સેવા કરે છે તે અમે જોઈએ છીએ. આહાહા..! સમજાય છે કાંઈ? સંયોગબુદ્ધિ છુટી ગઈ.

અત્યારે આ બધી ગડબડ ચાલે છે, જુઓને! લ્યો, અમે આમ કર્યું, લ્યો, અમે હાથ આમ કર્યો. પણ ભાઈ! તું જોવે છે એ હાથ તો સંયોગી ચીજ છે. એની નજર તેં કરી પણ અંદર આત્માએ શું કર્યું એ તેં જોયું નહિ. અગ્નિ (હોય) અને અહીંયા પાણી (હોય). અગ્નિ આવી તો પાણી ઊનું થયું. નહિતર ઠંડું હતું. દુનિયા એમ જોવે છે કે પેલી અગ્નિ આવી તો (પાણી ઊનું થયું). પણ આ પાણી પોતાથી ઊનું થયું એમ (દુનિયા) જોતી નથી. સમજાય છે કાંઈ? આનાથી આ થયું એમ દુનિયા (જોવે છે). સંયોગથી જોવાવાળી દૃષ્ટિ છે તે મિથ્યા છે. આહાહા..!

અહીં કહે છે, અમે તો નગ્નપણું (લીધું), ત્યાગ કર્યો એ અમે જોતા નથી. અમે તો અંદર દર્શન-જ્ઞાન-ચારિત્રનું સેવન કરે છે એ જોઈએ છીએ. આહાહા..! છે? 'મોક્ષમાર્ગપણે ઉપાસના જોવામાં આવે છે...' આહાહા..! એક વાત. બીજા કોઈ કહે કે, સામાના દર્શન-જ્ઞાન-ચારિત્રની ખબર ન પડે, એમ કોઈ કહે. કેમકે એ તો અરૂપી (પરિણામ છે). અહીં કહે છે કે, અમે જોઈએ છીએ. ભગવાન દર્શન-જ્ઞાન-ચારિત્રને સેવે છે એ અમે જોઈએ છીએ. આહાહા..! પંચ મહાવ્રતધારી મુનિરાજ ('અમૃતચંદ્રાચાર્યદેવ' કહે છે). આહાહા..! પદ્મપ્રભમલધારીદેવ' મુનિ. આહા..! બહુ સમર્થ છે, બહુ સમર્થ છે. 'પદ્મપ્રભમલધારીદેવ' તીર્થંકર થશે એમ આત્મામાંથી આવ્યું છે. ભવિષ્યમાં 'પદ્મપ્રભમલધારીદેવ' તીર્થંકર થશે. આહાહા..! એ અર્થમાં નીકળે છે. આ તો 'અમૃતચંદ્રાચાર્ય' છે. 'સમયસાર' છે ને? 'નિયમસાર' માં લખ્યું છે, એમ આ લખ્યું છે.

અમે તો અંતરદૃષ્ટિથી જોઈએ છીએ. એમની દૃષ્ટિ, એમનું જ્ઞાન અને એમની રમણતા કેવી છે તે અમે જોઈએ છીએ. એક તો આ વાત આવી કે, મોક્ષમાર્ગ દ્રવ્યલિંગની ક્રિયા નથી. બીજી વાત આ આવી કે, બીજો બીજાના દર્શન-જ્ઞાન-ચારિત્રને જોઈ શકે છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે કે નહિ? જુઓ!

'અર્હંતદેવોને, શુદ્ધજ્ઞાનમયપણું હોવાને લીધે દ્રવ્યલિંગને આશ્રયભૂત શરીરના મમકારનો ત્યાગ હોવાથી, શરીરાશ્રિત દ્રવ્યલિંગના ત્યાગ વડે દર્શનજ્ઞાનચારિત્રની મોક્ષમાર્ગપણે...' દર્શન-જ્ઞાન-ચારિત્રની (પ્રવૃત્તિ), બીજી કોઈ નહિ. 'મોક્ષમાર્ગપણે ઉપાસના જોવામાં આવે છે...' આહાહા..! આત્મા શું કરે? સામાને પણ જાણી લે કે આ આવો જીવ છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? સામા જીવમાં અરૂપી દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એ પણ નક્કી કરી લે. આહાહા..!

અવગ્રહમાં પાઠ છે. મતિ (જ્ઞાનના ભેદમાં) અવગ્રહ છે ને? અવગ્રહ, ઇહા, અવાય, ધારણા, ત્યાં પાઠ છે. આ તીર્થંકર છે, તીર્થંકર નહિ પણ બીજો કોઈપણ આ જીવ છે તે ભવિ, અભવિ છે (તે જાણી લે). એમ આવ્યું છે. આ ભવિ છે કે અભવિ છે? વિચાર કરતાં કરતાં તેને (જણાય કે) દર્શન-જ્ઞાન-ચારિત્ર તેની પાસે છે માટે તે ભવિ છે. એમ પાઠ છે. આહાહા..! ભવિ-અભવિનું અવગ્રહમાં આવે ને? 'સર્વાર્થસિદ્ધિ' આદિમાં તો અવગ્રહ એટલે આ કાઠિયાવાડી છે, એમ આવ્યું છે. અવગ્રહ, ઇહા, વિચારણા ને એમ. અને અહીં તો 'ષટ્ખંડાગમ' માં આવ્યું છે. આહાહા..!

આ કોણ છે? એમ વિચાર કરતા કરતા (જણાય કે) આ ભવ્ય છે. કેમ? કે, તેના દર્શન-જ્ઞાન-ચારિત્ર શું છે તે અમારા ખ્યાલમાં આવે છે. આહાહા..! બહુ ફેર, વાતે વાતે ફેર. સામા જીવના દર્શન-જ્ઞાન-ચારિત્ર ખ્યાલમાં આવી ગયા. આ તો અત્યારે તો હજી એ કહે છે કે, પોતાની ખબર પડે નહિ, એમ કહે છે. નિશ્ચય સમકિત પોતાને ખબર ન પડે, એમ અત્યારે તો કહે છે. નિશ્ચય સમકિતની ખબર ન પડે. અરે..! પ્રભુ! શું બોલે છે? આમ ન બોલ. આહાહા..!

અહીં તો સામાના સમકિત-જ્ઞાન ને ચારિત્રની ખબર પડે, એમ ભગવાન કહે છે. આહાહા..! તો પોતાની તો શું વાત કરવી? આહાહા..! પોતે પોતાને બરાબર જાણી શકે છે. પરને જાણી શકે છે, ભવ્ય-અભવ્યની પરીક્ષા કરવા જાય છે ત્યાં તેના શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્રની લાઈન જોવે છે. આહા..! આ તો સમકિતી ચારિત્રવંત છે, આ તો સમકિતી જ્ઞાની છે. ભવિ તો છે જ. આહાહા..! બહુ ફેર, વાતે વાતે ફેર ઘણો, ભાઈ! મૂળ વસ્તુ વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવની કથનની શૈલી કોઈ અલૌકિક છે! ક્યાંય છે નહિ. દિગંબર સંતો સિવાય એ વાત ક્યાંય છે નહિ. આહાહા..! એણે સાક્ષાત્ કેવળી પાસે સાંભળ્યું. 'કુંદકુંદાચાર્ય' ભગવાન પાસે આઠ દિ' ગયા હતા. સાંભળીને, અહીંયા આવીને આ 'સમયસાર' શાસ્ત્ર

રચ્યું. આહાહા..!

મુમુક્ષુ :- સામાવાળાનું કોઈ ચિહ્ન જોવે કે અંતર જોવે?

ઉત્તર :- અંતર... અંતર એનો ભાવ દેખે. એની લાઈન ને ભાષા આદિ દેખે. ભાષા આદિથી પણ દેખે કે અંદર આ લાઈન જુદી છે. પાઠ છે. સામાને બરાબર જાણી શકે. જ્યારે સામાના દર્શન-જ્ઞાન-ચારિત્રને જાણી શકે એ પોતાને ન જાણી શકે? અરે..! પ્રભુ! પોતાને નિશ્ચય સમકિતની ખબર ન પડે, આહાહા..! એમ ન હોય.

'જ્ઞાનમતિ' આર્જિકા છે ને? એ તો વળી ત્યાં સુધી કહે છે, અમે ભવિ છીએ કે અભવિ, કાળલબ્ધિ પાકી કે નથી પાકી એ ભગવાન જાણે. ભવિ-અભવિનું ભગવાન જાણે એમ (કહે છે). અર..ર..ર...! પ્રભુ! હજી ભવિ-અભવિનો નિર્ણય ન મળે? આહાહા..! વાત થોડી સૂક્ષ્મ છે પણ ફેર—આંતરો બહુ છે. બહુ અંતર છે. એ તો ત્યાં સુધી કહે છે કે, ભવિ છું કે અભવિ એ ભગવાનના જ્ઞાનમાં આવે ને ભગવાન જાણે એ ખરું! એમ આવ્યું હતું, છાપામાં આવ્યું હતું. અર..ર..ર..! અહીં તો કહે છે કે, સમ્યગ્દર્શન પોતાને તો હોય પણ સામાને જોઈને કહી દે. આહાહા..!

મુમુક્ષુ :- એવા મુનિઓને ધન્ય છે કે બીજા દર્શન-જ્ઞાન-ચારિત્રની ઓળખાણ કરી લે છે.

ઉત્તર :- ઓહોહો.! એ તો વીતરાગ માર્ગમાં જ છે. વીતરાગ માર્ગ જ અનાદિનો છે, અત્યારે આ ફેરફાર થઈ ગયો. અનાદિનો આ દિગંબર ધર્મ છે. અનાદિનો છે, કંઈ પહેલો નથી. અનાદિનું આ જાતનું વલણ છે. ભગવાન 'સીમંધરસ્વામી' પાસે ચાલે છે એ આ છે. આહાહા..!

અહીં કહે છે કે, 'મોક્ષમાર્ગપણે ઉપાસના જોવામાં આવે છે (અર્થાત્ તેઓ શરીરાશ્રિત દ્રવ્યલિંગનો ત્યાગ કરીને દર્શનજ્ઞાનચારિત્રને મોક્ષમાર્ગ તરીકે સેવતા જોવામાં આવે છે).' આહાહા..! પંચ મહાવ્રતધારી મુનિ કહે છે. આ તો 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે). 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા હિન્દુસ્તાનમાં દિગંબરમાં પણ બીજે ક્યાંય એના જેવી ટીકા નથી. એવી ગંભીરતાથી ભરેલી! 'સમયસાર' ની ટીકા. આ એ ટીકા છે.

ભાવાર્થ :- 'જો દેહમય દ્રવ્યલિંગ મોક્ષનું કારણ હોત તો અર્હંતદેવ વગેરે...' મુનિઓ 'દેહનું મમત્વ છોડી દર્શનજ્ઞાનચારિત્રને શા માટે સેવત?' આહાહા..! (અત્યારે) તો દ્રવ્યલિંગ પણ નથી અને અમે બરાબર મોક્ષમાર્ગમાં છીએ. અમને મુનિ ન માને તો નહિ. એમ માને છે. શું કરે બિચારા? એને દુઃખ લાગે. દુઃખ લાગે, પદવી પ્રમાણે ન મનાય તો વાત સાચી, આત્મા છે. દુઃખ લાગે, કોઈને દુઃખ લાગે એવી કાંઈ ભાવના હોય? બધા ભગવાન છે, પરમાત્મા છે. ભગવાન થઈ જાઓ, પ્રભુ! પામરપણું ન રહો. પામરપણું પ્રભુ! કલંક છે. પ્રભુ! બીજાને માટે નથી પણ તારે માટે છે. આહાહા..! પામરપણું કલંક છે. પ્રભુતાપણું તે

અંદર નિષ્કલંક છે.

એમાં પ્રભુતા નામનો ગુણ ભર્યો છે. આત્મામાં એક પ્રભુતા નામનો ગુણ છે. આહાહા..! એ ગુણ અનંત ગુણમાં વ્યાપ્યો છે. શું કહ્યું? પ્રભુતા નામનો એક ગુણ છે. જ્ઞાનગુણમાં પ્રભુતા, દર્શનમાં પ્રભુતા, ચારિત્રમાં પ્રભુતા, વીર્યમાં પ્રભુતા, અસ્તિત્વમાં પ્રભુતા એમ અનંત ગુણમાં પ્રભુતાનું રૂપ ભર્યું છે. આહાહા..! પ્રભુ! તું એવડો પ્રભુ છો. આહાહા..!

અનંત ગુણ તો છે. અનંત.. અનંત.. અનંત.. અનંત.. ત્રણ કાળના સમય કરતા અનંતગુણા ગુણ એક આત્મામાં છે. ત્રણકાળના સમય કરતાં અનંતગુણા ગુણ એક આત્મામાં છે. અને એક એક ગુણમાં પ્રભુતા આદિ દરેકમાં ભરી છે. આહાહા..! અનંત ગુણમાં પ્રભુતા ભરી છે. આહાહા..! નજર ફેરવ્યે વાત ફરી જાય એમ છે. આહાહા..!

અહીં એ કહે છે, 'દેહમય દ્રવ્યલિંગ મોક્ષનું કારણ હોત તો અર્હંતદેવ વગેરે દેહનું મમત્વ છોડી દર્શનજ્ઞાનચારિત્રને શા માટે સેવત? દ્રવ્યલિંગથી જ મોક્ષને પામત. માટે એ નક્કી થયું કે–દેહમય લિંગ મોક્ષમાર્ગ નથી.' આહાહા..! એ અઠ્યાવીસ મૂળગુણ ને પંચ મહાવ્રત આદિ મોક્ષમાર્ગ નથી. આહાહા..! 'પરમાર્થે દર્શનજ્ઞાનચારિત્રરૂપ આત્મા જ મોક્ષનો માર્ગ છે.' એ આત્મા નથી, પંચ મહાવ્રત રાગાદિ આત્મા નથી. 'દર્શનજ્ઞાનચારિત્રરૂપ આત્મા જ મોક્ષનો માર્ગ છે.'

'હવે એ જ સિદ્ધ કરે છે (અર્થાત્ દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ નથી, દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે–એમ સિદ્ધ કરે છે) :–'

* દ્રવ્યલિંગ તો સર્વથા જીવનું સ્વરૂપ નથી અને ભાવલિંગ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધ નિર્મળ પર્યાય, જે પૂર્ણ સ્વરૂપ એવા મોક્ષનું સાધક છે તે પણ ઉપચારથી જીવનું સ્વરૂપ કહેવાય છે, પરમાર્થ સૂક્ષ્મ શુદ્ધ નિશ્ચયનયથી તે પણ જીવનું સ્વરૂપ નથી. આહાહા! સાધક પર્યાયને દ્રવ્યની છે તેમ ઉપચારથી કહેવામાં આવે છે. દેહાદિ કે રાગાદિ તો જીવના નથી જ પણ અહીં તો ભાવલિંગની નિર્મળ પર્યાય જે મોક્ષની સાધક છે તે પણ જીવની છે તેમ ઉપચારથી કહેવામાં આવે છે. પર્યાયનું લક્ષ છોડાવવા, ભેદજ્ઞાનની પરાકાષ્ટાની આ ગાથા (પરમાત્મપ્રકાશ-૮૮) છે. ધ્રુવસ્વભાવની સન્મુખ જે ધ્યાનની અકષાય સાધક પર્યાય પ્રગટ થાય છે તે પણ ઉપચારથી જીવનું સ્વરૂપ છે, પરમાર્થથી તો ત્રિકાળી ધ્રુવસ્વભાવ જ જીવનું સ્વરૂપ છે. આવી વાત તો ભાગ્યશાળી હોય તેને કાને પડે છે. ૩૦૫.

– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર

# ગાથા-૪૧૦

अथैतदेव साधयति -

ण वि एस मोक्खमग्गो पासंडीगिहिमयाणि लिंगाणि।
दंसणणाणचरित्ताणि मोक्खमग्गं जिणा बेंति।।४१०।।

नाप्येष मोक्षमार्गः पाषण्डिगृहिमयानि लिङ्गानि।
दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गं जिना ब्रुवन्ति।।४१०।।

न खलु द्रव्यलिङ्गं मोक्षमार्गः, शरीराश्रितत्वे सति परद्रव्यत्वात्। दर्शनज्ञानचारित्राण्येव मोक्षमार्गः, आत्माश्रितत्वे सति स्वद्रव्यत्वात्।

---

હવે એ જ સિદ્ધ કરે છે (અર્થાત્ દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ નથી, દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે-એમ સિદ્ધ કરે છે) :-

મુનિલિંગ ને ગૃહીલિંગ-એ લિંગો ન મુક્તિમાર્ગ છે;
ચારિત્ર-દર્શન-જ્ઞાનને બસ મોક્ષમાર્ગ જિનો કહે. ૪૧૦.

ગાથાર્થ :- [ पाषण्डिगृहिमयानि लिङ्गानि ] મુનિનાં અને ગૃહસ્થનાં લિંગો [ एषः ] એ [ मोक्षमार्गः न अपि ] મોક્ષમાર્ગ નથી; [ दर्शनज्ञानचारित्राणि ] દર્શન-જ્ઞાન-ચારિત્રને [ जिनाः ] જિનદેવો [ मोक्षमार्गं ब्रुवन्ति ] મોક્ષમાર્ગ કહે છે.

ટીકા :- દ્રવ્યલિંગ ખરેખર મોક્ષમાર્ગ નથી, કારણ કે તે (દ્રવ્યલિંગ) શરીરાશ્રિત હોવાથી પરદ્રવ્ય છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે, કારણ કે તેઓ આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે.

ભાવાર્થ :- મોક્ષ છે તે સર્વ કર્મના અભાવરૂપ આત્મપરિણામ (-આત્માના પરિણામ) છે, માટે તેનું કારણ પણ આત્માના પરિણામ જ હોવું જોઈએ. દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માના પરિણામ છે; માટે નિશ્ચયથી તે જ મોક્ષનો માર્ગ છે.

લિંગ છે તે દેહમય છે; દેહ છે તે પુદ્‌ગલદ્રવ્યમય છે; માટે આત્માને દેહ મોક્ષનો માર્ગ નથી. પરમાર્થે અન્ય દ્રવ્યને અન્ય દ્રવ્ય કાંઈ કરતું નથી એ નિયમ છે.

## ગાથા–૪૧૦ ઉપર પ્રવચન

૪૧૦ ગાથા.

ण वि एस मोक्खमग्गो पासंडीगिहिमयाणि लिंगाणि।
दंसणणाणचरित्ताणि मोक्खमग्गं जिणा बेंति।।४१०।।

'पासंडी' છે, હોં! પાખંડી નહિ. 'पासंडी' છે. 'पासंडी' નો અર્થ મુનિ થાય છે. પાખંડી નહિ, 'पासंडी' છે. 'पासंडी'નો અર્થ અહીં મુનિ થાય છે. 'કુંદકુંદાચાર્ય'ને ભગવાનનો આશ્રય લેવો પડ્યો, કે ભગવાન આમ કહે છે. પણ પ્રભુ! તમે કહો છો એ બરાબર છે. આવ્યું ને? 'मोक्खमग्गं जिणा बेंति' જિનેશ્વરો કહે છે. આહાહા..! પોતે જાણતા નથી? વીતરાગ આમ કહે છે, ભાઈ! ત્રણલોકના નાથ કેવળી પરમાત્મા એમ 'जिणा बेंति' વીતરાગો એમ કહે છે... આહાહા..! કે દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે, બીજો મોક્ષમાર્ગ નથી, બે મોક્ષમાર્ગ નથી. આહાહા..! મોક્ષમાર્ગ એક જ છે. બે તો કથનની પ્રરૂપણાની શૈલીથી કહ્યું છે. મોક્ષમાર્ગ બે નથી, મોક્ષમાર્ગ એક જ છે–સ્વઆશ્રય.

જેટલો સ્વઆશ્રય તેટલો મોક્ષમાર્ગ. જેટલો પરાશ્રય તેટલો બંધમાર્ગ. ચાહે તો તીર્થંકરનો આશ્રય લે તોપણ રાગ અને બંધન ભાવ ઉત્પન્ન થશે. આહાહા..! સમજાય છે કાંઈ? પંચ પરમેષ્ઠીનો આશ્રય લે તોપણ એ પરદ્રવ્ય છે. તેમના આશ્રયે તો રાગ જ થશે. પોતાનો સ્વ-આશ્રય ભગવાન પૂર્ણાનંદનો નાથ.. આહાહા..! તેના અવલંબનથી, તેના આશ્રયે, તેના આધારે મોક્ષમાર્ગ છે. ભલે આધાર પર્યાય છે પણ પર્યાયનો આધાર એ છે. આહાહા..!

મુનિલિંગ ને ગૃહીલિંગ-એ લિંગો ન મુક્તિમાર્ગ છે;
ચારિત્ર-દર્શન-જ્ઞાનને બસ મોક્ષમાર્ગ જિનો કહે. ૪૧૦.

જિનો કહે. પોતે કહે છે પણ કહે છે, પ્રભુ કહે છે (એમ લખે છે).

ટીકા :– 'દ્રવ્યલિંગ ખરેખર મોક્ષમાર્ગ નથી,...' ખરેખર તો પંચ મહાવ્રતની ક્રિયા, અઠ્ઠાવીસ મૂળગુણ એ કોઈ મોક્ષમાર્ગ નથી, છતાં આવ્યા વિના રહેતા નથી. પૂર્ણ વીતરાગ ન હોય તેને આવે છે. આહાહા..! અશુભથી બચવા શુભભાવ આવે છે પણ એ મોક્ષમાર્ગ નથી. આહાહા...! વ્યવહારથી જાણવાલાયક છે. એ કહે છે. 'દ્રવ્યલિંગ ખરેખર મોક્ષમાર્ગ નથી,...' ખરેખર એટલે યથાર્થપણે 'મોક્ષમાર્ગ નથી, કારણ કે તે (દ્રવ્યલિંગ) શરીરાશ્રિત હોવાથી પરદ્રવ્ય છે.' આહાહા...! શરીરાશ્રિત હોવાથી પરદ્રવ્ય છે. આહાહા..!

'નિયમસાર.. નિયમસાર'.. આહાહા..! ત્યાં તો કહે છે, પોતાથી મુક્તિ થાય છે, પરથી

નહિ. પરના આશ્રયે બિલકુલ થતી નથી. પોતાના આશ્રયે થાય છે. આહાહા..! પોતાના આશ્રય વિના દર્શન-જ્ઞાન-ચારિત્ર કિંચિત્ ઉત્પન્ન થતા નથી. આહાહા..! કારણ કે તેની ઉત્પત્તિનો, દર્શન-જ્ઞાન-ચારિત્રની ઉત્પત્તિનું ધામ (ભગવાન) છે. એ ત્રણની ઉત્પત્તિનું ધામ ભગવાન છે. આહાહા..! 'નિયમસાર' 'કુંદકુંદાચાર્યે' પોતાને માટે બનાવ્યું છે. ત્યાં પણ કહ્યું છે કે, દ્રવ્યલિંગ બિલકુલ મોક્ષમાર્ગ નથી.

'દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે, કારણ કે તેઓ આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે.' 'આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે.' આહાહા..! 'નિયમસાર' માં પોતાની મોક્ષમાર્ગની પર્યાયને પરદ્રવ્ય કહ્યું છે. શું કહ્યું? શરીરાદિ તો પરદ્રવ્ય છે જ, રાગાદિ તો પરદ્રવ્ય છે, પણ મોક્ષમાર્ગ-નિર્મળ પર્યાય સ્વદ્રવ્ય નથી માટે પરદ્રવ્ય છે, એમ કહ્યું છે. પરદ્રવ્ય છે એમ કહ્યું છે અને તેને હેય, પરદ્રવ્ય અને પર્યાયસ્વભાવ હોવાથી છોડવાલાયક છે (એમ કહ્યું છે). આહાહા..! ૫૦ મી ગાથા.

સમકિતને પરદ્રવ્ય કહ્યું. (એમાં) હેતુ છે. જેમ પરદ્રવ્યમાંથી પોતાની નવી પર્યાય આવતી નથી એમ પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી. પર્યાય તો દ્રવ્યમાંથી આવે છે. તેથી તેને પરદ્રવ્ય કહી દીધું. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આ શરીર તો ક્યાંય રહી ગયું. આહાહા..! રાગ ને દ્વેષ ને દયા, દાનના પરિણામ તો ક્યાંય પરદ્રવ્યમાં રહી ગયા. નિર્મળ મોક્ષનો માર્ગ પરદ્રવ્ય (કહ્યું). કારણ કે માર્ગ પ્રગટ્યો છે તેમાંથી નવી પર્યાય આવતી નથી. શુદ્ધિની વૃદ્ધિ તેનાથી થતી નથી. શુદ્ધિની વૃદ્ધિ સ્વના આશ્રયે થાય છે. આહાહા..! માટે સ્વદ્રવ્ય છે એ સિવાય જેટલી પર્યાય છે તે બધી પરદ્રવ્ય છે. આહાહા..! ગજબ વાત છે, ભાઈ! વીતરાગની વાતો ઝીણી બહુ. આહાહા..!

શરીર તો પરદ્રવ્ય છે, પંચ મહાવ્રત રાગાદિ તો પરદ્રવ્ય છે પણ મોક્ષનો માર્ગ જે અંદર આત્માના આશ્રયે પર્યાય પ્રગટી એ પર્યાયને પરદ્રવ્ય કહી દીધી છે. કારણ કે પરદ્રવ્યમાંથી પોતાની નિર્મળ પર્યાય થતી નથી તેમ પોતાની પર્યાયમાંથી નવી પર્યાય થતી નથી. દ્રવ્યમાંથી પર્યાય થાય છે. તે કારણે દ્રવ્યને-સ્વદ્રવ્યને દ્રવ્ય કહ્યું અને પર્યાયને પરદ્રવ્ય કહ્યું. આહાહા..! આવી આકરી વાત છે. અહીં તો હજી દયા, દાન ને વ્રત ને ભક્તિને મોક્ષમાર્ગ (કહે છે).

અહીં તો એ કહે છે... આહાહા..! 'આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે.' જુઓ! ત્યાં એ કહ્યું કે, જેટલો આત્માનો આશ્રય તે સ્વદ્રવ્ય. આહાહા..! અને જેટલી પર્યાય છે તે પર્યાય વ્યવહારનયનો વિષય છે. દ્રવ્ય નિશ્ચયનો વિષય છે. પર્યાય-મોક્ષનો માર્ગ છે તે પણ પર્યાય છે. તે પણ વ્યવહારનયનો વિષય છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ!

અહીંયા એ કહે છે કે, 'આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે.' જોયું? પેલામાં આવ્યું ને કે 'શરીરાશ્રિત હોવાથી પરદ્રવ્ય છે.' આહાહા..! 'દર્શન-જ્ઞાન-ચારિત્ર જ (નિશ્ચય) મોક્ષમાર્ગ છે.' આહાહા..! કોઈ કહે કે, એકાંત તો ન થવું જોઈએ, કથંચિત્ હોવું જોઈએ. કથંચિત્

નિશ્ચય મોક્ષમાર્ગ અને કથંચિત્ વ્યવહાર મોક્ષમાર્ગ. અહીં એમ નથી. એ ફુદડીવાદ થયો. અનેકાંત તો એ છે કે, નિશ્ચયથી મોક્ષમાર્ગ છે, વ્યવહારથી મોક્ષમાર્ગ નથી. તેનું નામ અનેકાંત છે. ભારે કામ આકરું, બાપા! આહાહા..!

અહીં મોક્ષમાર્ગ કેમ કહ્યું? કે, આત્માશ્રિત હોવાથી. આહાહા..! અને તેને સ્વદ્રવ્ય કહ્યું, ભાઈ! કોને? દર્શન-જ્ઞાન-ચારિત્રને. દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે. અહીં સ્વદ્રવ્ય કીધું, 'નિયમસાર' માં પરદ્રવ્ય કીધું. આહાહા..! અનેકાંતની વાણી વીતરાગની (છે). ત્રણલોકના નાથ.. આહાહા..! અહીંયા શું કહ્યું? 'કારણ કે આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે.' કોણ સ્વદ્રવ્ય છે? દર્શન, જ્ઞાન ને ચારિત્ર. નિશ્ચય સમ્યગ્દર્શન, (જ્ઞાન) ને ચારિત્ર આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે. અને પેલું (દ્રવ્યલિંગ) શરીરાશ્રિત હોવાથી પરદ્રવ્ય છે.

મુમુક્ષુ :– 'નિયમસાર' માં આને જ પરદ્રવ્ય કીધું.

ઉત્તર :– પરદ્રવ્ય કીધું છે, આને પરદ્રવ્ય કીધું છે. એ જ કીધું ને, ૫૦ મી ગાથા. ક્ષાયિક સમકિત પરદ્રવ્ય છે. કારણ કે તેમાંથી નવી પર્યાય આવતી નથી. નવી પર્યાય જેમાંથી આવે તે અમારું દ્રવ્ય.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– પર્યાયને સ્વદ્રવ્ય કહ્યું છે. આહાહા..! પાઠ છે ને, ટીકા છે ને. આહાહા...! 'आत्माश्रितत्वे सति स्वद्रव्यत्वात्' ઉપર સંસ્કૃતમાં છે. કઈ અપેક્ષાથી? ફક્ત સ્વદ્રવ્યનો આશ્રય છે તે અપેક્ષાએ પર્યાયને પણ સ્વદ્રવ્ય કહ્યું છે. પરદ્રવ્યનો આશ્રય છે તેમાં ભલે રાગ હો તોપણ તેને પરદ્રવ્ય કહ્યું, પુદ્ગલ કહ્યું, પુદ્ગલ! દયા, દાનના પરિણામ પુદ્ગલ! પહેલા પરિણામ કહ્યા, પુદ્ગલના પરિણામ કહ્યા પહેલા. પછી કહ્યું કે, પુદ્ગલ જ છે. 'સમયસાર' માં પાઠ છે. આહાહા..! પંચ મહાવ્રત પુદ્ગલ છે. અર..ર..ર...! ભગવાન અંદર ચિદાનંદ નિર્મળાનંદ રાગથી પૃથક્ બિરાજે છે. તેને આશ્રયે જે દશા થાય તે તેની છે અથવા સ્વદ્રવ્ય છે. આહાહા..! અહીં તો એમ કહ્યું, 'આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે.'

ભાવાર્થ :– 'મોક્ષ છે તે સર્વ કર્મના અભાવરૂપ આત્મપરિણામ (–આત્માના પરિણામ) છે,...' જુઓ! અહીં મોક્ષમાર્ગને આત્માના પરિણામ કહ્યા છે. 'માટે તેનું કારણ પણ આત્માના પરિણામ જ હોવું જોઈએ.' શું કહે છે? મોક્ષ છે તે કર્મથી રહિત આત્માના પરિણામ છે. મોક્ષ છે તે આત્માના પરિણામ છે તો તેનું કારણ પણ આત્માના પરિણામ હોવું જોઈએ. આહાહા..! કારણ સદ્દશ કાર્ય. તો જે નિર્મળ મોક્ષ પોતાના પરિણામ છે તો પોતાના નિર્મળ પરિણામ જ મોક્ષનો માર્ગ છે. રાગાદિ મોક્ષનો માર્ગ નથી. આહાહા..! 'આત્માના પરિણામ જ હોવું જોઈએ.'

'મોક્ષ છે તે સર્વ કર્મના અભાવરૂપ આત્મપરિણામ (–આત્માના પરિણામ) છે, માટે તેનું કારણ પણ આત્માના પરિણામ જ હોવું જોઈએ.' શું કહ્યું સમજાયું? મોક્ષ છે તે આત્માના

પરિણામ છે તો તેનું કારણ પણ આત્માના પરિણામ હોવું જોઈએ. રાગાદિ આત્માના પરિણામ નથી. આહાહા..! 'પુણ્ય-પાપ અધિકાર' માં આવ્યું હતું. આત્મા મુક્તસ્વરૂપ છે તો મુક્તસ્વરૂપના પરિણામ પ્રગટ થાય છે અને રાગ તો બંધ છે તેમાંથી બંધનું કારણ ઉત્પન્ન થાય છે. આવે છે ને? ભાઈ! 'પુણ્ય-પાપ અધિકાર' માં આવે છે. ખબર છે. આહાહા..!

અહીં કહે છે, 'મોક્ષ છે તે સર્વ કર્મના અભાવરૂપ આત્મપરિણામ...' (છે). સિદ્ધને પણ આત્મપરિણામ છે તો તેનું કારણ પણ આત્મપરિણામ હોવું જોઈએ. તેનું કારણ રાગાદિ નથી. રાગાદિ બંધનું કારણ છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા બધું બંધનું કારણ છે. આહાહા..!

મુમુક્ષુ :– એક જાતી છે મોક્ષના પરિણામને આત્મા (એક જાત છે).

ઉત્તર :– જાત એની છે. મોક્ષના પરિણામ નિર્મળ છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્મળ છે. ભલે ઓછું છે પણ જાત એની એક છે. આહાહા..! આવી વાત આકરી પડે. માર્ગ તો આ છે, પ્રભુ! પ્રભુએ કહેલો છે અને ભગવાન તરીકે તો બોલાવે છે. ૭૨ ગાથામાં 'અમૃતચંદ્રાચાર્ય' ... ભગવાન આત્મા, એમ કહીને બોલાવે છે. ૭૨ ગાથામાં ત્રણ વાર આવે છે. પુણ્ય અને પાપ અશુચિ અને મેલ છે, ભગવાન આત્મા નિર્મળાનંદ છે, એમ કહ્યું છે અંદર. આહાહા..! અરે..! પ્રભુ! તને ભગવાન તરીકે બોલાવ્યો. આહાહા..! ભગવાન આત્મા..! ૭૨ ગાથામાં પાઠ છે. શુભ અને અશુભભાવ અશુચિ અને મેલ છે. ભગવાન આત્મા નિર્મળાનંદ, જ્ઞાનાનંદ છે. આહાહા..!

શુભાશુભ પરિણામ અજીવ છે, જડ છે, ભગવાન આત્મા ચૈતન્ય છે. બીજા બોલમાં એમ કહ્યું છે. ત્રીજા બોલમાં એમ કહ્યું કે, પુણ્ય-પાપ ભાવ દુઃખરૂપ છે, આત્મા સુખનું કારણ છે. આહાહા..! ત્રણ બોલ લીધા છે. ત્યાં ભગવાન આત્મા સુખનું કારણ લીધું છે. આહાહા..!

મુમુક્ષુ :– તે વાત સાચી કે તેમાં કોઈ અપેક્ષા છે?

ઉત્તર :– સાચી છે. અપેક્ષા.... ભગવાન આત્મા..! આહાહા..! પોતાના આત્માના આશ્રયે ઉત્પન્ન થયું તેને પોતાની ચીજ કહે છે. પરના આશ્રયે ઉત્પન્ન થયું તેને પર કહે છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

* શ્રોતા :– પર્યાયનો વિવેક અને પર્યાયદૃષ્ટિ એ બેમાં શું ફેર છે?

પૂજ્ય ગુરુદેવ :– પર્યાયનું જ્ઞાન કરવું તે પર્યાયનો વિવેક છે અને પર્યાયની રુચિ અને દૃષ્ટિ રાખીને પર્યાય જેટલું જ પોતાનું અસ્તિત્વ માનવું તે પર્યાયદૃષ્ટિ છે. બેમાં મોટો ફેર છે. ૭૬૫.

– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર

# ગાથા–૪૧૧

यत एवम् -

तम्हा जहित्तु लिंगे सागारणगारएहिं वा गहिदे।
दंसणणाणचरित्ते अप्पाणं जुंज मोक्खपहे।।४११।।
तस्मात् जहित्वा लिङ्गानि सागारैरनगारकैर्वा गृहीतानि।
दर्शनज्ञानचारित्रे आत्मानं युंक्ष्व मोक्षपथे।।४११।।

यतो द्रव्यलिङ्गं न मोक्षमार्गः, ततः समस्तमपि द्रव्यलिङ्गं त्यक्त्वा दर्शनज्ञानचारित्रेष्वेव, मोक्षमार्गत्वात्, आत्मा योक्तव्य इति सूत्रानुमतिः।

---

જો આમ છે (અર્થાત્ જો દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી અને દર્શનજ્ઞાનચારિત્ર જ મોક્ષમાર્ગ છે) તો આમ (નીચે પ્રમાણે) કરવું-એમ હવે ઉપદેશ કરે છે :–

તેથી તજી સાગાર કે અણગાર-ધારિત લિંગને,
ચારિત્ર-દર્શન-જ્ઞાનમાં તું જોડ રે! નિજ આત્મને. ૪૧૧.

ગાથાર્થ :– [ तस्मात् ] માટે [ सागारैः ] સાગારો વડે (-ગૃહસ્થો વડે) [ अनगारकैः वा ] અથવા અણગારો વડે (-મુનિઓ વડે) [ गृहीतानि ] ગ્રહાયેલાં [ लिङ्गानि ] લિંગોને [ जहित्वा ] છોડીને, [ दर्शनज्ञानचारित्रे ] દર્શનજ્ઞાનચારિત્રમાં-[ मोक्षपथे ] કે જે મોક્ષમાર્ગ છે તેમાં-[ आत्मानं युंक्ष्व ] તું આત્માને જોડ.

ટીકા :– કારણ કે દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી, તેથી સમસ્ત દ્રવ્યલિંગને છોડીને દર્શનજ્ઞાનચારિત્રમાં જ, તે (દર્શનજ્ઞાનચારિત્ર) મોક્ષમાર્ગ હોવાથી, આત્માને જોડવાયોગ્ય છે-એમ સૂત્રની અનુમતિ છે.

ભાવાર્થ :– અહીં દ્રવ્યલિંગને છોડી આત્માને દર્શનજ્ઞાનચારિત્રમાં જોડવાનું વચન છે તે સામાન્ય પરમાર્થ વચન છે. કોઈ સમજશે કે મુનિ-શ્રાવકનાં વ્રતો છોડાવવાનો ઉપદેશ છે. પરંતુ એમ નથી. જેઓ કેવળ દ્રવ્યલિંગને જ મોક્ષમાર્ગ જાણી ભેખ ધારણ કરે છે, તેમને દ્રવ્યલિંગનો પક્ષ છોડાવવા ઉપદેશ કર્યો છે કે-ભેખમાત્રથી (વેશમાત્રથી, બાહ્યવ્રતમાત્રથી) મોક્ષ નથી, પરમાર્થ મોક્ષમાર્ગ તો આત્માના પરિણામ જે દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ છે. વ્યવહાર આચારસૂત્રમાં કહ્યા અનુસાર જે મુનિ-શ્રાવકનાં બાહ્ય વ્રતો છે, તેઓ વ્યવહારથી

નિશ્ચયમોક્ષમાર્ગનાં સાધક છે; તે વ્રતોને અહીં છોડાવ્યાં નથી, પરંતુ એમ કહ્યું છે કે તે વ્રતોનું પણ મમત્વ છોડી પરમાર્થ મોક્ષમાર્ગમાં જોડાવાથી મોક્ષ થાય છે, કેવળ ભેખમાત્રથી-વ્રતમાત્રથી મોક્ષ નથી.

---

પ્રવચન નં. ૪૫૩ ગાથા-૪૧૧, ૪૧૨ શ્લોક-૨૩૯, બુધવાર, અષાઢ વદ ૧૧, તા. ૬-૦૮-૧૯૮૦

---

નોંધ :- મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' ૪૧૧ ગાથા. ઉપર બે લીટી છે. 'જો આમ છે (અર્થાત્ જો દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી...)' બાહ્ય નગ્નપણું કે પંચ મહાવ્રતના પરિણામ એ કોઈ મોક્ષમાર્ગ નથી. આહાહા..! એ તો બધી જડની ક્રિયા છે. આહાહા..! '(જો દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી અને દર્શનજ્ઞાનચારિત્ર જ...') દર્શન-જ્ઞાન-ચારિત્ર જ. એકાંત કરી નાખ્યું. કેટલાક કહે છે ને? નિશ્ચયથી પણ છે અને વ્યવહારથી પણ છે એ અનેકાંત છે. અહીં અનેકાંત આમ કર્યું કે, નિશ્ચયથી છે અને વ્યવહારથી નથી એનું નામ અનેકાંત છે. 'જ' કહ્યું છે. '(દર્શનજ્ઞાનચારિત્ર જ મોક્ષમાર્ગ છે) તો આમ (નીચે પ્રમાણે) કરવું-એમ હવે ઉપદેશ કરે છે :-' ૪૧૧.

तम्हा जहित्तु लिंगे सागारणगारएहिं वा गहिदे।
दंसणणाणचरित्ते अप्पाणं जुंज मोक्खपहे।।४११।।

તેથી તજી સાગાર કે અણગાર-ધારિત લિંગને,
ચારિત્ર-દર્શન-જ્ઞાનમાં તું જોડ રે! નિજ આત્મને. ૪૧૧.

ટીકા :- 'यतो द्रव्यलिङ्गं न मोक्षमार्गः' 'કારણ કે દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી,...' દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી. છે ને ટીકા? 'તેથી સમસ્ત દ્રવ્યલિંગને છોડીને...' આહાહા..! વિકલ્પનો ત્યાગ કરીને. નગ્નપણું આદિ એ તો કોઈ મુનિપણું નથી. પંચ મહાવ્રતના વિકલ્પ, અઠ્ઠાવીસ મૂળગુણના વિકલ્પ એ પણ સાધુપણું નથી. એ તો અભવિએ પણ અનંતવાર કર્યું. કહે છે કે, 'દ્રવ્યલિંગને છોડીને...' આહાહા..! એ પણ વ્યવહારથી કહે છે. પોતાનું સ્વરૂપ દર્શન-જ્ઞાન-ચારિત્રમય થાય, પોતાનો આત્મા આનંદ સ્વરૂપ છે તેમાં દર્શન-જ્ઞાન-ચારિત્રમાં લીન થાય તો વ્યવહાર રત્નત્રય જે દ્રવ્યલિંગ છે તે ઉત્પન્ન ન થાય, જેટલો અહીંયા સ્થિર થાય તેટલો તે ઉત્પન્ન ન થાય તેને અહીંયા છોડીને એમ કહેવામાં આવ્યું છે. છોડવું છે એમ

લક્ષ કરવું તે વાત પણ નથી. આહાહા..!

'દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી, તેથી સમસ્ત દ્રવ્યલિંગને છોડીને...' આહાહા..! 'સમસ્ત' શબ્દ પડ્યો છે. સમસ્ત દ્રવ્યલિંગ. બાહ્યક્રિયા અને અંતરક્રિયા રાગની બધાને છોડીને. આહાહા..! 'દર્શનજ્ઞાનચારિત્રમાં જ,...' 'જ' નિશ્ચય કીધો. પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યબિંબ છે, પરમાનંદ સ્વરૂપ છે તેનો અનુભવ કરીને પ્રતીતિ કરવી અને તેનું જ્ઞાન કરવું અને તેમાં લીન રહેવું તે દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. આહાહા..! આ માર્ગ. આ મોક્ષનો માર્ગ. ૪૧૧ ગાથાની ટીકા ચાલે છે. ૪૧૨ ગાથાની નીચે (પહેલા). આહાહા..!

'(દર્શનજ્ઞાનચારિત્ર) મોક્ષમાર્ગ હોવાથી, આત્માને જોડવાયોગ્ય છે...' દર્શન-જ્ઞાન-ચારિત્ર, મોક્ષના જે નિર્મળ પરિણામ છે તો (તેની પ્રાપ્તિના) પરિણામ પણ આત્માના નિર્મળ પરિણામ હોવા જોઈએ. જેવું કાર્ય પરમાત્મા થયા તેના કારણપણે જે પરિણામ છે તે પણ તેના જેવા હોવા જોઈએ. એટલે શુદ્ધ પરિણામ હોય તેને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. મહાવ્રત આદિ, લિંગ આદિ સાધુપણું નથી, એ તો બંધનું કારણ છે. આકરી વાત છે, પ્રભુ! આહાહા..!

'જોડવાયોગ્ય છે...' તેનું લક્ષ છોડીને. નગ્નપણું, અઠ્યાવીસ મૂળગુણ અને પંચ મહાવ્રતનું લક્ષ છોડીને પોતાનું સ્વરૂપ ચિદાનંદ છે ત્યાં દૃષ્ટિ લગાવવી અને સ્થિર થવું એ મોક્ષનો માર્ગ છે. આહાહા..! અને તે મોક્ષમાર્ગ એક જ છે, બે મોક્ષમાર્ગ નથી. વ્યવહાર મોક્ષમાર્ગ તો કહેવામાં કથનમાત્ર છે. નિશ્ચય મોક્ષમાર્ગ એક જ મોક્ષમાર્ગ છે. એ હમણા આવશે. એક કળશ છે. ૨૪૦ કળશમાં આવશે. આહાહા..!

'આત્માને જોડવાયોગ્ય છે–એમ સૂત્રની અનુમતિ છે.' દિવ્યધ્વનિ–વીતરાગ દિવ્યધ્વનિની સૂચના આ છે. ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવ પરમાત્માની આ દિવ્યધ્વનિમાં આ ફરમાન છે, પ્રભુ! જો તારે મુક્તિ જોઈતી હોય તો એ દ્રવ્યલિંગને લક્ષમાંથી છોડી દે. અંદર ભાવલિંગ જે દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકલ્પ (છે), નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ જ્ઞાન અને નિર્વિકલ્પ ચારિત્ર, જે સ્વદ્રવ્યને આશ્રયે થાય છે ત્યાં જોડવાયોગ્ય છે, ઉપયોગને ત્યાં જોડવાયોગ્ય છે. આહાહા..!

છેલ્લી ગાથાઓ છે ને? છેલ્લો આહારનો ત્યાગ કીધો પછી આ લીધું. પહેલા આહાર કીધો, મુનિને આહાર હોય નહિ. કારણ કે આહાર જડ માટી છે. તેને હું લઉં કે છોડું એ વાત મુનિને હોતી નથી. આકરી વાત, પ્રભુ! આહાર એ જડ અજીવ તત્ત્વ છે. અજીવ તત્ત્વને લેવું અને છોડવું એ આત્માના અધિકારમાં નથી. આહાહા..! ત્યારે શું ભુખ્યા રહેવું? કોણ ભુખ્યો રહે છે? ભાઈ! એ આહારના રજકણો આવવાવાળા હતા તે આવ્યા, રહેવાવાળા રહ્યા તેમાં આત્મા કંઈ કરી શકતો નથી. આહાર લેવા, દેવામાં આત્મા કર્તા-બર્તા કિંચિત્ બિલકુલ નથી. આહાહા..! એ લીધું પછી આ માર્ગ લીધો. જો તું બાહ્યમાં વ્યવહાર મોક્ષમાર્ગ માનતો હો તો એ વ્યવહાર મોક્ષમાર્ગ (વાસ્તવિક) મોક્ષમાર્ગ છે નહિ. આહાહા..!

ભાવાર્થ :– 'અહીં દ્રવ્યલિંગને છોડી આત્માને દર્શનજ્ઞાનચારિત્રમાં જોડવાનું વચન છે તે સામાન્ય પરમાર્થ વચન છે. કોઈ સમજશે કે મુનિ-શ્રાવકનાં વ્રતો છોડાવવાનો ઉપદેશ છે.' વ્રતનો શુભભાવ છે પણ એ છૂટે નહિ. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી વ્રતના પરિણામ હોય. દૃષ્ટિમાંથી છોડવાલાયક છે પણ અસ્થિરતામાંથી છૂટે નહિ. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી એ ભાવ આવે છે.

અહીંયા એ કહે છે કે, 'વ્રતો છોડાવવાનો ઉપદેશ છે. પરંતુ એમ નથી. જેઓ કેવળ દ્રવ્યલિંગને જ મોક્ષમાર્ગ જાણી...' એને મોક્ષમાર્ગ માને છે તે છોડવું. વ્રતાદિને મોક્ષમાર્ગ માનવો તે (માન્યતા) છોડવી. વિકલ્પ છૂટે નહિ. પંચ મહાવ્રત આદિ વિકલ્પ તો રહે છે. નિશ્ચય મોક્ષમાર્ગ તો આત્માનો અનુભવ, અતીન્દ્રિય આનંદનો સ્વાદ (છે). આહાહા..! અતીન્દ્રિય આનંદ સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ આનંદથી ભરેલો છે તેવા અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો.. આહાહા..! તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.

સ્વાદ.. સ્વાદ. રાગનો સ્વાદ અનાદિનો છે, પુણ્ય અને પાપ બન્ને રાગનો સ્વાદ તો અનાદિનો છે. બધા પ્રાણીઓ અત્યાર સુધી સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પહેલા એકલા રાગ અને દ્વેષનો, દુઃખનો સ્વાદ લે છે. પ્રભુ! હવે જો તેં દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય, ગ્રહણ કર્યું હોય તો તેના તરફથી લક્ષ છોડી દે. એ મોક્ષમાર્ગ છે એવું લક્ષ છોડી દે. આહાહા..! કારણ કે રાગ આકુળતા છે. આવશે, નિશ્ચય જે આત્માનો મોક્ષમાર્ગ છે ત્યાં વ્યવહાર આવશે પણ એ વ્યવહાર આકુળતા અને દુઃખમય છે. આહાહા..! પંચ મહાવ્રત દુઃખમય છે, આકુળતા છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' પંચ મહાવ્રત અનંત વાર લીધા, નગ્નપણું અનંત વાર લીધું. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. એમાં સુખ નથી, પંચ મહાવ્રતના પરિણામમાં સુખ નથી. એ પંચ મહાવ્રતના પરિણામ આસ્રવ ને રાગ ને દુઃખ છે. આહાહા..! ગજબ વાત! લોકોને બેસવી કઠણ (પડે). આહાહા..!

અહીં તો એ કહે છે, દર્શનજ્ઞાનચારિત્રમાં જોડવો. અર્થાત્ આત્માનું આનંદ સ્વરૂપ, અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુમાં દૃષ્ટિ લગાવવી અને સ્વાદ લેવો. એ અતીન્દ્રિય આનંદના સ્વાદને લેવામાં રહેવું એ મોક્ષમાર્ગ છે. એટલો રાગ આવે છે, એટલો વ્રતાદિનો રાગ આવશે પણ એ મોક્ષમાર્ગ નથી. તેમ છોડવા જાય તો છૂટે નહિ. નીચેની દશામાં વ્રતના પરિણામ (હોય છે તે) ઉપર જતાં છૂટી જાય છે. નીચે તો રહેશે.

'દ્રવ્યલિંગને છોડી આત્માને દર્શનજ્ઞાનચારિત્રમાં જોડવાનું વચન છે તે સામાન્ય પરમાર્થ વચન છે. કોઈ સમજશે કે મુનિ-શ્રાવકનાં વ્રતો છોડાવવાનો ઉપદેશ છે. પરંતુ એમ નથી.' એ પરિણામ તો આવશે, નિશ્ચય સહિત, હોં! નિશ્ચય હોય તેને આ વ્યવહાર હોય છે. જેને આત્માના આનંદનો સ્વાદ નથી તેના વ્રતના પરિણામ તો વ્યવહારે પણ વ્રત નથી.

આહાહા..! અતીન્દ્રિય આનંદ (સ્વરૂપ) પ્રભુનો જેને સ્વાદ નથી આવ્યો તેના વ્યવહાર વ્રત પણ વ્રત નથી. નિશ્ચય વ્રતીને આત્માનો આનંદ આવ્યો, અનુભવમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો એ નિશ્ચય છે. તેના વ્રતના વિકલ્પને વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! ભારે આકરું.

'પરંતુ એમ નથી. જેઓ કેવળ દ્રવ્યલિંગને જ મોક્ષમાર્ગ જાણી ભેખ ધારણ કરે છે,...' એકલો વેશ નગ્નપણું ને પંચ મહાવ્રત લઈને વેશ ધારણ કરે છે... છે? 'દ્રવ્યલિંગને જ મોક્ષમાર્ગ જાણી ભેખ ધારણ કરે છે, તેમને દ્રવ્યલિંગનો...' આહાહા..! 'પક્ષ છોડાવવા ઉપદેશ કર્યો છે...' દ્રવ્યિલંગનો જે વિકલ્પ છે તે બંધનું કારણ છે. તેનો પક્ષ છોડી દે, પ્રભુ! અંદર આત્મા આનંદમૂર્તિ છે, નિર્વિકલ્પ–વિકલ્પ વિનાની ચીજ અંદર પડી છે તેનો સ્વાદ (લે). અનંતકાળ થયો, અનંતવાર દિગંબર સાધુ થયો, નગ્નપણું અનંતવાર ધારણ કર્યું, પંચ મહાવ્રત અનંતવાર ધારણ કર્યા પણ તેનો સ્વાદ હતો તે રાગનો સ્વાદ હતો, આકુળતાનો–દુઃખનો સ્વાદ હતો. આ સ્વાદ તે આત્માના આનંદનો સ્વાદ છે. આહાહા..!

સ્વાદ શું હશે? આ મેસુબનો સ્વાદ, દૂધપાકનો સ્વાદ જીવ લેતો નથી. ત્રણકાળમાં દૂધપાક, મેસુબ કે રસગુલ્લા કે લાપસીનો સ્વાદ આત્મા કદી લેતો નથી. અજ્ઞાની પણ તેને અડતો નથી ને. પરવસ્તુને અડતો નથી. ફક્ત પરવસ્તુ જોઈને આ મને ઠીક છે, એવો વિકલ્પ કરે છે તે રાગનું વેદન કરે છે અને પ્રતિકૂળ સંયોગ હોય તો આ મને ઠીક નથી, એ દ્વેષનું વેદન કરે છે. સંયોગનું વેદન થતું નથી. સંયોગનું વેદન તો કોઈને થતું જ નથી. આહાહા..! કેમકે એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી. આહાહા..! એક દ્રવ્ય, એક પરમાણુ કે એક આત્મા બીજા દ્રવ્યને કદી અડતું નથી, ચુંબતું નથી. એ ત્રીજી ગાથામાં આવી ગયું છે. એક દ્રવ્ય પોતાના ધર્મને ચુંબે છે, અડે છે પણ પરદ્રવ્યને કદી અડતું નથી. આહાહા..!

અહીંયા તો કહે છે, શરીરના લિંગને તો અડતો નથી પણ વ્રતાદિના પરિણામ છે તેનો પક્ષ છોડી દે. એ દુઃખનું કારણ દુઃખ છે, એ બંધનું કારણ છે. વ્રતના પરિણામ નિશ્ચય આનંદનો સ્વાદ આવે ત્યારે હોય છે પણ એ બંધનું કારણ છે, તેને છોડી દે. આહાહા..! આવો આકરો માર્ગ છે.

પરચીજનો સ્વાદ તો આવતો નથી. પરચીજને આત્મા કદી અડતો નથી. પંડિતજી! અડતો નથી. આ કપડાને આત્મા અડતો નથી, શરીરને આત્મા અડતો નથી. આત્મા શરીરને અડતો નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. આહાહા..! તો શરીરને અડે ક્યાંથી? તેને તો દ્રવ્યલિંગ ને તો હેય જ જાણવું પણ અંદર પંચ મહાવ્રતના પરિણામ આવે તેને હેય જાણવા. આહાહા..!

છેલ્લી ગાથાઓ છે ને? એટલે આહારનું લીધું. મુનિ આહાર લેતા નથી. આહાર પરવસ્તુ છે. પરવસ્તુનું ગ્રહણ કરવું, છોડવું આત્મામાં ત્રણકાળમાં નથી. પરવસ્તુના ગ્રહણ અને ત્યાગ

આત્મામાં નથી. બહુ તો રાગનું, કષાયનું ગ્રહણ અને તેનો વ્યવહારથી ત્યાગ (છે). નિશ્ચયથી ગ્રહણ અને વ્યવહારથી ત્યાગ. આહાહા..! કોનું? રાગનું. શુભ-અશુભ રાગ થાય છે તે નિશ્ચયથી પોતાની પર્યાયમાં છે અને છોડવું એ તેનામાં નથી. પોતામાં લીન થઈને રહે છે તો એ છૂટી જાય છે. છોડવા પડતા નથી. આહાહા..! પરનું ગ્રહણ કરવું એ તો આત્મામાં છે જ નહિ. શરીરને ગ્રહણ કરવું, છોડવું, લાડુ, અનાજને ગ્રહણ કરીને અનાજ છોડવું એ તો આત્મામાં ત્રણકાળમાં કદી નથી. એ અજ્ઞાની માને, કે મેં આટલું લીધું અને મેં આટલું દીધું. શું કહ્યું સમજાણું?

'તેમનો દ્રવ્યલિંગનો પક્ષ છોડાવવા ઉપદેશ કર્યો છે...' દ્રવ્યલિંગ વ્રતાદિ ધર્મ છે, મોક્ષનો માર્ગ છે એ (માન્યતા) છોડાવવા માટે ઉપદેશ કર્યો છે. એ વસ્તુ છૂટે નહિ. 'ભેખમાત્રથી (વેશમાત્રથી, બાહ્યવ્રતમાત્રથી) મોક્ષ નથી,...' વેશ, નગ્નપણું અને પંચ મહાવ્રતના પરિણામ મોક્ષમાર્ગ નથી. એનાથી ધર્મ થતો નથી. આહાહા..! આકરી વાત છે.

'પરમાર્થ મોક્ષમાર્ગ તો આત્માના પરિણામ...' આહાહા..! વ્રતાદિના પરિણામ એ આત્માના નહિ. એ તો અનાત્મા છે, જડ છે. વ્રતાદિના શુભ પરિણામ જડ છે. કારણ કે તેનામાં જાણવાની શક્તિ નથી. એ પોતાને જાણતા નથી, ચેતનને જાણતા નથી. ચેતન દ્વારા જાણવાલાયક છે. જાણવાલાયક છે, કરવાલાયક અને લાભદાયક એ નથી. આહાહા..! 'મોક્ષમાર્ગ તો આત્માના પરિણામ જે દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ છે.'

'વ્યવહાર આચારસૂત્રમાં કહ્યા અનુસાર જે મુનિ-શ્રાવકનાં બાહ્ય વ્રતો છે, તેઓ વ્યવહારથી નિશ્ચયમોક્ષમાર્ગના સાધક છે;...' વ્યવહારે સાધક કહેવામાં આવે છે. વ્યવહારથી, હોં! નિશ્ચય જો હોય તો એને વ્યવહારે સાધક કહેવામાં આવે છે. એકલા વ્યવહારથી નિશ્ચય થાય છે એમ ત્રણકાળમાં કદી નથી. એવો વ્યવહાર તો અનંતવાર કર્યો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો'. આ તો જેને નિશ્ચયથી અંતરમાં રાગથી ભિન્ન પોતાના સ્વરૂપનો અનુભવ કર્યો છે, આનંદનો સ્વાદ આવ્યો છે તેને જે રાગ આવ્યો છે તે રાગને સાધકનો આરોપ આપવામાં આવે છે. આહાહા..! અર્થ કરવામાં મોટી ભૂલ છે.

'વ્રતોને અહીં છોડાવ્યાં નથી,...' વ્રતના પરિણામ છોડાવ્યા નથી. 'પરંતુ એમ કહ્યું છે કે તે વ્રતોનું પણ મમત્વ છોડી...' વ્રતાદિનું મમત્વ છોડી દે. એ મારી ચીજ છે અને મને લાભદાયક છે એવો ભાવ છોડી દે. આહાહા..! 'પરમાર્થ મોક્ષમાર્ગમાં જોડાવાથી મોક્ષ થાય છે,...' અંતર નિશ્ચય સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતાથી મોક્ષ થાય છે. વ્યવહાર મોક્ષમાર્ગથી મોક્ષ થતો નથી. આહાહા..!

'કેવળ ભેખમાત્રથી–વ્રતમાત્રથી મોક્ષ નથી.' એકલો વેશ લે અને વ્રત પાળે તેનાથી ધર્મ થતો નથી, તેનાથી ધર્મ થતો નથી. ધર્મ થતો નથી તો મોક્ષ પણ થતો નથી. આહાહા..! 'હવે આ જ અર્થને દૃઢ કરતી આગળની ગાથાની સૂચનારૂપે શ્લોક કહે છે :–'

# શ્લોક–૨૩૯

(अनुष्टुभ्)

दर्शनज्ञानचारित्रत्रयात्मा तत्त्वमात्मनः।
एक एव सदा सेव्यो मोक्षमार्गो मुमुक्षुणा।।२३९।।

હવે આ જ અર્થને દૃઢ કરતી આગળની ગાથાની સૂચનારૂપે શ્લોક કહે છે :–

શ્લોકાર્થ :– [ आत्मनः तत्त्वम् दर्शन-ज्ञान-चारित्र-त्रय-आत्मा ] આત્માનું તત્ત્વ દર્શન-જ્ઞાનચારિત્રત્રયાત્મક છે (અર્થાત્ આત્માનું યથાર્થ રૂપ દર્શન, જ્ઞાન ને ચારિત્રના ત્રિકસ્વરૂપ છે); [ मुमुक्षुणा मोक्षमार्गः एकः एव सदा सेव्यः ] તેથી મોક્ષના ઇચ્છક પુરુષે (આ દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ) મોક્ષમાર્ગ એક જ સદા સેવવાયોગ્ય છે. ૨૩૯.

## શ્લોક–૨૩૯ ઉપર પ્રવચન

दर्शनज्ञानचारित्रत्रयात्मा तत्त्वमात्मनः।
एक एव सदा सेव्यो मोक्षमार्गो मुमुक्षुणा।।२३९।।

'आत्मनः तत्त्वम्' આત્માનું તત્ત્વ તો દર્શન-જ્ઞાન-ચારિત્ર, આત્માનો અનુભવ, આનંદનો અનુભવ એ આત્માનું તત્ત્વ છે. રાગ એ આત્માનું તત્ત્વ નથી, વ્રતાદિ પરિણામ એ આત્માનું તત્ત્વ નથી. આહાહા..! 'આત્માનું તત્ત્વ દર્શન-જ્ઞાન-ચારિત્રત્રયાત્મક છે...' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માનું તત્ત્વ છે, એ આત્માની પર્યાય છે. નિર્મળ પર્યાય એ આત્માની પર્યાય છે, મલિન પર્યાય એ આત્માની પર્યાય નથી, એ છૂટી જાય છે. આહાહા..! જે ભાવથી તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ પણ બંધનું કારણ છે. એ રાગ પણ હેય છે. આહાહા..! પર છે, એ તો રાગ છે. જેનાથી પ્રકૃતિ બંધ પડે એ રાગથી પડે, અરાગથી બંધ ન પડે. તીર્થંકર પ્રકૃતિથી બંધ પડે તે શુભરાગથી પડે છે. તે પણ હેય છે. શુભરાગ પણ સમકિતીને હેય છે. આહાહા..! આકરું કામ, બાપુ! દુનિયામાં અત્યારે ચાલ્યું કાંઈક ને માર્ગ ક્યાંક રહી ગયો, માર્ગ ક્યાંક રહી ગયો. આહાહા..! ત્રણલોકના નાથ 'સીમંધરસ્વામી' ભગવાન બિરાજે છે એની આ બધી વાણી છે. આ ન્યાંથી આવી છે.

'આત્માનું તત્ત્વ દર્શનજ્ઞાનચારિત્રત્રયાત્મક છે...' આત્મા આનંદ સ્વરૂપ, અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. એ અતીન્દ્રિય આનંદસ્વરૂપના સ્વાદની પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે. એ અતીન્દ્રિય સ્વાદનું જ્ઞાન થાય તે સમ્યગ્જ્ઞાન છે. એ અતીન્દ્રિય સ્વાદમાં સ્થિરતા થાય તે ચારિત્ર છે. આહાહા..! આત્માની હજી ખબર નથી અને... આત્મા આનંદ છે. અતીન્દ્રિય આનંદ સર્વાંગ (ભર્યો છે). સર્વાંગ અસંખ્ય પ્રદેશે અતીન્દ્રિય આનંદ ભર્યો છે. ભરપૂર અતીન્દ્રિય આનંદ છે. એ અતીન્દ્રિય આનંદના સ્વાદની પ્રતીતિ, એ સ્વાદનું જ્ઞાન અને એ સ્વાદમાં લીન થવું એ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. આહાહા..! કહ્યું ને?

'આત્માનું તત્ત્વ દર્શનજ્ઞાનચારિત્રત્રયાત્મક છે (અર્થાત્ આત્માનું યથાર્થ રૂપ દર્શન, જ્ઞાન ને ચારિત્રના ત્રિકસ્વરૂપ છે);...' ત્રણસ્વરૂપ છે. 'તેથી મોક્ષના ઇચ્છક પુરુષે...' આ શરત. 'મોક્ષના ઇચ્છક પુરુષે...' આ શરત. તેની જવાબદારીમાં, મોક્ષના ઇચ્છક પુરુષની જવાબદારીમાં અંતર આત્માના આનંદનો સ્વાદ લેવો અને આનંદના દર્શન-જ્ઞાન-ચારિત્ર થવા તે તેની શરત છે. માત્ર બહારની અને અંદરની ક્રિયાકાંડ કરવી એ કોઈ ધર્મ નથી. આહાહા..! ગજબ વાત છે. પંચ મહાવ્રત ને બાર વ્રત એ કોઈ ધર્મ નથી, શુભરાગ છે, બંધનું કારણ છે. આ તો આત્માના (પરિણામ છે).

'તેથી મોક્ષના ઇચ્છક પુરુષે (આ દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ) મોક્ષમાર્ગ એક જ સદા સેવવાયોગ્ય છે.' આહાહા..! કથંચિત્ એમ નહિ. કથંચિત્ નિશ્ચય અને કથંચિત્ વ્યવહાર, એવો ભગવાનનો માર્ગ નથી. અહીં તો એકલા નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર, સ્વઆત્માનો આશ્રય (લેવાની વાત છે). પંચ મહાવ્રતના પરિણામ પરદ્રવ્યના આશ્રયે થાય છે. આ મોક્ષમાર્ગ સ્વદ્રવ્યના આશ્રયે થાય છે. સ્વદ્રવ્યના આશ્રયે (જેટલા પરિણામ) થાય તેટલો મોક્ષમાર્ગ, જેટલો પરદ્રવ્યનો આશ્રય, તીર્થંકર ગોત્ર બંધાય એ રાગ પણ પરદ્રવ્યાશ્રિત છે. આહાહા..! એ છોડવાયોગ્ય છે.

અહીંયા તો ત્યાં સુધી કહ્યું, કે શુભભાવ થયો, તીર્થંકર ગોત્ર બંધાયું પણ એ વિષવૃક્ષ છે, એમ કહ્યું. 'સમયસાર'. ૧૪૮ પ્રકૃતિ ઝેરના ઝાડ છે. ઝાડ.. ઝાડ સમજ્યા? ઝાડને હિન્દીમાં શું કહે છે? વૃક્ષ. ઝેરના વૃક્ષ. ભગવાન અમૃતનું વૃક્ષ છે. પ્રભુ અને ભગવાન આત્મા અતીન્દ્રિય, એ અમૃતનું વૃક્ષ છે. એમાંથી અમૃત.. અમૃત ઝરે છે. અને પુણ્ય ને પાપના ભાવ બંધનું કારણ છે અને જે બંધ થયો એ ઝેરના ઝાડ છે. પ્રકૃતિ બંધાણી એ ઝેરના ઝાડ છે. આકરું કામ છે. તીર્થંકર પ્રકૃતિનો બંધ પડ્યો એ ઝેરનું ઝાડ છે. ૧૪૮ પ્રકૃતિને ઝેરના ઝાડ કહ્યું છે. પ્રભુ! આકરું કામ છે, બાપા! આહાહા..! જૈનમાર્ગ ત્રણલોકના નાથનો માર્ગ ભારે આકરો. એક તો જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ પણ એનાથી જે પ્રકૃતિ બંધાય એ ઝેરનું ઝાડ છે. આહાહા..!

આ વાત પણ સંપ્રદાયમાં કહી હતી. એમાં હતા ને? ૨૧ વર્ષ તો ઢુંઢિયામાં રહ્યા

ને? અમારા પિતાજી સ્થાનકવાસી હતા. સ્થાનકવાસીમાં દીક્ષા લીધી હતી. (સંવત) ૧૯૮૫ની સાલ, પોષ માસ. અમારું જન્મગામ 'ઉમરાળા'. વ્યાખ્યાન આપતા. 'બોટાદ' માં કહ્યું હતું. હજારો માણસો, ત્યાં તો હજાર-પંદરસો માણસો આવતા. ૧૯૮૫ ની સાલની વાત છે. કીધું, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ રાગ અને બંધનું કારણ છે. આહાહા..! અને પંચ મહાવ્રતના પરિણામ એ બંધરૂપ છે. ૧૯૮૫ ની સાલ, પોષ માસ. 'બોટાદ' માં ૩૦૦-૩૫૦ સ્થાનકવાસીના ઘર છે. હું વ્યાખ્યાન આપવા બેસું તો અપાસરામાં (માણસો) સમાય નહિ. ખીચોખીચ, ગલીમાં બેસે. વાત આ કરી તો (લોકોને થયું), આ? તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ રાગ? અને એ બંધાય એ ઝેર? પંચ મહાવ્રતના પરિણામ એ દુઃખ? બાપા! પંચ મહાવ્રતના પરિણામ આસ્રવ છે, આસ્રવ તે દુઃખરૂપ છે. આહાહા..! શ્રદ્ધાની દરકાર ક્યાં છે? કોની શ્રદ્ધા કેમ કરવી ને શું કરવી? એ તો એમ ને એમ દોડ્યે જાય છે. આહાહા..!

અહીં કહે છે, આહાહા..! 'આત્માનું તત્ત્વ દર્શનજ્ઞાનચારિત્રત્રયાત્મક છે (અર્થાત્ આત્માનું યથાર્થ રૂપ દર્શન,...' યથાર્થ રૂપ દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. રાગ, દ્વેષ, પુણ્ય, દયા, દાન એ કોઈ યથાર્થ વેશ નથી, એ તો વિકૃત વેશ છે. આહાહા..! 'તેથી મોક્ષના ઇચ્છક પુરુષે મોક્ષમાર્ગ એક જ...' આહાહા..! 'તેથી મોક્ષના ઇચ્છક પુરુષે (આ દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ) મોક્ષમાર્ગ એક જ...' એક જ 'સદા સેવવાયોગ્ય છે.' છે? બીજું નહિ. એક જ સેવવાયોગ્ય છે.

મુમુક્ષુ :– સદા?

ઉત્તર :– સદા. વ્યવહાર વચ્ચે આવશે પણ સેવવાલાયક નથી. આહાહા..! આકરી વાત છે. મોક્ષમાર્ગ એક જ. પોતાના આત્માના આનંદનો સ્વાદ આવવો, એ આનંદનો અનુભવ થવો એ એક જ મોક્ષમાર્ગ છે. બીજો મોક્ષમાર્ગ નથી. કેમકે રાગ, વિકાર એ તો આકુળતા છે, પ્રભુઆત્માનો સ્વભાવ તો આનંદ છે, એ તો સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ ચિદાનંદ. સત્– કાયમ રહેનાર. ચિદ્ નામ જ્ઞાન અને આનંદ છે, અતીન્દ્રિય આનંદ. આ ઇન્દ્રિયનો વિષય રાજા કે ચક્રવર્તી તો ઝેરના પ્યાલા છે. આહાહા..! પૈસાવાળાને ભોગ ને વિષયના સાધન બહુ હોય પણ ઝેરના પ્યાલા છે, એ ઝેર પીવે છે. રાગ કરે છે એ ઝેર પીવે છે. આહાહા..! ઝેર પીવે છે.

મોક્ષમાર્ગમાં તો આ એક જ. છે? આહાહા..! 'એક જ સદા સેવવાયોગ્ય છે.' ધર્મીજીવને તો એક જ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, નિર્મળાનંદ, વીતરાગમૂર્તિ, પ્રભુ વીતરાગમૂર્તિ આત્મા છે. એ વીતરાગમૂર્તિની સેવા કરવાથી વીતરાગતા પ્રગટ થશે. આહાહા..! બધા ભગવાન અંદરમાં વીતરાગમૂર્તિ છે. બધા ભગવાન છે. પર્યાયબુદ્ધિ છોડી દ્યો, દ્રવ્યે બધા ભગવાન છે. અને સમકિતીને બધા દ્રવ્ય સાધર્મી છે. અંદરના દ્રવ્યે બધા સાધર્મી છે. કારણ કે અંદર એ ભગવાન છે. એ તો પર્યાયમાં એક સમયની ભૂલ છે, એક સમયની ભૂલ છે. બાકી આખું તત્ત્વ ભગવાન છે. દુનિયાના જેટલા અનંતા જીવ છે, બધા જીવો એક સેકંડનો અસંખ્યમો

ભાગ, એક સમયની ભૂલ છે અને ત્રિકાળ આનંદ (સ્વરૂપ છે). આહાહા..! અંદર આનંદ છે એ તો ત્રિકાળ રહેનાર છે. એ તો એનો સ્વભાવ છે. રાગાદિ થાય છે તે તો એક સમય રહીને બીજે સમયે વ્યય થઈ જાય છે. એ કાંઈ આત્મામાં રહેતા નથી.

અહીં એ કહ્યું, 'મોક્ષમાર્ગ એક જ...' પાછું. કોઈ કહે કે, અનેકાંત કરો. નિશ્ચયથી પણ થાય છે અને વ્યવહારથી પણ થાય છે. એ અનેકાંત નથી, એ ફૂદડીવાદ છે, એ ફૂદડીવાદ છે. 'મોક્ષમાર્ગ એક જ સદા સેવવાયોગ્ય છે.'

મુમુક્ષુ :– આ સમ્યક્ એકાંત છે.

ઉત્તર :– એકાંત છે, એકાંત જ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે એકાંત છે. અંતરના આશ્રયે એકાંત છે. આહાહા..! ગજબ વાત છે. સંપ્રદાયની રુચિવાળાને આકરું લાગે. આ શું હશે? છે તો આ, માર્ગ તો આ (છે). આજ માને, કાલે માને, પછી માને, આ માન્યે એના જન્મ-મરણ મટશે. એ વિના જન્મ-મરણ કદી મટશે નહિ. કેટલા શબ્દ લીધા છે? જોયું?

'મોક્ષમાર્ગ એક જ સદા સેવવાયોગ્ય છે.' આહાહા..! વ્યવહાર વચ્ચે આવશે. પૂર્ણ વીતરાગ નહિ થાય ત્યાં સુધી વ્યવહાર વચ્ચે આવશે. ભક્તિનો, ભગવાનના દર્શનનો (રાગ આવશે) પણ એ હેય છે, હેય છે. હેયબુદ્ધિએ આવશે અને જ્ઞેયબુદ્ધિએ, જ્ઞાનમાં આદરબુદ્ધિએ આ આવશે. આવી વાત છે. 'હવે આ જ ઉપદેશ ગાથા દ્વારા કહે છે :–' ગાથા આવી ને?

* શ્રોતા :– દ્રવ્યસ્વભાવમાં વિકાર છે જ નહિ ને કારણપરમાત્માને પાપરૂપ બહાદુર શત્રુસેનાને લૂંટનારો કેમ કહ્યો?

પૂજ્ય ગુરુદેવ :– એ તો પર્યાયથી વાત કરી છે. પર્યાયમાં રાગાદિ ભાવો છે તે સ્વભાવસન્મુખ ઢળતા ઉત્પન્ન જ થતા નથી, તેને નાશ કર્યો એમ કથનમાત્ર કહેવાય છે. દ્રવ્યસ્વભાવમાં તો રાગાદિ ભાવો કે સમ્યગ્દર્શન-ચારિત્ર, કેવળજ્ઞાન કે સિદ્ધપર્યાય એ કોઈ પર્યાય દ્રવ્યસ્વભાવમાં છે જ નહિ. સંસાર-મોક્ષ એ બધી પર્યાયોની રમતું છે. દ્રવ્યસ્વભાવમાં એ પર્યાયો છે જ નહિ. ત્રિકાળી દ્રવ્યસ્વભાવ એકરૂપ છે, એને નથી કાંઈ ગ્રહવું કે નથી કાંઈ છોડવું. જ્ઞાયકભાવ તો શાશ્વત છે જ. ત્રણ કષાયનો અભાવ કરી અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેનાર દિગમ્બર સંતોએ અંતરની વાત અજબ-ગજબની કરી છે. આવી વાત દિગમ્બર સંતો સિવાય ભરતક્ષેત્રમાં બીજે ક્યાંય નથી. એ દિગમ્બર સંતો કહે છે કે બધા જીવો સુખી થાવ, કોઈ જીવ દુઃખી ન થાવ, બધાય જીવો મુક્ત દશાને પામો! દરેક આત્માઓ મુક્તસ્વભાવી જ છે. જેમ ચોખા અને કળથીને ઉત્પન્ન થવાની જમીન જુદી હોય છે તેમ ચોખા એટલે મુક્તિ તે ઉત્પન્ન થવાનું ચોકખું સ્થાન એટલે મુક્તસ્વરૂપ તેના આશ્રયથી મુક્તિ ઉત્પન્ન થાય છે. ૩૦૪.

– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર

## ગાથા–૪૧૨

मोक्खपहे अप्पाणं ठवेहि तं चेव झाहि तं चेय।
तत्थेव विहर णिच्चं मा विहरसु अण्णदव्वेसु।।४१२।।

मोक्षपथे आत्मानं स्थापय तं चैव ध्यायस्व तं चेतयस्व।
तत्रैव विहर नित्यं मा विहार्षीरन्यद्रव्येषु।।४१२।।

आसंसारात्परद्रव्ये रागद्वेषादौ नित्यमेव स्वप्रज्ञादोषेणावतिष्ठमानमपि, स्वप्रज्ञागुणेनैव ततो व्यावर्त्य दर्शनज्ञानचारित्रेषु नित्यमेवावस्थापयातिनिश्चलमात्मानं; तथा समस्तचिन्तान्तरनिरोधेनात्यन्तमेकाग्रो भूत्वा दर्शनज्ञानचारित्राण्येव ध्यायस्व; तथा सकलकर्मकर्मफलचेतनासंन्यासेन शुद्धज्ञानचेतनामयो भूत्वा दर्शनज्ञानचारित्राण्येव चेतयस्व; तथा द्रव्यस्वभाववशतः प्रतिक्षणविजृम्भमाणपरिणामतया तन्मयपरिणामो भूत्वा दर्शनज्ञानचारित्रेष्वेव विहर; तथा ज्ञानरूपमेकमेवाचलितमवलम्बमानो ज्ञेयरूपेणोपाधितया सर्वत एव प्रधावत्स्वपि परद्रव्येषु सर्वेष्वपि मनागपि मा विहार्षीः।

---

હવે આ જ ઉપદેશ ગાથા દ્વારા કરે છે :–

**તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને;**
**તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે. ૪૧૨.**

ગાથાર્થ :– (હે ભવ્ય!) [ मोक्षपथे ] તું મોક્ષમાર્ગમાં [ आत्मानं स्थापय ] પોતાના આત્માને સ્થાપ, [ तं च एव ध्यायस्व ] તેનું જ ધ્યાન કર, [ तं चेतयस्व ] તેને જ ચેત-અનુભવ અને [ तत्र एव नित्यं विहर ] તેમાં જ નિરંતર વિહાર કર; [ अन्यद्रव्येषु मा विहार्षीः ] અન્ય દ્રવ્યોમાં વિહાર ન કર.

ટીકા :– (હે ભવ્ય!) પોતે અર્થાત્ પોતાનો આત્મા અનાદિ સંસારથી માંડીને પોતાની પ્રજ્ઞાના (-બુદ્ધિના) દોષથી પરદ્રવ્યમાં-રાગદ્વેષાદિમાં નિરંતર સ્થિત રહેલો હોવા છતાં, પોતાની પ્રજ્ઞાના ગુણ વડે જ તેમાંથી પાછો વાળીને તેને અતિ નિશ્ચળપણે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિરંતર સ્થાપ; તથા સમસ્ત અન્ય ચિંતાના નિરોધ વડે અત્યંત એકાગ્ર થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ધ્યા; તથા સમસ્ત કર્મચેતના અને કર્મફળચેતનાના ત્યાગ વડે શુદ્ધજ્ઞાનચેતનામય થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ચેત-અનુભવ; તથા દ્રવ્યના સ્વભાવના વશે (પોતાને) જે ક્ષણે ક્ષણે

પરિણામો ઊપજે છે તે-પણા વડે (અર્થાત્ પરિણામીપણા વડે) તન્મય પરિણામવાળો (-દર્શન-જ્ઞાનચારિત્રમય પરિણામવાળો) થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ વિહર; તથા જ્ઞાનરૂપને એકને જ અચળપણે અવલંબતો થકો, જેઓ જ્ઞેયરૂપ હોવાથી ઉપાધિસ્વરૂપ છે એવાં સર્વ તરફથી ફેલાતાં સમસ્ત પરદ્રવ્યોમાં જરા પણ ન વિહર.

ભાવાર્થ :– પરમાર્થરૂપ આત્માના પરિણામ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે; તે જ મોક્ષમાર્ગ છે. તેમાં જ (-દર્શનજ્ઞાનચારિત્રમાં જ) આત્માને સ્થાપવો, તેનું જ ધ્યાન કરવું, તેનો જ અનુભવ કરવો અને તેમાં જ વિહરવું-પ્રવર્તવું, અન્ય દ્રવ્યોમાં ન પ્રવર્તવું. અહીં પરમાર્થે એ જ ઉપદેશ છે કે-નિશ્ચય મોક્ષમાર્ગનું સેવન કરવું, કેવળ વ્યવહારમાં જ મૂઢ ન રહેવું.

## ગાથા–૪૧૨ ઉપર પ્રવચન

मोक्खपहे अप्पाणं ठवेहि तं चेव झाहि तं चेय।
तत्थेव विहर णिच्चं मा विहरसु अण्णदव्वेसु।।४१२।।
તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને;
તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે. ૪૧૨.

આહાહા..! 'હે ભવ્ય!' સંબોધન કર્યું. 'પોતે અર્થાત્ પોતાનો આત્મા અનાદિ સંસારથી માંડીને પોતાની પ્રજ્ઞાના (–બુદ્ધિના) દોષથી...' કર્મથી આત્મામાં કાંઈ નુકસાન થયું એ વાત ત્રણકાળમાં નથી. કેમકે કર્મ પરદ્રવ્ય છે, તેને આત્મા અડતો પણ નથી. આત્મા કર્મને અડતો નથી, કર્મ આત્માને અડતો નથી. બન્ને ચીજ તદ્દન ભિન્ન છે. કર્મને કારણે રખડે છે અને કર્મને કારણે દુઃખી થાય છે, કર્મથી વિકાર થાય છે એ વાત જૂઠી છે. વીતરાગ માર્ગમાં એ વાત નથી.

અહીં તો એ કહે છે, 'પોતે અર્થાત્ પોતાનો આત્મા અનાદિ સંસારથી માંડીને પોતાની પ્રજ્ઞાના (–બુદ્ધિના) દોષથી...' આહાહા..! પોતાની પ્રજ્ઞાના દોષથી. કર્મના દોષથી નહિ. આહાહા..! જૈનમાં તો કર્મ.. કર્મ કરે છે. કર્મનો ઉદય આવ્યો તો આમ થયું, કર્મનો ઉદય આવ્યો તો આમ થયું. કર્મનો ઉદય તો જડ છે, જડ જડમાં રહ્યું. આત્મામાં કર્મ આવતા નથી. આત્મા કર્મથી વિકાર કરી શકતો નથી. વિકાર પોતાની પ્રજ્ઞાના અપરાધથી કરે છે. કર્મથી વિકાર કરતો નથી. કર્મ પરદ્રવ્ય છે. પરદ્રવ્યથી પરદ્રવ્યમાં કાંઈ ફેરફાર થતો નથી. આહાહા..!

પૈસાવાળા પુણ્યથી થાય છે ને? એ નિમિત્તથી કથન છે. પુણ્ય જડ પરમાણુ બીજી

ચીજ છે, પૈસા એ બીજી ચીજ છે. બીજી ચીજથી બીજી ચીજ આવે છે એમ કહેવું એ વ્યવહાર કથન છે. આહાહા..! એ પૈસા પુણ્યથી આવ્યા એમ નિમિત્તથી કહેવામાં આવ્યું પણ એ પુણ્ય છે એ પરિગ્રહ છે એટલે પાપ છે. આહાહા..! આવ્યા પુણ્યથી, પણ વર્તમાન પાપ છે, પરિગ્રહ છે. ચોવીસ પ્રકારના પરિગ્રહમાં પરિગ્રહ છે. આહાહા..! ગજબ વાત છે.

અહીં એ કહે છે, એ દોષ તારાથી ઉત્પન્ન થાય છે. આહાહા..! નિગોદમાં અનંતકાળ રહ્યો એ તારા અપરાધને કારણે. આહાહા..! કર્મનું કારણ નહિ. કોઈ બીજાનું કારણ નહિ કે તને જોરથી રોકી લીધો. 'અનાદિ સંસારથી માંડીને પોતાની પ્રજ્ઞાના (–બુદ્ધિના) દોષથી..' પોતાની પ્રજ્ઞા એટલે જ્ઞાનના દોષથી. પોતાનું સ્વરૂપ જાણવું જોઈએ એને ઠેકાણે પર તરફનું વલણ રાખે છે. એ જ્ઞાન અજ્ઞાન પ્રજ્ઞાનો અપરાધ છે, એ આત્માનો અપરાધ છે. એ અપરાધ કર્મથી થયો નથી. આહાહા..! ગજબ વાત!

આઠ કર્મથી આત્મામાં વિકાર થતો નથી. વિકાર પોતાના અપરાધથી પોતાની પર્યાયમાં થાય છે. 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા'. આહાહા..! 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા' આહાહા..! કર્મ બિચારા કોણ? 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ' અગ્નિ ઉપર ઘણ પડે. એ અગ્નિ જ્યારે લોઢામાં જાય તો (ઘણ પડે છે). એકલી છૂટી અગ્નિને ઘણ પડતા નથી. એમ આત્મા એકલો રહે તો કોઈ દુઃખ થતું નથી પણ પરનો સંગ કરીને વિકાર કરે છે તો એ દુઃખ થાય છે. આહાહા..! ભારે આકરું કામ. અહીં તો બધે ઠેકાણે કર્મને લઈને વિકાર થાય, કર્મને લઈને થાય. આહાહા..! અંતરાય કર્મ છે માટે આહાર મળ્યો નહિ. એ બધા વ્યવહારના કથન છે. જે ચીજ નથી આવવાની તે ન આવી, આવવાવાળી એ આવી. એમાં આત્મા એને– આહારને અડતો નથી. તો પછી ત્યાં અંતરાય ક્યાં રહ્યો? અંતરાય કહેવું એ તો વ્યવહારથી છે. બાકી તો પ્રજ્ઞાના અપરાધથી પરદ્રવ્યમાં... છે?

'રાગદ્વેષાદિમાં નિરંતર સ્થિત રહેલો હોવા છતાં,...' કર્મમાં રહેલો એમ નથી કહ્યું. આહાહા..! અનાદિ સંસારથી માંડી રાગ અને દ્વેષમાં (સ્થિત છે). રાગના બે ભાગ–માયા અને લોભ. દ્વેષના બે ભાગ–ક્રોધ અને માન. એ ચાર કષાયમાં પોતાના અપરાધથી અનાદિથી રહે છે. કોઈનો અપરાધ નથી, કર્મનો અપરાધ નથી. આહાહા..! એ કહ્યું ને? 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહ કી સંગતિ પાઈ.' એકલી અગ્નિને કોઈ ઘણ મારતા નથી. અગ્નિના ગોળામાં લોઢું પેસે તો ઘણ પડે. એમ એકલા આત્મામાં દુઃખ નથી. આત્મા રાગ ને દ્વેષ ને પરનો સંગ કરે તો દુઃખી થાય છે. આહાહા..! ભારે વાત, ભાઈ!

આત્મા–પોતાનો આત્મા, એમ. 'અનાદિ સંસારથી...' એમ નહિ કે નિગોદમાં કર્મનું જોર હતું માટે નિગોદમાં રહેતો હતો. ત્યાં પણ પોતાના અપરાધથી રહે છે. આહાહા..!

નિગોદ સમજ્યા? લસણ, ડુંગળીમાં અનંતવાર રહ્યો. એમાં અનંત જીવ છે. એક રાઈની કટકી જેટલી ડુંગળી કે લસણમાં અસંખ્ય તો શરીર છે અને એક શરીરમાં સિદ્ધ કરતાં અનંતગુણા જીવ છે. સિદ્ધ થયા એના કરતાં અનંતગુણા જીવ છે. આહાહા..! કંદમૂળ.. કંદમૂળ કહે છે ને? રાઈ જેટલી કંદમૂળની કટકીમાં અસંખ્ય શરીર છે. એક શરીરમાં અનંતા જીવ છે. આહાહા..! એક એક જીવને બે બે શરીર છે–તૈજસ અને કાર્માણ. ઔદારિક શરીર બધાનું એક છે. અનંતા જીવનું ઔદારિક શરીર એક છે. તૈજસ, કાર્માણ શરીર ભિન્ન છે. એ પોતાના અપરાધથી રહ્યો છે. આહાહા..! પરનો કોઈ અપરાધ નથી.

'પરદ્રવ્યમાં–રાગદ્વેષાદિમાં નિરંતર સ્થિત રહેલો હોવા છતાં,...' અનાદિથી રાગ ને દ્વેષમાં (સ્થિત છે). કદી આત્માના આનંદનો સ્વાદ ન લીધો. આહાહા..! છે? 'પોતાની પ્રજ્ઞાના ગુણ વડે જ...' હવે સવળું લ્યે છે. અવળામાં પણ પ્રજ્ઞાનો અપરાધ છે અને ધર્મ પણ પ્રજ્ઞાનો લાભ છે. ગુણનો લાભ છે. જુઓ! 'પોતાની પ્રજ્ઞાના ગુણ વડે...' પહેલામાં 'પોતાની પ્રજ્ઞાના દોષથી...' કહ્યું હતું. આહાહા..! કર્મ કાંઈક માર્ગ આપે તો ધર્મ થશે. કર્મનું જોર કંઈક ઘટે તો ધર્મ થશે, એમ નથી. આહાહા..! બન્નેમાં આત્મા લીધો. અનાદિ નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી રખડ્યો અને દિગંબર સાધુ થઈને અનંતવાર સમ્યગ્દર્શન વિના દ્રવ્યલિંગ લીધું તો એ બધે પોતાના અપરાધથી રખડે છે, કર્મને કારણે નહિ. અને પોતાના ગુણને કારણે રખડવાનું બંધ થાય છે. છે?

'પોતાની પ્રજ્ઞાના ગુણ વડે જ...' ભાષા કેવી છે? પોતાની પ્રજ્ઞા દ્વારા. સમ્યગ્જ્ઞાન. ચૈતન્ય સ્વરૂપ તરફની પ્રજ્ઞા–જ્ઞાન દ્વારા જ. ભાષા છે ને? પહેલામાં પણ એમ લીધું, 'પોતાની પ્રજ્ઞાના ગુણ વડે જ...' એ એકાંત કર્યું. પોતાના ગુણથી મોક્ષ થાય છે, પોતાના પુરુષાર્થથી મોક્ષ થાય છે. કોઈ કર્મને કારણે કે કર્મ ખસે તો મોક્ષ થાય એમ નથી. આહાહા..! 'પ્રજ્ઞાના ગુણ વડે જ...' જોયું?

'તેમાંથી પાછો વાળીને તેને અતિ નિશ્ચળપણે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિરંતર સ્થાપ;...' અજ્ઞાનીને જે અનાદિનું અજ્ઞાન છે, સંસાર અનાદિનો છે, અપરાધ છે તેમાંથી પાછો વળીને. 'તેને અતિ નિશ્ચળપણે...' ચળે નહિ એ રીતે. 'નિશ્ચળપણે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિરંતર સ્થાપ;...' તારા આત્માને પ્રભુ, તારે જો મોક્ષ જોઈએ તો તારા આત્મામાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ છે તેમાં સ્થિર થા. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. પંચ મહાવ્રત આદિ કોઈ મોક્ષનો ઉપાય નથી. આહાહા..! આકરું લાગે. લોકો તો બહારથી જાણે ત્યાગ કર્યો, નગ્ન થઈ ગયા.. (એટલે ધર્મ થઈ ગયો).

'તથા સમસ્ત અન્ય ચિંતાના નિરોધ વડે...' મોક્ષમાં જાવું હોય તો તારે બધી ચિંતા છોડવી પડશે. નિરંતર એક આનંદકંદ પ્રભુ, પ્રજ્ઞાબ્રહ્મની સેવા કરવી પડશે. સ એવ. એમાં રહીને દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રાપ્ત કરવું. એ સિવાય દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રાપ્ત થતું નથી.

કોઈ પુસ્તકથી નહિ મળે, સાંભળવાથી નહિ મળે, ગુરુથી નહિ મળે. પરદ્રવ્યથી કાંઈ મળતું નથી. એક દ્રવ્યને બીજા દ્રવ્ય પાસેથી કાંઈ મળે નહિ અને બીજા દ્રવ્યથી કાંઈ નુકસાન થતું નથી અને પરદ્રવ્યથી કાંઈ લાભ થતો નથી. આહાહા..! પોતાથી પોતાને લાભ-નુકસાન થાય છે. લોકો એમ કહે છે ને કે, કર્મને લઈને.. કર્મને લઈને. ખોટી વાત છે.

અમારે તો આ કર્મને લઈને મોટી ચર્ચા ચાલેલી. (સંવત) ૧૯૭૧ ની સાલ, ૧૯૭૧. કેટલા વર્ષ થયા? ૬૫ વર્ષ. સાંઈઠ ને પાંચ. ૬૫ વર્ષ પહેલા ચર્ચા થયેલી. દીક્ષા (સંવત) ૧૯૭૦ માં લીધી. આ ચર્ચા ૧૯૭૧ માં થયેલી. વિકાર કર્મથી થાય એ બિલકુલ નહિ. કર્મથી વિકાર બિલકુલ થાય નહિ. કર્મ જડ બિચારા કોણ? ‘કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ’. મારી ભૂલ મારાથી થાય છે, બીજાથી ભૂલ થાય છે (એમ નથી). મોટી ચર્ચા થયેલી. ૧૯૭૧, કેટલા વર્ષ થયા? ૬૫ વર્ષ થયા. ૬૫ વર્ષ પહેલા. આહાહા..! પહેલેથી અહીં તો આ જ ધંધો હતો ને! અત્યારે ૯૧ વર્ષ થયા, ૯૧. ૧૦૦ માં ૯ ઓછા. દુકાન ઉપર પણ .... અમારી દુકાન ‘પાલેજ’ માં છે. ત્યાં પણ હું તો વાંચતો. ઘરની દુકાન છે. વાંચન કરતો હતો. ‘દશવૈકાલિક’ શ્વેતાંબરના, હોં! સ્થાનકવાસીમાં, શ્વેતાંબરમાં ‘દશવૈકાલિક’, ‘ઉત્તરાધ્યયન’, ‘આચારાંગ’, ‘સૂયગડાંગ’, ‘અધ્યાત્મ કલ્પદ્રૂમ’ બધું તે દિ’ જોયું હતું.

(સંવત) ૧૯૭૮ માં જ્યાં ‘સમયસાર’ હાથમાં આવ્યું ત્યાં તો... ઓહોહો..! બધાને બહારમાં કહી દીધું, શરીર રહિત થવાની ચીજ આ છે. એમ કહ્યું હતું. એક શેઠ હતા વિરુદ્ધ એમને પણ કહ્યું કે, સિદ્ધ થવું હોય અને શરીરરહિત થવું હોય તો આ ‘સમયસાર’ છે. આહાહા..! આમાં જુઓને! કેટલું કહ્યું છે!

પોતાના અપરાધથી નિશ્ચયથી રખડે છે અને પોતાના ગુણથી નિશ્ચયથી મુક્તિને પામે છે, બીજા કોઈથી નહિ. બે વાત તો કહી. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

પ્રવચન નં. ૪૫૪ ગાથા–૪૧૨ ગુરુવાર, અષાઢ વદ ૧૩, તા. ૭-૦૮-૧૯૮૦

---

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

‘સમયસાર’ ૪૧૨ ગાથા. પહેલા આવ્યું કે, દ્રવ્યલિંગ કોઈ મોક્ષનો માર્ગ નથી. મોક્ષનો માર્ગ તો આત્માના આશ્રયે થાય છે. પરના આશ્રયે થાય એ મોક્ષમાર્ગ નથી, પરના આશ્રયે થાય એ સંસારમાર્ગ છે. આ બે મહા સિદ્ધાંત છે. પહેલા પરના આશ્રયે જે દ્રવ્યલિંગ આવ્યું

તેનો તો નિષેધ કર્યો. એ તો મોક્ષમાર્ગ છે નહિ. હવે સ્વઆશ્રયે મોક્ષમાર્ગ શું છે? કઈ રીતે ઉત્પન્ન થાય છે? એ વાત ૪૧૨ ગાથામાં કહે છે.

ટીકા :– 'હે ભવ્ય! પોતે અર્થાત્ પોતાનો આત્મા અનાદિ સંસારથી માંડીને...' 'પોતે અર્થાત્ પોતાનો આત્મા અનાદિ સંસારથી માંડીને પોતાની પ્રજ્ઞાના (–બુદ્ધિના) દોષથી...' કોઈ કહે કે કર્મને લઈને રખડે છે, કર્મને લઈને આ સંસારમાં રખડે છે એ વાત ખોટી છે. સમજાય છે કાંઈ? કેમકે એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી સ્પર્શતું નથી. એક દ્રવ્ય–કર્મ એ આત્માને રખડાવે એવી વાત નથી. એ વાત કહી, 'પોતાની પ્રજ્ઞાના (–બુદ્ધિના) દોષથી...' એ જ્ઞાનનો દોષ છે. સ્વલક્ષ કરવું જોઈએ. જ્ઞાન પોતાનું સ્વરૂપ છે તેનો આશ્રય લેવો જોઈએ. એમ નહિ કરતા એ જ્ઞાન પુણ્ય ને પાપ, રાગાદિની ક્રિયાનો આશ્રય લ્યે છે એ પોતાનો અપરાધ છે. આહાહા..! છે?

પોતાના દોષથી, એમ ભાષા છે. કર્મની જરીયે મદદ નહિ. કર્મની થોડી મદદ છે તો વિકાર થાય છે એમ બિલકુલ નથી. સ્વયં પોતાનો આત્મા અનાદિ સંસારથી નિગોદમાં પણ પોતાના અપરાધથી રહ્યો છે. પહેલા નિગોદમાં રહ્યો હતો તોપણ પોતાના અપરાધથી રહ્યો હતો, કર્મને કારણે નહિ. આહાહા..! અનાદિ સંસાર લીધો ને? 'અનાદિ સંસારથી માંડીને...' તો અનાદિ સંસારમાં તો નિગોદમાં પણ પહેલા હતો. આહાહા..! ત્યારથી પોતાના અપરાધથી, 'પોતાની પ્રજ્ઞાના (–બુદ્ધિના) દોષથી...' આહાહા..!

અહીંયા તો (અજ્ઞાનીઓ) કહે છે કે, તેને કર્મ નડે છે. કર્મને કારણે વિકાર થાય છે એ વાત ખોટી છે. કોઈ દ્રવ્યની પર્યાય થવામાં કોઈ દ્રવ્યની પર્યાયનો હાથ નથી, અધિકાર નથી. એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પર્યાયને ત્રણકાળમાં કદી અડતી નથી. સમજાય છે કાંઈ? એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પર્યાયને કદી અડતી નથી, સ્પર્શ કરતી નથી, પ્રવેશ કરતી નથી. અમારી ગુજરાતી ભાષામાં અડતી નથી. આહાહા..! ભગવાન આત્મા પોતાની પ્રજ્ઞાના દોષને કારણે, પોતાની પ્રજ્ઞાના દોષને કારણે ચાર ગતિમાં રખડે છે. એ આવ્યું ને? પોતાના દોષને કારણે. કોઈ બીજો દોષ કરે છે તો રખડે છે એમ નહિ. સ્વયં પોતાના દોષથી સંસારમાં (રખડે છે).

'પોતાની પ્રજ્ઞાના (–બુદ્ધિના) દોષથી પરદ્રવ્યમાં–રાગદ્વેષાદિમાં નિરંતર સ્થિત રહેલો...' આહાહા..! અનાદિ કાળનો આત્મા નિજ આત્માના આનંદનો સ્વાદ નહિ લઈને, આત્મામાં અતીન્દ્રિય પૂર્ણ આનંદ ભર્યો છે. આહાહા..! અતીન્દ્રિય પૂર્ણ આનંદનો સ્વાદ નહિ લઈને રાગ અને દ્વેષ આકુળતાનો સ્વાદ–દુઃખનો સ્વાદ લે છે. આહાહા..! ચાહે તો રાજા હો કે દેવ હો, અબજોપતિ હો પણ એ બધા દુઃખી છે. એ દુઃખનું વેદન કરે છે. આહાહા..! કારણ કે સંયોગથી સુખ-દુઃખ નથી.

નારકીને ઘણાં પ્રતિકૂળ સંયોગ છે તો તેનાથી તેને દુઃખ નથી. પણ તેની દૃષ્ટિ ત્યાં

જાય છે એ દૃષ્ટિમાં અપરાધ કરે છે કે, આ અમને નુકસાન કરે છે. તેનું વેદન કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? સંયોગી ચીજ, અગ્નિ અહીંયા લગાવો તો અગ્નિ આ શરીરને અડતી નથી. આહાહા..! કારણ કે અગ્નિ અને શરીર વચ્ચે અત્યંત અનંત અભાવ છે. તો અભાવમાં, અડવું એ ભાવ આવતો નથી. ઝીણી વાત છે, પ્રભુ!

એ કહે છે, પોતાના અપરાધથી. નિગોદમાં રહ્યો તોપણ પોતાના અપરાધથી. કોઈ એમ કહે કે, નિગોદમાં રહ્યો એ તો કર્મના જોરને લઈને રહ્યો. પછી જ્યારે ક્ષયોપશમ વધ્યો પછી અપરાધ કરે તો એ નુકસાન છે. અહીં તો કહે છે કે, 'અનાદિ સંસારથી માંડીને...' એમાં નિગોદના જીવ પણ આવી ગયા. આહાહા..! 'પોતાની પ્રજ્ઞાના (–બુદ્ધિના) દોષથી પરદ્રવ્યમાં–રાગદ્વેષાદિમાં નિરંતર સ્થિત રહેલો...' રાગ અને દ્વેષ. રાગના બે ભાગ–માયા અને લોભ. દ્વેષના બે ભાગ–ક્રોધ અને માન. એ ક્રોધ, માન, માયા, લોભમાં રહેલો. પેટામાં રાગ-દ્વેષમાં રહેલો, એથી પણ પેટામાં લ્યો તો કષાયમાં રહેલો.

પોતાનો સ્વભાવ અકષાય સ્વભાવ છે. શાંત.. શાંત.. શાંત... શાંત... આહાહા..! એ સ્વભાવમાં નહિ રહીને કષાયમાં આવે છે તો કૃષ નામ સંસાર, આય નામ લાભ, કષાયમાં સંસાર પરિભ્રમણનો લાભ થાય છે. એ કષાયના બે ભેદ–રાગ અને દ્વેષ. એ રાગ અને દ્વેષના બે (ભેદ). માયા અને લોભ એ રાગ, ક્રોધ અને માન એ દ્વેષ છે. આહાહા..!

અનાદિકાળથી ચોરાશીના અવતારમાં એણે દુઃખ વેઠ્યા છે. ભૂંડના ભવમાં વિષ્ટા ખાઈને, નરકમાં, નિગોદમાં... નરકના વેદનમાં, પહેલી નરકની એક ક્ષણનું વેદન... 'રત્નકરંડ શ્રાવકાચાર' માં તો આવ્યું છે, કે એક ક્ષણનું વેદન કરોડો ભવ અને કરોડો જીભે ન કરી શકે એવું દુઃખ છે. આહાહા..! પ્રભુ! તેં અનંત દુઃખ વેઠ્યા છે. એક ક્ષણના દુઃખ કરોડ ભવ અને કરોડ જીભે ન કહી શકે, એ દુઃખ કેવા હશે? આહાહા..! ખ્યાલ કર્યો નથી ખ્યાલ, કદી વિચાર કર્યો નથી.

'વિષાપહાર સૂત્ર' છે એમાં મુનિ કહે છે, અરે..! હું સંસારના પૂર્વ ભવના દુઃખનો વિચાર કરું છું.. આચાર્ય પોતે કહે છે, તો મને છાતીમાં ઘા વાગે છે. આવો પાઠ છે. આહાહા..! ગયા કાળના દુઃખના વિચાર નરકના, તિર્યંચમાં પિલાવું, ઘાણી આદિમાં પીલે. આદિ અનંત અનંત વાર એ દુઃખ (ભોગવ્યા). એને યાદ કરીએ છીએ. આચાર્ય કહે છે, મને ઘા વાગે છે. અર..ર..ર..! નહિતર એ તો ત્રણ કષાયના અભાવ થયેલા આનંદ સ્વરૂપ છે. પણ એક સંજ્વલનનો કષાય બાકી છે એ કારણે કહે છે. ત્રણ કષાયનો અભાવ છે તેટલો આનંદ તો છે. પણ એક સંજ્વલન ચોથો કષાય બાકી છે. એથી કહે છે, હું પૂર્વના દુઃખ યાદ કરું છું તો મને ઘા વાગે છે. એ વિચાર કે દિ' કર્યા છે? અરે..! ક્યાં રહ્યો? અનંત ભવ (કર્યા). ભવ.. ભવ.. ભવ.. ભવ.. ભવ.. ભવ.. ભવ.. અનંતકાળમાં ભવ વિનાનો એક સમય રહ્યો નહિ. અને જો ભવ ગયો હોય તો ફરીને ભવ હોય નહિ.

કાચો ચણો છે.. ચણો.. ચણો.., કાચો હોય તો સ્વાદ આવે નહિ અને વાવે તો ઊગે. કાચા ચણાને ખાય તો તુરા લાગે અને વાવે તો ઊગે. એને શેકે તો સ્વાદ મીઠો આવે અને વાવે તો ઊગે નહિ. આહાહા..! એમ રાગ અને દ્વેષથી અનાદિથી અજ્ઞાની અજ્ઞાનનો, રાગ-દ્વેષનો સ્વાદ લે છે અને એને લઈને ભવમાં અવતાર લ્યે છે. આહાહા..!

ધર્મીને.. આહાહા..! જેમ ચણો શકે છે ને? તો મીઠાશ આવે છે. એમ ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ સર્વાંગ ભર્યો છે. આહાહા..! અતીન્દ્રિય આનંદ સર્વાંગ ભર્યો છે. તેનો થોડો પણ સમ્યગ્દર્શનમાં સ્વાદ આવ્યો ત્યારે એ સ્વાદ આગળ પેલા રાગ-દ્વેષમાં દુઃખ બહુ લાગે છે. આહાહા..! 'શ્રેણિક' રાજા અત્યારે નરકમાં છે. સમકિતી છે, ક્ષાયિક સમકિતી છે, સમયે સમયે તીર્થંકર ગોત્ર બાંધે છે. અત્યારે! અત્યારે પણ ત્યાં તીર્થંકર ગોત્ર બાંધે છે. છતાં પ્રતિકૂળ સંયોગમાં જેટલું લક્ષ જાય છે તેટલું તેને પણ દુઃખ છે. શું કહ્યું સમજાણું? સંયોગનું દુઃખ નથી. ત્યાં અગ્નિ અડે છે એનું દુઃખ થતું નથી. આ પર્યાય એ પ્રકારના વેદનમાં ઉત્પન્ન થાય છે. અગ્નિને તો આ (શરીર) અડતું પણ નથી. આહાહા..! અગ્નિ તો અહીંયા અડતી પણ નથી.

એ 'સમયસાર' ત્રીજી ગાથામાં આવ્યું છે. 'સમયસાર' ત્રીજી ગાથામાં કહે છે, કે એક દ્રવ્યનો ધર્મ બીજા દ્રવ્યને ચુંબતો નથી. આહાહા..! એક પદાર્થનો ધર્મ બીજા પદાર્થને કદી અડતો નથી. આહાહા..! બધા સ્વતંત્રપણે પોતપોતાના સ્વચતુષ્ટયમાં (રહ્યા છે). દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પોતાના ચતુષ્ટયમાં રહ્યા છે અને બીજા અનંત અનંત ચતુષ્ટયની નાસ્તિ છે. એમાં નાસ્તિ છે તો તેને દુઃખ કઈ રીતે કરે? પણ એ નજર કરતાં, આ પ્રતિકૂળ છે, ઠીક નથી એવી ચિંતા કરે છે તે દુઃખ છે. આહાહા..! વાત તો આવી છે, પ્રભુ! માર્ગ તો આવો છે. આહાહા..!

અહીંયા કહે છે કે, પોતાની પ્રજ્ઞાના દોષથી. નિગોદમાં એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌઇન્દ્રિય.. અરે..! નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર, ગ્રૈવેયક ઉપજાયો', 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' 'છ ઢાળા' માં છે. 'પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. એ પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીસ મૂળગુણના પરિણામ દુઃખ છે. આહાહા..! પ્રભુ.. પ્રભુ.. પ્રભુ..! રાગ છે, આસ્રવ છે, દુઃખ છે.

ભગવાન આત્મા આનંદ સ્વરૂપ છે તેને છોડીને અનાદિકાળથી પ્રજ્ઞાના દોષથી. એની વ્યાખ્યા ચાલે છે. પોતાની પ્રજ્ઞાનો દોષ છે. કર્મનો દોષ નથી, કોઈ વેરીનો દોષ નથી. જગતમાં કોઈ વેરી છે જ નહિ.

'દ્રવ્યસંગ્રહ' માં તો એમ લીધું છે, 'દ્રવ્યસંગ્રહ'માં અવાયવિચયની વ્યાખ્યા કરી છે. સંસ્થાન વિચય, વિપાક વિચય, અવાય વિચય. અવાય વિચયમાં તિક્ષ્ણ વ્યાખ્યા કરી છે, કે હું તો આત્માનું જ્ઞાન કરીને આઠ કર્મથી રહિત થઈશ પણ પ્રભુ! તમે બધા આઠ કર્મથી

રહિત થઈ જાઓ. આહાહા..! 'દ્રવ્યસંગ્રહ' માં પાઠ છે. અમે તો આઠ કર્મથી રહિત થશું જ. આહાહા..! પણ બધા ભગવાન, બધા ભગવાન છે. રાગ અને અજ્ઞાનની પાછળ ભગવાન બિરાજે છે. આહાહા..! ત્યાં તો એમ કહ્યું, બધા આત્મા ભગવાન થઈ જાઓ. દુશ્મન કોઈ છે જ નહિ. આહાહા..! બધા આત્મા આઠ કર્મથી રહિત છે, પ્રભુ! નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં તું રહે છે એ છોડી દે. આહાહા..! 'દ્રવ્યસંગ્રહ' માં અવાયવિચયમાં (આવે છે). સંસ્થાન વિચય, અવાય વિચય આવે છે ને? એમાં છે. આહાહા..!

અહીં કહે છે, અનાદિથી જ્યાં જ્યાં રહ્યો ત્યાં પોતાની પ્રજ્ઞાના અપરાધથી રહ્યો છે. બીજી કોઈ નિમિત્ત ચીજથી બિલકુલ રહ્યો નથી. નિમિત્તને એ અડતો જ નથી. આહાહા..! અહીંયા વીંછી કરડે છે એ વીંછી અહીંયા અડતો નથી. ગજબ વાત છે, પ્રભુ! વીંછી વીંછીના અસ્તિત્વમાં છે, શરીરના પરમાણુ શરીરના અસ્તિત્વમાં છે. તો આ શરીરના અસ્તિત્વમાં વીંછીના અસ્તિત્વની નાસ્તિ છે. તો નાસ્તિથી દુઃખ કઈ રીતે થાય? આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! પોતાના અસ્તિત્વમાં દોષ કર્યો છે. આ પ્રજ્ઞાનો દોષ ચાલે છે ને? પોતાની પ્રજ્ઞાનો અપરાધ છે, બીજા કોઈનો નહિ, બીજી કોઈ ચીજનો નહિ. આહાહા..!

'પ્રજ્ઞાના (–બુદ્ધિના) દોષથી પરદ્રવ્યમાં–રાગદ્વેષાદિ...' ભાવ. પરદ્રવ્યને અડતો નથી પણ પરદ્રવ્યના લક્ષે રાગ-દ્વેષાદિમાં 'નિરંતર સ્થિત રહેલો હોવા છતાં,...' આહાહા..! પરદ્રવ્યને કદી અડતો નથી. આહાહા..! પણ નિજ દ્રવ્યનો ભાવ છોડીને રાગ ને દ્વેષ ને વિકલ્પ, વિકાર અવસ્થા, તે દુઃખ છે. એ દુઃખ પોતાની પ્રજ્ઞાના અપરાધને કારણે છે, કોઈ કર્મને કારણે નથી. આહાહા..! એક વાત. 'પરદ્રવ્યમાં–રાગદ્વેષાદિમાં નિરંતર સ્થિત રહેલો હોવા છતાં,...' 'નિરંતર રહેલો હોવા છતાં,...'

'પોતાની પ્રજ્ઞાના ગુણ વડે...' શું કહે છે? આહાહા..! હવે ગુલાંટ ખાય છે. આહાહા..! આવા અપરાધમાં રહેલો હોવા છતાં પણ, આવા શબ્દો છે. પોતાની પ્રજ્ઞાના–જ્ઞાનના અપરાધથી, પોતાની પ્રજ્ઞાના અપરાધમાં રહેલો હોવા છતાં પણ, રહેલો હોવા છતાં પણ, ગુલાંટ માર. પોતાના ગુણ વડે.. આહાહા..! સમજાય છે કાંઈ? પ્રભુ! પોતાની પ્રજ્ઞામાં જે રાગ-દ્વેષ કરતો હતો.. આહાહા..! એવા રાગ-દ્વેષવાળો જીવ તેમાં રહેલો હોવા છતાં પણ, 'સ્થિત રહેલો હોવા છતાં,...' આહાહા..! રાગ અને દ્વેષ ને મિથ્યાત્વ. મૂળ કારણ તો મિથ્યાત્વ છે. કષાયને પણ અનંતાનુબંધી કહ્યો છે. એ અનંતનો અર્થ મિથ્યાત્વ છે. મિથ્યાત્વની સાથે કષાયનું બંધન છે તેનું નામ અનંતાનુબંધી છે. અનંતાનુબંધી. આહાહા..! અનંત નામ મિથ્યાત્વ, તેના સંબંધમાં રહેનારા રાગ અને દ્વેષ કષાય, તેમાં અનાદિથી રહેલો. આહાહા..!

નગ્ન દિગંબર સાધુ નવમી ગ્રૈવેયકે ગયો. વસ્ત્રસહિત હોય તે નવમી ગ્રૈવેયકે ન જાય. વસ્ત્ર સહિત મુનિ હોય નહિ. મુનિને વસ્ત્રને ટુકડો હોય અને મુનિ માને તો નિગોદમાં જાય. વસ્ત્રનો ટુકડો રાખે અને અમે મુનિ છીએ એમ માને તો નિગોદમાં જાશે. 'અષ્ટપાહુડ'

માં એવો પાઠ છે. 'અષ્ટપાહુડ' માં 'સૂત્રપાહુડ' માં ૧૬ મી ગાથામાં પાઠ છે. 'સૂત્રપાહુડ' ની ૧૬ મી ગાથા. આહાહા..! વસ્ત્રનો એક ટુકડો રાખીને પણ અમે મુનિ છીએ (એમ માને), રૂમાલ રાખે, રૂમાલ. રૂમાલ કહે છે ને? કહે છે કે, એ મુનિ નિગોદમાં જાશે. કારણ કે નવે તત્ત્વની ભૂલ હોય. એક કપડાનો એક ટુકડો રાખતા નવે તત્ત્વની મિથ્યાત્વની ભૂલ છે. આહાહા..!

અત્યાર સુધી જે રખડ્યો એ પોતાની પ્રજ્ઞાના દોષથી (રખડ્યો). તેમાં રહેલો હોવા છતાં. કોઈ એમ કહે કે, અનાદિથી અમે આમાં રહ્યા છીએ, અમને ઝટ દઈને કઈ રીતે ગુણ થશે? કેમ થશે? સમકિત કઈ રીતે થશે? જ્ઞાન કઈ રીતે થશે? તો એ કહે છે, 'નિરંતર સ્થિતરહેલો હોવા છતાં, પોતાની પ્રજ્ઞાના ગુણ વડે...' જેમ પોતાની પ્રજ્ઞાના દોષથી રહેતો હતો, એવી જ રીતે પોતાની પ્રજ્ઞાના ગુણ વડે. બીજું કોઈ કારણ નહિ કે કર્મ મંદ પડે ને કર્મ ઘટે તો આત્માનો લાભ થઈ શકે. બિલકુલ કોઈનો સાથ કે અપેક્ષા નથી.

એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી. આહાહા..! એક દ્રવ્ય એક પરમાણુ પણ બીજા પરમાણુને અડતો નથી. આહાહા..! ગજબ વાત છે! એક પરમાણુ અને બીજા પરમાણુ વચ્ચે અન્યોન્ય અભાવ છે. આહાહા..! તો એ સ્પર્શતા નથી.

અહીં કહે છે, 'પોતાની પ્રજ્ઞાના ગુણ વડે...' દોષ છે, પર્યાયમાં હો, દૃષ્ટિ ફેરવી દે. પર્યાયદૃષ્ટિમાં તારી પ્રજ્ઞાનો અપરાધ છે. દૃષ્ટિ દ્રવ્ય ઉપર લઈ જા. ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ બિરાજે છે. પર્યાય સિવાય બધા ભગવાન છે. બધા ભગવાન આત્મા છે. આહાહા..! એક પર્યાયમાં, એક સમયની પર્યાયની ભૂલ. એક સમય! એક સમયની ભૂલ, એ સિવાય આખો આત્મા ભગવાન છે. આહાહા..!

અહીંયા એ કહે છે, 'પોતાની પ્રજ્ઞાના ગુણ વડે...' એમ લીધું નહિ કે દેવ-ગુરુ દ્વારા કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા દ્વારા (થશે). કારણ કે એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યથી આત્મામાં લાભ થતો નથી. આહાહા..! ચાહે તો ત્રણલોકનો નાથ હો, એમની ઉપર જો લક્ષ જાય તો રાગ ઉત્પન્ન થયા વિના રહે નહિ. એ માટે પરદ્રવ્ય ઉપર લક્ષ કરવું તે રાગ છે. ચાહે તો ભગવાન હો કે ચાહે તો ભગવાનની પ્રતિમા હો, ચાહે તો ભગવાનનું સમવસરણ હો. પણ પરદ્રવ્ય ઉપર લક્ષ જાશે તો રાગ થશે જ. ઝીણી વાત છે, પ્રભુ! વાત સાચી છે. ગળે ઊતારવી જરી કઠણ છે, પ્રભુ! અમે તો બધાને પ્રભુ જોઈએ છીએ, અંદર પ્રભુ છે. અંદર ભગવાન બિરાજે છે. એક પર્યાયમાં દોષ છે, એ સિવાય આખો ભગવાન છે.

એ પર્યાયના દોષની વાત અહીંયા કહે છે, કે પર્યાયમાં જે દોષ છે. આમ હોવા છતાં, 'પોતાની પ્રજ્ઞાના ગુણ વડે...' આહાહા..! પોતાની પ્રજ્ઞા, જ્ઞાનમૂર્તિ પ્રભુની દૃષ્ટિ કર. તારી દૃષ્ટિ પર્યાય ઉપર છે એ મિથ્યાબુદ્ધિ છે. એક સમયની એકાંત પર્યાયબુદ્ધિ છે એ મિથ્યાબુદ્ધિ છે. ત્યાંથી ગુલાંટ ખા અને પર્યાય જેની છે, દ્રવ્યની છે એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ દે. આહાહા..!

ભગવાન માર્ગ બહુ આકરો છે. આહાહા..! પણ માર્ગ એનો ઘરમાં છે. પાસે છે, બહારથી કાંઈ આવતો નથી. આહાહા..!

'પોતાની પ્રજ્ઞાના ગુણ વડે...' ગુણના બે અર્થ છે. એક ત્રિકાળી ગુણ. ત્રિકાળી ગુણનો ધરનાર ભગવાનનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન આદિ ઉત્પન્ન થાય છે એ તો પર્યાય છે, એ ગુણ નથી. ગુણ ત્રિકાળી હોય છે. દ્રવ્ય અને ગુણ ત્રિકાળી હોય છે. પર્યાય વર્તમાનમાં નવી ઉત્પન્ન થાય છે. તો અહીંયા કહ્યું, 'પ્રજ્ઞાના ગુણ વડે...' એટલે ત્રિકાળી દ્રવ્યના આશ્રય વડે. આહાહા..!

'તેમાંથી પાછા વળીને...' આહાહા..! મિથ્યાત્વનો જે અપરાધ છે, પુણ્ય અને પાપ ઉપર લક્ષ છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ ઉપર અનાદિનું લક્ષ છે, એ તો બધો વિકાર છે. એ વિકારથી પાછો વળ. એમ આચાર્ય મહારાજ કહે છે. આહાહા..! એમ નથી કહેતા કે, તને કર્મનું જોર હશે તો નહિ હટી શકે. આ પંચમઆરો છે એમ નથી કહ્યું. આ પંચમઆરાના શ્રોતાને કહે છે. પોતે પંચમઆરાના સાધુ છે અને પંચમઆરાના શ્રોતાને કહે છે. એમ નથી કે પંચમઆરાના શ્રોતા ન કરી શકે. આહાહા..! એક એક લીટીમાં ગર્ભ ભર્યો છે, માલ ભર્યો છે.

આ તો સંતોની વાણી! વીતરાગની વાણી! સર્વજ્ઞ ત્રિલોકનાથ કેવળજ્ઞાનીની દિવ્યધ્વનિનો સાર! આહાહા..! નગ્ન મુનિની વાણી એટલે વીતરાગની વાણીનો સાર. એવી બીજે ક્યાંય નથી. આહાહા..! સમજાય છે કાંઈ? શ્વેતાંબર પણ પાછળથી નીકળ્યા છે. આહા..! બે હજાર વર્ષ પહેલા (નીકળ્યા છે). મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાત્વ થયું તો તેઓએ સંપ્રદાય છોડ્યો અને નવા શાસ્ત્ર રચ્યા. આ તો અનાદિનો માર્ગ છે. મહાવિદેહક્ષેત્રમાં પણ આ માર્ગ ચાલે છે. આહાહા..! ભગવાન બિરાજે છે, વીસ તીર્થંકર, લાખો કેવળીઓ મહાવિદેહમાં (છે) ત્યાં આ માર્ગ છે. 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા અને ત્યાંથી લાવીને આ માર્ગ બતાવ્યો. આહાહા..!

અહીં કહે છે કે, પોતાના ગુણ વડે. ગુણ વડેના બે અર્થ. એક ત્રિકાળી ગુણ છે તેના વડે. અર્થાત્ વર્તમાન પર્યાયરૂપી ગુણ વડે. જ્યારે દોષ છે એ અવગુણ છે, ત્યારે પર્યાયને ગુણ શબ્દે કહેવામાં આવે છે. શાસ્ત્રમાં પર્યાયને પણ ગુણ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ પર્યાય ફેરવી દે. ફેરવી દે ને શું કહે છે? ગુલાંટ ખા, પલટી નાખ, પલટી નાખ. આ બાજુ જે દૃષ્ટિ હતી તે આ બાજુ કરી દે. આહાહા..!

'ગુણ વડે જ...' ભાષા શું છે? 'પોતાની પ્રજ્ઞાના ગુણ વડે જ...' 'જ' કહીને એકાંત કર્યું. દેવ-ગુરુ-શાસ્ત્રને કારણે પણ નહિ. પ્રતિમાના દર્શનને કારણે પણ નહિ. આહાહા..! કોઈ શુભભાવની ક્રિયાથી પણ નહિ. છે શબ્દ? 'પોતાની પ્રજ્ઞાના ગુણ વડે જ...' 'જ' કહ્યું છે. આહાહા..! પ્રભુ! તારામાં તો ભગવાન ભર્યો છે ને! પ્રભુ! તું ભગવાન છો! આહાહા..! ૭૨ ગાથામાં, આ 'સમયસાર' ની ૭૨ ગાથામાં આચાર્યે ભગવાન કહ્યો છે. હે આત્મા!

તારામાં પુણ્ય અને પાપ ભાવ થાય છે એ મલિન છે, અશુચિ છે. ભગવાન આત્મા નિર્મળ છે. આવો પાઠ છે. ભગવાન આત્મા કહીને બોલાવ્યો છે. 'સમયસાર' ની ૭૨ ગાથામાં ત્રણ વાર શ્રોતાને ભગવાન કહીને બોલાવ્યા છે. આહાહા..!

મલિન પરિણામ, શુભાશુભ ભાવથી ભગવાન ભિન્ન છે, એમ લીધું છે. ત્રણ બોલ છે. શુભાશુભ પરિણામ અજીવ છે, જડ છે. કેમકે એ પોતાને જાણતા નથી, બીજા દ્વારા જણાય છે માટે પુણ્ય અને પાપ જડ છે. હવે એ પુણ્ય-પાપ જ્યારે જડ છે તો ભગવાન આનંદકંદ છે, એમ લીધું છે. ભગવાન જ્ઞાનની મૂર્તિ છે. પુણ્ય-પાપ જડ છે અને આત્મા જ્ઞાનમૂર્તિ છે, ચૈતન્ય સ્વરૂપનો પિંડ છે. બે બોલ (આ લીધા) અને ત્રીજો બોલ આ લીધો છે, કે પુણ્ય અને પાપ દુઃખરૂપ છે. પ્રભુ દુઃખનું કારણ પણ નથી અને દુઃખનું કાર્ય નથી. એ શું કહ્યું? ૭૨ ગાથામાં છે. આત્માની દશા જે ઉત્પન્ન થાય છે, નિર્મળ આત્માના અવલંબને (જે દશા થાય છે) તે રાગનું કારણ પણ નહિ અને આત્માની પર્યાય કારણ અને રાગ કાર્ય એમ પણ નથી. રાગ કારણ અને નિર્મળ પર્યાય કાર્ય એમ પણ નહિ અને નિર્મળ પર્યાય કારણ અને રાગ કાર્ય એમ પણ નથી. આહાહા..! સંતોએ તો ગજબ કામ કર્યું છે. દિગંબર મુનિઓએ... આહાહા..! અરે..રે..! અત્યારે કેવળીના વિરહ છે. સર્વજ્ઞ ભગવાન અત્યારે અહીં નથી. તેમની વાણીમાં બધી વાત રહી ગઈ. આહાહા..! કેટલી ટૂંકી વાતમાં સમાડી દીધું છે! ઓહો..! ગંભીર.. ગંભીર..!

'પોતાની પ્રજ્ઞાના ગુણ વડે જ તેમાંથી..' એટલે મિથ્યા દોષથી 'પાછો વાળીને...' પોતાથી પાછો વાળીને. કર્મ ખસે તો પાછો વળે એમ નહિ. કર્મ ખસે તો પાછો વળે (એમ નહિ). આહાહા..! પ્રભુ! માર્ગ બહુ જુદો છે, પ્રભુ! આહાહા..! 'તેમાંથી પાછો વાળીને તેને અતિ નિશ્ચળપણે...' આહાહા..! 'અતિ નિશ્ચળપણે...' અંદર જા, પ્રભુ! દૃષ્ટિ દ્રવ્ય ઉપર દે અને 'અતિ નિશ્ચળપણે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિરંતર સ્થાપ;...' આત્માને, દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તો પર્યાય છે, મોક્ષમાર્ગ એ તો પર્યાય છે, દ્રવ્ય નહિ. દ્રવ્ય તો ત્રિકાળ છે અને આ તો પર્યાય છે. પ્રભુ! પ્રજ્ઞાના દોષથી પાછો વળી દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટ કર. આહાહા..!

જે દોષ છે એ પર્યાયનો વિપરીત ભાવ છે. તેને છોડી પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્થાપ. આહાહા..! દર્શન.. પહેલું દર્શન લીધું છે ને? 'દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિરંતર સ્થાપ;...' આત્માને ત્યાં સ્થાપ. અસંખ્ય પ્રકારના રાગ અને દ્વેષનું વેદન તો પ્રભુ તને અનાદિકાળનું છે, એ કોઈ નવી ચીજ નથી, એ કોઈ આશ્ચર્યકારી ચીજ નથી. શુભરાગ પણ ઝેર છે. શુભરાગ પણ ઝેર છે, આત્મા અમૃત છે. અમૃતથી વિરૂદ્ધ એ ઝેર છે. આહાહા..! આકરી વાત છે.

એ અહીં કહે છે, 'ગુણ વડે...' એ શુભ અને અશુભરાગને છોડી દે. દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિરંતર સ્થાપ. નિરંતર કેમ લીધું? દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા અને વચ્ચે થોડો

શુભભાવ પણ આવે તો થોડું ઠીક છે, એમ નથી. સમજાય છે કાંઈ? નિરંતર. જેમ પ્રભુ દ્રવ્ય નિત્ય છે, ભગવાન આત્મા સચ્ચિદાનંદ નિત્યાનંદ પ્રભુ નિત્ય છે, એવી પર્યાય નિત્યમાં સ્થાપ, નિત્યમાં નિરંતર સ્થાપ. આહાહા..! શબ્દો કેટલા મીઠા છે!! આહાહા..! આચાર્યો, દિગંબરના આચાર્યો એટલે કેવળીના કેડાયત! કેવળીના કેડાયત!! કેવળી પાછળ ચાલનારા. અને એકાદ ભવમાં કેવળ લેનારા. આહાહા..! કુંદકુંદ આદિ આચાર્ય વર્તમાનમાં વૈમાનિકમાં છે પણ ત્યાંથી નીકળીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષમાં જશે. આહાહા..! એવી એની સ્થિતિ–દશા હતી. એની આ વાણી છે. આહાહા..!

કહે છે, 'નિરંતર સ્થાપ;...' અહીંયા આત્મામાં. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકલ્પ, હોં! પંચ મહાવ્રત આદિ તો વિકલ્પ છે, એ ચારિત્ર નથી, અચારિત્ર છે. પોતાનું સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય નિર્વિકલ્પ છે, રાગ વિનાની વસ્તુ છે તેમાં નિરંતર સ્થાપ. આહાહા..! 'તથા સમસ્ત અન્ય ચિંતાના નિરોધ વડે...' પોતાના દર્શન-જ્ઞાનમાં સ્થિત થા અને બીજી ચિંતાથી દૂર થઈ જા. આહાહા..! કોઈ કહે કે, આટલું સમજાવું પછી વાત, આટલી પાઠશાળા બનાવું પછી વાત, રહેવા દે, એ બધું રહેવા દે. એ તો એને કાળે હશે, થવાનું હશે એ થશે, તું ચિંતા રહેવા દે. એમ કહે છે. પરની ચિંતા છોડી દે. આહાહા..! એ કહે છે, જુઓ!

'અન્ય ચિંતાના નિરોધ વડે...' આત્મા સિવાય કોઈપણ ચીજની ચિંતા છોડી દે. ઓહોહો..! ગજબ વાત! દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો વિકલ્પ એ ચિંતા છોડી દે, પ્રભુ! એ પણ વિકલ્પ, ચિંતા છે. આહાહા..! ગજબ વાત છે!

'મોક્ષપાહુડ' માં કહ્યું છે, 'परदव्वादो दुग्गई' પ્રભુ! તું મારી સામું જોઈશ તો તારી દુર્ગતિ થશે. દુર્ગતિ એટલે? એ ચૈતન્યની ગતિ નહિ, એમ. પુણ્ય બંધાય એમાં સ્વર્ગમાં જાશે. સ્વર્ગ દુર્ગતિ છે, સ્વર્ગ પણ દુર્ગતિ છે. ચારે ગતિ દુર્ગતિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીંયા તો આચાર્ય એમ કહે છે, મારી ચિંતા પણ તું છોડી દે. આહાહા..! પંચમ આરાના શ્રોતાને સમજાવે છે. કોઈ એમ કહે કે, આ 'સમયસાર' ચોથા આરાને માટે છે. આ પંચમ આરાના સાધુ પંચમ આરાના શ્રોતાને સમજાવે છે. આહાહા..! '(હે ભવ્ય)!' એમ કહ્યું ને? સામે જીવ છે. આહાહા..!

'ચિંતાના નિરોધ વડે અત્યંત એકાગ્ર થઈને...' આત્મામાં અત્યંત એકાગ્ર થઈને. જેમ અનાદિથી રાગ-દ્વેષથી ખસ્યો નહોતો તો અનંત કાળ કાઢ્યો. તારો કરવાનો સ્વભાવ તો છે, હવે એ વિકાર કરવાનું છોડીને સ્વભાવને કર. તારો સ્વભાવ છે. આહાહા..! તારો દર્શન-જ્ઞાન-ચારિત્રનો સ્વભાવ કર. વિકાર કરી શકે છે તો નિર્વિકાર તો વસ્તુ આત્મા છે. તો જે વસ્તુમાં નથી તેને અનાદિકાળથી કરે છે, વસ્તુમાં વિકાર છે જ નહિ એવો વિકાર તો અનંત કાળથી પર્યાયમાં કરતો આવ્યો છો, ગુણ તો અંદરમાં ભર્યા છે... આહાહા..! તો પ્રભુ! ત્યાં જા ને! એમ અહીં કહે છે. ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! વીતરાગ માર્ગ

ભગવાન! બહુ ઝીણો, બહુ સૂક્ષ્મ. અલૌકિક છે, બીજે ક્યાંય નથી. વીતરાગ સિવાય માર્ગ ક્યાંય નથી. આહાહા..! એક એક લીટીમાં કેટલું ભર્યું છે! આહાહા..! આ પંક્તિ.

'અન્ય ચિંતાના નિરોધ વડે અત્યંત એકાગ્ર થઈને...' 'અત્યંત એકાગ્ર થઈને...' વિકલ્પ છોડીને નિર્વિકલ્પ થઈ જા. પ્રભુ! આ પરમાત્મા પંચમ આરાના પ્રાણીને એમ કહે છે, કે તું નિર્વિકલ્પ થઈ જા. કેટલાક કહે છે કે, પંચમ આરામાં આમ થઈ શકે નહિ. પંચમ આરામાં તો શુભભાવ જ હોય. એવો પાઠ માસિકમાં આવ્યો છે. શું કહેવાય? પત્રમાં આવ્યું છે. 'શ્રુતસાગર' છે ને? 'શ્રુતસાગર', એણે લખ્યું હતું કે, અત્યારે તો શુભભાવ જ હોય. બસ. એમ છાપામાં આવ્યું હતું. અરે..! ભગવાન! શુભભાવ તો અધર્મ છે. સીધી ભાષાએ અધર્મ છે, અધર્મ છે.

અહીં તો આચાર્ય શ્રોતાને ઉપદેશ આપે છે કે, તું બહારથી પાછો વળીને આમાં આવ. પંચમ આરો છે તો તું નહિ આવી શકે, એમ નથી કહ્યું. આહાહા..! 'અત્યંત એકાગ્ર થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ધ્યા;...' આહાહા..! અંદરમાં આત્મા તરફ ઝુકાવ કરીને આત્માથી અનાદિથી વિમુખ થઈને અજ્ઞાન ને રાગ-દ્વેષ કર્યા, પ્રભુ! હવે એને છોડીને આત્માની સન્મુખ થઈ જા. આહાહા..! વિમુખ તો અનાદિનો હતો, તને કરતાં તો આવડે છે, વિમુખ થવું આવડે છે કે નહિ? તો સન્મુખ થતાં કેમ ન આવડે? એ તો ઘરની ચીજ છે. આહાહા..! જબ્બર વાત!

'તથા સમસ્ત કર્મચેતના...' દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ કર્મચેતના છે. વ્રત એ કર્મચેતના છે. રાગ છે ને? કર્મ એટલે કાર્ય. કર્મ એટલે જડ નહિ. જડકર્મની કર્મચેતના નહિ. અહીં કર્મચેતના એટલે જડ કર્મની વાત નથી. કર્મચેતના એટલે વિકારી પર પરિણામરૂપી કાર્ય, વિકારી પરિણામરૂપી કાર્ય, એને કાર્યને કર્મ કહીને તેમાં એકાગ્ર થાય તેને કર્મચેતના કહ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કર્મચેતના, આહાહા..! એ વ્રત ને ભક્તિ ને પૂજા ને જાત્રા એ બધા ભાવ કર્મચેતના છે. અહીં તો કાંઈ કોઈની શરમ નથી. દિગંબર નાગા બાદશાહથી આઘા. સમાજની દરકાર નથી, સત્યની જાહેરાત છે. આહાહા..! સત્યને જાહેર કરે છે. સમજે ન સમજે એની મરજી. આહાહા..!

'સમસ્ત કર્મચેતના...' સમસ્ત કર્મચેતનાનો અર્થ-અશુભ અને શુભ બન્ને ભાવ કર્મચેતના છે. શુભ અને અશુભ. ચાહે તો તીર્થંકર ગોત્ર બાંધે એ ભાવ પણ કર્મચેતના છે. કેમકે બંધન ધર્મથી થાય નહિ. બંધન ધર્મથી વિરૂદ્ધ અધર્મથી થાય છે. આહાહા..! ગજબ વાત! અહીં એ કહે છે, કર્મચેતનાને છોડી દે. કર્મચેતનામાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા બધું આવી ગયું. કેમકે એ રાગ છે અને રાગ એ કર્મ છે, કર્મ નામ કાર્ય. જડ કર્મ નહિ. આહાહા..! આવો માર્ગ. માર્ગ તો એવો છે.

બીજી રીતે કરવા જશે તો આવો અવતાર મળ્યો, જશે ક્યાં? આ દેહ તો છૂટી જાશે. આત્મા તો અવિનાશી છે. એ ક્યાંક જશે, આ દેહ છૂટીને ક્યાંક અવતાર તો લેશે. આહાહા..! દેહનો નાશ (થશે), પ્રભુ ચૈતન્ય તો અનાદિઅનંત છે. નવો અવતાર ધારણ કરશે. જેવા ભાવ કરશે એવો અવતાર મળશે.

અહીંયા કહે છે, કર્મચેતનાને છોડી દે. 'કર્મફળચેતનાના ત્યાગ વડે...' કર્મફળ એટલે જે કાંઈ રાગ આવ્યો તેમાં હરખ આવે છે, દ્વેષ આવ્યો એમાં દુઃખ થાય છે. એ બધું કર્મફળચેતના છે. કર્મ એટલે જડ નહિ. રાગ અને દ્વેષ પરિણામ થાય એ કર્મ અને તેનું ફળ આવે એ કર્મફળ. જડની સાથે સંબંધ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કર્મચેતના..આ લોકો કહે છે કે, આમ કરો.. કરો. વ્યવહાર કરો. વ્યવહાર કરતા કરતા નિશ્ચય થશે. અહીં કર્મચેતનાને વ્યવહાર કહે છે. આહાહા..! એ વ્યવહાર છે તે કર્મચેતનામાં આવે છે. તેને છોડીને જ્ઞાનચેતના પ્રગટ કર. માર્ગ તો આ છે. દુનિયાને આકરું લાગે. માર્ગ તો આ છે, પ્રભુ! આહાહા..!

કર્મચેતના અને કર્મફળચેતના બન્ને વિકારી છે. એક પુણ્ય-પાપનું કાર્ય છે, એ કર્મચેતના. અને તેના દુઃખનો અનુભવ કરવો એ કર્મફળચેતના. બન્નેને છોડી દે. આહાહા..! સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય.. આહાહા..! તો બન્નેને છોડી દે. આહાહા..! વાણી વીતરાગની છે ને! આહાહા..! જેની વાણી ઇન્દ્રો સાંભળવા જાય. ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. ત્યાં ઇન્દ્રો સભામાં જાય છે. આહાહા..! 'સીમંધર' ભગવાન, લાખો કેવળી! વીસ તીર્થંકર (છે). ભગવાનની સભામાં ઇન્દ્ર, નરેન્દ્ર, વાઘ, સિંહ... આહાહા..! સર્પ સાંભળવા જાય છે અને કેટલાક ધર્મ પામે છે, કેટલાક. આહા..! કેમકે તિર્યંચ પણ... શાસ્ત્રમાં લેખ છે, પાંચમા ગુણસ્થાનવાળા અસંખ્ય તિર્યંચ અઢી દ્વિપ બહાર છે. આહાહા..! અને અસંખ્ય સમકિતી અઢી દ્વિપ બહાર છે. તિર્યંચ, હોં! તિર્યંચ! આહાહા..!

અહીંયા કહે છે, કે 'કર્મચેતના અને કર્મફળચેતનાના ત્યાગ વડે...' એના ત્યાગ વડે. એના દ્વારા થશે એમ નહિ. વ્યવહાર દ્વારા નિશ્ચય થશે, એમ નહિ. તેના ત્યાગ વડે, ભાષા આ છે. આહાહા..! કોઈ ઠેકાણે કહ્યું હોય કે એ સાધન છે. એ તો સાધનનો આરોપ છે. આવ્યું? કર્મચેતનાના ત્યાગ વડે. બન્નેના ત્યાગ વડે. છે? આહાહા..! વસ્તુ તો આ છે, પ્રભુ! આહાહા..! અનંત તીર્થંકરો આ કહી ગયા છે. એ વાતને ફેરવી નાખવી, બદલીને વ્યવહારથી પણ નિશ્ચય થાશે એમ છે નહિ. આહાહા..!

'કર્મચેતના અને કર્મફળચેતનાના ત્યાગ વડે...' ત્યાગ વડે કહ્યુંને? કે કર્તા દ્વારા? આહાહા..! છોડીને. 'શુદ્ધજ્ઞાનચેતનામય થઈને...' આહાહા..! શુદ્ધજ્ઞાનચેતનામય. આહાહા..! કર્મચેતના અને કર્મફળચેતના એ અશુદ્ધચેતના, રાગ હતો, અશુદ્ધ મલિન ચેતના હતી, દુઃખરૂપ ચેતના હતી. તેને છોડીને 'શુદ્ધજ્ઞાનચેતનામય થઈને...' ખૂબી શું કરી છે?

શુદ્ધચેતનાવાળો થઈને એમ નથી કહ્યું. કેમ? કે શુદ્ધજ્ઞાનચેતનામય થઈને (એટલે) અભેદ થઈને. શુદ્ધચેતનાવાળો કહે તો વ્યવહાર થઈ ગયો. શુદ્ધચેતનામય થઈને. અંદર ભગવાન આત્મા આનંદકંદ જ્ઞાન બિરાજે છે એ બાજુમાં એકાગ્ર થઈ જા. આહાહા..! આવ્યું?

'દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ચેત...' એ બન્નેને છોડીને 'શુદ્ધજ્ઞાનચેતનામય થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ચેત...' શું કહ્યું? દર્શન, જ્ઞાન, ચારિત્ર પર્યાય છે. એ શુદ્ધજ્ઞાનચેતનામય છે. શુદ્ધજ્ઞાનચેતનામય છે, પર્યાય છે. આહાહા..! દ્રવ્ય તો ધ્રુવ ત્રિકાળી છે. મલિન પર્યાયને છોડીને તેની સામે નિર્મળ પર્યાય પ્રગટ કર. આહાહા..! લોજીક તો જુઓ એનું! આચાર્યોના હૃદય તો.. આહાહા..! કથન વખતે પણ તેમના હૃદય કેવા છે! જુઓ!

'શુદ્ધજ્ઞાનચેતનામય થઈને...' છે? 'દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ચેત...' આહાહા..! આકરી વાત છે, ભાઈ! પહેલા સમજીને હા તો પાડે કે વસ્તુ તો આમ છે. પહેલા જ્ઞાન ઉપર લઈને પછી અંતરમાં પ્રયોગ કરવો. જ્ઞાનમાં હજી વિપરીતતા હોય એ અંતર્મુખ નહિ થઈ શકે. રાગથી ને વ્યવહારથી લાભ થશે એમ માનનારા અંતરમાં નહિ જઈ શકે. કેમકે અંતર વસ્તુ સત્ય ચિદાનંદ પ્રભુ, સચ્ચિદાનંદ સત્ છે. ત્યાં તો સત્યની દૃષ્ટિવંત સત્માં જશે. આહાહા..! સમજાય છે કાંઈ? તમારી હિન્દી બહુ નથી આવડતી, થોડું થોડું હિન્દી આવડે છે.

'શુદ્ધજ્ઞાનચેતનામય થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ...' અહીંયા પણ 'જ' આવ્યો. એને જ, વ્યવહારને નહિ. આહાહા..! શુદ્ધજ્ઞાનચેતનામય એ જ્ઞાનચેતના છે. જ્ઞાનચેતનાને જ ચેત. એનો અનુભવ કર. આહાહા..! પંચમ આરાના શિષ્યને... ૩૮ ગાથામાં તો ત્યાં સુધી કહ્યું છે કે, અપ્રતિબુદ્ધ શિષ્ય હતો એને જ્ઞાન-દર્શન-ચારિત્ર થયા. ૩૮ ગાથા. આહાહા..! અપ્રતિબુદ્ધ સાંભળવા આવ્યો હતો, તેને ગુરુએ સંભળાવ્યું. તો અંદરમાં એવું થઈ ગયું, દર્શન-જ્ઞાન-ચારિત્ર કેવા થયા? કે, દર્શન અપ્રતિહત થઈ ગયું. એણે કહ્યું, મહારાજ! મેં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત કર્યા, હવે અમે એનાથી ચ્યુત નહિ થઈએ. આહાહા..! ૩૮ ગાથામાં છે. બધું છે ને. આ તો સેંકડો વાર વંચાઈ ગયું છે. આ (સંવત) ૧૯૭૮ થી મળ્યું છે. સંપ્રદાયમાં વાંચેલું સ્થાનકવાસીમાં હતોને. પહેલા અમારી દુકાન 'પાલેજ'માં હતી ત્યાં પણ વાંચતો. 'દશવૈકાલિક', 'ઉત્તરાધ્યયન' માં કાંઈ નથી. આ ચીજ કોઈ જુદી છે. આહાહા..!

અહીંયા કહે છે, 'દર્શન-જ્ઞાન-ચારિત્રને જ...' સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્રને જ ચેત–અનુભવ કર. એ મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગ બે નથી. મોક્ષમાર્ગ એક જ છે. કથન બે પ્રકારના છે. માર્ગ એક જ છે. તેથી અહીં કહ્યું ને? આહાહા..! અનુભવ કર, એનો જ અનુભવ કર. આહાહા..!

'તથા દ્રવ્યના સ્વભાવના વશે (પોતાને) જે ક્ષણે ક્ષણે પરિણામો ઊપજે છે...' શું કહે છે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાય–પરિણામ છે એ પરિણામી–ત્રિકાળી દ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થાય છે. ફરીને, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, જે નિર્મળ મોક્ષનો માર્ગ છે તે પરિણામી

ત્રિકાળી ભગવાનના આશ્રયે ઉત્પન્ન થાય છે. આહાહા..! અનંત અનંત ગુણનો દરિયો પ્રભુ, જેમાં અનંતી શાંતિ, અનંતી પ્રભુતા, અનંતો આનંદ સર્વાંગ વીર્ય ભર્યું છે, આખો વીર્યનો પિંડ છે, આહાહા..!

કાલે તો થોડું કહ્યું હતું ને? જરીક આકરું છે. વખત થઈ ગયો છે. વીર્ય, પ્રભુ વીર્ય એને કહીએ કે જે સ્વરૂપની નિર્મળ રચના કરે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની (રચના કરે). જે કોઈ શુભભાવમાં આવે એ નપુંસક છે. એવો પાઠ છે. શુભભાવમાં આવે એ નપુંસક છે. પાવૈયો, હીજડો.. હીજડો છે. આહાહા..! આ વાત તો દિગંબર મુનિ કહે. આહાહા..! તારી વસ્તુ તારી પાસે છે તો એનો અનુભવ કર ને! રાગ, શુભરાગ એ તારી વસ્તુ નથી. તો એ કર્મચેતના, શુભરાગ છોડ અને શુદ્ધજ્ઞાનચેતનામાં આવ. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

પ્રવચન નં. ૪૫૫ શ્લોક–૨૩૯, ગાથા–૪૧૨ રવિવાર, શ્રાવણ વદ ૧૩, તા.૦૭-૦૯-૧૯૮૦

---

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' શ્લોક–૨૩૯. કળશ છે. ગાથા ઉપરનો કળશ છે. ૨૩૯.

दर्शनज्ञानचारित्रत्रयात्मा तत्त्वमात्मनः।
एक एव सदा सेव्यो मोक्षमार्गो मुमुक्षुणा।।२३९।।

નીચે અર્થ. 'आत्मनः तत्त्वम् दर्शन-ज्ञान-चारित्र-त्रय-आत्मा' 'આત્માનું તત્ત્વ દર્શનજ્ઞાનચારિત્રત્રયાત્મક છે...' આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે. તેનું દર્શન, તેનું જ્ઞાન, તેનું ચારિત્ર એ તેનું રૂપ છે, એ આત્માનું સ્વરૂપ છે. આહાહા..! મોક્ષમાર્ગ બતાવે છે. આત્માનું તત્ત્વ દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ છે. '(આત્માનું યથાર્થ રૂપ...)' તત્ત્વનો અર્થ કર્યો. '(દર્શન, જ્ઞાન ને ચારિત્રના ત્રિકસ્વરૂપ છે);...' આહાહા..!

'मुमुक्षुणा मोक्षमार्गः एकः एव सदा सेव्यः' 'તેથી મોક્ષના ઇચ્છક પુરુષે...' મોક્ષના ઇચ્છક પુરુષે. આ શરત. જેને પૂર્ણ બંધરહિત મોક્ષદશા પ્રગટ કરવાની ભાવના છે તેને '(આ દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ) મોક્ષમાર્ગ એક જ સદા સેવવાયોગ્ય છે.' આહાહા..! મોક્ષમાર્ગ બે નથી. નિશ્ચય અને વ્યવહાર બે તો કથનરૂપ છે. વસ્તુ તો એક જ છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ત્રિકાળી સ્વરૂપનો અંદર અનુભવ થઈને પ્રતીતિ થવી, તેનું જ્ઞાન થવું અને તેમાં લીનતા થવી એ ત્રણ જ મોક્ષનો માર્ગ અને ઉપાય છે. આહાહા..! એ આવ્યું ને?

'(આ દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ) મોક્ષમાર્ગ એક જ...' 'જ' શબ્દ આવ્યો. એકાંત કર્યું.

એક જ. કથંચિત્ નિશ્ચય અને કથંચિત્ વ્યવહાર મોક્ષમાર્ગ છે, એમ કહ્યું નથી. આહાહા..! એક જ. 'મોક્ષમાર્ગ એક જ...' 'એક જ' 'સદા સેવવાયોગ્ય છે.' ભગવાન આત્મા પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનું પૂર, સ્વરૂપ છે તેની પ્રતીતિ, અનુભવ, જ્ઞાન અને રમણતા એ એક જ સેવવાયોગ્ય છે. આહાહા..! આ બધી બહારની પ્રવૃત્તિ ક્યાં ગઈ? 'ભભુતમલજી'! એણે મંદિરમાં આઠ લાખ નાખ્યા હતા. 'બેંગલોર'. આઠ લાખ. ચાર લાખ 'જુગરાજજી' એ (નાખ્યા). સ્થાનકવાસી કરોડપતિ છે. 'મુંબઈ' માં 'મહાવીર માર્કેટ' છે ને? એણે ચાર લાખ (નાખ્યા). આઠ લાખ આણે નાખ્યા અને ચાર લાખ એણે નાખ્યા, બાર લાખનું મંદિર બનાવ્યું. તો કહે છે કે, એ કોઈ ધર્મ નથી. એ ક્રિયા બનાવી શકતો તો નથી પણ એમાં જે ભાવ થાય છે એ શુભભાવ પુણ્ય છે. એ મોક્ષનો માર્ગ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- બંધમાર્ગ છે?

ઉત્તર :- બંધમાર્ગ છે. સ્વઆશ્રય નિશ્ચય મોક્ષમાર્ગ, પરાશ્રય બંધમાર્ગ. બે સિદ્ધાંત છે. આહાહા..! ભગવાન આત્મા અનંત અનંત ગુણ સંપન્ન છે. તેમાંથી સમ્યગ્દર્શનનો અનુભવ કરીને જ્ઞાન ને ચારિત્ર આદિનું અંદર સેવન કરવું એ એક જ મોક્ષનો માર્ગ, અનંત તીર્થંકરો, અનંત કેવળીઓએ આ વાત જગત પાસે પ્રસિદ્ધ કરી છે. આ અત્યારે ઝઘડા (ચાલે છે કે), નિશ્ચય સાથે વ્યવહાર જોઈએ, વ્યવહાર થાય. હોય, નિશ્ચય સાથે વ્યવહાર હોય પણ વ્યવહાર હોય એ બંધનું કારણ છે. આહાહા..! નહિતર બે નામ કેમ પડ્યા? એક કોર નિશ્ચય અને એક વ્યવહાર. બે એક જ જાત ને એક જ ભાત ને એક જ સ્વરૂપ હોય તો બે નામ પડ્યા કેમ? આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! તમારા આઠ લાખથી ધર્મ ન થાય, એમ કહે છે. આહાહા..! ઇ તો તે દિ' ત્યાં કહ્યું'તું. ત્યાં 'બેંગલોર'માં પણ કહ્યું હતું. આહાહા..!

આ વસ્તુ જે અંદર ભગવાન અનંત અનંત ગુણ સંપન્ન, નિર્વિકલ્પ નિર્વિકારી ચીજ છે એ ચીજના દર્શન, જ્ઞાન ને તેનું ચારિત્ર થવું, સ્વરૂપદર્શન, સ્વરૂપજ્ઞાન, સ્વરૂપચારિત્ર થવા એ એક જ મોક્ષનો માર્ગ છે. બીજો કોઈ માર્ગ નથી. એ કહ્યું. 'મોક્ષમાર્ગ એક જ...' એક જ. આહાહા..! 'સદા...' પાછું સદા લીધું. કોઈ વખતે નિશ્ચય પણ ખરું અને કોઈ વખતે વ્યવહાર પણ મોક્ષમાર્ગમાં આવે, એમ નથી. વચમાં આવે, અશુભથી બચવા શુભભાવ આવે પણ એ ધર્મ-મોક્ષનો માર્ગ નથી, એ તો બંધનો માર્ગ છે. આહાહા..!

'મોક્ષમાર્ગ એક જ...' એમ શબ્દ છે ને? પાઠ છે ને? 'एकः एव' પાઠની બીજી લીટી. 'एकः एव' એટલે એક જ. 'सदा सेव्यः' આહાહા..! ધર્મીજીવે સદા એક જ મોક્ષમાર્ગનું સેવન કરવું. એ ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ ભગવાનનો અનુભવ કરીને, પ્રતીતિ કરવી અને અનુભવનું જ્ઞાન કરી તેમાં લીનતા, રમણતારૂપ ચારિત્ર એ ત્રણ એક જ મોક્ષમાર્ગ છે, એ એક જ સેવવાયોગ્ય છે. આહાહા..! 'સોનગઢ' ની સામે આ બધો વાંધો. 'સોનગઢ' ની

સામે. એ... એકલી નિશ્ચયથી વાત કરે છે, વ્યવહારથી વાત કરતા નથી. બાપુ! વ્યવહાર આવે, વ્યવહાર હોય પણ વ્યવહાર પુણ્યબંધનું કારણ છે. ભાઈ! નહિતર બે નામ કેમ જુદા પડ્યા? નિશ્ચય અને વ્યવહાર બે જુદા કેમ પડ્યા? જો એક જ હોય તો બે નામ ન પડે અને બે જ્યારે ભિન્ન છે તો કારણ પણ ભિન્ન છે અને ફળ પણ ભિન્ન છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

દરકાર ક્યાં દુનિયાને પડી છે. આ બહારની હો..હા.. હો..હા.. મોટી રથયાત્રા કાઢે, ગજરથ કાઢે. હાથી.. હાથી.. ગજરથ. આહાહા..! હજારો, પાંચ-પાંચ, દસ-દસ હજાર માણસો ભેગા થાય. અરે..! આ મકાનનું જ્યારે ઉદ્‌ઘાટન કર્યું ત્યારે છવીસ હજાર માણસ હતું. છવીસ હજાર. અહીં વ્યાખ્યાન ચાલતું નહોતું, બીજે ચાલતું હતું. અહીં ક્યાં સમાય? એથી શું પણ? એ તો એક શુભભાવ છે. છવીસ લાખનું મકાન બનાવ્યું, લાખો રૂપિયા કોઈએ આપ્યા એમાં રાગની મંદતા કરી હોય તો, શરત આ, દીધા માટે પુણ્ય થશે એમ પણ નહિ. કેમકે એ તો જડ ચીજ છે. જડને લેવું-દેવું આત્માના અધિકારની વાત નથી. આહાહા..! ફક્ત લેવા-દેવા વખતે તેનું સ્વામીપણું છોડીને રાગની મંદતા જો કરી હોય તો શુભભાવનો પુણ્યબંધ થાય છે. આહાહા..! ‘પ્રવીણભાઈ’! આવી વાતું છે. પૈસાવાળાને જાણે પૈસાથી જાણે ધર્મ થઈ જાય. તો પછી ગરીબને બિચારાને રોવું પડે. ગરીબને ગોતવું ક્યાં? બાપુ! પૈસા-બૈસા ધૂળ છે. તેનાથી તો પુણ્ય પણ નથી. એમાં રાગની મંદતા કરી હોય તો પુણ્ય છે. આહાહા..!

અહીંયાં એ કહ્યું, ‘મોક્ષમાર્ગ એક જ સદા...’ એક જ અને સદા. ‘સદા સેવવાયોગ્ય છે.’ કોઈ કાળે પણ ધર્મને નામે વ્યવહાર સેવવાયોગ્ય છે એ વાત નથી. આહાહા..! ‘હવે આ જ ઉપદેશ ગાથા દ્વારા કહે છે :–’ હવે ‘કુંદકુંદાચાર્ય’ ગાથા (કહે છે). આ શ્લોક ‘અમૃતચંદ્રાચાર્ય’ નો છે.

---

## ગાથા–૪૧૨ ઉપર પ્રવચન

---

मोक्खपहे अप्पाणं ठवेहि तं चेव झाहि तं चेय।
तत्थेव विहर णिच्चं मा विहरसु अण्णदव्वेसु।।४१२।।
તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને;
તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે. ૪૧૨.

ટીકા :– ‘(હે ભવ્ય!)’... એમ કેમ કહ્યું? કોઈ કહે છે ને? મોક્ષપંથ તું કર, તું આમ કર. તો સામે કોઈ જીવ છે ને? ‘मोक्खपहे अप्पाणं ठवेहि’ સ્થાપ. સામા જીવને કહે છે

ને? તેથી 'હે ભવ્ય જીવ' એમાંથી કાઢ્યું. '(હે ભવ્ય!) પોતે અર્થાત્ પોતાનો આત્મા...' પોતે પોતાનો આત્મા 'અનાદિ સંસારથી માંડીને...' અરે..! અનાદિ. આદિ વિનાનો કાળ પ્રભુ તારો. સંસારની કાંઈ આદિ નથી. અનાદિ.. અનાદિ.. અનાદિ.. પહેલા સંસાર ન હોય તો સંસાર આવ્યો ક્યાંથી? સંસારની પર્યાય, વિકારી દશા અનાદિકાળથી છે. અનંત અનંત ભવમાં અનંત વાર 'અનાદિ સંસારથી માંડીને પોતાની પ્રજ્ઞાના (-બુદ્ધિના) દોષથી...' કર્મને કારણે નહિ. આહાહા..! કર્મને કારણે વિકાર થાય, કર્મને કારણે વિકાર થાય, જૈનમાં એ લાકડું ગરી ગયેલું. કર્મને લઈને પુણ્ય-પાપનો ભાવ (થાય). શાસ્ત્રમાં પણ એમ આવે, કર્મના નિમિત્તે. પણ એનો અર્થ (શું)? નિમિત્તને વશ થઈને. નિમિત્તથી થાય છે એમ નહિ. એવો પાઠ છે. ઘણે ઠેકાણે છે-વશ થઈને. પરચીજ જે જડ કર્મ છે તેના ઉપર લક્ષ કરીને તેને તાબે-વશ થઈને અનાદિથી પોતાના અપરાધથી મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું સેવન કરે છે. એ કહ્યું, જુઓ!

'પોતાની પ્રજ્ઞાના દોષથી...' જ્ઞાનની દશા-અવસ્થાના અપરાધથી. એ અવસ્થા કર્મના નિમિત્તને વશ થઈને રાગ-દ્વેષ, પુણ્ય-પાપ અનાદિથી કરી રહ્યો છે. આહાહા..! એ પ્રજ્ઞા, 'પોતાની પ્રજ્ઞાના દોષથી...' પ્રજ્ઞા પોતાની કહી. આહાહા..! પુણ્યથી ધર્મ થાય છે એવી જે પોતાની પ્રજ્ઞાનો દોષ છે તે મિથ્યાત્વ છે. આહાહા..! એ કોઈ જડ કર્મનો દોષ છે કે પરને કારણે તને આવો દોષ ઉત્પન્ન થયો એમ નથી. એ કારણે ભગવાન અહીં આચાર્ય મહારાજ (કહે છે), 'પોતાની પ્રજ્ઞાના (-બુદ્ધિના) દોષથી...' આહાહા..! તારી બુદ્ધિ સ્વ તરફ અંદર આવવી જોઈએ, આનંદનો નાથ પ્રભુ, જેની ભૂમિકામાં એકલો આનંદ પડ્યો છે, આહાહા..! એ આનંદ તરફ પ્રજ્ઞા-વર્તમાન દશા, પ્રજ્ઞા તે તરફ ઝુકવી જોઈએ એમ નહિ ઝુકતા તે પ્રજ્ઞાને રાગ અને દ્વેષ તરફ ઝુકાવી પોતાના દોષથી 'પરદ્રવ્યમાં-રાગદ્વેષાદિમાં નિરંતર...' આહાહા..! કર્મનું કોઈ કારણ નથી.

આ તો સંવત ૧૯૭૧ થી આ વાત શરૂ થઈ. 'લાઠી'માં ૧૯૭૧ નું ચોમાસુ હતું. (સંવત) ૧૯૭૦ માં દીક્ષા લીધી. પહેલુ ચોમાસુ 'બોટાદ' માં હતું, બીજું ચોમાસુ ૧૯૭૧ માં 'લાઠી' માં હતું. ત્યારથી વાત બહાર મુકી. 'ભગવતી સૂત્ર' વાંચતા. આખુ ચોમાસુ એકાતરા અપવાસ (કરતા). એક અપવાસ અને એક ટંક ખાવાનું, ત્રીજે દિ' એક અપવાસ અને ચોથે દિવસે એક ટંક ખાવાનું. અમારા 'હીરાજી' મહારાજ સાથે કરતા. કારણ કે એ વખતે વરસાદની તાણ બહુ હતી. આહાહા..! એમાં એ વખતે 'ભગવતી' ના ત્રીજા શતકમાંથી કાઢ્યું હતું કે, સંશય મિથ્યાત્વ કર્મથી થતું નથી. આહાહા..! એવો સંશયનો પાઠ છે. એ પોતાના અપરાધથી થાય છે. કીધું, કર્મથી થાય છે એમ જે કહે છે તે વાત તદ્દન ખોટી છે. ગુરુ સાંભળતા હતા, એમણે વિરોધ ન કર્યો. 'દામનગર' ના 'દામોદર' શેઠ હતા તેમણે વિરોધ કર્યો હતો કે, આવું અમે સાંભળ્યું નથી, ગુરુએ કદી કહ્યું નથી અને તમે ક્યાંથી

લાવ્યા? કીધું, જુઓ! પ્રભુ!

'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા' પોતાની ચીજ શું છે તેની ખબર વિના, કર્મથી વિકાર થાય છે તો અમે રખડીએ છીએ, રઝળીએ છીએ એ વાત તદ્દન મિથ્યાત્વ છે. આહાહા..! કર્મને કારણે, જ્ઞાનાવરણીય કર્મને કારણે જ્ઞાન રોકાઈ ગયું છે એ વાત છે નહિ. આહાહા..! આ તો (સંવત) ૧૯૭૧ ની સાલની વાત છે. બહારમાં ખળભળાટ થઈ ગયો. બપોરે વાંચવાનું. આઠમ અને પાખીના પોષા કરે ને? ૩૦-૪૦ માણસ પોષા કરે. ૧૯૭૧ 'લાઠી'. 'મનસુખભાઈ' ના બાપના બાપ. 'મોહનજી દેસાઈ' ને એ બધા અપવાસ કરે, પોષા કરવા બેસે. એ..ઇ..! આ ૧૯૭૧ ની વાત છે. તારા બાપના બાપ, હોં! એવા બધા ૪૦-૫૦ હોય તો સવારમાં 'હીરાજી' મહારાજ વાંચે. બપોરે પછી એ લોકો કહે કે, મહારાજ વાંચે, કાનજીમુનિ વાંચે. તે દિ' વાંચતા હતા. ત્યારે પહેલું આ કહ્યું કે, વિકાર કર્મથી થતો નથી. અત્યાર સુધી લોકોમાં આ પ્રવાહ ચાલ્યો છે કે આત્મામાં વિકાર થાય છે તે કર્મથી થાય છે. કર્મ જડ છે, પ્રભુ ચૈતન્ય અરૂપી છે. અરૂપી જડ કર્મને અડ્યું પણ નથી. આહાહા..! પોતાના અપરાધથી (વિકાર થાય છે).

'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા'. આહાહા..! 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે, પરઘર ભમત અનેક નામ ધરાયે.' મૈં પુણ્ય કર્યું, મૈં પાપ કર્યું, મૈં દયા પાળી, મૈં વ્રત કર્યા, મૈં ભક્તિ કરી એમ પરના નામ ધરાવ્યા. આહાહા..! 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે' આનંદનો નાથ પ્રભુ, ભગવાન નિર્મળાનંદના નિજ ઘરમાં આવ્યો નહીં અને પર ઘર રાગાદિમાં ભમતા ચોરાશીના અવતાર પ્રભુ! તેં અનંત કર્યા.

અહીંયા એ કહે છે, 'પોતાની પ્રજ્ઞાના દોષથી...' આહાહા..! છે એમાં? કર્મનું નામ તો એમાં છે નહિ. કર્મનું નિમિત્તપણું પણ લીધું નથી. નિમિત્ત હો. નિમિત્ત એને કહીએ કે એનાથી થતું નથી. બીજી એક ચીજ છે તેનું નામ નિમિત્ત કહીએ. આહાહા..! અરે..રે...! અહીં કહે છે કે, 'પોતાની પ્રજ્ઞાના દોષથી...' અનાદિકાળથી નિગોદથી માંડીને એકેન્દ્રિય.. એકેન્દ્રિય.. અરે..રે...! લસણ ને ડુંગળી ને પાણીમાં લીલ, ફૂગ થાય છે ને? એની એક કણીમાં અસંખ્ય શરીર છે. એક શરીરમાં અનંતા આત્મા છે. આહાહા..! એ પોતાના અપરાધથી ત્યાં રહ્યા છે. કર્મને કારણે ત્યાં રહ્યા છે એમ નથી. આહાહા..!

'પોતાની પ્રજ્ઞાના દોષથી...' પોતાના જ્ઞાનના દોષથી. જ્ઞાન જે પોતામાં આવવું જોઈએ એને ઠેકાણે જ્ઞાન પરદ્રવ્યમાં જાય છે. આહાહા..! આવી વાત છે. 'પોતાની પ્રજ્ઞાના દોષથી પરદ્રવ્યમાં–રાગદ્વેષાદિમાં...' આહાહા..! પોતાનું નિજ સ્વરૂપ છોડીને પરદ્રવ્ય ચાહે તો સ્ત્રી, કુટુંબ-પરિવાર હો કે ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હો, પણ એ તો બધા પરદ્રવ્ય છે, પ્રભુ! એ પરદ્રવ્યમાં તારું લક્ષ જશે તો રાગ જ ઉત્પન્ન થશે. આહાહા..! અરે..! આ વાત કેમ બેસે? કદી વિચારી નથી. દરકાર ક્યાં? આખો દિ' આ દુનિયાના પાપ. રળવું ને આ કર્યું ને આ

કર્યું... અરે..રે..! પ્રભુ! તારી ચીજ કોણ છે?

કહે છે કે, તારી પ્રજ્ઞાના અપરાધથી 'પરદ્રવ્યમાં...' નિજ દ્રવ્ય છોડીને. પરદ્રવ્યમાં દેવ-ગુરુ-શાસ્ત્ર પણ આવી ગયા. આવી ગયા? તો 'પરદ્રવ્યમાં–રાગદ્વેષાદિમાં નિરંતર સ્થિત રહેલો હોવા છતાં,...' આહાહા..! પરદ્રવ્યના નિમિત્તે પોતાને કારણે ઉત્પન્ન થયેલા રાગ-દ્વેષમાં નિરંતર સ્થિત રહેલો. આહાહા..! છે? 'નિરંતર સ્થિત રહેલો હોવા છતાં...' આમ હોવા છતાં. ભલે હો, કહે છે. આહાહા..!

'પોતાની પ્રજ્ઞાના ગુણ વડે...' આહાહા..! વાત ગુલાંટ ખાધી. આવા અપરાધથી પડ્યો હો તો પ્રભુ! એ છોડી દે. આહાહા..! આવ્યું? 'પોતાની પ્રજ્ઞાના ગુણ વડે...' જેમ પોતાની પ્રજ્ઞાના દોષ દ્વારા પરદ્રવ્યમાં અનાદિથી રાગ-દ્વેષ કરીને રખડતો હતો, તેમ 'પોતાની પ્રજ્ઞાના ગુણ વડે...' આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પ્રજ્ઞાબ્રહ્મ છે. જાણક.. જાણક.. જાણક.. જ્ઞાયક સ્વરૂપ છે. આહાહા..! 'પોતાની પ્રજ્ઞાના ગુણ વડે...' ગુણ શબ્દ લીધો છે એ તો પર્યાયવાચક છે. અહીં ગુણ એટલે ગુણ નહિ. ગુણ તો ત્રિકાળી ધ્રુવ છે. એ તો ત્રિકાળી છે. ભૂલ છે અને ભૂલ નીકળી જાય છે એ બધું પર્યાયમાં છે. વસ્તુ અને ગુણ તો ત્રિકાળ એકરૂપ છે. સવારમાં આવ્યું હતું. આહાહા..! અહીં ગુણ શબ્દે પર્યાય લેવી.

પોતાની પ્રજ્ઞાના પર્યાયના અપરાધથી 'પોતાની પ્રજ્ઞાના ગુણ વડે જ તેમાંથી પાછો વાળીને...' આહાહા..! એ પણ શું કહ્યું? કે પ્રજ્ઞા જે પર તરફ જાતી હતી, બીજા દેવ-ગુરુ-શાસ્ત્ર તને મદદ કરશે, એવું કાંઈ છે નહિ. આહાહા..! છે? 'પોતાની પ્રજ્ઞાના ગુણ વડે જ...' પોતાના જ્ઞાનની નિર્મળ દશા વડે જ. 'જ' આવ્યો છે. એકાંત કર્યું છે. આહાહા..! 'તેમાંથી પાછો વાળીને...' અનાદિથી આત્માનો સ્વભાવ છોડીને જે રાગ ને દ્વેષ, પુણ્ય અને પાપમાં રોકાઈ ગયો છે, પ્રભુ! તું એને છોડી દે. 'તેનાથી પાછો વાળીને...' આહાહા..! અર્થાત્ પર્યાયબુદ્ધિમાં રાગ-દ્વેષ હતા તો પર્યાયબુદ્ધિ છોડી દે. આહાહા..!

પર્યાયબુદ્ધિમાં પરદ્રવ્યના લક્ષે રાગ-દ્વેષ થતા હતા, લક્ષથી, હોં! પરદ્રવ્યથી નહિ. આહાહા..! શબ્દે શબ્દમાં ઘણો ફેર છે, ભાઈ! પરદ્રવ્યથી પાછો વાળીને. પરદ્રવ્ય તરફ જે તારો અનાદિનો ઝુકાવ છે ત્યાંથી પાછો વાળીને. આહાહા..! તેને છોડી દે. પ્રભુ! એ પરદ્રવ્ય ઉપર તારું લક્ષ, દૃષ્ટિ છે તો એ દોષથી તો ચાર ગતિમાં રખડે છે. તેનાથી પાછો વાળીને. આહાહા..! રાગ અને દ્વેષ જે પર તરફના ઝુકાવથી થાય છે તેનાથી પાછો વાળીને.

'તેને અતિ નિશ્ચળપણે...' 'અતિ નિશ્ચળપણે...' પાછો વાળીને કરવું શું? આહાહા..! મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ જે પરદ્રવ્ય પરિણામસ્વરૂપ છે, તેનાથી પાછો વાળીને, છોડીને કરવું શું? આહાહા..! 'અતિ નિશ્ચળપણે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિરંતર સ્થાપ;...' જે અનાદિથી પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષ ને મિથ્યાત્વમાં તારી બુદ્ધિ રોકાઈ હતી એ નરક, નિગોદનું કારણ, ચાર ગતિ પરિભ્રમણનું કારણ છે. આહાહા..! તેનાથી પાછો વાળીને. કર્મ

ઘટે તો પાછો વાળ, એમ લખ્યું નથી. એમ ત્યાં લખ્યું નથી, કે કર્મ માર્ગ આપે તો આત્મા પુરુષાર્થ કરી શકે. 'તેમાંથી પાછો વાળીને...' પોતાના પુરુષાર્થથી છોડી દે. આહાહા..! સમજાય છે કાંઈ? વાત બહુ સારી આવી.

આ 'સમયસાર' 'ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા', 'ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા' ત્રણ લોકના નાથના મુખથી વાણી નીકળી એ 'કુંદકુંદાચાર્યે' સાક્ષાત્ સાંભળી. આઠ દિવસ રહી આવ્યા અને આ બનાવ્યું. આહાહા..! આ તો ભગવાનના સંદેશ છે. 'સીમંધર' ભગવાન ત્રણલોકના નાથ સમવસરણમાં બિરાજે છે એમનો આ સંદેશ છે.

તારી પ્રજ્ઞાના દોષથી તું રખડે છે અને ત્યાંથી પાછો વાળીને. કર્મથી પાછા વળવું, કર્મ કાંઈક મંદ પડે તો પાછા વળવું એમ કહ્યું નથી. આહાહા..! છે? 'તેમાંથી પાછો વાળીને તેને અતિ નિશ્ચળપણે...' રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, દયા અને દાનના ભાવ, શુભ અને અશુભથી પાછો વાળીને, તેનાથી પાછા વળી. આહાહા..! ક્યાં આવવું? આહાહા..! 'નિશ્ચળપણે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં...' ભગવાન આત્માના દર્શન, શ્રદ્ધા–પ્રતીત, સ્વભાવનું જ્ઞાન અને આત્માનું ચારિત્ર એટલે સ્વરૂપમાં રમણતા, એ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિરંતર સ્થાપ. જેમ સદા.. આહાહા..! જેમ સદા પોતાના અપરાધથી રખડતો હતો તેમ પોતાના પુરુષાર્થથી પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિરંતર સ્થાપ. આહાહા..! અલૌકિક વાત છે. એક એક કડીમાં કેટલું ભર્યું છે! એક જણો કહે, મહારાજ! તમે 'સમયસાર' ને બહુ ઊંચી ચીજ, ગ્રંથાધિરાજ (કહો છો) પણ મેં તો પંદર દિ'માં વાંચી લીધું છે. વાંચી લીધું એમાં શું થયું? આહાહા..! તેના ભાવ અંતરમાં સમજ્યા વિના એકલા વાંચનથી શું થાય? અનેક વાર વાંચન કર્યું, શ્રવણ પણ અનંત વાર કર્યું, પ્રભુ!

અહીં તો કહે છે, એ મિથ્યાત્વ ને રાગ-દ્વેષ જે પરદ્રવ્ય વિકાર છે એ તારો અપરાધ છે, તારો દોષ છે, તારો ગુનો છે. એ ગુનાથી પાછા વળી, જેમાં અવગુણ નથી એવા દર્શન-જ્ઞાન-ચારિત્રમાં (સ્થાપ). છે તો એ પરિણામ. દોષ પણ પરિણામ હતા. વસ્તુમાં કોઈ પરિણામ નથી. વસ્તુમાં કોઈ દોષ કે નિર્દોષ–મોક્ષમાર્ગ નથી, એ તો ત્રિકાળ ધ્રુવ એકરૂપ છે. આહાહા..! તેનો જે અપરાધ હતો એ તારી પર્યાયમાં હતો. એ અપરાધ છોડવો એ પણ તારી પર્યાયમાં છે. આહાહા..! પર્યાય એટલે અવસ્થા, અવસ્થા એટલે હાલત, હાલત એટલે દશા. આહાહા..! અરે..! આવો માર્ગ (છે).

'દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિરંતર સ્થાપ;...' કદાચિત્ અંદર વ્યવહાર આવ્યો તો વિશ્રામ મળશે પછી નિશ્ચયમાં જાશું, એમ નથી. પહેલા એ પ્રશ્ન આવ્યો હતો. એક હતો ને? શું નામ? પેલા બ્રહ્મચારી નહિ? 'છોટાલાલજી' ને વાત અહીંયા બરાબર બેઠી હતી. પછી 'ઇન્દોર' ગયા તો વળી ફરી ગયા. ત્યાં બોલવા લાગ્યા, વ્યવહાર આવે છે ત્યાં થોડો વિશ્રામ મળે પછી નિશ્ચયમાં જાય. 'છોટેલાલજી'. આહાહા..! અરે.. ભગવાન! વ્યવહાર તો રાગ અને

વિકાર ને દોષ છે ને! દોષમાં આવે તો વિશ્રામ મળે? કે વિશ્રામ આત્મામાં મળે? આહાહા..! ભાષા તો સાદી છે, ભાઈ! 'પ્રવીણભાઈ'! સમજાય એવું છે. આહાહા..! પણ અંદર બેસવું.. અનંત અનંત કાળ થયા સત્ય વાત સાંભળવા મળી નહિ. અરે..! ઇ ક્યારે કરે?

કહે છે કે, 'નિરંતર...' આહાહા..! 'સ્થાપ;...' તારા આત્મામાં જે પ્રજ્ઞાનો દોષ છે, પર તરફ ઝુકાવ છે, પુણ્ય ને પાપથી ધર્મ માનવો એવી જે તારી દૃષ્ટિ છે તેને છોડીને, તેને છોડીને પોતાના આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્ર, પોતાનો શુદ્ધ ચૈતન્ય પ્રભુના દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિરંતર સ્થાપિત કર. વચમાં વ્યવહારનો વિશ્રામ આવશે એમ નથી. વિશ્રામ તો અહીંયા (આત્મામાં) છે. આહાહા..! એ 'છોટેલાલ' કહેતા હતા. પછી ફરી ગયા હતા. પાછા અહીં આવ્યા હતા, મારી ભૂલ થઈ ગઈ. 'છોટાલાલજી' હતા ને? 'ઇન્દોર' માં બ્રહ્મચારી આશ્રમ છે ને? ત્યાં હતા. ત્યાં આશ્રમ છે. આશ્રમના અધિકારી આવ્યા હતા, ગયા. આહા..!

અહીંયા કહે છે, પ્રભુ! એક વાર પ્રજ્ઞાના અપરાધથી પાછા વળી, તારી પ્રજ્ઞા ચૈતન્યમૂર્તિ ભગવાનના શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતામાં નિરંતર સ્થાપ. આહાહા..! 'નિરંતર સ્થાપ;...' વચમાં વિઘ્ન નહિ, વચમાં વ્યવહારથી થોડું મળશે (એમ નથી). આહાહા..! અહીં તો એમ કહે છે, વ્યવહારના પક્ષવાળાને એવું લાગે. વ્યવહાર તો રાગ છે અને આ નિશ્ચય છે તે તો વીતરાગી નિર્મળ પર્યાય છે. એમાં નિરંતર સ્થાપ. એ તારે સેવવાયોગ્ય મોક્ષનો માર્ગ છે. આહાહા..! નિરંતર સેવન કર. આવ્યું ને? 'નિરંતર સ્થાપ;...'

'તથા સમસ્ત અન્ય ચિંતાના નિરોધ વડે...' સમસ્ત અન્ય ચિંતા. પોતાના દ્રવ્ય સિવાય, પોતાની ચીજ સિવાય સમસ્ત પરદ્રવ્યની ચિંતા છોડીને. આહાહા..! એક કોર ભગવાન આત્મા અને એક કોર આખી દુનિયા. નિશ્ચયમાં એક કોર પ્રભુ, એક બાજુ વિકલ્પથી લોકાલોક વ્યવહાર, વિકલ્પથી લોકાલોક વ્યવહાર. આહાહા..! 'સમસ્ત અન્ય ચિંતાના નિરોધ વડે...' આહાહા..! સમસ્ત ચિંતા લીધી ને? કોઈ ભગવાનની ચિંતા ને ભગવાન અરિહંત, પંચ પરમેષ્ઠી શરણ આપશે.. આહાહા..! માંગલિકમાં આવે છે ને? અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, અરિહંતા શરણં, સિદ્ધા શરણં... એ વ્યવહારની વાત છે. ખરેખર તો એ વિકલ્પ છે, શુભરાગ છે, એ શરણ નથી. શરણ, ઉત્તમ ને માંગલિક તો પ્રભુ આત્મા છે. એ 'નિયમસાર' માં આવી ગયું છે. 'નિયમસાર' માં એકત્વ સપ્તતિમાં એ આવ્યું છે. આહાહા..! નિરંતર તારા આત્મામાં જ સ્થાપ. એ જ નિશ્ચય છે અને એ જ વસ્તુ છે. વાર લાગે તો મુંઝવણ નહિ કરતો, મુંઝાતો નહિ. થોડી વાર લાગે પણ રસ્તો આ છે. એ રસ્તે જવાનો પ્રયત્ન કર. આહાહા..!

ભગવાન આત્મા અનાદિ સત્ સત્તા અનંત, સદાનંદ, સત્તાનંદ સ્વરૂપ બિરાજે છે તે પ્રાપ્ત થયા વિના રહે નહિ. પર્યાયબુદ્ધિમાં રાગમાં તું અટક્યો, જે ક્ષણિક પલટે છે તેમાં અનંત કાળ કાઢ્યો. જે ચીજ કાયમ રહેતી નથી. કાયમ રહેતી ચીજ ભગવાન આત્મા તરફ

નિરંતર (સ્થાપ). પરની ચિંતાના નિરોધ વડે. આહાહા..! આત્મા સિવાય પરની ચિંતાનો નિરોધ– રોકવું. 'નિરોધ વડે અત્યંત એકાગ્ર થઈને...' ઓહોહો..! ગાથા તો બહુ સારી આવી. પહેલા વાંચ્યું હતું. વચમાં તો આ 'નિયમસાર' વાંચ્યું ને? કાલે પૂરું કર્યું એટલે આજથી આ શરૂ થયું. એમાં 'ચંદુભાઈ' આ શરૂઆત આવી ને આવી ગયા. આહાહા..!

'અન્ય ચિંતાના નિરોધ વડે અત્યંત એકાગ્ર થઈને...' અંદર ભગવાન આત્મામાં અત્યંત એકાગ્ર થઈને. જેમાં કોઈ ચિંતાનો વિકલ્પ ઉઠે નહિ. આહાહા..! એ રીતે અત્યંત એકાગ્ર થઈને 'દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ધ્યા;...' પર્યાયનું ધ્યાન કર (એમ) કીધું. રાગનું નહિ એ અપેક્ષાએ. આહાહા..! પુણ્ય અને પાપના ભાવ પ્રભુ! એ તો સંસાર ચાર ગતિમાં રખડવાની વાત છે. કદાચિત્ કોઈ પુણ્ય કર્યા હોય અને કોઈ સ્વર્ગ આદિ મળે તો ન્યાંથી મરીને તિર્યંચ, ઢોર થાય, મરીને નરકમાં ગયો. અનંત અવતાર કર્યા. આહાહા..! કોઈ ક્યાંય શરણ ન મળે. જે શરણ ચીજ અહીં છે, ત્યાં દૃષ્ટિની ખબર નથી. મંગલિક, ઉત્તમ ને શરણ તો આત્મા છે. અરિહંત, સિદ્ધ શરણ, ઉત્તમ અને મંગલ કહ્યા એ તો વ્યવહારની વાત છે. આહાહા..! એ 'એકત્વ સપ્તતિ' માં આવ્યું છે.

અહીંયા એ કહ્યું, 'એકાગ્ર થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ...' જોયું? આહાહા..! એને જ, બીજા કોઈ વિકલ્પ, ચિંતાને નહિ. આહાહા..! 'દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ધ્યા;...' એનું ધ્યાન લગાવ. આહાહા..!

મુમુક્ષુ :– પર્યાયના ધ્યાનથી તો વિકલ્પ આવશે.

ઉત્તર :– પર્યાયનું ધ્યાન લગાવ. પર્યાયનું ધ્યાન.. ધ્યાન. જે આર્ત-રૌદ્ર ધ્યાન હતું એ પર્યાય હતી. અને આ ધર્મધ્યાન અને શુક્લધ્યાન પણ પર્યાય છે. વસ્તુ તો ત્રિકાળ એકરૂપ છે.

મુમુક્ષુ :– પર્યાય પર્યાયનું ધ્યાન કરે છે?

ઉત્તર :– હા, અહીંયા એમ કહે છે. રાગનું ધ્યાન છોડીને આનું ધ્યાન કર, એમ અહીં કહેવું છે. આહાહા..! સમજાય છે કાંઈ? પણ એ પર્યાયનું ધ્યાન કરે છે ત્યારે દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડે છે. ત્યારે જ તેનું ધ્યાન એકાગ્રતા થાય છે. પર્યાય ઉપર રહીને એકાગ્ર થાય છે એમ નથી. અહીં તો રાગ-દ્વેષથી પાછા વળી, વિકારથી પાછા વળી અવિકારીમાં રહે, એમ સમજાવવું છે. આહાહા..! અવિકારી પર્યાય.

મુમુક્ષુ :– દર્શન-જ્ઞાન-ચારિત્રનું ધ્યાન કર કહ્યું તો ધ્યાનની પર્યાય દર્શન-જ્ઞાન-ચારિત્રથી કઈ જુદી છે?

ઉત્તર :– ત્રણે પર્યાય ત્રણ પર્યાય છે, એક નહિ. ત્રણ પર્યાય છે તે દ્રવ્ય તરીકે એક છે. પર્યાય તરીકે ત્રણ છે. પર્યાય તરીકે તો અનંત પર્યાય બાહ્ય છે. દરેક દ્રવ્યને અનંત પર્યાય બાહ્ય છે. આહાહા...! નિગોદનો જીવ લ્યો, નિગોદનો, તેના એક શરીરમાં અનંત

જીવ રહે છતાં અનંત જીવની અનંતી પર્યાય પ્રગટ છે. અનંતી પર્યાય વિનાનું કોઈ દ્રવ્ય નથી. આહાહા..! એ પર્યાય શું ને ગુણ શું? આહાહા..!

નિગોદમાં લસણમાં, લીલ, ફૂગની એક કટકીમાં અસંખ્ય શરીર. એક શરીરમાં અનંત દ્રવ્ય, એક દ્રવ્યમાં અનંત ગુણ, એ અનંત ગુણની અનંતી વિપરીત પર્યાય પ્રગટ છે. આહાહા..! કોઈ પ્રાણી પર્યાય વિનાનો એક સમય પણ છે એમ ત્રણકાળમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ અપેક્ષાએ અહીંયા કહ્યું કે, રાગ-દ્વેષ અને અજ્ઞાનથી પાછા વળી દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ધ્યાન કર. આહાહા..! છે?

'દર્શન-જ્ઞાન-ચારિત્રને જ...' 'જ' લીધું છે. એનું ધ્યાન એટલે દૃષ્ટિ દ્રવ્ય ઉપર રહી ને! દ્રવ્ય ઉપર દૃષ્ટિ રહી ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉત્પન્ન થયા ને? આહાહા..! આવો ઉપદેશ. આમાં શું કરવું? બહારનું કાંઈ કરવાની વાત તો છે જ નહિ. આ કરો, આ કરો, દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, ચોવિહાર કરો, છ પરબી કંદમૂળ ન ખાવ, છ પરબી બ્રહ્મચર્ય પાળો.. અરે..! ભગવાન! એ તો બધી ક્રિયાઓની વાત છે, પ્રભુ! એ તો રાગ છે. આહાહા..! અરે..રે..! એ વાત પણ સાંભળી નથી.

અહીંયા પરમાત્મા એમ કહે છે, એ ચારિત્રનું જ ધ્યાન કર. દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તો પર્યાય. રાગનું ધ્યાન છોડીને તેનું ધ્યાન કર. દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર પડે છે. આહાહા..! ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રનું ધ્યાન થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- એનો અર્થ એ થયો, દર્શન-જ્ઞાન-ચારિત્રના વિષયભૂત આત્માનું ધ્યાન કર.

ઉત્તર :- વિષય તો ત્યાં છે પણ એ રાગમાં લીન હતો એ છોડીને અહીં લીન થા તો એનો અર્થ થયો કે ત્યાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! શું થાય?

કોઈ દ્રવ્ય અનંતી પર્યાય વિનાનું ત્રણકાળમાં હોય નહિ. અનંતી પર્યાય, અનંત ગુણની અનંતી પ્રગટ પર્યાય. આહાહા..! એ વીતરાગી પર્યાય પ્રગટ કરવા રાગની પર્યાય છોડીને વીતરાગી પર્યાયનું ધ્યાન કર, એમ કહ્યું છે. નહિતર તો ધ્યાન તો દ્રવ્યનું છે. આહાહા..! શું થાય? ઝીણી વાત. સંપ્રદાયમાં ચાલે નહિ, બહારમાં મળે નહિ અને આવી વાતું કો'ક દિ' કાને પડે ત્યારે.. આહાહા..! ઠીક લાગે. જે ભવ્ય જીવ, લાયક પ્રાણી હોય એને લાગે કે, વાત તો સાચી આ છે. માર્ગ તો આ છે, પ્રભુ! જન્મ-મરણ રહિત થવાનો આ માર્ગ છે. આહાહા..!

અહીં ત્રણનું ધ્યાન કહ્યું એટલે ત્રણ જ પર્યાય ધ્યાનમાં રહે છે અને અનંતી રહેતી નથી, એમ નથી. અંતરમાં વળે છે તોપણ એક જ પર્યાય વળે અને અનંતી પર્યાય બહાર રહે એમ છે નહિ. અને બહારમાં એક પર્યાય રહી અને અનંતી પર્યાય ભિન્ન રહે એમ પણ નથી. અનંતી પર્યાય વ્યક્તપણે, પ્રગટપણે અનાદિઅનંત દરેકને હોય છે. આહાહા..!

એ કહે છે, તેથી એમ લીધું. નહિતર તો દ્રવ્યનું ધ્યાન કરવું છે.

'અન્ય ચિંતાના નિરોધ વડે અત્યંત એકાગ્ર થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ધ્યા;...' આહાહા..! પર્યાયનું ધ્યાન કર, એમ કહ્યું. અને એક કોર અગિયારમી ગાથામાં એમ કહે, 'भूदत्थमस्सिदो खलु' એક ત્રિકાળ દ્રવ્યનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાય છે, પણ એમાં એ આવી ગયું. રાગથી હટ્યો તો સ્વભાવ તરફની દૃષ્ટિ થઈ. પર્યાય વિનાનું દ્રવ્ય તો કદી ત્રણકાળ ત્રણલોકમાં હોતું નથી. એક પર્યાય નહિ, અનંતી પર્યાય. અનંત ગુણની અનંતી પર્યાય બહાર છે. આહાહા..! એમાંથી રાગ-દ્વેષ ને મિથ્યાત્વની પર્યાયમાં જે રોકાયો છે, ત્યાંથી પાછો વળ, હટી જા. આહાહા..! સંતોનો આદેશ છે, આ તો આદેશ છે. અહીંથી હટી જા. આહાહા..! ખસી જા એ આપણી ભાષા.

એ તો એક ક્ષુલ્લક હતા ને? ગુજરી ગયા. 'આદિસાગર' આવતા બિચારા, બુદ્ધિ થોડી હતી પણ અહીંનું સાંભળીને પ્રેમ બહુ (આવેલો). પછી બીજા દેશમાં જાય તો અહીંના પુસ્તક મગાવે, બહુ આપે. પછી થોડું થોડું એને કહે, જુઓ! ભાઈ! મને બહુ આવડતું નથી. બહુ (સમજવું) હોય તો મહારાજ પાસે જાવ. પણ ટૂંકામાં હું એમ કહું કે, પરથી ખસ, સ્વમાં વસ, એટલું બસ, એ ટૂંકું ટચ. એમ કહેતા હતા. પરથી ખસ, અંતરમાં વસ, એટલું બસ, એ ટૂંકું ટચ, એમ એ બિચારા કહેતા. બુદ્ધિ બહુ થોડી હતી એટલે બહુ ધારી શકે નહિ પણ વાત એને ગોઠતી, રુચતી. એટલે બીજા પૂછે તો આ કહે. આહાહા..!

પરથી ખસમાં એક જ પર્યાય આવે? આહાહા..! અનંતી પર્યાય પરથી ખસે છે. આહાહા..! અને અનંતી પર્યાયમાં સ્થિર થા. પણ એમાં મુખ્ય તો આ ચીજ છે. આ ચીજ છે એમાં બધું આવી ગયું. આહાહા..! 'દર્શન-જ્ઞાન-ચારિત્રને ધ્યા; તથા સમસ્ત કર્મચેતના અને કર્મફળચેતનાના ત્યાગ વડે...' આહાહા..! શું કહે છે? કર્મચેતના–પુણ્ય અને પાપના પરિણામ એ કર્મચેતના. કર્મ એટલે એ વિકારનું કાર્ય છે. શુભ-અશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ એ શુભ અને અશુભભાવ છે. બન્ને વર્તમાન પર્યાય છે. એ બન્ને શુભાશુભભાવથી પાછા વળી. છે ને? આહા..! એ કર્મચેતના. આહાહા..! આકરી વાત છે, ભાઈ! મૂળ વસ્તુ આકરી છે. બાકી ઉપરના ચારિત્રદોષ તો કોઈ વખતે આવી જાય છે. એ ચારિત્ર દોષ જાય તો તો ઓહોહો..! પણ આ ચીજ અંતરની છે. આહાહા..!

અનેરી અનેરી 'અન્ય ચિંતાને છોડીને અત્યંત એકાગ્ર થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ધ્યા; તથા સમસ્ત કર્મચેતના...' સમસ્ત એટલે ભગવાનના સ્મરણનો રાગ એ પણ કર્મચેતના છે. કર્મ એટલે રાગ, કાર્ય. કર્મ એટલે કાર્ય. એ પર્યાય કાર્ય છે. રાગરૂપી પર્યાય એ કાર્યચેતના–કર્મચેતના છે. આહાહા..! દયા, દાનના પરિણામ એ રાગરૂપ પરિણામ કર્મચેતના છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પણ કર્મચેતના–પાપરૂપી કર્મચેતના છે. કર્મ શબ્દે જડ કર્મ નહિ. કર્મ શબ્દે કાર્ય. એ પુણ્ય ને પાપનું પર્યાયમાં જે કાર્ય છે (તે કર્મચેતના છે).

ભગવાન ત્રિકાળી સ્વરૂપ કારણ છે, આ તો અનાદિથી અજ્ઞાનીને આવા કાર્ય પર્યાયમાં ઉત્પન્ન થાય છે. આહાહા..! એ પર્યાયને રાગની ચેતના, પુણ્યની ચેતના, પુણ્યનો અનુભવ એને કર્મચેતના કહી છે. કર્મચેતનાનો અર્થ વિકારરૂપી કાર્ય ચેતના થઈ તેનું નામ કર્મચેતના છે. અરે..! પ્રભુ! આહાહા..! આમાં પરદેશમાં ને 'હૈદ્રાબાદ' માં ક્યાં મળે? ભાઈ! 'દામોદરભાઈ'! ક્યાં 'હૈદ્રાબાદ'? આહાહા..! આ ફેરી પ્રેમથી આવ્યા છે. અમારા જૂના જાણીતા છે. આહાહા..! અરે..! આ વસ્તુ બાપુ! પ્રભુ! આહાહા..!

એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામને કર્મચેતના કહે છે. આહાહા..! કર્મચેતના એટલે? કર્મ જડની ચેતના એમ નહિ. કર્મ એટલે કાર્ય. જે વસ્તુ ભગવાન આત્મા છે એ તો ત્રિકાળ છે પણ એની પર્યાયને કાર્ય કહેવામાં આવે છે. કોઈ દ્રવ્ય નકામું નથી એમ કહેવામાં આવે છે. 'દીપચંદજી' એમ કહેતા, 'સરદારશહેર'. કે કોઈ દ્રવ્ય નકામું નથી. નકામું અર્થાત્ વર્તમાન પર્યાયરૂપી કાર્ય–કામ વિનાનો પદાર્થ નથી. આહાહા..! એ કર્મચેતના છે. કર્મ એટલે જડ કર્મથી થયું એમ નહિ. આહાહા..! 'કર્મચેતના અને કર્મફળચેતના...' અને તેનું ફળ વિકાર, દુઃખ. તેનું વિશેષ આવશે. થોડામાં નહિ સમજાય..

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

પ્રવચન નં. ૪૫૬ ગાથા–૪૧૨ સોમવાર, શ્રાવણ વદ ૧૪, તા. ૦૮-૦૯-૧૯૮૦

---

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

અહીં કર્મચેતના અને કર્મફળચેતના છે. ત્યાં આવ્યું છે. એટલે શું? ૪૧૨ (ગાથાની ટીકાની) છઠ્ઠી લીટી. કર્મચેતના એટલે શું? કર્મ એટલે જડ (કર્મની) અહીં વાત નથી. કર્મ નામ કાર્ય. કાર્ય નામ અવસ્થા. ૪૧૨ ગાથાની ટીકાની પાંચમી લીટી. આહાહા..! કર્મચેતના. પુણ્ય અને પાપ બે ભાવ (થાય છે) એ કર્મ એટલે પર્યાય છે. કર્મ એટલે કાર્ય છે. વસ્તુ ત્રિકાળ છે, એની એ પર્યાય કાર્ય છે. તેથી કાર્યને કર્મ કહીને કર્મચેતના કીધી છે. છે ને?

'એકાગ્ર થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ધ્યા; તથા સમસ્ત કર્મચેતના...' આહાહા..! રાગનો વ્યવહારનો કણ પણ કર્મચેતના છે તેને પણ દૃષ્ટિમાંથી છોડી દે. શું કહ્યું? કે, આત્મામાં સમસ્ત પ્રકારના પર્યાય એટલે રાગ આદિ, દ્વેષ આદિ પુણ્ય-પાપ ભાવ, જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ થાય છે એ ભાવને કર્મ એટલે કાર્ય કહ્યું. એ કાર્યચેતના કહો કે કર્મચેતના કહો, ધર્મ કરવો હોય તો તેને છોડી દે. આહાહા..! હવે આવી વાત. નજર ન પહોંચે તેવી વાત અને અહીં આ બધું કરવું એમાં નજર પહોંચે. અરે..! ભગવાન!

મુમુક્ષુ :– આ જ નજર પહોંચે તેવી વાત છે.

ઉત્તર :– આ તો નજર પહોંચે એવી અંદરની વાત છે. આહાહા..! આત્મામાં જે સમયે પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ પરિણામ ઉત્પન્ન થાય છે તે પરિણામને કર્મચેતના કહેવામાં આવી છે. કર્મ એટલે કાર્ય. આહાહા..! આમાં ક્યાં તમારા સ્ટીલમાં આવું સાંભળ્યું છે? બે-બે કરોડ રૂપિયાનું સ્ટીલ. હવે પૈસા વધી ગયા છે, એમ કો'ક કહેતું હતું. ધૂળ વધે.

અહીં આત્મામાં શું કરવું છે? આહાહા..! આત્મામાં 'સમસ્ત કર્મચેતના...' એ પુણ્ય અને પાપના પરિણામને કર્મચેતના કહેવામાં આવે છે. આટલી તો સ્પષ્ટ વાત આવે છે પણ હવે શું કરીએ? 'અને કર્મફળચેતના...' એ પુણ્ય અને પાપનું ફળ હરખ અને શોક, પુણ્ય પરિણામમાં શુભમાં હરખ આવે છે, પાપના પરિણામમાં શોક અને દુઃખ થાય છે એ કર્મફળચેતના છે. આહાહા..! કર્મફળ એટલે અહીં જડ કર્મની વાત નથી. ભાવકર્મ.

ભગવાન આત્મા ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ અનંત જ્ઞાન અને અનંત આનંદથી પૂર્ણ સંપન્ન ભરેલો છે. તેમાં જે આ ભાવ થાય છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, વિષયભોગ વાસના, રળવું, કમાવું એ ભાવને અહીંયા કર્મચેતના કહે છે. જેને ધર્મ કરવો હોય તેણે આ કર્મચેતનાનો ત્યાગ કરવો પડશે. બાહ્ય ત્યાગથી ધર્મ થતો નથી. બાહ્ય ત્યાગ અનંત વાર કર્યો. બાહ્ય ગ્રહણ-ત્યાગનો સ્વભાવ આત્માનો છે જ નહિ.

આત્મામાં એવો એક ગુણ છે–ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. એવી ૪૭ શક્તિમાં એક શક્તિ છે. પર એક રજકણનો પણ ત્યાગ અને રજકણનું ગ્રહણ, એ ત્યાગગ્રહણથી આત્મા શૂન્ય છે. સ્ત્રીનું ગ્રહણ અને સ્ત્રીનો ત્યાગ, એ બન્ને વાતથી આત્મા શૂન્ય છે. આહાહા..! આત્માનો ત્યાગઉપાદાનશૂન્ય સ્વભાવ જ એવો છે. ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. કે જેમાં આત્માની નિર્મળ પર્યાયને ગ્રહણ કરવી અને રાગને છોડવો તે પણ વ્યવહાર છે. આહાહા..! નિશ્ચયમાં યથાર્થતામાં તો ચૈતન્ય ભગવાન આત્મા પોતાના સ્વરૂપમાં રહે અને રાગની ઉત્પત્તિ ન થવી તેનું નામ કર્મચેતનાનો ત્યાગ કહેવામાં આવે છે. આહાહા..! મૂળ વસ્તુ આકરી ભારે. માર્ગ તો આ છે. મોંઘો પડે, દુર્લભ પડે, બીજી કોઈ ચીજ નથી. આહાહા..!

કોઈપણ પરિણામથી કોઈના પરિણામ બદલવા એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ અહીં (કહે છે), કર્મચેતના એટલે પુણ્ય-પાપના પરિણામનું કાર્ય વિકારી ભાવને અહીંયા કર્મચેતના કહી છે. અને કર્મફળચેતના વિકારીભાવનું કલ્પનામાં સુખ-દુઃખનું વેદન (કરવું) એ કર્મફળચેતના છે. બન્ને અરૂપી છે. બન્ને આત્માના સ્વભાવથી વિપરીત છે. આહાહા..! અરે..! કઈ રીતે વસ્તુની સ્થિતિ,...? સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા બિરાજે છે એમણે આમ વાત કરી છે. એ વાત આ છે. દુનિયાને ન બેસે અને દુનિયાને નિયતવાદ લાગે એથી કરીને કાંઈ વસ્તુસ્થિતિ બદલી જાય? એ વસ્તુ તો જેમ છે તેમ છે. આહાહા..!

અહીં કહે છે, 'સમસ્ત કર્મચેતના અને કર્મફળચેતનાના ત્યાગ વડે...' આહાહા..! આનું નામ ત્યાગ. સ્ત્રી, કુટુંબ, દુકાન છોડી એ ત્યાગ નથી. કારણ કે તેના ત્યાગગ્રહણ આત્મામાં છે જ નહિ. કેમકે આત્મા પરદ્રવ્યને અડતો જ નથી. આહાહા..! આત્મા પોતાના વિકાર સિવાય બીજા કોઈપણ દ્રવ્યને અડતો જ નથી. આહાહા..! પોતામાં પુણ્ય અને પાપના વિકારને વેદે છે, અડે છે. તો અહીંયાં કહે છે, પ્રભુ! તારે જો ધર્મ કરવો હોય, જન્મ-મરણ રહિત થવું હોય, ભવનો અભાવ કરવો હોય તો આ કર્મચેતના અને કર્મફળચેતનાનો ત્યાગ કર. 'ત્યાગ વડે...' છે? આહાહા..!

આ તો શાંતિનો માર્ગ છે, પ્રભુ! આ કાંઈ હો..હા, મોટી વાર્તા ને કથા હોય એવો માર્ગ નથી, પ્રભુ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર અનંત અનંત થઈ ગયા, અનેક તીર્થંકરો વર્તમાનમાં વિચરે છે, ભવિષ્યમાં અનંત થશે એ અનંત તીર્થંકરોનું આ કથન છે. પ્રભુ! તારે જો કલ્યાણ કરવું હોય તો... આહાહા.! કોઈ વ્યવહારથી અંદર કંઈ થાય છે એ બિલકુલ નથી. આહાહા..! અંતરમાં નયનો શુભ વિકલ્પ ઉઠે, નિશ્ચય અને વ્યવહારનયના ઘણા ભેદ છે, તેમાં નયનો વિકલ્પ રાગ ઉઠે તે પણ કર્મચેતના છે. આહાહા..! આવો માર્ગ, પ્રભુ! એ કર્મચેતના–નયના વિકલ્પનો પણ ત્યાગ. આહાહા..! પર્યાયનય, દ્રવ્યનય એવી નયો તો અનેક પ્રકારે છે પણ એ નયનો જે વિકલ્પ ઉઠે છે રાગ એ રાગને અહીંયા કર્મચેતના કહી છે અને એ રાગનો અનુભવ થાય છે તેને કર્મફળચેતના કહી છે. પ્રભુ! બન્ને ચેતનાનો તારી દૃષ્ટિમાંથી ત્યાગ કર. આહાહા..!

આવો માર્ગ. લોઢા આગળ કોઈ દિ' સાંભળ્યો નથી. લોઢાના ઊંચા (ભાવ) થયા. બે કરોડનું લોઢું હતું. ચાલીસ લાખની પેદાશ થઈ ગઈ. તે દિ' અમે ત્યાં હતા. પછી વળી કાંઈક વધારે પેદાશ (થઈ ગઈ), હવે તો બહુ છે, એમ કોઈ કહેતું હતું. ધૂળ ભેગી થઈ. આ તો કરોડપતિ છે. આહાહા..! અરે..! કોના પતિ કહેવાય? પ્રભુ! કોના ધણી? લક્ષ્મીપતિ! લક્ષ્મી જડ, એનો ધણી? કરોડપતિ! કરોડ ધૂળ જડનો પતિ–સ્વામી. કલંક નથી? આહાહા..! નરપતિ! નર એટલે મનુષ્યના પતિ–રાજા. એ બધી ખોટી વાત છે. કોનો પતિ? એક દ્રવ્યનો બીજો દ્રવ્ય પતિ ક્યાંથી આવ્યો? એક દ્રવ્યનો બીજો દ્રવ્ય સ્વામી ક્યાંથી થયો? પ્રભુ! આહાહા..! આકરી વાત છે, 'પ્રવીણભાઈ'! આમાં પ્રવીણતા લાવવી આકરી વાત છે. પેલામાં લોઢામાં પ્રવીણતા ગરી ગઈ છે. આહાહા..! એને લોઢાનો વેપાર મોટો છે. લોઢાનું છે ને? લાદી.. લાદીનો. 'થાણા' માં ઊતર્યા હતા ને? તમારા લાદીના મકાનમાં જ ઉતર્યા હતા. ઘરે વ્યાખ્યાન આપ્યા હતા. આ લાદી, પથરા. આહાહા..! શાંતિથી, ધીરજથી સમજવાની વાત છે, પ્રભુ! આ કોઈ કૂદકા ને કોલાહલ કરવો ને આમ કરવું ને આમ કરવું એવી કોઈ ચીજ નથી.

આત્મા સિવાય બાહ્યના સર્વ પદાર્થનો તો આત્મામાં ત્યાગ જ છે. તેના ત્યાગ અને ગ્રહણ આત્મામાં છે જ નહિ. સ્ત્રી, કુટુંબનો ત્યાગ અને ગ્રહણ આત્મામાં છે જ નહિ. આહાહા..!

વેપાર, ધંધાના ત્યાગગ્રહણ પણ આત્મામાં છે જ નહિ. આહાહા..! ફક્ત ત્યાગ અને ગ્રહણ, પુણ્ય અને પાપના ભાવનો ત્યાગ અને તેના અનુભવ–ફળનો ત્યાગ વડે 'શુદ્ધજ્ઞાનચેતનામય થઈને...' લ્યો! આ ગ્રહણ. આહાહા..! આ વાર્તા નથી, પ્રભુ! આ તો વીતરાગના સિદ્ધાંત છે. સર્વજ્ઞદેવની વાણી છે, પ્રભુ! સાક્ષાત્ ત્રણલોકના નાથ, સો ઇન્દ્રો જેના તળિયા ચાટે છે. જેની સભામાં ઇન્દ્રો (આવે). અત્યારે ભગવાન બિરાજે છે. આમ કૂતરીના બચ્ચા જેમ બેઠા હોય એમ સભામાં બેસે. ભગવાનની વાણી સાંભળે. આહાહા..! તેમની આ વાણી છે.

કર્મ અને કર્મફળચેતનાના ત્યાગ વડે. બાહ્ય ત્યાગ વડે એમ ભાષા લીધી નથી. સ્ત્રી, કુટુંબ, પરિવાર, દુકાન, ધંધાના ત્યાગ વડે એમ નથી લીધું. કેમકે એનો તો ત્યાગ જ છે, એ ક્યાં અંદરમાં છે? આહાહા..! આવી વાત છે, પ્રભુ! 'ત્યાગ વડે શુદ્ધજ્ઞાનચેતનામય થઈને...' શુદ્ધજ્ઞાનચેતનામય. આહાહા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા, જાણન સ્વરૂપી શુદ્ધ જ્ઞાનચેતના. એ જ્ઞાનમાં ચેતના નામ અનુભવ (થવો). જેમ કર્મચેતના અને કર્મફળચેતનાનો દુઃખનો અનુભવ હતો તેનો ત્યાગ કરીને ભગવાન શુદ્ધ જ્ઞાનચેતના સુખરૂપ છે તેનું પરિણમન કર. આહાહા..! આવી મોટી વાતું. છે કે નથી અંદર?

શુદ્ધજ્ઞાનચેતના. એ કર્મચેતના અને કર્મફળચેતના એ અશુદ્ધચેતના છે, મલિન છે. તેના ત્યાગ વડે. આહાહા..! નિર્ણય તો કરે, હજી નિર્ણય તો કર. એ પુણ્ય અને પાપના ત્યાગ વડે શુદ્ધજ્ઞાનચેતના (પ્રગટ કર). પુણ્ય-પાપની કર્મચેતના અને કર્મફળચેતના એ અશુદ્ધ જ્ઞાનચેતના હતી. તેને છોડીને 'શુદ્ધજ્ઞાનચેતનામય થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ચેત...' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને ચેત 'અનુભવ;...' કર. આહાહા..! આવી વાત છે. આવું આકરું લાગે એટલે બહારના કોઈપણ સાધનો (કરવા લાગે). અનાદિથી બાહ્યદૃષ્ટિ ચોંટી છે.

આ શરીરના એક રજકણને પણ અડ્યો નથી, આત્મા અડ્યો નથી. આ શરીર તો અનંત રજકણનો પિંડ છે, અનંત પરમાણુનું દળ છે. એમાં એક રજકણને પણ આત્મા અડ્યો નથી. પ્રભુ એને અડ્યો નથી તો તું કોની ક્રિયા કરીશ? જેને તું અડ્યો પણ નથી, સ્પર્શ્યો પણ નથી તેની ક્રિયા તું કરી શકે છે? આહાહા..! આકરું છે, પ્રભુ! 'સોનગઢ' ને નામે બહારમાં પછી એમ કહેવાય, કેટલાક કહે, એ..ઇ..! એ તો એકલી નિશ્ચયની વાતું કરે છે. વ્યવહાર સાધન-ફાધનની વાત કરતા નથી. પણ વ્યવહાર સાધન છે નહિ. વ્યવહાર બધો રાગ ને દ્વેષ ને કર્મચેતના અને કર્મફળચેતના છે. આહાહા..!

તેના 'ત્યાગ વડે...' 'શુદ્ધજ્ઞાનચેતનામય થઈને...' આહાહા..! 'દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ચેત–અનુભવ;...' સમ્યગ્દર્શન–શુદ્ધચેતના સ્વરૂપ ત્રિકાળી ભગવાનની પ્રતીતિ–શ્રદ્ધા, તેનો અનુભવ થઈને શ્રદ્ધા થવી, તેનો અનુભવ થઈને પ્રતીતિ થવી, તેનો અનુભવ થઈને સ્થિરતા થવી એ દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણ છે. આહાહા..! આવી વાત છે બાપુ! એ 'દર્શન-જ્ઞાન-ચારિત્રને જ...' 'જ' શબ્દ પડ્યો છે. 'જ' (કહીને) એકાંત કહે છે. તેનું જ સેવન

કર. કર્મચેતના વ્યવહારને નહિ. એ માટે 'જ' લીધો છે. આહાહા..! 'દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ચેત...' એનો અનુભવ કર. આહાહા..!

પ્રભુ ચેતનાસ્વરૂપ ત્રિકાળી જ્ઞાન અને આનંદકંદ પ્રભુ છે તેની શ્રદ્ધા (કર). રાગની કર્મચેતના અને કર્મફળચેતનાનો ત્યાગ કરીને આ ચૈતન્ય સ્વભાવ છે તેના દર્શન, જ્ઞાન અને ચારિત્રનો અનુભવ કર. એ છે પર્યાય. કર્મચેતના અને કર્મફળચેતના અશુદ્ધચેતના હતી. અશુદ્ધચેતના હતી તે પણ પરિણામ હતા, આ પણ પરિણામ છે. આહાહા..! છે? 'દર્શન-જ્ઞાન-ચારિત્રને જ...' આહાહા..! પ્રભુ! તારે હિત કરવું હોય તો ભગવાન આનંદ સ્વરૂપ જ્ઞાનની મૂર્તિ પ્રભુ! તેના દર્શન, જ્ઞાન ને ચારિત્ર ચેત અને અનુભવ કર. જન્મ-મરણ રહિત થવાનો આ એક ઉપાય છે. વ્યવહાર વચ્ચે આવે છે પણ એ તો દુઃખરૂપ છે. એ તો કર્મચેતના અને કર્મફળચેતનારૂપ છે. આહાહા..! છે કે નહિ અંદર? એકદમ બધો ફેરફાર લાગે. બહાર સાંભળતો હોય એમાં આ બધું (સાંભળે એટલે એમ થાય કે) આ શું? આવી વાત? ક્યાંય નજર પહોંચે નહિ. કંઈ કરી શકાય નહિ ત્યાં કરવું? અને આ કરી શકાય છે ત્યાં છોડવું?

પ્રભુ! પરનું કાંઈ કરી શકાતું નથી. આંખની પાંપણ પણ આત્મા ફેરવી શકતો નથી. આહાહા..! એક તણખલાના બે કટકા પણ આત્મા કરી શકતો નથી. એ કરે છે એમ માને એ તો મિથ્યાભ્રમ પાપ છે. આહાહા..! કરવાનું તો આ છે, કે પુણ્ય અને પાપના ભાવ દૃષ્ટિમાંથી છોડીને ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા છે તેના દર્શન, જ્ઞાન ને ચારિત્ર, શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા ચેત, અનુભવ કર. આહાહા..! તો તને ભવભ્રમણનો અંત આવશે. નહિ તો ભવભ્રમણનો અંત નહિ આવે. આહાહા..! છે કે નહિ? ચેત–અનુભવ કર.

'તથા દ્રવ્યના સ્વભાવના વશે...' આહાહા...! શું કહે છે? આ તો ગહન વિષય છે, પ્રભુ! દ્રવ્ય જે આત્મા છે, 'દ્રવ્યના સ્વભાવના વશે (પોતાને) જે ક્ષણે ક્ષણે પરિણામો ઊપજે છે...' નિર્મળ નિર્મળ (પરિણામ). સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના નિર્મળ પરિણામ. 'દ્રવ્યના સ્વભાવના વશે...' આહાહા..! દ્રવ્યના સ્વભાવના વશે. આહાહા..! 'દ્રવ્યના સ્વભાવના વશે (પોતાને) જે ક્ષણે ક્ષણે...' દરેક સમયે જે 'પરિણામો ઊપજે છે તે-પણા વડે (અર્થાત્ પરિણામીપણા વડે) તન્મય પરિણામવાળો (–દર્શનજ્ઞાનચારિત્રમય પરિણામવાળો) થઈને...' આહાહા..! આવી વાતું આકરી છે. બહારથી કંઈ થતું હોય (તો કરી તો શકાય). આ તો નય છે, નયચક્રના વિકલ્પ છે તે પણ આત્મામાં સાધક નથી. નિશ્ચયનય જે નિર્વિકલ્પ છે, વિકલ્પરહિત છે, એ નયની અહીંયા વાત કરે છે. આહાહા..! જે નયમાં વિકલ્પ થાય એ તો બધો રાગ છે, એ કોઈ સાધન-બાધન નથી. આહાહા..!

અહીંયા તો કહે છે, આવા જે પરિણામ ઉત્પન્ન થાય છે તેના વડે. '(પરિણામીપણા વડે)...' એટલે આત્મા પરિણામીપણા વડે, પરિણમવાવાળો, બદલવાવાળો થયો. આહાહા..! તન્મય પરિણામવાળો, 'તન્મય પરિણામવાળો થઈને...' આહાહા...! '(દર્શનજ્ઞાનચારિત્રમય

પરિણામવાળો) થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ વિહર;...' ત્યાં વિહાર કર. આહાહા..! વિહાર કર, એમ પાઠ લીધો છે. અંદરમાં દર્શન, જ્ઞાન અને ચારિત્રના પરિણામ (થાય), દ્રવ્યના સ્વભાવના વશે પ્રતિક્ષણ પરિણામ ઉત્પન્ન થાય છે. કેવા (પરિણામ)? નિર્મળ દર્શન, જ્ઞાન અને ચારિત્ર. કેમકે કર્મચેતના અને કર્મફળચેતનાનો ત્યાગ કરીને અંદર જ્યાં સ્વભાવ સન્મુખ થયો તો પ્રતિક્ષણ પરિણામ દ્રવ્યના સ્વભાવના વશે નિર્મળ જ્ઞાન, દર્શન, ચારિત્રના પરિણામ ઉત્પન્ન થાય છે. આહાહા..! એમાં વિહાર કર. આહાહા..! વિહાર કર એટલે ન્યાં ચાલવાનું હશે? અંદરમાં એકાગ્ર કર. આહાહા..! આવી વાત છે. શું થાય? બહારમાં ચાલે નહિ એટલે અહીંની વાત કંઈક કંઈક વાત એકાંત જ લાગે. કારણ કે વ્યવહારનયના પ્રકાર ઘણા પડતા હોય એમાં કહે, આ નયનું સાધન છે ને આ નયનું આ સાધન છે. આહાહા..!

અહીં તો કહે છે, કે નિશ્ચયનય નયાતિક્રાંત, જેમાં વિકલ્પ નહિ, રાગ નહિ. આહાહા..! એવો નયાતિક્રાંત સ્વભાવ દ્વારા તેમાં વિહાર કર, એમાં રમણતા કર. આખી વાતમાં બધો ફેર. આહાહા..! હજી સંસારના કામથી, એના ગૃહસ્થના કામથી નવરો થતો નથી એમાં વળી આ ધર્મના નામે ચાલતી ક્રિયાકાંડથી પણ નિવૃત્ત થા. આહાહા..! ગજબ વાત છે, પ્રભુ!

'દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ વિહર; તથા જ્ઞાનરૂપને એકને જ અચળપણે...' એક જ્ઞાનસ્વરૂપી ભગવાન... આહાહા..! એક જ્ઞાનસ્વરૂપી પ્રભુ, આહાહા..! તેને 'એકને જ...' એકને જ, બીજું બિલકુલ નહિ. વિકલ્પ, રાગમાત્રનો અંશ નહિ. આહાહા..! આવું છે. 'સુરેશભાઈ'! એક તો ધંધા આડે નવરો ન મળે એમાં આવી વાત. એમાં કાંઈક ને કાંઈક નિશ્ચયના નામે પણ લોકો ક્યાંક ચડાવી દે. આહાહા..! નય આવી છે ને નય આવી છે ને નય આવી છે ને નય... પણ એ નય બધી ઇન્દ્રજાળ છે, એમ કહ્યું છે. આહાહા..! એ ઇન્દ્રજાળને દૃષ્ટિમાંથી છોડી દે. આહાહા..!

એક સ્વભાવ ચૈતન્યમૂર્તિ, ચૈતન્ય નિશ્ચય દર્શન, જ્ઞાન ને ચારિત્ર–તેની રમણતા, એ એક જ ગ્રહણ કર. આહાહા..! એમાં વિહાર કર. 'તથા જ્ઞાનરૂપને એકને જ અચળપણે અવલંબતો થકો,...' એક જ્ઞાનસ્વરૂપી ભગવાન.. આહાહા..! આકરી વાત છે. આ કાંઈ 'સોનગઢ' ની વાત નથી. એમ કહે છે કે, 'સોનગઢ'વાળા નિશ્ચયની (વાત) કરે છે. આ તો હજારો વર્ષ પહેલાની ટીકા છે. બે હજાર વર્ષ પહેલાના શ્લોક છે. અને તે પણ પરમાત્મા પાસે ગયા હતા, ત્યાંથી આવીને બનાવ્યું છે. આહાહા..! અહીંયા પરમાત્મા દ્વારા આવ્યું. ત્યાં હતા, અમે પણ ત્યાં હતા. આહાહા..! પણ દેહ છૂટતા પરિણામ સરખા રહ્યા નહિ. અહીં કાઠિયાવાડમાં 'ઉમરાળા' માં જન્મ થઈ ગયો. ૐ રહી ગયો. આહાહા..! એક ગાથામાં કેટલું (ભર્યું છે)! ગાથા એક. આહાહા..!

કહે છે, 'જ્ઞાનરૂપને એકને...' પ્રભુ આત્મા તો જ્ઞાન–જાણનશક્તિ, જ્ઞાતાપણું, દૃષ્ટાપણું એનો ત્રિકાળી સ્વભાવ છે. તે એકને જ, વ્યવહારમાત્રને નહિ. આહાહા..! 'અચળપણે

અવલંબતો થકો,...' એકને જ અંદર સ્વરૂપને ચળે નહિ એ રીતે 'અચળપણે અવલંબતો થકો,...' અચળપણે અંદર જ્ઞાનસ્વરૂપ ભગવાન છે તેનું ચળે નહિ એ રીતે અવલંબન લે. આહાહા..! ગજબ વાત છે. 'જ્ઞાનરૂપને એકને જ...' સ્વરૂપજ્ઞાન ત્રિકાળની વાત છે, હોં! પેલા ત્રણ દર્શન, જ્ઞાન, ચારિત્ર પરિણામ છે તે ત્રણ પરિણામ છે. આ ત્રણના જ્ઞાનરૂપ એટલે ત્રિકાળ. ત્રિકાળ આત્માને જ, એકને જ. આહાહા..!

પહેલા તો ત્રણ બોલ કહ્યા હતા-દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એ પર્યાય છે. એ પર્યાય નિર્મળ છે પણ એ નિર્મળ પર્યાય કઈ રીતે થાય છે? કે, જ્ઞાનસ્વરૂપી ભગવાન ત્રિકાળ આત્મા, ચૈતન્યનો ચંદ્ર, ચૈતન્યનો શીતળ ચંદ્ર, શાંતિ અને પ્રકાશનો પુંજ પ્રભુ, તેનું અચળપણે અવલંબન. ચળે નહિ એ રીતે અવલંબન લેતા, આહાહા..! માર્ગ આવો છે. 'અવલંબતો થકો, જેઓ જ્ઞેયરૂપ હોવાથી ઉપાધિસ્વરૂપ છે...' આહાહા..! એ રાગ ને શરીર ને વાણી ને મન ને એ બધા જ્ઞેય છે-જ્ઞાનમાં જાણવાલાયક છે, પણ એ તો ઉપાધિરૂપ છે. આહાહા..!

જે જ્ઞાનમાં 'જ્ઞેયરૂપ હોવાથી (પર) ઉપાધિસ્વરૂપ છે એવા સર્વ તરફથી ફેલાતાં...' આહાહા..! રાગ ને વિકલ્પનો એક કણ, સૂક્ષ્મ કણ પણ, નયના એક વિકલ્પનો પણ કણ, આહાહા..! 'જ્ઞાનરૂપને એકને જ અચળપણે અવલંબતો થકો, જેઓ જ્ઞેયરૂપ હોવાથી ઉપાધિસ્વરૂપ છે...' આહાહા..! એ રાગ અને રાગનું બાહ્ય સાધન, બધું ઉપાધિ છે. આહાહા..! ગાથા તો બહુ સરસ આવી છે. આહાહા..! જગતને બેસવું કઠણ. આ નિશ્ચય વસ્તુ બેસવી (કઠણ). કંઈક, કંઈક, કંઈક, કંઈક, વ્યવહાર, વ્યવહાર, વ્યવહાર, એને વ્યવહારનું લાકડું અંદરમાં પેઠું હોય એ એને નીકળવું કઠણ. આહાહા..! કોઈપણ રીતે વ્યવહાર બીજાને સમજાવી શકે ત્યારે જ સમજે એવો તો વ્યવહાર જોઈએ ને? એમ કરીને વ્યવહાર ઉપર વજન આપે. આહાહા..! બીજાને સમજાવવા માટે વ્યવહાર તો લેવો પડે ને? કોણ લે પ્રભુ! એ વ્યવહાર આવે પણ એ કહેનાર અને સાંભળનાર બન્નેએ અનુસરણ કરવાલાયક નથી. 'नानुसर्तव्यः' આઠમી ગાથા. આહાહા..! આવે માટે આદરણીય છે એમ નથી. આહાહા..! આવો માર્ગ. હવે તો લાખો લોકો વિચારમાં ચડી ગયા છે. આ ત્રીસ લાખ પુસ્તકો (બહાર) પડ્યા છે. વિચારમાં ચડ્યા છે પણ અંદર વ્યવહારનો વિકલ્પ, કોઈ રીતે વિકલ્પ કંઈક સાધન છે, એ શલ્ય જાય નહિ. આહાહા..! સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પ પણ આત્માના સ્વભાવથી તદ્દન વિરૂદ્ધ છે. એનાથી પણ કંઈક લાભ થશે.. આહાહા..! એ મિથ્યાત્વનું શલ્ય છે. ઓહોહો..! 'જતીશભાઈ' છે? તમે એકલા આવ્યા છો? સમજાય છે કાંઈ? આહાહા..! એવી વાત છે. આવો ઉપદેશ.

ભગવાન તીર્થંકરદેવ તો આમ કહે છે. એમાંથી કંઈ પણ ફેરફાર (ચાલે નહિ). વ્યવહાર હોય તો નિશ્ચય થાય, એ પણ મોટું શલ્ય છે. આહાહા..! વ્યવહાર આવે છે પણ એ વ્યવહાર કર્મચેતના અને કર્મફળચેતનામાં જાય છે. એ જ્ઞાનચેતનામાં (આવતો) નથી. જ્ઞાનચેતના એટલે

જ્ઞાનસ્વરૂપી પ્રભુ પ્રજ્ઞાબ્રહ્મ, જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુનો આશ્રય લેવો છે ત્યાં તો વિકલ્પનો અંશ પણ નથી. આહાહા..! એવા 'એકને જ અચળપણે અવલંબતો થકો, જેઓ જ્ઞેયરૂપ હોવાથી ઉપાધિસ્વરૂપ છે એવાં સર્વ તરફથી ફેલાતાં...' આહાહા..! ચારે બાજુથી રાગ ફેલાય, વિકલ્પનો વિસ્તાર ફેલાય. આહાહા..! છે?

'સમસ્ત પરદ્રવ્યોમાં જરા પણ ન વિહર.' આહાહા..! ચારે બાજુથી જ્યાં જ્યાં નજર કરીશ તો પ્રભુ! ત્યાં ત્યાં તને વિકલ્પ ઉત્પન્ન થશે, રાગ જ ઉત્પન્ન થશે. આહાહા..! ચારે બાજુમાં આહાહા..! પરમાત્મા તો કહે છે, અમે સિદ્ધ છીએ, અમારી ઉપર નજર કરીશ તોપણ વિકલ્પ ઉત્પન્ન થશે. આહાહા..!

કહે છે, 'ઉપાધિસ્વરૂપ છે એવા...' 'જ્ઞેયરૂપ હોવાથી..' જ્ઞેયરૂપ હોવાથી 'ઉપાધિસ્વરૂપ છે...' કહે છે, જુઓ! જાણવાલાયક ચીજ છે એ જ્ઞેયરૂપ હોવાથી ઉપાધિરૂપ છે. આહાહા..! 'એવા સર્વ તરફથી ફેલાતાં...' ચારે બાજુથી વિકલ્પની જાળ વિસ્તાર પામતી થકી 'સમસ્ત પરદ્રવ્યોમાં જરા પણ ન વિહર.' આહાહા..! ગાથા બહુ સરસ છે. ઝીણી વાત છે પણ વસ્તુ છે. આહાહા..! આ કર્યે છૂટકો. આ કરવું પોતાના અધિકારની વાત છે. પોતાથી થાય છે, કોઈ પરની આશા એમાં નથી. આહાહા..! કહો, એક ગાથામાં કાલે પણ ચાલ્યું હતું. પોણા બે કલાક ચાલ્યું. આટલી ટીકામાં આટલું ભર્યું છે! આહાહા..! આ તો વાંચવાની નવરાશ પણ ક્યાં હોય? અને વાંચે તો સમજી શકે નહિ. ગડિયો હાંકે જાય. આહાહા..!

મુમુક્ષુ :– પરદ્રવ્યમાં તો વ્યવહાર રત્નત્રય ને પંચપરમેષ્ઠી બધા આવી ગયા.

ઉત્તર :– બધા, પરદ્રવ્ય બધા. ચારે બાજુથી કોઈપણ પર ઉપર લક્ષ જાશે તો વિકલ્પ ઉઠશે. આહાહા..! રાગ ઉત્પન્ન થશે.

ભગવાન જ્ઞાનસ્વરૂપી જ્ઞાતા, જ્ઞાનનો પિંડ પ્રભુ, એ બહારમાં કંઈ પણ લક્ષ કરશે... કહ્યું ને? 'સર્વ તરફથી...' ચારે બાજુથી. આહાહા..! 'ફેલાતાં...' ચારે બાજુથી જ્ઞેય ઉપર નજર કરવાથી તો વિકલ્પ ઉત્પન્ન થશે. આહાહા..! ભાષા કેવી લીધી છે! 'જેઓ જ્ઞેયરૂપ હોવાથી ઉપાધિસ્વરૂપ છે...' પહેલા આ શબ્દો લીધા છે. 'જ્ઞેયરૂપ હોવાથી ઉપાધિસ્વરૂપ છે...' એમ કહ્યું. જ્ઞેય છે એ તો જાણવાલાયક છે પણ એ જાણવાલાયક ત્યારે કે જ્યારે પોતાનું જ્ઞાન થાય છે ત્યારે પરનું જ્ઞાન થાય છે. પણ પોતાનું જ્ઞાન છોડીને... આહાહા..! એકલા પરજ્ઞેય રૂપ ઉપાધિસ્વરૂપ છે. આહાહા..! ગજબ વાત છે.

પોતાના સ્વરૂપનો નિશ્ચય અનુભવ થયા પછી વિકલ્પ આવે છે, રાગ થાય છે પણ એ રાગને જાણનારો છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહાહા..! એ તો પોતે પોતાને જાણે છે. એમાં રાગનું જ્ઞાન પણ પોતાના જાણવામાં આવી જાય છે. આહાહા..! તેથી અહીં પ્રભુએ કહ્યું કે, 'સર્વ તરફથી...' એટલે ચારે બાજુથી. સર્વ તરફથી. તું જ્યાં છો ત્યાંથી ચારે બાજુથી વિકલ્પ ઉત્પન્ન થાય છે. આહાહા..! ચારે બાજુથી, 'સર્વ તરફથી ફેલાતાં સમસ્ત

પરદ્રવ્યોમાં...' કિંચિત્‌માત્ર રાગ પણ પરદ્રવ્ય. 'જરા પણ ન વિહર.' આહાહા..! હવે આવી વાત. એની ગંધ જ આવવી મુશ્કેલ. કોઈ દિ' સાંભળ્યું ન હોય. આખી દિ' દુનિયાના પ્રપંચના પાપ. આહાહા..! પાપની પ્રપંચની ઝાળ રાચી છે બધી.

અહીં કહે છે, ચારે બાજુથી, આહાહા..! 'સર્વ તરફથી...' ભગવાન જ્ઞાનસ્વરૂપમાં સર્વ તરફથી ફેલાતા. બાહ્ય જ્ઞેયરૂપ ઉપાધિમાં લક્ષ કરવાથી ચારે બાજુની ઉપાધિ ફેલાતા. આહાહા..! 'સમસ્ત પરદ્રવ્યોમાં જરા પણ ન વિહર.' એ બાજુમાં વિહાર, વિકલ્પ ન કર. આહાહા..! ઓહોહો..! ટીકા તે ટીકા!! એક શ્લોકે આખા બાર અંગનો સાર ભરી દીધો છે. આહાહા..! કંઈ પણ બહારનું સાધન કંઈ પણ સાધન છે એમ માનવું એ એકાંત છે. ચારે બાજુથી ફેલાતાં વિકલ્પનો ત્યાગ કર. આહાહા..! એમ આવ્યું?

'સર્વ તરફથી ફેલાતાં સમસ્ત પરદ્રવ્યોમાં...' આહાહા..! ચાહે તો નયનો વિકલ્પ ઉત્પન્ન થાય એ પણ પરદ્રવ્ય છે. આહાહા..! ગજબ વાત છે. આ વાત સમજાય નહિ એથી પછી 'સોનગઢ' નું એકાંત છે, આમ છે એમ બિચારા કહે. શું કરે? વાત બેસે નહિ એટલે (એમ કહે). આખી દિશાફેર વાત છે. આખી દિશા, દશા, એ દશાની દિશા ફેર. ધર્મની દશાની દિશા ફેર અને અધર્મની દશાની દિશા ફેર (છે). આહાહા..! એટલે? કે પુણ્ય-પાપના, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ એ દશા છે, એની દિશા પર તરફ છે. એ દશા પર તરફ જાય છે. આહાહા..! અને રાગરહિત નિર્વિકલ્પ દર્શન, જ્ઞાન, ચારિત્ર (થાય) એ દશાની દિશા અંતરમાં જાય છે. આહાહા..! આ તો મંત્ર છે. પરમાત્માના ઘરના, ત્રિલોકનાથ પરમાત્માના અંતર મંત્ર સાંભળવાનો પણ અવકાશ નહિ. અરે..રે..! સાંભળે તોપણ પક્ષપાત છોડે નહિ. વ્યવહારનો પક્ષ ક્યાંક, ક્યાંક, ક્યાંક, ક્યાંક મૂક્યા વિના રહે નહિ. આહાહા..! જે વ્યવહાર પર્યાયમાં, પર્યાયનો આશ્રય પણ કરવા જેવો નથી.. આહાહા..! એમાં ક્યાં વ્યવહારના આશ્રયે તને લાભ થાય? આહાહા..! બહુ આકરી વાત લાગે.

ભાવાર્થ :- 'પરમાર્થરૂપ આત્માના પરિણામ...' શું કહે છે? પરમાર્થરૂપ (અર્થાત્‌) ખરેખર, યથાર્થરૂપ 'આત્માના પરિણામ...' આત્માની પર્યાય, આત્માનો ભાવ, આત્માની દશા, આત્માના પરિણામ 'દર્શન-જ્ઞાન-ચારિત્ર છે;...' આહાહા..! આત્માના પરિણામ તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ પરિણામ છે. આહાહા..! 'તે જ મોક્ષમાર્ગ છે.' આહાહા..! આત્માના જે પરિણામ, આત્મા જે પરિણામી, પરમપારિણામિક અખંડ સ્વભાવ.. આહાહા..! જ્યાં ચાર ભાવનો પણ આશ્રય નથી. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ આપણે 'નિયમસાર' ની ૫૦ મી ગાથામાં આવી ગયું. ચાર ભાવમાં ક્ષાયિકભાવનો પણ આશ્રય નહિ. આહાહા..! એવા આત્માના પરિણામ.

રાગ, દયા, દાન એ આત્માના પરિણામ નહિ. એ તો વ્યભિચાર પરિણામ છે. આહાહા..! આઠ લાખ રૂપિયા આપ્યા એમાં રાગ મંદ કર્યો એ વ્યભિચાર છે, એમ કહે છે. આહાહા..! કોના રૂપિયા? ધૂળ. જગતના પુદ્‌ગલના પરમાણુ. એ અનંત પરમાણુના પિંડનું... એ શું કહેવાય?

નોટ. અનંત પરમાણુનો પિંડ છે. એમાં એક એક પરમાણુ પોતાથી સ્વતંત્રપણે પરિણમે છે. બીજા પરમાણુને અડતા પણ નથી. આહાહા..! તો આત્મા એને અડે અને તેને અડીને પૈસાથી કામ કરે એવો પ્રભુ નથી. બેસે ન બેસે પ્રભુ! વસ્તુ આવી છે. અરે..! ત્રણલોકના નાથના વિરહ પડ્યા, પરમાત્મા રહ્યા નહિ. અરે..! પરમાત્મપણું પ્રગટ થવાનું રહ્યું નહિ. પરમાત્મા તો દૂર થઈ ગયા પણ અહીંયા પરમાત્માને કેવળજ્ઞાન ઉત્પન્ન થવાની લાયકાત રહી નહિ. આહાહા..! આ ઉત્પન્ન થવાની લાયકાત છે. દર્શન, જ્ઞાન ને ચારિત્ર જે આત્માના પરિણામ. આત્માના કહ્યા ને?

'આત્માના પરિણામ...' પરિણામ એટલે પર્યાય, પર્યાય એટલે અવસ્થા, અવસ્થા એટલે દશા, દશા એટલે ભાવ. આહાહા..! એ 'દર્શન-જ્ઞાન-ચારિત્ર છે;...' આત્માના પરિણામ છોકરા નથી, આત્માના પરિણામ પૈસો નથી. આહાહા..! આત્માના પરિણામ વિકલ્પ નથી. આહાહા..! આવું કહે. શું થાય? માર્ગ તો આ છે. અરે..! દેહ છૂટી જશે. ક્યાં જાવું છે પ્રભુ! આત્મા તો અનાદિઅનંત રહેવાનો છે. દેહ છૂટ્યે કાંઈ એનો નાશ થાય એવો નથી. ક્યાં જઈશ? નાથ! આહાહા..! કોઈ શરણ નથી. શરણ પ્રભુનું આત્માનું અંદર છે.

તેના જે પરિણામ છે.. આહાહા..! વ્યવહાર રત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કે નયના વિકલ્પ એ આત્માના પરિણામ નથી. આહાહા..! વિકલ્પ ઉઠે છે એ આત્માના પરિણામ નહિ. આહાહા..! આત્માના પરિણામ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. 'તે જ મોક્ષમાર્ગ છે.' એ એક જ મોક્ષમાર્ગ છે. આહાહા..! 'તે જ મોક્ષમાર્ગ છે.' આત્માના દર્શન, જ્ઞાન, ચારિત્ર. નિર્મળ સમ્યક્ પરિણામ એ એક જ આત્માના પરિણામ છે, તે જ મોક્ષમાર્ગ છે. આહાહા..! ભાષા તો સાદી છે, ભાવ ઘણા ગંભીર અને ઊંડા છે. આહાહા..!

'તેમાં જ (દર્શનજ્ઞાનચારિત્રમાં જ) આત્માને સ્થાપવો,...' આહાહા..! પહેલા બોલ કહ્યો ને? કે, 'પરમાર્થરૂપ આત્માના પરિણામ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે; તે જ મોક્ષમાર્ગ છે.' ત્યાં સ્થાપવો જોઈએ. દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ. આહાહા..! એ ચારિત્ર એટલે આ ક્રિયાકાંડ નહિ. અંતર આનંદ સ્વરૂપની દૃષ્ટિ, અતીન્દ્રિય નિર્વિકલ્પ જ્ઞાન અને અતીન્દ્રિય નિર્વિકલ્પ ચારિત્રની સ્થિરતા, વીતરાગ દશા અંદર થાય તેને અહીંયા ચારિત્ર કહે છે. આહાહા..! બહુ સરસ ગાથા (આવી). આ ૧૯ મી વાર સભામાં વંચાય છે. પહેલેથી તે ઠેઠ સુધી એક વાર, બે વાર, અઢાર વાર વંચાઈ ગયું છે. અહીં સુધી આવ્યું હતું પણ પછી તો વચમાં 'નિયમસાર' લીધું. માણસ બહુ આવ્યું ને! બે હજાર, પચ્ચીસસો (માણસ). જમણમાં ૨૬૫૦, એટલું માણસ આવ્યું. આહાહા..! બીજ ઉપર. પુનમ અને બીજ. એટલે 'નિયમસાર' લેવું પડ્યું.

આ 'સમયસાર'... આહાહા..! પાછળના કળશમાં કહ્યું છે ને ભાઈ! અક્ષય ચક્ષુ. ભાઈ! પાછળમાં કહ્યું છે. આ 'સમયસાર' અદ્વિતીય ચક્ષુ, અજોડ ચક્ષુ. એની સાથે કોઈનો મેળ થાય એવો છે નહિ. પાછળ છે. અજોડ ચક્ષુ! આહાહા..! કેટલામે પાને? ૨૪૫ કળશ? 'इदमेकं

जगच्चक्षुरक्षयं याति पूर्णताम्' ૨૪૫. (કળશ) 'इदमेकं जगच्चक्षु' આહાહા..! આત્મા જગતચક્ષુ, જ્ઞાનમૂર્તિ પ્રભુ છે. એ 'जगच्चक्षुरक्षयं' ક્ષય ન થાય એવી છે. 'याति पूर्णताम्' પૂર્ણપણાને પામે છે. 'विज्ञानघनमानन्दमयमध्यक्षतां नयत्' આહાહા..! નીચે (અર્થ) છે.

'આનંદમય વિજ્ઞાનઘનને (-શુદ્ધ પરમાત્માને, સમયસારને) પ્રત્યક્ષ કરતું આ એક (-અદ્વિતીય) અક્ષય જગત-ચક્ષુ...' આહાહા..! અજોડ ચક્ષુ. તેની સાથે કોઈનો મેળ થઈ ન શકે. આહાહા..! અદ્વિતીય અજોડ ચક્ષુ. એવું 'સમયસાર'. આચાર્ય મહારાજ પંચ મહાવ્રતધારી દિગંબર સંત 'અમૃતચંદ્રાચાર્ય' મહા સંત.. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' ના પેટમાં જે અભિપ્રાય હતા તે અભિપ્રાયથી ટીકા કરી છે. એમના અભિપ્રાયમાં (હતું તે ખોલ્યું છે). એ એમ કહે છે કે, પ્રભુ! આ એક અક્ષયચક્ષુ. આહાહા..! એક અક્ષયચક્ષુ. આ તો શબ્દો છે પણ શબ્દોથી બતાવનાર અંદર આ આત્મા અક્ષયચક્ષુ, અદ્વિતીય ચક્ષુ છે. તેની સાથે કોઈનો મેળ કરવાનું છે નહિ. આહાહા..! 'मध्यक्षतां नयत्' છે ને? ત્યાં પૂર્ણતાને પામે છે.

આપણે અહીંયા ૪૧૨ ગાથામાં આવ્યું ને? 'અન્ય દ્રવ્યોમાં ન પ્રવર્તવું.' આહાહા..! 'અહીં પરમાર્થે એ જ ઉપદેશ છે કે-નિશ્ચય મોક્ષમાર્ગનું સેવન કરવું,...' આહાહા..! વ્યવહાર આવે તેને જાણવો, તેનું સેવન કરવું નહિ, આદરણીય નથી. આહાહા..! છે? 'મોક્ષમાર્ગનું સેવન કરવું, કેવળ વ્યવહારમાં જ મૂઢ ન રહેવું.' વ્યવહાર કરવામાં મૂઢ નહિ રહેવું જોઈએ. વ્યવહાર તો પુણ્યબંધનું કારણ છે અને આ નિશ્ચય મોક્ષમાર્ગનું કારણ છે. વિશેષ કહેશે..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૨૪૦

(शार्दूलविक्रीडित)

एको मोक्षपथो य एष नियतो दृग्ज्ञप्तिवृत्यात्मक-
स्तत्रैव स्थितिमेति यस्तमनिशं ध्यायेच्च तं चेतति।
तस्मिन्नेव निरन्तरं विहरति द्रव्यान्तराण्यस्पृशन्
सोऽवश्यं समयस्य सारमचिरान्नित्योदयं विन्दति।।२४०।।

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [ दृग्-ज्ञप्ति-वृत्ति-आत्मकः यः एषः एकः नियतः मोक्षपथः ] દર્શન-જ્ઞાનચારિત્રરૂપ જે આ એક નિયત મોક્ષમાર્ગ છે. [ तत्र एव यः स्थितिम् एति ] તેમાં

જ જે પુરુષ સ્થિતિ પામે છે અર્થાત્ સ્થિત રહે છે, [ तम् अनिशं ध्यायेत् ] તેને જ નિરંતર ધ્યાવે છે, [ तं चेतति ] તેને જ ચેતે-અનુભવે છે, [ च द्रव्यान्तराणि अस्पृशन् तस्मिन् एव निरन्तरं विहरति ] અને અન્ય દ્રવ્યોને નિહ સ્પર્શતો થકો તેમાં જ નિરંતર વિહાર કરે છે, [ सः नित्य-उदयं समयस्य सारम् अचिरात् अवश्यं विन्दति ] તે પુરુષ, જેનો ઉદય નિત્ય રહે છે એવા સમયના સારને (અર્થાત્ પરમાત્માના રૂપને) થોડા કાળમાં જ અવશ્ય પામે છે-અનુભવે છે.

ભાવાર્થ :– નિશ્ચયમોક્ષમાર્ગના સેવનથી થોડા જ કાળમાં મોક્ષની પ્રાપ્તિ થાય એ નિયમ છે. ૨૪૦.

---

પ્રવચન નં. ૪૫૭ શ્લોક–૨૪૦, ૨૪૧ મંગળવાર, શ્રાવણ વદ ૦)), તા.૦૯-૦૯-૧૯૮૦

---

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' કળશ–૨૪૦.

एको मोक्षपथो य एष नियतो दृग्ज्ञप्तिवृत्यात्मक-
स्तत्रैव स्थितिमेति यस्तमनिशं ध्यायेच्च तं चेतति।
तस्मिन्नेव निरन्तरं विहरति द्रव्यान्तराण्यस्पृशन्
सोऽवश्यं समयस्य सारमचिरान्नित्योदयं विन्दति।।२४०।।

જોયું? અહીંયા ચારિત્રને વ્રત શબ્દમાં લીધું. વ્રત શબ્દને ચારિત્રના અર્થમાં લીધો છે.

શ્લોકાર્થ :– 'दृग्-ज्ञप्ति-वृत्ति-आत्मकः यः एषः एकः नियतः मोक्षपथः' આહાહા..! સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રસ્વરૂપ 'જે આ એક નિયત મોક્ષમાર્ગ છે,...' એક જ નિશ્ચય મોક્ષમાર્ગ છે, મોક્ષમાર્ગ બે નથી. 'ટોડરમલજી' એ સાતમા અધિકારમાં કહ્યું છે કે, મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે, મોક્ષમાર્ગ બે નથી. એનું કથન બે પ્રકારે આવે. વ્યવહાર વચ્ચે આવે ને? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિના વિકલ્પ વચ્ચે આવે. પણ અહીંયા તો એક જ વાત લીધી. દર્શન, જ્ઞાન અને ચારિત્રસ્વરૂપ... નિશ્ચય, હોં!

સ્વભાવ ચૈતન્યસ્વરૂપ (છે) એનું અંતર દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ એક, 'આ એક (નિશ્ચય) નિયત મોક્ષમાર્ગ છે,...' આમાં તકરાર (કરે કે) વ્યવહાર મોક્ષમાર્ગ છે. ૪૬ ગાથામાં આવે છે ને? ૪૬. જો તમે વ્યવહાર ન માનો તો શરીર અને આત્મા એક થઈ જશે અને આ રાગ-દ્વેષ, મોહ રહિત, અને બંધ અને મોક્ષ કંઈ નહિ થાય. છે ખરો, વ્યવહારનો વિષય અને વ્યવહાર છે ખરો પણ એ આદરણીય નથી. વિષય નથી એમ નહિ. નિશ્ચયથી વિષય

લઈએ તો આત્માના આનંદ અને જ્ઞાન સ્વરૂપ સિવાયનો વિકલ્પથી માંડીને લોકાલોક બધો વ્યવહાર છે. એક નિશ્ચય પ્રભુ છે. આહાહા..! વ્યવહાર છે ખરો, વ્યવહારનો વિષય છે. નય છે એ વિષયી છે, વિષયી છે તો એનો વિષય તો છે પણ આદરણીય નથી, એ બંધનું કારણ છે. આહાહા..!

અહીંયા (કહે છે) નિશ્ચયદર્શન, આત્મદર્શન–નિર્વિકલ્પ આત્મપ્રતીતિ, નિર્વિકલ્પ આત્મજ્ઞાન, નિર્વિકલ્પ સ્વરૂપચારિત્રની રમણતા એ સ્વરૂપ 'જે આ એક નિયત મોક્ષમાર્ગ છે,...' આહાહા..! આવું તો સ્પષ્ટ છે. એના નિર્ણયમાં તો પહેલું આવવું જોઈએ કે માર્ગ તો ત્યાં અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર (થવા) તે મોક્ષમાર્ગ છે, બાકી બધા વિકલ્પ, ક્રિયાકાંડ આદિ બધું બંધનું કારણ છે. વ્યવહાર છે, પણ વ્યવહાર બંધનું કારણ છે. આહાહા..! બહુ ઝીણું.

અહીંયા કહે છે, 'આ એક...' ત્રણ સ્વરૂપ જે સમ્યક્ આત્મા, ત્રિકાળી ચૈતન્ય સ્વભાવનો અંતર અનુભવ થઈને પ્રતીતિ (થવી), અનુભવ થવો તે ચારિત્ર અને તેનું જ્ઞાન થવું તે ત્રણે થઈને એક મોક્ષપંથ છે, એ મોક્ષનો માર્ગ છે. આહાહા..! 'तत्र एव यः स्थितिम् एति' 'તેમાં જ જે પુરુષ...' એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર (સ્વરૂપ) જે નિશ્ચય મોક્ષમાર્ગ છે 'તેમાં જ જે પુરુષ સ્થિતિ પામે છે...' છે આ પર્યાય, આ નિશ્ચય મોક્ષમાર્ગ છે પર્યાય, દ્રવ્ય નથી. દ્રવ્યની તો દૃષ્ટિ કરવાની. દ્રવ્ય ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ સામાન્ય, તેની દૃષ્ટિ, તેનું જ્ઞાન, તેનું ચારિત્ર એ ત્રણે પર્યાય છે, અવસ્થા છે પણ એનો વિષય છે એ ત્રિકાળી દ્રવ્ય છે. આહાહા..!

'तत्र एव यः स्थितिम् एति' 'તેમાં જ જે પુરુષ સ્થિતિ પામે છે,...' આહાહા..! તેમાં જ જે પુરુષ સ્થિતિ પામે છે એટલે સ્થિર રહે છે. આહાહા..! આત્મા આનંદ સ્વરૂપ ભગવાન, અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ છે. તેમાં શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રમાં જે સ્થિત રહે છે, એવા આત્મામાં જે સ્થિત રહે છે, એ સ્થિત રહે છે ત્યારે 'तम् अनिशं ध्यायेत्' 'તેને જ નિરંતર ધ્યાવે છે,...' આહાહા..! તેનું જ નિરંતર ધ્યાન કરે છે. નવરાશ ક્યારે મળે એને. આહાહા..! પ્રભુ ચૈતન્યસ્વરૂપ, જ્ઞાન અને આનંદનો સાગર ભગવાન છે તેમાં જ નિરંતર ધ્યાન કરે છે. પહેલા સ્થિતિ કરે છે એમ કહ્યું, પછી ધ્યાન કરે છે. આહાહા..!

'तं चेतति' 'તેને જ ચેતે–અનુભવે છે,...' ચેતે છે એટલે અનુભવે છે. આહાહા..! સ્વભાવ ત્રિકાળ ચૈતન્ય સ્વભાવ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એવી અનંત શક્તિઓનો પિંડ તે આત્મા, એ આત્મામાં સ્થિત રહેવું, અનુભવ કરવો છે. આહાહા..! આ છે પર્યાય, અનુભવ (કરવો), સ્થિત રહેવું, મોક્ષમાર્ગ સ્થિતિ પ્રાપ્ત કરીને ધ્યાન કરે છે તે બધી છે પર્યાય. હજી પર્યાય કોને કહેવી, દ્રવ્ય કોને કહેવું એની ખબર ન મળે. આહાહા..! દ્રવ્ય ત્રિકાળી ભગવાન સનાતન અનાદિઅનંત સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માએ જે જોયો અને કર્યો, પ્રગટ કરીને કેવળ કર્યો, એ વસ્તુ અનાદિઅનંત છે. એ વસ્તુનું ધ્યાન, અનુભવ થવા તે મોક્ષનો માર્ગ છે, તે મોક્ષનો માર્ગ છે. આહાહા..! 'તેને જ ચેતે–અનુભવે

છે,...'

'च द्रव्यान्तरणि अस्पृशन् तस्मिन् एव निरन्तरं विहरति' 'અને અન્ય દ્રવ્યોને નહિ સ્પર્શતો થકો...' આહાહા..! એ દયા, દાન આદિ રાગને નહિ સ્પર્શતો થકો. આહાહા..! આવો માર્ગ (છે). આવ્યું ને? 'द्रव्यान्तराणि' એટલે 'द्रव्य अन्तराणि' આ દ્રવ્યથી (જુદું) બીજું દ્રવ્ય. એટલે પુણ્યના ભાવ, દયા, દાન, ભક્તિ આદિ એ ભાવ દ્રવ્યાંતર છે. નિજ દ્રવ્ય નહિ. પોતાના દ્રવ્યથી–વસ્તુથી એ ભિન્ન ચીજ છે. તેને 'अस्पृशन्' તેને સ્પર્શ કરતો નથી, તેને અડતો નથી. આહાહા..! છે?

'अस्पृशन् तस्मिन् एव निरन्तरं विहरति' આહાહા..! એ માર્ગને વિષે નિરંતર વિચરે. આવો માર્ગ. બહારનું કાંઈ કરવાનું હોય તો સૂઝ પડે. આ કરે તો બહારની વાત તો બધી બંધનની છે. ભગવાનનું સ્મરણ કરવું એ બંધન છે. પંચ પરમેષ્ઠીને યાદ રાખવા એ વિકલ્પ ને રાગ ને બંધનનું કારણ છે. આહાહા..! બંધનનું કારણ છે. અંતરમાં આત્મભગવાન પૂર્ણાનંદના નાથનો સ્પર્શ કરીને અન્ય દ્રવ્યનો સ્પર્શ કરતો નથી... આહાહા..! રાગ દયા, દાન આદિ વિકલ્પનો સ્પર્શ કરતો નથી, તેને અડતો નથી. આહાહા..!

એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી એ તો બાહ્યની વાત રહી ગઈ. અંદરમાં હવે પુણ્ય અને પાપના ભાવ જે અન્ય દ્રવ્ય છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ એ ભાવ અંતરનું દ્રવ્ય છે એ અંતર દ્રવ્યને નહિ સ્પર્શતો થકો. આહાહા..! એવો માર્ગ છે, પ્રભુ! અનાદિથી ચોરાશી લાખ યોનિમાં કોઈ દિ' કર્યું નથી. અપૂર્વ નામ પૂર્વે કદી એક સમયમાત્ર કર્યું નથી. તેથી એને અણઅભ્યાસે કઠણ અને અશક્ય જેવું લાગે, નહિ થઈ શકે એવું લાગે પણ એમ નથી. પ્રભુ બિરાજે છે. સનાતન અનાદિઅનંત આત્માની સત્તા છે તેમાં વિહાર કર. આહાહા..! પુણ્ય અને પાપમાં વિહાર કરે છે એ તો અનાદિથી કરતો આવ્યો છે અને એમાંથી પરિભ્રમણ ફળ્યું છે. આહાહા..!

અહીંયા તો કહે છે, 'અન્ય દ્રવ્યોને નહિ સ્પર્શતો થકો...' આહાહા..! અન્ય દ્રવ્ય શબ્દે અંદર રાગાદિ, હોં! દયા, દાન, ભક્તિ, પૂજાનો રાગ આવે તેને જાણે પણ એને સ્પર્શ કરે એટલે આ કલ્યાણનું કારણ છે એમ ન માને. વ્યવહાર આવે છે. નિશ્ચયપૂર્વક વ્યવહાર આવે છે પણ એ વ્યવહાર જાણવાલાયક છે. વ્યવહાર ન હોય તો તો શરીરથી આત્મા ભિન્ન એ તો નિશ્ચય થયો. શરીર અને આત્માને એક અનાદિથી માને છે એ વ્યવહારને છોડાવે છે. આહાહા..!

'અન્ય દ્રવ્યોને નહિ સ્પર્શતો થકો તેમાં જ નિરંતર વિહાર કરે છે,...' આહાહા..! ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવ નિત્યાનંદ પ્રભુમાં વિહાર એટલે રમે છે. આહાહા..! પુણ્ય અને પાપના બન્ને ભાવ બંધનનું કારણ છે તેને છોડીને ચૈતન્યસ્વભાવ જે અબંધસ્વરૂપ છે તેના પરિણામ પણ અબંધસ્વરૂપ છે તેમાં વિહર. આહાહા..!

'તે પુરુષ, જેનો ઉદય નિત્ય રહે છે...' આહાહા..! આવો જે આત્મા, આ પ્રમાણે જે કરે તે આત્મા, 'જેનો ઉદય નિત્ય રહે છે...' કાયમ રહેનારો પ્રભુ. એકરૂપે રહેનારો. ગતિ-બતિ પછી રહેતી નથી. આહાહા..! 'જેનો ઉદય નિત્ય રહે છે એવા સમયના સારને...' એવા આત્માના સારને. સમય એટલે આત્મા, સાર એટલે પુણ્ય અને પાપના ભાવથી રહિત એ સાર. આહાહા..! આવો માર્ગ છે. પછી પહોંચી શકે નહિ એટલે બીજે રસ્તે જવું એથી કરીને કાંઈ રસ્તો મળી જાય? આહાહા..!

'એવા સમયના સારને...' આ સમય એટલે આત્મા. એવા આત્માનો સાર. પૂર્ણાનંદનો નાથ આત્મા, તેની સન્મુખ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર. એ સમયના સારને એટલે પરમાત્માના રૂપને. આહાહા..! પરમાત્મા એટલે આત્મા. પરમ આત્મા એટલે પરમ એટલે ઉત્કૃષ્ટ સમય– આત્મા. પોતાનું સ્વરૂપ જે પૂર્ણ છે તેવું આ પરમાત્મ સ્વરૂપ. તેને 'થોડા કાળમાં જ અવશ્ય પામે છે...' આ જીવ અલ્પ કાળમાં 'अचिरात्' છે ને? અલ્પ કાળમાં પ્રાપ્ત કરે છે. તો ક્રમબદ્ધ ક્યાં ગયું? દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ થાય છે. એક પછી એક, એક પછી એક, એક પછી એક એમ અનાદિઅનંત છએ દ્રવ્યની પર્યાય થાય છે.

'अचिरात्' કહ્યું ને? તેનો અર્થ કે, જેણે આવી દ્રવ્યદૃષ્ટિ કરી, સમયે સમયે પર્યાય થાય છે તે ક્રમબદ્ધ જ થાય છે, જેણે આવા જ્ઞાયકભાવનો અનુભવ કર્યો તેને અલ્પકાળમાં ક્રમબદ્ધમાં કેવળજ્ઞાન થશે. આહાહા..! તેને ક્રમબદ્ધમાં અલ્પકાળમાં કેવળજ્ઞાન થશે. આહાહા..! આવો ઉપદેશ. માર્ગ તો એવો છે, ભાઈ! અણઅભ્યાસે કઠણ અને અશક્ય જેવો લાગે. કોઈ દિ' સાંભળવા મળે નહિ. સાચી વાત અંદર શું છે? પ્રભુ અંદર કોણ છે? એનામાં શું સ્વભાવ છે? અને એ ત્રિકાળી તત્ત્વ શું છે? તેની ખબર નથી. તો એ ખબર વિના કાંઈ મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય નહિ.

'જેનો ઉદય નિત્ય રહે છે એવા સમયના સારને (અર્થાત્ પરમાત્માના રૂપને) થોડા કાળમાં જ...' આ રીતે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં વિચરે છે, ધ્યાન કરે છે, સ્થિર થાય છે એ અલ્પકાળમાં સિદ્ધપદને પ્રાપ્ત કરે છે. એ અલ્પકાળમાં પરમાત્મા થઈ જાય છે. આત્મામાંથી પરમાત્મા થઈ જાય છે. કેમકે પરમાત્મા તો એનું સ્વરૂપ જ છે. આહાહા..! કહ્યું ને? '(અર્થાત્ પરમાત્માના રૂપને) (આહાહા..!) થોડા કાળમાં જ...' 'જ' શબ્દ છે ને? 'થોડા કાળમાં જ અવશ્ય પામે છે...' અર્થાત્ તેનો પૂર્ણ અનુભવ અલ્પકાળમાં થાય છે. મોક્ષ. આત્માના નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં રહેવાવાળો અલ્પકાળમાં મોક્ષની પ્રાપ્તિ કરે છે. આહાહા..! આ એક શ્લોક થયો.

ભાવાર્થ :– 'નિશ્ચય મોક્ષમાર્ગના સેવનથી...' નિશ્ચય મોક્ષમાર્ગના સેવનથી. વ્યવહાર મોક્ષમાર્ગ આવે છે, વચ્ચે રાગ આવે છે તેને જાણીને તેનું સેવન કરવું નહિ. આહાહા..! 'નિશ્ચય મોક્ષમાર્ગના સેવનથી થોડા જ કાળમાં...' થોડા જ કાળમાં 'મોક્ષની પ્રાપ્તિ થાય

એ નિયમ છે.' આ નિયમ છે. એ વસ્તુના સ્વભાવનો નિયમ જ એવો છે, કોઈ ભગવાને કાંઈ કર્યું નથી. ભગવાને તો જેવું છે તેમ જાણીને કથન કર્યું છે. વસ્તુના સ્વરૂપનો નિયમ એવો છે કે એ વસ્તુના શ્રદ્ધા-જ્ઞાનમાં જે રમશે તે અલ્પકાળમાં મોક્ષ પ્રાપ્ત કરશે એ નિયમ છે.. આહાહા..! એ નિશ્ચય છે, એ યથાર્થ છે. આહાહા..! બાકી બધી ધૂળધાણી છે. આહાહા..!

# શ્લોક–૨૪૧

(शार्दूलविक्रीडित)

ये त्वेनं परिहृत्य संवृतिपथप्रस्थापितेनात्मना
लिङ्गे द्रव्यमये वहन्ति ममतां तत्त्वावबोधच्युताः।
नित्योद्योतमखण्डमेकमतुलालोकं स्वभावप्रभा-
प्राग्भारं समयस्य सारममलं नाद्यापि पश्यन्ति ते।।२४१।।

'જેઓ દ્રવ્યલિંગને જ મોક્ષમાર્ગ માની તેમાં મમત્વ રાખે છે, તેમણે સમયસારને અર્થાત્ શુદ્ધ આત્માને જાણ્યો નથી'-એમ હવેની ગાથામાં કહેશે; તેની સૂચનાનું કાવ્ય પ્રથમ કહે છે :–

શ્લોકાર્થ :– [ ये तु एनं परिहृत्य संवृति-पथ-प्रस्थापितेन आत्मना द्रव्यमये लिङ्गे ममतां वहन्ति ] જે પુરુષો આ પૂર્વોક્ત પરમાર્થસ્વરૂપ મોક્ષમાર્ગને છોડીને વ્યવહારમોક્ષમાર્ગમાં સ્થાપેલા પોતાના આત્મા વડે દ્રવ્યમય લિંગમાં મમતા કરે છે (અર્થાત્ એમ માને છે કે આ દ્રવ્યલિંગ જ અમને મોક્ષ પમાડશે), [ ते तत्त्व-अवबोध-च्युताः अद्य अपि समयस्य सारम् न पश्यन्ति ] તે પુરુષો તત્ત્વના યથાર્થ જ્ઞાનથી રહિત વર્તતા થકા હજુ સુધી સમયના સારને (અર્થાત્ શુદ્ધ આત્માને) દેખતા-અનુભવતા નથી. કેવો છે તે સમયસાર અર્થાત્ શુદ્ધ આત્મા? [ नित्य-उद्योतम् ] નિત્ય પ્રકાશમાન છે (અર્થાત્ કોઈ પ્રતિપક્ષી થઈને જેના ઉદયનો નાશ કરી શકતું નથી), [ अखण्डम् ] અખંડ છે (અર્થાત્ જેમાં અન્ય જ્ઞેય આદિના નિમિત્તે ખંડ થતા નથી), [ एकम् ] એક છે (અર્થાત્ પર્યાયોથી અનેક અવસ્થારૂપ થવા છતાં જે એકરૂપપણાને છોડતો નથી), [ अतुल-आलोकं ] અતુલ (-ઉપમારહિત) જેનો પ્રકાશ છે (કારણ કે જ્ઞાનપ્રકાશને સૂર્યાદિકના પ્રકાશની ઉપમા આપી શકાતી નથી), [ स्वभाव-प्रभा-प्राग्भारं ] સ્વભાવપ્રભાનો પુંજ છે (અર્થાત્ ચૈતન્યપ્રકાશના સમૂહરૂપ છે), [ अमलं ] અમલ

છે (અર્થાત્ રાગાદિ-વિકારરૂપી મળથી રહિત છે).

(આ રીતે, જેઓ દ્રવ્યલિંગમાં મમત્વ કરે છે તેમને નિશ્ચય-કારણસમયસારનો અનુભવ નથી; તો પછી તેમને કાર્યસમયસારની પ્રાપ્તિ ક્યાંથી થાય?) ૨૪૧.

## શ્લોક-૨૪૧ ઉપર પ્રવચન

ये त्वेनं परिहृत्य संवृतिपथप्रस्थापितेनात्मना
लिङ्गे द्रव्यमये वहन्ति ममतां तत्त्वावबोधच्युताः।
नित्योद्योतमखण्डमेकमतुलालोकं स्वभावप्रभा-
प्राग्भारं समयस्य सारममलं नाद्यापि पश्यन्ति ते।।२४१।।

આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય' મુનિ દિગંબર સંત જંગલવાસી હતા તેમની આ ટીકા છે, આ શ્લોક તેમના બનાવેલા છે. મૂળ ગાથા 'કુંદકુંદાચાર્યદેવ'ની છે, ૪૧૨ ગાથા. આ એની ટીકા 'અમૃતચંદ્રાચાર્ય'ની છે. 'કુંદકુંદાચાર્ય' પછી એક હજાર વર્ષે થયા. પછી ટીકા બનાવી. એ પહેલા કોઈ ટીકા કરનારું ન થયું. એવી ગંભીર ચીજ છે. આહાહા..! કોઈ તો વળી એમ કહે છે કે, કોઈ ટીકા કરનારા કેમ ન નીકળ્યા? કે, અંદર ઘણી ચીજ ગડબડવાળી છે. એકદમ નિશ્ચયની (વાત કરી છે) એટલે કોઈ ટીકા કરનારા નીકળ્યા નહિ. એમ લખ્યું છે. અરે..રે..રે..! આહાહા..! શું કરે છે? પ્રભુ! પણ એ ચીજને લાયક હોય એ ટીકા કરી શકે, બીજા કોણ કરી શકે? હજાર વર્ષે 'અમૃતચંદ્રાચાર્ય' પાક્યા. આહાહા..! એ એમની ટીકા કરનારા લાયક હતા. નિશ્ચય અને વ્યવહાર બે ચીજ શું છે? એ સમજ્યા વિના ટીકા કરે તો અંદરમાં ગડબડ થઈ જાય.

અહીં (કહે છે), વ્યવહાર છે પણ આદરણીય નથી. આહાહા..! નિશ્ચય સ્વરૂપ એક જ અંદર (આદરણીય છે). રાગ ને પુણ્ય ને દયા, દાનની ક્રિયાકાંડથી ભિન્ન અંદર ભગવાન આત્મા (બિરાજે છે) તેના શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર થાય તે જ મોક્ષનો માર્ગ છે. આહાહા..! ૨૪૧ (શ્લોક).

'જેઓ દ્રવ્યલિંગને જ મોક્ષમાર્ગ માની...' શું કહે છે? નગ્નપણું, પંચ મહાવ્રતની ક્રિયા એ બધું દ્રવ્યલિંગ છે, બાહ્યલિંગ છે. આહાહા..! જૈનદર્શનમાં મુનિપણું નગ્નપણું જ હોય છે. એ અનાદિ સનાતન સત્ય છે. એમાંથી શ્વેતાંબર તો પછી નીકળ્યા. ભગવાન પછી ૫૦૦ વર્ષ પછી (નીકળ્યા). આ સ્થાનકવાસી તો શ્વેતાંબરમાંથી પાછળથી હમણાં નીકળ્યા. અનાદિ સનાતન સત્ય એવો જે આ માર્ગ, તેને માત્ર 'દ્રવ્યલિંગને જ મોક્ષમાર્ગ માની...' એ નગ્નપણું ને પંચ મહાવ્રત ને સમિતિ, ગુપ્તિના વ્યવહારની ક્રિયાકાંડમાં જ 'મોક્ષમાર્ગ માની તેમાં મમત્વ

રાખે છે,...' તે પણ મોક્ષનો માર્ગ છે એમ મમત્વ રાખે છે.

'તેમણે સમયસારને...' અર્થાત્ ભગવાન આત્માને 'શુદ્ધ આત્માને જાણ્યો નથી...' એણે પવિત્ર શુદ્ધ આત્મા અંદર કોણ છે (તેને જાણ્યો નથી). ક્રિયાકાંડમાં જે (મોક્ષમાર્ગ) માને છે તેને શુદ્ધ આત્માની ખબર નથી. આહાહા..! 'એમ હવેની ગાથામાં કહેશે; તેની સૂચનાનું કાવ્ય પ્રથમ કહે છે.'

'ये तु एनं परिहृत्य संवृति-पथ-प्रस्थापितेन आत्मना द्रव्यमये लिङ्गे ममतां वहन्ति' 'જે પુરુષો આ પૂર્વોક્ત પરમાર્થસ્વરૂપ મોક્ષમાર્ગને છોડીને...' આહાહા..! અંદર આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, પરમેશ્વર સ્વરૂપ જ ભગવાન છે. વીતરાગની મૂર્તિ પ્રભુ આત્મા છે. એવા મોક્ષમાર્ગને છોડીને. આવો જે સ્વભાવ છે તેના તરફના શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા થાય તે મોક્ષનો માર્ગ છે, તેને છોડીને 'વ્યવહાર મોક્ષમાર્ગમાં સ્થાપેલા પોતાના આત્મા...' વ્યવહારની પંચ મહાવ્રતની આદિની વાત સાથે શાસ્ત્રે સ્થાપી છે. છે. 'વ્યવહાર મોક્ષમાર્ગમાં સ્થાપેલા પોતાના આત્મા વડે દ્રવ્યમય લિંગમાં મમતા કરે છે...' આહાહા..! વ્યવહાર છે. નગ્નપણું, પંચ મહાવ્રત, પાંચ સમિતિ, ગુપ્તિનો વિકલ્પ રાગ છે પણ તેમાં મમત્વ કરે છે. સમજાય છે કાંઈ? તેમાં મમત્વ કરે છે અર્થાત્ તે મોક્ષમાર્ગ છે એમ માને છે. આહાહા..! અમે ધર્મ કરીએ છીએ. પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિ પાળીને અમે ધર્મ કરીએ છીએ. એમ જે મમત્વ કરે છે. '(અર્થાત્ એમ માને છે કે આ દ્રવ્યલિંગ જ અમને મોક્ષ પમાડશે).' આહાહા..! દ્રવ્યલિંગ એટલે નગ્નપણું ને પંચ મહાવ્રત ને અઠ્યાવીસ મૂળગુણ વિકલ્પ છે, રાગ છે. આહાહા..! 'આ દ્રવ્યલિંગ જ અમને મોક્ષ પમાડશે.' આહાહા..!

'ते तत्त्व-अवबोध-च्युताः अद्य अपि समयस्य सारम् न पश्यन्ति' 'તે પુરુષો...' (અર્થાત્) વ્યવહારમાં મોક્ષમાર્ગ માનનારા. નિશ્ચય મોક્ષમાર્ગ અંદર દર્શન, જ્ઞાન અને ચારિત્ર, નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન ને ચારિત્ર છે તેને નહિ માનનારા દ્રવ્યલિંગ જ મોક્ષ પમાડશે (એમ માને છે). અમારે તો ક્રિયાકાંડ કરીએ તેનાથી મોક્ષ થશે એમ અજ્ઞાની માને છે. આહાહા..! બહારમાં નગ્નપણાનો ભેખ લઈ લીધો અને પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ વિકલ્પ રાગ છે એ અમને મોક્ષમાર્ગ કરાવી દેશે અને તેનાથી અમારો મોક્ષ થશે એમ મિથ્યાદૃષ્ટિ વ્યવહારને મોક્ષમાર્ગ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! છે? 'મોક્ષ પમાડશે.'

'ते तत्त्व-अवबोध-च्युताः' 'તે પુરુષો તત્ત્વના યથાર્થ જ્ઞાનથી રહિત વર્તતા થકા...' આહાહા..! આવું માનનારા 'તત્ત્વના યથાર્થ જ્ઞાનથી રહિત...' ચૈતન્ય તત્ત્વ જે શુદ્ધ પરમાત્મા ત્રિકાળી બિરાજમાન અંદર છે તેના જ્ઞાનથી રહિત વર્તતા થકા. 'હજુ સુધી...' અનંત કાળ થયો, અનંત વાર દ્રવ્યલિંગ લીધું, અનંત વાર દ્રવ્યલિંગ ધારણ કર્યું, નગ્ન મુનિ-સાધુ થયો. આહાહા..! પણ 'હજુ સુધી સમયના સારને (અર્થાત્ શુદ્ધ આત્માને) દેખતા...' નથી. એ વ્યવહારથી નિશ્ચય મોક્ષ પ્રાપ્ત થતો નથી. આહાહા..! છે કે નહિ?

એ વ્યવહારમાં જે મમત્વ કરે છે કે તેનાથી હળવે હળવે અમારે ક્રમે દર્શન દશા થશે. આ વ્યવહાર કરતા કરતા સાચી દશા થશે. એમ જે માને છે તે તત્ત્વથી યથાર્થ જ્ઞાનથી રહિત વર્તતા થકા. આહાહા..! 'હજુ સુધી સમયના સારને...' સમય એટલે શુદ્ધ આત્મા. પુણ્ય ને પાપના રાગના વિકલ્પથી રહિત છે તેને દેખતા નથી, તેને અનુભવતા નથી, તેને પ્રાપ્ત કરતા નથી. આહાહા..!

અનંત કાળમાં અનંત વાર દ્રવ્યલિંગ ધારણ કર્યું પરંતુ હજુ સુધી તેને મોક્ષ પ્રાપ્ત થયો નથી. આહાહા..! આ તો દ્રવ્યલિંગ એટલે નગ્નપણું, હોં! સ્થાનકવાસી અને શ્વેતાંબર તો એ વ્યવહાર પણ નથી. એ તો પછી ભ્રષ્ટ થઈને નીકળેલા છે. અનાદિ સનાતન વીતરાગ માર્ગમાંથી બે હજાર વર્ષ પહેલા ભ્રષ્ટ થઈને શ્વેતાંબર નીકળ્યા. પછી તેમાંથી ભ્રષ્ટ થઈને સ્થાનકવાસી નીકળ્યા. તેમાંથી ભ્રષ્ટ થઈને તુલસી-આ તેરાપંથી નીકળ્યા. એ તો વ્યવહાર પણ નથી. આહાહા..! આકરું પડે, પ્રભુ! શું થાય? ખબર ન મળે. કોઈ દિ' શું ચીજ છે.

અહીં તો કહે છે, દ્રવ્યલિંગ નગ્નપણું અને પંચ મહાવ્રત ને અઠ્ઠાવીસ મૂળગુણ, પાંચ સમિતિ, ગુપ્તિ આદિ પાળવા છતાં અત્યાર સુધી મુક્તિ થઈ નહિ. આહાહા..! આવી વાત છે. જગતને કઠણ પડે. વિચાર પણ કે દિ' કર્યા છે? ક્યાં નવરાશ ક્યાં છે? સત્ય અને અસત્ય શું છે? 'જે સીં કુળે સમુપન્ને જે હીં વાસં વસે મરે મમાયે રૂપેય ભાવે' આહાહા..! જે કુળમાં જન્મ્યા અને જેનો સંગ રહ્યો ત્યાં માન્યું કે આ અમારું સાચું છે. આહાહા..! આકરી વાત છે, પ્રભુ!

(અહીં) તો કહે છે, દ્રવ્યલિંગ ધારણ કર્યું. દ્રવ્ય એટલે નગ્નપણું, પંચ મહાવ્રત આદિ (પાળ્યા) એવું અનંત વાર કર્યું, નવમી ગ્રૈવેયક સુધી ગયો પણ અત્યાર સુધી મુક્તિ મળી નહિ. કેમકે બધો વ્યવહાર તો પુણ્યબંધનું કારણ છે. સ્વર્ગાદિ મળે તો ન્યાંથી મરીને મનુષ્ય, ઢોર-તિર્યંચ આદિ થઈને ચાર ગતિમાં રખડશે. આહાહા..! બહુ આકરું પડે.

એમ કહે છે, અત્યાર સુધી (સમયના સારને) અનુભવ્યો નથી. 'કેવો છે તે સમયસાર અર્થાત્ શુદ્ધ આત્મા?' અંદર ભગવાન આત્મા, જેની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા કરવી છે, જેનું સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર કરવું છે એ ચીજ કેવી છે? અંદરમાં એ ચીજ કેવી છે? આહાહા..! છે? 'કેવો છે તે સમયસાર અર્થાત્ શુદ્ધ આત્મા?' 'नित्य-उद्योतम्' 'નિત્ય પ્રકાશમાન છે...' આહાહા..! અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ છે. કોઈથી ઉત્પન્ન થયો નથી, કોઈથી નાશ થતો નથી, સ્વભાવથી કદી ખાલી રહેતો નથી. અનાદિ-આદિ વિના, અંત વિના અને વર્તમાન સ્વભાવથી ખાલી-રહિત થતો નથી. સ્વભાવ પૂર્ણાનંદનો નાથ, એક સમયમાં અનંતા સ્વભાવ જેમાં પડ્યા છે... આહાહા..! એવો આત્મા 'નિત્ય પ્રકાશમાન છે (અર્થાત્ કોઈ પ્રતિપક્ષી થઈને જેના ઉદયનો નાશ કરી શકતું નથી),...' આહાહા..!

જ્ઞાનસ્વરૂપી પ્રકાશમય પ્રભુ, તેના અંતર જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર કરીને પૂર્ણની પ્રાપ્તિ

થાય છે તે જ્ઞાનપ્રકાશમાં કોઈ વિરોધ કરનારું છે નહિ. આહાહા..! જેનો કોઈ ઉદય નાશ કરી શકતું નથી. મોક્ષમાર્ગથી જે પરમાત્મદશા પ્રગટ થઈ તેને નાશ કરવાને કોઈ સમર્થ નથી. એ તો નિત્યાનંદ પ્રભુ છે. નિત્ય વસ્તુ ત્રિકાળી શાશ્વત છે. એ શાશ્વતની દશા પ્રગટ કરી તેનો જગતમાં કોઈ નાશ કરે એવું કાંઈ છે નહિ. આહાહા..! આવું ઝીણું. 'શાંતિભાઈ'!

મુમુક્ષુ :– આત્મા ઝીણો છે તો એની વાત પણ ઝીણી જ હોય ને!

ઉત્તર :– આવી ઝીણી વાત છે, બાપુ! આત્મા તો આ પરમાણુની પાર અને અંદર પુણ્ય-પાપના રાગથી પણ પાર–જુદો છે. એ તત્ત્વના જ્ઞાન અને ભાન વિના અત્યાર સુધી અનંતકાળથી રખડે છે. આહાહા..!

એ ચીજ શું છે? કે, 'નિત્ય પ્રકાશમાન છે (અર્થાત્ કોઈ પ્રતિપક્ષી થઈને જેના ઉદયનો નાશ કરી શકતું નથી), અખંડ છે (અર્થાત્ જેમાં અન્ય જ્ઞેય આદિના નિમિત્તે ખંડ થતા નથી),...' આહાહા..! શું કહે છે? કે, તેના જ્ઞાનમાં પરજ્ઞેયનું જ્ઞાન થાય છે પણ એ જ્ઞેયથી પોતામાં ખંડ થાય છે એમ નથી. પરજ્ઞેયનો સ્વજ્ઞાનમાં પ્રવેશ થતો નથી અને સ્વજ્ઞાનનો જ્ઞેયમાં પ્રવેશ થતો નથી અને જ્ઞેયનો સ્વજ્ઞાનમાં પ્રવેશ થતો નથી.

અરીસામાં જે અગ્નિ અને બરફ દેખાય છે એ અરીસામાં અગ્નિ અને બરફની જે ઝલક દેખાય છે એ તો અરીસાની અવસ્થા છે. એ અગ્નિ અને બરફ અરીસામાં પ્રવેશ કરતા નથી અને અરીસાની અવસ્થા અગ્નિથી થતી નથી. આહાહા..! આવી વાત છે. ક્યાં દરકાર કરી છે? મરીને ક્યાં જશે? આહાહા..! માણસ.. માણસને મારી નાખે છે. 'આફ્રિકા' નહિ? આહાહા..! હબસી લોકો મારી નાખે. આ આવા અવતાર અનંત વાર કર્યા. અર..ર..ર...!

અહીં તો સાધુપણું અનંતવાર લીધું. બાહ્ય ક્રિયાકાંડ, પંચ મહાવ્રત અનંત વાર લીધા પણ ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ પ્રકાશ છે તેની પ્રાપ્તિ ન થઈ. એ પ્રાપ્ત થતાં તે ચીજ કેવી છે? કે, કોઈ પ્રતિપક્ષી થઈને તેના ઉદયનો નાશ કરી શકતું નથી એવો નિત્ય પ્રકાશમાન છે. ચૈતન્યપ્રકાશનું પૂર છે. આહાહા..! ચૈતન્ય અંદર જે છે એ ચૈતન્ય જ્ઞાનનું પૂર છે. જ્ઞાનરૂપી નુરનું પૂર છે. આહાહા..! ભગવાન આત્મા જાણક સ્વભાવ રૂપી નુર એટલે તેજનું પૂર છે. આહાહા..! આવો આત્મા કદી સાંભળ્યો નથી તો (અનુભવ) કરે તો ક્યાંથી? આહાહા..! અને અનંતવાર (ક્રિયાઓ) કરી છે. અનંત કાળ થયો એમાં કોઈ દિ' સાંભળ્યું નથી. અનંતવાર ક્રિયા કરી પણ આ પ્રકાશમાન ભગવાનની દૃષ્ટિ કરી નહિ. આહાહા..!

'અખંડ છે (અર્થાત્ જેમાં અન્ય જ્ઞેય આદિના નિમિત્તે ખંડ થતા નથી),...' જ્ઞાયકભાવ–જ્ઞાન અન્યને જાણે છે. અન્યને જાણવાથી પોતામાં ખંડ થતા નથી. એ તો જ્ઞાયકભાવરૂપ પોતાની પર્યાયને પોતામાં જાણે છે. જ્ઞેયનો જ્ઞાનમાં પ્રવેશ થતો નથી. એ અગ્નિ અને બરફનો અરીસામાં પ્રવેશ થતો નથી. અરીસામાં અગ્નિ અને બરફ દેખાય, જાળ દેખાય પણ એ અગ્નિ ત્યાં નથી. એ તો અરીસાની અવસ્થા છે. એમ જ્ઞાનમાં જ્ઞેય જણાય પણ જ્ઞેય જ્ઞાનમાં

આવતા નથી. આહાહા..! વાતે વાતે ફેર. એ વાત ક્યારે ગ્રહણ કરવી? આહાહા..! અરે..રે..! અનંતકાળ ચાલ્યો ગયો છે. સત્ જે પહેલું મળવું, સાંભળવા મળવું મુશ્કેલ છે. પછી સાંભળ્યા પછી શ્રદ્ધા થવી મુશ્કેલ. આ શ્રદ્ધા થઈને પછી અંદર ચારિત્ર–રમણતા કરવી મુશ્કેલ. આહાહા..! એ વિના કદી મુક્તિ થતી નથી. આહાહા..!

એ કહે છે, 'અખંડ છે, એક છે...' એક કેમ કહ્યું? કે જ્ઞાનસ્વરૂપમાં જ્યારે મોક્ષ–કેવળજ્ઞાન થયું તો લોકાલોક જણાયા. એથી લોકાલોકરૂપ જ્ઞાન થયું નહિ. એ તો પોતાના જ્ઞાનસ્વરૂપ એકરૂપમાં જ રહ્યો છે. આહાહા..! જેમ અરીસાની સ્વચ્છતામાં અગ્નિ સામે દેખાય છે, અંદર આમ જ્વાળા દેખાય છે પણ એ તો અરીસાની અવસ્થા છે. એમ જ્ઞાનસ્વરૂપ ભગવાન અરીસો છે તેમાં દુનિયા દેખાય છે પણ એ ચીજ અંદર પ્રવેશ કરતી નથી. આહાહા..! આ હીરા-માણેક બધું દેખાય છે પણ અંદર પ્રવેશ કરતા નથી, એમ કહે છે.

'એક છે (અર્થાત્ પર્યાયોથી અનેક અવસ્થારૂપ થવા છતાં...' આત્માની અવસ્થા–દશા–હાલત અનેક અવસ્થા (થાય છે). સમયે સમયે પર્યાય બદલાય છે. સમયે સમયે અવસ્થા બદલાય છે. એવી પર્યાયોથી 'અનેક અવસ્થારૂપ થવા છતાં જે એકરૂપપણાને છોડતો નથી,...)' અંદર જ્ઞાયકસ્વભાવરૂપ જ્ઞાન સ્વરૂપ છે. અનેકને જાણવા છતાં પોતાનું એકપણું છોડતું નથી. આહાહા..! આવું મળવું મુશ્કેલ પડે. હજી સાંભળવા મળે નહિ. આહાહા..!

'अतुल-आलोकं' કેવો છે? અતુલ છે. અંતરમાં જ્યાં મોક્ષમાર્ગથી મોક્ષ થયો.. અતુલ–જેની કોઈની સાથે તુલના ન થાય (એવો) અતુલ–ઉપમા કે કોઈની સાથે તુલના થાય નહિ એવી ચીજ પ્રગટ થઈ. આહાહા..! આત્માની કોઈની સાથે તુલના કરવી (એવી કોઈ ચીજ નથી). એની તુલના એની સાથે થાય. આત્મા આત્મા જેવો. આહાહા..! બીજી કોઈ ચીજથી તેની તુલના થઈ શકે નહિ.

'(–ઉપમારહિત) જેનો પ્રકાશ છે (કારણ કે જ્ઞાનપ્રકાશને સૂર્યાદિકના પ્રકાશની ઉપમા આપી શકાતી નથી),...' ભગવાનના જ્ઞાનપ્રકાશને સૂર્ય, ચંદ્રની ઉપમા આપી શકાતી નથી. સૂર્ય, ચંદ્ર તો જડનો પ્રકાશ છે. આહાહા..! સૂર્ય, ચંદ્રનો પ્રકાશ તો જડ છે. ભગવાન ચૈતન્યપ્રકાશ છે. ચૈતન્યપ્રકાશને સૂર્યના પ્રકાશ આદિની ઉપમા આપી શકાતી નથી, તેની સાથે તુલના કરી શકાતી નથી. આહાહા..! આ પ્રકાશ જે દેખાય છે એ તો બધો જડનો પ્રકાશ છે, માટી છે. પ્રભુ તો ચૈતન્ય અરૂપી જ્ઞાયક છે. મોક્ષમાર્ગથી જ્યાં કેવળજ્ઞાન પ્રગટ થયું તો બધાને જાણે છે છતાં કોઈની ઉપમા આપી શકાતી નથી. સૂર્યના પ્રકાશની ઉપમા પણ આપી શકાતી નથી. આહાહા..!

'स्वभाव-प्रभा-प्राग्भारं' કેવો છે પ્રભુ? 'સ્વભાવપ્રભાનો પુંજ છે...' જ્ઞાનરૂપી સ્વભાવનો પુંજ છે. આહાહા..! જેમ સાકર ગળપણનો પુંજ છે, અગ્નિ ઉષ્ણતાનો પુંજ છે એમ ભગવાન આત્મા જ્ઞાનપ્રકાશનો પુંજ છે. આહાહા..! આ પરમાર્થ સત્યની વાત છે. આહાહા..! 'स्वभाव-

प्रभा-प्राग्भारं' 'સ્વભાવનો પુંજ છે (અર્થાત્ ચૈતન્યપ્રકાશના સમૂહરૂપ છે),...' ચૈતન્યના પ્રકાશનો સમૂહ છે, ચૈતન્યના પ્રકાશનો ઢગલો છે. આહાહા..! ભગવાન અંદરમાં કદી જોયો નથી, કદી સાંભળ્યો નથી. એવો ચૈતન્યના પ્રકાશનો પુંજ છે, અંદર આત્મા ચૈતન્યના પ્રકાશનો સમૂહ છે. આહા..! એવી દશા પ્રગટ થાય છે. મોક્ષમાર્ગથી આવો મોક્ષ થાય છે. આહાહા..!

'अमलं' '(અર્થાત્ રાગાદિ-વિકારરૂપી મળથી રહિત છે).' સંસારના રાગાદિ છે, પરમાત્મા થયા, સિદ્ધ થયા, મોક્ષ થયો તેઓ રાગ-દ્વેષના મળથી રહિત છે. આહાહા..! વીતરાગમૂર્તિ સિદ્ધ ભગવાન. અનંતા સિદ્ધ થયા. ચોવીસ તીર્થંકર જે હતા એ અહીંયા હતા ત્યારે અરિહંત પદમાં હતા. ચાર કર્મનો નાશ થયો હતો અને ચાર કર્મ બાકી હતા. અત્યારે તો મોક્ષમાં છે. આઠ કર્મથી રહિત ણમો સિદ્ધાણંમાં છે. અહીંયા હતા ત્યારે ણમો અરિહંતાણં હતા. સર્વ પૂર્વ (કર્મનો) નાશ કરીને પૂર્ણ પ્રકાશ પ્રગટ થયો ત્યારે ણમો સિદ્ધાણં થયા. 'સીમંધરસ્વામી' ભગવાન બિરાજે છે એ ણમો અરિહંતાણંમાં છે પણ ચોવીસ તીર્થંકરો સિદ્ધ થયા એ ણમો સિદ્ધાણંમાં છે. આહાહા..! એ સિદ્ધના પ્રકાશની શું વાત કરવી! એમ કહે છે. આહાહા..!

જે અમલ છે. ચૈતન્યપ્રકાશનો સમૂહ છે અને રાગાદિ વિકારરૂપી મળથી રહિત છે, લ્યો! આહાહા..! 'આ રીતે, જેઓ દ્રવ્યલિંગમાં મમત્વ કરે છે...' આહાહા..! બહારની ક્રિયાકાંડમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના રાગમાં જે મમત્વ કરે છે કે આ મારા મોક્ષનું કારણ છે, હું હળવે હળવે મોક્ષમાં જઈશ એમ જે મમત્વ કરે છે 'તેમને નિશ્ચય-કારણસમયસારનો અનુભવ નથી;...' આહાહા..! વ્યવહાર ક્રિયાકાંડમાં જે મમત્વ કરે છે. દયા પાળો, વ્રત કરો ને અપવાસ કરો.. આહાહા..! એનાથી મોક્ષ મળશે એવી મમતા કરે છે.. આહાહા..! તેમને નિશ્ચય કારણસમયસાર–ત્રિકાળી દ્રવ્ય ભગવાન કારણસમયસારનો (અનુભવ નથી). સિદ્ધ તો કાર્યસમયસાર થઈ ગયા. કારણમાંથી કાર્ય થઈ ગયું. કારણસમયસાર ત્રિકાળનો અનુભવ નથી. આહાહા..! 'નિશ્ચયકારણસમયસારનો અનુભવ નથી;...'

જે દ્રવ્યલિંગમાં, પુણ્ય અને પાપના વિકલ્પમાં-રાગમાં, મારો છે અને મને લાભ થશે એમ જે મમત્વ કરે છે તેને સમયસાર એટલે શુદ્ધ આત્માનો અનુભવ નથી. આહાહા..! 'તો પછી તેમને કાર્યસમયસારની પ્રાપ્તિ ક્યાંથી થાય?' કાર્યસમયસાર એટલે પરમાત્મા. જ્યારે દ્રવ્યલિંગમાં જ મમતા કરે છે અને આત્માનું તો ભાન નથી, આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર નથી અને ક્રિયાકાંડમાં મમતા કરે છે તો તેને કારણસમયસાર જૂઠું છે તો સાચું કાર્યસમયસાર ક્યાંથી મળશે? આહાહા..! આકરી વાત છે.

અજાણ્યા માણસને, નવા માણસને લાગે કે આ તે શું છે? આવી વાત ક્યાંથી (કાઢી)? બાપુ! નવી નથી, ભાઈ! અનાદિઅનંત તીર્થંકરો ભરતમાં, ઐરાવતમાં, મહાવિદેહમાં અને બીજા ઘાતકીખંડઆદિમાં અનંત તીર્થંકરો થયા, અનંત કેવળીઓ થયા, અર્ધ પુષ્કર દ્વિપ છે તેમાં પણ અનંત તીર્થંકરો થયા, બધાનો આ એક માર્ગ છે. 'એક હોય ત્રણ કાળમાં

પરમારથનો પંથ' અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ મહાવિદેહના હો કે ઘાતકીખંડના હો.. આહાહા..! કે અર્ધ પુષ્કર.. અઢી દ્વીપ છે ને? અઢી દ્વીપમાં મનુષ્ય ક્ષેત્ર છે ને? અઢી દ્વિપમાં જ મનુષ્ય છે, ૪૫ લાખ યોજનમાં મનુષ્ય છે. આહાહા..! ૨૭ આંકડા પ્રમાણે મનુષ્ય છે. એટલે શું? ૨૭.. ૨૭.. ૨૭.. ૨૭.. ૨૭.. ૨૭.. એવા ૨૭ આંકડા એ પ્રમાણે અઢી દ્વિપમાં મનુષ્યોની સંખ્યા છે. કારણ કે મનુષ્ય તો અઢી દ્વિપમાં થોડામાં છે. એ સિવાય અસંખ્ય દ્વિપ, સમુદ્ર છે, જેમાં સિંહ ને વાઘ ને હાથી ને ઘોડા અસંખ્ય પડ્યા છે. એમાં કોઈ સમકિતી પણ છે. અઢી દ્વિપ બહાર તિર્યંચ છે. પડિકમણામાં આવે છે.

અઢી દ્વિપ બહાર અસંખ્ય તિર્યંચ સમકિતી છે, આત્માનું ભાન છે. આહાહા..! ભલે તિર્યંચ ગતિ મળી પણ અંતરમાં સંસ્કાર હતા તો અંતરમાં જાગૃત થઈ ગયા. એક હજાર યોજનનો મચ્છ. ચાર હજાર ગાઉનો લાંબો. સ્વયંભુરમણ સમુદ્રમાં એવા તો અસંખ્ય છે. એમાંથી કોઈ અસંખ્ય, અસંખ્યગુણામાંથી અસંખ્યમે ભાગે આત્મજ્ઞાની છે. તિર્યંચ આત્મજ્ઞાની છે. આહાહા..! આ વાત કહે છે તે છે. ત્યાંથી સ્વર્ગમાં જશે. આહાહા..! ભગવાનની વાણીમાં આ આવ્યું છે. ત્યાંથી સ્વર્ગમાં જશે અને ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષમાં જશે. આહાહા..!

જેણે આત્માની પ્રાપ્તિ કરી, પછી ભલે નરકમાં હોય, ભલે સ્વર્ગમાં હોય, ભલે તિર્યંચમાં હોય કે દેવ, મનુષ્યમાં હોય... આહાહા..! પણ એ અલ્પકાળમાં કારણસમયસારનો અનુભવ કરે છે. અજ્ઞાની નિશ્ચયને જાણતા નથી. એ 'કારણસમયસારનો અનુભવ નથી; તો પછી કાર્યસમયસારની પ્રાપ્તિ ક્યાંથી થાય?' એને કેવળજ્ઞાન તો (ક્યાંથી થવાનું)? જ્યાં કારણના ઠેકાણા નથી તો કાર્ય તો ક્યાંથી થવાનું? વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

* પ્રભુ! એક સમયની પર્યાયથી પણ ઉદાસ થઈને તારા ત્રિકાળી આનંદકંદ જ્ઞાયકને પકડ. ભાવેન્દ્રિય-ક્ષયોપશમિક જ્ઞાન-તો ખંડખંડરૂપ જ્ઞાનપર્યાય છે અને આત્મા તો પૂર્ણ નિરાવરણ, અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસ સ્વરૂપ પરમ પદાર્થ છે તે ભાવેન્દ્રિયના લક્ષથી પણ પકડમાં આવતો નથી; પકડનારી પર્યાય પોતે ક્ષાયોપશમિક ભાવે છે, પણ તેના લક્ષે પ્રભુ આત્મા પકડવામાં આવતો નથી. વસ્તુ પોતે પોતાની ક્ષાયોપશમિક જ્ઞાનની પર્યાય વડે પોતાના જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરે તો દ્રવ્ય પકડમાં આવે. અહા! આવો મારગ છે પરમાત્માનો. મહાવિદેહમાં ભગવાન પાસે તો આ ધોખમાર્ગ ચાલે છે. સત્યને કાંઈ સંખ્યાની જરૂર નથી કે ઘણા માણસો માને તો જ સત્ય કહેવાય. ચીજ જે રીતે સત્ય છે તેને તે રીતે માને તો સત્ય કહેવાય છે. ૩૫૨.

– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર

# ગાથા–૪૧૩

पासंडीलिंगेसु व गिहिलिंगेसु व बहुप्पयारेसु।
कुव्वंति जे ममत्तिं तेहिं ण णादं समयसारं।।४१३।।

पाषण्डिलिङ्गेषु वा गृहिलिङ्गेषु वा बहुप्रकारेषु।
कुर्वन्ति ये ममत्वं तैर्न ज्ञातः समयसारः।।४१३।।

ये खलु श्रमणोऽहं श्रमणोपासकोऽहमिति द्रव्यलिङ्गममकारेण मिथ्याहङ्कारं कुर्वन्ति, तेऽनादिरूढव्यवहारमूढाः प्रौढविवेकं निश्चयमनारूढाः परमार्थसत्यं भगवन्तं समयसारं न पश्यन्ति।

---

હવે આ અર્થની ગાથા કહે છે :–

બહુવિધનાં મુનિલિંગમાં અથવા ગૃહીલિંગો વિષે
મમતા કરે, તેણે નથી જાણ્યો ‘સમયના સાર’ને. ૪૧૩.

ગાથાર્થ :– [ ये ] જેઓ [ बहुप्रकारेषु ] બહુ પ્રકારનાં [ पाषण्डिलिङ्गेषु वा ] મુનિલિંગોમાં [ गृहिलिङ्गेषु वा ] અથવા ગૃહસ્થલિંગોમાં [ ममत्वं कुर्वन्ति ] મમતા કરે છે (અર્થાત્ આ દ્રવ્યલિંગ જ મોક્ષનું દેનાર છે એમ માને છે), [ तैः समयसारः न ज्ञातः ] તેમણે સમયસારને નથી જાણ્યો.

ટીકા :– જેઓ ખરેખર ‘હું શ્રમણ છું, હું શ્રમણોપાસક (-શ્રાવક) છું’ એમ દ્રવ્યલિંગમાં મમકાર વડે મિથ્યા અહંકાર કરે છે, તેઓ અનાદિરૂઢ (અનાદિ કાળથી ચાલ્યા આવેલા) વ્યવહારમાં મૂઢ (મોહી) વર્તતા થકા, પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય (-નિશ્ચયનય) પર [1]અનારૂઢ વર્તતા થકા, પરમાર્થસત્ય (-જે પરમાર્થે સત્યાર્થ છે એવા) ભગવાન સમયસારને દેખતા-અનુભવતા નથી.

ભાવાર્થ :– અનાદિ કાળનો પરદ્રવ્યના સંયોગથી થયેલો જે વ્યવહાર તેમાં જ જે પુરુષો મૂઢ અર્થાત્ મોહિત છે, તેઓ એમ માને છે કે ‘આ બાહ્ય મહાવ્રતાદિરૂપ ભેખ છે તે જ અમને મોક્ષ પ્રાપ્ત કરાવશે.’ પરંતુ જેનાથી ભેદજ્ઞાન થાય છે એવા નિશ્ચયને તેઓ જાણતા નથી. આવા પુરુષો સત્યાર્થ, પરમાત્મરૂપ, શુદ્ધજ્ઞાનમય સમયસારને દેખતા નથી.

---

૧. અનારૂઢ = નહિ આરૂઢ; નહિ ચડેલા.

પ્રવચન નં. ૪૫૮ ગાથા-૪૧૩, શ્લોક-૨૪૨ બુધવાર, ભાદરવા સુદ ૧, તા. ૧૦-૦૯-૧૯૮૦

નોંધ :- મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' ગાથા-૪૧૩.

पासंडीलिंगेसु व गिहिलिंगेसु व बहुप्पयारेसु।
कुव्वंति जे ममत्तिं तेहिं ण णादं समयसारं।।४१३।।

નીચે હરિગીત.

બહુવિધનાં મુનિલિંગમાં અથવા ગૃહીલિંગો વિષે
મમતા કરે, તેણે નથી જાણ્યો 'સમયના સાર'ને. ૪૧૩.

છેલ્લી ગાથાઓ છે એટલે સાર સાર (વાત કરે છે).

ટીકા :- 'જેઓ ખરેખર 'હું શ્રમણ છું'...' સાધુ હોય એ ક્રિયા કરે છે એટલે જાણે અમે સાધુ છીએ, અમે શ્રમણ છીએ. 'હું શ્રમણોપાસક (-શ્રાવક) છું' વ્રત આદિની ક્રિયા કરે એ માને. 'એમ દ્રવ્યલિંગમાં...' એ રીતે, બાહ્ય ક્રિયાકાંડમાં. દ્રવ્યલિંગ એટલે બાહ્યક્રિયાકાંડ. વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિ. જે પુણ્યબંધનું કારણ છે તેને જ ધર્મ માને છે. આહાહા..! એ 'દ્રવ્યલિંગમાં મમકાર વડે...' જે ક્રિયાકાંડ, પંચ મહાવ્રત કે અઠ્યાવીસ મૂળગુણ કે ક્રિયા, સમિતિ, ગુપ્તિ, જોઈને ચાલવું વગેરે.. એ બધી ક્રિયા તો રાગની છે. આહાહા..! એમાં 'મમકાર વડે મિથ્યા અહંકાર કરે છે,...' આહાહા..!

આચાર્ય મહારાજ 'કુંદકુંદાચાર્ય' છે તો મુનિ, નગ્ન દિગંબર જંગલવાસી પ્રભુ પાસે ગયા હતા. પછી આ બનાવ્યું છે કે પ્રભુ તો આમ કહે છે. માર્ગ તો અમે જે કરીએ છીએ તે માર્ગ છે. આહાહા..!

'મિથ્યા અહંકાર કરે છે...' બહારની પંચ મહાવ્રત આદિની ક્રિયામાં અહંકાર કરે છે કે અમે સાધુ છીએ. શ્રાવક બાર વ્રત ધારણ કરીને (અહંકાર કરે છે કે) અમે શ્રાવક છીએ. એમ 'મિથ્યા અહંકાર કરે છે...' કેમકે એ તો બધી રાગની ક્રિયાઓ છે. આહાહા..! 'તેઓ અનાદિરૂઢ (અનાદિ કાળથી ચાલ્યા આવેલા) વ્યવહારમાં મૂઢ...' એ ક્રિયાકાંડ તો અનાદિ અનંતવાર કર્યા છે. એ કોઈ નવી ચીજ નથી. એ કોઈ અંતર આત્મધર્મ સ્વરૂપ નથી. અનાદિકાળથી ચાલ્યા આવેલા નામ પ્રાપ્ત 'વ્યવહારમાં મૂઢ...' (છે). એ તો અનાદિકાળથી વ્રત લઈ લીધા, ક્રિયા કરી લીધી. જોઈને ચાલવું, વિચારીને બોલવું એ બધી રાગની ક્રિયા

છે. એ રાગની ક્રિયાને પ્રાપ્ત કરીને. આહાહા..! 'વ્યવહારમાં મૂઢ વર્તતા થકા,...' એ ક્રિયાકાંડમાં ધર્મ છે એમ મૂઢ વર્તતા થકા મિથ્યાદૃષ્ટિ (છે).

'પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય (–નિશ્ચયનય) પર અનારૂઢ વર્તતા થકા,...' પ્રૌઢ વિવેક. એ રાગની ક્રિયાથી ભગવાન અંદર ચૈતન્ય સ્વરૂપ તદ્દન ભિન્ન છે. પ્રૌઢ વિવેક એટલે ભેદજ્ઞાન. રાગની બધી ક્રિયાથી પ્રભુ અંદર ભિન્ન છે એવો પ્રૌઢ વિવેક એટલે ભેદજ્ઞાન. આહા..! 'પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય (–નિશ્ચયનય) પર અનારૂઢ વર્તતા થકા,...' અંતર ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી જ્ઞાતા-દૃષ્ટા સર્વાંગ શાંતિ અને આનંદથી ભરેલો પ્રભુ છે તેનો આશ્રય નહિ લેતા, તેમાં આરૂઢ નહિ થઈને. આહાહા..! દુનિયાથી વિરૂદ્ધ છે.

આ તો 'કુંદકુંદાચાર્ય' નું કથન છે. આહાહા..! કહે છે કે, પ્રભુ આત્મા અંદર આનંદનું દળ, જ્ઞાનનો સાગર, ગુણનું ગોદામ છે એવા પ્રભુ તરફ આરૂઢ નહિ થઈને, તેની સ્વસન્મુખતા નહિ કરીને વ્યવહારમાં મૂઢ વર્તતા થકા, આહા..! પર ઉપર આરૂઢ વર્તતા થકા. નિશ્ચય નહિ. પર આરૂઢ એટલે નિશ્ચય ઉપર આરૂઢ નહિ થતા થકા. આહાહા..! આવી વાત.

'પરમાર્થસત્ય (–જે પરમાર્થે સત્યાર્થ છે એવા)...' ખરેખર તો પ્રભુ અંદર ચૈતન્યમૂર્તિ છે એ પર અને રાગથી તદ્દન ભિન્ન છે તેનો તો પત્તો લેતો નથી, તેની તરફ (નજર કરતો નથી). સત્યાર્થ, પરમાર્થે સત્યાર્થ જે ત્રિકાળી પરમાત્મ ચીજ છે... આહાહા..! તેને– 'ભગવાન સમયસારને દેખતા નથી...' ભગવાન સમયસારને જોતા નથી. આહાહા..! સમયસાર એટલે આત્મા. સમય–સમ્યક્ પ્રકારે. અય એટલે ગમન. સમય. પોતાના સ્વરૂપમાં–જ્ઞાનમાં પરિણમન કરવું, આનંદમાં પરિણમન કરવું તે સમયસાર છે. આહાહા..! આખી દુનિયાથી વિરૂદ્ધ વાત લાગે. બીજી વાત સાંભળી ન હોય તો શું કરે? અનંતકાળથી આથડે છે.

કહે છે કે, ભગવાન સમયસાર. અંદર ભગવાન એટલે ભગ નામ લક્ષ્મી, આનંદ અને જ્ઞાનાદિ લક્ષ્મીવાન પ્રભુ અંદર છે. તેમાં કોઈ પુણ્ય અને પાપના, રાગની ક્રિયાના ભાવ નથી. આહાહા..! તેમાં તો જાતો નથી અને બહારમાં, દયા, દાન, વ્રતાદિ ક્રિયા કરતા થકા અમે મુનિ છીએ ને અમે શ્રાવક છીએ એમ માને છે એ મિથ્યાદૃષ્ટિ, મૂઢ છે. આહાહા..!

ભગવાન સમયસાર! જુઓ! બધાના આત્માની વાત કરે છે. ભગવાન અંદર સમયસાર છે. ચૈતન્યમૂર્તિ વીતરાગસ્વરૂપી બિરાજમાન છે. રાગ ને જે ક્રિયાકાંડ કરે છે એ તો વિકાર છે. એ વિકારથી ભિન્ન અંદર ભગવાન સમયસાર એટલે આત્માનો સાર, આત્માનું વાસ્તવિક સ્વરૂપ, વાસ્તવિક તત્ત્વ એવા ભગવાન સમયસારને દેખતો નથી. એ ક્રિયાકાંડમાં જ મહાવ્રત અને ચારિત્ર માને છે. આહાહા..! તેનાથી અંદર ભિન્ન ભગવાન સમયસાર બિરાજે છે તેને તે દેખતો નથી, જોતો નથી, અનુભવતો નથી. આહાહા..! ભારે આકરું. અરે..! આવું ખરું પણ એનું કાંઈ સાધન હશે કે નહિ? આ એકદમ આવી વાત? કંઈક એના કારણ સાધન-બાધન આ કરીએ છીએ... પ્રભુ! સાધન બીજું છે નહિ, ભાઈ!

સાધન નામનો તો એનામાં ગુણ છે. આત્મામાં એક સાધન-કરણ નામનો અનાદિઅનંત ગુણ છે. આહાહા..! એ સાધનનો આશ્રય કરીને જે નિર્મળ દશા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રાપ્ત થાય છે તે જ ભગવાન સમયસાર પર્યાય છે. એ પર્યાય મોક્ષનું કારણ છે. આહાહા..! હવે આમાં માણસ વિરોધ કરે ને! એક કોર ક્રિયાકાંડ ને પંચ મહાવ્રત આદિ રાગ છે, સંસાર છે, ઘોર સંસાર છે. રાગથી રહિત અંદર ભગવાન (બિરાજે છે). ભગવાન સમયસાર એમ કહ્યું. આહાહા..! ભગવાન સમયસાર! એ પુણ્ય-પાપ તો વિકાર ને દોષ અને ક્રિયાકાંડનો રાગ એ તો અવગુણ છે. ભગવાન અંદર આત્મા સમયસાર એટલે ત્રિકાળી શુદ્ધ ચૈતન્યને તો દેખતો નથી, એ તરફ નજર કરતો નથી, એ તરફ વલણ કરતો નથી, એ તરફ ઝુકતો નથી અને ક્રિયાકાંડમાં સર્વસ્વ માનીને બેસી ગયો. અમે સાધુ છીએ ને અમે શ્રાવક છીએ. આહાહા..! આટલું ભાન.

'ભગવાન સમયસારને દેખતા-અનુભવતા નથી.' આહાહા..! એ રાગનો જ અનુભવ કરે છે. પંચ મહાવ્રતની ક્રિયા એ તો રાગની ક્રિયા છે, એ તો દુઃખ છે. આહાહા..! આત્મા આનંદ સ્વરૂપ પ્રભુ છે એમાં વિકલ્પ ઉઠાવવો, રાગ ઉઠાવવો કે હું આવી અહિંસા કરું... આહાહા..! જૂઠું ન બોલું, શરીરથી બ્રહ્મચર્ય પાળું એવો જે પંચ મહાવ્રતનો વિકલ્પ છે એ દુઃખ છે, એ આત્માના આનંદથી વિપરીત છે. આહાહા..! કાને પડતાં મુશ્કેલ પડે. કાને પડતાં એમ કીધું કેટલાયને તો કાને પણ પડી ન હોય એ વાત. આહાહા..!

અહીં તો કહે છે, રાગની બધી ક્રિયા-જોઈને ચાલવું, નિર્દોષ આહાર લેવું, લુગડાં છોડીને નગ્ન થવું, પંચ મહાવ્રત પાળવા એ બધી ક્રિયા વ્યવહાર મૂઢ થઈને (કરે છે), આહાહા..! પોતાના સ્વભાવમાં આરૂઢ નહિ થઈને ભગવાન સમયસારને અનુભવતા નથી. આહાહા..! અહીં તો એને ભગવાન કહ્યો છે. પ્રભુ આત્માને ભગવાન કહે છે. આચાર્ય મહારાજ કહે છે, ભગવાન સમયસાર! આહાહા..! જેમાં અનંત અનંત શાંતિ, આનંદ આદિ ગુણના ભંડાર ભર્યા છે. એ તરફની સન્મુખતા નથી અને એથી વિમુખ દયા, દાનની ક્રિયામાં ધર્મ માનીને ચાર ગતિમાં અનાદિથી, અનાદિકાળથી એ ક્રિયા તો કરતો આવ્યો છે. આહાહા..!

ભાવાર્થ :- 'અનાદિ કાળનો પરદ્રવ્યના સંયોગથી થયેલો...' આહાહા..! અનાદિકાળથી 'પરદ્રવ્યના સંયોગથી થયેલો જે વ્યવહાર...' એ તો કર્મના નિમિત્તને આધીન થાય છે તો એ મહાવ્રત આદિના પરિણામ ઉત્પન્ન થાય છે. આહાહા..! આવી વાત. સવારમાં બહુ ઊંચી વાત બેનના વચનોમાંથી આવી હતી. આહાહા..! એ જ વાત આ છે.

ચૈતન્ય સ્વરૂપ ભગવાન અંદર છે, જેમાં પુણ્ય અને પાપ તત્ત્વની ગંધ નથી. એમાં એની વાસના નથી. એ રૂપે પ્રભુ કદી થયો નથી. પણ પુણ્યની ક્રિયામાં જ ધર્મ માનીને... આહાહા..! 'અનાદિ કાળનો પરદ્રવ્યના સંયોગથી...' પુણ્ય-પાપના ભાવ કર્મના નિમિત્તના સંયોગથી ઉત્પન્ન થાય છે, એ સ્વભાવથી ઉત્પન્ન થયેલી ચીજ નથી. ચૈતન્ય ભગવાન

અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાન, એ સ્વભાવથી (પુણ્ય-પાપ) ઉત્પન્ન થતા નથી પણ 'પરદ્રવ્યના સંયોગથી થયેલો જે વ્યવહાર...' આહાહા..! પરઆશ્રય કરવાથી ઉત્પન્ન થયેલો વ્યવહાર, સ્વઆશ્રય છોડીને (થયેલો વ્યવહાર). મહાપ્રભુ ચૈતન્ય ભગવાન અંદર મહાપ્રભુ છે તેનો આશ્રય અને અવલંબન તો લેતો નથી અને આ વ્યવહારમાં પરદ્રવ્યના સંયોગથી... સંયોગથી એટલે એનાથી નહિ. સંયોગ કરવાથી, સ્વભાવનો સંયોગ નહિ કરીને. પોતાની શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એ તરફ નહિ ઝુકીને, કર્મના સંયોગમાં ઝુકવાથી. કર્મથી નહિ, એ તરફ ઝુકવાથી. આહાહા..! કર્મ તો પરદ્રવ્ય છે, જડ છે, માટી છે, ધૂળ છે. એ ઉદયમાં આવે છે એ તો માટી છે. આહાહા..!

અહીંયા ચૈતન્ય શુદ્ધ ભગવાનનું અવલંબન નથી. અનાદિથી પરનું અવલંબન લીધું છે. એ 'પરદ્રવ્યના સંયોગથી...' પરદ્રવ્યથી નહિ. આહાહા..! 'પરદ્રવ્યના સંયોગથી...' અર્થાત્ પરદ્રવ્યના સંયોગના લક્ષે. આહાહા..! 'થયેલો જે વ્યવહાર તેમાં જ જે પુરુષો મૂઢ...' આહાહા..! એવા વ્યવહારમાં જ, વ્યવહારમાં જ 'જે પુરુષો મૂઢ અર્થાત્ મોહિત છે, તેઓ એમ માને છે કે 'આ બાહ્ય મહાવ્રતાદિરૂપ ભેખ છે તે જ અમને મોક્ષ પ્રાપ્ત કરાવશે' આહાહા..! જગતથી જુદું છે. કેટલાકે સાંભળ્યું ન હોય. અહીં તો કહે છે, 'બાહ્ય મહાવ્રતાદિ...' મહાવ્રતની ક્રિયા તો બધી બાહ્યની છે, રાગની ક્રિયા છે. આહાહા..!

મુમુક્ષુ :– આવો ખુલાસો છે છતાં માનતા કેમ નથી?

ઉત્તર :– માને ન માને સ્વતંત્ર છે. જીવ સ્વતંત્ર છે. જગતને સાંભળવા મળ્યું ન હોય અને સાંભળ્યા પછી માનવું ન માનવું (એ માટે) સ્વતંત્ર છે. પ્રત્યક્ષ લખાણ છે અને કેમ માનતા નથી, એમ પૂછે છે. આહાહા..! કેટલાકે તો સાંભળ્યું જ નથી. આહાહા..!

અમે પણ ત્યાં દુકાનમાં રહેતા હતા. એ ક્રિયાકાંડમાં (હતા). અમે પર્યુષણમાં ચોવિહારા અપવાસ કરતા હતા. પાણી નહિ. આખો દિવસ દુકાને બેસીએ. સાધુ આવે, દઈએ, બધો ત્યાગ ગ્રહણ. સ્થાનકવાસીમાં એ ક્રિયાકાંડમાં બધું માનતા હતા. સાંજે પ્રતિક્રમણ કરીએ એમાં ધર્મ માનતા હતા. સાંજે પ્રતિક્રમણ આદિ કરે. હું એ વખતે પ્રતિક્રમણ કરાવતો હતો. (સંવત) ૧૯૬૫-૬૬ ની સાલ. આહાહા..! પણ એ તો ક્રિયાનો રાગ હતો, વિકલ્પ છે. પણ અમે ધર્મ કર્યો, અપવાસ કર્યો તો અમારે નિર્જરા થઈ ગઈ, એમ માનતા હતા. આઠ દિવસમાં ચાર અપવાસ કરતા હતા. બાકી પછી કાંઈ નહિ. એ પર્યુષણમાં ચાર દિ' માં એક દિવસ ખાવું ને એક દિવસ ન ખાવું. ચાર અપવાસ. પછી સાંજે પ્રતિક્રમણ કરીએ એટલે જાણે ઓ..હો..! ધર્મ કર્યો. આહાહા..!

અહીં એ કહે છે, 'અનાદિ કાળનો પરદ્રવ્યના સંયોગથી..' પરદ્રવ્યના સંબંધથી. પરદ્રવ્યથી નહિ. પરદ્રવ્યના સંયોગ સંબંધે લક્ષ કરીને 'જે વ્યવહાર તેમાં જ જે પુરુષો...' એ ક્રિયાકાંડમાં મૂઢ છે. આહાહા..! સાંભળવું કઠણ પડે. આ બધું અમે કરીએ છીએ ને. બાપુ! એ બધું

અનાદિ કાળથી કરતો આવે છે, એ સાધારણ વાત છે. અનાદિ કાળથી (કરે છો). આહાહા..! અંદર ભગવાન ચૈતન્ય રાગના વિકલ્પની ચીજથી પણ, પુણ્ય તત્ત્વથી પણ પ્રભુ તત્ત્વ-જ્ઞાયક તત્ત્વ ભિન્ન છે. એ તત્ત્વનો આશ્રય લીધો નહિ, એ તત્ત્વની સંભાળ લીધી નહિ, એ તત્ત્વની મહિમા આવી નહિ અને રાગની ક્રિયાની મહિમામાં પડેલા મૂઢ જીવ મોહિત છે. મૂઢ નામ એ મોહિત છે. આહાહા..! અહિંસા પાળવી, પરની દયા પાળવી એ ક્રિયા. 'મહાવ્રતાદિરૂપ ભેખ...' એ તો બાહ્ય વેષ છે. ભગવાન અંદર... આહાહા..!

'સમયસાર' માં તો આવે છે, એક એક વેષ છે તે છોડતા જાય છે. મોક્ષનો વેષ પણ છોડી જાય છે. કેમકે મોક્ષ પણ પર્યાય છે. બધે ઠેકાણે આવે છે. અજીવ જીવનો વેષ લઈને આવ્યો તો અજીવનો વેષ છોડી દીધો, જીવમાં આવી ગયો. આસ્રવનો પુણ્ય-પાપનો વેષ આવ્યો તો તેને છોડીને અંદર આવ્યો. એમ બંધનો વેષ આવ્યો તો તેને છોડીને અંદર આવ્યો. સંવરનો વેષ આવ્યો. સંવરને પણ વેષ લીધો છે. ધર્મ પર્યાય છે ને, તેનું લક્ષ છોડીને અંદર જાવું.

એ સવારમાં કહ્યું હતું કે, આત્માના અવલંબને જે શાંતિ અને આનંદનું વેદન આવે છે એ વેદન છે.. આહાહા..! એનું અવલંબન નથી, વેદનનું અવલંબન નથી. અને જેનું અવલંબન છે તેનું વેદન નથી. આહાહા..! આવું સાંભળ્યું પણ ન હોય. શું વળી આ તે? ધ્રુવ ચીજ જે ત્રિકાળી ભગવાન અનાદિ સનાતન સત્ય છે તેનું તો કદી વેદન થતું નથી, એ તો ધ્રુવ છે. ધ્રુવનું અવલંબન લેવાથી નિર્મળ સમ્યગ્દર્શન પર્યાય ઉત્પન્ન થાય છે તેનું વેદન છે. વેદન છે તેનું અવલંબન નથી અને ત્રિકાળ ભગવાનનું અવલંબન છે તેનું વેદન નથી. આહાહા..! ગજબ વાત છે. અરે..! ભાઈ! માર્ગ તો આ છે. ગમે તે પછી ઝગડા ઉઠાવો, વાદવિવાદ કરે.

અરે..! ચૈતન્ય સ્વરૂપ અંદર ભગવાન કહ્યું ને? ભગવાન સમયસાર! આહાહા..! સમયસાર શબ્દ નહિ, હોં! આત્મા સમયસાર. સમયસાર એટલે સમ્યક્ પ્રકારે અય નામ પરિણમન કરવું. સાર નામ વિકારરહિત. આહાહા..! મહાવ્રત આદિના પરિણામ વિકાર છે. એ વિકારરહિત નિર્વિકારી ચૈતન્યના અવલંબનથી નિર્વિકારી પરિણમન થવું એ જ ધર્મ છે. આહાહા..! આકરું કામ. નવરાશ ન મળે. સત્ય વાત સાંભળવાનો વખત પણ ન મળે. અરે..રે..! દેહની સ્થિતિ પુરી થશે, ચાલ્યા જશે. કેટલું સાંભળીએ છીએ, ફલાણે આમ થઈ ગયું ને ફલાણે આમ થઈ ગયું, બેઠા હતા ને દેહ છૂટી ગયો ને આમ થયું. દેહ તો જ છે તેની મુદત છે. ભગવાનના જ્ઞાનમાં મુદત છે અને અહીં પણ મુદત છે. એની પર્યાયની યોગ્યતાની મુદત છે કે અમુક સમય સુધી એ પર્યાય રહેશે અને આત્માની યોગ્યતા છે ત્યાં સુધી અહીં રહેશે. એ કર્મથી ને શરીરને કારણે નહિ. પોતાની યોગ્યતાને કારણે રહે છે. આહાહા..! કર્મને કારણે રહે છે ને શરીરને કારણે રહે છે, એમ નથી. કેમકે એક દ્રવ્ય બીજા દ્રવ્યને

અડતું નથી, સ્પર્શ કરતું નથી તો પરને કારણે રહે છે એમ વાત છે નહિ. આહાહા..! આવી વાત.

અહીં કહે છે, એ મોહિત માને છે કે બાહ્યક્રિયા જ મોક્ષ પ્રાપ્ત કરાવી દેશે. છે? એ બાહ્ય ક્રિયાકાંડ, મહાવ્રત ને શરીરથી બ્રહ્મચર્ય પાળવું, જાવ્વજીવ શરીરનું બ્રહ્મચર્ય લેવું, શરીરનું. એ પણ શુભભાવ છે. એ તો જડની ક્રિયા રોકાઈ ગઈ છે. અંદરમાં દૃષ્ટિ વિપરીત છે. આહાહા..! બ્રહ્મચર્ય તો એ છે, બ્રહ્મ નામ આનંદ, પોતાના આનંદ સ્વરૂપમાં ચરવું નામ રમવું, જામવું તેનું નામ બ્રહ્મચર્ય છે. શરીરથી બ્રહ્મચર્ય પાળે એ બ્રહ્મચર્ય નથી, એ તો વ્યવહાર છે, શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહિ. આહાહા..! આવી વાત. ઓહોહો..!

'જે પુરુષો મૂઢ અર્થાત્ મોહિત છે, તેઓ એમ માને છે કે 'આ બાહ્ય મહાવ્રતાદિરૂપ ભેખ છે તે જ અમને મોક્ષ પ્રાપ્ત કરાવશે', પરંતુ જેનાથી ભેદજ્ઞાન થાય છે...' જુઓ! આવ્યું. વિવેક આવ્યું હતું ને? વિવેક (એટલે) ભેદજ્ઞાન. એ રાગના પરિણામ થાય છે, મહાવ્રતના, અહિંસા, સત્ય, દત્તના (પરિણામ થાય છે) તેનાથી પણ ભગવાન આત્મા અંદર ભિન્ન છે. આહાહા..! તેની દૃષ્ટિ કરવી અને તેનો આશ્રય લેવો એનાથી ભેદજ્ઞાન થાય છે, રાગથી ભિન્ન થાય છે. આહાહા..! કોઈ દિ' સાંભળ્યું ન હોય એને તો લાગે, આ શું છે પણ? આહાહા..! આખો દિ' બિચારા બાયડી, છોકરા છોડી, દુકાન-ધંધા છોડી, લાખોની દુકાનની પેદાશ છોડી અને સાધુ થાય... આહાહા..! શ્રાવક પણ બાર વ્રતની ક્રિયા કરે, સામાયિક કરે, પોષા કરે, પડિકમણા કરે અને એ ધર્મ નહિ. આહાહા..! શુભરાગ છે અને એમાં ધર્મ માને છે એ મિથ્યાદૃષ્ટિ છે, મિથ્યાત્વ છે. અનંતા પાપ, અનંતા ગર્ભ, ચોરાશીના અનંતા ગર્ભ કરે એવો મિથ્યાત્વભાવ છે. આહાહા..!

મનુષ્યમાં એક જન્મ કરવો, માતાના પેટમાં સવા નવ મહિના રહે. એ શ્વાસ કઈ રીતે લેતો હશે? આહાહા..! શાસ્ત્રમાં તો ત્યાં સુધી આવ્યું છે કે, કોઈ કોઈ વાર તો મનુષ્ય માતાના પેટમાં બાર બાર વર્ષ રહે છે. એને છોડ કહે છે. બાર બાર વર્ષ એક વાર (રહે). આહાહા..! એ બાર વર્ષે જન્મ આપે. એવા પણ (જન્મ) અનંત વાર કર્યા છે. બાર વર્ષની ગર્ભની કાય સ્થિતિ શાસ્ત્રમાં વર્ણવી છે. સવા નવ મહિના તો સાધારણ ચાલે છે. અત્યારે એક નમુનો ત્રણ વર્ષનો જોયો હતો. 'વઢવાણ' પાસે ગામ છે ત્યાં. કેવું? 'વઢવાણ' જોડે ગામ છે ને? 'ધ્રાંગધ્રા' જતાં (આવે છે). ત્યાં એક (સ્ત્રીના) પેટમાં ત્રણ વર્ષ છોકરો રહ્યો હતો. ત્રણ વર્ષ! ત્રણ વર્ષે જન્મ લીધો. શાસ્ત્ર તો બાર વર્ષ કહે છે. એ છોડ બાર વર્ષ સુધી ત્યાં રહે. આહાહા..! એક અહીં જરી મોઢું (બંધ કરે તો) ઠીક પડે નહિ. એ બાર વર્ષ માતાના પેટમાં ક્યાંથી શ્વાસ લે? આહાહા..! એ દુઃખની વેદનાનો પાર નહિ, ભાઈ! એણે વિચાર કે દિ' કર્યા છે? આહાહા..!

એક ફેરી 'ભાવનગર' માં અમે દુકાન છોડીને ગયા હતા. ત્યાં એક 'ધ્રુવ'નું નાટક

હતું. 'ધ્રુવ.. ધ્રુવ'. આપણે અહીં ધ્રુવ આ (સ્વભાવ) છે. એ ધ્રુવ પ્રહ્લાદ. એ પ્રહ્લાદની મા ગુજરી ગઈ હતી. પ્રહ્લાદનો બાપ નવી પરણેલો. પછી પ્રહ્લાદે દીક્ષા લીધી. દીક્ષા લીધી પછી... આમ લાકડાની હોય છે ને? (એની ઉપર) બેસે હાથમાં રાખીને. એમાં ઇન્દ્રાણી ઉપરથી ઊતરી. આ તો (સંવત) ૧૯૬૬ ની વાત છે. બે બાજુ ઇન્દ્રાણી (ઊતરી). નાટકનું શું કહેવાય ઇ? નાટકનું સ્થાન. મોટા પડદા મુકેલા. આમ વનમાં જાણે ઊંડે ઊંડે બેઠેલો. લીલા પડદા. ઇન્દ્રાણી ચળાવવા આવી. ઇન્દ્રાણી કહે છે, અમારા શરીર તો જુઓ! આ શરીર સુંદર, આ રૂપાળું આવું શરીર, આવું આ (છે). તે દિ' અન્યમતિ ધ્રુવ.. ધ્રુવ એવો જવાબ આપતા હતા. પ્રહ્લાદ નહિ પણ ધ્રુવ, એવો જવાબ આપ્યો. 'ભાવનગર' છે, એનું મકાન છે. એવો જવાબ આપ્યો, માતા! તારું શરીર બહુ સુંદર છે. મારે જો કદાચિત્ જન્મ લેવાનો હશે તો માતા! તારા પેટમાં આવીશ, બીજી વાત રહેવા દે. આહાહા..! નાટકમાં આવી વાત ચાલતી. આહાહા..! એમ બોલ્યા હતા. ધ્રુવ નાની ઊંમરનો છોકરો હતો. ત્યાગી થઈને (જંગલમાં રહેતો હતો). લાકડાની હોય ને? પાવડી એ આમ હાથમાં રાખીને જંગલમાં બેઠેલો. ઇન્દ્રાણીઓ બે બાજુથી આવી. ચળકાવવા આવી. એવો જવાબ આપ્યો.. તે દિ' સાંભળ્યું.. કીધું ઓહોહો..! એ બાળક રાજકુમાર અજ્ઞાની. આત્મજ્ઞાન જૈનદર્શન નહિ. આહાહા..! એ ચળાવવા આવી એને એવો જવાબ આપ્યો, માતા! તારું શરીર બહુ સુંદર છે. કદાચિત્ મારો આ ભવમાં મોક્ષ ન થાય અને બીજું શરીર ધારણ કરવું પડે તો માતા તારા પેટમાં આવીશ, બીજી વાત નહિ. એવું તો અન્યમતિના નાટકમાં આવતું હતું. આહાહા..! નાટક પણ જોયા છે ને, ઘણા જોયા છે. ફિલ્મ પણ જોઈ છે અને નાટક પણ જોયા છે, ઘણું બધું જોયું છે. 'ભર્તુહરિ' નું નાટક, 'નરસિંહ મહેતા' ના નાટક, 'અનસૂયા' નું નાટક એવા કેટલાય નાટક જોયા હતા. વૈરાગ્યના, હોં! બધા વૈરાગ્યના. એ વખતે વૈરાગ્યના નાટકો આવતા. અત્યારે બધું ફિલ્મો-બિલ્મો બધું (વધી ગયું). આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! તેં વેષ તો મહાવ્રતનો લીધો પણ એ મહાવ્રતનો વેષ પ્રભુ! એ કુલિંગ છે, એ કંઈ આત્માનો સ્વભાવ નથી. આહાહા..! તે માને છે કે આ બાહ્યક્રિયાથી મારો મોક્ષ થશે, મોક્ષ પ્રાપ્ત કરાવી દેશે. 'પરંતુ જેનાથી ભેદજ્ઞાન થાય છે એવા નિશ્ચયને તેઓ જાણતા નથી.' આહાહા..! એ રાગથી, વિકલ્પથી, મહાવ્રતના રાગથી પણ ભગવાન અંદર ભિન્ન છે. અરે..રે..! હજી શરીરથી જુદો માનવો કઠણ પડે. આ શરીર તદ્દન જુદું છે. જેમ લોટામાં પાણી જુદી ચીજ છે. પાણી જુદી ચીજ, લોટો જુદી ચીજ છે. એમ આ લોટા જેવું શરીર છે, જુઓને! ભગવાન અંદર અરૂપી ચૈતન્ય જુદી ચીજ છે. આ જડ, માટી, ધૂળ જુદી ચીજ છે. એ બેની જુદાઈની પણ હજી ખબર પડતી નથી એને અહીંયા રાગ ને દ્વેષના, દયા, દાનના વિકલ્પ... આહાહા..! એનાથી પણ જુદો (બતાવે છે). આહાહા..!

'ભેદજ્ઞાન થાય છે એવા નિશ્ચયને તેઓ જાણતા નથી.' આહાહા..! રાગથી ભિન્ન થાય

એવું ભેદજ્ઞાન આત્માની ચીજ છે તેની તરફ તો લક્ષ નથી, તેનું તો ધ્યાન નથી, તેની નજરમાં એ વર્તતું નથી અને 'નિશ્ચયને તેઓ જાણતા નથી.' સત્ય વસ્તુ ભગવાન અંદર પૂર્ણાનંદ બિરાજે છે. આહાહા..! તેની તો કંઈ ખબર નથી.

'આવા પુરુષો સત્યાર્થ, પરમાત્મરૂપ, શુદ્ધજ્ઞાનમય સમયસારને દેખતા નથી.' આહાહા..! એ ક્રિયાકાંડમાં રોકાવાવાળા અને ક્રિયાકાંડમાં ધર્મ માનનારા પુરુષ સત્યાર્થ અને પરમાત્મરૂપ સાચી ચીજ જે અંદર ત્રિકાળી પરમાત્મસ્વરૂપ પોતે ભગવાન છે. આહાહા..! એક કોર ભગવાન કહ્યો હતો, અહીં પરમાત્મા કહે છે.

અરે..! અડદની દાળ સદડી કરતા સરખી ન થઈ હોય, છાશ–મઠ્ઠો અને અડદની દાળ આમ સરખી ન થઈ હોઈ તો ઢીંચણીયું ઊડે. કોણે કરી આ દાળ? આ બગડી ગઈ. એમાં કોઈ વેવાઈ વળી સત્તાપ્રિય આવ્યો હોય, દીકરીનો સાસરો (હોય) એમાં આ ચૂરમાના લાડવા ને અડદની દાળ બેડોળ જેવી (બની હોય) એમાં પણ ભાઈને પિત્તો ખસી જાય. આહાહા..! એવાને એમ કહેવું.. પ્રભુ! શું થાય? ભાઈ! એ તો પાપ છે પણ મહાવ્રત આદિ પણ પુણ્ય ને વિકાર ને દુઃખ છે. આહાહા..!

એક 'સત્યાર્થ પરમાત્મરૂપ...' પરમાત્મ સ્વરૂપ 'શુદ્ધજ્ઞાનમય...' ભગવાન તો શુદ્ધજ્ઞાનમય, જ્ઞાનમય, જ્ઞાનમય, જ્ઞાનમય, પ્રજ્ઞા.. પ્રજ્ઞા જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય ધ્રુવ ત્રિકાળ (છે) એવા 'સમયસારને દેખતા નથી.' અજ્ઞાની એને અનુભવતા નથી. આહાહા..! 'હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–'

## શ્લોક–૨૪૨

(वियोगिनी)

व्यवहारविमूढदृष्टयः परमार्थं कलयन्ति नो जनाः।
तुषबोधविमुग्धबुद्धयः कलयन्तीह तुषं न तण्डुलम्।।२४२।।

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

શ્લોકાર્થ :– [ व्यवहार-विमूढ-दृष्टयः जनाः परमार्थं नो कलयन्ति ] વ્યવહારમાં જ જેમની દૃષ્ટિ (-બુદ્ધિ) મોહિત છે એવા પુરુષો પરમાર્થને જાણતા નથી, [ इह तुष-बोध-

विमुग्ध-बुद्धयः तुषं कलयन्ति, न तण्डुलम् ] જેમ જગતમાં [1]તુષના જ્ઞાનમાં જ જેમની બુદ્ધિ મોહિત છે (-મોહ પામી છે) એવા પુરુષો તુષને જ જાણે છે, [2]તંદુલને જાણતા નથી. ૨૩૯.

ભાવાર્થ :- જેઓ ફોતરાંમાં મુગ્ધ થઈ રહ્યા છે, ફોતરાંને જ કૂટ્યા કરે છે. તેમણે તંદુલને જાણ્યા જ નથી; તેવી રીતે જેઓ દ્રવ્યલિંગ આદિ વ્યવહારમાં મુગ્ધ થઈ રહ્યા છે (અર્થાત્ શરીરાદિની ક્રિયામાં મમત્વ કર્યા કરે છે), તેમણે શુદ્ધાત્મ-અનુભવનરૂપ પરમાર્થને જાણ્યો જ નથી; અર્થાત્ એવા જીવો શરીરાદિ પરદ્રવ્યને જ આત્મા જાણે છે, પરમાર્થ આત્માનું સ્વરૂપ તેઓ જાણતા જ નથી. ૨૪૨.

## શ્લોક-૨૪૨ ઉપર પ્રવચન

व्यवहारविमूढदृष्टयः परमार्थं कलयन्ति नो जनाः।
तुषबोधविमुग्धबुद्धयः कलयन्तीह तुषं न तण्डुलम्।।२४२।।

આહાહા..! 'व्यवहार-विमूढ-दृष्टयः जनाः परमार्थं नो कलयन्ति' 'વ્યવહારમાં જ જેમની દૃષ્ટિ (-બુદ્ધિ) મોહિત છે...' આહાહા..! અનાદિથી વ્યવહારમાં જ રાગની ક્રિયામાં મૂઢ છે. આહાહા..! એ પણ કોઈ નિવૃત્તિ લઈને શુભભાવ કરે છે, બાકી તો અશુભભાવમાં જિંદગી કાઢે ને મરીને જાય. આહાહા..!

અહીં કહે છે કે, 'વ્યવહારમાં જ જેમની દૃષ્ટિ (-બુદ્ધિ) મોહિત છે...' આહાહા..! ક્રિયાકાંડમાં જ જેની દૃષ્ટિ (છે), પોતામાં આ મારી ક્રિયા છે એમ માને છે એ મોહિત છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! છેલ્લી ગાથાઓ છે. 'એવા પુરુષો પરમાર્થને જાણતા નથી,...' પરમાર્થ એટલે શું? પરને પૈસા દેવા કે આ દેવું એ પરમાર્થ નહિ. પરમ-અર્થ એવો જે ભગવાન આત્મા, પરમાર્થ-પરમ અર્થ એવો જે પરમાત્મા ભગવાન, પુણ્ય અને પાપના વિકલ્પ નામ રાગથી રહિત, એને અજ્ઞાની વ્યવહારમાં મૂઢ જીવ એ બાજુ એની સમીપ જાતો નથી, તેને જાણતા નથી, તેને અનુભવતા નથી. આહાહા..! આવી આકરી વાત આમાં છે. પછી બીજા એમ કહે છે ને કે, વ્યવહાર ને નિશ્ચય બે છે, બન્ને જોઈએ. બે છે ખરા, પણ વ્યવહાર એ કોઈ ધર્મ નથી, એ તો શુભભાવ છે. આવે છે, શુભભાવ આવે છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી સમ્યક્ અનુભવ હોવા છતાં શુભ અને અશુભભાવ પણ આવે છે પણ એ બંધનું કારણ છે. આહાહા..! આમાં સૂઝ પડવી મુશ્કેલ પડે. આ શું કહે છે?

અહીં તો કહે છે, કે જે પુરુષ વ્યવહાર દૃષ્ટિમાં મૂઢ છે, તે પરમાર્થને જાણતા નથી.

---

૧. તુષ = ડાંગરનાં ફોતરાં; અનાજનાં ફોતરાં.
૨. તંદુલ = ફોતરાં વિનાના ચોખા; ફોતરાં વિનાનું અનાજ.

'इह तुष-बोध-विमुग्ध-बुद्धयः तुषं कलयन्ति, न तण्डुलम्' શું કહે છે? 'જેમ જગતમાં 'તુષના જ્ઞાનમાં જ જેમની બુદ્ધિ મોહિત છે...' ફોતરા, છિલકા. એ ચોખાને જોતા નથી. આહાહા..! એક ગૃહસ્થ બાઈ હતી. લાખોપતિ, પહેલા તો લાખોપતિ એટલે બહુ કહેવાતું. હવે વળી લખપતિ એટલે કાંઈ નહિ. એ ચોખા ખાંડતી હતી. શું કહેવાય એ? કમોદ.. કમોદ ખાંડતી હતી. એમાં ખાંડતા ખાંડતા શું થાય? ઉપરના તુષ-ફોતરા હતા ને? એ ઉપર રહી જાય અને ચોખા હોય એ હેઠે પડી જાય, હેઠે રહી જાય. શું કહેવાય? ખાયણી. ઉપર ફોતરા–તુષ રહી જાય, નીચે ચોખા રહી જાય. એમાં ગરીબ બાઈ બહાર આવી. એણે જોયું કે આ બાઈ તો ફોતરા ખાંડે છે. એટલે ઘરે જઈને ધણીને કીધું, ફોતરાં લઈ આવો. ફોતરા ખાંડવા છે. અરે..! પણ એ ફોતરા ખાંડતી નથી, ચોખા તો અંદર હેઠે પડ્યા છે.

એમ આ પુણ્ય ને પાપને દેખી, જોઈને કહે છે, આ પણ પુણ્ય તો કરે છે ક્રિયા. સમકિતી પણ શુભભાવ, તો કરે છે, ક્રિયા જોવે છે પણ ક્રિયા પાછળ દષ્ટિફેર છે (તે જોતો નથી). આહાહા..! એ ફોતરા નીચે ચોખા અંદર પડ્યા છે એને તો જોતો નથી. આહાહા..! એમ ધર્મી જીવ શુભભાવમાં આવે છે. ભક્તિ, પૂજા આદિ કરે છે પણ એની દષ્ટિ નિર્મળ આનંદ ઉપર છે એ જોતો નથી. એ (જે ક્રિયા) કરે છે એ હું પણ કરું છું. આહાહા..!

વ્યવહારમાં મોહિત છે 'એવા પુરુષો પરમાર્થને જાણતા નથી, જેમ જગતમાં 'તુષના જ્ઞાનમાં જ જેમની બુદ્ધિ મોહિત છે...' ફોતરા, છિલકા. '(–મોહ પામી છે) એવા પુરુષો તુષને જ જાણે છે' એ ફોતરાને જ જાણે છે, બસ! એમ અજ્ઞાનીની બાહ્ય ક્રિયા છે એ ફોતરા છે. પંચ મહાવ્રત આદિ ફોતરા સમાન છે, રાગની ક્રિયા છે. અંદર ભગવાન ભિન્ન છે તેને જાણતા નથી. આહાહા..! આવી વાતું. અહીંની વાત તો અત્યારે 'આફ્રિકા' માં પહોંચી ગઈ. 'આફ્રિકા' માં આ ચાલે છે, વાંચન ચાલે છે. આવું જ આ હોં. 'ઝવેરચંદભાઈ' છે. એક 'વીરજીભાઈ' છે ને? વાંચન એ કરે છે. બહુ સરસ.. છે સામાન્ય ગૃહસ્થ. 'ઝવેરચંદભાઈ' તો કરોડપતિ છે. એ તો નાની ઉંમરના છે. એ બહુ પ્રેમથી વાંચે છે. અહીંના જેવું બધું ચાલે છે. પાંચ હજાર રેકોર્ડિંગ (પ્રવચન) લઈ ગયા છે. આ રેકોર્ડિંગ ઊતરે છે ને? એ પાંચ હજાર લઈ ગયા છે. વાંચે, સાંભળે છે, ચર્ચાઓ કરે છે.

બાપુ! સાંભળો તો ખરા. આવો મનુષ્ય ભવ મળ્યો. થોડો વખત તો તારે માટે લે. આહાહા..! પરના સંયોગ માટે આખી જિંદગી (ગાળે). પણ સંયોગ વિનાની તારી ચીજ શું છે એ ઉપર તારી દષ્ટિનો અભાવ! એનું શું ફળ આવશે? પ્રભુ! સંસારમાં... આહાહા..! ક્યાં રખડીશ? ક્યાં ભવ કરીશ? ભવભયથી ડરી ચિત્ત. ભવના ભયથી ડરીને કંઈક અંદરમાં તો જા, ભાઈ! આહાહા..! બહારમાં જેટલો તને રાજીપો, હોંશ ને હરખ બહારની ચીજમાં વર્તે છે... આહાહા..! તેને છોડીને જરી અંદર ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ નિર્મળાનંદ છે એ તરફ તારી દષ્ટિ તો લઈ જા, ઝુકાવ તો કર. એ તરફનું સમીપપણું તો કર. અનાદિ કાળથી

દૂર રહ્યો છે. શુદ્ધ ચીજથી તો અનાદિથી દૂર રહ્યો છે. આહાહા..! એ દૂરથી જરી નજીક તો જા કે આ અનાદિની ચીજ છે શું? આહાહા..!

એ કહે છે, 'તુષના જ્ઞાનમાં જ જેની બુદ્ધિ મોહિત છે...' એ ફોતરામાં મોહિત છે. '(–મોહ પામી છે) એવા પુરુષો તુષને જ જાણે છે, તંદુલને જાણતા નથી.' ચોખાને તો જોતા જ નથી. તંદુલ એટલે ચોખા. ચાવલ કહે છે ને? ચાવલ. ચોખાને જોતા નથી અને ઉપર ફોતરા... આહાહા..! શું કહેવાય એને? છીલકા. કમોદ.. કમોદ.. એની ઉપરનું ફોતરું હોય ને? ફૂટે એટલે ફોતરું નીકળી જાય અને ચોખો જુદો પડી જાય. એમ અહીંયા પુણ્ય અને પાપના ભાવ ફોતરા સમાન છે, ભાઈ! તેં કોઈ દિ' સાંભળ્યું નથી અને તેં કોઈ દિ' અભ્યાસ કર્યો નથી અને તુષથી ભિન્ન અંદર ચોખો ભિન્ન છે, સફેદ અને મીઠાશથી (પૂર્ણ છે), એમ પ્રભુ અંદર મીઠાશ અને સફેદ નામ શુદ્ધ છે. આનંદ અને શુદ્ધ છે. આહાહા..! એ તરફનો વિચાર કર. આહાહા..!

'તુષના જ્ઞાનમાં જ જેમની બુદ્ધિ મોહિત છે (–મોહ પામી છે) એવા પુરુષો તુષને જ જાણે છે' તંદુલને જાણતા નથી.' આહાહા..!

ભાવાર્થ :– 'જેઓ ફોતરાંમાં...' છીલકા. 'જેઓ ફોતરાંમાં જ મુગ્ધ થઈ રહ્યા છે,...' આહાહા..! 'ફોતરાંને જ કુટ્યા કરે છે...' એ ફોતરાંને જ કુટે છે. આહાહા..! 'તેમણે તંદુલને જાણ્યા જ નથી;...' એણે ચોખા શું છે એ જાણ્યું જ નથી. આહાહા..! 'તેવી રીતે જેઓ દ્રવ્યલિંગ આદિ વ્યવહારમાં મુગ્ધ થઈ રહ્યા છે...' નગ્નપણું ધારણ કર્યું, પંચ મહાવ્રત લીધા એ તો બધી બાહ્ય ક્રિયા છે. આહાહા..! 'દ્રવ્યલિંગ આદિ...' અપવાસ કરવા, રસ છોડવા આદિ ક્રિયા અનંત વાર કરી. એ ક્રિયામાં મારો લાભ છે એમ માન્યું. આત્મરસ આવ્યો નહિ. આહાહા..! બહારના રસ (લીધા). કેરીનો રસ ન લેવો, બીજો નહિ લેવો.. આહાહા..! પણ આત્મરસ અંદર શું છે? અતીન્દ્રિય આનંદનો રસ છે તેની તરફ તો અનાદિથી એણે નજર કરી નથી. આહાહા..!

'ફોતરાંમાં મુગ્ધ થઈ રહ્યા છે, ફોતરાંને જ કુટ્યા કરે છે, તેમણે તંદુલને જાણ્યા જ નથી; તેવી રીતે જેઓ દ્રવ્યલિંગ આદિ વ્યવહારમાં મુગ્ધ થઈ રહ્યા છે (અર્થાત્ શરીરાદિની ક્રિયામાં મમત્વ કર્યા કરે છે),...' આહાહા..! એ હલનચલન તો શરીરની ક્રિયા છે. પરની દયા આદિ તો શરીરની ક્રિયા છે. આહાહા..! અને દયાનો ભાવ છે એ તો રાગ છે. પરની દયા તો કદી પાળી શકતો નથી. પરદ્રવ્યને કદી અડતો નથી. આહાહા..! ફક્ત શરીરની ક્રિયાને પોતાની માને છે. શરીરાદિની ક્રિયા એટલે વાણીની, મનની (ક્રિયા). (એમાં) મમત્વ કર્યા કરે છે. આહાહા..!

'તેમણે શુદ્ધાત્મઅનુભવનરૂપ...' શુદ્ધ આત્માના અનુભવરૂપ સમ્યગ્દર્શન. આહાહા..! રાગથી ભિન્ન ભેદજ્ઞાન કરીને શુદ્ધાત્માના અનુભવનરૂપ આહાહા..! 'પરમાર્થને જાણ્યો જ નથી;...' આહાહા..! આ પરમાર્થ. લોકો પરમાર્થ કહે છે ને? પાંજરાપોળ કરે છે તો પરમાર્થ કરે છે, ગરીબને કંઈ મદદ કરે તો પરમાર્થ કર્યો, નાગા માણસને વસ્ત્ર આપે તો પરમાર્થ

કર્યો. એ પરમાર્થ નહિ, એ ક્રિયા તો અનંત વાર કરી, એ તો રાગની ક્રિયા છે. આહાહા..!

પરમાર્થ નામ પરમ પદાર્થ પ્રભુ આત્મા. જેમાં રાગની ગંધ નથી એવા પરમાર્થ સ્વરૂપ... આહાહા..! 'શુદ્ધાત્મઅનુભવનરૂપ...' આ પરમાર્થ. આહાહા..! આ માણસ પરમાર્થ કરે છે, પરમાર્થ કરે છે. બધાને આહાર આપે છે, પાણી આપે છે, દવા આપે છે, દવાખાના ખોલ્યા છે, ગરીબને માટે મફત લાખો રૂપિયાની દવાઓ આપે છે. આહાહા..! છે ને દવાખાનું? 'સાગર'માં. 'ભગવાનદાસ' કરોડપતિ. આ બે લાખનું મકાન એણે બનાવ્યું ને? એના નાના ભાઈ મરી ગયા, બિચારાને પ્રેમ હતો, અહીં આવતા હતા. એનો એક સાધારણ છોકરો છે. એણે ઘરનું દવાખાનું બનાવ્યું. કોઈ ગરીબ માણસ આવે તો મફત (દવા) આપે. દવાખાનું બનાવ્યું. મગજ ફેર છે જરી, છતાં પરણાવ્યો. આહાહા..! અહીં બિચારા આવે, સાંભળે. કરોડપતિ માણસ. નાનો ભાઈ બિચારો ગુજરી ગયા, 'શોભાલાલ'. એ તો અહીં બહુ આવતા. એ માનતા હતા કે બહારમાં ફેરફાર છે. અહીંયા ફેર છે, મહારાજ કહે છે એ જુદી વાત છે. એમનામાં તારણસ્વામી થયા. જેમ સ્થાનકવાસીમાં 'લોકાશા' થયા, એમ એમનામાં તારણસ્વામી (થયા). એમનો વળી આખો પંથ છે. આહાહા..! પણ એમાં પણ બાહ્ય ક્રિયામાં માનનારા (છે). મંદિરની પૂજા ન કરે પણ શાસ્ત્રની પૂજા કરે. ચૈત્યાલય. છે ને? 'સાગર' માં છે. છે ને? જોયું છે. પણ એ પણ રાગ છે. આહાહા..! આવે છે, અશુભથી વંચનાર્થે, અશુભથી બચવા માટે શુભભાવ આવે છે પણ એ ભાવ ધર્મ નથી.

શુભભાવથી ભિન્ન પોતાના સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ થવો એ ધર્મ છે. આહાહા..! તેને તો જાણતા નથી. 'એવા જીવો શરીરાદિ પરદ્રવ્યને જ આત્મા જાણે છે, પરમાર્થ આત્માનું સ્વરૂપ તેઓ જાણતા નથી.' લ્યો! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૨૪૩

(स्वागता)

द्रव्यलिङ्गममकारमीलितै-
दृश्यते समयसार एव न।
द्रव्यलिङ्गमिह यत्किलान्यतो
ज्ञानमेकमिदमेव हि स्वतः।।२४३।।

હવે આગળની ગાથાની સૂચનારૂપે કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [ द्रव्यलिङ्ग-ममकार-मीलितैः समयसारः एव न दृश्यते ] જેઓ દ્રવ્યલિંગમાં મમકાર વડે અંધ-વિવેકરહિત છે, તેઓ સમયસારને જ દેખતા નથી; [ यत् इह द्रव्यलिङ्गम् किल अन्यतः ] કારણ કે આ જગતમાં દ્રવ્યલિંગ તો ખરેખર અન્યદ્રવ્યથી થાય છે, [ इदम् ज्ञानम् एव हि एकम् स्वतः ] આ જ્ઞાન જ એક પોતાથી (આત્મદ્રવ્યથી) થાય છે. ૨૪૩.

ભાવાર્થ :- જેઓ દ્રવ્યલિંગમાં મમત્વ વડે અંધ છે તેમને શુદ્ધાત્મદ્રવ્યનો અનુભવ જ નથી, કારણ કે તેઓ વ્યવહારને જ પરમાર્થ માનતા હોવાથી પરદ્રવ્યને જ આત્મદ્રવ્ય માને છે. ૨૪૩.

---

પ્રવચન નં. ૪૫૯ શ્લોક-૨૪૩, ગાથા-૪૧૪ ગુરુવાર, ભાદરવા સુદ ૨,
તા. ૧૧-૦૯-૧૯૮૦

---

નોંધ :- મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયયસાર' ૨૪૩ કળશ, કળશ છે.

द्रव्यलिङ्गममकारमीलितै-
दृश्यते समयसार एव न।
द्रव्यलिङ्गमिह यत्किलान्यतो
ज्ञानमेकमिदमेव हि स्वतः।।२४३।।

'द्रव्यलिङ्ग-ममकार-मीलितैः समयसारः एव न दृश्यते' 'જેઓ દ્રવ્યલિંગમાં મમકાર વડે અંધ-વિવેકરહિત છે,...' આહાહા..! બાહ્યની જે ક્રિયાકાંડ મહાવ્રતાદિ, નગ્નપણું, એમાં જેની પ્રીતિ અને રુચિ છે, 'દ્રવ્યલિંગમાં મમકાર વડે અંધ-' આહાહા..! એ પંચ મહાવ્રતાદિની બાહ્ય ક્રિયામાં જે કોઈ આંધળા છે એ તો રાગ છે, એ કોઈ ધર્મ નથી, એ કોઈ ચારિત્ર નથી. એ 'મમકાર વડે અંધ-વિવેકરહિત છે,...' આહાહા..! બહુ ગજબ વાત આકરી.

સાધુની જેટલી બાહ્ય ક્રિયા છે, પંચ મહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણ, સમિતિ, ગુપ્તિ એ બધી જડની ક્રિયા છે. આહાહા..! એમાં 'અંધ-વિવેકરહિત છે,...' એમાં જ પોતાનું સ્વરૂપ, ધર્મ છે એમ માનવાથી 'તેઓ સમયસારને જ દેખતા નથી;...' અંદર ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, વીતરાગસ્વરૂપ છે એવા આત્માને રાગની ક્રિયામાં રાચનારા અંતરની ચીજને જોતા નથી. આહાહા..! આવી વાતું આકરી વાતું. જાણે ન થઈ શકે એવી આ વાત

(લાગે) પણ વસ્તુ આ છે. ન થઈ શકે એવી (ન) હોય, અનંત અનંત (જીવો) મુક્તિને પામ્યા છે. આહાહા..!

અંતર જે ભગવાન આત્મા સમયસારને જે આનંદનો નાથ છે, પૂર્ણ આનંદ અને પૂર્ણ શાંતિ, પૂર્ણ અરૂપી આનંદ સ્વભાવની મૂર્તિ પ્રભુ આત્મા છે તેને અજ્ઞાની જોતા નથી. ક્રિયાકાંડને જ બધું માને છે. આહાહા..! 'यत् इह द्रव्यलिङ्गम् किल अन्यतः' 'કારણ કે આ જગતમાં દ્રવ્યલિંગ તો ખરેખર અન્યદ્રવ્યથી થાય છે...' આહાહા..! એ નગ્નપણું, મુનિપણું... વસ્ત્રપણામાં તો માર્ગ છે જ નહિ, એ તો જૈનધર્મમાં છે જ નહિ. વસ્ત્રસહિત સાધુ તો જૈનધર્મમાં છે જ નહિ. આહાહા...! આકરી વાત. પણ નગ્નપણું અને પંચ મહાવ્રતની ક્રિયા.. આહાહા..! એ 'દ્રવ્યલિંગ તો ખરેખર અન્યદ્રવ્યથી થાય છે...' એ ક્રિયા તો અન્યદ્રવ્યથી થાય છે, પોતાના ચૈતન્યસ્વભાવથી નહિ. ઓહોહો..! આવો માર્ગ છે. સૂઝ બૂઝ પડ્યા વિના અંતરનો પત્તો લાગે નહિ અને બહારની ક્રિયાકાંડના આગ્રહ છૂટે નહિ ત્યાં સુધી આત્માનું ભાન થાય નહિ. આહાહા..!

'અન્યદ્રવ્યથી થાય છે...' પંચ મહાવ્રતની ક્રિયા. જોઈને ચાલવું, વિચારીને બોલવું, સમિતિ, ગુપ્તિ, નિર્દોષ આહાર લેવો એ બધી ક્રિયા તો અન્ય દ્રવ્યની ક્રિયા છે. આહાહા..! પોતાના ચૈતન્ય સ્વરૂપની એ ક્રિયા નથી. આહાહા..! એ તો 'અન્યદ્રવ્યથી થાય છે...' 'इदम् ज्ञानम् एव हि एकम् स्वतः' 'આ જ્ઞાન જ એક પોતાથી (આત્મદ્રવ્યથી) થાય છે.' જાણન સ્વભાવ, એ જાણન સ્વભાવમાત્ર આત્મા છે. જે ક્રિયાકાંડના વિકલ્પ આદિ છે એ બધા પરદ્રવ્ય રાગ, વિકાર છે. આહાહા..! જે કરી શકાય છે તેને તો પરદ્રવ્ય કહે છે. આહાહા..! એ તો ક્રિયા છે. પંચ મહાવ્રત એ તો રાગ છે, પરદ્રવ્ય છે, પરવસ્તુ છે. આહાહા..!

નગ્નપણું, વસ્ત્રરહિતપણું એ જડની અવસ્થા છે. અહીંયા વસ્ત્રવાળાને તો લીધા જ નથી. કેમકે એ તો ધર્મથી ચ્યુત થઈ ગયા છે. વસ્ત્રમાં મુનિપણું માને છે એને તો અન્યમતમાં નાખ્યા છે, જૈનમતમાં નથી લીધા. અહીં તો જૈનમતમાં નગ્નપણું રાખીને પંચ મહાવ્રત ધારણ કરે અને સમિતિ, ગુપ્તિની ક્રિયા કરે, નિર્દોષ આહાર લે એ પણ પરદ્રવ્યથી થાય છે. આહાહા..! માત્ર જ્ઞાન જ નિજાત્માથી થાય છે. છે? એ જાણન.. જાણન.. જાણન... જ્ઞાનસ્વરૂપી ભગવાન એ જ્ઞાનથી જ જાણવામાં આવે છે, એ ક્રિયાકાંડથી જાણવામાં આવતો નથી. આહાહા..! આકરી વાતું પ્રભુ! માત્ર એમ ભાષા લીધી છે ને? આહાહા..! પહેલામાં એમ લીધું હતું, 'કારણ કે આ જગતમાં દ્રવ્યલિંગ તો ખરેખર...' ખરેખર 'અન્યદ્રવ્યથી થાય છે,...' આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, તપના ભાવ ખરેખર તો અન્યદ્રવ્યના ભાવ છે, એ ચૈતન્યદ્રવ્યના ભાવ નથી. આહાહા..! અત્યારે તો એ જ ચાલ્યું છે. આહાહા..!

અહીંયા તો (કહે છે), માત્ર આ જ્ઞાન આત્મા. જ્ઞાતા-દૃષ્ટા, જેમાં પુણ્ય-પાપના વિકલ્પનો અભાવ છે અને વીતરાગ સ્વભાવનો સદ્ભાવ છે, એવો જ્ઞાનમાત્ર આત્મા જ. આત્મદ્રવ્યથી

કલ્યાણમાત્ર આ જ્ઞાન જ નિજથી થાય છે. એ જ્ઞાનમાત્ર તો આત્મદ્રવ્યથી જ થાય છે. આહાહા..! એ જ્ઞાન એટલે આ વાંચવું એ નહિ. અંદર જ્ઞાનમૂર્તિ જાણનસ્વભાવની મૂર્તિ છે એ જ્ઞાનમાત્ર આત્મદ્રવ્યથી જ થાય છે. આહાહા..! આમાં વાદવિવાદ કરે. આકરી વાત છે. કોઈ દિ' સાંભળી નથી એને તો એવી લાગે કે આ શું છે? આ તે વીતરાગનો માર્ગ હશે?

અહીં કહે છે કે, જેટલી ક્રિયાકાંડ છે એ બધી અન્યદ્રવ્યથી ઉત્પન્ન થઈ છે અને આ આત્મા તો જ્ઞાનમાત્રથી ઉત્પન્ન થાય છે. જાણનશક્તિ, જ્ઞાયકભાવ એક જ આત્મા છે. તેની દૃષ્ટિ કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે. આહાહા..!

ભાવાર્થ :– 'જેઓ દ્રવ્યલિંગમાં મમત્વ વડે અંધ છે...' આહાહા..! આ તો દિગંબરની દ્રવ્યલિંગની ક્રિયા, હોં!

મુમુક્ષુ :– દેખાદેખી થાય છે.

ઉત્તર :– દેખાદેખી થાય છે એ તો ઠીક પણ આ ક્રિયાની વાત ચાલે છે એ દિગંબરની ચાલે છે, શ્વેતાંબરની વાત લીધી જ નથી. કારણ કે એ તો ભગવાન પછી ૫૦૦ વર્ષે ૧૨ (વર્ષ) દુકાળ પડ્યા. નભી શક્યા નહિ. નવા શાસ્ત્ર બનાવ્યા અને નવો પંથ ચલાવ્યો. આહાહા..! આકરી વાત, પ્રભુ! બીજાને દુઃખ લાગે. સત્ય વસ્તુ તો આ છે. આહાહા..!

'જેઓ દ્રવ્યલિંગમાં મમત્વ વડે...' દ્રવ્યલિંગ એટલે નગ્નપણું અને પંચ મહાવ્રતની ક્રિયા, એનું નામ દ્રવ્યલિંગ. 'જેઓ દ્રવ્યલિંગમાં મમત્વ વડે અંધ છે...' આહાહા..! આંધળા છે 'તેમને શુદ્ધાત્મદ્રવ્યનો અનુભવ જ નથી,...' અંદર શુદ્ધ ચૈતન્ય પ્રભુ, શુદ્ધ નિર્મળ શુદ્ધાત્મદ્રવ્ય નિર્મળાનંદનો તો અનુભવ નથી. આહાહા..! 'કારણ કે તેઓ વ્યવહારને જ પરમાર્થ માનતા હોવાથી...' વ્યવહારની જે ક્રિયા છે તેને જ પરમાર્થ માને છે. આહાહા..! ગજબ છે. દિગંબરમાં પણ કઠણ પડે ત્યાં બીજાની તો (વાત શું કરવી)? દિગંબરમાં પણ નગ્ન મુનિ થાય ને એકબીજા દેખાદેખી કરે ને ક્રિયાઓ કરે, જંગલમાં રહે કદાચ, મહિના મહિનાના અપવાસ કરે એ કોઈ વસ્તુ નથી. એ તો પરદ્રવ્યથી ઉત્પન્ન થાય છે. સ્વદ્રવ્ય તો જ્ઞાન, જ્ઞાન અને આનંદ, શાંતિ અને વીતરાગતા જે આત્મામાં ભરી છે તેની દૃષ્ટિથી જ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન થાય છે. એ સિવાય કોઈ ચીજથી સમ્યગ્દર્શન થતું નથી. આહાહા..!

અહીંયા કહે છે, 'દ્રવ્યલિંગમાં મમત્વ વડે અંધ છે તેમને શુદ્ધાત્મદ્રવ્યનો...' એને શુદ્ધ આત્મા પવિત્ર પ્રભુ રાગથી ભિન્ન તત્ત્વ અંદર છે એ શુદ્ધાત્મ તત્ત્વનો અનુભવ નથી. આહાહા..! કેમ? કે 'તેઓ વ્યવહારને જ પરમાર્થ માનતા હોવાથી...' એ વ્યવહાર ક્રિયાને જ પરમાર્થ ધર્મ માને છે. આહાહા..! માટે 'પરદ્રવ્યને જ આત્મદ્રવ્ય માને છે.' જુઓ! પરદ્રવ્યને જ આત્મદ્રવ્ય માને છે. એ પરદ્રવ્યની ક્રિયા છે. પરદ્રવ્યના સંબંધથી ઉત્પન્ન થયેલી બધી ક્રિયા પરદ્રવ્યની છે. આહાહા..! પરદ્રવ્યના સંગથી, સંબંધથી જે કંઈ વિકલ્પ, રાગાદિ પરવશે (થાય),

પરથી નહિ, પરને વશ થઈને (થાય છે). પરથી થતા નથી, પરદ્રવ્ય તો ભિન્ન છે પણ પરદ્રવ્યના લક્ષે જે ભાવ થાય તે પરદ્રવ્યના છે એમ કહેવામાં આવે છે. આહાહા..! ભારે આકરી વાત.

'વ્યવહારને જ પરમાર્થ માનતા હોવાથી...' વ્યવહારને જ પરમાર્થ માને છે કે અમે ધર્મ કરીએ છીએ. આહાહા..! વીતરાગ ધર્મ પરમેશ્વર જૈન પરમેશ્વરનો ધર્મ વીતરાગ ધર્મ અલૌકિક ભિન્ન છે, જેમાં રાગના કણનો સંબંધ નથી. આહાહા..! 'પરદ્રવ્યને જ આત્મદ્રવ્ય માને છે.' વ્યવહારને જ પરમાર્થ માને છે ને? તેથી 'પરદ્રવ્યને જ આત્મદ્રવ્ય માને છે.' એ પરદ્રવ્યને જ આત્મા માને છે. આહાહા..!

બહારથી તો મરી જાવું પડે એને. કોઈ માન, સન્માન, દુનિયામાં આબરૂ કીર્તિ (મળે) એ કોઈ આત્માની ચીજમાં તારણ થાય એવી નથી, એ બધી નુકસાનકર્તા છે. દુનિયાના માન-સન્માનના મોટપમાંથી નીકળવું અને સત્ય વસ્તુને પહોંચવું એમાં અનંત પુરુષાર્થ છે. આહાહા..!

અહીં તો કહે છે, 'વ્યવહારને જ પરમાર્થ માનતા હોવાથી પરદ્રવ્યને જ આત્મદ્રવ્ય માને છે.' આહાહા..! બહુ ટુંકા શબ્દો. 'વ્યવહારનય જ મુનિલિંગને અને શ્રાવકલિંગને–એ બન્ને લિંગોને મોક્ષમાર્ગ કહે છે,...' વ્યવહારનય ભાષા કહે છે. 'નિશ્ચયનય કોઈ લિંગને મોક્ષમાર્ગ કહેતો નથી...' આહાહા..! 'એમ હવે ગાથામાં કહે છે :–' વ્યવહારનય દ્વારા કથનમાત્ર કહેવામાં આવે છે. નિશ્ચયનય તેને મોક્ષમાર્ગ કહેતો નથી. એ ૪૧૪ ગાથા.

* ચૈતન્ય ચમત્કારિક ચીજ છે. ચૈતન્યદ્રવ્યમાંથી અનંત અનંત કાળથી પર્યાય ઉત્પન્ન થવા છતાં ચૈતન્યદ્રવ્યમાં કિંચિત્‌માત્ર પણ ઉણપ કે હિણપ થતી નથી. નિગોદની અવસ્થામાં ઘણો અલ્પ વિકાસ રહેવાથી ચૈતન્યદ્રવ્યમાં કિંચિત્‌માત્ર પણ વૃદ્ધિ થતી નથી. નિગોદની પર્યાય કરતા નવ પૂર્વ તથા અગિયાર અંગના ઉઘાડની પર્યાય અનંતગણી છે અને તેના કરતા પણ અનંતગણી કેવળજ્ઞાનની પર્યાય છે કે જે અનંતાનંત પદાર્થોને અનંતકાળ સુધી જાણે; એવડી મોટી પર્યાય થઈ છતાં ચૈતન્યદ્રવ્યમાં કિંચિત્‌માત્ર પણ ઘટાડો કે ઉણપ થાય છે એમ નથી; દ્રવ્ય ને ગુણ તો સદાય એવા ને એવા જ પરિપૂર્ણ રહે એવો ચૈતન્યજાદુગર છે, તેની શક્તિઓ ચમત્કારીક છે, ચૈતન્યનો ચમત્કાર આશ્ચર્યકારી જાદુગરી જેવો છે. ચૈતન્યના ચમત્કારનો મહિમા અપરંપાર છે. એવા ચમત્કારી ચૈતન્ય પ્રભુની પ્રતીતિ કરવી એ આ દુર્લભ માનવભવમાં એકમાત્ર કર્તવ્ય છે. ૧૦૩૭.

– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર

# ગાથા-૪૧૪

ववहारिओ पुण णओ दोण्णि वि लिंगाणि भणदि मोक्खपहे।
णिच्छयणओ ण इच्छदि मोक्खपहे सव्वलिंगाणि।।४१४।।

व्यावहारिकः पुनर्नयो द्वे अपि लिङ्गे भणति मोक्षपथे।
निश्चयनयो नेच्छति मोक्षपथे सर्वलिङ्गानि।।४१४।।

यः खलु श्रमणश्रमणोपासकभेदेन द्विविधं द्रव्यलिङ्गं भवति मोक्षमार्ग इति प्ररूपणप्रकारः स केवलं व्यवहार एव, न परमार्थः, तस्य स्वयमशुद्धद्रव्यानुभवनात्मकत्वे सति परमार्थत्वाभावात्; यदेव श्रमणश्रमणोपासकविकल्पातिक्रान्तं दृशिज्ञप्तिप्रवृत्तवृत्तिमात्रं शुद्धज्ञानमेवैकमिति निस्तुषसञ्चेतनं परमार्थः, तस्यैव स्वयं शुद्धद्रव्यानुभवनात्मकत्वे सति परमार्थत्वात्। ततो ये व्यवहारमेव परमार्थबुद्ध्या चेतयन्ते, ते समयसारमेव न सञ्चेतयन्ते; य एव परमार्थं परमार्थबुद्ध्या चेतयन्ते, ते एव समयसारं चेतयन्ते।

---

'વ્યવહારનય જ મુનિલિંગને અને શ્રાવકલિંગને-એ બન્ને લિંગોને મોક્ષમાર્ગ કહે છે, નિશ્ચયનય કોઈ લિંગને મોક્ષમાર્ગ કહેતો નથી'-એમ હવે ગાથામાં કહે છે :-

**વ્યવહારનય એ ઉભય લિંગો મોક્ષપંથ વિષે કહે,**
**નિશ્ચય નહીં માને કદી કો લિંગ મુક્તિપથ વિષે. ૪૧૪.**

ગાથાર્થ :- [ व्यावहारिकः नयः पुनः ] વ્યવહારનય [ द्वे लिङ्गे अपि ] બન્ને લિંગોને [ मोक्षपथे भणति ] મોક્ષમાર્ગમાં કહે છે (અર્થાત્ વ્યવહારનય મુનિલિંગ તેમ જ ગૃહીલિંગને મોક્ષમાર્ગ કહે છે); [ निश्चयनयः ] નિશ્ચયનય [ सर्वलिङ्गानि ] સર્વ લિંગોને (અર્થાત્ કોઈ પણ લિંગને) [ मोक्षपथे न इच्छति ] મોક્ષમાર્ગમાં ગણતો નથી.

ટીકા :- શ્રમણ અને શ્રમણોપાસકના ભેદે બે પ્રકારનાં દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ છે-એવો જે પ્રરૂપણ-પ્રકાર (અર્થાત્ એવા પ્રકારની જે પ્રરૂપણા) તે કેવળ વ્યવહાર જ છે, પરમાર્થ નથી, કારણ કે તે (પ્રરૂપણા) પોતે અશુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી તેને પરમાર્થપણાનો અભાવ છે; શ્રમણ અને શ્રમણોપાસકના ભેદોથી અતિક્રાંત, દર્શનજ્ઞાનમાં પ્રવૃત્ત પરિણતિમાત્ર (-માત્ર દર્શન-જ્ઞાનમાં પ્રવર્તેલી પરિણતિરૂપ) શુદ્ધ જ્ઞાન જ એક છે-એવું જે નિસ્તુષ (-નિર્મળ) અનુભવન તે પરમાર્થ છે, કારણ કે તે (અનુભવન) પોતે શુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી

તેને જ પરમાર્થપણું છે. માટે જેઓ વ્યવહારને જ પરમાર્થબુદ્ધિથી (-પરમાર્થ માનીને) અનુભવે છે, તેઓ સમયસારને જ નથી અનુભવતા; જેઓ પરમાર્થને પરમાર્થબુદ્ધિથી અનુભવે છે, તેઓ જ સમયસારને અનુભવે છે.

ભાવાર્થ :– વ્યવહારનયનો વિષય તો ભેદરૂપ અશુદ્ધદ્રવ્ય છે, તેથી તે પરમાર્થ નથી; નિશ્ચયનયનો વિષય અભેદરૂપ શુદ્ધદ્રવ્ય છે, તેથી તે જ પરમાર્થ છે. માટે, જેઓ વ્યવહારને જ નિશ્ચય માનીને પ્રવર્તે છે તેઓ સમયસારને અનુભવતા નથી; જેઓ પરમાર્થને પરમાર્થ માનીને પ્રવર્તે છે તેઓ જ સમયસારને અનુભવે છે (તેથી તેઓ જ મોક્ષને પામે છે).

## ગાથા-૪૧૪ ઉપર પ્રવચન

ववहारिओ पुण णओ दोण्णि वि लिंगाणि भणदि मोक्खपहे।
णिच्छयणओ ण इच्छदि मोक्खपहे सव्वलिंगाणि।।४१४।।

એ મૂળ શ્લોક (થયો), નીચે હરિગીત.

વ્યવહારનય એ ઉભય લિંગો મોક્ષપંથ વિષે કહે,
નિશ્ચય નહીં માને કદી કો લિંગ મુક્તિપથ વિષે. ૪૧૪.

આ તો બે હજાર વર્ષ પહેલાનું 'કુંદકુંદાચાર્યદેવ' નું કથન છે. ભગવાન પાસે ગયા હતા, નગ્ન મુનિ હતા, સાચા ભાવલિંગી હતા. ક્યાંથી ગયા હતા તે અમે જોયું છે. ત્યાંથી એમને ધ્યાનમાં વિચાર આવ્યો, અરે..રે...! ભરતક્ષેત્રમાં મહાવીર તીર્થંકરનો વિરહ પડ્યો. એવો વિકલ્પ આવ્યો, જવાનો ભાવ આવ્યો. દેવ આવીને લઈ ગયા, એક એવી વાત પણ આવે છે. અને એક વાત (એમ આવે છે કે), એમની પાસે લબ્ધિ હતી તે લબ્ધિથી ભગવાન પાસે ગયા. આહાહા..! ક્યું ક્ષેત્ર? પોન્નુર હિલ. ત્યાં ગયા હતા ને? પોન્નુર હિલમાં રહેતા હતા. ધ્યાનમાં આનંદમાં રહેતા હતા. એમાંથી એવો વિકલ્પ ઉઠ્યો, અરે..! ભરતક્ષેત્રમાં પરમાત્માનો વિરહ છે. ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. એવો ભાવ આવ્યો. લબ્ધિ હતી અને કોઈ દેવ (આવીને લઈ ગયા) એમ બન્ને વાત ઇતિહાસમાં આવે છે. દેવ એમને ભગવાન પાસે લઈ ગયા.

ભગવાનના સમવસરણમાં આઠ દિવસ સાંભળ્યું. સાંભળીને કેટલીક વાત તો શ્રુતકેવળી, સંતો, ભાવલિંગી સંતો પાસે (ચર્ચા કરીને) નિર્ણય કર્યો. બધો પાકો નિર્ણય કરીને.. આ તો સંત સમકિતી સાચા મુનિ (હતા) પણ ત્યાં જઈને વિશેષ દઢતા (કરી), જ્ઞાનની વિશેષ સ્પષ્ટતા કરી. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. આહાહા..! ભગવાન પરમાત્મા આમ કહે છે. આહાહા..! જિનવર આમ કહે છે, એમ આવે છે ને ગાથામાં જિનવર એમ કહે

છે. એ તો પોતે કહે તો પણ એ પોતે જિનવર છે. જિનવર જેવા જ તેઓ છે. છતાં નિર્માનપણે જિનવર પ્રભુ આમ કહે છે. ત્રણલોકના નાથનું આ કથન છે કે મહાવ્રત આદિની ક્રિયા પુણ્યબંધનું કારણ છે, ધર્મ નથી. એ મોક્ષનો માર્ગ નથી, એ જૈનધર્મ જ નથી. આહાહા..! આકરી વાત છે.

'વ્યવહારનય જ મુનિલિંગને અને શ્રાવકલિંગને-એ બન્ને લિંગોને મોક્ષમાર્ગ કહે છે,...' વ્યવહારનય બન્નેને (મોક્ષમાર્ગ) કહે છે. 'નિશ્ચયનય કોઈ લિંગને મોક્ષમાર્ગ કહેતો નથી' અહીં તો આત્માના આનંદ ને જ્ઞાનનું ભાન, અનુભવ થાય તેને જ મોક્ષમાર્ગ કહે છે. વ્યવહારનય કહે છે, કથનમાં આવે છે, વસ્તુમાં એ નથી. આહાહા..!

ટીકા :- 'શ્રમણ અને શ્રમણોપાસકના ભેદે...' સાધુ અને શ્રમણોપાસક શ્રાવક બન્ને ભેદથી 'બે પ્રકારનાં દ્રવ્યલિંગો...' બાહ્યક્રિયા 'મોક્ષમાર્ગ છે-એવો જે પ્રરૂપણ પ્રકાર (અર્થાત્ એવા પ્રકારની જે પ્રરૂપણા) તે કેવળ વ્યવહાર જ છે,...' કેવળ વ્યવહાર છે, એ પરમાર્થ નથી. આહાહા..! આકરો માર્ગ. એ પરમ સત્ય વસ્તુ, સચ્ચિદાનંદ પ્રભુ, શાશ્વત આનંદ ને જ્ઞાન ને સ્વચ્છતા, પ્રભુતા, આનંદ, શ્રદ્ધા, જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે. આહાહા..!

અહીંયા કહે છે, 'શ્રમણ અને શ્રમણોપાસકના ભેદે બે પ્રકારનાં દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ છે-' એમ વ્યવહારનય કહે છે. એ તો વ્યવહારનય કહે છે, વસ્તુસ્થિતિ નથી. વ્યવહારનયનો વિષય છે પણ એ વસ્તુસ્થિતિ નથી. આહાહા..! ધર્મ નથી. વ્યવહારનયનો વિષય છે. દ્રવ્યલિંગ, નગ્નપણું, પંચ મહાવ્રત હોય છે પણ એ પુણ્યબંધનું કારણ છે. એ વ્યવહારનયનો વિષય છે. નય છે તે જ્ઞાન છે, વિષયી છે, વિષય કરનાર છે. તેનો વિષય છે ખરો પણ એ સત્ય મોક્ષમાર્ગ નથી. આહાહા..!

'પરમાર્થ નથી,...' છે? આહાહા..! '(એવા પ્રકારની જે પ્રરૂપણા) તે કેવળ વ્યવહાર જ છે,...' કેવળ વ્યવહાર છે, એકલો વ્યવહાર છે. નિશ્ચય આત્માના ભાન સહિત જો વ્યવહાર હોય તો એ પુણ્યબંધન (છે). આ તો એકલો વ્યવહાર છે. નિશ્ચય આત્મા આનંદમૂર્તિ પ્રભુ, તેના તરફનું તો ધ્યાન નથી, લક્ષ નથી, અનુભવ નથી અને કેવળ વ્યવહાર, આહાહા..! એકલો વ્યવહાર (કરે છે). એમ ભાષા છે ને? 'કેવળ વ્યવહાર જ છે,...' એ ક્રિયાકાંડ પંચ મહાવ્રત આદિ, નિર્દોષ આહાર લેવો, એની માટે બનાવ્યો હોય તે ન લેવો એ બધી વ્યવહાર ક્રિયા 'કેવળ વ્યવહાર જ છે,...' કેવળ વ્યવહાર જ છે. આહાહા..! એમાં નિશ્ચયની ગંધ નથી, સત્યનો અંશ નથી. આહાહા..! પરમાર્થ નથી. એ વ્યવહાર પરમાર્થ નથી, સત્ય નથી. આહાહા..!

'કારણ કે તે (પ્રરૂપણા) પોતે અશુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ...' છે. આહાહા..! આત્મામાં એ પંચ મહાવ્રતાદિના પરિણામ અશુદ્ધ પર્યાય છે તો અશુદ્ધ દ્રવ્યનો અનુભવ છે. આહાહા..! આકરું કામ. આ છેલ્લી ગાથાઓ છે. અનંત કાળ થયો, એણે સત્ય વાત સાંભળી નથી

અને સાંભળી તો અંદર રુચિ નહિ, અંદરમાં રુચિ નહિ. બહારમાં સાંભળ્યું અને એમ ને એમ કાઢી નાખ્યું. આહાહા..! ભગવાન પાસે પણ અનંત વાર સાંભળ્યું. મહાવિદેહ ક્ષેત્રમાં પણ જન્મ તો અનંત વાર લીધો છે અને તેમની પાસે સાંભળ્યું પણ છે પણ અંતરમાં દૃષ્ટિમાં એ વાત રુચિ નહિ, અંદરમાં પોષાણ ન આવ્યું. એકલા વ્યવહારની રુચિ અને પોષણ કર્યું. આહાહા..! તેથી તેને પરમાર્થનો અભાવ છે. છે?

'પોતે અશુદ્ધ દ્રવ્ય...' અશુદ્ધ દ્રવ્ય એટલે મહાવ્રતાદિના પરિણામ મેલ છે, અશુદ્ધ છે. એ અશુદ્ધ દ્રવ્યનો અનુભવ છે. આહાહા..! અહીં તો હજી પંચ મહાવ્રતના ઠેકાણા નથી તેને પણ મહાવ્રત ને મુનિવ્રત ધાર્યાં છે એમ કહે છે. શું થાય? પ્રભુ! આહાહા..! 'પોતે અશુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી...' કોણ? વ્યવહાર. આહાહા..! શાસ્ત્રમાં જેટલી વ્યવહારનયની ક્રિયાકાંડની વાત છે એ બધી... આહાહા..! અશુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ છે. એ તો મલિન પરિણામનું વેદન છે. આહાહા..! એ વ્રતના પરિણામ પણ શુભરાગ મલિન છે. શુભરાગ છે એ પણ વિકાર છે. ભગવાન આત્મા તો એ શુભરાગથી પણ અંદર ભિન્ન છે. નવ તત્ત્વમાં તો ભિન્ન આત્મતત્ત્વ છે. આહાહા..! નવ તત્ત્વના નામ કોઈ સમજે, સાંભળે કે જીવ, અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ, તો જીવ તો ભિન્ન રહી ગયો. જીવમાં તો એ આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ એમાં છે નહિ. આહાહા..! એ તો પર્યાય છે, વિકારી-અવિકારી પર્યાય છે. પુણ્ય-પાપ, આસ્રવ, બંધ એ વિકારી પર્યાય છે. પર્યાય એટલે અવસ્થા. સંવર, નિર્જરા અને મોક્ષ અવિકારી પર્યાય છે. પર્યાય–અવસ્થા. વસ્તુ તેનાથી અંદર ભિન્ન છે. આહાહા..! એ શુદ્ધ અને અશુદ્ધ પર્યાયથી ભિન્ન ભગવાન ચૈતન્યસ્વરૂપ... આહાહા...! તેની તો ખબર નથી.

'કારણ કે તે (પ્રરૂપણા) પોતે અશુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી તેને પરમાર્થપણાનો અભાવ છે;...' એ ક્રિયાકાંડમાં પરમાર્થનો અભાવ છે, પરમાર્થ સ્વરૂપ નથી. આહાહા..! જ્ઞાનીને પણ આવે છે પણ એ અશુભથી બચવા માટે પુણ્ય બંધરૂપે છે. મોક્ષમાર્ગ નથી. આહાહા..! આવો માર્ગ. (અત્યારે તો) એકદમ ફેરફાર (થઈ ગયો). 'પરમાર્થપણાનો અભાવ છે; શ્રમણ અને શ્રમણોપાસકના ભેદોથી...' એ બે ભેદથી અતિક્રાંત. શ્રાવકાદિના બાર વ્રત અને મુનિના પંચ મહાવ્રત, તેનાથી અતિક્રાંત–જુદો 'દર્શનજ્ઞાનમાં પ્રવૃત્ત પરિણતિમાત્ર...' આહાહા..! અંદરમાં આત્મામાં દર્શન, આત્માની શ્રદ્ધા, આત્માનું જ્ઞાન અને તેમાં પ્રવૃત્ત પરિણતિ–તેમાં પરિણતિ–રમણતા, એ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, એ મોક્ષમાર્ગ છે. આહાહા..! શું કહ્યું?

'શ્રમણ અને શ્રમણોપાસકના ભેદોથી...' વ્યવહાર. એનાથી 'અતિક્રાંત,...' જુદો. 'દર્શનજ્ઞાનમાં પ્રવૃત્ત પરિણતિમાત્ર...' માત્ર દર્શન-જ્ઞાનમાં પ્રવૃત્તિમાત્ર, પરિણતિમાત્ર. 'શુદ્ધ જ્ઞાન જ એક છે...' શુદ્ધ જ્ઞાન. એકલું જાણપણું એમ નહિ, તેમ એકલી મહાવ્રતની ક્રિયા પણ નહિ. શુદ્ધ જ્ઞાન સ્વરૂપ જે નિર્મળ છે તેને પકડીને, અનુભવીને અનુભવ કરે એ શ્રુતજ્ઞાન

એક છે. આહાહા..! પંચ મહાવ્રતાદિની ક્રિયા તો અનેક છે. આ એક સ્વરૂપે ભગવાન અંદર છે. ચૈતન્યમૂર્તિ પ્રભુ જ્ઞાન, આનંદ, જ્ઞાનાનંદનો નાથ દેહદેવળમાં દેવ બિરાજે (છે). આહાહા..! એ દેવને દેવની ખબર નથી. આહાહા..! 'શુદ્ધ જ્ઞાન જ એક છે–એવું જે નિસ્તુષ (–નિર્મળ) અનુભવન તે પરમાર્થ છે,...' આહાહા..! અંદર જ્ઞાનસ્વરૂપ પ્રભુ, જાણનસ્વભાવનો અનુભવ તે પરમાર્થ સ્વરૂપ મોક્ષમાર્ગ છે. આહાહા..!

જેમ સાકરમાં ગળપણ સ્વરૂપ એ સાકર છે, એમ ભગવાન આત્મા જાણન.. જાણન.. જાણન.. જાણન જ્ઞાયક સ્વરૂપી આત્મા છે, એકલો જાણન સ્વરૂપ આત્મા છે. તે જ અનુભવન, તેનો જે અનુભવ એ જ પરમાર્થ છે. આહાહા..! છે? 'શુદ્ધ જ્ઞાન જ...' એમ શબ્દો લીધા છે. 'જ' કહીને એકાંત કર્યું છે. કથંચિત્ શુદ્ધ જ્ઞાન મોક્ષમાર્ગ અને કથંચિત્ અશુદ્ધ મહાવ્રતાદિ મોક્ષમાર્ગ, એ અનેકાંત છે એમ નહિ. આહાહા..!

'શુદ્ધ જ્ઞાન જ એક...' ત્રિકાળી ચૈતન્યપ્રભુ શુદ્ધ વીતરાગમૂર્તિ ભગવાન આત્મા છે તે એક છે, એવું જે નિર્મળ અનુભવન. આહાહા..! ક્યાં જાવું? હજી બાહ્યથી નિવૃત્તિ ન મળે અને નિવૃત્તિ લઈ લ્યે અને ક્રિયાકાંડ કરે તો પણ એ ધર્મ નથી. આહાહા...! તેનાથી પણ નિવૃત્તિ લઈને અંદરમાં જાવું. આહા..!

'એવું જે નિસ્તુષ (–નિર્મળ) અનુભવન તે પરમાર્થ છે,...' એ રાગની ક્રિયાથી રહિત જ્ઞાનસ્વરૂપે, જાણનસ્વરૂપે ભગવાન છે એ જાણનસ્વરૂપમાં એકાગ્રતા થવી એ એક જ મોક્ષનો પરમાર્થ માર્ગ છે. આહાહા..! અરે..રે...! અનંતે કાળે મનુષ્યભવ મળ્યો છતાં ક્યાંનો ક્યાં ચાલે, જિંદગી ગુમાવે. અરે..! વ્યવહારમાં રહે તો પણ જિંદગી ગુમાવી દે. આહાહા..! પરમાર્થ સ્વરૂપ એવો ભગવાન આત્મા અંદર ચૈતન્યજ્યોત, જ્ઞાન અને આનંદની મૂર્તિ પ્રભુ અરૂપી સ્વભાવનો સાગર.. આહાહા..! એનું અનુભવન જ પરમાર્થ છે. તેનું 'અનુભવન તે પરમાર્થ છે,...' બાકી પંચ મહાવ્રત આદિનો વ્યવહાર તે વ્યવહાર છે, પરમાર્થ નથી. પુણ્યબંધનું કારણ છે. આહાહા..!

મુમુક્ષુ :– તીર્થંકરની હયાતીમાં આવા દ્રવ્યલિંગી હોય?

ઉત્તર :– હા, સંઘમાં પણ હોય. 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં આવે છે. ભાવલિંગી સંત હોય એમાં કોઈ દ્રવ્યલિંગી હોય પણ બહારની આચરણ ક્રિયા બરાબર આગમ પ્રમાણે હોય, અંદરમાં ફેર હોય તે જાણવામાં આવી જાય પણ બહાર પાડે તો વિરોધ થાય. 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં છે. એનો વ્યવહાર સાચો હોય. આગમ પ્રમાણે વ્યવહાર ક્રિયા કરતો હોય, પ્રરૂપણા, બહાર કહેવાની શ્રદ્ધા બરાબર હોય પણ ફેર એક એટલો કે અંદર સ્વરૂપનો અનુભવ નથી. એથી એ વ્યવહાર બીજા જીવને ખ્યાલમાં આવે પણ બહાર ન પાડી શકે, બહાર પડે તો સંઘમાં વિરોધ થાય. આહાહા..! કારણ કે લોકો વ્યવહારને દેખનારા છે કે આમાં ક્યાં ફેર છે? એટલે બહારમાં બોલે નહિ. 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં છે. આ લેખ છે. 'ટોડરમલજી'

એ 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં હજારો બોલનો ખુલાસો કર્યો છે.

'મોક્ષમાર્ગ પ્રકાશક' માં 'ટોડરમલે' હજારો બોલનો ખુલાસો કર્યો છે. પહેલા એ પુસ્તક (સંવત) ૧૯૮૨ માં મળ્યું. (સંવત) ૧૯૭૮ માં 'સમયસાર' મળ્યું, ૧૯૮૨ માં 'રાજકોટ' માં 'મોક્ષમાર્ગ પ્રકાશક' મળ્યું. વાંચતા વાંચતા એવી ધુન લાગી કે ન ખાવું ભાવે, ન પીવું ભાવે, ન વ્હોરવા જાવું ભાવે. વ્હોરવા જાવું પડે. હું અને 'જીવણલાલજી' બે જ હતા. 'જીવણલાલજી' હતા ને? 'ખસવાળા'. પછી એને કૂતરું કરડેલું એટલે પાણી માંડ માંડ બિચારા લઈ આવે. અને હું આ 'મોક્ષમાર્ગ પ્રકાશક' વાંચતો, મને બહારમાં કાંઈ સૂઝ પડે નહિ. એક વ્યાખ્યાન દઈને એક કોર બેસી જાઉં. કીધું, ઓ..હો...! આવી ચીજ! આવી ચીજ! બહુ ખુલાસો (કર્યો છે).

'મોક્ષમાર્ગ પ્રકાશક'. આહાહા...! ૧૯૮૨ ની સાલમાં મળ્યું. પછી તો સેંકડો વાર (વાંચ્યું). ૧૯૮૨, કેટલા વર્ષ થયા? ૫૪ વર્ષ થયા. આહાહા...! એમાં લખ્યું છે કે, સંઘમાં કોઈ મિથ્યાદૃષ્ટિ હોય, દ્રવ્યલિંગી હોય, ભાવ ન હોય એમ ખ્યાલમાં પણ આવી જાય, અંદરમાં ઊંડાણમાં ઊંડાણમાં એનામાં ભૂલ ક્યાં છે એ ખ્યાલ આવે પણ એ બહાર ન પાડી શકે. વ્યવહારમાં વિરોધ આવે. 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં છે. એવી વાત છે.

'કારણ કે તે (અનુભવન) પોતે શુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી...' આહાહા...! કારણ કે તે અનુભવન ચૈતન્ય સ્વભાવનું અનુભવન, પુણ્ય અને પાપની ક્રિયાથી રહિત (શુદ્ધ અનુભવન છે). ભગવંત! પહેલા નિર્ણય તો કર કે માર્ગ તો આ છે. પછી અંદરમાં જઈ શકીશ. હજી નિર્ણયમાં પણ વિકલ્પ સહિતનો નિર્ણય, રાગસહિતનો નિર્ણય એમાં પણ જેની ભૂલ છે, પ્રભુ! એ અંદરમાં કઈ રીતે જઈ શકશે? આહાહા...! તો રાગસહિત, વિકલ્પસહિત તો નિર્ણય સાચો કર. આહાહા...! કે માર્ગ તો આ છે. સત્‌ને સંખ્યાની જરૂર નથી કે આને ખુબ લાખો માણસ માને તો સત્ય કહેવાય અને કોઈ બે-ચાર, પચીસ માણસ માને માટે અસત્ય કહેવાય એમ નથી. આહાહા...!

મુમુક્ષુ :– બાપુજી કહે કે કોઈ માને તો પણ સત્‌ તો સત્‌ જ છે.

ઉત્તર :– કોઈ ન માને તો પણ સત્‌ તો સત્‌ જ છે. એ સત્‌ કંઈ અસત્ય થતું નથી. આહાહા...! આકરું પડે પણ પ્રભુ! કોઈ દિ' સાંભળ્યું ન હોય અને એ માર્ગ અંદર ઊતરવો,... એ અલૌકિક વાત લૌકિકથી તદ્દન જુદી છે. આહાહા...!

અહીં એ કહે છે, 'પોતે શુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી...' સ્વયં પોતાથી શુદ્ધ દ્રવ્યનો અનુભવ. આહાહા...! આનંદનો, વીતરાગપણાનો અનુભવ, આહાહા...! જેમાં રાગનો, દયા, દાનના વિકલ્પનો મેળ નથી, સંબંધ નથી, એવો ભગવાન આત્મા અંતર જ્ઞાનસ્વરૂપી પ્રભુના 'અનુભવનસ્વરૂપ હોવાથી તેને જ પરમાર્થપણું છે માટે જેઓ વ્યવહારને જ...' માટે, આ કારણે 'જેઓ વ્યવહારને જ પરમાર્થબુદ્ધિથી (–પરમાર્થ માનીને) અનુભવે છે,...' આહાહા...!

બાહ્ય ક્રિયાકાંડ પંચ મહાવ્રતાદિ અત્યારે તો છે ક્યાં? અત્યારે સાધુ નગ્ન હોય તો એને માટે ચોકા કરે. અરે..! એ બિચારા શું કરે? (દ્રવ્યલિંગ) લઈ લીધું હોય, નિર્દોષ તો મળે નહિ, ક્યાંક જાય તો નિર્દોષ આહાર-પાણી (મળે નહિ). એને માટે બન્યું હોય એ લે. બીજું ક્યાંથી મળે? અરે..! શું કરે? બીજો કોઈ ઉપાય રહ્યો નહિ. અવળે માર્ગે ચડી ગયા. આહાહા..! અરે..! એ ભગવાન છે, એ આત્મા છે. એને આત્મા જોઈએ છીએ. પણ અંદર પરમાર્થ મળતો નથી. વ્યવહારના કહેનારા, માનનારા, પ્રરૂપનારા મળે છે એથી એ વ્યવહાર એને બેસી જાય છે. આહાહા..!

પરમાર્થ સ્વરૂપ ભગવાન, જેમાં ભવનો અભાવ થઈ જાય એ અહીં કહે છે, આહાહા..! 'માટે જેઓ વ્યવહારને જ પરમાર્થબુદ્ધિથી...' 'વ્યવહારને જ' એમ છે ને? 'જ'. 'પરમાર્થબુદ્ધિથી (-પરમાર્થ માનીને)...' આ કરતા કરતા કલ્યાણ થઈ જશે, વ્યવહાર કરતા કરતા (કલ્યાણ થઈ જશે). લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવશે. એમ કદી થતું નથી. લસણ.. લસણ. ઢોકળામાં ખાય છે ને? લસણ ખાઈને કસ્તુરીનો ઓડકાર આવશે એમ માને છે. વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાશે એમ માનનારા એવા છે. પ્રભુ! એમ થતું નથી. આહાહા..! લસણ ખાનારાને લસણના ઓડકાર આવશે, કસ્તુરીના ઓડકાર નહિ આવે. આહાહા..! કસ્તુરી ભિન્ન છે, લસણ ભિન્ન છે. એમ દયા, દાન, વ્રતાદિની ક્રિયા ભિન્ન છે, પરમાર્થ પ્રભુ આત્મા ભિન્ન છે. અરે..રે..! કાને પડવું મુશ્કેલ પડે. એકાંત છે, એમ માણસને થઈ જાય. આહાહા..!

અહીં કહે છે, કે વ્યવહાર હોય છે, આવે છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી નિશ્ચય સ્વરૂપના ભાન, અનુભવ સહિત પંચ મહાવ્રત આદિના વિકલ્પ આવે છે પણ એ બંધનું કારણ છે એમ ધર્મી જીવ સમજે છે. પણ એવા અપવાદમાર્ગમાં ન આવે અને અંદરમાં ઠરી શકે નહિ તો હઠ થઈ જાય. શું કહ્યું સમજાણું? આહાહા..! અંદરમાં ઠરી શકે નહિ અને એ પંચ મહાવ્રતના વિકલ્પ અપવાદ બંધનું કારણ છે. આવે છે, ન આવે અને અંદરમાં રહી શકે નહિ તો ભ્રષ્ટ થઈ જાય. આહાહા..! એવો અપવાદમાર્ગ વચ્ચે આવે છે પણ એ ધર્મ નહિ, મૂળ મુક્તિનો માર્ગ નહિ. એ તો અંદરમાં ઠરી શકતો નથી તો અશુભથી બચવા શુભભાવ આવે છે, ધર્મીને, જ્ઞાનીને આવે છે. આહાહા..! પણ છે બંધનું કારણ, ધર્મ નહિ. અરેરે..!

'માટે જેઓ વ્યવહારને જ પરમાર્થબુદ્ધિથી (-પરમાર્થ માનીને) અનુભવે છે, તેઓ સમયસારને જ નથી અનુભવતા,...' આહાહા..! અંદર ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ પરમાત્મસ્વરૂપે શક્તિએ બિરાજમાન છે. શક્તિએ કહો, સ્વભાવે કહો, ગુણે કહો, ભાવે કહો એ બિરાજમાન છે. આહાહા..! તેને તેઓ અનુભવતા નથી. રાગની ક્રિયાને અનુભવે છે. આહાહા..! 'નથી અનુભવતા,...'

'જેઓ પરમાર્થને પરમાર્થબુદ્ધિથી અનુભવે છે,...' આહાહા..! પણ જે પરમાત્મા પરમાર્થને જાણીને જે આત્મા,... પરમાત્મા જ આત્મા છે. આહાહા..! 'પરમાર્થને પરમાર્થબુદ્ધિથી અનુભવે છે,...' પરમ પદાર્થ પ્રભુ, ચૈતન્ય સ્વરૂપની હયાતી પુણ્ય અને પાપના વિકલ્પથી રહિત, તેનો અનુભવ કરે છે 'તેઓ જ સમયસારને અનુભવે છે.' આહાહા..! આવો અધિકાર આવ્યો છે. ૪૧૪ ગાથા. આહાહા..!

આ કાંઈ અહીંની વાત નથી, આ કાંઈ 'સોનગઢ' ની વાત નથી. આહાહા..! ત્રણલોકના નાથ ભગવાન પાસેથી આવેલી વાત છે, ભગવાનનો એ સંદેશ છે કે માર્ગ આ છે, પ્રભુ! તું ક્યે રસ્તે ચડી ગયો નાથ! ક્યાં તારે જાવું છે? આહાહા..! તારે કઈ તરફ જવું છે? આહાહા..! વ્યવહાર તરફ જવું છે તો પ્રભુ! વ્યવહાર તો અનંત વાર કર્યો. એ તો પરદ્રવ્યની અશુદ્ધતા છે. એ તો સંસારનું કારણ છે. આહાહા..!

અહીં કહ્યું ને? 'સમયસારને જ નથી અનુભવતા; જેઓ પરમાર્થને પરમાર્થબુદ્ધિથી અનુભવે છે,...' આહાહા..! જે ચૈતન્ય સ્વભાવનો અનુભવ કરે છે 'તેઓ જ સમયસારને અનુભવે છે.' તેઓ જ આત્માનો એટલે સમયસારનો અનુભવ કરે છે. આહાહા..! આ ૪૧૪ (ગાથા છે). બસ! ૪૧૫ ગાથા છે. આખા 'સમયસાર' ની ૪૧૫ ગાથા છે. ૪૧૧ પહેલા વંચાઈ ગઈ હતી. આ આપણે ૪૧૨ થી શરૂ કર્યું છે. આહાહા..! માખણ છે, એકલું તત્ત્વ છે.

અંતરમાં અરે..રે..! કોઈ શરણ નથી. શરીરમાં રોગ આવે, કોઈ શરણ નથી. આહાહા..! કેવા રોગ હોય... આહાહા..! જેનો કાંઈ પત્તો લાગે નહિ. ડૉક્ટરો પણ જાણી શકે નહિ કે આ ક્યો રોગ છે? એવું સાંભળીએ છીએ. આહાહા..!

મુમુક્ષુ :– કેન્સરનો રોગ થાય છે એમાં ડોક્ટરોને પણ ખ્યાલ ન આવે.

ઉત્તર :– હા, એવા ઘણા માણસોનું સાંભળ્યું છે. કોઈ એકને લોહી પડતું હતું. કોણ? 'કામદાર', એના જમાઈ. લોહીની ઊલટી. હવે ઊલટી કેવી રીતે થાય છે એ ડૉક્ટરોએ ખૂબ ચીરીને ઇંજેક્શન મારીને જોયું પણ આ કેમ ક્યાંથી ઊલટી આવે છે એની ખબર ન પડી. આહાહા..! મોટા ડૉક્ટર 'મુંબઈ' ના! એ શું કરે? પ્રભુ! ડૉક્ટર પોતે પણ મરી જાય છે ને! શું થાય? એણે બહુ ચીર્યું, આખું જોયું.. અંતે દેહ છૂટી ગયો. આહાહા..! દેહ જડ છે. આહાહા..! એની પર્યાય કેવી થવી એ ક્રમબદ્ધમાં... આહાહા..! ક્રમસરમાં જે પર્યાય થવાવાળી છે તે થશે. આહાહા..! ભગવાન એનાથી ભિન્ન છે. તેની પણ પોતાની ક્રમબદ્ધ પર્યાય પોતાના લક્ષે, ચૈતન્યના લક્ષે, જ્ઞાનમૂર્તિને લક્ષે ક્રમબદ્ધ થાય છે તેને અનુભવે છે. આહાહા..!

'તેઓ જ સમયસારને અનુભવે છે.' આ સમયસાર (છે). સમયસાર કોઈ શબ્દ નથી. સમયસાર તો વાચક (છે). જેમ સાકર તો શબ્દ છે. તેમાં સાકર પદાર્થ નથી અને સાકર પદાર્થ છે તેમાં સાકર શબ્દ નથી. સાકર શબ્દ ભિન્ન છે, સાકર પદાર્થ ભિન્ન છે. આહાહા..!

એમ આ 'સમયસાર' શાસ્ત્ર શબ્દ ભિન્ન છે અને આત્મા અંદર સમયસાર એ ભિન્ન છે. આહાહા..! અંતરમાં આ સમયસાર નથી અને આ સમયસારમાં આત્મા નથી. આહાહા..!

અરે..! શરીર ઠીક હોય, નિરોગ હોય પછી એમાં ચાલ્યા જાય. આહાહા..! ક્યાં વખત જાય છે અને ક્યાં હું જઈશ? મારું શું થશે? હું એકલો જઈશ. એકલો આવ્યો, એકલો જઈશ, એકલો મરશે, એકલો મોક્ષ જશે. આહાહા..! ગાથા આવે છે ને? એ તો માને છે કે આ બધા બાયડી ને છોકરા મારા છે. એ તો એની માન્યતા ભૂલ છે, મિથ્યા ભ્રમ છે. એક ચીજ બીજી ચીજની ત્રણ કાળમાં થતી નથી. આહાહા..! એક વસ્તુ બીજી વસ્તુની ત્રણ કાળમાં થતી નથી. એક ચીજ બીજી ચીજને ત્રણ કાળમાં અડતી નથી. આ અનાદિથી માને કે, આ મારી બાયડી ને આ મારા છોકરા ને મારા પૈસા ને મારા મકાન. જગતની ચીજ (છે). આહાહા..! અરે..! પ્રભુ! તું ક્યાં જવાનો છો? એ ચીજ કંઈ તારી નથી. આહાહા..!

અહીં તો ક્રિયાકાંડ પણ તારા નથી એમ કહે છે. આહાહા..! એ બહારની ચીજ તો ક્યાંય રહી ગઈ પણ પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિના પરિણામ, શરીરથી બ્રહ્મચર્યના પરિણામ, શરીરથી બ્રહ્મચર્ય પાળે તે પણ બધા શુભભાવ પરદ્રવ્યના પરિણામ છે. આહાહા..! 'તેઓ જ સમયસારને અનુભવે છે.' આહા..!

ભાવાર્થ :- 'વ્યવહારનયનો વિષય તો ભેદરૂપ અશુદ્ધદ્રવ્ય છે,...' જુઓ! શું કીધું? વ્યવહારનય ભેદ પાડીને વિષય કરે છે માટે તે અશુદ્ધદ્રવ્ય છે. રાગ ને પુણ્ય ને પાપના પરિણામથી સહિત આત્માને વ્યવહારનય વિષય કરે છે. આહાહા..! પુણ્ય અને પાપના ભાવ મેલ છે તેની સહિત આત્માને વ્યવહારનય વિષય કરે છે. આહાહા..! એ તરફ તેની દૃષ્ટિ છે. 'તેથી તે પરમાર્થ નથી.' માટે તે પરમાર્થ નથી. આહાહા..!

બધા પ્રાણીને સુખ જોઈએ છે. બધા ભગવાન છે. આહાહા..! 'દ્રવ્યસંગ્રહ' માં તો એમ લીધું છે. અરે..રે..! હું આત્મા છું, હું આત્મા છું, અલ્પ કાળમાં હું આઠ કર્મથી રહિત થઈશ. હું નિશ્ચય મોક્ષમાં જઈશ, એક-બે-ત્રણ ભવમાં મારો મોક્ષ છે જ. પણ સર્વ પ્રાણીઓ ભગવાન છે. આહાહા..! અરે..! તમે સર્વ ભગવાન આત્મા પણ આઠ કર્મથી રહિત થઈ જાઓ ને નાથ! એવો 'દ્રવ્યસંગ્રહ' માં ધર્મધ્યાનના સંસ્થાનવિચય, અવાયવિચય, વિપાકવિચય ને આજ્ઞાવિચય ચાર ભેદ આવે છે ને? એમાં અવાયવિચયના અર્થમાં આ છે. આહાહા..! અવાય એટલે વિચારણા, અવાય એટલે નિર્ણય કરવો. ત્યાં એમ કહ્યું કે, હું તો આત્મા છું તો હું પણ એકાદ-બે ભવમાં આઠ કર્મથી રહિત થઈ જઈશ પણ પ્રભુ બધા આત્માઓ તમે ભગવાન છો, પ્રભુ! તમારી ઉપર નજર કરો, નાથ! અને અશુદ્ધની દૃષ્ટિ છોડી દો, પ્રભુ! આઠ કર્મથી રહિત થઈને તમે પણ સિદ્ધ થઈ જાઓ. આહાહા..! એવી ભાવના ભાવે છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

પ્રવચન નં. ૪૬૦ શ્લોક–૨૪૪, ગાથા–૪૧૫ શુક્રવાર, ભાદરવા સુદ ૩,
તા. ૧૨-૦૯-૧૯૮૦

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' ૪૧૪ નો ભાવાર્થ, બે લીટી ચાલી છે. 'વ્યવહારનયનો વિષય તો ભેદરૂપ અશુદ્ધદ્રવ્ય છે,...' શું કહ્યું? આ આત્મા વસ્તુ તરીકે શુદ્ધ છે પણ નિમિત્તના સંબંધમાં વશ થઈને જે મલિનતા, અશુદ્ધતા ઉત્પન્ન થાય છે એ કારણે વ્યવહારનયનો વિષય તો અશુદ્ધદ્રવ્ય છે. કેમકે ભેદરૂપ થયો. અખંડ, અભેદ ચૈતન્ય જે સ્વભાવ તેનો એકરૂપ ત્રિકાળ દૃષ્ટિનો વિષય ન લેતા ભેદરૂપ અશુદ્ધતા પુણ્ય અને પાપ સહિતનો આત્મા, એ ભેદરૂપ વ્યવહારનયનો વિષય છે. એ વાસ્તવિક વસ્તુ નહિ. છે ખરો, વ્યવહારનયનો વિષય છે ખરો. છે પણ આદરણીય નથી. આહાહા..!

'તેથી તે પરમાર્થ નથી;...' એક દ્રવ્યના, પરદ્રવ્યના નિમિત્તને આધીન જેટલી વિકારની દશાઓ થાય એ બધો વ્યવહારનો વિષય ભેદરૂપ છે. તેનો આશ્રય લેવા યોગ્ય નથી. 'તેથી તે પરમાર્થ નથી;...' એ પરમાર્થ નથી. આહાહા..! વ્રત, નિયમ, તપ આદિના જે વિકલ્પ થાય છે એ અશુદ્ધ દ્રવ્ય છે. દ્રવ્ય પોતે અશુદ્ધ, પર્યાયમાં અશુદ્ધ, હોં! દ્રવ્ય અશુદ્ધ થતું નથી. અશુદ્ધદ્રવ્ય કહે છે તેનો અર્થ પર્યાયમાં અશુદ્ધતા છે તેને અહીં અશુદ્ધદ્રવ્ય કહેવામાં આવે છે. આહાહા..!

અનાદિ કાળથી એ અશુદ્ધદ્રવ્ય ઉપર જ દૃષ્ટિ છે, એ વ્યવહારનયનો વિષય છે, એ પરમાર્થ નથી. તેમાં આત્માનું કલ્યાણ નથી અને પરમાર્થ ચીજ નથી. આહાહા..! 'નિશ્ચયનયનો વિષય...' સત્યદૃષ્ટિ, સમ્યગ્જ્ઞાનનો નયનો વિષય ધ્યેય 'અભેદરૂપ શુદ્ધદ્રવ્ય છે.' અભેદરૂપ શુદ્ધદ્રવ્ય છે. જોયું? ભેદરૂપ પણ નહિ, અશુદ્ધ પણ નહિ. પહેલા લીધું હતું ને? ભેદરૂપ અશુદ્ધદ્રવ્ય લીધું હતું. આ ભેદરૂપ અશુદ્ધ નહિ, અભેદરૂપ શુદ્ધ. આહાહા..! સમજવામાં પણ કઠણ પડે માણસને.

એ વસ્તુ શુદ્ધ અને અભેદ છે. ભેદ અને અશુદ્ધતા નિમિત્તને આધીન થઈને થાય છે. તે કારણથી એ વ્યવહારનય આશ્રય કરવાલાયક નથી. આહાહા..! આવે છે, વ્યવહારનય છે. વ્યવહારનયનો વિષય પણ છે પણ આશ્રય કરવાલાયક નથી. આહાહા..! અને નિશ્ચયનયનો વિષય અભેદરૂપ શુદ્ધદ્રવ્ય છે. પહેલામાં ભેદરૂપ અશુદ્ધદ્રવ્ય કીધું હતું. આમાં અભેદ ત્રિકાળ (કહ્યું). આહાહા..!

ત્રિકાળી અભેદરૂપ, જેમાં ગુણ-ગુણીનો ભેદ પણ નથી. એ 'નિશ્ચયનયનો વિષય અભેદરૂપ શુદ્ધદ્રવ્ય છે.' આહાહા..! એ સમ્યગ્દર્શનનો વિષય છે. બાકી લાખ વાત ને કરોડ વાત ગમે તે આવો, વ્યવહારની વાતું તો ઘણી છે. અગિયારમી ગાથામાં કહ્યું છે, વ્યવહાર હસ્તાવલંબ જાણી શાસ્ત્રમાં જિનવાણીમાં પણ બહુ કહ્યો છે પણ તેનું ફળ સંસાર છે. અગિયારમી ગાથામાં છે. આહાહા..! જિનવાણીમાં વ્યવહારનયનો વિષય ઘણો કહ્યો છે. એવો પાઠ છે ને? પણ તેનું ફળ સંસાર છે. વચ્ચે આવે છે એટલે જણાવ્યો છે પણ ફળ સંસાર અને બંધન છે.

એક 'નિશ્ચયનયનો વિષય અભેદરૂપ શુદ્ધ દ્રવ્ય છે, તેથી તે જ પરમાર્થ છે.' આહાહા..! પરમાર્થ એટલે આ લૌકિકમાં પરમાર્થ કહે છે એ નહિ. આ તો પરમાર્થ (એટલે) પરમ પદાર્થ. આહાહા..! અભેદરૂપ શુદ્ધ દ્રવ્ય જ પરમાર્થ છે. આહાહા..! એ જ ધ્યેય કરવાલાયક છે, એ જ વિષય કરવાલાયક છે, એ લક્ષમાં લેવાલાયક છે, એ શદ્ધદ્રવ્યની સમીપ જવાલાયક છે. આહાહા..! નિમિત્તની સમીપ જાય છે, નિમિત્તથી થતું નથી, પણ નિમિત્તની સમીપ જાય છે તો અશુદ્ધ થાય છે, સ્વભાવની સમીપ જાય છે તો શુદ્ધતા થાય છે. ઓહોહો..! આવો માર્ગ હવે. ત્યાં સુધી તો કાલે આવ્યું હતું.

'માટે, જેઓ વ્યવહારને જ...' આ કારણે જે કોઈ 'વ્યવહારને જ નિશ્ચય માનીને પ્રવર્તે છે...' એ પણ મોક્ષમાર્ગ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના વ્યવહારને નિશ્ચય માનીને, આહાહા..! પ્રવર્તે છે. વ્યવહારને નિશ્ચય માનીને પ્રવર્તે છે. આહાહા..! વ્યવહારને વ્યવહાર જાણીને નિશ્ચયમાં પ્રવર્તન કરે છે અને વ્યવહારને જાણે છે એ તો માર્ગ છે. આહાહા..! અહીં તો કહે છે, વ્યવહારને જ નિશ્ચય માનીને પ્રવર્તે છે 'તેઓ સમયસારને અનુભવતા નથી;...' આહાહા..! એ આત્માનો અનુભવ નહિ, એ તો રાગનો અનુભવ છે, સંસારનો અનુભવ છે. ક્રિયાકાંડ, પંચ મહાવ્રત ને બહારનો ત્યાગ, બાહ્ય ત્યાગ તો અંદર છે નહિ પણ લોકો માને ને કે આણે વસ્ત્ર છોડ્યા, પાત્ર છોડ્યા, સ્ત્રી છોડી, કુટુંબ છોડ્યું. સ્ત્રી છોડી, વસ્ત્ર છોડ્યા એ પણ છોડવા લાયક છે (એમ) નથી. વસ્ત્ર છોડવું આત્માના અધિકારમાં નથી. આહાહા..! કારણ કે આત્મા તો પરદ્રવ્યના ત્યાગ અને ઉપાદાનથી શૂન્ય છે.

ત્યાગ એટલે છોડવું, ઉપાદાન એટલે ગ્રહણ કરવું. પોતાના સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્ય ચાહે તો પરમાણુ હો કે ચાહે તો ભગવાન હો. આહાહા..! ચાહે તો પરમાણુ હો કે ચાહે તો પરમાત્મા હો,.. આહાહા..! પણ એ વ્યવહાર છે. તેને નિશ્ચય માનીને, પરમાર્થ માનીને પ્રવર્તે છે 'તેઓ સમયસારને અનુભવતા નથી;...'

'જેઓ પરમાર્થને પરમાર્થ માનીને પ્રવર્તે છે તેઓ જ સમયસારને અનુભવે છે...' ઓહોહો..! ટૂંકી ભાષા તો ઘણી. '(તેથી તેઓ જ મોક્ષને પામે છે).' ૨૪૪ શ્લોક.

## શ્લોક–૨૪૪

(मालिनी)
अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै-
रयमिह परमार्थश्चेत्यतां नित्यमेकः।
स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रा-
न्न खलु समयसारादुत्तरं किञ्चिदस्ति।।२४४।।

'બહુ કથનથી બસ થાઓ, એક પરમાર્થનો જ અનુભવ કરો'-એવા અર્થનું કાવ્ય હવે કહે છે :–

શ્લોકાર્થ :– [ अतिजल्पैः अनल्पैः दुर्विकल्पैः अलम् अलम् ] બહુ કહેવાથી અને બહુ દુર્વિકલ્પોથી બસ થાઓ, બસ થાઓ; [ इह ] અહીં એટલું જ કહેવાનું છે કે [ अयम् परमार्थः एकः नित्यम् चेत्यताम् ] આ પરમાર્થને એકને જ નિરંતર અનુભવો; [ स्व-रस-विसर-पूर्ण-ज्ञान-विस्फूर्ति-मात्रात् समयसारात् उत्तरं खलु किञ्चित् न अस्ति ] કારણ કે નિજ રસના ફેલાવથી પૂર્ણ જે જ્ઞાન તેના સ્ફુરાયમાન થવામાત્ર જે સમયસાર (-પરમાત્મા) તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી (-સમયસાર સિવાય બીજું કાંઈ પણ સારભૂત નથી).

ભાવાર્થ :– પૂર્ણજ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કરવો; આ ઉપરાંત ખરેખર બીજું કાંઈ પણ સારભૂત નથી. ૨૪૪.

## શ્લોક–૨૪૪ ઉપર પ્રવચન

अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै-
रयमिह परमार्थश्चेत्यतां नित्यमेकः।
स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रा-
न्न खलु समयसारादुत्तरं किञ्चिदस्ति।।२४४।।

આહાહા..! 'સમયસાર' થી ઊંચું કોઈ નથી. એ વખતે સ્હેજ ભાઈ બોલ્યા હતા પંડિતજી, તમે નહોતા, નહિ? હતા? ભાઈ હતા. એ કહે, 'નયચક્ર' ઊંચામાં ઊંચો ગ્રંથ છે. સારમાં સાર એ છે. અહીં તો આ કહે છે. ભાઈ તો બેઠા હતા. શું નામ? થોડી વાત થઈ હતી. વ્યવહારનું જરીક જોર હતું. ખ્યાલ છે. પછી આ પત્ર આવ્યો છે. 'જતીશભાઈ' લાવ્યા છે. એમાં નરમાશ બતાવી છે. આહાહા..! આના સિવાય ઊંચી ચીજ કોઈ ચીજ છે નહિ. એ આવ્યું ને? જુઓને! આહાહા..! એ કહે છે, જુઓ!

अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै-
रयमिह परमार्थश्चेत्यतां नित्यमेकः।
स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रा-
न्न खलु समयसारादुत्तरं किञ्चिदस्ति।।२४४।।

આહાહા..! 'अतिजल्पैः अनल्पैः दुर्विकल्पैः अलम् अलम्' 'अतिजल्पैः' નામ બહુ શું કહેવું હવે? ઘણું ઘણું કહેવાણું અને 'બહુ દુર્વિકલ્પો...' અને વિકલ્પના ભેદની વ્યવહારની વાત પણ બહુ શું કરવી? આહાહા..! 'બસ થાઓ, બસ થાઓ;...' આહાહા..! 'अलम् अलम्' એ વિકલ્પોની વાત હવે બસ થાઓ. ભેદની વાત બસ થાઓ. આહાહા..! છે?

'અહીં (માત્ર) એટલું જ કહેવાનું છે...' 'अनल्पैः' માં બહુ શબ્દ લીધો ને? 'अनल्पैः', 'अतिजल्पैः' 'अनल्पैः' અને 'दुर्विकल्पैः' ત્રણ શબ્દો છે. બહુ વચનથી અને બહુ દુર્વિકલ્પોથી બસ થાઓ. 'अनल्पैः'. આહાહા..! 'अतिजल्पैः' થી બસ થાઓ, 'दुर्विकल्पैः' પણ બસ થાઓ. આહાહા..! વ્યવહારના વિકલ્પના પ્રકારથી પણ બસ થાઓ અને ઊંધી દૃષ્ટિના તત્ત્વથી પણ બસ થાઓ. 'અહીં (માત્ર) એટલું જ કહેવાનું છે કે...' 'अयम् परमार्थः एकः नित्यम् चेत्यताम्' 'આ પરમાર્થને એકને જ નિરંતર અનુભવો;...' આહાહા..! આખા બાર અંગનો સાર, બધા શાસ્ત્રનો સાર એક માત્ર આ, આ એક માત્ર. એક જ માત્ર તો એકાંત થઈ ગયું. કથંચિત્ એક માત્ર અને કથંચિત્ ભેદ અનેકાંત એમ ન આવ્યું. આહાહા..!

અહીં તો કહે છે, એક જ છે. આહાહા..! 'આ પરમાર્થને એકને જ નિરંતર અનુભવો;...' વ્યવહારનો નહિ, એનું નામ અનેકાંત છે. આહાહા..! પરમાર્થનો પણ (અનુભવ કરો) અને વ્યવહારનો પણ કરો, બે મળીને અનેકાંત નથી. આહાહા..! અહીંયા માત્ર, માત્ર 'એટલું જ કહેવાનું છે કે...' 'अयम् परमार्थः एकः नित्यम् चेत्यताम्' આહાહા..! આચાર્યની વાણી...! આ એક માત્ર ભગવાન પરમાર્થનો જ. 'જ' છે. એક માત્રમાં પણ એકાંત આવ્યું, એક માત્ર અને પરમાર્થનો 'જ'. એકમાત્ર કોણ? પરમાર્થ. આહાહા..!

પરમાર્થ આત્મા અંદર વસ્તુ ચિદ્‌ઘન જ્ઞાનાનંદ સહજાનંદ પૂર્ણ વીર્ય અને પૂર્ણ શાંતિ, આનંદથી ભરેલો પ્રભુ અંદર છે. વસ્તુ છે એ વસ્તુ સ્વતઃ અપૂર્ણ ન હોઈ શકે. વસ્તુ જે હોય એ સ્વતઃ અશુદ્ધ ન હોઈ શકે. અપૂર્ણ ન હોઈ શકે અને અશુદ્ધ ન હોઈ શકે. સ્વતઃ

વસ્તુ પૂર્ણ અને શુદ્ધ હોઈ શકે. સમજાય છે કાંઈ? આહાહા..! એ કહે છે, એક માત્ર, આહાહા..! એટલું જ કહેવું છે કે 'આ પરમાર્થને એકને જ નિરંતર...' પરમાર્થને એકને જ. એક તો એકમાત્ર ઉપર વજન આપ્યું. પાઠમાં છે ને? 'अयम् परमार्थः एकः' 'एकः' અને 'नित्यम्' નિરંતર. 'चेत्यताम्' અનુભવ કરો. આહાહા..!

ભગવાન આત્મા અતીન્દ્રિય સહજાત્મ સ્વરૂપ પૂર્ણાનંદના નાથની સેવા કરો, એની સન્મુખ થાઓ, એની સમીપ જાઓ. આહાહા..! આ આખા સમયસારનો સાર છે. બાકી વ્યવહારની વાતું તો બહુ ઘણી આવે. આહાહા..! કરી શકે નહિ પણ વિરોધ તો ન કરો. નિર્ણયમાં તો લે કે વાત તો આ છે. બીજો કોઈ માર્ગ નથી. અંતર ભગવાન પૂર્ણાનંદનો નાથની જ સેવા એટલે એકાગ્ર થવું એ એક જ માર્ગ છે. સુખનો પંથ, પરમાર્થનો રસ્તો, મુક્તિનો માર્ગ આ એક જ છે. આહાહા..!

'પરમાર્થને એકને જ નિરંતર અનુભવો;...' આહાહા..! 'स्व-रस-विसर-पूर्ण-ज्ञान-विस्फूर्ति-मात्रात् समयसारात् उत्तरं खलु किञ्चित् न अस्ति' આહાહા..! કેમ એકમાત્ર પરમાર્થને જ નિરંતર અનુભવો? કેમ? કારણ શું? કે, 'નિજ રસના ફેલાવથી પૂર્ણ...' ભગવાન નિજરસના ફેલાવથી પરિપૂર્ણ છે. આહાહા..! જ્ઞાનરસથી પરિપૂર્ણ છે, આનંદરસથી પરિપૂર્ણ છે, શાંતરસથી પરિપૂર્ણ છે. નિજરસથી પ્રસાર, વિસ્તાર, ફેલાવ, નિજરસનો ફેલાવ. આહાહા..! એક જ માર્ગ છે અને એની સૂઝ પડે નહિ. પેલા વ્યવહારની તો સૂઝ પડે કે આ કરો. ગજરથ બનાવો, હમણા એક આવ્યું હતું. ફલાણા વિદ્વાન આવવાના છે. મોટો ગજરથ કરવાના છે. હાથી.. હાથી. આહાહા..! એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યમાં લક્ષ જાય છે એ તો રાગ છે. રાગ છે એ આત્માનો માર્ગ નથી. એ પોતે આત્મા નથી, અનાત્મા છે. આહાહા..!

એક સ્વરસથી ભરેલો છે. એકની સેવા કરવી શું કારણથી? એક પરમાત્મસ્વરૂપની જ સેવા કરવી એનું શું કારણ? હેતુ શું? 'કારણ કે નિજ રસના ફેલાવથી પૂર્ણ...' આહાહા..! 'નિજ રસના ફેલાવથી પૂર્ણ જે જ્ઞાન...' અંદર છે. આહાહા..! નિજ શક્તિ અને રસના પ્રસારથી-વિસ્તારથી પરિપૂર્ણ પ્રભુ અંદર છે. આ વાત લક્ષમાં આવે નહિ તેથી બહારથી બુદ્ધિ ખસે નહિ. બહારમાં વધારે રસ લે. પંડિતોને અને સભાને ઠીક પડે. આહાહા..!

અહીં તો કહે છે, નિરંતર પરમાર્થ શુદ્ધ આત્માનું સેવન કરવું, તેમાં એકાગ્ર થવું તેનું કારણ શું? 'કારણ કે...' એ વ્યવહારમાં તો રાગ ને દ્વેષ ને વિકાર ને પુણ્ય-પાપ છે તેથી તે નિષેધ્ય છે. આની એકની સેવા કરવાનું કારણ શું? આહાહા..! એ તો નિજરસથી, 'નિજ રસના ફેલાવથી...' આનંદરસ.. આહાહા..! નિજ એટલે પોતાનો રસ, આનંદરસ, શાંતરસ, સ્વચ્છરસ, ઉપશમરસ... આહાહા..! તેના ફેલાવથી વિશાળ. એનો ફેલાવ, 'નિજ રસના ફેલાવથી પૂર્ણ જે જ્ઞાન...' 'જ્ઞાન' શબ્દે આખો આત્મા લેવો.

'નિજ રસના ફેલાવથી પૂર્ણ જે જ્ઞાન...' આહાહા..! 'તેના સ્ફુરાયમાન થવામાત્ર...' કેમ

એની સેવા કરવી? આત્મા તરફ સમીપ જઈને તેની સન્મુખ કેમ થવું? કે, તેની સમીપ થવાથી શાંતિ અને આનંદ સ્ફુરાયમાન થશે, શાંતિ અને આનંદની ધારા વહેશે. પૂર્ણ જે જ્ઞાન, તેના સ્ફુરાયમાન થવાથી પૂર્ણ જ્ઞાન પ્રગટ થશે. આહાહા..! પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા એવો પૂર્ણ સ્ફુરાયમાન 'થવામાત્ર જે સમયસાર (–પરમાત્મા) તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી...' લ્યો, ઠીક! આહાહા..!

માણસોએ બહારમાં વ્યવહારમાં જેનો રસ હોય તેને ઉંધે ચડાવી દે. વ્યવહારના રસવાળા વ્યવહારમાં ચડાવી દે, નયના રસવાળા નયમાં ચડાવી દે. નયને તો ઇન્દ્રજાળ કીધી છે ને ભાઈ! નય તો ઇન્દ્રજાળ છે. આહાહા..! એક 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની'. આહાહા..!

'નિજ રસના ફેલાવથી પૂર્ણ...' નિજ રસના ફેલાવથી ભગવાન આત્મા પૂર્ણ 'જે જ્ઞાન (એટલે આત્મા) તેના પૂર્ણ સ્ફુરાયમાન થવામાત્ર...' જ્ઞાનનું પ્રગટ થવું, આનંદનું પ્રગટ થવું. 'જે સમયસાર (–પરમાત્મા) તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી...' આહાહા..! લ્યો, કોઈ ગ્રંથ પણ નહિ. એમ આવ્યું કે નહિ? કોઈ આર્જિકા છે તેણે 'સમયસાર' નું ગાયન બનાવ્યું છે, બહુ સારું બનાવ્યું છે. બનાવ્યું છે સારું, એને બેસે ન બેસે બીજી વાત. 'સમયસાર' તો 'સમયસાર' છે. આખું ગાયન બનાવ્યું છે.

અહીં એ કહ્યું, 'તેનાથી ઊંચું ખરેખર...' આહાહા..! નિજ રસનો વિસ્તાર, નિજ રસના ફેલાવથી પૂર્ણ પ્રભુ આત્મા નિજ શાંતિ, આનંદ આદિ રસથી પૂર્ણ (છે). વ્યવહાર તો રાગાદિ, દ્વેષાદિ વિકારથી પૂર્ણ નથી, એ તો કલ્પના, એક સમયની દશા છે. આહાહા..! આ તો સ્ફુરાયમાન.. આહાહા..! 'થવામાત્ર...' એક જ 'સ્ફુરાયમાન થવામાત્ર...' એક જ 'સ્ફુરાયમાન થવામાત્ર જે સમયસાર (–પરમાત્મા) તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી...' યથાર્થમાં, વાસ્તવિકપણે, યથાર્થતામાં ખરેખર 'તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી...' આહાહા..!

પ્રભુ આત્મા અંદર, આ તો શરીર જડ માટી ધૂળ, રોગની મૂર્તિ છે. 'શ્રીમદ્દે' લખ્યું છે, વેદનાની મૂર્તિ છે, શરીર તો વેદનાની મૂર્તિ છે. અને 'કુંદકુંદાચાર્યે' 'અષ્ટપાહુડ' માં લખ્યું છે, એક અંગુલમાં ૯૬ રોગ. આ શરીરના એક અંગુલમાં ૯૬ રોગ, તો આખા શરીરમાં કેટલા હશે? એમ પૂછ્યું છે, એવો પ્રશ્ન છે. આહાહા..! એક અંગુલમાં ૯૬ રોગ! આહાહા..! આખા શરીરમાં કેટલા હશે? એવો પ્રશ્ન છે. 'કુંદકુંદાચાર્ય' 'અષ્ટપાહુડ' માં (લખે છે). આહાહા..!

ભગવાન આત્માથી ઊંચું બીજું કાંઈ પણ નથી. '(સમયસાર સિવાય બીજું કાંઈ પણ સારભૂત નથી).' આહાહા..! છેલ્લા શ્લોક છે ને? ભગવાન સમયસાર શુદ્ધ આત્મતત્ત્વ, પૂર્ણ આનંદ આદિ રસથી ભરેલો. પૂર્ણ કહ્યો ને? પૂર્ણ આનંદ આદિ રસથી ભરેલો ચૈતન્યસમૂહ ભગવાન, નિત્યાનંદ પ્રભુથી ઊંચું ખરેખર બીજું કાંઈ નથી. આહાહા..! 'સમયસાર સિવાય

બીજું કાંઈ પણ સારભૂત નથી).' આહાહા..! ચક્રવર્તીના રાજ અને ઇન્દ્રના ઇન્દ્રાસન તો ક્યાંય રહી ગયા પણ જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય... આહાહા..! એ સમયસાર સિવાય બીજું કાંઈ સારભૂત નથી. આહાહા..! તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ રાગ છે, એ કાંઈ આત્મા નથી. એ આત્મા રસથી ફેલાવ, વિસ્તારથી પૂર્ણ એવો ભગવાનની પાસે રાગ તો સાધારણ મેલ ને દુઃખ છે. આહાહા..! મેલ અને દુઃખ છે. આહાહા..! એવા સમયસારથી ઊંચી બીજી કોઈ ચીજ નથી. આહાહા..! માણસ તો પછી જે વિષયને ઉપાડે એ વિષયને ઉત્કૃષ્ટ બનાવી દે. એમ કે, આ બધુ ઊંચું છે. બાપુ! ઊંચું છે ઇ છે, ભાઈ! દુનિયા તો સાંભળવામાં ગમે તે વાત હોય તો સાંભળે.

આ શુદ્ધ ચૈતન્ય અંતરરસથી પૂર્ણ ભરેલો, એની દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે. તેના સિવાય કોઈ ચીજ સાર નથી. તેનાથી વિશેષ કોઈ સાર કે આશ્રય કરવાયોગ્ય... આહાહા...! અને આશ્રય કરવાથી સુખ મળે એવી ચીજ હોય તો એક આત્મા જ છે. આહાહા..! અવલંબન કરવાથી આનંદ મળે તો એક આત્મા જ છે. આનંદનો આધાર એક આત્મા છે. દુનિયાને સુખનું ધ્યેય છે, બધાને સુખ જોઈએ છે. સુખ તો આ આત્મામાં છે, આહા..! બીજે ક્યાંય છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– પૈસાટકામાં નહિ?

ઉત્તર :– ધૂળમાં પૈસા બધા દુઃખી. આખો દિ' પૈસા.. પૈસા હોળી. મૂર્ચ્છા રાગની હોળી સળગે છે. ફાગણ સુદ પુનમ. હોળી.. હોળી. આહાહા..!

આત્મા આખો આનંદના રસથી વિસ્તારરૂપ પરિપૂર્ણની મહત્તા જ્યાં સુધી ન આવે, એની મહિમા લાગે નહિ ત્યાં સુધી પરની મહિમા છૂટે નહિ. આહાહા..! પરની મહિમા છૂટતી નથી તો સ્વની મહિમા આવતી નથી. આહાહા..! આકરી વાત છે પણ અપૂર્વ છે. અપૂર્વ છે પણ પરમાર્થ સત્ય છે. પરમાર્થ કીધું ને? આ પરમાર્થ છે. આહાહા..!

ભાવાર્થ :– 'પૂર્ણજ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કરવો;...' પૂર્ણ જ્ઞાનસ્વરૂપ અથવા અનંત ગુણ સ્વરૂપ 'આત્માનો અનુભવ કરવો;...' આહાહા..! એને અનુસરીને પરિણતિ પ્રગટ કરવી જોઈએ. આહાહા..! નિમિત્તને અને પરને અનુસરીને પરિણતિ ઉત્પન્ન થાય છે એ દુઃખરૂપ છે. પરિણતિ તો છે, પર્યાય છે પણ દુઃખરૂપ છે. આહાહા..! આ 'પૂર્ણજ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કરવો; આ ઉપરાંત ખરેખર બીજું કાંઈ પણ સારભૂત નથી.' આની સિવાય બીજી કોઈ સાર ચીજ નથી. આહાહા..! આત્મા.. આત્મા.. આત્મા..

'હવે છેલ્લી ગાથામાં આ સમયસાર ગ્રંથના અભ્યાસ વગેરેનું ફળ કહીને...' સમયસાર ગ્રંથનો અભ્યાસ. ઇત્યાદિ અભ્યાસ એટલે અનુભવ આદિનું ફળી કહીને 'આચાર્ય ભગવાન આ ગ્રંથ પૂર્ણ કરશે; તેની સૂચનાનો શ્લોક પ્રથમ કહે છે :–' ૨૪૫ (શ્લોક).

# શ્લોક-૨૪૫

(अनुष्टुभ्)
इदमेकं जगच्चक्षुरक्षयं याति पूर्णताम्।
विज्ञानघनमानन्दमयमध्यक्षतां नयत्।।२४५।।

હવે છેલ્લી ગાથામાં આ સમયસાર ગ્રંથના અભ્યાસ વગેરેનું ફળ કહીને આચાર્યભગવાન આ ગ્રંથ પૂર્ણ કરશે; તેની સૂચનાનો શ્લોક પ્રથમ કહે છે :–

શ્લોકાર્થ :– [ आनन्दमयम् विज्ञानघनम् अध्यक्षतां नयत् ] આનંદમય વિજ્ઞાનઘનને (-શુદ્ધ પરમાત્માને, સમયસારને) પ્રત્યક્ષ કરતું [ इदम् एकम् अक्षयं जगत्-चक्षुः ] આ એક (-અદ્વિતીય) અક્ષય જગત-ચક્ષુ (-સમયપ્રાભૃત) [ पूर्णताम् याति ] પૂર્ણતાને પામે છે.

ભાવાર્થ :– આ સમયપ્રાભૃત ગ્રંથ વચનરૂપે તેમ જ જ્ઞાનરૂપે-બન્ને પ્રકારે જગતને અક્ષય (અર્થાત્ જેનો વિનાશ ન થાય એવું) અદ્વિતીય નેત્ર સમાન છે, કારણ કે જેમ નેત્ર ઘટપટાદિને પ્રત્યક્ષ દેખાડે છે તેમ સમયપ્રાભૃત આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષ અનુભવગોચર દેખાડે છે. ૨૪૫.

## શ્લોક-૨૪૫ ઉપર પ્રવચન

इदमेकं जगच्चक्षुरक्षयं याति पूर्णताम्।
विज्ञानघनमानन्दमयमध्यक्षतां नयत्।।२४५।।

આહાહા..! 'आनन्दमयम् विज्ञानघनम् अध्यक्षतां नयत्' 'આનંદમય વિજ્ઞાનઘનને (–શુદ્ધ પરમાત્માને, સમયસારને) પ્રત્યક્ષ કરતું...' આહાહા..! જેવી ચીજ છે તેવી પર્યાયમાં પ્રગટ કરતું. આહાહા..! 'इदम् एकम् अक्षयं जगत्-चक्षुः' 'આ એક (–અદ્વિતીય) અક્ષય જગત-ચક્ષુ...' આહાહા..! આ એક જ અક્ષય અદ્વિતીય અજોડ ચક્ષુ. આહાહા..! '(–અદ્વિતીય) અક્ષય...' એ સિવાય બીજી નહિ એવી 'અક્ષય જગત-ચક્ષુ પૂર્ણતાને પામે છે.' હવે પૂર્ણ થાય છે. ૪૧૫ ગાથા છે. 'કુંદકુંદાચાર્ય' મહારાજની ગાથાનું આ સમયસાર પૂર્ણ થાય છે.

તેનો આ ઉપોદ્‌ઘાત કર્યો. એમાં આવ્યું કે આ આવ્યું.

એક તો અક્ષય ચક્ષુ. આહાહા..! અને તે પણ આનંદરૂપ વિજ્ઞાનઘનને પ્રત્યક્ષ કરતો. તેને બહાર લાવતો. આહાહા..! જે અંદર શક્તિમાં છે... આહાહા..! સ્વભાવમાં છે, આત્મા અંદર દળમાં તો આ જ છે, તેને બાહ્યમાં પ્રગટ કરતું. જેવી શક્તિ છે, સ્વભાવ છે તેવી પર્યાયમાં વ્યક્ત કરતું સમયસાર પૂર્ણતાને પ્રાપ્ત થાય છે. ત્યાં આત્મા પરમાત્મા થઈ જાય છે. પછી એને કોઈ ભવ કે કંઈ નથી. પૂર્ણ પરમાત્મા થઈ જાય છે. પછી ભવ નથી, સંસાર નથી, કાંઈ નથી.

ભાવાર્થ :– 'આ સમયપ્રાભૃત ગ્રંથ વચનરૂપે તેમ જ જ્ઞાનરૂપે–બન્ને પ્રકારે...' આહાહા..! વચનરૂપ તો આ શબ્દો અને એનું વાચ્ય આત્મા છે. આહાહા..! સાકર એ વાચક શબ્દ છે, સાકર વસ્તુ એ વાચ્ય છે. એમ અહીંયા વાચક અને વાચ્ય પૂર્ણ થાય છે. શબ્દો પણ પૂર્ણ થાય છે અને વસ્તુ પણ પૂર્ણ થાય છે. આહાહા..! સમજમાં આવ્યું? 'આ સમયપ્રાભૃત ગ્રંથ વચનરૂપે તેમ જ જ્ઞાનરૂપે–બન્ને પ્રકારે જગતને અક્ષય (અર્થાત્ જેનો વિનાશ ન થાય એવું) અદ્વિતીય નેત્ર સમાન છે,...' અજોડ નેત્ર છે, તેની સાથે બીજા કોઈ નેત્ર મેળવી શકાય નહિ. આહાહા..! અદ્વિતીય નેત્ર છે, અજોડ નેત્ર છે. અદ્વિતીય–બીજું કોઈ નેત્ર નથી, આ એક જ નેત્ર છે. આહાહા..!

'જગતને અક્ષય (અર્થાત્ જેનો વિનાશ ન થાય એવું) અદ્વિતીય નેત્ર સમાન છે,...' અદ્વિતીય એટલે બીજાને સાથે કાંઈ મેળ ખાય નહિ. આહાહા..! 'અદ્વિતીય નેત્ર સમાન છે, કારણ કે જેમ નેત્ર ઘટપટાદિને પ્રત્યક્ષ દેખાડે છે...' નેત્ર ઘડો આદિ, વસ્ત્ર આદિને પ્રત્યક્ષ દેખાડે છે 'તેમ સમયપ્રાભૃત આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષ અનુભવગોચર દેખાડે છે.' આહાહા..! અનુભવગોચર દેખાડે છે કે આ રીતે અનુભવ થાય. આ તો વાણી છે ને! 'સમયપ્રાભૃત આત્માના શુદ્ધ સ્વરૂપને...' આહાહા..! 'પ્રત્યક્ષ અનુભવગોચર...'

અનુભવગોચર 'દેખાડે છે.' એ કળશનો ભાવાર્થ થયો.

'હવે ભગવાન કુંદકુંદાચાર્યદેવ આ ગ્રંથને પૂર્ણ કરે છે તેથી તેના મહિમારૂપે તેના અભ્યાસ વગેરેનું ફળ આ ગાથામાં કહે છે :–' આહાહા..!

* જેમ કંદોઈને ત્યાં ચૂલામાં ઊંચેથી તેલના ઉકળતા કડાયામાં પડેલો સર્પ અર્ધો તો બળી ગયો પણ તે બળતરાથી બચવા માટે ચૂલામાં ઘુસી જતાં આખો બળી ગયો, તેમ જગતજીવો પુણ્ય-પાપમાં તો બળી જ રહ્યા છે અને તેમાં એ વિશેષ સુખની લાલસામાં જેમાં વિશેષ બળાય છે એવા વિષયોમાં ઝંપલાવી સુખ માને છે. ૧૦૪૦.

– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર

# ગાથા-૪૧૫

जो समयपाहुडमिणं पढिदूणं अत्थतच्चदो णादुं।
अत्थे ठाही चेदा सो होही उत्तमं सोक्खं।।४१५।।

यः समयप्राभृतमिदं पठित्वा अर्थतत्त्वतो ज्ञात्वा।
अर्थे स्थास्यति चेतयिता स भविष्यत्युत्तमं सौख्यम्।।४१५।।

यः खलु समयसारभूतस्य भगवतः परमात्मनोऽस्य विश्वप्रकाशकत्वेन विश्वसमयस्य प्रतिपादनात् स्वयं शब्दब्रह्मायमाणं शास्त्रमिदमधीत्य, विश्वप्रकाशनसमर्थपरमार्थभूतचित्प्रकाशरूपमात्मानं निश्चिन्वन् अर्थतस्तत्त्वतश्च परिच्छिद्य, अस्यैवार्थभूते भगवति एकस्मिन् पूर्णविज्ञानघने परमब्रह्मणि सर्वारम्भेण स्थास्यति चेतयिता, स साक्षात्तत्क्षणविजृम्भमाणचिदेकरसनिर्भरस्वभावसुस्थितनिराकुलात्मरूपतया परमानन्दशब्दवाच्यमुत्तममनाकुलत्वलक्षणं सौख्यं स्वयमेव भविष्यतीति।

---

હવે ભગવાન કુંદકુંદાચાર્યદેવ આ ગ્રંથને પૂર્ણ કરે છે તેથી તેના મહિમારૂપે તેના અભ્યાસ વગેરેનું ફળ ગાથામાં કહે છે :-

**આ સમયપ્રાભૃત પઠન કરીને, અર્થ-તત્ત્વથી જાણીને,**
**ઠરશે અરથમાં આતમા જે, સૌખ્ય ઉત્તમ તે થશે. ૪૧૫.**

ગાથાર્થ :- [ यः चेतयिता ] જે આત્મા (-ભવ્ય જીવ) [ इदं समयप्राभृतम् पठित्वा ] આ સમયપ્રાભૃતને ભણીને, [ अर्थतत्त्वतः ज्ञात्वा ] અર્થ અને તત્ત્વથી જાણીને, [ अर्थे स्थास्यति ] તેના અર્થમાં સ્થિત થશે, [ सः ] તે [ उत्तमं सौख्यम् भविष्यति ] ઉત્તમ સૌખ્યસ્વરૂપ થશે.

ટીકા :- સમયસારભૂત આ ભગવાન પરમાત્માનું-કે જે વિશ્વનો પ્રકાશક હોવાથી વિશ્વસમય છે તેનું-પ્રતિપાદન કરતું હોવાથી જે પોતે શબ્દબ્રહ્મ સમાન છે એવા આ શાસ્ત્રને જે આત્મા ખરેખર ભણીને, વિશ્વને પ્રકાશવામાં સમર્થ એવા પરમાર્થભૂત, ચૈતન્ય-પ્રકાશરૂપ આત્માનો નિશ્ચય કરતો થકો (આ શાસ્ત્રને) અર્થથી અને તત્ત્વથી જાણીને, તેના જ અર્થભૂત ભગવાન એક પૂર્ણવિજ્ઞાનઘન પરમબ્રહ્મમાં સર્વ ઉદ્યમથી સ્થિત થશે, તે આત્મા, સાક્ષાત્ તત્ક્ષણ પ્રગટ થતા એક ચૈતન્યરસથી ભરેલા સ્વભાવમાં સુસ્થિત અને નિરાકુળ (-આકુળતા

વિનાનું) હોવાને લીધે જે (સૌખ્ય) 'પરમાનંદ' શબ્દથી વાચ્ય છે, ઉત્તમ છે અને અનાકુળતા-લક્ષણવાળું છે એવા સૌખ્યસ્વરૂપ પોતે જ થઈ જશે.

ભાવાર્થ :– આ શાસ્ત્રનું નામ સમયપ્રાભૃત છે. સમય એટલે પદાર્થ, અથવા સમય એટલે આત્મા. તેનું કહેનારું આ શાસ્ત્ર છે. વળી આત્મા તો સમસ્ત પદાર્થોનો પ્રકાશક છે. આવા વિશ્વપ્રકાશક આત્માને કહેતું હોવાથી આ સમયપ્રાભૃત શબ્દબ્રહ્મ સમાન છે; કારણ કે જે સમસ્ત પદાર્થોનું કહેનાર હોય તેને શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે. દ્વાદશાંગશાસ્ત્ર શબ્દબ્રહ્મ છે અને આ સમયપ્રાભૃતશાસ્ત્રને પણ શબ્દબ્રહ્મની ઉપમા છે. આ શબ્દબ્રહ્મ (અર્થાત્ સમયપ્રાભૃતશાસ્ત્ર) પરબ્રહ્મને (અર્થાત્ શુદ્ધ પરમાત્માને) સાક્ષાત્ દેખાડે છે. જે આ શાસ્ત્રને ભણીને તેના યથાર્થ અર્થમાં ઠરશે, તે પરબ્રહ્મને પામશે; અને તેથી, જેને 'પરમાનંદ' કહેવામાં આવે છે એવા ઉત્તમ, સ્વાત્મિક, સ્વાધીન, બાધારહિત, અવિનાશી સુખને પામશે. માટે હે ભવ્ય જીવો! તમે પોતાના કલ્યાણને અર્થે આનો અભ્યાસ કરો, આનું શ્રવણ કરો, નિરંતર આનું જ સ્મરણ અને ધ્યાન રાખો, કે જેથી અવિનાશી સુખની પ્રાપ્તિ થાય. આવો શ્રી ગુરુઓનો ઉપદેશ છે.

---

## ગાથા-૪૧૫ ઉપર પ્રવચન

---

जो समयपाहुडमिणं पढिदूणं अत्थतच्चदो णादुं।
अत्थे ठाही चेदा सो होही उत्तमं सोक्खं।।४१५।।

અર્થથી અને તત્ત્વથી એટલે ભાવથી. તત્ત્વાર્થશ્રદ્ધાન છે ને?

આ સમયપ્રાભૃત પઠન કરીને, અર્થ-તત્ત્વથી જાણીને,
ઠરશે અરથમાં આતમા જે, સૌખ્ય ઉત્તમ તે થશે. ૪૧૫.

તત્ત્વાર્થમાં તત્ત્વ અને અર્થ બન્ને લેવા. ભાવમાં ન લીધું, અર્થમાં લીધું. અર્થ એ પદાર્થ છે, ભાવ તો એનો ગુણ-શક્તિ છે. અર્થ લીધો. જ્ઞાન, અર્થ અને ભાવ બન્નેનો કરવો, પણ ઠરવું અર્થમાં, ભાવમાં નહિ. આહાહા...! ગજબ વાત છે. ભાવવાન જે અર્થ છે, 'તત્ત્વાર્થસૂત્ર' માં પણ એ વાત કરી. તત્ત્વાર્થ — તત્ત્વ એટલે ભાવ અને અર્થ એટલે દ્રવ્ય, ગુણ અને પર્યાય. ત્યાં ત્રણ લીધા છે. ભાઈ! 'તત્ત્વાર્થસૂત્ર' માં ત્રણે લીધા છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય અર્થ અને એનો ભાવ એ તત્ત્વાર્થ.

અહીં તો એકલું દ્રવ્ય. આહાહા...! ત્રણ પણ નહિ. પાઠ એવો છે ને? 'अत्थतच्चदो णादुं' અર્થથી અને તત્ત્વથી જાણે પણ 'अत्थे ठाही चेदा' પણ અર્થ નામ પદાર્થમાં સ્થિત

થાય તે આત્મા. આહાહા..! 'આ સમયપ્રાભૃત પઠન કરીને, અર્થ-તત્ત્વથી જાણીને, ઠરશે અરથમાં આતમા જે' પછી તત્ત્વ નથી લીધું. 'ઠરશે અરથમાં આતમા જે, સૌખ્ય ઉત્તમ તે થશે.' આહાહા..!

પહેલા એનો શબ્દાર્થ લઈએ. છેલ્લી ગાથા છે ને? 'જે આત્મા (–ભવ્ય જીવ)...' આહાહા..! લાયક જીવ. સંસારથી મુક્ત થવાની તૈયારીવાળો અને સંસારનો અંત લાવવાની તૈયારીવાળો. આહાહા..! સંસારનો અંત અને મોક્ષની શરૂઆત (કરનારો) એવો ભવ્ય જીવ. આહાહા..! 'આ સમયપ્રાભૃતને ભણીને,...' શું ભણીને? 'अर्थतत्त्वतः ज्ञात्वा' 'અર્થ અને તત્ત્વથી જાણીને,...' અર્થ નામ પદાર્થ અને તત્ત્વ નામ ભાવ. પદાર્થ અને પદાર્થનો ભાવ. આહાહા..!

'અર્થ અને તત્ત્વથી જાણીને તેના અર્થમાં સ્થિત થશે,...' ભાવમાં નહિ. આહાહા..! અહીં તો વસ્તુ–દ્રવ્ય લીધું છે. તત્ત્વાર્થ શ્રદ્ધાન જ્યાં લીધું છે ત્યાં અર્થમાં દ્રવ્ય-ગુણ-પર્યાય લીધું છે પણ અહીં તો એકલું દ્રવ્ય લેવું છે. તત્ત્વાર્થ. અર્થ–દ્રવ્ય, તત્ત્વ–ભાવ. એ બન્નેને જાણીને અર્થમાં ઠરવાનું છે. આહાહા..! પદાર્થમાં ઠરવાનું છે. આત્મપદાર્થમાં શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રથી ઠરવાનું છે. આહાહા..! એ દર્શન-જ્ઞાન-ચારિત્ર તો ભાવ છે પણ એ ભાવથી આત્મામાં ઠરવાનું છે. આહાહા..! અરે..! આવી વાત. આહાહા..!

'તેના અર્થમાં સ્થિત થશે,...' એમ. સ્થિત થશે. 'તે...' 'उत्तमं सौख्यम् भविष्यति' 'ઉત્તમ સૌખ્યસ્વરૂપ થશે.' તે ઉત્તમ સુખસ્વરૂપ થશે. પ્રાપ્ત કરશે એમ નહિ, ઉત્તમ સુખરૂપ થશે. આહાહા..! તે ઉત્તમ સુખરૂપ પરિણમશે, એમ કહે છે. આહાહા..! ઉત્તમ સુખને મેળવશે એમ નથી લીધું. આહાહા..! ઉત્તમ સુખને... આહાહા..! 'अत्थे ठाही चेदा सो होही उत्तमं सोक्खं' એ ઉત્તમ સુખને પામશે. આહાહા..! ભગવાન આત્મા અને તેનો ભાવ, અર્થ અને ભાવ, બન્નેને બરાબર જાણીને અર્થમાં સ્થિર થવું. દ્રવ્યમાં સ્થિર થવાથી ભાવ પ્રગટ થાય છે. આહાહા..! હવે આવો તો ખુલાસો છે. છેલ્લી ગાથા પણ આ પોકાર કરે છે. એનો નિર્ણય તો કરવો જોઈએ, ભલે પહેલા વિકલ્પથી કરે. પહેલા વિકલ્પથી પણ નિર્ણય તો આ છે એમ કરવું જોઈએ ને. પક્ષપાત છોડી દેવો જોઈએ. આહાહા..!

અર્થ અને ભાવ બે શબ્દો લીધા છે. અર્થ નામ પદાર્થ અને તેનું તત્ત્વ નામ ભાવ. આહાહા..! બેને બરાબર જાણીને પર્યાયમાં પર્યાયને દ્રવ્યમાં સ્થિર કરવી, એમ કહે છે. અંદર ઠરવું એટલે કાંઈ દ્રવ્ય તો ઠરતું નથી. આહાહા..! વર્તમાન પર્યાયને દ્રવ્યમાં સ્થિર કરવી. આહાહા..! ધ્રુવ તો ચળતું નથી. ઠરવું એટલે એ ધ્રુવ કાંઈ ઠરતો નથી. ધ્રુવમાં ધ્રુવ ઠરતો નથી. 'ચીમનભાઈ'! આવી વાતું છે. આકરી લાગે પણ શું થાય? માર્ગ તો આ છે. આહાહા..!

અર્થ અને તત્ત્વ. પદાર્થ અને ભાવ. આહાહા..! વેદાંત તો એમ જ કહે છે, એક જ વસ્તુ છે. ભાવ અને અર્થ બે શું? આહાહા..! અહીં તો એક પદાર્થ છે તેવા તો અનંત પદાર્થ છે. તે અનંતમાં પણ પોતાનો આત્મા એક અર્થ અને તત્ત્વ. આહાહા..! એમાં પણ

બે. પણ બેને જાણીને ઠરવું અર્થમાં. આહાહા..! કારણ કે ઠરનારી ચીજ તો પર્યાય છે. ધ્રુવ કાંઈ ઠરતો નથી. ધ્રુવ તો ધ્રુવ છે, અનાદિ એકરૂપ છે. આહાહા..! તેની પર્યાય જે છે તે અંદર ઠરે છે. આહાહા..! પાઠ પણ કેવો લીધો છે? આહાહા..!

'અર્થ અને તત્ત્વથી જાણીને...' જાણવું બન્નેને. આહાહા..! 'તેના અર્થમાં સ્થિત થશે,...' તે પદાર્થમાં સ્થિત થશે. આહાહા..! એ પર્યાય સ્થિત થશે. દ્રવ્ય કાંઈ સ્થિત નહિ થાય. આહાહા..! એ પ્રગટ પર્યાય છે એ સામાન્ય અર્થ જે છે, ભાવ વિશેષ છે, અર્થ સામાન્ય છે, એ વિશેષ અર્થમાં ઠરશે. આહાહા..! આવી વાત સાંભળવી મુશ્કેલ પડે. પરમ સત્ય તો આ છે, પ્રભુ! બાકી જન્મ-મરણ રહિત થવાનો બીજો કોઈ ઉપાય નથી. આહાહા..! ૪૧૫ (ગાથા) આહાહા..!

ટીકા :– 'સમયસારભૂત ભગવાન પરમાત્માનું...' આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય' પણ આ ટીકા કરતાં આમ ખીલી જાય છે. મુનિરાજ ત્રણ કષાયનો અભાવ છે, આનંદમાં ઝુલે છે, છટ્ઠે-સાતમે, છટ્ઠે-સાતમે ગુણસ્થાને (ઝુલે છે). એ પણ આનંદના ઉલ્લાસમાં આવતાં (કહે છે), 'સમયસારભૂત ભગવાન પરમાત્મા...' આહાહા..! આ એમની ટીકા છે. 'સમયસારભૂત ભગવાન પરમાત્મા...' એ પરમાત્માને સમયસાર કહીએ. એમ કહે છે. ભાવ દ્રવ્ય શબ્દો તો આ સમયસાર છે. એ પહેલા આવી ગયું છે. પહેલા આવી ગયું છે, વાચક અને વાચ્ય. છેલ્લું પાછું આ લીધું. આહાહા..! પહેલા આવી ગયું છે, બીજી ગાથામાં. આહાહા..!

'સમયસારભૂત...' સમયસારભૂત આહાહા.. 'ભગવાન પરમાત્માનું–કે જે વિશ્વનો પ્રકાશક હોવાથી...' તેનો આશ્રય કેમ લેવો? 'જે વિશ્વનો પ્રકાશક હોવાથી વિશ્વસમય છે...' એ વિશ્વ-સમય છે. આહાહા..! એ જગતસમય–જગતચક્ષુ છે. જગત-ચક્ષુ આવ્યું હતું ને? વિશ્વસમય કહો, જગતચક્ષુ કહો. આહાહા..! વિશ્વસમય! આહાહા..! વિશ્વને જાણનાર આંખ, વિશ્વને જાણનાર નેત્ર ભગવાન છે. આહાહા..!

'જે વિશ્વનો પ્રકાશક હોવાથી વિશ્વસમય છે તેનું–પ્રતિપાદન કરતું હોવાથી...' આ સમયસાર તેનું પ્રતિપાદન કરે છે. જુઓ! એમાં વ્યવહાર આવે છે. ૪૬ ગાથામાં વ્યવહાર આવ્યો છે કે, જો વ્યવહાર ન માનો તો આમ.. ભસ્મને ચોળતા જેમ પાપ નથી એમ એકેન્દ્રિયને મારતા પાપ નથી. વ્યવહાર ન માને તો બંધ જે છે તે રાગ-દ્વેષ છે એ વ્યવહાર છે. એ છે ખરો, જાણવાલાયક છે. આહાહા..! ઠરવાલાયક તો અહીં તો ભાવમાં ઠરવા જેવું છે એમ નથી કહ્યું? (એમ કહ્યું છે) વ્યવહાર, વિકલ્પની વાત તો ક્યાંય રહી ગઈ. આહાહા..!

વસ્તુ જે ભગવાન આત્મા એ અર્થ છે, તેનો જે ત્રિકાળ ભાવ, જાણનારી તે પર્યાય છે. આ અર્થ છે અને આ ભાવ છે એ જાણનારી પર્યાય છે. આહાહા..! ત્રણે આવી ગયા. છે? કેમ? કે 'વિશ્વનો પ્રકાશક હોવાથી...' એ પર્યાય થઈ. આહાહા..! પર્યાય વિશ્વને પ્રકાશે છે. એ વિશ્વને પ્રકાશે છે તે પર્યાયનો આશ્રય દ્રવ્ય છે તે કારણે (પ્રકાશે છે). આહાહા..!

સમજાય છે કાંઈ? આવી વાર્તા.

'વિશ્વનો પ્રકાશક હોવાથી વિશ્વસમય છે...' પરમાત્માની વ્યાખ્યા કરી. સમયસારભૂત ભગવાન પરમાત્મા. લીટી છે ને? લીટી. પરમાત્મા પછી લીટી છે. સમયસારભૂત ભગવાન પરમાત્મા કેમ? પરમાત્મા એટલે શું? કે, એ 'વિશ્વનો પ્રકાશક હોવાથી વિશ્વસમય છે...' આહાહા..! એનો અર્થ કર્યો. જે શબ્દ કહ્યો તેનો આ અર્થ છે. આહાહા..! આવું વાંચવાની નવરાશ ન મળે, 'સુમનભાઈ'! વખત મળે નહિ. આહાહા..! એક એક શબ્દમાં, એક એક અર્થમાં કેટલા ભાવ ભર્યા છે! આહાહા..!

'સમયસારભૂત ભગવાન પરમાત્માનું-કે જે વિશ્વનો પ્રકાશક હોવાથી વિશ્વસમય છે તેનું...' એમ. આહાહા..! ભાવ તો આવી ગયો. વિશ્વનો પ્રકાશક હોવાથી એમ જે કહ્યું તેમાં પર્યાય આવી ગઈ. વિશ્વનો પ્રકાશક એ પર્યાય આવી. પર્યાયે દ્રવ્યનો આશ્રય લીધો ત્યારે પર્યાયમાં પ્રકાશકપણું પ્રગટ થયું ત્યારે તે વિશ્વસમય થયો. ત્યારે જગતનો જાણનાર-દેખનાર પરમાત્મા પ્રત્યક્ષ થયો. આહાહા..! લ્યો, વખત થઈ ગયો. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

પ્રવચન નં. ૪૬૧ ગાથા-૪૧૫ શનિવાર, ભાદરવા સુદ ૪, તા. ૧૩-૦૯-૧૯૮૦

---

'સમયસાર' ૪૧૫ ગાથા, એની ટીકા. છેલ્લી ગાથા (છે). 'સમયસારભૂત ભગવાન પરમાત્માનું...' કાલે એક લીટી ચાલી છે. સમયસારભૂત ભગવાન પરમાત્મા એટલે આ આત્મા. આહાહા..! કેટલી ઉપમા આપી. સમયસારભૂત ભગવાન આત્મા. એમાં રાગ-દ્વેષ કે વિકાર કાંઈ છે નહિ. અનંત અનંત ગુણનો ભંડાર એવો જે આ ભગવાન આત્મા 'કે જે વિશ્વનો પ્રકાશક હોવાથી...' જગતના પદાર્થનો, વિશ્વ એટલે સમસ્ત, સમસ્ત પદાર્થનો પ્રકાશક હોવાથી. આ આત્મા કોઈનો કર્તા નહિ, કોઈનો હર્તા નહિ, કોઈને પોતાનો માનનાર નહિ પણ સર્વનો પ્રકાશક ખરો. આહાહા..!

'વિશ્વનો પ્રકાશક હોવાથી વિશ્વસમય છે...' એને વિશ્વસમય કહેવામાં આવે છે. સમસ્તને જાણે છે માટે વિશ્વસમય સમસ્તને જાણનારો એમ કહેવામાં આવે છે. આહાહા..! 'તેનું પ્રતિપાદન કરતું હોવાથી...' એવા વિશ્વસમયરૂપ ભગવાન આત્મા, તેનું આ શાસ્ત્ર પ્રતિપાદન કરતું હોવાથી 'પોતે શબ્દબ્રહ્મ સમાન છે...' શબ્દબ્રહ્મ. જેમ વિશ્વ પ્રકાશક પોતે બધાને પ્રકાશે છે એમ આ શબ્દબ્રહ્મ બધા આત્માને અને આખા તત્ત્વને પ્રકાશે છે. આહાહા..!

શબ્દબ્રહ્મ. આત્મબ્રહ્મ આત્મા અને આ વાણી શબ્દબ્રહ્મ. એના વાચકને શબ્દબ્રહ્મ કહ્યો અને વાચ્ય વસ્તુ છે એને વિશ્વ પ્રકાશક ભગવાન કહ્યો. આહાહા..! 'એવા આ શાસ્ત્રને...' એવા આ શાસ્ત્રને 'જે આત્મા ખરેખર ભણીને...' ખરેખર ભણીને વિશેષણ આપ્યું. આહાહા..!

એમ ને એમ વાંચી લે અને દુનિયાને કહેવા માટે કે દુનિયામાં માન લેવા માટે કે ધારણા માટે વાતને ધારી લઈએ એને માટે નહિ, પણ 'ખરેખર ભણીને...' ખરેખર આ શાસ્ત્રને આત્માને માટે ભણીને. આહાહા..!

'વિશ્વને પ્રકાશવામાં સમર્થ...' સમસ્ત પદાર્થને પ્રકાશવામાં સમર્થ 'એવા પરમાર્થભૂત...' આહાહા..! એવો જે પરમાર્થભૂત ભગવાન આત્મા, 'ચૈતન્ય પ્રકાશરૂપ આત્માનો નિશ્ચય કરતો થકો...' આ ભણીને કરવું આ. આહાહા..! આખું સમયસાર ભણીને કરવાનું આ. આહાહા..! શું? 'વિશ્વને પ્રકાશવામાં સમર્થ એવા પરમાર્થભૂત, ચૈતન્ય પ્રકાશરૂપ આત્માનો નિશ્ચય કરતો થકો...' આહાહા..! આ સમયસારને ભણીને, જાણીને કરવું શું? આહાહા..! વિશ્વને પ્રકાશવામાં, આ જગત ત્રણ કાળ ત્રણ લોકને જાણવામાં પ્રકાશક એવો જે આત્મા... આહાહા..! 'એવા પરમાર્થભૂત, ચૈતન્ય પ્રકાશરૂપ...' આહાહા..! 'વિશ્વને પ્રકાશવામાં સમર્થ એવા પરમાર્થભૂત,...' એમ. આહાહા..! 'એવો ચૈતન્ય પ્રકાશરૂપ આત્મા...' એમાં કોઈ બીજા રાગ-દ્વેષ કે શરીર તો લીધા નહિ પણ બીજા ગુણ પણ ન લીધા. એ ચૈતન્યપ્રકાશમાં બધા અનંતા ગુણો ભેગા આવી જાય છે. આહાહા..!

'ચૈતન્ય પ્રકાશરૂપ આત્માનો નિશ્ચય કરતો થકો...' આહાહા..! આત્માનો નિર્ણય કરતો થકો. આમાં એમ નથી કહ્યું, નવ તત્ત્વનો નિર્ણય કરતો થકો કે દેવ-ગુરુ-શાસ્ત્રનો નિર્ણય કરતો થકો. આહાહા..! આ શાસ્ત્ર ભણીને 'વિશ્વને પ્રકાશવામાં સમર્થ એવા પરમાર્થભૂત, ચૈતન્ય પ્રકાશરૂપ આત્માનો નિશ્ચય કરતો થકો...' આ આત્મા તો ચૈતન્ય, વિશ્વને પ્રકાશવામાં સમર્થ છે એવું એનું સ્વરૂપ જ છે. વિશ્વ તો શબ્દ લીધો છે પણ વિશ્વને જાણવાના સામર્થ્યવાળું જ એનું તત્ત્વ છે. આહાહા..! એ વિશ્વ છે માટે આવું તત્ત્વ છે એમ પણ નહિ. એ વિશ્વને જાણવાના પ્રકાશના સામર્થ્યવાળું તત્ત્વ જ એ છે. આહાહા..! એમ 'નિશ્ચય કરતો થકો...' આહાહા..! એમ અંતરમાં નિર્ણય કરતો થકો. આહાહા..!

'(આ શાસ્ત્રને) અર્થથી...' એટલે પદાર્થથી 'અને તત્ત્વથી...' એટલે ભાવથી. અર્થથી એટલે વસ્તુ–પદાર્થથી અને તેના તત્ત્વના ભાવથી. 'જાણીને,...' જાણીને બેને, (એમાં) ત્રણ આવ્યા. 'અર્થથી અને તત્ત્વથી જાણીને,...' એમાં ત્રણે આવી ગયા. શું ત્રણ આવ્યા? અર્થ એટલે દ્રવ્ય, તત્ત્વ એટલે ભાવ, જાણીને એટલે પર્યાય. આહાહા..! આવ્યું કે નહિ? આહાહા..! 'અર્થથી અને તત્ત્વથી...' એ તો બે ત્રિકાળી વસ્તુ થઈ. પદાર્થ અને પદાર્થનો ભાવ. એને જાણીને એ પર્યાય થઈ. આહાહા..! દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણમાં આ શબ્દ લઈ લીધા. આહાહા..! અર્થ નામ પદાર્થ, તત્ત્વ નામ એનો ગુણ–ભાવ, એની શક્તિ, એનો સ્વભાવ. આહાહા..! એને જાણીને, એ પર્યાય થઈ. આહાહા..! ત્રણ શબ્દમાં પૂરું આવી ગયું.

'અર્થથી અને તત્ત્વથી જાણીને,...' આહાહા..! પદાર્થને અને પદાર્થના ગુણ એટલે ભાવને જાણીને એટલે પર્યાયમાં એને જાણીને. એ પર્યાય આવી. આહાહા..! બહુ ટૂંકું પણ. પણ

કોને જાણીને? પર્યાયમાં કોને જાણીને? અર્થને અને તત્ત્વને બન્નેને જાણીને. જાણવામાં બેયને (એમ) વાત લીધી. વસ્તુ ત્રિકાળી અર્થ પદાર્થ અને એનો ત્રિકાળી ભાવ, એને જાણીને. જાણીને, બન્નેને જાણીને લીધું. અર્થ અને તત્ત્વ બન્નેને જાણીને એમ તો લીધું. જાણવાનું બન્નેને લીધું. આહાહા..!

'તેના જ અર્થભૂત ભગવાન એક...' આહાહા..! જાણીને કરવાનું શું? 'તેના જ અર્થભૂત...' પદાર્થ. આહાહા..! એનો ભાવ ભલે જાણ્યો પણ કહે છે, સ્થિર શેમાં થવું છે? આહાહા..! 'તેના જ અર્થભૂત...' જરી ઝીણી વાત છે, ભાઈ! છેલ્લી ગાથા (છે). શબ્દો થોડા અને એકલું માખણ છે. આહાહા..! 'તેના જ અર્થભૂત ભગવાન એક પૂર્ણ વિજ્ઞાનઘન...' અર્થભૂત તો ભગવાન એક પણ એનો સ્વભાવ આખો પૂર્ણ વિજ્ઞાનઘન. આહાહા..! પૂર્ણ વિજ્ઞાનઘન, સમૂહ, પિંડ.

'પરમબ્રહ્મમાં...' એવો જે પરમબ્રહ્મ ભગવાન, આહાહા..! 'સર્વ ઉદ્યમથી સ્થિત થશે,...' પ્રયત્નથી એ પર્યાય થઈ. 'વિજ્ઞાનઘન પરમબ્રહ્મમાં સર્વ ઉદ્યમથી...' વર્તમાન પર્યાય, સર્વ ઉદ્યમ એ વર્તમાન પર્યાય થઈ. આહાહા..! આવું (સમજવા) ક્યાં નવરાશ છે? એક તો એ વાત મીઠી ન લાગે, લુખી લાગે એને એના ભાવ સમજવામાં તો ક્યાં પ્રયત્ન કરે? આહાહા..! અને સમજીને પાછું તે અર્થમાં સ્થિત થવું. અર્થને-દ્રવ્યને અને ભાવને જાણીને અર્થમાં સ્થિર થવું. આહાહા..! થોડું છે પણ ઘણું છે. થોડું લખ્યું ઘણું કરીને જાણજો. એમ થોડું કહ્યું ઘણું કરીને જાણજો. આહાહા..!

બીજું બધું ગમે તે હો, એ વિશ્વનો પ્રકાશક છે પણ એ પોતે ભગવાનને જાણવો. આહાહા..! વિશ્વનો પ્રકાશક છે માટે વિશ્વને જાણવું એમ ત્યાં ન લીધું. એ તો વિશ્વની પ્રકાશક વસ્તુ જ છે. આહાહા..! તે અર્થભૂત ભગવાન. આહાહા..! ૪૧૫ ગાથા, છેલ્લી ગાથા સાર (છે). 'તેના જ અર્થભૂત,...' અર્થ અને તત્ત્વને જાણીને. આહાહા..! 'તેના જ અર્થભૂત,...' ભાવ જાણે ભલે. હવે દૃષ્ટિ ક્યાં કરવી છે? આહાહા..! 'તેના જ અર્થભૂત, ભગવાન એક પૂર્ણ વિજ્ઞાનઘન...' હવે તત્ત્વ અને અર્થ બે નહિ. આહાહા..! બહુ ઝીણી વાત છે. બાપુ! આ તો દિગંબર સંતોના હૃદય છે. આહાહા..! જેણે કેવળજ્ઞાનને કેળવીને હાથમાં લીધું. આહાહા..! પ્રત્યક્ષ લીધું છે. કેવળજ્ઞાન એકાદ-બે ભવે પ્રાપ્ત થવાની શૈલીવાળા આ બધા સાધુ છે. આહાહા..!

એવા તત્ત્વને અને ભાવને. તત્ત્વ એટલે અર્થ-પદાર્થ. તત્ત્વાર્થમાં પણ એ આવ્યું છે. તત્ત્વાર્થશ્રદ્ધાન કાલે કહ્યું હતું. ત્યાં અર્થમાં આવ્યું છે-દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ. ત્યાં તો જ્ઞાનપ્રધાન કથન છે ને એટલે દ્રવ્ય, ગુણ, પર્યાય અને તેનો ભાવ જાણીને તત્ત્વાર્થની શ્રદ્ધા થવી. અહીં કહે છે, એ અર્થરૂપ એક ભગવાન આત્મા આહાહા..! એક પૂર્ણ વિજ્ઞાનઘન. આહાહા..! વિશ્વને પ્રકાશે છે માટે અનેક થઈ ગયો એમ નથી. આહાહા..! આવો ધર્મ.

વાડામાં તો ચાલે, એકેન્દ્રિયને આમ કરો ને તેમ કરો ને ફલાણું કરો, અપવાસ કરો ને અપવાસને પારણે અઠ્ઠમ કરો, અઠ્ઠમને પારણે પ્હોર ચડાવો તો પચીસ અપવાસનું લાભ થાય. અરે..! પ્રભુ! શું થાય? આહા..! મૂળ વસ્તુને જાણ્યા વિનાના એ બધી ક્રિયાકાંડો એકડા વિનાના મીંડા છે. લાખ મીંડા અને કરોડ મીંડા કોરે કાગળે લખે પણ એનો અંક ન આવે. એ કરોડ મીંડાનો અંક ન હોય. અંક તો એકડો મૂકે તો અંક આવે. એમ બધું જાણવા છતાં એમાં આત્મા ભગવાન એકને જાણે તો બધું તત્ત્વ આવે. આહાહા..! આવી વાતું છે કાલથી પર્યુષણ છે. પાંચમ, પહેલો દિવસ છે. શેઠ આવે છે તો હિન્દી કરવું પડશે. તાર આવ્યો છે. 'ચંદુભાઈ' કહેતા હતા. આહાહા..! 'ભગવાનલાલ' તો બિચારા... 'શોભાલાલ' તો આવતા, સાંભળતા, ઘણા મહિનો મહિનો રહેતા. શું કરે? કરોડોપતિ માણસ. આહાહા..! ત્રણ ત્રણ લાખ રૂપિયાની સાધારણ ધર્મશાળા લોકોને ઉતરવા માટે ગામમાં બનાવી છે. ઉદાર પણ એવા છે અને પૈસાની પેદાશ પણ ઘણી છે. આહા..! શું કહેવાય? વરઘોડો નહોતો નીકળ્યો? એને વધાવવામાં ગામદીઠ વધાવતા. ધર્મચક્ર. ધર્મચક્ર ફરતું ફરતું ત્યાં આવ્યું હતું. ત્યાં એના દીકરા 'ડાલચંદ'ની વહુએ પચીસ હજાર રૂપિયાથી વધાવ્યું હતું પણ વાત ઇ છે કે એ બધી ચીજમાં રાજી રાજી થઈ જાય કે પચીસ હજાર ખર્ચ્યાં. કેમકે એનો વિશ્વનો પ્રકાશક આત્મા છે. એને મારો માનનારો અને ખર્ચનારો એ આત્મા નથી. આહાહા..! એ ચીજની વપરાશ જે થાય છે તેનો આત્મા જાણનારો છે, તે પણ વ્યવહારથી. પણ એનો કરનારો અને એનો સ્વામી, પરની કંઈ ક્રિયા થાય, આ ધંધા આદિ થાય એનો ધણી આત્મા નથી. આહાહા..!

અરે..! એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી, પ્રભુ! આ વાત આકરી છે. આહા..! એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. આ તે વાત શું? અને ક્રમબદ્ધ, પર્યાય ક્રમસર થાય પણ એની દૃષ્ટિ અહીં (અંદર) જાય. આહાહા..! સમજાય છે કાંઈ? આવું માનનારની દૃષ્ટિ 'અર્થભૂત ભગવાન એક પૂર્ણ વિજ્ઞાનઘન સર્વ ઉદ્યમથી સ્થિત થશે,...' આહાહા..! એ પુરુષાર્થથી, પૂર્ણ પુરુષાર્થથી સ્થિર થશે. કાંઈપણ પુરુષાર્થને કોઈ શુભરાગમાં, ભેદમાં ન રાખતાં, શુભરાગ કે ભેદમાં પુરુષાર્થને ન રાખતાં પુરુષાર્થને એક પ્રભુમાં રાખતા, સ્થાપતા, આહાહા..! ભેદ પણ નહિ. આહાહા..! પર પણ નહિ. આહાહા..!

'સર્વ ઉદ્યમથી...' એક પૂર્ણ વિજ્ઞાનઘન પરમબ્રહ્મમાં સ્થિત થશે. આ આખા સમયસારનો સાર. આખા સમયસાર, અરે..! ત્રણલોકના નાથ પરમાત્મા સર્વજ્ઞ પ્રભુની વાણી જે બાર અંગ, એથી તો વધારે વાણી હોય નહિ, બાર અંગ સિવાય, એ બાર અંગનો સાર આ છે. આહાહા..! બાર અંગમાં કહ્યું છે આ. આહાહા..! તારો પ્રભુ પૂર્ણ શક્તિથી ભરેલો છે. પૂર્ણ ગુણ સ્વભાવવાળો છે. વાળો છે એમ કહેવું ભેદ છે પણ ગુણસ્વરૂપ જ છે. આહાહા..! અરે..! આવી વાત.

જે એમાં સ્થિત થશે 'તે આત્મા, સાક્ષાત્ તત્ક્ષણ પ્રગટ થતા...' આહાહા..! 'તે આત્મા, સાક્ષાત્ તત્ક્ષણ પ્રગટ થતા એક ચૈતન્યરસથી ભરેલા સ્વભાવમાં...' આહાહા..! એક ચૈતન્યરસ. આકરું છે, પ્રભુ! સાધારણને તો (એમ લાગે) આ શું છે આવું? સાંભળે પણ અંદર રસ ન આવે, અંદર પ્રેમ ન આવે કે આ ચીજ કોઈ અલૌકિક ચીજ અંદર છે. આહાહા..! આત્મા એટલે?

મુમુક્ષુ :– માહાત્મ્ય આવવું જોઈએ ને.

ઉત્તર :– એને માહાત્મ્ય આવ્યું નથી. અંદર મહાપ્રભુ... આહાહા..! એકલા ચૈતન્યરસથી ભરેલો ભગવાન પૂર્ણાનંદનો નાથ વિશ્વનો પ્રકાશક. વિશ્વનો કર્તા નહિ. વિશ્વનો કર્તા નહિ તેમ કોઈ ચીજ અજાણી રહી જાય એમ નહિ. વિશ્વનો પ્રકાશક. વિશ્વ નામ સમસ્ત પદાર્થનો પ્રકાશક. આહાહા..! આ દિગંબર સંતોની વાણી! આહાહા..! કેવળજ્ઞાનના કેડાયતો છે. કેવળજ્ઞાનના કેડાયતો છે. આહાહા..! આમાં કેટલું ઊંડું ભર્યું છે! આહાહા..!

એમાં એમ નથી કહ્યું કે એને જાણીને તું બીજાને સમજાવજે, એમ પણ કહ્યું નથી. તત્ત્વને, ભાવને જાણીને પછી દુનિયાને ઉપદેશ કરજે એમ પણ કહ્યું નથી. કેમકે ઉપદેશ એ તો જડ છે. એ તો વાણી થવાની હોય તો નીકળે. એ કાંઈ આત્માનું (કાર્ય નથી). આહાહા..! એ ઉપદેશ વાણીનો કર્તા આત્મા નથી, પ્રભુ! એનો પ્રકાશક છે. આહાહા..! પહેલેથી જ પ્રકાશે છે. વાણી નીકળતા પણ એને જાણનારો જ છે. આહાહા..! આવો આત્મા પ્રભુ! તેં સાંભળ્યો નથી અને સાંભળ્યો હોય તો અંદરમાં હજી એને માહાત્મ્ય આવ્યું નથી. અંદરમાં માહાત્મ્ય આવીને... આહાહા..! ભલે એ અરૂપી છે, ભલે એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો એકલો સ્વભાવભાવ જ છે પણ વસ્તુ છે, અસ્તિ છે, સત્ છે, તેનું અસ્તિત્વ છે. આહાહા..!

એવો પૂર્ણ પ્રભુ અસ્તિત્વ છે તેમાં ઠરશે તે 'સાક્ષાત્ તત્ક્ષણ પ્રગટ થતાં...' પાછું કેવું? સાક્ષાત્ અને તત્ક્ષણ. આહાહા..! એવા પ્રભુ આત્મામાં ઠરશે એને એવા સમજતા, અનુભવ થતાં વાર લાગશે એમ નહિ. આહાહા..! 'તત્ક્ષણ પ્રગટ થતાં...' એ પર્યાય થઈ. એનો અનુભવ થતાં, તેમાં ઠરતાં. ઠરતાં એ તો પર્યાય થઈ. પર્યાય થતાં થયું શું? કે તત્ક્ષણ પ્રગટ થતાં (એ) પર્યાય પ્રગટ થઈ. આહાહા..!

'એક ચૈતન્યરસથી ભરેલા સ્વભાવમાં...' આહાહા..! 'એક ચૈતન્યરસથી ભરેલા સ્વભાવમાં સુસ્થિત...' આહાહા..! સુસ્થિત, સુ-સ્થિત એકલો સ્થિત નહિ. આહાહા..! 'ચૈતન્યરસથી ભરેલા સ્વભાવમાં સુસ્થિત...' વિશેષે સુ–ભલે પ્રકારે, સુ નામ ભલે પ્રકારે, જેમ છે તેમ સ્થિત એમ કહે છે. આહાહા..! સુસ્થિત એટલે જેમ છે તેમ તેમાં રહેવું. આહાહા..! અરે..! આવી વાત પણ ક્યાં છે? પ્રભુ! બહારની ને બહારની વાતમાં બધી ગડબડ કરીને મૂળભૂત વાત પડી રહી અને મૂળભૂત વાત પણ અલૌકિક. એને સમજવું પણ અલૌકિક.

એ તત્ત્વ પણ કોઈ અલૌકિક!

મુમુક્ષુ :– એનું ફળ અલૌકિક.

ઉત્તર :– એના ફળની વાત શું કરવી! એ ફળની તો આ વાત ચાલે છે. આહાહા..!

'તત્ક્ષણ પ્રગટ થતા એક ચૈતન્યરસથી ભરેલા સ્વભાવમાં સુસ્થિત...' સુસ્થિત ભલે પ્રકારે અંદર અર્થ–વસ્તુમાં 'સુસ્થિત અને નિરાકુળ (–આકુળતા વિનાનું) હોવાને લીધે...' આહાહા..! અંતરમાં સુસ્થિત એટલે બરાબર સારી રીતે સ્થિત થઈને અને નિરાકુળ એટલે આકુળતા વિનાનું હોવાને લીધે. આહાહા..! 'જે પરમાનંદ શબ્દથી વાચ્ય છે...' આહાહા..! જે પરમાનંદ શબ્દથી વાચ્ય છે. પરમાનંદ એ તો શબ્દ છે પણ એનું વાચ્ય પરમાનંદ ભાવ તે એનું વાચ્ય છે. આહાહા..! ગજબ વાત છે. ભાગ્યશાળીને તો કાને પડે. આહાહા..! અને એનો પ્રેમ અને રસ આવે એ અલૌકિક વાત છે, ભાઈ! આ બધા બહારના થોથા તો જડ છે. પુણ્યની ક્રિયા ને મંદિરો ને પ્રતિમા એ બધી બહારની વાતું છે. આહાહા..!

કહે છે, ફળ શું આવશે? અર્થ અને તત્ત્વથી જાણીને સુસ્થિત, 'ચૈતન્યરસથી ભરેલા સ્વભાવમાં સુસ્થિત...' એમ કીધું ને? 'તે આત્મા, સાક્ષાત્ તત્ક્ષણ પ્રગટ થતા એક ચૈતન્યરસથી ભરેલા સ્વભાવમાં સુસ્થિત...' આહાહા..! એક ચૈતન્યરસ, આનંદરસ, શાંતરસમાં સુસ્થિત 'નિરાકુળ હોવાને લીધે જે પરમાનંદ શબ્દથી વાચ્ય છે...' આહાહા..! આને પામશે એમ કહેશે. આહાહા..! ગજબ વાત છે. આ કાંઈ ચોપડાનું નામું નથી. આહાહા..! આ તો ભગવાન સર્વજ્ઞ પરમાત્મા, એમણે કહેલું, જાણેલું અને પછી કહેલું એ સંતો અનુભવીને જગત પાસે જાહેર કરે છે. આહાહા..! એને જાહેર કરતાં કાંઈ લેવું નથી તેમ આ વાણી હું કરું છું એમ પણ નથી. વાણીને કારણે વાણી નીકળે છે. આહાહા..! વાણીનો પણ હું કર્તા નથી. બહુ સમજાવવામાં વિચક્ષણતા આવી એટલે વાણી પણ બહુ ઊંચી આવી, એમ નથી. આહાહા..! વિચક્ષણતા તો આત્મામાં રહી ગઈ અને વાણી જડ છે. આહાહા..! આવું ક્યાં મળે? 'મુંબઈ' માં મળે? આહાહા..! ઠીક પણ ૪૧૫ ગાથાના સારમાં આવ્યા. 'સુમનભાઈ' અને 'પોપટભાઈ'. છેલ્લી ગાથાનો સાર અહીં છે એમાં બરાબર આવ્યા છે. તમારા બાપનો જન્મદિવસ છે. આહાહા..! આ જન્મદિવસ છે, આહાહા..! આ ઉત્પત્તિનો દિવસ છે. આહા..!

'તત્ક્ષણ...' અહીં તો કહે છે, એને વાર લાગે એમ નહિ. આહાહા..! 'પ્રગટ થતા એક ચૈતન્યરસથી ભરેલા સ્વભાવમાં સુસ્થિત અને નિરાકુળ (આકુળતા, વિનાનું) હોવાને લીધે જે પરમાનંદ શબ્દથી વાચ્ય છે,...' એના ફળ તરીકે શું આવ્યું કહે છે. પરમાનંદ આવ્યો. 'પરમાનંદ શબ્દથી વાચ્ય છે...' પરમાનંદ શબ્દ છે, એનાથી પરમાનંદ વાચ્ય છે. પરમાનંદ શબ્દ વાચક છે અને પરમાનંદ છે એ એનું વાચ્ય છે. આહાહા..! આવી વાત. આમાં બહારમાં હો..હા.. હો..હા.. થાય. બહારમાં મોટપ લે અને મોટા અધિકારી થાય, આના જાણનારા ને મોટા પંડિતો ને... આહાહા..!

મુમુક્ષુ :- પોતાને ક્યાં જાણ્યો છે?

ઉત્તર :- પોતાને જાણ્યા વિના પંડિત પણ કેવા? ઇ પાઠ આવે છે. સમકિતી એ શૂરવીર અને પંડિત છે. શૂરવીર એ છે. આહાહા..! લાખો માણસને જીતે એ શૂરવીર નહિ. આહાહા..! પોતાનો ભગવાન આત્મા અંદર... આહાહા..! એમાં જે કંઈ સારી રીતે સ્થિત થાય તો તેના ફળ તરીકે પરમાનંદ જેનું વાચ્ય છે એવો પરમાનંદ શબ્દ... આહાહા..! 'ઉત્તમ છે...' અને તે પરમ 'આનંદ ઉત્તમ છે અને અનાકુળતા લક્ષણવાળું છે...' આહાહા..! 'એવા સૌખ્યસ્વરૂપ પોતે જ થઈ જશે.' પોતે જ થઈ જશે. પામશે એમ પણ નથી કીધું. એવા સુખને પામશે એમ પણ નથી કીધું. આહાહા..! થઈ જશે, પોતે જ થઈ જશે. આહાહા..! 'એવા સૌખ્યસ્વરૂપ પોતે જ થઈ જશે.' આહાહા..!

બધા ભગવાન આત્માઓ છે. બહારના દેહ ને એ તો જડના પરના છે, અંદર ભગવાન આત્મા તો બધાના સરખા પ્રભુ છે અંદર. સ્ત્રી હો, પુરુષ હો, બાળક હો, ઢોર હો કે દેવ હો કે નારકી હોય કે કીડો હોય કે કીડી હોય. આહાહા..! અરે..! નિગોદના જીવ હો તોપણ એ પ્રભુ તો અર્થ મહા આનંદનો ધરનાર-ભરનાર એ પોતે છે. પણ એમાં સ્થિર થવાનો પ્રસંગ નથી. આહાહા..! અહીં કહે છે, તને સ્થિર થવાનો પ્રસંગ છે. આહાહા..!

તને સાંભળવા મળે છે. આહાહા..! ત્યાં સુધી તું આવ્યો. આહાહા..! આવી વીતરાગની વાણી, સર્વોત્કૃષ્ટ ફળદાયક અને સર્વોત્કૃષ્ટ વાણી તને કાને પડી પ્રભુ! તો હવે અંદરમાં જા. આહાહા..! આ..હા..હા..! જ્યાં ભગવાન બિરાજે છે. અરે..! કેમ માને? અહીં જરી શાક સારું આવ્યું હોય ત્યાં તન્મય થઈ જાય. આહાહા..! શીરો ને ચૂરમું કાંઈક સરખું હોય ત્યાં આમ જાણે.. આહાહા..! એ તો માટી ધૂળની પર્યાય છે બધી. માટીની પુદ્ગલની પર્યાય છે. એનો તો આત્મા પ્રકાશક છે, અત્યારે તો એમ કહેવું છે. સ્વપરપ્રકાશક છે ને? એ અપેક્ષાએ સ્વપરપ્રકાશક એનો સ્વભાવ છે. એથી એની પરનો વિશ્વનો પ્રકાશક છે એમ કહ્યું છે. આહાહા..!

આવો જે અનાકુળતાલક્ષણવાળો છે એવો જે સૌખ્યરૂપ પોતે, 'એવા સૌખ્યરૂપ પોતે જ થઈ જશે.' ક્યાંયથી આવશે નહિ, ક્યાંયથી મળશે નહિ. આહાહા..! એ પોતે આનંદરૂપ છે, એ આનંદરૂપ થઈ જશે. આહાહા..! પોતે જ થઈ જશે. એ પર્યાય થઈ. આહાહા..! અરે..! આ વાણી કરોડો રૂપિયા દીધે મળે એવી નથી, બાપા! વાણીથી વસ્તુ પાર છે. આહાહા..! એમાં અંદરમાં વાત બેસવી, ભલે પહેલા વિકલ્પરૂપે નિર્ણય (કરે). આહાહા..! વસ્તુ તો આ જ છે તો વીર્યને અંતર જવાનો અવકાશ એક જ રહ્યો. વિકલ્પથી પણ નિર્ણય કરે તો વીર્યને રાગમાં જવું અને આ કરવું એ વાત તો નિરર્થક થઈ ગઈ. આહાહા..! એને અંતરમાં જવું એ એક વાતનો નિર્ણય આવી ગયો. એટલે એનો પુરુષાર્થ જ ત્યાં વળવા લાગ્યો. આહાહા..! પણ સાંભળવા મળે નહિ અને સાંભળવા મળે એ એમ બોલે કે, એ તો નિશ્ચયની

વાતું છે, એ તો બહુ મોંઘી વાતું છે, એ તો આઘાની (દૂરની) વાત છે, એ તો આઘાની વાત છે... અર..ર..! પ્રભુ! આઘાની નથી, તારાની છે, તારી વાત છે. આહાહા..! બહુ ગાથા ઊંચી! સાર ટીકા પણ ગજબ કર્યો છે ને 'અમૃતચંદ્રાચાર્યે'... આહાહા..!

પાઠમાં ઇ છે ને? 'समयपाहुडमिणं पढिदूणं अत्थतच्चदो णादुं' છે ને? અર્થને તત્ત્વથી જાણ. એટલે દ્રવ્ય અને ગુણને પર્યાયમાં જાણ. 'अत्थे ठाही चेदा' આત્માને અર્થમાં સ્થાપ. 'सो होही उत्तमं सोक्खं' તો તને ઉત્તમ આનંદ મળશે. આહાહા..! એની તો આ ટીકા છે. હિન્દીવાળાને કાંઈ બહુ આકરી ભાષા નથી. ભાષા ગુજરાતી છે. કાલથી શેઠ આવે છે તો કદાચ હિન્દી કરવું પડશે. શેઠ બિચારા માંડ ઘણે વખતે આવે છે. બાર વર્ષથી આવ્યા નથી. નાનો ભાઈ ગુજરી ગયો ને? છાપામાં આવ્યું છે, અરે..! મને એકલો મુકીને ચાલ્યો ગયો, એમ લખ્યું છે. બે ભાઈઓ છે. એકલો મુકીને ગયો, બાપુ! એકલો જ છે. કોણ મુકીને જાય ને કોણ રાખે? આહાહા..!

અનાદિઅનંત એકલો એકલામાં રહ્યો છે. બેકલો થયો નથી, બેકલામાં ગયો નથી. આહાહા..! અને બેકલાનું રૂપ એનું નથી. એનું તો એક... અહીં આવ્યું ને? 'એક ચૈતન્યરસ...' આવ્યું ને અંદર? આહાહા..! ટીકામાં બહુ ભર્યું છે. આહાહા..! 'એવા સૌખ્યસ્વરૂપ પોતે જ થઈ જશે.' પાઠમાં એમ છે, 'होही उत्तमं सोक्खं' થશે ઉત્તમ સુખ. 'होही उत्तमं सोक्खं' આહાહા..! એ ઉત્તમ સુખને પામશે, એમ શબ્દ ન લીધો, ભાઈ! આહાહા..! 'होही उत्तमं सोक्खं' એ ઉત્તમ સુખ થશે. આહાહા..! એ પોતે આનંદરૂપ છે, એ આનંદરૂપ થઈ જશે. આનંદને પામશે એમ પણ ન લીધું. આહાહા..! ગજબ ટીકા છે. આહાહા..! 'होही' થશે ઉત્તમ સુખ. ઉત્તમ સુખ પામશે એમ ન લીધું. આહાહા..! એક એક શબ્દમાં અધ્યાત્મની વાણી છે, પ્રભુ! એમાં અધ્યાત્મરસ ઘણો ઊંડો ભર્યો છે. આહાહા..!

એવું જેમાં ઉત્તમ (સુખ) છે, પરમાનંદ શબ્દથી વાચ્ય છે, પરમાનંદ શબ્દથી એ વાચ્ય છે, ઉત્તમ છે, અનાકુળતા લક્ષણવાળું છે એવા સુખરૂપ પોતે જ થઈ જશે. આહાહા..! સાંભળનારાને સાંભળતા અંદર પ્રેમ આવે તો ત્યાં અશુદ્ધતાની નિર્જરા થઈ જાય એટલું જોર છે. આહાહા..! 'શાંતિભાઈ'! ક્યાંય નથી, પ્રભુ! આહાહા..! જે છે તે તું છો, જ્યાં છે ત્યાં તું છો, જે છે તે તું છો. આહાહા..! તારા સિવાય બીજે ક્યાંય નથી, પ્રભુ! આહાહા..!

સમ્યગ્દષ્ટિ થતાં, પાંચમું ગુણસ્થાન થતાં છતાં રૌદ્રધ્યાન થાય. આહાહા..! એને અહીં ન લીધું. આહાહા..! એ તો એનો જાણનાર–પ્રકાશકમાં લીધું. આહાહા..! આર્તધ્યાન, રૌદ્રધ્યાન, આ રાગ આદિ, વિકાર આદિ આવે... આહાહા..! એનો તો એ પ્રકાશક છે. એનો કરનાર નથી, તેમ તેનો સ્વામી નથી. આહાહા..! આવી ચીજ જે છે... આહાહા..!

'સૌખ્યસ્વરૂપ પોતે જ...' 'होही' છે ને? એટલે 'चेदा सो' તે આત્મા ઉત્તમ સુખરૂપે પરિણમી જશે. ઉત્તમ આનંદરૂપે થઈ જશે. આનંદ તો અંદર છે એમાં ઠર્યો એટલે આનંદરૂપે

થઈ જશે. આનંદ ક્યાંયથી મળશે એમ પણ નહિ. આનંદરૂપે પરિણમી જશે, બસ! આહાહા..! આ ૪૧૫ ગાથાની ટીકા પોણો કલાક ચાલી. આહાહા..! પછી કળશ છે ને? ભાવાર્થ છે, કળશ તો પછી છે.

ભાવાર્થ :– 'આ શાસ્ત્રનું નામ સમયપ્રાભૃત છે.' આ શાસ્ત્રનું નામ 'સમયસાર' છે, સમયપ્રાભૃત છે. 'સમય એટલે પદાર્થ, અથવા સમય એટલે આત્મા.' નહિતર સમય એટલે તો છએ પદાર્થને, છ દ્રવ્યને સમય કહેવાય પણ અહીં સમય એટલે આત્મા. 'તેનું કહેનારું...' આત્માનું કહેનારું આ શાસ્ત્ર છે. આહાહા..! 'આ શાસ્ત્ર છે.' આહાહા..! એના દ્રવ્ય, ગુણ ને પર્યાયના ભેદનું કહેનારું.. આહાહા..! છ દ્રવ્યનું કહેનારું છે એમ કાંઈ ન લીધું. આહાહા..! સમય નામ આત્મા, તેનું કહેનારું છે. આહાહા..!

'વળી આત્મા તો સમસ્ત પદાર્થોનો પ્રકાશક છે,...' ભગવાન આત્મા પોતાની સત્તામાં બધાને પ્રકાશક એવી એની સત્તાનું સામર્થ્ય છે. આહાહા..! એના અસ્તિત્વનું જ એવડું સામર્થ્ય છે. બધાને પ્રકાશે એવું પોતાનું સ્વરૂપ જ એવું છે. આહાહા..! 'આવા વિશ્વપ્રકાશક આત્માને કહેતું હોવાથી...' આવા વિશ્વ નામ સમસ્ત પદાર્થનો પ્રકાશક, વિશ્વનો પ્રકાશક. વિશ્વનો કર્તા ને વિશ્વનો સ્વામી, એ નહિ. 'વિશ્વપ્રકાશક આત્માને કહેતું હોવાથી...'

'વળી આત્મા તો સમસ્ત પદાર્થોનો પ્રકાશક છે.' આહાહા..! 'આવા વિશ્વપ્રકાશક આત્માને કહેતું હોવાથી...' બધા પદાર્થને જાણનારો પોતે પણ તત્ત્વ એક છે. આહાહા..! 'આવા વિશ્વપ્રકાશક આત્માને કહેતું હોવાથી...' એમ કીધું. 'આ સમયપ્રાભૃત શબ્દબ્રહ્મ સમાન છે;...' જેમ શબ્દબ્રહ્મ સર્વવ્યાપક, આત્મા જેમ સર્વવ્યાપક કહે એમ આ શબ્દ સર્વવ્યાપક. એટલે પૂર્ણને બતાવનાર છે. આહાહા..! 'સમયપ્રાભૃત શબ્દબ્રહ્મ સમાન છે;...' આહાહા..! શબ્દબ્રહ્મ સમાન છે એમ કીધું. કારણ કે વાણી તો વીતરાગની છે એમાંથી આ બધું આવ્યું છે. આહાહા..! તેથી 'આ સમયપ્રાભૃત શબ્દબ્રહ્મ સમાન છે...' એમ કીધું. આહાહા..! શબ્દબ્રહ્મ સ્વરૂપ છે એમ ન કહેતા એના સમાન છે (એમ કીધું). આહાહા..!

ત્રણલોકના નાથની વાણી... આહાહા..! એ દિવ્યધ્વનિમાં જે પ્રકાશક આવે એવું નથી પણ એ સમાન છે. આહાહા..! ત્રણ લોકના નાથ 'સીમંધર' ભગવાન પ્રભુ કેવળજ્ઞાનપણે વર્તમાનપણે બિરાજે છે એમની વાણી સમાન, એમ ન કહ્યું. પણ સમસ્ત શબ્દબ્રહ્મ સમાન છે. શબ્દબ્રહ્મ ન કહ્યું, શબ્દબ્રહ્મ સમાન છે. આહાહા..! જાણે કે વીતરાગની જ વાણી હોય અને સર્વને કહેનારી હોય એવા શબ્દબ્રહ્મ સમાન છે. આહાહા..!

'કારણ કે જે સમસ્ત પદાર્થોનું કહેનાર હોય તેને શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે.' આ તો દૃષ્ટાંત છે, હોં! સમસ્ત પદાર્થનું કહેનાર હોય તેને શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે. બધાને કહે તે શબ્દબ્રહ્મ. આખું કહે તેને શબ્દબ્રહ્મ (કહે છે). આખા સર્વને કહે તે શબ્દબ્રહ્મ એટલે સર્વ સ્વરૂપ. શબ્દ સર્વસ્વરૂપ. આહાહા..! 'કારણ કે જે સમસ્ત પદાર્થોનું કહેનાર હોય તેને

શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે. દ્વાદશાંગશાસ્ત્ર શબ્દબ્રહ્મ છે...' આહાહા..! ભગવાનની વાણી દ્વાદશાંગ શાસ્ત્ર સમાન નહિ પણ શબ્દબ્રહ્મ છે. આહાહા..! ત્રિલોકનાથની વાણી શબ્દબ્રહ્મ છે 'અને આ સમયપ્રાભૃતશાસ્ત્રને પણ શબ્દબ્રહ્મની ઉપમા છે.' ઉપમા છે. આહાહા..! તેથી સમાન કહ્યું છે. આહાહા..! 'શબ્દબ્રહ્મની ઉપમા છે. આ શબ્દબ્રહ્મ (અર્થાત્ સમયપ્રાભૃતશાસ્ત્ર) પરબ્રહ્મને (અર્થાત્ શુદ્ધ પરમાત્માને) સાક્ષાત્ દેખાડે છે.' આહાહા..! ઠીક! એ વસ્તુને, તત્ત્વને, આત્માને જ દેખાડે છે. આહાહા..! આવું ઝીણું લાગે પણ વસ્તુ તો આ છે. આહાહા..! શબ્દો જ જ્યાં બહુ ઝીણા લાગે ત્યાં એના વાચ્યની વાત શી કરવી? પ્રભુ! આહાહા..!

'દ્વાદશાંગશાસ્ત્ર શબ્દબ્રહ્મ છે અને આ સમયપ્રાભૃતશાસ્ત્રને પણ શબ્દબ્રહ્મની ઉપમા છે. આ શબ્દબ્રહ્મ (અર્થાત્ સમયપ્રાભૃતશાસ્ત્ર) પરબ્રહ્મને (અર્થાત્ શુદ્ધ પરમાત્માને) સાક્ષાત્ દેખાડે છે.' આહાહા..! જેમ ભગવાનની વાણી દ્વાદશાંગ શબ્દબ્રહ્મ હોવાથી આત્માને દેખાડે છે એમ આ પણ આત્માને દેખાડે છે.

'જે આ શાસ્ત્રને ભણીને...' આહાહા..! 'તેના યથાર્થ અર્થમાં ઠરશે,...' અર્થમાં ઠરશે, હોં! એમ કહ્યું છે. તત્ત્વ અને અર્થ આવ્યું હતું ને? અર્થ–પદાર્થ અને તત્ત્વ–ભાવ. એ નહિ પણ પદાર્થમાં ઠરશે. આહાહા..! 'તેના યથાર્થ અર્થમાં ઠરશે,...' ભાષા શું છે? જોયું? 'આ શાસ્ત્રને ભણીને તેના યથાર્થ અર્થમાં ઠરશે,...' યથાર્થ અર્થ તે આત્મા આખો. આહાહા..! કહી કહીને કહેવાનું એ કે, આ તો પરબ્રહ્મ ભગવાન પરમાનંદ ધ્રુવ. આહાહા..! 'યથાર્થ અર્થમાં ઠરશે...' એ ધ્રુવ જે ભગવાન આત્મા. ઠરશે એ પર્યાય થઈ. ઠરશે ધ્રુવમાં. આહાહા..! પરમબ્રહ્મ... આહાહા..! 'તેના યથાર્થ અર્થમાં ઠરશે,...' એના અર્થમાં–પદાર્થમાં–આત્મામાં ઠરશે. આહાહા..! 'તે પરબ્રહ્મને પામશે;...' આહાહા..! એ પરમબ્રહ્મ સ્વરૂપ ભગવાન આત્મા, એને પામીને ભવનો અંત આવી જશે. આહાહા..!

'અને તેથી જેને પરમાનંદ કહેવામાં આવે છે...' પરમાનંદ શબ્દમાં કહેવામાં આવે છે 'એવા ઉત્તમ, સ્વાત્મિક,...' સ્વસ્વરૂપ. 'સ્વાધીન,...' પોતાને સ્વાધીન–સ્વ-આધીન. પરને આધીન નહિ. આહાહા..! વ્યવહાર રત્નત્રય, નિમિત્તને આધીન નહિ. આહાહા..! આવી વાત છે પણ હવે વિરોધ (કરે), સત્યનો પણ વિરોધ કરે. દુનિયાના રસમાં પડ્યો હોય એને આ રસ આવવો મુશ્કેલી પડે તેથી આ નિશ્ચયની વાતને એકાંત નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય એકાંત છે (એમ કહે). એમના શાસ્ત્ર પણ એકાંત નિશ્ચય છે. અરે..! ભગવાન! પ્રભુ! તું પણ સુખી થા. આહાહા..! વિપરીતપણું કોઈને ન રહે, પ્રભુ! આહાહા..!

આત્મા અંદર આનંદનો નાથ છે એ આનંદરૂપે થઈ જા. પરમબ્રહ્મને પામશે. જેથી પરમાનંદ કહેવામાં આવે છે એવા 'સ્વાત્મિક, સ્વાધીન, બાધારહિત...' આહાહા..! એક તો સ્વાત્મિક એટલે સ્વસ્વરૂપ, તે પણ સ્વાધીન, બાધારહિત એ નાસ્તિ (કીધી), 'અવિનાશી સુખને પામશે.' આહાહા..! 'માટે હે ભવ્ય જીવો!' આહાહા..! ટીકાકાર કહે છે, 'હે ભવ્ય

જીવો! તમે પોતાના કલ્યાણને અર્થે...' તમે પોતાના કલ્યાણને અર્થે. બીજાનું કલ્યાણ થાય માટે હું ભણું ને કહું એ રહેવા દે.

'પોતાના કલ્યાણને અર્થે આનો અભ્યાસ કરો,...' પોતાના કલ્યાણને અર્થે આનો અભ્યાસ કરો. આહાહા..! 'આનું શ્રવણ કરો, નિરંતર આનું જ સ્મરણ...' આહાહા..! 'અને ધ્યાન રાખો, કે જેથી અવિનાશી સુખની પ્રાપ્તિ થાય. આવો શ્રી ગુરુઓનો ઉપદેશ છે.' આહાહા..!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૨૪૬

(अनुष्टुभ्)

इतीदमात्मनस्तत्त्वं ज्ञानमात्रमवस्थितम्।
अखण्डमेकमचलं स्वसंवेद्यमबाधितम्।।२४६।।

હવે આ સર્વવિશુદ્ધજ્ઞાનના અધિકારની પૂર્ણતાનો કળશરૂપ શ્લોક કહે છે :-

શ્લોકાર્થ :- [ इति इदम् आत्मनः तत्त्वं ज्ञानमात्रम् अवस्थितम् ] આ રીતે આ આત્માનું તત્ત્વ (અર્થાત્ પરમાર્થભૂત સ્વરૂપ) જ્ઞાનમાત્ર નક્કી થયું-[ अखण्डम् ] કે જે (આત્માનું) જ્ઞાનમાત્ર તત્ત્વ અખંડ છે (અર્થાત્ અનેક જ્ઞેયાકારોથી અને પ્રતિપક્ષી કર્મોથી જોકે ખંડ ખંડ દેખાય છે તોપણ જ્ઞાનમાત્રમાં ખંડ નથી), [ एकम् ] એક છે (અર્થાત્ અખંડ હોવાથી એકરૂપ છે), [ अचलं ] અચળ છે (અર્થાત્ જ્ઞાનરૂપથી ચળતું નથી-જ્ઞેયરૂપ થતું નથી), [ स्वसंवेद्यम्] સ્વસંવેદ્ય છે (અર્થાત્ પોતાથી જ પોતે જણાય છે), [ अबाधितम् ] અને અબાધિત છે (અર્થાત્ કોઈ ખોટી યુક્તિથી બાધા પામતું નથી).

ભાવાર્થ :- અહીં આત્માનું નિજ સ્વરૂપ જ્ઞાન જ કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છે :- આત્મામાં અનંત ધર્મો છે; પરંતુ તેમાં કેટલાક તો સાધારણ છે, તેથી તેઓ અતિવ્યાપ્તિવાળા છે, તેમનાથી આત્માને ઓળખી શકાય નહિ; વળી કેટલાક (ધર્મો) પર્યાયાશ્રિત છે-કોઈ અવસ્થામાં હોય છે અને કોઈ અવસ્થામાં નથી હોતા, તેથી તેઓ અવ્યાપ્તિવાળા છે, તેમનાથી પણ આત્મા ઓળખી શકાય નહિ. ચેતનતા જોકે આત્માનું (અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિથી રહિત) લક્ષણ છે, તોપણ તે શક્તિમાત્ર છે, અદૃષ્ટ છે; તેની વ્યક્તિ દર્શન અને જ્ઞાન છે. તે દર્શન અને જ્ઞાનમાં પણ જ્ઞાન સાકાર છે, પ્રગટ અનુભવગોચર છે; તેથી

તેના દ્વારા જ આત્મા ઓળખી શકાય છે. માટે અહીં આ જ્ઞાનને જ પ્રધાન કરીને આત્માનું તત્ત્વ કહ્યું છે.

અહીં એમ ન સમજવું કે 'આત્માને જ્ઞાનમાત્ર તત્ત્વવાળો કહ્યો છે તેથી એટલો જ પરમાર્થ છે અને અન્ય ધર્મો જૂઠા છે, આત્મામાં નથી'; આવો સર્વથા એકાંત કરવાથી તો મિથ્યાદૃષ્ટિપણું થાય છે, વિજ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધનો અને વેદાંતનો મત આવે છે; માટે આવો એકાંત બાધાસહિત છે. આવા એકાંત અભિપ્રાયથી કોઈ મુનિવ્રત પણ પાળે અને આત્માનું-જ્ઞાનમાત્રનું-ધ્યાન પણ કરે, તોપણ મિથ્યાત્વ કપાય નહિ; મંદ કષાયોને લીધે સ્વર્ગ પામે તો પામો, મોક્ષનું સાધન તો થતું નથી. માટે સ્યાદ્વાદથી યથાર્થ સમજવું. ૨૪૬.

સરવવિશુદ્ધજ્ઞાનરૂપ સદા ચિદાનંદ કરતા ન ભોગતા ન પરદ્રવ્યભાવકો,
મૂરત અમૂરત જે આનદ્રવ્ય લોકમાંહિ તે ભી જ્ઞાનરૂપ નાહીં ન્યારે ન અભાવકો;
યહૈ જાનિ જ્ઞાની જીવ આપકું ભજૈ સદીવ જ્ઞાનરૂપ સુખતૂપ આન ન લગાવકો,
કર્મ-કર્મફલરૂપ ચેતનાકૂં દૂરિ ટારિ જ્ઞાનચેતના અભ્યાસ કરે શુદ્ધ ભાવકો.

આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં સર્વવિશુદ્ધજ્ઞાનનો પ્રરૂપક નવમો અંક સમાપ્ત થયો.

---

પ્રવચન નં. ૪૬૨ શ્લોક–૨૪૬, રવિવાર, ભાદરવા સુદ ૫, તા. ૧૪-૦૯-૧૯૮૦

---

'સમયસાર'. આમાં છેલ્લો કળશ છે.

इतीदमात्मनस्तत्त्वं ज्ञानमात्रमवस्थितम्।
अखण्डमेकमचलं स्वसंवेद्यमबाधितम्।।२४६।।

આહાહા..! આ 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' ની પૂર્ણતાનો શ્લોક છે. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર પૂર્ણ થાય છે, તેનો છેલ્લો શ્લોક છે. 'इति इदम् आत्मनः तत्त्वं ज्ञानमात्रम् अवस्थितम्' 'આ રીતે આ આત્માનું તત્ત્વ (અર્થાત્ પરમાર્થભૂત સ્વરૂપ) જ્ઞાનમાત્ર નક્કી થયું...' ભગવાન આત્મા તો જ્ઞાન–પ્રજ્ઞાસ્વરૂપમાત્ર છે. નવ (તત્ત્વમાં) એ આત્મતત્ત્વ છે. નવ તત્ત્વમાં જીવ, અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ બધી તો પર્યાય છે અને એક અજીવ આદિ છે.

જીવ જેને કહીએ એ તો... આહાહા..! 'આત્માનું તત્ત્વ (અર્થાત્ પરમાર્થભૂત સ્વરૂપ) જ્ઞાનમાત્ર નક્કી થયું...' એ તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે. આત્મા જગતનું નેત્ર, જગતનો દેખનાર-

જાણનાર છે. આહાહા..! કરનાર કાંઈ નહિ. પોતા સિવાય પરનું કાંઈ કરે છે એમ ત્રણકાળમાં નથી. નિશ્ચયમાં તો એવી વાત છે કે પોતાની પર્યાયનો પણ કર્તા નથી, એવી વાત છે, ભાઈ! બહુ ઝીણી વાત, બાપુ! આહાહા..! પર્યાય પર્યાયની કર્તા છે. એ કહે છે.

'આ આત્માનું તત્ત્વ...' ભાવ. તત્ત્વ એટલે ભાવ. '(પરમાર્થભૂત સ્વરૂપ) જ્ઞાનમાત્ર નક્કી થયું...' એ તો જ્ઞાનસ્વરૂપી છે. કોઈનો કર્તા નહિ, કોઈને પલટાવતું નથી, કોઈને પોતાનું માનતું નથી, કોઈને જાણ્યા વિના રહેતું નથી. આહાહા..! જરી ઝીણી વાત છે, ભાઈ! અનંત કાળ થયો. ચોરાશીના અવતારમાં એણે પંચ મહાવ્રતની ક્રિયા પણ અનંત વાર કરી, એવી ક્રિયા અનંત વાર કરી એ કોઈ ચીજ નથી. આહાહા..! ભગવાન તો જ્ઞાનમાત્ર છે. પ્રજ્ઞાસ્વરૂપ, ચક્ષુ-જ્ઞાનચક્ષુ છે. જગત ચક્ષુમાં જાણવાલાયક છે, આત્મા જ્ઞાનચક્ષુમાત્ર આત્મા છે. તેની દૃષ્ટિ અને અનુભવ કરવો એ જ સમ્યગ્દર્શન અને ધર્મ છે. આહાહા..! આ ચીજ છે.

'જ્ઞાનમાત્ર નક્કી થયું-કે જે (આત્માનું) જ્ઞાનમાત્ર તત્ત્વ અખંડ છે...' આહાહા..! શું કહે છે? ઝીણી વાત છે, પ્રભુ! આ જ્ઞાન જ્ઞેયને જાણે છે તો જ્ઞેયાકાર થયા એમ છે નહિ. આહાહા..! જ્ઞાનમાત્ર કહ્યું અને જ્ઞાન જ્ઞેયને જાણે છે તો જ્ઞેયને જાણવાથી જ્ઞાન જ્ઞેયાકાર રૂપે થઈ જાય છે એમ છે નહિ. આહાહા..! જ્ઞેય શબ્દે પંચ પરમેષ્ઠી પરમાત્મા પણ જ્ઞેય છે. આત્મા જ્ઞાન છે અને આખી દુનિયા જ્ઞેય છે. આહાહા..! પોતાનું સ્વરૂપ ચૈતન્યમૂર્તિ છે અને વિકલ્પ શુભરાગ દયા, દાન, ભક્તિના રાગથી માંડી આખી દુનિયા, પંચ પરમેષ્ઠી પણ પર અને વ્યવહાર છે. આહાહા..! લોકોને મૂળ તત્ત્વ (સમજવામાં) મુશ્કેલી પડે. સાંભળ્યું નથી, કર્યું નથી અને કરવાની દરકાર પણ નથી. અનંત કાળ એમ ને એમ રખડતો રખડતો ચાલ્યો.

કહે છે, એ તો અખંડ છે. અખંડ કેમ કહ્યું? આત્મા-જ્ઞાનમાં જ્ઞેય જણાય છે તો જ્ઞાન ખંડરૂપ થઈ જાય છે એમ નથી. 'શશીભાઈ'! આહાહા..! શું કહ્યું? એમ કહ્યું ને? આત્મા જ્ઞાનમાત્ર છે, પણ એ જ્ઞાન અખંડ છે. અનેક જ્ઞેયાકારોથી... આહાહા..! પોતાના જ્ઞાન સ્વભાવ સિવાય દયા, દાન, ભક્તિના રાગથી માંડી પંચ પરમેષ્ઠી અને આખી દુનિયાનું જ્ઞેયાકાર જ્ઞાન થાય છે પણ એ જ્ઞાન જ્ઞેયાકારનું પરાધીન નથી. એ જ્ઞાનાકાર જ્ઞેયાકાર છે. આહાહા..! આવી વાત. શું કહ્યું?

જેમ આંખમાં-નેત્રમાં અગ્નિ દેખાય છે પણ અગ્નિ નેત્રમાં નથી. આહાહા..! નેત્ર નેત્રને જોવે છે અને નેત્ર અગ્નિને જોવે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. એ અગ્નિનું જ્ઞાન થાય છે તો અગ્નિ અહીંયા જ્ઞાનમાં આવી જાય છે, અગ્નિનો જ્ઞેયાકાર અહીંયા જ્ઞાનમાં થઈ જાય છે એમ નથી. શેઠ! આવી વાત છે, ભગવાન!

મુમુક્ષુ :- પ્રત્યક્ષ દેખાય છે ને!

ઉત્તર :- શેઠ તો બોલે. પ્રત્યક્ષ. એવી વાત છે, પ્રભુ! શું કહીએ?

એક આત્મા પરદ્રવ્યને કદી અડ્યો નથી. આ સિદ્ધાંત (છે). ત્રીજી ગાથા, 'સમયસાર' ની ત્રીજી ગાથા. એક દ્રવ્ય ચૈતન્ય ભગવાન કદી કર્મને, રાગને, શરીરને, વાણીને, દેવ-ગુરુ-શાસ્ત્રને કદી અડ્યો નથી, કદી સ્પર્શ્યો નથી, કદી ચુંબન કર્યું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબન, સ્પર્શ, અડતો નથી. શેઠ! ઝીણી વાત છે, બાપા! આહાહા..! માર્ગ કોઈ એવો છે. અત્યારે તો ગડબડ થઈ ગઈ છે. આહાહા..!

અહીં કહે છે કે જ્ઞાનમાત્ર આત્મા કહ્યો તો જ્ઞાન જ્ઞેયને જાણે છે કે નહિ? જ્ઞેયને જાણે છે એમ કહેવું તે પણ વ્યવહાર છે. એ તો જ્ઞાનનો પોતાનો સ્વભાવ સ્વપરપ્રકાશક પોતાનું સત્ત્વ પોતાથી છે. એ જ્ઞેયને જાણવાથી અહીંયા જ્ઞાન થયું એમ નથી. આહાહા..! આવી આકરી વાત. નવરાશ ક્યાં છે? ફુરસદ ન મળે. જિંદગી ચાલી જાય છે. આહાહા..! આ 'શોભાલાલ' શેઠ ચાલ્યા ગયા. આહાહા..! એમ દરેક ચાલ્યા જાય છે, બાપુ! અત્યારે તો સાંભળીએ છીએ ને! ક્ષણ ક્ષણમાં જે સ્થિતિ છે તે છોડીને ચાલ્યો જાય, ચાર ગતિમાં રખડવા. ચાર ગતિમાં રખડવા જાય છે. આહા..! કેમ?

પ્રભુ તો જ્ઞાનમાત્ર છે અને જ્ઞાન પરને જાણે છે તે કારણે જ્ઞાનમાં જ્ઞેય જાણવાના જ્ઞેયાકાર આવ્યા, એમ નથી. એ જ્ઞાન જ્ઞાનાકારે જ્ઞેયાકાર જ્ઞાનાકાર થયું છે. આહાહા..! જ્ઞાન જ્ઞાન જ રહ્યું છે અને જ્ઞાન જ્ઞાનપણે પરિણમ્યું છે. એ જ્ઞેયને જાણે છે તો જ્ઞેયાકારરૂપ થયું નથી. આહાહા..!

જ્ઞાન. 'અખંડ' શબ્દનો અર્થ ચાલે છે. 'અખંડ' શબ્દ છે ને? એનો અર્થ થાય છે. કેમ? કે, પ્રભુ જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે તે બધાને જાણે છે તો ખરું. જાણે છે તો એ પરજ્ઞેયાકાર રૂપ અહીં ખંડ ખંડ થાય છે? અનંતને જાણવાથી, જ્ઞાન અનંતને જાણે છે તો અનંતને જાણવાથી જ્ઞાનમાં અનંતતા–ખંડ ખંડ, ભંગ, ભેદ થઈ જાય છે? એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! આ તો મુદ્દાની રકમની વાત છે. મૂળ માલની વાત છે. ઉપરટપકાની બધી વાતું લોકોએ અનંત વાર કરી. આહાહા..!

અરે..! ત્રણલોકના નાથ પરમાત્માની ભક્તિ પણ અનંત વાર કરી. અરે..! સમવસરણમાં જ્યાં ભગવાન બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં કાયમ સમવસરણમાં તીર્થંકર તો બિરાજે છે. ત્યાં અનંત વાર જન્મ ધારણ કર્યા છે અને અનંત વાર સમવસરણમાં પણ ગયો છે. આહાહા..! અને પ્રભુની વાણી પણ સાંભળી છે પણ પોતાના ચૈતન્ય સન્મુખ જોયું નહિ. પર સન્મુખથી હઠ્યો નહિ, સ્વસન્મુખમાં આવ્યો નહિ. શેઠ! આહાહા..! 'માણેકચંદજી'! સમજાય છે? ભાષા તો હિન્દી ચાલે છે. આહાહા..!

પ્રભુ! માલ એવો છે. બે વાત કરી. આખા સારમાં એમ કહ્યું કે, આ ભગવાન જે આત્મા અંદર છે તે જ્ઞાનસ્વરૂપી જ છે. જ્ઞાનચક્ષુ–ચૈતન્યનેત્ર, ચૈતન્યસ્વરૂપ છે. એક વાત. બીજી (વાત)–ચૈતન્ય છે એ તો સ્વ અને પર બન્નેને જાણે છે. બેને જાણે છે તો બીજાને

જાણવાથી ત્યાં ખંડ થઈ ગયો? આહાહા..! આપે જ્ઞાનમાત્ર કહ્યું કે જ્ઞાનમાત્ર ભગવાન આત્મા છે. તો જ્ઞાનનો સ્વ અને પર બન્નેને જાણવાનો સ્વભાવ છે. 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી' સ્વ ને પરને જાણનારી શક્તિ તો આત્માની છે તો પરને જાણ્યું તો ખંડ ખંડ થઈ ગયું? આહાહા..! ગજબ વાત છે, પ્રભુ! એણે કદી કર્યું નથી, સાંભળ્યું નથી અને બહારમાં હો..હા.. હો..હા.. માં જિંદગી (કાઢી નાખી).

બે વાત થઈ. એક તો પ્રભુ જ્ઞાનસ્વરૂપ છે. રાગ નહિ, શરીર નહિ, વાણી નહિ, પંચ પરમેષ્ઠી સ્વરૂપે આ આત્મા નથી. આહાહા..! હા, એ જ્ઞાનસ્વરૂપમાં પંચ પરમેષ્ઠી સ્વરૂપે એની શક્તિ છે. તેને કારણે નહિ. પોતાનો સ્વભાવ જ પંચ પરમેષ્ઠી સ્વરૂપનો સ્વભાવ શક્તિ છે. એ શક્તિ જ્ઞાનમાત્ર આપે કહ્યું તો પ્રભુ! એ અખંડ પરને જાણે છે કે નહિ? પરને જાણે છે તો પર તો અનંત ચીજ છે. અનંત ચીજને જાણવાથી જ્ઞાનમાં કોઈ ખંડ, ખામી, કટકા, ભેદ થાય છે? કે, ના. વાત એવી છે, શેઠ!

અત્યારે તો બધી શું ચાલે છે ખબર છે. આ તો ૯૧ વર્ષ ચાલે છે. શરીરને ૯૧ (વર્ષ ચાલે છે). આહાહા..! ૯૦ + ૧. આહાહા..! અઢાર વર્ષની ઉંમરથી આ (ચાલે છે). ઘરની દુકાન હતી, ત્યાં પણ હું તો આ વાંચતો હતો. અત્યારે મોટી દુકાન છે, 'પાલેજ' માં દુકાન છે. 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે. ત્યાં દુકાન છે, અત્યારે પણ દુકાન છે. ચાલીસ લાખ રૂપિયા છે, ચાર લાખની પેદાશ છે. અત્યારે છોકરાઓ છે. અમારા ફઈના દીકરા ભાગીદાર હતા. અહીં તો ૯૧ થયા, બીજા બધા ચાલ્યા ગયા, છોકરાઓ છે એ દુકાન ચલાવે છે. આહાહા..! ત્યાં પણ હું તો શાસ્ત્ર વાંચતો હતો. દુકાન ઉપર પણ શાસ્ત્ર વાંચતો હતો, પણ શ્વેતાંબરના. શ્વેતાંબર હતા ને? પિતાજી શ્વેતાંબર હતા, સ્થાનકવાસી હતા. એમાં અમારો જન્મ થયો હતો. આહાહા..!

અમે તો મહાવિદેહથી આવ્યા છીએ. અમે તો ભગવાન પાસે હતા. પણ છેલ્લે પરિણામમાં થોડો ફેરફાર થઈ ગયો તો અહીંયા કાઠિયાવાડમાં જન્મ થઈ ગયો. અગિયાર માઈલ છેટે 'ઉમરાળા' છે. આહાહા..! અરે..! આ વાત ક્યાં છે? પ્રભુ! અમે તો વેપાર પણ જોયા છે અને શાસ્ત્રો હજારો જોયા છે. કરોડો શ્લોકો જોયા છે, આખી જિંદગી એમાં જ કાઢી છે. આહાહા..!

અહીં કહે છે, આખા શાસ્ત્રનો સાર આમ કહે છે. છેલ્લો શ્લોક છે ને? પછી પરિશિષ્ટ આવશે. આહાહા..! એક તો તું પ્રભુ! જ્ઞાન સિવાય તું કોઈ ચીજ છો નહિ. એ પરની ભક્તિના પરિણામ થવા એ પણ તારી ચીજ નહિ. હવે જ્ઞાનમાં જણાય છે કે નહિ? જ્ઞાનનો તો જાણવાનો સ્વભાવ છે, તો જાણવાનો સ્વભાવ સ્વ અને પર બન્નેને જાણે કે નહિ? બન્નેને જાણે. બીજી ચીજ તો અનંત છે, તો અનંતને જાણવાથી ખંડ થઈ જાય કે નહિ? આહાહા..! તો કહે છે, ના, અખંડ છે. આહાહા..! અખંડ.

'જે (આત્માનું) જ્ઞાનમાત્ર તત્ત્વ અખંડ છે (અર્થાત્ અનેક જ્ઞેયાકારોથી..)' આહાહા..! અરે..! પંચ પરમેષ્ઠી, અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુને જાણવાથી અહીંયા જ્ઞેયાકાર પરને કારણે થયા છે એમ છે નહિ. આહાહા..! છે? આવ્યું ને? '(અનેક જ્ઞેયાકારોથી...)' આહાહા..! અનેક જ્ઞેયાકારમાં તો વિકલ્પથી માંડી પંચ પરમેષ્ઠી, છ દ્રવ્ય અને લોકાલોક આવ્યા. આહાહા..! તેને જાણે છે પણ જાણવા છતાં ભેદ થતો નથી. અનંતને જાણવા છતાં ભેદ, ખંડ પડતા નથી એવો એનો અખંડ સ્વભાવ છે. આહાહા..! અરે..! દરકાર કરી નથી કોઈ દિ'. દુનિયાની ચિંતા, દુનિયાના વ્યવસાય ને અમે વ્યવસાય કરી શકીએ છીએ, બધી ચીજને વ્યવસ્થિત રાખવામાં હું વ્યવસ્થાપક છું. આહાહા..! મિથ્યા ભ્રમ છે. તારે કારણે બીજી ચીજમાં કોઈ અવસ્થા થાય છે એમ ત્રણકાળમાં નથી. છે?

મુમુક્ષુ :– બધું વ્યવસ્થિત જ છે.

ઉત્તર :– વ્યવસ્થિત જ છે, વ્યવસ્થિત જ છે. વ્યવસ્થિતની વ્યવસ્થા કરવી એ રહેતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં તો હજી બે શબ્દ ચાલ્યા છે. પ્રભુ! તું જ્ઞાન છો ને! તું બીજી કોઈ ચીજ શરીર, વાણી, મન, કર્મ, રાગ, દયા, દાન, ભગવાનની ભક્તિ એ તું નહિ. એ તો બીજું તત્ત્વ છે. ત્યારે તું તો જ્ઞાનમાત્ર છો ને! જ્ઞાનમાત્ર છો તો જાણવાનો સ્વભાવ છે કે નહિ? તો પરને (જાણતા) પરરૂપે તું નથી થતો, પરરૂપે થતો નથી પણ પરરૂપનું જ્ઞાન તારામાં થાય છે તો પરના જ્ઞેયાકારરૂપ થતાં જ્ઞાન એટલું પરાધીન થઈ જાય છે કે નહિ? ના. એ જ્ઞેયાકારના જ્ઞાનાકાર પોતાના થાય છે. પોતાના જ્ઞાનાકારમાં એ જાણવામાં આવે છે, એ જ્ઞેયાકારને કારણે નહિ. આહાહા..! આવી વાત. હવે, ધંધા આડે નવરા ક્યાં? આહાહા..! જિંદગી ચાલી જાય છે. શું કહ્યું?

આ તો ભગવાનની વાણી છે. એક શબ્દમાં તો અનંત ભર્યું છે. એક શબ્દમાં તો અનંત (ભર્યું છે). આહાહા..! એક 'જગત' શબ્દ કહો. જગત–ત્રણ અક્ષર છે. જગતમાં તો આખું બ્રહ્માંડ આવી ગયું. આહાહા..! એમ અહીંયા જ્ઞાન કહેવાથી તારી આખી ચીજ અખંડાનંદ આવી ગઈ. અને તે પણ પરને જાણવાથી, સ્વપરપ્રકાશક જાણવાનો તારો સ્વભાવ હોવાથી પરને જાણવાથી તારામાં એકરૂપતા છૂટીને જ્ઞેયાકારરૂપતા થઈ જાય છે એમ નથી. આહાહા..! અરે..રે..! આવો ઉપદેશ. બાપુ! માર્ગ તો પ્રભુ આ છે. અનંતકાળ થયા એણે કદી વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિ કરી નહિ. વાસ્તવિક તત્ત્વ તરફ ઝુકાવ કર્યો નહિ, સમીપ આવ્યો નહિ. તેનાથી દૂર જ વર્તી રહ્યો છે. આહાહા..!

એ કહે છે, 'अखण्डम्' 'અખંડ છે (અર્થાત્ અનેક જ્ઞેયાકારોથી...)' જ્ઞેયાકાર રૂપ થતું નથી, એ જ્ઞાનાકારે પોતાના સ્વરૂપે છે. આહાહા..! એક વાત. '(પ્રતિપક્ષી કર્મોથી જોકે ખંડ ખંડ દેખાય છે...)' છે? પ્રતિપક્ષ કર્મથી, નિમિત્તથી, રાગ, દ્વેષ, મતિ, શ્રુત, અવધિ એવું

ખંડ ખંડ જ્ઞાન દેખાય છે. નિમિત્તને આધીન (એવું દેખાય છે પણ) છે પોતાને કારણે, હોં! નિમિત્તથી નહિ. આહાહા..! નિમિત્તથી નહિ પણ નિમિત્તને વશે. આહાહા..! છે? 'પ્રતિપક્ષી કર્મોથી જોકે ખંડ ખંડ દેખાય છે તોપણ જ્ઞાનમાત્રમાં ખંડ નથી),...' અંદર રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ દેખાય છે, અલ્પજ્ઞપણું દેખાય છે, મતિ-શ્રુત આદિ અલ્પજ્ઞપણું દેખાય છે. આહાહા..! એ અલ્પજ્ઞપણું પણ તારામાં નથી. આહાહા..! તારું તો પૂર્ણ સ્વરૂપ છે. છે? '(જ્ઞાનમાત્રમાં ખંડ નથી)...'

'એક છે...' ભાષા જુઓ! અખંડની સામે (આ કહ્યું). પરને જાણે છે તો તારા જ્ઞાનમાં અનેકતા આવી ગઈ, એમ છે નહિ. સારમાં સાર છેલ્લો શ્લોક છે. આહાહા..! કહે છે કે, તું બધાને જાણે છે અને કર્મના નિમિત્તને આધીન તારી પર્યાયમાં રાગ-દ્વેષ આદિ દેખાય છે એ તારા નથી. તું તો તેનાથી ભિન્ન એકરૂપ છો. આહાહા..! અનેક જ્ઞેયાકારે તો થયો નથી પણ કર્મના નિમિત્તે અનેકપણું થયું છે એમ પણ નથી. આહાહા..! આ તો સંતોની વાણી, દિગંબર મુનિઓની વાણી. એ ભગવાન પાસે ગયા હતા. 'કુંદકુંદાચાર્ય' બે હજાર વર્ષ પહેલા, સંવત ૪૯ માં (ભગવાન પાસે ગયા હતા), ત્યાં આઠ દિન રહ્યા હતા. નગ્ન દિગંબર મુનિ. આહાહા..! આઠ દિવસ સાંભળ્યું. બાકીના સમયમાં, ભગવાનની વાણી તો સવાર, બપોર, સાંજ એમ ચાલતી હતી, કાંઈ આખો દિવસ ન ચાલે, તો બીજા સમયમાં બીજા સંતો સાચા મુનિઓ હતા, ભાવલિંગી સંત શ્રુતકેવળીઓ પાસે કેટલોક નિર્ણય કર્યો. આહાહા..! આવા જ્ઞાનની પુષ્ટિ, યથાર્થતા લઈને અહીં આવ્યા અને આવીને આ શાસ્ત્ર બનાવ્યા. આહાહા..! અરે..રે...!

'એક છે...' એક કેમ કહ્યું? '(અખંડ હોવાથી એકરૂપ છે).' અનેકને જાણવા છતાં અનેકરૂપ થતું નથી. આહાહા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપમાં અનેકને જાણવા છતાં અનેકરૂપ થતો નથી, એકરૂપ જ છે. અખંડ એકરૂપ છે. આહાહા..! એમાં ખંડ પણ થયો નથી, અનેકતા પણ થઈ નથી. આહાહા..! એવો પ્રભુ અંદર સચ્ચિદાનંદ પ્રભુ પરમાત્મ સ્વરૂપે બિરાજમાન આત્મા છે. આહાહા..! દૃષ્ટિ એ બાજુ કદી કરી નથી. બહારમાં ને બહારમાં રોકાઈ ગયો. સાધુ દિગંબર થયો, અઠ્ઠાવીસ મૂળગુણ પાળ્યા, પંચ મહાવ્રત પાળ્યા, અગિયાર અંગનું ભણતર કર્યું. આહાહા..! એક અંગમાં અઢાર હજાર પદ, એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક, એવું અગિયાર અંગનું ભણતર કર્યું પણ આત્મા શું છે? આનંદસ્વરૂપ જ્ઞાન છે એ તરફ દૃષ્ટિ કરી નહિ. આહાહા..!

એ કહ્યું ને? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' ચૌદ બ્રહ્માંડ, ચૌદ રાજલોક છે એમાં જ્યાં ગ્રિવા છે ત્યાં ગ્રૈવેયક છે, તેનું નામ ગ્રૈવેયક કહેવાય છે. નવ ગ્રૈવેયક છે. ત્યાં પણ અનંત વાર ઉપજ્યો. જૈન દિગંબર નગ્ન સાધુ (થયો), ક્રિયાકાંડ, પંચ મહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણ આદિ પાળીને, પણ એ કોઈ ચીજ નહિ. આહાહા..!

ભગવાન અંદર જ્ઞાનસ્વરૂપી અખંડ અને એક છે. '(અખંડ હોવાથી એકરૂપ છે).' આહાહા..! ત્રણ વિશેષણ થયા. એક તો જ્ઞાનસ્વરૂપ છે, બીજું અખંડ છે, ત્રીજું એક છે. આહાહા..! ચોથું–'અચળ છે (અર્થાત્ જ્ઞાનરૂપથી ચળતું નથી...)' જ્ઞેયને જાણવા છતાં જ્ઞેયરૂપ થતું નથી. આહાહા..! અચળ. '(અર્થાત્ જ્ઞાનરૂપથી ચળતું નથી...)' એનો અર્થ–ત્રણલોકના નાથ પંચ પરમેષ્ઠીને જાણવા છતાં એ જ્ઞેયરૂપ આત્મા થતો નથી. પોતાના જ્ઞાનરૂપ જ રહે છે. આહાહા..! આવી વાત હવે. ધર્મને નામે બહારમાં કંઈક ચલાવ્યું છે અને એના અગ્રેસરો થઈને એનું પાછું અનુમોદન આપે, પુષ્ટિ આપે. આહાહા..! આ માર્ગ પ્રભુનો (છે).

કહે છે, 'અચળ છે (અર્થાત્ જ્ઞાનરૂપથી ચળતું નથી..)' જ્ઞેયને પોતાના જ્ઞાનમાં પોતા સિવાય બધાને જાણે છે છતાં એ જ્ઞેયરૂપ થતું નથી. આહાહા..! અરીસામાં... અરીસો કહે છે ને? શીશા. અરીસામાં અગ્નિ અને બરફ આમ દેખાય. અહીં અગ્નિ અને બરફ હોય. એ અગ્નિ અને બરફ અંદર નથી. બરફ ઓગળે તો બરફ ઓગળતો એમાં દેખાય. અગ્નિ આમ આમ થાય તો ત્યાં દેખાય. એ અરીસાની અવસ્થા છે. અગ્નિ અને બરફને કારણે નહિ. એ તો અરીસાની અવસ્થા છે.

એમ આત્મ ભગવાન, જ્ઞાન-અરીસો લોકાલોક જાણે એ તો પોતાની પર્યાયનું સ્વરૂપ છે. આહાહા..! પરને જાણવાથી, અરીસામાં અગ્નિ ઘુસી નથી ગઈ. અરીસો કહે છે ને? અગ્નિ અને બરફ એમાં ઘુસી નથી ગયા. એમ જ્ઞાનમાં આ જ્ઞેય જણાય છે. ખરેખર તો ઝીણી વાત બહુ, પ્રભુ! આ (જ્ઞેય) જણાતું નથી. આ પ્રકારની જે પરજ્ઞેયની સ્થિતિ છે તે પોતામાં જ્ઞાનમાં જાણવાની તાકાત છે તેને જાણે છે. આહાહા..! છે?

અચળ છે ને? અચળ. '(જ્ઞેયરૂપ થતું નથી),...' છે અંદર? આહાહા..! અચળ. અચળ–જ્ઞાનરૂપથી ચલિત થતું નથી. આહાહા..! પોતાનું જ્ઞાનસ્વરૂપ છોડીને પરજ્ઞેયને જાણે છે તેનાથી જ્ઞેયરૂપ થતું નથી. જ્ઞાનરૂપ રહીને જાણે છે. આહાહા..! જ્ઞાનરૂપ રહીને જ્ઞાનને જાણે છે. આહાહા..! છેલ્લો શ્લોક છે ને? ૪૧૫ ગાથામાં પૂરું કર્યું. આહાહા..! એમાં શું કહ્યું તેનું એકલું માખણ છે. આહાહા..! સાંભળવામાં પણ મહાપુણ્ય હોય તો સાંભળવા મળે એવી વાત છે. આહાહા..!

એ કહે છે, એ જ્ઞેયરૂપ થયું નથી. ત્યારે છે શું? પરને જાણે છે તેનું સ્વરૂપ શું? પોતાને જાણે છે અને પરને જાણે છે પણ એ તો સ્વપરપ્રકાશક પોતાની શક્તિ 'સ્વસંવેદ્ય છે...' જુઓ! 'સ્વસંવેદ્ય છે (અર્થાત્ પોતાથી જ પોતે જણાય છે),...' પોતાથી જ પોતે જણાય છે. આહાહા..! છે? જ્ઞાનસ્વરૂપ ભગવાન પરજ્ઞેયને જાણે છે તેથી પરનું વેદન થયું એમ નથી. એ સ્વસંવેદન છે. પોતાનું અને પરના જ્ઞાનસ્વરૂપ એ પોતાનું-પોતાનું સ્વરૂપ છે, એ પોતાના સ્વરૂપનું વેદન કરે છે. આહાહા..! બહુ ઝીણી વાત. છેલ્લો શ્લોક. શેઠ! છેલ્લો શ્લોક માલ માલ છે. આહાહા..! 'શોભાલાલજી' બહુ આવતા હતા, પ્રેમ હતો, હોં! બહુ

પ્રેમથી સાંભળતા હતા, અહીં ઘણું રહેતા.

શું કહે છે? કે, પ્રભુ! તું જ્ઞાનસ્વરૂપ છો. એમાં પર જણાય છે તો શું અંદરમાં પર જણાયું? ના. પર સંબંધી પોતાનું જ્ઞાન છે તે જ્ઞાન જણાયું છે. પોતાનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. એ પર છે માટે પરપ્રકાશક છે, એમ નથી. આહાહા..! 'સુમનભાઈ'! આવું ક્યાં તમારે 'મુંબઈ' માં રખડવામાં (મળે). છ હજારનો પગાર ને આઠ હજારનો પગાર માસિક. 'રામજીભાઈ' ના દીકરા છે. ઘણા પંદર પંદર હજારના પગારવાળા છે. 'દલીચંદભાઈ' ના દીકરા છે. અરે..રે..! એ ધૂળ છે. એને પોતાની માનવી એ તો મિથ્યા ભ્રમ છે, મિથ્યાત્વ છે પણ એ ચીજ છે માટે મને તેના સંબંધીનું જ્ઞાન થયું એ ભ્રમ છે. એ ચીજ છે તો એ ચીજની અપેક્ષાથી મારામાં તેનું જ્ઞાન થયું એ પણ ભ્રમ છે. આહાહા..!

મારા જ્ઞાનમાં તાકાત મારામાં મારાથી છે. સ્વપર જાણવાની તાકાત મારી મારાથી છે અને તે કારણે હું તો સ્વસંવેદ્ય છું. છે? 'સ્વસંવેદ્ય છે (અર્થાત્ પોતાથી જ પોતે જણાય છે)...' આહાહા..! સ્વસંવેદ્ય-સ્વ એટલે પોતે પોતાથી વેદન કરનારો છે. એ પરનું વેદન નથી. પર જ્ઞેયાકાર થયા પણ એ તો જ્ઞાનાકાર છે, તેનું વેદન છે, પરનું વેદન નથી. આહાહા..! આવું તત્ત્વ (છે). આ તો બે હજાર વર્ષ પહેલા 'કુંદકુંદાચાર્યે' બનાવ્યું છે. આહાહા..! વસ્તુ તો આ છે.

આહાહા..! સ્વસંવેદ્ય. એ સ્વપરને પૂર્ણ જાણે છતાં પરનું વેદન નથી. આહાહા..! અગ્નિનું જ્ઞાન થવાથી જ્ઞાનમાં અગ્નિનું વેદન થતું નથી. એમ જ્ઞાનમાં લોકાલોક જાણવાથી લોકાલોકનું વેદન થતું નથી. આહાહા..! આ રીતે વાંચન કરવું એ પણ કઠણ પડે. નવરાશ પણ ન હોય, વાંચે તો કાંઈ સમજે નહિ. એક જણો કહેતો હતો, મહારાજ! તમે આવી મોંઘી વાત કરો છો, હું તો પંદર દિ' માં 'સમયસાર' વાંચી ગયો. ઠીક બાપા! એ ચીજ શું છે? આહાહા..!

સ્વસંવેદ્ય. એ પરને જાણવું પણ પોતાથી જાણે છે. પોતાથી પોતામાં રહીને, પોતાને જાણે છે તેમાં તે જણાય જાય છે. આહાહા..! પોતાથી પોતામાં રહીને પોતાને જાણે છે તેમાં પરનું જ્ઞાન પોતાથી થઈ જાય છે તો પોતાનું જ વેદન છે. પરનું વેદન નથી. જ્ઞાનમાં પર જણાયું તેથી પરનું કાંઈક વેદન છે એમ બિલકુલ નથી. આહાહા..! આવી ચીજ છે.

સ્વસંવેદ્ય. 'પોતાથી જ...' પોતાથી જ. 'જ' છે. 'જ' (એટલે) નિશ્ચય. જણાય છે. '(પોતાથી જ પોતે જણાય છે).' કોઈ પરને કારણે કે ભગવાનને કારણે, પંચ પરમેષ્ઠીને કારણે... આહાહા..! અરે..! ભગવાનની વાણીને કારણે આત્મજ્ઞાન થાય છે? ના. એમ કહે છે. આહાહા..! '(પોતાથી જ પોતે જણાય છે).' 'જ' છે ને? 'स्वसंवेद्यम्' સ્વ-પોતાથી જ. આહાહા..! '(પોતે જણાય છે).'

'અને અબાધિત છે...' તેમાં કોઈની બાધા નથી. '(અર્થાત્ કોઈ ખોટી યુક્તિથી બાધા પામતું નથી).' આ ચીજ કહી તેમાં કોઈ વિરુદ્ધ મિથ્યા યુક્તિ કરે તેથી તેમાં બાધા આવતી

નથી. એમ કહે કે, આ પરને જાણે છે તો અંદર પરનું જાણવું આવ્યું કે નહિ? ... મિથ્યા યુક્તિવાળા ગમે તે કહો, પણ એ અંતર ચીજમાં બાધા આવતી નથી. આહાહા..! અરે..! '(અર્થાત્ કોઈ ખોટી યુક્તિથી...)' જ્ઞાનસ્વરૂપી ભગવાનમાં પર જણાયું માટે પરનું વેદન છે એમ નથી અને પર જણાયું માટે ખંડ થઈ ગયો એમ નથી. પોતે એકરૂપે, અખંડરૂપે રહે છે. એ અખંડ એકરૂપ રહેવાથી એમાં સ્વપર એકરૂપમાં જણાય છે છતાં પોતાને પોતાનું વેદન છે. આહાહા..!

આવી વાતું સાંભળવી મુશ્કેલ પડે. આહાહા..! દુનિયામાં તણાણા છે. એમાં બહારની ધૂળ હોય. આહાહા..! કહ્યું ને? 'આફ્રિકા' માં ગયા હતા. સાત લાખની વસ્તીમાં એક લાખ તો મોટર. ૪૫૦ કરોડપતિઓ. 'નાઈરોબી' ૨૬ દિવસ ગયા હતા. ૪૫૦ તો ત્યાં કરોડપતિ છે અને ૧૫ તો અબજપતિ. સો કરોડ. ધૂળ છે, બાપા! આહાહા..! એક શ્વેતાંબર અબજપતિ અમારી પાસે આવ્યો હતો. બહુ નાની ઉંમરનો હતો. એના ભાઈ ગુજરી ગયેલા, તો આવ્યા હતા. એણે તો એવો પ્રશ્ન કર્યો... ત્યાં પરદેશમાં અમે જિંદગીમાં (પહેલી વાર) ગયા ૯૧ વર્ષે. માણસોનો બહુ પ્રેમ. એને ક્યાં એમ કહેવું કે તમારી આ બધી શ્વેતાંબરની વાત ખોટી છે. એણે એવો પ્રશ્ન પૂછ્યો, તમારું આ દિગંબર મંડળ છે એ અમારા મંદિરમાં આવતા નથી, મંદિરના દર્શન કરતા નથી, કદી હું જોતો નથી. ત્યાં પરદેશમાં એને શું કહેવું? એટલું કહ્યું, ભાઈ! તત્ત્વજ્ઞાન થયા પછી વ્યવહાર કેવો હોય તેનો ખ્યાલ આવે છે. ત્યાં ક્યાં દુઃખ થાય એમ કહેવું કે, તમારી વાત જ (ખોટી છે), શ્વેતાંબર મત જ નવો નીકળ્યો છે. દિગંબરમાંથી (નીકળ્યો છે). એ જૈન જ નથી. 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં 'ટોડરમલે' પાંચમા અધ્યાયમાં કીધું છે કે, એ તો અન્યમત છે. આહાહા..! એવું ક્યાં કહેવું બિચારાને? એને તો એમ કહ્યું, ભાઈ! તત્ત્વદૃષ્ટિ–આત્મદૃષ્ટિ થયા પછી વ્યવહાર કેવો હોય તેની સાચી ખબર પડશે. પહેલા તત્ત્વજ્ઞાન થયા વગર વ્યવહારની ખબર નહિ પડે. 'વીરચંદભાઈ' તમે હતા કે નહિ? ઇ 'રતિલાલ' ને? 'રતિલાલ' હતા, આવ્યા હતા. પછી 'મુંબઈ' આવ્યો હતો. અમે ત્યાંથી 'મુંબઈ' આવ્યા હતા તો ત્યાં પણ આવ્યો હતો. પણ આ વાત ક્યાં છે? જૈન સંપ્રદાયમાં પડ્યા છે એને સાંભળવા મળે નહિ. આહાહા..! એ ક્યારે વિચારે ને ક્યારે અંદરમાં ગોઠવે ને પ્રયોગ કરે?

અહીં એ કહે છે, '(કોઈ ખોટી યુક્તિથી બાધા પામતું નથી).' કોઈ એમ કહે કે, આ જ્ઞાન તો એકાંત છે. એકાંત નથી, પ્રભુ! સાંભળ તો ખરો. જ્ઞાન કહ્યું તો જ્ઞાન છે તો એમાં અસ્તિ ગુણ આવ્યો, જ્ઞાન છે તો એમાં શ્રદ્ધા ગુણ આવ્યો, જ્ઞાન છે તો એમાં સ્થિરતા કરવી એ ચારિત્ર ગુણ આવ્યો, જ્ઞાન છે તેની પ્રભુતા પોતાથી છે માટે એમાં પ્રભુત્વ ગુણ આવ્યો. એ જ્ઞાન એક જ આવ્યું માટે જ્ઞાન એક જ છે, એમ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! અરે..રે..!

દુનિયામાં કરોડોપતિ ને અબજોપતિ (હોય). શાસ્ત્રમાં તો એને વરાંકા કહ્યા છે, ભિખારી. કેમ? કે, માંગે છે. લાવ.. લાવ.. લાવ.. આ લાવ, આ લાવ. તારામાં અંદર મહાપ્રભુ બિરાજે છે. અંદરમાં અનંત જ્ઞાન લક્ષ્મી પડી છે તેની તરફ તો તારી નજર નથી. જે ચીજ તારામાં નથી અને એ ચીજ આવે તો તેને કારણે આવશે, તેને માગે છે કે આ લાવ, આ લાવ. (તું) ભિખારી છો. આહાહા..! વરાંકા શબ્દ શાસ્ત્રમાં આવે છે. વરાંકા એટલે ભિખારી, રાંક, રાંક. રાંકો છે. એ અબજોપતિ રાંકા ભિખારી છે. આહાહા..! કેમ? પોતાની ચીજની ખબર નથી. અંદર લક્ષ્મી-અનંત આનંદ ભર્યો છે. અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત વીતરાગતા, અનંતા.. અનંતા.. અનંતા.. અનંત શક્તિનો તું પિંડ છો. આહાહા..! એની ખબર નથી ને બહારની બધી વાત માંડી.

એ માટે અહીં કહે છે, '(કોઈ ખોટી યુક્તિથી બાધા પામતું નથી).' આહાહા...! આજે પર્યુષણનો પહેલો દિવસ છે પાંચમ અને વળી રવિવાર છે. આહાહા..! સૂર્ય.. સૂર્ય, રવિ. આ માર્ગ એવો છે. આહાહા..!

ભાવાર્થ :- 'અહીં આત્માનું નિજ સ્વરૂપ જ્ઞાન જ કહ્યું છે...' 'જ' શબ્દ આવ્યો ને? 'અહીં આત્માનું નિજ સ્વરૂપ...' પોતાનું સ્વરૂપ 'જ્ઞાન જ કહ્યું છે...' તો એક જ જ્ઞાનસ્વરૂપ જ છે એમ નથી, એમ કહે છે. અનંત સ્વરૂપ અંદર છે. 'તેનું કારણ આ પ્રમાણે છે :- આત્મામાં અનંત ધર્મ છે;...' એક જ્ઞાન જ છે એમ નહિ. આહાહા..! આત્માને જ્ઞાન જ કહ્યો. પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ પ્રભુ (કહ્યો) તો એક જ્ઞાન ગુણ જ છે એમ નહિ. આત્મામાં તો અનંત ધર્મ છે, અનંત ગુણ છે. આહાહા..!

અનંતા અનંત શક્તિ છે. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, જીવત્વ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, પ્રભુત્વ એવી એવી તો અનંતી શક્તિઓ છે. એકલો જ્ઞાનસ્વરૂપ નથી. આહાહા..! એમાં અનંત ધર્મો છે. 'પરંતુ તેમાં કેટલાક તો સાધારણ છે,...' સાધારણ એટલે શું? કે, પોતામાં અસ્તિત્વ છે એવું અન્યમાં પણ અસ્તિત્વ છે. અસ્તિત્વ ગુણ. તો એ ગુણથી પોતાનો આત્મા ભિન્ન જાણવામાં આવતો નથી. આહાહા..! 'તેમાં કેટલાક તો સાધારણ છે,...' સાધારણ સમજ્યા? પોતામાં પણ છે અને બીજા દ્રવ્યમાં પણ છે. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ એ ગુણો પોતામાં પણ છે, એવા પરમાણુમાં પણ છે. ભગવાને છ દ્રવ્ય કહ્યા છે તો છએ દ્રવ્યમાં એ છે તો સાધારણ થયા. તેથી તેનાથી આત્મા જણાતો નથી. કારણ કે એ તો બીજામાં પણ છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! છેલ્લો શ્લોક છે અને એકલું માખણ છે. આહાહા..!

'તેથી તેઓ અતિવ્યાપ્તિવાળા છે,...' શું કહ્યું? કે, આત્મામાં જે અસ્તિત્વ ગુણ, વસ્તુત્વ ગુણ છે એવા અનંત ગુણો છે, એવા બીજા દ્રવ્યમાં પણ છે. તેથી તે તો અતિવ્યાપ્તિવાળા થઈ જાય છે. પોતામાં પણ છે અને પરમાં પણ છે તેથી અતિવ્યાપ્તિ થઈ જાય છે. (પોતામાં)

પણ છે અને બીજામાં પણ છે તો અતિવ્યાપ્તિ થઈ ગઈ. એકલો પોતાનો આત્મા ત્યાં ન રહ્યો. આહાહા..! અતિવ્યાપ્તિવાળા. અતિવ્યાપ્તિ સમજ્યા? જે ગુણ પોતામાં પણ છે એવો ગુણ અન્ય દ્રવ્યમાં પણ છે તેને અતિવ્યાપ્તિ કહે છે. પોતામાં પણ છે અને બીજામાં પણ છે તે અતિવ્યાપ્તિ એટલે બીજામાં પણ છે. 'તેથી તેઓ અતિવ્યાપ્તિવાળા છે,...'

'તેમનાથી આત્મા ઓળખી શકાય નહિ;...' કેમકે પોતામાં છે એવો ગુણ પરમાણુમાં પણ છે. પરમાણુમાં પણ અસ્તિત્વ છે, શરીરમાં પણ અસ્તિત્વ છે. એ ગુણથી પોતાનો આત્મા જણાતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? શું કહે છે? તમે જ્ઞાનમાત્ર આત્મા કહ્યો તો એમાં બીજા કોઈ ધર્મ છે જ નહિ? બીજા અનંત (ધર્મો) છે પણ કેટલાક તો પોતામાં પણ છે અને પરમાં પણ છે. તો એવા ગુણ કહેવાથી આત્માની ભિન્નતા ભાસે નહિ. તે કારણે જ્ઞાનને અમે અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ (દોષરહિત) છે એમ કહ્યું છે. થોડી ઝીણી વાત છે. 'અતિવ્યવાપ્તિવાળા છે, તેમનાથી આત્મા ઓળખી શકાય નહિ;...'

'વળી કેટલાક (ધર્મો) પર્યાયાશ્રિત છે...' શું કહે છે? કોઈ ધર્મ નામ રાગ, દયા, દાન, ભક્તિ એ પર્યાયાશ્રિત આત્મામાં છે. આહાહા..! પણ એ ત્રિકાળીમાં નથી. આહાહા..! 'કેટલાક ધર્મો,...' ધર્મો એટલે સ્વભાવ 'પર્યાયાશ્રિત છે–કોઈ અવસ્થામાં હોય છે અને કોઈ અવસ્થામાં નથી હોતા,...' કોણ? રાગ, દયા, દાન સંસાર અવસ્થામાં હોય છે, સિદ્ધ અવસ્થામાં નથી હોતા, તો એ અવ્યાપ્તિ થઈ. એકલા આત્મામાં છે એમ ન રહ્યું. પરમાં પણ છે તો એ અવ્યાપ્તિ થઈ. આત્માનો એકલો જ્ઞાન ગુણ પરથી ભિન્ન જણાતો નથી. આહાહા..! 'કોઈ અવસ્થામાં નથી હોતા...' સિદ્ધ અવસ્થામાં નથી. આત્મામાં પર્યાયમાં સંસારમાં છે. એ તો અવ્યાપ્તિ થઈ. ત્રિકાળ નથી વ્યાપતા તેને અવ્યાપ્તિ કહે છે. ત્રિકાળ રહે તેનું નામ વસ્તુ. બાકી આ રાગાદિ તો ત્રિકાળ રહેતા નથી. દયા, દાન તો સંસારમાં છે, સિદ્ધમાં નથી. માટે એ અવ્યાપ્તિ છે. આહાહા..! અવ્યાપ્તિયુક્ત છે.

'તેમનાથી પણ આત્મા ઓળખી શકાય નહિ.' આહાહા..! પોતાની પર્યાયમાં–અવસ્થામાં દયા, દાન, ભક્તિ આદિના પરિણામ છે પણ એનાથી આત્મા ઓળખી શકાય નહિ. માટે જે પર્યાયાશ્રિત છે તેનો પણ અહીંયા નિષેધ કર્યો. આહાહા..! છે? 'ચેતનતા જોકે આત્માનું...' આહાહા..! જરી ઝીણી વાત છે. ચેતનતા એટલે જાણન-દેખન શક્તિ. શક્તિ.. શક્તિ. ચેતનતા ત્રિકાળી શક્તિ જોકે આત્મામાં છે. '(અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિથી રહિત) લક્ષણ છે, તોપણ તે શક્તિમાત્ર છે,...' આહાહા..! આ જરી ઝીણી વાત છે. વિશેષ આવશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

પ્રવચન નં. ૪૬૩ શ્લોક-૨૪૬, સોમવાર, ભાદરવા સુદ ૬, તા. ૧૫-૦૯-૧૯૮૦

'સમયસાર' આ છેલ્લો અધિકાર છે ને? ૨૪૬ કળશ છે ને? એનો ભાવાર્થ. ભાવાર્થમાં (થોડું) ચાલ્યું છે, ફરીને લઈએ. જરીક ઝીણી વાત છે. 'અહીં આત્માનું નિજ સ્વરૂપ જ્ઞાન જ કહ્યું છે...' આત્માનું સ્વરૂપ જ્ઞાન જ, એમ કહ્યું ને? 'જ્ઞાન જ' આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે. 'આત્મામાં અનંત ધર્મો છે; પરંતુ તેમાં કેટલાક તો સાધારણ છે.' અસ્તિત્વ, વસ્તુત્વ એવા જે ગુણો છે એ પોતામાં પણ છે અને બીજામાં પણ છે. તેથી એ ગુણથી આત્માનું જ્ઞાન થઈ શકે નહીં. પોતામાં પણ છે અને પરમાં પણ છે તો ગુણથી પોતાનું જ્ઞાન ન થઈ શકે. આહાહા..! 'તેથી તેઓ અતિવ્યાપ્તિવાળા છે,...' અસ્તિત્વ, વસ્તુત્વ પોતામાં પણ છે અને પરમાં પણ છે. થોડી ઝીણી વાત છે. આહાહા..!

એક જ્ઞાનસ્વરૂપ છે એમ કહેવામાં આવે છે તેનું કારણ શું? કે, તેમાં છે તો અનંત ધર્મ. એટલા એવા ધર્મ છે, અસંખ્ય ધર્મ છે. ધર્મ એટલે શક્તિ-ગુણ, જે પોતામાં પણ છે અને પરમાં પણ છે તેથી એ ગુણ દ્વારા પોતાનું જ્ઞાન થઈ શકે નહિ. 'વળી કેટલાક (ધર્મો) પર્યાયાશ્રિત છે...' દયા, દાન, વ્રત, ભક્તિ એ કંઈ આત્માનો સ્વભાવ નથી. એ તો પર્યાયાશ્રિત છે, કાયમ રહેવાવાળા નથી. માટે તેનાથી પણ આત્મા જણાતો નથી. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! 'કોઈ અવસ્થામાં હોય છે...' સંસાર અવસ્થામાં (હોય છે). રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ સંસાર અવસ્થામાં હોય છે. 'અને કોઈ અવસ્થામાં નથી હોતા,...' સિદ્ધ અવસ્થામાં નથી હોતા. 'તેથી તેઓ અવ્યાપ્તિવાળા છે,...' એ આત્મામાં વ્યાપતા નથી. ત્રિકાળ આત્મામાં તેઓ રહેતા નથી. આહાહા..!

આત્મા જ્ઞાનસ્વરૂપી કહ્યો તેનું કારણ શું? એનામાં છે તો અનંત ધર્મ, ગુણ પણ કેટલાક ગુણ પોતામાં પણ છે અને પરમાં પણ છે તેથી આત્મા તેનાથી જણાતો નથી. કેટલાક (ધર્મો) પોતાની પર્યાયમાં છે. રાગ, દ્વેષ, પુણ્ય, પાપ એ પોતાની પર્યાયમાં છે પણ તેનાથી પણ આત્મા જણાતો નથી. આહાહા..! 'તેમનાથી પણ આત્મા ઓળખી શકાય નહિ.' અહીં સુધી આવ્યું હતું. જરી સૂક્ષ્મ છે.

'ચેતનતા જોકે આત્માનું (અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિથી રહિત) લક્ષણ છે,...' શું કહે છે? આ ભગવાન આત્માનું ચેતનપણું લક્ષણ છે, એ આત્માનું લક્ષણ છે. 'તોપણ તે શક્તિમાત્ર છે,...' ચેતનતા આત્મામાં શક્તિમાત્ર છે. આહાહા..! હવે નિર્ણય કરવાની નવરાશ ક્યાં? કેટલાક (ધર્મો) પોતામાં નથી તેથી પણ જ્ઞાનમાત્ર કહ્યું, કેટલાક ધર્મો પોતામાં પણ છે અને પરમાં પણ છે તેથી પણ પરથી જણાતો નથી તેથી (જ્ઞાનમાત્ર) કહ્યો. હવે પોતામાં ચેતનતા

છે. આહાહા..! છે?

'ચેતનતા જોકે આત્માનું (અતિવ્યાપ્તિ...)' એટલે બીજામાં નથી તેમ આત્મામાં સદાય નથી એમ નથી. આહાહા..! ચેતનતા આત્મામાં સદાય છે. આહાહા..! છે? '(અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિથી રહિત) લક્ષણ છે,...' 'ચેતનતા જોકે આત્માનું લક્ષણ છે...' એ ચેતનતા અતિવ્યાપ્તિ નથી, પરમાં નથી. અવ્યાપ્તિ નથી (એટલે) પર્યાયમાં નથી. પોતાનો સ્વભાવ ત્રિકાળ ચૈતન્યસ્વરૂપ ભગવાન (છે). આહાહા..!

હવે કહે છે, 'તોપણ...' આહાહા..! આવા ચૈતન્યલક્ષણથી જણાય છે એવું લક્ષણ હોવા છતાં 'શક્તિમાત્ર છે...' ચેતનતા તો શક્તિમાત્ર આત્મામાં છે, પ્રગટ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? શેઠને સમજાણું? ચૈતન્ય પોતાનું લક્ષણ છે પરંતુ તે 'શક્તિમાત્ર છે, અદૃષ્ટ છે;...' શું કહે છે? આત્મામાં ચેતનતા શક્તિમાત્ર છે. એ તેનું લક્ષણ છે, તેનું ખાસ સ્વરૂપ છે. છતાં તે ચેતનતા શક્તિમાત્ર હોવાથી તેનાથી આત્મા જણાતો નથી અને તે શક્તિ અદૃષ્ટ છે. શક્તિ જણાતી નથી. આહાહા..! 'અદૃષ્ટ છે;...' ધ્રુવ છે. આહાહા..!

'તેની વ્યક્તિ...' ચૈતન્ય શક્તિ જે આત્માનું લક્ષણ છે, તે શક્તિની વ્યક્તિ, તે શક્તિની પ્રગટતા. આત્મા છે ચૈતન્યસ્વરૂપ ભગવાન, કોઈને કરે નહિ, કોઈનું લે નહિ, કોઈને બનાવે નહિ. આહાહા..! ચૈતન્ય લક્ષણ. જાણવું-દેખવું એવું ચૈતન્ય લક્ષણ ત્રિકાળી. પણ એ ત્રિકાળી તો અદૃષ્ટ શક્તિ છે. હવે તેની શક્તિની વ્યક્તિ (શું)? ચૈતન્ય શક્તિની વ્યક્તિ. આવા શબ્દો તો વાણિયાના ચોપડામાં ક્યાંય આવે નહિ. વકીલને આવે નહિ. આહાહા..!

ભગવાન આત્મા જ્ઞાનમાત્ર કેમ કહ્યો? તેની સિદ્ધિ કરે છે. જ્ઞાનમાત્ર જ આત્મા છે પણ એ શું છે? કે, જ્ઞાન શક્તિમાત્ર છે એ નહિ. ત્રિકાળી શક્તિમાત્ર છે એ તો અદૃષ્ટ છે. એ શક્તિથી જણાતો નથી. શક્તિ, જે ધ્રુવ શક્તિ ચૈતન્ય આત્મામાં છે તેનાથી જણાતો નથી, એ તો ધ્રુવ છે. આહાહા..! એની વ્યક્તિ, ચૈતન્ય શક્તિની પ્રગટતા 'દર્શન અને જ્ઞાન છે.' આહાહા..! એ ચૈતન્યશક્તિ જે ભગવાન આત્મા, તે શક્તિની વ્યક્તતા એટલે પ્રગટતા બાહ્ય દર્શન અને જ્ઞાન છે. આહાહા..! સમજાય છે? વાણિયાને વેપાર આડે નવરાશ ન મળે અને આ વસ્તુ આવી ઝીણી. આહાહા..!

ઉત્પાદનું લીધું ને? ભાઈ! ૧૦૨ (ગાથામાં). ઉત્પાદ ઉત્પાદને લઈને છે. છતાં ત્યાં લીધું છે, બહિરંગ-અંતરંગ સંસ્કાર. નિમિત્ત હો, નિમિત્ત હોય છે. પોતામાં પોતાને કાળે થાય. પણ અહીંયા કહે છે કે, આત્મા કેવી રીતે જણાય? અસ્તિત્વ ગુણ આદિથી જણાય નહિ. કેમકે અસ્તિત્વ ગુણ તો બીજામાં પણ છે. રાગ ને દ્વેષથી જણાય નહિ. કારણ કે રાગ-દ્વેષ ત્રિકાળીમાં નથી. હવે રહી ચૈતન્યશક્તિ. આહાહા..! પણ એ ચૈતન્ય શક્તિ તો અદૃશ્ય છે. આહાહા..! છે?

'તે શક્તિમાત્ર છે, અદૃષ્ટ છે;...' આહાહા..! 'તેની વ્યક્તિ...' એ ચૈતન્ય શક્તિની

પ્રગટતા 'દર્શન અને જ્ઞાન છે.' આહાહા..! બેમાં પણ દર્શન અને જ્ઞાનમાં પણ. પ્રગટ દર્શન અને જ્ઞાન છે. ચૈતન્ય શક્તિ જે આત્મામાં છે તે તેનું લક્ષણ છે પણ તે શક્તિરૂપ છે. વ્યક્તિ–પ્રગટતા દર્શન અને જ્ઞાન પ્રગટ છે. આહાહા..! આવી વાતું હવે.

'તે દર્શન અને જ્ઞાનમાં પણ જ્ઞાન સાકાર છે,...' શું કહે છે? જ્ઞાન પદાર્થને જાણવાની શક્તિવાળું છે. દર્શન તો અસ્તિ છે એટલું (ગ્રહણ કરે છે). બસ! દર્શન તો અસ્તિમાત્રને જાણે છે. પણ આ જ્ઞાન છે, આ આત્મા જ્ઞાન છે તે ચૈતન્ય શક્તિની વ્યક્તતા, એ દર્શન અને જ્ઞાન પ્રગટ છે, તેમાં દર્શનથી જણાતો નથી. કારણ કે દર્શન તો અસ્તિમાત્ર (જાણે) છે. એ જ્ઞાનથી જણાય છે. આહાહા..!

'જ્ઞાન સાકાર છે,...' સાકાર નામ સ્વ અને પરને જાણવાની તાકાત છે. દર્શનમાં તાકાત નથી. દર્શનમાં તો અસ્તિત્વ છે તેટલું જણાય, બસ! અને જ્ઞાનમાં સ્વ અને પર, સાકાર બન્નેને જાણવાની શક્તિ છે. સમજાય છે કાંઈ? ભાઈ! આ વેપારીને સમજાવવું. આહાહા..! 'માણેકચંદજી'! તમારા વેપારમાં તો આ આવે નહિ, બાપા! આહાહા..!

પ્રભુ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એમ અત્યાર સુધી ૪૧૫ ગાથામાં કહેવામાં આવ્યો. તો જ્ઞાનમાત્ર જ એ છે કે બીજા અનંત ગુણ છે? કે એમાં અનંત ગુણ છે. પણ કેટલાક ગુણ છે તે પોતામાં પણ છે અને પરમાં પણ છે. તેથી પરમાં પણ છે તો તેનાથી પોતે જણાતો નથી. પરમાં પણ છે અને પોતામાં પણ છે તો તેનાથી પોતાની જુદાઈ જણાતી નથી. એક વાત.

બીજી વાત. એની પર્યાયમાં રાગ-દ્વેષ છે. દયા, દાન, વ્રત, ભક્તિ (ભાવ છે) પણ એની ત્રણ કાળની અવસ્થામાં નથી. સંસાર અવસ્થામાં છે અને સિદ્ધમાં નથી. માટે પણ તે કારણે પણ આત્મા જણાતો નથી. આહાહા..! ભગવાન! જૈન માર્ગ અલૌકિક છે. આહાહા..!

હવે શું કહે છે? શક્તિની વ્યક્તિ દર્શન અને જ્ઞાન છે પણ દર્શન અને જ્ઞાનમાં પણ જ્ઞાન સાકાર છે. સાકારનો અર્થ જ્ઞાન સ્વ અને પરને જાણવાની તાકાત રાખે છે. દર્શન સ્વ-પરને જાણે નહિ. દર્શન તો 'છે' એટલું દર્શન દેખે છે. અને આ જ્ઞાન તો સ્વ-પરનો ભેદ કરીને જાણે છે. આહાહા..! એક જણો કહે કે, તમે આટલી વાત કરો છો પણ હું તો પંદર દિ' માં આખું 'સમયસાર' વાંચી ગયો. શેઠ! એવાય (કહેનારા) મળે છે. ભાઈ! પંદર દિ' શું? આની તો એક એક લીટી.. આહાહા..! અલૌકિક ગંભીર ચીજ છે. આહાહા..!

અહીંયા કહે છે કે, શક્તિમાંથી વ્યક્તિ તો દર્શન, જ્ઞાનમાં છે પણ જ્ઞાન સાકાર છે. જ્ઞાન પોતાને અને પરને જાણવાની તાકાત રાખે છે. 'પ્રગટ અનુભવગોચર છે;...' જ્ઞાનની પર્યાય વ્યક્ત–પ્રગટ છે. શું કહ્યું? આત્મા વસ્તુ, તેની ચૈતન્ય શક્તિ, તેની પ્રગટ અવસ્થા દર્શન-જ્ઞાન બાહ્ય પર્યાય, પણ દર્શન છે એ તો અસ્તિમાત્ર જાણે (દેખે) છે અને આ જ્ઞાન છે એ તો સ્વ-પરને જાણનારું છે. હું આ રાગ નથી, હું જ્ઞાન છું, હું પરિપૂર્ણ છું એવી જાણવાની તાકાત જ્ઞાનમાં છે. આહાહા..! આવી વાતું હવે, તેથી લોકોને એમ લાગે છે કે,

સોનગઢની વાત નિશ્ચયની વાત છે, ત્યાં તો નિશ્ચયની વાત છે. એમ કરીને ઊડાવી દે. બહારની હો..હા, વરઘોડા નીકળે ને એમાં શેઠિયાને મોઢા આગળ બેસાડે. એટલે જાણે ઓહો..! શું કર્યું! ધૂળ પણ બહારમાં કાંઈ નથી. આહાહા...!

પ્રભુ અંદર દેહમાં બિરાજતો ભગવાન આત્મા અસ્તિત્વ, વસ્તુત્વ ગુણથી તો ઓળખી શકાય નહિ. કેમકે એ પરમાં પણ છે. રાગ, દ્વેષ, દયા, દાનથી પણ જાણી શકાય નહિ. કારણ કે એ વિકાર સર્વ અવસ્થામાં નથી. આત્માની દરેક અવસ્થામાં નથી. સિદ્ધમાં નથી અને સંસારમાં છે. માટે તેનાથી પણ જાણી શકાતો નથી. ત્રીજી વાત એ રહી, હવે ચૈતન્ય શક્તિ રહી. પણ એ તો શક્તિ છે. શક્તિ તો અદૃશ્ય છે, શક્તિ ધ્રુવ છે તો તેનાથી પણ જાણી શકાતો નથી. હવે શક્તિની પ્રગટતા બે છે. ચૈતન્ય શક્તિની પ્રગટતા બે છે– દર્શન અને જ્ઞાન. બે પ્રગટ છે એમાં દર્શનમાં જાણવાની તાકાત નથી. દર્શન તો છે એટલું જ (દેખે) બસ! અને જ્ઞાનમાં તો હું જ્ઞાન છું, પરિપૂર્ણ છું, આનંદ છું, અનંત ગુણસ્વરૂપ છું, બીજા રૂપે નથી એવી જ્ઞાનમાં સાકાર જાણવાની તાકાત છે. આહાહા..! શેઠ! આવી વાત છે, પ્રભુ! આહાહા..! માર્ગ એવો ઝીણો છે. લોકોને હાથ આવ્યો નહિ અને નિવૃત્તિ ન મળે. આહાહા..!

'પ્રગટ અનુભવગોચર છે;...' શું કહ્યું? જાણવાની પર્યાય તો પ્રગટ છે, વ્યક્ત છે. પરને જાણે છે ને? તો એ જાણનારી પર્યાય પ્રગટ છે, તો એ પ્રગટ છે તો તેનાથી આત્મા જણાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! 'પ્રગટ અનુભવગોચર છે; તેથી...' પ્રગટ અનુભવગોચર છે તે કારણે 'તેના દ્વારા જ...' તેના દ્વારા જ 'આત્મા ઓળખી શકાય છે.' આહાહા..! જ્ઞાન, જે જ્ઞાનમાં પર જણાય છે એ જ્ઞાન સ્વને પણ જાણવાની તાકાત રાખે છે. તેથી તે જ્ઞાન જ પોતાને જાણવાની તાકાત રાખે છે. દયા, દાનના વિકલ્પ નહિ, અસ્તિત્વ, વસ્તુત્વ આદિ ગુણ નહિ, તેમ ચૈતન્ય શક્તિ પણ નહિ. ત્રિકાળી શક્તિ પણ નહિ. તેમાંથી પ્રગટ દર્શન, જ્ઞાન છે. તેમાં પણ દર્શનથી ઓળખી શકાય નહિ. આહાહા..! સમજાય એવું છે, પ્રભુ! ભાષા તો સાદી છે. કદી અભ્યાસ કર્યો હોય નહિ, કંઈ દરકાર કરી ન હોય, એમ ને એમ જિંદગી ચાલી જાય છે. આહાહા..!

અનંતા અનંતા ભવ કર્યા. કીડી, કાગડા, કૂતરા, ભુંડ, નરકના ભવ અનંત (કર્યા). નિગોદ, લીલના અનંત ભવ કર્યા. આહાહા..! જેમાં આ જીવ છે એમ બીજા કબુલાત ન કરી શકે એવા અનંતા ભવ કર્યા. લીલ, ફૂગ, લસણમાં જીવ છે એમ બીજા કોણ માને? એવા અનંતા ભવ કર્યા. આહાહા..! કેમકે પોતાના આત્માનો એણે અનાદર જ કર્યો છે. અનેક પ્રકારે અનાદર કર્યો છે. હું રાગ છું ને હું પુણ્ય છું ને હું પરનો કર્તા છું, એમ અનાદર કર્યો છે તો એવા સ્થાનમાં ઉપજ્યો કે આ જીવ છે કે નહિ, તેની કબુલાત બીજા કરી શકતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો ધીરાની વાત છે, શાંતિની વાત

છે. આહાહા..!

'તેથી...' જ્ઞાન પ્રગટ અનુભવમાં વ્યક્ત છે, પ્રગટ છે 'તેથી તેના દ્વારા જ...' તેના દ્વારા જ 'આત્મા ઓળખી શકાય છે.' આહાહા..! આત્માનો અનુભવ એક જ્ઞાન દ્વારા જ થાય છે, બીજી કોઈ ચીજથી નહિ. આહાહા...! ક્રિયાકાંડ તો નહિ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા તો નહિ પણ પ્રગટ દર્શન જે છે, પ્રગટ છે, દર્શન અને જ્ઞાનનો પિંડ આત્મા છે, તેમાં દર્શનનો વ્યક્ત-પ્રગટ અંશ છે પણ દર્શનના પ્રગટ અંશમાં પોતાને જાણવાની તાકાત નથી. એ તો અસ્તિરૂપ રહે, બસ! જાણનારા જ્ઞાનની જે પ્રગટ દશા છે તે જ અંતર જાણવાની તાકાત રાખે છે. કેમકે એ પરને પણ જાણે છે અને તેમાંથી નીકળીને પોતાને જાણે છે એવી શક્તિ જ્ઞાનમાં છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'તેથી...' આહાહા..! 'અહીં આ જ્ઞાનને જ...' આ કારણે અહીંયા 'જ્ઞાનને જ પ્રધાન કરીને...' જ્ઞાનને મુખ્ય કરીને 'આત્માનું તત્ત્વ કહ્યું છે' આ કારણે. જ્ઞાન એ આત્માનું તત્ત્વ છે એમ કેમ કહ્યું? કે, આ કારણે કહ્યું. નહિતર આત્મામાં તો અનંત ધર્મ છે, અનંત ગુણ છે. અનંતા.. અનંતા.. અનંતા.. અનંતા.. ગુણ છે પણ જ્ઞાનને જ કેમ કહ્યું? કે જ્ઞાનમાં સ્વ-પર જાણવાની તાકાત છે. આહાહા..! અસ્તિત્વ, વસ્તુત્વ તો પરમાં પણ છે તો તેનાથી પોતાની ભિન્નતા જણાતી નથી અને દયા, દાનના પરિણામ તો વિકાર છે. એ દરેક અવસ્થામાં વ્યાપતા નથી. એ સિદ્ધમાં નથી. તેથી તે કાંઈ આત્માનો મૂળ સ્વભાવ નથી. તો તેનાથી પણ જણાતો નથી.

હવે જણાય છે તેવી ચૈતન્ય શક્તિ એક છે પણ એ શક્તિ તો અંદર ધ્રુવરૂપ છે. એ ચૈતન્ય શક્તિ અદશ્ય, ધ્રુવરૂપ છે તો ધ્રુવથી જણાતો નથી. એ ચૈતન્યશક્તિની પ્રગટ વ્યક્તતા બાહ્ય દર્શન અને જ્ઞાન છે. એ બેમાં દર્શન અને જ્ઞાન પ્રગટ છે છતાં દર્શન દેખવાની ચીજ છે. ફક્ત 'છે' એમ જ જાણે, માને. આ આત્મા છે અને આ તેનું જ્ઞાનલક્ષણ છે એવો ભેદ દર્શનમાં નથી. દર્શન એટલે સમકિત નહિ. દર્શન ઉપયોગ. જાણવું-દેખવું જે ઉપયોગ છે તે દર્શન. આ દર્શન એટલે સમકિતની વાત અહીંયા નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'માટે અહીં આ જ્ઞાનને જ...' આ ૪૧૫ ગાથામાં 'આ જ્ઞાનને જ...' જાણન સ્વભાવ જે પ્રગટ છે કે જે જ્ઞાનમાં પર જણાય છે તે જ્ઞાન પોતાની પર્યાય છે, તો એ પર્યાયથી પોતે જણાય એવી એનામાં તાકાત છે. આહાહા..! કારણ કે જ્ઞાન સાકાર છે, સવિકલ્પ છે. સવિકલ્પનો અર્થ સ્વ-પરને જાણવાની તાકાત છે. દર્શન નિર્વિકલ્પ છે. સ્વ-પર જાણવાની તાકાત દર્શનમાં નથી. આ સમકિતની વાત નથી. દર્શન ઉપયોગ, પ્રગટ દર્શન ઉપયોગ, એમાં જાણવાની શક્તિ નથી. આહાહા..!

જાણવાની શક્તિ પ્રગટ જ્ઞાનમાં છે. એ જ્ઞાન જ આત્મા છે, એમ ૪૧૫ ગાથામાં કહેવામાં આવ્યું છે. આહાહા..! પ્રભુ! તું તો જ્ઞાનસ્વરૂપ છો ને! આહાહા..! તારી ચીજ બીજામાં નથી,

બીજી ચીજ તારામાં નથી. તારી પર્યાયમાં રાગાદિ છે એ પણ તારામાં નથી. તારામાં ચૈતન્ય શક્તિ છે પણ એ તો ધ્રુવરૂપ છે. આહાહા..! તેની પ્રગટ શક્તિ દર્શન અને જ્ઞાન છે. દર્શન, જ્ઞાનમાં દર્શન સાકાર નથી. સાકાર નામ સ્વ અને પરને જાણવાની તાકાત નથી. દર્શન 'છે' બસ! એટલું (દેખે) જ્ઞાનમાં જ તાકાત છે કે આ રાગ છે ને હું આત્મા છું, હું આનંદ છું, હું શુદ્ધ ચૈતન્ય છું. આહાહા..! એ જ્ઞાનમાં જ જાણવાની તાકાત છે. એ તો એકાંત થઈ ગયું. જ્ઞાન જ આત્માને જાણે, બીજી કોઈ ચીજથી આત્મા જણાતો નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ.. આહાહા..! ભગવાનની ભક્તિ ને મોટા મંદિરો કરોડોના બનાવે તેથી તેનાથી આત્મા જણાય, એવું છે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! કેટલું સ્પષ્ટ કર્યું છે! આહાહા..!

જ્ઞાન જે જણાય છે, જ્ઞાનમાં ભલે વર્તમાનમાં આત્માને જાણે નહિ પણ જ્ઞાનમાં આ ચીજ, આ ચીજ, આ ચીજ છે એમ જેની સત્તામાં પર જણાય છે એ જ્ઞાન સત્તા સ્વની છે તો સ્વને જાણવાની તાકાત રાખે છે. આહાહા..! હવે, આવું સાંભળે કોણ? આ તો આમ કરો, વ્રત કરો, તપ કરો, અપવાસ કરો, મંદિર કરો, મોટા મેળા બનાવો ને એમાં શેઠિયાને અગ્રેસર ઠરાવે. આહાહા..!

અહીં તો પ્રભુ! અગ્રેસર જ્ઞાન છે કે જે જ્ઞાન પ્રગટ પર્યાયમાં છે એ જ્ઞાન.. આહાહા..! પેલામાં લીધું છે, ભાઈ! 'પ્રવચનસાર' ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે લીધા છે ને? છતાં ત્યાં બાહ્ય અને અંતરંગ સંસ્કાર લીધા છે. એમ કે નિમિત્ત હોય છે. પરથી કાંઈ થતું નથી પણ વસ્તુ હોય છે. 'પ્રવચનસાર' ૧૦૨ ગાથા. આહાહા..! પોતામાં જ્ઞાનથી આત્મા જણાય ત્યારે ભલે બીજી ચીજ હોય, વિકલ્પ હો, ગુરુ હો, દેવ હો, શાસ્ત્ર હો પણ એનાથી જણાતો નથી. એ તો છે, એ છે.

જાણવામાં આવવામાં તો એક જ્ઞાનથી જ આત્મા જણાય છે. આહાહા..! પણ ક્યારે? કે, એ જ્ઞાનને સ્વસન્મુખ કરે ત્યારે. આહાહા..! આ તમારા પૈસા-બૈસા રળવામાં આ કોઈ દિ' સાંભળ્યું નહિ હોય. આ કરો, આ કરો ને આ કરો ને આ કરો. ત્રણ લાખની ધર્મશાળા બનાવી છે. ગજબ વાત છે, પ્રભુ! આટલી લીટીમાં કેટલું ભર્યું છે! ભાગ્યશાળીને તો કાને પડે. આહાહા..!

પ્રભુ! તું ક્યા પ્રકારે જાણવામાં આવી શકે? તો પ્રભુ કહે છે કે, તું તારી જ્ઞાનની પ્રગટ પર્યાય છે, દર્શન પણ પ્રગટ પર્યાય છે પણ એ દર્શનથી તું નહિ જણાય, જ્ઞાન છે તેનાથી તું જણાય છે. આહાહા..! જે જ્ઞાનની પર્યાય પર તરફ અનાદિથી ઝુકે છે તે પર્યાયને સ્વસન્મુખમાં ઝુકાવી દે. આહાહા..! સમજાય છે કાંઈ? વાત સૂક્ષ્મ છે પણ વાત સાદી ભાષામાં છે. આહાહા..! અરે..રે..!

'જ્ઞાનને જ પ્રધાન કરીને...' જોયું? છે તો અનંત ધર્મ. આત્મામાં અનંત ગુણ છે. જ્ઞાન,

દર્શન, ચારિત્ર, જીવત્વ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, પ્રભુત્વ, પરમેશ્વરત્વ... આહાહા..! જીવત્વ, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શિત્વ, સર્વજ્ઞત્વ, સ્વચ્છત્વ, પ્રકાશ, અસંકુચિતવિકાસત્વ એવી અનંતી શક્તિ આત્મામાં છે. આહાહા..! સમજાય છે કાંઈ? શક્તિ કહો કે ગુણ કહો, ગુણ કહો કે સ્વભાવ કહો. સ્વભાવ કહો કે એમાં નિત્ય રહેનારી તાકાત કહો. આહાહા..! અરે..રે..! મૂળ ચીજ ઉપર કદી આવ્યો નહિ. બહારમાં ચોરાશીમાં રખડપટ્ટી કરી. આહાહા..!

અહીં તો એક જ સિદ્ધાંત બતાવ્યો કે ૪૧૫ ગાથામાં જ્યાં હોય ત્યાં જ્ઞાન આત્મા, જ્ઞાન આત્મા, જ્ઞાન આત્મા એમ કહ્યું એનું કારણ શું? આહાહા..! તેનું કારણ આ કે, એ જ્ઞાનથી જણાય છે. અસ્તિત્વથી જણાતો નથી, રાગથી જણાતો નથી, ચૈતન્ય શક્તિ-ધ્રુવ ગુણ છે તેનાથી જણાતો નથી. પ્રગટ પર્યાય જ્ઞાન, દર્શન છે પણ દર્શનમાં જણાતો નથી. કેમકે એની સાકાર નામ સ્વપરપ્રકાશક શક્તિ નથી. આહાહા..! આજે પર્યુષણનો દિવસ છે. આહા..! આવી ચીજ ભગવાન બધા આત્મામાં બિરાજે છે. દરેક ભગવાન આત્મામાં બિરાજે છે. એને જાણવાનો ઉપાય શું? એ લેશે. ઉપાય અને ઉપેય બન્ને લેશે. એક સમયની પર્યાયમાં, જ્ઞાન શક્તિ તો ત્રિકાળ છે, તેની પ્રગટ એક સમયની પર્યાયમાં ઉપાય પણ-મોક્ષનો માર્ગ પણ એ જ્ઞાનની પર્યાય છે અને પૂર્ણ જ્ઞાનની પર્યાય-ઉપેય તે તેનું ફળ છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવી ઝીણી વાત. આવો ઉપદેશ.

'માટે અહીં આ જ્ઞાનને જ...' જે પ્રગટ જ્ઞાન છે, જે જાણે છે. આ પરને જાણે છે કોણ? એ પરને જાણતું નથી. પોતાની સત્તામાં પર સંબંધીનું જ્ઞાન છે તેને જાણે છે. શું કહ્યું? પોતાની જ્ઞાનની પર્યાયની જે પ્રગટ સત્તા છે એમાં આ જાણે છે, આ જાણે છે એ નહિ. કારણ કે એ તો પર છે. એ સંબંધી પોતાનું જ્ઞાન પોતાને જાણે છે. આહાહા..! 'માટે અહીં આ જ્ઞાનને જ પ્રધાન કરીને...' એટલે મુખ્ય કરીને 'આત્માનું તત્ત્વ કહ્યું છે.' લ્યો! આ બાજુ.

'અહીં એમ ન સમજવું...' છે આ બાજુ? અહીં જ્ઞાનમાત્ર આત્મા કહ્યો તો 'એમ ન સમજવું કે 'આત્માને જ્ઞાનમાત્ર તત્ત્વવાળો કહ્યો છે તેથી એટલો જ પરમાર્થ છે...' આત્મા એક જ્ઞાનસ્વરૂપ જ છે, બીજા અનંત ગુણ નથી એમ ન સમજવું. આહાહા..! સમજાય છે કાંઈ? 'અહીં એમ ન સમજવું કે 'આત્માને જ્ઞાનમાત્ર તત્ત્વવાળો કહ્યો તેથી એટલો જ પરમાર્થ છે અને અન્ય ધર્મો મિથ્યા-જૂઠા છે, આત્મામાં નથી,...' આત્મામાં આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, ઈશ્વરતા આદિ અનંત ગુણ છે. આહાહા..! જ્ઞાનમાત્ર આત્મા કહેવાથી એકાંત ન લેવું કે એક જ જ્ઞાનસ્વરૂપ જ છે. અનંત ધર્મ છે. આહાહા..! તેના તેનામાં રહેનારા. રાગ, દ્વેષ નહિ. આહા..! અસ્તિત્વ, વસ્તુત્વ, તતરૂપ, અતત્. તત્‌રૂપ છે, અતત્ રૂપ નથી, પર રૂપ નથી એવા અનંત અનંત ગુણ એનામાં છે. આહાહા..!

'આત્માને જ્ઞાનમાત્ર તત્ત્વવાળો કહ્યો તેથી એટલો જ પરમાર્થ છે અને અન્ય ધર્મો મિથ્યા-જૂઠા છે, આત્મામાં નથી,...' આત્મામાં અનેરા દર્શન, ચારિત્ર, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, પરમેશ્વરતા અંદરમાં ભરી છે એ મિથ્યા છે, એ આત્મામાં નથી 'આવો સર્વથા એકાંત કરવાથી...' આવો સર્વથા એક પક્ષ ગ્રહણ કરવાથી તો મિથ્યાદૃષ્ટિપણું આવે છે. આહાહા..! ભાષા તો સાદી છે, પ્રભુ! તું પણ અંદર સાદો છે. કોઈ દિ' અંદર દરકાર નથી. આ ધૂળને આડે, આ બાયડી ને છોકરા ને આ પૈસા, મકાન, હીરા, માણેક ને હજીરા. હજીરા એટલે આ મોટા મકાન. આહાહા..! છે ને 'મૈસુર' માં? સાડા ત્રણ કરોડનું એક મકાન. સાડા ત્રણ કરોડનું. આહાહા..!

અમે 'આફ્રિકા' માં ગયા હતા ને? જે મકાનમાં ઉતર્યા હતા એ એક મકાન પંદર લાખનું. એવા કરોડપતિ, આપણા સાંઈઠ ઘરમાં આઠ છે. સાંઈઠ ઘર મુમુક્ષુના છે. 'નાઈરોબી', 'આફ્રિકા'. આઠ તો કરોડપતિ છે. એક કરોડપતિ નહીં. એ..ય..! 'વીરચંદભાઈ'! મને ખાનગીમાં કહ્યું હતું. 'જેઠાભાઈ' છે ને? શિહણના છે. એ 'જેઠાભાઈ' એ... ખાનગીમાં કોઈએ મારી પાસે (આવી કહ્યું હતું કે) એ 'જેઠાભાઈ' એ નેવું લાખનો વેપાર કર્યો. એક વર્ષમાં નેવું લાખનો. નેવું લાખ પેદા થયા છે. એમ કોઈએ કહ્યું હતું. નેવું લાખના વેપારમાં નેવું લાખ પેદા થયા. વાત સાચી હતી. પણ બીજા લોકો વિરોધ કરે ને. શ્વેતાંબર લોકો વિરોધ કરે કે આ દિગંબર લોકો આટલા બધા પૈસાવાળા!

મુમુક્ષુ :– આવી વાત સાંભળીને મોઢામાં પાણી આવી ગયું.

ઉત્તર :– હજી કહ્યું નથી, એની પાસે કેટલા છે એ તો કહ્યું નથી. એ તો મારી પાસે આવીને કહ્યું કે, મહારાજ! સભામાં નહિ કહેતા પણ મારી પાસે એક કરોડનું તો મકાન છે અને પાંચ કરોડ, છ કરોડ રૂપિયા છે. બહુ સાદા માણસ. 'જેઠાભાઈ' શિહણના છે. અહીં ઘણીવાર આવે છે. એક કરોડ રૂપિયાનું તો મારી પાસે મકાન છે. પાંચ કરોડ રૂપિયા છે પણ બહારમાં કહેતા નહિ. શ્વેતાંબર લોકો દ્વેષ કરશે. એ 'જેઠાભાઈ' નો ભત્રીજો ને? 'લંડન' માં. 'ઝવેરચંદ' 'લંડન' માં ગયો છે ને? આ વાંચે છે. બહુ ખુશી બતાવે છે. અહીંનું વાંચન કરીને.. આહાહા..! આ તે શું ચીજ છે! જિંદગીમાં કદી સાંભળી નથી. કદી દરકાર કરી નથી એવી આ ચીજ. અરે..રે..! જન્મને સફળ કરવાના પંથ આ છે, બાકી અફળ કરવાના રસ્તા તો અનંતા ગયા. આહાહા..!

અહીંયા કહે છે, આત્માને જ્ઞાનમાત્ર કહ્યો તો એકલો જ્ઞાનમાત્ર છે એમ ન સમજવું. એમાં અનંત ધર્મ છે. ધર્મ એટલે ગુણ. અનંત શક્તિ છે. 'અન્ય ધર્મો મિથ્યા-જૂઠા છે, આત્મામાં નથી' આવો સર્વથા એકાંત કરવાથી તો મિથ્યાદૃષ્ટિપણું થાય છે,...' એ તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે, જૈન રહેતો નથી. આહાહા..! એ શું કહ્યું? કે, જ્ઞાનમાત્ર આત્મા છે એમ કહ્યું તો જ્ઞાનમાત્ર કહેતા એક જ્ઞાનમાત્ર જ છે અને બીજા એમાં અનંત અનંત

ગુણ છે એ નથી એમ નથી. એ તો જ્ઞાનને પ્રધાન-મુખ્ય કરીને કહ્યું છે કે જે સ્વપર જાણવાની તાકાત રાખે છે. જાણવાની શક્તિ, સ્વપર શક્તિ હમારી. આહાહા..! જ્ઞેયશક્તિ, સ્વપરશક્તિ. સ્વપર જાણવાની શક્તિ મારા જ્ઞાનમાં છે. હું મારા સ્વજ્ઞેયને પણ જાણું અને પરજ્ઞેયને જાણું. એ પણ વ્યવહાર છે. પરને જાણવાનો મારો સ્વભાવ છે એ મારામાં છે, એ મારે માટે છે. હું મને જાણું અને હું પરને જાણું એ મારું જ્ઞાન મારામાં, મારાથી, મારે કારણે છે. આહાહા..! રૂપિયા આડે કોઈ દિ' આ સાંભળ્યું ન હોય. આહાહા..!

અરે..રે..! આવું મનુષ્યપણું ચાલ્યું જાય છે. આહાહા..! એમાં આવી વાત! ત્રણલોકના નાથ તીર્થંકરદેવ પરમેશ્વર, અનંત તીર્થંકરોનો આ અવાજ છે, અનંત કેવળી પરમાત્માઓની આ દિવ્યધ્વનિ છે. આહાહા..! એને સમજવા માટે પ્રભુ! પાત્રતા જોઈએ, યોગ્યતા જોઈએ. આહાહા..! ગરજ જોઈએ, રસ જોઈએ. આહાહા..! પોતા સિવાય પરચીજમાં રસ ઘટી જવો જોઈએ. આહાહા..!

'વિજ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધ...' બૌદ્ધ છે ને? એ એક જ આત્મા માને છે, સર્વવ્યાપક. વિજ્ઞાનઅદ્વૈતવાદી બૌદ્ધ મત છે. 'ચીન' માં છે. આખું 'ચીન' બૌદ્ધમત છે. અત્યારે 'ચીન' દેશ છે ને? એ આખો બૌદ્ધમતિ છે. બીજા બૌદ્ધો અહીં ઘણા રહે છે. વિજ્ઞાનાદ્વૈતવાદી- એકલો વિજ્ઞાન જ આખી દુનિયામાં છે, બીજી કોઈ ચીજ જ નથી એમ માને છે. અહીં જ્ઞાનમાત્ર આત્માને કહ્યો તો પછી બૌદ્ધ જેવું ન થઈ જાય કે જ્ઞાન એક જ આત્મા છે અને આત્મામાં બીજા ધર્મ નથી. ધર્મ નામ ગુણ. આહાહા..!

'વિજ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધનો અને વેદાંતનો મત આવે છે;...' વેદાંત છે ને? એ એક જ સર્વવ્યાપક આત્મા માને છે. વેદાંતી ઘણા છે. સુધરેલા લોકો તો વેદાંતની વાતું કરે. એક જ આત્મા છે, સર્વવ્યાપક છે. આહાહા..! 'વિજ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધ...' એક જ વિજ્ઞાનને માને છે અને વેદાંત એક જ આત્માને માને છે. આ એકલા વિજ્ઞાનને માને, પેલા એકલા આત્માને માને, બીજું કાંઈ નથી. એવી વાત અહીંયા નથી.

અહીંયા તો જ્ઞાનમાત્ર આત્મા કહ્યો પણ એમાં અનંત ધર્મ આવી જાય છે. કઈ રીતે આવી જાય છે એ કહે છે. આહાહા..! 'માટે આવો એકાંત બાધાસહિત છે. આવા એકાંત અભિપ્રાયથી કોઈ મુનિવ્રત પણ પાળે...' આહાહા..! દિગંબર મુનિ પણ થઈ જાય 'અને આત્માનું-જ્ઞાનમાત્રનું ધ્યાન પણ કરે,...' આહાહા..! જ્ઞાન આત્મા, એકલા જ્ઞાનમાત્રનું જ ધ્યાન કરે 'તોપણ મિથ્યાત્વ કપાય નહિ,...' મિથ્યાત્વનો નાશ થતો નથી. આહાહા..! અનંત સંસારનું કારણ મિથ્યાત્વ છે. મુનિવ્રત પણ અનંતવાર લીધા, શાસ્ત્ર અગિયાર અંગ અનંત વાર ભણ્યો પણ મિથ્યાત્વ શું છે તેની તેણે ખબર ન કરી. આહાહા..! ખબર ન કરી તો પછી મિથ્યાત્વ ટાળે ક્યાંથી? આહા..! ઓહો..! 'મિથ્યાત્વ કપાય નહિ,...'

'મંદ કષાયોને લીધે સ્વર્ગ પામે તો પામો,...' કદાચિત્ રાગની મંદતા કરીને સાધુ થઈ

જાય તો ભલે સ્વર્ગમાં જાય. એમાં શું થયું? એ તો ચાર ગતિ છે. આહાહા..! રખડવાનું છે. દેવલોકમાં જાશે ત્યાંથી વળી તિર્યંચ, મનુષ્ય થઈને નરકમાં નારકી, ઢોર થશે. આહાહા..! અનંત અવતાર કર્યા છે. 'મોક્ષનું સાધન તો થતું નથી.' જ્ઞાન એકાંત જ માને કે જ્ઞાન જ આત્મા છે અને એમાં અનંત ગુણ નથી, એમ માને તો તેને મોક્ષ થતો નથી. ભલે એ સાધુ થઈ જાય, ભલે એ પંચ મહાવ્રત પાળે પણ મિથ્યાદષ્ટિપણું ટળતું નથી.

'માટે સ્યાદ્‌વાદથી..' સ્યાત્ એટલે અપેક્ષા. જ્ઞાનમાત્ર કહ્યું એ અપેક્ષાથી કહ્યું છે. કેમકે સ્વપરને જાણવાની શક્તિ છે. અનંત અનંત જાણે તોપણ તેમાં રાગ થાય નહિ, એવો જ્ઞાનનો સ્વભાવ છે. તે કારણે સ્યાદ્‌વાદ નામ સ્યાત્–અપેક્ષા, વાદ નામ કથન. અપેક્ષાથી કથન છે એવો અર્થ સમજવો. આહાહા..! હવે છેલ્લો શ્લોક છે.

સરવવિશુદ્ધજ્ઞાનરૂપ સદા ચિદાનંદ કરતા ન ભોગતા ન પરદ્રવ્યભાવકો,
મૂરત અમૂરત જે આનદ્રવ્ય લોકમાંહિ તે ભી જ્ઞાનરૂપ નાહીં ન્યારે ન અભાવકો;
યહૈ જાનિ જ્ઞાની જીવ આપકું ભજૈ સદીવ જ્ઞાનરૂપ સુખતૂપ આન ન લગાવકો,
કર્મ-કર્મફલરૂપ ચેતનાકૂં દૂરિ ટારિ જ્ઞાનચેતના અભ્યાસ કરે શુદ્ધ ભાવકો.

આહાહા..! આખા 'સમયસાર' નો સાર નાખ્યો. ૪૧૫ ગાથા. આ તો અઢાર વાર વ્યાખ્યાનમાં વંચાઈ ગયું છે, આ તો ઓગણીસમી વાર ચાલે છે. હવે પરિશિષ્ટ બાકી છે. સભામાં અઢાર વાર અક્ષરે અક્ષરનો અર્થ કરીને વાંચ્યું છે. આ ઓગણીસમી વાર વાંચીએ છીએ. ઓગણીસવી વારમાં અહીં સુધી આવ્યા, હવે પરિશિષ્ટ બાકી છે. આહાહા..! ૪૫ વર્ષ અહીં જંગલમાં થયા. ૪૫ વર્ષની ઉંમરે આવ્યા હતા, શરીરને ૯૧ ચાલે છે. ૯૦ + ૧. આ ધૂળ.. ધૂળ. શરીર-ધૂળને ૯૧ ચાલે છે. ભગવાન તો અનાદિઅનંત છે. આહાહા..! આત્મા તો અનાદિઅનંત છે. તેની કોઈ આદિ છે નહિ કે અંત નથી. આહાહા..!

'સરવવિશુદ્ધજ્ઞાનરૂપ સદા ચિદાનંદ...' કેવો છે પ્રભુ આત્મા? દરેકનો. સર્વવિશુદ્ધજ્ઞાન. સર્વવિશુદ્ધજ્ઞાનરૂપ છે. નિર્મળાનંદ પ્રભુ અંદર છે. 'સદા ચિદાનંદ...' ત્રિકાળ ચિદાનંદ, ચિદ્ નામ જ્ઞાન અને આનંદ. આહાહા..! એ ત્રિકાળ જ્ઞાન ને આનંદ રૂપ છે, પ્રભુ! બે (ગુણ) મુખ્ય લીધા, એવા તો અનંત (ગુણો) છે. 'ચિદાનંદ કરતા ન ભોગતા...' આવો ભગવાન આત્મા પરદ્રવ્યને કરતો નથી, પરદ્રવ્યને ભોગવતો નથી. આહાહા..! એ પૈસાને લાવે ને વાપરે એ આત્મામાં નથી, એ પરદ્રવ્ય છે. છે? પરદ્રવ્યકો ન કર્તા. લક્ષ્મી રળતો નથી, કમાતો નથી, રાખતો નથી, વ્યાજ ઉપજાવતો નથી. એ આત્મામાં નથી. આહાહા..!

આત્મા ચિદાનંદ–જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે. 'કરતા ન ભોગતા...' પોતા સિવાય રાગ, દયા, દાનનો પણ કર્તા નથી અને તેનો ભોક્તા પણ નથી. જે પોતાની કાયમી ચીજમાં નથી તે ચીજનો એ કર્તા-ભોક્તા નથી. પરચીજ તો ભિન્ન જ છે, શરીર, વાણી, મન તો પર છે પણ પોતામાં થનારા દયા, દાન, રાગ, દ્વેષનો પણ કર્તા અને ભોક્તા નથી. આહાહા..!

આકરી વાત બહુ. પચાવવી મુશ્કેલ પડે, બાપુ!

ચાર શેર ઘીનો પાયેલો મેસુબ ખાય તો પચાવવો મુશ્કેલ પડે છે કે નહિ? આ મેસુબ.. મેસુબને શું કહે છે? ચાર શેર ઘી, એક શેર લોટ. ચણાનો લોટ, ચાર શેર ઘી પાય તો એને મેસુબ કહે છે. અને ઘઉંનો એક શેર લોટ અને ચાર શેર ઘી પાય એને શક્કરપારા કહે છે. બન્ને ચીજ છે. બધું જોયું છે, બધું કર્યું છે, બધું જાણ્યું છે.

(સંવત) ૧૯૮૧ માં અમારુ 'ગઢડા' માં ચોમાસુ હતું. ત્યારે આખા સંઘ માટે શક્કરપારા બનાવ્યા હતા. ૧૯૮૧, કેટલા વર્ષ થયા? શક્કરપારા. એક શેર ઘઉંનો લોટ અને ચાર શેર ઘી અને સાકર, એને શક્કરપારા કહે છે. ત્યારે તો સસ્તુ હતું. મારી દીક્ષા વખતે ૧૯ રૂપિયાનું એક મણ ઘી મળતું. (સંવત) ૧૯૭૦ માં દીક્ષા લીધી. ૧૯ રૂપિયાનું ભેસનું સારું ઘી. દીક્ષાનું નક્કી થયું તો મોટા ભાઈએ ડબ્બા લીધા. અને સાડા ત્રણ રૂપિયાની એક મણ સાકર. પતરીની, હોં! પતરીની. સાડા ત્રણ રૂપિયાની મણ! મારી દીક્ષા (વખતની વાત છે). મોટી દીક્ષા હતી. મોટાભાઈએ ઘરે આપી હતી. ઘરે જમણવાર કર્યો હતો, ખરચ્ કર્યો હતો. આહાહા..! એ જમાનો (જુદો હતો). અમારી દીક્ષા થયાને ૬૬ વર્ષ થયા. મોટા ભાઈએ ઘરે દીક્ષા આપી હતી, ઘરનો ખર્ચ કર્યો હતો. તે વખતે ૧૮૦૦ રૂપિયા ખર્ચ્યા હતા. અત્યારે ત્રીસ ગુણા થાય. આહાહા..!

અહીં કહે છે, ચિદાનંદ પ્રભુ તો કર્તા ન ભોક્તા. આહાહા..! એ શરીરને કરતો નથી, વાણીને કરતો નથી. સ્ત્રી, પુત્ર, પૈસાનો કર્તા નહિ ને ભોક્તા નહિ. અરે..! રાગ અને દ્વેષનો કર્તા ને ભોક્તા નથી. આહાહા..! એવો પ્રભુ ચિદાનંદ તારો સ્વભાવ છે. 'કરતા ન ભોગતા ન પરદ્રવ્યભાવકો' પરદ્રવ્ય અને પરદ્રવ્યના ભાવ-બે. પરદ્રવ્યનો કર્તા-ભોક્તા પણ નહિ અને પરદ્રવ્યના નિમિત્તે પુણ્ય ને દયા, દાનના ભાવ થયા તે ભાવનો પણ કર્તા-ભોક્તા નથી. આહાહા..! આવી વાત છે, શેઠ! અરે..રે..! જિંદગી ચાલી જાય છે. આવો મનુષ્યભવ મળ્યો. આત્મા અનાદિઅનંત છે, એ તો અનાદિઅનંત છે. દેહ છૂટી જશે તો ક્યાંક તો જશે, અવતાર તો લેશે. આહાહા..! આ દેહ છૂટી જશે તો એની સત્તા તો અનાદિઅનંત છે. આહાહા..!

'કરતા ન ભોગતા ન પરદ્રવ્યભાવકો,...' પરદ્રવ્યનો કર્તા પણ નહિ. ગજબ વાત છે. પૈસા, સ્ત્રી, પુત્ર, મકાનનો આત્મા કર્તા નહિ અને તેનો ભોક્તા પણ નહિ. આહાહા..! એ તો ચિદાનંદ પ્રભુ છે. જ્ઞાન અને આનંદ સ્વરૂપ પ્રભુ અંદર છે. આહાહા..! એ પરદ્રવ્યનો કર્તા-ભોક્તા નહિ. પરદ્રવ્યના ભાવ, રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપનો પણ આત્મા કર્તા-ભોક્તા નથી. પ્રભુ! આહાહા..! અરે..! પ્રભુ! તેં કદી નિર્ણય કર્યો નહિ. જિંદગી ચાલી જાય છે. આહાહા..! એક લીટીમાં આખો સાર છે, આખા શાસ્ત્રનો સાર કહી દીધો. આહાહા..!

'મૂરત અમૂરત જે આનદ્રવ્ય લોકમાંહિ...' મૂર્તિક આ પરમાણુ, શરીરાદિ. અમૂર્ત ધર્માસ્તિ આદિ, ધર્માસ્તિ-અધર્માસ્તિ આદિ. 'આનદ્રવ્ય લોકમાંહિ તે ભી જ્ઞાનરૂપ નાહીં...' એ આત્મા

નહિ. આહાહા..! તે ચીજ જ્ઞાનરૂપ નહિ. 'ન્યારે...' પ્રભુ! તારાથી જુદા છે. જુદા હોવા છતાં 'ન અભાવકો...' આહાહા..! જુદા હોવા છતાં નથી એમ નહિ. પરદ્રવ્ય છે. આહાહા..! છે? 'ન્યારે ન અભાવકો...' પ્રભુ! અંદર ચૈતન્યથી ન્યારું શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ 'ન અભાવકો...' નથી એમ નહિ. વસ્તુ છે પણ ભિન્ન છે. આહાહા..! અરે..રે...! આવું સાંભળવા મળે નહિ. ધૂળની ધાણીમાં આખી જિંદગી મજૂરી કરે. મોટા મજુર. મજુર તો સવારે આઠથી બાર સુધી ચાર કલાક કામ કરે, બપોરે બે થી છ. આ મજુર તો સવારથી ઉઠે તે સાંજ સુધી મજુરી કરે. રાતના દસ વાગ્યા સુધી.

અમારે 'પાલેજ' માં ગામમાં સ્થાનકવાસી સાધુ આવે. અમે તો પહેલા સ્થાનકવાસી અમારા પિતા હતા ને? હું તો દુકાન છોડી દઉં. સાધુ પાસે જાવું, એને આહાર-પાણી બધું દઉં. બીજા રાતના આઠ વાગે નવરા થાય. નહિતર તો દસ વાગે નવરા થાય પણ તે દિ' સાધુ ગામમાં હોય તો આઠ વાગે નામુ લખી પછી જાય. પેલા સાધુ કહે, રાતડિયા આવ્યા. દિવસે તો સામું જોયું નહિ. આહાહા..!

અહીં કહે છે કે, 'મૂરત અમૂરત જે આનદ્રવ્ય લોકમાંહિ તે ભી જ્ઞાનરૂપ નાહીં...' એ જ્ઞાનરૂપ નહિ. પરમાણુ, શરીર, વાણી જ્ઞાનરૂપ નહિ. છતાં 'ન્યારે ન અભાવકો' એ ચીજ નથી એમ નહિ. એ પરચીજ છે પણ પોતાથી ન્યારી–ભિન્ન છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

પ્રવચન નં. ૪૬૪ શ્લોક–૨૪૬, ૨૪૭ મંગળવાર, ભાદરવા સુદ ૭, તા.૧૬-૦૯-૧૯૮૦

---

છેલ્લો કળશ છે ને? બે લીટી ચાલી છે. ફરીને. ૪૧૫ ગાથાના સાર તરીકે લખ્યું. 'સર્વવિશુદ્ધજ્ઞાનરૂપ...' કેવો છે ભગવાન આત્મા? સર્વવિશુદ્ધજ્ઞાનરૂપ. નિર્મળ પૂર્ણાનંદ. 'ચિદાનંદ કરતા ન ભોગતા...' એ ચિદાનંદ–જ્ઞાન, ચિદ્ નામ જ્ઞાન અને આનંદ સ્વરૂપી ભગવાન આત્મા છે. એ 'કરતા ન ભોગતા...' એ પરદ્રવ્યનો તો કર્તા-ભોક્તા નથી પણ દયા, દાન, વ્રત, ભક્તિના જે શુભ પરિણામ થાય છે તેનો પણ કર્તા-ભોક્તા આત્મા નથી. શેઠ! 'કરતા ન ભોગતા ન પરદ્રવ્યભાવકો' પરદ્રવ્યનો કર્તા-ભોક્તા નહિ. આહાહા..! અને પરભાવનો કર્તા-ભોક્તા નહિ.

શરીર, વાણી, મન, કર્મ અને પરપદાર્થ સ્ત્રી, કુટુંબ-પરિવાર, મકાન, પૈસો એ પરદ્રવ્યનો કર્તા-હર્તા આત્મા નથી. આહાહા..! તેમ એ પરદ્રવ્યના નિમિત્તે પોતામાં પોતાથી જે વિકારભાવ થાય છે, પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ, કામ અને ક્રોધ તેનો પણ કર્તા-ભોક્તા આત્મા નથી. આહાહા..! હવે આવી વાત.

'મૂરત અમૂરત જે આનદ્રવ્ય લોકમાંહિ...' મૂર્ત એટલે આ પરમાણુ આદિ જડ. અમૂર્ત એટલે ધર્માસ્તિકાય આદિ પાંચ અમૂર્તિક દ્રવ્ય છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ. આહાહા..! એ ચાર અમૂર્ત છે. તે 'આનદ્રવ્ય લોકમાંહિ...' અનેરા છે. જે 'જ્ઞાનરૂપ નાહીં...' તેઓ જ્ઞાનરૂપ નથી. આહાહા..! 'ન્યારે...' એ બધી આત્માથી ન્યારી ચીજ છે, ભિન્ન ચીજ છે. છતાં 'ન અભાવકો...' છતાં એ ચીજ નથી એમ નહિ. આહાહા..! પોતાથી ભિન્ન છે પણ પરથી અભાવ છે એમ નહિ. પરવસ્તુ છે. પરમાં પર તરીકે વસ્તુ છે. પોતાથી 'ન્યારે ન અભાવકો...' પણ અભાવ નથી. પાંચ દ્રવ્ય છે, રાગ-દ્વેષ છે પણ આત્મા પરમાર્થે પ્રભુ, તેનો કર્તા-ભોક્તા નથી. એમ જાણ્યા વિના આત્માનું જ્ઞાન થતું નથી. આત્મજ્ઞાન થયા વિના જન્મ-મરણની ગાંઠ તુટતી નથી. આહાહા..!

જન્મ-મરણની ગાંઠ એ મિથ્યાત્વ છે. આહાહા..! જ્યાં સુધી તે પરનો કર્તા-ભોક્તા થાય છે અને પોતાના પુણ્ય-પાપ ભાવનો કર્તા-ભોક્તા થાય છે ત્યાં સુધી મિથ્યાત્વભાવ જે જન્મ-મરણનું કારણ છે તેની ગાંઠ ગળતી નથી. આહાહા..! ત્યાં સુધી તો આવ્યું હતું, કાલે આવ્યું હતું, કાલે ત્યાં સુધી આવ્યું હતું.

'યહૈ જાનિ જ્ઞાની જીવ...' 'યહૈ જાનિ જ્ઞાની જીવ આપકું ભજૈ સદીવ...' 'આપકું ભજૈ સદીવ...' આહાહા..! આમ જાણી જ્ઞાની-ધર્મી જીવ... છે? 'આપકું ભજૈ સદીવ...' પોતાનો આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ! એનું ભજન કરે, તેની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરે. આહાહા..! વસ્તુ જરી મોંઘી છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! 'આપકું ભજૈ સદીવ...' આહાહા..! ભગવાન જ્ઞાન, આનંદમૂર્તિ પ્રભુનું ભજન કરે નામ એકાગ્ર થાય. આહાહા..! તેનો સ્વીકાર કરે. રાગ-દ્વેષ અને પરપદાર્થનો સ્વીકાર છોડીને જેને જન્મ-મરણ રહિત થવું હોય તે પોતાને ભજે. ભગવાનને પણ નહિ. ભાવ આવે છે, શુભભાવ આવ્યા વિના રહે નહિ પણ એ ધર્મ નથી. પંચ મહાવ્રતના પરિણામ, ભગવાનની ભક્તિ, મંદિર એ અનાદિની ચીજ છે, નવી ચીજ નથી. સ્વર્ગમાં પણ અસંખ્ય મંદિરો છે. આહાહા..! સાતમા દ્વિપમાં બાવન મંદિરો છે. જેમાં ૧૦૮ રત્નની પ્રતિમા છે. બધી વસ્તુ છે. ઇન્દ્રો પણ ત્યાં જાય છે, ભક્તિ કરે છે પણ એ શુભભાવ છે, ધર્મ નહિ. એ અશુભથી બચવા, અશુભથી વંચનાર્થે એવો 'પંચાસ્તિકાય' માં પાઠ છે. અશુભથી વંચનાર્થે. અથવા કસ્થાનમાં ન જાય એ કારણે શુભભાવ આવે છે પણ એ શુભભાવ ધર્મ નથી, પુણ્ય છે. આહાહા..!

લોઢાની બેડી છે તેમ સોનાની બેડી છે, બન્ને બેડી છે. પાપ લોઢાની બેડી છે, પુણ્ય સોનાની (બેડી છે). લોઢાની બેડી કરતાં સોનાની બેડી ચીકાશ અને વજનદાર હોવાથી વધારે ઘસારો કરે છે. પુણ્યની મીઠાશ જગતને પવિત્રતાનો અનાદર કરે છે. શુભભાવ, તેનો પ્રેમ અને મીઠાશ અંતર આનંદનો નાથ પ્રભુ છે તેનો પુણ્યનો પ્રેમી અનાદર કરે છે. આહાહા..! ભાવ આવે છે. સમકિતીને પણ આવે છે.

મુમુક્ષુ :– મુનિને પણ આવે.

ઉત્તર :– મુનિને પણ આવે. આહાહા..! ભગવાનને વંદન, પૂજા કરવાનો ભાવ તો આવે છે પણ તેની મર્યાદા પુણ્ય છે, ધર્મ નહિ. ધર્મ તો અહીંયા ‘આપકું ભજૈ સદીવ...’

કેવો છે પોતે? ‘જ્ઞાનરૂપ સુખતૂપ...’ છે? કેવો છે આત્મા? જ્ઞાનરૂપ અને સુખરૂપ, અતીન્દ્રિય આનંદરૂપ. ‘આન ન લગાવકો...’ અનેરી કોઈ ચીજનો લગાવ નથી. આહાહા..! અરે..! મૂળ ચીજ સાંભળવા મળે નહિ એટલે કઠણ પડે. પ્રેમ આવે નહિ. પેલો અનાદિનો અભ્યાસ. અશુભ અને શુભભાવનો અનાદિનો અભ્યાસ છે. અનંત વાર અશુભભાવ કર્યા અને અનંત વાર શુભભાવ કર્યા. તેનો અભ્યાસ થઈ ગયો છે. તેની મીઠાશમાં પોતાના આત્માનું ભજન કરવું રહી ગયું. વિકારનું ભજન કરે છે. આહાહા..!

કેવો છે ભગવાન આત્મા અંદર? ‘જ્ઞાનરૂપ સુખતૂપ...’ છે? જ્ઞાનરૂપ છે અને આનંદરૂપ છે. ‘આન ન લગાવકો...’ એને અનેરાનો લગાવ છે જ નહિ. આહાહા..! આ આખા ‘સમયસાર’ નો સાર. આહાહા..! ‘કર્મ-કર્મફલરૂપ ચેતનાકૂં દૂરિ ટારિ...’ આહાહા..! પુણ્ય અને પાપ ભાવ એ કર્મચેતના છે. કર્મચેતના શબ્દે કર્મ જડ નહિ. કર્મ એટલે કાર્ય. પુણ્ય અને પાપના શુભાશુભભાવ એ કર્મ એટલે કાર્ય, એ કાર્ય અપેક્ષાએ પુણ્ય અને પાપને કર્મચેતના કહેવામાં આવે છે અને એ કર્મચેતના અને કર્મફળરૂપચેતના–તેમાં સુખ-દુઃખની કલ્પના. આહાહા..! કર્મચેતનામાં સુખ-દુઃખની કલ્પના. શુભભાવ સુખરૂપ, અશુભભાવ દુઃખરૂપ, એવો અનુભવ કરવો એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

કર્મ અને કર્મફળ. કર્મ શબ્દે જડ કર્મ નહિ, આઠ કર્મ નહિ. ‘કર્મ’ શબ્દે કાર્ય. પુણ્ય-પાપના કાર્યરૂપી કર્મચેતના અને તેના હરખ-શોકનું ભોગવવું એ કર્મફળચેતના. કર્મ જડ નહિ. આહાહા..! એ ‘કર્મફલરૂપ ચેતનાકૂં દૂરિ ટારિ...’ આહાહા..! એને દૂર કરીને પ્રભુ! પુણ્ય અને પાપના ભાવ એ કર્મચેતના છે અને તેમાં સુખ-દુઃખની કલ્પના તે કર્મફળચેતના છે. આહાહા..! તેને દૂર કરી. વસ્તુ આવી છે, બાપુ! આહાહા..!

બધા ભગવાન આત્મા છે. આહાહા..! શું કહ્યું? કેટલા શબ્દમાં મૂક્યું છે. ‘કર્મ-કર્મફલરૂપ ચેતનાકૂં દૂરી ટારિ જ્ઞાનચેતના અભ્યાસ કરે...’ આહાહા..! હું તો જ્ઞાન–જાણનારો છું. એ ‘જ્ઞાનચેતના અભ્યાસ કરે શુદ્ધ ભાવકો.’ એ કર્મ પુણ્ય-પાપ અને તેનું ફળ જે સુખ-દુઃખ એ અશુદ્ધ છે, એ મલિન છે, મેલ છે. તેને ટાળી. કર્મ-કર્મફળચેતનાને ટાળી. આહાહા..! ‘જ્ઞાનચેતના અભ્યાસ કરે...’ હું તો જ્ઞાનસ્વરૂપ, જાણનસ્વરૂપ, આનંદસ્વરૂપ છું. તેનો અભ્યાસ કરે. ‘શુદ્ધ ભાવકો.’ આહાહા...! શુદ્ધ ભાવનો અભ્યાસ કરે એ ધર્મ છે. પુણ્ય-પાપ બન્ને અશુદ્ધભાવ છે, બન્ને અધર્મ છે. આહાહા..! આવી ચીજ આકરી લાગે. આખો દિ’ આ બહારમાં મીઠાશ લે. આહાહા..!

અંતરમાં પ્રભુ ધર્મને નામે પણ કર્મચેતના, પુણ્યના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ,

પૂજા આદિ, જાત્રા આદિ બધા શુભભાવ છે, એ તો કર્મચેતના છે. આહાહા..! આવે છે, પણ દૃષ્ટિમાંથી તેને દૂર કરી, દૃષ્ટિમાં તેનો આદર નહિ કરી જ્ઞાનચેતનાનો અભ્યાસ કરે. હું તો જ્ઞાન જાણનારો છું. શુદ્ધભાવ. કર્મચેતના અને કર્મફળચેતના એટલે કે પુણ્ય-પાપના ભાવ અને પુણ્ય-પાપના ભાવનું ફળ અશુદ્ધ છે, મેલ છે, અપવિત્ર છે. તેને દૂર કરી શુદ્ધભાવ (કરે). આત્મા જે શુદ્ધ સ્વરૂપ ત્રિકાળી આનંદસ્વરૂપ છે... આહાહા..! તેનો અભ્યાસ કરે. અંતરમાં જ્ઞાનાનંદમાં જાવાનો અભ્યાસ કરે. અંતરમાં આ ચીજ છે, પ્રભુ! આખી ૪૧૫ ગાથાનો સાર. આહાહા..!

'આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં સર્વવિશુદ્ધજ્ઞાનનો પ્રરૂપક નવમો અંક સમાપ્ત થયો.' હવે આ બાજુ. હવે ૨૪૭ શ્લોક. શ્લોક છે ને એની પાછળ? અનુષ્ટુપ શ્લોક છે. પરિશિષ્ટ વાંચવાનું છે પણ પહેલા શ્લોક વાંચ્યા પછી.

# [ પરિશિષ્ટ ]

(અહીં સુધીમાં ભગવાન કુંદકંદાચાર્યદેવની ૪૧૫ ગાથાઓનું વ્યાખ્યાન ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે કર્યું અને તે વ્યાખ્યાનમાં કળશરૂપે તથા સૂચનિકારૂપે ૨૪૬ કાવ્યો કહ્યાં. હવે ટીકાકાર આચાર્યદેવે વિચાર્યું કે-આ શાસ્ત્રમાં જ્ઞાનને પ્રધાન કરીને જ્ઞાનમાત્ર આત્મા કહેતા આવ્યા છીએ; તેથી કોઈ તર્ક કરશે કે 'જૈનમત તો સ્યાદ્‌વાદ સાથે વિરોધ આવતો નથી? વળી એક જ જ્ઞાનમાં ઉપાયતત્ત્વ અને ઉપેયતત્ત્વ-એ બન્ને કઈ રીતે ઘટે છે?' આમ તર્ક કોઈને થશે. માટે આવા તર્કનું નિરાકરણ કરવાને ટીકાકાર આચાર્યદેવ હવે પરિશિષ્ટરૂપે થોડું કહે છે. તેમાં પ્રથમ શ્લોક કહે છે :–)

'અહીં સુધીમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની ૪૧૫ ગાથાઓનું વ્યાખ્યાન ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે કર્યું અને તે વ્યાખ્યાનમાં કળશરૂપ તથા સૂચનિકારૂપે ૨૪૬ કાવ્યો કહ્યાં. હવે ટીકાકાર આચાર્યદેવે વિચાર્યું કે—આ શાસ્ત્રમાં જ્ઞાનને પ્રધાન કરીને...' આ શાસ્ત્રમાં જ્ઞાન તે જ આત્મા, જ્ઞાન તે જ આત્મા, જ્ઞાન તે જ આત્મા એમ મુખ્ય કરીને 'આત્માને જ્ઞાનમાત્ર કહેતા આવ્યા છીએ; તેથી કોઈ તર્ક કરશે કે 'જૈનમત તો સ્યાદ્‌વાદ છે;...' એક જ્ઞાનમાત્ર જ કેમ કહ્યું? છે કે નહિ?

'જૈનમતમાં તો સ્યાદ્‌વાદ છે; તો પછી આત્માને જ્ઞાનમાત્ર કહેવાથી શું એકાંત આવી

જતો નથી?' આત્મામાં તો અનંત ધર્મ છે, અનંત ગુણ છે તો જ્ઞાનમાત્ર કહેવાથી એકાંત થઈ જતું નથી? 'અર્થાત્ સ્યાદ્વાદ સાથે વિરોધ આવતો નથી?' ભગવાનનો માર્ગ તો કથંચિત્ જ્ઞાન ને કથંચિત્ દર્શન ને કથંચિત્ આનંદ એવા અનંત ગુણ છે. આત્મામાં એક જ્ઞાન જ છે એમ નથી. આહાહા..!

'એક જ જ્ઞાનમાં ઉપાયતત્ત્વ...' હવે એક વાત તો આ સ્યાદ્વાદની કરી કે વસ્તુ છે તે પોતાથી છે અને પરથી નથી. બે વાત કહેશે. બીજી વાત, 'એક જ જ્ઞાનમાં ઉપાયતત્ત્વ અને ઉપેયતત્ત્વ...' આહાહા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્માની પર્યાયમાં ઉપાયતત્ત્વ અને ઉપેયતત્ત્વ. સામાન્ય તો ધ્રુવ છે, એમાં ઉપાય-ઉપેય નથી. આહાહા..! સામાન્ય વસ્તુ ત્રિકાળી અનાદિઅનંત ધ્રુવ છે. તેમાં જે પર્યાય–અવસ્થા–પરિણમન થાય છે તે પર્યાયમાં બે પ્રકાર પડે છે. એક ઉપાય અને એક ઉપેય. એક માર્ગ અને એક માર્ગનું ફળ. આહાહા..! પર્યાયમાં–વિશેષમાં બે ભેદ. આહાહા..! સામાન્ય તો ત્રિકાળ છે જ, તેમાં તો કોઈ ફેરફાર નથી. અને સામાન્ય વિશેષ વિના ત્રણકાળમાં કદી હોતું નથી. આહાહા..!

સામાન્ય એટલે ધ્રુવ. ધ્રુવ.. ધ્રુવ..! નિત્ય.. નિત્ય.. નિત્ય.. નિત્ય.. નિત્ય.. એ ધ્રુવ સામાન્ય છે. અને તેની પર્યાય–અવસ્થા–પરિણમન–દશાને અહીંયા પર્યાય કહે છે. એ પર્યાયમાં બે ભેદ લે છે. આહાહા..! આશ્રય ભલે સામાન્યનો હોય. ઝીણી વાત છે પણ જે જ્ઞાન છે એ જ્ઞાન શુદ્ધ ધ્રુવનો આશ્રય લઈને જે મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયો તે જ્ઞાન ઉપાયતત્ત્વ છે, એ ઉપાયમાર્ગ છે, તે જ ઉપાય છે. મોક્ષનો આ એક જ ઉપાય છે. આહાહા..!

સામાન્ય કદી એકલું રહેતું નથી. કદી ત્રણકાળમાં સામાન્ય વિશેષ વિના હોતું નથી. એ આવશે, હમણા કહેશે, હેઠે કહેશે. અહીં વિશેષના બે ભેદ છે. આહાહા..! શું કહ્યું? નિત્ય પ્રભુ ધ્રુવ એ તો સામાન્ય છે. તેમાં તો કોઈ મોક્ષમાર્ગ કે મોક્ષની કોઈ પર્યાય થતી નથી. પર્યાય વિશેષ છે તેમાં બે ભાગ છે. જ્ઞાનસ્વરૂપી પ્રભુ ત્રિકાળ છે તેનું જે ત્રિકાળ જ્ઞાન છે તે તો ધ્રુવ છે પણ વર્તમાન તેની પરિણતિ, પર્યાય, અવસ્થા, દશા છે તેના બે ભેદ છે. એક ઉપાયતત્ત્વ છે, એક ઉપેયતત્ત્વ છે. આહાહા..! એ કહેશે.

જૈન સિવાય આવી ચીજ ક્યાંય છે નહિ. એક તો દરેક દ્રવ્ય સામાન્ય-વિશેષ છે એ વાત પણ અન્યમાં નથી. વેદાંત એકલું સામાન્ય કહે છે અને બોદ્ધ એકલું વિશેષ કહે છે. અહીં તો સામાન્ય-વિશેષ બન્ને કહેશે. હમણા ભાવાર્થમાં આવશે. વસ્તુ જે છે તે સામાન્ય કાયમ રહેનારી ધ્રુવ પણ છે અને તેનું વિશેષ પર્યાય–અવસ્થા (પણ છે). વિચાર જે બદલાય છે તે પર્યાય છે. એ જ્ઞાનની પર્યાયના બે ભેદ. રાગ નહિ, પુણ્ય નહિ, દયા, દાન, ભક્તિ નહિ. આહાહા..!

જ્ઞાનસ્વરૂપી ભગવાન, એની પર્યાય જ્ઞાન, આનંદ, શાંતિ થાય એ પર્યાયમાં બે ભેદ છે. એક તો ઉપાય, ત્રિકાળી મોક્ષ જે ઉપેય છે, ત્રિકાળી મોક્ષ જે ઉપેય છે-ફળ છે તે

ઉપેયનો ઉપાય એ પર્યાય છે, દ્રવ્ય નહિ. દ્રવ્યમાં કોઈ ઉપાય-ઉપેય હોતું નથી. સામાન્ય દ્રવ્યમાં ઉપાય-ઉપેય હોતું નથી. આહાહા..! ઝીણી વાત છે. 'હીરાભાઈ' કહેતા હતા કે, અમારે પરિશિષ્ટ સાંભળવું છે પણ ચાલ્યા ગયા. શું કહ્યું?

બે વાત લીધી. એક તો એ કે આત્માને જ્ઞાનમાત્ર કહેવાથી એકાંત થઈ જતો નથી. અનંત ધર્મ છે. જ્ઞાન કહેવામાં તો જ્ઞાનની મુખ્યતા છે. જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ આદિ ગુણ છે એવા અનંત ગુણ છે. એક વાત. અને જ્ઞાનમાત્ર કહેવાથી પર્યાયમાં બે ભેદ પડે છે તે નથી એમ નહિ. જ્ઞાનમાત્ર જ કહ્યું તો એક જ પ્રકાર રહે છે એમ નથી. આહાહા..! સામાન્ય તો એક જ પ્રકારે છે. ધ્રુવ એકરૂપ તો છે પણ પર્યાય પણ એકરૂપ થાય છે એમ નહિ. આહાહા..! આવી વાતું છે. શેઠ! આ વાત ધંધા આડે કદી સાંભળી નથી. આહાહા..! શું કહ્યું?

ભગવાન આત્મા ત્રિકાળી જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એ ત્રિકાળી જ્ઞાન તો ધ્રુવ છે. તેમાં તો બે ભેદ છે નહિ પણ તેની પર્યાય જે અવસ્થા છે એ અવસ્થામાં બે ભેદ છે. એક ઉપાય છે, એક ઉપેય છે. એક માર્ગ છે, એક માર્ગનું ફળ છે. આવી વાત છે, શેઠ! નિર્ણય કરવા માટે નવરાશ ન મળે. અરે..! જિંદગી ચાલી જાય છે. ક્યાં ઉતારા કરશે? પ્રભુ! દેહ છૂટી જશે. આત્મા તો અનાદિ શાશ્વત છે. ક્યાંક તો ઉતારા કરશે. જેવા ભાવ હોય એવા ઉતારા થાશે. આહાહા..! માંસ અને દારૂ ખાતા હોય તો નરકમાં જશે. ધર્મ નહિ કરે અને માયા, પુણ્ય ને પાપ કરતા હોય તો પુણ્ય હોય તો સ્વર્ગમાં જાશે, કોઈ મનુષ્યમાં જાશે, પાપ હોય તો કોઈ ઢોરમાં, નરકમાં જાશે. આહાહા..!

અહીં તો કહે છે કે પુણ્ય-પાપથી પણ ભિન્ન 'એક જ જ્ઞાનમાં..' છે? એક જ જ્ઞાન. જ્ઞાનસ્વરૂપી પ્રભુ આત્મા એ 'એક જ જ્ઞાનમાં ઉપાયતત્ત્વ અને ઉપેયતત્ત્વ-એ બન્ને કઈ રીતે ઘટે છે?' ઉપાયતત્ત્વ નામ મોક્ષનો માર્ગ, એ પર્યાય છે, દ્રવ્ય નહિ, સામાન્ય નહિ, વિશેષ છે. મોક્ષનો માર્ગ વિશેષ છે. વિશેષ વિના સામાન્ય ત્રણકાળમાં કદી હોતું નથી. આહાહા..! અને વિશેષ સામાન્ય વિના હોતું નથી. આ શું કહે છે?

સામાન્ય એટલે ત્રિકાળ રહેનારી ધ્રુવ ચીજ. કાયમ અનાદિઅનંત રહેનારું આત્મતત્ત્વ એ સામાન્ય અને એમાં પલટો આવે, વિચાર પલટે છે અને તેના ફળરૂપે ભવ મળે છે તેનાથી દૂર એક જ્ઞાનરૂપ આત્મા છું, એમ લક્ષ કરીને જ્ઞાનની પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ જ્ઞાનની પર્યાય છે, એ ઉપાય તત્ત્વ છે. આહાહા..! શું કહ્યું? જે જ્ઞાનસ્વરૂપી ધ્રુવ નિત્યાનંદ છે એ તો ધ્રુવ છે. તેમાં તો બે ભેદ નથી. હવે એની પર્યાય છે, અવસ્થા છે, ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્ એમાં ધ્રુવ તો ત્રિકાળ છે. હવે ઉત્પાદ-વ્યય જે દશા છે, જ્ઞાનમાં, જ્ઞાનની પર્યાયમાં બે ભેદ છે. એક જ્ઞાન ઉપાયરૂપ છે. ત્રિકાળી જ્ઞાનનું અવલંબન લઈને, ત્રિકાળી જ્ઞાનનું વિશેષ છે તે અવલંબન લઈને વર્તમાન પર્યાય છે તે ત્રિકાળીનું અવલંબન

લઈને જે મોક્ષનો માર્ગ–ઉપાય ઉત્પન્ન થાય છે તેને ઉપાયતત્ત્વ કહે છે. આહાહા..! અને તેનું ફળ જે પૂર્ણ આવે છે, કેવળજ્ઞાન, સિદ્ધપદ એ ઉપેય છે. એ ઉપાયનું ઉપેય છે, એ માર્ગનું ફળ છે. આહાહા..! ઝીણું પડે, પ્રભુ! આહાહા..! તેથી દુનિયાને રાજી રાખવા, દુનિયા બહારથી વ્યવહારમાં ખુંચી ગઈ છે. આહાહા..! અને પ્રરૂપણા પણ એવી કરે કે દુનિયા રાજી રહે. આમાં શું સમજવું?

એક તો એમ કહે છે, બે વાત કરી. આ આખા શાસ્ત્રમાં આત્માને જ્ઞાનમાત્ર કહ્યો તો જ્ઞાનમાત્ર એક જ જ્ઞાન છે અને એમાં બીજા ગુણ નથી એમ નથી. એ તો સ્યાદ્‌વાદથી કહ્યું છે. અપેક્ષાથી કહ્યું છે કે જ્ઞાન છે તે પરથી નથી અને પોતાથી છે. બે ભેદ થયા. અંદર દર્શન છે એ પોતાથી છે અને પરથી નથી એવા બે ભેદ થઈ ગયા. એમ દરેક ગુણની પર્યાયમાં બે ભેદ થાય છે. એક તો ત્રિકાળી આત્મા ધ્રુવનું અવલંબન લેવાથી... આહાહા..! નિમિત્તનું અને પુણ્ય-પાપનું અવલંબન છોડવાથી જે અંદર જ્ઞાનચેતના ઉત્પન્ન થાય છે એ જ્ઞાનચેતના પર્યાય છે, એ વિશેષ છે. ધ્રુવ છે તે ત્રિકાળી સામાન્ય છે. આહાહા..! આમાં નવરા ક્યાં? આવી વાતું (છે).

ધ્રુવ જે ત્રિકાળી ચીજ છે એ તો નિત્ય છે, અનાદિઅનંત આત્મા છે. એનો વિચાર પલટે છે, બદલાય છે, શ્રદ્ધાનો, જ્ઞાનનો, વિચારનો, એ પર્યાય છે. એ પર્યાયમાં પણ અહીં એક જ નિર્મળ પર્યાય લેવી છે, રાગ નહિ, કર્મચેતના નહિ. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા એ તો બંધનું કારણ છે. આહાહા..!

ઉપાય અને ઉપેય બન્ને 'એક જ જ્ઞાનમાં...' જ્ઞાનસ્વરૂપી પ્રભુ એક જ છે તેની પર્યાયમાં 'ઉપાયતત્ત્વ અને ઉપેયતત્ત્વ–એ બન્ને કઈ રીતે ઘટે છે?' એમ અહીંયા નિશ્ચય કરવો છે. અન્યમતમાં આવી વાત છે નહિ. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવની વાણીમાં આ આવ્યું છે. જૈનમાં જન્મ્યા એને પણ સાંભળવા મળે નહિ તો ક્યારે આ વાત અંદર રુચે અને કરે?

અહીં કહે છે કે, સ્યાદ્‌વાદથી એક જ જ્ઞાન છે એમ નહિ. અનંત ગુણમાં એક ગુણની પ્રધાનતાથી કથન છે. બીજા ગુણ છે એ તો સ્યાત્ અપેક્ષાએ કથન છે. અને બીજી વાત, એ જ્ઞાન જે પર્યાય છે, ધ્રુવ નહિ, તેની જે પર્યાય–અવસ્થા છે તેમાં વિશેષતા છે એ વિશેષના બે પ્રકાર છે. એક ઉપાયતત્ત્વ અને એક ઉપેયતત્ત્વ. આહાહા..! એ જ્ઞાનસ્વરૂપી ત્રિકાળી ભગવાનના અવલંબનથી, ધ્રુવના અવલંબનથી જે જ્ઞાનની પર્યાય, શ્રદ્ધાની પર્યાય, આનંદની પર્યાય ઉત્પન્ન થાય છે એ મોક્ષનો માર્ગ ઉપાયતત્ત્વ છે. આહાહા..! આવી વાત છે.

એક તત્ત્વમાં ત્રણ પ્રકાર લીધા. એક તો, જ્ઞાનગુણ એક જ છે, તે જ આત્મા છે એમ કહેતા આવ્યા છીએ પણ એક જ્ઞાનગુણ જ છે એમ નહિ, એમાં તો અનંત ગુણ છે. એ તો જ્ઞાનની પ્રધાનતાથી કથન કરતા આવ્યા છે. એક વાત. અને એક જ્ઞાનગુણમાં

બે અવસ્થા થાય છે, રાગ નહિ, દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ નહિ. આહાહા..! એ તો વિકાર વિશેષ દશા છે. આ તો અવિકારી વિશેષ દશા છે. જ્ઞાનની પર્યાયમાં જે નિર્મળ દશા સમ્યગ્દર્શન આદિ ઉત્પન્ન થાય છે એ જ્ઞાનની પર્યાયને ઉપાયતત્ત્વ કહે છે. ઉપાય, કારણ, મોક્ષનો માર્ગ એ બધું એક જ છે. આહાહા..!

'હીરાભાઈ' ગયા, એને બિચારાને સાંભળવું હતું પણ વાંચવા ગયા. ચારે કોરથી ૧૯૫ ગામથી વાંચવા મોકલો, વાંચવા મોકલો એમ આવ્યું છે. શેઠ! અમારે ત્યાં અહીંથી વાંચવા મોકલો એમ ૧૯૫ ગામથી આવ્યું છે. ૧૯૫! એટલા તો તૈયાર નથી, ૧૩૮ ગયા છે. ૧૯૫ ગામવાળાની માગણી છે કે આ સનાતન જૈનતત્ત્વ સોનગઢવાળા શું કહે છે? આહાહા..! એ સાંભળવા દસલક્ષણી પર્વમાં ૧૯૫ ગામના ૧૯૫ પત્ર આવ્યા છે પણ એટલા તો વાંચનાર છે નહિ, ૧૩૮ ગામમાં મોકલ્યા, કોઈએ મોકલ્યા છે. અમે તો સાંભળ્યું છે, અમને કંઈ ખબર નથી, અમે કહેતા નથી. એ તો સંભળાવે છે. 'જતીશભાઈ' છે કે ગયા? એ છે. 'જતીશભાઈ' કાલે લાવ્યા હતા. ૧૯૫ ગામની માગણી છે પણ ૧૩૮ ગામમાં મોકલ્યા છે. ઝાઝા માણસ નથી. 'જતીશભાઈ' કાલે લાવ્યા હતા. આપણે કોઈને કહેતા નથી કે અહીં આવો ને અહીં મોકલો ને અહીં જાવ. અમે કોઈને કહેતા નથી. એ દુનિયા દુનિયાનું કરે.

અહીંયા કહે છે, ભગવાન! શાંતિથી સાંભળો. આ દેહમાં ભિન્ન ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્મા એમ કહેતા આવ્યા છે તો એક જ્ઞાનસ્વરૂપી જ છે એમ નથી, એમાં અનંત અનંત ધર્મ છે. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, વસ્તુત્વ, પ્રભુતા એવા અનંત અનંત ગુણ છે. એક વાત ઇ. આ સ્યાદ્વાદ છે. અપેક્ષાથી એક ગુણ કહ્યો પણ બીજા પણ અનંત ગુણ છે.

બીજી વાત-જે જ્ઞાનસ્વરૂપી ભગવાન ત્રિકાળ છે તેના વિશેષ પ્રકાર વિના તો કદી ત્રણકાળમાં સામાન્ય હોતું જ નથી. તો એ વિશેષ જે પર્યાય છે તેના બે ભેદ છે. એક મોક્ષના માર્ગની અપૂર્ણ પર્યાય, તેને ઉપાયતત્ત્વ કહે છે. આહાહા..! અને તેના ફળને ઉપેયતત્ત્વ-મોક્ષ કહે છે. મોક્ષના માર્ગને ઉપાયતત્ત્વ અને મોક્ષને ઉપેયતત્ત્વ (કહે છે). ઉપેય-ફળ. એ બન્ને એક આત્માની અવસ્થામાં બે હોય છે. આહાહા..! કોઈ એમ કહે કે, એકલું સામાન્ય છે તો એ પણ મિથ્યાદૃષ્ટિ છે. એકલું વિશેષ છે એમ કહે તે પણ મિથ્યાદૃષ્ટિ છે. વિશેષમાં પણ બે પ્રકાર છે. આહાહા..! છે તો અનંત પ્રકાર. દરેક પર્યાયમાં ભિન્ન ભિન્ન, ભિન્ન ભિન્ન, પણ જે પર્યાય-અવસ્થા, પોતાનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપના અવલંબને જે પ્રગટ અવસ્થા થાય છે તેને જ્ઞાનની પર્યાય, આત્માની પર્યાય, ઉપાયતત્ત્વ, મોક્ષનો માર્ગ તેને કહેવામાં આવે છે. પર્યાયમાં-વિશેષમાં બે ભેદ. સમજાય છે? અને જે વિશેષ માનતા નથી એને તો મોક્ષમાર્ગ પણ નથી અને મોક્ષ પણ નથી, એક્કેય નથી. આહાહા..!

વેદાંત એકલું સામાન્ય માને છે. અહીં તો કોઈ પણ સમયમાં વિશેષ વિના આત્મા હોતો નથી અને કોઈપણ સમયમાં સામાન્ય વિના એ હોતો નથી. આહાહા..! સામાન્ય અને

વિશેષ એટલે શું? કાયમ રહેનારી ચીજને સામાન્ય કહે છે અને પલટતી અવસ્થાને વિશેષ કહે છે, ઉપાય કહે છે. આહાહા..! આવો ઉપદેશ. અરે..રે..! સાંભળવા મળે નહિ. એકાંત લઈ જાય.

એ કહે છે, 'એક જ જ્ઞાનમાં ઉપાયતત્ત્વ અને ઉપેયતત્ત્વ–એ બન્ને કઈ રીતે ઘટે છે? આમ તર્ક કોઈને થશે. માટે આવા તર્કનું નિરાકરણ કરવાને ટીકાકાર આચાર્યદેવ હવે પરિશિષ્ટરૂપે થોડું કહે છે.' છેલ્લો અધિકાર કહે છે. 'તેમાં પ્રથમ શ્લોક કહે છે :–' માથે છે, ૨૪૭.

## શ્લોક–૨૪૭

(अनुष्टुभ्)
अत्र स्याद्वादशुद्धयर्थं वस्तुतत्त्वव्यवस्थितिः।
उपायोपेयभावश्च मनाग्भूयोऽपि चिन्त्यते।।२४७।।

શ્લોકાર્થ :– [ अत्र ] અહીં [ स्याद्वाद-शुद्धि-अर्थं ] સ્યાદ્વાદની શુદ્ધિને અર્થે [ वस्तु-तत्त्व-व्यवस्थितः ] વસ્તુતત્ત્વની વ્યવસ્થા [ च ] અને [ उपाय-उपेय-भावः ] (એક જ જ્ઞાનમાં ઉપાયપણું અને ઉપેયપણું કઈ રીતે ઘટે છે તે બતાવવા) ઉપાય-ઉપેય ભાવ [ मनाक् भूयः अपि ] જરા ફરીને પણ [ चिन्त्यते ] વિચારવામાં આવે છે.

ભાવાર્થ :– વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષાત્મક અનેક-ધર્મસ્વરૂપ હોવાથી તે સ્યાદ્વાદથી જ સાધી શકાય છે. એ રીતે સ્યાદ્વાદની શુદ્ધતા (-પ્રમાણિકતા, સત્યતા, નિર્દોષતા, નિર્મળતા, અદ્વિતીયતા) સિદ્ધિ કરવા માટે આ પરિશિષ્ટમાં વસ્તુનું સ્વરૂપ વિચારવામાં આવે છે. (તેમાં એમ પણ બતાવવામાં આવશે કે આ શાસ્ત્રમાં આત્માને જ્ઞાનમાત્ર કહ્યો હોવા છતાં સ્યાદ્વાદ સાથે વિરોધ આવતો નથી.) વળી બીજું, એક જ જ્ઞાનમાં સાધકપણું તથા સાધ્યપણું કઈ રીતે બની શકે તે સમજાવવા જ્ઞાનનો ઉપાય-ઉપેયભાવ અર્થાત્ સાધકસાધ્યભાવ પણ આ પરિશિષ્ટમાં વિચારવામાં આવે છે. ૨૪૭.

## શ્લોક–૨૪૭ ઉપર પ્રવચન

આહાહા..! એનું ગુજરાતી નથી આમાં. કળશ છે? શ્લોકાર્થ. છે?

अत्र स्याद्वादशुद्ध्यर्थं वस्तुतत्त्वव्यवस्थितिः।
उपायोपेयभावश्च मनाग्भूयोऽपि चिन्त्यते।।२४७।।

શ્લોકાર્થ :– 'અહીં સ્યાદ્વાદની શુદ્ધિને અર્થે...' સ્યાદ્વાદ એટલે અપેક્ષાની શુદ્ધિ માટે એકલું જ્ઞાન જ છે, એમાં આનંદાદિ અનંત ગુણ નથી એમ જે (કહે છે) તેની શુદ્ધિ અર્થે (કહે છે), અનંત ગુણ છે. એક જ્ઞાનમાત્ર કહ્યો પરંતુ એમાં અનંત ગુણ છે. એ 'સ્યાદ્વાદની શુદ્ધિને અર્થે...' 'वस्तु-तत्त्व-व्यवस्थितिः' 'વસ્તુતત્ત્વની વ્યવસ્થા...' એક (વાત) અને બીજી 'उपाय-उपेय-भावः' 'એક જ જ્ઞાનમાં ઉપાયપણું અને ઉપેયપણું કઈ રીતે ઘટે છે...' આહાહા..! પર્યાય છે, આત્માની જ્ઞાનની પર્યાય છે, એ પર્યાયમાં બે ભાવ કઈ રીતે ઘટે છે? સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ!

ત્રિકાળી ચીજ છે એ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, એ તો ધ્રુવ છે, એ તો સામાન્ય છે, એમાં ભેદ નથી. હવે પર્યાય વિશેષ અવસ્થા છે તેમાં બે ભેદ છે. રાગાદિની અહીંયા વાત નથી. વ્યવહાર રત્નત્રય પણ મોક્ષમાર્ગમાં છે એ વાત તો છે જ નહિ. આહાહા..! એક જ્ઞાનસ્વરૂપી ભગવાન, જ્ઞાનરૂપે પરિણમન કરે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય છે એ સામાન્યનું વિશેષ છે એ વિશેષરૂપે પરિણમે તેને અહીંયા ઉપાયતત્ત્વ કહેવામાં આવ્યું છે. આહાહા..! મોક્ષ કાર્ય છે, તેનો આ ઉપાય કારણ છે. મોક્ષ ઉપેય છે, ઉપેય એટલે કાર્ય છે, કાર્ય એટલે ફળ છે તેનો ઉપાય કારણ છે. આહાહા..!

મુમુક્ષુ :– ઉપાય પોતે પણ કાર્ય છે ને?

ઉત્તર :– ઉપાય કાર્ય છે એ દ્રવ્યની અપેક્ષાએ. પૂર્વની અપેક્ષાએ પર્યાય ઉપાય છે, અધૂરી અપેક્ષાએ છે. છે તો એ કાર્ય. દરેક પર્યાય કાર્ય છે પણ આ મોક્ષના માર્ગની પર્યાય... આહાહા..! આમ તો અજ્ઞાની છે એ તો અનાદિથી રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ કરે છે એ પર્યાય છે. એ ચાર ગતિમાં રખડે છે. તેની વાત અહીંયા નથી.

અહીં તો એક જ્ઞાનતત્ત્વ કહેતા આવ્યા છે તેમાં બે બોલ ચાલ્યા. એક જ જ્ઞાન છે એમ નહિ, એમાં અનંત ગુણ છે. એવો ભગવાનનો સ્યાદ્વાદ છે. ભગવાનનો એકાંત માર્ગ નથી, અનેકાંત છે. તો અનેક અંત–ધર્મ, અંત એટલે ધર્મ, અનેક ધર્મ એટલે સ્વભાવ, એક દ્રવ્યમાં અનેક સ્વભાવ ધ્રુવમાં છે. એવો ધ્રુવ હોવા છતાં પણ એમાં મોક્ષનો માર્ગ અને મોક્ષ નથી. મોક્ષનો માર્ગ અને મોક્ષ એ પર્યાયમાં હોય છે, વિશેષમાં હોય છે. આહાહા..! સમજાય છે પ્રભુ! ઝીણી વાત છે, પ્રભુ! અરે..! કોઈ દિ' દરકાર કરી નથી. બહારમાં હો..હા.. કરીને જિંદગી (કાઢી નાખી). આહાહા..! અરે..રે..!

પેલી વાત ત્યાં સાંભળી હતી, 'નાઈરોબી'ની. ત્યાં હબસી લોકો બહુ ક્રૂર. આપણા કરોડોપતિ માણસો છે એ બધાને ભય બહુ. એમાં એક પટેલનું ઘર હશે એમાં હબસી લોકો અંદર ગર્યા હશે. એમાં ત્રણને તો મારી નાખ્યા. મારી નાખીને.. શું કહેવાય? નીચે

પાણીની જાય ને? ગટર. ગટરમાં નાખી દીધા. એમાં એનો મૂળ પટેલ આવ્યો, એને મારી નાખ્યો. અર..ર..ર...! આવા આચરણ પણ પ્રભુ! અનંતવાર કર્યા છે. એની વાત નથી. આ તો વાત છે કે એ પર્યાયમાં આવો ભાવ અનંતવાર કર્યો છે. આહાહા..! પણ પર્યાયમાં આ વાત કરી નથી. ઉપાય અને ઉપેયતત્ત્વ કદી કર્યું નથી. આહાહા..! સમજાય છે? 'માણેકચંદજી'! ભાષા તો તમારી હિન્દી છે. આહાહા..! તમારે લઈને હિન્દી લીધું છે. ઘરેથી બેન આવ્યા છે એ ન સમજે ને? હિન્દી સાંભળે, બધા સાંભળે. આહાહા..! અરે..રે..! ક્યાં વાત (છે)?

'અમૃતચંદ્રાચાર્ય' કહે છે કે, અત્યાર સુધી ૪૧૫ ગાથામાં મુખ્યપણે, પ્રધાનપણે એટલે મુખ્યપણે આત્માને જ્ઞાન કહ્યો તો એકલું જ્ઞાન માનવું એ તો એકાંત મિથ્યાત્વ છે. એ જ્ઞાન કહ્યું એ તો અપેક્ષાથી કહ્યું. બીજા પણ અનંત ધર્મ એમાં છે. જ્ઞાન છે, એ અસ્તિત્વ ગુણ પણ તે સમયે છે. જ્ઞાન પરરૂપે, જ્ઞેયરૂપે નથી એ પણ એમાં નાસ્તિ ગુણ છે. એવા અનંત ધર્મ છે પણ જ્ઞાનપ્રધાનથી કથન કર્યું છે. એક વાત.

બીજી વાત. વિશેષ અવસ્થામાં અજ્ઞાની એમ જ માને કે વિશેષ અવસ્થા છે જ નહિ. બૌદ્ધ વિશેષ અવસ્થાને જ માને છે. વેદાંત વિશેષ અવસ્થાને માનતા નથી. એ કારણે અહીંયા ટીકાકારે (કહ્યું કે), 'સ્યાદ્વાદની શુદ્ધિને અર્થે વસ્તુતત્ત્વની વ્યવસ્થા...' એકલું જ્ઞાન જ આત્મા નહિ. અંદર દર્શન, આનંદ આદિ તત્ અને અતત્ આદિ અનંત ધર્મ છે. અને '(એક જ જ્ઞાનમાં ઉપાયપણું અને ઉપેયપણું કઈ રીતે ઘટે છે...)' જ્ઞાન તો એક જ (થયું). જ્ઞાન એટલે વસ્તુ. વસ્તુ એકરૂપ ધ્રુવ છે. એમાં પર્યાયમાં બે વાત કઈ રીતે ઘટે છે? આહાહા..! છે? '(એક જ જ્ઞાનમાં ઉપાય...)' કારણ અને 'ઉપેયપણું...' કાર્ય. ઉપાય મોક્ષમાર્ગ અને ઉપેય મોક્ષ. એમ એક પર્યાયમાં, પર્યાય એક એટલે? એની પર્યાયમાં 'કઈ રીતે ઘટે છે તે બતાવવા) ઉપાય-ઉપેય ભાવ જરા ફરીને પણ વિચારવામાં આવે છે).' આહાહા..! બહુ ટૂંકી ભાષા. હવે ભાવાર્થ. એ શ્લોકાર્થ થયો ને? તેનો ભાવાર્થ.

ભાવાર્થ :– 'વસ્તુનું સ્વરૂપ...' કોઈપણ આત્મા, કોઈપણ પરમાણુ કે છ દ્રવ્ય. ભગવાને છ દ્રવ્ય જોયા છે. જીવ, પરમાણુ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ, એમ છ દ્રવ્ય જોયા છે. છએ દ્રવ્યનું 'વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષાત્મક...' આહાહા..! દરેક તત્ત્વનું દરેક સમયમાં સામાન્ય-વિશેષ સ્વરૂપ છે. આહાહા..! સામાન્ય એટલે? ત્રિકાળી દ્રવ્ય. વિશેષ એટલે? વર્તમાન પર્યાય, વર્તમાન અવસ્થા. આહાહા..! આવી વાત છે. ન સમજાય તો રાત્રે થોડું પૂછવું. આહાહા..!

મુમુક્ષુ :– પૂછવામાં અમારી પોલ જણાય જાય.

ઉત્તર :– અમને આવડતું નથી એની પોલ જણાય જાય. પોલ જણાય તો એમાં ખબર પડે ને! ભૂલ નીકળી જાય ને! આહાહા..!

અહીં તો કહે છે કે, કોઈપણ ચીજ એક સામાન્ય જ છે એમ ત્રણકાળમાં નથી. તેમ પર્યાય એકલી વિશેષ જ છે એમ પણ ત્રણકાળમાં નથી. એમાં અહીંયા (કહે છે), 'સામાન્યવિશેષાત્મક...' છે? સામાન્ય એટલે ધ્રુવ. વિશેષ એટલે ઉત્પાદ-વ્યયની પર્યાય. આહાહા..! આવું (સમજવા) ક્યારે નવરા થાય? સંસારના ધંધા આડે નવરા નહિ, સાંભળવા જાય તો આવી વાત મળે નહિ. આ કરો, આ કરો, આ કરો ને આ કરો. કરો પણ, કરો ત્યાં મરો.

'સોગાની' માં 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' માં લખ્યું છે. 'ન્યાલચંદ સોગાની'. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' છે ને? શેઠ! શેઠને ત્યાં તો બધા પુસ્તક પહોંચે. મોટા માણસને તો બધા મફત મોકલે. એમાં એમ લખ્યું છે, 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ', એણે લખ્યું છે. 'સોગાની' 'અજમેર'માં થઈ ગયા. સમકિતી આત્મજ્ઞાની (હતા). અહીંયા આવ્યા હતા. પૈસાવાળા, ઘણી લક્ષ્મીવાળા છે. છોકરાઓ છે એની પાસે ઘણા પૈસા છે, ઘણા લાખો છે. એને આ રસ બહુ. બધાને બાવાને, સાધુને મળેલા. એમાં અહીં આવ્યા, આવ્યા ને એટલું કહ્યું, ભાઈ! આ રાગનો વિકલ્પ છે એનાથી પ્રભુ અંદર ભિન્ન છે. આહાહા..! રાગ ચાહે તો દયા, દાન, ભક્તિ, પ્રભુની ભક્તિ ચાલતી હોય, માળા ગણતો હોય ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન એ બધો રાગ છે. રાગથી પ્રભુ ભિન્ન છે, કીધું. એટલું કહ્યું ને એને ચમક લાગી ગઈ. આપણે રસોડે ચાલ્યા ગયા. રસોડે જઈને સૂતા પણ રાત્રે ઊંઘ આવે નહિ. સાંજથી સવાર સુધી ધ્યાનમાં બેઠા. સવારમાં સમકિત લઈને ઉભા થયા. અંદરથી આત્માનો પત્તો લઈ લીધો. પછી આ 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' બનાવ્યું છે. આહાહા..! એનાથી પણ આ બેનના વચનો તો અલૌકિક છે! બહુ સાર સાર, માખણ માખણ (આવી ગયું છે). આહાહા..!

અહીં કહે છે કે વસ્તુ એકલી સામાન્ય ધ્રુવ જ છે એમ કોઈ સમયે નથી. કોઈપણ સમયે એકલી સામાન્ય છે એમ નથી. એમ કોઈ સમયે એકલી પર્યાય વિશેષ જ છે એમ પણ નથી. આહાહા..! સામાન્ય એટલે દ્રવ્ય, વિશેષ એટલે પર્યાય. દ્રવ્ય ત્રિકાળી કાયમ વિનાની ચીજ હોય નહિ અને પર્યાય વિશેષ અવસ્થા વિના કોઈ ચીજ હોય નહિ. આહાહા..!

અહીં કહે છે, 'વસ્તુનું સ્વરૂપ...' કોઈપણ વસ્તુ. પરમાણુથી માંડી અને આત્મા, પરમેશ્વર અને સિદ્ધ (બધા આવી ગયા). આહાહા..! 'સામાન્યવિશેષાત્મક...' કાયમ રહેનારું એ સામાન્ય. વિશેષ વર્તમાન પરિણતિ અવસ્થા થાય છે, બદલે છે એ વિશેષ. વિશેષાત્મક એટલે સ્વરૂપ. સામાન્ય-વિશેષ સ્વરૂપ, સામાન્ય-વિશેષ સ્વરૂપ. ધ્રુવ, ઉત્પાદ-વ્યય સ્વરૂપ. 'તત્ત્વાર્થ સૂત્ર' માં આવે છે, 'ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્' 'તત્ત્વાર્થ સૂત્ર' આ દસલક્ષણી પર્વમાં ચાલે છે ને? એમાં 'ઉત્પાદવ્યયધ્રુવ યુક્તં સત્' (આવે છે). ઉત્પાદ-વ્યય પર્યાય છે અને ધ્રુવ એ ત્રિકાળી શક્તિ છે. ધ્રુવ છે તે ત્રિકાળી દ્રવ્ય છે અને ઉત્પાદ-વ્યય છે એ પર્યાય છે. અહીં કહે છે કે, સામાન્ય છે તે ધ્રુવ છે અને વિશેષ છે તે પર્યાય છે. આહાહા..! અરે..રે...! ભાષા તો બહુ સાદી છે પણ અભ્યાસ ન હોય.. આહાહા..! ભાવ ગંભીર છે, બહુ ગંભીર છે.

આહાહા..!

એક સમયની પર્યાય તો એક જ સમયની છે પણ પર્યાય વિના અનાદિઅનંત (કાળમાં) કદી દ્રવ્ય હોતું નથી. એ પર્યાયને વિશેષ કહે છે અને ત્રિકાળી રહેનારને ધ્રુવ કહે છે. એ ધ્રુવ સામાન્ય છે અને બદલતી પર્યાય, મોક્ષના માર્ગની પર્યાય તે વિશેષ છે. આહાહા..! વસ્તુ 'સામાન્યવિશેષાત્મક અનેક-ધર્મસ્વરૂપ હોવાથી...' આહાહા..! ધર્મ એટલે? ધારણ કરવાવાળી શક્તિ. ધર્મ એટલે આ મોક્ષનો માર્ગ નહિ.

'વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષાત્મક...' આત્મક એટલે સ્વરૂપ. 'અનેક ધર્મસ્વરૂપ...' અનેક શક્તિસ્વરૂપ છે. ગુણ છે, પર્યાય છે, સામાન્ય છે, વિશેષ છે, નિત્ય છે, અનિત્ય છે, ધ્રુવ છે, અધ્રુવ છે. આહાહા..! અરે..રે..! એવા અનેક ધર્મસ્વરૂપ (વસ્તુ છે). ધર્મ એટલે આ સમ્યગ્દર્શન, જ્ઞાન એ નહિ. ધર્મ એટલે એણે ધારી રાખેલી શક્તિ. દરેક પદાર્થમાં, આત્મા, પરમાણુમાં પોતામાં જે ધારી રાખેલી શક્તિ છે, ગુણ છે, પર્યાય છે તેને અહીંયા ધર્મ કહે છે. ધર્મ એટલે મોક્ષમાર્ગની વાત અત્યારે નથી. એ તો ઉપાય-ઉપેયમાં આવશે. અહીં તો હજી એક વસ્તુને જ્ઞાન જ કેમ કહ્યું તેની વાત પહેલી ચાલે છે.

'વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષાત્મક અનેક-ધર્મસ્વરૂપ હોવાથી તે સ્યાદ્વાદથી...' સ્યાદ્ એટલે અપેક્ષા. વીતરાગના માર્ગમાં સ્યાદ્વાદ છે, અનેકાંત છે. તેનાથી જ, 'સ્યાદ્વાદથી જ સાધી શકાય છે.' આહાહા..! 'એ રીતે સ્યાદ્વાદની શુદ્ધતા...' જ્ઞાનમાત્ર કહેવા છતાં અનંત ગુણ અને અનંતી પર્યાય છે. એવી 'સ્યાદ્વાદની શુદ્ધતા...' સ્યાત્ એટલે અપેક્ષાએ કહેવું, કથન. એની શુદ્ધતા, સ્યાદ્વાદની '(–પ્રમાણિકતા,...)' આહાહા..! સ્યાદ્વાદ એ પ્રમાણ છે, પ્રમાણિક છે. આહાહા..! તેની '(સત્યતા...)' શુદ્ધતાનો અર્થ કરે છે. 'સ્યાદ્વાદની શુદ્ધતા (–પ્રમાણિકતા, સત્યતા, નિર્દોષતા,...)' આહાહા..! સ્યાદ્વાદની શુદ્ધિનો અર્થ છે. '(નિર્મળતા, અદ્વિતીયતા)...' અદ્વિતીયતા, અજોડ. તેની સાથે કોઈને મેળ ન ખાય એવો ભગવાનનો માર્ગ સ્યાદ્વાદ છે.

(સ્યાદ્વાદની શુદ્ધતા) 'સિદ્ધ કરવા માટે આ પરિશિષ્ટમાં વસ્તુનું સ્વરૂપ વિચારવામાં આવે છે. (તેમાં એમ પણ બતાવવામાં આવશે કે આ શાસ્ત્રમાં આત્માને જ્ઞાનમાત્ર કહ્યો હોવા છતાં સ્યાદ્વાદ સાથે વિરોધ આવતો નથી).' ભલે જ્ઞાનમાત્ર કહ્યો છતાં તેમાં અનંત ધર્મ, ગુણ છે તેની સાથે વિરોધ આવતો નથી. 'વળી બીજું, એક જ જ્ઞાનમાં સાધકપણું તથા સાધ્યપણું...' ઉપાય-ઉપેય કહ્યું હતું ને? એ ઉપાય એટલે સાધકપણું, સાધનપણું, સાધનપણું. ઉપેય એટલે સાધ્યપણું. આહાહા..! એક જ જ્ઞાનપર્યાયમાં 'સાધકપણું તથા સાધ્યપણું કઈ રીતે બની શકે તે સમજાવવા જ્ઞાનનો ઉપાય-ઉપેયભાવ અર્થાત્ સાધકસાધ્યભાવ પણ આ પરિશિષ્ટમાં વિચારવામાં આવે છે.' વિશેષ કહેશે.. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!).

## [ परिशिष्टम् ]

स्याद्वादो हि समस्तवस्तुतत्त्वसाधकमेकमस्खलितं शासनमर्हत्सर्वज्ञस्य। स तु सर्वमनेकान्तात्मकमित्यनुशास्ति, सर्वस्यापि वस्तुनोऽनेकान्तस्वभावत्वात्। अत्र त्वात्मवस्तुनि ज्ञानमात्रतया अनुशास्यमानेऽपि न तत्परिकोपः, ज्ञानमात्रस्यात्मवस्तुनः स्वयमेवानेकान्तत्वात्। तत्र यदेव तत्तदेवातत्, यदेवैकं तदेवानेकं, यदेव सत्तदेवासत्, यदेव नित्यं तदेवानित्यमित्येकवस्तुवस्तुत्व-निष्पादकपरस्पर विरुद्धशक्तिद्वयप्रकाशनमनेकान्तः। तत्स्वात्मवस्तुनो ज्ञानमात्रत्वेऽप्यन्तश्चकचकायमानज्ञानस्वरूपेण तत्त्वात्, बहिरुन्मिषदनन्तज्ञेयतापन्नस्वरूपाति-रिक्तपररूपेणातत्त्वात्, सहक्रमप्रवृत्तानन्तचिदंशसमुदयरूपाविभागद्रव्येणैकत्वात् अविभागै-कद्रव्यव्याप्तसहक्रमप्रवृत्तानन्त-चिदंशरूपपर्यायैरनेकत्वात्, स्वद्रव्यक्षेत्रकालभावभवनशक्ति-

---

(હવે પ્રથમ આચાર્યદેવ વસ્તુસ્વરૂપના વિચાર દ્વારા સ્યાદ્‌વાદને સિદ્ધ કરે છે :–)

સ્યાદ્‌વાદ સમસ્ત વસ્તુઓના સ્વરૂપને સાધનારું, અર્હત્ સર્વજ્ઞનું એક અસ્ખલિત (નિર્બાધ) શાસન છે. તે (સ્યાદ્‌વાદ) 'બધું અનેકાંતાત્મક છે' એમ ઉપદેશે છે, કારણ કે સમસ્ત વસ્તુ અનેકાંત-સ્વભાવવાળી છે. ('સર્વ વસ્તુઓ અનેકાંતસ્વરૂપ છે' એમ જે સ્યાદ્‌વાદ કહે છે તે અસત્યાર્થ કલ્પનાથી કહેતો નથી, પરંતુ જેવો વસ્તુનો અનેકાંત સ્વભાવ છે તેવો જ કહે છે.)

અહીં આત્મા નામની વસ્તુને જ્ઞાનમાત્રપણે ઉપદેશવામાં આવતાં છતાં પણ સ્યાદ્‌વાદનો કોપ નથી; કારણ કે જ્ઞાનમાત્ર આત્મવસ્તુને સ્વયમેવ અનેકાંતપણું છે. ત્યાં (અનેકાંતનું એવું સ્વરૂપ છે કે ), જે (વસ્તુ) તત્ છે તે જ અતત્ છે, જે (વસ્તુ) એક છે તે જ અનેક છે, જે સત્ છે તે જ અસત્ છે, જે નિત્ય છે તે જ અનિત્ય છે-એમ એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે. માટે પોતાની આત્મવસ્તુને પણ, જ્ઞાનમાત્રપણું હોવા છતાં, તત્-અતત્પણું, એક-અનેકપણું સત્-અસત્પણું અને નિત્ય-અનિત્યપણું પ્રકાશે જ છે; કારણ કે-તેને (જ્ઞાનમાત્ર આત્મવસ્તુને) અંતરંગમાં ચકચકાટ પ્રકાશતા જ્ઞાનસ્વરૂપ વડે તત્પણું છે, અને બહાર પ્રગટ થતા, અનંત, જ્ઞેયપણાને પામેલા, સ્વરૂપથી ભિન્ન એવા પર રૂપ વડે (-જ્ઞાનસ્વરૂપથી ભિન્ન એવા પરદ્રવ્યના રૂપ વડે-) અતત્પણું છે (અર્થાત્ તે-રૂપે જ્ઞાન નથી); સહભૂત (-સાથે) પ્રવર્તતા અને ક્રમે પ્રવર્તતા અનંત ચૈતન્ય-અંશોના સમુદાયરૂપ અવિભાગ દ્રવ્ય વડે એકપણું છે, અને અવિભાગ એક દ્રવ્યમાં વ્યાપેલા, સહભૂત પ્રવર્તતા અને ક્રમે પ્રવર્તતા અનંત ચૈતન્ય-અંશોરૂપ (-ચૈતન્યના અનંત અંશોરૂપ) પર્યાયો વડે અનેકપણું છે; પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે હોવાની શક્તિરૂપ જે સ્વભાવ તે સ્વભાવવાનપણા વડે (અર્થાત્ એવા સ્વભાવવાળી હોવાથી) સત્પણું છે, અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે નહિ હોવાથી શક્તિરૂપ જે સ્વભાવ તે સ્વભાવવાનપણા વડે અસત્પણું

स्वभाववत्त्वेन सत्त्वात्, परद्रव्यक्षेत्रकालभावाभवनशक्ति-स्वभाववत्त्वेनाऽसत्त्वात्, अनादिनिधनाविभागैकवृत्तिपरिणतत्वेन नित्यत्वात्, क्रमप्रवृत्तैकसमयावच्छिन्नानेक-वृत्त्यंशपरिणतत्वेनानित्यत्वात्, तदतत्त्वमेकानेकत्वं सदसत्त्वं नित्यानित्यत्वं च प्रकाशत एव। ननु यदि ज्ञानमात्रत्वेऽपि आत्मवस्तुनः स्वयमेवानेकान्तः प्रकाशते, तर्हि किमर्थमर्हद्भि-स्तत्साधनत्वेनाऽनुशास्यतेऽनेकान्तः? अज्ञानिनां ज्ञानमात्रात्मवस्तुप्रसिद्धयर्थमिति ब्रूमः। न खल्वनेकान्तमन्तरेण ज्ञानमात्रमात्मवस्त्वेव प्रसिद्धयति। तथाहि-इह हि स्वभावत एव बहुभावनिर्भरे विश्वे सर्वभावानां स्वभावेनाद्वैतेऽपि द्वैतस्य निषेद्धुमशक्यत्वात् समस्तमेव वस्तु स्वपररूपप्रवृत्तिव्यावृत्तिभ्यामुभयभावाध्यासितमेव। तत्र यदायं ज्ञानमात्रो भावः शेषभावैः सह स्वरसभरप्रवृत्तज्ञातृज्ञेयसम्बन्धतयाऽनादिज्ञेयपरिणमनात् ज्ञानतत्त्वं पररूपेण प्रतिपद्याज्ञानी

---

છે; અનાદિનિધન અવિભાગ એક વૃત્તિરૂપે પરિણતપણા વડે નિત્યપણું છે, અને ક્રમે પ્રવર્તતા, એક સમયની મર્યાદાવાળા અનેક વૃત્તિ-અંશોરૂપે પરિણતપણા વડે અનિત્યપણું છે. (આ રીતે જ્ઞાનમાત્ર આત્મવસ્તુને પણ, તત્-અતત્પણું વગેરે બબ્બે વિરુદ્ધ શક્તિઓ સ્વયમેવ પ્રકાશતી હોવાથી; અનેકાંત સ્વયમેવ પ્રકાશે જ છે.)

(પ્રશ્ન -) જો આત્મવસ્તુને, જ્ઞાનમાત્રપણું હોવા છતાં, સ્વયમેવ અનેકાંત પ્રકાશે છે, તો પછી અર્હંત ભગવંતો તેના સાધન તરીકે અનેકાંતને (-સ્યાદ્વાદને) શા માટે ઉપદેશે છે? (ઉત્તર -) અજ્ઞાનીઓને જ્ઞાનમાત્ર આત્મવસ્તુની પ્રસિદ્ધિ કરવા માટે ઉપદેશે છે એમ અમે કહીએ છીએ. ખરેખર અનેકાંત (-સ્યાદ્વાદ) વિના જ્ઞાનમાત્ર આત્મવસ્તુ જ પ્રસિદ્ધ થઈ શકતી નથી. તે નીચે પ્રમાણે સમજાવવામાં આવે છે :-

સ્વભાવથી જ બહુ ભાવોથી ભરેલા આ વિશ્વમાં સર્વ ભાવોનું સ્વભાવથી અદ્વૈત હોવા છતાં, દ્વૈતનો નિષેધ કરવો અશક્ય હોવાથી સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવૃત્તિ અને પરરૂપથી વ્યાવૃત્તિ વડે બન્ને ભાવોથી અધ્યાસિત છે (અર્થાત્ સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવર્તતી હોવાથી અને પરરૂપથી ભિન્ન રહેતી હોવાથી દરેક વસ્તુમાં બન્ને ભાવો રહેલા છે). ત્યાં, જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ (-આત્મા), શેષ (બાકીના) ભાવો સાથે નિજ રસના ભારથી પ્રવર્તેલા જ્ઞાતા-જ્ઞેયના સંબંધને લીધે અને અનાદિ કાળથી જ્ઞેયોના પરિણમનને લીધે જ્ઞાનતત્ત્વને પર રૂપે માનીને (અર્થાત્ જ્ઞેયરૂપે અંગીકાર કરીને) અજ્ઞાની થયો થકો નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વ-રૂપથી (-જ્ઞાનરૂપથી) તત્પણું પ્રકાશીને (અર્થાત્ જ્ઞાન જ્ઞાનપણે જ છે એમ પ્રગટ કરીને), જ્ઞાતાપણે પરિણમનને લીધે જ્ઞાની કરતો થકો અનેકાંત જ (સ્યાદ્વાદ જ) તેને ઉદ્ધારે છે-નાશ થવા દેતો નથી. ૧. વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ 'ખરેખર આ બધું આત્મા છે' એમ અજ્ઞાનતત્ત્વને સ્વ-રૂપે (જ્ઞાનરૂપે) માનીને-અંગીકાર કરીને વિશ્વના ગ્રહણ વડે પોતાનો નાશ કરે છે (-સર્વ જગતને પોતારૂપ માનીને તેનું ગ્રહણ કરીને જગતથી ભિન્ન

भूत्वा नाशमुपैति, तदा स्वरूपेण तत्त्वं द्योतयित्वा ज्ञातृत्वेन परिणमनाज्ज्ञानी कुर्वन्ननेकान्त एव तमुद्गमयति १। यदा तु सर्वं वै खल्विदमात्मेति अज्ञानतत्त्वं स्वरूपेण प्रतिपद्य विश्वोपादानेनात्मानं नाशयति, तदा पररूपेणातत्त्वं द्योतयित्वा विश्वाद्भिन्नं ज्ञानं दर्शयन्ननेकान्त एव नाशयितुं न ददाति २। यदानेकज्ञेयाकारैः खण्डितसकलैकज्ञानाकारो नाशमुपैति, तदा द्रव्येणैकत्वं द्योतयन्ननेकान्त एव तमुज्जीवयति ३। यदा त्वेकज्ञानाकारोपादानायानेकज्ञेयाकारत्यागेनात्मानं नाशयति, तदा पर्यायैरनेकत्वं द्योतयन्ननेकान्त एव नाशयितुं न ददाति ४। यदा ज्ञायमानपरद्रव्यपरिणमनाद् ज्ञातृद्रव्यं परद्रव्यत्वेन प्रतिपद्य नाशमुपैति, तदा स्वद्रव्येण सत्त्वं द्योतयन्ननेकान्त एव तमुज्जीवयति ५। यदा तु सर्वद्रव्याणि अहमेवेति परद्रव्यं ज्ञातृद्रव्यत्वेन प्रतिपद्यात्मानं नाशयति, तदा परद्रव्येणासत्त्वं द्योतयन्ननेकान्त एव नाशयितुं

---

એવા પોતાને નષ્ટ કરે છે), ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરરૂપથી અતત્‌પણું પ્રકાશીને (અર્થાત્ જ્ઞાન પરપણે નથી એમ પ્રગટ કરીને) વિશ્વથી ભિન્ન જ્ઞાનને દેખાડતો થકો અનેકાંત જ તેને પોતાનો (-જ્ઞાનમાત્ર ભાવનો) નાશ કરવા દેતો નથી. ૨. જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ અનેક જ્ઞેયાકારો વડે (-જ્ઞેયોના આકારો વડે) પોતાનો સકળ (-આખો, અખંડ) એક જ્ઞાન-આકાર ખંડિત (-ખંડખંડરૂપ) થયો માનીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) દ્રવ્યથી એકપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે-નાશ પામવા દેતો નથી. ૩. વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ એક જ્ઞાન-આકારનું ગ્રહણ કરવા માટે અનેક જ્ઞેયાકારોના ત્યાગ વડે પોતાનો નાશ કરે છે (અર્થાત્ જ્ઞાનમાં જે અનેક જ્ઞેયોના આકાર આવે છે તેમનો ત્યાગ કરીને પોતાને નષ્ટ કરે છે), ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પર્યાયોથી અનેકપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી. ૪. જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ, જાણવામાં આવતાં એવાં પરદ્રવ્યોના પરિણમનને લીધે જ્ઞાતૃદ્રવ્યપણે માનીને-અંગીકાર કરીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વદ્રવ્યથી સત્પણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે-નાશ પામવા દેતો નથી. ૫. વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ 'સર્વ દ્રવ્યો હું જ છું (અર્થાત્ સર્વ દ્રવ્યો આત્મા જ છે)' એમ પરદ્રવ્યને જ્ઞાતૃદ્રવ્યપણે માનીને-અંગીકાર કરીને પોતાનો નાશ કરે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરદ્રવ્યથી અસત્‌પણું પ્રકાશતો થકો (અર્થાત્ પરદ્રવ્યરૂપે આત્મા નથી એમ પ્રગટ કરતો થકો) અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી. ૬. જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ પરક્ષેત્રગત (-પરક્ષેત્રે રહેલા) જ્ઞેય પદાર્થોના પરિણમનને લીધે પરક્ષેત્રથી જ્ઞાનને સત્ માનીને-અંગીકાર કરીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વક્ષેત્રથી અસ્તિત્વ પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે-નાશ પામવા દેતો નથી. ૭. વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ સ્વક્ષેત્રે હોવાને (-રહેવાને, પરિણમવાને) માટે, પરક્ષેત્રગત જ્ઞેયોના આકારોના ત્યાગ વડે (અર્થાત્ જ્ઞાનમાં જે પરક્ષેત્રે રહેલ જ્ઞેયોના આકાર આવે છે

न ददाति ६। यदा परक्षेत्रगतज्ञेयार्थपरिणमनात् परक्षेत्रेण ज्ञानं सत् प्रतिपद्य नाशमुपैति, तदा स्वक्षेत्रेणास्तित्वं द्योतयन्ननेकान्त एव तमुज्जीवयति ७। यदा तु स्वक्षेत्रे भावनाय परक्षेत्रगतज्ञेयाकारत्यागेन ज्ञानंतुच्छीकुर्वन्नात्मानं नाशयति, तदा स्वक्षेत्र एव ज्ञानस्य परक्षेत्रगतज्ञेयाकारपरिणमनस्वभावत्वात्परक्षेत्रेण नास्तित्वं द्योतयन्ननेकान्त एव नाशयितुं न ददाति ८। यदा पूर्वालम्बितार्थविनाशकाले ज्ञानस्यासत्त्वं प्रतिपद्य नाशमुपैत्ति, तदा स्वकालेन सत्त्वं द्योतयन्ननेकान्त एव तमुज्जीवयति ९। यदा त्वर्थालम्बनकाल एव ज्ञानस्य सत्त्वं प्रतिपद्यात्मानं नाशयति, तदा परकालेनासत्त्वं द्योतयन्ननेकान्त एव नाशयितुं न ददाति १०। यदा ज्ञायमानपरभावपरिणमनात् ज्ञायकभावं परभावत्वेन प्रतिपद्य नाशमुपैति, तदा स्वभावेन सत्त्वं द्योतयन्ननेकान्त एव तमुज्जीवयति ११। यदा तु सर्वे भावा अहमेवेति परभावं

---

તેમનો ત્યાગ કરીને) જ્ઞાનને તુચ્છ કરતો થકો પોતાનો નાશ કરે છે, ત્યારે સ્વક્ષેત્રે રહીને જ પરક્ષેત્રગત જ્ઞેયોના આકારોરૂપે પરિણમવાનો જ્ઞાનનો સ્વભાવ હોવાથી (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરક્ષેત્રથી નાસ્તિત્વ પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી. ૮. જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ પૂર્વાલંબિત પદાર્થોના વિનાશકાળે (-પૂર્વે જેમનું આલંબન કર્યું હતું એવા જ્ઞેય પદાર્થોના વિનાશ વખતે) જ્ઞાનનું અસત્‌પણું માનીને-અંગીકાર કરીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વકાળથી (-જ્ઞાનના કાળથી) સત્‌પણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે-નાશ પામવા દેતો નથી. ૯. વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ પદાર્થોના આલંબનકાળે જ (-માત્ર જ્ઞેય પદાર્થોને જાણવા વખતે જ) જ્ઞાનનું સત્‌પણું માનીને-અંગીકાર કરીને પોતાનો નાશ કરે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરકાળથી (-જ્ઞેયના કાળથી) અસત્‌પણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી. ૧૦. જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ, જાણવામાં આવતા એવા પરભાવોના પરિણમનને લીધે જ્ઞાયકસ્વભાવને પરભાવપણે માનીને-અંગીકાર કરીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વ-ભાવથી સત્‌પણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે-નાશ પામવા દેતો નથી. ૧૧. વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ 'સર્વ ભાવો હું જ છું' એમ પરભાવને જ્ઞાયકભાવપણે માનીને-અંગીકાર કરીને પોતાનો નાશ કરે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરભાવથી અસત્‌પણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી. ૧૨. જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ અનિત્ય જ્ઞાનવિશેષો વડે પોતાનું નિત્ય જ્ઞાનસામાન્ય ખંડિત થયું માનીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) જ્ઞાનસામાન્યરૂપથી નિત્યપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે-નાશ પામવા દેતો નથી. ૧૩. વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ નિત્ય જ્ઞાનસામાન્યનું ગ્રહણ કરવા માટે અનિત્ય જ્ઞાન-વિશેષોના ત્યાગ વડે પોતાનો નાશ કરે છે (અર્થાત્ જ્ઞાનના વિશેષોનો ત્યાગ કરીને પોતાને નષ્ટ કરે છે), ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) જ્ઞાનવિશેષરૂપથી અનિત્યપણું

ज्ञायकभावत्वेन प्रतिपद्यात्मानं नाशयति, तदा परभावेनासत्त्वं द्योतयन्ननेकान्त एव नाशयितुं न ददाति १२। यदाऽनित्यज्ञानविशेषैः खण्डितनित्यज्ञानसामान्यो नाशमुपैति, तदा ज्ञानसामान्यरूपेण नित्यत्वं द्योतयन्ननेकान्त एव तमुज्जीवयति १३। यदा तु नित्यज्ञानसामान्योपादानायानित्यज्ञानविशेषत्यागेनात्मानं नाशयति, तदा ज्ञानविशेषरूपेणानित्यत्वं द्योतयन्ननेकान्त एव नाशयितुं न ददाति १४।

---

પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી. ૧૪.

(અહીં તત્-અતત્‌ના ૨ ભંગ, એક-અનેકના ૨ ભંગ, સત્-અસત્‌ના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ૮ ભંગ, અને નિત્ય-અનિત્યના ૨ ભંગ-એમ બધા મળીને ૧૪ ભંગ થયા. આ ચૌદ ભંગોમાં એમ બતાવ્યું કે-એકાંતથી જ્ઞાનમાત્ર આત્માનો અભાવ થાય છે અને અનેકાંતથી આત્મા જીવતો રહે છે; અર્થાત્ એકાંતથી આત્મા જે સ્વરૂપે છે તે સ્વરૂપે સમજાતો નથી, સ્વરૂપમાં પરિણમતો નથી, અને અનેકાંતથી તે વાસ્તવિક સ્વરૂપે સમજાય છે, સ્વરૂપમાં પરિણમે છે.)

---

પ્રવચન નં. ૪૬૫ પરિશિષ્ટ બુધવાર, ભાદરવા સુદ ૮, તા. ૧૭-૦૯-૧૯૮૦

---

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

‘સમયસાર’ પરિશિષ્ટ ચાલે છે ને? ‘(હવે પ્રથમ...)’ ત્યાંથી છે. ‘(આચાર્યદેવ વસ્તુસ્વરૂપના વિચાર દ્વારા સ્યાદ્વાદને સિદ્ધ કરે છે :–’ સ્યાદ્વાદ એટલે અપેક્ષાએ કથન. આત્માને નિત્ય કહે તો એકાંત નિત્ય જ છે, એમ નહિ. નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. આહાહા..! સ્યાદ્વાદ=સ્યાત્–અપેક્ષાએ, વાદ–કથન. વીતરાગનો માર્ગ સ્યાદ્વાદ છે. આત્માને નિત્ય કહે તો એમ જ સમજી લે અને એમાં અનિત્ય નથી (એમ માને તો) તે અનેકાંત નથી, એકાંત છે. ઝીણી વાત છે, ભાઈ! બધું કર્યું પણ એણે તત્ત્વનો વિચાર અને તત્ત્વનો નિર્ણય જ કર્યો નથી. બાકી બધું ઘણું કર્યું, ધર્મને નામે કર્યું. અત્યારે તો ધર્મને નામે સાધારણ ક્રિયા થાય છે પણ ધર્મને નામે પણ પંચ મહાવ્રત આદિ ઘણા કર્યા. પરંતુ અંતર તત્ત્વ શું ચીજ છે તેને સમજવાની દરકાર કરી નહિ, એમ ને એમ જિંદગી ચાલી જાય છે.

અહીંયા કહે છે, ‘(હવે પ્રથમ આચાર્યદેવ વસ્તુસ્વરૂપના વિચાર દ્વારા સ્યાદ્વાદને સિદ્ધ

કરે છે)...' અપેક્ષાથી કથન કરે છે. કારણ કે અત્યાર સુધી આત્માને જ્ઞાન કહેવામાં આવ્યો છે. કહેવામાં આવ્યું છે કે, આત્મા જ્ઞાન છે. પણ એકાંત જ્ઞાન જ છે, એમ નહિ. એમાં બીજા અનંત ગુણો પણ છે અને તે નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. કોઈ કહે કે, આત્મા અનિત્ય? આહાહા..!

'રાજકોટ' માં છેલ્લું ચોમાસુ (સંવત) ૧૯૯૯ માં હતું. ત્યારે એ ચર્ચા ચાલતી હતી. ત્યારે અન્યમતિ વેદાંતીનો એક બાવો આવ્યો હતો. એને થયું, આવી નિશ્ચયની વાત જૈનમાં ક્યાંથી આવી? જૈન લોકો તો ક્રિયા કરો ને આ કરો હોય, આ વળી નિશ્ચયની વાત કોણ કરે છે? લાવ ને સાંભળવા જાઉં. બાવો આવ્યો, સાંભળ્યું. મેં કહ્યું, ભાઈ! આત્મા નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. શેઠ! ત્યાં ભડક્યો. હેં.. આત્મા અનિત્ય છે? પછી ભાગ્યો. આહાહા..!

આત્મા પરિણામે અનિત્ય છે. પરિણામ–પર્યાય, જે પર્યાય ક્ષણે ક્ષણે પલટે છે તેનાથી તે અનિત્ય છે અને કાયમ રહેનારી ચીજની અપેક્ષાએ નિત્ય છે. વેદાંતી હતો. આત્માની વાત સાંભળતા એને એમ થયું, જૈનમાં આત્માની વાત કેવી? એ તો ક્રિયા કરો, પડિકમણા કરો, સામાયિક કરો ને ભક્તિ કરો ને પૂજા કરો એમ કહે. જૈનમાં વળી આ કોણ છે? લાવ ને સાંભળવા જાઉં. સાંભળવા આવ્યો અને એમાં આ શબ્દ આવ્યા. સંવત ૧૯૯૯ ની વાત છે. ૩૮ વર્ષ થયા. કીધું, ભાઈ! પ્રભુ! આ આત્મા જે અંદર છે તે કાયમ પણ રહેનારો છે, નિત્ય પણ છે અને પર્યાયે અનિત્ય છે. આહાહા..! ક્યાં પડી છે કોને પણ?

અહીંયા એ કહે છે, 'સ્યાદ્વાદ સમસ્ત વસ્તુઓના...' સ્યાદ્વાદ એટલે? સ્યાત્ અપેક્ષાએ કથન કરવાવાળી વાણી. લખ્યું છે? 'માણેકચંદજી'! મળ્યું? સ્યાદ્વાદ એટલે સ્યાત્–અપેક્ષાએ કથન છે. શું? 'સમસ્ત વસ્તુઓના સ્વરૂપને સાધનારું,...' છે. જેટલા છ દ્રવ્ય છે... ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માએ સર્વજ્ઞમાં છ દ્રવ્ય જોયા છે. એ 'અર્હત્ સર્વજ્ઞનું એક અસ્ખલિત (–નિર્બાધ) શાસન છે.' આહાહા..! આવી વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય નથી. આહાહા..!

અપેક્ષાએ કથન. એક કોર એમ કહેવું કે, આત્મા એકરૂપ છે. વળી બીજી રીતે કહેવું કે, આત્મા અનેકરૂપ છે. વસ્તુરૂપે એકરૂપે છે અને પર્યાયથી અનેકરૂપ છે. પર્યાય જે અવસ્થા થાય છે, ભિન્ન ભિન્ન અવસ્થા–વિચાર થાય છે એ અપેક્ષાએ અનેક છે અને વસ્તુ તરીકે એક છે. એકાંત એક જ છે અને એકાંત અનેક જ છે, એ જૈનશાસન નહિ. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! તત્ત્વનો નિર્ણય, હજી પહેલા વિકલ્પથી નિર્ણય કરવાનો અવસર નથી તેને સમ્યગ્દર્શન થવાનો તો ટાઈમ ક્યાં છે? અને એ વિના જન્મ-મરણનો અંત આવતો નથી. આહાહા..! ચાર ગતિ ચોરાશીના અવતારમાં... આહાહા..!

'બ્રહ્મદત્ત' જેવો ચક્રવર્તી, જેને ઘરે છ ખંડ, છન્નુ હજાર સ્ત્રી, છન્નુ કરોડ પાયદળ! આહાહા..! જેને ઘરે હીરાના.. શું કહેવાય સૂવાના? પલંગ. હીરાના પલંગમાં સૂતેલા. એક

એક હીરાની કરોડની કિંમત, એવા હીરાના પલંગમાં સૂતો. એ મરતાં 'કુરુમતિ..' (બોલતો બોલતો મર્યો). છન્નુ હજાર સ્ત્રીમાં એક સ્ત્રી મુખ્ય હતી. જે સ્ત્રીની એક હજાર દેવ સેવા કરતા હતા. એવો ચક્રવર્તીમાં નિયમ છે. એ સ્ત્રી ઉપર એટલો પ્રેમ.. આહાહા..! પાપ તો બહુ કર્યા હતા તો મરતાં એ 'કુરુમતિ' એમ બોલ્યો અને મરીને સાતમી નરકે ગયો. અત્યારે સાતમી નરકમાં છે. અરે..રે...!

સાત નરક છે. એમાં પહેલી નરકમાં જઘન્યમાં જઘન્ય, થોડામાં થોડી અવસ્થા દસ હજાર વર્ષની છે. પહેલી નરકમાં. ઉત્કૃષ્ટ અવસ્થા એક સાગરોપમ. એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય છે અને એક પલ્યોપમમાં અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય છે. આહાહા..! પ્રભુ.. પ્રભુ.. પ્રભુ...! એ દુઃખને યાદ કરે. એક વાર નહિ પણ અનંત વાર (એ દુઃખ ભોગવ્યા). અને જ્યાં સુધી એ મિથ્યાત્વ નહિ ટાળે (ત્યાં સુધી દુઃખ જ છે).

સમ્યગ્દર્શન, આત્મા પૂર્ણાનંદનો નાથ નિત્ય પણ છે અને અનિત્ય પણ છે, ધ્રુવ પણ છે અને અધ્રુવ પણ છે એવો અનુભવ જ્યાં સુધી નહિ કરે ત્યાં સુધી ચોરાશીના અવતારમાં નરકમાં અને નિગોદમાં જશે. આહાહા..! અરે..રે..! અને એવી ચીજ જિનેશ્વરદેવની વાણી, ત્રિલોકનાથ પરમાત્મા 'સીમંધર' ભગવાન બિરાજે છે તેમની આ વાણી છે. 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા. દિગંબર સાધુ હતા. આઠ દિવસ રહ્યા હતા. આહાહા..! સમવસરણમાં આઠ દિવસ સાંભળ્યું અને કેટલીક વાત બીજા શ્રુતકેવળી પાસે (ચર્ચા કરી). મહાવિદેહ ક્ષેત્રમાં રહ્યા. આહાહા..! ત્યાંથી આવીને આ બનાવ્યું.

ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ કહે છે કે, સ્યાદ્વાદ માર્ગ છે. અપેક્ષાથી કથન છે. ક્યાંય કોઈ ઠેકાણે આત્માને એક કહ્યો હોય તો એક જ ન માનવું. સ્વરૂપે એક છે પણ ગુણ-પર્યાયે અનેક છે. એમાં અનંત ગુણ અને અનંતી પર્યાય છે. આહાહા..! અરે..! કોણ વિચાર કરે? દુનિયામાં ઢોરની જેમ જન્મ્યા અને ઢોરની જેમ જીવે. અરે..રે..! તત્ત્વ શું ચીજ છે? આગળ કહેશે કે, તત્ત્વને ન સમજે એ પશુ છે. શેઠ! આગળ કહેશે. ચૌદ શ્લોક આવશે. ચૌદે શ્લોકમાં પશુ (કહ્યો છે). આહાહા..! પશુનો અર્થ 'પશ્યતે ઇતિ પશુ. બધ્યતે ઇતિ પશુ.' જે ચાર ગતિના કારણો અને બંધન કરે (તે પશુ છે). આહાહા..! આત્મ તત્ત્વને એકાંત સમજે અને અનેકાંત-દ્રવ્ય અને પર્યાય બન્ને છે (એમ ન માને તે પશુ છે). કોઈપણ સમયે આત્મા દ્રવ્ય વિના નથી અને કોઈપણ સમયે આત્મા પર્યાય વિના નથી, એમ છ દ્રવ્ય જે છે એ છએ દ્રવ્યમાં કોઈ સમયે કોઈ દ્રવ્ય પોતાના ત્રિકાળી ધ્રુવ વિના નથી અને પોતાની વર્તમાન અવસ્થા-પર્યાય વિનાનું નથી. કોણે વિચાર કર્યા? કોને પડી છે? અરે પ્રભુ! ક્યાં જઈશ ભાઈ! આહાહા..!

એ કહે છે, 'સ્યાદ્વાદ સમસ્ત વસ્તુઓના...' સમસ્ત વસ્તુ. ભગવાને જાતિએ છ દ્રવ્ય કહ્યા. સંખ્યાએ અનંત છે. આત્મા અનંત, એથી અનંતગુણા પરમાણુ, અસંખ્ય કાળાણુ,

એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ એવા ભગવાન પરમાત્માએ છ દ્રવ્ય જોયા છે, અનંત તીર્થંકરોએ (એમ જોયું છે). જાતિએ છ, સંખ્યાએ અનંત છે. જીવ અનંત, પરમાણુ અનંત. ત્રણ કાળના સમય અનંત. આહાહા..!

અહીં કહે છે, 'સમસ્ત વસ્તુઓના સ્વરૂપને સાધનારું,...' છે એમ નક્કી કરનારું. 'અર્હત્ સર્વજ્ઞ...' અરિહંત પરમેશ્વર, જે સર્વજ્ઞ ભગવાન બિરાજે છે તેમનું 'એક અસ્ખલિત (–નિર્બાધ) શાસન છે.' બીજો કોઈ ધર્મ છે જ નહિ. સર્વજ્ઞ જૈનશાસન સિવાય ક્યાંય કોઈ ધર્મની ચીજ નથી. એક, 'સર્વજ્ઞનું એક અસ્ખલિત...' બાધા ન આવે, નિર્બાધ એવું શાસન છે. એવી ભગવાનની શિખામણ છે. આહાહા..! કથા સાંભળે તો રાજી રાજી થઈ જાય. એક રાજા હતો ને એક રાણી હતી. રાણી રિસાણી ને રાજા મનાવવા ગયો, એવી વાત હોય તો પ્રેમથી સાંભળે. એકલી રાગની વિકથા. આહાહા..! પાપકથા. આ ભગવાન આત્મા અંદર કોણ છે તેની વાત સાંભળવામાં રસ નહિ, પ્રેમ નહિ. અરે..રે...! મારી વાત ચાલે છે. હું કોણ છું? ક્યાં છું? કેવો છું? એ કહે છે.

'(સ્યાદ્વાદ) બધું અનેકાંતાત્મક છે...' એ શું કહ્યું? '(સ્યાદ્વાદ) બધું અનેકાંતાત્મક છે...' એટલે જે કોઈ ચીજ છે એમાં અનંત અનંત ધર્મ છે, ગુણ અનંત છે, પર્યાય પણ અનંત છે. કોઈપણ દ્રવ્ય જે અનંત છે, એ દરેક દ્રવ્યમાં અનંત ગુણ છે અને અનંત ગુણમાં અનંતી પર્યાય–અવસ્થા છે. આહાહા..! એ અનેકાંત કહ્યું. અનેક–અંત એટલે ધર્મ. અનેક અંત એટલે ધર્મ. ધર્મ એટલે ધારી રાખેલી ચીજ. ગુણ અને પર્યાય. કાયમ રહેનારી શક્તિ અને પલટતી અવસ્થા. એ દરેક પદાર્થમાં અનંત છે. સમજાય છે કાંઈ? અનંત.

આમાં અનંત પરમાણુ છે. એક પરમાણુમાં અનંત ગુણ છે અને અનંત ગુણની અનંતી પ્રગટ પર્યાય છે. આહાહા..! આવું જૈનશાસન અસ્ખલિત એક શાસન છે. આહાહા..! એ કહે છે, 'બધું અનેકાંતાત્મક છે...' અનેક અંત એટલે ધર્મ સ્વરૂપ. દરેક અનંત ધર્મસ્વરૂપ છે. દરેક ચીજ નિત્ય-અનિત્ય, એક-અનેક, સત્-અસત્ એવા ચૌદ બોલ લેશે. આહાહા..! 'બધું અનેકાંતાત્મક છે' એમ ઉપદેશે છે,...' કોણ? સર્વજ્ઞનું શાસન. સર્વજ્ઞનું શાસન. આહાહા..! 'કારણ કે સમસ્ત વસ્તુ અનેકાંત-સ્વભાવવાળી છે.' આહાહા..! 'સમસ્ત વસ્તુ અનેકાંત-સ્વભાવવાળી છે. (સર્વ વસ્તુઓ અનેકાંતસ્વરૂપ છે' એમ જે સ્યાદ્વાદ કહે છે તે અસત્યાર્થ કલ્પનાથી કહેતો નથી,...' ભગવાને જેવું કેવળજ્ઞાનમાં જોયું તેમ કહે છે.

'પરંતુ જેવો વસ્તુનો અનેકાંત સ્વભાવ છે...' અનેકાંત એટલે અનેક ધર્મ. અનેક ધર્મ એટલે અનેક સ્વભાવ. ગુણ અને પર્યાય. આહાહા..! દરેક વસ્તુમાં અનંત ગુણ છે અને દરેક વસ્તુમાં એક સમયમાં અનંતી પર્યાય છે. આહાહા..! સમય એક, સેકંડનો અસંખ્યમો ભાગ. એક 'ક' બોલીએ એમાં અસંખ્ય સમય જાય. એ માહ્યલો એક સમય. આહાહા..! અહીં કહે છે કે, એક સમયમાં દરેક વસ્તુમાં અનંત ગુણ છે અને અનંતી પર્યાય છે.

આહાહા..! દરેક વસ્તુમાં ધ્રુવ પણ છે અને પલટનારી પર્યાય પણ અનેક છે, અધ્રુવ પણ છે. આહાહા..! નિર્ણય કરવાની દરકાર ક્યાં કરી છે? આહાહા..! છે? 'અસત્યાર્થ કલ્પનાથી કહેતો નથી, પરંતુ જેવો વસ્તુનો અનેકાંત સ્વભાવ છે તેવો જ કહે છે).'

'અહીં આત્મા નામની વસ્તુને જ્ઞાનમાત્રપણે ઉપદેશવામાં આવતાં છતાં પણ...' અત્યાર સુધી તો આત્મા જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, આત્મા ચૈતન્યસ્વરૂપ છે એમ કહેતા આવ્યા છે પણ 'સ્યાદ્‌વાદનો કોપ નથી;...' અપેક્ષાના કથનમાં વિરોધ નથી. આહાહા..! ઝીણી વાત બહુ. આખા 'સમયસાર' માં અત્યાર સુધી આત્માને જ્ઞાનમાત્ર આત્મા કહેતા આવ્યા છે. તો જ્ઞાનમાત્ર કહેવા છતાં પણ... આહાહા..! સ્યાદ્‌વાદ એટલે અપેક્ષાએ જે અનંત ધર્મ છે, એમાં અનંત ગુણ છે અને અનંતી પર્યાય છે તેનો કોપ નથી, વિરોધ નથી. આહાહા..! આવો માર્ગ. કરવાનું હોય તો તો સૂઝ પડે, કરે. કરે ત્યાં મરે.

આત્મા જ્ઞાનસ્વરૂપ પોતા સિવાય કોઈપણ પરનો કર્તા થાય છે (તે રખડી મરે છે). 'કરે કરમ સો હી કરતારા, જો જાને સો જાનનહારા, જાને સો કર્તા નહિ હોય, કર્તા સો જાને નહીં કોઈ.' આહાહા..! દરેક સમયમાં આત્મા જ્ઞાનસ્વરૂપ છે. પોતા સિવાય પરદ્રવ્યની કોઈપણ દશાને કરે નહિ અને પોતામાં પણ રાગ છે, આવે છે તેનો પણ કર્તા નથી. આહાહા..! અરે..રે...! આવો આત્મા જ્ઞાનમાત્ર કહ્યો છતાં સ્યાદ્‌વાદનો કોપ નથી.

'કારણ કે જ્ઞાનમાત્ર આત્મવસ્તુને સ્વયમેવ અનેકાંતપણું છે.' જ્ઞાન ભલે કહ્યું પણ અનંત ગુણ છે અને દરેક સમયમાં દરેક પદાર્થની અનંતી પર્યાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે પણ વસ્તુ તો બાપુ! કદી કરી નહિ. અનંત કાળ થયો, અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અત્યારે તો સાધારણ છે, પણ અબજોપતિ અનંત વાર થયો પણ ધૂળધાણી મરીને નરકે ગયો. આહાહા..! આત્મા વસ્તુ શું છે તેનો નિર્ણય કરવાનો સમય-અવસર જ લીધો નહિ.

અહીં એ કહે છે, 'આત્મા નામની વસ્તુને જ્ઞાનમાત્રપણે ઉપદેશવામાં આવતાં છતાં પણ...' અપેક્ષાથી અનંત ગુણ છે તેનો વિરોધ નથી, કોપ નથી. કોપ છે ને? 'કોપ નથી;....' ભલે જ્ઞાનમાત્ર આત્માને કહ્યો એમાં વિરોધ નથી. કેમ? 'કારણ કે જ્ઞાનમાત્ર આત્મવસ્તુને સ્વયમેવ અનેકાંતપણું છે.' જ્ઞાન કહેતાં અનેક સ્વરૂપ વસ્તુ છે. આહાહા..! આવી ઝીણી વાતું. આત્મા જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય પ્રભુ છે એમ કહેતાં જ તે 'સ્વયમેવ અનેકાંતપણું છે.' ભલે જ્ઞાનમાત્ર કહ્યું તો પણ તે અનેક સ્વરૂપ છે.

'ત્યાં (અનેકાંતનું એવું સ્વરૂપ છે કે), જે (વસ્તુ) તત્ છે તે જ અતત્ છે,...' આહાહા..! શું કહે છે? જે વસ્તુ તત્ છે-પોતાથી તત્ છે, જ્ઞાનથી તત્ છે તે જ્ઞેયથી અતત્ છે. આહાહા..! ઇ શું કહ્યું? જ્ઞાન જે ચૈતન્યસ્વરૂપ છે, એ જ્ઞાન સ્વરૂપે તત્ નામ તે છે અને જ્ઞાનમાં જે આ શરીર, વાણી, મન, કર્મ, કુટુંબ જણાય છે તેનાથી તો અતત્ છે, તેનાથી તે નથી.

આહાહા..! અરે..રે...! અનંત કાળ ગયો પણ હું એક છું, મારા સિવાય અનંતી ચીજ અનેક છે એ અનેક હું નથી (એવો નિર્ણય કર્યો નહિ). આહાહા..! છે?

'જે (વસ્તુ) તત્ છે તે જ અતત્ છે...' આત્મા પોતાની વસ્તુથી તત્ છે અને જ્ઞેય શરીર, વાણી, મન, પૈસો, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, પરિવાર, મકાન, આબરૂ તે બધાથી આત્મા અતત્ છે. આહાહા..! દીકરા, દીકરી, બાયડી, કુટુંબ, આબરૂ બધાથી ભગવાન અતત્ છે. આત્મા સ્વરૂપે તત્ છે–તે છે તે પરસ્વરૂપે અતત્ છે. આહાહા..! છે? 'જે (વસ્તુ) તત્ છે તે જ અતત્ છે,...' આહાહા..! ખુલાસો કરશે.

'જે (વસ્તુ) એક છે તે જ અનેક છે,...' વસ્તુ તરીકે આત્મા એક છે છતાં તેમાં ગુણ અને પર્યાય તરીકે અનેક છે. આહાહા..! વસ્તુ તરીકે એક હોવા છતાં પણ ગુણ-પર્યાય તરીકે અનેક છે. પર્યાય તરીકે પણ કાયમ અનેક છે. આહાહા..! કોઈપણ સમયે અનેક ગુણ-પર્યાય વિના દ્રવ્ય છે એમ છે નહિ. આહાહા..! તો તેણે પર ઉપર શું નજર કરવી છે? અનેકપણું પણ તારામાં છે અને એકપણું પણ તારામાં છે. આહાહા..! વસ્તુ તરીકે એક છે અને એની શક્તિ અને પર્યાય તરીકે અનેક છે. પર તરીકે અનેક છે એમ નહિ. આહાહા..! અરે..રે...!

એ કહે છે, 'જે (વસ્તુ) એક છે તે જ અનેક છે,...' એક છે તે જ અનેક છે. ભગવાન આત્મા સ્વરૂપે ચૈતન્ય ભિન્ન છે. શરીરથી, વાણી, મનથી, રાગ-દ્વેષથી ભિન્ન છે. એકરૂપ છે તે જ અનેકરૂપ છે. અનેકરૂપનો અર્થ–એમાં ગુણ–શક્તિ અને પર્યાય અનંત છે. એકરૂપ છે તે જ અનેકરૂપ છે. 'મોટાણી'! પકડાય છે કે નહિ? આહાહા..! અરે..રે..! આ દેહથી ભિન્ન પ્રભુ એક છે તે જ અનેક છે. વસ્તુ તરીકે એક છે અને તેની શક્તિ–ગુણ અને પર્યાય તરીકે અનેક છે. પરદ્રવ્ય તરીકે અનેક છે એમ નહિ. આત્મા એક છે અને પરદ્રવ્ય તરીકે આત્મા અનેક છે, એમ નહિ. આહાહા..!

પરદ્રવ્યને તો આત્મા કદી અડ્યો પણ નથી. આહાહા..! ત્રીજી ગાથા, 'સમયસાર'. એક તત્ત્વ પોતાની વસ્તુ જ્ઞાનસ્વરૂપી છે તેમાં અનંત ગુણ અને તેની અનંતી પર્યાય છે. દરેક સમયે અનિત્ય અને નિત્ય નથી એમ નહિ. છે? એક-અનેક નથી એમ નહિ. દરેક સમયે વસ્તુ તરીકે એક પણ છે, પર્યાય અને ગુણ તરીકે અનેક પણ છે. પરની અપેક્ષા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો માખણ છે, ભાઈ! કદી દરકાર કરી નથી. આહાહા..!

'જે સત્ છે તે જ અસત્ છે,...' છે? પોતાથી સત્ છે, પરથી અસત્ છે. આહાહા..! આત્મા પોતાથી છે અને શરીર, વાણીથી નથી–અસત્ છે. આહાહા..! શું ખબર કોને પડી છે? આ જિંદગી કાઢી નાખી. બળદની જેમ, પશુની જેમ જિંદગી કાઢી. આહાહા..! આગળ કહેશે, પશુ કહેશે. એકાંત માનનારા પશુ છે, શેઠ! વસ્તુ જે છે તે અનેક ગુણ અને અનેક

પર્યાય (સ્વરૂપ છે). વસ્તુ તરીકે એક છે, ગુણ-પર્યાય તરીકે અનેક છે. એમ જે ન માને તે પશુ છે. આહાહા..! શ્લોક આવશે, ચૌદ શ્લોક આવશે, દરેકનો શ્લોક આવશે. આહાહા..! દુનિયાને રાજી રાખવી, સભાને રાજી કરી સભાને એકઠી કરવી. એ અનંત વાર કર્યું, પ્રભુ! એમાં કાંઈ નથી. આહાહા..!

આ ચીજ એક છે તે જ અનેક છે. શું કહ્યું? વસ્તુ તરીકે એક છે અને ગુણ અને પર્યાય તરીકે અનેક છે, કાયમ છે. ગુણ અને પર્યાય તરીકે અનેક કાયમ છે. દ્રવ્ય તરીકે કાયમ એક છે. આહાહા..! 'જે સત્ છે તે જ અસત્ છે,...' આહાહા..! પોતાથી છે તે સત્ અને પરથી નથી તે અસત્. આહાહા..! પહેલા આવ્યું હતું ને? તત્ તે જ અતત્. ત્યાં જ્ઞાન અને જ્ઞેય બન્ને લેવા. જ્ઞાનસ્વરૂપે તત્ છે, જ્ઞેયસ્વરૂપે અતત્ છે. જ્ઞેયસ્વરૂપે એમ લેવું. એ તત્-અતત્માં જ્ઞાન અને જ્ઞેય લેવા. અહીંયાં સત્-અસત્માં પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ (લેવા). એકલું જ્ઞાન નહિ.

પહેલા તો તત્ છે તે અતત્ નહિ એ આવી ગયું છે, તો આ શું આવ્યું? આ બીજી વાત છે. તત્-અતત્માં તો જ્ઞાનસ્વરૂપી ભગવાન છે. અનંત જ્ઞેય છે, શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ-પરિવાર, પૈસો આબરૂ એ જ્ઞેયરૂપ કદી થતો નથી. એ જ્ઞેયમાં કદી જાતો નથી. એ જ્ઞાનરૂપ તત્ છે તે જ્ઞેયથી અતત્ છે. જાણવાલાયક ચીજથી અતત્ છે, તે નહિ. એ જ્ઞાન અને જ્ઞેય સંબંધી તત્-અતત્.

અહીંયા સત્ છે તે જ અસત્ છે. ત્યાં પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ (લેવા). દ્રવ્ય એટલે વસ્તુ, ક્ષેત્ર એટલે પ્રદેશ, કાળ એટલે પોતાની અવસ્થા અને ભાવ એટલે ગુણ-શક્તિ. એ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સત્ છે. તત્માં તો એક જ્ઞાન લીધું હતું અને અતત્માં બધા જ્ઞેય છે તે જ્ઞેયરૂપ તત્ નથી. જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞેયસ્વરૂપે નથી, એટલું લીધું હતું. અહીંયા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી દરેક ચીજ છે, દરેક ચીજ દ્રવ્ય-વસ્તુ છે. ક્ષેત્ર પોતાનું છે, આત્માનું અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર. દ્રવ્ય વસ્તુ. કાળ પોતાની અવસ્થા, ભાવ તેનો ગુણ. એ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સત્ છે અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસત્ છે. આહાહા..! અરે..રે..! નિજઘરની વાત, અરે..! એના હિતની વાત કદી પ્રેમથી સાંભળી નહિ, પ્રેમથી લીધી નહિ. આહાહા..! વેઠ તરીકે કાઢી નાખી. આહાહા..!

પ્રભુ આત્મા સત્ છે. પોતાનું દ્રવ્ય એટલે વસ્તુ, ક્ષેત્ર એટલે પ્રદેશ, કાળ એટલે વર્તમાન પર્યાય, ભાવ એટલે ગુણ, જ્ઞાન-દર્શન. એ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સત્ છે અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસત્ છે. આહાહા..! આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સત્ છે. શરીર, વાણી, મન, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર બધી ચીજની અપેક્ષાએ આત્મા અસત્ છે. આહાહા..! કે દિ' આવું વાંચીને દરકાર કરી? આહાહા..! છે? છે કે નહિ?

સત્ છે તે જ અસત્ છે. પહેલા તત્ છે તે જ અતત્ છે તેમાં જ્ઞાન અને જ્ઞેય લેવું.

જ્ઞાનસ્વરૂપી તત્ છે તે સર્વ જ્ઞેયથી તત્ નથી એટલું. એ ગુણ સાથે લેવું. અહીંયા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. આહાહા..! અરે..રે..! વીતરાગનું જૈનશાસન માથે કહી ગયા ને? 'અર્હત્ સર્વજ્ઞનું એક અસ્ખલિત (–નિર્બાધ) શાસન છે.' કદી એણે પ્રેમથી સાંભળ્યું નથી અને સાંભળીને અંતરમાં રુચિ કરી નથી. આહાહા..! બધા બહારના થોથા, ધંધા-પાણી, બાયડી, છોકરા, કુટુંબમાં મરી ગયો, પોતાનું મરણ કરી નાખ્યું.

હું જ્ઞાન છું, હું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી મારામાં છું અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે તેનાથી હું અસત્ છું. તેનાથી હું નથી. તેનાથી તે છે, તેનાથી હું નથી. આહાહા..! ભાષા તો સાદી છે, પ્રભુ! ભાવ તો પ્રભુના ગંભીર છે. ત્રણલોકના નાથ 'સીમંધરસ્વામી' સમવસરણમાં મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે, અત્યારે બિરાજે છે. આહાહા..! આ ત્યાંથી આવેલી વાણી છે. આહાહા..! પ્રભુ બિરાજે છે. આમ નજર કરો તો. આહાહા..! મહાવિદેહક્ષેત્રમાં 'સીમંધરપ્રભુ' (બિરાજે છે). સીમ નામ મર્યાદાના ધરનારા, અનંતી કેવળજ્ઞાન આદિ મર્યાદા. આહાહા..! 'સીમંધર' ભગવાન, સીમ એટલે મર્યાદાના ધરનારા. પોતાના અનંત ગુણ–શક્તિની મર્યાદાને ધરનારા ભગવાન બિરાજે છે ત્યાંથી આ બધું આવ્યું છે. આહાહા..!

એ ભગવાન કહે છે કે, સત્ છે તે જ અસત્ છે. આહાહા..! પોતાથી છે, પરથી નથી. શરીરથી આત્મા નથી, કર્મથી આત્મા નથી, રાગથી આત્મા નથી, પુણ્ય, દયા, દાનના પરિણામથી આત્મા નથી. આહાહા..! અરે..રે..! આવી વાત. સત્-અસત્ છે. 'જે સત્ છે તે જ અસત્ છે,...' આ વીતરાગ કહે. એક છે તે પોતાથી છે, પરની અપેક્ષાએ નથી. આહાહા..! પોતાથી પણ છે અને પરથી પણ હોય તો બન્ને એક થઈ જાય. પોતાથી પણ આત્મા છે અને શરીર ને કુટુંબ ને બાયડી, છોકરાથી પણ આત્મા છે તો બધું એક થઈ જાય. એક તો છે નહિ. આહાહા..!

'જે નિત્ય છે...' એ તેરમો બોલ છે. તત્-અતત્ બે બોલ એ આવ્યા, એક-અનેક એ બે થઈને ચાર, સત્-અસત્ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના એ આઠ બોલ આવશે. પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી એ આઠ બોલ છે, તો આઠ ને ચાર બાર થયા, હવે બે રહ્યા. 'જે નિત્ય છે તે જ અનિત્ય છે...' આ ચૌદમો બોલ. આહાહા..! જે કોઈ વસ્તુ નિત્ય છે એ કાયમ અનિત્ય છે. પર્યાયથી અનિત્ય છે, પરિણમન બદલવાની અપેક્ષાએ અનિત્ય છે, વસ્તુ સ્વરૂપે ત્રિકાળી નિત્ય છે. આહાહા..! આ ચૌદ બોલ થયા. ચૌદ બોલની વ્યાખ્યા ચાલશે, પછી ચૌદ બોલના શ્લોક ચાલશે. આહાહા..!

'જે નિત્ય છે...' ભગવાન ત્રિકાળી વસ્તુ નિત્ય છે એ જ પરમાત્મા પોતે અનિત્ય પણ છે, પર્યાય તરીકે કાયમ ત્રિકાળ અનિત્ય છે. આહાહા..! છે? 'જે નિત્ય છે તે જ અનિત્ય છે...' છે? આહાહા..! ધ્રુવ તરીકે પ્રભુ નિત્ય છે, પરમાણુ આદિ છએ દ્રવ્ય, અહીં આત્માની વાત મુખ્ય લેવી છે. જે વસ્તુ આત્મા નિત્ય ત્રિકાળ છે તે જ વર્તમાન પર્યાયની

અપેક્ષાએ અનિત્ય પણ છે. નિત્ય અને અનિત્ય થઈને વસ્તુ છે. એક નિત્ય જ છે એમ માનનારા વેદાંત મિથ્યાદૃષ્ટિ છે. એ અનિત્ય માનતા નથી. અને બૌદ્ધમતિ અનિત્ય માને છે, પરિણમન માને છે પ્રત્યેક ક્ષણમાં તે નિત્ય માનતા નથી. એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! 'જે નિત્ય છે...' ભગવાન કાયમ રહેનારો છે 'તે જ અનિત્ય...' નામ વિચાર બદલાય છે, પર્યાયથી અનિત્ય છે. દ્રવ્યથી નિત્ય છે.

'એમ એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી...' આહાહા..! છે? 'એક વસ્તુમાં...' વસ્તુપણું, વસ્તુપણું. નિત્ય અને અનિત્ય વસ્તુપણું. આહાહા..! એક અને અનેક વસ્તુપણું. તત્ અને અતત્ એક વસ્તુપણું. સત્ અને અસત્ વસ્તુપણું. આહાહા..! અરે..રે..! કોઈ દિ' સાંભળ્યું ન હોય એને તો આકરું લાગે? આવો માર્ગ વીતરાગનો હશે? વીતરાગનો માર્ગ તો આ દયા પાળવી, વ્રત કરવા, ભક્તિ કરવી, મંદિર કરવા, પૂજા કરવી એ હોય. આહાહા..! એ તો પ્રભુ! બધું હોય છે પણ છે રાગ, એ કોઈ ધર્મ નથી. આહાહા..! છતાં ધર્મીને અશુભથી બચવા શુભ આવે છે પણ છે બંધનું કારણ. આહાહા..! અરે..રે..!

સવારે કહ્યું હતું, ઇન્દ્ર છે, સૌધર્મ ઇન્દ્ર છે, સૌધર્મ દેવલોક છે, વૈમાનિક. બત્રીસ લાખ વિમાન છે, એક એક વિમાનમાં અસંખ્ય દેવ છે, એ બધા વિમાનનો સ્વામી શક્રેન્દ્ર વર્તમાનમાં ઇન્દ્ર છે. ભગવાનના સિદ્ધાંત એમ કહે છે કે, એ એકાવતારી છે. શું કહ્યું? ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને મોક્ષ જશે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ છે, આત્માનું ભાન છે. તેની કરોડો અપ્સરાઓ છે એમાં એક અપ્સરા એવી છે કે તે કાયમ પરમાત્મા પાસે જતી હતી. ગર્ભ કલ્યાણક, જન્મ કલ્યાણક, દીક્ષા કલ્યાણક, કેવળ કલ્યાણક (ઉજવે છે) તેમાં એ સમકિત પામી ગઈ. એ રાણી એકાવતારી છે. એ પણ ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જશે, એક ભવમાં મોક્ષ જશે. એ પણ ભગવાનની વાણી સાંભળવા જાય છે. આહાહા..! આનો નિર્ણય થઈ ગયો છે. શેઠ! આહાહા..!

બીજી વાત એ કહી હતી, ભગવાન 'ઋષભદેવ' પરમાત્મા અષ્ટાપદ પર્વત ઉપરથી મોક્ષ પધાર્યા. 'ઋષભદેવ' ભગવાન પહેલા તીર્થંકર. તેના પુત્ર 'ભરત' સમકિતી, જ્ઞાની-ધર્માત્મા હતા, છ ખંડનું રાજ, છન્નું હજાર સ્ત્રી હતી. મોક્ષકલ્યાણક જ્યાં ભગવાનનો જોયો ત્યાં રોવા મંડ્યા. જ્ઞાની-ધર્માત્મા છે, પણ હજી વીતરાગ નથી, રાગ છે (તો રડે છે). ઇન્દ્ર આવ્યા, શક્રેન્દ્ર ઇન્દ્ર એ વખતના. અત્યારે તો શક્રેન્દ્ર બીજા છે. એ વખતે ઇન્દ્ર આવ્યા. ભગવાન મોક્ષ પધાર્યા. (ઇન્દ્ર કહે છે), અરે..! 'ભરત'! કેમ રડે છે? પ્રભુએ કહ્યું નથી, તને ખબર નથી કે તમારો તો આ છેલ્લો દેહ છે. આ દેહ છેલ્લો છે અને એ દેહે તમારી મુક્તિ છે. ઇન્દ્ર કહે છે. આહાહા..!

ઇન્દ્ર 'ભરત' ને કહે છે કે, હે 'ભરત'! તારે તો આ છેલ્લો દેહ છે, કેવળજ્ઞાન પામીને મોક્ષ જશો. મારે તો હજી એક મનુષ્યદેહ ધારણ કરવાનો છે. કેમ રડો છો? ('ભરત' કહે

છે,) ઇન્દ્ર! સાંભળ! રાગ છે, હજી વીતરાગ થયા નથી, હું જાણું છું કે આ રાગ પાપ છે, ભલે પુણ્ય છે પણ ધર્મી તો (કહે છે), 'પાપ પાપ કો સહુ કહે, પણ અનુભવી જન પુણ્યકો પાપ કહે.' આહાહા..!

મુમુક્ષુ :– 'ભરત' શા માટે રોતા હતા?

ઉત્તર :– રાગ આવ્યો માટે. વીતરાગ નહોતા ને, સમકિત હતું.

મુમુક્ષુ :– નિર્વાણ ભગવાનનું થઈ ગયું માટે?

ઉત્તર :– નિર્વાણ થઈ ગયો, શરીર પડ્યું રહ્યું. કેવળ પામીને મોક્ષમાં પધાર્યા. સમકિતી જ્ઞાની એ જ ભવે મોક્ષ જશે પણ રાગ આવ્યો. ભગવાનનો મોક્ષ થયો તો ઇન્દ્ર પણ આવ્યા, ઇન્દ્રએ કહ્યું, અરે..! 'ભરત' કેમ રડો છો? તમે તો આ ભવે મોક્ષ જવાના છો. તમારે તો આ છેલ્લો દેહ છે. અમારે હજી એક દેહ ધારણ કરવો પડશે. મનુષ્યપણું પામશું અને ત્યાંથી મોક્ષ જશું. ('ભરત' કહે છે), ઇન્દ્ર! સાંભળ, એ બધી ખબર છે. અમે આ ભવે મોક્ષ જવાના છીએ એ પણ ખબર છે પણ આ રાગ (આવ્યો છે), વીતરાગતા થઈ નથી, મારી દશા વીતરાગ થઈ નથી તો આ રાગ કામ કરે છે. હું જાણું છું કે રાગ બંધનું કારણ છે પણ મારી કમજોરીથી આવ્યા વિના રહેતો નથી. આહાહા..!

અહીંયા કહે છે, 'એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી,...' શું કહ્યું? દરેક તત્ત્વ જે એક છે તેમાં વસ્તુત્વપણું 'નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.' 'અમૃતચંદ્રાચાર્ય' મુનિ મહારાજ સ્વર્ગમાં ગયા. એકાવતારી છે, એક ભવે મોક્ષ જનારા મુનિરાજ કહે છે કે, 'એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓ...' વિરુદ્ધ થયું ને? તત્ છે તે અતત્ છે. પોતાથી છે એ તત્, પરથી નથી એ અતત્. તત્ છે તે જ અતત્ છે. વસ્તુ તરીકે એક છે, એ ગુણ-પર્યાય તરીકે અનેક છે. આહાહા..! એવી 'પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.' એ વીતરાગનો માર્ગ અનેકાંત છે. અનેક અંત, અનેક ધર્મ, અનેક શક્તિ, અનેક ગુણ અને પર્યાય. દ્રવ્ય અનેક, ગુણ અનેક, પર્યાય અનેક પણ એક એક દ્રવ્યમાં એક દ્રવ્ય, ગુણ અનંત અને પર્યાય અનંત છે. આહાહા..! ક્યાં પડી છે? નામા લખે તો ધ્યાન રાખીને લખે.

અમારી તો 'પાલેજ' માં દુકાન હતી ને? ગામમાં સાધુ આવે. અમારા પિતાજી સ્થાનકવાસી હતા એમાં અમારો જન્મ થયો. સાધુ આવે એટલે હું તો દુકાન છોડી દઉં. ભાગીદાર હતા એ કામ કરે. અમારી બે દુકાન હતી. એક 'કુંવરજીભાઈ' હતા એ તો ગામમાં સાધુ આવ્યા હોય તો આખો દિ' સામું જોવે નહિ. સામું જોવે નહિ. આહાર-પાણી વ્હોરાવવા આવે નહિ. હું બધે જાઉં. આખો દિ' ધંધા.. ધંધા.. ધંધા.. આઠ વાગ્યા પછી નામું લખીને જાય. સાધુ કહે કે, અરે..! આ રાતડિયા આવ્યા. અમે તો ઓળખતાય નથી કે આ કોણ છે. આહાહા..! એવી મમતા.. મમતા.. મમતા..

મેં તો (સંવત) ૧૯૬૪ ની સાલમાં કહી દીધેલું. દેહની અઢાર વર્ષની ઉંમર હતી, અત્યારે તો ૯૧ છે. ૯૦ + ૧. અઢાર વર્ષની ઉંમરે તો મેં કહી દીધેલું, હું દુકાન પણ ચલાવતો, પણ એની એટલી મમતા જોઈને એમ કહેલું, 'કુંવરજીભાઈ' મરીને ઢોર થશો, યાદ રાખજો, પશુ થઈશ. તારા દેવમાં જવાના લક્ષણ લાગતા નથી. ૧૯૬૪ ની સાલ, સંવત ૧૯૬૪. એમ મનુષ્યપણાના લક્ષણ લાગતા નથી કે અહીંથી મનુષ્ય થશો, નરકમાં તો આપણે જવાના નહિ કારણ કે આપણે ત્યાં માંસ ને દારૂ નથી. પશુમાં જઈશ, કીધું. આહાહા..! મારી સામે બોલે નહિ. એ વખતની મારી છાપ ભગતની હતી ને! ભગતની છાપ હતી. કારણ કે લગ્ન કરવાની ના પાડી. લગ્નનો પ્રસંગ આવ્યો તો લગ્નની ના પાડી કે મારે લગ્ન કરવા નથી. નાના ભાઈના લગ્ન કરી દો. ત્યારથી ભગત નામ પડ્યું. મારી સામે કોઈ બોલે નહિ. જરૂર વગરનું બોલે નહિ.

મેં એમ કહ્યું તો દાંત કાઢે (હસે) શું મમતા, આખો દિ' આ હોળી સળગે. ધંધો.. ધંધો.. ધંધો.. ધંધો.. ગામમાં સાધુ આવ્યા હોય તો બે ઘડી જવું કે આહાર વ્હોરવો (એ પણ નહિ). એ વખતે તો એમાં હતા ને! એ પણ નિવૃત્તિ નહિ. શું કરવું છે? ક્યાં જાવું છે? એ મરતાં વખતે સનેપાત થઈ ગયો. (સંવત) ૨૦૨૧ ની સાલ. દુકાનની બે લાખની પેદાશ અને દસ લાખ રૂપિયા. એ વખતે ૨૦૨૧ ની સાલની વાત છે, હોં! અત્યારે તો ઘણા પૈસા થઈ ગયા. અત્યારે તો ચાલીસ લાખ રૂપિયા છે, ચાર લાખની પેદાશ છે. એ દુકાનમાં હું હતો. મેં પાંચ વર્ષ દુકાન ચલાવી હતી. ૧૯૬૩ થી ૧૯૬૮. પાપ, એકલા પાપ. આહાહા..! અરે..! આ કરીને તમારે ક્યાં જાવું છે? શું છે આ? બે ઘડી, ચાર ઘડી ગામમાં સાધુ આવ્યા એના દર્શન પણ નહિ, એને આહાર-પાણી વ્હોરાવવાના નહિ, એને માટે વખત લેવો નહિ, આ શું છે પણ આ? આપણે તો પહેલેથી ચોખ્ખા માણસ. કોઈને કંઈ કહેવામાં કંઈ અડચણ નહિ. સ્પષ્ટ કહી દેતા સાંભળે, સામું બોલે નહિ. શું કરો છો? બાપુ! ભાઈ! ક્યાં જાવું છે અહીંથી?

અહીં એ કહે છે, 'પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.' સ્વપણે છે, પરપણે નથી. આહાહા..! તારી દુકાનનો ધંધો, દુકાન, સ્ત્રી, કુટુંબ-પરિવારથી તું નથી.

મુમુક્ષુ :- ક્યારથી?

ઉત્તર :- અનાદિથી. ક્યારથી? અનાદિથી. અરે..રે..! તું તારાથી એક છે, તું અનેક છે પણ ગુણ અને પર્યાયથી અનેક છે. પરિવારથી, દુકાનના ધંધાથી તું અનેક છે એમ નહિ. આહાહા..! બહુ ઝીણી વાત છે. એક અને અનેક, નિત્ય અને અનિત્ય બન્ને છે. નિત્ય આત્મા છે અને આ બધી ચીજ અનિત્ય છે, એમ નથી. તું પણ નિત્ય છો, કાયમ રહેવાવાળો છે અને પર્યાયમાં બદલનારો કાયમ પર્યાયરૂપ છો. પર્યાય વિનાનો એક સમય નથી. આહાહા..! પ્રભુ! એકવાર તું વિચાર તો કર. તું કોણ છો? એમ કહે છે. તારી જેવી

ચીજ છે એવો નિર્ણય નહિ કરે તો અંદર જઈ શકીશ નહિ, સમ્યગ્દર્શન થશે નહિ અને સમ્યગ્દર્શન વિના જન્મ-મરણનો અંત આવતો નથી. આહાહા..! અહીં તો ચોખ્ખી વાત છે.

અહીંયા એ કહ્યું, 'માટે પોતાની આત્મવસ્તુને પણ...' છે? 'પોતાની આત્મવસ્તુને પણ, જ્ઞાનમાત્રપણું હોવા છતાં,...' આહાહા..! 'તત્-અતત્પણું,...' સ્વરૂપે તત્, જ્ઞેયથી અતત્. 'એક-અનેકપણું,...' વસ્તુથી એક, ગુણ-પર્યાયથી અનેક. 'સત્-અસત્પણું,...' પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સત્, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસત્. 'નિત્ય-અનિત્યપણું,...' કાયમ રહે છે માટે નિત્ય, સમયે સમયે પલટવાથી અનિત્યપણું. 'પ્રકાશે જ છે;...' તારી આત્મવસ્તુમાં પણ આ ચૌદે બોલ પ્રકાશે છે, એમ કહે છે. આહાહા..! કદી વિચાર કર્યો નથી. એ ચૌદ બોલ જે કહ્યા એ ચૌદે બોલ તારામાં છે. આવ્યું?

'માટે પોતાની આત્મવસ્તુને પણ...' આહાહા..! પોતાના આત્માને પણ. છે? 'જ્ઞાનમાત્રપણું હોવા છતાં,...' ભલે જ્ઞાન કહ્યું. 'તત્-અતત્પણું, એક-અનેકપણું, સત્-અસત્પણું અને નિત્ય-અનિત્યપણું પ્રકાશે જ છે;...' કેમ? 'કારણ કે–તેને (જ્ઞાનમાત્ર આત્મવસ્તુને) અંતરંગમાં ચકચકાટ પ્રકાશતા જ્ઞાનસ્વરૂપ વડે તત્પણું છે,...' ભગવાન આત્મામાં જ્ઞાનપણે એક છે. કાયમ જાણનારો, જાણનારો, જાણનારો તત્ છે. આહાહા..! છે? 'અંતરંગમાં ચકચકાટ પ્રકાશતા જ્ઞાનસ્વરૂપ વડે તત્પણું છે,...' જ્ઞાનસ્વરૂપ દ્વારા તું તારાપણે છો. તું તારામાં છો.

'અને બહાર પ્રગટ થતાં અનંત જ્ઞેય,...' તારા સિવાય રાગ, દયા, દાન, શરીર, વાણી, કર્મ, પૈસા, લક્ષ્મી, બાયડી, છોકરા, કુટુંબ.. આહાહા..! એ અનંત. છે? 'અનંત, જ્ઞેયપણાને પામેલા,...' એ તો જાણવાલાયક પરચીજ છે. 'સ્વરૂપથી ભિન્ન...' પોતાના સ્વરૂપથી એ જ્ઞેય ભિન્ન છે. આહાહા..! પોતાના જ્ઞાનસ્વરૂપથી રાગ, શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, આબરૂ, કીર્તિ, પૈસા બધું ભિન્ન છે. એ તો જ્ઞેય છે, એ જ્ઞાન નથી. જ્ઞાન છે તે આત્મા છે અને જ્ઞેય જે જાણવાલાયક જ્ઞેય છે તે ભિન્ન છે, એ વસ્તુ તારામાં નથી. આહાહા..! આ પૈસાવાળા કહેવાય છે ને? લક્ષપતિ ને કરોડપતિ ને ધૂળપતિ. કારણ કે કરોડ ને લક્ષ (પતિ) પૈસા છે ને? ધૂળ છે, ધૂળ છે. ધૂળનો પતિ. નરપતિ. મનુષ્યનો પતિ રાજા. ધૂળેય નથી કોઈનો પતિ. આહાહા..!

તારી ચીજમાં પરચીજનો ત્રિકાળ અભાવ છે. તારી ચીજ તારા જ્ઞાનમાં છે. પહેલો બોલ. જ્ઞાન લેવું છે. જ્ઞાન જ્ઞાનસ્વરૂપે છે અને એ સિવાય.. આહાહા..! બહાર પ્રગટ થતાં અનંત જ્ઞેયને પ્રાપ્ત 'સ્વરૂપથી ભિન્ન એવા પર રૂપ વડે (–જ્ઞાનસ્વરૂપથી ભિન્ન એવા પરદ્રવ્યના રૂપ વડે–) અતત્પણું છે...' આહાહા..! સમજાય છે કાંઈ? જ્ઞાનસ્વરૂપ–જાણનસ્વરૂપથી તું તત્ તે છે અને જાણવાલાયક ચીજથી તું તે નથી. સ્ત્રી, કુટુંબ, પરિવાર, શરીર, લક્ષ્મી, આબરૂ, કીર્તિ, રાગ, દ્વેષ એ બધું જાણવાલાયક છે, એ તું નહિ. એ તારામાં નથી, તું નહિ, એમાં તું નથી. આહાહા..! એવા આત્માનું જ્ઞાન અને અનુભવ કરવો એ ધર્મ છે, એ વિના ધર્મ નથી. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

પ્રવચન નં. ૪૬૬ પરિશિષ્ટ ગુરુવાર, ભાદરવા સુદ ૯, તા. ૧૮-૦૯-૧૯૮૦

'સમયસાર' (પરિશિષ્ટ). અહીંયા આખા શાસ્ત્રનો સાર ચૌદ બોલમાં ભરી દીધો છે. ચૌદ બોલ ત્રણ વાર લીધા છે. એક તો ચૌદના નામ (લખ્યા છે). પછી ચૌદ (બોલનો) થોડો ગદ્યમાં વિસ્તાર (કર્યો છે) અને પછી ચૌદનો પદ્યમાં શ્લોક. આ ચૌદ બોલને ત્રણવાર લીધા છે. પહેલા આવ્યું છે, અનેકાંત એ તત્-અતત્, એક-અનેક એવા ચૌદ નામ પહેલા આવી ગયા છે. હવે એ ચૌદનો થોડો વિસ્તાર કરે છે. પછી ચૌદ (બોલના) શ્લોક આવશે. આહાહા..! આવી ચીજ છે.

મુમુક્ષુ :– આ મુદ્દાની વાત છે.

ઉત્તર :– મુદ્દાની વાત છે એટલે જરી ઝીણી પડે. શેઠને બતાવો. થોડું ફરીને લઈએ. ઉપરથી.

'એમ એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.' વીતરાગ માર્ગ અનેકાંત છે. અનેક અંત–અનેક અપેક્ષા, અનેક ધર્મ, અનેક શક્તિ, અનેક વિસ્તાર. આહાહા..! અહીંયા કહે છે, આ 'અમૃતચંદ્રાચાર્ય' ના મહા શબ્દ છે. 'એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિ...' આહાહા..! જે નિત્ય છે તે જ અનિત્ય છે, એક છે તે જ અનેક છે. આહાહા..! આવું દરેક તત્ત્વમાં છે, એમાં અહીંયા આત્મતત્ત્વની વાત છે. એ 'પ્રકાશવું તે અનેકાંત છે.' અનેક અંત એટલે ધર્મ.

'માટે પોતાની આત્મવસ્તુને પણ,...' પોતાની આત્વસ્તુને પણ. જ્યારે દરેક વસ્તુમાં આમ છે તો પોતાના આત્મામાં પણ 'જ્ઞાનમાત્રપણું હોવા છતાં,...' આહાહા..! જ્ઞાનમાત્ર આત્મા જાણન સ્વભાવ, જ્ઞાયકભાવ હોવા છતાં 'તત્-અતત્પણું, એક-અનેકપણું, સત્-અસત્પણું અને નિત્ય-અનિત્યપણું પ્રકાશે જ છે;...' છતાં ચૌદ બોલ દરેકમાં પ્રકાશે છે. પહેલા નામ આવી ગયા હતા, ફરીને લીધા. હવે ફરીને એનો વિસ્તાર કરે છે. આહાહા..! નીકળ્યું? 'છોટાભાઈ'! 'ચીમનભાઈ' ને નીકળ્યું?

'કારણ કે–તેને (જ્ઞાનમાત્ર આત્મવસ્તુને)...' જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા ચૈતન્યચંદ્ર, અંદર સૂર્ય શાશ્વત (છે). તીર્થંકર હો, કે ચાહે તો તીર્થંકરની વાણી હો કે ચાહે તો શાસ્ત્ર હો, ચાહે તો સાક્ષાત્ ભગવાન હો, એ અનંત જ્ઞેય છે. જ્ઞાનમાં જાણવાલાયક જ્ઞેય છે. છે? 'બહાર પ્રગટ થતાં, અનંત જ્ઞેયપણાને પામેલા,...' અનંત જ્ઞેય છે. એક રાગનો વિકલ્પ, ભક્તિનો રાગ આવ્યો એ રાગથી માંડી આખી દુનિયા, લોકાલોક એ આત્માના જ્ઞાનનું જ્ઞેય છે. જાણવાલાયક છે, એ જ્ઞેયરૂપ આત્મા નથી. સમજાય છે કાંઈ? આહાહા..! પોતાની ચીજ શું છે એ સમજણમાં પણ કદી લીધી નહિ તો એમાં ઠરે તો ક્યાંથી? ચારિત્ર તો ક્યાં

આવે? ચારિત્ર તો અલૌકિક ચીજ છે. આ સમજ્યા વિના ચારિત્ર-ફારિત્ર છે નહિ. આહાહા..!

કહે છે કે, 'અનંત જ્ઞેયપણાને પામેલા,...' સામે અનંત જ્ઞેય છે. એક કોર પ્રભુ જ્ઞાન છે તો સામે અનંત જ્ઞેય છે. જ્ઞાનમાં જાણવાલાયક અનંત જ્ઞેય છે. તે 'સ્વરૂપથી ભિન્ન...' આહાહા..! એ જ્ઞેયપણાને પામેલાથી ભિન્ન ભગવાન (છે). 'એવા પર રૂપ વડે (–જ્ઞાનસ્વરૂપથી ભિન્ન એવા પરદ્રવ્યના રૂપ વડે–) અતત્‌પણું છે...' આહાહા..! પર વડે અતત્‌પણું છે. શરીરથી આત્મા નથી, કર્મથી આત્મા નથી, રાગથી આત્મા નથી, સ્ત્રી, કુટુંબ-પરિવાર, લક્ષ્મી-પૈસો, ધૂળધાણીથી આત્મા નથી. આહાહા..!

આ પહેલા બોલમાં જ્ઞાન અને જ્ઞેયની વાત લીધી છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પછી લેશે. અહીંયા તો પહેલા આ લીધું છે, પ્રભુ! તું જ્ઞાન છો ને! જાણન સ્વભાવ તારો છે ને! અને તે જાણન સ્વભાવથી તારું તત્‌પણું-તે પણું, તારાપણું છે. એ જાણનસ્વભાવથી તત્‌પણું–તારાપણું છે અને એ જ્ઞાનથી અન્ય અનંત જ્ઞેય. છે? અનંત જ્ઞેય. આહાહા..! એ (ભિન્નપણાને) પ્રાપ્ત. જ્ઞેય છે પણ એ જ્ઞેય સ્વરૂપથી ભિન્ન છે. આહાહા..! સર્વજ્ઞ પરમાત્માથી પણ તું ભિન્ન છો. આહાહા..! તેમની વાણીથી પણ તું ભિન્ન છો. શરીરથી ભિન્ન, વાણીથી ભિન્ન, કર્મથી ભિન્ન, રાગથી ભિન્ન એવા અનંત જ્ઞેય છે, અનંત જ્ઞેય, અનંત સિદ્ધથી પણ તું ભિન્ન છો. આહાહા..! આ તો કાલે આવી ગયું છે.

'સ્વરૂપથી ભિન્ન એવા પર રૂપ વડે (–જ્ઞાનસ્વરૂપથી ભિન્ન એવા પરદ્રવ્યના રૂપ વડે) અતત્‌પણું છે (અર્થાત્ તે રૂપે જ્ઞાન નથી);...' ભગવાન જ્ઞાન (સ્વરૂપ છે). જે જ્ઞેય જણાય છે, પોતા સિવાય સર્વ ચીજ સર્વજ્ઞ પણ પરદ્રવ્યમાં જાય છે. આહાહા..! એ પરજ્ઞેયમાં જાય છે. જ્ઞાનમાં તો એકલો આત્મા જ્ઞાનસ્વરૂપનો પિંડ પ્રભુ, એ જ્ઞાનમાં જે જણાય છે તે અનંત જ્ઞેય છે. જાણવા લાયક ચીજ અનંત છે પણ એ અનંત ચીજથી તારી ચીજ ભિન્ન છે. આહાહા..! અરે..રે...! દરકાર ક્યાં કરી છે. અનંત કાળ ચાલ્યો ગયો. આહાહા..! 'અતત્‌પણું છે...' ત્યાં સુધી તો આવ્યું છે. કાલે આવ્યું હતું. હવે બીજો (બોલ).

'(અર્થાત્ તે-રૂપે જ્ઞાન નથી);...' અતત્ એટલે જ્ઞાન જ્ઞેયરૂપે નથી. જ્ઞેય નામ પંચ પરમેષ્ઠી, દેવ-ગુરુ-શાસ્ત્ર, શરીર, વાણી, કર્મ, કુટુંબ એ અનંત જ્ઞેય છે. એ અનંત જ્ઞેય રૂપે તું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ તો કાલે આવ્યું હતું. હવે આજે બીજી વાત. હવે એક-અનેક. એ તત્-અતત્ (હતું). પોતાપણે છે અને જ્ઞાનમાં જાણવાલાયક અનંત જ્ઞેયો છે, સ્ત્રી, કુટુંબ-પરિવાર, શરીર, કર્મ, દેવ-ગુરુ-શાસ્ત્ર, સર્વ અનંત જ્ઞેય છે તે પર છે. તેનાથી તું અતત્ છે, તેનાથી તું નથી. આહાહા..!

અત્યારે જ્ઞાન અને જ્ઞેય બેની વાત છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, પોતાના દ્રવ્યથી છે અને પરદ્રવ્યથી નથી એ અત્યારે નહિ. અહીંયા તો જ્ઞાનમાત્ર. જ્ઞાન અને જ્ઞેય. છે તો જ્ઞાન દ્રવ્ય આખું. આહાહા..! જાણન સ્વભાવમાત્ર ભગવાન એ જ્ઞાનમાત્ર તું છો એ તત્ છે, તે

છે, તે-પણું છે, તારાપણું છે. અને એ જ્ઞાનમાં જે અનંત જ્ઞેય-રાગથી માંડીને અનંત જ્ઞેય, સર્વજ્ઞ પરમાત્મા પણ અનંત જ્ઞેયમાં જાય છે. એ અનંત જ્ઞેયપણે તું નથી. એ અતત્‌પણું છે. સમજાય છે કાંઈ? બે બોલ થયા. હવે બીજા બે બોલ. આહાહા..! ચાર વાર વાત લીધી છે. પહેલા નામ આવી ગયા, પછી નામ, એનો વિસ્તાર અને પછી ચૌદ શ્લોક. સારમાં સાર માખણ છે.

'સહભૂત (-સાથે) પ્રવર્તતા અને ક્રમે પ્રવર્તતા અનંત ચૈતન્ય-અંશોના સમુદાયરૂપ અવિભાગ દ્રવ્ય વડે એકપણું છે,...' છે શેઠ! આવ્યું? શું (કહ્યું)? 'સહભૂત (-સાથે) પ્રવર્તતા...' રહેવાવાળા ગુણ. અનંતા ગુણો સાથે રહે છે અને ક્રમશઃ અનંત ગુણની પર્યાય થાય છે. અનંત ગુણની અનંતી પર્યાય થાય છે. આહાહા..! સહભૂત પ્રવર્તમાન એ ગુણ છે. ક્રમશઃ પ્રવર્તમાન એ પર્યાય (થઈ). એ બન્નેના 'અનંત ચૈતન્ય અંશો...' એ અનંત ચૈતન્ય અંશ. આત્મામાં અનંત ગુણ છે એ પણ અનંત અંશ થયા. આત્મદ્રવ્યમાં તે અંશ થયા અને પર્યાય પણ, પરિણમન પણ ત્રિકાળની પર્યાય કોઈ સમયે, કોઈ દ્રવ્ય પર્યાય વિનાનું નથી. આહાહા..!

એ 'ચૈતન્ય-અંશોના સમુદાયરૂપ...' આવા ગુણ અને પર્યાયનો સમુદાય. આહાહા..! 'અવિભાગ દ્રવ્ય વડે...' એ ગુણ અને પર્યાયનો સમુદાય નામ ભાગ નહિ, એ એકરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અનંત ગુણ અને અનંતી પર્યાય દરેક દ્રવ્યમાં છે તે અપેક્ષાએ અહીંયા કહ્યું કે, અનંત ગુણનો સમુદાય અને અનંત પર્યાયનો સમુદાય એકરૂપ છે. એ અપેક્ષાએ ભગવાન આત્મા એકરૂપ છે. આહાહા..! સમુદાય લીધું ને? 'અંશોના સમુદાયરૂપ અવિભાગ...' જેના ભાગ નથી એવા 'દ્રવ્ય વડે એકપણું છે,...' આહાહા..! એવા દ્રવ્ય-વસ્તુ વડે એકપણું છે. ધીમેથી તો લેવાય છે, ભાઈ! ભાઈનું 'હીરાભાઈ' નું કહેવું એમ હતું કે, આ પરિશિષ્ટ વાંચ્યું નથી. વાંચ્યું છે એ અત્યારે છપાતું નથી. આ નવું વંચાય એ છાપવાનું છે. 'મુંબઈ' થી પુસ્તક છપાય છે ને? આ વંચાય તો પુસ્તક છપાશે. ટેપમાં ઊતરે છે તેમાંથી ઉતારશે. 'હીરાભાઈ' એ એ કહ્યું હતું. આહાહા..! પરિશિષ્ટ આ તો ૧૯ મી વાર નવી વાર ચાલે છે.

કહે છે કે, તું-તારો સ્વભાવ જે અનંત ગુણ-અંશ છે અને અનંતી પર્યાય છે તે પણ અંશ છે, તેના સમુદાયરૂપ એકરૂપ છો. સમજાય છે શેઠ! અનંત ગુણ અને અનંતી પર્યાય, તેનો સમુદાય, તેનું એકરૂપ છે તે અપેક્ષાએ આત્મા એક છે. આહાહા..!

અરે..રે..! સત્ય વસ્તુ કાને પડે નહિ, વિચારમાં આવે નહિ, પ્રભુ! તારે ક્યાં જાવું છે? અરે..રે...! ચોરાશીના અવતાર પ્રભુ! તેં અનંત વાર કર્યા. ક્યાં (કર્યા)? ઓહોહો..! નરક ને નિગોદ, કીડા ને કાગડા, કાગડાના અનંત ભવ કર્યા. અને મિલ હોય છે ને? શેઠ! આ મિલ હોય છે ને? કારખાના. તેની માટે હોજમાં પાણી ભરે. એ હોજમાં મીંદડી અને કૂતરા

પડીને મરી જાય છે. આહાહા..! ભલે એ પાંચ-દસ લાખ બાર મહિને કમાય પણ એ પાણીનો હોજ એવો ઊનો હોય છે કે કુતરો નીકળે અને અંદર પીવા જાય તો પડી જાય, મરી જાય. આહાહા..! મોટા મિલ માલિક. 'ઉજમશી' વગેરે 'મુંબઈ' માં, અહીં 'અમદાવાદ', 'ભાવનગર' માં મિલ છે. બધા અહીં આવતા હતા. 'ભાવનગર' જઈએ તો આવે તો ખરા. આહાહા..! 'શ્રીમદ્ રાજચંદ્ર' ના અનુયાયી.

અહીંયા કહે છે, પ્રભુ! સાથે રહેવાવાળા અનંત ગુણ છે. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા એક સાથે આત્મામાં રહેનારા ગુણ છે અને તેની અનંતી પર્યાય છે. અનંતા ગુણની અનંતી અવસ્થા, વર્તમાન અંશ પ્રગટ છે તે બધાનો સમુદાય એક છે. સમુદાય તરીકે એક છે. આહાહા..! છે?

'અને અવિભાગ એક દ્રવ્યથી...' એ દ્રવ્યમાં ભાગ તો પડતા નથી. અવિભાગ–વિભાગ નહિ. એવા દ્રવ્યમાં, આહાહા..! વ્યાપ્ત, 'સહભૂત પ્રવર્તતા અને ક્રમે પ્રવર્તતા અનંત ચૈતન્ય-અંશોરૂપ (–ચૈતન્યના અનંત અંશોરૂપ) પર્યાયો વડે અનેકપણું છે;...' આહાહા..! એ શું કહ્યું? કે, અનંત ગુણ અને અનંતી પરિણતિ, અનંતી પર્યાય એક સમયમાં દરેક દ્રવ્યમાં થાય છે. કોઈપણ પદાર્થ અનંતી પર્યાય અને અનંત ગુણ વિનાના નથી. કહે છે કે, એ અનંત ગુણ અને અનંતી પર્યાયોનો સમુદાય એકરૂપ છે. એ અપેક્ષાએ તું એકરૂપ છો. પરંતુ ગુણ અને પર્યાયના અંશની અપેક્ષાએ જોઈએ તો તું અનેકરૂપ છો. એક છે તે જ અનેક છે. આહાહા..! છે? આહાહા..! 'અનેકપણું છે;...'

'(–ચૈતન્યના અનંત અંશોરૂપ) પર્યાયો વડે...' આહાહા..! દરેક દ્રવ્યમાં કોઈ સમયે પર્યાય ન હોય એમ ત્રણ કાળમાં બને નહિ. એવી અનંતી પર્યાયનો સમુદાય–પિંડ અને અનંત ગુણનો પિંડ, એ અપેક્ષાએ સમુદાય તરીકે એક છે. પણ ગુણ અને પર્યાયના અંશભેદ તરીકે અનેક છે. એક છે તે જ અનેક છે. આહાહા..! આવ્યું? ચાર બોલ થયા. તત્-અતત્, એક-અનેક. ચારે એક સમયમાં આત્મામાં છે. એવા ચૌદ બોલ એક સમયમાં છે. આહાહા..! એવી દૃષ્ટિ કરે તો સમ્યગ્દર્શન થાય. આહાહા..!

આવું તત્ત્વ જે છે, એક-અનેક, તત્-અતત્ ચાર બોલ તો થયા. દસ બોલ બાકી છે. હવે એકસાથે આઠ બોલ લેશે. શું છે? જુઓ! આહાહા..! શાંતિથી, ધીરેથી પકડવું, પ્રભુ! આ તો અલૌકિક ધર્મનો ભાવ છે. ભવના અભાવ કરવાની ચીજ છે, પ્રભુ! બાકી તો ભવ કરી કરીને મરી ગયો. નારકીના ભવ... આહાહા..! એક ક્ષણના દુઃખ, સાત નરકમાં પ્રભુ! અનંત વાર ગયો. ભૂલી ગયો. ભૂલી ગયો એટલે નહોતું? એનું દૃષ્ટાંત તો અમે આપીએ છીએ. તમારો જન્મ થયો તો બાર મહિના શું થયું ખબર છે? બતાવો! 'માણેકચંદજી'! શું કહ્યું? જન્મ થયો, જન્મ, પછી બાર મહિના માતાએ કઈ રીતે નવડાવ્યો, ધવરાવ્યો એની ખબર છે? ખબર નથી એટલે નહોતું? જે ચીજની ખબર નથી એ ચીજ નહોતી? એમ કોણ

કહે? કે તું જ નથી. અહીં તો પ્રભુ! મારગડા કોઈ જુદા છે, આખી દુનિયાથી જુદા છે. આહાહા..!

તું કહીશ કે, અમને તો ભૂતકાળની ખબર પડતી નથી. ખબર પડતી નથી માટે નથી એમ કેમ કહેવાય? તારા જન્મ પછી બાર મહિના તારી માતાએ તને કઈ રીતે જમાડ્યો (એની ખબર છે)? શેઠ! જંગલ જઈએ ને? આઠ મહિનાનું, દસ મહિનાનું નાનું બાળક હોય એ જંગલ જાય. એ જંગલ કેવી રીતે જાય એ જોયું છે? માતા બે પગ લાંબા કરી અને બે પગની વચ્ચે ઉપર બેસાડે. જોયું છે? અમે તો એકે એક વાત પરીક્ષા કરીને જોઈ છે. નાનું બાળક.

મુમુક્ષુ :– બાળકનું શું કીધું?

ઉત્તર :– બાળકનું આ કહ્યું, બાળક છે એ જંગલ જાય એ કઈ રીતે જાય, જોયું છે? એની માતા બે પગ લાંબા કરે અને પગ ઉપર બેસાડે. આહાહા..! એ વાતની તને ખબર છે? નથી એટલે નહોતું? ખબર નથી માટે નહોતું એમ કોણ કહે? એમ અનંત ભવમાં અનંત દુઃખ ભોગવ્યા એની ખબર નથી માટે નહોતા એમ કોણ કહે? આહાહા..! 'નથુલાલજી'! શેઠ! આવી વાત છે, ભગવાન! પહેલા આવેલા, નહિ? આહાહા..!

ગયા કાળની વાત યાદ નથી માટે નહોતું, પ્રભુ! એમ ન કહેવાય. એમ કહેવામાં તારી નાસ્તિ થશે. આહાહા..! અનંત કાળ ગયો તેને તું ભૂલી ગયો, તને તો ખબર નથી. બાળકનો જન્મ થાય ને? તો પહેલા આંખ નથી ખોલતું. જોયું છે કદી? એની માને પણ ખબર નહિ હોય. બાળક જન્મે તો પહેલા આંખ ન ઉઘાડે, પહેલા ઉં..આ.. ઉં..આ.. એમ કરે પછી માતા તપાસે કે આ છોકરી છે કે છોકરો છે? પછી ખબર પડે. આહાહા..!

અહીં તો બીજી વાત કરવી છે કે, એ બધી વાત આત્મા ઉપર વીતી ગઈ છે. અત્યારે ખબર નથી, પણ ખબર નથી એટલે નહોતું? આહાહા..! માતાને તો બધી ખબર છે કે આ બાળકને મેં કેવી રીતે ધવરાવ્યો, કેવી રીતે જંગલ કરાવ્યું, કઈ રીતે સુવડાવ્યો એ બધી તો માતાને ખબર છે. એમ ભગવાનને ત્રણ કાળ ત્રણ લોકની ખબર છે. આહાહા..! એ છોકરાને ખબર નથી માટે નહોતું એમ કેમ કહેવાય? પ્રભુ! એમ અનંત કાળ ભગવાને જોયો. માતાને જેમ બાળકની ખબર છે કે મેં બાળકને આમ કર્યું હતું, એમ ભગવાન ત્રણ કાળ, ત્રણ લોક જુએ છે. દુનિયા ન માને તો નહોતું એમ થઈ જાય? આહાહા..! આવી વાત છે, ભગવાન! આહાહા..!

અહીં કહે છે, પાંચમો બોલ. પોતાનું દ્રવ્ય. દ્રવ્ય એટલે વસ્તુ. છે? 'પોતાના દ્રવ્ય-ક્ષેત્ર...' પોતાના દ્રવ્ય, ક્ષેત્ર. ચાર બોલ આવ્યા પછી. અનેક આવ્યું એના પછી. 'પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે હોવાની શક્તિરૂપ જે સ્વભાવ...' છે. એ અનેકપણા પછી આવ્યું. આહાહા..! શું કહે છે? કે, આત્મા... ચાર બોલ તો થઈ ગયા. તત્-અતત્, એક-અનેક. હવે આઠ

બોલ બીજા લે છે. પોતાનું દ્રવ્ય એટલે વસ્તુ. ક્ષેત્ર એટલે અસંખ્ય પ્રદેશી, કાળ એટલે ત્રિકાળ રહેનારું અને ભાવ એટલે શક્તિ. એમ 'હોવાની શક્તિરૂપ જે સ્વભાવ...' 'પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે હોવાની શક્તિરૂપ જે સ્વભાવ તે સ્વભાવવાનપણાવડે (અર્થાત્ એવા સ્વભાવવાળી હોવાથી) સત્‌પણું છે,...' સત્ છે. આહાહા..! શું કહ્યું પ્રભુ!

પોતાનું દ્રવ્ય જે વસ્તુ છે, પોતાનું જે અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે, પોતાનો કાળ છે તે ત્રણે કાળ રહેનાર અથવા એક સમયની અવસ્થા અને અનંત ભાવ–ગુણ છે. પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આત્મા છે. પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પોતાનું સત્ત્વ છે, સત્ છે, સત્ત્વ છે. આહાહા..! 'સત્‌પણું છે...' આવ્યું ને? પોતાથી સત્ છે, પરથી નહિ. આહાહા..!

'પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે હોવાની...' ભાવરૂપે હોવાની, શક્તિરૂપે પણ હોવાની, કાળરૂપે પણ હોવાની. આહાહા..! શક્તિ એટલે ભાવ, કાળ એટલે પર્યાય. આહાહા..! પોતાનું દ્રવ્ય–વસ્તુ, ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી, કાળ પોતાની પર્યાય, ભાવ–પોતાનો ત્રિકાળી ગુણ, એ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આત્મા છે તે સત્ત્વ છે. આહા..! ભાષા તો સાદી આવે છે પણ પ્રભુ! કંઈ દરકાર કરી નથી. આહાહા..! જેમ સંસારમાં રસ પડે છે, દુકાનના થડે બેઠો હોય અને, આહાહા..! જોઈ લ્યો, પાગલ! અમે તો બધું જોયું છે. દુકાન પણ ચલાવી છે. અમે તો પાંચ વર્ષ દુકાન પણ ચલાવી છે. (સંવત) ૧૯૬૩ થી ૧૯૬૮ પાંચ વર્ષ.

અમારો જન્મ અહીંથી અગિયાર માઈલ છેટે 'ઉમરાળા' માં થયો હતો. તેર વર્ષ ત્યાં રહ્યા. (સંવત) ૧૯૪૬ જન્મ. અમે ૧૯૫૯ ની સાલમાં 'પાલેજ' ગયા. 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે. ૧૯૫૯. પિતાજી હતા. પિતાજી ચાર વર્ષ રહ્યા. ૧૯૫૯ થી ૧૯૬૨. ૧૯૬૩ માં ગુજરી ગયા. ૧૯૬૩ થી ૧૯૬૮ અમે ભાગીદારીમાં દુકાન ચલાવી. એકલા પાપ. આહાહા..! ઉઘરાણી કરતા હતા. માલ (વેચતા). પછી ઉઘરાણીએ જાતા. ઉઘરાણીને શું કહે છે? ઉઘરાણી કહે છે ને. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! તારું દ્રવ્ય–વસ્તુ, તારું ક્ષેત્ર–પહોળાઈ, તારો કાળ–વર્તમાન પર્યાય, તારો ભાવ–ત્રિકાળી ગુણ. આહાહા..! એ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી... છે? 'પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે હોવાની શક્તિરૂપ...' સ્વભાવ છે. એ તો એની શક્તિરૂપ સ્વભાવ છે. પર્યાય થવાની પણ શક્તિરૂપ સ્વભાવ છે. ગુણનું હોવાપણું તો ત્રિકાળી શક્તિ–સ્વભાવ છે. દ્રવ્ય રૂપે રહેવાનો ત્રિકાળી સ્વભાવ છે. અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર એ તારો સ્વભાવ છે. આહાહા..! 'છોટાભાઈ'! આવું ઝીણું. આવ્યા છે, બરાબર ટાઈમસર આવ્યા છે. આહાહા..! થોડામાં ઘણું ભર્યું છે. આખા 'સમયસાર' નો સાર આમાં ભરી દીધો છે. આહાહા..! પણ જેને દરકાર છે (એને માટે છે). કહે છે, આ પાંચ, છ, સાત, આઠ બોલ અહીંથી છે. ચાર બોલ આવી ગયા ને? તત્-અતત્, એક-અનેક એ ચાર આવ્યા. હવે બીજા ચાર (કહે છે).

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, એ ચાર. એ ચારરૂપે 'હોવાની શક્તિરૂપ જે સ્વભાવ તે

સ્વભાવવાનપણા વડે...' એ સ્વભાવવાનપણા વડે. '(અર્થાત્ એવા સ્વભાવવાળી હોવાથી) સત્‌પણું છે,...' સત્ત્વ છે, સત્ત્વ છે. સત્‌નું સત્ત્વ છે. આહાહા..! સત્ત્વ લીધું છે, ભાઈ! નહિતર સત્ છે એમ કહે, સત્‌પણું છે. ચાર સત્ત્વ છે. આહાહા..! ધીમે ધીમે સમજવું, પ્રભુ! આ તો અલૌકિક વાત છે. આહાહા..! દુનિયાને રાજી રાખવા સભામાં એવી વાતું કરે કે દુનિયા રાજી રાજી થઈ જાય. આમ કરવું ને આમ કરવું ને આમ કરવું... અરે પ્રભુ! તારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં તું છો. તેમાંથી નીકળીને બહાર તું ક્યાં જાય છે? આહાહા..! સમજાણું કાંઈ ?

પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સત્ત્વ છે અને 'પરના દ્રવ્ય...' સ્ત્રી, કુટુંબ-પરિવાર, ભગવાન, ભગવાનની વાણી એ બધું પરદ્રવ્ય છે. 'પરદ્રવ્ય-પરક્ષેત્ર...' આકાશાદિમાં રહેનારું જે ક્ષેત્ર છે તે પણ પરક્ષેત્ર. પરકાળ–આત્મા સિવાયની પરકાળની અવસ્થા અને પરભાવ– આત્મા સિવાય અનંત દ્રવ્યના અનંત ગુણો એ ભાવ. આહાહા..! આત્મા સિવાય.. સિવાયને શું કહે છે? અલાવા કહે છે. આહા..! આત્મા સિવાય અનંત 'દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે નહિ હોવાની શક્તિરૂપ...' એ ચારપણે નહિ થવાની આત્મામાં શક્તિ છે. આહાહા..! છે શેઠ! શું કહે છે? પોતાની શક્તિરૂપે રહેવાની શક્તિ છે, પણ 'ડાલચંદભાઈ' તરીકે રહેવાની શક્તિ નથી, એમ કહે છે. આ શેઠનો દાખલો આપ્યો, એમ દરેકને. પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે, પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આત્મા નથી. પરદ્રવ્યમાં તો પુત્ર, પૈસા, ઘર-મકાન, સ્ત્રી, કુટુંબ, દાગીના, વસ્ત્ર બધું પરદ્રવ્ય છે. પરદ્રવ્યથી આત્મા નાસ્તિ છે. પરદ્રવ્યથી આત્મા અસત્ છે. આહાહા..! અરે..! કદી દરકાર કરી નથી. આહાહા..!

પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે, પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. પરદ્રવ્યમાં શું આવ્યું? વિકલ્પથી માંડી, દયા, દાનના વિકલ્પથી માંડી ભગવાન ત્રણલોકના નાથ અને પંચ પરમેષ્ઠી, સ્ત્રી, કુટુંબ-પરિવાર, મકાન, પૈસા-લક્ષ્મી એ પરદ્રવ્યથી તું નથી. તારું દ્રવ્ય તારાથી છે, પરદ્રવ્યથી તું નથી. આહાહા..! સાદી ભાષા છે. દરકાર નથી, શેઠ!

એકવાર પ્રશ્ન કર્યો હતો. (સંવત) ૧૯૮૬ ની સાલમાં 'અમરેલી' ચોમાસુ હતું. 'રામજીભાઈ' હતા. તે દિ' તો દસ લાખ રૂપિયા હતા. પછી તો આઠ કરોડ રૂપિયા થઈ ગયા. 'અમરેલી' 'રામજી હંસરાજ'. તે દિ' ૧૯૮૬ ની સાલમાં દસ લાખ રૂપિયા હતા પછી એના મકાનમાં 'મુંબઈ' માં પગલા કરવા લઈ ગયા હતા. પચીસ તો મોટા મોટા અમલદારો મકાનમાં કામ કરે. હજાર-હજાર, બે-બે હજારના પગારવાળા પચીસ જણા બેઠેલા. અમે ગયા તો બધા ઊભા થઈ ગયા. કીધું, આ છે કોણ? તો કહે, અમારા બધા માણસો છે. આહા..! દસ લાખની મુડી હતી. અમારું ચોમાસુ હતું ત્યારે એવી વાત આવી કે, મહારાજ! આ ઝીણી વાત પચશે નહિ. આવો પ્રશ્ન થયો. કારણ કે પૈસાવાળા માણસ. દસ લાખ તે દિ' ૧૯૮૬ ની સાલ. કેટલા વર્ષ થયા? પચાસ વર્ષ. એ કહે, મહારાજ...! અમારી તો આ જ વાત પહેલેથી છે. વ્યાખ્યાનમાં ત્રણે ભાઈઓ આવતા હતા. 'રામજીભાઈ', 'નરભેરામભાઈ'

'જમશેદપુર' માં મોટી દુકાન. અત્યારે છોકરો આવ્યો ને? પચાસ હજાર આપ્યા. બેનના વચનામૃત કોતરાવવામાં પચાસ હજાર આપ્યા. છોકરો આવ્યો હતો.

વ્યાખ્યાનમાં વાત ચાલતી હતી એમાં 'રામજીભાઈ' શેઠ બોલ્યા, મહારાજ! સૂક્ષ્મ વાત પચતી નથી. પ્રભુ! રોટલી, રોટલા હંમેશા ખાઓ છો,... જવાબ આપ્યો, એમાં ચાર શેર ઘી પાએલો મેસુબ આવે તો તું એમ કહીશ કે નથી પચતું. એમ કહીશ? હંમેશા રોટલી, રોટલા ખાય છે એમાં મેસુબ આવ્યો, રસગુલ્લા આવ્યા, અરે..! શક્કરપારા આવ્યા, એક શેર ઘઉં ને ચાર શેર લોટના શક્કરપારા આવ્યા તો તું ના પાડીશ કે મને નહિ પચે? 'રામજીભાઈ' તો બિચારા ગુજરી ગયા. સાત-આઠ કરોડ રૂપિયા. અહીંયા આવવાના ઘણા ભાવ હતા, જાવ્વજીવ અહીં રહેવું હતું. ગુજરી ગયા, દેહ છૂટી ગયો. આહાહા..! અહીં આવ્યા હતા ત્યારે કહી ગયા હતા કે, હવે અહીં રહેવું છે. મોટો કરોડપતિ અને બે-બે, પાંચ-પાંચ લાખ રૂપિયા દાનમાં આપે. ન્યાં ગુંચાઈ ગયા, થઈ રહ્યું. કેમ ન પચે કીધું. થાળીમાં આવી વસ્તુ આવે તો ના પાડે છે કે નહિ પચે? એમ ન હોય.

એમ અત્યાર સુધી તેં ધૂળની બહારની પુણ્યની અને પાપની વાતું સાંભળી છે એ રોટલી, રોટલા ખાધા. હવે એ નહિ અને આત્મા આનંદમૂર્તિ છે એવી સૂક્ષ્મ વાત આવે છે તો એ તારે કાને પડે નહિ, પેલી વસ્તુ થાળીમાં આવે તો નહિ પચે એમ કહે છે? એમ કાને પડે તો તું કહે છે, નહિ પચે? આહાહા..! એમ કહે, હળવે હળવે, ધીમે ધીમે ધીમે ઓગાળી ઓગાળીને ખાવું. લોકો અંગ્રેજીમાં એમ કહે છે ને? કે, પેટમાં દાંત નથી. અંગ્રેજીમાં એમ કહે છે. 'રામજીભાઈ' કહેતા. પેટમાં દાંત નથી તો અહીં બરાબર ઓગાળી ઓગાળીને, ચાવી, ચાવી, ચાવી, ચાવીને ઝીણું કરીને ખાવું તેથી તે પચે. અંગ્રેજીમાં કહે છે, પેટમાં દાંત નથી, દાંત અહીંયા છે. કોણ ચાવે ને કોણ લે પ્રભુ! દાંત જડ છે, તારાથી હલે નહિ, ચાલે નહિ ક્યાં તું ચાવી શકે પ્રભુ તું. આહાહા..! અહીં તો એ કહે છે, પરદ્રવ્યથી તારી નાસ્તિ છે. 'શાંતિભાઈ'! આ બધા પૈસાવાળા, લાખોપતિઓ બધા. કરોડપતિઓ, ધૂળપતિઓ બધા! ઝવેરાતની મોટી દુકાન છે. પચીસ માણસ તો હીરાનું કામ કરતા હતા. એક એકને મહિને હજાર, પાંચસો, પંદરસો દેવા પડે એવા પચીસ કામ કરતા હતા. મેં કીધું, આ તો મજુરી છે. એ..ઇ..! 'શાંતિભાઈ'! તમારી મેડી ઉપર આવ્યા હતા ને? મજુરી છે. પાપના પોટલા બાંધીને ક્યાં જાવું છે?

અહીં કહે છે કે, પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે. 'પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે નહિ હોવાની શક્તિરૂપ જે પોતાનો સ્વભાવ...' ભાષા જુઓ! આહાહા..! પરદ્રવ્ય રૂપે નહિ થવાનો તારો સ્વભાવ, પરના ક્ષેત્ર રૂપે નહિ થવાનો તારો સ્વભાવ, પરની પર્યાયના કાળ રૂપે નહિ થવાનો તારો સ્વભાવ અને પરના જે ગુણ અંદર ભર્યા છે તે રૂપે નહિ થવાનો તારો સ્વભાવ છે. ઝીણી (વાત) છે, 'નટવરલાલજી' શેઠ! પણ વાત સમજવી પડશે, પ્રભુ!

આહાહા..! અમારે તો બધા પ્રભુ છે, ભગવાન છે અંદર. આહાહા..! અરે..રે..! શું કહ્યું?

હું, મારો આત્મા, મારું દ્રવ્ય-વસ્તુ, ક્ષેત્ર-પ્રદેશ, કાળ-અવસ્થા અને ભાવ. અહીં તો આ લીધું છે. પોતાની પર્યાય લીધી છે, અહીં કાળમાં એક સમયની પર્યાય લીધી છે. પણ ૨૫૨ કળશ છે, એ કળશમાં તો એમ લીધું છે... આહાહા..! કે, આ આત્મા ત્રિકાળ રૂપે વસ્તુ છે તે દ્રવ્ય છે. તેમાં વિકલ્પ ઉઠાવવો એ પરદ્રવ્ય છે. બીજા તો પરદ્રવ્ય છે જ પણ પોતાનું દ્રવ્ય જે છે, અખંડાનંદ પ્રભુમાં વિકલ્પ ઉઠાવવો કે આ આત્મા ને આ દ્રવ્ય, એ વિકલ્પને પણ પરદ્રવ્ય કીધું છે. પરક્ષેત્ર. આત્મા અસંખ્ય પ્રદેશી છે તે એકરૂપ ત્રિકાળ છે. એમાં અસંખ્ય પ્રદેશમાં આ પ્રદેશ ને આ પ્રદેશ એવા વિકલ્પ કરવા એનું નામ પરક્ષેત્ર છે. આહાહા..! 'કળશ ટીકા' માં ૨૫૨ કળશ છે. બધું જોયું છે. ૨૫૨. આહાહા..! જુઓ!

'સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ,...' આ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આવ્યા ને? આહાહા..! 'સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ, સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ,...' એ સ્વક્ષેત્ર. 'સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા,...' ત્રિકાળ વસ્તુને સ્વકાળ કહેવામાં આવે છે. આહા..! ભગવાન આત્મા ત્રિકાળી એ સ્વકાળ. 'સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજ શક્તિ;...' આહા..! ઠીક યાદ આવી ગયું. આ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં આ યાદ આવી ગયું. આહાહા...!

અહીંયા તો એટલું જ લીધું છે કે, પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સત્ત્વ છે અને પરદ્રવ્ય, વિકલ્પથી માંડી પરદ્રવ્ય, પરક્ષેત્ર આકાશ આદિ કે મકાન... આહાહા...! અહીં તો મકાનનો અધિપતિ ત્યાં સુધી થાય, જ્યાં બે-ચાર મેડીનું મકાન બનાવ્યું તો ઉપર આસપાસમાં કોઈ જમીનમાં વીસમો માળ બનાવે તો બનાવવા ન દે. એ આખું આકાશ સુધી મારું છે. આકાશ, પાતાળ સુધી મારું છે. શેઠ! તમારી બધી વાત જાણીએ છીએ, બધાની. આહાહા..! વીસ માળનું મકાન બનાવ્યું છે. ૧૨૫ કહે છે ને? ૧૩૫ માળનું મકાન. હવે એવો કોઈ અબજોપતિ નીકળે કે બન્ને બાજુ જમીન લઈને ૧૩૫ ઉપર (માલ ચણાવે). ત્યાં બનાવે તો બનાવવા ન દે. એ આકાશનો અધિકાર મારો છે. નીચેથી ઉપર સુધી.

અહીં કહે છે,... આહાહા..! 'સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ, સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા, સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજ શક્તિ; પરદ્રવ્ય એટલે...' રજકણ આદિ, બાયડી, કુટુંબ, પૈસા-લક્ષ્મી, આબરૂ-કીર્તિ, શરીર, કર્મ તો પરદ્રવ્ય છે જ પણ અહીંયા કહે છે, 'પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ-કલ્પના,...' આહાહા..! એકરૂપ ચીજ છે એમાં કલ્પના કરવી કે આ આત્મા છે, એવો વિકલ્પ ઉઠાવવો તેને અહીંયા પરદ્રવ્ય કહે છે. એ પરદ્રવ્યથી પણ આત્મા નાસ્તિ છે. આહાહા..! બહુ ઝીણી વાત છે. આહા..!

હવે, સ્વકાળ ત્રિકાળી વસ્તુ 'સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ, અને ગુણ મૂળ અવસ્થા ત્રિકાળ સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજ શક્તિ; પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ-કલ્પના,...' આહાહા..! 'પરક્ષેત્ર એટલે જે વસ્તુનો આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ અસંખ્ય પ્રદેશી

તેમાં વસ્તુમાત્રરૂપે કહ્યો હતો...' એ પ્રદેશ સવિકલ્પ આધારભૂત પ્રદેશ, અસંખ્ય પ્રદેશીમાં પ્રદેશ છે એવો વિકલ્પ ઉઠાવવો તે પરક્ષેત્ર છે. ૨૫૨ કળશ છે. 'શાંતિભાઈ'! આહાહા..! પરદ્રવ્ય એટલે એક સ્વદ્રવ્યમાં વિકલ્પ ઉઠાવવો એ પરદ્રવ્ય. અસંખ્ય પ્રદેશી ક્ષેત્રમાં વિકલ્પ ઉઠાવવો એ પરક્ષેત્ર અને ત્રિકાળી વસ્તુમાં... આહાહા..! નિર્વિકલ્પ અવસ્થા ત્રિકાળી છે તેમાં 'ભેદરૂપ કલ્પનાથી પરકાળ કહેવાય છે,...' વર્તમાન એક સમયની અવસ્થા, એ ત્રિકાળની અપેક્ષાએ (પરકાળ છે). ત્રિકાળ રહેનાર તે સ્વકાળ, વર્તમાન એક સમયની અવસ્થા તે પરકાળ. આહાહા..! એવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળથી નથી.

હવે 'પરભાવ એટલે દ્રવ્યની સહજ શક્તિના પર્યાયરૂપ અનેક અંશ...' ગુણના અનેક ભેદો, એ ભેદ કલ્પના. આહાહા..! આત્મામાં અનંત ગુણ–ભાવ છે એ ત્રિકાળ સ્વભાવ. ભેદમાં વિચાર, વિકલ્પ ઉઠાવવા કે આ જ્ઞાન છે, આ દર્શન છે તેને પરભાવ કહે છે. આહાહા..! ગજબ વાત છે. 'તેને પરભાવ કહેવાય છે.' આહાહા..! ૨૫૨ કળશ છે.

અહીંયા એ કહે છે કે, પોતાના દ્રવ્ય સિવાય બધા દ્રવ્ય, વિકલ્પમાત્ર, ક્ષેત્રના ભેદમાત્ર, કાળનો એક સમયમાત્ર, ભાવમાં અનંત ગુણ છે એમાં એક ગુણનો ભેદમાત્ર એ બધું પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિ છે. આહાહા..! આવી વાત છે. એણે દરકાર કરી નથી. અનાદિથી જગતના રસ ચડ્યા છે, રસ. આહાહા..!

પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, પરવસ્તુની તો નાસ્તિ છે જ પણ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં ભેદકલ્પનાનો વિચાર ઉઠાવવો એ જ પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, પરભાવ છે. છે? 'પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે નહિ હોવાથી શક્તિરૂપ જે સ્વભાવ તે સ્વભાવવાનપણા વડે અસત્‌પણું છે;...' આ કારણે તે અસત્ છે. પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સત્ છે અને ભેદરૂપથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને પરથી અસત્ છે. તેની દૃષ્ટિ ત્રિકાળી દ્રવ્ય ઉપર જવી જોઈએ. આહાહા..! એ માટે આ બધું કહેવાય છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

પ્રવચન નં. ૪૬૭ પરિશિષ્ટ શુક્રવાર, ભાદરવા સુદ ૧૦, તા. ૧૯-૦૯-૧૯૮૦

---

'સમયસાર' ચૌદ બોલના છેલ્લા બે બોલ છે. બાર બોલ ચાલ્યા. બાર ક્યા? કે આત્મા તતસ્વરૂપ છે અને પરની અપેક્ષાએ અતતસ્વરૂપ છે. એ બોલ ચાલી ગયા. આત્મા પોતાના દ્રવ્ય ગુણપર્યાયના સમુદાયપણે એક છે તે જ ગુણ ને પર્યાયના ભેદથી અનેક છે. ગુણ અને પર્યાયના ભેદથી અનેક છે. આહાહા..! ચાર બોલ થયા. પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, દ્રવ્ય નામ વસ્તુ, ક્ષેત્ર નામ પ્રદેશ, કાળ નામ પર્યાય, ભાવ નામ ગુણ... આહાહા..! પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. એ બોલ આવી ગયા. બાર બોલ

ચાલી ગયા. આઠ બોલ આ થયા, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પોતાના અને પરના નહિ, એ આઠ. ઝીણી વાત છે, ભાઈ! છેલ્લા બે બોલ રહ્યા. આહાહા..!

અહીંયા નીચે આવ્યું છે, 'અનાદિનિધન...' છે? અનાદિઅનંત. અનાદિ, અનાદિ એટલે આદિ નહિ, નિધન એટલે અંત નહિ, નિધન એટલે અંત નહિ. અનાદિઅનંત 'અવિભાગ...' જેનો ભાગ નથી એવા 'એક વૃત્તિરૂપે પરિણતપણા વડે...' આહાહા..! અહીંયા પરિણમન કહ્યું તો પર્યાય ન લેવી. ત્રિકાળી પારિણામિક સ્વભાવ.. આહાહા..! ત્રિકાળી પારિણામિક અનાદિઅનંત સ્વભાવ એ 'એક વૃત્તિરૂપે...' એક પ્રકારે રહેનાર. એકરૂપે રહેનાર અંદર ભગવાન આત્મા છે. આહાહા..! 'એક વૃત્તિરૂપે પરિણતપણા વડે...' પરિણમન અર્થાત્ પારિણામિક સ્વભાવ. પરિણમન (એટલે) પર્યાય નહિ. આહાહા..! તેના દ્વારા આત્માને 'નિત્યપણું છે,...' આત્મા નિત્ય છે. આહાહા..! દૃષ્ટિ ત્યાં નિત્ય ઉપર કરવાની છે. આહાહા..!

અનિત્ય પણ છે. 'ક્રમે પ્રવર્તતા,...' સમયે સમયે બદલતી અવસ્થા. આત્મામાં પરિણામ–પર્યાય, વર્તમાન પર્યાય ક્રમશઃ, ક્રમે ક્રમે પ્રવર્તમાન, વર્તમાન રહેતી 'એક સમયની મર્યાદાવાળા...' આહાહા..! 'અનેક વૃત્તિ-અંશોરૂપે પરિણતપણા વડે...' એ અનેક વૃત્તિ અંશોરૂપ પરિણમન–પર્યાય વડે. અનંત પર્યાય એક સમયમાં એક દ્રવ્યમાં થાય છે. અરે..! આવી વાત. છેલ્લે 'સમયસાર'ના સારમાં સાર શબ્દો છે. આહાહા..! આ કાંઈ કોઈના ઘરની વાત નથી, કલ્પનાની વાત નથી. અંતરની ચીજ આવી છે. આહાહા..!

કહે છે કે, ત્રિકાળની અપેક્ષાએ આત્મા નિત્ય છે અને વર્તમાન એક સમયની મર્યાદાવાળા, વર્તમાન પર્યાય–અવસ્થા જે છે તેની મર્યાદા એક સમય જ છે. બીજે સમયે બીજી થાય છે, ત્રીજે સમયે ત્રીજી થાય છે. આહાહા..! જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય, ધર્મની પહેલી સીઢી (પ્રગટ કરવી હોય)... આહાહા..! તેણે આત્મા નિત્ય-અનિત્ય બન્નેનું જ્ઞાન કરીને નિત્ય ઉપર દૃષ્ટિ કરવી. આહાહા..! શું થાય? ફેરફાર બહુ થઈ ગયો.

એક 'ભવ્યસાગર' દિગંબર સાધુ છે. વીસ વર્ષની દીક્ષા છે. દિગંબર 'ભવ્યસાગર'. અહીંનું વાંચીને પછી ઘણા પત્ર આવ્યા. અમને એક વાર લખો, મહારાજ! અહીં આવો, અહીં આવો. પણ અમે તો કોઈને આવો, જાવો કોઈને કંઈ વાત (કહેતા નથી). શું બને છે તે અમે તો જાણતા નથી. આ વાત બસ્સો વર્ષથી નહોતી. બસ્સો વર્ષ પછી આ વાત કાઢી ક્યાંથી? ધન્ય ભાગ્ય! હું આપની સભામાં વાંચન સાંભળવા આવું તે મારું ભાગ્ય હશે. એમ લખે છે. શેઠ! દિગંબર સાધુ (આમ લખે છે). બાપુ! પ્રભુ! બહારની વાત તો અનંત વાર કરી છે પણ અંતર ચીજ દૃષ્ટિનો વિષય કદી ઓળખ્યો નથી. એ બિચારો લખે છે કે, હું તો સાધુ નથી. સમજણમાં આવ્યું છે (તેથી કહે છે) હું તો સાધુ નથી પણ હિન્દુસ્તાનમાં ભાવલિંગી સાધુ કોઈ હોય એમ અમે માનતા નથી. એમ કહે છે. આહાહા..! આવી વાત મેં કદી સાંભળી નથી. અમને એક વાર કહો, દસ પત્ર આવ્યા. અમે તો કોઈને પત્ર લખતા

નથી, એક અક્ષર પણ લખવો, એ અમારું કામ નહિ. અમારું તો આ વ્યાખ્યાન સિવાય બીજું કોઈ કામ નથી. શું કહે છે?

મુમુક્ષુ :– એણે ટપાલ લખી હતી, મને વ્યાખ્યાન સાંભળવા તેડાવો.

ઉત્તર :– હા, બીજા લખે, અહીં નહિ. આહાહા..! અહીં તો આ વ્યાખ્યાનમાં આવે એ સાંભળે. ન આવે એ ચાલ્યા જાય. આહાહા..! એક સાધુ આવ્યો હતો. 'ઋષભસાગર'. 'ઇન્દોર' માં શેઠની નસિયામાં ચોમાસુ હતું. ત્યાં એક 'નેમિચંદજી પાટની' છે, 'નેમિચંદજી' પંડિત છે. 'નેમિચંદજી' 'ઇન્દોર' માં છે. અહીંનું બરાબર જાણનાર છે. અહીંનું એક સમકિત પુસ્તક છે તે એને બતાવ્યું, સમજાવ્યું. તો કહે, અરે..રે...! આ વાત તો અમે કદી સાંભળી નથી. અમે તો સાધુ નથી પણ હિન્દુસ્તાનમાં બીજા સાધુ હોય એમ અમે તો માનતા નથી. અહીં આવ્યા હતા. બે દિવસ રહ્યા હતા. ઉંમર મોટી, ૯૫ વર્ષ. ૯૫ તો નહિ, ૮૫ તો હશે. પણ ગામડાના માણસ હોય ને ગામડામાં ખબર ન રહે. બહુ નાની ઉંમરના ખેડુત માણસ, ખેડુત માણસ. કેવું કહેવાય એ? 'મહારાષ્ટ્ર', 'મહારાષ્ટ્ર' ના છે. બહુ સાધારણ, અમે ગયા હતા. ખેડુત દિગંબર, ખેતી કરે, આમ કરે, બધું કરે બિચારા અને માને આ. વિશેષ અંદર બુદ્ધિ નહિ, અમે દિગંબર જૈન છીએ. બસ! અરે..! પ્રભુ! આહાહા..!

અહીં તો કહે છે કે, આત્મા ત્રિકાળીની અપેક્ષાએ નિત્ય છે. પોતાનો ત્રિકાળી પારિણામિક (સ્વભાવ). અહીં પરિણમન શબ્દ લીધો છે. પરિણમન ન લેતા, ત્રિકાળી પરિણામ. ત્રિકાળી પરિણામથી આત્મા નિત્ય છે અને ક્રમશઃ પ્રવર્તમાન (અર્થાત્) આત્મામાં એક પછી એક પ્રવર્તમાન 'એક સમયની મર્યાદાવાળા...' પર્યાયની એક સમયની મર્યાદા છે અને દ્રવ્યની અનાદિનિધન મર્યાદા છે. માથે આવી ગયું છું. અનાદિનિધન–અનાદિઅનંત. દ્રવ્ય છે તે અનાદિઅનંત છે અને પર્યાય છે એ એક સમયની અવસ્થા છે. એ કાયમ સામાન્ય અને વિશેષ અનાદિઅનંત રહે છે. આહાહા..! વિશેષ વિના સામાન્ય હોય નહિ અને સામાન્ય વિના વિશેષ હોય નહિ. પણ સામાન્ય દ્રવ્ય જે છે તે અનાદિઅનંત છે અને પર્યાય છે તે એક સમયની મર્યાદાવાળી છે. આહાહા..! છે?

'એક સમયની મર્યાદાવાળા અનેક વૃત્તિ-અંશોરૂપ...' પર્યાયમાં તો અનેક અંશો છે. દ્રવ્યમાં અનંત ગુણ છે તો પર્યાયમાં અનંતી પર્યાય છે. આહાહા..! કોને ખબર આમાં ક્યાં પડી છે? દ્રવ્ય જ્યારે આત્મા ભગવાનમાં અનંત ગુણ છે તો પર્યાય પણ અનંત છે. અનંતી પર્યાય વિના આત્મા કદી હોતો નથી. અરે..! કદી કોઈ દ્રવ્ય હોતું નથી. આહાહા..! એ કહે છે.

મુમુક્ષુ :– પરિણમનનો અંત કે દિ' આવે?

ઉત્તર :– સિદ્ધમાં પણ પરિણમન છે. સિદ્ધ આત્મા દ્રવ્ય છે તે ત્રિકાળ છે પણ એની સંસારપર્યાયનો નાથ થઈને જે મોક્ષની પર્યાય પ્રગટ થઈ એ તો પર્યાય છે, એ તો પરિણમન

છે, એ પરિણમન સાદિઅનંત રહે છે. મર્યાદા એક સમયની છે. સિદ્ધની પર્યાયની મર્યાદા પણ એક સમયની છે. 'ક' બોલે એમાં અસંખ્ય સમય જાય. એમાં અસંખ્યમાં ભાગે એક સમયની પર્યાય છે. આહાહા..! સિદ્ધમાં પણ પર્યાય અનિત્ય છે. આહાહા..! કોઈપણ પદાર્થ અનિત્ય અને પરિણમન વિના હોતો નથી. એમ કોઈપણ ચીજ નિત્ય અને ધ્રુવ વિના હોતી નથી. બન્ને વાત છે. આહાહા..!

નિત્ય પણ છે, અનાદિઅનંત રહે છે અને પર્યાયમાં ક્રમે ક્રમે 'એક સમયની મર્યાદાવાળા અનેક વૃત્તિ...' અનેક પરિણામ, એક પરિણામ નહિ. એવા 'અંશોરૂપે...' એવી એક પર્યાયના અંશરૂપ, ભાગરૂપ 'પરિણતપણા વડે...' પરિણમન વડે 'અનિત્યપણું છે.' અનિત્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? અનેક પર્યાય એક સમયમાં છે એ એક સમયની મર્યાદામાં અનંતી પર્યાય છે, અનંત ગુણની અનંતી પર્યાય પ્રગટ છે. એ પર્યાય વિનાનું દ્રવ્ય ત્રણકાળમાં કદી હોતું નથી. આહાહા..! અને ધ્રુવ વિના તો હોતું જ નથી. ધ્રુવ તો એ ત્રિકાળ રહેવાવાળી ચીજ છે. અરે..રે..! ક્યાં વિચાર કરે છે? અરે..! ક્યાં જાવું? આહાહા..!

આ સાંભળ્યું નહિ? ભાઈ! 'ચુનીલાલ'નો 'ચીમનભાઈ'. છોકરાઓ આવ્યા હતા ને? ૬૧ વર્ષની ઉંમર. કાંઈ નહિ, શરીર જુઓ તો મોટું અલમસ્ત શરીર. બૈરાંને કીધું, ચા કરો. કાંઈ રોગ નહિ, કાંઈ નહિ. એ ચા કરીને જ્યાં આવે છે ત્યાં કાંઈ ન મળે. બસ! ખલાસ થઈ ગયું. 'ચુનીલાલ હઠેચંદ' 'દામનગર' વાળા હતા, એના દીકરા 'ચીમનભાઈ'. આ બધા કામ એણે કરેલા. 'વજુભાઈ' ને ઇ 'ચીમનભાઈ'. આહાહા..! 'ચુનીલાલ' હતા, એના દીકરા 'ચીમનભાઈ'. એક સેકંડમાં કાંઈ ખબર ન પડી. કાલે છોકરાઓ ને બધા આવ્યા હતા ને? સ્ત્રીને કહ્યું કે, ચા બનાવો. ચા બનાવીને જ્યાં આવે ત્યાં કાંઈ ન મળે. આહાહા..!

પર્યાયની સ્થિતિ એક સમયની છે. એક સમયની સ્થિતિમાં શરીર પલટી જાય છે. આહાહા..! મૃત્યુની દેહની સ્થિતિ, આયુષ્યને લઈને આત્મા શરીરમાં રહે છે એમ નહિ. કેમકે આયુષ્ય કર્મ ભિન્ન ચીજ છે. આહાહા..! પોતાની લાયકાત અને યોગ્યતાથી શરીરમાં રહ્યો છે, જે એક સમયમાં પલટી જાશે. આહાહા...! ભગવાનના જ્ઞાનમાં તો જણાયું છે કે આ સમયે દેહ છૂટશે તો અકાળ કાંઈ છે નહીં. એના કાળે દેહ છૂટશે. અકાળમરણ કહેવામાં આવે છે એ તો અપેક્ષાથી, કર્મની પ્રકૃતિના કારણે (કહેવાય છે). બાકી તો જે સમયે, જે ક્ષેત્રે, જે સંયોગે, જે નિમિત્તે (દેહ છૂટવાનો તે છુટશે જ). આહાહા..! અનિત્ય છે ને? એક ક્ષણમાં બદલાઈ જાય છે. આહાહા..!

અહીંયા હોય મોટા કરોડપતિ અને માયા ને કષાય કર્યા હોય તો મરીને બીજે સમયે ભુંડ થાય. આ ભુંડના પેટમાં અવતરે. અરે..રે..! અરે પ્રભુ! એવા અનંત અવતાર કર્યા, ભાઈ! ત્યાં તારી સફારશ કામ ન આવે. આહાહા..! સફારશને શું કહે છે? ભલામણ. ભલામણ કહે છે? કોઈની મદદ, સફારશ કામ ન આવે. કુદરતનો જે સ્વભાવ છે એ પ્રમાણે બનશે.

અહીં એ કહ્યું, આહાહા..! 'એક સમયની મર્યાદાવાળા અનેક વૃત્તિ...' અનેક પરિણતિ. વૃત્તિ એટલે અનેક અંશ એ રૂપે 'પરિણતપણા વડે...' દરેક દ્રવ્યમાં (આમ છે એમાં) અહીં તો આત્મા લેવો છે. આત્મા અનિત્ય છે. આહાહા..! દરેક સમયે આત્મામાં અનંતી પર્યાય પલટે છે. આહાહા..! જે એક સમયમાં છે તે બીજે સમયે નથી, એવી એક સમયની મર્યાદાવાળી પર્યાય છે અને વસ્તુ ત્રિકાળ છે. એમ અનાદિઅનંત છે. આ ચૌદ બોલ થઈ ગયા.

'(પ્રશ્ન :–)' હવે શિષ્ય પ્રશ્ન કરે છે, સમજવાની ઇચ્છા કરે છે. 'જો આત્મવસ્તુને,...' પ્રભુ! 'આત્મવસ્તુને જ્ઞાનમાત્રપણું હોવા છતાં,...' એ તો જ્ઞાનસ્વરૂપ છે એમ હોવા છતાં 'સ્વયમેવ અનેકાંત પ્રકાશે છે,...' જ્ઞાન છે, જાણપણું છે તે આત્મા અને એ પરરૂપે નથી. એમ તો જ્ઞાન પ્રકાશે છે. જ્ઞાન જ પ્રકાશે છે કે હું પોતાથી છું અને પરથી હું નથી. એમ અનેકાંત નામ અનેક ધર્મ પ્રકાશે છે. 'તો પછી અર્હંત ભગવંતો...' આહાહા..! શું કહે છે? સૂક્ષ્મ વાત છે, ભાઈ!

કહે છે કે, જ્યારે આત્માને જ્ઞાન કહ્યું તો જ્ઞાનમાત્ર કહેવાથી અનેકાંત આવી જાય છે. કારણ કે જ્ઞાન છે, રાગ નથી. જ્ઞાન છે એ અનંત જ્ઞેય છે તે રૂપે નથી. જ્ઞાનમાત્ર કહેવાથી અનેક ધર્મ આવી જાય છે, અનેક ધર્મ નામ તેની યોગ્યતા. 'અર્હંત ભગવંતો તેના સાધન તરીકે અનેકાંતને (–સ્યાદ્વાદને) શા માટે ઉપદેશે છે?' આહાહા..! શું કહ્યું? આત્મા જે છે તે પોતાથી, જ્ઞાનમાત્ર વસ્તુથી છે અને પરથી નથી. એવા બે ધર્મ, એવા અનંત ધર્મ છે, અનંત જ્ઞેયપણે નથી. પોતાપણે છે અને અનંત જ્ઞેયપણે નથી. અનંત જ્ઞેયમાં દેવ-ગુરુ-શાસ્ત્ર, કુટુંબ, પૈસો, લક્ષ્મી, આબરૂ બધું આવી ગયું. પ્રભુ! આત્માને જ્ઞાનમાત્રપણું હોવા છતાં સ્વયમેવ અનેકાંત પ્રકાશે છે. સ્વયમેવ પ્રકાશે છે કે હું છું અને પર નથી. જ્ઞાનમાત્ર કહેવાથી આમ આવે છે.

'તો પછી...' આમ હોવા છતાં 'અર્હંત ભગવંતો...' સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ 'તેના સાધન તરીકે અનેકાંતને (–સ્યાદ્વાદને) શા માટે ઉપદેશે છે?' આહાહા..! સમજાય છે કાંઈ? હું જ્ઞાન–આત્મા જાણનસ્વરૂપ છું. એ જાણનસ્વરૂપ છું એ જ પ્રકાશે છે કે અનેક ધર્મ છે. અર્થાત્ પોતાના જ્ઞાનરૂપે છે અને પરરૂપે નથી. અનંત અનંત જ્ઞેયરૂપે નથી. તો જ્ઞાનમાત્ર કહેવાથી અનંત જ્ઞેયમાત્ર નથી તો અનંત ધર્મ–અનેકાંત તો આવી જાય છે તો પછી અર્હંત ભગવંતોએ તેને સમજાવવાનું સાધન અનેકાંતને શા માટે કહ્યું? આહાહા..! એ તો જ્ઞાનમાત્ર કહેવાથી જ અનેકાંત સિદ્ધ થઈ જાય છે. આહાહા..! જ્ઞાનમાત્ર કહ્યું તો જ્ઞેય નહિ, રાગ નહિ, પુણ્ય નહિ, પાપ નહિ. પોતાના જ્ઞાન સિવાય બીજી કોઈ ચીજ નહિ. એક જ્ઞાનસ્વરૂપી ભગવાન કહેતાં, ભગવાન એટલે આત્મા, હોં! આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ કહેતાં જ પર અનંત જ્ઞેયથી નથી એમ આવી જાય છે, તો અનેકાંત નામ સ્યાદ્વાદ તો જ્ઞાનમાત્ર કહેવાથી આવી જાય છે.

'તો પછી અર્હંત ભગવંતો તેના સાધન તરીકે અનેકાંતને (-સ્યાદ્‌વાદને) શા માટે ઉપદેશે છે?' અનેકાંત તો સિદ્ધ થઈ જાય છે. છે, તું છો તો પરથી નથી એવું અનેકાંત તો આવી જાય છે, સ્યાદ્‌વાદ આવી જાય છે. આમ હોવા છતાં અર્હંત ભગવાન 'અનેકાંતને (-સ્યાદ્‌વાદને) શા માટે ઉપદેશે છે?' એવો શિષ્યનો પ્રશ્ન છે. સારમાં સાર છે, માખણ છે. આહાહા..! નવું પુસ્તક બનાવવાનું છે ને! આ વાંચ્યું નથી એટલે આ (લીધું). આહાહા..!

શિષ્યને એ પ્રશ્ન થયો તો શિષ્યને એટલું તો લક્ષમાં આવ્યું, આ 'સમયસાર' સાંભળીને એટલું તો લક્ષમાં આવ્યું કે ભગવાન આત્માને જ્ઞાનમાત્ર કહે છે. જ્ઞાનમાત્ર જ્યાં કહ્યું ત્યાં અન્ય રૂપે નથી એમ અનેકાંત-અનેક ધર્મ આવી જાય છે. આમ હોવા છતાં અર્હંત ભગવાન તેના સાધનરૂપે સ્યાદ્‌વાદનો ઉપદેશ કેમ આપે છે? છે? અરે..રે..! કોઈ દિ' સાંભળ્યું પણ ન હોય, વાંચ્યું પણ ન હોય. આહાહા..! જિંદગી પશુની પેઠે (જાય). પશુ જેમ મજુરી કરે એમ આ પણ આખો દિ' મજુરી કરે. અરે..! હું કોણ છું? ક્યાં છું? કેવડો છું?

શિષ્યે એટલું પકડી લીધું. આખું 'સમયસાર' સાંભળીને એટલું પકડી લીધું કે, જ્ઞાનમાત્ર પ્રભુ, જાણન.. જાણન.. જાણન.. જ્ઞાનમાત્ર છે, એ જ્ઞેય જે જણાય છે તે જ્ઞેયરૂપે આત્મા નથી તો એમાં અનેકાંત, સ્યાદ્‌વાદ આવી ગયું. પોતાથી છે અને પરથી નથી એવું સ્યાદ્‌વાદ અનેકાંત તો આવી ગયું. છતાં અર્હંત ભગવાન... આહાહા..! 'તેના સાધન તરીકે...' કોના (સાધન રૂપે)? આત્માને સમજાવવા માટે અનેકાંતનો ઉપદેશ કેમ આપે છે? આહાહા..! તેનો ઉત્તર. પહેલા પ્રશ્ન સમજવો કઠણ પડે. બહારની વાતું. આ કરવું ને આ કરવું ને આ કરવું. આહાહા..!

'મહારાષ્ટ્ર'વાળા 'ઋષભસાગર' સાધુ આવ્યા હતા. એ બિચારા કહેતા હતા. 'ઇન્દોર' માં ચોમાસામાં રહ્યા હતા. અહીંનું સમકિતનું પુસ્તક છે. તો 'નેમિચંદ' પંડિત પાસે સાંભળ્યું. સાંભળીને અંદરથી આવ્યું, ઓહોહો..! આ વાત તો અમે કદી સાંભળી નથી. અમે સાધુ નથી. આહાહા..! અમે નગ્નપણાની ક્રિયા કરીએ છીએ પણ ભાર, વજન છે, ધર્મ નથી. આહાહા..! આજે પણ ઘણો વિરોધ આવ્યો છે. 'વિદ્યાસાગર' છે ને? 'વિદ્યાસાગર' જુવાન છે, ૩૩ વર્ષનો આચાર્ય છે. કડક ક્રિયા કરે છે, એનો ઘણો વિરોધ આવ્યો છે. એણે 'સમયસાર' માં જ્યાં જ્યાં જ્ઞાની લખ્યું છે ત્યાં તેણે તેનો અર્થ મુનિ કર્યો છે. આખા 'સમયસાર' માં એવો અર્થ કર્યો છે. એ વિરુદ્ધ છે.

આજે આવ્યું છે. 'અજમેર'માં કોઈ 'સુજાનમલજી' છે તેણે લેખ લખ્યો છે. પહેલા 'દિલ્હી'ના 'હિતેષી' એ લખેલું. હમણા નથી આવતા, પહેલા આવતા હતા. 'હિતેષી' કરીને 'દિલ્હી' ના છે. એણે પહેલા વિરોધ કરેલો કે, તમે આત્માને જ્ઞાનમાત્ર કહ્યો ત્યાં મુનિપણાનો અર્થ કઈ રીતે કરો છો? કેમકે ત્યાં તો અજ્ઞાનીને પણ સમજાવ્યું છે. તો મુનિપણા માટે જ બધા અર્થ આમાં છે એમ કઈ રીતે આવ્યું? આજે બહુ આવ્યું છે, બહુ લખાણ આવ્યું છે.

મુમુક્ષુ :- અપ્રતિબુદ્ધને સમજાવવામાં આવે છે.

ઉત્તર :- ૩૮ ગાથામાં એમ લખ્યું છે, અપ્રતિબુદ્ધને-અજ્ઞાનીને સમજાવવામાં આવે છે. એકલા મુનિપણાના અર્થ કરો છો, જ્યાં હોય ત્યાં જ્ઞાની આવે ત્યાં મુનિ લેવા, જ્ઞાની આવે ત્યાં મુનિ લેવા એવા અર્થ કેમ કરો છો? શાસ્ત્રથી વિરૂદ્ધ અર્થ છે. કોને પણ પડી દરકાર છે? આહાહા..! શેઠિયાને વેપાર-ધંધા આડે નવરાશ ન મળે અને નવરા હોય એને ક્રિયાકાંડથી નવરાશ ન મળે. શેઠ! આ તો એક સમજવાની વાત છે. આહાહા..! બહુ લખ્યું છે. 'સમયસાર' માં જ્યાં જ્યાં જ્ઞાની આવે ત્યાં ત્યાં 'વિદ્યાસાગરે' જ્ઞાનીનો અર્થ મુનિ કર્યો છે. પણ અહીં અપ્રતિબુદ્ધને–અજ્ઞાનીને સમજાવે છે તો ત્યાં મુનિ અજ્ઞાની છે? એને સમજાવે છે? બહુ લખ્યું છે, આજે આવ્યું છે. આહાહા..! પ્રભુ! દુનિયા બહારની ક્રિયાકાંડમાં એકલું નગ્નપણું, લુગડાં નહિ ને વ્હોરવામાં આવું વ્હોરે અને આમ લે ને આમ લે એ જોવા માટે બધા ભેગા થાય.

અહીં શિષ્ય એમ પૂછે છે, શિષ્યે એટલું તો પકડી લીધું, પ્રભુ! આ દેહમાં ભગવાન બિરાજે છે તેને આપે જ્ઞાનમાત્ર કહ્યો તો જ્ઞાનમાત્ર કહેવાથી જ પરરૂપે નથી એ અનેકાંત આવી જાય છે. 'હિંમતભાઈ'! ભાઈ 'રામજીભાઈ'! જ્ઞાનમાત્ર કહ્યું ને? તો જ્ઞાનમાત્ર કહેવાથી બીજી ચીજ નહિ, તો અનેકાંત આવી ગયું, સ્યાદ્વાદ આવી ગયું. કથંચિત્ જ્ઞાનસ્વરૂપ છે, કથંચિત્ પરસ્વરૂપ નથી બન્ને આવી ગયું. તો જ્ઞાનમાત્ર કહેવાથી અનેકાંત તો આવી ગયું છતાં અરિહંત ભગવાન તેના સાધન માટે અનેકાંત, સ્યાદ્વાદનો ઉપદેશ કેમ આપે છે? આહાહા..! ગજબ વાત છે. શિષ્યનો પ્રશ્ન જ એવો છે. આહાહા..!

આ ભગવાન આત્મા પહેલેથી કહેતા આવ્યા છે, પહેલા શ્લોકમાં કહ્યું હતું, 'स्वानुभूत्या चकासते' ભગવાન! પહેલો કળશ છે ને? 'नमः समयसाराय स्वानुभूत्या चकासते' એ તો પોતાની અનુભૂતિથી પ્રગટ થાય છે. 'स्वानुभूत्या चकासते' પ્રગટ થાય છે. રાગ ને દ્વેષ વિનાની નિર્મળ પર્યાય, વીતરાગી પર્યાય દ્વારા પરિણમન–વીતરાગી પરિણમન દ્વારા આત્મા જણાય છે. આહાહા..! 'स्वानुभूत्या चकासते' સ્વ-અનુભવથી પ્રકાશે છે. એમ તો આપ કહેતા આવ્યા છો તો જ્ઞાનમાત્ર કહેવામાં, જ્ઞાનમાત્ર કહેવામાં કે ફલાણાને એક જ દીકરો છે એમ કહેવામાં બે, ત્રણ, ચાર દીકરા નથી એમ આવી જાય છે. શેઠ! આહાહા..! એમ આત્માને પ્રભુએ જ્ઞાનમાત્ર કહ્યો તો જ્ઞાનમાત્ર જ્યાં આવ્યું ત્યાં પરરૂપે નહિ, રાગરૂપે નહિ, પુણ્યરૂપ નહિ, શરીરરૂપ નહિ, અનંત જ્ઞેયરૂપ નહિ, એ જ્ઞાનમાત્ર કહેવાથી અનંત પરથી નથી એવું અનેકાંત તો આવી જાય છે. છતાં પ્રભુ અરિહંતદેવે આત્માને સમજાવવા માટે અનેકાંત સ્યાદ્વાદ કેમ કહ્યું? આહાહા..! એ.. 'શાંતિભાઈ'! આહાહા..! સમજાય છે કાંઈ?

ફલાણા શેઠને તો એક જ દીકરો છે, એકમાત્ર દીકરો છે. એમ કહેવામાં બીજો નથી એમ આવી જાય છે ને? બે નથી. એમ જ્ઞાનમાત્ર કહેવાથી આત્મામાં રાગ ને શરીર ને પરજ્ઞેય, સ્ત્રી, કુટુંબ ને પંચ પરમેષ્ઠી નથી. આહાહા..! 'છોટાભાઈ'! આવી વાત છે, પ્રભુ!

આહાહા..! શિષ્યે એટલું તો પકડી લીધું.. આહાહા..! પ્રભુ! જ્ઞાનમાત્ર. માત્ર લીધું. જ્ઞાનસ્વરૂપી ન કહેતાં જ્ઞાનમાત્ર સ્વરૂપી. એ પ્રભુ જ્ઞાનમાત્ર છે. એમ કહેતાં પ્રભુ! એ પરરૂપે નથી. શરીરરૂપે, વાણીરૂપે, મનરૂપે, કર્મરૂપે, રાગરૂપે, સ્ત્રીરૂપે, કુટુંબરૂપે, દેશરૂપે, આહાહા..! અનંત અનંત પરજ્ઞેય પરમેશ્વર, એ પરમેશ્વરપણે પણ નથી. જ્ઞાનમાત્ર કહેવાથી પોતામાં છે અને પરથી નથી એવું અનેકાંત તો આવી ગયું, સ્યાદ્વાદ તો એમાં આવી ગયું. આહાહા..!

અરિહંત ભગવાન આમ કહે છે છતાં આ સ્યાદ્વાદ, અનેકાંતનું સાધન કેમ પ્રરૂપે છે? સમજાય છે શેઠ! આહાહા..! એમ કે, વસ્તુ જ પોતે પોકારે છે ત્યાં અરિહંત ભગવાન સ્યાદ્વાદ અનેકાંતનો ઉપદેશ કેમ આપે છે?

'(ઉત્તર :-) અજ્ઞાનીઓને...' આહાહા..! આ બાજુ છે? આ બાજુ લખાણ છે. 'અજ્ઞાનીઓને જ્ઞાનમાત્ર આત્મવસ્તુની પ્રસિદ્ધિ કરવા માટે ઉપદેશે છે...' જેને એ ખબર નથી કે હું તો એક જ્ઞાનમાત્ર છું. આ દયા, દાન, વિકાર નહિ. શરીર, સ્ત્રી, કુટુંબ-પરિવાર નહિ. એમ જેને ખબર નથી એવા અજ્ઞાનીને. 'અજ્ઞાનીઓને જ્ઞાનમાત્ર આત્મવસ્તુની પ્રસિદ્ધિ કરવા માટે...' આહાહા..! જાણક સ્વભાવ ચૈતન્યપ્રકાશ સ્વરૂપે છે. એ 'જ્ઞાનમાત્ર આત્મવસ્તુની પ્રસિદ્ધિ કરવા માટે...' કોને? અજ્ઞાનીને. એણે તો બધે મુનિપણું, મુનિપણું, મુનિપણું (અર્થ કર્યો છે). અહીં તો આ લીધું છે, હજી તો અજ્ઞાનીને સમજાવે છે. આહાહા..! અપ્રતિબુદ્ધને સમજાવે છે. શરૂઆતમાં લીધું છે. પ્રભુ! આહાહા..! પક્ષપાત છોડવો. પોતે જે પકડી લીધું છે.. જે કુળમાં ઉત્પન્ન થયો, જેના સંગમાં રહ્યો એની વાત બેસી ગઈ તે તેને છોડવી કઠણ પડે છે. આહાહા..! વાડા બાંધીને બેઠા એને કઠણ પડે છે, પ્રભુ! તમારું પણ પ્રભુ! કલ્યાણ થાઓ. કોઈનું અકલ્યાણ ન થાઓ, પ્રભુ! એવી ભાવના છે. છતાં વસ્તુ તો આવી છે. આહાહા..!

'સમયસાર' માં લીધું છે. 'બંધ અધિકાર'માં છેલ્લે અને 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' માં છેલ્લે બેમાં અને 'પરમાત્મ પ્રકાશ' માં છેલ્લે લીધું છે. શું? ત્રણ જગતના પ્રાણી, ત્રણ કાળના પ્રાણી મન, વચન ને કાયાથી, કરવું, કરાવવું અને અનુમોદનથી રહિત થઈ જાઓ. આહાહા..! એવી ટીકા છે, શેઠ! ભગવાન! અમે તો તારી ભૂલ સમજાવીએ છીએ. તમારું અપમાન, અનાદર કરવા માટે નથી કહેતા. આહાહા..! ત્યાં 'સમયસાર' માં તો એમ કહ્યું છે, આ રહ્યું, લ્યો! 'બંધ અધિકાર' છે ને? બંધ અધિકારમાં છે અને સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં છે. મોટું પુસ્તક છે. 'બંધ અધિકાર' માં છેલ્લે 'જયસેનાચાર્યદેવ' ની (૨૮૩ થી ૨૮૫ ગાથાની) ટીકા છે.

'हेयस्याशेषस्य नरकादिदु:खस्य कारणत्वाद्धेयः। तस्य बंधस्य विनाशार्थं' એ બંધના નાશને માટે, એ બંધનો નાશ કરવા માટે 'विशेषभावनामाह' વિશેષ ભાવના કહેવામાં આવે છે. શું? 'सहजशुद्धज्ञानानंदैकस्वभावोऽहं' આહાહા..! ટીકા છે, ત્રણ ઠેકાણે ટીકામાં આ શબ્દ છે. સર્વવિશુદ્ધમાં છેલ્લે છે, બંધ અધિકારમાં છેલ્લે છે અને 'પરમાત્મ પ્રકાશ' માં છેલ્લે

છે. હજારો પુસ્તકો જોયા છે. અહીંયાં કહે છે, પ્રભુ! બંધના નાશને માટે તું એમ વિચાર કર કે, 'सहजशुद्धज्ञानानंदैकस्वभावोऽहं, निर्विकल्पोहं, उदासीनोहं, निरंजननिज-शुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपनिश्चयरत्नत्रयात्मकनिर्विकल्पसमाधिसंजात' નિર્વિકલ્પ શાંતિથી ઉત્પન્ન થનારા. 'वीतरागसहजानंदरूपसुखानुभूतिमात्रलक्षणेन स्वसंवेदनज्ञानेन संवेद्यो गम्यः' હું તો મારા આનંદથી, જ્ઞાનથી અનુભવમાં આવનારો છું. આહાહા..! એમ તું વિચાર કર, પ્રભુ! 'प्राप्यः, भरितावस्थोऽहं,' હું તો પૂર્ણ અવસ્થાથી ભરેલો છું. આહાહા..! જેમ પાણીથી ઘડો ભરેલો હોય. ઘડાને શું કહે છે? ઘટ.. ઘટ. પાણીથી ભરેલો છે. અંદર આનંદના પાણીથી ઘટ એટલે આત્મા ભરેલો છે. આહાહા..! 'भरितावस्थोऽहं,'.

'राग-द्वेष-मोह-क्रोध-मान-माया-लोभ-पंचेंद्रियविषयव्यापार,' રહિત, 'मनोवचनकायव्यापार' રહિત, 'द्रव्यकर्म भावकर्म-नोकर्म-ख्याति-पूजा-लाभ-दृष्टश्रुतानुभूतभोगाकांक्षारूपनिदान-मायामिथ्याशल्यत्रयादिसर्वविभावपरिणामरहितः शून्योऽहं' આહાહા..! પરથી 'शून्योऽहं'. આહાહા..! 'जगत्रये' ઊર્ધ્વ આદિ ત્રણ ક્ષેત્ર 'कालत्रयेपि' ત્રણ કાળમાં 'मनोवचनकायैः कृतकारितानुमतैश्च शुद्धनिश्चयेन, तथा सर्वे जीवाः इति निरंतर भावना कर्तव्या।' આ બધા ભગવાન છે એમ તું ભાવના કર, કહે છે. એની ભૂલ છે એ નીકળી જાય એવી ભાવના ભાવ. આહાહા..! બહુ લાંબો અર્થ છે. વિસ્તાર છે, ગુજરાતીમાં લખ્યું છે, પાનું લખ્યું છે. અહીં તો એમ લખ્યું છે. સંસ્કૃત ટીકા છે. 'જયસેનાચાર્ય' દિગંબર મુનિ છે તેમની ટીકા છે.

એમાં લખ્યું છે કે, અહો! પ્રાણીઓ! તું 'उदासीनोहं'. રાગથી ઉદાસીન તારો વીતરાગભાવ છે ને નાથ! તું તો રાગથી ઉદાસીન વીતરાગભાવ છો. પ્રભુ! તું તો મન-વચન-કાયાથી પર છો અને જગતથી અને ત્રણ કાળથી પણ પ્રભુ! તારી ચીજ ભિન્ન છે. કરવું, કરાવવું અને અનુમોદનથી પણ તારી ચીજ ભિન્ન છે. આહાહા..! સર્વ જીવો આવા છે, બધા જીવો આવા છે એવી ભાવના કર. આહાહા..! કોઈ પ્રાણી પ્રત્યે વિરોધ નથી. અંદર બધા ભગવાન છે તેની ખબર નથી પણ તું તો આવી ભાવના કર. આહાહા..! આવી ટીકા છે, ત્રણ ઠેકાણે ટીકામાં છે.

'सर्वे जीवाः' અરે..! અભવિ પણ. આહાહા..! બધા જીવ અંદર આનંદકંદ શુદ્ધ ચૈતન્ય વીતરાગની મૂર્તિ છે. એ મન, વચન ને કાયાથી ભિન્ન છે. એ મન, વચન ને કાયાથી કરવું, કરાવવું, અનુમોદનના વિકલ્પથી, રાગથી ભિન્ન છે. જગતત્રય–ત્રણ લોક અને ત્રણ કાળમાં જેવો તારો આત્મા છે એવા સર્વ આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે એવી ભાવના કર્તવ્ય છે. આહાહા..! ટીકામાં એમ લખ્યું છે. 'सर्वे जीवाः'. આહાહા..! પર્યાયમાં ભૂલ છે એ એક સમયની છે. આહાહા..! તને જેમ આનંદને પૂર્ણ કરવાનો ભાવ છે અને તારે મોક્ષ જવું છે, આઠ કર્મથી રહિત તારે થવું છે તો સર્વ જીવો, પ્રભુ! તમે આઠ કર્મથી રહિત થઈ જાઓ. આહાહા..! એવી ભાવના છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીંયા શિષ્યે પ્રશ્ન કર્યો હતો કે, તમે જ્ઞાનમાત્ર આત્મા કહ્યો ત્યાં તો જ્ઞાનમાત્રમાં અનેકાંત આવી ગયું, સ્યાદ્‌વાદ આવી ગયું. જ્ઞાનમાત્ર કહેતા કથંચિત્ જ્ઞાનમાત્ર છે અને કથંચિત્ પરરૂપે નથી. એવું અનેકાંત તો આવી ગયું. આમ આવ્યું છતાં અર્હંત ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા આત્માને સમજાવવા માટે અનેકાંતનું સાધન શા માટે કરે છે? વસ્તુ પોતે તો અનેકાંત સ્વરૂપ છે. આહાહા..! 'શાંતિભાઈ'! આહાહા..! આ પર્યુષણના દિવસ છે. ભગવાન હીરા-માણેક, અમૃતની ધારા ભગવાને વરસાવી છે. આહાહા..! ભગવાન સર્વ જીવો... આહાહા..! તું જ્ઞાનમાત્ર છો ને, પ્રભુ!

શિષ્યે પ્રશ્ન કર્યો, ભગવાન! આપે કહ્યું તે મને ખ્યાલમાં આવી ગયું. જ્ઞાનમાત્ર કહેવામાં પરરૂપ, રાગ, દ્વેષ, કર્મ, શરીર, વાણી, મન, પર, દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ નહિ. એ જ્ઞાનમાત્ર કહેવાથી જ અનેકાંત તો આવી જાય છે. અનેકાંત એટલે? અનેક ધર્મ, સ્યાદ્‌વાદ. જ્ઞાનમાત્ર કહેવાથી કથંચિત્ હું જ્ઞાનમાત્ર છું અને કથંચિત્ પરથી નહિ, એમ જ્ઞાનમાત્ર કહેવાથી અનેકાંત, સ્યાદ્‌વાદ આવી જાય છે. છતાં સર્વજ્ઞ ભગવાને સ્યાદ્‌વાદનું સાધન કેમ કર્યું? છે?

ભગવાન! અહીં તો ત્રણલોકના નાથની વાણી છે, ભાઈ! અહીં કોઈ પક્ષ નથી, કોઈ વાડો નથી. અહીં કોઈ પક્ષમાં છે નહિ. આહાહા..! ત્રણ લોકના નાથ પરમાત્માએ કહેલો માર્ગ, એ માર્ગમાં કહે છે, શિષ્યને આપે તો સમજાવ્યું કે તું જ્ઞાનમાત્ર છો. એમાં પ્રભુ! અનેકાંત આવી ગયું. અનેક અંત. કેમ? કે, જ્ઞાનમાત્ર કહેવાથી જ્ઞાનમાત્ર છે અને અન્યથી નથી. શરીર, વાણી, મન, કર્મ, દેવ-ગુરુ-શાસ્ત્રરૂપે નથી. એવું અનેકાંત તો એમાં આવી ગયું. છતાં જૈન પરમેશ્વર આત્માને અનેકાંત સ્યાદ્‌વાદના સાધનથી આત્માને સમજાવે છે તેનું શું કારણ છે? સમજાય છે કાંઈ?

કહે છે, 'અજ્ઞાનીઓને...' આહાહા..! 'અજ્ઞાનીઓને જ્ઞાનમાત્ર આત્મવસ્તુની પ્રસિદ્ધિ કરવા માટે...' અજ્ઞાનીને જ્ઞાનમાત્ર તું છે, તું પુણ્ય, દયા, દાન નહિ, કામ, ક્રોધ નહિ, શરીરની ક્રિયા નહિ (એમ બતાવવા માટે કહ્યું). આહાહા..! અજ્ઞાનીને, હવે આમાં એકલા મુનિ માટે છે એમ ક્યાં આવ્યું? આ તો અજ્ઞાની આવ્યું. મુનિ માટે જ આ કહ્યું છે (એમ નથી). અપ્રતિબુદ્ધ તો આવે છે, અપ્રતિબુદ્ધને સમજાવે છે એવી ગાથા આવે છે. અપ્રતિબુદ્ધને સમજાવે છે. આહાહા..!

અહીં એ કહ્યું, 'અજ્ઞાનીઓને...' જ્ઞાનમાત્ર ચીજ છે તો એવી કે પરથી તો ત્રિકાળ નથી. સ્વથી છે. એવા અનંત ધર્મ, અનેકાંત સ્યાદ્‌વાદ તો આવી ગયું પણ અજ્ઞાનીને ખબર નથી. 'અજ્ઞાનીઓને જ્ઞાનમાત્ર આત્મવસ્તુની પ્રસિદ્ધિ...' જ્ઞાનમાત્ર આત્માની પ્રસિદ્ધિ 'કરવા માટે ઉપદેશે છે...' અર્હંત ભગવાનની દિવ્યધ્વનિમાં આવો જ્યારે ઉપદેશ આવ્યો કે તું જ્ઞાનમાત્ર છો અને પરરૂપે નથી. પણ એ અજ્ઞાનીને સમજાયું નહિ તો તેને સમજાવવા માટે આ સ્યાદ્‌વાદનો અર્થ કર્યો છે. આહાહા..! અરે..! આવી વાત છે, પ્રભુ! આહાહા..! પહેલી અહીં તો દૃષ્ટિ

અને દ્રવ્ય સ્વભાવ શું છે તે પહેલી ચીજ છે. એ ચીજ વિના બધું એકડા વિનાના મીંડા છે. આહાહા..!

'એમ અમે કહીએ છીએ.' જુઓ! આચાર્ય કહે છે, 'અમૃતચંદ્રાચાર્ય' પંચ મહાવ્રતધારી મહામુનિ ભાવલિંગી (સંત) એમ કહે છે કે, અમે આમ કહીએ છીએ. ભગવાન અર્હંત તીર્થંકરો જ્ઞાનમાત્ર વસ્તુ કહેતા આવ્યા છે તેમાં અનેકાંત તો આવી ગયું, પરથી નથી એમ તો આવી ગયું. તો અનેકાંતનો ઉપદેશ શા માટે આપે છે? આત્માનું સાધન અનેકાંત છે એમ શા માટે કહે છે? અજ્ઞાનીઓને, જેને જ્ઞાન નથી... આહાહા..! જેને આત્માની કંઈ ખબર જ નથી.. આહાહા..! બહુ સારી વાત આવી. આહાહા..! જ્ઞાનમાત્ર આત્મવસ્તુ, જ્ઞાનમાત્ર આત્મવસ્તુ. વસ્તુ હોં! વસ્તુ શું? જેમાં અનંત ગુણ વસે તે વસ્તુ. અનંત ગુણ જેમાં વસે તે વસ્તુ. વાસ્તુ લે છે ને? વાસ્તુ. એ વાસ્તુ પીપળા ઉપર કે લીમડા ઉપર લે છે? કે મકાન હોય ત્યાં વાસ્તુ લે છે? આહાહા..! એમ ભગવાન આત્મા વસ્તુ છે. કેમ? કે, અનંત ગુણ એમાં વસ્યા છે. ત્યાં અનંત કાળથી વાસ્તુ લીધું છે. આહાહા..! આરે.. આરે..! આવી વાત.

ભગવાન! તું વસ્તુ છો ને, પ્રભુ! તો વસ્તુ એને કહીએ કે એમાં અનંત ગુણે વાસ કર્યો છે. અનંત ગુણે વાસ કર્યો છે. અનંત ગુણ ત્યાં જામી ગયા છે. આહાહા..! અરે..! આવો ઉપદેશ કેવો પ્રભુ! અરે..! ઇન્દ્રો પાસે અને ચાર જ્ઞાનના ધણિ ગણધરો પાસે વીતરાગની વાણી નીકળે એ કેવી હશે? આહાહા..! સાધારણ કથા અને સાધારણ માણસ રાજી રાજી થઈ જાય એવી વાત હશે? આહાહા..!

'અજ્ઞાનીઓને જ્ઞાનમાત્ર આત્મવસ્તુની પ્રસિદ્ધિ કરવા માટે ઉપદેશે છે એમ અમે કહીએ છીએ.' 'અમૃતચંદ્રાચાર્ય' મુનિ કહે છે કે, ભગવાને આમ કેમ કહ્યું? કે, અમે કહીએ છીએ કે અજ્ઞાનીને સમજાવવા માટે કહ્યું છે. જ્ઞાનમાત્ર આત્મા જેઓ સમજતા નથી તેને સમજાવવા માટે ભગવાને કહ્યું છે એમ અમે કહીએ છીએ. આહાહા..! શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. આહાહા..!

'ખરેખર અનેકાંત (-સ્યાદ્વાદ) વિના જ્ઞાનમાત્ર આત્મવસ્તુ જ પ્રસિદ્ધ થઈ શકતી નથી.' છે? કારણ આપ્યું. 'ખરેખર...' વાસ્તવિક રીતે સ્યાદ્વાદ એટલે આત્મા છે અને પરથી નથી, એવા સ્યાત્ અપેક્ષાએ કથન વિના 'જ્ઞાનમાત્ર આત્મવસ્તુ જ પ્રસિદ્ધ થઈ શકતી નથી. તે નીચે પ્રમાણે સમજાવવામાં આવે છે :-' આહાહા..! હવે કહે છે.

'સ્વભાવથી જ બહુ ભાવોથી ભરેલા આ વિશ્વમાં...' વિશ્વ-જગત છે તે સ્વભાવથી જ છે, કોઈએ બનાવ્યું નથી. કોઈ ઈશ્વર-બિશ્વર છે નહિ. 'સ્વભાવથી જ...' આહાહા..! 'બહુ જ ભાવોથી ભરેલા...' બહુ જ ભાવોથી ભરેલા, એમ કહ્યું. દ્રવ્ય કહો કે ભાવ કહો. બહુ દ્રવ્યથી ભરેલા. આહાહા..! 'સ્વભાવથી જ બહુ ભાવોથી ભરેલા આ વિશ્વમાં સર્વ ભાવોનું સ્વભાવથી અદ્વૈત હોવા છતાં,...' સર્વ ભાવ, વસ્તુ, સ્વભાવથી અદ્વૈત-એક હોવા છતાં, સ્વભાવથી એક હોવા છતાં 'દ્વૈતનો નિષેધ કરવો અશક્ય હોવાથી...' બેપણાનો નિષેધ કરવો

અશક્ય હોવાથી 'સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવૃત્તિ અને પરરૂપથી વ્યાવૃત્તિ...' એવા બે બોલ આવ્યા વિના રહેતા નથી. સમજાય છે કાંઈ? આહાહા..! શું કહ્યું?

જગતની સમસ્ત વસ્તુ. સમસ્ત, હોં! આત્મા, પરમાણુ, છ દ્રવ્ય. 'સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવૃત્તિ...' દરેક ચીજ પોતાના સ્વરૂપમાં પ્રવૃત્તિ 'અને પરરૂપથી વ્યાવૃત્તિ...' નિવૃત્તિ એવા 'બન્ને ભાવોથી અધ્યાસિત છે...' આહાહા..! '(અર્થાત્ સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવર્તતી હોવાથી અને પરરૂપથી ભિન્ન રહેતી હોવાથી દરેક વસ્તુમાં બન્ને ભાવો રહેલા છે).' આહાહા..! અરે..! શું કહ્યું?

પ્રત્યેક ચીજ, અનંત દ્રવ્ય જે ભગવાને જોયા તે, પોતાના ભાવથી અદ્વૈત હોવા છતાં. વસ્તુ પોતે એક હોવા છતાં, દ્વૈતનો નિષેધ કરવો અશક્ય છે. બેપણાનો નિષેધ કરવો અશક્ય છે. એક છે તે પરથી નથી એવું દ્વૈતપણું આવી જાય છે. આહાહા..! આવો ઉપદેશ. આહાહા..!

'સ્વભાવથી જ...' જોયું? 'જ' કહ્યું છે. ચૌદ બ્રહ્માંડનો કોઈ કર્તા નથી. 'સ્વભાવથી જ બહુ ભાવોથી ભરેલા...' ઘણા પદાર્થથી ભરેલા 'આ વિશ્વમાં...' છ દ્રવ્યથી ભરેલા (વિશ્વમાં) 'સર્વ ભાવોનું સ્વભાવથી અદ્વૈત...' પોતાના સ્વભાવથી એક, અદ્વૈત એટલે એક, દ્વૈત નહિ. 'અદ્વૈત હોવા છતાં, દ્વૈતનો નિષેધ કરવો અશક્ય હોવાથી...' પરપણે નથી એવા દ્વૈતનો નિષેધ કરવો અશક્ય છે. આહાહા..!

'સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવૃત્તિ અને પરરૂપથી વ્યાવૃત્તિ વડે બન્ને ભાવોથી અધ્યાસિત છે (અર્થાત્ સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવર્તતી હોવાથી અને પરરૂપથી ભિન્ન રહેતી હોવાથી...)' આહાહા..! આત્મા જ્ઞાન સ્વરૂપે રહેવાથી, આત્મા રાગ, દ્વેષ, કર્મ, શરીર, વાણી, અન્ય પદાર્થ રૂપે નહિ થવાથી. આહાહા..! આવ્યું? '(પરરૂપથી ભિન્ન રહેતી હોવાથી દરેક વસ્તુમાં બન્ને ભાવો રહેલા છે).' દરેક વસ્તુમાં બે ભાવ રહેલા છે. પોતાપણે છે, પરપણે નથી. આહાહા..! વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

પ્રવચન નં. ૪૬૮ પરિશિષ્ટ શનિવાર, ભાદરવા સુદ ૧૧, તા. ૨૦-૦૯-૧૯૮૦

---

'સમયસાર' ચાર લીટી ચાલી છે. ફરીને. ડૉક્ટરને પેરેગ્રાફ બતાવો. 'સ્વભાવથી જ બહુ ભાવોથી ભરેલા...' છે? શું કહે છે? આ જગત સ્વભાવથી જ બહુ ભાવો એટલે પદાર્થ. અનંત આત્મા, અનંત રજકણો વગેરે. 'બહુ ભાવોથી ભરેલા આ વિશ્વમાં સર્વ ભાવોનું સ્વભાવથી અદ્વૈત હોવા છતાં,...' બધા પદાર્થો સ્વભાવથી એકરૂપ હોવા છતાં. આત્મા આત્મારૂપે, પરમાણુ પરમાણુરૂપે (હોવા છતાં). આહાહા..! થોડી ઝીણી વાત છે. દરેક વસ્તુ પોતે અદ્વૈત એકરૂપ હોવા છતાં 'દ્વૈતનો નિષેધ કરવો અશક્ય હોવાથી...' પરનો તેનામાં અભાવ છે. આત્મા

આત્મામાં છે એ અસ્તિ અને આત્મા રાગ-દ્વેષ, શરીર, કર્મ આદિ પરપદાર્થથી નથી એ નાસ્તિ. આહાહા..!

દરેક પદાર્થમાં અસ્તિ-નાસ્તિ... કહ્યું ને? ‘સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવૃત્તિ...’ દરેક ચીજ પોતાની ચીજમાં પ્રવર્તતી અને ‘પરરૂપથી વ્યાવૃત્તિ...’ પરથી નિવૃત્તિ. આહાહા..! ‘વડે બન્ને ભાવોથી અધ્યાસિત...’ દરેક વસ્તુ બન્ને ભાવથી (અર્થાત્) પોતાથી છે અને પરથી નથી. આત્મા આત્માથી છે, શરીર, કર્મ, પુણ્ય-પાપના, દયા, દાનના રાગ-દ્વેષના ભાવ છે પણ તે રૂપે આત્મા નથી. આહાહા..!

દરેક ચીજ પોતાથી હોવા છતાં, અદ્વૈત નામ એકરૂપે પ્રત્યેક વસ્તુ હોવા છતાં દ્વૈતપણાનો નિષેધ કરી શકાતો નથી. દ્વૈતનો અર્થ? બીજી ચીજનો તેનામાં અભાવ છે. પોતાથી ભાવ છે અને પરથી અભાવ છે એવા બે ભાવો રાખે છે. તેની અજ્ઞાનીને ખબર નથી. આહાહા..! છે?

‘પરરૂપથી વ્યાવૃત્તિ વડે બન્ને ભાવોથી અધ્યાસિત છે (અર્થાત્ સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવર્તતી હોવાથી...)’ દરેક વસ્તુ પોતાની શક્તિમાં, પોતાની દશામાં, પોતાના ગુણમાં પ્રવર્તમાન હોવાથી અને પરરૂપથી ભિન્ન રહેવાથી. આહાહા..! ભગવાન આત્મા પોતાના સ્વરૂપે છે. શરીર, વાણી, મન, પુણ્ય-પાપ આદિ ભાવથી એ વસ્તુ રહિત છે. વસ્તુ તરીકે એક છે છતાં તેમાં દ્વૈતપણું આવી જાય છે. શું દ્વૈતપણું? સ્વપણે છે અને પરપણે નથી. આહાહા..! ‘(વસ્તુમાં બન્ને ભાવો રહેલા છે).’ ગઈકાલે ત્યાં સુધી આવ્યું હતું. આહાહા..!

અનંત ચીજ છે તો દરેક ચીજ સ્વતંત્ર એકરૂપ છે. એ કોઈ પરરૂપ થઈ નથી ગઈ. અંદર આત્મા છે એ શરીરરૂપ, કર્મરૂપ કે પુણ્ય-પાપના રાગરૂપ થઈ ગયો નથી. એ પોતાથી છે અને પરથી નિવૃત્ત છે. આહાહા..! ક્યારે આવું બેસે? પોતાની ચીજ અંદર સચ્ચિદાનંદ પ્રભુ, સત્ નામ કાયમ રહેનાર અને ચિદ્ નામ જ્ઞાન અને આનંદ, જ્ઞાન અને આનંદથી આત્મા પોતાથી ભાવરૂપ છે, પોતાથી અસ્તિત્વરૂપ છે છતાં પરરૂપથી નાસ્તિ છે. એક અદ્વૈત હોવા છતાં પરરૂપથી નથી એવું દ્વૈત દરેક વસ્તુમાં લાગુ પડે છે. દરેક ચીજમાં બન્ને ભાવ રહે છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

અંદર આત્મા છે એ શરીરથી નથી પણ એ શરીરને અડતો પણ નથી. જે વસ્તુથી તે નથી એ ચીજને તે અડતો નથી. આહાહા..! આવી વાત છે આ. આ આંગળી છે, આંગળી, આંગળી, ‘ગાંગુલીજી’! આ આંગળી છે તે આ આંગળીથી નથી. આ આંગળી આંગળીપણે અદ્વૈત એકરૂપ છે, અંદર છે તો અનંત પરમાણુ, પણ આ તો દૃષ્ટાંત, પોતાપણે છે એ પોતાનો ભાવ અને આ પણે નથી એવો નાસ્તિભાવ. એટલે એક ચીજમાં બે ભાવ કાયમ રહે છે પણ એક ભાવ બીજા રૂપે થતો નથી. આહાહા..! અસ્તિ-નાસ્તિ. આવી વસ્તુ છે. ધર્મને નામે કદી વિચાર જ કર્યો નથી. આહાહા..! કાલે અહીં સુધી આવ્યું હતું. ‘(વસ્તુમાં બન્ને ભાવો રહેલા છે).’ કૌંસમાં છે ને? કૌંસમાં. દરેક વસ્તુ પોતાથી છે અને પરથી નથી

એવા બન્ને ભાવો રહેલા છે. બન્ને ભાવો તેમાં રહે છે. આહાહા..! કાલે અહીં સુધી તો આવ્યું હતું.

'ત્યાં, જ્યારે આ જ્ઞાનમાત્ર આત્મા...' ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્મા, પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ પ્રભુ,... આહાહા..! 'શેષ (બાકીના) ભાવો સાથે...' પોતાના સ્વભાવ સિવાય બાકીના બધા ભાવો સાથે–પદાર્થ સાથે. શરીર સાથે, રાગ સાથે, પુણ્ય સાથે, સ્ત્રી, કુટુંબ-પરિવાર, ધંધા આદિથી આત્મા તો રહિત છે. આહાહા..! છે? 'આ જ્ઞાનમાત્ર ભાવ (–આત્મા), શેષ (બાકીના) ભાવો સાથે નિજ રસના ભારથી પ્રવર્તેલા...' પોતાના નિજ રસના ભારથી પ્રવર્તેલા. 'જ્ઞાતા-જ્ઞેયના સંબંધને લીધે...' આહાહા..! પોતાનો આત્મા તો જ્ઞાતા–જાણનારો છે અને અંદર દયા, દાન, ભક્તિ કે શરીર, વાણી, મન બધા જ્ઞેય (છે). એ જ્ઞાતા અને જ્ઞેયનો સંબંધ છે પણ એ જ્ઞાતા-જ્ઞેય સંબંધને કારણે 'અનાદિ કાળથી જ્ઞેયોના પરિણમનને લીધે જ્ઞાનતત્ત્વને...' આહાહા..! આ જ્ઞાનસ્વરૂપી ભગવાન! અનાદિથી એવું માની રાખ્યું છે કે હું રાગ છું, શરીર છું, પુણ્ય છું, પાપ છું, જે ચીજ એનામાં નથી એ ચીજમાં પોતે છે એમ માનીને આત્માનો નાશ કરે છે. આહાહા..! ઝીણી વાત છે.

અનાદિકાળથી.. 'અનંત કાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન.' હું સમજુ છું, મને આવડે છે, મારામાં આવડત છે એવા અભિમાનમાં... આહાહા..! પોતાની ચીજ અંદરમાં પોતાથી છે અને જ્ઞેયથી નથી. જ્ઞેયને જાણે છતાં જ્ઞેયરૂપ નથી. છતાં અજ્ઞાની એ જ્ઞેયને પોતાના માને છે. આહાહા..! જ્ઞાનસ્વરૂપી આત્મામાં જ્ઞાતા-જ્ઞેય સંબંધને કારણે. ફક્ત એ તો જાણવા લાયક છે અને આત્મા જાણનાર છે, એટલી વાત છે. બીજી કોઈ ચીજ છે નહિ. છતાં 'અનાદિકાળથી જ્ઞેયોના પરિણમનને લીધે...' જે જ્ઞેય વસ્તુ શરીર, વાણી, મન એ જ્ઞેય છે. એ જ્ઞાનમાં જાણવા લાયક છે. તેના પરિણમનને લીધે. પરપદાર્થ પલટે છે તે કારણે 'જ્ઞાનતત્ત્વને પરરૂપે માનીને...' આહાહા..!

આ ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રજ્ઞાસ્વરૂપી બ્રહ્મ, એ પોતાને પરના પરિણમનને પોતારૂપે માનીને, હું પરને પરિણમાવું છું અને એ ચીજ મારી છે (એમ માને છે). આહાહા..! વાત ઝીણી બહુ, ભાઈ! પુસ્તક છે? 'સોગાની'! નથી. બહુ દૂરથી આવ્યા છે તો.. છે અંદર? બતાવો ક્યાં આવ્યું છે? આહાહા..! 'જ્ઞાનતત્ત્વને પરરૂપે માનીને...' ઇ શું કહે છે? કે, પર વસ્તુ પરિણમે છે, બદલે છે, શરીર, વાણી, મન, કર્મ, શરીરાદિ, આ દરેક વસ્તુ (બદલે છે) તે પોતાને કારણે પરિણમે છે પણ એ 'જ્ઞેયોના પરિણમનને લીધે જ્ઞાનતત્ત્વને પરરૂપે માનીને (અર્થાત્ જ્ઞેયરૂપે અંગીકાર કરીને)...' આહાહા..! મને જે ચીજ જણાય છે તે મારી છે એમ અજ્ઞાની માને છે. ઓહોહો..! બહુ આકરી વાત. એક ચૈતન્ય તત્ત્વ સહજાત્મ સ્વરૂપ પ્રભુ, સહજાનંદ સ્વરૂપ આત્મા, અનંત ગુણથી ભરેલો સર્વાંગ જ્ઞાન અને આનંદથી ભરેલો છે એ પોતાથી અસ્તિ છે અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી માંડીને દેવ-ગુરુ-

શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ-પરિવાર, શરીર, વાણી, મન એ જ્ઞેય છે. એ જ્ઞેયનું પરિણમન બદલાય છે તે મારાથી બદલાય છે અને એ ચીજ મારી છે એમ અજ્ઞાની પોતાના જ્ઞાનને ભિન્ન નહિ માનીને, પરરૂપે માનીને પોતાનો નાશ કરે છે. આહાહા..! ડૉક્ટર! ઝીણી વાત છે. દવાના એક રજકણપણે પણ આત્મા નથી, એમ કહે છે. 'કલકત્તા'થી આવ્યા છે. આહાહા..! શું કહે છે? પ્રભુ!

પોતાની અંદર ચૈતન્યનું અસ્તિત્વ, જાણવું જેનું શરીર છે, આ શરીર નહિ, જાણન.. જાણન... જાણન.. જાણન જ્ઞાયક જેનું સ્વરૂપ છે, એનું સ્વરૂપ કહો કે શરીર કહો, વસ્તુ એક છે, એ પોતાથી છે અને પરને જાણવાની તાકાત છે તો પરને જાણવાથી મારી ચીજ છે એમ માની લે છે. સ્ત્રી મારી, પૈસા મારા, આબરૂ મારી, મકાન મારું કે દીકરો મારો કે દીકરી મારી... આહાહા..!

મુમુક્ષુ :– દીકરો, દીકરી કોના?

ઉત્તર :– એ તો એના છે. 'સુમનભાઈ' એમના દીકરા છે ને! આઠ હજારનો મહિને પગાર મળે છે. 'મુંબઈ' હમણા આવ્યો હતો. ૯૮ વર્ષ બેઠું ને! ભાદરવા સુદ ૪. ૯૮ વર્ષ બેઠું, ૧૦૦ માં બે ઓછા. આવ્યો હતો. એ કહે છે કે, એ દીકરો મારો છે કે નહિ? 'ડાલચંદજી' 'ભગવાનદાસ' નો છે કે નહિ? આહાહા..! કોઈ તત્ત્વ કોઈ તત્ત્વનું ત્રણ કાળમાં છે નહિ. આહાહા..!

અહીં એ કહ્યું, 'જ્ઞાતા-જ્ઞેયના સંબંધને લીધે...' આ જાણનાર છે અને રાગ, શરીર, વાણી, સ્ત્રી, કુટુંબ એ બધા જ્ઞેય–જાણવાલાયક છે. જાણનારો આત્મા છે અને એ ચીજ જાણવાલાયક છે. એમ નહિ માનીને 'અનાદિ કાળથી જ્ઞેયોના પરિણમનને લીધે જ્ઞાનતત્ત્વને પરરૂપે માનીને...' આ જ્ઞાનતત્ત્વ જે આત્મા છે એ પરને જાણે છે પણ જાણવા ઉપરાંત પર મારા છે એમ માને છે. આહાહા..! આ જડ શરીરની ક્રિયા, એક એક પરમાણુ... આહાહા..! આ આંગળી જે હલે છે તે જડથી છે, આત્માથી નહિ. આત્મા સ્વતત્ત્વથી છે અને પર તત્ત્વથી નથી. આહાહા..! પરથી નથી તો પરનું શું કરી શકે?

મુમુક્ષુ :– આખી દુનિયાને હલાવી દે.

ઉત્તર :– આખી દુનિયા ગાંડી, પાગલ છે. આહાહા..! ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમાત્મા ત્રણ કાળ અને ત્રણ લોકને જાણનારા આત્મા પ્રભુ, એ જેને પ્રગટ થઈ ગયો એવા સર્વજ્ઞ પરમાત્મા ત્રિકાળ જ્ઞાની મહાવિદેહમાં બિરાજે છે. એ ત્રિકાળમાં પરનું જ્ઞાન થાય છે પણ પર મારું છે એવી ચીજ નથી. આહાહા..! ગજબ વાત આકરી. એક રજકણ, દીકરો તો શું પણ શરીરનો એક રજકણ મારો છે એમ ત્રણકાળમાં નથી. એ કહે છે, જુઓ!

'જ્ઞાનતત્ત્વને પરરૂપે માનીને (અર્થાત્ જ્ઞેયરૂપે અંગીકાર કરીને)...' જ્ઞેય જાણવાલાયક છે એને ઠેકાણે (માને છે કે) આ મારી ચીજ છે. આહાહા..! જ્ઞાનમાં જ્ઞેય જણાય છે. જણાય

છે તો એમ માને છે કે એ મારી ચીજ છે. હું એને જાણું છું તો એ જણાનારી ચીજ મારી છે એમ અજ્ઞાની માને છે. આકરી વાત છે, પ્રભુ! આહાહા..! અનંત કાળ રખડ્યો, ચોરાશીના અવતાર, અનંત અનંત અવતાર કર્યા. કેમકે ભગવાન આત્મા તો શાશ્વત છે, નિત્ય છે. એ કોઈ ક્ષણિક નથી. એક ભવરૂપે નથી, અનંત ભવ કર્યા. કેમ કર્યા? કે, પરને પોતાના માનીને એણે ભવ કર્યા. આહાહા..! જેણે પરને પોતાનું માન્યું તે પરના સંયોગથી રહિત કદી થઈ શકે નહિ. એટલે ભવરહિત કદી થઈ શકે નહિ. આહાહા..! જેણે પોતાના આત્માને એક રજકણથી પણ પોતાનો માન્યો તો એ રજકણના સંયોગથી રહિત કદી થઈ શકે નહિ, આહાહા..! તો એને કદી ધર્મ કે મુક્તિ થશે નહિ. આહાહા..! કઠણ વાત છે, સૂક્ષ્મ વાત છે. એ કહ્યું.

'અજ્ઞાની થયો થકો નાશ પામે છે,...' છે? પરને પોતાનું માની અજ્ઞાની થયો થકો, પોતે જાણનાર હું ભિન્ન છું એમ નહિ માનીને, જણાનારી ચીજ જ મારી છે એમ માનીને પોતાનો નાશ કરે છે. આહાહા..! સૂક્ષ્મ વાત છે. તત્ત્વ સિદ્ધાંત છે. બહુ સરસ વાત છે. આહાહા..!

પ્રત્યક્ષ દેખાય છે, એક ચીજ બીજી ચીજમાં નથી. શરીર છૂટે તો એમ નથી કહેતા કે જીવ ગયો? એ મરી ગયો, એમ કહે છે? આત્મા દેહમાંથી છૂટી જાય, ક્ષણમાં છૂટી જાય. એ.. જીવ ગયો (એમ કહે). જીવ ગયો પણ જીવ ગયો ને? રહ્યો ને? ગયો ત્યાં રહ્યો ને? આહાહા..! એ આત્મા તો જ્યાં-ત્યાં પોતાથી જ છે. આહાહા..! અહીંયા પણ પોતાથી છે, જ્યાં જાય ત્યાં પણ પોતાથી છે, પરથી કોઈ દિવસ નથી. આહાહા..! પણ કદી આ વાત (સાંભળી નથી). ચોથી ગાથા છે. પેલા ભાઈએ લીધું છે, ભૂલ કાઢી છે ને? 'વિદ્યાસાગર' ની ભૂલ કાઢી છે એમાં ઘણા બોલ કાઢ્યા છે એમાં આ લીધું છે કે, ચોથી ગાથામાં એમ આવ્યું છે ને? કે, 'सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा' એ મુનિની વાત છે? એ તો અજ્ઞાનીની વાત છે. શ્રુત, પરિચિત. સાંભળ્યું છે અને પરિચિત પરનો છે અને રાગનો અનુભવ થયો છે. 'सुदपरिचिदाणुभूदा सव्वस्स वि काम' એટલે ઇચ્છા અને ભોગ. રાગ ઇચ્છા અને રાગનો ભોક્તા. સર્વ પ્રાણીએ અનંત વાર કર્યું છે પણ... આહાહા..! 'सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा। एयत्तस्सुवलंभो' પણ પરથી હું ભિન્ન છું એ વાત એણે કદી સાંભળી નથી. 'સમયસાર' ની ચોથી ગાથા છે. આહાહા..! તો શું આ મુનિને કહે છે? અજ્ઞાનીને કહે છે. ત્યારે ઇ કહે છે કે, બધે જ્ઞાની લખ્યું છે તે મુનિ લેવા. જ્ઞાની સમકિતીને પણ કહે છે. પહેલા આવ્યું છે. મિથ્યાદૃષ્ટિની સભા છે. એમ અંદર લખ્યું છે. તેને સમ્યગ્દૃષ્ટિ બતાવે છે. છે? એમાં છે કે નહિ? પહેલો અધિકાર છે. છે? ક્યાં છે?

'અહીં પ્રથમ રંગભૂમિસ્થળ કહ્યું. ત્યાં જોનારા તો સમ્યગ્દૃષ્ટિ પુરુષ છે...' છે? ૭૯ પાનું હિન્દીમાં છે. નીચેનો પેરેગ્રાફ. 'ત્યાં જોનારા તો સમ્યગ્દૃષ્ટિ પુરુષ છે તેમ જ બીજા

મિથ્યાદૃષ્ટિ પુરુષોની સભા છે,...' છે? આહાહા..! 'તેમને બતાવે છે.' છે? શેઠ! શેઠને મળ્યું? આ શાસ્ત્ર સમકિતી, મિથ્યાદૃષ્ટિને બતાવે છે. આહાહા..! છે? 'ત્યાં જોનારા તો સમ્યગ્દૃષ્ટિ પુરુષ છે તેમ જ બીજા મિથ્યાદૃષ્ટિ પુરુષોની સભા છે, તેમને બતાવે છે.' આહાહા..! બસ! એટલું લેવું છે. આહાહા..!

આપણે તો અહીં ચાલે છે, છેલ્લી વાત. શું કહે છે? કે, આત્મા જ્ઞાતા છે, જાણનાર છે. બીજી ચીજ જણાવાયોગ્ય છે. તેટલો સંબંધ નહિ માનીને, બીજી ચીજ જે જાણવાલાયક છે તે મારી છે એમ માનીને, ભિન્ન અનુભવ કરતા નથી. હું પરથી તદ્દન ભિન્ન છું. શરીરથી ભિન્ન છું, વાણીથી ભિન્ન છું, કર્મથી ભિન્ન છું, મનથી ભિન્ન છું, બાકી ચીજ તો ક્યાંય દૂર રહી ગઈ. આ સ્ત્રી, કુટુંબ-પરિવાર એ કોઈ સંસાર નથી. એ કહ્યું હતું. સંસાર તો પોતાની પર્યાયમાં ત્રિકાળને ભૂલીને રાગને પોતાનો માનવો, પરને પોતાના માનવા એ સંસાર છે. સંસાર સ્ત્રી, કુટુંબ-પરિવાર નથી. ડૉક્ટર (ગાંગુલી) તો પરણેલા નથી, બ્રહ્મચારી છે. એને તો સ્ત્રી, દીકરો કાંઈ નથી. આહાહા..! અહીંયા કહે છે...

મુમુક્ષુ :– દુર્ઘટનામાં પડ્યા નથી.

ઉત્તર :– હા, દુર્ઘટના ભાઈ 'હુકમચંદજી' એ લખ્યું છે. 'હુકમચંદજી' એ 'દશલક્ષણ ધર્મ' પુસ્તક છે એમાં લખ્યું છે. છેલ્લા તીર્થંકર 'મહાવીર' ભગવાન હતા તેમણે લગ્ન નહોતા કર્યા. ચોવીશ તીર્થંકરમાંથી પાંચ તીર્થંકરોએ લગ્ન નહોતા કર્યા. 'વાસુપૂજ્ય', 'મલ્લિનાથ', 'નેમિનાથ', 'પાર્શ્વનાથ', 'મહાવીરસ્વામી'. આ પાંચ ભગવાને લગ્ન નહોતા કર્યા. 'મહાવીર' ભગવાનને સ્ત્રી નહોતી. શ્વેતાંબર લોકો ઠરાવે છે કે લગ્ન કર્યા હતા ને દીકરી હતી અને દીકરીના જમાઈ જમાળી હતા. એ તો બાળ બ્રહ્મચારી હતા. ચોવીશ તીર્થંકરમાંથી પાંચ તીર્થંકર તો બાળ બ્રહ્મચારી હતા. 'વાસુપૂજ્ય' ૧૨, 'મલ્લિનાથ' ૧૯, 'નેમિનાથ' ૨૨, 'પાર્શ્વનાથ' ૨૩, 'મહાવીરસ્વામી' ૨૪. આહાહા..! ૧૨, ૧૯, ૨૨, ૨૩, ૨૪. એ ચોવીશ તીર્થંકરમાંથી પાંચ તો બાળ બ્રહ્મચારી હતા. 'હુકમચંદજી' એ 'દશલક્ષણ ધર્મ' માં લખ્યું છે કે, સ્ત્રી પરણ્યો એને દુર્ઘટના થઈ ગઈ. દુર્ઘટના વ્હોરી છે. ઉપાધી વ્હોરી છે. હવે સ્ત્રી સાથે વિષય ને સ્ત્રીને રાજી રાખવી ને અને ખુશ કરવી. આહાહા..! સ્ત્રી પરણ્યો એને દુર્ઘટના થઈ. એને દુર્ઘટના શરૂ થઈ ગઈ. આહાહા..! એમ લખ્યું છે. આહાહા..! 'મહાવીર' ભગવાનને દુર્ઘટના નહોતી થઈ. આહાહા..! એ તો આત્માના આનંદમાં પહેલેથી બાળ બ્રહ્મચારી હતા. આહાહા..!

અહીં કહે છે, કે 'જ્ઞાનતત્ત્વને પરરૂપે માનીને (અર્થાત્ જ્ઞેયરૂપે અંગીકાર કરીને) અજ્ઞાની થયો થકો નાશ પામે છે,...' આહાહા..! પોતાના જ્ઞાનમાં પરચીજને જાણીને, જેમ અરીસો છે અરીસો, અરીસામાં પરચીજ જણાય છે તે પરચીજ નહિ. અરીસો છે ને? દર્પણ. સામે અગ્નિ અને બરફ હોય તો અગ્નિ અને બરફ અંદર અરીસામાં દેખાય છે. એ અગ્નિ, બરફ છે? અરીસાની અવસ્થા છે. એમ આ જ્ઞાન-અરીસામાં શરીર, વાણી, મન, રાગાદિ

જાણે છે, જણાય છે પણ એ ચીજ કંઈ પરની નથી, જણાયું તે તો પોતાની અવસ્થા છે, ચીજ પર છે. અરીસાથી અગ્નિ અને બરફ પર છે પણ અંદર જે પર્યાય થઈ છે તે અરીસાની છે. એમ જાણવા-દેખવાની પર્યાય, પરને જાણવા-દેખવાની પર્યાય પોતાની છે અને પરચીજ તો પરમાં છે. આહાહા..! આવું ક્યાં નક્કી કરવા જાય?

અહીંયા શું કહે છે? 'અજ્ઞાની થયો થકો...' પોતાને પોતાથી જ્ઞાતા-દૃષ્ટાપણે અંતરમાં અનુભવ નહિ કરીને અને હું જ્ઞાન જ છું એમ નહિ માનીને જ્ઞેય જે વસ્તુ છે તેને જાણે છે, જાણીને પોતાની માને છે, એવો અજ્ઞાની થયો થકો 'નાશ પામે છે,...' પોતાનો નાશ કરે છે. આહાહા..! એ જ્ઞેયને જાણવાનો સ્વભાવ તો પોતાનો સ્વભાવ છે પણ કોઈ જ્ઞેય પોતામાં છે અને પોતાનું છે એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- રૂપિયા તો અમારા છે ને?

ઉત્તર :- શેઠને ખબર, શેઠની પાસે રૂપિયા છે. 'રામજીભાઈ' કહે છે કે રૂપિયા તો અમારા છે ને?

મુમુક્ષુ :- એને આપ ધૂળ કહો છો.

ઉત્તર :- ધૂળ. પુદ્ગલ છે ને? ભાઈ! પુદ્ગલ કહો, ધૂળ કહો. પૈસો પુદ્ગલ છે. આ શરીર પુદ્ગલ છે. ભગવાન આત્મા અંદર (જ્ઞાન) છે અને આ જ્ઞેય છે. એ જ્ઞેયને જાણનાર જ્ઞાન છે પણ જ્ઞાન આ જ્ઞેયને પોતાના માને છે એમ માનીને પોતાનો નાશ કરે છે. આહાહા..! શરીરમાં કંઈ થયું તો મારામાં થયું, એમ માનીને પોતાને પરરૂપ માનીને પોતાનો નાશ કરે છે. આહાહા..! આવી ઝીણી ચીજ વ્યાખ્યાનમાં (આવે). અધિકાર જ એવો આવ્યો છે.

મુમુક્ષુ :- પોતાનું નહિ માને તો ડૉક્ટરની ડૉક્ટરી કેમ ચાલશે?

ઉત્તર :- કોણ ડૉક્ટર છે? દવાનો રાગ કરે છે, હું પરને (સાજા) કરું છું. આહાહા..! મોટા મોટા ડૉક્ટર જોયા છે ને! સર્જન ડૉક્ટર અહીંયા હતા. 'ભાવનગર' મોટી ઇસ્પિતાલ છે. 'હેમંતકુમાર' સર્જન. આવ્યા હતા, અહીં બે-ત્રણ વાર આવ્યા હતા. એક વાર દાંતને કારણે જોવા આવ્યા હતા, એક વાર વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા. ત્રણ વાર આવ્યા હતા. એ કોઈનું ઑપરેશન કરતા હતા. કરતા કરતા (કહ્યું), મને કાંઈક થાય છે. ખુરશીમાં બેઠા ત્યાં ખલાસ! ઑપરેશન કરતા કરતા કહે, મને કાંઈક થાય છે એમ કરીને ખુરશીમાં બેઠા ત્યાં દેહ છૂટી ગયો. સર્જન! મોટી ઇસ્પિતાલ છે, 'ભાવનગર'.

અમે ઇસ્પિતાલમાં ગયા છીએ. કોઈ માંદા માણસ હોય ત્યાં ખાસ બોલાવ્યા હતા. 'હીરાભાઈ' નો એક દીકરો હતો, ત્યાં માંદો હતો તો ગયા હતા. ત્યાં બીજા પણ હતા. એક અમારે 'શાંતિભાઈ સરવૈયા' 'ગઢાળી' ના હતા. અમે ઇસ્પિતાલમાં ગયા હતા, ઇસ્પિતાલના ડૉક્ટર પણ બહુ પ્રેમી હતા. અમે ગયા તો કહે, મહારાજ! મારા ઘરે તમારે પગલા કરવા પડશે. ડૉક્ટર. અમે તો ત્યાં રહ્યા નહોતા, સવારે ગયા હતા અને પાછા આવી

ગયા હતા. ડૉક્ટર કહે, મહારાજ! મારા ઘરે પગલ કરજો. મોટો ડૉક્ટર છે. 'હેમંતકુમાર' તો ગુજરી ગયા. એના પછી બીજા ડૉક્ટર હતા. અમે તો ગયા હતા, એક માણસની છેલ્લી સ્થિતિ હતી તો તેને દર્શન દેવા ગયા હતા. ડૉક્ટર સાથે આવ્યા હતા. એ કહે, મારે ત્યાં પગલા કરવા પડશે. પછી ઘરે ગયા હતા. પણ એ ચીજ શું છે? આહાહા..! આખી ઇસ્પિતાલ પર છે. એનું પરિણમન અને એનું અસ્તિત્વ એનાથી છે. આ આત્માને કારણે તેનું અસ્તિત્વ છે, હયાતી છે, બધા રોગીની હયાતી મારે કારણે છે, રોગી નિરોગી થાય છે તે મારે કારણે થાય છે એ બધો ભ્રમ છે. આવી વાત છે. 'મોટાણી'! આહાહા..!

'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' છે ડૉક્ટર પાસે? 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' એના પિતાજીનું. 'સોગાની'. 'રમેશભાઈ' ના પિતાજી હતા ને? એમનું 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' છે. આપ્યું છે? આ બેનનું પુસ્તક મળ્યું? વચનામૃત મળી ગયું? ડૉક્ટર મોટા બ્રહ્મચારી છે. જાવજીવ બ્રહ્મચારી છે અને મોટા છે. સેંકડો માણસ આમ હારબંધ દવા લેવા આવે. આહા..! અરે..રે..!

મુમુક્ષુ :– રોગ ઘણાના મટાડી દ્યે છે.

ઉત્તર :– ઇ પણ ઇ સમજે છે. એને મટવાનું હોય તો મટે. આહાહા..! આવી ચીજ છે, ભાઈ!

અહીં કહે છે કે, 'અજ્ઞાની થયો થકો નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વ-રૂપથી (–જ્ઞાનરૂપથી) તત્પણું પ્રકાશીને...' ધર્મી, ધર્મી જીવ પોતાને તો હું જાણનારો છું, જણાનારી ચીજ મારાથી તદ્દન ભિન્ન છે, હું ખરેખર તેને જાણતો જ નથી. હું તો ખરેખર એ સંબંધીના જ્ઞાનને, મને જાણું છું. આહાહા..! આ અગ્નિને જ્ઞાન જાણે છે તો શું અગ્નિરૂપ થઈને જાણે છે? કે જ્ઞાનરૂપ રહીને જાણે છે? જ્ઞાનરૂપ રહીને અગ્નિને જાણે છે, ભિન્ન રહીને જાણે છે. અગ્નિને તો જ્ઞાન અડતું પણ નથી. આહાહા..! એમ દરેક પદાર્થ, દરેક પદાર્થને આત્મા જાણે છે પણ કોઈ પદાર્થને આત્મા અડતો નથી. આહાહા..! આવું હશે? તમારે તો મોટો ધંધો છે. મોટો ધંધો, લાખો રૂપિયાની પેદાશ છે. આજે આવ્યા છે ને? હમણા લાખ રૂપિયા આપ્યા હતા ને? 'ભાવનગર' માં. એના તરફથી એક લાખ આપ્યા. આહાહા..! એમાં શું છે? અહીંયા મકાન લીધું ને? બે લાખનું લીધું છે. 'નવનીતભાઈ' ગુજરી ગયા ને? 'શાંતિભાઈ' ને આ બે ભાઈ છે. 'હોંગકોંગ' માં લાખોની પેદાશ છે, આજે આવ્યા છે. લાખ રૂપિયા આપ્યા છે. આપણું છે ને? શું કહેવાય ઇ? 'વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ' માં લાખ રૂપિયા આપ્યા. બે લાખનું અહીંયા મકાન લીધું. 'નવનીતભાઈ' ગુજરી ગયા, અહીંયા મુખ્ય હતા ને? એ ગુજરી ગયા પછી એના દીકરાઓને (રસ નહોતો). બે લાખનું મકાન છે ને? ઇ બે લાખનું લીધું. 'નવનીતભાઈ' આપણે હતા ને? આ બધી તો પરની વાત છે. આહાહા..! કોના મકાન? ને કોના દીકરા? ને કોની દીકરી?

મુમુક્ષુ :– પૈસા દઈને લીધું ને પોતાનું નહિ?

ઉત્તર :– પૈસા જ એના નથી ત્યાં વળી મકાન પોતાના ક્યાંથી આવ્યા? ઇ તો અહીંયા કહે છે.

ધર્મીજીવ '(જ્ઞાનમાત્ર ભાવનું) સ્વ-રૂપથી તત્પણું પ્રકાશીને...' છે? આહાહા..! ધર્મીજીવ તો એમ માને છે કે હું તો જ્ઞાન અને આનંદ આત્મા છું. એ ચીજ મારામાં નથી અને એ ચીજ હું જાણું છું માટે મને તેનું જ્ઞાન થાય છે, એમ પણ નહિ. મારા જ્ઞાનમાં તેને જાણવાની મારી તાકાતથી હું મને જાણું છું. આહાહા..! અરે..રે..! આવી વાત છે. બહુ સૂક્ષ્મ વાત, પ્રભુ! આહા..!

મુમુક્ષુ :– ભેદજ્ઞાનની વાત છે.

ઉત્તર :– ભેદજ્ઞાન. જુદી ચીજ. અને અનેક આત્મા છે તો એનો અર્થ થયો ને કે ભેદ છે? એક બીજારૂપે થતા નથી. આ પરમાણુ અનંત રજકણ છે. આ આંગળી કંઈ એકરૂપ નથી. આંગળી અનંત પરમાણુરૂપે છે. એમાં એક એક પોંઈટ, રજકણ, છેલ્લો પોંઈટ પોતપોતાથી ત્યાં છે, પરથી છે જ નહિ. આહાહા..!

અહીંયા એ કહે છે, ધર્મીજીવ '(જ્ઞાનમાત્ર ભાવનું) સ્વ-રૂપથી તત્પણું પ્રકાશીને...' હું તો જાણનાર-દેખનાર છું. પરચીજને હું જાણું છું માટે પરચીજ મારી છે અને પરને જાણું છું માટે એ જ્ઞાન પરને કારણે થયું છે, હું પરને જાણું છું તો એ જ્ઞાન પરને કારણે થયું છે એમ માનતા નથી. આહાહા..! બહુ ઝીણી (વાત).

'(અર્થાત્ જ્ઞાન જ્ઞાનપણે જ છે એમ પ્રગટ કરીને),...' ધર્મી, હું તો આત્મા પોતાના આત્માથી છું. રાગથી અને પરથી બિલકુલ નથી. એમ જ્ઞાન અને જ્ઞેય. અહીં તો આટલી વાત લેવી છે. જ્ઞાયક સ્વરૂપ જ્ઞાન અને જ્ઞેય જાણવાલાયક ચીજ, બન્ને તદ્દન ભિન્ન છે. હું જ્ઞેયને જાણવા છતાં જ્ઞેયનું જ્ઞાન જ્ઞેયને કારણે થયું નથી. આહાહા..! આ પુસ્તકનું જ્ઞાન પુસ્તકને કારણે અહીંયા નથી થયું. આહાહા..! કેમકે પુસ્તકની પોતામાં નાસ્તિ છે. તેનામાં અસ્તિ છે પણ પોતામાં પોતાપણું–જ્ઞાનપણું છે અને એ પરચીજની નાસ્તિ છે. ઝીણી વાત છે, ભગવાન! આહાહા..! કદી કર્યું નથી. અનંત કાળ થયો. આહા..! પરિભ્રમણ કરતા કરતા ચોરાશીની ઘાણીમાં પીલાતા પીલાતા... ચોરાશી લાખ યોનિ! આહાહા..!

'અનેક ભવ વીત્યા રે, એને પંથે ચાલતા'. 'નરસિંહ મહેતા' કહે છે, 'અનેક ભવ વીત્યા રે, એને પંથે ચાલતા, નાવી નાવી આત્મા કેરા જ્ઞાન' આહાહા..! 'અનેક ભવ વીત્યા રે, એને પંથે...' કોના પંથે? રાગ મારો, શરીર મારું, પર જાણવાલાયક છે એ મારા, એને ભવને કારણે. આહાહા..! 'અનેક ભવ વીત્યા રે, એને પંથ ચાલતા રે, નાવી નાવ્યો રે પંથડા કેરો રે પાર, ના આવ્યો ના આવ્યો પંથડા કેરો રે પાર' આહાહા..! અનેક પંથના ભવમાં રખડ્યો, પ્રભુ! પણ પંથડાનો પાર ન આવ્યો. કેમકે પોતાની ચીજને પરરૂપે માનીને અને પરચીજને પોતાની માનીને મિથ્યા ભ્રમમાં ચોરાશીના અવતાર કર્યા. આહાહા..! હવે

આવો ઉપદેશ.

'જ્ઞાતાપણે પરિણમનને લીધે જ્ઞાની કરતો થકો...' હું તો જ્ઞાનસ્વરૂપી છું. પરને જાણવાને કારણે મને પરનું જ્ઞાન થાય છે, એમ નહિ. પરને જાણવાને કારણે મારું જ્ઞાન પરથી થાય છે એમ નહિ. મારા જ્ઞાનનો સ્વભાવ 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતૈં વચનભેદ ભ્રમ ભારી, જ્ઞેયશક્તિ દુવિધા પ્રકાશી' જાણવાલાયક જ્ઞેય બે પ્રકારના–'નિજરૂપા પરરૂપા ભાસી' આહાહા..! એક જ્ઞેય નિજરૂપ છે, પોતાને જાણવું એ જ્ઞેય નિજ છે અને પરને જાણવું તે પરજ્ઞેય છે. આહાહા..! જ્ઞેયના બે પ્રકાર છે. આહાહા..! આવી વાતું. અહીં તો ૪૬ મું ચોમાસુ ચાલે છે. આ ૪૬ મું પર્યુષણ ચાલે છે. બે (પર્યુષણ) 'રાજકોટ' કર્યા હતા. (સંવત) ૧૯૯૫ અને ૧૯૯૯ બાકી ૪૪ અહીં. પરિવર્તન પછી ૪૬ ચોમાસા થયા. એમાં આ ૪૬ મા પર્યુષણ ચાલે છે. એમાં આ વાત છે. આહાહા..!

જ્ઞાની પોતાને, પરને જાણવા છતાં એ જ્ઞાન પરને કારણે થયું એમ નથી, એ જ્ઞાન મારો સ્વભાવ છે, મારો સ્વપરપ્રકાશક જ્ઞાનસ્વભાવ છે તેને કારણે હું પરને મારામાં મારાથી જાણું છું. આહાહા..! બહુ સૂક્ષ્મ વાત. એમ 'અનેકાંત જ (–સ્યાદ્વાદ જ) તેને ઉદ્ધારે છે...' હું પરને જાણવા છતાં પરરૂપ થયો નથી અને પરને કારણે હું પરને જાણતો નથી. મારા જ્ઞાનસ્વભાવનું સામર્થ્ય એટલું છે. તેથી હું મને અને પરને મારા સામર્થ્યથી જાણું છું. એમ માનનારો આત્માને જીવંત રાખે છે. બીજા જીવો માન્યતામાં નાશ કરે છે. આત્માનો નાશ કંઈ થતો નથી, આત્મા તો નિત્ય છે. આહાહા..!

પોતાની ચીજ છે તેનો નકાર કરીને પરચીજ હું છું એમ માનીને પોતાનો શ્રદ્ધામાં નાશ કર્યો. વસ્તુ તો છે. અહીંયા પોતામાં હું છું અને પોતામાં રહીને પરસંબંધીનું જ્ઞાન મારી ચીજથી, મારા સામર્થ્યથી હું કરું છું. જાણવાલાયક ચીજથી મારી ચીજ તદ્દન ભિન્ન છે. જાણવાલાયક ચીજથી મારામાં જ્ઞાન થાય છે એમ ત્રણકાળમાં નથી. આહાહા..! ગજબ વાત છે. કેટલાકે તો આખી જિંદગી સાંભળી ન હોય. કાને પડે નહિ. ક્યાં દુનિયા આખો દિ' મજુરી કરે. આહાહા..! મોટા મજુર. મજુર તો સવારે આઠથી બાર ચાર કલાક કામ કરે અને સાંજે બે થી છ સુધી. અને આ મજુર તો સવારથી તે સાંજ સુધી (મજુરી કરે).

મુમુક્ષુ :– સવારથી રાતના દસ વાગ્યા સુધી.

ઉત્તર :– રાતના દસ વાગ્યા સુધી. અમારે ત્યાં દુકાન ઉપર હતું ને. રાત્રે દસ વાગ્યે નામુ લખીને દસ વાગ્યે દુકાન છોડે. 'પાલેજ'. પાંચ વર્ષ મેં પણ દુકાન ચલાવી છે ને!

મુમુક્ષુ :– સરવાળો કરવો પડે ને!

ઉત્તર :– નામું મારે લખવું પડે. ઘરની દુકાન હતી. પિતાજી ગુજરી ગયા તો ભાગીદાર સાથે હું રહ્યો તો આખું ઘરનું નામુ મારે લખવું પડતું હતું. સવારથી સાંજ સુધીમાં કેટલા પૈસા આવ્યા, ગયા? પણ એ સંવત ૧૯૬૩ થી ૧૯૬૮. ડૉક્ટર! તમારા જન્મ પહેલાની

વાત છે. સંવત ૧૯૬૩ થી ૧૯૬૮. આહાહા..! વૈશાખ મહિને છોડી દીધી. આ મોટી દુકાન માંડી. હું છેલ્લે 'મુંબઈ' માલ લેવા ગયેલો. માલ માટે નહોતા ગયા પણ અમારા મોટા ભાઈના લગ્ન હતા. લગ્નની કંકોત્રી... ૧૯૬૮ ની વાત છે, કંકોત્રી છપાવવા માટે હું 'મુંબઈ' ગયેલો તો સાથે માલ પણ લાવેલો. ચારસો મણ તો ચોખા લીધેલા. ડૉક્ટર! છેલ્લે ૧૯૬૮ ના માહ મહિનામાં. વૈશાખમાં દુકાન છોડી દીધી. માહ મહિનામાં 'મુંબઈ' માલ લેવા ગયેલા અને મોટાભાઈના લગ્ન હતા, કંકોત્રી છપાવવા 'મુંબઈ' ગયેલા. ચારસો મણ ચોખા લીધેલા અને ખજૂરના વાડિયા લીધા હતા. ઘણા લીધેલા, એક આ ચોખાની ખબર છે, ચારસો મણ ચોખા લીધેલા. આહાહા..! પછી છોડી દીધું. આ કામ અમારું નહિ, આ તો પાપના કામ. આ તો મમતા ને મારું ને તારું ને આ ને તે. અરે..રે...! અહીંથી જાવું ક્યાં? આ બધા પાપના પોટલા બંધાય.

મુમુક્ષુ :– ઇ છોડીને આ પેઢી કાયમ કરી.

ઉત્તર :– આ પેઢી કરી. આહાહા..!

પ્રભુ! તું કોણ છો? કહે છે. જ્ઞાન સ્વરૂપે છો. જ્ઞાનમાં તારાથી ભિન્ન ચીજ જાણવામાં આવે છે. એ જણાય છે તે ચીજને કારણે નહિ. તારા જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે તેથી પરચીજ જાણતા તું તારી તાકાતથી તને જાણે છો, પરને નહિ. અરે..રે..! આ કેમ બેસે? હું પરને જ જાણું છું અને મને નથી જાણતો એ આત્માનો નાશ કરે છે. આત્મા પોતાને જાણે છે અને પરને પણ પોતાને કારણે પોતાના જ્ઞાનથી જાણે છે તેણે આત્માનું જીવન રાખ્યું, આત્માની હયાતી રાખી, આત્માનું જીવન રાખ્યું. આહાહા..! એ એક બોલ થયો.

બીજો બોલ. 'વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ ખરેખર આ બધું આત્મા છે...' આહા..! અનાદિથી એમ માને છે કે, આ બધું આત્મા છે, બધું એક જ છે, બધું એક જ છે. 'એમ અજ્ઞાનતત્ત્વને...' અજ્ઞાન એટલે કે આ જ્ઞાન એમાં નથી. પર આત્મા અને પર પરમાણુમાં આ જ્ઞાન નથી. એ અજ્ઞાનતત્ત્વ છે. આહાહા..! ગજબ વાત છે. બીજો પેરેગ્રાફ છે. 'વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ ખરેખર આ બધું આત્મા છે...' બધું આત્મા છે, બધું એક જ છે એમ અજ્ઞાની માને છે. આહાહા..! 'એમ અજ્ઞાનતત્ત્વને...' ખૂબી શું કરી? કે, આ આત્મા પરને માને છે પણ પર તો અજ્ઞાન છે. અજ્ઞાનનો અર્થ–આ જ્ઞાન તેમાં નથી. એ ભલે કેવળી ભગવાન હો પણ એને અહીંયા અજ્ઞાનતત્ત્વ કહ્યું. કેમકે પોતાનું જ્ઞાન તેમાં નથી. તેનું જ્ઞાન તેનામાં છે. આ જ્ઞાનની અપેક્ષાએ આ જ્ઞાન તેનામાં નથી તો એ અજ્ઞાનતત્ત્વ થયું. આ જ્ઞાનની અપેક્ષાએ અજ્ઞાન. આહાહા..! ગજબ વાત છે. છે? આહાહા..!

'જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ...' વસ્તુ. 'ખરેખર આ બધું આત્મા છે...' બધું આત્મા છે, આપણે બધા એક જ છીએ. 'એમ અજ્ઞાનતત્ત્વને સ્વ-રૂપે (જ્ઞાનરૂપે) માનીને...' બીજા બધા અજ્ઞાનતત્ત્વ છે. ગજબ વાત છે. આહાહા..! આ જ્ઞાનતત્ત્વ સિવાય, આ જ્ઞાન તેનામાં નથી

એ અપેક્ષાએ તેને અજ્ઞાનતત્ત્વ કહ્યું. શાસ્ત્રમાં બીજી વાત છે, સ્વદ્રવ્યની અપેક્ષાએ સ્વદ્રવ્ય છે અને સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય છે જ નહિ. પોતાથી છે, પરથી નથી. પોતાને કારણે એ પર અદ્રવ્ય છે, અક્ષેત્ર છે, અકાળ છે, અ-ભાવ છે. પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે, પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પોતાથી નથી. આહાહા...! આવું સાંભળવા મળવું મુશ્કેલ. સાંભળીને બેસવું કઠણ પડે.

અહીં તો (કહે છે), એક આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ પ્રજ્ઞાબ્રહ્મને છોડીને જેટલા તત્ત્વ છે તે બધા અજ્ઞાન છે. અજ્ઞાનનો અર્થ–આ જ્ઞાન તેનામાં નથી. ભલે એ કેવળી હો, ભલે એ સિદ્ધ ભગવાન હો પણ આ જ્ઞાન તેનામાં નથી એ અપેક્ષાએ આ જ્ઞાનના અભાવરૂપી અજ્ઞાન, આ જ્ઞાનના અભાવરૂપથી અજ્ઞાન કહ્યું છે. આહાહા...! આ તો એકલું માખણ છે.

'અજ્ઞાનતત્ત્વને સ્વ-રૂપે (જ્ઞાનરૂપે) માનીને–અંગીકાર કરીને વિશ્વના ગ્રહણ વડે...' બધી વસ્તુ મારી છે એ વડે 'પોતાનો નાશ કરે છે...' આહાહા...! પરવસ્તુ એ જ મારી છે એમ માની પોતાનો નાશ કરે છે. '(–સર્વ જગતને પોતારૂપ માનીને તેનું ગ્રહણ કરીને જગતથી ભિન્ન એવા પોતાને નષ્ટ કરે છે), ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરરૂપથી અતત્‌પણું...' ધર્મીજીવ એ જ્ઞાનમાત્ર ભાવ, જ્ઞાનમાં જે ભગવાન આદિ જ્ઞેય જણાય છે તે અતત્‌ છે. હું તે તત્‌રૂપ નથી. આહાહા...! 'અતત્પણું પ્રકાશીને (અર્થાત્‌ જ્ઞાન પરપણે નથી એમ પ્રગટ કરીને) વિશ્વથી ભિન્ન જ્ઞાનને દેખાડતો થકો...' આહાહા...! 'અનેકાંત જ તેને પોતાનો (–જ્ઞાનમાત્ર ભાવનો) નાશ કરવા દેતો નથી.' આહાહા...! હું પરને જાણવા છતાં પરથી હું નથી અને મારાથી પર નથી. એવું જ્ઞાન પોતાને માને છે. અંતરની દૃષ્ટિમાં જ્ઞાનસ્વભાવ જ હું છું, બીજી કોઈ ચીજ મારી નથી. પરને જાણું છું તો પરને જાણવાવાળું જ્ઞાન પરનું નથી. પરને જાણવાવાળું જ્ઞાન મારું છે એમ માનીને આત્મા જીવિત છે એમ માને છે તે ધર્મી કહેવાય છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૬૯ પરિશિષ્ટ રવિવાર, ભાદરવા સુદ ૧૨, તા. ૨૧-૦૯-૧૯૮૦

---

'સમયસાર' ચૌદ બોલનો અધિકાર સૂક્ષ્મ છે. સ્થૂળ બુદ્ધિવાળાને પકડવું મુશ્કેલ. વળી અધિકાર આ આવ્યો અને પર્યુષણના દિવસ છે. આહાહા...! તત્‌-અતત્‌ બે બોલ આવ્યા. શું કહ્યું? આત્મા પોતાના તત્‌ સ્વરૂપે છે અને નિજ સ્વરૂપ સિવાય જે બધા જ્ઞેયતત્ત્વ છે, આ આત્મા સિવાય પંચ પરમેષ્ઠી પણ જ્ઞેય છે. શરીર, વાણી, મન, કર્મ એ બધું જ્ઞાનનું પરજ્ઞેય છે. એ પરજ્ઞેયને પોતાના માને છે એ મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની છે. ચાહે તો એ પંચ મહાવ્રત પાળતો હોય તોપણ એ અજ્ઞાની છે. ઓહોહો...! બે બોલ આવી ગયા છે.

'અજ્ઞાનતત્ત્વને સ્વ-રૂપે માનીને...' ખરેખર તો આ આવ્યું. આહાહા..! પોતાના જ્ઞાનસ્વરૂપ સિવાય બધા પદાર્થો આ જ્ઞાન નથી તે અજ્ઞાનતત્ત્વ છે. આહાહા..! પંચ પરમેષ્ઠી, દેવ-ગુરુ-શાસ્ત્ર એ પોતાના જ્ઞાનની અપેક્ષાએ ભિન્ન જ્ઞેય છે તે અપેક્ષાએ આ જ્ઞાન નથી તેથી તે બધાને અજ્ઞાનતત્ત્વ કહેવામાં આવ્યું છે. આહાહા..! કાલે આવી ગયું છે. બીજી લીટી, બીજા બોલની બીજી લીટી. 'અજ્ઞાનતત્ત્વને સ્વ-રૂપે માનીને...' જોયું? આહાહા..! ગજબ વાત છે. આ વાત કદી સાંભળી નથી, વિચારી નથી.

આ જ્ઞાનતત્ત્વ આત્મા જે વસ્તુ છે તે પુણ્ય-પાપ જ્ઞેય છે તેનાથી તો ભિન્ન જ છે. એ પુણ્ય-પાપને પણ અહીં તો અજ્ઞાન કહ્યું. જ્ઞેય જેટલું છે બધાને અજ્ઞાન કહ્યું. અહીંયા આ જ્ઞાનમાત્ર આત્મા પોતાથી છે અને આ જ્ઞાનસ્વભાવ પોતાનો છે તે બીજે ક્યાંય નથી, નથી પુણ્યમાં, નથી પાપમાં, નથી દેવમાં, નથી ગુરુમાં, નથી શાસ્ત્રમાં. આ જ્ઞાનતત્ત્વ બીજા કોઈ જ્ઞાનતત્ત્વમાં નથી. આ જ્ઞાન. એ ભલે પરમેશ્વર હો. આહાહા..! આવી વાણી ઝીણી કઠણ (પડે). કેમકે શાસ્ત્રમાં તો એમ લખ્યું છે, એમ આવ્યું છે કે આ દ્રવ્યની અપેક્ષાએ બધા દ્રવ્ય અદ્રવ્ય છે. આહાહા..! અરે..રે..!

આ દ્રવ્ય જે વસ્તુ ભગવાન આત્મા જ્ઞાનાનંદ આનંદની નગરી, સ્વભાવની નગરી, આખી અનંત ગુણની (નગરી), સ્વદ્રવ્યની અપેક્ષાએ પોતાના દ્રવ્ય સિવાય પરદ્રવ્ય અદ્રવ્ય છે. આહાહા..! એ આગળ આવશે, સ્વક્ષેત્રની અપેક્ષાએ અસંખ્ય પ્રદેશી પ્રભુ આત્મા, એ સ્વક્ષેત્રથી અસ્તિ છે, પણ પોતાના ક્ષેત્ર સિવાય બીજા બધાના ક્ષેત્રને અજ્ઞાનક્ષેત્ર કહ્યું. અજ્ઞાન એટલે આ જ્ઞાન ત્યાં નહિ, આ ક્ષેત્ર ત્યાં નહિ. આહાહા..! એ અપેક્ષાએ તેને અક્ષેત્રી અજ્ઞાની કહ્યું. 'શાંતિભાઈ'! આવી વાતું બહુ આકરી. આહાહા..! 'પંકજ' આજે આવ્યો? આહા..! આ માર્ગ એવો છે, બાપુ!

અહીંયા બીજા બોલમાં આવી ગયું કે, આ આત્મા તત્ છે અને બીજી ચીજ અતત્ છે. અતત્‌માં તો પરમેશ્વર પણ અતત્‌માં આવી ગયા. આહાહા..! પરમેશ્વર પણ આ જ્ઞાનતત્ત્વની અપેક્ષાએ એ જ્ઞેયતત્ત્વને અજ્ઞાનતત્ત્વ કહ્યું. આહાહા..! એક કોર રામ અને એક કોર ગામ. રામને રામ કહ્યું તો બીજી ચીજને અરામ કહી. આહાહા..! અરે..રે..!

અહીંયા ભેદજ્ઞાન કરાવવું છે. પરથી ભેદજ્ઞાન (કરાવ્યું છે) અને એમ છે. એ કારણે પોતાનું તત્ત્વ જે જ્ઞાનતત્ત્વ. અહીંયા દ્રવ્ય ન લેવું. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાંથી અહીંયા ભાવમાં જ્ઞાનતત્ત્વ લેવું. પહેલા બે બોલમાં એમ લેવું. જ્ઞાનતત્ત્વથી આત્મા છે અને જે જ્ઞાનમાં જાણવાલાયક પરમેશ્વર, ઈશ્વર, દયા, દાન, વ્રત, કામ, ક્રોધાદિ અરે..! મંદિરના પ્રતિમા કે સાક્ષાત્ ભગવાન કે ભગવાનની વાણી... આહાહા..! આ જ્ઞાનતત્ત્વની અપેક્ષાએ એ અતત્ત્વ છે. એ અતત્ત્વપણે આત્મા નથી. આહાહા..! આવી વાત છે. કોને દરકાર છે? અરે..! આહાહા..! 'રસ્તોગી' ડૉક્ટરના ઘરેથી આવ્યા હતા. ગુજરી ગયા ને ત્યાં? એની વહુ આવ્યા હતા.

વધારે પ્રસિદ્ધ છે. એમને વધારે પ્રેમ હતો. એમના ઘરેથી આવ્યા હતા. ‘રસ્તોગી’ ગુજરી ગયા પણ એમના નાના ભાઈ પણ ગુજરી ગયા. આહાહા..! આ જગતની અંદર શું ચીજ છે? આહાહા..! તારે શેની હોંશ કરવી છે પ્રભુ!

આ આત્મવસ્તુની અપેક્ષાએ આ તત્ત્વ–જ્ઞાનતત્ત્વની અપેક્ષાએ બધા જેટલા જ્ઞેયતત્ત્વ છે, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ-પરિવાર, પૈસો-લક્ષ્મી તે બધાને જ્ઞાનતત્ત્વની અપેક્ષાએ અજ્ઞાનતત્ત્વ કહ્યું. એ અજ્ઞાનતત્ત્વ તત્ત્વપણે છે પણ પોતાની અપેક્ષાએ તે અતત્ત્વ છે. આહાહા..! દરકાર નથી, ભાઈ! અરે..! દેહ છૂટી જશે. એ આત્મા ચાર ગતિમાં ફરવા રખડશે. આહાહા..! જો તત્ત્વજ્ઞાન યથાર્થ કર્યું નહિ, સોયમાં દોરો પરોવે છે, સોયમાં દોરો પરોવી હોય તો એ સોય ખોવાય નહિ. કદાચિત્ ચકલી એના માળામાં લઈ જાય તો તેના દોરા દ્વારા ખ્યાલ આવી જશે કે અહીંયા આપણી સોય છે. એમ આ ભગવાન આત્મા જ્ઞાન અંદર ચૈતન્ય સ્વરૂપ પરથી તદ્દન ત્રિકાળી ભિન્ન છે એમ સમ્યક્જ્ઞાનનો દોરો પરોવ્યો હોય તો તેને ચોરાશીમાં અવતાર નહિ થાય. આહાહા..! અને એ સમ્યગ્જ્ઞાનરૂપી દોરો નહિ પરોવ્યો હોય, તો જેમ સોય ખોવાઈ જાય છે, ખોવાઈ કહે છે હિન્દીમાં? ગુમ (થઈ જાય છે) આહાહા..! એમ આત્મા ભગવાન જ્ઞાનસ્વરૂપી, જાણકસ્વભાવ પરથી ભિન્ન અને પોતાથી અભિન્ન છે એમ અનુભવ નહિ કરે તો ચાર ગતિમાં રખડશે. આહાહા..! ઝીણી વાત છે પણ ભાષા તો સાદી છે.

હવે આજે ત્રીજો બોલ છે. બે બોલ આવી ગયા–તત્-અતત્. આ જ્ઞાનસ્વરૂપે તત્ છે, એ જ્ઞેય સ્વરૂપે અતત્ છે. જ્ઞેય–જ્ઞાનમાં જાણવાલાયક. ચાહે તો દેવ-ગુરુ અને શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ ને પરિવાર, પૈસો, લક્ષ્મી, દીકરા બધા જ્ઞેયપણે છે, આત્મા(ના) જ્ઞાન(પણે) નથી. આહાહા..! એ બે બોલ આવી ગયા. આજે ત્રીજો બોલ.

‘જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ...’ છે ત્રીજો બોલ? ‘જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ...’ જ્ઞાનમાત્ર એમ કહેતા બીજી કોઈ ચીજ એમાં નથી. જ્ઞાનમાત્ર કહેતા તેમાં અનંત ગુણ નથી એમ નહિ. જ્ઞાનમાત્ર, ચૈતન્યસ્વરૂપ પ્રજ્ઞાસ્વરૂપ ‘આ જ્ઞાનમાત્ર ભાવ અનેક જ્ઞેયાકારો વડે...’ સૂક્ષ્મ તો છે, ભાઈ! જ્ઞાનમાં, અનંત જે જ્ઞેય છે, સ્ત્રી, કુટુંબ-પરિવાર, દેવ-ગુરુ-શાસ્ત્ર એ જ્ઞેય છે, આહાહા..! એ જ્ઞેયાકારો વડે. એ જ્ઞેયાકારરૂપે મારું જ્ઞાન થઈ ગયું, જ્ઞેયના આકારને કારણે મને જ્ઞાન થયું... આહાહા..! ‘જ્ઞેયાકારો વડે (–જ્ઞેયોના આકારો વડે) પોતાનો સકળ (–આખો, અખંડ) એક જ્ઞાન-આકાર ખંડિત...’ મારા જ્ઞાનમાં આ જ્ઞેય જણાય છે તો મારું જ્ઞાન ખંડિત થઈ ગયું એમ માને છે. પણ જ્ઞાનનો સ્વભાવ છે કે અનંતને જાણે. અનંતને જાણવા છતાં એકરૂપ મટતું નથી, ખંડ ખંડ થતું નથી. અરે..રે..! આવી વાત?

ભગવાન ચૈતન્યસૂર્ય, અંદર ભગવાન ચૈતન્ય આત્મા, એ જ્ઞેયને જાણવા છતાં જ્ઞેયરૂપ થતો નથી. સમજાય છે કાંઈ? અહીં એક-અનેકની વાત છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન અનંત જ્ઞેયોને, અનંત જ્ઞેયમાં સર્વજ્ઞ, દેવ-ગુરુ-શાસ્ત્ર પણ જ્ઞેય છે, એના આકારે જ્ઞાન થાય છે

એમ જાણીને મારો જ્ઞાનસ્વભાવ જ એના આકારે થવું મારી ચીજ છે એમ નહિ માનીને, એ જ્ઞેયને જાણવાથી મને જ્ઞાન થયું એમ માનીને પોતાના આત્માનો નાશ કરે છે. આહાહા..! સૂક્ષ્મ વાત છે પણ ખ્યાલ રાખે તો (પકડાય એવું છે). આહાહા..!

'જ્ઞાનમાત્ર ભાવ અનેક જ્ઞેયાકારો...' જ્ઞેય છે ને? દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ-પરિવાર, પૈસો, લક્ષ્મી, શરીર, વાણી, મન, કર્મ બધું જ્ઞેય છે. એ 'જ્ઞેયાકારો વડે (-જ્ઞેયોના આકારો વડે) પોતાનો...' જ્ઞેયને જાણે છે તો જાણે કે એ જ્ઞેયને આકારે આત્મા થઈ ગયો એમ અજ્ઞાની માને છે. એની પણ ક્યાં ખબર છે કે આમ માને છે? આહાહા..! આ તો માલ માલ છે, ભાઈ! જ્ઞાનસ્વરૂપી પ્રભુ, જ્ઞાનરૂપી ભાવમાં જ્ઞેય જે અનંત જ્ઞેય છે એ અનંત જ્ઞેયનું અહીંયા જ્ઞાન થાય છે તો અજ્ઞાની એમ માને છે કે એ અનંત જ્ઞેય છે તો તેનાથી મને જ્ઞાન થયું છે. અનંત જ્ઞેયોથી થયું તો મારું જ્ઞાન ખંડ ખંડ થઈ ગયું. આહાહા..! હું એકરૂપ અને અનંત જ્ઞેયોને જાણવાથી મારું જ્ઞાન એકરૂપ ન રહ્યું, ખંડખંડ થઈ ગયું. આહાહા..! આ તો મુદ્દાની વાત છે.

અહીં 'દામનગર' છે, ત્યાં શેઠ હતા, 'દામોદર' શેઠ. આ બાજુ પૈસાવાળા એ હતા. તે દિ' તો દસ લાખ એટલે ઘણા. અત્યારે તો દસ લાખની ક્યાં ગણતરી છે? દસ લાખ રૂપિયા. સરકાર તરફથી હુકમ આવ્યો. ગાયકવાડ સરકાર. અમારા રાજમાં જેટલા લોકોએ પરક્ષેત્રનું પંદર વર્ષ, વીસ વર્ષ, પચીસ વર્ષથી ખાધું હોય તે છોડી દો, એને આપી દો. તમારો હક્ક નથી. સમજાય છે કાંઈ? જે કંઈ બીજાની જમીન હતી તેને પૈસા આપીને પોતાની કરી હોય અને એ જમીન પોતાની છે એમ માને. એ જમીનમાં જે ઊપજે તે પોતાની માને. તો સરકાર તરફથી એમ હુકમ આવ્યો, આખા દેશમાં જેણે બીજાની જમીન પૈસા આપીને લીધી હોય તે જમીન છોડી દો. શેઠ ત્યાં ગાયકવાડ સરકાર પાસે ગયા કે, આ તો ગજબ કર્યો. અમે વીસ-વીસ, પચીસ-પચીસ વર્ષથી આ જમીન અમારી છે. ચાર હજારની ઊપજનું એક ગામ ઘરે હતું અને દસ લાખ રૂપિયા હતા. એ વખતે દસ લાખ એટલે અત્યારથી ત્રીસ ગુણા. પૈસા આપીને બીજાની જમીન લીધી હતી. સરકારે એવો કાયદો કર્યો કે, એ છોડી દો. પરની જમીન ઉપર તમારો હક હવે નથી. તો ત્યાં દરબાર પાસે ગયા. સાહેબ! આ તો બહુ થઈ. સરકારે કહ્યું, તમારે એક માટે આ કાયદો છે? આખા રાજ માટે છે. ગાયકવાડ. ત્રણ કરોડની ઊપજ. ગાયકવાડ, 'વડોદરા'. આહાહા..! બધા માટે છે.

એમ અહીં કહે છે, આ જ્ઞાનમાત્ર આત્મા જ્ઞેયને જાણવાથી હું જાણે જ્ઞેયરૂપ થઈ ગયો એમ માનીને પોતાના જ્ઞાનનો નાશ કરે છે. 'મોટાણી'! ક્યાં આવું ક્યાંય સાંભળ્યું નહિ હોય. આહાહા..! અરે..!

મુમુક્ષુ :- સંભળાવનાર ક્યાં છે?

ઉત્તર :- એ તો શેઠ પણ કહે છે. આ મુશ્કેલ વાત છે. ભગવાન! બધાનું કલ્યાણ

થાઓ. પણ વસ્તુ બહુ ફેરફાર કરી નાખી. આહાહા..!

આ આત્માનો જ્ઞાનસ્વભાવ એકરૂપ છે. અનંત અનંત જ્ઞાનસ્વરૂપ એકરૂપ છે. એ એકરૂપમાં અનંત જ્ઞેયોનું જ્ઞાન થાય છે તો અજ્ઞાની માને છે કે મારું એકરૂપ જ્ઞાન ખંડ ખંડ થઈ ગયું. એમ નથી. એ જ્ઞાન અનેકને જાણે છતાં એકરૂપ રહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! મારા જ્ઞાનમાં આ બધું જણાય છે... આહાહા..! અરે..! મારા જ્ઞાનમાં પર્યાય જણાય છે તો મારું જ્ઞાન ખંડ ખંડ થઈ ગયું. આહાહા..! અને મારા જ્ઞાનમાં ભગવાન જણાય છે તો ભગવાનને જાણતા મારું જ્ઞાન ખંડ થઈ ગયું એમ માનીને.. જુઓ!

'જ્ઞાનમાત્ર ભાવ અનેક જ્ઞેયાકારો વડે (-જ્ઞેયોના આકારો વડે) પોતાનો સકળ (-આખો, અખંડ) એક જ્ઞાન-આકાર ખંડિત થયો માનીને...' છે? સૂક્ષ્મ વાત છે, ભાઈ! કોઈ દિ' નિવૃત્તિ લીધી નથી અને આ વાત કરી નથી. આહાહા..! (જ્ઞાન-આકાર ખંડિત) 'થયો માનીને નાશ પામે છે,...' પરજ્ઞેયથી મારામાં જ્ઞાન થયું. પરજ્ઞેયથી મારામાં જ્ઞાન થયું તો મારું જ્ઞાન એકરૂપ ન રહ્યું, ખંડ ખંડ થઈ ગયું એમ માનીને પોતાનું જ્ઞાન એકરૂપ છે તેનો નાશ કરે છે. આહાહા..! ગજબ વાત છે, ભાઈ! શાંતિથી લોકો સાંભળે છે. આહાહા..! આવી વાત ક્યાં હતી? આહાહા..!

પોતાને '(-ખંડખંડરૂપ) થયો માનીને નાશ પામે છે,...' આહાહા..! પોતાનો અખંડ એકરૂપ જ્ઞાયકભાવ એ અનેક જ્ઞેયોને જાણે છે, એ જાણતા મારું જ્ઞાન ખંડખંડ થઈ ગયું, હું અનેક થઈ ગયો એમ માનીને એકરૂપનો નાશ કરે છે. આહાહા..! અને ધર્મીજીવ '(તે જ્ઞાનમાત્ર ભાવનું) દ્રવ્યથી એકપણું પ્રકાશતો થકો...' છે? પરને હું જાણું છું છતાં હું તો દ્રવ્ય છું. મારા દ્રવ્યમાં મારી શક્તિથી હું જાણું છું. હું પરને જાણું છું અને પર જાણ્યું માટે જ્ઞાન ખંડ ખંડ થઈ ગયું એમ નથી. આહાહા..! છે?

ધર્મીજીવ '(તે જ્ઞાનમાત્ર ભાવનું) દ્રવ્યથી એકપણું પ્રકાશતો થકો...' દ્રવ્ય એટલે વસ્તુ હું એક જ છું, ભલે અનંતને જાણું. અનંતને જાણવા છતાં હું દ્રવ્યથી અનેક થઈ ગયો એમ નથી. આહાહા..! આવી વાત, પછી લોકો કહે ને, 'સોનગઢ' નું નિશ્ચય.. નિશ્ચય. નિશ્ચય નહિ બાપુ! આ સત્ય છે. પ્રભુ! આ સત્યનો પોકાર પરમાત્માના ઘરનો છે. આહાહા..! પ્રભુ! તું સ્ત્રી, પુરુષ, નપુંસક, તિર્યંચ, દેવ, નારકી તું નહિ. તારા જ્ઞાનમાં જાણવામાં જે આવે છે એ તારી જ્ઞાનની પર્યાય જણાય છે. પરને કારણે તારા જ્ઞાનમાં અનેક જાણવાથી જ્ઞાન ખંડખંડ થઈ ગયું એમ નથી. આહાહા..!

ધર્મીજીવ 'દ્રવ્યથી એકપણું પ્રકાશતો થકો...' છે? ધર્મીજીવ... આહાહા..! હું જ્ઞાયક સ્વરૂપ વસ્તુ છું. અનંતને જાણવા છતાં હું એકરૂપ છું. મારો ખંડ થયો જ નથી. દીવો અનેક ઘટ-પટને પ્રકાશે છે. છતાં દીવાનો ખંડ થતો નથી. દીવો. દીવો કહે છે ને હિન્દીમાં? આહાહા..! દીવો બધાને પ્રકાશે છે છતાં દીવાનો ખંડ થતો નથી. એમ ભગવાન ચૈતન્ય-દીવો બધાને જાણે છે. જાણતા ખંડ થતો નથી. હું તો દ્રવ્યરૂપે એકરૂપ છું. આહાહા..! આવી વાત. આ

વાંચ્યું હોય તોપણ સમજાય નહિ. 'મોટાણી'! આહાહા..!

એ કહે છે, ધર્મીજીવ '(તે જ્ઞાનમાત્ર ભાવનું) દ્રવ્યથી એકપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે...' હું પરને જાણું છું માટે મારા જ્ઞાનમાં ખંડ થયા એમ નથી. મારા જ્ઞાનમાં સ્વપર જાણવાની તાકાતથી, હું પરને જાણવા છતાં દ્રવ્યથી એકરૂપ છું. વસ્તુ તરીકે એકરૂપ છું. અનંતને જાણવા છતાં વસ્તુ તરીકે એકરૂપ છું. અજ્ઞાની અનેકને જાણતાં હું અનેકરૂપ થઈ ગયો એમ માને છે. આહાહા..! આવી વાત છે, શેઠ! આ વખતે કુદરતે આવ્યું છે, હોં! આ વાંચતા વાત આવી ગઈ. અહીં સુધી ૧૯ મી વાર આવ્યું છે. શક્તિ તો એકવાર લીધી હતી ને? શક્તિ તો એક વાર લીધી હતી. શક્તિ આ વખતે ૨૦ મી વાર આવશે. આહાહા..!

દ્રવ્યથી તો હું એક છું. ભલે અનેકનું જ્ઞાન મારામાં થાય છતાં મારું જ્ઞાન કાંઈ ખંડ થતું નથી. એ તો મારા જ્ઞાનનો સ્વભાવ જ છે કે સ્વ અને પરને, અનંતને જાણે છતાં પોતાના દ્રવ્યથી, વસ્તુથી એક છું. આહાહા..! છે? 'દ્રવ્યથી એકપણું પ્રકાશતો થકો...' આહાહા..! હવે આ વાણિયાને નવરાશ ન મળે. ધંધા ને ચોપડાના નામા લખવામાંથી સાંજે નવરો ન થાય. હવે આ નામુ લખવું. આહાહા..! પ્રભુ! શું કરીએ? પરમાત્માની ત્રિલોકનાથની આ આજ્ઞા છે. 'સીમંધર ભગવાન' પરમાત્મા, આહાહા..! એમની પાસે આ બધું આવ્યું હતું. આહાહા..! આ બધી વાત એમની પાસેથી આવી છે. 'કુંદકુંદાચાર્યદેવ' ત્યાં ગયા હતા. આહાહા..! કહે છે, આ વાત તો 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે પણ એ 'કુંદકુંદાચાર્યદેવ' નું હૃદય કહે છે. અને 'કુંદકુંદાચાર્યદેવ' પરમાત્માનું હૃદય કહે છે. પરમાત્માનો અભિપ્રાય. આહાહા..! એક બોલ થયો. 'દ્રવ્યથી એકપણું પ્રકાશતો થકો અનેકાંત જ...' જોયું? હું પરને જાણવા છતાં ખંડરૂપ થયો નથી. દ્રવ્યરૂપ રહ્યો છું. પરથી નાસ્તિ છું, પોતાથી અસ્તિ છું. આહાહા..! એક બોલ થયો.

ચોથો બોલ. 'વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ એક જ્ઞાન-આકારનું ગ્રહણ કરવા માટે...' આહાહા..! શું કહે છે? આ જ્ઞાનસ્વરૂપમાં અનેક જણાય છે ને? તો અજ્ઞાનીને ભ્રમ થઈ જાય છે કે હું આ અનેકને જાણું છું તો હું એકરૂપ રહેવા માટે એ અનેકને જાણવાનું છોડી દઉં. હું એકરૂપ રહેવા માટે અનેકને જાણવાનું છોડી દઉં. એવો મૂઢ છે. આહાહા..! અનેકને જાણવું એ તો તારો સ્વભાવ છે. અનેકને જાણતાં તું અનેકરૂપ થતો નથી. એ તો તારી પર્યાયનો સ્વભાવ છે. આહાહા..! છે?

'એક જ્ઞાન-આકારનું ગ્રહણ કરવા માટે અનેક જ્ઞેયાકારોના ત્યાગ વડે...' જ્ઞાનમાં જે જ્ઞેય જણાય છે, પરમાત્મા, દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ, એ જણાય છે તો એ જ્ઞેયાકારને છોડી દઉં, એ મારા નથી એમ કરીને અજ્ઞાની પોતાનો નાશ કરે છે. આહાહા..! બહુ ઝીણી વાત. 'જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ એક જ્ઞાન-આકારનું ગ્રહણ કરવા માટે...' હું એકરૂપ રહેવા માટે.

જ્ઞાનમાં જાણવું એ તો પોતાનો સ્વભાવ છે. અનેક જ્ઞાનરૂપ થયું પણ એ તો જ્ઞાનનો સ્વભાવ છે પણ અનેકપણાને છોડીને હું એક હોવાને કારણે, ખંડખંડ જ્ઞાન થયું માનીને અનેકને છોડી દે છે. આહાહા..! 'અનેક જ્ઞેયાકારોના ત્યાગ વડે પોતાનો નાશ કરે છે...' સમજાય છે કાંઈ? આહાહા..!

આ જ્ઞાનમાં અનંત જ્ઞેયો જણાય છે તો અજ્ઞાની એમ માને છે કે આ તો મારું જ્ઞાન ખંડખંડ થઈ ગયું, મારે તો એકરૂપ રહેવું છે. એ એકરૂપ રહેવાની ભાવનાથી... આહાહા..! પોતાનો નાશ કરે છે. એ તો અનેકને જાણવાનો પોતાનો સ્વભાવ છે. આહાહા..! '(અર્થાત્ જ્ઞાનમાં જે અનેક જ્ઞેયોના આકાર આવે છે તેમનો ત્યાગ કરીને પોતાને નષ્ટ કરે છે),...' એ જ્ઞેયાકાર પોતાના જ્ઞાનનું સ્વરૂપ છે. પોતાની પર્યાયમાં અનંત જ્ઞેય જાણવાની તાકાત છે. એ તો પોતાની પર્યાયનો સ્વભાવ છે, પણ એ નહિ માની, મારું જ્ઞાન જ્ઞેયાકારરૂપ થયું તો હું તેને છોડી દઉં છું, એમાં પોતાના આત્માનો નાશ કરે છે. આહાહા..! ગજબ વાત છે. સાંભળવી મુશ્કેલ પડે. આહા..!

'(જ્ઞાનમાં જે અનેક જ્ઞેયોના આકાર આવે છે તેમનો ત્યાગ કરીને...)' જ્ઞેયને જાણવું એ તો જ્ઞાનનો સ્વભાવ છે. એ પોતાનો સ્વભાવ છે, તેને કારણે નથી. છતાં એમ જાણે છે કે મારા જ્ઞાનમાં આ પરનું જ્ઞાન થયું માટે તેને છોડી દઉં. એમ કરીને પોતાના આત્માનો નાશ કરે છે. આહાહા..! હજી તો સમજવું કઠણ પડે.

'ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પર્યાયોથી અનેકપણું...' હવે ધર્મી 'પર્યાયોથી અનેકપણું પ્રકાશતો થકો...' મારી પર્યાયમાં અનેકપણું મારો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'ધીરૂભાઈ'! આવી વાતું છે. આવો ધર્મ ક્યાંથી કાઢ્યો કહે છે. કાંઈ નવો કાઢ્યો નથી, પ્રભુ! એ તો અનાદિનો આ જ માર્ગ છે. ધર્મીજીવ પોતાના જ્ઞાનમાં અનેક દેવ-ગુરુ-શાસ્ત્ર પર્યાયમાં અનંત અનંત જાણવાથી પર્યાયથી હું અનેક છું એમ માને છે. અજ્ઞાની એ પર્યાય માનતો નથી તો પર્યાયમાં અનેક જણાય છે તેને પણ માનતો નથી. પર્યાયમાં અનેક જણાય છે તો પોતાની પર્યાયને જ માની નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો સાત્ત્વિક માલ છે. જૈનદર્શન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકીનાથનું માખણ છે. આહાહા..! કદી દરકાર કરી નથી એટલે કઠણ પડે. આહાહા..! શું કહ્યું?

ધર્મીજીવ... અજ્ઞાની તો પોતાના જ્ઞાનમાં અનેકને જાણતાં મારું જ્ઞાન ખંડ થઈ ગયું એમ માને છે, પણ એમ નથી. જ્ઞાનનો સ્વભાવ અનેકને જાણવાનો છે. જ્ઞાનની પર્યાયમાં અનંતને જાણવું એ પર્યાયનો સ્વભાવ છે. એ અનેકને જાણવાથી અજ્ઞાનીને એમ લાગે છે કે હું ખંડખંડ થઈ ગયો, પર્યાયમાં હું ખંડખંડ થઈ ગયો. પર્યાયમાં ખંડખંડ થઈ ગયો એમ માનીને પોતાના આત્માનો નાશ કરે છે. આહાહા..! અને ધર્મીજીવ '(જ્ઞાનમાત્ર ભાવનું) પર્યાયોથી અનેકપણું પ્રકાશતો થકો...' પર્યાયથી તો હું ત્રિકાળ અનેક છું. આહાહા..! પર્યાય

ને દ્રવ્ય ને... આહાહા..!

પર્યાય, જે જ્ઞાનની પર્યાય, જાણન(સ્વભાવ), કેવળજ્ઞાનની પર્યાય અનંતા લોકાલોકને જાણે છે. એ તો પર્યાયનો ધર્મ છે. આહાહા..! પર્યાયનો સ્વભાવ છે. ધર્મી '(જ્ઞાનમાત્ર ભાવનું) પર્યાયોથી અનેકપણું પ્રકાશતો થકો...' પર્યાયથી જ્ઞાન અનેક છે. અનંતને જાણે છે. અનંતને જાણે એવી પોતાની તાકાત છે. આહાહા..! હવે આ સમજ્યા વિના દયા પાળો ને વ્રત પાળો ને ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો... એકડા વિનાના બધા મીંડા છે. આહાહા..! અરે..રે..! અનંત અનંત કાળ ચાલ્યો ગયો. કદી પોતાની ચીજ કેવી છે? ભગવાન કઈ રીતે કહી રહ્યા છે? તેની દરકાર કરી નહિ. જીવન જિંદગી ચાલી જાય છે. આહાહા..!

એ કહે છે, અજ્ઞાની જ્ઞાનમાં એકરૂપતા રાખવા અનેકને જાણવાનો મારો ભાવ નથી, એવા ખંડખંડ જ્ઞાનને પરનું જાણે છે પણ એ પર્યાયનો ધર્મ છે એમ નહિ માનતો થકો પોતાના આત્માનો નાશ કરે છે. સમજાય છે કાંઈ? આહાહા..! ધર્મીજીવ '(જ્ઞાનમાત્ર ભાવનું)...' હવે ધર્મીની વાત કરે છે. 'પર્યાયોથી અનેકપણું પ્રકાશતો થકો...' મારી પર્યાયમાં અનેકપણું છે. મારી પર્યાય અનંતને જાણે એવી છે. કોઈપણ સમયે આ આત્મા, અનાદિઅનંત આત્મા એક સમયની પર્યાય વિના રહેતો નથી. અને પર્યાયનો સ્વભાવ અનેકને જાણે. અનેકને જાણવું એ તો મારો સ્વભાવ છે. એમ જાણીને... આહાહા..! 'અનેકપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી.' આહાહા..! મારા જ્ઞાનમાં–પર્યાયમાં અનેકપણું જણાયું. પર્યાયનો ધર્મ એવો છે કે, અનાદિઅનંત દ્રવ્યમાં કોઈપણ સમયે પર્યાય વિનાનું દ્રવ્ય નથી અને એ પર્યાય અનંતને જાણ્યા વિના રહેતી નથી. અનંતને જાણવું એ તો મારો પર્યાયધર્મ છે. એમ માનીને જ્ઞાની એ જ્ઞેયાકાર જ્ઞાન મારું છે, પરનું નથી એમ કરીને આત્માને જિવાડે છે. અરે..રે..! આવી વાતું. વસ્તુ એવી છે, ભાઈ! પરમાત્મા તીર્થંકર ત્રિલોકનાથની આ વાણી છે. દુનિયાને ઉપરટપકે બધું મળ્યું છે એટલે રોકાઈ ગયા છે. આહાહા..! પોતાની ચીજ ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ કહે છે તે સાંભળવા મળતું નથી તો જ્ઞાન તો ક્યાંથી થાય? અરે..રે..!

અહીંયા કહે છે કે, ધર્મીજીવ... અજ્ઞાની તો જ્ઞાનમાં અનેક જણાય છે તો એકરૂપ રહેવા માટે અનેકને છોડી દે છે. અનેકને છોડતાં અનેકને જાણનારી પર્યાયને છોડી દે છે. પર્યાયને છોડી દે છે તો પોતાના દ્રવ્યનો નાશ કરે છે. જેણે પર્યાયનો નાશ કર્યો તેણે દ્રવ્યનો નાશ કરી નાખ્યો. આહાહા..! શું આવ્યું? 'ચેતનજી'! આહાહા..! અરે..! એક ઘડી, બે ઘડી જોવે તો ખરો આ ચીજ શું છે? ત્રણલોકના નાથ અનંત તીર્થંકરો અને અનંત કેવળીઓની આ વાણી છે, પ્રભુ! આહાહા..! એ મુદ્દાની રકમમાં તું આવતો નથી અને ઉપરટપકે (ચાલે છે). કહ્યું નહિ? ગામનું વ્યાજ ખાધું. સરકારે કહ્યું કે, ગામ જ છોડી દો. આહાહા..! એમ ઉપરટપકે રાગ, દ્વેષ, પુણ્ય-પાપ ને પરને જાણવું છોડી દઈને પોતાનો નાશ કર્યો. પણ હું

પરને જાણું છું એ મારી પર્યાયમાં હું મને પોતાને જાણું છું. 'પંકજ'! આહાહા..! ધીમેથી સમજવું, પ્રભુ! કંટાળો ન લાવવો. સૂક્ષ્મ વાત છે તો ક્યાં સુધી ચાલશે? એમ કંટાળો ન લાવવો, પ્રભુ! તારામાં પાર નથી એટલી તાકાત છે. અનંતા કેવળીઓને જાણવાની તારામાં તાકાત છે. અનંતા કેવળીઓ! સિદ્ધ ભગવાન! આહાહા..! છતાં એ જ્ઞાન અનેકરૂપે પરિણમે છે એ તેનો સ્વભાવ છે. એને એકરૂપ કરવા માટે એ અનેકપણાનો (અજ્ઞાની) નાશ કરે છે, કે આ તો અનેકને જાણતા એકપણું રહ્યું નહિ. એમ માનીને પોતાના આત્માનો નાશ કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! વેપારી વર્ગને તો કાંઈ તર્ક પણ એવા હોય નહિ. એકનો એક ભાવ આખો દિ'.

અમારે 'હીરચંદ માસ્તર' કહેતા હતા, કે અમે માસ્તરો કેવા કહેવાઈએ? પંતુ. કેમકે એકની એક ભાષા આખો દિ' છોકરાઓને સમજાવવાની. આડાઅવળા કોઈ વિશેષ લાંબા તર્ક કાંઈ નહિ. 'હીરાચંદ માસ્તર' હતા. તેમના પુત્ર 'રતિભાઈ' 'મુંબઈ' છે. સમજાય છે કાંઈ? અમે માસ્તર પંતુ (કહેવાઈએ). પંતુ એટલે ભાન વિનાના. એકની એક ભાષા સમજાવવાની. પહેલી ચોપડી, બીજી ચોપડી, ત્રીજી ચોપડી.. એને એ ભાષા. કાંઈ આડાઅવળા તર્ક નહિ. વકીલોને તો તર્ક કરવા પડે. અહીં કહે છે કે, સમજવાવાળાએ તર્ક કરવા પડે છે. આહાહા..! છે?

એક સમયની પર્યાયમાં અનંતને જાણું છું. જેણે એક પર્યાયનો નાશ કર્યો તેણે આત્માનો નાશ કર્યો. આહાહા..! આવું છે, બીજું શું કરવું? આને કેટલું હળવું બનાવવું? ઊંધું બનાવીએ તો હળવું બને. ઊંધું કરીએ તો હળવું બને. આ તો છે ઇ છે, આ પ્રમાણે. આહાહા..! શાંતિથી ધીરેથી સમજે.

હું અનંતને જાણવા છતાં દ્રવ્યે પોતાનું એકપણું છોડતો નથી અને પર્યાયમાં અનંતને જાણવા છતાં પોતાની પર્યાયથી છૂટતો નથી. પર્યાયનો સ્વભાવ છે કે અનંતને જાણવું. એક સમયની પર્યાયમાં, અનંતા અનંતા સિદ્ધો, ત્રણકાળ, ત્રણલોકને જાણવું થાય. એ પર્યાયને જે ન માને તેના દ્રવ્યનો તો નાશ થઈ ગયો. આહાહા..! કેમકે પર્યાય વિનાનું દ્રવ્ય કદી રહેતું નથી. આહાહા..! બહુ ઝીણી વાત. 'પર્યાયોથી અનેકપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી.' ચાર બોલ આવ્યા, ચાર બોલ આવ્યા. તત્-અતત્, એક-અનેક. આજે એક-અનેક આવ્યા.

અજ્ઞાની પોતાને એકપણે માનવા માટે જ્ઞાનમાં અનેકને જાણવાનો સ્વભાવ છે તે સ્વભાવનો નાશ કરી દે છે કે મારે તો એક રહેવું છે, મારે અનંતને જાણવા નથી. અને પર્યાયમાં અનંત જણાય છે એ અનંતને જાણવાનું છોડી દઉં તો હું એકરૂપ રહીશ એમ પોતાનો નાશ કરે છે. ધર્મી જાણે છે કે પોતાની પર્યાયમાં અનેકને જાણવાનો સ્વભાવ છે. કોઈપણ આત્માની દ્રવ્યની પર્યાયમાં અનંત જાણવાનો સ્વભાવ છે. 'પર્યાયોથી અનેકપણું

પ્રકાશતો થકો...' અરે..! સંતોએ આટલી મહેનત કરી ટીકા બનાવી. આહાહા..! એને તો ક્યાં પડી છે! વિકલ્પ આવ્યો તેના પણ સ્વામી નથી. એ સંત તો આત્માના આનંદનો અનુભવ કરતા હતા. વિકલ્પ આવી ગયો તો આ શાસ્ત્ર બની ગયું. તોપણ (છેલ્લે લખ્યું કે), આ શાસ્ત્ર મેં બનાવ્યું નથી. એ તો જડની પર્યાય છે. આહાહા..! પર્યાયમાં આવી ગંભીરતા આવે છે. આહાહા..!

આ બોલ એક-અનેકનો છે. પહેલા તત્-અતત્‌નો હતો, આ એક-અનેકનો છે. એકાંતી અજ્ઞાની એકપણાને માનવા માટે અનેકપણાનો નાશ કરી દે છે, તે પણ આત્માનો નાશ કરે છે. જ્ઞાની (એમ માને છે કે) અનેકપણું જાણવાનો પર્યાયનો સ્વભાવ છે, પર્યાયનો સ્વભાવ છે. દ્રવ્ય તો ધ્રુવ છે. પર્યાય અનંત ગુણ, અનંત દ્રવ્ય, અનંતી અનંતી પર્યાયને જાણે. એ પર્યાયથી અનેકપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી. ચાર બોલ આવ્યા. હવે બીજા ચાર બોલ. આહાહા..!

પાંચમો બોલ. 'જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ, જાણવામાં આવતાં એવાં પરદ્રવ્યોના પરિણમનને લીધે...' પરદ્રવ્ય પોતાની પર્યાયમાં જણાયા તે કારણે 'જ્ઞાતૃદ્રવ્યને...' જ્ઞાતૃદ્રવ્ય એટલે આત્મા. તેને 'પરદ્રવ્યપણે માનીને...' આહાહા..! કેમકે પર પોતાને જણાયું તો એ પરદ્રવ્યરૂપ હું છું, એ પરદ્રવ્યનું જ્ઞાન થયું એ પરદ્રવ્ય હું છું એમ માનીને 'અંગીકાર કરીને નાશ પામે છે,...' પોતાના આત્માનો નાશ કરે છે. આહાહા..! ભાઈ! અધિકાર આવતા આવતા આ તો ૧૯ મી વાર સભામાં આવ્યું છે. એમાં આ બરાબર પર્યુષણમાં આવ્યું છે. હવે તો આ ૪૬ મું વર્ષ છે. ૪૬ મું ચોમાસુ અહીંયા છે. આહાહા..! શરીરને ૯૧ વર્ષ થયા. આહાહા..! શું કહે છે?

'જ્ઞાનમાત્ર ભાવ, જાણવામાં આવતા એવા પરદ્રવ્યોના...' એટલે દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ-પરિવાર, લક્ષ્મી, શરીર, વાણી, મન, કર્મ એ 'પરદ્રવ્યોના પરિણમનને લીધે જ્ઞાતૃદ્રવ્યને પરદ્રવ્યપણે માનીને...' એ પરદ્રવ્ય પરિણમે છે તો મારા છે અને તેનું પરિણમન હું કરાવું છું, એ ચીજ મારી છે એમ માનીને 'અંગીકાર કરીને નાશ પામે છે,...' આહાહા..! 'જ્ઞાતૃદ્રવ્યને પરદ્રવ્યપણે માનીને—અંગીકાર કરીને...' માનીને તેનો અર્થ કર્યો. 'અંગીકાર કરીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વદ્રવ્યથી સત્‌પણું પ્રકાશતો થકો...' આહાહા..! હું દ્રવ્યપણે છું. પરદ્રવ્યને જાણવા છતાં હું મારા સ્વદ્રવ્યપણે છું. આહાહા..! ઝીણું તો પડે. બહારની વાત બધી અત્યારે ચાલી છે. આહાહા..! આ તો પરમાત્માના હૃદયની વાત છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ.. આહાહા..! ભગવાન રહી ગયા મહાવિદેહમાં, ભરતમાં ભગવાનના વિરહ પડ્યા. આહાહા..! આમાં આવી સૂક્ષ્મ વાત સાંભળીને લોકો અજ્ઞાનથી કહે છે કે, આમ ન હોય, આ તો નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય છે. અરે..! પ્રભુ!

તારી સત્ય વાત આ છે કે દ્રવ્યથી તું એક છો પણ પર્યાયથી અનેક છો. આહાહા..!

પહેલા તો દ્રવ્ય આવ્યું, હોં! '(તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વદ્રવ્યથી સતપણું પ્રકાશતો થકો...' મારું દ્રવ્ય મારામાં છે. એમ સ્વદ્રવ્યથી પોતાનું અસ્તિત્વ નામ હયાતી પ્રકાશતો થકો પોતાના આત્માનો નાશ થવા દેતો નથી. છે? 'અનેકાંત જ તેને જિવાડે છે–નાશ પામવા દેતો નથી.'

છઠ્ઠો બોલ. 'જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ 'સર્વ દ્રવ્યો હું જ છું...' સર્વ દ્રવ્ય હું છું. આહાહા..! જગતમાં એમ કહે છે, કોઈ માણસ મરી ગયો હોય ને? મરી ગયા પછી જાય છે ને? શું કહેવાય તમારે? મડદાની સાથે માણસ જાય છે ને? બાળવા માટે. ત્યાં એનો બાપ કહે, ભાઈ! દીકરા! તું જા ને. તું તે હું જ છું ને! તું એ હું જ છું ને! તું તારે જા. એમ કહે છે. બધું સાંભળ્યું છે. એના બાપને નવરાશ ન હોય અને કુટુંબમાં નજીકના કોઈ સગા ગુજરી ગયા તો બાળવા માટે જાવું તો પડે, તો પિતાજી એમ કહે, બેટા! તું જાને! તું એ હું જ છું ને! શેઠ! એમ થાય છે કે નહિ? એમ થાય છે. એમ માને છે. આહાહા..! અહીં તો આખી દુનિયા જોઈ છે. અંદરના એક એકના રહસ્યની વાત (જોઈ છે). આહાહા..!

અહીં તો કહે છે કે, મારા દ્રવ્યથી હું એક છું. અનંતને જાણવા છતાં હું પરદ્રવ્ય રૂપ થતો નથી એમ પોતાના આત્માનો નાશ થવા દેતો નથી. એ પાંચમો બોલ કહ્યો. છઠ્ઠો. 'જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ 'સર્વ દ્રવ્યો હું જ છું...' આ શરીર મારું, કર્મ મારા, રાગ મારો, આહાહા..! '(અર્થાત્ સર્વ દ્રવ્યો આત્મા જ છે)...' વેદાંત વ્યાપક માને છે. વેદાંત માને છે કે, એક જ આત્મા છે. બૌદ્ધ માને છે–વિજ્ઞાનઅદ્વૈત. વિજ્ઞાનરૂપ એક જ તત્ત્વ જગતમાં છે. વેદાંત માને છે કે એક જ આત્મતત્ત્વ છે. અહીં સર્વજ્ઞ ભગવાન માને છે કે આવા અનંત આત્મતત્ત્વ છે. આહા..! એ અનંત આત્મતત્ત્વમાં '(સર્વ દ્રવ્યો આત્મા જ છે)...' એમ એ માને છે. આપણે બધા એક જ છીએ ને! આહાહા..! એમ માનીને, 'પરદ્રવ્યને જ્ઞાતૃદ્રવ્યપણે માનીને...' પરદ્રવ્યને પોતાના જ્ઞાતૃદ્રવ્ય એટલે પોતાનું દ્રવ્ય, જ્ઞાતૃદ્રવ્ય એટલે પોતાનું દ્રવ્ય. પરદ્રવ્યને પોતાના દ્રવ્યપણે માનીને 'અંગીકાર કરીને પોતાનો નાશ કરે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરદ્રવ્યથી અસત્પણું...' આહાહા..! હું પરદ્રવ્યથી તો અસત્ છું. દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ હું અસત્ છું. તેનું સત્ત્વ તેનામાં છે, મારું સત્ત્વ મારામાં છે. દેવ-ગુરુને લઈને મારું સત્ત્વ નથી. આહાહા..! આ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ (ચાલે છે). આ દ્રવ્યનો બોલ આવ્યો. આહા..!

'પરદ્રવ્યને જ્ઞાતૃદ્રવ્યપણે માનીને–અંગીકાર કરીને પોતાનો નાશ કરે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરદ્રવ્યથી અસત્પણું પ્રકાશતો થકો...' આત્મા પરદ્રવ્યથી નથી. ધર્મી, સમકિતી માને છે કે હું શરીરથી, રાગથી, કર્મથી, કુટુંબથી, દેવ-ગુરુ-શાસ્ત્રથી હું નથી. આહાહા..! હું તો મારા સ્વભાવથી અનાદિઅનંત છું એમ ધર્મી માનતો થકો 'પરદ્રવ્યથી અસત્પણું પ્રકાશતો થકો...' આહાહા..! મારું દ્રવ્ય પરથી અસત્ત્વ છે, અભાવરૂપ છે. આહાહા..! પોતાના સ્વભાવથી સ્વભાવરૂપ છે પણ પરદ્રવ્યથી અસ્વભાવરૂપ છે. આહાહા..! અરે..! આવું

કાને તો પડે. દેહ છોડીને જાવું છે હમણાં. આહા..!

'(પરદ્રવ્યરૂપે આત્મા નથી એ પ્રગટ કરતો થકો) અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી.' હું પરદ્રવ્યથી નથી. દેવ-ગુરુ-શાસ્ત્રથી હું નથી, હું તો મારાથી છું એમ જાણીને પોતાના આત્માને જીવિત રાખે છે, યથાર્થ માને છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! હવે ક્ષેત્ર આવ્યું, પહેલા દ્રવ્ય આવ્યું'તું. પરદ્રવ્યથી નથી, સ્વદ્રવ્યથી છું. સ્વદ્રવ્યથી છું, પરદ્રવ્યથી નથી. એ બે બોલ આવ્યા. હવે પરક્ષેત્રથી નથી અને સ્વક્ષેત્રથી છું. આહાહા..! એ આવ્યું, જુઓ!

'જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ પરક્ષેત્રગત (-પરક્ષેત્રે રહેલા)...' આહાહા..! પરક્ષેત્રમાં. મકાનમાં ઓરડો બનાવે છે, એકાંતમાં રહેવા માટે બનાવે છે. આ મારું છે, મારું છે એમ કહે. એ ક્ષેત્ર તો પર છે. પરક્ષેત્રને પોતાનું માનીને... આહાહા..! '(-પરક્ષેત્રે રહેલા) જ્ઞેય પદાર્થોના પરિણમનને લીધે...' પરક્ષેત્રમાં રહેલા પદાર્થનું પરિણમન તો થાય છે, બદલાય છે તેને લીધે 'પરક્ષેત્રથી જ્ઞાનને સત્ માનીને...' પરક્ષેત્રથી આત્માને માનીને. એ પરક્ષેત્ર પરિણમે છે તો એ પરક્ષેત્ર મારું છે (એમ માને છે). આહાહા..! પોતાનું સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશીને છોડીને પરક્ષેત્ર મારું છે. આહાહા..! 'અંગીકાર કરીને નાશ પામે છે, ત્યારે...' ધર્મી...

'(તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વક્ષેત્રથી અસ્તિત્વ...' મારા અસંખ્ય પ્રદેશ,... એ સર્વજ્ઞ સિવાય ક્યાંય છે નહિ. આત્મા અસંખ્ય પ્રદેશી છે એ સર્વજ્ઞ સિવાય ક્યાંય નથી. જેમ માળામાં ૧૦૮ મણકા છે અથવા શું કહેવાય ઇ? ચેઈનમાં મકોડા, કડી.. કડી ઘણી હોય છે. ૧૦૦-૨૦૦ કડીનો એક ચેઈન. એમ આત્મા અસંખ્ય પ્રદેશી ક્ષેત્રે છે. એ પોતાના ક્ષેત્રને નહિ માનતો, પરક્ષેત્ર મારું છે એમ માનીને આત્મા પોતાના સ્વક્ષેત્રનો નાશ કરે છે. આહાહા..! આવી વાતું. પર્યુષણના દિવસ. માણસો કેટલા ભરાણા છે, લ્યો! માર્ગ તો આ છે. બાકી બધું ધૂળધાણી ચાલ્યું જશે, બાપુ! અને શરીરની સ્થિતિ કેમ બનશે એ કંઈ ખબર છે? આહાહા..! આ તો માટી છે. ક્યારે બદલે, શું થાય? આહાહા..!

એ પરક્ષેત્રને પોતાનું માનીને... આહાહા..! 'નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વક્ષેત્રથી અસ્તિત્વ પ્રકાશતો થકો...' ધર્મી. હું તો મારા અસંખ્ય પ્રદેશમાં છું. હું પરક્ષેત્રમાં નથી. આહાહા..! આજે તો સવારે બહુ સારી વાત આવી હતી. ૪૦૧. અરે..રે..! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આવે છે, હું અહીંયા ક્યાં ચડી ગયો? આ મારી ચીજ નહિ. એ મારો પરિવાર નહિ. આહાહા..!

અહીં કહે છે કે, મારા ક્ષેત્રમાં પરક્ષેત્ર આવતું નથી. પોતાનું અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર. છે? 'સ્વક્ષેત્રથી અસ્તિત્વ...' પોતાના અસંખ્ય પ્રદેશી ક્ષેત્રની દૃષ્ટિ કરીને 'પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે...' આહાહા..! આ ક્ષેત્રનો બોલ આવ્યો. પહેલા એકનો બોલ આવ્યો, પછી અનેકનો આવ્યો.. આહાહા..! પછી દ્રવ્યનો આવ્યો, પછી આ ક્ષેત્રનો આવ્યો. હવે કાળનો અને ભાવનો બાકી છે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

પ્રવચન નં. ૪૭૦ 'પરિશિષ્ટ' સોમવાર, ભાદરવા સુદ ૧૩, તા. ૨૨-૦૯-૧૯૮૦

નોંધ :- મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' સાત બોલ ચાલ્યા, હવે આઠમો બોલ. વાત એવી છે કે વાત સૂક્ષ્મ લાગે પણ આ સમજ્યા વિના કોઈપણ વ્રત, તપ, ભક્તિ, પૂજા બધું એકડા વિનાના મીંડા છે. હવે તો લોકો પોકાર કરે છે, અહીંયાનું ચાલે છે તો હવે લોકો કહે છે, શુભભાવ તો પુણ્ય છે એનાથી આત્મામાં ધર્મનો લાભ થાય છે કે ભવનો અભાવ (થાય છે એમ નથી). સૂક્ષ્મ વાત છે, આ મુદ્દાની વાત છે. સૂક્ષ્મ પડે પણ અભ્યાસ નથી એટલે અભ્યાસ કરવો પડે. સ્થૂળપણે તો અનંત વાર કર્યું. અનંત વાર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કરોડો રૂપિયાના દાન (આપ્યા), કરોડોના મકાન, બંગલા, મંદિર બનાવ્યા તેનાથી આત્માના જન્મ-મરણનો અંત આવે છે એમ નથી.

'કૈલાસચંદજી'એ લખ્યું છે કે, આ તત્ત્વજ્ઞાન સૂક્ષ્મ પડે અને પહોંચી શકાય નહિ ઇ કરતા આ વ્રત લઈ લ્યે તો સ્વર્ગમાં તો જાશું. એમ કરીને લોકો ત્યાં અટકે છે. એમ લખ્યું છે, ઠીક લખ્યું છે. આજે લખાણ આવ્યું છે. 'જૈનસંદેશ' માં લખાણ આવ્યું છે કે, 'સોનગઢ' ની વાત સૂક્ષ્મ પડે... 'સોનગઢ' ની વાત નથી લખી પણ લોકો 'સોનગઢ' નો વિરોધ કરે છે. આહાહા..! આ વાત સૂક્ષ્મ પડે તેથી તેને છોડીને વ્રત ને તપ લઈ લેવા તો સ્થૂળ થઈ જાય. લોકો માને અને પોતાને પણ સંતોષ થઈ જાય અને એ પણ ન કરે અને તત્ત્વદૃષ્ટિ હોય નહિ તો એ કરતાં સ્વર્ગમાં તો જાશું. એમ અજ્ઞાની માને છે. એમ લખ્યું છે. વાત તો એમ છે. મૂળ વાત સમજ્યા વિના જન્મ-મરણની ગાંઠ ગળે નહિ. મોટું વૃક્ષ છે પણ વૃક્ષનું મૂળ કાપ્યા વિના ડાળા, પાંદડા, ફળ, ફૂલ નહિ જાય. આહાહા..! અને ડાળા, પાખડાં તોડશે તો મૂળ સાજુ છે તો પાછા પાંગરી જશે. એમ તત્ત્વજ્ઞાન વિના, સમ્યગ્દર્શન વિના વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને લાખોના દાન ને ક્રિયાકાંડ કરે એ બધું મૂળ કાપ્યા વિનાની વાત છે. આહાહા..! સૂક્ષ્મ પડે પણ તત્ત્વ તો આ છે. એ સમજે પછી, સમ્યગ્દર્શન પછી વ્રતાદિનો વિકલ્પ આવે છે પણ એ વ્રતનો વિકલ્પ પણ બંધનું કારણ છે.

સમ્યગ્દર્શન થયા પછી સ્વરૂપમાં સ્થિર થવું, જ્ઞાયકભાવમાં સ્થિર રહેવું, ઠરવું તેનું નામ ચારિત્ર છે. એણે દાખલો આપ્યો છે. ભાઈ! 'સમાધિશતક' માં આવે છે ને? એમ કે, એક માણસ બીજા કોઈ માણસની વાટ જોવે છે તો તડકે ઉભો છે એ કરતાં વડની

છાયામાં ઉભો રહે તો શીતળતા તો રહે. 'સમાધિશતક' માં આવી ગયું. ત્યાં એમ લીધું છે કે, અવ્રતી કરતાં વ્રતી તો સારા છે. અવ્રતી તો તડકે ઉભો છે અને વ્રતી તો છાંયામાં ઊભો છે. પણ એમાંથી એ નથી કાઢતા કે સમ્યગ્દર્શન વિના વ્રત હોતા જ નથી. એ ટીકા કરી છે. 'કૈલાસચંદજી' નું મોટું લખાણ છે. એમાંથી આ કાઢે કે, જુઓ! એમાં લખ્યું છે. અવ્રતથી તડકે ઊભો છે અને વ્રત લે તો છાંયામાં ઊભો છે. પણ કોને વ્રત હોય? હજી આત્મા જ્ઞાયક સ્વરૂપ ચિદાનંદ સ્વરૂપ ભગવાન, એ હજી જ્યાં દૃષ્ટિમાં આવ્યો નથી, એના માલની કિંમત કરી નથી, એમાં જે માલ છે એ માલની ચમત્કારિક ચીજ શું છે એવો ચમત્કાર હૃદયમાં આવ્યો નથી, આહાહા..! ત્યાં સુધી તો બધા ક્રિયાકાંડ, વ્રત, નિયમ અનાદિકાળનો સંસાર છે, બધું અનાદિકાળથી કરે છે.

મુમુક્ષુ :- બાળવ્રત અને બાળતપ છે.

ઉત્તર :- બાળવ્રત ને બાળતપ બધા મીંડા છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ! આપણે ચૌદ બોલમાં સાત બોલ ચાલી ગયા છે. ચૌદ બોલ છે એમાં આઠમો બોલ આજે છે. આઠમો છે? આમાં બીજી બાજુ છે.

'વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ...' શું કહે છે? પહેલા સાતમા બોલમાં એ આવ્યું કે, આત્મા સ્વક્ષેત્રમાં છે, પરક્ષેત્રમાં નથી. સમજાય છે? આહાહા..! સ્વક્ષેત્રમાં છે, પરક્ષેત્રમાં નથી. અહીંયા એ કહે છે કે, પરક્ષેત્રમાં નથી અને સ્વક્ષેત્રમાં છે. આહાહા..! આવી વાત. ક્ષેત્ર શું? શું કહે છે? જુઓ!

'વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ...' આત્મા 'જ્ઞાનમાત્ર ભાવ સ્વક્ષેત્રે હોવાને માટે,...' પરનું જાણવું થાય છે તો હું ભ્રષ્ટ થઈ જાઉં છું. પરક્ષેત્રને જાણું છું તો હું મારાથી ભ્રષ્ટ થાઉં છું. એમ માને છે. પણ પરક્ષેત્રનું જાણવું એ પોતાનો સ્વભાવ છે. પરક્ષેત્રને જાણે છે માટે પરક્ષેત્રરૂપ થઈ ગયો એમ નથી. આહાહા..! આવી વાત. 'જ્ઞાનમાત્ર ભાવ સ્વક્ષેત્રે રહેવા માટે...' અજ્ઞાની '(-રહેવાને, પરિણમવાને) માટે, પરક્ષેત્રગત જ્ઞેયોના આકારોના ત્યાગ વડે...' શું કહે છે? જ્ઞાનમાં પરનું જે ક્ષેત્ર છે તેનું જ્ઞાન થાય છે, એ જ્ઞાન થાય છે તો એ એમ માને છે કે પરને કારણે જ્ઞાન થયું તો એ પરજ્ઞેયના જ્ઞાનનો ત્યાગ કરવા માગે છે. તો તો જ્ઞાનનો ત્યાગ થયો. અરે..રે..! સમજાય છે કાંઈ? ઝીણી વાત તો છે, ભાઈ! એ કે દિ' લેશે? કે દિ' મળશે? આહાહા..!

જ્ઞાનમાત્ર ભાવ એટલે આત્મા 'સ્વક્ષેત્રે હોવાને માટે...' અજ્ઞાની એમ માને છે કે હું મારા ક્ષેત્રમાં રહું, તેમ '(-રહેવાને, પરિણમવાને) માટે, પરક્ષેત્રગત જ્ઞેયોના આકારોના ત્યાગ વડે...' પરક્ષેત્રનું અહીંયા જ્ઞાન થાય છે તે જ્ઞાન પોતાનું છે, એ પરક્ષેત્રનું નથી. પોતાનું સ્વનું પણ જ્ઞાન છે અને પરક્ષેત્રનું જ્ઞાન થાય છે તે તો પોતાનું જ્ઞાન છે, પણ અજ્ઞાની એમ જાણે છે કે મને પરનું જ્ઞાન થાય છે તો હું તેને છોડી દઉં. પરના જ્ઞાનના જ્ઞાનાકારો

છોડવાથી તારી પર્યાય છૂટી જશે. આહાહા..! આવી વાતું છે.

'સ્વક્ષેત્રે હોવાને (–રહેવાને, પરિણમવાને) માટે, પરક્ષેત્રગત જ્ઞેયોના આકારોના ત્યાગ વડે...' પોતા સિવાય પરક્ષેત્રમાં રહેનારી જે ચીજ છે તેનું અહીંયા જ્ઞાન થાય છે તો એમ માને છે કે એ પરક્ષેત્રનું જ જ્ઞાન છે. એમ અજ્ઞાની માને છે. પણ પરક્ષેત્રનું જ્ઞાન છે તે પોતાનું છે. સ્વક્ષેત્રનું જ્ઞાન પણ પોતાનું છે અને પરક્ષેત્રનું જ્ઞાન પણ પોતાનું છે. બહુ ઝીણી વાત, બાપુ! આહાહા..!

'પરક્ષેત્રગત જ્ઞેયોના આકારોના ત્યાગ વડે...' પોતાના જ્ઞાનમાં પરક્ષેત્ર જણાય છે. મેરુ પર્વત, દેવલોક, સ્વર્ગ, નરક, સ્ત્રી, કુટુંબ-પરિવાર જ્ઞાનમાં જ્ઞેય તરીકે જણાય છે તો અજ્ઞાનીને એમ લાગે છે કે એ તો જ્ઞાનમાં પરજ્ઞેય જણાયું તો મારા જ્ઞાનનો ખંડ થઈ ગયો. તો પરના આકારના ત્યાગ વડે. એ પરને જાણવાનું છોડી દઉં. શું છોડે? એ તો તારો સ્વભાવ છે. સ્વ અને પરને જાણવું એ તો તારો સ્વભાવ છે. પરને જાણવું છોડવાથી તો તું છૂટી જઈશ. આહાહા..!

'(જ્ઞાનમાં જે પરક્ષેત્રે રહેલ જ્ઞેયોના આકાર આવે છે...)' પરક્ષેત્રમાં રહેલા છે એમ જ્ઞાનમાં જણાય છે 'તેમનો ત્યાગ કરીને) જ્ઞાનને તુચ્છ કરતો થકો...' જ્ઞાનમાં સ્વ અને પર જાણવાની શક્તિ છે તે પોતાનું સ્વરૂપ છે. પણ પર જણાય છે તેને છોડી દેવાથી જ્ઞાન પોતાના આત્માને તુચ્છ કરી નાખે છે. આહાહા..! આવું વાંચ્યું પણ કે દિ' હોય? સત્ય વસ્તુ મૂળ ચીજ છે, મૂળ ચીજ. આ તો જૈનદર્શનનો પાયો છે. આહાહા..! આ પાયા વિના મહેલ નહિ ચણાય. પાયો સૂક્ષ્મ પડશે પણ પાયો પાકો (કરવો), આહાહા..! સીસુ નાખીને પાયો પાકો કરે છે. મહેલ બનાવે છે ને? મહેલ, મકાન તો નીચે સીસુ નાખે. પત્થર અને સીસુ, ઇંટ અને સીસુ (નાખે એટલે) મજબૂત (થાય). એમ આત્મામાં આ જ્ઞાન સ્વરૂપ ભગવાન પરક્ષેત્રનું જ્ઞાન થાય છે એ તો પોતાનું જ્ઞાન છે પણ એ માને છે કે પરક્ષેત્રનું જ્ઞાન થયું એ પરથી થયું છે માટે પરનું છે. એ પરક્ષેત્રનું જ્ઞાન છોડીને પોતાના જ્ઞાનને તુચ્છ માને છે. આહાહા..! અરે..! આ હજી સાંભળવામાં કઠણ પડે. કંઈ દરકાર કરી નથી. અનંત કાળ (ગયો). આહાહા..! આવ્યું?

મુમુક્ષુ :– આપની વાત સાંભળી હોય એને કઠણ ન પડે.

ઉત્તર :– ન પડે. અહીંયા તો ૪૫-૪૬ વર્ષથી ચાલે છે. આ તો ૪૬ મું પર્યુષણ છે. સંપ્રદાય છોડ્યા (પછી). સ્થાનકવાસી સંપ્રદાયમાં અમારા પિતાજી હતા ને એટલે અમે એમાં દીક્ષા લીધી. પછી તો પૂર્વના સંસ્કાર હતા તો અંદરમાં ૐ ધ્વનિ આવી. ત્યાં સાંભળી હતી એ ૐ ધ્વનિ અંદર આવી. વૈશાખ વદ ૮, સંવત ૧૯૭૮ ની સાલ. ઓહો..! આ શું? સ્થાનકવાસી તો ૐ માને નહિ. ૐ એ બ્રાહ્મણનો છે એમ માને. આહાહા..! પણ ૐ તો ભગવાનની વાણી છે. 'ૐ કાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે' આહાહા..! 'બનારસીદાસ' સમકિતી હતા, જ્ઞાની હતા. બહુ જબ્બર

હતા. 'સમયસાર નાટક' કોઈ એવું બનાવ્યું છે... ઓહો..!

પોતાના દ્રવ્યમાં, જ્ઞાનસ્વભાવી દ્રવ્યમાં પરક્ષેત્રનું જાણવું થયું તેને અજ્ઞાની એમ માને છે કે આ પરક્ષેત્રનું જ્ઞાન થયું એ તો ઉપાધિ થઈ. તો એ પરક્ષેત્રનું જ્ઞાન છોડી દઉં અને એકલા જ્ઞાનરૂપ રહું. પણ કેવી રીતે રહે? તારો જ્ઞાનનો સ્વભાવ જ સ્વપરપ્રકાશક છે. પરક્ષેત્રનું જ્ઞાન તું છોડી દઈશ તો તારો આત્મા છૂટી જશે. અરે..! આવી વાત કે દિ' સાંભળી છે? ભાઈ! આહાહા..! લોકો રાજી થાય, લોકરંજન થાય એવી વાતું કરે એટલે લોકો રાજી થાય. અરે..રે..! જિંદગી ચાલી જાય છે. આહાહા..! આ ભવ આવો ક્યારે મળે? અનંતે કાળે આ વાત મળી.

અહીંયા એ કહે છે, 'તુચ્છ કરતો થકો પોતાનો નાશ કરે છે,...' બરાબર છે? 'મધુ'! શું કીધું ઇ? પોતાના જ્ઞાનસ્વભાવમાં પરનું જાણવું થયું એ પરને કારણે નહિ. પોતાનો જ્ઞાનનો સ્વભાવ છે તો પરક્ષેત્રનું જ્ઞાન પોતાના ક્ષેત્રમાં થાય છે. અજ્ઞાની પરક્ષેત્રના જ્ઞાનને છોડીને તુચ્છ કરે છે. પોતાના સ્વપરપ્રકાશક આત્માને ખાલી કરી નાખ્યો, છોડી દીધો. આહાહા..! એ અજ્ઞાની આત્માનો નાશ કરે છે. ભાષા તો સાદી છે, પ્રભુ! ભાવ તો છે ઇ છે. આ તો ૧૯ મી વાર વંચાય છે. સભામાં ૧૯ મી વાર વંચાય છે. શરૂઆત તો સંપ્રદાયમાં કરી હતી. સંપ્રદાયમાં જ શરૂ કરી દીધેલું. સંવત ૧૯૮૬ ની સાલમાં 'અમરેલી' માં શરૂ કરેલું અને સંવત ૧૯૯૦ ની સાલમાં 'રાજકોટ'. સંપ્રદાયમાં મુહપત્તી હતી ત્યારે (શરૂ કરેલું). 'રાજકોટ' સદરમાં હજારો માણસો સાંભળવા આવતા હતા. આહાહા..!

અહીંયા કહે છે, પ્રભુ! એકવાર સાંભળ. તને ખબર નથી કે આ શું ચીજ છે? અને હું શું નથી? આહાહા..! તારા જ્ઞાનમાં પરક્ષેત્રમાં રહેલા ક્ષેત્રનું જ્ઞાન થાય છે એ તો તારા જ્ઞાનની સામર્થ્યની દશા છે. અજ્ઞાની પરક્ષેત્રનું જ્ઞાન છોડીને આત્માને તુચ્છ કરી નાખે છે, આત્માનો નાશ કરી નાખે છે. છે?

'ત્યારે સ્વક્ષેત્રે રહીને...' હવે ધર્મી 'સ્વક્ષેત્રે રહીને જ...' પોતાના ક્ષેત્રમાં જ રહીને 'પરક્ષેત્રગત જ્ઞેયોના આકારરૂપે પરિણમવાનો જ્ઞાનનો સ્વભાવ...' આહાહા..! શું કહ્યું? જેમ આંખ અગ્નિને જુએ છે તો અગ્નિનું ક્ષેત્ર અને આંખનું ક્ષેત્ર ભિન્ન છે. અગ્નિને જોવાથી અગ્નિનું ક્ષેત્ર અહીંયા આવી જાય છે એમ નથી. અને અગ્નિને જાણવાનો સ્વક્ષેત્રમાં સ્વભાવ છે એ છોડી દે તો તારો જ્ઞાનસ્વભાવ છૂટી જાય છે. ધર્મી જીવ જ્ઞાનનો આકાર થયો એ તો પોતાનો સ્વભાવ છે (એમ માને છે). પરક્ષેત્રને જાણવું એ તો મારો સ્વભાવ છે. આહાહા..! પરક્ષેત્રને પોતાનું માનવું એ મિથ્યાત્વ છે. આહાહા..! પણ પરક્ષેત્રને જાણવું એ તો પોતાનો સ્વભાવ છે. કેમકે સ્વપર જાણવાની શક્તિ આત્માની પોતાની છે. તો પરને જાણવાનું છોડી દે તો તેણે જ્ઞાનને જ છોડી દીધું. આહાહા..!

ધર્મીજીવ 'પરક્ષેત્રગત જ્ઞેયોના આકારરૂપે પરિણમવાનો જ્ઞાનનો સ્વભાવ હોવાથી (તે

જ્ઞાનમાત્ર ભાવનું) પરક્ષેત્રથી નાસ્તિત્વ પ્રકાશતો થકો...' પરક્ષેત્રથી મને પરક્ષેત્રનું જ્ઞાન થયું નથી. પરક્ષેત્રનું જ્ઞાન પરક્ષેત્રથી મારામાં થયું નથી, મારું જ્ઞાન તો મારાથી થયું છે. આહાહા..! અરે..રે..! મુદ્દાની રકમની વાત સાંભળવા મળે નહિ. એ હીરા ને માણેકની ભસ્મ, બાપા! તારા શરીરની ભસ્મ થઈ જશે રાખની. આહાહા..! હમણા શેઠે બતાવ્યું હતું ને? 'શોભાલાલજી'એ. મૃત્યુ પછી ફોટા લીધા છે. આહાહા..! એ તો રાખના છે. આત્મા ચાલ્યો ગયો. આહાહા..! સમજાય છે કાંઈ?

ધર્મીજીવ એ જ્ઞેયાકાર, પરક્ષેત્રનું જ્ઞાન મારામાં થાય છે એ મારો સ્વભાવ છે (એમ માને છે). એ પરક્ષેત્રને કારણે હું પરને જાણું છું એમ નથી. પરક્ષેત્રને જાણવાનો મારો સ્વભાવ છે. એમ જાણીને 'જ્ઞાનનો સ્વભાવ હોવાથી (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરક્ષેત્રથી નાસ્તિત્વ...' હું પરક્ષેત્રથી નથી. હું તો મારા સ્વક્ષેત્રથી છું. છે? 'પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી.' આહાહા..! એકેએક બોલમાં આખા દુનિયાની વાત, ચૌદ બ્રહ્માંડની વાત સમાવી દે છે. એક એક બોલમાં! સંતોની, દિગંબર સંતોની વાણી ગજબ કામ કરે છે. આહાહા..! એ આઠમો બોલ થયો.

હવે એનાથી પણ થોડું વધારે સૂક્ષ્મ આવ્યું. 'જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ પૂર્વાલંબિત પદાર્થોના વિનાશકાળે...' જેમ કે જ્ઞાનમાં ઘટ જાણ્યું. જ્ઞાનમાં ઘટ (જાણ્યું). ઘટનો નાશ થવાથી મારી પર્યાયનો પણ નાશ થઈ ગયો એમ માને છે. આહાહા..! શું કીધું? આમાં સ્વકાળ (લેવો) છે. સ્વકાળ આવ્યો. પોતાના કાળમાં પોતાના જ્ઞાનથી છે. પરનું જ્ઞાન કરવાથી એ જ્ઞાન પરનું નથી. ઘટના જ્ઞાન વખતે ઘટનું જ્ઞાન થાય છે પણ પોતાના સ્વભાવમાં તે કાળે ઘટને જાણવાની તાકાત (પોતાની છે). ઘટની અપેક્ષા પણ નથી એવો એનો સ્વભાવ છે. આહાહા..! આવું ક્યારે (સમજે)?

'જ્ઞાનમાત્ર ભાવ પૂર્વાલંબિત પદાર્થો...' જ્ઞાનમાં પૂર્વે જે પદાર્થો જણાયા હતા.. હવે કાળ લીધો. તેના 'વિનાશકાળે...' એ ઘટ પદાર્થ જણાયો. અહીં ઘટનું જ્ઞાન થયું એ જ્ઞાન ઘટનું નથી. એ જ્ઞાન તો પોતાનું છે. પણ ઘટનો નાશ થવાથી ઘટ સંબંધી જ્ઞાનનો પણ નાશ થઈ ગયો એમ અજ્ઞાની માને છે. આહાહા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! ચૌદ તત્ત્વ ગંભીર છે. આહાહા..! સૂક્ષ્મ તો છે પણ આવી ગયા. આ ફેરી આ આવી ગયું છે. કાને તો પડે. આવો મનુષ્યભવ મળ્યો, બાપુ! બહારની વાતમાં (ગુંચાઈ ગયો). આહા..!

'વિનાશકાળે (–પૂર્વે જેમનું આલંબન કર્યું હતું એવા જ્ઞેય પદાર્થોના વિનાશ વખતે) જ્ઞાનનું અસત્‌પણું માનીને...' પરનું જાણવું થયું અને પર વસ્તુનો નાશ થયો તો ભેગો મારો પણ નાશ થઈ ગયો. પણ પરને જાણવાનો કાળ તો મારો હતો. પહેલા ક્ષેત્રની વાત હતી, હવે કાળની વાત છે. આહાહા..! પરને જાણવાના કાળે ઘટજ્ઞાન ઘટથી થાય છે એમ માને છે. જો ઘટનું જ્ઞાન ઘટથી થતું હોય તો ઘટ પાસે થાંભલો મુકો, પત્થર મુકો તો પત્થરને

જ્ઞાન થઈ જવું જોઈએ, જો ઘટથી જ્ઞાન થતું હોય તો. શું કહ્યું?

જો પરથી, શાસ્ત્રથી, પુસ્તકથી, પાનાથી જ્ઞાન થતું હોય તો અહીંયા આંગળી લગાડો તો આંગળીને પણ જ્ઞાન થવું જોઈએ. ઘટના જ્ઞાન વખતે ઘટનું જ્ઞાન કરવાનો પોતાનો સ્વભાવ છે. સ્વકાળ છે. એ ઘટનો નાશ થવાથી મારા કાળની પર્યાય પણ નાશ થઈ ગઈ. તેને જાણવાની પર્યાય નાશ થઈ ગઈ, પછી બીજી જાણવાની પર્યાય થઈ. પણ એ તો સ્વકાળનો સ્વભાવ છે. ઘટના જ્ઞાન વખતે પોતાનું જ્ઞાન ઘટરૂપે જ જાણે. પટના જ્ઞાન વખતે પોતાનું જ્ઞાન પટરૂપ જાણે, પણ એ જાણવું ઘટને, પટને લઈને નથી. આહાહા..! આવી વાતું.

'જ્ઞાનમાત્ર ભાવ પૂર્વાલંબિત પદાર્થોના વિનાશકાળે (–પૂર્વે જેમનું આલંબન કર્યું હતું એવા જ્ઞેય પદાર્થોના વિનાશ વખતે)...' જેમનું આલંબન લીધું હતું, ખ્યાલમાં આવ્યું હતું કે આ ઘડો ઘીનો ઘડો છે, આ સ્ત્રી છે. લ્યોને! સ્ત્રીનું જ્ઞાન થયું. સ્ત્રી મરી ગઈ તો મારું જ્ઞાન પણ મરી ગયું (એમ માને છે). એને જાણવાની પર્યાય તો પોતાની હતી. આહાહા..! સ્ત્રી જ્ઞાનની નહોતી અને સ્ત્રીથી જ્ઞાન થયું નથી. સ્ત્રીથી જ્ઞાન થયું હોય તો સ્ત્રી પાસે થાંભલો મુકો, લાકડા મુકો તો (તેને પણ જ્ઞાન થવું જોઈએ). અહીંયા જ્ઞાન છે તો સ્ત્રીનું જ્ઞાન થાય છે પણ એ સ્ત્રી સંબંધીનું જ્ઞાન પોતાનું છે, સ્ત્રીનું નહિ. આહાહા..! અને સ્ત્રીનો નાશ થવાથી, અજ્ઞાની, તેના સંબંધીનું જ્ઞાન હતું તે જ્ઞાનનો પણ નાશ થઈ ગયો એમ માને છે. આહાહા..! બહુ આકરી વાત છે. આ 'અમૃતચંદ્રાચાર્ય' સંત મુનિ જેમણે ટીકા કરી, 'સમયસાર'ની, 'પ્રવચનસાર'ની, 'પંચાસ્તિકાય' ની ટીકા કરી એ સિવાય 'તત્ત્વાર્થસાર', 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' પુસ્તક બનાવ્યા. પણ એક એકમાં ગંભીરતાનો પાર નહિ. ઓહોહો..!

એ કહે છે, 'પૂર્વાલંબિત પદાર્થોના વિનાશકાળે (–પૂર્વે જેમનું આલંબન કર્યું હતું...)' કાળ '(એવા જ્ઞેય પદાર્થોના વિનાશ વખતે)...' સમય 'જ્ઞાનનું અસત્‌પણું માનીને...' એનો નાશ થયો તો મારા જ્ઞાનનો પણ નાશ થઈ ગયો. મારું જ્ઞાન પણ અસત્ થયું. આહાહા..! 'અંગીકાર કરીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વકાળથી (–જ્ઞાનના કાળથી)...' એ ઘટના જ્ઞાન કાળે ઘટનું જ્ઞાન થયું તે પોતાથી થયું છે અને ઘટનો નાશ થઈને પટ આવ્યું તો પટનું જ્ઞાન પણ તે પોતાના સ્વકાળથી થયું છે. આહાહા..! આવી વાત. આખા જૈનશાસનની ચાવી છે. આખા જૈનદર્શનની...

એક છોકરો હતો એ બોલતો હતો, કો'ક સાત-આઠ વર્ષનો નાનો છોકરો હતો. એ બોલતો હતો, જ્ઞાયકભાવ એ બધા તાળા ખોલવાની ચાવી છે. એની બેને કંઈક શીખડાવ્યું હશે. જ્ઞાયકભાવ, હું તો જાણનાર છું, સ્વપરપ્રકાશક (છું) એ બધા તાળા ખોલવાની ચાવી છે. એ બોલતો હતો. એને બિચારાને તો ખબર ન હોય. આહાહા..!

અહીં કહે છે કે, પરનું જ્ઞાન કરવાના કાળે જાણે પરથી મને જ્ઞાન થયું તો પરનો જ્યારે નાશ થાય છે તો પોતાનું જ્ઞાન પણ નાશ થઈ ગયું એમ પોતાનું અસત્‌પણું માનીને,

એમ 'અંગીકાર કરીને નાશ પામે છે,...' હવે આ એની મેળાએ વાંચે તો કોઈ દિ' ખબર પણ પડે નહિ. એના ચોપડા આખો દિ' ફેરવ્યા કરે. આ ચોપડાની એક લીટી સમજે નહિ કે કઈ રીતે છે. આહાહા..!

ધર્મી '(તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વકાળથી (–જ્ઞાનના કાળથી) સત્‌પણું પ્રકાશતો થકો...'એ ઘટનું અને પટનું જ્ઞાન તો પોતાનું છે. એ પોતાની પર્યાયનું જ્ઞાન છે, પરનું જ્ઞાન નથી. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાની પર્યાયમાં.. આહાહા..! એમાં લખ્યું છે ને? 'કળશટીકા', પોતાની પર્યાયને જે ન માને, પોતાની પર્યાયમાં આ પરને જાણવાની પર્યાય થાય છે, પરને કારણે મારી પર્યાય થાય છે એ પર્યાયને પરને કારણે માને છે તે છ દ્રવ્યને માનતો નથી. પાઠ આવ્યો છે ને? 'કળશટીકા' માં છે. આ કેટલામો બોલ છે?

અહીંયા કહે છે, જુઓ! ૨૪૯ કળશ છે, હવે આવશે. 'કોઈ મિથ્યાદૃષ્ટિ એવો છે કે જ્ઞાનને દ્રવ્યરૂપ માને છે, પર્યાયરૂપ માનતો નથી;...' પોતાની પર્યાય ભિન્ન ભિન્ન પરપદાર્થને જાણે છે તો એ પરપદાર્થને કારણે નહિ. સમજાય છે કાંઈ? એ પરની પર્યાયને માનતો નથી, પોતાની પર્યાયને માનતો નથી. પોતાની પર્યાયમાં ભગવાનને જાણે છે, એ પર્યાયને માનતો નથી તો તે ભગવાનને માનતો નથી. આહાહા..! 'કળશટીકા' ૨૪૯ મો કળશ છે. એમાં આવ્યું છે, જુઓ!

'કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ એવો છે કે જ્ઞાનને દ્રવ્યરૂપ માને છે,...' જ્ઞાનસ્વરૂપ હું દ્રવ્યરૂપ છું એટલે હું કાયમ રહેનારો છું પણ પર્યાયને ન માને. અવસ્થા બદલાય છે તેને ન માને. સામાન્યને માને અને વિશેષને ન માને. આહાહા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન, પર્યાયરૂપ માનતો નથી 'તેથી જેમ જીવદ્રવ્યને જ્ઞાનવસ્તુરૂપે માને છે તેમ જ્ઞેય જે પુદ્‌ગલ-ધર્મ-અધર્મ-આકાશ-કાળદ્રવ્ય તેમને પણ જ્ઞેયવસ્તુ માનતો નથી,...' પોતાની પર્યાયને ન માને એ જ્ઞેયને માનતો જ નથી. કેમકે પોતાની પર્યાયમાં જ્ઞેયને જાણવાનો સ્વકાળનો સ્વભાવ છે. આહાહા..! 'શાંતિભાઈ'! કોઈ દિ' કાંઈ આવ્યું નથી ન્યાં હીરા, માણેકમાં ધૂળમાં.

મુમુક્ષુ :– આ હીરા, માણેક જુદી જાતના છે.

ઉત્તર :– આ હીરા, માણેક જુદી જાતના છે. આહાહા..! અરે..! આ કાળ ક્યારે આવે બાપુ! ઝીણું લાગે. મારા ખ્યાલમાં છે, બહુ ઝીણું લાગે તો એમ થાય કે આ ક્યાં સુધી ચાલશે? તો પાના ફેરવે. બધો ખ્યાલ છે. આ આખી દુનિયાને જાણીએ છીએ ને, પ્રભુ! ધર્મને નામે પણ સંતોષ માનીને સત્ય તત્ત્વનો કોઈ દિ' વિચાર અને મંથન કરતા નથી. આહાહા..!

અહીં કહે છે કે, જે કોઈ 'પર્યાયરૂપ માનતો નથી;...' પોતાની પર્યાયમાં છ દ્રવ્યને જાણવાની તાકાત છે. પર્યાયમાં છ દ્રવ્ય જાણવાની તાકાત છે. એ પર્યાયને માનતો નથી 'તેથી જેમ જીવદ્રવ્યને જ્ઞાનવસ્તુરૂપે માને છે. તેમ જ્ઞેય જે પુદ્‌ગલ-ધર્મ-અધર્મ-આકાશ-કાળદ્રવ્ય

તેમને પણ જ્ઞેયવસ્તુ માનતો નથી.' આહાહા..! ખરેખર તો પર્યાયમાં સર્વ વસ્તુને જાણવાનો પોતાનો સ્વકાળ છે. સ્વકાળમાં સર્વ જાણવાની પોતામાં શક્તિ છે પણ એમ નહિ માનતા, પરકાળનો નાશ થતાં, જે ચીજ જાણવામાં આવી તે પલટી ગઈ તો હું પણ પલટી ગયો (એમ માને છે). આહાહા..! એમ માનીને પોતાનો નાશ માને છે. સમજાય છે કે નહિ? આહાહા..! ભાષા તો સાદી છે, પ્રભુ! અમારે 'ધર્મચંદ માસ્તર' એમ કહે, ચાર ચોપડીનો ભણેલો પણ સમજે. શેઠ પણ એમ બોલ્યા હતા કે, બે ચોપડીનો ભણેલો પણ સમજે. શું કહે છે એ તો સમજે ને? પછી વળી બેસવું એ જુદી વાત. આહાહા..! શું કહ્યું?

અહીંયા તો કહે છે કે, જે કોઈ પર્યાયને ન માને એ પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન થાય છે તે પર્યાયનો સ્વભાવ છે, ધ્રુવનો સ્વભાવ નથી. ધ્રુવમાં જાણવાની શક્તિ ધ્રુવરૂપે છે. પરિણમનમાં છ દ્રવ્યને જાણવાની શક્તિ છે. એ પર્યાયને જે ન માને તે છ દ્રવ્યને માનતો નથી. આહાહા..! ઘણી વાત લાંબી છે. ૨૪૯ કળશ આવશે. આહાહા..!

'(તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વકાળથી (-જ્ઞાનના કાળથી) સત્‌પણું પ્રકાશતો થકો...' શું કહે છે? કે, પોતાની પર્યાય-અવસ્થામાં જે ચીજ જણાણી એ જાણવાની પર્યાય તો પોતાનો સ્વભાવ છે. એ જ્ઞેયને કારણે આ જ્ઞાન થયું એમ નથી. ઘડાનું જ્ઞાન ઘડાને કારણે અહીંયા થતું હોય તો ઘડાની નજીક લાકડી રાખો તો તેને પણ જ્ઞાન થવું જોઈએ. પણ ઘડાનું જ્ઞાન થાય છે એ તો અહીંયા જ્ઞાનસ્વરૂપ આત્મા છે તેને કારણે ઘડાનું જ્ઞાન પોતાને કારણે થાય છે. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! 'ભોગીભાઈ'! આહાહા..! 'ઘાટકોપર' ના અગ્રેસર છે ને? આ પર્યુષણમાં આવી ગયા, લાભ લીધો. આહાહા..!

ધર્મીજીવ, સ્વકાળથી 'સત્‌પણું પ્રકાશતો થકો...' પરના આલંબન કાળે જે પરનો નાશ થયો તો મારી પર્યાયનો નાશ થયો એમ નહિ. મારી પર્યાય બદલીને બીજી પર્યાય થઈ. એને કારણે મારી પર્યાયનો નાશ થઈ ગયો (એમ નથી). જેને જાણે તે પલટવાથી મારી પર્યાય પણ તેને કારણે પલટી ગઈ એમ માનનાર મિથ્યાદૃષ્ટિ પોતાના સ્વરૂપનો નાશ કરે છે. આહાહા..! એ નવમો બોલ થયો.

દસમો બોલ. 'વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ પદાર્થોના આલંબનકાળે જ (-માત્ર જ્ઞેય પદાર્થોને જાણવા વખતે જ) જ્ઞાનનું સત્‌પણું માનીને...' શું કહે છે? જ્ઞાનની પર્યાય જ્યારે જ્ઞેય છે તેટલું જ જ્ઞાન છે, જેટલું જ્ઞેય છે તેટલું જ જ્ઞાન છે એમ માનીને પર્યાયને માને પણ દ્રવ્યને માને નહિ. આહાહા..! ફરીથી. આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરની વાણી છે. આહાહા..! એ પણ સંતો કહે છે. ભગવાનની સાક્ષાત્ વાણીમાં તો કેવું આવતું હશે! આહાહા..! સૂક્ષ્મ.. સૂક્ષ્મ.. સૂક્ષ્મ.. ઇન્દ્રો અને ગણધરો પણ ત્યાં કૂતરીના બચ્ચાની પેઠે નમ્રતાથી સાંભળે છે. એ ચીજ કેવી હોય? ઇન્દ્ર ત્રણ જ્ઞાનના ધણી છે, એકાવતારી છે, એક ભવે મોક્ષ જનારા છે. એ ભગવાન પાસે સાંભળવા જાય છે. અને આઠમો નંદીશ્વર દ્વિપ છે,

જ્યાં બાવન શાશ્વત જિનાલય છે ત્યાં એકાવતારી ઇન્દ્ર આઠ આઠ દિવસ જાય છે. અષાઢ સુદ આઠમથી પુનમ. કારતક સુદ આઠમથી પુનમ અને ફાગણ સુદ આઠમથી પુનમ. ત્રણ વાર. બાર મહિનામાં ત્રણ વાર જાય છે. આહાહા..! એ આ વસ્તુને એમ જાણે છે કે ભગવાનના અવલંબનથી આ મારું જ્ઞાન થયું અને મારી દૃષ્ટિ ત્યાંથી ખસી ગઈ અને શાસ્ત્રનું આલંબન આવ્યું તો એ પર્યાય પરને કારણે થઈ હતી, પરનો નાશ થતાં મારી પર્યાયનો નાશ થઈ ગયો એમ માનતા નથી. આહાહા..! છે? દસમો બોલ છે ને?

'વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ પદાર્થોના આલંબનકાળે જ (–માત્ર જ્ઞેય પદાર્થોના જાણવા વખતે જ) જ્ઞાનનું સત્‌પણું માનીને...' પરને જાણવું એ જ મારી ચીજ છે. આહાહા..! પણ પરને જાણવું એ તો એક સમયની પર્યાય છે અને આત્મા તો ત્રિકાળી સ્વ અને પરને જાણનારો આત્મા છે. આહાહા..! અરે..! આવું ક્યારે સાંભળે? આ ફેરી વળી આ પર્યુષણમાં આવ્યું. ૪૬ વર્ષ થઈ ગયા, હવે શું થશે? ખબર નથી. આહાહા..!

'જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ પદાર્થોના આલંબનકાળે જ (–માત્ર જ્ઞેય પદાર્થોના જાણવા વખતે જ) જ્ઞાનનું સત્‌પણું માનીને...' એ જ્ઞેયને જાણું ત્યાં સુધી જ મારું જ્ઞાન છે, જ્ઞેયનો નાશ થાય છે તો મારો પણ નાશ થઈ જાય છે. એમ માનીને 'અંગીકાર કરીને પોતાનો નાશ કરે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરકાળથી (–જ્ઞેયના કાળથી) અસત્‌પણું...' પરને જાણું છું છતાં હું પરથી અસત્ છું, હું પરથી નથી. આહાહા..! સ્વકાળથી અસ્તિ, પરકાળથી નાસ્તિ, આ બોલ છે. આહાહા..! ધીમે ધીમે વિચારવું, ભાઈ! આ સંસ્કાર નાખવા. આ સૂક્ષ્મ લાગે તેથી આને છોડી વ્રત ને નિયમ ને તપ ને ભક્તિમાં ચાલ્યો જાય તો તેના ભવ કદી ઘટશે નહિ. આ કદાચિત્ ન મળે તોપણ એના સંસ્કાર નાખીને જાય, કરતા.. કરતા.. કરતા... કરતા તો પેલા ભવમાં પણ પ્રાપ્ત થશે. પણ એ વ્રત ને નિયમ ને તપ ને ભક્તિ લાખ, કરોડ કરતા કરતા પરભવમાં પણ સમકિત થશે એમ ત્રણકાળમાં નથી. આહાહા..! એ દસમો બોલ થયો? શું આવ્યું?

પરકાળથી નથી. પરની પર્યાયથી મારી પર્યાય નથી. પરની પર્યાયનું મારી પર્યાયમાં જ્ઞાન થાય છે પણ એ તો મારું જ્ઞાન છે. એ પરનો નાશ થાય છે તો પરસંબંધી મારા જ્ઞાનનો પણ નાશ થશે એમ માનતો નથી. એ તો મારી પર્યાયનો પલટવાનો સ્વભાવ છે. એકને જાણીને બીજાને જાણે એ તો મારી પર્યાયનો પલટવાનો સ્વભાવ છે. આહાહા..! ધ્યાન રાખ્યા વિના આ પકડાય એવું નથી. આ કાંઈ વાર્તા નથી, કથા નથી કાંઈ. આ તો ભગવાનના ઘરની, ભગવાનના પેટની વાતું છે, પ્રભુ! ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ સમજાવે છે. તેનાથી વિરૂદ્ધ સમજે તે ચાર ગતિમાં પરિભ્રમણ કરશે. આહાહા..! ગજબ વાત છે. આ તો સમજાય એવું છે, 'છોટાભાઈ'! 'છોટાભાઈ' તો બુદ્ધિવાળા છે.

હવે ભાવ આવ્યો. પહેલા પરદ્રવ્યથી હું અસ્તિ છું એમ નહિ. સ્વદ્રવ્યથી અસ્તિ છું,

પરદ્રવ્યથી નાસ્તિ છું. પછી બીજામાં આવ્યું, પરક્ષેત્રથી નાસ્તિ છું, સ્વક્ષેત્રથી અસ્તિ છું, પરક્ષેત્રથી નાસ્તિ છું. પછી આવ્યું, સ્વકાળ પોતાની પર્યાયથી હું અસ્તિ છું પણ પરના કાળથી હું નાસ્તિ છું. આ ટૂંકા શબ્દ. હવે પોતાના ભાવથી હું અસ્તિ છું, પરના ભાવથી હું નાસ્તિ છું. એ ભાવનો બોલ આવે છે. આહાહા..!

પહેલા તત્-અતત્ આવ્યું. જ્ઞાન તત્ સ્વરૂપે છે, એ અતત્ જ્ઞેયસ્વરૂપે નથી. બસ, એટલું. ત્યાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ નહિ. એ જ્ઞાન અને જ્ઞેય. ગુણ અને જ્ઞેય. પછી આવ્યું, મારું સ્વરૂપ અનંત ગુણ અને પર્યાયરૂપ હોવા છતાં હું એકરૂપ છું. પછી આવ્યું કે ગુણ અને પર્યાય અનેક છે તો હું અનેકરૂપ પણ છું. એકરૂપ પણ છું, અનેકરૂપ પણ છું, તત્‌રૂપ પણ છું અને અતત્ એટલે જ્ઞેયરૂપ નથી. પછી આવ્યું કે, સ્વદ્રવ્યથી છું, પરદ્રવ્યથી નથી. પછી આવ્યું, સ્વક્ષેત્રથી છું, પરક્ષેત્રથી નથી. પછી આવ્યું, મારી સ્વકાળની પર્યાયથી છું પણ પરકાળની પર્યાયથી હું નથી. આહાહા..! હવે આવું ક્યારે સાંભળે ને ધૂળમાંથી નીકળે કે દિ'? ધૂળ.. ધૂળ. એ..ઇ...! 'મધુભાઈ'! એને મોટી પેદાશ છે. ધંધા (માટે) એવા ગામમાં ચડી ગયા, 'હોંગકોંગ' ક્યાં હશે? કેટલે છેટે હશે? પાંચ હજાર માઈલ. ત્રણ હજાર માઈલ તો 'આફ્રિકા' છે. આહાહા..! શું કહ્યું?

હવે એ બોલ આવ્યો કે, હું મારા ભાવથી છું પણ અજ્ઞાની, 'જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ, જાણવામાં આવતા એવા પરભાવોના પરિણમનને લીધે...' પરભાવ છે ને? રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, પરદ્રવ્યની શક્તિ.. આહાહા..! અરે..! પરદ્રવ્ય કેવળજ્ઞાનનો ભાવ જાણવામાં આવ્યો તો 'જ્ઞાયકસ્વભાવને પરભાવપણે માનીને...' એ તો પરને કારણે મને જ્ઞાન થયું એમ અજ્ઞાની માને છે. ભાવ. પરના ભાવ મેં જાણ્યા તો પરભાવથી મારો ભાવ છે. એમ માનીને પોતાનો નાશ કરે છે. આહાહા..! છે? 'જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ, જાણવામાં આવતા એવા પરભાવ...' જ્ઞાન સિવાય પરભાવ. સ્ત્રી, કુટુંબ, દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ બધા પરભાવ, તેના ભાવ. તે પરભાવોના પરિણમનને લીધે. પોતાની શક્તિમાં પરભાવ જાણવાની પરિણમન શક્તિ છે પણ એ કારણે 'જ્ઞાયકસ્વભાવને પરભાવપણે માનીને...' જાણે એ પરભાવને કારણે મને પરભાવનું પરિણમન થાય છે. આહાહા..! હું અરિહંતને જાણું છું તો અરિહંતને કારણે મારી પર્યાય પરિણમે છે એમ માને છે તે પોતાના ભાવનો નાશ કરે છે. પરભાવથી પોતાનો ભાવ માને છે. પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ હવે પરભાવ આવ્યો. આહાહા..! કદી સાંભળ્યું નથી. વાંચે તો સમજે શું આમાં? આહાહા..!

અજ્ઞાની 'જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ, જાણવામાં આવતા એવા પરભાવોના પરિણમનને લીધે જ્ઞાયકસ્વભાવને પરભાવપણે માનીને–અંગીકાર કરીને નાશ પામે છે,...' હું પરભાવ સ્વરૂપે છું, મને પરભાવ જણાય છે માટે પરભાવથી હું નથી એમ માનતો નથી. પરભાવ જણાય છે તો પરભાવથી હું છું એમ માનીને નાશ કરે છે. 'ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું)

સ્વભાવથી સત્‌પણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે...' હું તો મારા સત્‌થી છું, મારા ભાવથી છું, પરભાવથી નહિ. પહેલા સ્વદ્રવ્યથી છું, પરદ્રવ્યથી નહિ, સ્વક્ષેત્રથી છું, પરક્ષેત્રથી નહિ, સ્વકાળ પર્યાયના સ્વકાળથી છું, પરકાળથી નહિ. હવે મારા પરભાવથી છું એમ અજ્ઞાની માને છે. આહાહા..! અરે..! કદી સાંભળવા મળે નહિ. આ કરો. પર્યુષણના દિવસો.. ભક્તિ કરો, પૂજા કરો... સ્વાહા (કરો). દાનના આંકડા લખાવો. દાન જાત્રામાં, ફલાણામાં.. હોય છે પણ એ કોઈ જન્મ-મરણ રહિત થવાની ચીજ નથી, પ્રભુ! આહાહા..!

મુમુક્ષુ :– નાણા મળશે પણ ટાણા નહિ મળે.

ઉત્તર :– સાચી વાત છે. એમ બોલે છે. એ એમ બોલે છે કે, નાણા મળશે પણ ટાણા નહિ મળે, એમ કહે છે. એમ કહીને પૈસા ઉઘરાવે. નાણા મળશે પણ ટાણા નહિ મળે. અહીં તો કહે છે, નાણા પણ મળે નહિ અને ટાણા પણ મળે નહિ. પોતાની પર્યાયથી પોતે છે. આ શેઠિયાઓને ચડાવે. એવા પ્રસંગ હોય (તો એમ કહે), શેઠ! નાણા મળશે પણ આવા ટાણા નહિ મળે માટે લખાવો. થોડી રકમ લખાવે તો વળી નકાર કરે. આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! તારો ભાવ જ્ઞાનસ્વભાવ અને પરભાવ જે ભગવાનનો ભાવ અને અનંતા શરીર, વાણી, મનનો ભાવ એ પરભાવથી મારું જ્ઞાન છે એમ અજ્ઞાની માને છે. કેમકે પરભાવ જણાય છે તો જણાયું તો પરભાવથી મારો ભાવ છે, પરભાવથી મારો ભાવ છે એમ અજ્ઞાની માને છે અને પોતાનો નાશ કરે છે. આહા..! 'ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વભાવથી સત્‌પણું પ્રકાશતો થકો...' મારો જ્ઞાનમાત્ર ભાવ તો મારાથી છે એમ 'અનેકાંત જ તેને જિવાડે છે...' પરને જાણવાના કાળે પણ ભાવ મારો છે. તેને જાણવાનો ભાવ મારો છે. તેને કારણે હું પરને જાણું છું, એમ નહિ. મારા ભાવથી હું પરને જાણું છું એવો મારો સ્વભાવ છે. એમ સ્વને અને પરને જાણવાનો મારો સ્વભાવ છે એમ જાણીને પોતાના આત્માને જિવાડી રાખે છે. પરનો નાશ થવાથી મારો પણ નાશ થઈ ગયો એમ માનનાર આત્માનો નાશ કરે છે. હવે બારમો બોલ આહા..! એ શું કહ્યું? જ્ઞાનમાત્રથી સત્ છું.

હવે, જ્ઞાનમાત્ર હું પરથી અસત્ છું (એનો બોલ છે). આહાહા..! ચાહે તો દેવ, ગુરુ અને શાસ્ત્ર હો. આહાહા..! 'જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ 'સર્વ ભાવો હું જ છું' જુઓ! સર્વ ભાવ. ભગવાન જ હું છું, પરમાત્મા હું છું. પણ એ તો પરચીજ છે. 'સર્વ ભાવો હું જ છું' ભાવની વાત છે, હોં! દ્રવ્ય-ક્ષેત્ર-કાળ નહિ. 'એમ પરભાવને જ્ઞાયકભાવપણે માનીને– અંગીકાર કરીને પોતાનો નાશ કરે છે,...' અજ્ઞાની અનાદિથી પોતાના આત્માનો આ રીતે નાશ કરે છે. આહાહા..! પરભાવ મને જણાય છે માટે પરભાવથી મારો ભાવ છે એમ માનીને (અજ્ઞાની) પોતાનો નાશ કરે છે. આહાહા..!

'ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરભાવથી અસત્‌પણું પ્રકાશતો થકો...' પરભાવથી હું અસત્ છું. સ્વભાવથી સત્ છું, પરભાવથી અસત્ છું. ભલે પરભાવ મને જણાય છે પણ

એ તો મારો જ્ઞાનસ્વભાવ છે પણ પરભાવથી તો હું અસત્ છું. આહાહા..! આવી વાત. 'અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી.' આહાહા..!

તેરમો બોલ. 'જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ અનિત્ય જ્ઞાનવિશેષો વડે પોતાનું નિત્ય જ્ઞાનસામાન્ય ખંડિત થયું માનીને...' અજ્ઞાની જ્ઞાનને સામાન્ય રાખવા માટે, પર્યાય વિશેષ છે તેથી મારો નાશ થઈ જશે (એમ માને છે). આહાહા..! 'જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ અનિત્ય જ્ઞાનવિશેષ...' એ પર્યાય છે તે વડે 'પોતાનું નિત્ય જ્ઞાનસામાન્ય ખંડિત થયું માનીને...' જો હું પરને જાણું તો મારું જ્ઞાન ખંડિત થાય છે એમ માને છે. પણ પરનું જ્ઞાન થયું એ જ્ઞાન તારું છે. આહાહા..! આ નિત્ય-અનિત્યનો બોલ છે.

'અનિત્ય જ્ઞાનવિશેષો વડે પોતાનું નિત્ય જ્ઞાનસામાન્ય ખંડિત થયું માનીને...' પર્યાયમાં ભિન્ન ભિન્ન જણાય છે તો મારું જ્ઞાન ખંડિત થઈ ગયું એમ માનીને. આહાહા..! 'જ્ઞાનસામાન્ય ખંડિત થયું માનીને નાશ પામે છે,...' પોતાને ખંડિત થયો માનીને નાશ પામે છે. આહાહા..! શું કહ્યું? પોતાના જ્ઞાનભાવમાં પરભાવ જણાયા તો એ પરભાવથી હું છું, એમ પરભાવથી હું છું એમ માનનારો પોતાના આત્માનો નાશ કરે છે. આહાહા..! છે?

'જ્ઞાનસામાન્યથી નિત્યપણું પ્રકાશતો થકો...' હું તો સામાન્ય જ છું, વિશેષ નહિ. 'અનેકાંત જ તેને જિવાડે છે...' આહાહા..! નિત્ય છું. ભલે પર્યાયમાં અનંતુ જણાય છે છતાં વસ્તુ તરીકે હું નિત્ય છું. આહાહા..!

ચૌદમો બોલ. 'વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ નિત્ય જ્ઞાનસામાન્યનું ગ્રહણ કરવા માટે અનિત્ય જ્ઞાનવિશેષોના ત્યાગ વડે...' સામાન્યરૂપ જે જ્ઞાન છે તે જ હું છું, વિશેષ નહિ, પર્યાય નહિ. એમ માનનારો... આહાહા..! અનિત્યપણાનો જે ભાવ, જ્ઞાન છે તે હું નહિ. એમ 'જ્ઞાનવિશેષોના ત્યાગ વડે પોતાનો નાશ કરે છે...' આહાહા..! આવી વાત છે. પોતાના જ્ઞાનમાં વિશેષ સ્વભાવ છે. જાણવાનો તો વિશેષ ત્રિકાળ સ્વભાવ છે પણ એ વિશેષપણું મારાથી થયું નથી, પરથી થયું એમ માનીને પોતાના નિત્યપણાનો નાશ કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'જ્ઞાનસામાન્યનું ગ્રહણ કરવા માટે અનિત્ય જ્ઞાનવિશેષોના ત્યાગ વડે પોતાનો નાશ કરે છે (અર્થાત્ જ્ઞાનના વિશેષોના ત્યાગ કરીને પોતાને નષ્ટ કરે છે),...' આ પર્યાય થઈ તે શું? પર્યાય નહિ, હું તો એક દ્રવ્ય જ છું, એમ માનીને પોતાનો નાશ કરે છે. આહાહા..! છેલ્લો બોલ છે. 'ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) જ્ઞાનવિશેષરૂપથી અનિત્યપણું પ્રકાશતો થકો...' (અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી) ધર્મી તો જાણે છે કે મારી પર્યાય અનિત્ય છું, વસ્તુ તરીકે નિત્ય છું, પર્યાય તરીકે ત્રિકાળ અનિત્ય છું. એ અનિત્યથી મારો કાંઈ નાશ થતો નથી. એ પર્યાયનો અનિત્ય સ્વભાવ છે. એ રીતે આત્માને નિત્ય અને અનિત્ય બે રીતે માનીને યથાર્થ આત્માનું સ્વરૂપ માને છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

પ્રવચન નં. ૪૭૧ પરિશિષ્ટ, શ્લોક-૨૪૮-૨૫૦ મંગળવાર, ભાદરવા સુદ ૧૪, તા. ૨૩-૦૯-૧૯૮૦

'સમયસાર' ચૌદ બોલ થઈ ગયા. કૌંસમાં આવ્યું ને? તત્-અતત્ એ બે ભંગ આવી ગયા, એક-અનેક બે ભંગ આવી ગયા, સત્-અસત્‌ના (બે ભંગ આવ્યા). સ્વપણે છે અને પરપણે નથી. એવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના આઠ ભંગ અને નિત્ય-અનિત્યના બે ભંગ, એમ બધા મળીને ચૌદ ભંગ થયા. આ તત્ત્વની વાત એકદમ માલ છે. 'આ ચૌદ ભંગોમાં એમ બતાવ્યું કે–એકાંતથી જ્ઞાનમાત્ર આત્માનો અભાવ થાય છે...' એકાંત માનવાવાળાને એમ લાગે છે કે, જ્ઞાનમાં પરચીજ જણાય છે તે પરને લઈને જણાય છે. એમ માનવાથી જ્ઞાનમાત્રનો નાશ થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'એકાંતથી જ્ઞાનમાત્ર આત્માનો અભાવ થાય છે અને અનેકાંતથી આત્મા જીવતો રહે છે;...' જીવતો એટલે અનુભવમાં પ્રગટ થાય છે. 'અર્થાત્ એકાંતથી આત્મા જે સ્વરૂપે છે તે સ્વરૂપે સમજાતો નથી, સ્વરૂપમાં પરિણમતો નથી,...' એકાંત કોને કહેવું અને અનેકાંત કોને કહેવું એ ચૌદ ભંગમાં બધું આવી ગયું. હવે એના કળશ આવશે. 'અને અનેકાંતથી તે વાસ્તવિક સ્વરૂપે સમજાય છે, સ્વરૂપમાં પરિણમે છે.'

'અહીં નીચે પ્રમાણે (૧૪ ભંગોના કળશરૂપે) ૧૪ કાવ્યો પણ કહેવામાં આવે છે :– (પ્રથમ પહેલા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :–)' ૨૪૮.

## શ્લોક–૨૪૮

भवन्ति चात्र श्लोका :-

(शार्दूलविक्रीडित)

बाह्यार्थैः परिपीतमुज्झितनिजप्रव्यक्तिरिक्तीभवद्
विश्रान्तं पररूप एव परितो ज्ञानं पशोः सीदति।
यत्तत्तत्तदिह स्वरूपत इति स्याद्वादिनस्तत्पुन-
र्दूरोन्मग्नधनस्वभावभरतः पूर्णं समुन्मज्जति।।२४८।।

અહીં નીચે પ્રમાણે (૧૪ ભંગોના કળશરૂપે) ૧૪ કાવ્યો પણ કહેવામાં આવે છે :–

(પ્રથમ, પહેલા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :–)

શ્લોકાર્થ :– [ बाह्य-अर्थैः परिपीतम् ] બાહ્ય પદાર્થો વડે સમસ્તપણે પી જવામાં આવેલું, [ उज्झित-निज-प्रव्यक्ति-रिक्तीभवत् ] પોતાની વ્યક્તિને (-પ્રગટતાને) છોડી દેવાથી ખાલી (-શૂન્ય) થઈ ગયેલું, [ परितः पररूपे एव विश्रान्तं ] સમસ્તપણે પરરૂપમાં જ વિશ્રાંત (અર્થાત્ પરરૂપ ઉપર જ આધાર રાખતું) એવું [ पशोः ज्ञानं ] પશુનું જ્ઞાન (-તિર્યંચ જેવા એકાંતવાદીનું જ્ઞાન) [ सीदति ] નાશ પામે છે; [ स्याद्वादिनः तत् पुनः ] અને સ્યાદ્વાદીનું જ્ઞાન તો, [ 'यत् तत् तत् इह स्वरूपतः तत्' इति ] 'જે તત્ છે તે સ્વરૂપથી તત્ છે (અર્થાત્ દરેક તત્ત્વને-વસ્તુને સ્વરૂપથી તત્પણું છે)' એવી માન્યતાને લીધે, [ दूर-उन्मग्न-धन-स्वभाव-भरतः ] અત્યંત પ્રગટ થયેલા જ્ઞાનઘનરૂપ સ્વભાવના ભારથી, [ पूर्ण समुन्मज्जति ] સંપૂર્ણ ઉદિત (-પ્રગટ) થાય છે.

ભાવાર્થ :– કોઈ સર્વથા એકાંતી તો એમ માને છે કે-ઘટજ્ઞાન ઘટના આધારે જ થાય છે માટે જ્ઞાન સર્વ પ્રકારે જ્ઞેયો પર જ આધાર રાખે છે. આવું માનનાર એકાંતવાદીના જ્ઞાનને તો જ્ઞેયો પી ગયાં, જ્ઞાન પોતે કાંઈ ન રહ્યું. સ્યાદ્વાદી તો એમ માને છે કે-જ્ઞાન પોતાના સ્વરૂપથી તત્સ્વરૂપ જ (-જ્ઞાનસ્વરૂપ જ) છે, જ્ઞેયાકાર થવા છતાં જ્ઞાનપણાને છોડતું નથી. આવી યથાર્થ અનેકાંત સમજણને લીધે સ્યાદ્વાદીને જ્ઞાન (અર્થાત્ જ્ઞાનસ્વરૂપ આત્મા) પ્રગટ પ્રકાશે છે.

## શ્લોક–૨૪૮ ઉપર પ્રવચન

बाह्यार्थैः परिपीतमुज्झितनिजप्रव्यक्तिरिक्तीभवद्
विश्रान्तं पररूप एव परितो ज्ञानं पशोः सीदति।
यत्तत्तत्दिह स्वरूपत इति स्याद्वादिनस्तत्पुन-
र्दूरोन्मग्नधनस्वभावभरतः पूर्ण समुन्मज्जति।।२४८।।

એકલું માખણ છે. જૈનદર્શનનું રહસ્ય છે. આહાહા..!

શ્લોકાર્થ :– 'बाह्य-अर्थैः परिपीतम्' 'બાહ્ય પદાર્થો વડે સમસ્તપણે પી જવામાં આવેલું...' શું કહ્યું? છે? શેઠ! શ્લોક આવ્યો? 'બાહ્ય પદાર્થો વડે...' પોતાનું સ્વરૂપ ચૈતન્ય સ્વરૂપ અનંત ગુણ સ્વરૂપી છે એમ નહિ માનીને બાહ્ય પદાર્થોથી જ હું છું, બાહ્ય પદાર્થનું મને જ્ઞાન થાય છે તો તેનાથી હું છું એ 'વડે સમસ્તપણે પી જવામાં આવેલું...'

'उज्झित-निज-प्रव्यक्ति-रिक्तीभवत्' 'પોતાની વ્યક્તિને (–પ્રગટતાને) છોડી દેવાથી...' આહાહા..! પોતાનો જ્ઞાનસ્વરૂપ ભગવાન પરજ્ઞેયથી છે, પરનું જ્ઞાન કરવાથી જાણે કે પરરૂપથી

આત્મા છે એમ માનીને પોતાના આત્માને છોડી દીધો. આહાહા..! આવી વાત. આ શ્લોક છે. આચાર્ય 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ મહામુનિ ભાવલિંગી સંત જેમણે ટીકા બનાવી. 'કુંદકુંદાચાર્યદેવ' ના શાસ્ત્રો 'સમયસાર', 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય' આહાહા..! એ સિવાય 'તત્ત્વાર્થ સાર', 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' (શાસ્ત્રો રચ્યા). એક એકમાં ગંભીર તત્ત્વ, એક એક શબ્દમાં ઊંડાણના ભાવ ભર્યા છે.

એ કહે છે, બધા 'બાહ્ય પદાર્થો વડે...' પોતાનું સ્વરૂપ પરને જાણે છે તો બાહ્ય પદાર્થ વડે પી ગયો (અર્થાત્) એ બાહ્ય પદાર્થથી જ હું છું (એમ માન્યું). આહાહા..! પોતાનું જ્ઞાનસ્વરૂપ પરને જાણે છે તો પરવસ્તુ આખા આત્માને પી ગઈ. પરવસ્તુ પી ગઈ. આહાહા..! છે? 'બાહ્ય પદાર્થો વડે સમસ્તપણે પી જવામાં આવેલું પોતાની વ્યક્તિને (–પ્રગટતાને) છોડી દેવાથી...' હું આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું, પરને જાણવા છતાં હું મારી શક્તિથી ભિન્ન નથી. પરને જાણવું અને સ્વને જાણવું એ મારો સ્વભાવ છે. પરને લઈને પરને જાણે છે એમ નથી. આહાહા..! આવી વાત.

'અમૃતચંદ્રાચાર્ય' 'કુંદકુંદાચાર્યદેવ' પછી એક હજાર વર્ષે ટીકા કરી. ટીકા કરનાર કોઈ થયું નહિ એવી ચીજ છે. એ બન્ને ભાવલિંગી સંત છે. આહાહા..! 'કુંદકુંદાચાર્યદેવ' પણ છઠ્ઠે-સાતમે આનંદમાં ઝુલનારા સંત છે, એને સંત કહીએ. અને એની ટીકા કરનારા 'અમૃતચંદ્રાચાર્યદેવ' પણ છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝુલનારા (સંત છે). સમ્યગ્દર્શન તો છે જ પણ એ ઉપરાંત છઠ્ઠી-સાતમી ભૂમિકામાં હજારો વાર એક દિવસમાં આવે છે. એનું નામ ભાવલિંગી સંત કહેવામાં આવે છે.

એ ભાવલિંગી સંત કહે છે, પ્રભુ! પરને જાણતા જાણે તારું આખું જ્ઞાન પરમાં ચાલ્યું ગયું (એમ માન્યું). તારા જ્ઞાનસ્વભાવથી તું રિક્ત–ખાલી થઈ ગયો. આહાહા..! છે? 'સમસ્તપણે પરરૂપમાં જ વિશ્રાંત (અર્થાત્ પરરૂપ ઉપર જ આધાર રાખતું)...' આહાહા..! શાસ્ત્ર, વાણી, મન, કુટુંબ-કબીલા, આ બધી ચીજો ઉપર તું આધાર રાખે છે કે તેનું જ્ઞાન થયું તે તેના આધારે થયું. એમ માની 'પશુ...' આહાહા..! પશુ કહ્યો. પશુને જેમ ઘાસ અને ચુરમાના ભેદની ખબર નથી તેમ અજ્ઞાનીને પરને જાણવું એ મારો સ્વભાવ છે, પરને જાણવાથી હું પરમાં ચાલ્યો નથી ગયો, એમ ખબર નથી. આહાહા..! અરે..રે...! મૂળ વાત સમજ્યા વિના ભટકવામાં ગયો. ભટક્યો.. ભટક્યો. આહાહા..!

એ કહે છે, '(પર ઉપર જ આધાર રાખતું...)' અજ્ઞાની તો જ્ઞાન થવામાં પર ઉપર આધાર રાખે છે. પરચીજ હોય, પુસ્તક હોય, શાસ્ત્ર હોય, વાણી હોય ભગવાન હોય તો મને જ્ઞાન થાય, પરવસ્તુ હોય તો મને જ્ઞાન થાય... આહાહા..! એમ અજ્ઞાની માને છે. ભાષા તો સાદી છે ને? શેઠ! તમે કહ્યું હતું કે બે ચોપડી ભણવાવાળો પણ સમજી શકે. વાત તો એવી છે. સાદી ભાષા છે. આહાહા..!

મુમુક્ષુ :– એક હજાર વર્ષમાં ટીકા કરનાર કોઈ ન મળ્યું?

ઉત્તર :– અલૌકિક શાસ્ત્ર છે. શાસ્ત્ર અલૌકિક છે તેથી તેની ટીકા કરવાનું સાધારણ પ્રાણીનું કામ નહિ. આહા..!

મુમુક્ષુ :– એક હજાર વર્ષ પછી આપે એનું ઉદ્દઘાટન કર્યું.

ઉત્તર :– રાત્રે કહ્યું હતું ને? ભાઈ! એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. આહાહા..! એક તત્ત્વ બીજા તત્ત્વને અડતું નથી, સ્પર્શતું નથી અને એક દ્રવ્યમાં ઉત્પાદ્-વ્યય-ધ્રુવ થાય છે. નવી પર્યાય ઊપજે, જૂની વ્યય થાય અને ધ્રુવ રહે તેમાં એક એક પર્યાયને બીજી પર્યાયનો આધાર નથી. ઉત્પાદને ધ્રુવ દ્રવ્યનો આધાર નથી. આહાહા..! અને તે ઉત્પાદ પણ દરેક દ્રવ્યમાં ક્રમસર થાય છે. એક પછી એક, એક પછી એક ક્રમસર, આઘુપાછું નહિ. આહાહા..! ગજબ વાત છે.

દરેક દ્રવ્યની પર્યાય સમયે સમયે પોતાથી ષટ્કારકના પરિણમનથી થાય છે. દરેક દ્રવ્યની પર્યાય પરથી થતી નથી. પોતાના કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણથી થાય છે. કર્તા-પર્યાય કરનાર, પર્યાય કાર્ય, કર્મ એટલે કાર્ય, પર્યાય કરણ એટલે સાધન, પર્યાયનું પર્યાય સાધન, પર્યાયનું સાધન દ્રવ્ય નહિ. અર..ર..ર..! આહાહા..! પર્યાયનું કર્મ તો સાધન નહિ, પર્યાયનું પરદ્રવ્ય તો સાધન નહિ પણ પર્યાયનું દ્રવ્ય સાધન નહિ. અરે..! આ વાત કેમ પચે? કર્તા, કર્મ, કરણ ત્રણ થયા. સંપ્રદાન–દરેક દ્રવ્ય પોતાની પર્યાયને કરીને પોતામાં રાખે છે. દાતા પણ આત્મા અને પાત્ર પણ આત્મા. એ પર્યાય જે ઉત્પન્ન થઈ તે પાત્ર અને એ પર્યાય રાખી તે દાતાએ આપી. દેનાર અને લેનાર એક જ સમયની પર્યાય છે. આહાહા..! ઝીણી વાત છે, ભગવાન!

અપાદાન–દરેક દ્રવ્યની પર્યાય તે જ સમયે ક્રમસરમાં પર્યાયના આધારે પર્યાય થઈ છે. પર્યાય અપાદાન–પર્યાયથી પર્યાય થઈ છે એ અપાદાન. પર્યાયથી પર્યાય છે, એ અપાદાન. દ્રવ્યથી નહિ, નિમિત્તથી નહિ, સંયોગથી નહિ. આહાહા..! અને એ પર્યાયનો આધાર પર્યાય છે. પર્યાયનો આધાર સ્વદ્રવ્ય નથી તો પરદ્રવ્ય ભગવાન આદિનો આધાર તો ક્યાં રહ્યો? આહાહા..! ગજબ વાત છે.

અહીંયા એ કહે છે, અજ્ઞાની સંપૂર્ણપણે પોતાને પરરૂપ જ માને છે. ભગવાનના વચન મળે તો મને જ્ઞાન થાય, ભગવાનના દર્શન થાય તો મને આત્માનું ભાન થાય, એમ પર ઉપર જ પોતાનું બધું અર્પણ કરી દીધું. પોતાની સ્વતંત્ર ચીજ છે તેને છોડી દીધી. પશુ (કહ્યો), શેઠ! પશુ છે ને?

'पशोः ज्ञानं' 'પશુનું જ્ઞાન (–તિર્યંચ જેવા એકાંતવાદીનું જ્ઞાન)...' આહાહા..! એને પશુ કહ્યો. મને પરથી જ્ઞાન થાય છે, આ શાસ્ત્રના પાનાથી મને જ્ઞાન થાય છે, એમ માનનારાને પશુ કહ્યો. મુનિને કંઈ દરકાર નથી. નાગા બાદશાહથી આઘા. એને બાદશાહની પણ દરકાર

નથી. સમાજમાં બે ભાગ પડી જશે કે નહિ, તેની પણ તેમને દરકાર નથી. આહાહા..! પશુતુલ્ય. પશુ તો છે નહિ. પશુતુલ્ય–પશુવત્. એકાંતવાદીઓનું જ્ઞાન, પરથી જ મને જ્ઞાન થાય છે તેમ માનનારા પશુવત્–પશુ છે. 'નાશ પામે છે;...' આહાહા..! મને પરથી જ્ઞાન થાય છે એમ માની નાશ પામે છે.

'स्याद्वादिनः' સ્યાદ્‌વાદી એટલે ધર્મી અનેકાંતવાદી, વીતરાગમાર્ગના રહસ્યને જાણનારા. સ્યાત્ એટલે અપેક્ષાથી કથન જાણનારા. 'સ્યાદ્‌વાદીનું જ્ઞાન તો, જે તત્ છે તે સ્વરૂપથી તત્ છે...' આહાહા..! પોતાના સ્વરૂપથી છે. પરને જાણે છે તો એ જ્ઞાન પરથી નથી. પરને જાણવા છતાં એ જ્ઞાન પરથી નથી, પોતાનું જ્ઞાન પોતાથી છે અને જ્ઞેય જ્ઞેયથી છે. જ્ઞેય જ્ઞાનમાં જણાયું તો જ્ઞેયથી જ્ઞાન થયું એમ કદી નથી. આહાહા..! છેલ્લે તો આ 'અમૃતચંદ્રાચાર્યદેવ' જેવાએ બે-બે વાર, ત્રણ-ત્રણ વાર કહીને શ્લોક બનાવ્યા, એમાં માલ છે. આહાહા..!

સ્યાદ્‌વાદી ધર્મી જીવ, 'જે તત્ છે તે સ્વરૂપથી તત્ છે...' હું પરને જાણું છું તો એ જ્ઞાન પરથી નથી. પરને જાણું છું એ જ્ઞાન મારા સ્વથી છે. એમ સ્વના તત્ત્વથી તત્ત્વ માનીને '(દરેક તત્ત્વને–વસ્તુને સ્વરૂપથી તત્પણું છે) એવી માન્યતાને લીધે,...' 'दूर-उन्मग्न-घन-स्वभाव-भरतः' આહાહા..! 'दूर-उन्मग्न' 'અત્યંત પ્રગટ થયેલા...' આહાહા..! 'दूर' નો અર્થ અત્યંત કર્યો, 'उन्मग्न' નો અર્થ પ્રગટ થયેલા કર્યો. 'घन' 'જ્ઞાનઘનરૂપ સ્વભાવના ભારથી...' જ્ઞાનનો ઘન પ્રભુ, હું તો જ્ઞાનનો ઘન છું. પરને જાણું છું એ પરથી નહિ, પરનું જ્ઞાન નહિ, મારા જ્ઞાનમાં પર અને સ્વને જાણવાનો સ્વભાવ છે એવા જ્ઞાનઘનરૂપ હું છું. એનું નામ જ્ઞાની અને સમ્યગ્દૃષ્ટિ–ધર્મી કહેવામાં આવે છે. આહાહા..! બહુ શરતું, શરતું બહુ. આહાહા..!

'અત્યંત પ્રગટ થયેલા જ્ઞાનઘનરૂપ સ્વભાવના ભારથી, સંપૂર્ણ ઉદિત (–પ્રગટ) થાય છે.' હું તો મારા જ્ઞાનથી જ સ્વ અને પરને જાણું છું. પરને કારણે પરને જાણ્યું અને પરને કારણે જ્ઞાન થયું તે જ્ઞાન મેં છોડી દીધું એમ નથી. આહાહા..! આવું છે. સાંભળવા મળવું મુશ્કેલ, બાપુ!

ભાવાર્થ :– 'કોઈ સર્વથા એકાંતી તો એમ માને છે કે–ઘટજ્ઞાન ઘટના આધારે જ થાય છે...' છે? શું કહ્યું? કે, આ ઘડિયાળ છે ને? ઘડિયાળ. ઘડિયાળથી ઘડિયાળનું જ્ઞાન થાય છે. અહીં ઘડિયાળનું જ્ઞાન થાય છે ને? એ ઘડિયાળથી ઘડિયાળનું જ્ઞાન થાય છે એમ અજ્ઞાની માને છે. આહાહા..! પરનું જ્ઞાન મારામાં થાય છે એ પરથી થાય છે એમ અજ્ઞાની મૂઢ માને છે. ગજબ વાત છે. આહાહા..! એકાંતવાદી એમ માને છે કે 'ઘટજ્ઞાન ઘટના આધારે જ થાય છે...' ઘડો છે ને? ઘડો. ઘડા પાસે બેઠો તો અહીંયા ઘડાનું જ્ઞાન થયું તો અજ્ઞાની માને છે કે ઘડો છે તો ઘડાનું જ્ઞાન થયું, બીજાનું જ્ઞાન કેમ ન થયું? બીજું જ્ઞાન કેમ ન થયું? પટનું, વસ્ત્રનું, આહારનું, પાણીનું, સ્ત્રીનું (જ્ઞાન કેમ ન થયું)? ઘડાનું જ્ઞાન જ મારામાં થયું તો એ ઘડો છે તો ઘડાથી મારામાં જ્ઞાન થયું, એમ અજ્ઞાની માને છે. આહાહા..!

'માટે જ્ઞાન સર્વ પ્રકારે જ્ઞેયો પર જ આધાર રાખે છે.' છે? ભાષા બહુ સાદી છે. 'માટે જ્ઞાન...' જ્ઞાન એટલે આત્માનું જ્ઞાન 'સર્વ પ્રકારે...' ચારે બાજુથી જ્ઞેયો પર જ આધાર રાખે છે. આહાહા..! મને અનુકૂળ જ્ઞેય મળે તો મને જ્ઞાન થાય, અનુકૂળ બાહ્ય સાધન મને મળી જાય તો મને જ્ઞાન થાય એમ એકાંતવાદી મિથ્યાદૃષ્ટિ પરથી પોતાના જ્ઞાનને માનીને પોતાના જ્ઞાનનો નાશ કરે છે. આહાહા..! આવી વાત ક્યારે નીકળે? કો'ક વખતે નીકળે.

'આવું માનનાર એકાંતવાદીના જ્ઞાનને તો જ્ઞેયો પી ગયાં,...' જ્ઞેય જણાયા તો તેને લઈને મને જ્ઞાન થયું તો આ જ્ઞાનને તો જ્ઞેય પી ગયું. આહાહા..! પોતાનું જ્ઞાન ભિન્ન રહ્યું નહિ. 'જ્ઞાન પોતે કાંઈ ન રહ્યું.' અજ્ઞાની અનાદિથી એમ માને છે. પણ એ વિચાર પણ કોઈ દિ' કર્યા નથી. આહાહા..!

'સ્યાદ્વાદી...' ધર્મી–સમકિતી તો એમ માને છે કે 'જ્ઞાન પોતાના સ્વરૂપથી તત્સ્વરૂપ જ (–જ્ઞાનસ્વરૂપ જ) છે,...' પરને જાણવા છતાં હું મને જાણું છું. એ પરને જાણવું થયું તે પરને કારણે થયું નથી. આહાહા..! પરનું જ્ઞાન કરવામાં પણ મારું તત્સ્વરૂપ છે તે તત્સ્વરૂપ જ હું છું, જે સ્વરૂપે હું છું તે સ્વરૂપે જ હું છું. પરને જાણવા છતાં હું તો મારા સ્વરૂપમાં જ છું. પર સ્વરૂપથી મારું સ્વરૂપ છે એમ નથી. આરે..! આવી વાતું. 'અમૃતચંદ્રાચાર્ય' આહાહા..! હજાર વર્ષ પહેલા ટીકા કરે છે. ભાવલિંગી સંત. ઓહોહો...!

એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી અને પર્યાય ક્રમબદ્ધ થાય છે અને દરેક દ્રવ્યમાં જે સમયે જે પર્યાય થઈ તે પર્યાયનો આધાર પોતાનું દ્રવ્ય પણ નથી, આવી વાત પ્રભુ! વીતરાગ સિવાય ક્યાંય નથી. આહાહા..! દુનિયાને ક્યાં પડી છે કે મારું શું થશે? આહાહા..! એ કહે છે.

'સ્યાદ્વાદી એમ માને છે કે–જ્ઞાન પોતાના સ્વરૂપથી તત્સ્વરૂપ જ છે,...' હું પરને જાણું છું છતાં હું તત્સ્વરૂપ છું. પરને કારણે મને પરનું જ્ઞાન થયું એમ નથી. પરનું જ્ઞાન પરથી થયું એમ નથી. મારા જ્ઞાનનો સ્વભાવ પરને અને સ્વને જાણવાનો છે તો મારાથી જાણ્યું છે. આહાહા..! આવી વાત ક્યાં (છે)? બેસવી કઠણ પડે. આ રૂપિયાનો રસ, ધૂળનો રસ, સ્ત્રી, કુટુંબ-પરિવાર, દીકરા-દીકરી, આહાહા..! આમ છોકરા હોય તો માથે હાથ ફેરવે. આમ માથે હાથ ફેરવે, ચુંબન કરે. આહાહા..! અહીં કહે છે, પ્રભુ! તું શું કરે છે એની તને ખબર છે? તારું જ્ઞાન પરને અડ્યું જ નથી. તારો આત્મા પરને અડ્યો જ નથી. એવી ચીજ તારામાં છે. આહાહા..!

'આવી યથાર્થ અનેકાંત સમજણને લીધે સ્યાદ્વાદીને જ્ઞાન (અર્થાત્ જ્ઞાનસ્વરૂપ આત્મા) પ્રગટ પ્રકાશે છે.' ધર્મીને તો જ્ઞાન જ્ઞાનથી થયું છે, એ જ્ઞેયથી જ્ઞાન થયું નથી એવું જ્ઞાન પ્રગટ–પ્રસિદ્ધ થાય છે. ઓહોહો..! જ્ઞાનસ્વરૂપી પ્રભુ, જ્ઞાનનો પિંડ એ સાંભળવાથી પણ જ્ઞાન પ્રગટ થતું નથી. અરે..રે...! ગજબ વાત છે. શાસ્ત્રથી પણ એ જ્ઞાન પ્રગટ થતું નથી. કેમકે

પરપદાર્થ છે. આહાહા..! 'જ્ઞાનપણાને છોડતું નથી.' ધર્મી તો જાણે છે કે મારું જ્ઞાન મને જાણે છે અને પરને પણ પોતામાં રહીને જાણે છે. પરને કારણે મને પરનું જ્ઞાન થાય છે એમ તેઓ માનતા નથી. આહાહા..! એક એક વાતને પહોંચવું.

'પ્રગટ પ્રકાશે છે.' ધર્મીને તો જ્ઞાનસ્વરૂપ જ હું છું, મારા કારણે જ મારું જ્ઞાન પ્રગટ થયું છે. પરને જાણવાનું જ્ઞાન થયું તે મારે કારણે પ્રગટ થયું છે, પરને કારણે પ્રગટ થયું છે એમ નથી. થોડું આકરું પડે છે, પ્રભુ! પણ આ વસ્તુ આવી છે. પર્યુષણના દિવસોમાં આવી માખણ જેવી વાત કદી સાંભળી નથી તો એ રસ્તે તો જાય ક્યાંથી? જે વાત સાંભળી નથી તો એ રસ્તે જાય ક્યાંથી? આહાહા..! એક બોલ થયો.

'આ પ્રમાણે સ્વરૂપથી તત્‌પણાનો ભંગ કહ્યો.' પોતાના સ્વરૂપથી તત્‌ છે. પરને જાણવા છતાં તે પોતાના સ્વરૂપથી જાણે છે. પરને જાણ્યું માટે પરને કારણે અહીં પોતાનું જ્ઞાન થયું એમ નથી. આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય' તો છેલ્લા શ્લોકમાં કહે છે કે, હે જીવો! આ ટીકા મેં બનાવી છે એમ ન માનો, એમ નહિ માનતા. આહાહા..! અને આ ટીકા સાંભળવાથી તમને જે જ્ઞાન થાય છે તે સાંભળવાથી થાય છે તેમ ન માનો. આહાહા..! ગજબ વાત છે. આખી દુનિયા ડોલમડોલા થઈ ગઈ છે. આહાહા..!

છેલ્લા શ્લોકમાં એમ કહે છે, આહાહા..! આ ટીકા મેં બનાવી એમ નહિ માનતા. કેમકે એ તો શબ્દની જડની પર્યાય છે. શાસ્ત્ર છે તે જડની પર્યાય છે. આહાહા..! પરથી મને જ્ઞાન થયું એમ ન માનો. મારાથી વાણી નીકળી અને ટીકા થઈ એમ નહિ માનો અને એ વાણીથી તમને જ્ઞાન થયું તેમ ન માનો. એમ મોહથી ન નાચો, એમ છે. મોહથી–મિથ્યાત્વથી ન નાચો, નાથ! આહાહા..! આવી વાત ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની વાણી છે. આહાહા..! બીજો ભંગ–૨૪૯ શ્લોક.

## શ્લોક–૨૪૯

(शार्दूलविक्रीडित)

विश्वं ज्ञानमिति प्रतर्क्य दष्ट्वा स्वतत्त्वाशया
भूत्वा विश्वमयः पशुः पशुरिव स्वच्छन्दमाचेष्टते।
यत्तत्तत्पररूपतो न तदिति स्याद्वाददर्शी पुन-
र्विश्वाद्भिन्नमविश्वविश्वघटितं तस्य स्वतत्त्वं स्पृशेत्।।२४९।।

(હવે બીજા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :-)

શ્લોકાર્થ :- [ पशुः ] પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, [ 'विश्वं ज्ञानम्' इति प्रतर्क्य ] 'વિશ્વ જ્ઞાન છે (અર્થાત્ સર્વ જ્ઞેયપદાર્થો આત્મા છે)' એમ વિચારીને [ सकलं स्वतत्त्व-आशया दष्ट्वा ] સર્વને (-સમસ્ત વિશ્વને) નિજતત્ત્વની આશાથી દેખીને [ विश्वमयः भूत्वा ] વિશ્વમય (-સમસ્ત જ્ઞેયપદાર્થમય) થઈને, [ पशुः इव स्वच्छन्दम् आचेष्टते ] ઢોરની માફક સ્વચ્છંદપણે ચેષ્ટા કરે છે-વર્તે છે; [ पुनः ] અને [ स्याद्वाददर्शी ] સ્યાદ્‌વાદદર્શી તો (-સ્યાદ્‌વાદનો દેખનાર તો), [ 'यत् तत् तत् पररूपतः न तत्' इति ] 'જે તત્ છે તે પરરૂપથી તત્ નથી (અર્થાત્ દરેક તત્ત્વને સ્વરૂપથી તત્પણું હોવા છતાં પરરૂપથી અતત્પણું છે)' એમ માનતો હોવાથી, [ विश्वात् भिन्नम् अविश्व-विश्वघटितं ] વિશ્વથી ભિન્ન એવા અને વિશ્વથી (-વિશ્વના નિમિત્તથી) રચાયેલું હોવા છતાં વિશ્વરૂપ નહિ એવા (અર્થાત્ સમસ્ત જ્ઞેય વસ્તુઓના આકારે થવા છતાં સમસ્ત જ્ઞેયવસ્તુથી ભિન્ન એવા) [ तस्य स्वतत्त्वं स्पृशेत् ] પોતાના નિજતત્ત્વને સ્પર્શે છે-અનુભવે છે.

ભાવાર્થ :- એકાંતવાદી એમ માને છે કે-વિશ્વ (-સમસ્ત વસ્તુઓ) જ્ઞાનરૂપ અર્થાત્ પોતારૂપ છે. આ રીતે પોતાને અને વિશ્વને અભિન્ન માનીને, પોતાને વિશ્વમય માનીને, એકાંતવાદી, ઢોરની જેમ હેય-ઉપાદેયના વિવેક વિના સર્વત્ર સ્વચ્છંદપણે પ્રવર્તે છે. સ્યાદ્‌વાદી તો એમ માને છે કે-જે વસ્તુ પોતાના સ્વરૂપથી તત્સ્વરૂપ છે, તે જ વસ્તુ પરના સ્વરૂપથી અતત્સ્વરૂપ છે; માટે જ્ઞાન પોતાના સ્વરૂપથી તત્સ્વરૂપ છે, પરંતુ પર જ્ઞેયોના સ્વરૂપથી અતત્સ્વરૂપ છે અર્થાત્ પર જ્ઞેયોના આકારે થવા છતાં તેમનાથી ભિન્ન છે.

આ પ્રમાણે પરરૂપથી અતત્પણાનો ભંગ કહ્યો. ૨૪૯.

## શ્લોક-૨૪૯ ઉપર પ્રવચન

विश्वं ज्ञानमिति प्रतर्क्य दष्ट्वा स्वतत्त्वाशया
भूत्वा विश्वमयः पशुः पशुरिव स्वच्छन्दमाचेष्टते।
यत्तत्तत्पररूपतो न तदिति स्याद्वाददर्शी पुन-
र्विश्वाद्भिन्नमविश्वविश्वघटितं तस्य स्वतत्त्वं स्पृशेत्।।२४९।।

શ્લોકાર્થ :- 'પશુ...' પશુ કહીને બોલાવ્યો છે. અરે..! જેમ પશુને કંઈ વિવેક નથી કે ઘાસ શું છે અને ચુરમું શું છે? ચુરમું કહે છે ને? ચુરમું. ઘાસ હોય ને? શું કહેવાય ઘાસના લાંબા? પડછા. એમાં ચુરમું ભેગું કરીને ખાય છે. ચુરમુ અને ઘાસ જુદા છે એમ માનતા નથી. એમ પરદ્રવ્ય અને મારી ચીજ તદ્દન ભિન્ન છે એમ માનતો નથી. પરદ્રવ્યથી

મારામાં કાંઈક થાય છે. હું મારા ગામમાં હતો ત્યારે આ જ્ઞાન ક્યાં હતું? અહીં સાંભળવાથી આ જ્ઞાન થાય છે એમ પ્રત્યક્ષ દેખાય છે અને તમે ના પાડો છો? તું ભગવાનને કહે કે, પ્રભુ! તમે કેમ ના પાડો છો? આહાહા..! શાસ્ત્રના કરોડો શ્લોકના ઢગલા પડ્યા હોય તેને વંદન કરવાથી અહીંયા જ્ઞાન થાય છે, એમ ત્રણકાળમાં નથી. વંદન કરવાથી તો શુભરાગ થાય. પોતાના સ્વભાવને છોડીને પરદ્રવ્યને નમવું એ શુભરાગ છે. આહાહા..! આકરી વાત છે.

એક બાજુ કહે કે સત્શ્રવણ કરો. ગુરુગમથી સત્ સમજો. કારણ કે એ નિમિત્તથી કથન તો આવે છે પણ એમ બને છે એમ નથી. બને છે તો પોતાની જ્ઞાનની પર્યાયની યોગ્યતા છે તો ત્યાં ઉત્પન્ન થાય છે. નિમિત્તથી, વાણીથી અને ગુરુગમથી (જ્ઞાન થાય છે તેમ નથી). આહાહા..! છતાં એમ પણ આવે કે, પોતાને જ્ઞાન થવામાં જે ભગવાન, વાણી આદિ નિમિત્ત છે તેમનો ઉપકાર પણ ભૂલવો નહિ. આવ્યું ને? 'નિયમસાર'. આહાહા..!

અહીં કહે છે, પશુ! પશુ શબ્દથી બોલાવ્યો છે. છે? પહેલો શબ્દ, પશુ છે? 'પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની,...' 'विश्वं ज्ञानम् इति प्रतर्क्य' 'વિશ્વ જ્ઞાન છે એટલે (અર્થાત્ સર્વ જ્ઞેયપદાર્થો આત્મા છે) એમ વિચારીને...' આહાહા..! આ મારા જ્ઞાનમાં જે જણાય છે તે બધી ચીજ જ્ઞાન છે અને તેનાથી જ મને જ્ઞાન થાય છે 'એમ વિચારીને સર્વને (સમસ્ત વિશ્વને) નિજતત્ત્વની આશાથી દેખીને...' સમસ્ત વિશ્વ. આહાહા..! દેવ-ગુરુ અને શાસ્ત્ર પણ આવી ગયા, સર્વજ્ઞ ભગવાન પણ આવી ગયા. આહાહા..! 'નટુલાલજી'! આવી વાત છે, ભગવાન! ન્યાં કદી સાંભળી નથી.

મુમુક્ષુ :– અમે સાંભળવા માટે આવ્યા છીએ.

ઉત્તર :– વાત તો સાચી છે. આહાહા..! આ વાત એને એકાંત કરીને ઉડાવી દે છે, પ્રભુ! આહાહા..! 'કૈલાસચંદજી' એ તો કહ્યું છે કે, સોનગઢનું તત્ત્વ નિશ્ચયતમ છે. નિશ્ચયતર પણ નહિ, એકલું નિશ્ચય નહિ, નિશ્ચયતર નહિ, નિશ્ચયતમ છે. એમ માસિકમાં આવ્યું છે. એને શું કહેવું છે એ તો ઠીક પણ આપણે તો આ બરાબર સમજી લેવું કે વાત તો નિશ્ચયતમ છે. આહાહા..!

'પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, વિશ્વ જ્ઞાન છે (અર્થાત્ સર્વ જ્ઞેયપદાર્થો આત્મા છે)...' સર્વ જાણવાલાયક છે તેનાથી મને જ્ઞાન થાય છે 'એમ વિચારીને સર્વને (–સમસ્ત વિશ્વને) નિજતત્ત્વની આશાથી દેખીને...' વિશ્વમય થઈને એ તો પરરૂપ જ થઈ ગયો. મને પરથી જ્ઞાન થયું તે પરરૂપ થઈ ગયો, પોતે તો ખોવાઈ ગયો. આહાહા..! 'पशुः इव स्वच्छन्दम् आचेष्टते' બે વાર પશુ લીધું. પહેલા પશુ એકાંતવાદી કહ્યું પછી પશુની જેમ (કહ્યું). 'पशुः इव स्वच्छन्दम् आचेष्टते' 'ઢોરની માફક સ્વચ્છંદપણે ચેષ્ટા કરે છે–વર્તે છે;...' પરથી જ મને જ્ઞાન થાય છે એવો સ્વચ્છંદી પશુની માફક વર્તે છે. આહાહા..! આવી વાત. સંતો પંચ મહાવ્રતધારી ભાવલિંગી પશુની માફક અજ્ઞાનીને કહે છે. પશુ કહીને એમ કહે છે

કે, એને છોડી દે, પ્રભુ! એ તારી ચીજ નથી, તું પરથી નથી. તારા તત્ત્વથી તારું તત્ત્વ છે. પરજ્ઞેયતત્ત્વથી તારું જ્ઞાન નથી. અમે તો જ્ઞેય છીએ. ભગવાન અને શાસ્ત્ર એમ કહે છે કે, અમે તો તારા જ્ઞાનના જ્ઞેય છીએ. તારું જ્ઞાન મારામાં નથી અને મારાથી તને જ્ઞાન થાય છે એમ નથી. આહાહા..!

હવે તો માણસ સાંભળવા આવે છે. 'મુંબઈ'માં, શેઠના ગામમાં પણ પંદર હજાર માણસ આવેલા. શેઠની આબરૂ મોટી છે અને શેઠને પ્રેમ છે. પંદર-પંદર હજાર માણસ, પણ વાત આ. 'ભીંડ'ના હતા ને? શું નામ? 'નંદલાલજી' 'ભીંડ'ના. એ (સંવત) ૧૯૯૯ ની સાલમાં અહીં આવ્યા હતા. અહીં 'સમયસાર' વાંચતા હતા. તે દિ' એટલા માણસો નહોતા. ૧૫૦ જણા હતા. ઓહોહો..! આ 'સમયસાર' ના વાંચનમાં ૧૫૦ માણસ! અમે તો 'સમયસાર' લઈને બેસીએ તો ૨-૩ જણા બેસે. એમ કહેતા હતા. અત્યારે તો હજારો માણસ (સાંભળે છે). તેઓ એટલા ભાગ્યશાળી છે કે જેમને કાને આ વાત પડે છે. આહાહા..!

'સોગાની' લખી ગયા છે, 'ન્યાલચંદ્રજી સોગાની' 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' માં (લખે છે), અહીંના સમજનારા, સાંભળનારા બહુભાગ માણસો મોક્ષમાં જશે. એમ લખ્યું છે. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'. આહા..! આ ચીજ... આ ચીજ.. આહાહા..! અમૃતસ્વરૂપ ભગવાન ત્રણલોકના નાથ આ વાત જગત પાસે પ્રસિદ્ધ કરે છે. એમણે એમ લખ્યું છે કે, 'સોનગઢ' ના આ વાત સાંભળનારા બહુભાગ મોક્ષ જશે. બહુભાગ લખ્યું છે. તેને પ્રેમ છે, રસ છે અને અંદર રસથી સાંભળે છે તો આગળ રસ વધી જશે તો સર્વજ્ઞપણું પામીને મોક્ષ પામશે. આહાહા..!

નિજ તત્ત્વની આશાથી દેખીને 'વિશ્વમય થઈને ઢોરની માફક સ્વચ્છંદપણે ચેષ્ટા કરે છે–વર્તે છે...' આહાહા..! મને પરથી જ્ઞાન થયું, મને પરથી થયું (એમ માને છે). આહાહા..! 'અને સ્યાદ્વાદદર્શી તો (-સ્યાદ્‌વાદનો દેખનાર તો), ધર્મી જીવ તો તેમ માને છે કે, જે તત્ છે તે પરરૂપથી તત્ નથી...' મારામાં જે જ્ઞાન થાય છે તે પરથી થતું નથી. આહાહા..! શબ્દને સાંભળવાથી પણ જ્ઞાન થાય છે એમ નથી. એમ ધર્મી અતત્ માને છે. આહાહા..! અતત્–તે જ્ઞેય મારામાં નથી અને જ્ઞેયને કારણે મારામાં જ્ઞાન થતું નથી. આહાહા..! છે? 'પરરૂપથી તત્ નથી...' હું તત્ રૂપે છું, પરરૂપથી નથી.

'(અર્થાત્ દરેક તત્ત્વને સ્વરૂપથી તત્પણું હોવા છતાં પરરૂપથી અતત્પણું છે)...' સ્વરૂપથી છે અને પરરૂપથી નથી. આહાહા..! અરે..રે..! આવી વાતું. 'એમ માનતો હોવાથી...' આહાહા..! 'વિશ્વાત્ ભિન્નમ્ અવિશ્વ-વિશ્વઘટિતં' 'વિશ્વથી ભિન્ન એવા...' બધી ચીજથી ભગવાન તો ભિન્ન છે. રાગ, દયા, દાન, વ્રતના પરિણામથી માંડીને ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરથી પણ હું ભિન્ન છું. વિશ્વથી ભિન્ન છું એમ કીધું ને? વિશ્વમાં બધું આવી ગયું. આહાહા..! 'વિશ્વથી (–વિશ્વના નિમિત્તથી) રચાયેલું હોવા છતાં વિશ્વરૂપ નહિ એવા...' શું કહે છે? '(–વિશ્વના નિમિત્તથી) રચાયેલું હોવા છતાં (અર્થાત્ સમસ્ત જ્ઞેય વસ્તુઓના આકારે થવા છતાં...)' એમ.

જ્ઞાનમાં જ્ઞેયના આકાર જણાય છે. આહાહા..! વિશ્વના નિમિત્તથી અર્થાત્ બીજી ચીજ છે. પોતામાં જ્ઞાન થાય છે તે નિમિત્તથી નહિ. પોતામાં જ્ઞાન પોતાથી થાય છે.

'(–વિશ્વના નિમિત્તથી) રચાયેલું હોવા છતાં વિશ્વરૂપ નહિ એવા...' પરને જાણે છે છતાં પરરૂપ નહિ થનારા. આહાહા..! આત્મા ભગવાન પરને જાણે છે છતાં પરરૂપ થતો નથી. 'સમસ્ત જ્ઞેય વસ્તુઓના આકારે થવા છતાં...' જુઓ! સમસ્ત જ્ઞેય. સ્ત્રી, કુટુંબ-પરિવાર, પૈસો-લક્ષ્મી, દેવ-ગુરુ-શાસ્ત્ર... આહાહા..! એ બધા જ્ઞેયરૂપ છે. એ 'સમસ્ત જ્ઞેય વસ્તુઓના આકારે થવા છતાં...' એ જ્ઞેયને જાણનારી પર્યાય પોતામાં થવા છતાં. આહાહા..! 'વિશ્વરૂપ નહિ એવા (અર્થાત્ સમસ્ત જ્ઞેય વસ્તુઓના આકારે થવા છતાં સમસ્ત જ્ઞેયવસ્તુથી ભિન્ન એવા)...' જાણવાની ચીજથી હું ભિન્ન છું. એમ 'પોતાના નિજતત્ત્વને સ્પર્શે છે–અનુભવે છે.' આહાહા..! પરને જાણવા છતાં હું પરરૂપ થઈને જાણું છું, એમ નથી. હું મારામાં મારે કારણે સ્વપરપ્રકાશક (શક્તિને) કારણે સ્વને અને પરને મારે કારણે મારામાં જાણું છું. આહાહા..! એકલું માખણ ભર્યું છે. 'કથા સાંભળી ફુટ્યા કાન' એવું આવે છે ને? 'તોપણ ન આવ્યું હરિનું ભાન'. આહાહા..! એ અન્યમતિમાં આવે છે. 'કથા સાંભળી ફુટ્યા કાન, તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન' અન્યમાં (આવે છે). બ્રહ્મ નામ આત્મા. 'કથા સાંભળી ફુટ્યા કાન, તોય ન આવ્યું બ્રહ્મ જ્ઞાન.' પરમાંથી કંઈ આવે છે? આહાહા..!

'પોતાના નિજતત્ત્વને સ્પર્શે છે–અનુભવે છે.' ધર્મી પરને જાણવા છતાં હું મારા જ્ઞાનથી જાણું છું, હું પરને કારણે પરને જાણું છું એમ નહિ, એમ પોતાના જ્ઞાનને સ્પર્શ કરીને પોતાના જ્ઞાનને અનુભવે છે. પરને કદી સ્પર્શતો નથી. આહાહા..!

ભાવાર્થ :– 'એકાંતવાદી એમ માને છે કે...' એકાંતવાદી મિથ્યાદૃષ્ટિ, જેને પહેલા પશુ કહ્યો હતો ને? એ. કે, 'વિશ્વ (–સમસ્ત વસ્તુઓ) જ્ઞાનરૂપ અર્થાત્ પોતારૂપ છે.' આખી દુનિયા મારા જ્ઞાનરૂપે છે. મારા જ્ઞાનમાં બધું જણાય છે તો હું તે સ્વરૂપ જ છું. 'આ રીતે પોતાને અને વિશ્વને અભિન્ન માનીને,...' નિજ નામ પોતાને અને વિશ્વ નામ પર. વિકલ્પથી માંડીને દેવ-ગુરુ-શાસ્ત્ર. આખા 'વિશ્વને અભિન્ન માનીને,...' આત્મામાં તેને એકરૂપ માને છે. તેનાથી મારામાં કાંઈક લાભ થાય છે. આહાહા..!

'પોતાને વિશ્વમય માનીને, એકાંતવાદી, ઢોરની જેમ હેય-ઉપાદેયના વિવેક વિના...' પરનું જાણવું થવા છતાં પર વસ્તુ હેય છે અને પર સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં થયું છે તે જ ઉપાદેય છે. આહાહા..! 'મધુભાઈ'! આવું ન્યાં ક્યાં છે? ન્યાં ધૂળ છે. લાખો રૂપિયા પેદા કરે છે. ધૂળમાં.

મુમુક્ષુ :– ભેગા કરવાનું અહીં છે.

ઉત્તર :– આ છે, દુકાન જ આ છે. આહાહા..!

વીતરાગ ત્રિલોકનાથ કહે છે કે, 'હેય-ઉપાદેયના વિવેક વિના...' કઈ ચીજ છોડવાલાયક

છે અને કઈ ચીજ આદરવા લાયક છે તેના વિવેક વિના 'સર્વત્ર સ્વચ્છંદપણે પ્રવર્તે છે.' બસ! મને પરથી જ લાભ થાય છે. મને મારાથી પણ લાભ થાય છે અને મને પરથી પણ લાભ થાય છે એમ સ્વચ્છંદપૂર્વક પ્રવૃત્તિ કરે છે. આહાહા..! અને એ પરને લક્ષમાં રાખીને પોતાની જિંદગી કાઢે છે પણ પોતાનું સ્વરૂપ તેનાથી ભિન્ન છે અને પરને જાણવું એ પણ મારો સ્વભાવ છે, પરને કારણે એમ નથી, એમ નહિ માનીને વિશ્વમાં પોતાની જિંદગી કાઢી નાખે છે. આહાહા..! આવી વાત છે.

મેં તો કીધું હતું, મારા ભાગીદાર ફઈના દીકરા ભાઈ હતા. તેમને પણ (સંવત) ૧૯૬૪ ની સાલમાં કહ્યું હતું, કેટલા વર્ષ થયા? ૭૨ વર્ષ પહેલા ૧૮ વર્ષની ઉંમર હતી. ત્યારે પણ કહ્યું હતું, અમે તો શાસ્ત્ર વાંચતા હતા, પૂર્વના સંસ્કાર હતા, ભગવાન પાસેથી આવ્યા છીએ. આહાહા..! શાસ્ત્ર વાંચતા હતા. અમારા ફઈના દીકરા ભાગીદાર હતા. એમ ને એમ આખો દિ' લઢા.. લઢા (લે). અરે..! પ્રભુ! તું શું કરે છે? તારે ક્યાં જાવું છે? આખો દિ' આ ગામમાં સાધુ આવે તો સાંભળવાનો વખત મળે નહિ, દર્શન કરવાનો વખત મળે નહિ. તે દિ' તો એ માનતા હતા ને? તેને પણ સાધુ માનતા હતા ને! તે દિ' તો વસ્ત્રસહિતને સાધુ માનતા હતા. એમાં હતા ને! આહાહા..! એને સાંભળે નહિ અને રાત્રે આઠ વાગે જાય. સવારમાં આઠ વાગે સાધુ આવ્યા હોય તોપણ આખો દિ' સામું જોવે નહિ. આહાર-પાણી વ્હોરાવવા પણ પોતે ન આવે. હું દુકાન છોડીને બધાને આહાર-પાણી (આપતો). એ બધું તો મિથ્યાત્વ હતું. પણ એ વખતે તો તેને માનતા હતા ને! આહાહા..! પિતાજીનો ધર્મ એ હતો ને! આહાહા..!

અહીં કહે છે, 'તે જ વસ્તુ પરના સ્વરૂપથી અતત્સ્વરૂપ છે;...' 'સ્યાદ્વાદી તો એમ માને છે કે-જે વસ્તુ પોતાના સ્વરૂપથી તત્સ્વરૂપ છે,...' આત્મા 'તે જ વસ્તુ પરના સ્વરૂપથી અતત્સ્વરૂપ છે;...' પરથી નથી. આહાહા..! વાણીથી જ્ઞાન થતું જ નથી. આહાહા..! વાણીથી આત્મા અતત્ છે, પોતાના જ્ઞાનથી તત્ છે. આહાહા..!

મુમુક્ષુ :- જ્ઞાન પોતાથી થાય છે.

ઉત્તર :- અહીં જ્ઞાન જ્ઞાનથી થાય છે. આહાહા..! દુનિયા ગાંડી પાગલ કહે કે, આ શું કહે છે? પ્રભુ! સાંભળ તો ખરો. વીતરાગ જિનેશ્વરદેવ ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. 'સીમંધરસ્વામી' ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. આહાહા..! એમની આ વાણી છે. 'કુંદકુંદાચાર્યદેવ' ત્યાં ગયા હતા અને ત્યાંથી લાવ્યા. આહાહા..!

કહે છે, 'પર જ્ઞેયોના આકારે થવા છતાં તેમનાથી ભિન્ન છે.' એમ જ્ઞાની માને છે. આહાહા..! જ્ઞાની, પરનું જાણવું થતું હોવા છતાં હું પરથી ભિન્ન છું. એ પરનું જાણપણું થવા છતાં એ પરને કારણે થતું નથી. પરનું જાણપણું થવું એ પણ મારા સ્વભાવથી મારાથી

મારામાં થાય છે. કેમકે મારું જ્ઞાન જ સ્વપરપ્રકાશક છે. 'આ પ્રમાણે પરરૂપથી અતત્પણાનો ભંગ કહ્યો.' બે ભંગ થયા. ચૌદમાંથી બે થયા. એકદમ લઈ લઈએ છીએ કારણે પહેલા ઘણી વાર આવી ગયું છે. ત્રીજા ભંગનો કળશ–૨૫૦.

## શ્લોક–૨૫૦

(शार्दूलविक्रीडित)

बाह्यार्थग्रहणस्वभावभरतो विष्वग्विचित्रोल्लस-
ज्ज्ञेयाकारविशीर्णशक्तिरभितस्त्रुटयन्पशुर्नश्यति।
एकद्रव्यतया सदाप्युदितया भेदभ्रमं ध्वंसय-
न्नेकं ज्ञानमबाधितानुभवनं पश्यत्यनेकान्तवित्।।२५०।।

(હવે ત્રીજા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :–)

શ્લોકાર્થ :– [ पशुः ] પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, [ बाह्य-अर्थ-ग्रहण-स्वभाव-भरतः ] બાહ્ય પદાર્થોને ગ્રહણ કરવાના (જ્ઞાનના) સ્વભાવની અતિશયતાને લીધે, [ विष्वग्-विचित्र-उल्लसत्-ज्ञेयाकार-विशीर्ण-शक्तिः ] ચારે તરફ (સર્વત્ર) પ્રગટ થતા અનેક પ્રકારના જ્ઞેયાકારોથી જેની શક્તિ વિશીર્ણ થઈ ગઈ છે એવો થઈને (અર્થાત્ અનેક જ્ઞેયોના આકારો જ્ઞાનમાં જણાતાં જ્ઞાનની શક્તિને છિન્નભિન્ન-ખંડ-ખંડરૂપ-થઈ જતી માનીને) [ अभितः त्रुटयन् ] સમસ્તપણે તૂટી જતો થકો (અર્થાત્ ખંડખંડરૂપ-અનેકરૂપ-થઈ જતો થકો) [ नश्यति ] નાશ પામે છે; [ अनेकान्तवित् ] અને અનેકાંતનો જાણનાર તો, [ सदा अपि उदितया एक-द्रव्यतया ] સદાય ઉદિત (-પ્રકાશમાન) એકદ્રવ્યપણાને લીધે [ भेदभ्रमं ध्वंसयन् ] ભેદના ભ્રમને નાશ કરતો થકો (અર્થાત્ જ્ઞેયોના ભેદે જ્ઞાનમાં સર્વથા ભેદ પડી જાય છે એવા ભ્રમનો નાશ કરતો થકો), [ एकम् अबाधित-अनुभवनं ज्ञानम् ] જે એક છે (-સર્વથા અનેક નથી) અને જેનું અનુભવન નિર્બાધ છે એવા જ્ઞાનને [ पश्यति ] દેખે છે-અનુભવે છે.

ભાવાર્થ :– જ્ઞાન છે તે જ્ઞેયોના આકારે પરિણમવાથી અનેક દેખાય છે, તેથી સર્વથા એકાંતવાદી તે જ્ઞાનને તે જ્ઞાનને સર્વથા અનેક-ખંડખંડરૂપ-દેખતો થકો જ્ઞાનમય એવા પોતાનો નાશ કરે છે; અને સ્યાદ્વાદી તો જ્ઞાનને, જ્ઞેયાકાર થવા છતાં, સદા ઉદયમાન દ્રવ્યપણા વડે એક દેખે છે.

આ પ્રમાણે એકપણાનો ભંગ કહ્યો. ૨૫૦.

## શ્લોક-૨૫૦ ઉપર પ્રવચન

बाह्यार्थग्रहणस्वभावभरतो विष्वग्विचित्रोल्लस-
ज्ज्ञेयाकारविशीर्णशक्तिरभितस्त्रुटयन्पशुर्नश्यति।
एकद्रव्यतया सदाप्युदितया भेदभ्रमं ध्वंसय-
न्नेकं ज्ञानमबाधितानुभवनं पश्यत्यनेकान्तवित्।।२५०।।

આ એકનો કળશ છે. પહેલા તત્-અતત્નો હતો. પહેલો શ્લોક તત્નો હતો. હું તત્ છું, પરથી નથી. બીજો અતત્ છું. પરથી હું નથી. હવે આમાં કહે છે, હું તો એકરૂપ છું. આહાહા..! વસ્તુ તરીકે એકરૂપ છું. ભલે.. આહાહા..! પછી પર્યાય તરીકે અનેકરૂપ છું એવું જ્ઞાન પણ કરે છે. પર્યાયથી અનેકરૂપ છું, ગુણથી અનેકરૂપ છું પણ ગુણ-પર્યાયના પિંડથી હું એકરૂપ છું. પહેલા એક માને છે. 'નિયમસાર'માં તો ત્યાં સુધી કહ્યું, કે જે કોઈ પ્રાણી પોતાના દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણને વિચારે છે તે વિકલ્પ અને રાગ છે અને પરાધીન છે. અર..ર...! આવી વાત. એ વાત અહીંયા એમ કહે છે, પર્યાય પોતાની છે એમ કહે છે. જ્ઞાન કરાવે છે. ત્યાં તો દૃષ્ટિનો વિષય બતાવવો છે તો એમ કહ્યું કે, દ્રવ્ય–આત્મા, ગુણ–જ્ઞાન અને પર્યાય ત્રણનો વિચાર કરવાથી તો રાગ ઉત્પન્ન થાય છે. તેને છોડીને એકરૂપ ચિદાનંદ પ્રભુ ત્રિકાળી ભગવાન એકરૂપ છું એમ અંતરદૃષ્ટિ કરવાથી અંદર સમ્યગ્દર્શન થાય છે. એ વાત કરે છે.

'પશુ...' આહાહા..! 'અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની,...' 'बाह्य-अर्थग्रहण-स्वभाव-भरतः' 'બાહ્ય પદાર્થોને ગ્રહણ કરવાના (જ્ઞાનના) સ્વભાવની અતિશયતાને લીધે,...' એ તો સ્વભાવની વિશેષતા છે. પોતાના જ્ઞાનસ્વભાવની ખાસ વિશેષતા છે કે પરને જાણે છતાં અનેકરૂપ થઈ જાય છે એમ નથી. પરને જાણવા છતાં પોતાનું એકપણું છૂટી જાય છે એમ નથી. આહાહા..!

'विष्वग्-विचित्र-उल्लसत्-ज्ञेयाकार-विशीर्ण-शक्तिः' 'ચારે તરફ (સર્વત્ર) પ્રગટ થતા અનેક પ્રકારના જ્ઞેયાકારોથી...' આહાહા..! ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન પણ જ્ઞેય છે, એ પોતાનો આત્મા નહિ. આહાહા..! 'જ્ઞેયાકારોથી જેની શક્તિ વિશીર્ણ થઈ ગઈ છે...' પોતાના જ્ઞાનમાં પરવસ્તુ જણાય છે તો અજ્ઞાની એમ માને છે કે પરને કારણે મારું જ્ઞાન અનેકરૂપ થઈ ગયું, પરને કારણે મારું જ્ઞાન અનેકરૂપ થઈ ગયું. '(અર્થાત્ અનેક જ્ઞેયોના આકારો જ્ઞાનમાં જણાતાં જ્ઞાનની શક્તિને છિન્નભિન્ન-ખંડખંડરૂપ–થઈ જતી માનીને)...' અરે..! હું

પરને બહુ જાણું છું તો મારું જ્ઞાન ખંડખંડ થઈ જાય છે એમ અજ્ઞાની માને છે.

'अमितः त्रुटयन्' 'સમસ્તપણે તૂટી જતો ખંડખંડરૂપ અનેક થતો થકો નાશ પામે છે;...' આહાહા..! એકરૂપ વસ્તુ છે એમાં અનેકપણાનો ખ્યાલ આવે છે તો મારા એકપણાનો નાશ થઈ જાય છે એમ અજ્ઞાની માને છે. એની પણ ક્યાં ખબર છે. આહાહા..! આત્મા જ્ઞાનસ્વભાવી અનંતરૂપ એકરૂપ, ગુણ-પર્યાયથી અભેદ એકરૂપ છે. પરને જાણવા છતાં પણ અનેકરૂપ થઈ જતો નથી.

એ કહે છે, 'ચારે તરફ (સર્વત્ર) પ્રગટ થતા અનેક જ્ઞેયાકારોથી જેની શક્તિ વિશીર્ષ થઈ ગઈ છે એવો થઈને (અર્થાત્ અનેક જ્ઞેયોના આકારો જ્ઞાનમાં જણાતાં જ્ઞાનની શક્તિને છિન્નભિન્ન-ખંડખંડરૂપ-અનેકરૂપ-થઈ જતો થકો) સમસ્તપણે તૂટી જતો થકો...' આહાહા..! મારી વસ્તુ ખંડખંડરૂપ થઈ ગઈ. પરને જાણવાથી '(અનેકરૂપ થઈ જતો થકો) નાશ પામે છે;...' પોતાની વસ્તુનો નાશ કરી નાખે છે. આહાહા..! આવી વાત કાને પડવી મુશ્કેલ. આહાહા..! 'નાશ પામે છે;...' એમ અજ્ઞાની માને છે.

'अनेकान्तवित्' 'અને અનેકાંતનો જાણનાર,...' ધર્મીજીવ. આહાહા..! 'सदा अपि उदितया एक-द्रव्यतया' 'સદાય ઉદિત (–પ્રકાશમાન) એકદ્રવ્યપણાને લીધે...' હું પરને અને સ્વને જાણું છું છતાં હું તો એકરૂપ જ છું. એકરૂપપણું છોડીને અનેકરૂપ થઈ ગયો એમ નથી. આહાહા..! 'અનેકાંતનો જાણનાર,...' ધર્મીજીવ. અનેકાંત એટલે અનેક અંત એટલે ધર્મ. આહાહા..! એકપણે પણ છું અને અનેકપણે પણ છું પણ એકપણું પોતાને કારણે છે, કોઈ પરને કારણે એકપણું છે એમ નથી. એકપણું રાખવા માટે અનેક જ્ઞેયાકાર જે પોતામાં થાય છે તેનો નાશ કરે છે. શું કહ્યું? પોતામાં એકપણું માનવા માટે અજ્ઞાનીને જ્ઞાનમાં જે અનેક જ્ઞેય જણાય છે તો એમ માને છે કે, અરે..રે..! હું તો ખંડખંડ અનેક થઈ ગયો. એમ માની પરને જાણવાના પોતાના જ્ઞાનને છોડી દે છે. અને હું એકરૂપ છું એમ અજ્ઞાની માનતો થકો પોતાના સ્વરૂપનો નાશ કરે છે. આહાહા..! કઈ જાતની વ્યાખ્યા? બીજી બધી વાતો ઘણીવાર સાંભળી, આ વાત (સાંભળી નથી). આહાહા..!

આ એકનો ભંગ છે. એ એમ માને છે કે પરને જાણતાં હું અનેક થઈ ગયો. પણ પરને જાણવું અને સ્વને જાણવું એ તો પોતાની એકરૂપ શક્તિમાં છે, એકરૂપ રહીને જાણે છે. પરને જાણે છે માટે અનેક થઈ જાય છે એમ નથી. આહાહા..! આવી બધી વાતું. 'નાશ પામે છે;...' '(ખંડખંડરૂપ–અનેકરૂપ-થઈ જતો થકો) નાશ પામે છે; અનેકાંતનો જાણનાર...' ધર્મીજીવ. આહાહા..! અનેક અંતના જાણનાર ધર્મી 'सदा अपि उदितया एक-द्रव्यतया' 'સદાય ઉદિત (–પ્રકાશમાન) એકદ્રવ્યપણાને લીધે...' મારું દ્રવ્ય તો એકરૂપ છે. હું ભલે અનેકને જાણું છું પણ એ તો મારી પર્યાયમાં મારી જાણવાની તાકાત છે. હું તો એકરૂપ જ છું. આહાહા..! એમ ધર્મીજીવ પોતાને એકરૂપ જાણીને પોતાને જીવંત રાખે છે.

અને અજ્ઞાની પોતામાં એકરૂપપણું રાખવા માટે, જ્ઞેયનો આકાર થવો એ મારો સ્વભાવ છે એમ નહિ માનતો જ્ઞેયના આકારોને છોડતો થકો તુચ્છ થાય છે. આહાહા..! કેવી ભાષા? પેલું તો વ્રત પાળો, ભક્તિ કરો, શાસ્ત્ર બનાવો, મંદિર બનાવો, ભક્તિ કરો, વ્રત કરો, તપ કરો, અપવાસ કરો, દસલક્ષણીમાં દસ દસ અપવાસ કરો. પ્રભુ! એ હોય છે પણ એ બધો શુભભાવ છે, પુણ્યભાવ છે, ધર્મ નહિ. આહાહા..!

અહીંયા તો એ કહે છે, અનેકાંતવાદી જીવ, આહાહા..! 'એકદ્રવ્યપણાને લીધે ભેદના ભ્રમને નષ્ટ કરતો થકો...' પરને જાણવાથી ભલે ભેદ થાય છે પણ હું તો એકરૂપ જ્ઞાનરૂપ છું. '(અર્થાત્ જ્ઞેયોના ભેદે જ્ઞાનમાં સર્વથા ભેદ પડી જાય છે એવા ભ્રમનો નાશ કરતો થકો), જે એક છે (–સર્વથા અનેક નથી)...' સ્વરૂપથી એક છું 'અને જેનું અનુભવન નિર્બાધ છે એવા જ્ઞાનને દેખે છે–અનુભવે છે.' એ ત્રીજો ભંગ થયો.

ભાવાર્થ :– 'જ્ઞાન છે તે જ્ઞેયોના આકારે પરિણમવાથી અનેક દેખાય છે, તેથી સર્વથા એકાંતવાદી તે જ્ઞાનને સર્વથા અનેક–ખંડખંડરૂપ–દેખતો થકો જ્ઞાનમય એવા પોતાનો નાશ કરે છે; અને સ્યાદ્વાદી તો જ્ઞાનને, જ્ઞેયાકાર થવા છતાં, સદા ઉદયમાન દ્રવ્યપણા વડે એક દેખે છે.' અનેક પરને જાણવા છતાં હું તો એકરૂપ છું. વિશેષ આવશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૨૫૧

(शार्दूलविक्रीडित)

ज्ञेयाकारकलङ्कमेचकचिति प्रक्षालनं कल्पय
न्नेकाकारचिकीर्षया स्फुटमपि ज्ञानं पशुर्नेच्छति।
वैचित्र्येऽप्यविचित्रतामुपगतं ज्ञानं स्वतःक्षालितं
पर्यायैस्तदनेकतां परिमृशन् पश्यत्यनेकान्तवित्।।२५१।।

(હવે ચોથા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :–)

શ્લોકાર્થ :– [ पशुः ] પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, [ ज्ञेयाकार-कलङ्क-मेचक-चिति प्रक्षालनं कल्पयन् ] જ્ઞેયાકારોરૂપી કલંકથી (અનેકાકારરૂપ) મલિન એવા ચેતનમાં પ્રક્ષાલન કલ્પતો થકો (અર્થાત્ ચેતનની અનેકાકારરૂપ મલિનતાને ધોઈ નાખવાનું કલ્પતો

થકો), [ एकाकार-चिकीर्षया स्फुटम् अपि ज्ञानं न इच्छति ] એકાકાર કરવાની ઇચ્છાથી જ્ઞાનને-જોકે તે જ્ઞાન અનેકાકારપણે પ્રગટ છે તોપણ-ઇચ્છતો નથી (અર્થાત્ જ્ઞાનને સર્વથા એકાકાર માનીને જ્ઞાનનો અભાવ કરે છે); [ अनेकान्तवित् ] અને અનેકાંતનો જાણનાર તો, [ पर्यायैः तद्-अनेकतां परिमृशन् ] પર્યાયોથી જ્ઞાનની અનેકતા જાણતો (અનુભવતો) થકો, [ वैचित्र्ये अपि अविचित्रताम् उपगतं ज्ञानं ] વિચિત્ર છતાં અવિચિત્રતાને પ્રાપ્ત (અર્થાત્ અનેકરૂપ છતાં એકરૂપ) એવા જ્ઞાનને [ स्वतःक्षालितं ] સ્વતઃક્ષાલિત (સ્વયમેવ ધોયેલું-શુદ્ધ) [ पश्यति ] અનુભવે છે.

ભાવાર્થ :– એકાંતવાદી જ્ઞેયાકારરૂપ (અનેકાકારરૂપ) જ્ઞાનને મલિન જાણી, તેને ધોઈને-તેમાંથી જ્ઞેયાકારો દૂર કરીને, જ્ઞાનને જ્ઞેયાકારો રહિત એક-આકારરૂપ કરવા ઇચ્છતો થકો, જ્ઞાનનો નાશ કરે છે; અને અનેકાંતી તો સત્યાર્થ વસ્તુસ્વભાવને જાણતો હોવાથી, જ્ઞાનને સ્વરૂપથી જ અનેકાકારપણું માને છે.

આ પ્રમાણે અનેકપણાનો ભંગ કહ્યો. ૨૫૧.

---

## પ્રવચન નં. ૪૭૨ શ્લોક–૨૫૧, ૨૫૨ બુધવાર, ભાદરવા સુદ ૧૫, તા.૨૪-૦૯-૧૯૮૦

---

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' ૨૫૧ કળશ છે, ૨૫૧. વસ્તુ જરી ઝીણી પડે પણ પ્રભુ! માર્ગ તો આ છે. એ વિના બહારના બધા ભપકાથી અંજાઈ જઈને ધર્મ છે એમ માને તો સત્ય (હાથ) નહિ આવે, બાપુ! વીતરાગનું રહસ્ય, આખા જૈનદર્શનનું રહસ્ય આ ચૌદ બોલમાં ભરી દીધું છે. આહાહા..! સમજવામાં જરી ઝીણી વાત લાગે, પ્રભુ! પણ બીજો ઉપાય ન મળે. ઉપાય જ આ એક છે. આહાહા..! એ સિવાય લાખ વાત (આવે)... 'છ ઢાળા' માં આવે છે ને? 'લાખ વાત...' આહાહા..! 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો' 'છ ઢાળા' માં આવે છે. લાખ શું, કરોડ શું અનંત વાતની વાત 'નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ધ્યાવો.' આહાહા..! પ્રભુ! માર્ગ તો આ છે. ઘણું ખ્યાલમાં આવે છે કે ઝીણું પડે છે પણ એ લોકોને ખ્યાલ જ નથી. અનાદિકાળથી એણે ખ્યાલ કર્યો નથી. બહારની બહારની વાતું. એક તો સંસારની પ્રવૃત્તિથી નિવૃત્ત થતો નથી અને ધર્મને નામે આવે તો ધર્મની પ્રવૃત્તિમાં શુભભાવની લાગણીમાં રોકાઈ જાય. અરે..રે..! ક્યારે એને આ તત્ત્વ મળે અને જન્મ-મરણથી

રહિત થાય? માથે જન્મ-મરણનો.. આહાહા..! મોટો ડંકો વાગે છે. આહાહા..! એનાથી છૂટવું હોય તો પ્રભુ! આ વાત છે.

આપણે આ ચોથો ભંગ છે. તત્, અતત્ અને એકના ભંગ થઈ ગયા. હવે આ અનેકનો ભંગ છે. ૨૫૧.

ज्ञेयाकारकलङ्कमेचकचिति प्रक्षालनं कल्पय
न्नेकाकारचिकीर्षया स्फुटमपि ज्ञानं पशुर्नेच्छति।
वैचित्र्येऽप्यविचित्रतामुपगतं ज्ञानं स्वतःक्षालितं
पर्यायैस्तदनेकतां परिमृशन् पश्यत्यनेकान्तवित्।।२५१।।

આહા..! સંતોએ જગતમાં રહીને દુનિયાને કરુણા કરીને... અરે..! દુનિયા ક્યાં રખડે છે અને ક્યાંથી ક્યાં ભવભ્રમણ કરે છે, એને કેમ ભવભ્રમણ ટળે એવી અપેક્ષાથી સંતોએ જગતમાં સત્‌ને જાહેર કર્યું છે. ૨૫૧ છે ને? ભાઈ! નીચે.

‘(હવે ચોથા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :-)’ છે? ઉપર મથાળું. ‘ચોથા ભંગના કળશરૂપે...’ ચોથો ભંગ એટલે? આત્મા અનેક સ્વરૂપ છે. આહાહા..! એને એકાંતે એક જ સ્વરૂપે માને તો એ મિથ્યાભ્રાંતિ અજ્ઞાન છે. આહાહા..! એક સ્વરૂપે છે એ વાત આવી ગઈ. વસ્તુ તરીકે એક સ્વરૂપ છે પણ પર્યાય તરીકે અનેક સ્વરૂપ છે. ગુણ અને પર્યાય એમાં અનેક છે. આહાહા..! એ અનેક ગુણ અને પર્યાયને ન માને એ પણ મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની છે. ચાહે તો અગિયાર અંગના શાસ્ત્ર ભણ્યો હોય કે ચાહે તો દિગંબર મુનિ થઈને અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય છતાં એ મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની છે. આહાહા..! આવી આકરી વાતું.

અહીં તો આચાર્ય (કહે છે), જે આ આત્મા અનંત ગુણ-પર્યાયથી એકરૂપ છે તે જ ગુણ અને પર્યાયથી અનેકરૂપ પણ છે. જે આ આત્મા અંતરમાં પોતાની શક્તિ અને અવસ્થાથી એકરૂપ પણ છે અને એમાં એકમાં અનેક ગુણ અને અનંત પર્યાય છે તો અનેકરૂપ પણ છે. અનેકપણે ન માને તો એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! એકાંતે એકપણે જ માને, એક જ સ્વરૂપે હું છું એમ માને અને એમાં ગુણભેદ અને પર્યાયો, અનંતી પર્યાયો એક સમયમાં પ્રગટ છે, એક સમયમાં અનંત ગુણની અનંતી પર્યાય પ્રગટ છે અને અનંત ગુણ ધ્રુવરૂપે છે એને એક જ રૂપે માનવું તે એકાંત છે. તે એક પણ છે અને અનેક પણ છે. આહાહા..! આવી વાત. કાંઈક કરવાનું હોય તો સૂઝ તો પડે. પણ પ્રભુ! આ કરવાનું નથી અંદર? આહાહા..! અરે..! જિંદગી ચાલી જાય છે. બહારની મમતા ને બહારમાં (ચાલ્યો જાય છે). પછી મનુષ્યપણાનો આવો અવતાર ક્યારે મળે? એમાં વીતરાગ ત્રણલોકના નાથ એના અંતરનું રહસ્ય જે વસ્તુ, એ વસ્તુનું રહસ્ય અનંતે કાળે સમજમાં ક્યારે આવે?

અહીં એ કહે છે, ‘પશુ...’ પશુ તરીકે જ બોલાવે છે. આ શેનો ભંગ છે? કે આત્મા

એકરૂપ પણ છે અને અનેકરૂપ પણ છે. એકરૂપ છે એ ભંગ આવી ગયો. હવે આત્મા અનેકરૂપ પણ છે. અનંત ગુણ છે, અનંત ગુણની અનંતી પર્યાય છે. રાત્રે ઘણી વાત થઈ હતી. શેઠ! પકડી શકે નહિ એટલી વાતું હતી, બાપા! આહાહા..! અરે..! આવો માર્ગ. દિગંબરમાં ગૃહસ્થો સ્પષ્ટ કરી ગયા છે. આહાહા..! એને આ સમજવા માટેની દરકાર પણ ન હોય. આહાહા..!

કહે છે, 'પશુ અર્થાત્ એકાંતવાદી અજ્ઞાની,...' મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની. અજ્ઞાની કેમ કહ્યો? 'ज्ञेयाकारकलंक-मेचक-चिति प्रक्षालनं कल्पयन्' 'જ્ઞેયાકારોરૂપી કલંકથી...' મારા જ્ઞાનની પર્યાયમાં અનેકપણું જણાય છે તો એ અનેકપણાની પર્યાય કલંક છે એમ અજ્ઞાની માને છે. આહાહા..! આમ વાત સાદી લાગે પણ ગંભીર છે. આહાહા..! એણે અનંતકાળમાં કદી દરકાર કરી નથી.

એ કહે છે, 'એકાંતવાદી...' એક જ પણે એક જ છું અને અંદર ગુણ અને પર્યાય અનંત છે એ અનંતી પર્યાય, દરેક દ્રવ્યની અનંતી પર્યાય પ્રગટ છે અને અનંતા ગુણો તે અપ્રગટ છે. ગુણ ધ્રુવ છે, પર્યાય અધ્રુવ છે. પણ ગુણ અને પર્યાય અનેક છે એ પણ એનો સ્વભાવ છે. ગુણ અને પર્યાયથી એકરૂપ છે એ પણ એનો એક સ્વભાવ છે. તેમ અનંત ગુણ અને અનંતી પર્યાય એક દ્રવ્યમાં પ્રગટ છે એ પણ પ્રત્યક્ષ છે. તેને જે ન માને તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! અરે..! આવા શાસ્ત્રના ભાવો અંદરમાં સમજ્યા વિના શાસ્ત્રના અર્થ કરતા પણ આવડે નહિ, બાપા! આહાહા..! શું થાય?

પ્રભુ! 'અનંત કાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને..' ગુરુને સંતને માન્યા નહિ. પોતાના અભિમાનમાં અમે જાણીએ છીએ, અમે જાણીએ છીએ, અમને આવડે છે, આહાહા..! એવી પોતાની આવડત અને સમજણના અભિમાનમાં.. આહાહા..! સત્‌ના પ્રસંગ મળ્યા ત્યારે પણ સત્‌ની વાતને આદરી નહિ. આહાહા..!

'એકાંતવાદી અજ્ઞાની, જ્ઞેયાકારોરૂપી કલંકથી...' શું કહે છે? કે, આ જ્ઞાનમાં જે જ્ઞેય જણાય છે તે કલંક છે એમ અજ્ઞાની માને છે. આહાહા..! 'જ્ઞેયાકારોરૂપી કલંકથી (અનેકાકારૂપ) મલિન એવા ચેતનમાં પ્રક્ષાલન...' એટલે ધોવાનું 'કલ્પતો થકો (અર્થાત્ ચેતનની અનેકાકારરૂપ મલિનતાને ધોઈ નાખવાનું કલ્પતો થકો)...' આહાહા..! શું કહે છે? આ ભગવાન આત્મા વસ્તુ તરીકે એક છે. બીજા દ્રવ્યની સાથે કાંઈ સંબંધ નથી. પણ પોતે એક હોવા છતાં એમાં ગુણ અને પર્યાય (અનંત છે), અનંત ગુણ છે અને અનંત ગુણની પ્રગટ પર્યાય, દરેક દ્રવ્યની પ્રગટ પર્યાય અનંતી પ્રગટ છે. આહાહા..! એ પર્યાયને કલંક માને છે. ઇ આવ્યું?

'જ્ઞેયાકારોરૂપી કલંકથી (અનેકાકારરૂપ) મલિન એવા ચેતનમાં પ્રક્ષાલન કરતો થકો (અર્થાત્ ચેતનની અનેકાકારૂપ મલિનતાને ધોઈ નાખવાનું કલ્પતો થકો), એકાકાર કરવાની ઇચ્છાથી જ્ઞાનને...' આહાહા..! અરે..! મારા જ્ઞાનમાં આ અનેક જણાય છે તો હું અનેક

થઈ ગયો માટે હું એક નહિ રહું. એ અનેક આકાર જે જ્ઞાનમાં જણાય છે તેને હું ધોઈ નાખું, છોડી દઉં. આહાહા..! એમ માનીને એકપણાના તત્ત્વને માને અને એની અનંતી પર્યાયને, અનંતા ગુણને ન માને તે પણ એકાંત મિથ્યાદૃષ્ટિ જૈન નથી. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! મુનિઓ આવી વાત કહી ગયા. અરે..! એ વાતને ખ્યાલમાં પણ ન લેતાં એ ઝીણી વાત છે, ઝીણી વાત છે, સૂક્ષ્મ છે એમ કરીને કાઢી નાખે. પ્રભુ! આહાહા..!

આ આત્મા વસ્તુ તરીકે એક છે પણ ગુણ અને પર્યાય અનંતી છે. આહાહા..! રાત્રે તો બહુ વાત આવી હતી. થોડી વિશેષ વાત કાલે આવશે ને? 'રાજકોટ'વાળા કાલે આવશે. 'રાજકોટ' થી ૩૦૦ માણસ આવવાના છે. બીજા આવશે, એમ કરીને કાલે ઘણા માણસો આવશે. હવે કેમ રહે શું થાય? આહાહા..! હમણા શરીરની સ્થિતિ બગડી ગઈ હતી. અંદરમાં વાયુ ને ચક્કર ને એકદમ.. વાયુ આવે, વાયુ. એ તો દેહનો ધર્મ છે. દેહનો સ્વભાવ છે પણ દેહના સ્વભાવથી પ્રભુ તો ભિન્ન છે. આહાહા..!

અહીં એ કહે છે, અજ્ઞાની પોતાના જ્ઞાનસ્વરૂપમાં અનેક ચીજો જણાય છે તો એ અનેક ચીજો જાણવામાં આવી તો મારી પર્યાય અનેકરૂપ થઈ ગઈ. એ અનેકરૂપ થઈ તે કલંક છે એમ અજ્ઞાની માને છે. આહાહા..! અનેકરૂપે, અનંતરૂપે પર્યાય (થાય છે). અરે..! ભાઈ! આહાહા..! રાત્રે કાઢ્યું હતું, નહિ? એક એક ગુણની એક એક પર્યાયમાં એટલા ભેદો કહ્યા છે, આહાહા..! 'દીપચંદજી' ગૃહસ્થાશ્રમી. આહાહા..!

અહીં કહે છે કે, એક આત્મામાં અનંત ગુણ અને અનંતી પર્યાયને જાણતાં એને એમ લાગે છે કે અરે..રે..! આવી અનંત પર્યાય! આ તો કલંક છે, આને ધોઈ નાખું, પર્યાયને ધોઈ નાખું. આહાહા..! તેને '(ધોઈ નાખવાનું કલ્પતો થકો), એકાકાર કરવાની ઇચ્છાથી જ્ઞાનને...' હું એકરૂપે રહું તો એ ધર્મ, તો એ આત્મા. અનેકરૂપે પર્યાય થાય તો એ આત્મા નહિ એમ અજ્ઞાની માને છે. આહાહા..! આ વાત કાંઈ ડહાપણની વાતું નથી, બાપા! આહાહા..! અંતરની વાતું છે.

એકરૂપ પણ છે. પહેલા તો કહી ગયા. જ્ઞાન–આત્મા તત્ રૂપે છે અને ભગવાન આદિ જ્ઞેય છે તે રૂપે આત્મા નથી. એ તો જ્ઞાનગુણ અને જ્ઞેય બેની વાત થઈ. સમજાય છે કાંઈ? આહાહા..! પછી આત્મા અનંત ગુણનું રૂપ એકરૂપે છે તે પણ એનો સ્વભાવ છે. એ ત્રીજા ભંગમાં આવ્યું. ચોથા ભંગમાં (એમ આવ્યું કે) એ એકરૂપે હોવા છતાં તે અનેકરૂપ છે. અજ્ઞાનીને બેસે નહિ. જે એકરૂપ હોય તે અનેકરૂપ? તત્ હોય તે અતત્‌રૂપ? પોતે પોતાથી છે તે પરથી નહિ? પરથી નહિ, હું ત્રણ કાળમાં પરથી નહિ. એમ આ એક છે છતાં અનેક છે. પર્યાયમાં અનેકપણું, અનંતપણું (છે). આહાહા..! અનંત ગુણની એક સમયમાં અનંતી પર્યાય છે. એની એક એક પર્યાયમાં અનંતી અનંતી સમૃદ્ધિ ઋદ્ધિ ભરી છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એ કહે છે કે, એ (અનેકપણાની) મલિનતાને ધોઈ નાખવાની ઇચ્છાથી 'જોકે તે જ્ઞાન અનેકાકારપણે પ્રગટ છે...' શું કહ્યું? આત્મા જ્ઞાનસ્વરૂપ છે તે અનેક પર્યાયમાં અનંતને જાણે એવી અનેકાકારરૂપ તો છે જ, એનો સ્વભાવ જ એવો છે. આહાહા..! અરે..રે..! આવી રતન જેવી ચીજ પડી છે અને વાંચવાનો પણ વખત ન મળે અને ધૂળના હીરા ને માણેક ને રતન (પાછળ દોડે). એ..ઈ..!

પ્રભુ! કહે છે, અજ્ઞાની જ્ઞાનમાં હું એકરૂપ છું એમ સિદ્ધ કરવા પર્યાયમાં અનંતું જણાય છે, અનંતું અનંતું જણાય છે (તેને ધોઈ નાખવાની કલ્પના કરે છે). ઘણા વર્ષ પહેલા એકવાર તો એમ પણ કહ્યું હતું અને અત્યારે પણ કહીએ છીએ, એક સમયની જ્ઞાનની પર્યાય છે... શાંતિથી સાંભળો! એક સમયની જ્ઞાનની એક પર્યાય છે તે પર્યાય પોતાના દ્રવ્ય-ગુણને પણ જાણે, ત્રિકાળી દ્રવ્ય-ગુણને જાણે, અનંતી પર્યાય પ્રગટ થઈ એની અનંતી પર્યાયને પણ એક પર્યાય જાણે, તે એક પર્યાય ત્રણકાળ અને ત્રણલોકને પણ જાણે. એવી એક સમયની પર્યાયની એટલી તાકાત છે, પ્રભુ! આહાહા..! ઘણા વર્ષ પહેલા પણ કહ્યું હતું પણ લોકોને ઝીણું બહુ પડે. ક્રમબદ્ધ ઝીણું બહુ પડે. પહેલા બહારમાં પ્રસિદ્ધ કરવું હતું (કારણ શુદ્ધ પર્યાયનું) પણ પછી નકશો રહી ગયો અંદર. મોટા પંડિતોને જણાવ્યું તો મોટા પંડિતોને બેસે નહિ. આહાહા..!

સ્વદ્રવ્ય પરદ્રવ્યને અડતું નથી. આ કોણ માને? આખો દિ' આ શરીરને આમ કરે અને અડે નહિ? આહાહા..! પ્રત્યેક દ્રવ્યમાં પર્યાય ક્રમબદ્ધ થાય છે તે પર્યાય ત્રણકાળમાં ફરે નહિ. જે સમયે જે પર્યાય થવાની (તે થવાની). અહીં તો કહે છે, અનેક પર્યાય થાય છે. એક સમયમાં આત્મામાં અનંત ગુણ છે તો અનંતપણામાં પણ અનેકપણું આવ્યું અને અનંતી પર્યાય થઈ તેમાં પણ અનેકપણું આવ્યું. એ અનેકપણું અજ્ઞાનીને ખટકે છે. આ અનેક શું આવ્યું? હું એકરૂપ રહું તેમાં આ અનેક જણાય પણ એ જ્ઞાનાકાર જાણવાનો સ્વભાવ છે. અનેક, અનંતને જાણવાનો જ્ઞેયને તે જ્ઞાનપર્યાયનો સ્વભાવ છે. એ કહ્યું, જોયું?

'અનેકાકારપણે પ્રગટ છે...' અનેકાકારપણે પ્રગટ છે. આહાહા..! આવી વાતું હવે. બપોરે જરી વિચાર આવી ગયો હતો, ભાઈ! બપોરે બેનના વચનો વાંચવા. પછી વળી (એમ થયું કે) આ કે દિ' સાંભળશે? સાંભળે તો ખરા. બપોરે ઇ વિચાર આવ્યો હતો કે, બેનના વચન વાંચીએ તો લોકોને ઠીક પડે. સવારે બધા મહેમાન આવવાના છે ને? સવારે તો ઘણું માણસ આવવાનું છે. ૫૦૦-૭૦૦ માણસ આવશે.

મુમુક્ષુ :– ૮૦૦ આવવાના છે.

ઉત્તર :– ૮૦૦ આવવાના છે, લ્યો! આહાહા..! બેનના જન્મ ટાણે ૨૬૫૦ માણસ! આ શ્રાવણ વદ બીજ. માણસો આવે છે પણ આ વાત આવી ઝીણી એટલે કદાચ સાંભળતા સાંભળે ખરા, પાછા બહાર નીકળે ત્યાં આ કાને સાંભળીને આ કાને કાઢી નાખે. ઝીણું

બહુ.. ઝીણું બહુ... પણ બાપુ! તારું કલ્યાણ કરવું હોય તો બાપા! આ વસ્તુ છે. આત્મા અરૂપી છે કે ઝીણો છે કે જાડો છે? એ તો અરૂપી છે અને અરૂપીમાં પણ એના ગુણ અરૂપી અને એની પર્યાય પણ અરૂપી. આહાહા..! એ પર્યાય અનંતી એક એક દ્રવ્યમાં છે.

એક એક આત્મામાં અનાદિઅનંત એક સમયમાં અનંતી પર્યાય પ્રગટ છે એને એકરૂપે માનવા જાય છે. એ એકાકાર રૂપ પ્રગટ છે, અનેકાકાર રૂપ પ્રગટ છે તોપણ એકરૂપ માનવા જાય છે એ મિથ્યાદૃષ્ટિ છે. 'તોપણ ઇચ્છતો નથી...' શું કહે છે? જ્ઞાન તો અનેકાકાર રૂપ છે, પોતાની પર્યાયમાં અનેકને જાણે એવો સ્વભાવ છે. આહાહા..! આવું સાંભળ્યું પણ ન હોય, એણે દરકાર પણ કરી નથી. અવતાર આમ ચાલ્યા જાય છે અને પાછા ચોરાશીના અવતારમાં, આહાહા..! ક્યાં જાય અને ક્યાં રખડે? આહાહા..!

અહીં કહે છે, ભગવાન આત્માનું જ્ઞાન અનેકાકારરૂપ પ્રગટ છે. એ જ્ઞાનમાં અનંતુ જાણે છે એ પ્રગટ છે. એ કંઈ ગુપ્ત નથી. આહાહા..! છે? 'તોપણ-ઇચ્છતો નથી...' તોપણ અજ્ઞાની, હું અનેકપણે છું એમ કદી ચાહતો નથી. હું તો એક છું, એક છું, એક છું. એને ખબર પણ ક્યાં છે કે હું એક છું. કઈ રીતે એક અને કઈ રીતે અનેક (છું એની ખબર નથી). આહાહા..! '(જ્ઞાનને સર્વથા એકાકાર માનીને જ્ઞાનનો અભાવ કરે છે);...' અજ્ઞાની અનાદિથી (આમ માને છે).

'अनेकान्तवित्' હવે અનેકાંત જાણનારા ધર્મી સમકિતી, જેને જૈનધર્મ જણાયો છે એવા (ધર્મી). જૈનધર્મ અનંત ત્રિલોકનાથ અનંતા તીર્થંકરોનો માર્ગ જેને જાણવામાં આવ્યો છે એ અનેકાંતના જાણનારા છે. હું એકપણે પણ છું અને અનંતપણે પણ છું. આહાહા..! છે? 'पर्यायैः तद्-अनेकतां परिमृशन्' 'પર્યાયોથી જ્ઞાનની અનેકતાને જાણતો...' આહાહા..! આવી વાત હવે. દ્રવ્ય સ્વરૂપે એક પણ પર્યાય સ્વરૂપે અનંત. છે? 'પર્યાયોથી જ્ઞાનની અનેકતાને જાણતો..' ધર્મી. આહાહા..! મારી પર્યાયમાં અનંતપણું કાયમ છે. કોઈ સમયે પણ પર્યાયનું અનંતપણું નથી એમ નથી. 'રસિકભાઈ'! આવી વાતું છે. ન્યાં 'કલકત્તા' માં ક્યાંય ન મળે. ધર્મી જીવ એ અનેકાકારરૂપ પ્રગટ છે તેને જાણે છે. પર્યાયોથી જ્ઞાન એટલે આત્મા, તેની અનેકતાને જાણતો. અનેકતાને અનુભવતો થકો. કારણ કે અનુભવ છે તે પર્યાય છે. આહાહા..!

ત્યાં સુધી કહ્યું હતું ને? આકરું પડે. અલિંગગ્રહણના ૨૦ બોલ છે ને? 'પ્રવચનસાર'. એમાં વીસમાં બોલમાં એમ છે કે, આ પ્રત્યેક.... આત્મા છે એમ નિત્ય વસ્તુ છે. તે નિત્ય વસ્તુને સ્પર્શતો નથી અને પોતાની પર્યાયના વેદનને સ્પર્શે છે તો એ પર્યાયમાત્ર જ આત્મા છે. એમ ન્યાં કહ્યું છે. ફરીને, 'પ્રવચનસાર' ૧૭૨ ગાથાના વીસ બોલ. એક અલિંગગ્રહણ- છ અક્ષરમાંથી વીસ બોલ કાઢ્યા છે. વ્યાખ્યાન થઈ ગયા છે, બધા છપાશે. 'મુંબઈ'થી. સમજાય છે કાંઈ? શું કહ્યું? કે એક સમયમાં જે પર્યાય છે તે અનંત છે. એક એક સમયમાં દરેક પર્યાય દરેક દ્રવ્યમાં અનંત છે. આહાહા..! શું કહ્યું?

ત્યાં વીસમાં બોલમાં એમ કહ્યું કે, દ્રવ્ય તો ભલે એકરૂપ ત્રિકાળ વસ્તુ છે પણ મારા વેદનમાં પર્યાય આવી તે હું છું. કારણ કે વેદનમાં પર્યાય આવે છે. વેદનમાં ધ્રુવ દ્રવ્ય આવતું નથી. જે પર્યાયને ન માને તો તેને આત્માનું વેદન જ નથી. આહાહા..! આત્માનું વેદન તો નથી પણ આત્મા નથી. આહાહા..! આવું તો 'જયંતિભાઈ' કે દિ' સાંભળ્યું છે? માણસને રાજી કરવામાં રોકાઈ જાય. આહાહા..! ત્રણે ભાઈ છે. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! આત્મા જ્ઞાન સ્વરૂપ હોવા છતાં અનંત પદાર્થને જ્ઞાન જાણે છે એવો પર્યાયનો સ્વભાવ છે. એ પર્યાય અનંતને જાણે છે તો અજ્ઞાની માને છે કે આ અનંતને જાણે છે તો એ કલંક છે. હું એકરૂપ રહેવા માગું છું અને આ અનંત ક્યાં જણાયું? કલંક છે. અહીં તો કહે છે કે, એ તો જ્ઞાન અનેકાકાર રૂપ પ્રગટ છે, એ એનું સ્વરૂપ છે. એક આ આત્માનું જ્ઞાન નહિ પણ દરેક દ્રવ્યમાં, દરેક પદાર્થની અનંતી પર્યાય પ્રગટ છે. આહાહા..!

જ્ઞાની અનેકાંતના જાણનારા તો 'પર્યાયોથી જ્ઞાનની અનેકતા જાણતો (અનુભવતો) થકો,...' છે? 'પર્યાયોથી જ્ઞાનની અનેકતા જાણતો (અનુભવતો) થકો...' આહાહા..! પર્યાયોથી, પર્યાયથી આત્મા જ્ઞાનની અનેકતાને જાણતો થકો 'વિચિત્ર છતાં...' આહાહા..! પર્યાયમાં અનંત.. અનંત.. અનંત.. અનંત પર્યાય. આહાહા..! અને એ પણ પર્યાયનો સ્વભાવ રાત્રે વાંચ્યો. ઓહો..હો..! એક પર્યાયમાં અનંતા કેવળી જણાય. એક સમયની પર્યાયમાં અનંતા કેવળી જણાય. ત્રણકાળ ત્રણલોક જણાય એવું પર્યાયનું સામર્થ્ય છે. આહાહા..! હવે એક પર્યાયમાં અનંતા કેવળી જણાય તો એક કેવળીએ અનંતા દ્રવ્ય-ગુણ-પર્યાય દીઠા તેની સત્તા પણ જ્ઞાનની પર્યાયમાં આવી ગઈ. પર્યાયમાં એની સત્તાનું જ્ઞાન આવી ગયું. આહાહા..! થોડી ઝીણી વાત છે, ભાઈ! આહા..!

અહીં ધર્મી જીવ આત્માને 'પર્યાયોથી જ્ઞાનની...' એટલે આત્માની 'અનેકતા જાણતો (અનુભવતો) થકો...' પર્યાયથી તો હું અનેક છું. અનંત પર્યાય મારામાં છે. આહાહા..! જેને આવી દૃષ્ટિ છે તેને હું એકરૂપ પણ છું, હું અનેકરૂપ પણ છું એવું અનેકાંત–અનેક અંત એટલે તેની યોગ્યતાના ધર્મ વીતરાગ માર્ગે કહ્યા એ છે. આહાહા..! 'વિચિત્ર છતાં...' શું કહે છે? પર્યાયમાં વિચિત્રતા. આહાહા..! અનંતા નિગોદના જીવને જાણે, નિગોદના જીવ એક એક અંગુલના અસંખ્ય ભાગમાં નિગોદના અસંખ્ય શરીર, એમ આખું ચૌદ બ્રહ્માંડ ભર્યું છે. અહીંયા અનંત અનંત નિગોદના જીવ બધે ઠેકાણે છે. આખા લોક પ્રમાણે અંગુલના અસંખ્ય ભાગમાં નિગોદના અસંખ્ય શરીર છે. તેમાં એક શરીરમાં અનંત જીવ. આહાહા..! તે એક જીવ સાથે તૈજસ અને કાર્માણ બે શરીર. એવા અનંતા અંગુલના અસંખ્ય ભાગમાં છે. એવો આખો લોક ભર્યો છે. આહાહા..! એવી વિચિત્રતા જ્ઞાનમાં જાણવાની શક્તિ હોવા છતાં. એ વિચિત્ર લાગે. છે ને?

'છતાં અવિચિત્રતાને પ્રાપ્ત (અર્થાત્ અનેકરૂપ છતાં...)' વિચિત્ર એટલે કે અનેકરૂપ

હોવા છતાં. આહાહા..! અવિચિત્ર એટલે એકરૂપ એવા 'જ્ઞાનને સ્વતઃક્ષાલિત...' સ્વતઃ નિર્મળ છે. જ્ઞાનમાં પર ચીજ જણાય છે તેને ધોઈ નાખું, કાઢી નાખું તો હું નિર્મળ રહું, એમ નથી. 'સ્વતઃક્ષાલિત (સ્વયમેવ ધોયેલું-શુદ્ધ) અનુભવે છે.' આહાહા..! સમકિતી–ધર્મીજીવ આમ અનુભવે છે. ભગવાન! ઝીણી વાત તો છે. આહાહા..! અરે..! મનુષ્યભવ ચાલ્યો જાય છે.

ભાવાર્થ :– 'એકાંતવાદી જ્ઞેયાકારરૂપ (અનેકાકારરૂપ) જ્ઞાનને મલિન જાણી,...' જ્ઞાનમાં અનેક જણાય છે તો મારું જ્ઞાન મલિન છે, જ્ઞાન મલિન થઈ ગયું, અનેકપણું જણાયું તો મારું જ્ઞાન મલિન થઈ ગયું એમ અજ્ઞાની માને છે. 'તેને ધોઈને–તેમાંથી જ્ઞેયાકારો દૂર કરીને,...' જાણવાલાયક જે જ્ઞેયાકારને દૂર કરી 'જ્ઞાનને જ્ઞેયાકારો રહિત એક-આકારરૂપ કરવા ઇચ્છતો થકો, જ્ઞાનનો નાશ કરે છે;...' આહાહા..! આ કોઈ દિ' વાંચ્યું નથી, શેઠ! રૂપિયામાં ઘુસી ગયા. એ.. 'માણેકચંદજી'! આહાહા..! આમ બધા છે ને, બાપા! આહા..! આવી વાત શાસ્ત્રમાં પડી છે.

'એકાંતવાદી જ્ઞેયાકારરૂપ (અનેકાકારરૂપ) જ્ઞાનને મલિન જાણી, તેને ધોઈને–તેમાંથી જ્ઞેયાકારો દૂર કરીને, જ્ઞાનને જ્ઞેયાકારો રહિત એક-આકારરૂપ કરવા ઇચ્છતો થકો, જ્ઞાનનો નાશ કરે છે.' પોતાના સ્વરૂપનો એ નાશ કરે છે. 'અને અનેકાંતી...' એટલે ધર્મીજીવ. 'સત્યાર્થ વસ્તુસ્વભાવને જાણતો હોવાથી,...' સત્યાર્થ જાણે છે કે હું તો એકરૂપ પણ છું. અનેક પરનું જ્ઞાન થયું તો એ પરને લઈને થયું નથી. એ તો મારી જ્ઞાનની તાકાતને લઈને પરનું જ્ઞાન થયું છે. એ પરના જ્ઞાનને મારી પર્યાયમાંથી ધોઈ નાખું. તો તો પર્યાયનો નાશ થઈ જશે. આહાહા..! 'જ્ઞાનને સ્વરૂપથી જ અનેકાકારપણું માને છે.' આ ભગવાન આત્મા અનંતને જાણે છે તો અનેકાકારરૂપ પણ આત્માને માને છે. એકરૂપ પણ માને છે અને અનેકરૂપ પણ માને છે. 'આ પ્રમાણે અનેકપણાનો ભંગ કહ્યો.' હવે પાંચમો ભંગ. એ ચોથો ભંગ પૂરો થયો.

પોતાના દ્રવ્યથી આત્મા છે, પરદ્રવ્યથી નથી એ વાત છે. પહેલા આવી હતી તે બીજી વાત હતી. તત્ અને અતત્. જ્ઞાન જ્ઞાનથી છે અને જ્ઞેયથી નથી. એ જ્ઞાનગુણ અને જ્ઞેયથી કહ્યું. તત્–જ્ઞાનરૂપે છે અને અતત્–જ્ઞેયરૂપે નથી. એ જ્ઞાન અને પરજ્ઞેય બેના સંબંધી કહેવાયું અને અહીંયા આવ્યું તેમાં આખું દ્રવ્ય લીધું છે. સમજાય છે કાંઈ?

પહેલા તત્-અતત્માં આવ્યું હતું એમાં તો જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞેયને જાણે છે છતાં જ્ઞેયથી અતત્ છે. જ્ઞેયરૂપે નથી. અને પોતાના જ્ઞાનરૂપે છે. એ જ્ઞાન અને જ્ઞેયની વાત પહેલા બે ભંગમાં કહી. અહીંયા આખું દ્રવ્ય, ચીજ લીધી છે. પહેલામાં એક જ જ્ઞાનગુણ અને જ્ઞેય લીધું હતું. આહાહા..! પાંચમો ભંગ–૨૫૨.

# શ્લોક–૨૫૨

(शार्दूलविक्रीडित)

प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावञ्चितः
स्वद्रव्यानवलोकनेन परितः शून्यः पशुर्नश्यति।
स्वद्रव्यास्तितया निरूप्य निपुणं सद्यः समुन्मज्जता
स्याद्वादी तु विशुद्धबोधमहसा पूर्णो भवन् जीवति।।२५२।।

(હવે પાંચમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :–)

શ્લોકાર્થ :– [ पशुः ] પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, [ प्रत्यक्ष-आलिखित-स्फुट-स्थिर-परद्रव्य-अस्तिता-वञ्चितः ] પ્રત્યક્ષ *આલિખિત એવાં પ્રગટ (-સ્થૂલ) અને સ્થિર (-નિશ્ચળ) પરદ્રવ્યોના અસ્તિત્વથી ઠગાયો થકો, [ स्वद्रव्य-अनवलोकनेन परितः शून्यः ] સ્વદ્રવ્યને (-આત્મદ્રવ્યના અસ્તિત્વને) નહિ દેખતો હોવાથી સમસ્તપણે શૂન્ય થયો થકો [ नश्यति ] નાશ પામે છે; [ स्याद्वादी तु ] અને સ્યાદ્વાદી તો, [ स्वद्रव्य-अस्तितया निपुणं निरूप्य ] આત્માને સ્વદ્રવ્યરૂપે અસ્તિપણે નિપુણ રીતે અવલોકતો હોવાથી, [ सद्यः समुन्मज्जता विशुद्ध-बोध-महसा पूर्णः भवन् ] તત્કાળ પ્રગટ થતા વિશુદ્ધ જ્ઞાનપ્રકાશ વડે પૂર્ણ થતો થકો [ जीवति ] જીવે છે-નાશ પામતો નથી.

ભાવાર્થ :– એકાંતી બાહ્ય પરદ્રવ્યને પ્રત્યક્ષ દેખી તેનું અસ્તિત્વ માને છે, પરંતુ પોતાના આત્મદ્રવ્યને ઇન્દ્રિયપ્રત્યક્ષ નહિ દેખતો હોવાથી તેને શૂન્ય માની આત્માનો નાશ કરે છે. સ્યાદ્વાદી તો જ્ઞાનરૂપી તેજથી પોતાના આત્માનું સ્વદ્રવ્યથી અસ્તિત્વ અવલોકતો હોવાથી જીવે છે-પોતાનો નાશ કરતો નથી.

આ પ્રમાણે સ્વદ્રવ્ય-અપેક્ષાથી અસ્તિત્વનો (-સત્‌પણાનો) ભંગ કહ્યો. ૨૫૨.

## શ્લોક–૨૫૨ ઉપર પ્રવચન

* આલિખિત = આલેખાયેલાં; ચિત્રિત; સ્પર્શાતાં; જણાતાં.

प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावञ्चितः
स्वद्रव्यानवलोकनेन परितः शून्यः पशुर्नश्यति।
स्वद्रव्यास्तितया निरूप्य निपुणं सद्यः समुन्मज्जता
स्याद्वादी तु विशुद्धबोधमहसा पूर्णो भवन् जीवति।।२५२।।

શ્લોકાર્થ :– 'પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની,...' 'प्रत्यक्षआलिखित' જ્ઞાનમાં આમ પ્રત્યક્ષ પરદ્રવ્ય દેખાય તો એ પરદ્રવ્ય જ હું છું. અંદરમાં દ્રવ્ય ભિન્ન છે તેનું ભાન કરતો નથી. આહાહા..! છે? 'સર્વથા એકાંતવાદી અજ્ઞાની...' 'प्रत्यक्षआलिखित' (આલિખિત એટલે) આલેખાયેલાં, ચિત્રિત. આમ બહારમાં પ્રત્યક્ષ દેખાય છે. 'પ્રત્યક્ષ આલિખિત એવાં પ્રગટ (–સ્થૂલ) અને સ્થિર (–નિશ્ચળ)...' આહાહા..! 'પરદ્રવ્યોના અસ્તિત્વથી ઠગાયો થકો,...' એ શું કહે છે? હું તો પરદ્રવ્યથી છું. આહાહા..! પોતાના દ્રવ્યમાં પરદ્રવ્યનું જ્ઞાન થાય છે. હવે દ્રવ્યની વાત છે. પહેલા જ્ઞાન-જ્ઞેયની વાત હતી. પહેલા તત્-અતત્માં જ્ઞાનગુણ અને જ્ઞેયની વાત હતી. આ તો આખું દ્રવ્ય–વસ્તુ લીધી છે. આવી વાતું હવે. એ તો વળી એટલા પુણ્ય છે તો લોકો ભેગા થાય છે. નહિતર તો... પેલો 'ભીંડ' વાળો 'નંદલાલ' કહેતો હતો ને? કે, તમારી આવી ઝીણી વાત સાંભળવા આટલા માણસ ભેગા થાય! અહીં તો હવે હજારો માણસ ભેગા થાય છે. શેઠ! શેઠ ક્યાંથી આવ્યા છે? ઠેઠ 'સાગર' થી, લ્યો! બાપુ! આત્માની વાત છે, પ્રભુ! ઝીણી પડે પણ જન્મ-મરણના અંતની વાતું છે, બાપુ! આહાહા..!

ભગવાન! ભગવાન તરીકે બોલાવ્યો છે. આહાહા..! ભગવાન! તું સ્વદ્રવ્યથી છો એમ નહિ માનીને પરદ્રવ્ય તને જણાય છે તો તેનાથી હું છું (એમ માને છે). આહાહા..! છે? 'અજ્ઞાની પ્રત્યક્ષ આલિખિત એવાં પ્રગટ (–સ્થૂલ)...' બહારમાં બધું પ્રત્યક્ષ દેખાય છે. પૈસો-લક્ષ્મી, આબરૂ-કીર્તિ, મકાન, શરીર, વાણી, મન બધું સ્થૂળ.. સ્થૂળ પ્રગટ બાહ્ય ચીજ. આહાહા..! '(–સ્થૂલ) અને સ્થિર...' ત્યાં રહે છે ને? સ્ત્રી, કુટુંબ-પરિવાર, પૈસો અમુક કાળ રહે પણ એ તો પર છે, એ તો પરદ્રવ્ય છે. 'અને સ્થિર (–નિશ્ચળ) પરદ્રવ્યોના અસ્તિત્વથી ઠગાયો થકો,...' શું કહે છે? પોતાનું અસ્તિત્વ–હયાતીનો સ્વીકાર નહી કરીને પરનું અસ્તિત્વ–સત્તા દેખાય છે તો એ સત્તાનો સ્વીકાર કરીને એ જ હું છું, એમ 'ઠગાયો થકો...' અર..ર..! આવી વાતું છે. બદામ, પીસ્તા ને ચારોળીનો ધંધો હોય તો એક ચારોળી અહીંયાથી અહીંયા જાય તે આત્માથી નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? અમારે પણ ધંધો હતો ને? બદામ, પીસ્તા, ચારોળી. અમે ખાતા હતા તો એક વખત .... થઈ ગયું હતું. દુકાનમાં ખજૂર, શીંગ ને બદામ ને ટોપરાના ઢગલા પડ્યા હોય.

અહીં કહ્યું ને? પ્રગટ છે ને! પ્રગટ છે પણ તેને કારણે છે, તારાથી નથી. એ તારી ચીજ છે જ નહિ. આહાહા..! છે? એ સ્થૂળ (છે), આત્મા સૂક્ષ્મરૂપ દ્રવ્ય નજરમાં આવતું નથી અને સ્થૂળ નજરમાં આવે છે. 'અને સ્થિર...' થોડો વખત રહે. આમ રહે ને? લક્ષ્મી

રહે, બાયડી રહે, કુટુંબ રહે, આ શરીર રહે. 'સ્થિર (–નિશ્ચળ) પરદ્રવ્યોના અસ્તિત્વથી ઠગાયો થકો...' એ પરદ્રવ્યની હયાતીથી ઠગાઈ ગયો છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ કાંઈ વાર્તા નથી કે ઝટ પૂરું થઈ જાય. આહાહા..! ત્રણલોકના નાથ તીર્થંકરોના હૃદય છે, તીર્થંકરોના પેટ છે. આહાહા..! બાયડીઓમાં રોવામાં રોવે ત્યારે બોલે ને? મારા પેટ.. માના પેટ. છોકરો મરી જાય ત્યારે (બોલે). કોઈક મરી જાય ત્યારે રોવે છે ને? મારા પેટ.. માના પેટ.. પેટ કેવું? બધું સાંભળ્યું છે ને! આહાહા..!

અહીં કહે છે, 'પરદ્રવ્યોના અસ્તિત્વથી ઠગાયો થકો,...' પોતાના દ્રવ્ય ઉપર દૃષ્ટિ નથી અને પરદ્રવ્યની દૃષ્ટિ છે તો પરદ્રવ્ય પ્રત્યક્ષ દેખાય છે. પ્રત્યક્ષ આવશે. આહાહા..! તેને જોઈને તે જ હું છું એમ 'પરદ્રવ્યોના અસ્તિત્વથી ઠગાયો થકો,...' આહાહા..! 'સ્વદ્રવ્યને (–આત્મદ્રવ્યના અસ્તિત્વને) નહિ દેખતો...' આહાહા..! છે? અંદર સ્વદ્રવ્ય જે ભગવાન આત્મા છે, પરદ્રવ્ય પ્રત્યક્ષ બહારમાં દેખાય છે તેની હયાતીથી અને તે સ્થૂળ છે અને ટકે છે પણ હું ટકવાવાળો નિત્ય છું અને બદલતી પર્યાયવાળો પણ હું છું એમ નહિ માનીને પરદ્રવ્યથી ઠગાયો થકો. આહાહા..! આત્મા સિવાય કોઈપણ રાગ કે દયા, દાન કે શરીર, વાણી, કુટુંબ, દીકરા, દીકરી મારા, આ મારા (એમ માનીને) ઠગાઈ ગયો છે, પ્રભુ! આહાહા..! છે?

'પરદ્રવ્યોના અસ્તિત્વથી ઠગાયો થકો,...' અસ્તિત્વ નામ હયાતી. આહાહા..! પરદ્રવ્યની હયાતી દેખાય છે પણ આ આત્માની હયાતી અંદર ભિન્ન છે તેની તરફ તો નજર પણ કરતો નથી. આહાહા..! આવી વાતું છે. આચાર્યો જંગલમાં રહીને મુનિ સિદ્ધ સાથે વાતું કરે છે. ભગવાન! તમે સિદ્ધ થઈ ગયા હવે અમે સિદ્ધ થઈને આવીએ છીએ, હોં! તારી નાતમાં હું આવવાનો છું. આહાહા..! એ પરદ્રવ્યને હું મારા નથી માનતો હોં, પ્રભુ! મારી ચીજ પરદ્રવ્યનું અસ્તિત્વ છે તો હું છું એ રીતે ઠગાઈ જાય છે. આહાહા..!

'સ્વદ્રવ્યને (–આત્મદ્રવ્યના અસ્તિત્વને) નહિ દેખતો...' પોતાની દ્રવ્ય વસ્તુ જે પદાર્થ છે તેને દેખતો નથી. 'નહિ દેખતો હોવાથી સમસ્તપણે શૂન્ય થયો થકો...' આહાહા..! પરદ્રવ્યથી હું છું અને મારાથી શૂન્ય છું (એમ માને છે). આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે, ભાઈ! અમારા શેઠ પણ કહે છે ને કે આ તો બે ચોપડી ભણ્યા હોય એને પણ સમજાય એવું છે. આ કાંઈ કોઈ વ્યાકરણ અને સંસ્કૃત નથી. આ કાંઈ એવું વ્યાકરણ અને સંસ્કૃત નથી. સાદી ભાષા છે. કઈ રીતે? પ્રભુ!

તારું દ્રવ્ય જે અંદર છે તેની તને પ્રતીતિ નથી, એ તરફ તારી નજર નથી અને આ પ્રત્યક્ષ પરદ્રવ્ય દેખાય, સ્ત્રી, કુટુંબ-પરિવાર, મકાન, પૈસો, હજીરા એટલે મકાન મોટા (હોય તેની પ્રતીતિ છે). આહાહા..! કહ્યું નહિ? 'રમણિકભાઈ' 'મુંબઈ'. એના મકાનમાં ઊતર્યા હતા. દરિયાને કાંઠે. એક મકાન સીત્તેર લાખનું. સીત્તેર લાખનું! મોટા ગૃહસ્થ છે, ઘણા કરોડોપતિ. દિગંબર છે, બહુ પ્રેમ છે. એના મકાનમાં ઊતર્યા હતા. સીત્તેર લાખનું તો એક

મકાન. હવે આમાં.. અમે કેવા જાણે તવંગર કેવા અમે પૈસાવાળા! પણ પરદ્રવ્યથી ઠગાઈ ગયો. પરદ્રવ્યની હયાતીથી તારી હયાતી ઠગાઈ ગઈ. તું ધુતારો છો, આહાહા..! ઠગાઈ ગયો. આહા..!

'નિયમસાર' માં તો એમ લખ્યું છે કે, આ સ્ત્રી, કુટુંબ-પરિવાર, દીકરા, દીકરી મળ્યા છે એ ધૂતારાની ટોળી છે. 'નિયમસાર' માં પાઠ છે. 'પદ્મપ્રભમલધારીદેવ'. ધુતારાની ટોળી છે, બાપા! તારું જીવન લુંટી લે છે અને તું પણ હોંશથી લુંટાય છો. અરે..રે..! અનંત અનંત પરદ્રવ્યથી નિવૃત્તરૂપ સ્વદ્રવ્ય. પરદ્રવ્યની હયાતીથી પોતાની હયાતીનો અભાવ છે. પોતાની હયાતીથી પોતાની હયાતી છે. તે સ્વદ્રવ્યને જોતો નથી. અજ્ઞાની સંપૂર્ણપણે શૂન્ય થઈ જાય છે. પોતાની ચીજ પરથી જોવે છે પણ પોતાથી નથી જોતો. પરની હયાતીને માને છે અને પોતાની હયાતીને માનતો નથી તો પોતાને શૂન્ય માને છે. 'નાશ પામે છે.' એ આત્માનો નાશ કરી નાખે છે. આહાહા..!

'અને સ્યાદ્વાદી...' ધર્મી 'આત્માને સ્વદ્રવ્યરૂપે અસ્તિપણે નિપુણ રીતે અવલોકતો હોવાથી,...' આહાહા..! ધર્મીજીવ એને કહીએ અને કલ્યાણના પંથે પડેલા એને કહીએ કે પોતાની હયાતીને સ્વદ્રવ્યરૂપે નિપુણ રીતે, પ્રવીણપણે પોતાનું અસ્તિત્વ જુએ છે. પરને કારણે, પરની હયાતીથી મારી હયાતી છે જ નહિ. પરચીજનું અસ્તિત્વ છે તો મારું અસ્તિત્વ છે એમ છે જ નહિ. આહાહા..! મારા અસ્તિત્વની હયાતીની નિપુણતા હું જાણું છું કે મારાથી મારું અસ્તિત્વ છે, મારી હયાતી મારાથી છે, પરથી નથી. આવી વાતું હવે. આહાહા..! એક એક બોલમાં શું શું ફેર છે! આહાહા..! આવ્યું?

ધર્મીજીવ 'સ્યાદ્વાદી...' એટલે ધર્મી. સ્યાદ્વાદી એટલે અપેક્ષાએ જાણનારા. હું પરદ્રવ્યથી નથી, હું પોતાથી છું. એમ સ્વથી હું અસ્તિપણે છું અને પરથી નાસ્તિપણે છું. એમ જાણનારા. પરદ્રવ્ય છે પણ મારું સ્વદ્રવ્ય પરદ્રવ્યથી નાસ્તિપણે છે. હું મારાથી અસ્તિપણે છું. આહાહા..! એમ 'સ્યાદ્વાદી તો, આત્માને સ્વદ્રવ્યરૂપે અસ્તિપણે નિપુણ રીતે...' આહાહા..! મારી ચીજ તો આત્મા આનંદકંદ પ્રભુ અસ્તિરૂપ છે. એ મારું અસ્તિત્વ છે, એમાં મારું અસ્તિત્વ છે, એ મારી સત્તા છે. પરની સત્તાથી મારી સત્તા છે એમ જ્ઞાની માનતા નથી. આહાહા..! જ્ઞાની 'નિપુણ રીતે અવલોકતો હોવાથી, તત્કાળ પ્રગટ થતા વિશુદ્ધ જ્ઞાનપ્રકાશ વડે...' આહાહા..! શું લેખ!

પરદ્રવ્યથી પોતાની દૃષ્ટિ હટાવીને, કોઈપણ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરથી પણ મારી ચીજ નથી. મારી ચીજ તો પરદ્રવ્યના અભાવસ્વરૂપ છે. આહાહા..! એમ 'તત્કાળ પ્રગટ થતા વિશુદ્ધ જ્ઞાનપ્રકાશ...' પોતાની ઉપર જ્યાં નજર પડી અને પરદ્રવ્યથી હું નથી ત્યાં 'પ્રગટ થતા વિશુદ્ધ જ્ઞાનપ્રકાશ વડે પૂર્ણ થતો થકો,...' હું પૂર્ણ દ્રવ્યસ્વરૂપ છું. પરને કારણે નહિ. પરને કારણે હું તો નથી પણ પરને કારણે હું અપૂર્ણ પણ નથી. આહાહા..! અપૂર્ણતા

એ મારી પર્યાયમાં મારાથી છે પણ એ મારા દ્રવ્યમાં નથી. આહાહા..! આમાં કેટલું યાદ રાખવું. વસ્તુ આવી છે.

'જીવે છે...' જુઓ! આમ પોતાના અસ્તિત્વને પોતાથી માનીને પરના અસ્તિત્વથી હું નથી એમ માનીને જીવે છે, પોતાનું જીવન રાખે છે. 'નાશ પામતો નથી.' આત્માનો નાશ કરતા નથી. અજ્ઞાની તો આત્માનો નાશ કરી નાખે છે. આહાહા..! ભાઈ! પૈસા વિના કાંઈ શાક મળે? 'રામજીભાઈ' પ્રશ્ન કરે છે ને? પણ પૈસા પર, શાક પર. એનું આવવું-જવું એ કાંઈ તારે આધીન નથી. આહાહા..! પૈસા વિના કપડા મળે? આહાહા..!

મુમુક્ષુ :– રેલ્વેની ટિકીટ ન મળે.

ઉત્તર :– ટિકીટ ન મળે. આહાહા..! એ ટિકીટ પરવસ્તુ છે, અનંત પરમાણુનો પિંડ છે. એ જ્યારે આવવાના હશે ત્યારે આવશે, નહિ આવનારા નહિ આવે. તેને કારણે તારી ચીજની હયાતી છે એમ છે નહિ. આહાહા..! 'નાઈરોબી' માં તો ૨૫-૨૫, ૩૦-૩૦ લાખ રૂપિયાના કપડા એક એક દુકાનમાં. આમ ભર્યા હોય, આમ ભર્યા હોય, આમ ઉપર ભર્યા હોય. આપણા મુમુક્ષુ છે, સાંઈઠ ઘર છે. આઠ તો કરોડપતિ છે. એમાં એક તો 'જેઠાભાઈ' કરીને છે એની પાસે છ કરોડ રૂપિયા છે. એક કરોડના તો મકાન છે. મને ખાનગી કહ્યું હતું, હોં! ખાનગી. એમાં હેતુ હતો. એમાં એક જણાએ મને એમ કહ્યું કે, મહારાજ! આ 'જેઠાભાઈ' એ નેવું લાખનો વેપાર એક વર્ષમાં કર્યો. નેવું લાખનો વેપાર એમાં નેવું લાખની પેદાશ. નેવું લાખના વેપારમાં નેવું લાખની પેદાશ. આહા..! છે એવું ત્યાં. મોટું મકાન, કિંમત ઘણી. એક આ શું કહેવાય? સફરજન. એક એક સફરજનના પાંચ-પાંચ રૂપિયા. બહુ મોંઘું. બહું કિંમતનું. આહાહા..! એ ચીજમાં મશગુલ થઈ જાય. આહાહા..! બહારના દેખાવ. મકાનમાં જુઓ તો કપડા.. કપડા.

મુમુક્ષુ :– આ બધાની ધૂળ કાઢી.

ઉત્તર :– ધૂળ કાઢી! ભગવાન! સંતો એમ કહે છે. આહાહા..! એ સાંભળતા હતા, પ્રેમથી. ત્રણ-ત્રણ, ચાર-ચાર હજાર માણસ. અઢી-ત્રણ હજાર બાઈઓ બપોરે આવતી. બપોરે રાંધવાનું ન હોય ને. સવારમાં રાંધવાનું હોય. બહુ માણસ, ઢગલા માણસ. શાંતિથી સાંભળે, એક ઉંહકારો નહિ. બધા શાંતિથી સાંભળે. ભાઈ! આ તો તમારે કારણે આવ્યું. અહીં તો શરીરને ૯૧ વર્ષ થઈ ગયા. પરદેશ 'આફ્રિકા' ત્રણ હજાર માઈલ છેટે તમારો પ્રેમ હતો ને તમારી માંગણી હતી એટલે (આવ્યા છીએ). સાંભળતા હતા. આહાહા..!

'તત્કાળ પ્રગટ થતાં...' હું પરદ્રવ્યથી નથી, હું ભગવાનથી પણ નથી. ભગવાનની વાણીથી પણ હું નથી. આહાહા..! ભગવાનના શાસ્ત્રથી પણ હું નથી. એમ પરદ્રવ્યના નાસ્તિત્વને અવલોકતો 'પ્રગટ થતાં વિશુદ્ધ જ્ઞાનપ્રકાશ વડે પૂર્ણ થતો થકો જીવે છે–નાશ પામતો નથી.' આહાહા..!

'એકાંતી બાહ્ય પરદ્રવ્યને પ્રત્યક્ષ દેખી...' જોયું? બાહ્ય પરદ્રવ્યને પ્રત્યક્ષ દેખી. ભાવાર્થમાં છે ને? 'તેનું અસ્તિત્વ માને છે,...' તેની સત્તાને માને. 'પરંતુ પોતાના આત્મદ્રવ્યને ઇન્દ્રિયપ્રત્યક્ષ નહિ દેખતો હોવાથી...' ઇન્દ્રિયપ્રત્યક્ષમાં આવતો નથી. તેથી 'તેને શૂન્ય માની આત્માનો નાશ કરે છે.' આહાહા..! નાશ કરે છે એટલે આત્માનો નાશ થતો નથી પણ પોતે નાશ માને છે. હું નથી, હું નથી. 'સ્યાદ્વાદી...' ધર્મી 'જ્ઞાનરૂપી તેજથી...' આહાહા..! મારા જ્ઞાનરૂપી નૂરથી, પુરના તેજથી 'પોતાના આત્માનું સ્વદ્રવ્યથી અસ્તિત્વ અવલોકતો હોવાથી...' પોતાના આત્માની હયાતી સ્વદ્રવ્યથી અવલોકે છે તેથી 'જીવે છે-પોતાનો નાશ કરતો નથી.'

'આ પ્રમાણે સ્વદ્રવ્ય-અપેક્ષાથી અસ્તિત્વ...' હું સ્વદ્રવ્યની અપેક્ષાથી છું, પરદ્રવ્યથી હું નથી એ 'ભંગ કહ્યો.' વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૨૫૩

(शार्दूलविक्रीडित)

सर्वद्रव्यमयं प्रपद्य पुरुषं दुर्वासनावासितः
स्वद्रव्यभ्रमतः पशुः किल परद्रव्येषु विश्राम्यति।
स्याद्वादी तु समस्तवस्तुषु परद्रव्यात्मना नास्तितां
जानन्निर्मलशुद्धबोधमहिमा स्वद्रव्यमेवाश्रयेत्।।२५३।।

(હવે છઠ્ઠા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :-)

શ્લોકાર્થ :- [ पशुः ] પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, [ दुर्वासना-वासितः ] દુર્વાસનાથી (-કુનયની વાસનાથી) વાસિત થયો થકો, [ पुरुषं सर्वद्रव्यमयं प्रपद्य ] આત્માને સર્વદ્રવ્યમય માનીને, [ स्वद्रव्य-भ्रमतः परद्रव्येषु किल विश्राम्यति ] (પરદ્રવ્યોમાં) સ્વદ્રવ્યના ભ્રમથી પરદ્રવ્યોમાં વિશ્રામ કરે છે; [ स्याद्वादी तु ] અને સ્યાદ્વાદી તો, [ समस्तवस्तुषु परद्रव्यात्मना नास्तितां जानन् ] સમસ્ત વસ્તુઓમાં પરદ્રવ્યસ્વરૂપે નાસ્તિત્વ જાણતો થકો, [ निर्मल-शुद्ध-बोध-महिमा ] જેનો શુદ્ધજ્ઞાનમહિમા નિર્મળ છે એવો વર્તતો થકો, [ स्वद्रव्यम् एव आश्रयेत् ] સ્વદ્રવ્યનો જ આશ્રય કરે છે.

ભાવાર્થ :- એકાંતવાદી આત્માને સર્વદ્રવ્યમય માનીને, આત્મામાં જે પરદ્રવ્ય-અપેક્ષાએ નાસ્તિત્વ છે તેનો લોપ કરે છે; અને સ્યાદ્વાદી તો સર્વ પદાર્થોમાં પરદ્રવ્ય-અપેક્ષાએ નાસ્તિત્વ

માનીને નિજ દ્રવ્યમાં રમે છે.

આ પ્રમાણે પરદ્રવ્ય-અપેક્ષાથી નાસ્તિત્વનો (-અસત્પણાનો) ભંગ કહ્યો. ૨૫૩.

---

પ્રવચન નં. ૪૭૩ શ્લોક–૨૫૩, ૨૫૪ ગુરુવાર, ભાદરવા વદ ૧, તા. ૨૫-૦૯-૧૯૮૦

---

'સમયસાર' કળશ–૨૫૩. પરદ્રવ્યથી નાસ્તિનો ભંગ છે. સ્વદ્રવ્યથી અસ્તિ છે એ ભંગ આવી ગયો. ઝીણી વાત આવશે.

सर्वद्रव्यमयं प्रपद्य पुरुषं दुर्वासनावासितः
स्वद्रव्यभ्रमतः पशुः किल परद्रव्येषु विश्राम्यति।
स्याद्वादी तु समस्तवस्तुषु परद्रव्यात्मना नास्तितां
जानन्निर्मलशुद्धबोधमहिमा स्वद्रव्यमेवाश्रयेत्।।२५३।।

શ્લોકાર્થ :– 'પશુ...' છે? પશુ કહીને જ બોલાવ્યો છે. જેમ ૭૨ ગાથામાં ભગવાન તરીકે બોલાવ્યો છે, બધાને ભગવાન તરીકે બોલાવ્યા છે, એમ અહીંયા એકાંત માનનારાને પશુ કહીને બોલાવ્યો છે. બન્ને શબ્દો આચાર્યના છે. પશુને જેમ ઘાસ અને મેસુબનો કે ચુરમાનો જેમ વિવેક નથી એમ જેને એકાંત અને અનેકાંતનો વિવેક નથી (કે) આત્મા સ્વદ્રવ્યપણે છે અને પરદ્રવ્યપણે નથી.

'પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, દુર્વાસનાથી (–કુનયની વાસનાથી) વાસિત થયો થકો,...' આહાહા..! પરદ્રવ્યથી મને લાભ થશે એવી દુર્વાસનાથી વાસિત થયો છે. આહા..! અહીં તો દેવ, ગુરુ અને શાસ્ત્રથી પણ આત્માને લાભ થશે એવી માન્યતા મિથ્યાત્વ ને ભ્રમ અને અજ્ઞાન છે. ગુજરાતી આવી જાય છે. આહાહા..! 'પશુ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, દુર્વાસનાથી વાસિત થયો થકો,...' 'पुरुषं सर्वद्रव्यमयं प्रपद्य' પુરુષ એટલે આત્મા. 'આત્માને સર્વદ્રવ્યમય માનીને,...' પોતાના દ્રવ્યને નહિ માનતા, બીજા અનંતા દ્રવ્યો છે એને પોતાના માનીને, પોતાના દ્રવ્યનો પોતે શ્રદ્ધામાં નાશ કરે છે. આહાહા..! ઝીણી વાત છે. નાસ્તિનો ભંગ છે ને!

દેવ, ગુરુ અને શાસ્ત્રથી પણ આત્માને લાભ ન થાય. નાસ્તિનો ભંગ છે. છઠ્ઠો ભંગ છે ને? 'આત્માને સર્વદ્રવ્યમય માનીને,...' અજ્ઞાની બીજા સર્વ આત્મા સિવાય બધા પદાર્થ– સ્ત્રી, કુટુંબ-પરિવાર, લક્ષ્મી, દેવ-ગુરુ-શાસ્ત્ર અને દેવ-ગુરુની પ્રતિમા, એના શાસ્ત્રો, એના મંદિર, એ બધી ચીજ સ્વદ્રવ્યથી ભિન્ન ચીજ છે. આહાહા..! એને પોતાના સ્વદ્રવ્યમય માનીને. આહાહા..! વસ્તુસ્થિતિ એવી છે કે દેવ, ગુરુ, ધર્મ અને શાસ્ત્ર નિમિત્ત છે. એટલે કે અનુકૂળ છે અને આત્માની પર્યાય અનુરૂપ છે. ઝીણી વાત છે. ધ્યાન રાખજો.

જેમ ઘડો બનવામાં કુંભાર અનુકૂળ છે અને ઘડો બન્યો એ કુંભારને અનુરૂપ છે. આ શું? આહાહા..! ૮૬ ગાથા, 'સમયસાર' ની ૮૬ ગાથા. 'લાલચંદભાઈ' ૮૬ ગાથા. ઝીણી વાત છે, પ્રભુ! શું કહ્યું? ઘડો બનવામાં કુંભાર અનુકૂળ છે પણ ઘડો કુંભારથી થતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

જુઓ! આ ચીજ આવી એ નિમિત્ત છે. અને ઘડો બન્યો તેમાં તેના પરિણામમાં કુંભારના પરિણામ નિમિત્ત છે એટલે અનુકૂળ છે અને પરિણામ થયા તે અનુરૂપ છે. ઘડાના પરિણામ થયા તે કુંભારના નિમિત્તની અનુકૂળતામાં અનુરૂપ છે. આનાથી થયા નથી. આહાહા..! જેમ રોટલી થવામાં, રોટલી થવામાં સ્ત્રી, વેલણ એ અનુકૂળ છે. અનુકૂળ એટલે નિમિત્ત છે. નિમિત્તને અનુકૂળ કહેવામાં આવે છે અને સામી નૈમિત્તિક અવસ્થાને અનુરૂપ કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત ક્યાં (છે)?

આ ચીજ અહીંયાથી અહીંયા આવી એમાં આંગળા અનુકૂળ છે. અનુકૂળનો અર્થ નિમિત્ત. અને એ પર્યાય થઈ તે નિમિત્તને અનુરૂપ છે. કારણ કે આ નિમિત્તપણામાં તેનો અભાવ છે છતાં તેના પરિણામ કાળે આ પરિણામ નિમિત્તરૂપ છે એ કારણે પરિણામને નિમિત્ત કહી અને એને જ નૈમિત્તિક અનુરૂપ કહેવામાં આવે છે. દરેક પદાર્થમાં નિમિત્ત ચીજ છે તેને અનુકૂળ કહેવામાં આવે છે અને દરેક ચીજના પરિણામને નિમિત્તને અનુરૂપ કહેવામાં આવે છે. આહાહા..! આવી વાતું. આવી ચીજ છે એ ચીજની દૃષ્ટિ થઈ નથી, એનું જ્ઞાન થયું નથી એ પહેલા ધર્મ ક્યાંથી આવ્યો? આહાહા..! એના જન્મ-મરણનો અંત આવે ક્યાંથી?

અહીં એ કહે છે, ભગવાન આત્મામાં દર્શન, જ્ઞાન, ચારિત્ર (પરિણામ છે) એનો આશ્રય આત્મા છે. એ પરિણામ આત્મા ને પોતાના ઉપાદાન છે એટલે કે નૈમિત્તિક છે. એટલે કે એ પરિણામ અનુરૂપ છે. દેવ, ગુરુ અને શાસ્ત્રની વાણી અને દેવ, ગુરુ અને શાસ્ત્ર નિમિત્ત છે તેથી અનુકૂળ છે. છતાં તે અનુકૂળ અનુરૂપને રચતા નથી અને અનુરૂપની પર્યાય અનુકૂળને લાવતી નથી. અરે..રે..! આવી વાતું છે. સમજાય છે કાંઈ? આ છઠ્ઠો ભંગ છે. છે?

'આત્માને સર્વદ્રવ્યમય માનીને,...' આહાહા..! કોઈપણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં પોતાની પર્યાય પોતાથી થાય છે છતાં તે નિમિત્તથી થાય છે એ નિમિત્ત એને અનુકૂળ છે. પોતાની પર્યાયમાં અનુરૂપમાં એ અનુકૂળ છે છતાં તે અનુકૂળ અનુરૂપને કરતું નથી. આહાહા..! આખી દુનિયાની આ વહેંચણી છે. ચૌદ બ્રહ્માંડમાં જેટલા અનંતા દ્રવ્યો છે એ એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયમાં નિમિત્ત તરીકે અનુકૂળ કહેવાય પણ એનાથી એ થાય એમ નથી. એ આ ભંગ છે. છે?

અજ્ઞાની 'આત્માને સર્વદ્રવ્યમય માનીને,...' 'स्वद्रव्य-भ्रमतः' 'સ્વદ્રવ્યના ભ્રમથી પરદ્રવ્યોમાં વિશ્રામ કરે છે;...' પોતાના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર માટે દેવ-ગુરુ-શાસ્ત્રને જાણે અવલંબુ તો મને પ્રગટ થાય એમ પરદ્રવ્યના અવબંલનને જે નિમિત્તરૂપે છે, અનુકૂળ છે પણ અનુકૂળથી

અહીં અનુરૂપ થાય છે એમ નથી. આહાહા..! આવી વાત હવે. અજ્ઞાની 'આત્માને સર્વદ્રવ્યમય માનીને...' દેવ, ગુરુ, ભગવાન અરિહંત હતા તો મને જ્ઞાન થયું એમ અજ્ઞાની માને છે. આહાહા..! અરિહંતના શાસ્ત્રો હતા તો મને જ્ઞાન થયું એમ માને છે. એમ પરદ્રવ્યમય માનીને, આ રીતે પરદ્રવ્યને પોતાના માને છે. આહાહા..! ગજબ વાત છે. દેવ, ગુરુ, શાસ્ત્રની જ્યાં નિમિત્તતા હોવા છતાં તે નિમિત્તથી આમાં કાંઈ થાતું નથી અને એ નિમિત્તને આ અનુરૂપ હોવા છતાં, નિમિત્તને અનુરૂપ (હોવા છતાં). દેવ, ગુરુ, શાસ્ત્ર અનુકૂળ છે અને અહીં પરિણામ થાય તે અનુરૂપ છે. છતાં અનુરૂપને નિમિત્ત કાંઈ કરતું નથી. આહાહા..! આવું ક્યારે બેસે? અનંત કાળ થયો.

હું સ્વદ્રવ્યમાં છું અને પરદ્રવ્યથી ત્રણ કાળમાં નથી. ચાહે તો દેવ, ગુરુ અને શાસ્ત્ર, કેવળી ત્રણલોકના નાથ હાજર હો પણ એનાથી મારામાં કાંઈ થાય (એમ નથી). એ મારી દશામાં નિમિત્ત તરીકે કહેવામાં આવે પણ નિમિત્તની સામે અહીં અનુરૂપ જે છે તે નિમિત્તથી થાય છે (એમ નથી). અહીં સમ્યગ્દર્શન આદિ જે પર્યાય થાય છે એ પર્યાયમાં દેવ-ગુરુ નિમિત્ત અનુકૂળ છે પણ એ અનુકૂળ છે માટે અહીં અનુરૂપ પર્યાય થઈ એમ નથી. આહાહા..! આવી વાત.

ત્યારે આ બધા સાંભળવા શું કરવા ચાલ્યા આવે છે? શેઠ! એ પ્રશ્ન થયો હતો. 'વઢવાણ' ના 'કેશવલાલ' છે ને? એને એક જણાએ પ્રશ્ન કર્યો હતો કે, નિમિત્ત છે એનાથી પરમાં કાંઈ ન થાય? તો પછી ત્યાં જાઓ છો શું કરવા? 'વઢવાણ' માં 'કેશવલાલ' છે. અનાજનો વેપારી છે? અનાજનો. છે ને? નવી પરણેલો છે. નવીના છોકરા છે. એને આ વાંચન છે અને બીજા એકે કહ્યું, નિમિત્તથી તો થાય નહિ તો સોનગઢ બીજું નિમિત્ત છે કે નહિ? તો સોનગઢ શું કરવા જાઓ છો? ત્યારે એણે જવાબ આપ્યો કે, નિમિત્તથી ન થાય એ દૃઢ કરવા જઈએ છીએ. શેઠ! નિમિત્તથી ન થાય, પરદ્રવ્યની મારામાં નાસ્તિ છે એ અધિકાર છે ને આ?

પરદ્રવ્યથી મારામાં નાસ્તિ છે, આ એ ગાથા છે. સ્વદ્રવ્યથી અસ્તિ છે. આહાહા..! પોતાનો આત્મા પોતાથી છે. આહાહા..! એમાં પરદ્રવ્ય અનુકૂળ હોવા છતાં એને નિમિત્ત કહેવામાં આવવા છતાં તે નિમિત્તથી તે નૈમિત્તિકમાં કાંઈ થતું નથી છતાં અજ્ઞાની પોતાની પર્યાયમાં નિમિત્ત દેખીને એનાથી મારામાં થયું, એનાથી મારામાં થયું એમ પરદ્રવ્યને સ્વદ્રવ્યપણે અંગીકાર કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ગાથા તો આવી આવી છે. આહાહા..! અનુકૂળ અને અનુરૂપ છે ને? 'સમયસાર' ૮૬ ગાથા. આ 'સમયસાર' છે ને? ૮૬ ગાથા.

૮૬ ગાથામાં (એમ કહ્યું કે), 'પોતાના પરિણામને અનુરૂપ...' અહીંયા સમ્યગ્દર્શન... 'પોતાના પરિણામને અનુરૂપ...' છે? 'પુદ્ગલના પરિણામને–કે જે પુદ્ગલથી અભિન્ન છે અને પુદ્ગલથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને–કરતો ન પ્રતિભાસો.' આ

બાજુથી લ્યો તો, પુદ્ગલના પરિણામને અનુકૂળ. ફક્ત અજ્ઞાનભાવ, અજ્ઞાનીના રાગ-દ્વેષ અનુકૂળ છે. આહાહા..! અરે..રે..! આવી વાત. શેઠને હાથ આવ્યું? 'માણેકચંદજી' ને મળ્યું? આહાહા..! શું કહ્યું?

'પુદ્ગલકર્મરૂપ પરિણામને અનુકૂળ...' આહાહા..! કોણ? જે કર્મ બંધાય છે એ કર્મની પર્યાય છે તેને. આહાહા..! 'પુદ્ગલકર્મરૂપ પરિણામને અનુકૂળ પોતાના પરિણામ...' અજ્ઞાનીના અજ્ઞાન અને રાગ-દ્વેષના પરિણામ, કર્મ બંધાય છે તેને તે અનુકૂળ છે અને કર્મ બંધાય છે તે આ અનુકૂળ પરિણામને અનુરૂપ છે. કેમકે જેવો એનો અજ્ઞાનભાવ હતો એવી જ રીતે કર્મના પરિણામ કર્મને લઈને (થયા). આહાહા..! જ્ઞાનાવરણીય છ પ્રકારે બંધાય એવો શાસ્ત્રમાં લેખ છે. એ છ પ્રકાર જે છે તે નવા કર્મને અનુકૂળ છે અને એ અનુકૂળને કર્મના બંધાયેલા પરિણામ અનુરૂપ છે. આહાહા..! આવો માર્ગ સાંભળવામાં આવે નહિ. આહાહા..! મૂળ ચીજ બહુ આકરી પડી ગઈ.

અહીં એ કહ્યું, જુઓ! છે? 'પુદ્ગલકર્મરૂપ પરિણામને અનુકૂળ પોતાના પરિણામ...' એટલે અજ્ઞાનીના અજ્ઞાન (પરિણામ) 'કે જે પોતાથી અભિન્ન છે...' પુણ્ય અને પાપનો કર્તા અજ્ઞાની છે, એ અજ્ઞાનના પરિણામ આત્માથી અજ્ઞાનને લીધે અભિન્ન છે. છે તો પર્યાય. સમજાય છે કાંઈ? 'અને પોતાની અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને-કરતો પ્રતિભાસો,...' જીવ તો અજ્ઞાનથી પરને પોતાનું માનીને પરથી મને લાભ થાય, પરથી નુકસાન થાય, પરને મારાથી લાભ-નુકસાન થાય એવા જે પરિણામ છે તેને કરતો પ્રતિભાસો, એ પરિણામનો કર્તા છે. બીજાને તારાથી લાભ થાય કે એનાથી તારામાં લાભ થાય એવી ચીજ બેમાં છે નહિ. આહાહા..!

આ તો પાંગળો થઈ ગયો. પાંગળો કહ્યો છે. 'પરમાત્મ પ્રકાશ' માં આત્માને પાંગળો કહ્યો છે. ત્યાં તો થોડી બીજી વાત છે. કર્મને લઈને જાય અને કર્મને લઈને આવે, છે તો નિમિત્તથી કથન. 'પરમાત્મ પ્રકાશ' માં છે, કર્મને લઈને જાય, કર્મને લઈને આવે. આત્મા તો પાંગળો છે. એટલે આત્મા કંઈ કર્મને લઈને જાય છે કે આવે છે, આત્મા તો પાંગળો છે. એટલે આત્મા કર્મને લઈને જાય છે અને આવે છે, કર્મને લઈને છે નહિ એ તો પોતાની પર્યાયને લઈને છે અને તે પણ એ પર્યાય એના દ્રવ્ય સ્વભાવની નથી. આહાહા..!

'શ્રેણિક' રાજા અત્યારે નરકમાં ગયા. એને એમ કહે છે કે, એને નરકાનુપૂર્વીનો ઉદય આવ્યો માટે નરકમાં ગયા. એમ નથી. નરકાનુપૂર્વી નિમિત્ત છે ખરું પણ એ નિમત્તને અનુરૂપ પરિણામ તો એના પોતાના છે. પોતે પોતાના પરિણામથી નરકમાં જાય છે. આહાહા..! 'શશીભાઈ'! આવી વાત છે. 'શ્રેણિક' રાજા, ક્ષાયિક સમકિતી, તીર્થંકર ગોત્ર બાંધે છે. તે સમયે પણ તીર્થંકર ગોત્ર બાંધે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીંયા એ કહે છે, નરકમાં ગયા એ નરકાનુપૂર્વી ને નરકગતિને લઈને ગયા? તો કહે છે, ના. એ નરકગતિના

પરિણામ, એને આ પરિણામ અનુકૂળ નિમિત્ત છે અને આ પરિણામને એ અનુકૂળ છે. બાકી તો પોતાના પરિણામથી ગયા છે. આહાહા..! એ નરકગતિને લઈને નરકમાં ગયા નથી.

બીજી વાત, આ આત્મા જે અત્યારે શરીરની અંદર રહ્યો છે તે આયુષ્યને લઈને નહિ. માણસ કહે છે કે, આયુષ્ય હશે ત્યાં સુધી રહેશે. એ બધા નિમિત્તના કથન છે. આહાહા..! પોતાની યોગ્યતા પ્રમાણે જે પરિણામમાં આયુષ્ય અનુકૂળ નિમિત્ત હો, એ આયુષ્યના પરિણામ અહીંયા રહેવામાં અનુકૂળ હો, પણ એનાથી આ આત્મા અહીંયા રહે છે એમ નથી. આહાહા..! એ અનુકૂળને અનુરૂપ હો. શું કહ્યું? અરે..! આયુષ્યનો ઉદય નિમિત્ત હો, અનુકૂળ હો પણ અનુરૂપ તો આત્માના પરિણામ અહીંયા રહેવાને લાયક છે માટે રહે છે. આત્માના પરિણામ છે તેને નિમિત્ત અનુકૂળ આયુષ્ય છે અને આયુષ્યને અનુરૂપ અહીં રહેવાના આત્માના પરિણામ છે. આવું કોઈ દિ' સાંભળ્યું ન હોય. અનુકૂળ અને અનુરૂપ. ૮૬ ગાથામાં છે. આહાહા..!

શાસ્ત્રમાં એક શબ્દ પણ લખાય છે એ શબ્દમાં અનંતા પરમાણુ છે. એક ભગવાન બોલે, એમાં 'ભ' (અક્ષર) અનંત પરમાણુથી બનેલો છે. એ ભગવાનના 'ભ' ના પરિણામ જીવના પરિણામને નિમિત્ત અનુકૂળ છે પણ ભગવાનના પરિણામ, ભગવાનના શબ્દથી ભગવાનના પરિણામ થયા એમ નથી. આહાહા..! તેમ અહીંયા ભગવાનના પરિણામ થયા માટે ત્યાં પુણ્ય બંધાણું એમ નથી. ભગવાનના પરિણામ એ નિમિત્ત છે, અનુકૂળ છે અને એને અનુરૂપ ત્યાં તીર્થંકર પ્રકૃતિ બંધાવામાં એને આ પ્રકૃતિ નિમિત્તને એને આ અનુરૂપ છે. આહાહા..! કોને આ બધી પડી છે?

અહીંયા એ કહે છે, જુઓ! અજ્ઞાની 'આત્માને સર્વદ્રવ્યમય માનીને,...' જોયું? 'સર્વદ્રવ્યમય માનીને...' હવે ચાલતો અધિકાર. આહાહા..! 'આત્માને સર્વદ્રવ્યમય...' સર્વ દ્રવ્યમાં સિદ્ધ બાકી રહ્યા? અરિહંત? પંચ પરમેષ્ઠી? આહાહા..! 'આત્માને સર્વદ્રવ્યમય...' પરદ્રવ્ય છે, પંચ પરમેષ્ઠી છે તો મારામાં ભક્તિનો ભાવ થયો... આહાહા..! એમ અજ્ઞાની માને છે. ભગવાનની ભક્તિનો ભાવ થયો તો એ ભગવાન છે તો મને ભક્તિનો ભાવ થયો એમ અજ્ઞાની માને છે. આહાહા..! ભક્તિના ભાવને એ નિમિત્ત છે અને એ નિમિત્તને અનુરૂપ વીતરાગના પરિણામ પોતે કરે તે અનુરૂપ છે. પણ એ વીતરાગના પરિણામ નિમિત્ત અનુકૂળથી થાય એમ ત્રણકાળમાં છે નહિ. આહાહા..! આવું છે તો પછી આ બધું આખો દિ'...? સામાયિક કરવી ને પોષા કરવા ને પડિકમણા કરવા ને આ કરવા... એ બધી જડની ક્રિયાઓ છે, બાપુ! અંદર એનો ભાવ છે તે શુભ હોય, પણ એ શુભભાવ છે એ નવા કર્મને નિમિત્ત છે અને નવા કર્મ એને અનુરૂપ છે. બાકી એમાં ધર્મ-બર્મ નથી. આહાહા..! ધર્મ–આત્માનું સમ્યગ્દર્શન તેને અનુકૂળ નિશ્ચયથી લઈએ તો દ્રવ્ય છે અને વ્યવહારથી લઈએ તો દર્શનમોહનો અભાવ થવો તે નિમિત્ત છે. તેને આ નૈમિત્તિક છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અજ્ઞાની 'આત્માને સર્વદ્રવ્યમય માનીને, સ્વદ્રવ્યના ભ્રમથી...' જાણે મારું દ્રવ્ય, મારું તત્ત્વ પરને લઈને છે. ભગવાનને લઈને મને ભક્તિનો ભાવ આવે છે, ભગવાનને લઈને હું તરવાનો છું. એમ અજ્ઞાની ભ્રમથી માને છે. આહાહા..! છે? '(પરદ્રવ્યોમાં) સ્વદ્રવ્યના ભ્રમથી (અજ્ઞાની) પરદ્રવ્યોમાં વિશ્રામ કરે છે;...' પરદ્રવ્યમાં એનું લક્ષ ઠરે છે. આહાહા..! સ્વદ્રવ્ય જે આનંદ સ્વરૂપ ભગવાન, તેના તરફ તેનું લક્ષ જતું નથી. મારું અસ્તિત્વ મારે લઈને છે અને પર ભગવાન આદિથી મારું અસ્તિત્વ નાસ્તિરૂપ છે. આહાહા..! એનો આ કળશ છે. પરદ્રવ્યથી મારું દ્રવ્ય નાસ્તિરૂપ છે. આહાહા..!

બહુ ઝીણી વાત લઈએ તો પરદ્રવ્યથી આ દ્રવ્ય અદ્રવ્ય છે. 'લાલચંદભાઈ'! પરદ્રવ્યથી આ દ્રવ્ય અદ્રવ્ય છે અને આ દ્રવ્યથી પરદ્રવ્ય ભગવાન પણ અદ્રવ્ય છે. આહાહા..!

મુમુક્ષુ :- ભગવાનને અદ્રવ્ય કહેવું?

ઉત્તર :- ભગવાનને અજ્ઞાન કહ્યું હતું. આમાં આવી ગયું છે. અજ્ઞાન નથી આવ્યું આમાં? આપણે આવી ગયું છે. શેમાં? ક્યા કળશમાં (આવ્યું હતું)?

'જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ 'ખરેખર આ બધું આત્મા છે' એમ અજ્ઞાનતત્ત્વને સ્વ-રૂપે...' 'ચંદુભાઈ'! અજ્ઞાનતત્ત્વ કીધું. છે? આહાહા..! 'જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ...' આ આત્મા 'ખરેખર આ બધું આત્મા છે' બધું આત્મા છે 'એમ અજ્ઞાનતત્ત્વને...' એટલે જે આ જ્ઞાનતત્ત્વ છે એનાથી બીજા બધા અજ્ઞાનતત્ત્વ છે. આ જ્ઞાન એમાં નથી એ અપેક્ષાએ. એની અપેક્ષાએ જ્ઞાનતત્ત્વ છે. અરે..રે...! સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય અદ્રવ્ય છે. સ્વક્ષેત્રની અપેક્ષાએ પરક્ષેત્ર અક્ષેત્ર છે. સ્વકાળની અપેક્ષાએ પરકાળ અકાળ છે અને સ્વભાવની અપેક્ષાએ બધા પરભાવ તે અભાવ છે. આહાહા..! અરે..! કોને આ પડી છે?

દૃષ્ટિને સંકેલવાની છે. આત્મા સિવાય જેટલા અનંત પદાર્થ છે તે બધાથી તેની દૃષ્ટિને (સંકેલવાની છે). કેમકે એ પદાર્થ આત્મામાં નાસ્તિ છે. એ ભંગ છે ને આ? આહા..! અહીં કહ્યું ને? આહાહા..! બીજામાં કીધું ને? 'જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ 'ખરેખર આ બધું આત્મા છે' એમ અજ્ઞાનતત્ત્વને સ્વ-રૂપે માનીને...' છે? એટલે શું? કે આ જ્ઞાનતત્ત્વ જે છે એની અપેક્ષાએ બીજા બધા, આ જ્ઞાનની અપેક્ષાના અભાવથી અજ્ઞાનતત્ત્વ છે. એની અપેક્ષાએ ભગવાન સર્વજ્ઞ તત્ત્વ છે પણ આ જ્ઞાનની અપેક્ષાએ આ જ્ઞાનનો એમાં અભાવ છે. છે 'લાલચંદભાઈ'! ઝીણું છે, ભાઈ!

આવા પર્યુષણના મોટા દિવસો ગયા. છેલ્લો હવે આ ક્ષમાપના પણ આત્માની ક્ષમાપના ભગવાન પાસે પોતાની લેવાની છે. હે નાથ! મેં પરને પોતાના માન્યા અને મેં મારાને પર માન્યું, પ્રભુ! ક્ષમા કરજો. એમ અહીંયા કરવાનું છે, હોં! અને આહાહા..! 'વાદીરાજમુનિ' તો એમ કહે છે, આહાહા..! પ્રભુ! હું જ્યાં પૂર્વના દુઃખને યાદ કરું છું... હવે દુઃખ છે એ તો પર્યાય વિકૃત છે અને એ તો મુનિ છે, છતાં હું નરકના અને નિગોદના દુઃખને

યાદ કરું છું, પ્રભુ! મને ઘા વાગે છે. આહાહા..! એ દુઃખ મારું સ્વરૂપ નથી, છતાં આ દુઃખ મેં વેદ્યા. આહાહા..! એ નરક ને નિગોદમાં મેં દુઃખ વેદ્યા એ સંયોગના દુઃખ નહિ.

એ સવારમાં કહ્યું હતું. અહીં લાકડાની અગ્નિ આવી માટે અહીં દુઃખ થયું એમ નહિ. લાકડાની અગ્નિ તો અહીં અડી નથી. આહાહા..! અહીંયા પોતાના ભાવમાં આ ચામડી ઊની થવાનો પોતાનો પર્યાયનો ધર્મ છે. એ ક્રમબદ્ધમાં તે આવવાની હતી તે આવી છે. અરે..રે..! આવું સાંભળતા આકરું પડે. કોઈ દિ' સાંભળ્યું નથી, કરે તો ક્યારે? આહાહા..!

અહીં એ કહ્યું, અત્યારે ચાલે છે એ પછી, હોં! આ પહેલાની વાત (ચાલે છે). 'જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ 'ખરેખર આ બધું આત્મા છે' છે ને? છે 'ચંદુભાઈ'! અજ્ઞાનતત્ત્વ એટલે? આ જ્ઞાનસ્વરૂપી ભગવાન, એ જ્ઞાન બીજામાં ત્રણકાળમાં નથી, કેવળીમાં આ જ્ઞાન નથી, કેવળીમાં કેવળજ્ઞાનનું જ્ઞાન છે. એમ આ જ્ઞાનની અપેક્ષાએ અજ્ઞાનતત્ત્વ છે. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રને પણ અદ્રવ્ય કહેવામાં આવે છે. મુક્તિશિલાના મોક્ષનું ક્ષેત્ર તે સ્વક્ષેત્રની અપેક્ષાએ અક્ષેત્ર કહેવામાં આવે છે. આહાહા..! એક તો ૨૫૨ કળશમાં આવી ગયું છે. અહીં તો આપણે અજ્ઞાન લીધું.

આપણે અહીં છઠ્ઠો ભંગ ચાલે છે. સ્વદ્રવ્યની અપેક્ષાએ સ્વદ્રવ્યથી અસ્તિ છે. પરદ્રવ્યથી નાસ્તિ છે. એ કહેતાં પરદ્રવ્યથી આ જ્ઞાનતત્ત્વ નથી. તેથી તે અજ્ઞાનતત્ત્વને, જે પોતાથી ભિન્ન છે, જે પોતાનો મહા અનંત ગુણનો ભંડાર ભગવાન છે, જેના એક એક ગુણમાં અનંતા અનંતા ગુણનું રૂપ છે, જેની એક એક પર્યાયમાં અનંતી પર્યાય, આનંદનું રૂપ છે અને એક એક પર્યાયમાં... આહાહા..! એક એક પર્યાય પોતાની શક્તિથી પોતાના પ્રદેશમાં પોતાના વીર્યથી થયેલી છે. એને અહીં પોતાથી થઈ તેને અસ્તિ કહે છે. આહાહા..! અને પરદ્રવ્યની પર્યાય ચાહે તો કેવળજ્ઞાનની પર્યાય હોય પણ આ પર્યાયની અપેક્ષાએ તેને અજ્ઞાનપર્યાય કહેવામાં આવે છે. ગજબ વાત છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આ ચાર ભંગ છે. સ્વદ્રવ્યપણે છે, પરદ્રવ્યપણે નથી. પછી આવશે સ્વક્ષેત્રપણે છે, પરક્ષેત્રપણે નથી. આહાહા..! સિદ્ધ જે રહ્યા છે એ સ્વક્ષેત્રમાં રહ્યા છે. સિદ્ધ ત્યાં મુક્તિશિલાનું ક્ષેત્ર છે એ રૂપે રહ્યા નથી. આહાહા..! શું કહ્યું? હેં? છે કાંઈ? હેં?

---

## પ્રવચન નં. ૪૭૪ શ્લોક–૨૫૩, ૨૫૪ શુક્રવાર, ભાદરવા વદ ૨, તા. ૨૬-૦૯-૧૯૮૦

---

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

ચૌદ ભંગ છે. એમાં જાણે એકનું એક છે એમ લાગે પરંતુ એમ નથી. ચૌદ ભંગ

છે, એકલો માલ માલ છે. તત્-અતત્, એક-અનેક, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિ છે, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિ છે, નિત્ય-અનિત્ય એવા ચૌદ ભંગ છે. એમાં આપણે પાંચ ભંગ તો આવી ગયા. આ એના એ આવે છે એમ ન સમજવું. દરેકમાં ભિન્ન ભિન્ન વાત છે. આહાહા..! છઠ્ઠો ભંગ.

'પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની...' છઠ્ઠો ભંગ છે? છઠ્ઠા ભંગનો કળશ. બતાવો એમને. 'હવે છઠ્ઠા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :–' છે? પશુ. અહીં તો પશુ કહીને બોલાવ્યો છે. જે કોઈ એકાંત માને છે, પરદ્રવ્યથી મને લાભ થાય છે એમ માનનારાને પશુ કહ્યા છે. આહાહા..! પોતાનું સ્વદ્રવ્ય છે...

પહેલા તત્-અતત્માં એમ આવ્યું કે, આ જ્ઞાન છે તે પોતા સ્વરૂપે છે અને જ્ઞેય છે તે પર છે. ચાહે તો ભગવાન અરિહંત દેવ-ગુરુ હો પણ એ પર છે. એ જ્ઞેય છે તેનાથી આત્મા અતત્ છે. તેનાથી આત્મા નથી. જ્ઞેય, દેવ-ગુરુ-શાસ્ત્રથી આત્મામાં કંઈ પણ ધર્મનો લાભ થાય છે એમ નથી. આવી વાત છે. પહેલા તત્-અતત્માં આવી ગયું છે.

એક-અનેકમાં એમ આવ્યું કે, વસ્તુ તરીકે એક છે અને ગુણ-પર્યાય તરીકે અનેક છે. પર્યાયની વાત તો કાલે રાત્રે બહુ કરી હતી. કોઈ એમ કહે છે કે, આ લોકો પર્યાય વ્યવહારને માનતા નથી. તો આ પર્યાયના ભેદ એ શું છે? વ્યવહાર છે ખરો, વ્યવહાર નથી એમ નથી, વ્યવહારનો તો પાર ન મળે. એક સમયની પર્યાયમાં કેટલા ભંગ! સવારે કહ્યું હતું. આહાહા..! એક સમયની એક પર્યાય, એવી તો અનંતી પર્યાય! એવી એક પર્યાયમાં અનંતા દ્રવ્ય-ગુણ-પર્યાય જણાય છે, અનંતા કેવળી જણાય છે. એક પર્યાયમાં અનંતના ભેદ તો એ રીતે થઈ ગયા. એ છે વ્યવહાર, હોં! પર્યાય છે ને? વ્યવહાર નથી માનતા એમ નથી, વ્યવહાર છે પણ વ્યવહાર આશ્રય કરવા લાયક નથી. વ્યવહાર આશ્રય કરવા લાયક નથી. આહાહા..! પણ વ્યવહાર ન માને તે મિથ્યાદૃષ્ટિ છે, વ્યવહારના આશ્રયથી લાભ માનવો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આકરી વાત છે. એ વાત કરે છે, જુઓ!

'એકાંતવાદી અજ્ઞાની, દુર્વાસનાથી (–કુનયની વાસનાથી) વાસિત થયો થકો,...' એટલે? પોતામાં જે પરદ્રવ્ય જણાય છે, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ બધા પરદ્રવ્યને જાણે છે તો એ પરદ્રવ્ય હું છું, એ પરદ્રવ્ય મારા છે, પરદ્રવ્યથી હું છું (એમ માને છે). આહાહા..! આવી વાત છે. 'દુર્વાસનાથી વાસિત થયો થકો, આત્માને...' જુઓ! 'સર્વદ્રવ્યમમય માનીને,...' છે? આ શબ્દો છે. 'સર્વદ્રવ્યમય માનીને,...' આ આત્મા સિવાય પોતાનું ચૈતન્ય સ્વરૂપ, સ્વદ્રવ્યને ભૂલી પરદ્રવ્ય જે દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર આખી દુનિયાને પોતાના માનીને, તે હું છું, એમ માનીને પરથી નાસ્તિ માનતો નથી. પરથી મારું અસ્તિત્વ છે એમ માને છે. આહાહા..! આવી ભાષા છે.

'આત્માને સર્વદ્રવ્યમય માનીને,...' આહાહા..! અરિહંત અને દેવ-ગુરુથી પણ લાભ થાય

છે એમ માને તે પરદ્રવ્યને પોતાના માને છે. આહાહા..! સમજાય છે કાંઈ? વાત સૂક્ષ્મ છે. પહેલા સ્વદ્રવ્યનો ભંગ તો પાંચમો આવી ગયો. સ્વદ્રવ્યથી છે, પરદ્રવ્યથી નથી. હવે અહીંયા પરદ્રવ્યથી નથી અને પોતાના સ્વદ્રવ્યથી છે એ ભંગ છે. આહાહા..! 'આત્માને સર્વદ્રવ્યમય...' સર્વદ્રવ્યમયમાં ભગવાન આવ્યા, દેવ આવ્યા, ગુરુ આવ્યા, શાસ્ત્ર આવ્યા. આહાહા..! સ્ત્રી, કુટુંબ-પરિવાર, પુણ્ય અને પાપાદિ ભાવ બધું પરદ્રવ્ય છે. 'આત્માને સર્વદ્રવ્યમય માનીને...' આહાહા..! છે? આવી ઝીણી વાત છે. અરિહંતને માનીશ તો મને તેમનાથી લાભ થશે એ પરદ્રવ્યને પોતાના માને છે. આહાહા..! ગજબ વાત!

ચૌદ ભંગ છે. જૈનશાસનનું પેટ છે, જૈનદર્શનનો મર્મ છે. એકની એક વાત નથી. દરેક ભંગ ભિન્ન ભિન્ન છે. પહેલા તત્-અતત્ હતું, પછી એક-અનેક હતું, પછી સ્વદ્રવ્યથી છે એમ હતું, હવે આમાં પરદ્રવ્યથી નથી એમ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અજ્ઞાની સર્વ પરદ્રવ્ય, બધા પરદ્રવ્ય મારા છે, મને પરદ્રવ્યથી લાભ થાય છે, હું એકલો શું કરું? આહાહા..! એવા અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જૈન નથી. એ જૈન નથી. આહાહા..!

'આત્માને સર્વદ્રવ્યમય...' સર્વદ્રવ્યમાં દેવ-ગુરુ-શાસ્ત્ર, સિદ્ધ, પંચ પરમેષ્ઠીથી મને લાભ થશે.. આહાહા..! ગજબ વાત છે. ધર્મનો લાભ થશે, તેમના દર્શન આદિથી શુભભાવ થાય છે તે પણ કંઈ તેમનાથી, પરથી નથી થતો. એ શુભભાવ થાય છે તે પોતાથી થાય છે. પણ અહીં તો એ પણ નથી કહેવું. અહીં તો પરદ્રવ્યથી ભિન્ન આત્મા છે. ચાહે તો અરિહંત હો, સિદ્ધ હો, આચાર્ય હો, ઉપાધ્યાય, સાધુ કે સિદ્ધ હો.. આહાહા..! 'આત્માને સર્વદ્રવ્યમય...' પરદ્રવ્યથી મને લાભ થશે, તેનાથી મને લાભ થશે, તેનાથી મને લાભ થશે, મને ભગવાન મળે તો ભગવાનથી લાભ થશે, ભગવાનની વાણીથી મને લાભ થશે, ભગવાનના મંદિરથી લાભ એટલે ધર્મ, હોં! શુભભાવ તો પોતાથી થાય છે ત્યારે નિમિત્ત કહેવામાં આવે છે.

કાલે એ કહ્યું હતું. નિમિત્ત છે તે અનુકૂળ છે અને આ બાજુની નૈમિત્તિક અવસ્થા થાય તે અનુરૂપ છે. ભગવાન પંચ પરમેષ્ઠી નિમિત્ત છે, અનુકૂળ છે પણ એનાથી આત્મામાં કંઈ ધર્મલાભ થાય છે એમ નહિ. આહાહા..! ગજબ વાત. એ નિમિત્ત છે, અનુકૂળ છે પણ અનુરૂપ તો આત્માની પર્યાય પોતાથી છે. આહાહા..! આવી વાત. શું થાય?

જીવન ચાલ્યા જાય છે. આજે પેલી વાત આવી, ભાઈ! 'જડાવબેન' ગુજરી ગયા. 'જડાવબેન' નહિ? 'ચંદ્રકાંત'ના બા. બે હજારનો પગાર છે ને કંઈક? બે-અઢી હજારનો પગાર છે, 'મુંબઈ'માં. એનો કાગળ હતો. અહીંથી લઈ ગયા હતા. અહીં રહેતા. ત્યાં એને છાતીનો દમ થઈ ગયો. છાતીનો દમ, કહો! આહાહા..! આ જડ, માટી કઈ રીતે રહેશે એનો વિશ્વાસ શું? આજે કાગળ હતો. અમારે આવવું છે, મારી બા ગુજરી ગયા. કાયમ અહીં રહેતા. અરે..! કોણ કોનું? બધું પડ્યું રહ્યું. એના દીકરાને બે-અઢી હજારનો માસિક પગાર છે. શું કહેવાય ઇ? એસો. પેટ્રોલ એસો હવે નથી. હવે એસ.એમ. થઈ ગયું છે. બીજાએ લઈ

લીધી, સરકારે કંપની લઈ લીધી. એમાં નોકર છે. આહાહા..!

અહીં કહે છે કે, અજ્ઞાની આત્માને સર્વદ્રવ્યમય માનીને. આહાહા..! છે? '(પરદ્રવ્યોમાં) સ્વદ્રવ્યના ભ્રમથી...' છે? 'સ્વદ્રવ્યના ભ્રમથી પરદ્રવ્યોમાં...' સ્વદ્રવ્યના ભ્રમથી પરદ્રવ્યોમાં. પરદ્રવ્યની પર્યાયથી મને લાભ થશે, એવા પરમાં સ્વદ્રવ્યના ભ્રમથી, પરથી સ્વદ્રવ્યનો લાભ થશે એવા ભ્રમથી. આહાહા..! 'સ્વદ્રવ્યના ભ્રમથી પરદ્રવ્યોમાં વિશ્રામ કરે છે,...' આહાહા..! અજ્ઞાની તો પરદ્રવ્ય, પોતાના દ્રવ્યને છોડીને પરદ્રવ્યમાં વિશ્રામ કરે છે. તેનાથી મને લાભ થશે. એ બધા સહાયક છે, નિમિત્ત છે, અનુકૂળ છે તો તેનાથી મને ક્યારેક તો લાભ થશે. એમ મૂઢ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ અનાદિથી માને છે. આહાહા..! હિન્દી ભાષા તો ગુજરાતીવાળાને સમજાય એવી છે, એવી અઘરી ભાષા નથી. શેઠ આવ્યા છે ને? શેઠે કહ્યું કે, હિન્દી વાંચો. આહાહા..! શું કહ્યું?

'આત્માને સર્વદ્રવ્યમય માનીને...' 'स्वद्रव्य-भ्रमतः परद्रव्येषु किल विश्राम्यति' 'સ્વદ્રવ્યના ભ્રમથી...' મને પરદ્રવ્યથી કાંઈક લાભ થશે, એવા ભ્રમથી 'પરદ્રવ્યોમાં વિશ્રામ કરે છે;...' દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ-પરિવાર એ પરદ્રવ્યમાં કાંઈપણ અંદર વિશ્વાસ કરીને રોકાઈ જાય છે. આહાહા..! ઓહોહો..! ચાહે તો અરિહંત દેવ-ગુરુ-શાસ્ત્ર કે એમની વાણી, તેનાથી કાંઈક લાભ થશે, કાંઈક તો લાભ થશે એમ પરદ્રવ્યમાં વિશ્રામ કરતો થકો. પોતામાં દૃષ્ટિ કરવી જોઈએ, પોતાની ચીજમાં વલણ, ઝુકાવ થવો જોઈએ એ ઝુકાવને છોડીને પરદ્રવ્યથી મને લાભ થશે એમ માનીને અજ્ઞાની વિશ્રામ કરે છે. પોતાના આત્માનો નાશ કરે છે. આહાહા..!

ધર્મીજીવ 'સ્યાદ્વાદી...' સ્યાદ્વાદી એટલે ધર્મી. છે ને? સ્યાદ્વાદી એટલે ધર્મી એટલે સમકિતી એટલે જૈન. સાચા જૈન એમ માને છે કે, સ્યાદ્વાદી એટલે એ. આહાહા..! 'समस्तवस्तुषु परद्रव्यात्मना नास्तितां जानन्' 'સમસ્ત વસ્તુઓમાં પરદ્રવ્યસ્વરૂપે નાસ્તિત્વ જાણતો થકો,...' આહાહા..! ધર્મીજીવ તો એમ માને છે, મારા દ્રવ્યથી સમસ્ત જેટલી વસ્તુઓ બહારની છે તે પરદ્રવ્યથી નાસ્તિત્વ છે. મારામાં પરદ્રવ્યની તો નાસ્તિ છે. આહાહા..! મારી પર્યાયમાં પરદ્રવ્યથી નાસ્તિરૂપ છે. મારા દ્રવ્યમાં અસ્તિ છે. આહાહા..! પર્યાયની વાત તો બહુ કરી હતી. કેટલા ઢંગ ને રંગ ને કળા ને... એ બધો વ્યવહાર છે, પણ વ્યવહાર છે. એ વ્યવહાર ન માને તોપણ અજ્ઞાની છે અને વ્યવહારથી નિશ્ચય થાશે એમ માને તોપણ અજ્ઞાની છે. હવે આ વાત... આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે કે, ધર્મીજીવ, સ્યાદ્વાદી એટલે ધર્મી. 'સમસ્ત વસ્તુઓમાં પરદ્રવ્યસ્વરૂપે નાસ્તિત્વ જાણતો થકો,...' સમસ્ત પરદ્રવ્ય. ચાહે તો ત્રણલોકના નાથ અને એમની વાણી હો કે એમના બનાવેલા શાસ્ત્ર હો કે તેમની પ્રતિમા કે મંદિર હો, આહા..! બધું પરદ્રવ્ય છે. એ 'સમસ્ત વસ્તુઓમાં પરદ્રવ્યસ્વરૂપે નાસ્તિત્વ...' પરદ્રવ્યસ્વરૂપે મારામાં કાંઈ નથી. નાસ્તિત્વ એટલે કાંઈ નથી. છે? પરદ્રવ્યસ્વરૂપથી નાસ્તિત્વ છે. આહાહા..! 'જાણતો થકો,...'

ધર્મી. 'પરદ્રવ્યસ્વરૂપે નાસ્તિત્વ જાણતો થકો...' આહાહા..! છતાં શુભભાવ આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર (સંબંધીત શુભભાવ આવે છે) પણ એ શુભભાવથી આત્માની નાસ્તિ છે. શુભભાવમાં આત્મા નથી અને આત્મામાં શુભભાવ નથી. અર..ર..ર..! આવી વાત. અહીં તો શુભભાવ પણ પરદ્રવ્ય અને પરભાવમાં જાય છે. એ આગળ લેશે. આહાહા..! અત્યારે અહીંયા તો પરદ્રવ્ય સંબંધીત વાત છે. પછી જે શુભ આદિ ભાવ છે તે પણ પરભાવ છે. આહાહા..! એ પોતાના ભાવ નહિ, પોતાના ભાવમાં તેનાથી લાભ નથી. આહાહા..! એ તો ભાવની વાત થઈ, અત્યારે દ્રવ્યની વાત છે. આહા..!

જ્ઞાની 'સમસ્ત વસ્તુઓમાં પરદ્રવ્યસ્વરૂપે...' એમ. છે ને? સમસ્ત વસ્તુ. કોઈપણ અરિહંત અને સિદ્ધ પણ બાકી નથી રાખ્યા. એ બધા પરદ્રવ્ય છે. 'સમસ્ત વસ્તુઓમાં પરદ્રવ્યસ્વરૂપે નાસ્તિત્વ જાણતો થકો,...' પરદ્રવ્યથી તો મારામાં નાસ્તિ છે. આહાહા..! કદી પણ પરદ્રવ્યથી મારામાં લાભ–ધર્મ–સમકિત થશે એમ ત્રણકાળ ત્રણલોકમાં નથી. આહાહા..! એ કહે છે, 'જાણતો થકો, જેનો શુદ્ધજ્ઞાનમહિમા નિર્મળ છે...' આહાહા..! જેનો શુદ્ધજ્ઞાનમહિમા નિર્મળ છે. એ પંચ પરમેષ્ઠી આદિ નિમિત્ત છે પણ નિમિત્ત પોતામાં નથી. પોતાને તેમનાથી લાભ થતો નથી. તેમનાથી પોતામાં કંઈપણ સમ્યગ્દર્શન, જ્ઞાન કે ચારિત્રનો અંશ પ્રગટ થતા નથી. આહાહા..!

ધર્મીજીવ 'સમસ્ત વસ્તુઓમાં પરદ્રવ્યસ્વરૂપે નાસ્તિત્વ...' મારા દ્રવ્યથી બધા પરદ્રવ્ય છે પણ તેનાથી હું નાસ્તિત્વ છું, એ મારામાં નથી. આહાહા..! આવું સાંભળવા મળવું મુશ્કેલ અને એમાં પાછા પક્ષ પડે. પક્ષ પડે, પક્ષ. આહાહા..! અરે..રે..! અનંત કાળ રખડતા ક્ષણમાં દેહ પડી જાય. લ્યો, કાલે કેવી વાત રાત્રે ચાલતી હતી ત્યાં બેનને... આહાહા..! એમની સ્થિતિ બીજી જ છે. એ તો ધર્મરત્ન છે, અંદર આનંદ સ્વરૂપમાં મસ્ત છે. હવે તો હમણા નહિ આવે. પહેલા તો છેલ્લી ૨૫-૩૦ મિનિટ આવતા. બપોરે આવતા, સવારે નહિ. હમણા તો આરામ કરવાનો છે, ડૉક્ટરે ના પાડી છે. 'ચંદુભાઈ' ને ત્રણે ડૉક્ટર હતા ને! 'ચંદુભાઈ', 'પ્રવીણભાઈ' અને 'પ્રવીણભાઈ'ની વહુ પ્રવિણભાઈથી વધુ ભણેલી. મોટી ડૉક્ટર છે, ત્રણે આખી રાત અહીંયા રોકાણા હતા, સવારમાં ગયા. ક્ષણમાં કંઈ થાય એક ક્ષણમાં. આહાહા..! પણ તારી ચીજમાં પરને કારણે કાંઈ થતું નથી. આહાહા..! લાભ પણ થતો નથી અને પરદ્રવ્યથી તારામાં નુકસાન પણ થતું નથી. પરદ્રવ્યથી નુકસાન થતું નથી. તું પરદ્રવ્ય તરફ વલણ ઝુકાવ કરે છે અને રાગ કરે છે તેનાથી નુકસાન થાય છે.

મુમુક્ષુ :– તેમાં જણાવાની શક્તિ છે.

ઉત્તર :– પરને પોતાના માનીને તે તરફ ઝુકાવ કરે છે તે દોષ છે. પરથી દોષ પણ નથી અને પરથી લાભ પણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? નિર્મળ બુદ્ધિવાળા ધર્મીજીવ શુદ્ધજ્ઞાનમયમાં નિર્મળ વર્તતો એવો 'સ્વદ્રવ્યનો જ આશ્રય કરે છે.' જુઓ! એ તો સ્વદ્રવ્યનો

જ આશ્રય કરે છે. આશ્રય આવ્યો ભાઈ! 'લાલચંદભાઈ'! 'भूदत्थमस्सिदो' ૧૧ મી ગાથા. આહાહા..! ૧૧ મી ગાથા–સમકિતી જીવને સમકિત પ્રાપ્ત કરવું હોય તો ભૂતાર્થ એટલે ત્રિકાળી જ્ઞાયકભાવનું અવલંબન લો, એ અહીંયા આવ્યું.

'સ્વદ્રવ્યનો જ...' 'જ' શબ્દ છે? જુઓ! એકાંત છે. કથંચિત્ સ્વદ્રવ્ય અને કથંચિત્ પરદ્રવ્ય એમ નથી. પરદ્રવ્ય છે પણ તેનાથી કથંચિત્ લાભ થશે (એમ નથી). વીતરાગનો અનેકાંત માર્ગ છે, સ્યાદ્વાદ માર્ગ છે. સ્યાદ્વાદ માર્ગ છે તો શું થયું? સ્યાદ્વાદ માર્ગ તો એમ કહે છે કે, તું તારાથી છે અને પરથી તું નથી, એમ કહે છે. સ્યાદ્વાદ એમ કહે છે કે તારાથી પણ તને લાભ થશે અને પરથી પણ તને લાભ થશે? અહીંયા સ્યાદ્વાદ તો આ આવ્યું. આહા..! ધર્મી 'સ્વદ્રવ્યનો જ આશ્રય કરે છે.' આહાહા..!

ભાવાર્થ :– 'એકાંતવાદી...' એક જ પક્ષને માનનારો, પરથી મને લાભ થશે એમ માનનારા 'આત્માને સર્વદ્રવ્યમય માનીને...' આત્માને સર્વદ્રવ્યમય માનીને. જગતના બધા પદાર્થ, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ-પરિવાર બધા મારા છે અને તેમનાથી મારી રક્ષા થાય છે. આહાહા..! જો સ્ત્રી હોય તો નાગા, ભૂખ્યા હોય તો રક્ષા કરશે, બીજું કોણ કરે? એમ લોકો બોલે છે. આહાહા..! બધી અજ્ઞાનીની ભ્રમણા છે. આહાહા..!

અહીં કહે છે કે, એક પક્ષને માનનારા. અપેક્ષાથી માને એ જુદી વાત છે કે પરદ્રવ્ય છે પણ મારામાં પરદ્રવ્યની નાસ્તિ છે. સ્વદ્રવ્યથી હું છું પરદ્રવ્યથી હું નાસ્તિ છું. એમ નહિ માનનારા 'એકાંતવાદી આત્માને સર્વદ્રવ્યમય માનીને,...' સર્વદ્રવ્ય. આહાહા..! સિદ્ધ અને અરિહંત પણ હું છું એ તો વિકલ્પ છે. પરને પોતાના માનવા એ તો વિકલ્પ, રાગ છે. આહાહા..! મિથ્યાત્વ છે. 'આત્મામાં જે પરદ્રવ્યની–અપેક્ષાએ નાસ્તિત્વ છે...' આત્મામાં પરદ્રવ્ય એટલે અરિહંત, સિદ્ધ આદિ બધા. એ બધાથી અપેક્ષાએ નાસ્તિત્વ છે 'તેનો લોપ કરે છે,...' અજ્ઞાની તેનો નાશ કરે છે. આહાહા..! 'અને સ્યાદ્વાદી...' અનેકાંતને માનનારા. સ્યાદ્વાદી કહો કે અનેકાંતવાદી કહો. અનેકાંતને માાનનારા તો 'સર્વ પદાર્થોમાં પરદ્રવ્ય-અપેક્ષાએ નાસ્તિત્વ માનીને...' બધા પદાર્થોનું પરદ્રવ્યની અપેક્ષાએ નાસ્તિત્વ માનીને 'નિજ દ્રવ્યમાં રમે છે.' આહાહા..!

ધર્મીજીવ, જ્ઞાની, સમ્યગ્દષ્ટિ જૈન એને કહીએ કે, પરદ્રવ્યથી મારામાં કાંઈ નહિ થાય એમ નાસ્તિત્વ માનીને પોતાના દ્રવ્યના અસ્તિત્વમાં રહે છે. આહાહા..! આ ચક્રવર્તીના રાજ કરે છે, ઇન્દ્રના બત્રીસ લાખ વિમાન બધું પર.. પર.. પર.. છે. મારામાં એ કોઈ ચીજ નથી એમ સમકિતી અંદરમાં માને છે. તેનાથી મને કંઈ પણ લાભ છે એમ માનતા નથી. આહાહા..! છે ને? 'સર્વ પદાર્થોમાં પરદ્રવ્ય-અપેક્ષાએ નાસ્તિત્વ માનીને નિજ દ્રવ્યમાં રમે છે.' નિજદ્રવ્ય. પોતાનો જે પદાર્થ–દ્રવ્યમાં રમે છે, કહ્યું છે. પર્યાયમાં, ગુણમાં (રમતા) નથી. અનંતી પર્યાય છે.

રાત્રે કહ્યું હતું, એક જ્ઞાનની પર્યાય અનંતા સિદ્ધને જાણે. એક સિદ્ધના કેવળજ્ઞાનમાં ત્રણકાળ જણાય, એવા અનંતા સિદ્ધને જ્ઞાનની એક પર્યાય જાણે. આહાહા..! એક પર્યાયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે. આવી પર્યાયની તાકાત હોવા છતાં પર્યાયનો આશ્રય નહિ. આહાહા..! એ પર્યાય વ્યવહાર છે ખરો, વ્યવહાર નથી એમ માને તોપણ નાસ્તિક છે. આહાહા..! પર્યાય નથી, વેદાંત માને છે કે, પર્યાય નથી. કારણ કે દ્રવ્ય અને પર્યાય? પર્યાય? પલટવું? અરે..! પલટે એ તત્ત્વ? એમ માનીને ઊડાવી દે છે. દરેક દ્રવ્ય સમયે સમયે પલટે તો છે પણ એક પર્યાયમાં અનંતા ગુણ જણાય છે અને એક એક ગુણ ત્રણકાળની પર્યાયનો પિંડ છે એવો ગુણ પર્યાયમાં જણાય છે. એ પર્યાય છે ખરી, પર્યાય નથી એમ માને તો તે નાસ્તિક છે. તેમ એ પર્યાયને આશ્રયે ધર્મ થશે એમ માને એ પણ મિથ્યાદૃષ્ટિ છે.

એથી કહે છે, 'નિજ દ્રવ્યમાં રમે છે.' છે? 'સર્વ પદાર્થોમાં પરદ્રવ્યની-અપેક્ષાએ નાસ્તિત્વ માનીને નિજ દ્રવ્યમાં રમે છે.' આહાહા..! એક એક ભંગ...! 'આ પ્રમાણે પરદ્રવ્ય-અપેક્ષાથી નાસ્તિત્વનો (–અસત્‌પણાનો) ભંગ કહ્યો.' હવે સાતમો ભંગ. હવે જરી ઝીણું આવશે. ક્ષેત્ર. ૨૫૪ છે ને?

## શ્લોક–૨૫૪

(शार्दूलविक्रीडित)

भिन्नक्षेत्रनिषण्णबोध्यनियतव्यापारनिष्ठः सदा
सीदत्येव बहिः पतन्तमभितः पश्यन्पुमांसं पशुः।
स्वक्षेत्रास्तितया निरुद्धरभसः स्याद्वादवेदी पुन-
स्तिष्ठत्यात्मनिखातबोध्यनियतव्यापारशक्तिर्भवन्।।२५४।।

(હવે સાતમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :–)

શ્લોકાર્થ :– [ पशुः ] પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, [ भिन्न-क्षेत्र-निषण्ण-बोध्य-नियत-व्यापार-निष्ठः ] ભિન્ન ક્ષેત્રમાં રહેલા જ્ઞેયપદાર્થોમાં જે જ્ઞેયજ્ઞાયકસંબંધરૂપ નિશ્ચિત વ્યાપાર તેમાં પ્રવર્તતો થકો, [ पुमांसम् अभितः बहिः पतन्तम् पश्यन् ] આત્માને સમસ્તપણે બહાર (પરક્ષેત્રમાં) પડતો દેખીને (-સ્વક્ષેત્રથી આત્માનું અસ્તિત્વ નહિ માનીને) [ सदा सीदति एव ] સદા નાશ પામે છે; [ स्याद्वादवेदी पुनः ] અને સ્યાદ્‌વાદનો જાણનાર તો, [ स्वक्षेत्र-

अस्तितया निरुद्ध-रभसः ] સ્વક્ષેત્રથી અસ્તિપણાને લીધે જેનો વેગ રોકાયેલો છે એવો થયો થકો (અર્થાત્ સ્વક્ષેત્રમાં વર્તતો થકો), [ आत्म-निखात-बोध्य-नियत-व्यापार-शक्तिः भवन् ] આત્મામાં જ આકારરૂપ થયેલાં જ્ઞેયોમાં નિશ્ચિત વ્યાપારની શક્તિવાળો થઈને, [ तिष्टति ] ટકે છે-જીવે છે (-નષ્ટ થતો નથી).

ભાવાર્થ :– એકાંતવાદી ભિન્ન ક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોને જાણવાના કાર્યમાં પ્રવર્તતાં આત્માને બહાર પડતો જ માનીને, (સ્વક્ષેત્રથી અસ્તિત્વ નહિ માનીને,) પોતાને નષ્ટ કરે છે; અને સ્યાદ્વાદી તો, 'પરક્ષેત્રમાં રહેલાં જ્ઞેયોને જાણતાં પોતાના ક્ષેત્રમાં રહેલો આત્મા સ્વક્ષેત્રથી અસ્તિત્વ ધારે છે' એમ માનતો થકો ટકી રહે છે-નાશ પામતો નથી.

આ પ્રમાણે સ્વક્ષેત્રથી અસ્તિત્વનો ભંગ કહ્યો. ૨૫૪.

---

## શ્લોક–૨૫૪ ઉપર પ્રવચન

---

भिन्नक्षेत्रनिषण्णबोध्यनियतव्यापारनिष्ठः सदा
सीदत्येव बहिः पतन्तमभितः पश्यन्पुमांसं पशुः।
स्वक्षेत्रास्तितया निरुद्धरभसः स्याद्वादवेदी पुन-
स्तिष्ठत्यात्मनिखातबोध्यनियतव्यापारशक्तिर्भवन्।।२५४।।

'પશુ...' અજ્ઞાની, એક જ પક્ષને માનનારો શું (માને છે)? 'भिन्न-क्षेत्र-निषण्ण-बोध्य-नियत-व्यापार-निष्ठः' 'ભિન્ન ક્ષેત્રમાં રહેલા...' પોતાના ક્ષેત્રથી ભિન્ન ક્ષેત્રમાં રહેલા. આહાહા..! 'જ્ઞેયપદાર્થોમાં...' ભિન્ન ક્ષેત્રમાં તો અરિહંત અને પંચ પરમેષ્ઠી પણ આવ્યા. આહાહા..! મુક્તિશિલા ઉપર સિદ્ધ ભગવાન રહે છે. આહાહા..! એ પરક્ષેત્રની મારામાં તો નાસ્તિ છે. મારા સ્વક્ષેત્રથી અસ્તિ છે, પરક્ષેત્રથી નાસ્તિત્વ છે. આહા..! એમ નહિ માનીને પર 'ભિન્ન ક્ષેત્રમાં રહેલા જ્ઞેયપદાર્થોમાં જે જ્ઞેયજ્ઞાયકસંબંધરૂપ નિશ્ચિત વ્યાપાર...' હા, એ જ્ઞેય છે અને તું જ્ઞાન છો, એવો નિમિત્ત-નિમિત્ત સંબંધ છે. સંબંધ હોવા છતાં... આહાહા..! 'નિશ્ચિત વ્યાપાર તેમાં પ્રવર્તતો થકો, આત્માને સમસ્તપણે બહાર (પરક્ષેત્રમાં) પડતો દેખીને...' પરક્ષેત્રને જાણીને પોતાનો આત્મા પણ જાણે પરમાં ચાલ્યો ગયો (એમ દેખે છે). પોતામાં રહીને પરને જાણે છે એમ નહિ માનીને.. આહાહા..! આવો ઉપદેશ સભામાં ઠીક ન પડે તો સભા સરખી ભરાય નહિ. પછી લોકો રાજી થાય એવું કરે. રખડવાના રસ્તા છે. આહાહા..!

અહીં કહે છે, એકાંતવાદી 'ભિન્ન ક્ષેત્રમાં રહેલા...' પોતાનું ક્ષેત્ર જે અસંખ્ય પ્રદેશ છે તેનાથી ભિન્ન ક્ષેત્ર, તેમાં રહેલા જ્ઞેયપદાર્થ. ભિન્ન ક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થ બધા આવી ગયા.. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, પંચ પરમેષ્ઠી પરક્ષેત્રમાં રહે છે. આહાહા..! ગજબ

વાત છે. અરે..રે...! આત્માની દરકાર (કરી નથી). હજી સાંભળીને સંસ્કાર નાખવા એનો પણ ટાઈમ ન મળે. આહાહા..! જિંદગી ચાલી જાય છે. જુઓને! અકસ્માત્ કેટલા સાંભળીએ છીએ. ફલાણા એક ક્ષણમાં મરી ગયા, ફલાણા એક ક્ષણમાં મરી ગયા. 'જડાવબેન' અહીં કાયમ રહેતા. એમના દીકરા 'ચંદ્રકાંત' નહિ? 'મુંબઈ' માં નોકરી છે. 'સુમનભાઈ' ને નોકરી હતી ને? એમાં નોકરી હતી. 'સુમનભાઈ' તો એમાંથી નીકળી ગયા. આ એમાં હશે. એમાં છે? એસો. આહા..! 'ચંદ્રકાંત'. અહીં કહે છે, ક્ષણમાં દેહ છૂટી ગયો. આહાહા..! પણ એ તો પર છે તો છૂટું જ છે.

અહીં તો કહે છે, પરક્ષેત્રમાં રહેલા.. છે? 'ભિન્ને ક્ષેત્રમાં રહેલા જ્ઞેયપદાર્થોમાં જે જ્ઞેયજ્ઞાયકસંબંધરૂપ...' એ જાણવાલાયક છે અને આત્મા જાણનારો છે. એટલા સંબંધરૂપ 'નિશ્ચિત વ્યાપાર તેમાં પ્રવર્તતો થકો, આત્માને સમસ્તપણે બહાર (પરક્ષેત્રમાં) પડતો દેખીને...' આત્મા બહાર ચાલ્યો જાય છે, પરને જાણતા આત્મા બહારમાં ચાલ્યો જાય છે એમ અજ્ઞાની માને છે. આહાહા..! '(–સ્વક્ષેત્રમાં આત્માનું અસ્તિત્વ નહિ માનીને)...' મારું ક્ષેત્ર જે અસંખ્ય પ્રદેશ છે તેમાં હું છું. હું ભલે પરક્ષેત્રને જાણું છતાં પરક્ષેત્રમાં મારી ચીજ ચાલી નથી જતી. હું તો પરક્ષેત્રને જાણનારો મારામાં રહીને જાણું છું. મારા ક્ષેત્રમાં રહીને પરક્ષેત્રને જાણું છું. પરક્ષેત્રને જાણતા હું પરક્ષેત્રમય થઈ ગયો એમ નથી. આહાહા..!

'આત્માને સમસ્તપણે બહાર (પરક્ષેત્રમાં) પડતો દેખીને...' જોયું? સંપૂર્ણ. બધી ચીજ જાણે એકે એક ક્ષેત્ર, બધા ક્ષેત્રને પોતાનું માનતો થકો. આહાહા..! 'આત્માને સમસ્તપણે બહાર (પરક્ષેત્રમાં) પડતો દેખીને (–સ્વક્ષેત્રમાં આત્માનું અસ્તિત્વ નહિ માનીને)...' પોતાનું તો અસંખ્ય પ્રદેશી અનંત ગુણના પિંડ પ્રભુનું સ્વક્ષેત્ર અહીંયા છે એ પોતાનું સ્વક્ષેત્ર છે. પરક્ષેત્ર જે આ મકાન, બાગ, બગીચા એ ધૂળ તો ક્યાંય રહી ગઈ. એ ક્ષેત્ર તો ક્યાંય બીજે રહી ગયા. બાગ, બગીચા બનાવે છે ને? સાંજે ત્યાં બે કલાક, કલાક બેસે, સારી હવા આવે, ફૂલ, ઝાડ (હોય). 'વડોદરા'માં છે. મોટો બાગ જોયો છે. (સંવત) ૧૯૬૩ ની સાલ. અમારે કેસ ચાલતો હતો. એક મહિનો, સવા મહિનો અફીણનો જૂઠો કેસ હતો.

અમારી દુકાન ઉપર બક્ષીસ લેવા આવ્યો. શું કહેવાય ઇ? બોણી. બક્ષીસ કહે છે? શું કહે છે? હિન્દીમાં શું કહે છે? બોણી. એ કહે કે, એક રૂપિયો આપો. અમારા પિતાજી કહે, આઠ આના આપું. એમાં મોટી તકરાર થઈ. તકરાર થઈ તો ૭૦૦ રૂપિયા ખર્ચ થયો. 'વડોદરા' માં સવા મહિના સુધી કેસ ચાલ્યો હતો. એ વખતે, ૧૯૬૩ સાલ. એ વખતે ત્યાંનો... શું કહેવાય? ભાઈ! પ્રેસિડેન્ટ. તે દિ' એક મહિનાનો ત્રણ હજારનો પગાર. તે દિ'! અત્યારે ત્રીસ ગુણા થઈ ગયા. પછી અફીણવાળાને રૂપિયો ન આપ્યો તો એણે ખોટો કેસ કર્યો કે, આ છોકરો અફીણનું પોટલું લઈને બીજો આવતો હતો એને લઈને ગયો. ખોટે ખોટું. સવા મહિનો કેસ ચાલ્યો. પ્રેસિડેન્ટ અને એની નીચે રહેનારા માણસો.. એનું કામ

કરનારા.. શું કહેવાય? શિરસદાર. ઑફિસમાં પેસતા અમને જ્યાં દેખ્યા.. એ કેસ ચાલે ત્યારે લાકડામાં અંદર ઊભા રાખે. પીંજરામાં ઊભા રાખે. પણ અમને જ્યાં દેખ્યા, પ્રેસિડેન્ટ અને એના શિરસદાર, એ કહે, આ શું? એના મોઢા તો જુઓ! આ અફીણની ચોરી કરે? આ વાણિયા અફીણની ચોરી કરે? એમને અંદર નહિ ઊભા રાખો, બહાર ઊભા રાખો. તમને જોઈને અમને એમ લાગે છે કે આ ગુનો જૂઠો છે. એ કેસ સવા મહિનો ચાલ્યો. ૭૦૦ રૂપિયાનો ખર્ચ. છેવટે એ પ્રેસિડેન્ટને એમ લાગ્યું...

૧૯૬૩ સાલ, સવા મહિનો જૂઠો કેસ ચાલ્યો, પણ પ્રેસિડેન્ટ એવો માણસ કે (એણે કહ્યું), આ કેસ જૂઠો છે. જે ઠેકાણે કેસ થયો ત્યાં કોર્ટ લઈ જાઓ. 'વડોદરા' ની ઑફીસ, જે ઠેકાણે આ પોલીસ કેસ થયો ત્યાં ઑફીસ લઈ જાઓ. અમે આવીએ છીએ અને અમારા શિરસદાર પણ આવે છે. પડાવ નાખ્યો. ત્યાં 'પાલેજ' માં વડની નીચે છે. મારી દુકાન થોડી છેટે છે. એ કેસ ચાલતા. ચાલતા.. ચાલતા.. માળાએ ચલાવ્યું કે બિલકુલ કેસ જૂઠો છે. શેઠ! અને જે પોલીસે તમારા ઉપર આ કેસ કર્યો આ ખર્ચ એની પાસે લઈ લ્યો, કેમકે કેસ જૂઠો છે. અરે..! ભાઈ! રહેવા દે ને, બિચારો ગરીબ માણસ (છે). પણ કુદરતે એવું બન્યું કે, કોઈ માણસ એવો નીકળ્યો કે એને મારી નાખ્યો. એને મારી નાખ્યો. જેણે અમારી કેસ કર્યો હતો તેને અન્ય કોઈ વિરોધી હશે એણે મારી નાખ્યો. આહાહા..! એ બધું પરક્ષેત્રમાં થયું તે મારા ક્ષેત્રમાં નહિ. આહાહા..! અમારા પિતાજી પણ હતા. સુંવાળું રૂપાળું શરીર, ગૃહસ્થના દીકરા, એ કેસ દેખીને હાય.. હાય.. થઈ ગયું. ગુજરી ગયા, એમાં દેહ છૂટી ગયો. કોઈ દિ' જોયું નહિ. રૂપાળું શરીર હતું, ગૃહસ્થના દીકરા, એના બાપ ગીગાભાઈ, 'ગઢડા' માં મોટી આબરૂ. તે દિ' તો દસ હજાર રૂપિયા મુડી એટલે ઘણું કહેવાય ને! મોટા 'ગીગા કુરા' કોણ કહેવાય! ઓહોહો..! આ કેસ થયો તો અમારા પિતાજીથી સહન ન થયું, દેહ છૂટી ગયો. આહાહા..! એ કંઈ પરક્ષેત્રને કારણે નથી થયું, પોતામાં ભ્રમણા થઈ. આહાહા..!

અહીં એ કહે છે, આવ્યું ને? ક્યાં આવ્યું? 'સમસ્તપણે બહાર પડતો દેખીને...' પરક્ષેત્રને જાણતા જાણે હું બહાર ચાલ્યો જાઉં છું. પરક્ષેત્રને જાણતા જાણે હું બહાર ચાલ્યો જાઉં છું. એમ 'આત્માને સમસ્તપણે બહાર પડતો દેખીને (-સ્વક્ષેત્રથી આત્માનું અસ્તિત્વ નહિ માનીને)...' મારા ક્ષેત્રથી હું છું એમ નહિ માનીને. 'सदा सीदति एव' 'સદા નાશ પામે છે;...' આહાહા..! એ પરક્ષેત્ર અનુકૂળ હોય તો મને (ઠીક) રહે. બાગ, બગીચા, ફૂલ, ફૂલના ઝાડ હોય તો મને ઠીક રહે, એમ માનનારા આત્માનો નાશ કરે છે. પરક્ષેત્રમાં તારી ચીજ નથી. પરક્ષેત્રથી તો તું નાસ્તિ છે. આહાહા..!

મુમુક્ષુ :- મકાન સારું બનાવવું કે ખરાબ બનાવવું?

ઉત્તર :- કોણ બનાવે? એ બનવાની ચીજ હશે તો બનશે. આહાહા..! આ ૨૬ લાખનું મકાન કોણે કર્યું? છ વર્ષ થયા. એ બનવાનો પર્યાય જે ક્ષણે થવાનો હોય તે થાય. કોણ

કરે? ‘રામજીભાઈ’ પણ કરે નહિ અને ‘વજુભાઈ’ પણ કરે નહિ, ઇજનેર પણ કરે નહિ અને પ્રમુખ પણ કરે નહિ. આહાહા..! આકરી વાત છે, પ્રભુ! આ તો વીતરાગનો માર્ગ છે. પરક્ષેત્રથી હું નથી, પરક્ષેત્ર તો પરક્ષેત્રમાં છે. આ પરક્ષેત્રમાં મને ઠીક પડશે! આહાહા..!

મુમુક્ષુ :– મહાબળેશ્વર હવા ખાવા જાય તો ઠીક રહે.

ઉત્તર :– હવા ખાવા જાય છે, આ લીમડા હેઠે ખાટલા નાખીને રહે છે, લીમડાની હવા ઠંડી આવે ને? એવો રોગ હોય તો લીમડા હેઠે ખાટલા નાખી નાખીને આખી રાત, છ-છ મહિના, બાર-બાર મહિના સુધી રહે. બધું સાંભળ્યું છે ને બધી ખબર છે ને. પણ પરક્ષેત્રની તારામાં નાસ્તિ છે એમ નહિ માનીને પોતાનો આત્મા જાણે પરક્ષેત્રમાં ચાલ્યો જાય છે એમ માનીને પોતાનો નાશ કરે છે. ‘નાશ પામે છે;...’ છે?

‘અને સ્યાદ્‌વાદને જાણનાર...’ ધર્મી. સ્યાદ્‌વાદ એટલે અનેકાંત. હું મારા ક્ષેત્રમાં છું અને પરક્ષેત્રમાં નથી, એ અનેકાંત સ્યાદ્‌વાદ છે. આહાહા..! સ્યાદ્‌વાદને જાણનાર તો ‘સ્વક્ષેત્રથી અસ્તિપણાને લીધે...’ હું તો મારા અસંખ્ય પ્રદેશમાં છું, એ મારું સ્વક્ષેત્ર છે. આહાહા..! એ અસંખ્ય પ્રદેશનું ક્ષેત્ર સર્વજ્ઞ ભગવાન સિવાય કોઈએ ક્યાંય કહ્યું નથી અને છે નહિ. આત્મા અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે. જેમ ચેનમાં કડી હોય છે ને સોનાની. સો-બસો કડી. એમ આત્મામાં અસંખ્ય પ્રદેશ છે પણ બધા પ્રદેશ એકરૂપ છે. આહાહા..! આત્માના છે, આત્માથી ભિન્ન નથી પણ એક પ્રદેશ બીજા પ્રદેશરૂપ થતો પણ નથી. આહાહા..! પરના ક્ષેત્રથી તો નાસ્તિ છે. આહાહા..! ગજબ વાત, પ્રભુ! આચાર્યોની શૈલી, ગંભીરતાનો પાર ન મળે. ગમે તેટલું કાઢીએ તોપણ અંદર પારનો પાર ન મળે એટલી ગંભીરતા ભરી છે.

પરક્ષેત્રથી હું નથી. ઇ ૨૫૨ માં આવી ગયું, ભાઈ! ૨૫૨ કળશ છે એમાં એવું લખ્યું છે કે હું દ્રવ્ય જે છું એ સ્વદ્રવ્યથી હું છું અને દ્રવ્ય છે એવો વિકલ્પ ઉઠે છે એ પરદ્રવ્યથી હું નથી. આહાહા..! ‘કળશ ટીકા’ છે, ૨૫૨ કળશ છે. જુઓ! ‘સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ,...’ સ્વ ભગવાન આત્મા અભેદ વસ્તુ અંદર, એમાં ભેદ નહિ. હું આ દ્રવ્ય છું એવો વિકલ્પ પણ જેમાં નથી. આહાહા..! ‘સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ, સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ,...’ અસંખ્ય પ્રદેશી. ૨૫૨ શ્લોક છે. ‘સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા...’ ત્રિકાળી. ત્રિકાળી એ સ્વકાળ. મારો કાળ મારાથી જુદો નથી, હું તો ત્રિકાળ રહેનાર સ્વકાળ (છું). ‘સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજ શક્તિ,...’ અંદર આત્માના સ્વભાવની, ગુણની શક્તિ એ સ્વભાવ.

હવે ‘પરદ્રવ્ય એટલે...’ આહાહા..! ‘પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ-કલ્પના,...’ પરદ્રવ્ય તો મારામાં નથી જ. સ્ત્રી, કુટુંબ-પરિવાર, દેવ-ગુરુ-શાસ્ત્ર તો નહિ, નહિ ને નહિ જ પણ ‘પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ-કલ્પના,...’ વિકલ્પ ઉઠે છે તેને જ પરદ્રવ્ય કહે છે. આહાહા..! ૨૫૨ કળશ છે. ૨૩૭ પાનું છે. સ્વદ્રવ્ય એટલે સમજાણું? ‘પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ-

કલ્પના...' પરદ્રવ્ય બીજા નહિ, બીજા તો જુદા ક્યાંય રહી ગયા. અહીંયા તો એક દ્રવ્યમાં આ દ્રવ્ય છું એવી વૃત્તિ, વિકલ્પ ઉઠે છે તેને અહીંયા પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. એનાથી પણ સૂક્ષ્મ છે, ચાલતા અધિકારથી પણ આ સૂક્ષ્મ છે. આહાહા..!

'પરક્ષેત્ર એટલે જે વસ્તુનો આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ વસ્તુમાત્રરૂપે કહ્યો હતો તે જ પ્રદેશ સવિકલ્પ ભેદ-કલ્પના...' આહાહા..! વિકલ્પમાં લક્ષ કરવું કે આ અસંખ્ય પ્રદેશ છે એ જ પરક્ષેત્ર છે. આહાહા..! ગજબ છે. કદી સાંભળ્યું નથી. અહીં તો ઘણા વર્ષથી આ મૂક્યું છે, બધા ચિહ્ન કર્યા છે, બધા ચિહ્ન કરેલા છે. આહાહા..! 'પરક્ષેત્ર એટલે જે વસ્તુનો આધારભૂત પ્રદેશ...' અસંખ્ય પ્રદેશી. એમાંથી કહ્યો તે જ પ્રદેશ સવિકલ્પ ભેદ-કલ્પના. ભેદ કરવો કે આ અસંખ્ય પ્રદેશ છે, એવો વિકલ્પ કરવો તે જ પરક્ષેત્ર છે. આહાહા..!

'પરકાળ એટલે દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા...' દ્રવ્ય જે વસ્તુની ત્રિકાળ અવસ્થા તે સ્વકાળ. અને પરકાળ 'તે જ અવસ્થાન્તર-ભેદરૂપ કલ્પનાથી પરકાળ કહેવાય છે,...' એક સમયની પર્યાય ત્રિકાળની અપેક્ષાએ સ્વકાળ છું અને એક સમયની પર્યાયની અપેક્ષાએ હું પરકાળ છું. કારણ કે એક સમયની પર્યાય મારામાં કાયમ રહેતી નથી. આહાહા..! હું તો કાયમ રહેનાર છું. એક સમયની મારી પર્યાય પણ કાયમ રહેતી નથી માટે એ પરકાળ છે. અરે..રે..! આવી વાત!

'પરભાવ એટલે દ્રવ્યની સહજ શક્તિના પર્યાયરૂપ અનેક અંશ દ્વારા ભેદ-કલ્પના...' આહાહા..! સ્ત્રી, કુટુંબ, શરીર, દેવ-ગુરુ-શાસ્ત્ર એ બધા તો પરભાવ છે જ પણ અહીં તો જે અનંત ગુણનો પિંડ પ્રભુ છે તેમાં કલ્પના કરવી... આહાહા..! કે હું આ ભાવરૂપ છું એવો વિકલ્પ ઉઠે એ પરભાવ છે. આહાહા..! છે? 'પરભાવ એટલે દ્રવ્યની સહજ શક્તિના પર્યાયરૂપ અનેક અંશ દ્વારા ભેદ-કલ્પના, તેને પરભાવ કહેવાય છે.' ત્રિકાળી ગુણની પર્યાયને જ પરભાવ કહે છે. આહાહા..! આ કળશટીકા છે. જુઓ! આ લાલ ચિહ્ન કર્યા છે, દેખાય છે? લાલ ચિહ્ન છે. આહાહા..!

અહીં કહે છે, અજ્ઞાની પરક્ષેત્રને જોઈને... સમ્મેદશીખર, ગીરનાર, શેત્રુંજય... આહાહા..! એ પરક્ષેત્રને જોઈને એ ક્ષેત્રમાં જ હું છું (એમ માને છે). પણ એ ક્ષેત્રથી મારું ક્ષેત્ર ભિન્ન છે એમ અજ્ઞાની જાણતો નથી. આહાહા..! શું કહેવાય આ? સમ્મેદશીખર. એકવાર એક સાધુ આવ્યા હતા, કેવા? 'મહાવીરકીર્તિ'. ત્યારે આ મકાન નહોતું. ઓરડી હતી ત્યાં ઉતર્યા હતા. પછી વાત થઈ કે, આ પરવસ્તુથી આત્મા નથી. ત્યારે એણે કહ્યું, મારી પાસે સમ્મેદશીખરની મહિમાનું એક પુસ્તક છે. શ્વેતાંબરમાં શેત્રુંજય માહાત્મ્યનું એક પુસ્તક છે. આ કહે, આપણા દિગંબરમાં સમ્મેદશીખરની મહિમાનું એક પુસ્તક છે. એ સમ્મેદશીખરના માહાત્મ્યમાં એમ લખ્યું છે કે, એના દર્શન કરે તો ૪૮ ભવે મોક્ષ જાય. મેં કીધું, એ વચન વીતરાગના નહિ. 'મહાવીરકીર્તિ'. એ વીતરાગના વચન નહિ. પરદ્રવ્યથી ભવનો અભાવ

થાય એ વચન વીતરાગનું નહિ. પરક્ષેત્રના દર્શનથી ભવનો અભાવ? સમ્મેદશીખર તો પરક્ષેત્ર છે. અહીં કોઈનો પક્ષ નથી, અહીં કોઈ વાડો નથી. અહીં કોઈ સમાજ ઝાઝો બંધાય અને ખૂબ ભેગો થાય એ અહીં કાંઈ નથી. અહીં તો સત્ય આ છે. જેને બેસવું હોય એને બેસે, ન બેસવું હોય તો સ્વતંત્ર અનાદિથી છે.

મુમુક્ષુ :– એટલે કીધું કે ત્યાં વંદના કરવા બધા જાય છે.

ઉત્તર :– જાય છે ને. માટે એણે કહ્યું ને કે, સમ્મેદશીખરના દર્શન કરે એ ૪૮ ભવે મોક્ષ જાય. કીધું, એ વાત વીતરાગની નહિ. પરદ્રવ્યના દર્શનથી ભવ ઘટે એ વીતરાગનું વચન નહિ.

અહીં એ કહે છે, પરક્ષેત્રની મારામાં નાસ્તિ છે. છે? આહાહા..! સ્યાદ્વાદી 'સ્યાદ્વાદનો જાણનાર તો, સ્વક્ષેત્રથી અસ્તિપણાને લીધે જેનો વેગ રોકાયેલો છે...' હું તો મારા ક્ષેત્રમાં છું. સમ્મેદશીખરમાં પણ હું નથી. સમ્મેદશીખરની મારામાં તો નાસ્તિ છે. આહાહા..! વ્યવહાર છે ખરો પણ વ્યવહારની સ્વભાવમાં નાસ્તિ છે. પર્યાયની કાલે કેટલી વાત કરી હતી! એ બધો વ્યવહાર છે, પણ વ્યવહાર છે, છે પણ આદરણીય નથી. આહાહા..!

અહીં કહે છે કે, ધર્મીજીવ 'સ્વક્ષેત્રથી અસ્તિપણાને લીધે જેનો વેગ રોકાયેલો છે...' મારા ક્ષેત્રની બહાર હું ગયો જ નથી. સમ્મેદશીખરના દર્શન મેં કર્યા જ નથી. મારા પરિણામમાં ભાવ આવ્યો એ પણ મારી ચીજ નથી. સમ્મેદશીખરના દર્શન કરવાથી પોતાને કારણે શુભભાવ આવ્યો એ પણ મારી ચીજ નથી, એ ભાવ મારો નહિ. મારો ભાવ તો ત્રિકાળી આનંદનો નાથ, અનંત ગુણનો ધણી–સ્વભાવ એ મારો ભાવ છે અને એ ભાવમાં એક વિકલ્પ ઉઠાવવો એ પરભાવ છે. આહાહા..! લ્યો, શેઠ! આ હિન્દી વાંચ્યું, આજે બપોરે તમારું સ્વપ્ન આવ્યું હતું. આ વાત અંદર છે. આહાહા..! માર્ગ તો આ છે.

'સ્વક્ષેત્રથી અસ્તિપણાને લીધે જેનો વેગ રોકાયેલો છે એવો થયો થકો (અર્થાત્ સ્વક્ષેત્રમાં વર્તતો થકો), આત્મામાં જ આકારરૂપ થયેલાં...' શું કહે છે હવે? આત્મામાં પરક્ષેત્રનું જ્ઞાન થાય છે તે જ્ઞાન પોતાનું છે. આત્માના જ્ઞાનમાં પરક્ષેત્રનું જ્ઞાન થાય છે પણ એ જ્ઞાન પરક્ષેત્રનું નથી, એ જ્ઞાન પોતાનું છે. આહાહા..! એ કહે છે, જુઓ! 'આત્મામાં જ આકારરૂપ થયેલાં જ્ઞેયોમાં નિશ્ચિત વ્યાપારની શક્તિવાળો થઈને,...' એ તો મારા જ્ઞાનનો સ્વભાવ છે કે પરક્ષેત્રને હું મારામાં રહીને જાણું. પરક્ષેત્રને હું મારામાં રહીને જાણું એ મારો સ્વભાવ છે, એમ ધર્મી જાણે છે. આહાહા..! જુઓ!

'આત્મામાં જ આકારરૂપ થયેલાં જ્ઞેયોમાં...' એ ક્ષેત્રનો આકાર અહીંયા જણાયો તે 'નિશ્ચિત વ્યાપારની શક્તિવાળો થઈને,...' એ વ્યાપાર મારો છે. એ પરને જાણવાનો ભાવ આવ્યો એ ભાવ મારો છે. પરનો વ્યાપાર, પરનું જાણવું પરથી થયું એમ નથી. હું મને પોતાને જ, પરની અપેક્ષાનું જે જ્ઞાન થયું તે પોતાથી પોતાને જાણું છું. આહાહા..! આવો

ઉપદેશ હવે. 'ટકે છે-જીવે છે (-નષ્ટ થતો નથી).'

ભાવાર્થ :- 'એકાંતવાદી ભિન્ન ક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોને...' પોતાનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ છે. તેનાથી 'ભિન્ન ક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોને જાણવાના કાર્યમાં પ્રવર્તતાં આત્માને બહાર પડતો જ માનીને,...' આત્મા જાણે પરક્ષેત્રમાં ચાલ્યો જાય છે અને પરક્ષેત્રથી જ મને જ્ઞાન થાય છે. '(સ્વક્ષેત્રથી અસ્તિત્વ નહિ માનીને),...' આહાહા..! 'પોતાને નષ્ટ કરે છે;...' આત્માના અસ્તિત્વનો નાશ કરે છે. આહાહા..! ચૌદ બોલ વીતરાગના રહસ્યની વાત છે. આહાહા..!

'અને સ્યાદ્વાદી તો,...' અનેકાંતવાદી એટલે ધર્મી, જૈનધર્મના રહસ્યને જાણનારા સ્યાદ્વાદી. સ્યાત્ એટલે અપેક્ષાએ જાણનારા. 'પરક્ષેત્રમાં રહેલાં જ્ઞેયોને જાણતાં...' પરક્ષેત્રમાં રહેલા જ્ઞેયને જાણે છતાં 'પોતાના ક્ષેત્રમાં રહેલો આત્મા સ્વક્ષેત્રથી અસ્તિત્વ ધારે છે' પરક્ષેત્રનું જ્ઞાન મારા ક્ષેત્રમાં મારાથી થયું છે. આહાહા..! પરક્ષેત્રનું જ્ઞાન પરક્ષેત્રથી થતું નથી. આહાહા..! આવું વાણિયાને યાદ રાખવું. વેપાર આડે નવરાશ ન મળે. 'પરક્ષેત્રમાં રહેલા જ્ઞેયોને જાણતાં પોતાના ક્ષેત્રમાં રહેલો આત્મા સ્વક્ષેત્રથી અસ્તિત્વ ધારે છે' ધર્મી(ની વાત છે). ભલે પરક્ષેત્રને જાણો, એ જાણવું થયું તે પરક્ષેત્રનું જ્ઞાન નથી. પરક્ષેત્ર અને સ્વક્ષેત્રનું જ્ઞાન તો મારું છે. 'એમ માનતો થકો ટકી રહે છે...' પોતાના આત્માને પરથી ભિન્ન ટકાવી રાખે છે. પરક્ષેત્રનું જાણવું થયું પણ એ જ્ઞેયાકાર જ્ઞાન મારો સ્વભાવ છે. પરક્ષેત્રના આકારનું જ્ઞાન થયું તે મારું જ્ઞાન છે. એ પરક્ષેત્રથી મારો જ્ઞાનાકાર થયો એમ નથી. આહાહા..! તે 'નાશ પામતો નથી.' એ વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

પ્રવચન નં. ૪૭૫ શ્લોક-૨૫૫, ૨૫૬, ૨૫૭ શનિવાર, ભાદરવા વદ ૩, તા.૨૭-૦૯-૧૯૮૦

---

નોંધ :- મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' આઠમો ભંગ છે. વાત એવી છે, પ્રભુ! અજાણ્યા માણસને ઝીણી વાત લાગે છે, આ શું કહે છે? આ તે કોઈ વાત છે? વીતરાગનું મૂળ રહસ્ય આ ચૌદ બોલમાં છે. આહાહા..! બાર અંગનું રહસ્ય આ ચૌદ બોલમાં છે. ઝીણું તો છે, પ્રભુ! કંટાળો ન લાવવો. એની એ વાત આવે છે, એમ નથી. દરેક શ્લોકમાં ભિન્ન ભિન્ન અર્થ છે પણ જેને સમજણમાં આવ્યું નથી એને એની એ વાત આવે છે એવું લાગે. આહા..! તત્ત્વની ઝીણી વાત એવી છે. અનંત કાળ થયો. અનંતી ચોવીશી વીતી એમાં ભગવાનના સમવસરણમાં

અનંત વાર ગયો પણ આ તત્ત્વ ઝીણું અંદર શું છે? સૂક્ષ્મ તત્ત્વ (છે).

અહીંયા જે ભંગ કીધા, કે તત્ નામ તે સ્વરૂપે ભગવાન જ્ઞાયક છે એ જ્ઞેય સ્વરૂપે નથી. આહાહા..! પહેલું જ્ઞાન સ્વરૂપે છે.. આહાહા..! એ જ્ઞાનમાં જે જ્ઞેય જણાય, ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હો કે ભગવાનની પ્રતિમા કે મંદિર હો કે ભગવાનની વાણી હો, એ બધું જ્ઞેય છે. આહાહા..! જાણવાલાયક છે, તે પણ વ્યવહારે જાણવાલાયક છે. નિશ્ચયથી તો પોતાના જ્ઞાનમાં એ જ્ઞેયનું જે જ્ઞાન થાય છે એ જ્ઞાનાકાર જ્ઞાનને આત્મા જાણે છે. અરે..રે..! આવી વાતું દુનિયાને મળે નહિ, શું કરે? તેથી એમ લાગે કે આ તો એની એ વાત આવે છે. બાપુ! એમ નથી, ભાઈ! આહાહા..! આ તો સંતો, મુનિઓ પરમેશ્વરના પંચ પરમેષ્ઠીના પદમાં છે, એ પંચ પરમેષ્ઠીના પદમાં રહેલા કરુણાથી જગતને જાહેર કરે છે. આહાહા..! એને સૂક્ષ્મ છે એમ જાણીને અનાદર ન કરવો, પ્રભુ! એની એ વાત આવે છે એમ જાણીને અનાદર ન કરવો. એની એ વાત નથી આવતી.

પહેલા તત્ કીધું. જ્ઞાન અને જ્ઞેય, બસ! આ જ્ઞાનસ્વરૂપે ભગવાન છે અને જ્ઞેય પંચ પરમેષ્ઠી જ્ઞેય છે, સાક્ષાત્ જીવંત સમવસરણમાં બિરાજતા (હોય) એ જ્ઞેયપણે પણ આત્મા નથી. આહાહા..! ઝીણું પડે, પ્રભુ! શું થાય? કદી આત્માની દરકાર કરી નથી. જ્યારે લોકોના મરણ સાંભળીએ છીએ, અહીં આ મરી ગયો, અહીં આ... અરે..રે...! મનુષ્યદેહ ચાલ્યો જાય છે. સવારમાં આવ્યું હતું. મરણ તો જરૂર આવવાનું જ છે. આહાહા..!

અહીંયા આઠમા ભંગમાં કળશ કહે છે. શું કહે છે? પહેલા તત્-અતત્ આવ્યું, પછી એક-અનેક આવ્યું. સ્વરૂપે એક છું એ દ્રવ્યદૃષ્ટિએ છતાં પર્યાયદૃષ્ટિએ ગુણ અને પર્યાય અનંત છે તો અનેક (અનંત) પણ છું. પર સાથે કોઈ સંબંધ નથી. આહાહા..! એક-અનેક આવી ગયું, તત્-અતત્ એમ ચાર (ભંગ) આવી ગયા. હવે દ્રવ્યથી વસ્તુથી જોઈએ તો પોતાનો ભગવાન પોતાથી છે, પરદ્રવ્ય ત્રિલોકનાથ તીર્થંકરથી પણ આ આત્મા નથી. એ દ્રવ્ય. એ પોતાથી છે, પરથી નથી. એવા દ્રવ્યના બે ભંગ આવી ગયા. ક્ષેત્રનો એક ભંગ આવ્યો કે મારા ક્ષેત્રમાં હું છું, મારા ક્ષેત્રમાં એટલે અસંખ્ય પ્રદેશમાં પરક્ષેત્ર જણાય છે એ તો મારા જ્ઞાનનો સ્વભાવ જણાયો છે, પરક્ષેત્ર તો નિમિત્તમાત્ર છે. પરક્ષેત્રનું અહીંયા જ્ઞાન થાય છે એ પોતાના જ્ઞાનનો સ્વભાવ, સ્વ અને પરનો જાણવાનો સ્વભાવ હોવાથી પરક્ષેત્રનું જ્ઞાન થાય છે પણ એ તો જ્ઞાનની પર્યાય પોતાની છે. એ કંઈ પરક્ષેત્રને કારણે પરક્ષેત્રનું જ્ઞાન થતું નથી. આહાહા..! એ સ્વક્ષેત્રથી અસ્તિ (કહી). એ આવ્યું.

હવે અહીંયા, પરક્ષેત્રથી નાસ્તિનો આઠમો ભંગ (છે). છે? ૨૫૫ કળશ.

## શ્લોક-૨૫૫

(शार्दूलविक्रीडित)
स्वक्षेत्रस्थितये पृथग्विधपरक्षेत्रस्थितार्थोज्झनात्
तुच्छीभूय पशुः प्रणश्यति चिदाकारान् सहार्थैर्वमन्।
स्याद्वादी तु वसन् स्वधामनि परक्षेत्रे विदन्नास्तितां
त्यक्तार्थोऽपि न तुच्छतामनुभवत्याकारकर्षी परान्।।२५५।।

(હવે આઠમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :–)

શ્લોકાર્થ :– [ पशुः ] પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, [ स्वक्षेत्रस्थितये पृथग्विध-परक्षेत्र-स्थित-अर्थ-उज्झनात् ] સ્વક્ષેત્રમાં રહેવા માટે જુદા જુદા પરક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોને છોડવાથી, [ अर्थैः सह चिद्-आकारान् वमन् ] જ્ઞેય પદાર્થોની સાથે ચૈતન્યના આકારોને પણ વમી નાખતો થકો (અર્થાત્ જ્ઞેય પદાર્થોના નિમિત્તે ચૈતન્યમાં જે આકારો થાય છે તેમને પણ છોડી દેતો થકો) [ तुच्छीभूय ] તુચ્છ થઈને [ प्रणश्यति ] નાશ પામે છે; [ स्याद्वादी तु ] અને સ્યાદ્વાદી તો [ स्वधामनि वसन् ] સ્વક્ષેત્રમાં રહેતો, [ परक्षेत्रे नास्तितां विदन् ] પરક્ષેત્રમાં પોતાનું નાસ્તિત્વ જાણતો થકો, [ त्यक्त-अर्थःअपि ] (પરક્ષેત્રમાં રહેલા) જ્ઞેય પદાર્થોને છોડતાં છતાં [ परान् आकारकर्षी ] તે પર પદાર્થોમાંથી ચૈતન્યના આકારોને ખેંચતો હોવાથી (અર્થાત્ જ્ઞેય પદાર્થોના નિમિત્તે થતા ચૈતન્યના આકારોને છોડતો નહિ હોવાથી) [ तुच्छताम्-अनुभवति न ] તુચ્છતા પામતો નથી.

ભાવાર્થ :– 'પરક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોના આકારે ચૈતન્યના આકારો થાય છે તેમને જો હું પોતાના કરીશ તો સ્વક્ષેત્રમાં જ રહેવાને બદલે પરક્ષેત્રમાં પણ વ્યાપી જઈશ' એમ માનીને અજ્ઞાની એકાંતવાદી પરક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોની સાથે સાથે ચૈતન્યના આકારોને પણ છોડી દે છે; એ રીતે પોતે ચૈતન્યના આકારો રહિત તુચ્છ થાય છે, નાશ પામે છે, સ્યાદ્વાદી તો સ્વક્ષેત્રમાં રહેતો, પરક્ષેત્રમાં પોતાની નાસ્તિતા જાણતો થકો, જ્ઞેય પદાર્થોને છોડતાં છતાં ચૈતન્યના આકારોને છોડતો નથી; માટે તે તુચ્છ થતો નથી, નાશ પામતો નથી.

આ પ્રમાણે પરક્ષેત્રની અપેક્ષાથી નાસ્તિત્વનો ભંગ કહ્યો. ૨૫૫.

## શ્લોક–૨૫૫ ઉપર પ્રવચન

स्वक्षेत्रस्थितये पृथग्विधपरक्षेत्रस्थितार्थोज्झनात्
तुच्छीभूय पशुः प्रणश्यति चिदाकारान् सहार्थैर्वमन्।
स्याद्वादी तु वसन् स्वधामनि परक्षेत्रे विदन्नास्तितां
त्यक्तार्थोऽपि न तुच्छतामनुभवत्याकारकर्षी परान्।।२५५।।

આહાહા..! 'પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની,...' આઠમો ભંગ. પરક્ષેત્રનું આવ્યું? ઝીણી વાત છે, પ્રભુ! આખા બાર અંગનો સાર છે. આ આત્મા અસંખ્ય પ્રદેશી પોતામાં છે. એ અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણ છે. તો એ પોતાના સ્વક્ષેત્રમાં છે. પરક્ષેત્રનું જ્ઞાન કરે છે એ પરક્ષેત્રનું જ્ઞાન નથી. પરક્ષેત્રનું જ્ઞાન પોતાની જ્ઞાનની પર્યાયમાં થાય છે તે પોતાનો સ્વભાવ છે. એ પરક્ષેત્રનું જાણવું નથી. પરક્ષેત્ર જ્ઞાનાકારમાં જણાયો એ જ્ઞાનની પોતાની પર્યાય છે. એ પરક્ષેત્ર જણાયું છે એમ નથી. આહાહા..! આવી વાતું છે, પ્રભુ! અરે..! આવો કાળ ક્યારે આવે? એ કહે છે. જુઓ!

'પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની,...' 'स्वक्षेत्रस्थितये' 'સ્વક્ષેત્રમાં રહેવા માટે જુદા જુદા પરક્ષેત્રમાં રહેલા...' પોતા સિવાય પરક્ષેત્રમાં ભગવાન સમવસરણમાં બિરાજે છે પણ એ પરક્ષેત્રમાં રહેલા 'જ્ઞેય પદાર્થોને છોડવાથી,...' શું કહે છે? પોતાના જ્ઞાન ક્ષેત્રમાં રહેવા માટે પરક્ષેત્રમાં રહેલાનું જે જ્ઞાન છે તે જ્ઞાનને છોડી દઉં તો હું સ્વક્ષેત્રમાં રહી શકું. આહાહા..! પ્રભુ! શાંતિથી સાંભળવું. ખ્યાલમાં છે. શેઠને ઘરેથી બેન આવ્યા છે બિચારા પણ આ ઝીણી વાત છે, બા! સાંભળે તો ખરા. આહાહા..! અમારે તો બધા માતા છે, બધા ભગવાન છે. ઝીણી વાત છે, ભાઈ!

અહીંયા શું કહે છે? કે, 'સ્વક્ષેત્રમાં રહેવા માટે...' અજ્ઞાની. પોતાના ક્ષેત્રમાં જે પરક્ષેત્રનું જ્ઞાન થાય છે એ જ્ઞાનને કાઢી નાખું તો હું સ્વક્ષેત્રમાં રહું. આહાહા..! આવો વીતરાગનો માર્ગ (છે). આહાહા..! અરે..! ભગવાન! તું તારા ક્ષેત્રમાં છે. તારા અસંખ્ય પ્રદેશના ક્ષેત્રમાં રહેવાથી પરક્ષેત્રનું જ્ઞેયાકાર પોતાના જ્ઞાનસ્વભાવને કારણે થાય છે પણ એ પરક્ષેત્રને કારણે નહિ. પરક્ષેત્રનું જ્ઞાન અહીંયા જ્ઞાનાકાર થવામાં સ્વક્ષેત્ર અને પરને જાણવાનો સ્વનો સ્વભાવ હોવાથી પરક્ષેત્રનું જાણવું થાય છે તે જાણવું પરક્ષેત્રનું નથી. એ પરક્ષેત્રનું જ્ઞાન થયું તે પોતાનું સ્વક્ષેત્રનું જ્ઞાન છે. પણ અજ્ઞાની એમ માને છે કે આ પરક્ષેત્રનું જ્ઞાન થયું તેને છોડી દઉં. એ પરક્ષેત્રની ચીજ છોડી દઉં. એ છોડી દેવામાં પરક્ષેત્રની જ્ઞાનાકાર પર્યાય થઈ તેને પણ છોડી દે છે. આવી વાતું, ભગવાન! આહાહા..! અરે..! એ કે દિ' મળે આહાહા..! ભાઈ!

'શ્રીમદ્' કહે છે, મનુષ્યનો એક સમય... આહાહા..! કૌસ્તુભમણિ કહ્યું ને? કૌસ્તુભ મણિની કરોડોની કિંમત. એની કિંમત આગળ આ મનુષ્યની એક સમયની કિંમત તો... આહાહા..! કૌસ્તુભમણિની કિંમત કાંઈ નથી. મનુષ્યનો એક સમય પ્રભુ! આહાહા..! એમાં પણ પોતાના ક્ષેત્રમાં રહેવા માટે અજ્ઞાની પરક્ષેત્રનું જે જ્ઞાન થાય છે તે પરક્ષેત્રનું જ્ઞાન, પરને છોડવાથી પરક્ષેત્રની જ્ઞાનની પર્યાય જે પોતામાં પોતાથી થાય છે તેને પણ છોડી દે છે. આહાહા..! હવે આવી વાત ઝીણી લાગે. શું થાય પ્રભુ!

અનંત કાળ થયો, અનંત અવતાર થયા. નિગોદના અનંત અવતાર, નરકના અનંત અવતાર. એક નરકના ક્ષણના દુઃખ... આહાહા..! પરમાત્મા વર્ણવે છે. પહેલી નરકની દસ હજાર વર્ષની સ્થિતિ, ઉત્કૃષ્ટ એક સાગરની સ્થિતિ. એવી તેંત્રીસ સાગરની સ્થિતિ સાતમી નરકે છે. દરેક સમયે દસ હજારની સ્થિતિએ અનંત વાર ઉપજ્યો. દસ હજાર અને એક સમયની સ્થિતિએ અનંત વાર ઉપજ્યો. એમ બે સમય, ત્રણ સમય, ચાર સમય કરતાં અંતર્મુહૂર્ત... દરેક સમયમાં અનંત વાર ઉપજ્યો. આહાહા..! અરે..! મિથ્યાત્વને લઈને. એ મિથ્યાત્વ બહુ સૂક્ષ્મ ચીજ છે, જે મિથ્યાત્વના ગર્ભમાં અનંતા નરક અને નિગોદના ભવ કરવાની તાકાત છે.

અહીં એ કહે છે કે, અજ્ઞાની પોતાના ક્ષેત્રમાં રહેવા માટે, પરક્ષેત્રનું જ્ઞાન તો પોતાનું છે પણ એ પરક્ષેત્રને છોડી, પરક્ષેત્ર સંબંધી જે પોતાનું જ્ઞાન પોતામાં પરક્ષેત્રનું થાય છે તેને પણ છોડી દે છે. સમજાય છે કાંઈ? પ્રભુ! પ્રભુ! તારા ઘરની વાત છે, ભાઈ! માતાઓ! આહાહા..! સૂક્ષ્મ વાત છે, ભગવાન! ભગવાન રહી ગયા મહાવિદેહમાં, એમની વાત રહી ગઈ ભરત ક્ષેત્રમાં. આહાહા..! શું કહ્યું સમજાણું?

'અજ્ઞાની, સ્વક્ષેત્રમાં રહેવા માટે જુદા જુદા પરક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોને છોડવાથી,...' જે જણાય છે તે ચીજ તો મારી નથી, એમ અજ્ઞાની છોડી દે છે. પણ 'જ્ઞેય પદાર્થોની સાથે ચૈતન્યના આકારોને પણ વમી નાખતો થકો...' આહાહા..! આ જ્ઞાનમાં પરક્ષેત્રનું જ્ઞાન પોતાથી થાય છે, પરક્ષેત્રનું જ્ઞાન થાય છે પોતાથી. એ પરક્ષેત્રને છોડી દેવાથી, પરક્ષેત્રનું જ્ઞાન જે પોતાનું જ્ઞાનાકાર જ્ઞાન પોતાથી થયું તેને પણ છોડી દે છે કે એ પરક્ષેત્રનું જ્ઞાન છે. અરે..! પ્રભુ! પરક્ષેત્ર સંબંધી તારું જ્ઞાન તારામાં છે. આહાહા..! આવી વાત છે, પ્રભુ! ખ્યાલ છે, પ્રભુ! સભા સાધારણ છે પણ આ વાત કદી લક્ષમાં લીધી નથી. આહાહા..!

હું મારા ક્ષેત્રમાં જ છું. મારા ક્ષેત્રમાં રહીને, અસંખ્ય પ્રદેશમાં રહીને મારા જ્ઞાન, આનંદ આદિ સ્વભાવ (છે). જ્ઞાન એ પરક્ષેત્રને જાણે છતાં પરક્ષેત્રરૂપ થતું નથી. પરક્ષેત્રનું જ્ઞાન જે થયું તે જ્ઞાન પરક્ષેત્રને કારણે થયું નથી. એ તો પોતાના સ્વપરપ્રકાશક જ્ઞાનને કારણે પરક્ષેત્રનું જ્ઞાનાકારરૂપ જ્ઞાન જે થાય છે, એ પોતાની પર્યાય છે. આહાહા..! શેઠ! આ કોઈ દિ' સાંભળ્યું નથી એવી વાત છે, બાપા! બહુ ઝીણી વાત. આહાહા..! અરે..! આવા ટાણા..

સ્વક્ષેત્રમાં રહેવા માટે અજ્ઞાની પરક્ષેત્રમાં રહેલા જ્ઞેયને છોડી દે છે પણ એ જ્ઞેય પદાર્થનું જ્ઞાન જે પોતાથી થયું તે જ્ઞેયાકાર જ્ઞાન પોતાનું છે. એ જ્ઞાનાકારને પણ છોડી દે છે કે આ પરક્ષેત્રનું જ્ઞાન છે. આ પરક્ષેત્રનું જ્ઞાન નથી. પ્રભુ! તારા જ્ઞાનમાં પરક્ષેત્ર સંબંધી જ્ઞાનાકાર થવા એ તો તારો સ્વભાવ છે. આહાહા..!

'જ્ઞેય પદાર્થોની સાથે ચૈતન્યના આકારોને...' જોયું? ચૈતન્યનો આકાર એટલે આત્મામાં પરક્ષેત્ર જણાય છે તે પોતાના ચૈતન્યનો આકાર છે, એ ચૈતન્યનું સ્વરૂપ છે. એ પરક્ષેત્રને કારણે નથી. અજ્ઞાની એ 'ચૈતન્યના આકારોને પણ વમી...' નાખે છે–છોડી દે છે. આહાહા..! '(અર્થાત્ જ્ઞેય પદાર્થોના નિમિત્તે ચૈતન્યમાં જે આકારે થાય છે...)' એટલે જ્ઞાનાકાર જ્ઞાન પરિણમે છે 'તેમને પણ છોડી દેતો થકો)' આહાહા..! પરક્ષેત્રથી આંખ મીચે છે, પરક્ષેત્રના જ્ઞાનની પર્યાયથી પણ આંખ મીચે છે. આહાહા..! આવી વાતું છે, પ્રભુ!

અરે..રે..! એક એક મૃત્યુ નાની ઉંમરના સાંભળીએ છીએ. પાંત્રીસ-પાંત્રીસ વર્ષ, ચાલીસ-ચાલીસ વર્ષના હાર્ટ ફેઈલ થઈ ગયું, આ થઈ ગયું. આજે કો'કની વાત આવી. કો'કની દીકરી છે ને? દીકરીના વરની 'હેમચંદભાઈ' ... મોટા ભાઈના દીકરાના દીકરા. ભુપેન્દ્ર ડાઈંગ અને પ્રીન્ટર્સ મુંબઈમાં મોટું છે. ચાર ભાઈ ભેગા હતા ત્યારે તો એક દિવસની પાંચ હજારની પેદાશ. મોટી દુકાન હતી. હવે છુટા પડી ગયા. એની દીકરીનો વર હમણા મરી ગયો. કો'ક અહીં કહેતું હતું. પાંત્રીસ વર્ષની નાની ઉંમર. ઓહોહો..! દેહની સ્થિતિ એટલી હતી. બાપુ! જે સમય જેટલો કાળ અહીંયા આત્માની રહેવાની યોગ્યતા છે તેટલો કાળ રહેશે. એ કર્મથી કે પરક્ષેત્રને કારણે નહિ. પોતાની લાયકાતથી રહે છે.

અહીં અજ્ઞાની પરને છોડે છે તો પરના જ્ઞાનાકારને પણ છોડી દે છે. એમાં 'તુચ્છ થઈને નાશ પામે છે;...' પોતાનો નાશ કરી દે છે. છે ને 'લાલચંદભાઈ'! શું કહ્યું? પોતાના જ્ઞાનમાં પરક્ષેત્રનું જ્ઞાન પોતાને કારણે થાય છે. પોતાનો સ્વભાવ સ્વપરપ્રકાશક હોવાથી પરક્ષેત્રને છોડી દઉં તો હું મારા સ્વક્ષેત્રમાં રહી શકીશ એમ જાણીને પરક્ષેત્રને તો છોડે છે પણ તેની સાથે પરક્ષેત્રના નિમિત્તે પોતામાં પરક્ષેત્રના જ્ઞાનાકાર થયા તેને પણ છોડી દે છે, વમી નાખે છે. (એમ કરતાં તે) તુચ્છ થયો. આત્મા આત્માપણે રહ્યો નહિ. આહાહા..! 'શાંતિભાઈ'! આવી વાત ક્યાં છે બાપા!

આ તો વચ્ચે મુસાફર છે. પચીસ ગાઉ જવું હોય... પહેલા તો ગાડા હતા ને? ગાડા અને એકા (હતા), ઘોડાગાડી પણ નહોતી. અમારે ગામથી બાર ગાઉ દૂર 'ગારિયાધાર' છે. અમારી બેન ત્યાં હતા. સવારે જઈએ. એકો હોય, એક જ બળદ હાંકે. સવારથી નીકળે તો સાંજે બાર ગાઉ પહોંચે. એવું તે દિ' હતું ને! રેલ નહિ, કાંઈ નહિ. આહાહા..! અત્યારે આટલા સાધન થઈ ગયા. તોપણ એ સાધન પોતાના નથી. આહાહા..! તેના ક્ષેત્રને છોડી દે છે કે એ મારું નહિ પણ અજ્ઞાની સાથે સાથે પરક્ષેત્રના જ્ઞાનાકાર પોતાને કારણે થયા

છે તો પરક્ષેત્રને છોડી દે છે અને પરક્ષેત્ર સંબંધી જ્ઞાનાકાર ચૈતન્યને પણ છોડી દે છે. પોતાના સ્વક્ષેત્રમાં રહેવા માટે આ(ને પણ) પરક્ષેત્ર માને છે. આહાહા..! સમજવું હજી કઠણ પડે. આહાહા..! છે? 'તુચ્છ થઈને નાશ પામે છે;...'

'અને સ્યાદ્‌વાદી...' ધર્મી. સ્યાદ્‌વાદી છે ને? સ્યાત્ એટલે અપેક્ષાએ જાણનાર. પરનું જ્ઞાન પણ છે એમ અપેક્ષાથી કહ્યું છે. એ પરનું જ્ઞાન નથી. સામે અગ્નિ છે તો અહીંયા અગ્નિનું જ્ઞાન થયું એ અગ્નિથી નહિ. એ અગ્નિથી નહિ. પોતાની પર્યાયમાં તે સમયે સ્વનું અને અગ્નિનું જ્ઞાન થવાની તાકાત હતી તો પોતાથી જ્ઞાન થયું છે, અગ્નિથી નહિ. આહાહા..! પણ અજ્ઞાની અગ્નિને છોડતી વખતે અગ્નિના જ્ઞાન, જ્ઞેયાકાર જ્ઞાનરૂપ પર્યાય પોતામાં થઈ તેને પણ છોડી દે છે અને આત્મા તુચ્છ થઈને પોતાનો નાશ કરે છે. આહાહા..! આવી વાત છે.

'સ્યાદ્‌વાદી તો સ્વક્ષેત્રમાં રહેતો,...' પોતાના ક્ષેત્રમાં રહેતો. પોતાનું ક્ષેત્ર કયું? અસંખ્ય પ્રદેશ. દેહથી ભિન્ન, રાગથી ભિન્ન અસંખ્ય પ્રદેશ. તેમાં રહેતો થકો 'પરક્ષેત્રમાં પોતાનું નાસ્તિત્વ જાણતો થકો,...' પરક્ષેત્રમાં પોતાનું તો નાસ્તિત્વ છે. પરક્ષેત્રથી હું નથી. આહાહા..! ચાહે તો સમ્મેદશીખર હોય કે ચાહે તો ગિરનાર કે શેત્રુંજય હોય, પરક્ષેત્રથી તો હું છું જ નહિ. ત્યાં સમ્મેદશીખરમાં દર્શન કર્યા એ પર્યાય પોતાની પોતાથી ઉત્પન્ન થાય છે. જોકે એ શુભભાવ છે પણ એ શુભભાવ બંધનું કારણ છે. પણ ધર્મીજીવ પરક્ષેત્રને તો દૃષ્ટિમાંથી છોડે છે પણ પરક્ષેત્રના જ્ઞાનની પર્યાયને પોતાની માનીને પોતામાં રાખે છે. પરક્ષેત્રના જ્ઞાનની પર્યાય પરક્ષેત્રને કારણે થઈ નથી, એ તો પોતાને કારણે થઈ છે. આહાહા..! આવો ઉપદેશ હવે. અરે..! જિંદગીમાં કરોડો રૂપિયા મહિનાની પેદાશ, વાણિયાને પાંચ-પાંચ કરોડની પેદાશ એક એક વર્ષની, એવા વાણિયા અત્યારે છે. આહાહા..! એથી શું થયું? પેદાશ, હોં! મૂડીની વાત નહિ. મૂડી તો અબજો રૂપિયા. આહાહા..! એ શું ચીજ છે?

પોતાની ચીજમાં એ ક્ષેત્ર જણાય છે તો એ ક્ષેત્રાકાર જે જ્ઞાન થયું તે પોતાની પર્યાય પોતાથી થઈ છે. અજ્ઞાની પરક્ષેત્રને છોડી પરક્ષેત્રની પોતાની જ્ઞાનની પર્યાય થઈ તેને પણ છોડી દે છે. જ્ઞાની 'પર પદાર્થોમાંથી ચૈતન્યના આકારોને ખેંચતો હોવાથી...' છે? 'પરક્ષેત્રમાં પોતાનું નાસ્તિત્વ જાણતો થકો, (પરક્ષેત્રમાં રહેલા) જ્ઞેય પદાર્થોને છોડતાં છતાં...' આહાહા..! જ્ઞાનમાં પરક્ષેત્ર જણાય છે એ પરક્ષેત્ર તો હું નથી, સમ્મેદશીખર, ગિરનાર, શેત્રુંજય તો હું નહિ. છે? 'પર પદાર્થોમાંથી ચૈતન્યના આકારોને ખેંચતો હોવાથી...' પર પદાર્થ સંબંધી પોતાનું જે જ્ઞાન થયું તે જ્ઞાનને ખેંચે છે, પરથી દૂર ખેંચે છે અને પોતામાં રાખે છે. આહાહા..! આવી વાત માખણ છે. વીતરાગ ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર 'સીમંધરસ્વામી' ભગવાન બિરાજે છે તેમનું આ તત્ત્વ માખણ છે. આહાહા..! ત્યાંથી આ વાત આવી છે. અહીંયા આવીને મુનિરાજે બનાવ્યું. આ તો 'અમૃતચંદ્રાચાર્ય', ભલે ભગવાન પાસે ગયા નહોતા પણ

આ ભગવાન પાસે અંદરમાં ગયા હતા. આહાહા..!

કહે છે કે, ધર્મીજીવ પર પદાર્થોમાંથી ચૈતન્યના આકારોને ખેંચે છે. પર પદાર્થ સંબંધી ચૈતન્યના આકાર થાય તે તો પોતાનો છે. એ પરક્ષેત્ર સંબંધી પરને અને સ્વને જાણવાનો મારો સ્વભાવ છે એ તો મારો છે. એ પરને જાણવાની પર્યાય પોતામાં ખેંચીને રાખે છે અને સ્વક્ષેત્રમાં રહે છે. આહાહા..! આવી વાત ઝીણી પડે, પણ બાપુ! મૂળ તત્ત્વ આ રહી ગયું છે. અનંતકાળ ગયો. સાધુ થયો, અગિયાર અંગ ભણ્યો, પંચમહાવ્રતની ક્રિયા કરી, નગ્ન મુનિ (થયો), એકલો જંગલમાં (રહ્યો). એ શું છે?

અંદરમાં ચૈતન્ય ભગવાન.. અહીંયા તો કહે છે કે, રાગ આવ્યો એ રાગ સંબંધી જ્ઞાનાકાર જ્ઞાન થયું એ પોતાથી થયું છે. એ રાગને છોડે છે પણ રાગ સંબંધી પોતાનું જ્ઞાન છે તેને નથી છોડતા. એ ભાવમાં આવશે. સમજાય છે કાંઈ? અહીં તો ક્ષેત્રની વાત છે. '(જ્ઞેય પદાર્થોના નિમિત્તે થતા ચૈતન્યના આકારોને છોડતો નહિ હોવાથી) તુચ્છતા પામતો નથી.' આત્મા ચૈતન્ય સ્વભાવથી રહિત થતો નથી. પરક્ષેત્રનું જ્ઞાન પોતાનું છે. પરક્ષેત્રને છોડું છું પણ પરક્ષેત્ર સંબંધી મારું જ્ઞાન થયું તેને છોડતો નથી તેથી તુચ્છ થતો નથી. પોતાના અસ્તિત્વમાં પોતાના આનંદમાં રહે છે. આહાહા..! ગમે તે પરક્ષેત્રમાં હો પણ એ પોતાના ક્ષેત્રમાં આનંદમાં રહે છે. તેનું નામ ધર્મી છે. આહાહા..! આવી વાત હવે ક્યાં?

ભાવાર્થ :– 'પરક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોના આકારે ચૈતન્યના આકાર થાય છે...' એ પરક્ષેત્ર જે છે તે પ્રમાણે ચૈતન્યમાં જ્ઞાન થાય છે. 'તેમને જો હું પોતાના કરીશ...' અજ્ઞાની (આમ માને છે) 'સ્વક્ષેત્રમાં જ રહેવાને બદલે પરક્ષેત્રમાં પણ વ્યાપી જઈશ' એમ અજ્ઞાની માને છે. પરનું જ્ઞાન કરવાથી, હું પરનું જ્ઞાન કરીશ તો હું પોતામાં રહી શકીશ નહિ. માટે પરનું જ્ઞાન છોડી દઉં. પણ પરનું જ્ઞાન એ જ્ઞાન તો તારી ચીજ છે. આહાહા..! 'ધીરૂભાઈ'! આવી વાતું છે. આહાહા..!

એક તો અહીં સાંભળવા આવવું મુશ્કેલ છે, આવે તો આવી વાતું પાછી. આહાહા..! ક્યાંય આમાં મગજ કામ કરે નહિ. આખો દિ' દુનિયાના વેપાર, ધંધા.. આહાહા..! બાયડીને આખો દિ' છોકરા, છોડીયું ને સાચવવા, રાંધવું.. આહાહા..! અહીં તો કહે છે, એ કંઈ કરી શકતો નથી પણ એ પરક્ષેત્ર મકાન, બંગલા છે તે પરક્ષેત્રમાં આત્મા છે જ નહિ. એ પરક્ષેત્રને તો જ્ઞાની છોડે છે કે એ તો હું નહિ પણ પરક્ષેત્ર સંબંધી પોતાનું જ્ઞાન છે એમાં હું છું. એ તો મારું જ્ઞાન છે. પોતાના જ્ઞાનમાં રહેવાથી પોતાની સ્થિતિને છોડતા નથી. આહાહા..!

અજ્ઞાની 'સ્વક્ષેત્રમાં જ રહેવાને બદલે પરક્ષેત્રમાં જ વ્યાપી જઈશ એમ માનીને અજ્ઞાની એકાંતવાદી પરક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોની સાથે...' પરક્ષેત્રમાં જે ભગવાન આદિ રહ્યા હોય તેને છોડે છે 'સાથે સાથે ચૈતન્યના આકારોને પણ છોડી દે છે;...' પોતાના ચૈતન્યમાં પરક્ષેત્રનું

જાણવું પોતાથી છે તેને પણ છોડી દે છે. આ વાંચે ક્યાં અને સમજે ક્યાં? વાંચ્યું છે કે નહિ કોઈ દિ'? આહાહા..! મોટો ઝવેરી છે. આહાહા..! 'આ રીતે પોતે ચૈતન્યના આકારો રહિત તુચ્છ થાય છે, નાશ પામે છે.'

'સ્યાદ્વાદી...' જ્ઞાની 'તો સ્વક્ષેત્રમાં રહેતો, પરક્ષેત્રમાં પોતાની નાસ્તિતા જાણતો થકો,...' હું પરક્ષેત્રથી નથી. પરક્ષેત્ર સંબંધી મારું જ્ઞાન છે છતાં મારું જ્ઞાન પરક્ષેત્રથી નથી. આહાહા..! સામે પુસ્તક છે કે નહિ? 'પરક્ષેત્રમાં પોતાની નાસ્તિતા જાણતો થકો, જ્ઞેય પદાર્થોને છોડતાં છતાં...' જ્ઞાનમાં જ્ઞેય.. આહાહા..! ભગવાન જ્યાં બિરાજે છે અને ભગવાન જ્યાંથી મોક્ષ પધાર્યા એ ક્ષેત્રને જ્ઞાનમાં છોડવા છતાં એ સંબંધી પોતાના જ્ઞાનની પર્યાય થઈ તેને છોડતો નથી. આહાહા..! ધીમે ધીમે શાંતિથી (સમજવું). આ તો અલૌકિક વાતું છે, બાપુ! અનંત કાળમાં લોકો રાજી કેમ થાય એવા ઉપદેશ મળે, એવા શાસ્ત્રો બનાવે. મૂળ વાત રહી ગઈ. આહાહા..! 'ચૈતન્યના આકારોને છોડતો નથી, માટે તે તુચ્છ થતો નથી, નાશ પામતો નથી. આ પ્રમાણે પરક્ષેત્રની અપેક્ષાથી નાસ્તિત્વનો ભંગ કહ્યો.' હું પરક્ષેત્રથી નથી. પહેલા સાતમામાં સ્વક્ષેત્રથી છું એમ કહ્યું, આમાં આઠમા ભંગમાં પરક્ષેત્રથી નથી (એમ કહ્યું). (હવે) નવમો. આહાહા..!

## શ્લોક-૨૫૬

(शार्दूलविक्रीडित)

पूर्वालम्बितबोध्यनाशसमये ज्ञानस्य नाशं विदन्
सीदत्येव न किञ्चनापि कलयन्नत्यन्ततुच्छः पशुः।
अस्तित्वं निजकालतोऽस्य कलयन स्याद्वादवेदी पुनः
पूर्णस्तिष्ठति बाह्यवस्तुषु मुहुर्भूत्वा विनश्यत्स्वपि।।२५६।।

(હવે નવમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :–)

શ્લોકાર્થ :– [ पशुः ] પશુ અર્થાત્ એકાંતવાદી અજ્ઞાની, [ पूर्व-आलम्बित-बोध्य-नाश-समये ज्ञानस्य नाशं विदन् ] પૂર્વાલંબિત જ્ઞેય પદાર્થોના નાશ સમયે જ્ઞાનનો પણ નાશ જાણતો થકો, [ न किञ्चन अपि कलयन् ] એ રીતે જ્ઞાનને કાંઈ પણ (વસ્તુ) નહિ જાણતો થકો (અર્થાત્ જ્ઞાનવસ્તુનું અસ્તિત્વ જ નહિ માનતો થકો), [ अत्यन्त-तुच्छः ] અત્યંત તુચ્છ થયો થકો [ सीदति एव ] નાશ પામે છે; [ स्याद्वादवेदी पुनः ] અને સ્યાદ્વાદનો

જાણનાર તો [ अस्य निज-कालतः अस्तित्वं कलयन् ] આત્માનું નિજ કાળથી અસ્તિત્વ જાણતો થકો, [ बाह्यवस्तुषु मुहुः भूत्वा विनश्यत्सु अपि ] બાહ્ય વસ્તુઓ વારંવાર થઈને નાશ પામતાં છતાં પણ, [ पूर्णः तिष्ठति ] પોતે પૂર્ણ રહે છે.

ભાવાર્થ :– પહેલાં જે જ્ઞેય પદાર્થો જાણ્યા હતા તે ઉત્તર કાળમાં નાશ પામી ગયા; તેમને દેખી એકાંતવાદી પોતાના જ્ઞાનનો પણ નાશ માની અજ્ઞાની થયો થકો આત્માનો નાશ કરે છે. સ્યાદ્વાદી તો, જ્ઞેય પદાર્થો નષ્ટ થતાં પણ, પોતાનું અસ્તિત્વ પોતાના કાળથી જ માનતો થકો નષ્ટ થતો નથી.

આ પ્રમાણે સ્વકાળ-અપેક્ષાથી અસ્તિત્વનો ભંગ કહ્યો. ૨૫૬.

## શ્લોક–૨૫૬ ઉપર પ્રવચન

पूर्वालम्बितबोध्यनाशसमये ज्ञानस्य नाशं विदन्
सीदत्येव न किञ्चनापि कलयन्नत्यन्ततुच्छः पशुः।
अस्तित्वं निजकालतोऽस्य कलयन स्याद्वादवेदी पुनः
पूर्णस्तिष्ठति बाह्यवस्तुषु मुहुर्भूत्वा विनश्यत्स्वपि।।२५६।।

શ્લોકાર્થ :– 'પશુ અર્થાત્ એકાંતવાદી અજ્ઞાની,...' એકને જ જોનારો. 'પૂર્વાલંબિત જ્ઞેય પદાર્થોના નાશ સમયે...' શું કહે છે હવે? જ્ઞાનમાં પરપદાર્થની અવસ્થા જાણવામાં આવી. પરપદાર્થની અવસ્થા વર્તમાન જ્ઞાનમાં જણાઈ. એ પરપદાર્થની અવસ્થા જ્યાં બદલાઈ ગઈ તો મારું જ્ઞાન પણ તેને કારણે બદલાઈ ગયું, એમ માને છે. આહાહા..! 'પૂર્વાલંબિત જ્ઞેય પદાર્થોના નાશ સમયે...' જ્ઞાનમાં પૂર્વે જે પદાર્થ જણાયો હતો તે બદલાઈ ગયો તેમાં જ્ઞાનનો પણ નાશ જાણતો થકો. અરે..! હું જાણનારો તેને હું જાણતો હતો. એનો નાશ થયો તો મારો પણ નાશ થઈ ગયો, એમ અજ્ઞાની માને છે. આ કાળની વાત છે. પહેલા દ્રવ્ય, ક્ષેત્રની વાત કહી હતી. આહાહા..! સંતોએ કરુણા કરીને આવી વાત ભરતક્ષેત્રમાં વહેતી મુકી છે. એ પ્રવાહ પીનારા પી લે છે. આહાહા..! બાકી તુચ્છ થઈને ચાલ્યા જાય છે. આહાહા..!

અહીંયા કહે છે, પૂર્વે જ્ઞાનમાં જે જ્ઞેય પદાર્થનો ખ્યાલ આવ્યો હતો તે પરપદાર્થની પર્યાય પલટી ગઈ, તેના નાશને સમયે 'જ્ઞાનનો પણ નાશ જાણતો થકો,...' જ્ઞાનની પર્યાયમાં જેમ કે ભગવાન જોયા. એ ભગવાન જોવાની પર્યાય છૂટી ગઈ. ત્યાંથી ચાલ્યા ગયા તો ભગવાન છૂટી ગયા, તો એ સંબંધી જ્ઞાનની પર્યાય પણ છૂટી જાય છે એમ માને છે. પણ એ પર્યાય તો પોતાની હતી. એ ભગવાનને જોવાથી જ્ઞાનની પર્યાય થઈ છે એમ નથી. આહાહા..! અને એ જ્ઞાનની પર્યાય બદલી ગઈ એ તો પોતાના સ્વકાળને કારણે બદલી

ગઈ, પરને કારણે નહિ. આહાહા..!

સ્વકાળ. હું ત્રિકાળ મારું સ્વરૂપ અનંત આનંદ આદિ છું. એ પરકાળમાં પર અવલંબન જે ખ્યાલમાં આવે છે તે ચીજ પલટી જાય છે તે સમયે પણ હું તો ત્રિકાળી જ્ઞાયક છું એમ જ્ઞાની જાણે છે. આહાહા..! અજ્ઞાની પરનું અવલંબન લે છે તો એ પરનો નાશ થતાં મારો પણ નાશ થઈ ગયો (એમ માને છે). આહાહા..!

અરીસામાં જેમ અગ્નિ દેખાય છે અને અગ્નિ નીકળી ગઈ તો ત્યાંની પર્યાય પણ નીકળી ગઈ. એથી જાણે અરીસાની પર્યાય પણ અગ્નિ ગઈ તો ગઈ, પણ એ તો અરીસાની પર્યાય હતી. એ અરીસાની પર્યાય પલટીને બીજી પર્યાય પોતામાં થઈ. એમ આત્મામાં પોતાના જ્ઞાનમાં પરપદાર્થનો કાળ જણાય છે એ પોતાની પર્યાય છે. પરપદાર્થનો નાશ થયો તો પોતાની પર્યાયનો નાશ થતો નથી. અને બદલાય છે તો પોતાની પર્યાયને કારણે બદલે છે. આહાહા..! પરપદાર્થ બદલાઈ ગયો માટે પોતાની પર્યાય બદલી ગઈ એમ નથી. અરે..રે..! આવી વાત.

'પૂર્વાલંબિત જ્ઞેય પદાર્થોના નાશ સમયે જ્ઞાનનો પણ નાશ જાણતો થકો,...' આહાહા...! જે સમયે પરપદાર્થનું જ્ઞાન હતું તે પરપદાર્થથી મને જ્ઞાન થયું તે સ્વકાળ, પરના કાળથી પોતામાં સ્વકાળ માને છે. એમ માનીને પોતાની જ્ઞાનની પર્યાયને નાશ કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાત છે, પ્રભુ! આહાહા..! એકલું માખણ (છે). જૈનદર્શનનું પેટ છે. અનંત તીર્થંકરોના હૃદય છે, અનંત તીર્થંકરોના હૃદય! આહાહા..!

'આ રીતે જ્ઞાનને કાંઈ પણ (વસ્તુ) નહિ જાણતો થકો (અર્થાત્ જ્ઞાનવસ્તુનું અસ્તિત્વ જ નહિ માનતો થકો),...' મારાજ્ઞાનમાં પરકાળને જાણવાની શક્તિ મારાથી છે. પરકાળ બદલાઈ ગયો તો હું બદલાઈ ગયો ભલે પણ એ બદલાઈ ગયો પણ મારી પર્યાય મારે કારણે બદલી છે. એ પરવસ્તુ બદલી ગઈ માટે મારી પર્યાય બદલાણી એમ નથી. આહાહા..! અમૃત વરસે છે ભગવાનના! આહાહા..! કદી કર્યું નથી એટલે કઠણ લાગે. માતા, બ્હેનું નાની ઉંમરની હોય, વૃદ્ધ હોય, બહુ ભણ્યા-ગણ્યા ન હોય એને આવી વાતું (કઠણ લાગે). બેન! માતા! તમે તો ભગવાન છો ને! આહાહા..!

તારા જ્ઞાનમાં વર્તમાન કાળમાં જે ચીજ છે એ જણાય છે તે જ્ઞાન પોતાનું છે પણ અજ્ઞાનીને એમ લાગે છે કે એ વસ્તુ છે તો મને જ્ઞાન થયું. એ વસ્તુ છે તો મને વસ્તુનું જ્ઞાન થાય છે. જ્ઞાની એમ જાણે છે... જુઓ! આવ્યું? 'એ રીતે જ્ઞાનને કાંઈ પણ નહિ જાણતો થકો અત્યંત તુચ્છ થયો થકો...' જ્ઞાનની પર્યાયમાં પરને જાણે છે, કાળ.. કાળ.. સમય, એ સમયની અવસ્થા બદલી ગઈ તો હું પણ આખો બદલાઈ ગયો એમ અજ્ઞાની માને છે. તેની દૃષ્ટિ પર ઉપર છે. પોતાનું જ્ઞાયક સ્વરૂપ ત્રિકાળ છે તો મારી પર્યાયમાં એ સંબંધીનું જ્ઞાન હતું તો બીજે સમયે બીજા સંબંધીનું મારું જ્ઞાન હતું. એનો નાશ થયો તો મારી પર્યાયનો નાશ થઈ ગયો, એમ નથી. ભગવાન! શાંતિથી સાંભળવું. આકરી વાત

છે, બધો ખ્યાલ છે. આહાહા..! અને એની એ વાત જાણે આવતી હોય એમ લાગે પણ એમ નથી. પહેલા દ્રવ્યની વાત હતી, પછી ક્ષેત્રની હતી, હવે આ કાળની વાત છે, પછી ભાવની વાત આવશે. આહાહા..!

'એ રીતે જ્ઞાનને કાંઈ પણ નહિ જાણતો થકો (અર્થાત્ જ્ઞાનવસ્તુનું અસ્તિત્વ જ નહિ માનતો થકો), અત્યંત તુચ્છ થયો થકો નાશ પામે છે;...' આત્માનો જ નાશ કરી નાખે છે. પરની અવસ્થા જાણવામાં પરની અવસ્થા પલટે છે તો પોતાનો પણ નાશ થઈ ગયો એમ માને છે પણ એ પોતાની પર્યાયનો કાળ જ પરને જાણવાનો હતો અને સ્વને જાણવાનો હતો તે જ પર્યાય પલટીને બીજે સમયે ઉત્પાદ ઉત્પાદની અપેક્ષાથી થયો છે. આહાહા..! એ પરકાળનું લક્ષ છે, અવલંબન છે તો અહીંયા જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એમ નથી. પોતાની જ્ઞાનની પર્યાયનો ઉત્પાદ, પરને અને સ્વને જાણતી ઉત્પન્ન થાય છે. પરની અપેક્ષાથી જાણે છે એમ નથી. આહાહા..! અરે..રે..! આવી વાત બહારમાં ન આવે પછી... અહીં તો ઘણા પુસ્તક છપાઈ ગયા છે. ત્રીસ લાખ પુસ્તક તો છપાઈ ગયા છે. અને સાત લાખ રૂપિયાના 'મુંબઈ' થી છપાવાના છે. બે પુસ્તક આવ્યા છે હજી ઘણા આવશે. પણ વાંચનારને પોતાની દૃષ્ટિ બરાબર નિર્મળ ન હોય તો વાંચે કાંઈક અને ગડબડ બોલાવે. આહાહા..!

સ્યાદ્વાદી ધર્મીજીવ.. છે? 'સ્યાદ્વાદનો જાણનાર...' અપેક્ષાથી જાણનાર. પરના કાળને હું જાણું છું પણ પરને કારણે નહિ, મારે કારણે હું મને જાણું છું. પરકાળ બદલાવા છતાં હું પરને કારણે બદલાઈ ગયો એમ નથી. આવી વાત હવે. પેલી તો સીધી વાત હતી. એકેન્દ્રિયની દયા પાળવી, વ્રત પાળવા, ભક્તિ કરવી, પૂજા કરવી, મંદિર બનાવવા, ગજરથ કાઢવા. આહાહા..! રાગ અને પુણ્ય છે. આહાહા..!

ધર્મીજીવ જ્ઞાતા તો 'આત્માનું નિજ કાળથી અસ્તિત્વ જાણતો થકો,...' ૨૫૨ કળશમાં લીધું હતું કે પરને કારણે તો મારી પર્યાય છે નહિ પણ પોતાની જે સ્વકાળની પર્યાય છે એ પણ ત્રિકાળની અપેક્ષાએ તો પરકાળ છે. આહાહા..! ૨૫૨ કળશમાં બતાવ્યું હતું. પરનું જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાને કારણે થાય છે એ સ્વકાળ. પણ એ સ્વકાળ પણ ત્રિકાળની અપેક્ષાએ પરકાળ છે. આહાહા..! શું કહ્યું? પોતાની જ્ઞાનની પર્યાયમાં જે પરની અવસ્થા જણાય છે તે પોતાની પર્યાય સ્વકાળ છે અને પરકાળ–અવસ્થા જે છે તેની તેમાં નાસ્તિ છે તેને સ્વકાળ કહ્યો. પણ તેનાથી પણ આગળ જઈને ભગવાને તો એમ લીધું કે, પરને જાણવાની તારી જે પર્યાય છે તે પર્યાય પણ પરકાળ છે. એક સમયની અવસ્થા છે અને સ્વકાળ તો ત્રિકાળી વસ્તુ તે સ્વકાળ છે. આહાહા..! આવી વાત છે, પ્રભુ! કાને તો પડે.

અરે..! જાવું છે ક્યાં? આહાહા..! કોઈ શરણ નથી. ચોરાશીના અવતારમાં ક્યાંય નજર નાખ્યે કોઈ મદદ કરે, સહાય કરે એવી કોઈ ચીજ નથી. તારું શરણ તારામાં છે. આહાહા...! અરહંતા શરણં, સિદ્ધા શરણં એમ માંગલિકમાં જે કહ્યું તે પણ વ્યવહારની વાત છે, પ્રભુ!

એ તો શુભભાવની વાત છે. આહાહા..! તેનાથી પણ ભિન્ન પોતાના કાળમાં ભગવાનની પર્યાયને જાણી, ભગવાનનું લક્ષ છોડી દીધું તો જે જ્ઞાનની પર્યાય છે તેને પણ છોડી દે છે. પણ અહીંયા જ્ઞાની તો કહે છે કે, એ તો પોતાના જ્ઞાનની પર્યાય હતી. પરને, ભગવાનને જાણ્યા તે મારી જ્ઞાનની પર્યાય હતી. પોતાની પર્યાય પણ પોતાના સ્વકાળથી ત્રિકાળથી ઉત્પન્ન થાય છે. એ કંઈ પરને કારણે ઉત્પન્ન થઈ નથી. એમ જાણીને 'આત્માનું નિજ કાળથી અસ્તિત્વ જાણતો થકો,...' આહાહા..! છે?

'બાહ્ય વસ્તુઓ વારંવાર થઈને નાશ પામતાં છતાં...' બાહ્ય વસ્તુ તો સમયે સમયે પલટે છે. 'છતાં પણ...' 'पूर्णः तिष्ठति' 'પોતે પૂર્ણ રહે છે.' બાહ્ય ચીજ પલટી અને મારી જ્ઞાનની પર્યાય પલટી તો મારો નાશ થઈ ગયો એમ નથી. હું તો જ્ઞાનાનંદ સહજાનંદ પૂર્ણ છું એમ પોતાના સ્વકાળમાં ત્રિકાળને પોતાનું માનીને અને પોતાની પર્યાય પોતાથી ત્રિકાળથી, ત્રિકાળીના અવલંબનથી ઉત્પન્ન થઈ છે, પરના અવલંબને ઉત્પન્ન થઈ નથી (એમ જ્ઞાની જાણે છે). આહાહા..! છે?

'બાહ્ય વસ્તુઓ વારંવાર થઈને નાશ પામતાં છતાં પણ,...' ધર્મી તો 'પોતે પૂર્ણ રહે છે.' મારામાં પરને કારણે કોઈ નાશ થતો નથી. આહાહા..! અરે..રે...! કોઈ દિ' સાંભળ્યું ન હોય, જિંદગીમાં વાંચન કર્યું હોય તો બહારમાં આ કર્યું ને આ કર્યું ને આ કર્યું ને આ કર્યું.. કોણ કરે પ્રભુ! એક રજકણ પણ ફેરવવાની આત્માની તાકાત નથી. એ રજકણ સંબંધી કાળનું જ્ઞાન પણ પોતાનું જ્ઞાન છે એ પરને કારણે રજકણનું જ્ઞાન થયું નથી. આહાહા..! સૂક્ષ્મ લાગે પણ પ્રભુ! વાત તો તારા ઘરની છે. આહાહા..! તારા ઘરની વાત છે. સ્વયં પૂર્ણ (રહે છે).

ભાવાર્થ :- 'પહેલાં જે જ્ઞેય પદાર્થો જાણ્યા હતા...' પહેલા જે જ્ઞેય પદાર્થોને જાણ્યા હતા 'તે ઉત્તર કાળમાં નાશ પામી ગયા;...' પર્યાય બદલી ગઈ. 'તેમને દેખી એકાંતવાદી પોતાના જ્ઞાનનો પણ નાશ માની...' છે ભાવાર્થ? આહાહા..! અરે..! સંતો આવા નિધાન મુકી ગયા. એના પિતા વારસો મુકી ગયા હોય... આહાહા..!

એક વાર એવું બન્યું હતું, 'હરજીવનદાસ' માસ્તર હતા, 'નાગનેશ'માં. ઘણા વર્ષ પહેલા ગુજરી ગયા. એ પરણ્યા નહોતા, સ્ત્રી નહોતી. એમના ભાઈ હતા, એ જ્યાં ગુજરી ગયા તો એમની પાસે જે પૈસા હતા અને ચાવી હતી તેના દીકરાએ ન લેતા ભાઈએ લઈ લીધી. આ બનેલી વાત છે. 'હરજીવન' માસ્તર બહુ પ્રસિદ્ધ હતા, જૈન શાળા ભણાવતા હતા. ઘણા વર્ષ થયા. એમની સાથે પણ ઘણી ચર્ચા થઈ હતી. એ જ્યારે ગુજરી ગયા ત્યારે એમની પાસે જે ચાવી હતી તે તેનો દીકરો ન લઈ લે માટે તેના નાના ભાઈએ ચાવી એકદમ લઈ લીધી. હજી મડદું પડ્યું છે. આહાહા..! જુઓ! આ સંસાર. આહાહા..! પછી તો ભાગ થોડા પાડ્યા, થોડું થોડું આપ્યું. પણ એના નાના ભાઈએ કહ્યું, મારો ભાઈ છે ને! મારા

ભાઈની મૂડી છે ને તો હું મૂડીનો હકદાર છું, દીકરો પછી. અહીં તો કહે છે કે, કોઈનો હકદાર નથી. આહાહા..! એ મૂડીની જે પર્યાય છે તે પર્યાયનું જ્ઞાન અહીંયા થાય છે તે જ્ઞાન પોતાનું છે, એ મૂડીનું જ્ઞાન નથી. અને મૂડી પલટે છે તો પોતાની પર્યાય પલટે છે તે પોતાના સ્વભાવનું લક્ષ છે એ લક્ષે પર્યાય પલટે છે, પરને લક્ષે પર્યાય પલટે છે એમ નથી. આ કાળની વાત ચાલે છે.

'ઉત્તર કાળમાં નાશ પામી ગયા; તેમને દેખી એકાંતવાદી પોતાના જ્ઞાનનો પણ નાશ માની અજ્ઞાની થયો થકો આત્માનો નાશ કરે છે. સ્યાદ્વાદી તો, જ્ઞેય પદાર્થો નષ્ટ થતાં પણ, પોતાનું અસ્તિત્વ પોતાના કાળથી જ માનતો થકો નષ્ટ થતો નથી.' પોતાનું અસ્તિત્વ તો પોતાના કાળથી પોતાની પર્યાયથી છે, હું ત્રિકાળી છું. તેને આશ્રયે પર્યાય થાય છે તેનું અસ્તિત્વ મારામાં છે. પરકાળને કારણે અને પરદ્રવ્યની પર્યાયને કારણે અહીંયા પર્યાય થાય છે એમ ધર્મીજીવ માનતા નથી. આહાહા..! 'આ પ્રમાણે સ્વકાળ-અપેક્ષાથી અસ્તિત્વનો ભંગ કહ્યો.' સ્વકાળ. સ્વકાળ કોને કહ્યું? પર્યાયને અથવા ત્રિકાળી ચીજને. ત્રિકાળી ચીજને સ્વકાળ કહ્યું અને વર્તમાન પર્યાયને પણ પરની અપેક્ષાએ સ્વકાળ કહી. સ્વની અપેક્ષાએ પરકાળ. આહાહા..! ગજબ વાત છે. શું કહ્યું?

ફરીને, ભગવાન આત્મા તો ત્રિકાળી છે તે તેનો સ્વકાળ છે. સ્વકાળ એટલે પોતાની મર્યાદામાં તે છે. અને પરકાળથી જે જ્ઞાન થયું તે પોતાની પર્યાયમાં પોતાથી છે તો પરની અપેક્ષાએ (સ્વકાળ થયું), એ જ્ઞાનની પર્યાય પોતાની પર્યાયમાં સ્વકાળથી થઈ છે પણ એ સ્વકાળ છે તે પરકાળની અપેક્ષાએ સ્વકાળ છે અને ત્રિકાળની અપેક્ષાથી તે પર્યાયનો કાળ પણ પરકાળ છે. આહાહા..! પરને જાણવાની વાત તો છે જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! એ ભંગ પૂરો થયો. દસમો ભંગ. ૨૫૭ કળશ ને?

## શ્લોક–૨૫૭

(शार्दूलविक्रीडित)

अर्थालम्बनकाल एव कलयन् ज्ञानस्य सत्त्वं बहि
र्ज्ञेयालम्बनलालसेन मनसा भ्राम्यन् पशुर्नश्यति।
नास्तित्वं परकालतोऽस्य कलयन् स्याद्वादवेदी पुन-
स्तिष्ठत्यात्मनिखातनित्यसहजज्ञानैकपुञ्जीभवन्।।२५७।।

(હવે દસમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :-)

શ્લોકાર્થ :- [ पशुः ] પશુ અર્થાત્ અજ્ઞાની એકાંતવાદી, [ अर्थ-आलम्बन-काले एव ज्ञानस्य सत्त्वं कलयन् ] જ્ઞેય પદાર્થોના આલંબન કાળે જ જ્ઞાનનું અસ્તિત્વ જાણતો થકો, [ बहिः-ज्ञेय-आलम्बन-लालसेन मनसा भ्राम्यन् ] બાહ્ય જ્ઞેયોના આલંબનની લાલસાવાળા ચિત્તથી (બહાર) ભમતો થકો [ नश्यति ] નાશ પામે છે; [ स्याद्वादवेदी पुनः ] અને સ્યાદ્વાદનો જાણનાર તો [ पर-कालतः अस्य नास्तित्वं कलयन् ] પરકાળથી આત્માનું નાસ્તિત્વ જાણતો થકો, [ आत्म-निखात-नित्य-सहज-ज्ञान-एक-पुञ्जीभवन् ] આત્મામાં દૃઢપણે રહેલા નિત્ય સહજ જ્ઞાનના એક પુંજરૂપ વર્તતો થકો [ तिष्ठति ] ટકે છે-નષ્ટ થતો નથી.

ભાવાર્થ :- એકાંતી જ્ઞેયોના આલંબનકાળે જ જ્ઞાનનું સત્પણું જાણે છે તેથી જ્ઞેયોના આલંબનમાં મનને જોડી બહાર ભમતો થકો નષ્ટ થાય છે. સ્યાદ્વાદી તો પર જ્ઞેયોના કાળથી પોતાનું નાસ્તિત્વ જાણે છે, પોતાના જ કાળથી પોતાનું અસ્તિત્વ જાણે છે; તેથી જ્ઞેયોથી જુદા એવા જ્ઞાનના પુંજરૂપ વર્તતો થકો નષ્ટ થતો નથી.

આ પ્રમાણે પરકાળ-અપેક્ષાએ નાસ્તિત્વનો ભંગ કહ્યો. ૨૫૭.

## શ્લોક-૨૫૭ ઉપર પ્રવચન

अर्थालम्बनकाल एव कलयन् ज्ञानस्य सत्त्वं बहि
र्ज्ञेयालम्बनलालसेन मनसा भ्राम्यन् पशुर्नश्यति।
नास्तित्वं परकालतोऽस्य कलयन् स्याद्वादवेदी पुन-
स्तिष्ठत्यात्मनिखातनित्यसहजज्ञानैकपुञ्जीभवन्।।२५७।।

શ્લોકાર્થ :- 'પશુ અર્થાત્ અજ્ઞાની એકાંતવાદી, જ્ઞેય પદાર્થોના આલંબન કાળે જ જ્ઞાનનું અસ્તિત્વ જાણતો થકો,...' પરપદાર્થનો ખ્યાલ આવ્યો ત્યાં સુધી હું છું, પરપદાર્થનો નાશ થાય છે તો મારો પણ નાશ થાય છે એમ માને છે. આહાહા..! મારું ક્ષેત્ર, મારો કાળ, મારો ભાવ.. આહાહા..! બધી ચીજની પર્યાયને જાણે છે તે જાણવાના કાળમાં 'જ્ઞેય પદાર્થોના આલંબન કાળે જ જ્ઞાનનું અસ્તિત્વ જાણતો થકો,...' અજ્ઞાની 'બાહ્ય જ્ઞેયોના આલંબનની લાલસાવાળા ચિત્તથી...' બાહ્ય જ્ઞેયને પકડવાની લાલસાવાળો અજ્ઞાની '(બહાર) ભમતો થકો...' બાહ્યમાં ભ્રમણ કરે છે. આને જાણ્યું, આને જાણ્યું, આને જાણ્યું, આને જાણ્યું. આહાહા..!

'નાશ પામે છે,...' પોતાના અસ્તિત્વનો-હયાતીનો (નાશ કરે છે). હું તો મારાથી જાણું છું પર પદાર્થ પલટી ગયા તો હું પણ પલટી ગયો એમ નથી. આહાહા..! અને પલટી ગયા તો મારી ત્રિકાળી વસ્તુ છે તેના આશ્રયે મારી પર્યાયમાં પલટી ગયો. પરવસ્તુનો નાશ થયો

અને ગઈ માટે પલટી ગયો એમ જ્ઞાની માનતા નથી. અરે..રે...! આવી વાત. એક વખત કહ્યું હતું ને? આચાર્ય કહે છે, અમે વાત કરીએ છીએ, પ્રભુ! તને ન સમજાય તો કંટાળો નહિ કરતો, અમને માફ કરજે. અમારી પાસે તો આ ચીજ છે, બીજી ચીજ શું કહીએ? આહાહા..! માફ કરજે, એમ કહ્યું. આહાહા..!

અહીં એ કહ્યું, 'બાહ્ય જ્ઞેયોના આલંબનની લાલસાવાળા ચિત્તથી (બહાર) ભમતો થકો નાશ પામે છે; અને સ્યાદ્વાદનો જાણનાર...' સ્યાદ્વાદી એટલે ધર્મી (એમ માને છે કે) જાણનારો તો હું છું. 'પરકાળથી આત્માનું નાસ્તિત્વ જાણતો થકો,...' પરકાળથી મારી ચીજ નથી. પરચીજ બદલાઈ જાઓ, મકાનનો નાશ થઈ જાઓ, આખી ચીજ નાશ પામો, મારો નાશ કદી થતો નથી. મારી પર્યાયનો નાશ પણ પરને કારણે થતો નથી. આહાહા..! 'પરકાળથી આત્માનું નાસ્તિત્વ જાણતો થકો, આત્મામાં દૃઢપણે રહેલા...' ધર્મી 'નિત્ય સહજ જ્ઞાનના એક પુંજરૂપ વર્તતો થકો...' હું તો સ્વભાવિક જ્ઞાનનો ત્રિકાળી પુંજ છું. પરને કારણે મારામાં જ્ઞાન છે એમ નથી. એમ 'તિષ્ઠતિ' 'ટકે છે–નષ્ટ થતો નથી.' આત્માનો નાશ થવા દેતા નથી.

ભાવાર્થ :– 'એકાંતી જ્ઞેયોના આલંબનકાળે જ જ્ઞાનનું સત્પણું જાણે છે...' જ્ઞાનમાં એ જણાય છે ત્યાં સુધી મારું જ્ઞાન છે. આહાહા..! 'તેથી જ્ઞેયોના આલંબનમાં મનને જોડી બહાર ભમતો થકો નષ્ટ થાય છે.' આહાહા..! આ લીધું ને આ લીધું ને આ લીધું ને ગિરનારના દર્શન કર્યા ને શેત્રુંજયના કર્યા ને સમ્મેદશીખરના કર્યા ને મન ત્યાં લગાવી દીધું.

'સ્યાદ્વાદી તો પર જ્ઞેયોના કાળથી પોતાનું નાસ્તિત્વ જાણે છે, પોતાના જ કાળથી પોતાનું અસ્તિત્વ જાણે છે; તેથી જ્ઞેયોથી...' આત્માના જ્ઞાનમાં જે પરમેશ્વર પણ જણાયા તેમનાથી પણ હું ભિન્ન છું. એમ ભિન્ન 'એવા જ્ઞાનના પુંજરૂપ વર્તતો થકો નષ્ટ થતો નથી. આ પ્રમાણે પરકાળ-અપેક્ષાએ નાસ્તિત્વનો ભંગ કહ્યો.' હવે અગિયારમા ભંગના કાળશરૂપ કાવ્ય કહેશે. દસ થયા. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

* ચોરાશીના ભવભ્રમણ છોડાવનારી, ત્રણલોકના નાથની વાણી સાંભળવા આવે તેને દેવ-શાસ્ત્ર-ગુરુનો કેટલો વિનય જોઈએ? સ્વર્ગેથી ઇન્દ્રાદિ દેવો ભગવાનની વાણી કેટલા વિનય ભક્તિ ને નરમાશથી સાંભળે છે! જિનવાણી સાંભળતી વખતે શાસ્ત્રનો વિનય ને બહુમાન રાખવા જોઈએ. શાસ્ત્રને નીચે મુકાય નહિ, શાસ્ત્રની ઉપર કોણીનો ટેકો દેવાય નહિ, પગ ઉપર પગ ચડાવીને શાસ્ત્ર-શ્રવણ કરવા બેસાય નહિ, રૂમાલ કે પાના આદિથી હવા ખવાય નહિ, ઝોલા ખવાય નહિ, પ્રમાદથી બેસાય નહિ વિગેરે વિગેરે કેટલાય વિનય-બહુમાન-ભક્તિ હોય ત્યારે તે જિનવાણી-શ્રવણની પાત્રતા છે. વ્યવહારપાત્રતા જેમ છે તેમ તેને જાણવી જોઈએ. ૯૭૭.

– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર

## શ્લોક-૨૫૮

(शार्दूलविक्रीडित)

विश्रान्तः परभावभावकलनान्नित्यं बहिर्वस्तुषु
नश्यत्येव पशुः स्वभावमहिमन्येकान्तनिश्चेतनः।
सर्वस्मान्नियतस्वभावभवनज्ञानाद्विभक्तो भवन्
स्याद्वादी तु न नाशमेति सहजस्पष्टीकृतप्रत्ययः।।२५८।।

(હવે અગિયારમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :-)

શ્લોકાર્થ :- [ पशुः ] પશુ અર્થાત્ એકાંતવાદી અજ્ઞાની, [ परभाव-भाव-कलनात् ] પરભાવોના *ભવનને જ જાણતો હોવાથી, (એ રીતે પરભાવોથી જ પોતાનું અસ્તિત્વ માનતો હોવાથી,) [ नित्यं बहिः-वस्तुषु विश्रान्तः ] સદાય બાહ્ય વસ્તુઓમાં વિશ્રામ કરતો થકો, [ स्वभाव-महिमनि एकान्त-निश्चेतनः ] (પોતાના) સ્વભાવના મહિમામાં અત્યંત નિશ્ચેતન (જડ) વર્તતો થકો, [ नश्यति एव ] નાશ પામે છે; [ स्याद्वादी तु ] અને સ્યાદ્વાદી તો [ नियत-स्वभाव-भवन-ज्ञानात् सर्वस्मात् विभक्तः भवन् ] (પોતાના) નિયત સ્વભાવના ભવનસ્વરૂપ જ્ઞાનને લીધે સર્વથી (-સર્વ પરભાવોથી) ભિન્ન વર્તતો થકો, [ सहज-स्पष्टीकृत-प्रत्ययः ] જેણે સહજ સ્વભાવનું પ્રતીતિરૂપ જાણપણું સ્પષ્ટ-પ્રત્યક્ષ-અનુભવરૂપ કર્યું છે એવો થયો થકો, [ नाशम् एति न ] નાશ પામતો નથી.

ભાવાર્થ :- એકાંતવાદી પરભાવોથી જ પોતાનું સત્પણું માનતો હોવાથી બાહ્ય વસ્તુઓમાં વિશ્રામ કરતો થકો આત્માનો નાશ કરે છે; અને સ્યાદ્વાદી તો, જ્ઞાનભાવ જ્ઞેયાકાર થવા છતાં જ્ઞાનભાવનું સ્વભાવથી અસ્તિત્વ જાણતો થકો, આત્માનો નાશ કરતો નથી.

આ પ્રમાણે સ્વ-ભાવની (પોતાના ભાવની) અપેક્ષાથી અસ્તિત્વનો ભંગ કહ્યો. ૨૫૮.

* ભવન = અસ્તિત્વ; પરિણમન.

પ્રવચન નં. ૪૭૬ શ્લોક–૨૫૮, ૨૫૯, ૨૬૦ રવિવાર, ભાદરવા વદ ૪, તા.૨૮-૦૯-૧૯૮૦

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' અગિયારમો ભંગ છે. દસ થઈ ગયા. ચાર બાકી છે, ચાર. અગિયાર, બાર, તેર અને ચૌદ ચાર બાકી છે. 'હવે અગિયારમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :–' ૨૫૮.

विश्रान्तः परभावभावकलनान्नित्यं बहिर्वस्तुषु
नश्यत्येव पशुः स्वभावमहिमन्येकान्तनिश्चेतनः।
सर्वस्मान्नियतस्वभावभवनज्ञानाद्विभक्तो भवन्
स्याद्वादी तु न नाशमेति सहजस्पष्टीकृतप्रत्ययः।।२५८।।

આ શેનો અધિકાર છે? કે આત્મા સ્વભાવથી અસ્તિ છે અને પરભાવથી નાસ્તિ છે એ પછી આવશે. આહાહા..! આમ તો સાધારણ વાત છે પણ ગૂઢ વાત છે. શું કહે છે? જુઓ! 'પશુ અર્થાત્ એકાંતવાદી અજ્ઞાની,...' જેને તત્ત્વની દૃષ્ટિની ખબર નથી તેને તો અહીંયા પશુ કહીને બોલાવ્યા છે. આહાહા..! એકાંતવાદી એટલે એક તરફ જ નજર છે. વસ્તુનો સ્વભાવ પોતાથી જ્ઞાન, દર્શન, આનંદ છે એમ નહિ માનીને પરભાવથી મારો ભાવ છે એમ માને છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! એ કહે છે.

'એકાંતવાદી અજ્ઞાની, પરભાવોના ભવનને જ જાણતો હોવાથી,...' રંગ, ગંધ, રસ, સ્પર્શ એ પુદ્ગલના ભાવ છે. આહાહા..! આ શરીરમાં પણ જે આ રસ, ગંધ, સ્પર્શ છે એ પુદ્ગલના ભાવ છે અને ભગવાનના અને બીજા આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ આદિ પરના ભાવ છે. ચેતન-અચેતન જે બે પદાર્થ છે, તેના જે ભાવ છે એ અજ્ઞાની પોતાના અસ્તિત્વને નહિ માનતો, પરના અસ્તિત્વના ભાવથી હું છું એમ માને છે. આહાહા..! આવી વાત હવે. છે?

'પરભાવોના ભવનને જ જાણતો હોવાથી,...' જોયું? એ રંગ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દને જાણે છે. તેનાથી હું છું. એ ભાવ મારા છે, એમ અજ્ઞાની માને છે. આહાહા..! શું કહ્યું સમજાણું? જ્ઞાનમાં પર પદાર્થના ભાવ, જડ અને ચૈતન્યના ભાવ પરના પરમાં છે એ અજ્ઞાની પોતાના જ્ઞાનમાં માનીને એ પરના ભાવ મારા છે (એમ માને છે). આહાહા..! બહુ થોડા શબ્દ છે.

પરભાવ–એ પરભાવમાં આ શબ્દો આવ્યા. રંગ, ગંધ, રસ, સ્પર્શ આદિ શબ્દથી હું છું. મારું અસ્તિત્વ તેનાથી છે એમ અજ્ઞાની માને છે. જ્યાં સુધી હું બોલી શકું, જ્યાં સુધી શરીરમાં રંગ, ગંધ આદિ હો કે મારી પાસે જ્યાં સુધી રંગ, ગંધ આદિના પદાર્થ હોય અને મારી પાસે જે આત્મા આદિ છે કે દૂર આત્મા છે તેના ભાવ ઉપર લક્ષ હોવાથી એ ભાવ જ હું છું, પરના ભાવ જ હું છું. પરભાવ–એટલા શબ્દો છે. આહાહા..! પહેલી લીટી, પહેલી પંક્તિ.

'પરભાવોના ભવન...' પરભાવોનું થવું, પરિણમવું. પરભાવોનું અસ્તિત્વ થઈને રહેલું પરિણમનને જ જાણે છે. તેને જ જાણે છે કે એ ભાવ જ મારા છે. આહાહા..! દ્રવ્ય-ક્ષેત્ર-કાળ તો આવી ગયા, આ ભાવ આવ્યો. આહાહા..! આ શરીરમાં રંગ, રૂપ આદિ છે તે જડના ભાવ છે. અજ્ઞાની આ ભાવ મારા છે એમ માને છે. આહાહા..! શબ્દ, ધીમેથી બોલે કે ઊંચા સ્વરથી બોલે પણ એ બધા પુદ્ગલના ભાવ છે. શબ્દ એ પુદ્ગલના ભાવ છે. તેને અજ્ઞાની આ મારા ભાવ છે, આ શબ્દ મારા છે, આ રંગ મારો છે... આહાહા..! દીકરા રૂપાળા હોય તો કહે, દીકરા રૂપાળા છે. રૂપાળાનો ભાવ તો એનો છે, એના શરીરનો છે. અમારો દીકરો રૂપાળો છે, અમારી દીકરી રૂપાળી છે. આહાહા..!

અજ્ઞાની પરભાવને પોતાના ભાવ માને છે. આ શબ્દનું સ્પષ્ટીકરણ છે. આહાહા..! પોતાના ભાવમાં પરભાવનું જ્ઞાન થાય છે તે જ્ઞાન પરભાવનું નહિ. પોતાના જ્ઞાનના સ્વભાવમાં પોતાના ભાવને અને પરભાવને જાણવા એ પોતાનો સ્વભાવ છે એમ નહિ માનીને પરભાવનું ભવન–અસ્તિત્વ, પરિણમનને જ જાણે છે. '(એ રીતે પરભાવોથી જ પોતાનું અસ્તિત્વ માનતો હોવાથી)' છે કૌંસમાં? આહાહા..! આ ઝટ ચાલે એવું નથી કાંઈ. એક એક પંક્તિમાં ઘણું ભર્યું છે. પરભાવથી જ પોતાનું અસ્તિત્વ માને છે. આહાહા..!

આ બધું શરીર, વાણી, મન, રંગ, ગંધ, રસ, સ્પર્શ, પર આત્માના ભાવ એ બધા છે તો હું છું. એમ પરભાવોથી પોતાનો ભાવ માને છે. ભાવની વાત છે. દ્રવ્યની વાત ચાલી ગઈ, ક્ષેત્રની ચાલી ગઈ, કાળની ચાલી ગઈ, આ ભાવ (ચાલે છે). એકની એક જેવી લાગે પણ એમ નથી. આ ચોથો ભંગ ભાવનો છે. આહાહા..! કોઈ રૂપાળી ચીજ જોઈને એમ માને કે આ અમારી ચીજ છે. મકાનમાં પણ ચીતરામણ આદિ કરીને... રંગ, રૂપ આદિ કરે છે ને? આ મારો ભાવ છે, આ મારું મકાન છે (એમ માને). આહાહા..!

'જુનાગઢ' ની વાત છે ને? એક દીવાન હતા, મકાન બનાવ્યું. દીવાન મોટા ગૃહસ્થ હતા એટલે મોટું મકાન બનાવ્યું. મોટું મકાન બનાવી વાસ્તુ લીધું. વાસ્તુમાં મોટા મોટા શેઠિયાઓ, અમલદાર, અધિકારીઓને બોલાવ્યા. ત્યાં કહે, જુઓ! મારું મકાન જુઓ! કેટલા લાખનું હશે, એ દિવસે જોયું, બીજે દિવસે દેહ છૂટી ગયો. અમે 'રાજકોટ' હતા, ભાઈ! ચોમાસુ હતું ને ચોમાસુ? પછી બહાર મોરબીવાળાનું મકાન બહાર નદીને કાંઠે (હતું). નામ ભૂલી ગયા. 'વનેચંદ', 'વનેચંદભાઈ' નું મકાન બહાર નદીને કાંઠે હતું. ચોમાસુ પૂરું થઈ ગયું હતું પછી

શરીરને ઠીક નહોતું એટલે ત્યાં રહ્યા હતા. ત્યાં રહ્યા ત્યારે સામે નદીને કાંઠે માણસો મસાણમાં જવા નીકળ્યા. એમાં એ માણસનું જે મડદું હતું એના ઉપર આમ ઊંચી ચીજ ઢાંકેલી. કપડું બહુ ઊંચું. મેં કીધું, આ કોણ છે? ત્યારે કહે, કાલે વાસ્તુ લીધું હતું. મોટું મકાન બનાવીને મોટા મોટા શેઠિયાઓ અને અધિકારીઓને બોલાવ્યા હતા, આજે એ દેહ છૂટી ગયો. આહાહા..! અમે તો નદીને કાંઠે હતા. મોટી નદી છે ને? 'રાજકોટ'. સામે કાંઠે હતા. સામે મસાણ તરફ મડદું જાતું હતું. કીધું, આ કોણ છે? માથે આમ ચકચકાટ કપડું એવું નાખેલું. આહાહા..! પણ એ પરભાવ એ આત્માનો ભાવ છે જ નહિ. એ મકાનનો રંગ રોગાન ને ચીતરામણ ને... આહાહા..! મકાનમાં પુરુષાકાર પોતે બનાવે. પુરુષનો આકાર પોતે મકાનમાં બનાવે. પુરુષનું પૂતળું બનાવે. આ મારું છે, આ મારું છે. અરે..! પ્રભુ! એ ચીજ તો પર છે ને! એ ભાવ તારો આવ્યો ક્યાંથી? આહાહા..! કાગળમાં ચીતરામણ કરે છે ને? કપડામાં કરે છે, ભીંતમાં કરે છે. આહાહા..!

અહીંયા એ કહે છે, આ બે લીટીમાં આટલું છે. અજ્ઞાની પરભાવોના અસ્તિત્વને જ, પરભાવના અસ્તિત્વને જ... આ બાજુ પહેલી લીટી. પરભાવોને જ પોતાનું અસ્તિત્વ માને છે. આહાહા..! ઝીણી વાત છે. બહુ મુદ્દાની વાત છે. હવે આ બાજુ. 'नित्यं बहिः' 'સદાય બાહ્ય વસ્તુઓમાં વિશ્રામ કરતો થકો...' હવે આ બાજુ. પરભાવને પોતાના માને છે તે કારણે 'नित्यं बहिः-वस्तुषु विश्रान्तः' 'સદાય બાહ્ય વસ્તુઓમાં વિશ્રામ કરતો થકો...' ત્યાં જ એનું ધામ (માને છે). મારું ધામ છે, આ મારું મકાન છે, મારો પટારો છે, આહાહા..! મારું ચિત્ર છે. એ રંગ, ગંધ, વર્ણ, રસ, સ્પર્શ અને શબ્દ એ પરભાવ છે. અને બીજા આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ અનંત ભાવ એ પરના છે. એ પરના ભાવને પોતાના માને છે. કેમકે પોતાના ભાવની ખબર નથી. પોતામાં અનંત ભાવ ભર્યા છે, જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ એ અનંત ભાવ તરફનું લક્ષ નહિ હોવાથી પરભાવને જ પોતાનો ભાવ માનીને. આહાહા..! 'બાહ્ય વસ્તુઓમાં વિશ્રામ કરતો થકો (પોતાના) સ્વભાવના મહિમામાં અત્યંત નિશ્ચેતન...' આહાહા..! પોતાનો સ્વભાવ જે આનંદ ને જ્ઞાન ને શાંતિ છે એ તરફ તો નિશ્ચેતન જડ થઈ ગયો છે. એ તરફના મહિમાની તો ખબર પણ નથી. આહાહા..! થોડા શબ્દમાં આચાર્ય 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત જેણે ત્રણ શાસ્ત્રની ટીકા બનાવી. 'સમયસાર', 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય' એ સિવાય ગ્રંથ બનાવ્યા. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય', 'તત્ત્વાર્થસાર' ઓહોહો..! એકલું માખણ છે. આ ટીકા એમણે બનાવી છે.

અજ્ઞાની 'સદાય બાહ્ય વસ્તુઓમાં વિશ્રામ કરતો થકો (પોતાના) સ્વભાવના મહિમામાં અત્યંત નિશ્ચેતન...' અંતર અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય સર્વાંગ જ્ઞાનથી ભરેલો એવા નિજભાવમાં નિશ્ચેતન થયો થકો, નિજભાવમાં નિશ્ચેતન–અચેતન. પરભાવમાં હું નથી એમ માનતો નથી. આહાહા..! છે? 'સ્વભાવના મહિમામાં અત્યંત નિશ્ચેતન (જડ) વર્તતો

થકો,...' આહાહા..! વાત થોડી છે, શબ્દ થોડા છે, ભાવ ઊંડા અને ઘણો મર્મ છે. આહાહા..! પોતામાં અનંત ભાવ ભર્યા છે તેનું તો લક્ષ, દૃષ્ટિ નથી અને પરદ્રવ્યના ભાવથી પોતાનું અસ્તિત્વ છે, પરભાવની હયાતીથી મારી હયાતી છે... આહાહા..! શરીર ઠીક રહે તો હું ઠીક રહીશ, વાણી ઠીક હોય તો મને વિશ્રામ મળશે. આહાહા..!

'સ્વભાવના મહિમામાં અત્યંત નિશ્ચેતન...' પરભાવોને પોતાના માનીને પોતાના સ્વભાવમાં નિશ્ચેતન–અચેતન (થયો થકો) આહાહા..! 'નાશ પામે છે;...' પોતાની ચીજનો તો નાશ કરી નાખે છે. પરભાવની મહિમા કરતો કરતો પોતાના ચૈતન્યભાવનો નાશ કરે છે. આહાહા..! આ શું કહે છે?

'સ્યાદ્વાદી...' હવે ધર્મી. પહેલા એકાંતી અજ્ઞાની લીધા, હવે સ્યાદ્વાદી એટલે જ્ઞાની. 'સ્યાદ્વાદી તો...' 'नियत-स्वभाव-भवन-ज्ञानात् सर्वस्मात् विभक्तः भवन्' '(પોતાના) નિયત સ્વભાવના ભવનસ્વરૂપ જ્ઞાનને લીધે...' ધર્મી એમ માને છે કે મારા જ્ઞાનનો સ્વભાવ છે તો સ્વભાવમાં પરભાવ જણાય છે તેથી પરભાવ મારો છે એમ નથી. હું તો સ્વભાવ અને પરભાવને જાણનારો હું છું. સ્વભાવને અને પરભાવને જાણનારો હું છું એમ ધર્મી માને છે. આહાહા..! આવી ઝીણી વાતું. માર્ગ બહુ જુદી જાતનો છે, ભાઈ!

'સ્યાદ્વાદી તો (પોતાના) નિયત સ્વભાવના ભવનસ્વરૂપ...' પરિણમન સ્વરૂપ 'જ્ઞાનને લીધે...' પરભાવનું તો આત્મા જ્ઞાન કરે છે. એ પરભાવનું જ્ઞાન નથી, પોતાના જ્ઞાનમાં એ સ્વપર જણાય છે. પોતાના ભાવમાં પોતાનો ભાવ અને પરભાવ જણાય છે એ તો પોતાનો ભાવ છે. અજ્ઞાની પરભાવ જાણે છે તો એમ માને છે કે એ જાણે મારામાં આવી ગયા અને તેને લઈને મારામાં પરભાવનું જ્ઞાન થયું. એમ માનીને આત્માને અચેતન માને છે. આહાહા..!

ધર્મીજીવ '(પોતાના) નિયત સ્વભાવના ભવનસ્વરૂપ...' નિશ્ચય જે જ્ઞાનાનંદ સ્વભાવના ભવન–પરિણમન સ્વરૂપ જ્ઞાનને કારણે. પર્યાય લીધી. જે પોતાનો ત્રિકાળી ભાવ છે તેનું પરિણમન. પરભાવને જાણે છે, પોતાને જાણે છે એ બધું પોતાનું (જ્ઞાન) છે. એ પરભાવને જાણે છે તો પરભાવનું જ્ઞાન નથી. આહાહા..! આવી વાતું હવે. હજી ઝીલી શકે નહિ, કઠણ પડે.

પરભાવને જાણવું એ પોતાનો સ્વભાવ છે. એ પરભાવને કારણે નથી. પરભાવને જાણવું અને સ્વભાવને જાણવું એ બન્ને સ્વભાવ પોતામાં પોતાને કારણે છે. એમ નહિ માનીને અજ્ઞાની પરને લીધે મારું પરિણમન છે (એમ માને છે). ધર્મી એમ માને છે કે 'નિયત સ્વભાવના ભવનસ્વરૂપ...' એ તો મારા સ્વભાવમાં પર જણાય છે એ તો મારી પર્યાયની તાકાત છે. સમજાય છે કાંઈ? આવો ઉપદેશ હવે. આહાહા..! સૂઝ-બુઝ પડે નહિ. અનંત કાળ થયા બહારમાં માનીને જિંદગી–જીવન કાઢ્યા છે. અંતર તત્ત્વની શું ચીજ છે એ તરફનો

પક્ષ અને સમીપતા, ઝુકાવ પણ કર્યો નથી. સવારમાં આવ્યું હતું ને? સમીપ. આહાહા..! સન્મુખતા. પરસન્મુખ પણ નહિ અને પરસમીપ પણ નહિ. અજ્ઞાની પરસમીપ અને પરસન્મુખતાને પોતાના માને છે. આહાહા..!

જ્ઞાની, 'જેણે સહજ સ્વભાવનું પ્રતીતિરૂપ જાણપણું સ્પષ્ટ-પ્રત્યક્ષ-અનુભવરૂપ કર્યું છે...' જુઓ! છે? 'નિયત સ્વભાવના ભવનસ્વરૂપ જ્ઞાનને લીધે...' એ તો જ્ઞાનનો સ્વભાવ છે કે પરભાવને જાણે. એ પરભાવને કારણે નહિ. એ પોતાના જ્ઞાનસ્વભાવનું જ્ઞાન અને પરભાવનું જ્ઞાન, એ બન્નેને જાણવું એ તો મારો પોતાનો સ્વભાવ છે. બીજાને જાણ્યું માટે એ બીજાનું જ્ઞાન છે એમ નથી. આહાહા..!

'જ્ઞાનને લીધે સર્વથી (–સર્વ પરભાવોથી) ભિન્ન વર્તતો થકો,...' ધર્મી. બધું રંગ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ, શરીર અને આ બીજા આત્માનું જ્ઞાન, ભગવાનનું કેવળજ્ઞાન પણ મારાથી ભિન્ન છે. ભગવાનના કેવળજ્ઞાનના ભાવને લઈને મારામાં ભાવ છે એમ નથી. આહાહા..! અરે..! આવી વાતું કોણ કરે? મુશ્કેલી પડે. આ તો વળી એટલા પુણ્ય ને લોકો સાંભળે છે કે આ શું કહે છે? અમારે શું કરવું એ સૂઝતું નથી. સૂઝતું નથી પણ કરવાનું અહીં કરવું છે કે બહાર કરવું છે? એ હીરા, માણેકનું જાણપણું, હીરા-માણેકના ભાવનું જાણપણું પોતાનું પોતાથી છે. તો અજ્ઞાની માને છે કે એના ભાવથી મારામાં ભાવ છે. આ હીરા પચીસ હજારના, પચાસ હજારના, લાખના.. એંસી હજારનો એક હીરો જોયો હતો. 'બેચરભાઈ' ત્યાં 'રાજકોટ' લાવ્યા હતા. (સંવત) ૧૯૯૯ નું ચોમાસુ હતું ને ત્યાં? ત્યાં એંસી હજારનો હીરો ડાબલીમાં લાવ્યા હતા. કીધું, છે તો ઊંચો. એમાં જરીક એક પાસામાં મેલ છે. નહિતર તો એની કિંમત લાખ, બે લાખ થઈ જાય. આહાહા...! એમ ભગવાનમાં અનંત પાસા-અનંત ભાવ ભર્યા છે. એ પરભાવથી મારો ભાવ માને એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

ધર્મીજીવ 'જ્ઞાનને લીધે સર્વથી (–સર્વ પરભાવોથી) ભિન્ન વર્તતો થકો,...' પરભાવનું જ્ઞાન કરે છે એ તો પોતાની તાકાત છે પણ પરભાવથી ભિન્ન વર્તતો થકો. છે? 'જેણે સહજ સ્વભાવનું પ્રતીતિરૂપ જાણપણું...' જાણનારા ભગવાનને પ્રત્યક્ષ કર્યો છે. રાગનું પણ જ્યાં અવલંબન નથી, નિમિત્તનું અવલંબન નથી, પર્યાયનું અવલંબન નથી. આહાહા..! પર્યાયનું અવલંબન દ્રવ્ય છે. એ કહ્યું, જુઓ! 'જાણપણું સ્પષ્ટ-પ્રત્યક્ષ-અનુભવરૂપ કર્યું છે...' આહાહા..! આટલા શબ્દમાં કેટલું ભર્યું છે! છે?

પોતાનું જાણપણું એમાં અનંત ભાવ આવી ગયા. જ્ઞાતાના ભાવમાં અનંત ભાવ (આવ્યા) તે હું છું. મારા જ્ઞાનમાં બીજાના ભાવ જણાય છે એ ભાવ બીજાના જણાયા એમ નથી. એ તો મારી ચીજ જ છે કે પોતાના ભાવને પણ જાણે અને પરભાવને પણ જાણે. પોતામાં જાણવાનો પોતાનો સ્વભાવ છે. અજ્ઞાની પરભાવને જાણે છે તો પરભાવ છે તો તેને કારણે મને જ્ઞાન થયું (એમ માને છે). જ્ઞાની જાણે છે કે મને પરભાવ અને સ્વભાવનું જ્ઞાન થાય

છે તે મારું મારામાં છે. આહાહા..!

'સ્પષ્ટ...' આચાર્યે જરી... ધર્મીજીવે 'જેણે સહજ સ્વભાવનું પ્રતીતિરૂપ...' એકલી પ્રતીતિ નહિ 'જાણપણું સ્પષ્ટ-પ્રત્યક્ષ...' (કર્યું છે). આહાહા..! જાણનારો જે ભાવ–આત્મા છે તેનું જેણે સ્પષ્ટ નામ પ્રત્યક્ષ.. કર્યું છે ને? લીટી કરીને પ્રત્યક્ષ લખ્યું છે. સ્પષ્ટનો લીટી કરીને પછી અર્થ કર્યો છે. લીટીનો અર્થ એ થાય. 'જાણપણું સ્પષ્ટ–પ્રત્યક્ષ–અનુભવરૂપ કર્યું છે એવો થયો થકો નાશ પામતો નથી.' આહાહા..! ધર્મીજીવ તો પોતાના ભાવમાં પરભાવનું જ્ઞાન થાય છે તે પોતાનું છે, એ પરભાવને કારણે પોતાનું જ્ઞાન થાય છે એમ નથી. આહાહા.! એમ પોતાના ભાવને પ્રત્યક્ષ જ્ઞાનરૂપે અનુભવ કરતા થકા. આહાહા..! છે? 'નાશ પામતો નથી.' પોતાનું સ્વરૂપ જે સ્વપરપ્રકાશક છે તેને પોતાથી જાણતા થકા, પરના ભાવ જાણ્યા તે કાંઈ પરભાવને કારણે જાણ્યા નથી. એ તો પોતાની શક્તિમાં 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતૈં વચન ભેદ ભ્રમ ભારી' આહાહા..! સ્વપર ભાવનું ભાસન મારા જ્ઞાનમાં મને પ્રત્યક્ષ થયું છે, એ હું છું એમ જાણીને પોતે નાશ પામતો નથી. પોતાને જીવંત રાખે છે કે હું તો ધ્રુવ ચૈતન્યમૂર્તિ સ્વ અને પરને પોતામાં રહીને જાણનારો છું. આહાહા..! આવો ઉપદેશ. શેઠ! શેઠ કહે, પ્રચાર છે. વાત સાચી છે. આ ઝીણી વસ્તુ છે. પ્રચાર માટે આપણે પર્યુષણ માટે નીકળ્યા છે. ૧૯૫ ગામની માગણી હતી. ૧૯૫. એટલા બધા વાંચનારા ન મળે. ૧૩૮ ગામમાં તો ગયા છે. આહાહા..! 'સાગર' માં કોઈક ગયું હશે. ગયું છે?

મુમુક્ષુ :– 'ભોપાલ'વાળા 'બ્ર. હેમચંદજી' ગયા છે.

ઉત્તર :– હા. ૧૩૮ ગયા છે.

ભાવાર્થ :– ભાવાર્થ છે ને? 'એકાંતવાદી...' એટલે એક જ પરભાવોથી પોતાનું સત્‌પણું માને છે. એ એકાંતવાદી. 'પરભાવોથી જ પોતાનું સત્‌પણું માનતો હોવાથી...' પરભાવથી જ પોતાનું હોવાપણું માને છે. તેથી 'બાહ્ય વસ્તુઓમાં વિશ્રામ કરતો થકો...' બાહ્ય વસ્તુઓમાં જ લક્ષ ફેરા ફરે. જેમ હું વિશેષ વિશેષ કરીશ તો મને વિશેષ ભાવ થશે એમ કરીને બહારમાં જ ભટક ભટક કરે છે. આહાહા..! 'બાહ્ય વસ્તુઓમાં વિશ્રામ કરતો હોવાથી...' વિશ્રામ એટલે? બાહ્ય રંગ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ આદિ પરના, તે જ મારા છે એમ વિશ્રામ કરતો કરતો પોતાની ચીજને ભૂલી જાય છે. પોતામાં અનંત ભાવ ભર્યા છે એ તરફની સન્મુખતા અને સમીપતા કરતો નથી અને પર તરફની સમીપતા અને સન્મુખતા કરીને પોતામાં આ પરચીજ, પરભાવ છે એમ માને છે. આહાહા..! એમ કરીને 'આત્માનો નાશ કરે છે.'

'સ્યાદ્‌વાદી તો, જ્ઞાનભાવ જ્ઞેયાકાર થવા છતાં...' શું કહે છે? મારું જ્ઞાન પરજ્ઞેયરૂપે જાણવાનો આકાર થવા છતાં હું પરરૂપે થયો નથી. શું કહ્યું? જ્ઞાન સ્વરૂપી ભગવાન પરભાવને જાણવાનો આકાર પોતામાં પોતાને કારણે થાય છે તો એ આકારને છોડતા નથી. એ મારી

ચીજ છે. હું મને જાણું, પરને જાણું એ મારી ચીજ છે. આહાહા..! એ પરને કારણે હું પરને જાણું એમ નથી. આહાહા..! આવી વાત છે. ચૌદ બોલમાં એકદમ માખણ નાખ્યું છે. જૈનદર્શનના પ્રાણ (છે). આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય' એટલે, આહાહા..! એની ટીકાનો જોટો ક્યાંય મળે એવું નથી એવી ટીકા છે!! ભલે 'જયસેનાચાર્યે' બીજી ટીકા કરી છે પણ 'અમૃતચંદ્રાચાર્ય' ની ટીકા અને એમના શ્લોક.. ઓહોહો..!

કહે છે કે, એકાંતવાદી તો પરથી પોતાને માને છે. 'બાહ્ય વસ્તુઓમાં વિશ્રામ કરતો થકો આત્માનો નાશ કરે છે;...' હું તો છું જ નહિ, એને કારણે હું છું. આહાહા..! મારા ભાવમાં સ્વ અને પરના ભાવને જાણવાના ભાવરૂપ મારી સત્તા–અસ્તિત્વ છે. એવી સત્તા નહિ માનીને પરને જાણે છે તે ચીજ જ હું છું, પરને જાણું છે તે ચીજ જ મારી છે એમ માનીને સ્વપર જાણવાના સ્વભાવની સત્તાનો નાશ કરે છે. આહાહા..! આ વખતે બરાબર આ બોલ આવ્યા. 'નાશ પામે છે;...'

'અને સ્યાદ્‌વાદી...' ધર્મીજીવ–સમકિતી. અહીંયા સ્યાદ્‌વાદી એટલે સમકિતી. ભાવાર્થમાં. 'જ્ઞાનભાવ જ્ઞેયાકાર થવા છતાં...' મારું જ્ઞાન, જ્ઞેયાકાર જ્ઞાન, જ્ઞેયના આકાર પોતામાં થવા છતાં, ભગવાનને જાણું છું એ પણ મારી પર્યાય છે. આહાહા..! રંગ, ગંધ, રસ, સ્પર્શને જાણું છું એ તો મારી પર્યાય છે. મારો ભાવ છે. તેને જાણતો નથી. આહાહા..! 'બાહ્ય વસ્તુઓમાં વિશ્રામ કરતો થકો આત્માનો નાશ કરે છે;...'

'સ્યાદ્‌વાદી તો, જ્ઞાનભાવ જ્ઞેયાકાર થવા છતાં...' જ્ઞાનમાં જ્ઞેયોનું જ્ઞાન થવા છતાં હું પરને કારણે જાણું છું અને પરભાવ મારા છે એમ જ્ઞાની માનતા નથી. આહાહા..! શું કહ્યું? જુઓ! 'જ્ઞાનભાવ જ્ઞેયાકાર થવા છતાં...' જ્ઞેયનો ભાવ આવ્યો, જ્ઞાન થયું એ તો સ્વભાવ છે. સ્વપર જાણવાનો તો સ્વભાવ છે. એ જ્ઞાનભાવ પોતાનો જ્ઞેયાકાર અરિહંત, પંચ પરમેષ્ઠીથી માંડીને નિગોદના જીવ અને પરમાણુથી માંડીને અનંત પરમાણુના અનંત સ્કંધ, બધા જ્ઞેયાકાર હોવા છતાં, એ જ્ઞેયને સ્વભાવે પરિણમન થવા છતાં 'જ્ઞાનભાવનું સ્વભાવથી અસ્તિત્વ જાણતો થકો,..' સ્વ અને પરને જાણે છે એ તો મારું અસ્તિત્વ છે. મારી હયાતી છે. આહાહા..! હવે આ કે દિ' સાંભળ્યું હોય? એકલી મજુરી કરી હોય. એમાં આ સાંભળવાનું મળે નહિ, સાંભળ્યા વિના સમજે કે દિ'? આહાહા..!

'જ્ઞાનભાવનું સ્વભાવથી અસ્તિત્વ જાણતો થકો, આત્માનો નાશ કરતો નથી.' પોતાના અસ્તિત્વથી ભાવ છે. પરભાવના અસ્તિત્વથી પોતાનો ભાવ નથી, એ બીજો બોલ થયો. 'આ પ્રમાણે સ્વ-ભાવની (પોતાના ભાવની) અપેક્ષાથી અસ્તિત્વનો ભંગ કહ્યો.' છે? આ પ્રમાણે સ્વ–પોતાના ભાવની અપેક્ષાએ અસ્તિત્વ છે. મારા ભાવથી મારું અસ્તિત્વ છે. હું પરભાવને જાણું એ પણ મારા અસ્તિત્વમાં છે. એ પરને કારણે મને પરનું જ્ઞાન થતું નથી. પરભાવનું જ્ઞાન થાય છે તે પણ મારું જ્ઞાન છે. એમ પોતાના અસ્તિત્વમાં રહીને... આહાહા..! છે

ને? 'જ્ઞેયાકાર થવા છતાં જ્ઞાનભાવનું સ્વભાવથી અસ્તિત્વ જાણતો થકો, આત્માનો નાશ કરતો નથી. આ પ્રમાણે સ્વ-ભાવની (પોતાના ભાવની) અપેક્ષાથી અસ્તિત્વનો ભંગ કહ્યો.' હવે બારમા ભંગનો કળશ. હવે શું આવ્યું?

અગિયારમા ભંગમાં સ્વના અસ્તિત્વથી હું છું એમ આવ્યું. આમાં આવ્યું કે, પરના અસ્તિત્વથી હું નથી. એ આ ભંગમાં આવ્યું. મારા જ્ઞાનમાં પરની હયાતી જણાય છતાં પરને લઈને હું છું, જ્ઞાને એ પરને જાણ્યું તો પરને લઈને મેં જાણ્યું એમ નથી. એ જાણવું મારો સ્વભાવ છે. મારામાં રહીને સ્વપર જાણવાનો સ્વભાવ છે, પરની અપેક્ષા રાખ્યા વિના. એવા પરભાવના નાસ્તિત્વનો આ ભંગ છે. પહેલા તો સ્વભાવના અસ્તિત્વથી છે અને હવે 'બારમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :-' ૨૫૯ છે ને?

## શ્લોક-૨૫૯

(શાર્દૂલવિક્રીડિત)

अध्यास्यात्मनि सर्वभावभवनं शुद्धस्वभावच्युतः
सर्वत्राप्यनिवारितो गतभयः स्वैरं पशुः क्रीडति।
स्याद्वादी तु विशुद्ध एव लसति स्वस्य स्वभावं भरा-
दारूढ परभावभावविरहव्यालोकनिष्कम्पितः।।२५९।।

(હવે બારમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :-)

શ્લોકાર્થ :- [ पशुः ] પશુ અર્થાત્ અજ્ઞાની એકાંતવાદી, [ सर्व-भाव-भवनं आत्मनि अध्यास्य शुद्ध-स्वभाव-च्युतः ] સર્વ ભાવોરૂપ ભવનનો આત્મામાં અધ્યાસ કરીને (અર્થાત્ સર્વ જ્ઞેય પદાર્થોના ભાવોરૂપે આત્મા છે એમ માનીને) શુદ્ધ સ્વભાવથી ચ્યુત થયો થકો, [ अनिवारितः सर्वत्र अपि स्वैरं गतभयः क्रीडति ] કોઈ પરભાવને બાકી રાખ્યા વિના સર્વ પરભાવોમાં સ્વચ્છંદતાથી નિર્ભયપણે (નિઃશંકપણે) ક્રીડા કરે છે; [ स्याद्वादी तु ] અને સ્યાદ્‌વાદી તો [ स्वस्य स्वभावं भरात् आरूढः ] પોતાના સ્વભાવમાં અત્યંત આરૂઢ થયો થકો, [ परभाव-भाव-विरह-व्यालोक-निष्कम्पितः ] પરભાવોરૂપ ભવનના અભાવની દૃષ્ટિને લીધે (અર્થાત્ આત્મા પરદ્રવ્યોના ભાવોરૂપે નથી-એમ દેખતો હોવાથી) નિષ્કંપ વર્તતો થકો, [ विशुद्धः एव लसति ] શુદ્ધ જ વિરાજે છે.

ભાવાર્થ :– એકાંતવાદી સર્વ પરભાવોને પોતારૂપ જાણીને પોતાના શુદ્ધ સ્વભાવથી ચ્યુત થયો થકો સર્વત્ર (સર્વ પરભાવોમાં) સ્વેચ્છાચારીપણે નિઃશંક રીતે વર્તે છે; અને સ્યાદ્વાદી તો, પરભાવોને જાણતાં છતાં, પોતાના શુદ્ધ જ્ઞાનસ્વભાવને સર્વ પરભાવોથી ભિન્ન અનુભવતો થકો શોભે છે.

આ પ્રમાણે પરભાવ-અપેક્ષાથી નાસ્તિત્વનો ભંગ કહ્યો. ૨૫૯.

## શ્લોક–૨૫૯ ઉપર પ્રવચન

अध्यास्यात्मनि सर्वभावभवनं शुद्धस्वभावच्युतः
सर्वत्राप्यनिवारितो गतभयः स्वैरं पशुः क्रीडति।
स्याद्वादी तु विशुद्ध एव लसति स्वस्य स्वभावं भरा-
दारूढ परभावभावविरहव्यालोकनिष्कम्पितः।।२५९।।

શ્લોકાર્થ :– 'અજ્ઞાની એકાંતવાદી, સર્વ ભાવોરૂપ ભવનનો આત્મામાં અધ્યાસ કરીને...' પોતા સિવાય સર્વ ભાવ એનો અધ્યાસ, આત્મા સર્વ જ્ઞેય પદાર્થના ભાવરૂપ છે, આત્મા સર્વ જ્ઞેય જાણવાલાયક છે તેના ભાવરૂપે છે એમ માનીને. ઓહોહો..! અરિહંતને જાણ્યા તો એમ જાણ્યું કે અરિહંતને જાણ્યા એ જ મારો ભાવ છે. પણ મારો ભાવ મારાથી જાણ્યો છે. આહાહા..! આવી ઝીણી વાત છે, ભાઈ! 'સમયસાર' એટલે આહાહા..! 'ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા' આહાહા..! એક એક કડી, એક એક લીટી, પંક્તિ આહાહા..! દરકાર નથી એને.

એ કહે છે, 'સર્વ ભાવોરૂપ ભવનનો આત્મામાં અધ્યાસ કરીને...' પરનો ભાવ મારો છે એવો અનાદિનો અધ્યાસ અજ્ઞાનીનો છે. પોતાના ભાવ ઉપર તો નજર પણ નથી. પોતામાં જે અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ ભાવ છે તે તરફનું તો લક્ષ પણ નથી. પરભાવને જાણવાથી હું છું, પરભાવથી હું છું એમ માનીને પરભાવથી હું નથી એમ નહિ માનતો પોતાનો નાશ કરે છે. આહાહા..! 'શશીભાઈ'! આવું ક્યાં તમારે વૈષ્ણવમાં હતું કે દિ'? વૈષ્ણવ છે, મોઢ. 'મુંબઈ'માં વાંચવા જાય છે. અરે..! આ ક્યાં છે? અત્યારે તો જૈનમાં પણ મુશ્કેલી થઈ ગઈ છે.

કહે છે, અજ્ઞાની 'સર્વ ભાવોરૂપ ભવનનો આત્મામાં અધ્યાસ કરીને...' લીલો ને પીળો રંગ ને શરીર ને વાણી ને મન ને પર અરિહંત ને સિદ્ધ બધા મારા ભાવ છે. એ મારા ભાવ છે. એ તો મને જણાય છે એમાં મારું-તારું ક્યાંથી થઈ ગયું? જાણવાનો તો તારો સ્વભાવ છે. આહાહા..! અજ્ઞાની 'સર્વ ભાવોરૂપ ભવન...' સર્વ ભાવરૂપ થવારૂપ. 'આત્મામાં

અધ્યાસ કરીને...' અનાદિથી આત્મામાં આ અધ્યાસ કરે છે. પરભાવ તે હું છું એવો અનાદિનો અધ્યાસ છે. કેમકે સ્વભાવ ત્રિકાળી આનંદનો નાથ એ તરફનું તો લક્ષ અને સમીપતાથી દૂર વર્તે છે અને પરપદાર્થના ભાવથી નજીક વર્તે છે. આહાહા..! ભાષા તો સાદી છે, પ્રભુ! ન સમજાય એવી ભાષા નથી. વસ્તુ તો ગંભીર છે. બીજું ક્યાંથી લાવવું? પ્રભુ! ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ એક સમયમાં પોતામાં અસ્તિ અને પરથી નાસ્તિ એવો અનુભવ કર્યો અને કેવળજ્ઞાન થયું, એ કેવળજ્ઞાનમાં આ વાત આવી. એ મુનિ સંતોએ શાસ્ત્રમાં રચી. આહાહા..!

'સર્વ ભાવોરૂપ ભવનનો આત્મામાં અધ્યાસ કરીને...' શું કહ્યું? '(અર્થાત્ સર્વ જ્ઞેય પદાર્થોના ભાવોરૂપે આત્મા છે...)' હું તો પરને જાણું છું એ જ હું છું. હું ક્યાં જણાઉં છું? અરે..! પ્રભુ! પણ તારી નજર ક્યાં છે? હું ક્યાં જણાઉં છું એવો નિર્ણય કોણે કર્યો? હું મને જાણી શકું છું એવો નિર્ણય શેમાં કર્યો? એ તારી સત્તામાં નિર્ણય થયો છે. શેઠ! ભાષા તો સાદી છે, પ્રભુ! પણ ભાવ તો આકરા છે. આહાહા..! શેઠાણી બેઠા છે ત્યાં? ઠીક. બેનને જરી વાત ઝીણી પડે. અભ્યાસ ન હોય ને. આહાહા..!

'સર્વ ભાવોરૂપ ભવનનો આત્મામાં અધ્યાસ કરીને (અર્થાત્ સર્વ જ્ઞેય પદાર્થોના ભાવોરૂપે આત્મા છે એમ માનીને)...' આહાહા..! હું તો અરિહંતને માટે છું, હું તો સિદ્ધને માટે છું, હું તો મારા કુટુંબની અનુકૂળતા માટે મારી હયાતી છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ આદિ અનુકૂળતાથી મારી હયાતી છે એમ અજ્ઞાની માને છે. એમ માનીને 'શુદ્ધ સ્વભાવથી ચ્યુત થયો થકો,...' પોતાનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ.. આહાહા..! નિર્મળ શુદ્ધ કેમ કહ્યું? શુભ અને અશુભભાવ પણ નહિ. શુભ-અશુભભાવ પણ પરજ્ઞેયમાં જાય છે. આહાહા..! તેની પાસે નજીકમાં થોડી ચીજ છે પણ એક પરભાવને જેણે પોતાનો માન્યો એને આખો લોક, પરલોક અનંત પરભાવ છે તેને પોતાના માન્યા છે. આહાહા..!

શાસ્ત્રમાં એક ઠેકાણે એક શબ્દ છે, એક રાગનો પણ કર્તા થાય છે તો આખી દુનિયાનો કર્તા તેને માનવો. એકનો કર્તા થાય છે, પોતાના જ્ઞાન સ્વરૂપને છોડીને એક પણ રાગનો, દયાનો, દાનનો, ભક્તિનો કર્તા માને તે આખા લોકનો કર્તા માને છે. આહાહા..! આવી ચીજ છે.

'શુદ્ધ સ્વભાવથી ચ્યુત થયો થકો, કોઈ પરભાવને બાકી રાખ્યા વિના...' કોઈ પરભાવને બાકી રાખ્યા વિના. 'સર્વ પરભાવોમાં સ્વચ્છંતાથી...' 'स्वैरं' છે ને? 'स्वैरं'.. 'स्वैरं'. 'પરભાવોમાં સ્વચ્છંદતાથી નિર્ભયપણે (નિઃશંકપણે) ક્રીડા કરે છે;...' આહાહા..! અજ્ઞાનીને પરભાવ પ્રત્યે વલણવાળા ભાવથી ત્યાં જ રમે છે. પોતાની ચીજ તરફ તો દૃષ્ટિ કરતો નથી, લક્ષ કરતો નથી. આહાહા..! એની સન્મુખ થવાથી પોતાનું કલ્યાણ થશે એવો નિર્ણય પણ કરતો નથી. પરભાવને જ પોતાના માનીને પોતાને લાભ થશે એમ માનીને જીવન નિષ્ફળ કરે છે. આહાહા..! સમજાય છે આમાં?

અજ્ઞાની 'કોઈ પરભાવને બાકી રાખ્યા વિના...' કોઈપણ બાકી રાખ્યા વિના 'સર્વ પરભાવોમાં સ્વચ્છંદતાથી નિર્ભયપણે (નિઃશંકપણે) ક્રીડા કરે છે;...' એ નિર્ભયપણે, નીડરપણે પરમાં રમે છે. ધર્મીજીવ તો 'પોતાના સ્વભાવમાં અત્યંત આરૂઢ થયો થકો,...' આહાહા..! હું તો જ્ઞાન અને આનંદ સ્વરૂપ છું. 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી' એથી પર જણાય છે. એ પરચીજ છે તો જણાય છે એમ નથી. મારી સ્વપર જાણવાની શક્તિ તાકાત છે એમ માનતો થકો 'પોતાના સ્વભાવમાં અત્યંત આરૂઢ થયો થકો,...' પોતાના સ્વ-ભાવ આનંદ, જ્ઞાનમાં અત્યંત અત્યંત આરૂઢ થયો થકો. આહાહા..!

'પરભાવોરૂપ ભવનના અભાવની દષ્ટિને લીધે...' પરભાવનો એક અંશ પણ મારામાં નથી. આહાહા..! પંચ પરમેષ્ઠીનો અંશ પણ મારામાં નથી. પંચ પરમેષ્ઠીનું અસ્તિત્વ ભિન્ન છે, મારું અસ્તિત્વ ભિન્ન છે. આહાહા..! આવી વાતું. છે? 'પરભાવોરૂપ ભવનના અભાવની દષ્ટિને લીધે (અર્થાત્ આત્મા પરદ્રવ્યોના ભાવોરૂપે નથી–એમ દેખતો હોવાથી)...' સમકિતી–ધર્મી 'નિષ્કંપ વર્તતો થકો, શુદ્ધ જ વિરાજે છે.' હું શુદ્ધ છું, હું પરને જાણતો નથી, હું તો મને જાણું છું. આહાહા..!

ભાવાર્થ :– 'એકાંતવાદી સર્વ પરભાવોને પોતારૂપ જાણીને...' સર્વ પરભાવોને પોતારૂપ જાણીને 'પોતાના શુદ્ધ સ્વભાવથી ચ્યુત થયો થકો...' પોતાના શુદ્ધ સ્વભાવથી ચ્યુત થયો થકો '(સર્વ પરભાવોમાં) સ્વેચ્છાચારીપણે...' સ્વચ્છંદી. બધા પરભાવ મારા છે. આહાહા..! એક પણ ચીજ, તારા જ્ઞાનાનંદ સિવાય એક પણ પરચીજ તારી નથી. તીર્થંકર ગોત્ર બંધાય એવી ઇચ્છા, રાગ પણ તારો નથી. આહાહા..! એ ભાવ પણ પરભાવ છે. જ્ઞાની નિઃશંક વર્તતો થકો શુદ્ધ જ વિરાજે છે.

'શુદ્ધ જ વિરાજે છે.' ભાષા લીધી ને? શુભ-અશુભભાવથી રહિત. પરના ભાવ મારા જાણવામાં, મારા જ્ઞાનમાં આવ્યો છતાં એ પરભાવનું જ્ઞાન નથી, જ્ઞાન તો મારું છે. મારું જ્ઞાન અને પરનું જ્ઞાન એ મારી ચીજ છે. તેમાં એકાકાર રહેતો થકો શુદ્ધ જ વિરાજે છે. આહાહા..! ધર્મી શુદ્ધમાં રહે છે, શુભમાં નહિ. આહાહા..! આવી વાત કરે ત્યાં પછી લોકોને એમ લાગે ને કે આ નિષેધ થઈ જાય છે. નિષેધ જ છે, પ્રભુ! તારા દ્રવ્ય સિવાય બીજા દ્રવ્ય ભિન્ન છે, તારા ક્ષેત્ર સિવાય બીજું ક્ષેત્ર ભિન્ન છે, તારા કાળની પર્યાય સિવાય બીજા કાળની પર્યાય ભિન્ન છે, તારા ભાવથી પરના ભાવ ભિન્ન છે. આહાહા..! આવી તો સાદી ભાષા છે.

શેઠ તો એમ કહેતા હતા કે બે ચોપડી ભણેલો સમજે એવી ભાષા છે. અમારે ધરૂમચંદ માસ્તર કહે, ચાર ચોપડીનો ભણેલો હોય એ આ સમજી શકે એવી ભાષા છે. એમાં વળી શેઠ તો વધારે નીકળ્યા. બે ચોપડી ભણેલો, વાત સાચી. ભાષા તો સાદી છે. આમાં કોઈ સંસ્કૃત ને વ્યાકરણ નથી. આહાહા..!

'એકાંતવાદી સર્વ પરભાવોને પોતારૂપ જાણીને પોતાના શુદ્ધ સ્વભાવથી ચ્યુત થયો થકો સર્વત્ર (સર્વ પરભાવોમાં) સ્વેચ્છાચારીપણે નિઃશંક રીતે વર્તે છે;...' રાગમાં, પુણ્યમાં, પરમાં પ્રવર્તે છે. પરમાં કાંઈ જતો નથી પણ પરસંબંધી જે રાગ થાય છે એ રાગમાં વર્તે છે. અને જ્ઞાની 'સ્યાદ્વાદી તો, પરભાવોને જાણતાં છતાં,...' પરભાવને જાણતા છતાં 'પોતાના શુદ્ધ જ્ઞાનસ્વભાવને સર્વ પરભાવોથી ભિન્ન...' પોતાના શુદ્ધ જ્ઞાયકભાવને સર્વ ભાવોથી ભિન્ન 'અનુભવતો થકો શોભે છે.' આહાહા..! સમ્યગ્દષ્ટિ જીવ, સમ્યગ્જ્ઞાની જીવ પરને જાણવું એ મારો સ્વભાવ છે, એ તો મારો સ્વભાવ છે, પરને કારણે નહિ. એમ 'સ્યાદ્વાદી તો, પરભાવોને જાણતાં છતાં, પોતાના શુદ્ધ જ્ઞાનસ્વભાવને સર્વ પરભાવોથી ભિન્ન અનુભવતો થકો શોભે છે.' આહાહા..! બે ભંગ થયા. 'આ પ્રમાણે પરભાવ-અપેક્ષાથી નાસ્તિત્વનો ભંગ કહ્યો.' બે (ભંગ) રહ્યા, હવે બે રહ્યા. ૨૬૦ ને?

## શ્લોક-૨૬૦

(शार्दूलविक्रीडित)

प्रादुर्भावविराममुद्रितवहज्ज्ञानांशनानात्मना
निर्ज्ञानात्क्षणभङ्गसङ्गपतितः प्रायः पशुर्नश्यति।
स्याद्वादी तु चिदात्मना परिमृशंश्चिद्वस्तु नित्योदितं
टङ्कोत्कीर्णघनस्वभावमहिम ज्ञानं भवन् जीवति।।२६०।।

(હવે તેરમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :-)

શ્લોકાર્થ :- [ पशुः ] પશુ અર્થાત્ એકાંતવાદી અજ્ઞાની, [ प्रादुर्भाव-विराम-मुद्रित-वहत्-ज्ञान-अंश-नाना-आत्मना निर्ज्ञानात् ] ઉત્પાદ-વ્યયથી લક્ષિત એવા જે વહેતા (પરિણમતા) જ્ઞાનના અંશો તે-રૂપ અનેકાત્મકપણા વડે જ (આત્માનો) નિર્ણય અર્થાત્ જ્ઞાન કરતો થકો, [ क्षणभङ्ग-सङ्ग-पतितः ] *ક્ષણભંગના સંગમાં પડેલો, [ प्रायः नश्यति ] બાહુલ્યપણે નાશ પામે છે; [ स्याद्वादी तु ] અને સ્યાદ્વાદી તો [ चिद्-आत्मना चिद्-वस्तु नित्य-उदितं परिमृशन् ] ચૈતન્યાત્મકપણા વડે ચૈતન્યવસ્તુને નિત્ય-ઉદિત અનુભવતો થકો, [ टङ्कोत्कीर्ण-

* ક્ષણભંગ = ક્ષણે ક્ષણે થતો નાશ; ક્ષણભંગુરતા; અનિત્યતા.

ઘન-स्वभाव-महिम ज्ञानं भवन् ] ટંકોત્કીર્ણઘનસ્વભાવ (-ટંકોત્કીર્ણપિંડરૂપ સ્વભાવ) જેનો મહિમા છે એવા જ્ઞાનરૂપ વર્તતો, [ जीवति ] જીવે છે.

ભાવાર્થ :– એકાંતવાદી જ્ઞેયોના આકાર અનુસાર જ્ઞાનને ઊપજતું-વિણસતું દેખીને, અનિત્ય પર્યાયો દ્વારા આત્માને સર્વથા અનિત્ય માનતો થતો, પોતાને નષ્ટ કરે છે; અને સ્યાદ્વાદી તો, જોકે જ્ઞાન જ્ઞેયો અનુસાર ઊપજે-વિણસે છે તોપણ, ચૈતન્યભાવનો નિત્ય ઉદય અનુભવતો થકો જીવે છે-નાશ પામતો નથી.

આ પ્રમાણે નિત્યત્વનો ભંગ કહ્યો. ૨૬૦.

## શ્લોક–૨૬૦ ઉપર પ્રવચન

प्रादुर्भावविराममुद्रितवहज्ज्ञानांशनानात्मना
निर्ज्ञानात्क्षणभङ्गसङ्गपतितः प्रायः पशुर्नश्यति।
स्याद्वादी तु चिदात्मना परिमृशंश्चिद्वस्तु नित्योदितं
टङ्कोत्कीर्णघनस्वभावमहिम ज्ञानं भवन् जीवति।।२६०।।

જોયું? 'प्रायः' કીધું છે ને? તોપણ પ્રાયઃનો અર્થ અહીં બીજો કર્યો. પ્રાયઃ એટલે બાહુલ્યપણે. ભાઈ! પ્રાયઃ એટલે બાહુલ્યપણે એવો અર્થ કર્યો છે. પ્રાયઃ એટલે કથંચિત્ નહિ. બહુ, ઘણા પ્રકારે, બાહુલ્યપણે પરને પોતાના જાણે છે. આ શું કહે છે? આત્મા પોતાથી નિત્ય છે એનો બોલ છે. પરની નિત્યતાને કારણે પોતાની નિત્યતા નથી. પરપદાર્થ કાયમ રહે છે તો તેને કારણે હું કાયમ રહું છું એમ નથી. આહાહા...! આવી વાતું ગોઠે... સભા ભેગી કરવી હોય.. દસ-દસ હજાર માણસ થાય. અરે..! પ્રભુ! આહાહા..!

'પશુ અર્થાત્ એકાંતવાદી અજ્ઞાની..' છે અર્થ? 'ઉત્પાદ-વ્યયથી લક્ષિત એવા જે વહેતા (–પરિણમતા)...' છે? આત્મામાં ઉત્પાદ-વ્યય તો થાય છે. આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્ છે. ધ્રુવ પણ છે અને નવી અવસ્થા ઉત્પન્ન થાય છે અને પૂર્વની અવસ્થા વ્યય થાય છે. આહાહા..! અનંત ગુણની પર્યાય એક સમયમાં પ્રગટ છે. એ અનંત ગુણની પર્યાય એક સમયમાં જે ઉત્પન્ન થઈ તે ઉત્પાદ. બીજે સમયે તે પર્યાયનો વ્યય થાય છે અને નવો અનંત ઉત્પાદ થાય છે. આહાહા..!

અજ્ઞાની 'ઉત્પાદ-વ્યયથી લક્ષિત એવા જે વહેતા (–પરિણમતા)...' એ તો પર્યાયદૃષ્ટિ રાખીને એની ઉપર જ અજ્ઞાનીનું લક્ષ છે. શું કહ્યું? આત્મામાં જે ઉત્પાદ અને વ્યય પર્યાયનો ધર્મ છે તે ઉત્પન્ન થાય છે તો અજ્ઞાની તે જ હું આખો આત્મા છું એમ માને છે. આહાહા..! અનિત્યને નિત્ય માને છે, એ બતાવવું છે. આ નિત્યનો ભંગ છે. આ બધું અનિત્ય છે.

પોતાની પર્યાય ઉત્પાદ-વ્યય છે તે પણ અનિત્ય છે. આહાહા..! છે?

અજ્ઞાની 'ઉત્પાદ-વ્યયથી લક્ષિત એવા જે વહેતા (-પરિણમતા) જ્ઞાનના અંશો તે-રૂપ અનેકાત્મકપણા વડે...' એ તો આત્માની પર્યાયનો ઉત્પાદ-વ્યય સ્વભાવ છે. ઉત્પાદ-વ્યય થવા એ પર્યાયનો સ્વભાવ છે. કોઈપણ દ્રવ્ય અનાદિઅનંત દ્રવ્યમાં કોઈપણ સમયે દ્રવ્ય ઉત્પાદ-વ્યય વિનાનું હોતું નથી. આહાહા..! છે ઇ? 'ઉત્પાદ-વ્યયથી લક્ષિત એવા જે વહેતા (-પરિણમતા) જ્ઞાનના અંશો તે-રૂપ અનેકાત્મકપણા વડે...' પર્યાયના જે ભંગ થાય તે જ હું છું એવો 'નિર્ણય અર્થાત્ જ્ઞાન કરતો થકો,...' ક્ષણિક ભંગ હું છું. આહાહા..! પર્યાયમાં તો ઉત્પન્ન થાય છે, વિનષ્ટ થાય છે. બધાને જાણે એ પર્યાય ઉત્પન્ન થઈ, વળી બીજે સમયે તેનો નાશ થાય છે. તેને જ-આખી એક સમયની પર્યાયને પોતાનો આત્મા માને છે. સમજાય છે કાંઈ?

આત્મા તો નિત્ય-અનિત્ય બન્ને છે. અજ્ઞાની અનિત્ય જ માને છે, નિત્ય માનતો નથી. પર્યાયમાં જે પલટવું થાય છે તે જ હું છું પણ ત્રિકાળી હું છું એવી એની દૃષ્ટિ નથી. એ અનિત્યને નિત્ય માને છે. પોતાની અનિત્યતા, હોં! પરની નહિ. આહાહા..! નિત્ય લેવું છે ને?

અજ્ઞાની નિત્યપણે હું છું એમ નહિ માનતો થકો, અનિત્ય જે ઉત્પાદ-વ્યય પર્યાય થાય છે તે અનિત્યને પોતાના માને છે. ઉત્પાદ-વ્યય માને છે એ અનિત્યમાં પછી આવશે પણ એ તો નિત્યની દૃષ્ટિ સહિત પર્યાયમાં ઉત્પાદ-વ્યય છે એ માને છે. અજ્ઞાની તો ઉત્પાદ-વ્યયને જ માને છે અને નિત્યને તો માનતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? 'ઉત્પાદ-વ્યયથી લક્ષિત એવા જે વહેતા (-પરિણમતા)...' જે ઉત્પાદ-વ્યયથી જણાય છે એવા 'જ્ઞાનના અંશો તે-રૂપ અનેકાત્મકપણા વડે જ (આત્માનો) નિર્ણય અર્થાત્ જ્ઞાન કરતો થકો,...' એ પર્યાય જેવડો જ હું છું એમ 'ક્ષણભંગના સંગમાં પડેલો,...' ક્ષણભંગ. ઉત્પાદ-વ્યય ક્ષણે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. આહાહા..! એ 'ક્ષણભંગના સંગમાં પડેલો...' અનિત્ય પર્યાયના સંગમાં પડેલો. આહાહા..!

'બાહુલ્યપણે નાશ પામે છે;...' પ્રાયઃ નાશ પામે છે. વસ્તુનો ક્યાં નાશ થાય છે. પર્યાયને જ પોતાની માને છે પણ દ્રવ્યને પોતાનું માનતો નથી. આહાહા..! પરની વાત દૂર રહી. પોતામાં ઉત્પાદ-વ્યય સમયે સમયે ઉત્પન્ન થાય છે તે જ હું છું, તેવડો જ હું છું. એ તો પર્યાય છે. મારું નિત્ય દ્રવ્ય છે તેને માનતો નથી. એ અજ્ઞાની 'બાહુલ્યપણે નાશ પામે છે;...'

ધર્મીજીવ 'સ્યાદ્વાદી...' એટલે ધર્મી 'ચૈતન્યાત્મકપણા વડે ચૈતન્યવસ્તુને નિત્ય-ઉદિત અનુભવતો થકો,...' આહાહા..! 'ટંકોત્કીર્ણઘનસ્વભાવ (-ટંકોત્કીર્ણપિંડરૂપ સ્વભાવ) જેનો મહિમા છે એવા જ્ઞાનરૂપ વર્તતો જીવે છે.' ઉત્પાદ-વ્યય થવા છતાં મારી ચીજ એટલી નથી.

હું તો ત્રિકાળી નિત્ય ધ્રુવ પણ છું. એમ માનનાર જીવ... છે? જીવે છે, પોતાને જીવંત રાખે છે. અનિત્યને જ માને તે પોતાનો નાશ કરે છે. ભાવાર્થનું આવી ગયું.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

પ્રવચન નં. ૪૭૭ શ્લોક–૨૬૦, ૨૬૧ સોમવાર, ભાદરવા વદ ૫, તા. ૨૯-૦૯-૧૯૮૦

---

'સમયસાર' ૧૩ મા ભંગનો ભાવાર્થ, ૧૩ મા ભંગનો ભાવાર્થ. આવ્યું? ભાઈ 'નરેન્દ્ર'! એક કોર 'નરેશ' અને એક કોર 'નરેન્દ્ર' બન્ને સરખા કહેવાય. નરના ઇન્દ્ર અને નરના ઇશ. આહાહા..! નરેન્દ્ર તો આ આત્મા છે. એ અહીં કહે છે.

ભાવાર્થ :– 'એકાંતવાદી જ્ઞેયોના આકાર અનુસાર...' છે? આ ભગવાન આત્મા તો તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માએ જ્ઞાન અને આનંદ સ્વરૂપ જોયો છે. સચ્ચિદાનંદ સ્વરૂપ અંદર (છે). આહાહા..! જેમ સ્ફટિકમણિ નિર્મળ અને સ્વચ્છ છે એમ ભગવાન અંદર આત્મા સર્વજ્ઞ તીર્થંકરદેવે જોયો ને કહ્યો ને છે. નિર્મળાનંદ પ્રભુ આત્મા છે. એ નિર્મળાનંદ આત્મા 'જ્ઞેયોના આકાર અનુસાર...' થોડી સૂક્ષ્મ વાત છે. પોતાના જ્ઞાનમાં જે જ્ઞેય જણાય છે એ જ્ઞેયપણાનો આકાર અહીંયા જે જણાય છે એ 'જ્ઞાનને ઊપજતું-વિણસતું દેખીને,...' આહાહા..! એ જે પરચીજ છે તે પર્યાય–અવસ્થામાં ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે તે જ્ઞાનમાં જણાય છે તો અજ્ઞાની એમ માને છે કે મારું જ્ઞાન જ નાશ પામ્યું. મારું જ્ઞાન જ ઉત્પન્ન થયું અને નાશ પામ્યું. પરચીજ નહિ મારું જ્ઞાન નાશ પામ્યું એમ માને છે. સૂક્ષ્મ વાત છે, ભગવાન!

અનંત કાળ થયા કદી સત્ય વાત સાંભળી નથી. અંદર સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ 'સીમંધરસ્વામી' ભગવાન તો મહાવિદેહક્ષેત્રમાં અત્યારે બિરાજે છે, સમવસરણમાં બિરાજે છે. વીસ તીર્થંકર બિરાજે છે, લાખો કેવળી મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. ત્યાંથી આવેલી આ વાત છે. શું કહે છે?

અજ્ઞાની 'એકાંતવાદી...' એટલે અજ્ઞાની. 'જ્ઞેયો...' એટલે આ જ્ઞાનમાં જાણવાલાયક ચીજ. શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પૈસો-લક્ષ્મી, આબરૂ, કીર્તિ બધું. અરે..! દેવ, ગુરુ અને શાસ્ત્ર પોતાના જ્ઞાનમાં જાણવામાં આવતી એ ચીજ. 'પ્રવીણભાઈ'! તમે તો આ હિન્દી સમજતા હશો. 'મુંબઈ' માં રહે છે, કેટલા વર્ષ થયા? આહાહા..! 'જ્ઞેયોના આકાર...' જાણવાલાયક જે આ બાહ્ય ચીજ છે એ આ જ્ઞાનમાં જણાય છે એ ચીજ જણાતી નથી ખરેખર તો એ ચીજ સંબંધીનું પોતાનું જ્ઞાન જણાય છે. પણ અજ્ઞાની માને છે કે મારું પરને કારણે થયું છે. એમ માનીને પોતાના જ્ઞાનનો નાશ કરે છે. આહાહા..! આ ધર્મ. ધર્મ-અધર્મ આ છે.

'એકાંતવાદી...' એટલે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ. 'જ્ઞેયો...' એટલે જ્ઞાનમાં જાણવાલાયક ચીજ. દેવ, ગુરુ, શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ-પરિવાર, પૈસો, લક્ષ્મી, મકાન, ધૂળ. પૈસો એટલે ધૂળ. એ બધું જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણવાલાયક છે. મારા તરીકે માનવા લાયક નથી. આહાહા...! અનાદિ - કાળથી ચોરાશીના અવતારમાં રખડે છે. એ 'જ્ઞેયોના આકાર અનુસાર જ્ઞાનને ઊપજતું-વિણસતું દેખીને...' એ જ્ઞેય જાણવાથી એ જ્ઞેયને કારણે મને જ્ઞાન થયું અને જ્ઞેયનો નાશ થાય છે તો મારી પર્યાય પણ નાશ પામે છે તેથી એ જ્ઞેયાકારને કારણે મારું જ્ઞાન છે. એમ અજ્ઞાની પોતાને પર જ્ઞેયાકારથી હું છું એમ માનીને નિત્ય વસ્તુનો નાશ કરે છે અને અનિત્યને ઉત્પન્ન કરે છે. એ અનિત્ય પણ પરથી ઉત્પન્ન થયું એમ માને છે. આહાહા...! આવી વાત ક્યાં (મળે)? નવરાશ ક્યાં છે ધૂળ આડે?

મુમુક્ષુ :- ધૂળ વિના ચાલતું નથી ને.

ઉત્તર :- અરે...! એક પાઈ વિના શું રાગ વિના ચાલે એવો પ્રભુ છે. ભગવાન ત્રણલોકના નાથ 'સીમંધરસ્વામી' ભગવાન બિરાજે છે ત્યાં 'કુંદકુંદાચાર્ય' મુનિ સંવત ૪૯ માં ગયા હતા. બે હજાર વર્ષ પહેલા ત્યાં ગયા હતા, આઠ દિવસ ત્યાં રહ્યા હતા. અમે પણ ત્યાં સાથે હતા. શાંતિથી સાંભળો. હું પણ ત્યાં ભગવાન પાસે હતો. રાજકુમાર હતો. પિતાજીને અબજોની પેદાશ હતી, હાથી, ઘોડા (હતા) અને બે હજાર વર્ષ પહેલા અહીંયાથી 'કુંદકુંદાચાર્ય' દર્શન કરવા ગયા ત્યારે અમે પણ હાથીના હોદ્દે ભગવાનના દર્શન કરવા ગયા હતા. પણ છેલ્લે પરિણામમાં.. કોમળ શરીર, રાજકુમાર, વર્ષની અબજોની પેદાશ, હાથી, ઘોડાનું રાજ મોટું. પરિણામ દેહ છૂટતાં બરાબર ઠીક ન રહ્યા તો આ 'ઉમરાળા' માં જન્મ થઈ ગયો. અહીંથી ૧૧ માઈલ 'ઉમરાળા' છે ત્યાં જન્મ થઈ ગયો. આહાહા...! આ વાત ભગવાન પાસેથી આવી છે. સમજાય છે કાંઈ? એ કહે છે.

અજ્ઞાની 'એકાંતવાદી...' એટલે એક જ પક્ષ માનનાર 'જ્ઞેયો...' એટલે જાણવાલાયક ચીજના 'આકાર અનુસાર જ્ઞાનને ઊપજતું-વિણસતું દેખીને,...' આહાહા...! આ સૂક્ષ્મ વાત છે, પ્રભુ! આ જ્ઞાનમાં જે જ્ઞેય ચીજ (જણાય છે), શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ-પરિવાર, દેવ-ગુરુ-શાસ્ત્ર, પુણ્ય ને પાપ બધું આ જ્ઞાનમાં જ્ઞેય છે. જ્ઞાનમાં જાણવાલાયક એ ચીજ છે. પણ એ જાણવાલાયકના આકારનું જ્ઞાન પોતાના જ્ઞાનમાં થયું તો અજ્ઞાની એમ જાણે છે કે એ જ્ઞાન પરને કારણે થયું. મારી અનિત્ય દશાને કારણે જ્ઞાન થયું, એ પરને જાણતી મારી વર્તમાન પર્યાય-અવસ્થા, તે સંબંધી જાણવાપણે પરિણમી તે મારી પર્યાય છે એમ નહિ માનીને એ પરને આકારે જ્ઞાન થયું માટે પરનું જ્ઞાન છે, એમ કરીને અનિત્યને છોડી દે છે. ઝીણી વાત છે, ભગવાન! વાત પરમાત્માની ઝીણી છે. અત્યારે તો જૈનને નામે પણ ખબર ન મળે. અમે જૈન છીએ, અમે જૈન છીએ, પણ જૈન કોને કહેવા?

જૈન-જીતે તે જૈન. ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ, તેની દૃષ્ટિ કરીને પરજ્ઞેય

જાણવાલાયક ચીજ મારાથી ભિન્ન છે. તીર્થંકર ત્રણલોકના નાથ, પંચ પરમેષ્ઠી પણ મારાથી તો ભિન્ન છે. આહાહા..! આકરી વાત છે, પ્રભુ! એમ નહિ માનીને એ જ્ઞાનમાં જે પરજ્ઞેય પરમાત્મા, અરિહંત આદિ અરે..! પૈસો, ધૂળ, મકાન આદિ જ્ઞાનમાં જણાય છે, એ જ્ઞેયાકાર (જણાય છે). જ્ઞેય એટલે જાણવાલાયક જણાય છે. તેને ઉત્પન્ન થતું દેખીને તેને કારણે મને જ્ઞાન થયું અને તેને કારણે મારા જ્ઞાનનો નાશ થયો એમ જોઈને 'અનિત્ય પર્યાયો દ્વારા આત્માને સર્વથા અનિત્ય માનતો થકો,...' આહાહા..! શું કહે છે?

પોતાનું જ્ઞાન–આત્મ ભગવાન નિત્ય અને અનિત્ય બન્ને સ્વરૂપે છે. નિત્ય ધ્રુવ છે અને અનિત્ય ઉત્પાદ-વ્યયની પર્યાય–અવસ્થા છે. એ અવસ્થા પરથી ઉત્પન્ન થાય છે એમ માનીને અજ્ઞાની નિત્ય ઉપર દૃષ્ટિ કરતો નથી. સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમાત્માએ જોયો એ, હોં! અન્યમતિ કહે છે એ નહિ. તીર્થંકર સર્વજ્ઞ ત્રિલોકનાથ એમણે જે આત્મા અંદર નિત્યાનંદ પ્રભુ શુદ્ધ ધ્રુવ (જોયો) તેની સાથે પોતાની પર્યાય નિમિત્તનું જ્ઞાન કરવાથી પોતાને જ્ઞાન થાય છે પણ એ જ્ઞાન નિમિત્તથી થયું એમ જાણીને એ જ્ઞાનનો નાશ કરે છે, એ જ્ઞાન પર્યાય મારી નથી. આહાહા..! આવી વસ્તુ છે. 'હસમુખભાઈ'! આમાં ક્યાં તમારા લાદીના પથરા થાણામાં...? આહા..!

આ જન્મ-મરણ રહિત થવાની અહીં તો વાત છે. જન્મ-મરણ કરતો કરતો અનંત કાળથી મરી ગયો છે. 'અનંત કાળથી આથડ્યો વિના ભાન ભગવાન' ભગવાન આત્માનું સ્વરૂપ તીર્થંકરદેવે કહ્યું તેમ જાણ્યા વિના ચોરાશીના અવતારમાં અનંત વાર પરિભ્રમણ કર્યું. અનંત વાર નરકમાં, અનંત વાર નિગોદમાં (ગયો). નિગોદ સમજ્યા? લીલ, ફૂગ–કાઈ. લસણ, ડુંગળીની એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત જીવ. એવા અવતાર અનંતા કર્યા, પ્રભુ! ભૂલી ગયો પણ. આ બહારની ધૂળમાં, બહારની આબરૂ ને કીર્તિ ને દીકરો ને બાયડી ને છોકરા ને આબરૂ એ મારા પ્રાણ છે એમ માન્યું. આ પ્રાણ અહીં છે એમ ન માન્યું. 'પ્રાણભાઈ'! એ બાયડી, છોકરા, કુટુંબ, પૈસો, ધૂળ, ધૂળ આ પૈસો એ બધા મારા પ્રાણ છે. આ પ્રાણ અંદર ચૈતન્ય, આનંદ પ્રાણ છે, અંદર જ્ઞાનસ્વરૂપી ભગવાન, જ્ઞાનના પૂરના નૂરના–તેજથી ભરેલો ભગવાન આત્મા છે. અરે..રે..! આ દેહ તો માટી ધૂળ છે. મસાણમાં રાખ થવાની છે રાખ અને અગ્નિ ઊડવાની. આ ધૂળ છે. બહારના પૈસા, આબરૂ, કીર્તિ તો ક્યાંય બહારની ચીજ છે.

એ બહારની ચીજ જાણવાના કાળે જે જ્ઞેયો જાણવાલાયક આવે છે તે પર્યાય પરને કારણે થઈ એમ માનીને પોતાની અનિત્યતાના જ્ઞાનનો નાશ કરે છે. અરે..રે..! સાંભળવું મુશ્કેલ પડે, બાપુ! આહાહા..! 'દેખીને, અનિત્ય પર્યાયો દ્વારા આત્માને સર્વથા અનિત્ય માનતો થકો,...' જુઓ! હું તો અનિત્ય જ છું. એ ચીજ પલટે છે તો તેને કારણે હું પણ પલટી જાઉં છું. એમ માનતો થકો 'પોતાને નાશ કરે છે;...' આહાહા..! પોતાની ચૈતન્યમૂર્તિ ધ્રુવ

નિત્યાનંદ, એ વર્તમાન પરિણમન મારું છે, એ જ્ઞેય જણાયું તો એ પરિણમન જ્ઞેયનું નથી, મારી દશા છે. એમ નહિ માનીને પરને કારણે આ દશા થઈ તો પરનો નાશ થયો તો મારી પર્યાયનો પણ નાશ થઈ ગયો. આહાહા..! અરે..! આ શબ્દ પણ ક્યાં (સાંભળવા મળે)?

ભગવાન ત્રણલોકના નાથ મહાવિદેહમાં બિરાજે છે. વર્તમાન સમવસરણમાં ઇન્દ્ર, નરેન્દ્રો જાય છે. વાઘ ને સિંહ સાંભળવા જાય છે. આહાહા..! એ વાત કોઈ અલૌકિક છે. અનંતકાળમાં કદી રુચિથી સાંભળી નથી. સાંભળી છે, મહાવિદેહક્ષેત્રમાં પણ અનંતવાર જન્મ્યો છે. અનંતકાળ થયો ને? મહાવિદેહમાં જ્યાં ભગવાન બિરાજે છે ત્યાં...

મુમુક્ષુ :– અમે બધા ત્યાં હતા ને?

ઉત્તર :– તમે પૂર્વે અનંતવાર ભવ કર્યા. અમારી સાથે નહોતા. પૂર્વે ન્યાં મહાવિદેહમાં બધા હતા. અનંતવાર ભગવાનના સમવસરણમાં ગયો પણ એ અનિત્ય ચીજને જોઈને અને અનિત્ય ચીજને પલટતી જોઈને અનિત્યનું જ્ઞાન પણ પલટી ગયું, નાશ થઈ ગયું એમ એ માને છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

અહીં તો શરીરને ૯૧ વર્ષ થયા. ૯૧, ૯૦+૧. અહીં તો ૧૮ વર્ષની ઉંમરથી આ ધંધો છે. અઢાર વર્ષની ઉંમરથી. 'પાલેજ' માં દુકાન છે ને! 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે ત્યાં પિતાજીની દુકાન છે. નવ વર્ષ ત્યાં રહ્યા. પણ હું તો શાસ્ત્ર વાંચતો હતો. પૂર્વના સંસ્કાર હતા ને! ભાગીદાર હોય તો હું તો વાંચુ, ભાગીદાર ન હોય તો મારે દુકાને બેસવું પડે. હું શાસ્ત્ર વાંચતો હતો એમાં જ્યાં આ 'સમયસાર' સંવત ૧૯૭૮ માં હાથ આવ્યું,... ઓ..હો..હો..! શરીરરહિત થવાની ચીજ અને સિદ્ધ થવાની ચીજ હોય તો આ છે. શું કરવું? કોને કહેવું? આહાહા..!

અહીં તો એમ કહે છે કે, સામી ચીજ મંદિર હો કે ભગવાન હો કે સમવસરણમાં ત્રિલોકનાથ હો, તેમને જોઈને તેમની પર્યાય પલટે છે તો એ પોતાના જ્ઞાનમાં તેમની પર્યાય જણાય છે, એ પલટે છે તો તેને કારણે મારી પર્યાયનો પણ નાશ થઈ ગયો. એમ માનીને અનિત્યતાને નહિ માનીને એકલા નિત્યને માને છે તે અજ્ઞાની છે. આહાહા..! પ્રભુ આત્મા નિત્ય-અનિત્ય બન્ને છે. ધ્રુવ પણ છે અને ઉત્પાદ-વ્યયની પર્યાય, આ જે અવસ્થા વિચાર બદલાય છે ને? અવસ્થા બદલાય છે. આહાહા..! સોનું સોનાપણે છે એ નિત્ય ધ્રુવ છે અને એમાં કડા, કુંડળ, વીંટી આદિ થાય છે એ પર્યાય છે. એમ ભગવાન આત્મા સોના પેઠે–સુવર્ણ પેઠે અંદર ધ્રુવ છે અને આ વિચાર પલટે છે એ બધી અવસ્થા છે. કડા, કુંડળ જેમ બને છે એ અવસ્થા છે. એ અવસ્થા પરથી થાય છે એમ માનીને પોતાની અવસ્થાનો નાશ કરે છે. નષ્ટ થાય છે. અંદર મારી પર્યાય મારામાં છે, મારે કારણે છે (એમ માનતો નથી). પણ એ પર્યાય શું અને દ્રવ્ય શું? આહાહા..! અરે..રે..! અનંતકાળ ગયો.

એ કહે છે, 'અનિત્ય પર્યાયો દ્વારા આત્માને સર્વથા અનિત્ય માનતો થકો,...' એ અનિત્ય

પર્યાય જે અનિત્ય છે, લક્ષ્મી, પૈસા, આબરૂ, કીર્તિ, શરીર, વાણી, મન એ અનિત્ય પર્યાયને માનતો થકો 'પોતાને નાશ કરે છે; અને...' ધર્મીજીવ 'સ્યાદ્વાદી...' એટલે ધર્મી–સમકિતી. 'જોકે જ્ઞાન જ્ઞેયો અનુસાર ઊપજે–વિણસે છે...' પર્યાયમાં જ્ઞેય જણાય છે અને પર્યાયમાં ઉત્પન્ન થાય છે અને વિનાશ પણ પામે છે 'તોપણ, ચૈતન્યભાવનો નિત્ય ઉદય અનુભવતો થકો...' હું પર્યાય જેવડો નથી. હું તો ધ્રુવ અંદર ચૈતન્યમૂર્તિ ભગવાન છું. અનાદિઅનંત મારી સત્તા છે. મારી સત્તાની ઉત્પત્તિ પણ નથી અને મારી સત્તાનો નાશ પણ કદી નથી. હું અનાદિઅનંત મારી સ્વસત્તાથી બિરાજમાન છું. ધર્મી–સમ્યગ્દૃષ્ટિ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને દ્રવ્યને પણ માને છે અને દૃષ્ટિ કરી તો પર્યાયને પણ માને છે. શું કહ્યું? દ્રવ્ય અને પર્યાય. દ્રવ્ય એટલે આ તમારો પૈસો–ધૂળ નહિ, હોં! હમણા ગયા હતા, 'આફ્રિકા' ગયા હતા ને? ૨૬ દિવસ રહ્યા હતા. ત્યાં બહુ પ્રેમી છે, બહુ પૈસાવાળા. આપણા દેશના છ હજાર મહાજન લોકો છે.

મુમુક્ષુ :– પુણ્ય એ ધર્મ નહીં.

ઉત્તર :– પુણ્ય એ બીજી બેડી છે. જેમ લોઢાની બેડી છે એમ સોનાની બેડી છે. અશુભભાવ લોઢાની બેડી છે અને શુભભાવ સોનાની બેડી છે. આહાહા..! બેડી સમજો છો? લોઢા કરતા સોનાની બેડી તો વધારે નુકસાન કરે છે. લોઢાનો બહુ તોલ નથી. સોનાની ચીકાશ ચામડીનો ઘસારો કરી નાખે. એમ શુભભાવ મારો માનીને અનંતકાળ મિથ્યાત્વમાં વીત્યો પણ હું શુભભાવથી ભિન્ન છું એવી દૃષ્ટિ કરવાનો પ્રયત્ન કદી કર્યો નથી. આહાહા...! ભાષા તો સાદી છે. 'નરેશભાઈ'! હિન્દી છે પણ ભાષા સાદી છે. તમારે 'મુંબઈ' માં તો બધું ચાલે ને! આહાહા..!

આ વખતે બે વાર ('મુંબઈ') ગયા હતા. 'આફ્રિકા' જવું હતું ત્યારે ત્યાં ગયા હતા અને ૯૧ મી જન્મજયંતિ 'મલાડ' માં થઈને? એમ બે વાર તો ગયા હતા. આ ત્રીજી વાર પરમ દિવસે જવું છે. શરીરમાં ફોટો લેવા. અંદરમાં શું છે? કાંઈક રોગ છે. શરીરને ઠીક નથી. દેખાવ લાગે પણ શરીરને ઠીક નથી. પેશાબ ઉતરવામાં ૨૦-૨૦ મિનિટ ૨૫ મિનિટ થઈ જાય. ઊતરે નહિ. એવું કાંઈક થઈ ગયું છે. શરીરની સ્થિતિ એવી બદલાઈ ગઈ છે. એ તો નાશવાન ચીજ છે. તેના નાશથી કાંઈ આત્માની પર્યાયનો નાશ થાય છે? આહાહા..!

એ કહે છે, ધર્મી 'સ્યાદ્વાદી...' એટલે ધર્મી. 'જોકે જ્ઞાન...' આ આત્માનું જ્ઞાન 'જ્ઞેય અનુસાર ઊપજે–વિણસે છે...' જાણવાલાયકની અપેક્ષાથી ઉત્પન્ન ને વિનષ્ટ થાય છે 'તોપણ, ચૈતન્યભાવનો નિત્ય ઉદય અનુભવતો થકો...' ધર્મી તો, હું નિત્ય આનંદ સ્વરૂપ છું. મારામાં સર્વાંગ આનંદ ભર્યો છે. જેમ સાકરમાં સર્વાંગ મીઠાશ ભરી છે. સાકરમાં સર્વાંગ મીઠાશ ભરી છે એમ મારામાં... અરે..રે...! અતીન્દ્રિય આનંદ સર્વાંગ અંદર ભર્યો છે. એમાં દૃષ્ટિ કરીને ધર્મીજીવ 'ચૈતન્યભાવનો નિત્ય ઉદય અનુભવતો થકો...' ભલે પર્યાયમાં પર જણાય

છે એ પર્યાય મારી છે, પણ હું તો નિત્ય ત્રિકાળ છું એવો નિત્ય ઉદય અનુભવતો થકો ‘જીવે છે–નાશ પામતો નથી.’ આહાહા..! હવે છેલ્લો ભંગ છે. ચૌદમો ભંગ છે? ચૌદમો છેલ્લો ભંગ. ૨૬૧ ને?

## શ્લોક-૨૬૧

(शार्दूलविक्रीडित)

टङ्कोत्कीर्णविशुद्धबोधविसराकारात्मतत्त्वाशया
वाञ्छत्युच्छलदच्छचित्परिणतेर्भिन्नं पशुः किञ्चन।
ज्ञानं नित्यमनित्यतापरिगमेऽप्यासादयत्युज्ज्वलं
स्याद्वादी तदनित्यतां परिमृशंश्चिद्वस्तुवृत्तिक्रमात्।।२६१।।

(હવે ચૌદમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :–)

શ્લોકાર્થ :– [ पशुः ] પશુ અર્થાત્ એકાંતવાદી અજ્ઞાની, [ टङ्कोत्कीर्ण-विशुद्ध-बोध-विसर-आकार-आत्म-तत्त्व-आशया ] ટંકોત્કીર્ણ વિશુદ્ધ જ્ઞાનના ફેલાવરૂપ એક-આકાર (સર્વથા નિત્ય) આત્મતત્ત્વની આશાથી, [ उच्छलत्-अच्छ-चित्परिणतेः भिन्नं किञ्चन वाञ्छति ] ઊછળતી નિર્મળ ચૈતન્યપરિણતિથી જુદું કાંઈક (આત્મતત્ત્વને) ઇચ્છે છે (પરંતુ એવું કોઈ આત્મતત્ત્વ છે નહિ); [ स्याद्वादी ] અને સ્યાદ્વાદી તો, [ चिद्-वस्तु-वृत्ति-क्रमात् तद्-अनित्यतां परिमृशन् ] ચૈતન્યવસ્તુની વૃત્તિના (-પરિણતિના, પર્યાયના) ક્રમ દ્વારા તેની અનિત્યતાને અનુભવતો થકો, [ नित्यम् ज्ञानं अनित्यतापरिगमे अपि उज्जवलम् आसादयति ] નિત્ય એવા જ્ઞાનને અનિત્યતાથી વ્યાપ્ત છતાં ઉજ્જવળ (-નિર્મળ) માને છે-અનુભવે છે.

ભાવાર્થ :– એકાંતવાદી જ્ઞાનને સર્વથા એકાકાર-નિત્ય પ્રાપ્ત કરવાની વાંછાથી, ઊપજતી-વિણસતી ચૈતન્યપરિણતિથી જુદું કાંઈક જ્ઞાનને ઇચ્છે છે; પરંતુ પરિણામ સિવાય જુદો કોઈ પરિણામી તો હોતો નથી. સ્યાદ્વાદી તો એમ માને છે કે-જોકે દ્રવ્યે જ્ઞાન નિત્ય છે તોપણ ક્રમશઃ ઊપજતી-વિણસતી ચૈતન્યપરિણતિના ક્રમને લીધે જ્ઞાન અનિત્ય પણ છે; એવો જ વસ્તુસ્વભાવ છે.

આ પ્રમાણે અનિત્યત્વનો ભંગ કહ્યો. ૨૬૧.

## શ્લોક–૨૬૧ ઉપર પ્રવચન

टङ्कोत्कीर्णविशुद्धबोधविसराकारात्मतत्त्वाशया
वाञ्छत्युच्छलदच्छचित्परिणतेर्भिन्नं पशुः किञ्चन।
ज्ञान नित्यमनित्यतापरिगमेऽप्यासादयत्युज्ज्वलं
स्याद्वादी तदनित्यतां परिमृशंश्चिद्वस्तुवृत्तिक्रमात्।।२६१।।

શ્લોકાર્થ :– 'પશુ...' આહાહા..! જેમ પશુને.. શું કહેવાય? પડછા.. પડછા. ખડના પડછા નથી હોતા? ખડના પડછા હોય છે. મોટા પહોળા હોય છે. એ પડછાને હિન્દીમાં શું કહે છે? પડછા હોય છે ને પહોળા? ખડ..ખડ–ઘાસ. એ નાખ્યા હોય અને ચુરમું નાખ્યું હોય. એ પડછામાં ચુરમું ભેળવીને ખાય પણ આ ચુરમું જુદું અને પડછા જુદા છે (એની ખબર નથી). આહાહા..!

એમ અજ્ઞાની પશુ જેવો. અહીં તો આમ લીધું છે. પશુ જેવો 'એકાંતવાદી અજ્ઞાની, ટંકોત્કીર્ણ વિશુદ્ધ જ્ઞાનના ફેલાવરૂપ એક-આકાર (સર્વથા, નિત્ય) આત્મતત્ત્વની આશાથી,...' હવે શું કહે છે? જરી સૂક્ષ્મ વાત છે, ભગવાન! આ આત્મા નિત્ય તો છે પણ પર્યાયમાં અનિત્ય છે. પર્યાય–અવસ્થા બદલાય છે. સોનું સોનારૂપે કાયમ છે પણ કુંડળ, કડા, વીંટીથી બદલે છે. એમ ભગવાન આત્મા ધ્રુવ તો કાયમ છે પણ પર્યાય, વિચાર અવસ્થા બદલાય છે. એ અવસ્થા બદલે છે તે જ હું છું, એ પલટતી અવસ્થા ક્ષણિક છે તે હું છું પણ ત્રિકાળી નિત્ય છે એમ નથી માનતો અને અનિત્યને જ માને છે એ મિથ્યાદૃષ્ટિ છે. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! અહીં તો દેવ, ગુરુ ને શાસ્ત્ર, ભક્તિ, વ્રત ને તપ ને આ ને તે... બહારની ધમાલમાં જિંદગી કાઢી નાખે છે. એ તો કોઈ શુભભાવ હો પણ જન્મ-મરણના અંત લાવવાની ચીજ નથી. આહાહા..!

અહીં એ કહે છે, અજ્ઞાની 'ટંકોત્કીર્ણ વિશુદ્ધ જ્ઞાનના ફેલાવરૂપ એક-આકાર (સર્વથા નિત્ય)...' આત્મા. એ નિત્ય જ એકાંત છે એમ માનીને અનિત્યમાં જે પર્યાય પલટે છે તેને તે માનતો નથી. પહેલામાં એ હતું કે, પર્યાયને માનતો હતો અને નિત્યને માનતો નહોતો. અહીંયા એ પર્યાયને માને છે અને નિત્યને માનતો નથી. પહેલામાં નિત્યને માને છે અને પર્યાયને નથી માનતો એમ હતું. અહીં તો પહેલા બે અવળા-સવળા છે ને? 'આત્મતત્ત્વની આશાથી,...' શું કહ્યું? 'ટંકોત્કીર્ણ વિશુદ્ધ જ્ઞાનના ફેલાવરૂપ એક-આકાર (સર્વથા નિત્ય)...' માનીને. પોતાની પર્યાયમાં અનિત્યતા ભિન્ન ભિન્ન જ્ઞાન દશા થાય છે તેને માનતો

નથી તે પણ મિથ્યાદષ્ટિ અજ્ઞાની અજૈન છે. આહાહા..!

ફરીને, આ આત્મામાં નિત્યરૂપ ત્રિકાળીને માનીને પર્યાયમાં જે પલટવું થાય છે અને પર્યાયમાં અનેક પ્રકારનું જ્ઞાન પલટવારૂપ પોતાની દશા થાય છે તે પર્યાયને નહિ માનીને એકલો નિત્ય છું એમ માને છે તે પણ મિથ્યાદષ્ટિ છે. આહાહા...! છે? 'આત્મતત્ત્વની આશાથી,...' પર્યાયને છોડી દે છે. હું તો નિત્ય છું. પણ નિત્ય છું એમ માને છે કોણ? નિત્ય પર્યાય માને છે કે નિત્ય નિત્ય માને છે? નિત્ય તો ધ્રુવ છે. એ પણ ખબર ક્યાં છે? આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્. 'તત્ત્વાર્થ સૂત્ર' નું વચન છે. નવી અવસ્થાથી પર્યાયમાં ઉત્પન્ન થાય છે, જૂની અવસ્થાથી વ્યય થાય છે અને ધ્રુવપણે કાયમ રહે છે. પણ અજ્ઞાની.. આહાહા..! એકલો નિત્ય માનનારો 'આત્મતત્ત્વની આશાથી, ઊછળથી નિર્મળ ચૈતન્યપરિણતિથી જુદું...' આહાહા..! ચૈતન્યની પર્યાય ચૈતન્યના લક્ષે નવી નવી ઉત્પન્ન થાય છે. તેને તો અજ્ઞાની માનતો નથી. ઝીણી વાત છે, ભાઈ! છે?

'ઊછળતી નિર્મળ ચૈતન્યપરિણતિથી જુદું કાંઈક (આત્મતત્ત્વને) ઇચ્છે છે...' ચૈતન્યની જાણવાની જે દશા છે તેનાથી અજ્ઞાની બીજી કોઈ ચીજ ઇચ્છે છે. એ નહિ. એ પર્યાય નહિ, પર્યાય નહિ, હું તો નિત્ય છું, ધ્રુવ છું. આહાહા..! એકલો ધ્રુવ છું એમ માને છે પણ ધ્રુવને માનનારી તો પર્યાય છે. પર્યાય ને દ્રવ્ય આ શું છે? અરે..! દુનિયાને... એય 'હસમુખભાઈ'! બન્ને ભાઈઓ આવ્યા છે ને? 'નરેશભાઈ' એના સંબંધને લઈને આવ્યા છે. આહાહા..! શું કહે છે?

ભગવાન આત્મા અંદર ચૈતન્ય ધ્રુવ છે તેની વર્તમાન પર્યાયમાં પરિણતિ નિર્મળ ભિન્ન ભિન્ન થાય છે. એ ભિન્ન ભિન્ન પર્યાયને નહિ માનીને, હું નિત્ય જ છું એમ માનીને મિથ્યાદષ્ટિ થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ અનિત્યનો ભંગ છે. વસ્તુ નિત્ય છે પણ એ નિત્યને જાણનારી પર્યાય અનિત્ય છે. વસ્તુ નિત્ય ધ્રુવ છે પણ ધ્રુવ એ કંઈ જાણે નહિ. ધ્રુવ તો ધ્રુવ છે, નિત્ય છે. જાણનારી પર્યાય અવસ્થા છે એ અવસ્થા ધ્રુવને જાણે છે. એ અવસ્થા જ હું છું, હું અવસ્થા જ છું, હું નિત્ય નથી. આહાહા..! એ તો પહેલા આવી ગયું. અહીં તો કહે છે, એ અવસ્થા છે તેને માનતો નથી. આહાહા..! વેદાંત છે ને? વેદાંત એકલું ધ્રુવ માને. પર્યાયમાં ભિન્ન ભિન્ન અવસ્થા થાય છે તે નહિ.. નહિ.. નહિ. પણ એ પર્યાય પોતાનો સ્વભાવ છે. ક્ષણે ક્ષણે ઉત્પાદ-વ્યયપણે બદલે એ પોતાની પર્યાયનો ધર્મ છે. આહાહા..!

એ કહે છે, પોતાની પર્યાયમાં અજ્ઞાની આત્માની નિત્યપણાની આશાથી, એકલું નિત્ય એકાંત માનવાની આશાને કારણે અજ્ઞાની જે ઊછળતી પર્યાય નવી નવી અવસ્થા થાય છે તેને માનતો નથી. 'ઊછળતી નિર્મળ ચૈતન્યપરિણતિથી જુદું કાંઈક ઇચ્છે છે...' આહાહા..! શરીર, વાણી, મનથી તો ભિન્ન છે પણ એ પર્યાયમાં નિર્મળ પરિણતિ ઉત્પન્ન થાય છે

તેને અજ્ઞાની માનતો નથી. એનાથી ભિન્ન એકલું દ્રવ્ય જ હું છું એમ માનું, હું તો એકલું દ્રવ્ય જ છું. અને પર્યાયને માનતો નથી એ પણ મિથ્યાદૃષ્ટિ છે. અરે..! આવી વાત છે. શું કરવું?

આ ભગવાન આત્મા, પહેલા અનિત્યને માનીને નિત્યને માનતો નહોતો. અહીંયા એકલા નિત્યને જ માને છે. સમજાય છે કાંઈ? પહેલામાં અનિત્યને માનતો હતો. અહીં અનિત્યને માનતો નથી. પોતાનું જ્ઞાનસ્વરૂપ ધ્રુવ છે. ચૈતન્ય તો અનાદિ સત્તા છે. કદી કોઈ ઈશ્વર નથી કે એણે બનાવ્યું હોય. એ વસ્તુ તો અનાદિ છે. એ સત્તા ધ્રુવ તો અનાદિ છે પણ એ ધ્રુવમાં નિત્યમાં જે પર્યાય પલટે છે એ પર્યાય પલટે છે તેને નહિ માનીને, એ ચૈતન્ય પરિણતિ ક્ષણે ક્ષણે દરેક આત્મામાં ઉત્પન્ન થાય છે, અરે..! જડમાં પણ થાય છે, તો એ નિર્મળ પર્યાય.. અહીં નિર્મળ લીધી છે.

મુમુક્ષુ :– બહુ ઝીણું આવે છે.

ઉત્તર :– ક્યાં કદી કર્યું જ નથી. આ વાત આ છે. આત્મા છે તે નિત્ય-અનિત્ય છે. નિત્ય પણ છે, અનિત્ય પણ છે. કાયમ રહેનાર પણ છે અને બદલનારો પણ છે. અજ્ઞાની એ બદલતી ચીજને પરિણતિને માનતો નથી. અરે..! આ તો પલટે છે. એ કહ્યું ને?

‘ઊછળતી..’ સમયે સમયે દ્રવ્યમાં અનંતી પર્યાય ઊછળે છે. અનંતા ગુણની અનંતી પર્યાય દરેક દ્રવ્યમાં (થાય છે). આહાહા..! એ ‘ઊછળતી નિર્મળ ચૈતન્યપરિણતિથી જુદું...’ નિર્મળ પરિણતિ. અહીં તો એ લીધી. જુઓ! મલિન નથી લીધી. આહાહા..! જાણવાની પર્યાયમાં અનેક પ્રકારનું જાણવું થાય છે. અનિત્ય.. અનિત્ય.. અનિત્ય... એ અનિત્યને નહિ માનીને એકલા નિત્યને માને છે એ પણ મિથ્યાદૃષ્ટિ છે. ભાષા તો સાદી છે, પ્રભુ! પણ કદી દરકાર કરી નથી. આહાહા..!

ભાષા કેવી છે? કે, આત્મા નિત્ય તો છે પણ પોતાની પર્યાયમાં, પોતાની અવસ્થામાં, પોતાની દશામાં ઊછળતી... અંદરથી પર્યાય ઊછળે છે. પાણીમાં જેમ તરંગ ઊઠે, તરંગ એમ નિત્ય આત્મામાં અનિત્યતા ઊછળે છે. અજ્ઞાની નિત્યની આશાથી ઊછળતી પર્યાયને માનતો નથી. આહાહા..! આ તો સાદી ભાષા છે.

વસ્તુ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, સત્ ચિદ્ નામ જ્ઞાન અને આનંદનો ભંડાર છે. ભગવાન તો અનંત ચૈતન્ય રત્નાકર ભગવાન દરિયો છે પણ એ દરિયા-સાગરને જાણનારી જે પર્યાય છે તે સમયે સમયે અનંતી પર્યાય, અનંત ગુણની અનંતી પર્યાય ઊછળે છે. ભાષા એમ લીધી છે ને? ઊછળતી, ઉત્પન્ન થતી. આહાહા..! એ ‘નિર્મળ ચૈતન્યપરિણતિથી જુદું...’ આ પર્યાય નહિ, આ નહિ, આ નહિ, હું તો તેનાથી ભિન્ન છું. એમ અજ્ઞાની પર્યાયને નહિ માનતો, દ્રવ્યને માનવા જાય છે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. ‘પ્રાણભાઈ’!

એ કહે છે કે, આત્મા નિત્ય છે પણ પર્યાયમાં અનિત્યતા છે. અનંત ગુણની અનંતી

પર્યાય છે. એ ઊછળતી અનંતી પર્યાયને નહિ માનીને નિત્ય છું એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આવી વાતું છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથનો માર્ગ જ બહુ સૂક્ષ્મ છે. આહાહા..! અનંતકાળ થયો જૈનમાં જન્મ થયો, જૈનમાં શાસ્ત્ર ભણ્યો, ક્રિયાકાંડ પંચ મહાવ્રત આદિ અનંતવાર લીધા, પણ આત્મા અંદર નિત્યાનિત્ય કોણ છે તેનો અનુભવ કર્યો નહિ. આહાહા..! 'પ્રવીણભાઈ'!

'નાઈરોબી' માં પંદર જણા અબજપતિ છે. એક શ્વેતાંબર અબજપતિ અમારી પાસે આવ્યા. અહીંના મુમુક્ષુના સાંઈઠ ઘર છે. પાંચ હજાર અહીંથી રેકોર્ડિંગ લઈ ગયા છે. આ રેકોર્ડિગં ઊતરે છે ને? પાંચ હજાર લઈ ગયા છે. કાયમ રેકોર્ડિંગ અને કાયમ વાંચન (ચાલે છે). ત્યાં 'નાઈરોબી' માં ઘણો પ્રચાર છે. ત્યાં પણ એમ કહેતા હતા કે, આત્મા નિત્ય તો છે તેને એકલો અનિત્ય માનવો એ પણ મિથ્યાત્વ છે અને નિત્ય છે અને સાથે અનિત્ય પણ છે એ અનિત્યને ન માનવું તે પણ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- ઘડીકમાં નિત્ય કહો અને ઘડીકમાં અનિત્ય કહો..

ઉત્તર :- બન્ને વાત છે ને અંદર! એકલા અનિત્યને માનવા જતાં તો નિત્યને ભૂલી જાય છે, એકલા નિત્યને માનવા જતાં અનિત્યને ભૂલી જાય છે. અરે..રે...! સાકર ગળપણથી ભરી છે પણ પાણી પડે એ પ્રમાણે મીઠાશ પાતળી થઈ જાય છે. એમ ભગવાન આત્મા નિત્યાનંદ તો છે જ પણ વર્તમાન પર્યાયમાં તેનું બદલવું, પલટવું સ્વભાવ છે. ઉત્પાદ-વ્યય થાય છે. એકલો ધ્રુવ આત્મા છે એમ નહિ. નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. આહાહા..!

પર્યાયમાં 'ઊછળતી નિર્મળ ચૈતન્યપરિણતિથી જુદું કાંઈક (આત્મતત્ત્વને) ઇચ્છે છે...' અજ્ઞાની. '(પરંતુ એવું કોઈ આત્મતત્ત્વ છે નહિ);...' આહાહા..! નિત્ય પણ છે. દૃષ્ટિનો વિષય નિત્ય છે પણ દૃષ્ટિ નિત્યને માને છતાં સાથે જ્ઞાન છે, દૃષ્ટિ અને જ્ઞાન છે તે પર્યાય છે, પર્યાય નિત્યને જાણે છે. નિત્યને નિત્ય જાણતું નથી, ધ્રુવને ધ્રુવ જાણતું નથી. ધ્રુવ તો ધ્રુવ છે. ધ્રુવને જાણનારી પર્યાય છે, અનંતી નિર્મળ પર્યાય એક એક સમયમાં ઉત્પન્ન થાય છે. અનંત ગુણ છે ને? આહાહા..!

એક આત્મામાં અનંતા ગુણ છે. એક એક આત્મામાં અનંતા.. અનંતા.. અનંતા.. ગુણ છે અને જેટલા ગુણ છે તેટલી પર્યાય છે. આહાહા..! પર્યાય એટલે અવસ્થા. એ ઊછળતી અવસ્થા, એકલા નિત્યને માનનારા વેદાંતી, વેદાંતી છે તે એકલા નિત્ય જ માને, પર્યાય ન માને, એમ જૈનમાં રહેલા એકલા નિત્યને માને પણ સમયે સમયે અનંતી અનિત્ય નિર્મળ પર્યાય ઊછળે છે તેને છોડીને હું આત્મા નિત્ય છું એમ માનવા જતાં મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. અરે..! આવો ઉપદેશ હવે. વીતરાગનો માર્ગ સર્વજ્ઞનો માર્ગ, બાપુ! ધર્મ જુદી ચીજ છે. કોઈ બાહ્ય પૈસાથી, લક્ષ્મીથી કે આબરૂથી કે કરોડ, બે કરોડના મકાન-મંદિર બનાવ્યા તો ધર્મ થઈ ગયો, બિલકુલ નહિ, જરીયે નહિ. ઘણી ઝીણી વાત છે, પ્રભુ!

ભગવાન તીર્થંકરદેવ ત્રિલોકનાથ તો એમ ફરમાવે છે, 'સમયસાર' ત્રીજી ગાથા, કે, એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી સ્પર્શે નહિ, અડે નહિ. સમજાય છે કાંઈ? છે? પુસ્તક છે ને? ત્રીજી ગાથા લો, ત્રીજી ગાથા. આહાહા..! છે? એમાં વચ્ચે છે. 'ધર્મ...' એક ધર્માસ્તિકાય નામનું તત્ત્વ છે, ભગવાને જોયું છે. 'અધર્મ..' એક તત્ત્વ છે. તત્ત્વ, હોં! ધર્મ-અધર્મ પર્યાય નહિ. 'આકાશ-કાળ-પુદ્‌ગલ-જીવદ્રવ્યસ્વરૂપ લોકમાં સર્વત્ર જે કોઈ જેટલા જેટલા પદાર્થો છે તે બધાય નિશ્ચયથી (નક્કી) એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી જ સુંદરતા પામે છે કારણ કે અન્ય પ્રકારે તેઓ...' આહાહા..! 'દોષો આવી પડે. કેવા છે તે સર્વ પદાર્થો? પોતાના દ્રવ્યમાં રહેલા પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે...' પોતાની શક્તિને અને પર્યાયને સ્પર્શે છે. છે? 'તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી,...' આહાહા..! ગજબ વાત છે. ત્રીજી ગાથામાં વચ્ચે છે.

એક દ્રવ્ય, દરેક પદાર્થ–આત્મા અને દરેક પરમાણુ પોતામાં રહેલા અનંતા ગુણ અને અનંતી પર્યાયને સ્પર્શે છે પણ તે દ્રવ્ય પરદ્રવ્યને કદી અડતા નથી. એવો સ્વભાવ ભિન્ન ભિન્ન દ્રવ્ય છે. અર..ર..ર...! આવું કદી સાંભળ્યું ન હોય એવી ચીજ છે. એક દ્રવ્ય પદાર્થ પોતાની શક્તિ જે અનંત ગુણ છે અને તેની અનંતી નિર્મળ પર્યાય ઊછળે છે તે પર્યાયને અને ગુણને તે દ્રવ્ય ચુંબે છે, સ્પર્શે છે, અડે છે પણ પરદ્રવ્યને તો કદી અડતું નથી. આત્મા કર્મને અડતો નથી, શરીરને અડતો નથી, વાણીને અડતો નથી, સ્ત્રીને અડતો નથી, ક્યારેય કોઈને અડતો નથી. અર..ર..ર..! આ શું છે? સમજાય છે કાંઈ? 'પ્રાણભાઈ'! શું કહે છે? કે, આત્મા શરીરને અડતો નથી. એ જડ છે, માટી–ધૂળ છે આ તો. આત્મા અરૂપી છે. આત્મામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. વર્ણ, ગંધ, રસ, સ્પર્શને કદી અડતો નથી. અજ્ઞાની માને છે કે હું શરીરને અડું છું, હું શરીરથી કામ લઉં છું. એ તો મિથ્યાદૃષ્ટિ અજૈન માને છે. એ જૈન નથી. અર..ર..ર..!

મુમુક્ષુ :– રોજ રૂપિયાને ફેરવીએ ને આપ ના પાડો છો.

ઉત્તર :– ધૂળમાં રૂપિયા નથી. બધું જોયું છે, નથી જોયું? અમારી ત્યાં દુકાન હતી ને અત્યારે મોટી દુકાન છે. ચાલીસ લાખ રૂપિયા છે, ચાર લાખની પેદાશ છે. 'પાલેજ' 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે એ સ્ટેશન આવે. હું ત્યાં નવ વર્ષ રહેલો. નાની ઉંમરમાં– ૧૩ થી ૨૨. ૧૩ વર્ષની ઉંમરથી ૨૨ વર્ષ. અત્યારે શરીરને ૯૧ થયા, ૯૧. ૧૦૦ માં ૯ ઓછા. બધું જોયું છે, બહુ જોયું છે. પાંચ વર્ષ વેપાર પણ કર્યો હતો, ઉઘરાણી કરી હતી, બધું કર્યું હતું પછી વૈશાખમાં છોડી દીધું. (સંવત) ૧૯૬૮ ના વૈશાખમાં દુકાન છોડી દીધી અને ૧૯૭૦ માં દીક્ષા (લીધી). આહાહા..! બધું જોયું છે. બધા પુસ્તકો વાંચ્યા છે, બધું જોયું છે. આ કોઈ બીજી અંતરની ચીજ છે, ભાઈ!

એક દ્રવ્ય બીજાને અડતું નથી. આ આંગળી આ પુસ્તકને અડતી નથી, સ્પર્શતી નથી

એમ કહે છે. કેમ માનવામાં આવે? છે અંદર? 'એકબીજાને સ્પર્શ કરતા નથી,...' ચુંબન કરતા નથી, સ્પર્શ કરતા નથી એમ અંદર આવે છે.

મુમુક્ષુ :– સ્પર્શતા નથી એમ ક્યાં લખ્યું છે? સ્પર્શ કરતા નથી એમ લખ્યું છે.

ઉત્તર :– સ્પર્શ કરતા નથી એટલે અડતા નથી, સ્પર્શતા નથી. સ્પર્શ કરતા નથી. આત્મામાં સ્પર્શ છે? એટલે પરદ્રવ્યને અડતો જ નથી. આહાહા..! અરે..રે..! આ તો એકાદ બોલ છે. એવા તો દસ બોલ છે. જૈનના સૂક્ષ્મ બોલ છે, બહુ સૂક્ષ્મ છે. બહુ વિસ્તાર કરવા જઈએ તો લોકોને ખ્યાલ આવે નહિ. આહાહા..!

અહીંયા કહે છે કે, અજ્ઞાની આત્મા જે દ્રવ્ય છે તે તો ત્રિકાળી ધ્રુવ છે અને તેની પર્યાયમાં અનંતી અવસ્થા ઊછળે છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્. ભગવાનની વાણી 'તત્ત્વાર્થ સૂત્ર' માં છે. તો એ ઉત્પાદ-વ્યયની અનંતી પર્યાય ઊછળે છે. અજ્ઞાની એ ઊછળતી પર્યાયને છોડીને હું ધ્રુવ છું એમ માનીને મિથ્યાદૃષ્ટિ થાય છે. કહો, 'નરેન્દ્રભાઈ'! આ ધૂળના મકાન બનાવવા ને નવા બનાવવા ને વેચવામાં મજા આવે, પૈસા દેખાય. ધૂળ! આહાહા..!

મુમુક્ષુ :– આપને ધૂળ લાગે પણ અમને ધૂળ ન લાગે ને!

ઉત્તર :– ધૂળ ન લાગે એટલે કાંઈ ધૂળ મટી જાય છે? અમારે 'બોટાદ' માં એવું બન્યું હતું. 'બોટાદ' સંપ્રદાયમાં દીક્ષા લીધી હતી ને? સ્થાનકવાસી. ત્યાં એક મોઢ રહે છે. મોઢની બા તો ગુજરી ગયેલા પણ નવી મા હતા. એ સ્ત્રી બહાર કપડા ધોવા ગયેલી. એની નવી મા સ્ત્રીના કપડા પહેરીને સૂતી હતી. એની સ્ત્રીના–બૈરાના કપડા. ઓના કપડા ધોવા લઈ ગયેલી. એ છોકરાને વિષયવાસના આવી. જાણે કે આ મારી સ્ત્રી છે અને કોઈ નથી. જગાડવા ઠેબુ માર્યું. ત્યાં નવી મા હતા. નવી મા સમજ્યા? એ સમજી ગઈ (અને બોલી) કેમ બેટા? વહુ ન્હાવા ગઈ છે. એમ જ્યાં કહ્યું ત્યાં પેલાને વિચાર બદલી ગયો. અરે..રે..! આ તો મારી માતા! એક જ્યાં ખ્યાલમાં આવ્યું કે આ ચીજ મારી નહિ, આ સ્ત્રી નહિ આ તો મારી માતા છે. આહાહા..! વિચાર એકદમ બદલી ગયો. જે વિષયભોગના ભાવ હતા.. આ માતા (છે). એમ જ્યારે આત્મા પોતાની નિત્ય ચીજને જોવે છે અને જોવાવાળી ચીજને પણ માને છે. જોવાવાળી તો પર્યાય છે. આહાહા..! આકરી વાતું છે, બાપુ!

એ કહે છે, 'ઊછળતી નિર્મળ ચૈતન્યપરિણતિ...' પર્યાય 'જુદું કાંઈક ઇચ્છે છે...' એ પર્યાય મારી નહિ, હું તો ભિન્ન ધ્રુવ છું. હું તો ધ્રુવ છું એમ અજ્ઞાની માને છે. પણ ધ્રુવ છું એ જાણ્યું કોણે? ધ્રુવે જાણ્યું કે પર્યાયે જાણ્યું? ક્યાં ધ્રુવ ને ક્યાં પર્યાય? કોને પડી છે? અરે..રે..! જીવન ચાલ્યું જાય છે. આહાહા..! મૃત્યુની સમીપ જાય છે, બાપા! મૃત્યુનો સમય નક્કી છે કે આ સમયે દેહ છૂટવાનો એ રીતે જ છૂટવાનો. હવે એ મૃત્યુની સમીપ જાય છે અને આ જાણે છે કે હું વધતો જાઉં છું.

મુમુક્ષુ :– રૂપિયા જેટલા કમાવા હોય તેટલા કમાઈ લઈએ ને!

ઉત્તર :– ધૂળમાં કમાતા નથી. અમે દુકાનમાં હતા ને! ‘પાલેજ’ માં બે દુકાન હતી. છોકરાઓ ભેગા હતા. ચાલીસ લાખ રૂપિયા છે, ચાર લાખની પેદાશ છે. પણ છોકરાઓ હવે જુદા પડ્યા. અમારા ફઈના દીકરા ભાઈ ભાગીદાર હતા એને એટલી મમતા હતી કે હું કરું, હું કરું, હું કરું, હું કરું... મેં તો સંવત ૧૯૬૪ ની સાલમાં કહી દીધું, ૧૯૬૪ ની સાલમાં મારી અઢાર વર્ષની ઉંમર (હતી). દુકાન તો હું પણ ચલાવતો હતો. બે દુકાન હતી. ત્રીસ માણસ હતા, એક રસોડે જમતા હતા. ૧૯૬૪ ની વાત છે. અરે..! ‘કુંવરજીભાઈ’ ગામમાં સાધુ આવે તો સામું જોવે નહિ. વ્હોરાવે તો નહિ, વ્હોરાવવા તો રસોડે આવે નહિ, દુકાન છોડે જ નહિ, શું કરે છે તું આ? કીધું. મારાથી ચાર વર્ષ મોટો હતો. મારી સામું બોલે નહિ. આ ભગત છે, ભગત છે. મારી છાપ પહેલેથી ભગતની છે. અરે..! આ શું કરે છે આખો દિ’? ગામમાં સાધુ આવે તો દર્શન પણ નહિ, એ વખતે એમાં હતા ને! અને આહાર-પાણી વ્હોરાવવા વખતે તમારી હાજરી નહિ. એ સાધુ આવે તો હું આપણા રસોડે લઈ જઉં. કારણ કે અમારા એક રસોડે ત્રીસ માણસ જમતા હતા. ત્રીસ માણસ હતા. બે દુકાન હતી. ત્યાં લઈ જઈ આહાર-પાણી બાકી હોય તો શ્વેતાંબરના ઘરે લઈ જાઉં. પણ આ તમે શું કરો છો આખો દિ’? ધંધો... ધંધો.. ધંધો... મરીને ક્યાં જાવું છે તારે? એમ કહ્યું હતું. બહુ આકરી વાત છે જરી. આહાહા..!

અહીં કહે છે કે, અજ્ઞાની પોતાને નિત્ય માનવા જાય છે ત્યાં અનિત્ય જે પર્યાય છે તેને માનતો નથી. કારણ કે નિત્ય આત્મા ધ્રુવ છે એ ધ્રુવ જાણે? જાણે તો પર્યાય. પર્યાય–અવસ્થા જાણે કે આ ધ્રુવ છે. ધ્રુવ તો ધ્રુવ કાયમી અનાદિઅનંત એકરૂપ ચીજ છે. જાણવું એવી પર્યાય એમાં નથી. આહાહા..! ભાષા તો કેવી લીધી છે? ઊછળતી નિર્મળ (પર્યાય) લીધી છે, મલિન પર્યાય નહિ. ‘ઊછળતી નિર્મળ ચૈતન્યપરિણતિથી જુદું કાંઈક (આત્મતત્ત્વને) ઇચ્છે છે...’ અજ્ઞાની એ પરિણતિ પર્યાય છે, પર્યાય છે, એ નહિ.. નહિ.. નહિ.. પણ પર્યાય તારી છે, તારામાં છે એમ નહિ માનીને આત્માનો નાશ કરે છે.

ધર્મીજીવ ‘સ્યાદ્વાદી..’ સ્યાદ્વાદી છે ને? ધર્મી. ‘ચૈતન્યવસ્તુની વૃત્તિના (–પરિણતિના, પર્યાયના) ક્રમ દ્વારા...’ આહાહા..! ધર્મી એને કહીએ કે નિત્ય પ્રભુ આત્મા છે એમ માને છે પણ પર્યાય–અવસ્થામાં ક્રમે ક્રમે ક્રમે ક્રમસર પર્યાય થાય છે. એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત જેમ ક્રમ છે એમ આત્મામાં અવસ્થા પણ ક્રમસર થાય છે. જુઓ! ક્રમ આવ્યો. છે? આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

ધર્મીજીવ ‘ચૈતન્યવસ્તુની વૃત્તિના (–પરિણતિના, પર્યાયના)...’ એ ચૈતન્યવસ્તુની પર્યાય છે, પર્યાય વિનાનું દ્રવ્ય કદી હોય જ નહિ. એ ‘(–પરિણતિના, પર્યાયના) ક્રમ દ્વારા...’ ક્રમે ક્રમે પર્યાય–અવસ્થા થાય છે. એક સમયે એક, (થાય) અનંતી પર્યાય પણ એક સમય, બીજે સમયે અનંતી બીજી, ત્રીજે સમયે અનંતી ત્રીજી એમ અનંતા ગુણની અનંતી પર્યાય–

અવસ્થા થાય છે. આહાહા..! એ અવસ્થાને ધર્મી પોતાની માને છે કે મારાથી થઈ છે. મારા ત્રિકાળી ચૈતન્ય ભગવાન ઉપર દૃષ્ટિ છે તો નિર્મળ મારાથી પર્યાયમાં ઉત્પન્ન થઈ છે અને નિર્મળ પર્યાય અનિત્ય છે માટે હું નથી, એમ નથી. ધ્રુવ પણ છું અને અનિત્ય પણ છું. આહાહા..! આવી વાત છે, ભાઈ! છે?

'ક્રમ દ્વારા તેની અનિત્યાને અનુભવતો થકો,...' ધર્મીજીવ તેને કહીએ કે પોતાની નિત્ય દૃષ્ટિ રાખીને અનિત્યનો અનુભવ કરે છે. અનુભવ તો અનિત્યનો થાય છે, અનુભવ ધ્રુવનો થતો નથી. આરે..! આવી વાતું. 'અનિત્યતાને અનુભવતો થકો,...' જુઓ! ભાઈએ એમ લીધું છે, અનુભવ અનિત્યનો છે. નવી નવી પર્યાય શુદ્ધ ચૈતન્ય ભગવાન ઉપર દૃષ્ટિ હોવાથી પર્યાયમાં નિર્મળતા આનંદ, શાંતિ ને વીતરાગતા થાય છે, એ વીતરાગ પર્યાય છે, પર્યાયનો અનુભવ કરતો ધર્મી 'નિત્ય એવા જ્ઞાનને...' આહાહા..! 'અનિત્યતાથી વ્યાપ્ત છતાં...' નવી નવી અવસ્થા થવા છતાં 'ઉજ્જવળ (—નિર્મળ) માને છે...' એ નિર્મળ પરિણતિથી મલિન થઈ ગયો, નવી નવી પર્યાય છે તો મારો ખંડ ખંડ થઈ ગયો એમ જ્ઞાની માનતા નથી. આ કઈ જાતનો ઉપદેશ? બાપુ! મારગડા પ્રભુના જુદા છે. વીરના માર્ગ કોઈ જુદા છે. અરે..! એની દરકાર કદી કરી નથી અને ધર્મી આ કરે છે.

'ઉજ્જવળ (–નિર્મળ) માને છે–અનુભવે છે.' શું કહે છે? ધર્મીજીવ પોતાના આત્માને નિત્ય માનીને પર્યાયમાં નિર્મળ પર્યાય થાય છે તેનો અનુભવ કરે છે. એ પર્યાયનો અનુભવ તે હું છું. 'અલિંગગ્રહણ' ના વીસમાં બોલમાં તો એમ આવ્યું છે કે મારામાં જે આ પર્યાયનું વેદન થાય છે તે જ હું છું. વેદન ધ્રુવનું તો થતું નથી. ધ્રુવ તો નિત્ય વસ્તુ છે પણ વેદનમાં આવે છે તે પર્યાય આવે છે. અનુભવમાં–વેદનમાં–ભોગવટામાં પર્યાય આવે છે. એ અનુભવની પર્યાય તે જ હું છું. આહાહા..! આવું અજાણ્યા માણસને... જે પંથે ચાલ્યો જ નથી એ પંથે ચાલે ત્યાં એને બધું નવું લાગે.

અજ્ઞાની અનિત્ય પર્યાયને નહિ માનીને એકલું નિત્ય માને છે અને જ્ઞાની અનિત્ય પર્યાયનો અનુભવ કરતો હોવા છતાં પોતાના આત્માને નિત્ય પણ માને છે અને અનિત્ય પણ માને છે. એનું નામ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

પ્રવચન નં.૪૭૮ શ્લોક–૨૬૧, ૨૬૨, ૨૬૩ મંગળવાર, ભાદરવા વદ ૬, તા.૩૦-૦૯-૧૯૮૦

---

'સમયસાર' ભાવાર્થ છે ને? ૨૬૧ કળશનો ભાવાર્થ છે. ભાવાર્થ છે ને? શેઠને બતાવો. શું કહે છે? જુઓ! એકાંતવાદી જ્ઞાન–આત્માને અનિત્ય નહિ માનનારો... આહાહા..! આત્મા નિત્ય જ છે એમ એકાંત માનનારો પર્યાયને નહિ માનનારો તેને અહીંયા એકાંતવાદી કહેવામાં

આવ્યો છે. એ એકાંતવાદીની વ્યાખ્યા. આત્માને એકલો નિત્ય જ માનનારા પણ પર્યાયમાં અનિત્ય છે અને નિર્મળ પર્યાય પ્રગટ થાય છે તે અવસ્થા છે તેને ન માને અને એકલા સામાન્યને માનવા જાય છે તો આત્માનો નાશ કરે છે. આહાહા..! આવી સૂક્ષ્મ વાત છે.

'એકાંતવાદી જ્ઞાનને...' એટલે આત્માને. 'સર્વથા એકાકાર...' સર્વથા એક સ્વરૂપે માનનાર. શું કહે છે? એક પક્ષી નિત્ય જ માને અને અંદર અનિત્ય જે પર્યાય છે તેને માને જ નહિ. વેદાંત છે. જૈનમાં પણ કેટલાક અંદર નિશ્ચયાભાસી થઈ ગયા છે. એકરૂપ જ છે, પર્યાય-ફર્યાય નથી. અનિત્ય જો છે તે અનિત્ય થઈ ગયું, પર્યાય તો અનિત્ય છે. અનિત્યને માનવાથી ક્ષણિક થઈ ગયો. એમ માનવાથી અજ્ઞાની 'જ્ઞાનને સર્વથા–એકાકાર નિત્ય પ્રાપ્ત કરવાની વાંછાથી,..' હું તો નિત્ય જ છું એમ (નિત્ય) પ્રાપ્ત કરવાની વાંછા. પણ પ્રાપ્ત કરવાની વાંછા એ પર્યાય થઈ. આહાહા..! ઝીણી વાત છે. આમ તો સાધારણ માણસ (સમજી શકે) પણ વાત એ અંદર વસ્તુ છે, ચૈતન્યમૂર્તિ પ્રકાશનો પુંજ, તેનું પરિણમન, જે પરિણમન પર્યાય, અવસ્થાનું પરિણમન છે એ જ મોક્ષમાર્ગ છે, એ જ સંસાર છે અને એ જ સિદ્ધ છે. કેમકે પર્યાયમાં જ મોક્ષમાર્ગ છે, પર્યાયમાં જ સંસાર છે, પર્યાયમાં જ મોક્ષ છે.

સંસાર આત્માથી જુદો રહેતો નથી. આહાહા..! સંસાર આત્માની વિકારી પર્યાય છે. આહાહા..! સંસાર કોઈ સ્ત્રી, કુટુંબ, પૈસો, મકાન એ કોઈ સંસાર નથી, એ તો પર ચીજ છે, જડ છે. આહાહા..! સંસાર સંસરણ ઇતિ સંસાર, એવો પાઠ છે 'પ્રવચનસાર' ભગવાનની વાણી. પોતાનું જે નિત્ય સ્વરૂપ છે એમાંથી સંસરણ–નીકળે છે અને પર્યાયમાં વિકાર કરે છે તો એ માને છે કે આ સંસાર સ્ત્રી, કુટુંબ-પરિવાર એ સંસાર છે પણ એ સંસાર નથી. સંસાર વિકૃત અવસ્થા છે. આહાહા..! એ શુભ ને અશુભભાવ બન્ને સંસાર છે.

અહીંયા કહે છે કે એ પર્યાય છે તેને નથી માનતો એ વાત અહીં નથી. અહીં તો નિર્મળ પર્યાયની વાત લીધી ને? ભાઈ! નિર્મળ. 'ઊછળતી નિર્મળ ચૈતન્યપરિણતિથી જુદું કાંઈક ઇચ્છે છે...' ચૈતન્યની પરિણતિ નિર્મળ, આનંદ અને શાંતિ આદિની પર્યાય, તેનાથી અજ્ઞાની ભિન્ન ઇચ્છે છે કે, એ નહિ, એ નહિ, એ નહિ. એ તો પર્યાય છે, વસ્તુ નિત્ય છે. પણ પર્યાયને એ માનતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! આવી ઝીણી વાતું. એક પક્ષને માનનાર. એકાંતવાદી એટલે એક જ પક્ષ માનનારા. નિત્ય જ છું, હું નિત્ય જ છું, એમ માનનારા અનિત્યને માનતા નથી. અનિત્ય શું છે?

'સર્વથા એકાકાર–નિત્ય પ્રાપ્ત કરવાની વાંછાથી,...' ધ્રુવ નિત્યને પ્રાપ્ત કરવાની વાંછાથી પર્યાયને જ ઊડાવી દે છે. પર્યાય નથી. સમજાય છે કાંઈ? એ વાંછાથી 'ઊપજતી...' કોણ? આત્મામાં અનંતી પર્યાય સમયે સમયે ઉત્પન્ન થાય છે. એક સમયમાં આ ચૌદ ભંગ છે. શું કહ્યું? આ ચૌદ ભંગ જે છે એ એક સમયમાં છે. સમજાવવા માટે ભિન્ન ભિન્ન રીતે

સમજાવે છે, પણ છે તો એક સમયમાં ચૌદ ભંગ સ્વરૂપ. આહાહા..! આવા આત્માને એકાંત નિત્ય માનવાની ઇચ્છાથી જે નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે તેની ઉપર લક્ષ દેતો નથી. મારે પર્યાય નહિ જોઈએ, પર્યાય નહિ, એકલું સામાન્ય દ્રવ્ય જોઈએ. પણ એકલું સામાન્ય પર્યાય વિના હોતું જ નથી. એ કહે છે.

'નિત્ય પ્રાપ્ત કરવાની વાંછાથી,...' મારે તો એકલું નિત્ય જોઈએ. પણ નિત્ય જોઈએ એ પર્યાય છે કે દ્રવ્ય નિત્ય છે? મારે નિત્ય જોઈએ એ પર્યાય છે કે નિત્ય છે? એ તો પર્યાય છે. આહાહા..! આવી વાતું હવે. 'નિત્ય પ્રાપ્ત કરવાની વાંછાથી ઊપજતી-વિણસતી...' આત્મામાં જે અનંત ચૈતન્ય પરિણતિ સમયે સમયે ઉત્પન્ન થાય છે, અનંત ગુણની અનંતી ચૈતન્ય પર્યાય ઉત્પન્ન થાય છે અને તે જ પર્યાય બીજે સમયે નાશ પામે છે. આહાહા..! છે?

'ઊપજતી-વિણસતી...' જે એક સમયમાં અનંતી પર્યાયમાં ઉત્પન્ન થાય છે તે બીજે સમયે વ્યય થઈ જાય છે. કેમકે ભગવાનના મુખમાંથી એવી વાણી આવી છે કે, ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત. નવી અવસ્થા ઉત્પન્ન થાય, જૂની અવસ્થાનો વ્યય થાય, અભાવ (થાય), ઉત્પાદ–ભાવ, વ્યય–અભાવ પણ એક સમયનો અને ત્રિકાળી ભાવ ત્રિકાળ સમયનો. એ ત્રિકાળી એકાંત નિત્યની વાંછા કરનારો ઉત્પન્ન અને વ્યય થનારી પર્યાય, 'ચૈતન્યપરિણતિથી જુદું કાંઈક જ્ઞાનને ઇચ્છે છે;...' એ પર્યાયથી કોઈ જુદી એકલી ચીજ છે એમ માને છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'ચૈતન્યપરિણતિથી જુદું...' એ ચૈતન્યની અવસ્થા, પરિણતિ–દશા, તેનાથી 'જુદું કાંઈક જ્ઞાનને ઇચ્છે છે;...' આત્માને પરિણતિથી ભિન્ન ચાહે છે. પરિણતિને માનતો નથી. આહાહા..! પરિણતિ ને આવા શબ્દ (સાંભળ્યા પણ ન હોય).

મુમુક્ષુ :– પરિણતિ એટલે પર્યાય?

ઉત્તર :– પરિણતિ એટલે પર્યાય. પરિણતિ કહો, પર્યાય કહો, અવસ્થા કહો, દશા કહો, હાલત કહો. આહાહા..! વિશેષ કહો. ત્રિકાળી સામાન્ય ધ્રુવ છે અને પર્યાય વિશેષ છે. ત્રિકાળી અવસ્થાયી તે વસ્તુ અને વર્તમાન અવસ્થા. વર્તમાન પર્યાય અવસ્થા. ત્રિકાળી અવસ્થાયી. વર્તમાન પર્યાય પર્યાય, ત્રિકાળી પર્યાયવાન દ્રવ્ય. અભ્યાસ નથી કર્યો. આ તો બહુ સાદી ભાષા છે.

'ઊપજતી-વિણસતી ચૈતન્યપરિણતિથી જુદું કાંઈક જ્ઞાનને ઇચ્છે છે;...' અજ્ઞાની એ પરિણતિથી જુદું એકલું સામાન્ય ઇચ્છે છે. પણ એકલું સામાન્ય હોતું જ નથી. ત્રણ કાળમાં ત્રણ લોકમાં પર્યાય વિનાનું દ્રવ્ય હોતું નથી. વિશેષ વિના સામાન્ય હોતું નથી. અવસ્થા વિના અવસ્થાયી હોતું નથી. દશા વિના દશાવાન આત્મા હોતો નથી. આહાહા..!

અહીં કહે છે કે, 'ઊપજતી-વિણસતી ચૈતન્યપરિણતિથી...' પરિણતિ એટલે પર્યાય–અવસ્થા. તેનાથી 'જુદું કાંઈક જ્ઞાનને ઇચ્છે છે;...' તેનાથી જુદા એકલા આત્માને ઇચ્છે છે

કે આત્મા જુદો (જોઈએ). પણ જુદો છે જ ક્યાં? કેમ? 'પરિણામ સિવાય જુદો કોઈ પરિણામી તો હોતો નથી.' આ સિદ્ધાંત છે. શું કહ્યું? પરિણામ કહો, પર્યાય કહો, અવસ્થા કહો. 'પરિણામ સિવાય...' પરિણામ સિવાય, પરિણામથી ભિન્ન 'જુદો કોઈ પરિણામી તો હોતો નથી.' પર્યાયથી પૃથક્ કોઈ દ્રવ્ય તો હોતું નથી. અહીંયા તો પરથી જુદો કરવો છે, હોં! બાકી પર્યાયથી દ્રવ્ય જુદું છે અને દ્રવ્યથી પર્યાય જુદી છે. એ અહીં સિદ્ધ નથી કરવું.

અહીં તો એકલા અનિત્યને ન માને, અનિત્ય વસ્તુ? બદલે ક્ષણે ક્ષણે? એ વસ્તુ નહિ. એમ માનનારો એકાંત મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! જૈન પરમેશ્વર, એમણે જે જ્ઞાનમાં તત્ત્વોના, દ્રવ્યોના સ્વભાવ જોયા એવું કહ્યું. દરેક તત્ત્વ કાયમ રહીને, નિત્ય રહીને પર્યાયમાં પલટે છે, બદલે છે. એ બદલતું નહિ માનીને એકલું નિત્ય માનવા જાય તો એ ભ્રષ્ટ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

પહેલા એ આવ્યું હતું કે, એકલા અનિત્યને માનીને નિત્યને નથી માનતો. પહેલો ભંગ એ આવ્યો હતો. આહાહા..! આવો ઉપદેશ. એકલા અનિત્યને માનીને નિત્યને નથી માનતા તે પણ મિથ્યાદૃષ્ટિ છે. અને એકલું નિત્ય માને છે અને અનિત્યને નથી માનતા, ક્ષણે ક્ષણે પર્યાય નથી માનતા તે પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! અરે.. કાંઈ અભ્યાસ નહિ, શું થાય? પરિણામથી જુદું, પર્યાયથી કોઈ તદ્દન ભિન્ન ચીજ. 'જુદો કોઈ પરિણામી તો હોતો નથી.' દ્રવ્ય. સમજાય છે કાંઈ? પર્યાય વિનાની કોઈ ચીજ ત્રણકાળ ત્રણલોકમાં હોતી નથી. જડ અને ચૈતન્ય, છએ દ્રવ્ય. પરિણામ–પર્યાય વિનાનું દ્રવ્ય હોતું નથી. અને અજ્ઞાની એ પર્યાયને નથી માનતો, એકલા દ્રવ્યને માને છે. પણ એકલા દ્રવ્યને માનનારી તો પર્યાય છે.

દ્રવ્ય જે ત્રિકાળી છે, દૃષ્ટિ દ્રવ્ય, દૃષ્ટિનો વિષય નિત્ય દ્રવ્ય પણ દૃષ્ટિ પર્યાય છે. એ પર્યાય–અવસ્થાને ન માને તેણે સમ્યગ્દર્શન, મોક્ષમાર્ગ માન્યો નથી. આહાહા..! આવો ઉપદેશ હવે. વીતરાગનો માર્ગ કોઈ જુદી જાત છે. લોકમાં કંઈક બીજો પ્રચાર થઈ ગયો છે, વાત કંઈક બીજી રહી ગઈ છે. મૂળ વાત રહી ગઈ છે. આહાહા..! 'પરિણામથી જુદું...' જુદું એટલે ભિન્ન. 'જુદો કોઈ પરિણામી તો હોતો નથી.' આહાહા..!

'સ્યાદ્વાદી...' ધર્મીજીવ. સ્યાદ્વાદી એટલે ધર્મી. એકાંતી એટલે અજ્ઞાની. એકાંતવાદી પહેલો શબ્દ હતો એ અજ્ઞાની અને સ્યાદ્વાદી એટલે જ્ઞાની. જ્ઞાની તો 'એમ માને છે કે– જોકે દ્રવ્યે જ્ઞાન નિત્ય છે...' વસ્તુ અપેક્ષાએ–દ્રવ્ય અપેક્ષાએ આત્મા નિત્ય છે. 'તોપણ ક્રમશઃ ઊપજતી...' જુઓ! આવ્યું. આજે વિરોધની મોટી ચર્ચા આવી છે. ક્રમબદ્ધ ભાઈ 'હુકમચંદજી' એ લખ્યું છે ને? ક્રમબદ્ધ આવ્યું ને? એમાં લખ્યું છે કે, અકાળ મૃત્યુ કોઈ નથી. જે સમયે, જે ક્ષેત્રે, જે રીતે (થવાનું તેમ જ થવાનું). અકાળ મૃત્યુ કહ્યું છે એ તો કર્મની પ્રકૃતિનો ફેરફાર થાય છે એ કારણે (કહ્યું છે). અકાળ મૃત્યુ થતું જ નથી. 'જૈન દર્શન'માં મોટો વિરોધ કર્યો છે. અત્યારે આવ્યું છે. અકાળ મૃત્યુનો અર્થ જે સમયે મૃત્યુ

થવાનું છે તેનાથી વહેલો મરે તેનું નામ અકાળ મૃત્યુ. અરે..રે..! 'જૈનદર્શન' માસિકમાં બહુ આવ્યું છે.

મુમુક્ષુ :- એનું તો કામ જ વિરોધનું છે.

ઉત્તર :- કામ જ વિરોધનું છે. જૈનદર્શન.. આહાહા..! એમાં બહુ લખ્યું છે કે, અકાળ મૃત્યુ છે. એકલા કાળે જ (મૃત્યુ) લ્યો અને તમે અકાળમાં એમ લ્યો કે વિષભક્ષણ અને બીજું (કરે) એનું નામ અકાળ છે, એમ નથી. જે કાળે મરવાનો હોય એ પહેલા મરે એનું નામ અકાળ મૃત્યુ. કહો! આહાહા..! કોઈ એક મોટો નીકળ્યો છે, એણે તો વળી (એમ લખ્યું છે), આ દ્રવ્યની પૂજા નવી છે, અષ્ટ દ્રવ્યની પૂજા નવી છે એમ લખ્યું છે. મોટો લેખ છે. આ ભગવાની પૂજા અષ્ટ દ્રવ્યથી કરે છે ને? એ નવી છે, પહેલેથી નથી. એના વિરોધી પણ કોઈ લખ્યું છે, નહિ એ વાત અનાદિની છે. આવા ઝઘડા.. ઝઘડા.. ઝઘડા.. અરે..! ભાઈ! અષ્ટ દ્રવ્યની પૂજા તો એક શુભભાવ છે. શુભભાવ હોય છે પણ એ શુભભાવ ધર્મ છે એમ નથી. તેમ શુભભાવ નથી આવતો એમ પણ નથી. ભગવાનની પ્રતિમા, મંદિરના દર્શન એવા શુભભાવ આવ્યા વિના રહે નહિ. એ એકાવતારી ઇન્દ્રો પણ શુભભાવ-ભક્તિ કરે છે. આહાહા..!

અહીં કહે છે, એકાંત નિત્યને માનનારો અનિત્ય પર્યાયને માનતો નથી એ મિથ્યાદૃષ્ટિ છે. ધર્મીજીવ તો એમ માને છે કે 'દ્રવ્યે જ્ઞાન નિત્ય છે...' વસ્તુ અપેક્ષાએ નિત્ય છે. એની સત્તા છે.. છે.. અનાદિ સત્તા છે. દ્રવ્ય એટલે પદાર્થ. 'જ્ઞાન નિત્ય છે તોપણ ક્રમશઃ ઊપજતી..' ક્રમે ક્રમે ઉત્પન્ન થવાવાળી. જુઓ! અહીંયા પણ ક્રમ આવ્યો. ટીકામાં પણ ક્રમ આવ્યું હતું અને અહીંયા ભાવાર્થમાં આવ્યું. ક્રમશઃ- ક્રમે ક્રમે ઉત્પન્ન થનારી. દરેક દ્રવ્યમાં ક્રમે ક્રમે ઉત્પન્ન થવાવાળી. જે સમયે જે પર્યાય ઉત્પન્ન થાય છે તે સમયે થશે. બીજે સમયે જે થશે તે થશે. એમ ક્રમસર.. આહાહા..! આ ટિકીટ નથી લેતા? ટિકીટ લેવા માટે પચીસ-પચાસ માણસ ભેગા થાય છે ને? 'મુંબઈ' ની કે ક્યાંકની, તો એકદમ લાઈન ઊભી હોય. એક પછી એક ટિકીટ લે. એ ટિકીટ તો ઠીક પણ આ ફિલ્મ... 'મુંબઈ' માં અને 'અમદાવાદ' માં આમ જોઈએ છે, માણસો આમ ઢગલા ઊભા હોય. એક પછી એક, એક પછી એક.. ફિલ્મ, હોં! એમ આત્મામાં એક પછી એક પર્યાય થાય છે. એ ક્રમસર પચીસ-પચાસ, સો-બસ્સો માણસો (ઉભા હોય). પહેલો હોય એને પહેલા આપે, બીજાને પછી, ત્રીજાને પછી. અમારે 'પાલેજ' માં સ્ટેશન છે ને? અમારી દુકાન નજીક જ હતી તો ત્યાં બહુ માણસ હોય તો લાર બંધાય. પણ અમે જઈએ તો અમને તો મુખ્ય... ઓળખે ખરા ને! અમે તો અંદર સ્ટેશનમાં જ્યાં માસ્તર હોય ત્યાં ગરી જઈએ. એ અમને ઓળખે. આપે, પહેલી ટિકીટ અમને આપે.

અમારો મોટો કેસ 'વડોદરા' ચાલ્યો હતો, (સંવત) ૧૯૬૩ ની સાલ. સ્ટેશનના જે

મોટા અગ્રેસર માસ્તરો હતા તે બધા મદદમાં–સહાયમાં હતા. એ કહે નહિ, એ લોકો વેપારી છે. વેપારી કોઈ આવું કરે નહિ. 'મુંબઈ' થી બધો માલ ડબ્બાના ડબ્બા આવે છે, લે છે, દે છે ક્યાંય કોઈ વિરોધ કરતા નથી. માસ્તર મોટો પારસી હતો. એ પણ ત્યાં મદદ માટે આવેલો. આહાહા..! સાક્ષી.

અહીં કહે છે કે, પરિણામ છે તે સાક્ષી છે અને ત્રિકાળી વસ્તુ છે તે ધ્રુવ છે. સાક્ષી પર્યાયમાં થાય છે, દ્રવ્યમાં સાક્ષી થાય? દ્રવ્ય તો દ્રવ્ય છે, ધ્રુવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'સ્યાદ્‌વાદી તો એમ માને છે કે–જોકે દ્રવ્યે નિત્ય છે તોપણ ક્રમશઃ ઊપજતી...' પર્યાય–અવસ્થા તો દરેક દ્રવ્યમાં ક્રમે ઉત્પન્ન થાય છે. એક પછી એક, એક પછી એક, એક પછી એક. આઘીપાછી પણ નહિ, તેમ પર્યાય વિના દ્રવ્ય હોય નહિ. આહાહા..! 'ક્રમશઃ ઊપજતી-વિણસતી...' ઉત્પાદ અને વ્યય. ઊપજતી એટલે ઉત્પન્ન ક્રમે થનારી, અને ક્રમે નષ્ટ થનારી. 'ચૈતન્યપરિણતિના ક્રમને લીધે...' ચૈતન્યપરિણતિના ક્રમને લીધે 'જ્ઞાન અનિત્ય પણ છે...' આત્મા અનિત્ય પણ છે. એકાંત નિત્ય છે એમ નથી. આહાહા..!

'ચૈતન્યપરિણતિના ક્રમને લીધે...' જુઓ! ક્રમસર આવ્યું. એની ના પાડે છે, ક્રમબદ્ધ નહિ. 'હુકમચંદજી'એ જ્યારે ક્રમબદ્ધનું નામ મારી પાસે જ્યાં પહેલું સાંભળ્યું ત્યાં તો એને વિસ્મય થઈ ગયો અને અંદર એકદમ ગુલાંટ ખાઈ ગયો. આહાહા..! આ વાત! ક્રમબદ્ધ થાય છે? કોઈની પર્યાયને હું કરતો નથી પણ મારી પર્યાય પણ આઘીપાછી થતી નથી. હું તો જ્ઞાતા-દૃષ્ટા આત્મા છું. એ જ્ઞાતા-દૃષ્ટાની પર્યાય પણ ક્રમસર થાય છે. આહાહા..! માર્ગ બહુ ઝીણો, પ્રભુ!

એ અહીં કહે છે, ક્રમશઃ ઊપજતી અને ક્રમશઃ વિણસતી એમ લેવું. છેલ્લી પંક્તિ છે ને? 'ચૈતન્યપરિણતિના ક્રમને લીધે...' ચૈતન્યની પરિણતિ એટલે પર્યાય. એના ક્રમને લીધે જ્ઞાન અનિત્ય પણ છે. આત્મા અનિત્ય પણ છે. પર્યાયની અપેક્ષાએ અનિત્ય પણ છે. ત્રિકાળની અપેક્ષાએ નિત્ય પણ છે. આહાહા..! અરે..રે..! આવી વાતું. કાંઈક કરવાનું કહેતા હોય કે બે કલાક કે કલાક માળા ફેરવવી. 'ચંદુભાઈ' નથી? 'રાજકોટ' ના ડૉક્ટર આજે આવશે. ચાર-ચાર કલાક હંમેશા વાંચે છે. મોટી દુકાન (દવાખાનું) છે પણ ચાર ચાર કલાક! અને વચમાં વખત મળે તોપણ વાંચે. 'ચંદુભાઈ' બહુ અભ્યાસ, એમનું વાંચન ઘણું. બધા શાસ્ત્રો ઘણીવાર..

અહીંયા કહે છે કે, 'ચૈતન્યપરિણતિના ક્રમને લીધે જ્ઞાન અનિત્ય પણ છે...' અનિત્ય પણ છે એમ કહ્યું ને? એટલે નિત્ય તો છે પણ પર્યાયથી અનિત્ય પણ છે. આહાહા..! 'એવો જ વસ્તુસ્વભાવ છે.' આવ્યું? 'એવો જ વસ્તુસ્વભાવ છે.' એ કોઈએ બનાવ્યો નથી. ભગવાને કંઈ બનાવ્યો નથી. ભગવાને તો હતો તેને જાણ્યું અને જાણ્યું એવું કહ્યું. 'આ પ્રમાણે અનિત્યત્વનો ભંગ કહ્યો.' ૨૬૧. 'આ પ્રમાણે અનિત્યત્વનો ભંગ કહ્યો.'

'પૂર્વોક્ત રીતે અનેકાંત, અજ્ઞાનથી મૂઢ થયેલા જીવોને...' જુઓ! અજ્ઞાનથી મૂઢ થયેલા જીવોને 'જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ પ્રસિદ્ધ કરી દે છે–સમજાવી દે છે એવા અર્થનું કાવ્ય હવે કહેવામાં આવે છે :–' ૨૬૨.

## શ્લોક-૨૬૨

(अनुष्टुभ्)

इत्यज्ञानविमूढानां ज्ञानमात्रं प्रसाधयन्।
आत्मतत्त्वमनेकान्तः स्वयमेवानुभूयते।।२६२।।

'પૂર્વોક્ત રીતે અનેકાંત, અજ્ઞાનથી મૂઢ થયેલા જીવોને જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ પ્રસિદ્ધ કરી દે છે-સમજાવી દે છે' આવા અર્થનું કાવ્ય હવે કહેવામાં આવે છે :–

શ્લોકાર્થ :– [ इति ] આ રીતે [ अनेकान्तः ] અનેકાંત અર્થાત્ સ્યાદ્વાદ [ अज्ञान-विमूढानां ज्ञानमात्रं आत्मतत्त्वम् प्रसाधयन् ] અજ્ઞાનમૂઢ પ્રાણીઓને જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ પ્રસિદ્ધ કરતો [ स्वयमेव अनुभूयते ] સ્વયમેવ અનુભવાય છે.

ભાવાર્થ :– જ્ઞાનમાત્ર આત્મવસ્તુ અનેકાંતમય છે. પરંતુ અનાદિ કાળથી પ્રાણીઓ પોતાની મેળે અથવા તો એકાંતવાદનો ઉપદેશ સાંભળીને જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ સંબંધી અનેક પ્રકારે પક્ષપાત કરી જ્ઞાનમાત્ર આત્મતત્ત્વનો નાશ કરે છે. તેમને (અજ્ઞાની જીવોને) સ્યાદ્વાદ જ્ઞાનમાત્ર આત્મતત્ત્વનું અનેકાંતસ્વરૂપપણું પ્રગટ કરે છે-સમજાવે છે. જો પોતાના આત્મા તરફ દેખી અનુભવ કરી જોવામાં આવે તો (સ્યાદ્વાદના ઉપદેશ અનુસાર) જ્ઞાનમાત્ર આત્મવસ્તુ આપોઆપ અનેક ધર્મોવાળી પ્રત્યક્ષ અનુભવગોચર થાય છે. માટે હે પ્રવીણ પુરુષો! તમે જ્ઞાનને તત્સ્વરૂપ, અતત્સ્વરૂપ, એકસ્વરૂપ, અનેકસ્વરૂપ, પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સત્સ્વરૂપ, પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસત્સ્વરૂપ, નિત્યસ્વરૂપ, અનિત્યસ્વરૂપ ઇત્યાદિ અનેક ધર્મસ્વરૂપ પ્રત્યક્ષ અનુભવગોચર કરી પ્રતીતિમાં લાવો. એ જ સમ્યગ્જ્ઞાન છે. સર્વથા એકાંત માનવું તે મિથ્યાજ્ઞાન છે. ૨૬૨.

## શ્લોક-૨૬૨ ઉપર પ્રવચન

इत्यज्ञानविमूढानां ज्ञानमात्रं प्रसाधयन्।
आत्मतत्त्वमनेकान्तः स्वयमेवानुभूयते।।२६२।।

૨૬૨ શ્લોક છે ને? નીચે અર્થ.

શ્લોકાર્થ :– 'આ રીતે અનેકાંત અર્થાત્ સ્યાદ્‌વાદ...' એટલે? કે જે તત્ છે તે જ અતત્ છે. એનું નામ સ્યાદ્‌વાદ અને અનેકાંત. જે આત્મા તત્ છે, તે જ અતત્ એટલે જ્ઞેયથી નથી. અતત્ એટલે જ્ઞેય, તત્ એટલે જ્ઞાતા. જ્ઞાતા તત્‌થી છે, અતત્‌થી નથી. એ એક સમયમાં છે. જ્ઞાતા વસ્તુ સ્વરૂપે એકરૂપ છે, તે જ ગુણ-પર્યાયથી અનેક છે તે એક સમયમાં છે. તત્-અતત્‌ના સમયે પણ આ છે. આહાહા..! 'અનેકાંત અર્થાત્ સ્યાદ્‌વાદ અજ્ઞાનમૂઢ પ્રાણીઓને જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ પ્રસિદ્ધ કરતો સ્વયમેવ અનુભવાય છે.'

ભાવાર્થ :– 'જ્ઞાનમાત્ર આત્મવસ્તુ અનેકાંતમય છે. પરંતુ અનાદિ કાળથી પ્રાણીઓ પોતાની મેળે અથવા તો એકાંતવાદનો ઉપદેશ સાંભળીને...' અજ્ઞાનીનો 'જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ સંબંધી અનેક પ્રકારે પક્ષપાત કરી જ્ઞાનમાત્ર આત્મતત્ત્વનો નાશ કરે છે.' આહાહા..! જે રીતે આત્મતત્ત્વ છે, ભગવાને કોઈને કર્યા નથી, કોઈ તત્ત્વને કર્યા નથી. નિશ્ચયથી તો ભગવાનના દ્રવ્યે પર્યાયને પણ કરી નથી. આહાહા..! ભગવાને પોતાના દ્રવ્યની દૃષ્ટિની અપેક્ષાએ કેવળજ્ઞાનની પર્યાયનો પણ દ્રવ્ય કર્તા નથી. આહાહા..! કેવળજ્ઞાન પણ પોતાની પર્યાયથી ત્રણ કાળ ત્રણલોક જાણે છે તે પણ વ્યવહાર છે. પોતાની પર્યાયમાં જ એટલું જાણવાનો સ્વભાવ પ્રગટ થઈ ગયો. આહાહા..! આકરી વાત છે. અભ્યાસ કરવો જોઈએ, ભાઈ! દિવસમાં બે-ચાર કલાક દેવા જોઈએ. એકાદ કલાક દે એમાં કાંઈ ખબર ન પડે. આહાહા..! દિવસ ચાલ્યા જાય છે. આહા..! દિવસે, રાત્રે બે-ચાર કલાક તો અભ્યાસ માટે દેવા જ જોઈએ. એ વિના આ તત્ત્વ નહિ સમજાય. આહાહા..!

અહીંયા એ કહે છે, 'જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ સંબંધી અનેક પ્રકારે પક્ષપાત કરી જ્ઞાનમાત્ર આત્મતત્ત્વનો નાશ કરે છે. તેમને (અજ્ઞાની જીવોને) સ્યાદ્‌વાદ જ્ઞાનમાત્ર આત્મતત્ત્વનું અનેકાંતસ્વરૂપપણું પ્રગટ કરે છે–સમજાવે છે.' જ્ઞાની અજ્ઞાનીને સમજાવે છે. 'જો પોતાના આત્મા તરફ દેખી અનુભવ કરી જોવામાં આવે...' શું કહે છે? જુઓ! 'જો પોતાના આત્મા તરફ દેખી અનુભવ કરી જોવામાં આવે તો (સ્યાદ્‌વાદ ઉપદેશ અનુસાર) જ્ઞાનમાત્ર આત્મવસ્તુ આપોઆપ અનેક ધર્મોવાળી પ્રત્યક્ષ અનુભવગોચર થાય છે.' આહાહા..! આત્મતત્ત્વ ઉપર દૃષ્ટિ કરવાથી આત્મામાં અનંત ધર્મ છે તે તેને પ્રત્યક્ષ ખ્યાલમાં આવી જાય છે. આહાહા..! બધા તો પ્રત્યક્ષ નથી થતા પણ વેદનની અપેક્ષાએ પ્રત્યક્ષ કહેવામાં આવે છે. અને વ્યવહારથી પરોક્ષ જે છે તે નિશ્ચયથી પરોક્ષને પણ વ્યવહારથી પ્રત્યક્ષ કહેવામાં આવે છે. આહાહા..!

'પ્રત્યક્ષ અનુભવગોચર થાય છે. માટે હે પ્રવીણ પુરુષો!' માટે હે પ્રવીણ પુરુષો! માટે હે ડાહ્યા પુરુષો! આહાહા..! પુરુષોમાં સ્ત્રી ન આવી? બધા આત્મા, પુરુષો એટલે આત્મા.

હે આત્માઓ! આહાહા..! 'તમે જ્ઞાનને...' એટલે આત્માને 'તત્સ્વરૂપ...' જાણો. પોતાથી તત્ છે એમ જાણો અને પરથી અતત્ છે એમ જાણો. આહાહા..! એક જ સમયમાં, હોં! આહાહા..! કોને નવરાશ છે આમાં? આવો ધર્મ કરવા જઈએ પછી અમારે રળવું ક્યારે? બાયડી, છોકરાને પોષવા, પૈસા.. હવે મરી ગયો કરી કરીને.

'શ્રીમદ્દે' બહુ લખ્યું છે, અનેકવાર શાસ્ત્ર અભ્યાસ કર્યો, અનેકવાર તપ, ત્યાગ કર્યા પણ વાસ્તવિક તત્ત્વને સમજ્યા વિના બધું તારું નિરર્થક ગયું. 'શ્રીમદ્ રાજચંદ્ર' આ પુસ્તકમાં લખ્યું છે. એક 'પુણ્યવિજય' નામના શ્વેતાંબર સાધુ હતા. અહીં રહેતા. પછી એ 'વવાણિયા' રહેતા. એણે આ બનાવ્યું. 'પુણ્યવિજય' શ્વેતાંબર સાધુ મૂળ 'વઢવાણ'ના હતા કુટુંબી એણે એમાંથી બનાવ્યું છે. બધા પુસ્તક જોયા છે.

અહીં કહે છે, જે જ્ઞાનને તત્સ્વરૂપ–આત્માને તત્સ્વરૂપ (જાણે). પોતાના સ્વરૂપથી જ્ઞાન છે અને અતત્સ્વરૂપ પોતાના સ્વરૂપથી તે અતત્સ્વરૂપ છે. આહાહા..! એક જ સમયમાં છે ને બન્ને? તત્સ્વરૂપ પણ છે અને તે જ સમયે જ્ઞેયથી અતત્સ્વરૂપે છે. પરજ્ઞેયથી અતત્ છે. પોતાના જ્ઞાનથી તત્ છે. પોતાના જ્ઞાનથી છે અને પરજ્ઞેય જેટલા ભગવાન, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ-પરિવાર બધાથી અતત્ છે. એ પણ પોતામાં એક સમયમાં છે. આહાહા..! સમજાય છે કાંઈ? એક સમયમાં તત્ છે તે જ સમયે અતત્ છે.

'એકસ્વરૂપ,...' જે સમયે તત્-અતત્ છે તે જ સમયે એકસ્વરૂપ છે. વસ્તુ તરીકે એકસ્વરૂપ છે. આહાહા..! આ ચૌદ ભંગ કાંઈ આત્મામાં ક્રમે ક્રમે પડ્યા છે એમ નથી. પહેલા તત્-અતત્ છે પછી એક-અનેક છે એમ નથી. 'ચીમનભાઈ'! એક જ સમયમાં આત્મામાં આ ચૌદ ભંગ છે. આહાહા..!

જે તત્ છે તે પરથી અતત્ છે, એક સમયમાં. જે તત્-અતત્ છે તે જ પોતાના સ્વરૂપથી ત્રિકાળની અપેક્ષાએ એકસ્વરૂપ છે. અને તે સમયે ગુણ-પર્યાયની અપેક્ષાએ અનેકસ્વરૂપે છે. તે પણ એક સમયે છે. સમય જુદા નથી. આહાહા..! 'ભોગીભાઈ'! આવું કે દિ' તમારે ત્યાં સાંભળ્યું હતું? આહાહા..! આવી વાતું છે. આ વખતે વળી અહીંયા લાભ લીધો. પંદર દિ' થી રહ્યા છે. આહાહા..! અરે..રે..! આ ચીજ...

એ કહ્યું હતું ને? દીકરો મરી જાય, બાયડી મરી જાય તો તેની સગવડતાને કારણે રોવે છે પણ એ દીકરો ને દીકરી મરી ગયા... પેલા ભાઈ આવ્યા હતા ગયા? એનો એકનો એક દીકરો સોળ વર્ષની ઉંમરનો (હતો). આવ્યા હતા. ભાઈ છે ને? ભાઈ છે. એકનો એક દીકરો સોળ વર્ષનો. પેલામાં ઝપટમાં આવી ગયો. ખલાસ થઈ ગયો. એ સ્થિતિ જ એટલી હતી. આહાહા..! અને તે પણ તેની સ્થિતિને કારણે, આને કારણે નહિ, કે આપણે એને (ત્યાં) જવા ન દેત તો રહી જાત. એ તત્ત્વ એ સમયે જ્ઞેયથી અતત્ત્વ છે તો જ્ઞેયથી જુદું પડી ગયું. આહાહા..! એ વસ્તુ સ્વરૂપે એક છે તે જ વસ્તુસ્વરૂપે અનેક પણ છે. ગુણ

અને પર્યાયથી અનેક છે, દ્રવ્યથી એક છે. સમય એક છે. એક સમયમાં એક છે, બીજા સમયમાં અનેક છે એમ નથી. આહાહા..!

'પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સત્સ્વરૂપ,...' છે. સમય એક. જે સમયે તત્ છે, તે સમયે અતત્ છે. જે સમયે એક છે તે જ સમયે અનેક છે. જે સમયે પોતાના દ્રવ્યથી છે, ક્ષેત્રથી છે, પોતાની પર્યાયથી છે અને પોતાના ભાવથી છે તે સત્સ્વરૂપ છે. શું (કહ્યું)? 'પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સત્સ્વરૂપ,...' છે. સમય તો તે જ છે. 'પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસત્સ્વરૂપ,...' છે. આત્મા પરદ્રવ્ય ભગવાન આદિથી પણ અસત્સ્વરૂપ છે. આહાહા..! પોતાના સ્વરૂપથી સત્ છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી. દ્રવ્ય એટલે વસ્તુ, ક્ષેત્ર એટલે પ્રદેશ, કાળ એટલે સમય–અવસ્થા, ભાવ એટલે ત્રિકાળી ગુણ. એ ત્રિકાળીની અપેક્ષાએ દ્રવ્ય-ગુણ અને શક્તિની અપેક્ષાએ નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. પણ પોતાના દ્રવ્યથી છે, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળથી નથી. તીર્થંકરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પણ આત્મા નથી. આહાહા..! સમય એક (છે).

જે સમયે પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે તે જ સમયે પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નથી. આહાહા..! ગજબ વાત. 'અમૃતચંદ્રાચાર્યદેવે' ચૌદ ભંગમાં ઝીણું (કહ્યું છે). લાગે એનું એ પણ એનું એ નથી. દરેક ભંગે ભંગે જુદી જુદી ચીજ છે. આહાહા..! અને પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અસત્સ્વરૂપ છે. તે જ સમયે, હોં! જે સમયે પોતાથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે તે જ સમયે પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નથી. તે જ સમયે એક-અનેક, તત્-અતત્ સ્વરૂપ છે. આહાહા..! એક સમયમાં આ ચૌદ ભંગ છે. આહાહા..!

'નિત્યસ્વરૂપ, અનિત્યસ્વરૂપ,...' છે? તે જ સમયે ત્રિકાળની અપેક્ષાએ નિત્યસ્વરૂપ છે અને એ જ સમયે પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. આ ચૌદે બોલ એક સમયમાં છે. આહાહા..! આવી વાત છે. વાંચનાર વાંચે પણ દૃષ્ટિ વિના, સમજણ વિના શું વાંચે? પોતાની કલ્પનાથી અર્થ કરે. આ ચીજ...

મુમુક્ષુ :– સમજ્યા વિના કેવી રીતે પકડાય?

ઉત્તર :– સમજ્યા વિના પોતાની કલ્પનાથી વાંચન કરે. સત્સમાગથી લક્ષ, દૃષ્ટિ અને જ્ઞાનનું શું હોવું જોઈએ એ સમજ્યા વિના શાસ્ત્રની સમજણ થતી નથી.

એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. અહીં તો એક સમયમાં પોતાથી ચૌદ ભંગ છે. પરના ચૌદ ભંગ પરમાં છે. પરના ચૌદ ભંગ પોતામાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? શરીરના એક એક રજકણ ને કર્મ કે રાગનો અંશ નિશ્ચયથી તો તે પોતામાં છે જ નહિ. સ્વરૂપથી છે અને રાગથી નથી. આહાહા..! કાળમાં તો રાગાદિ લીધા છે. પણ અહીંયા તો નિત્ય-અનિત્યમાં તો રાગ લીધો જ નથી. અનિત્યમાં નિર્મળ (પર્યાય) લીધી ને? ભાઈ! અજ્ઞાની 'ઊછળતી નિર્મળ ચૈતન્યપરિણતિથી જુદું કાંઈક (આત્મતત્ત્વને) ઇચ્છે છે...' પર્યાયથી

ભિન્ન દ્રવ્ય અજ્ઞાની ઇચ્છે છે. નિર્મળ પર્યાય, હોં! સમ્યગ્દર્શનની પર્યાય છે તેનાથી ભિન્ન દ્રવ્ય ઇચ્છે છે. પણ ભિન્ન છે ક્યાં? સમ્યગ્દર્શનની પર્યાય એ પરિણામીની છે. એ દ્રવ્યની એ પર્યાય છે. એ પરથી ઉત્પન્ન થતી નથી. આહાહા..!

અનંત ગુણની એક સમયમાં અનંતી પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે, પરથી નહિ. એમાં આ ચૌદ ભંગ એક સમયમાં એકસાથે પોતામાં છે, પરને કારણે નહિ. પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો અભાવ છે. પણ એ અભાવ તો અહીંયા છે. ભાવ પણ અહીંયા છે અને અભાવ પણ અહીંયા છે. ૪૭ શક્તિ લીધી છે ને? ભાવ શક્તિ, અભાવ શક્તિ. ૪૭ શક્તિ પાછળ છે. પોતાના ભાવથી છે અને પરથી નથી એવો અભાવ પોતાનો ગુણ છે. પરને કારણે અભાવ છે એમ નથી. આહાહા..!

પોતાના ભાવથી છે, પરભાવથી નથી. પરભાવ ભગવાનના જ્ઞાનથી પણ આ આત્મા નથી. આહાહા..! પરભાવમાં રંગ, રૂપ, ગંધ, શબ્દ, સ્પર્શ અને બીજા જીવના જ્ઞાન, દર્શન આદિ ગુણ-ભાવ (આવે). આ જ્ઞાનાદિ ભાવ પોતાથી છે, પરભાવથી નથી. એ એક સમયમાં છે. બન્ને એક સમયમાં છે, ચૌદે એક સમયમાં છે. આહાહા..! આવી વાત છે.

'ઇત્યાદિ અનેક ધર્મસ્વરૂપ...' છે? ઇત્યાદિ અનેક ધર્મ એટલે સ્વભાવ. જુઓ! અહીંયા અનિત્યને પણ ધર્મ કીધો. ધર્મ એટલે સ્વભાવ. અનિત્યને પણ ધર્મ કીધો. 'ઇત્યાદિ અનેક ધર્મસ્વરૂપ...' એમ કહ્યું ને ભાઈ! અનિત્યને પણ ધર્મ (કહ્યો). ધર્મ એટલે પોતાનો પર્યાયનો સ્વભાવ. ધર્મ એટલે મોક્ષમાર્ગ એ વાત અહીં અત્યારે વાત નથી. અત્યારે તો એ ચૌદે ધર્મ એટલે પોતાના સ્વભાવ છે. એટલે આત્માએ ધારી રાખેલા ભાવ છે તેનું નામ અહીંયા ધર્મ કહેવામાં આવે છે. આહાહા..!

'ઇત્યાદિ અનેક ધર્મસ્વરૂપ...' તત્-અતત્ બન્ને પણ ધર્મ કહ્યા, એક-અનેક પણ ધર્મ કહ્યા, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પોતાના એ ધર્મ, પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો અભાવ એ ધર્મ, નિત્ય પણ ધર્મ, અનિત્ય પણ ધર્મ. ધર્મ એટલે સ્વભાવ. પોતાનો પોતાથી છે. સમજાય છે કાંઈ? પુસ્તક સામે છે ને? આહાહા..! 'અનેક ધર્મસ્વરૂપ પ્રત્યક્ષ અનુભવગોચર કરી...' આહાહા..! આવા આવા ચૌદ (કહ્યા) પણ એવા અનંત ધર્મ (છે). આત્મામાં એવા અનંત ગુણ છે. એમ 'પ્રત્યક્ષ અનુભવગોચર કરી...' આહાહા..! વિકલ્પથી પણ નહિ. પહેલા વિકલ્પથી આવે છે.

બેનના શબ્દમાં સવારમાં આવ્યું. પહેલા જ્ઞાયકનો ઉપરટપકે નિર્ણય કરે પછી વિકલ્પ છોડી અંદરમાં જાય. સવારે આવ્યું હતું. એમ આ ચીજને પહેલા વિકલ્પથી, પહેલા ઉપરટપકે નિર્ણય કરે પછી એને છોડીને અંદર અનુભવમાં જાય. આહાહા..! પણ આ મૂળ ચીજમાં જ ભૂલ હોય એ અંદરમાં જઈ શકે નહિ. સમજાય છે કાંઈ? ચૌદ ભંગમાંથી કોઈપણ ભંગ આત્મામાં નથી એમ માનનારા અંતરમાં જઈ શકે નહિ, સમ્યગ્દર્શન નહિ પામી શકે. 'ચેતનજી'!

આવા ચૌદ બોલ એક સમયમાં! એવા અનંતા ધર્મ એક સમયમાં છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, વીર્ય... આહાહા..!

ધીમેથી શાંતિથી વીતરાગ શું કહેવા માગે છે અને વસ્તુનો સ્વભાવ ભગવાન કહે છે, ભગવાન કંઈ પોતાની કલ્પનાથી નથી કહેતા. ભગવાનનું જ્ઞાન જાણે છે પણ બોલી શકતા નથી. એ તો વાણી કહે છે. આહાહા..! પણ એ વાણીમાં કેવળજ્ઞાન અને જોગ નિમિત્ત છે. જોગ. સિદ્ધને તો વાણી નથી. ણમો લોએ સવ્વ સિદ્ધાણં. ચોવીસ તીર્થંકરો થઈ ગયા એ તો અત્યારે ણમો લોએ સિદ્ધાણંમાં ગયા. ણમો લોએ સવ્વ અરિહંતાણં. અરિહંત બિરાજે એ એમાં આવે છે. વાણી તો અરિહંતને છે, સિદ્ધને તો વાણી નથી. આહાહા..! પણ એ વાણી પણ એમની નથી. વાણીમાં આવું સ્વ-પર સ્યાદ્‌વાદ કહેવાનું (સામર્થ્ય છે). નિમિત્તપણે જ્ઞાન અને જોગ નિમિત્ત છે. એ વાણીમાં સ્વપર કહેવાની તાકાત છે અને આત્મામાં સ્વપર જાણવાની તાકાત છે. બન્ને ચીજ એક સાથે છે. ભગવાન આત્મા અને વાણી. આત્મામાં સ્વપર જાણવાની તાકાત છે, સ્વપર કહેવાની તાકાત નથી. વાણીમાં સ્વપર કહેવાની તાકાત છે. વાણીમાં સ્વપર જાણવાની તાકાત નથી. આહાહા..!

આવી વાત વીતરાગની વાણીમાં. કહે છે કે, એ વાણીમાં પરમાણુની પર્યાય ક્રમસરમાં એ પરમાણુ ત્યાં આવ્યા આખી દિવ્યધ્વનિ ભાષાવર્ગણાથી ઉત્પન્ન થઈ છે. આહાહા..! આત્માથી નહિ. આત્મા અને વાણી તો તદ્દન ભિન્ન છે. વાણી જડ છે, ભગવાન ચૈતન્ય છે. આહાહા..! વાણીમાં આ આવ્યું એનું નામ શાસ્ત્ર. વાણીમાં આ આવ્યું. જ્ઞાનમાં આ આવ્યું હતું કે વસ્તુનો આવો સ્વભાવ છે, એક સમયમાં આવો છે. તો વાણીએ એમ કહ્યું. આહાહા..! ભગવાને કહ્યું એમ નહિ. ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે. આહાહા..! વાણી જડ છે પણ એ પણ એવી તાકાત રાખે છે... આહાહા..! કે સર્વજ્ઞને પણ કથનથી જણાવે અને પોતાને જાણે (કહે). સ્વપર કથન કરવાની તાકાત છે. આત્મામાં સ્વપર જાણવાની તાકાત છે. આહાહા..!

એ અહીં કહે છે. ‘અનેક ધર્મસ્વરૂપ પ્રત્યક્ષ અનુભવગોચર કરી પ્રતીતિમાં લાવો. એ જ સમ્યગ્જ્ઞાન છે. સર્વથા એકાંત માનવું...’ ચૌદ બોલમાં એક બોલ પણ પોતાનો નહિ માનવું એ મિથ્યાત્વ છે, ‘મિથ્યાજ્ઞાન છે.’ છે ને? આહાહા..! ‘પૂર્વોક્ત રીતે...’ પૂર્વ-ઉક્ત પ્રકારે ‘વસ્તુનું સ્વરૂપ અનેકાંતમય હોવાથી અનેકાંત...’ અનેક ધર્મ, અનેક અંત એટલે ધર્મ, ધર્મ એટલે એના સ્વભાવ, ગુણ-પર્યાય, બન્નેને ધર્મ કહેવાય છે. ‘અનેકાંતમય હોવાથી અનેકાંત અર્થાત્ સ્યાદ્‌વાદ સિદ્ધ થયો એવા અર્થનું કાવ્ય હવે કહેવામાં આવે છે :–’ ૨૬૩ ને?

# શ્લોક-૨૬૩

(अनुष्टुभ्)
एवं तत्त्वव्यवस्थित्या स्वं व्यवस्थापयन् स्वयम्।
अलङ्घयं शासनं जैनमनेकान्तो व्यवस्थितः।।२६३।।

'પૂર્વોક્ત રીતે વસ્તુનું સ્વરૂપ અનેકાંતમય હોવાથી અનેકાંત અર્થાત્ સ્યાદ્વાદ સિદ્ધ થયો' એવા અર્થનું કાવ્ય હવે કહેવામાં આવે છે :–

શ્લોકાર્થ :– [ एवं ] આ રીતે [ अनेकान्तः ] અનેકાંત - [ जैनम् अलङ्घयं शासनम् ] કે જે જિનદેવનું અલંઘ્ય (કોઈથી તોડી ન શકાય એવું) શાસન છે તે - [ तत्त्व-व्यवस्थित्या ] વસ્તુના યથાર્થ સ્વરૂપની વ્યવસ્થિતિ (વ્યવસ્થા) વડે [ स्वयम् स्वं व्यवस्थापयन् ] પોતે પોતાને સ્થાપિત કરતો થકો [ व्यवस्थितः ] સ્થિત થયો-નિશ્ચિત ઠર્યો-સિદ્ધ થયો.

ભાવાર્થ :– અનેકાંત અર્થાત્ સ્યાદ્વાદ, જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું જ સ્થાપન કરતો થકો, આપોઆપ સિદ્ધ થયો. તે અનેકાંત જ નિર્બાધ જિનમત છે અને યથાર્થ વસ્તુસ્થિતિનો કહેનાર છે. કાંઈ કોઈએ અસત્ કલ્પનાથી વચનમાત્ર પ્રલાપ કર્યો નથી. માટે હે નિપુણ પુરુષો! સારી રીતે વિચાર કરી પ્રત્યક્ષ અનુમાન-પ્રમાણથી અનુભવ કરી જુઓ. ૨૬૩.

## શ્લોક-૨૬૩ ઉપર પ્રવચન

एवं तत्त्वव्यवस्थित्या स्वं व्यवस्थापयन् स्वयम्।
अलङ्घयं शासनं जैनमनेकान्तो व्यवस्थितः।।२६३।।

શ્લોકાર્થ :– 'આ રીતે અનેકાંત...' અનેકાંત પેલા ચૌદ બોલ કહ્યા એ. એક સ્વરૂપે નહિ પણ અનેક સ્વરૂપે છે એ અનેકાંત. અનેક અંત એટલે ધર્મ. જેમાં અનેક યોગ્યતાની શક્તિ છે, ધર્મ છે એ અનેકાંત છે. આહાહા..!

'શ્રીમદ્' નું એક વાક્ય છે. એના ઉપર એક કલાક વ્યાખ્યાન આપ્યું હતું. 'વવાણિયા'. પુસ્તક બહાર પડી ગયું છે. કયું વાક્ય છે? અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની

પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી. આમાં ક્યાંક છે, આમાં ક્યાંક છે ખરું. ક્યે પાને હશે શી ખબર પડે? એવો પાઠ અંદર છે. અનેકાંત પણ... એવી એક પંક્તિ છે. અનેકાંત એટલે અનેક ધર્મ હોવા છતાં સમ્યક્ એકાંત એવા આત્માની અંતર દૃષ્ટિ કર્યા વિના સમ્યગ્જ્ઞાન અને ધર્મ થતો નથી. અનેકાંત હોવા છતાં સમ્યક્ એકાંત તરફ દૃષ્ટિ આપ્યા વિના.. આ ચૌદ ધર્મ છે એવા અનંત ધર્મ છે પણ અંદર દ્રવ્ય ઉપર, એકાંત નિશ્ચયનય થઈ, સમ્યક્ એકાંત. અનંત ધર્મ છે એ જાણ્યા, પણ એમાંથી સમ્યક્ એકાંત આત્મા તરફ ઝુકયા વિના સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થતા નથી. એમાં છે. અહીં ઘણીવાર કહ્યું હતું. 'વવાણિયા' એમના ગામમાં ગયા હતા ત્યારે એ એક પંક્તિ ઉપર એક કલાક વ્યાખ્યાન ચાલ્યું હતું.

જુઓ! અનેકાંત પણ સમ્યક્ એકાંત નામ અંદરમાં નિશ્ચયનયમાં ઢળવું. એ વિના અનેકાંત પણ હિતનું કારણ નથી. સમ્યક્ એકાંત તરફ (ઝુકવું) એ હિતનું કારણ છે. આહાહા..! એકલું જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. પણ એ જ્ઞાનસ્વરૂપ જ છે ને, પ્રભુ! અનુભવ પણ જ્ઞાન, દ્રવ્ય પણ જ્ઞાન, જ્ઞાન પણ જ્ઞાન ગુણ, અનુભવ પણ જ્ઞાન એટલે પર્યાય. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

'આ રીતે અનેકાંત–કે જે જિનદેવનું અલંઘ્ય (કોઈથી તોડી ન શકાય એવું) શાસન છે...' છે? શ્લોકાર્થ છે? આહાહા..! 'આ રીતે અનેકાંત..' અનેક ધર્મ. નિત્ય પણ ધર્મ છે, અનિત્ય પણ ધર્મ છે. ધર્મ એટલે? સ્વભાવ. એક પણ સ્વભાવ છે અને અનેક પણ સ્વભાવ છે. આહાહા..! 'આ રીતે અનેકાંત..' અનેક અંત એટલે ધર્મ. 'जैनम् अलंघ्यं शासनम्' 'કે જે જિનદેવનું અલંઘ્ય (કોઈથી તોડી ન શકાય એવું) શાસન છે...' જૈનનું શાસન આ છે. આહાહા..! છે? 'તે–વસ્તુના યથાર્થ સ્વરૂપની વ્યવસ્થિતિ (વ્યવસ્થા) વડે...' ભગવાનનું શાસન તીર્થંકરદેવ ત્રિલોકનાથ અનંત તીર્થંકરો..

'ષટ્ખંડાગમ' માં નવકારમાં તો એમ લીધું છે, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. આવો પાઠ લીધો છે. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવ્વજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી, ભવિષ્યમાં પણ થનારા ત્રિકાળવર્તીને નમસ્કાર છે. આહાહા..! 'ષટ્ખંડાગમ' માં છે. આમ તો ણમો લોએ સવ્વ સાહૂણં તો છે. ણમો લોએ સવ્વ સાહૂણં. એ શબ્દ પાંચેમાં લાગુ પડે છે. ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં. એ ઉપરાંત ત્રિકાળવર્તી 'ષટ્ખંડાગમ' માં નાખ્યું છે. ણમો લોએ સવ્વ સાહૂણં તો અંત્ય દીપક છે. ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં તો પાંચેમાં આવી ગયું. પણ એ ઉપરાંત ત્રિકાળવર્તી, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. આહાહા..! એ જૈનનું શાસન એમણે બતાવ્યું. આહાહા..!

અરિહંત થોડા હોય છે, સિદ્ધ તો ઘણા હોય છે. અરિહંત તો મનુષ્યપણે હોય છે ને? તો થોડા હોય છે. સિદ્ધ અનંત હોય છે છતાં અરિહંતને નમસ્કાર (પહેલા કરવામાં આવે છે). રાત્રે કહ્યું'તું. પહેલા અરિહંત કેમ લીધા? સિદ્ધ તો અનંત છે અને અરિહંતને તો હજી ચાર કર્મ બાકી છે. સિદ્ધને એક્કે કર્મ બાકી નથી તો આમને કેમ (પહેલા) લીધા? કે, એમને પહેલા લેવાનું કારણ એ કે એમને શરીર છે અને વાણી છે. વાણીમાં તત્ત્વ આવે છે તો પહેલો ઉપકાર એમનો છે. સિદ્ધનો તો વાણી નથી એટલે સિદ્ધ પછી લીધા છે. આહાહા..! જેમની વાણી સાંભળીને ઉપકાર થયો છે, ઉપકાર થાય છે, નિમિત્તથી..

મુમુક્ષુ :- આપ તો ના પાડો છે ઉપકારની.

ઉત્તર :- એ નિમિત્તથી વાત છે. એ સમજવામાં નિમિત્ત છે એ અપેક્ષાથી કહેવામાં આવ્યું. પણ એ વખતે સમજે તો પોતાની પર્યાયથી સમજે છે, નિમિત્તથી નહિ. પણ બહાર નિમિત્ત વાણી છે એવું જ્ઞાન કરાવવા માટે એમ કહેવામાં આવ્યું છે. આહાહા..!

અહીં કહે છે, એ જૈનશાસન અલંઘ્ય છે. કોઈથી લાંઘી શકાય નહિ, તોડી શકાય નહિ. 'તે વસ્તુના યથાર્થ સ્વરૂપની વ્યવસ્થિતિ (વ્યવસ્થા) વડે પોતે પોતાને...' 'स्वयं स्वं' એમ બે શબ્દ છે. 'स्वयं स्वं' એ વસ્તુ જ સ્વયં પોતે પોતાને 'સ્થાપિત કરતો થકો...' આહાહા..! 'સ્થિત થયો-નિશ્ચિત ઠર્યો-સિદ્ધ થયો.' એ વસ્તુ જ પોતે એમ કહે છે. ભગવાને કહ્યું માટે નહિ, વસ્તુ જ એવી છે. આહાહા..! છે? 'વસ્તુના યથાર્થ સ્વરૂપની વ્યવસ્થિતિ (વ્યવસ્થા) વડે પોતે પોતાને સ્થાપિત કરતો થકો...' જૈનશાસન. એ રીતે અનેકાંત નિશ્ચિત સિદ્ધ થયું. આવું જાણ્યા પછી ત્રિકાળી દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવી ત્યારે સમ્યગ્દર્શન થાય છે, પછી સ્થિરતા થાય છે ત્યારે ચારિત્ર થાય છે ત્યારે મુક્તિ થાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૭૯ શ્લોક-૨૬૩ શનિવાર, ભાદરવા વદ ૧૧, તા. ૦૪-૧૦-૧૯૮૦

---

૨૬૩ કળશ, એનો ભાવાર્થ. કળશનો અર્થ આવી ગયો છે. ઝીણી વાત છે. 'અનેકાંત અર્થાત્ સ્યાદ્વાદ, જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું જ સ્થાપન કરતો...' હવે અનેકાંતની વ્યાખ્યા શું? એ આમાં આપણે પહેલી આવી ગઈ છે. ભાઈ! આ મુદ્દાની રકમ છે. અનેકાંત જૈનદર્શન એ શું છે? ગુજરાતીમાં 'સમયસાર'ના ૬૦૯ પાના ઉપર છે. આ 'અમૃતચંદ્રાચાર્ય' ના શબ્દો છે, મહાસિદ્ધાંત. 'એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.' આહાહા..! આ અનેકાંતમાં આખા વાંધા ઉઠ્યા છે ને! પરિશિષ્ટમાં શરૂઆતમાં છે. છે? શું છે? અનેકાંત કોને કહે છે? જૈનદર્શનનું રહસ્ય. પહેલી લીટી. 'એમ

એક વસ્તુમાં...' છે? 'મનસુખભાઈ'! આવી ગયું?

'અમૃતચંદ્રાચાર્ય' નો આ સિદ્ધાંત. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા અરિહંતનું જૈનશાસન કેવું છે? કે એ અનેકાંત છે. એ અનેકાંત કોને કહીએ? 'એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી...' એક વસ્તુમાં વસ્તુને નિપજાવનારી 'પરસ્પર વિરૂદ્ધ બે શક્તિ...' આ સિદ્ધાંત. નિત્ય છે તે અનિત્ય છે, એક છે તે અનેક છે, અભેદ છે તે ભેદ છે. એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી–ઉપજાવનારી પરસ્પર માંહોમાંહે બે શક્તિ.. આ મહાસિદ્ધાંત. 'પ્રકાશવું તે અનેકાંત છે.' એ આપણે અહીં ચાલે છે. ભાવાર્થ આવ્યો? ૨૬૩ નો ભાવાર્થ.

'અનેકાંત અર્થાત્ સ્યાદ્વાદ...' છે? 'જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું જ સ્થાપન કરતો થકો,...' હવે એ કોઈ દિ' સાંભળ્યું ન હોય. અનેકાંત શબ્દ 'અમૃતચંદ્રાચાર્ય' નો છે અને કળશમાં એક અનેકાંતની વ્યાખ્યા છે. અનેકાંત કોને કહેવું? આહાહા..! અહીંયા કહ્યું છે કે, અનેકાંત, સ્યાદ્વાદ. જુઓ! આપણે આવ્યું ને? સ્યાદ્વાદ એ શબ્દ છે. તે મય તે જ છે સ્વરૂપ જેનું એવી છે. સર્વજ્ઞની વાણી. દિવ્યધ્વનિ. આ અવસરે આશંકા ઊપજે છે કે કોઈ જાણશે કે અનેકાંત તો સંશય છે. એક પણ છે, અનેક પણ છે. નિત્ય પણ છે, અનિત્ય પણ છે. એમાં ક્યાંય નિર્ધાર ક્યાં રહ્યો? એમ શિષ્યની શંકા છે. અનેકાંત સંશય છે. સંશય મિથ્યાત્વ છે.

આનું આમ સમાધાન કરવું કે, અનેકાંત તો સંશયનો દૂરીકરણશીલ છે. આહાહા..! હવે એની વ્યાખ્યા કરશે. વસ્તુનું સ્વરૂપનું સાધનશીલ છે. એ અનેકાંત વસ્તુના સ્વરૂપને સાધન–સિદ્ધ સ્વભાવ છે. વસ્તુને સિદ્ધ કરે છે. સર્વજ્ઞ સિવાય એ વાત ક્યાંય છે નહિ. તેનું વિવરણ. જે કોઈ સત્તાસ્વરૂપ વસ્તુ છે તે દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક છે. જે કોઈ સત્તાસ્વરૂપ વસ્તુ છે તે દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક છે. તેમાં જે સત્તા છે અભેદપણે દ્રવ્યરૂપ કહેવાય છે.

એક આધાર તો પહેલો એ 'અમૃતચંદ્રાચાર્ય' નો આપ્યો. પરસ્પર વિરૂદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત. હવે અહીં એ કહે છે, જે સત્તા અભેદપણે દ્રવ્યરૂપે કહેવાય તે જ સત્તા ભેદપણે ગુણરૂપ કહેવાય. આનું નામ અનેકાંત. આહાહા..! જે સત્તા, આત્મા અને આત્માની સત્તા, એ સત્તા છે, એ અભેદપણે કહીએ તો તે નિશ્ચય અને ભેદપણે કહીએ તો તે વ્યવહાર. એ અનેકાંત છે. તે સત્તાને અભેદ અને ભેદપણે કહેવી એનું નામ અનેકાંત છે. અરે..રે..! આવી વાતું હવે. કોઈ દિ' સાંભળ્યું નથી. વસ્તુમાં આ ગોટો ઉઠ્યો છે ને અત્યારે? આનાથી થાય, આનાથી થાય, આનાથી થાય. પણ અહીં તો કહે છે, એક જ વસ્તુમાં સત્તા છે તે અભેદ તરીકે કહીએ તો નિશ્ચય છે, ભેદ તરીકે કહીએ તો વ્યવહાર છે. પણ એમાં ને એમાં. પરને લઈને કાંઈ સંબંધ નહિ. વાત સમજાય છે કાંઈ? આહાહા..!

'અમૃતચંદ્રાચાર્યે' એ કહ્યું, એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરૂદ્ધ બે શક્તિનું પ્રકાશવું તે અનેકાંત છે. પરસ્પર વિરૂદ્ધ બે શક્તિ. જે નિત્ય છે તે અનિત્ય છે.

આહાહા..! કાયમનો ત્રિકાળી નિત્ય છે, તે જ અનિત્ય છે. અનિત્ય છે તે જ નિત્ય છે. આહાહા..! એક છે એ જ અનેક છે. એ અનેક છે તે જ એક છે. આહાહા..! એમ જે વસ્તુને પ્રકાશે છે એ જૈનશાસનનું મૂળ રહસ્ય છે. આ સમજ્યા વિના શાસ્ત્રના અર્થ કરે તો ગોટા વાળ્યા વિના રહે નહિ. ઊંધા (અર્થ) કરે. આ સિદ્ધાંત છે. આ કળશટીકા છે.

સત્તા અભેદપણે દ્રવ્યરૂપ કહેવાય. તે જ સત્તા ભેદપણે ગુણરૂપ કહેવાય. આનું નામ અનેકાંત છે. અહીં 'અમૃતચંદ્રાચાર્યે' અનેકાંતની વ્યાખ્યા એ કરી કે, એક એક તત્ત્વમાં એમાં ને એમાં વિરૂદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે. હવે આવી વાત! એક એક તત્ત્વને બીજા તત્ત્વ સાથે કાંઈ સંબંધ નથી. એક જ તત્ત્વમાં વિરૂદ્ધ બે શક્તિઓ, જેમ કે નિત્ય અને અનિત્ય, અભેદ અને ભેદ, એક અને અનેક. આહાહા..! સ્વપણે છે અને પરપણે નથી. આહાહા..! એમ વિરૂદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું એ જૈનદર્શનનું રહસ્ય છે. આહાહા..! કોને પડી છે? આહાહા..!

કાલે કીધું નહિ? પારસી.. શેઠ! કાલે એક પારસી જોવા આવ્યો. વૃદ્ધ હતો, ૮૫ હશે કે ૯૦ હશે. નરમ માણસ હતો. પોર (ગયા વર્ષે) પણ આવ્યો હતો. એક પાઈ પણ ન લ્યે. નરમ બહુ. બહુ જોયું. જોઈને પછી પોતે કહે કે કાંઈ છે નહીં બીજું કાંઈ છે નહીં આમાં કહે, બહાર નીકળીને જરી માણસ સાથે વાત કરી. વૃદ્ધ છે. ભાઈ! અમારે 'ગુરુદેવ'ની પાઈ ન લેવાય. અમારે તો જોવું હતું. પણ 'ગુરુદેવ' પાસે એવી માગણી કરો કે અમે રિબાઈ રિબાઈને ન મરીએ. એય! શેઠ! પેલો પારસી. ૮૫ કે ૯૦ વર્ષ હશે. રિબાઈ રિબાઈને. રિબાઈ સમજ્યા? બહુ દુઃખમાં. પગ તૂટે, કટકા થાય, ગળું પકડાઈ જાય, દુઃખમાં પીડામાં મરી જાય.

આ 'નાનચંદભાઈ ખારા' ને ત્યાં ગયા હતા. એને એમાં કેન્સર છે. એ કેન્સર હવે બધે વ્યાપ્યું છે. કાલે ગયા હતા. કીધું, અહીં આવ્યા છીએ ને માગણી કરી હતી. છોકરાઓ લાગણી વિનાના, બિલકુલ ધર્મ કાંઈ નહિ. ગયા તો બિચારા રોવા મંડ્યા. પછી તો.. આહાહા..! અરે..રે...! આ સ્થિતિ છે. 'ખારા' છે ને? બેન 'શાંતાબેન' છે ને? એના કાકા થાય. 'શાંતાબેન' ના ભાઈ 'મુકુંદભાઈ' એણે નવું મકાન લીધું. ચૌદ લાખનું. નવું મકાન ચૌદ લાખનું લીધું. એમાં પગલા કરવાનું કહેતા હતા તો ગયા હતા. પણ શરીરનું હવે બહુ... પણ લોકોની તાણ.. ત્રણ ઠેકાણે ગયા હતા. પણ પેલો પારસી આમ બોલ્યો. આહાહા..! અમે રિબાઈ રિબાઈને દુઃખી થઈને ન મરીએ. આ માણસો દુઃખી થઈને રિબાઈને મરે છે. એવા મહારાજ પાસે આશીર્વાદ આપો.

મુમુક્ષુ :– ગુરુદેવ પાસેથી પૈસા નથી જોઈતા પણ ગુરુદેવ પાસેથી આશિષ જોઈએ છે.

ઉત્તર :– આ જોઈએ છે. પૈસા નહિ. પહેલા એક પારસી આવ્યો હતો. દોઢસો રૂપિયા.. એક કલાકના દોઢસો આવ્યા એ વિના આવે નહિ. કાલે પારેખને ત્યાં પાંચસો રૂપિયાના ફોટા લીધા. એક કલાકના પાંચસો. આહાહા..! આણે પાઈ ન લીધી. હું કાંઈ લઉં નહિ

પણ મને એક આ.... દુઃખી થઈ થઈને માણસ મરે છે. શરીર સડી જાય, ગળા સડી જાય, પેટ સડી જાય, કેન્સર આખા શરીરમાં વ્યાપે અને રિબાઈ રિબાઈને (મરે). રિબાઈની હિન્દી ભાષા શું હશે? રિબાઈ એટલે દુઃખી થઈને, બહુ દુઃખી થઈને. આક્રંદ કરતા. એ રીતે ન મરીએ એવા આશીર્વાદ આપે. માણસને કીધું, અમારી પાસે ન કીધું. આહાહા..! ડર લાગે છે. કેમકે વૃદ્ધાવસ્થા થઈ ગઈ છે. દેહ પડવાનો છે અને આમાં જો કાંઈ રિબાઈને આક્રંદ ને એવું થશે તો.. હાય.. હાય..! મહારાજ પાસે આ આશીર્વાદ લ્યો. આહાહા..! એટલું પણ પારસી માછલા ખાય, માંસ ખાય એને ભવનો મરવાનો ડર લાગ્યો. આહાહા..! અરે..રે..! રિબાઈ મરવાનું.

અહીં કહે છે, 'અનેકાંત...' ભાવાર્થ છે ને? 'અર્થાત્ સ્યાદ્વાદ...' આ ચાલતો અધિકાર. એ અનેકાંતના બે અર્થ કર્યા. પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું–એ 'અમૃતચંદ્રાચાર્ય'નું કથન અને આ 'રાજમલ' 'કળશટીકા'નું (કથન). આત્મા અને ગુણ–સત્તા. એ સત્તા તે આત્માની છે તે અભેદ અને તે સત્તા તે ગુણભેદ એનું નામ અનેકાંત. આહાહા..! કહેવું છે શું? અહીં એક જ ચીજની અંદરની વાત છે. બીજી ચીજનું કાંઈ નહિ. અનેકાંત એમ નહિ કે, નિત્ય પોતાથી થાય, અનિત્ય પરથી થાય એમ નહિ. દ્રવ્ય પોતાથી થાય, પર્યાય પરથી થાય એમ નહિ. આ મહાસિદ્ધાંત છે. 'અમૃતચંદ્રાચાર્ય'.

અનેકાંત શક્તિ એક વસ્તુમાં વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત. આહાહા..! જે આ આત્મા ત્રિકાળ નિત્ય છે તે જ પર્યાયથી અનિત્ય છે. દ્રવ્યથી નિત્ય છે, પર્યાયથી અનિત્ય છે. આહાહા..! દ્રવ્યથી એકરૂપ છે, ગુણથી અનેકરૂપ છે. આહાહા..! સમજાય છે? એનું નામ અનેકાંત કહેવાય છે. જરી ઝીણી વાત છે, બાપા! એ માથે આવી ગયું છે. આહાહા..! જૈનશાસનનું રહસ્ય છે. એ માથે આવી ગયું ને? જુઓને! 'આ રીતે અનેકાંત–કે જે જિનદેવનું અલંઘ્ય (કોઈથી તોડી ન શકાય એવું) શાસન છે...' આ ભાવાર્થ ઉપર. આહાહા..! શું કહેવું છે આમાં? 'ચંદુભાઈ'!

એક જ ચીજની અંદરમાં અનેકાંત છે. અનેકાંત (એટલે) આનાથી પણ થાય અને બીજાથી પણ થાય એને વીતરાગની વાણી, વીતરાગ અને વીતરાગના સંતો એને અજ્ઞાની ઠરાવે છે. એક દ્રવ્યમાં બીજા દ્રવ્યથી કાંઈ થાય અને ન પણ થાય એનું નામ અનેકાંત, એમ નથી. આહાહા..!

એ 'અનેકાંત અર્થાત્ સ્યાદ્વાદ...' ચાલતો વિષય. 'જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું જ સ્થાપન કરતો થકો,...' વસ્તુ સ્વરૂપને બરાબર સ્થાપિત કરતો થકો. આહાહા..! આ કથા, વાર્તા નથી. આ તો જૈનદર્શનના માખણ છે, જૈનદર્શનનું રહસ્ય છે. આહાહા..! ઓહોહો..! જે સત્તા–ચૈતન્યની સત્તા અભેદપણે કહેવું, એક ગુણ–એક શક્તિ, અને તેને ભેદપણે કહેવું બીજી શક્તિ. આવી બે વિરુદ્ધ શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે. આહાહા..! આમ લાગે

ભાષા સાદી પણ ઘણું રહસ્ય છે. બીજા બધા પદાર્થને ઊડાડી દીધા. દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ આત્મામાં કાંઈ થાય એ વાત છે નહિ. જૈનશાસનમાં એ નથી. આહાહા..!

એ 'અનેકાંત અર્થાત્ સ્યાદ્વાદ...' એટલે અપેક્ષાએ કથન. 'વસ્તુનું સ્વરૂપ છે તેવું જ સ્થાપન કરતો થકો...' વસ્તુનું સ્વરૂપ જ જેમ છે તેમ કહેતું, સ્થાપિત કરતું થકું. 'આપોઆપ સિદ્ધ થયો.' એ અનેકાંત જ સ્વતઃસિદ્ધ થઈ ગયો. પોતાથી છે અને પરથી નથી. આમાં આવી ગયું ને? ભાઈ! દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે, પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે, પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. એમ આવી ગયું.

૪૭ શક્તિમાં આ છે કે, પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે, પરની પર્યાયથી પણ અહીં કંઈ નથી. આહાહા..! વસ્તુ સ્વતંત્ર છે. એમાં ને એમાં 'અમૃતચંદ્રાચાર્ય' નો મહાસિદ્ધાંત લેખ. આહાહા..! અનેકાંત–અનેક અંત એટલે ધર્મ એટલે સ્વભાવ. એટલે? કે, એક જ તત્ત્વમાં સ્વપણે છે, પરપણે નથી. તે તત્પણે છે અને જ્ઞેયપણે નથી. તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણે છે, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણે નથી. આહાહા..! પોતાપણે પણ છે અને પરના કોઈ પણ અંશપણે પણ છે એ અનેકાંત નથી, એકાંત મિથ્યાત્વ છે. આહાહા..! કહો, 'પ્રાણભાઈ'! આવી ઝીણી વાત છે. આ તો એક અનેકાંતનો આટલો અર્થ છે. આ આખું જૈનદર્શન છે. માથે આવ્યું ને? માથે. ભાવાર્થની ઉપર, નહિ? 'જે જિનદેવનું અલંઘ્ય (કોઈથી તોડી ન શકાય એવું) શાસન છે...' એ ભાવાર્થ ઉપર (છે). આહાહા..!

અનેકાંત એ જિનદેવનું અલંઘ્ય–તોડી ન શકાય એવું શાસન. 'વસ્તુના યથાર્થ સ્વરૂપની વ્યવસ્થિતિ (વ્યવસ્થા) વડે...' શું કહે છે? વસ્તુની વ્યવસ્થા વસ્તુ કરે છે. વસ્તુની વ્યવસ્થા બીજો કહે કે હું કરું છું. એ મિથ્યા ભ્રાંતિ અજ્ઞાની મૂઢ છે. આહાહા..! દુકાનના ધંધા, માલ આદિ પૈસા ઉઘરાવવા, દેવા-લેવા આદિ, વ્યવસ્થાપક...

અહીં એ કહે છે, 'વસ્તુના યથાર્થ સ્વરૂપની વ્યવસ્થિતિ (વ્યવસ્થા) વડે પોતે પોતાને સ્થાપિત કરતો થકો સ્થિત થયો–નિશ્ચિત ઠર્યો–સિદ્ધ થયો.' આહાહા..! ગજબ વાત છે. એક આત્મા પોતામાં જ દ્રવ્યથી એકપણું અને ગુણ-પર્યાયથી અનેકપણું છે. એ આપણે આવી ગયું છે. ઊછળતી, નહિ? અનિત્યમાં. ઊછળતી અનેક પર્યાય ક્રમવર્તી. ક્રમે.. ક્રમે. એ આપણે આમાં આવી ગયું છે. 'ઊછળતી નિર્મળ ચૈતન્યપરિણતિથી જુદું કાંઈક ઇચ્છે છે...' અજ્ઞાની પરિણતિ–પર્યાયથી કંઈક ભિન્ન દ્રવ્ય ઇચ્છે છે કે એકલું દ્રવ્ય છે. આહાહા..! એ વાત આવી ગઈ છે. '(પરંતુ એવું કોઈ આત્મતત્ત્વ છે નહિ);...' આહાહા..! 'ચૈતન્યવસ્તુની વૃત્તિના (–પરિણતિના, પર્યાયના) ક્રમ દ્વારા તેની અનિત્યતાને અનુભવતો થકો, નિત્ય એવા જ્ઞાનને અનિત્યતાથી વ્યાપ્ત...' નિત્ય વસ્તુ હોવા છતાં અનિત્યતાથી વ્યાપ્ત છે. એ પેલી કોર (બાજુ) છે. ૨૬૧ (કળશ). આ તો શોધતા પણ વાર લાગે. આહાહા..!

અહીં વજન શું દેવું છે? કે દરેક અનંત વસ્તુ છે... 'મનસુખભાઈ' ને બરાબર નથી

આવડતું. એ કાંઈકનું કાંઈક... આવ્યું? બહુ પણ ઘણે વખતે આવ્યું. પહેલા ન આવ્યું. અહીંથી કહ્યું એમ તરત ધ્યાન રાખવું જોઈએ. સમજાય છે કાંઈ? આહાહા..!

હવે આપણે અહીં ભાવાર્થ છે, 'અનેકાંત અર્થાત્ સ્યાદ્વાદ, જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું જ સ્થાપન કરતો થકો, આપોઆપ સિદ્ધ થયો. અનેકાંત જ નિર્બાધ જિનમત છે અને યથાર્થ વસ્તુસ્થિતિનો કહેનાર છે. કાંઈ કોઈએ અસત્ કલ્પનાથી વચનમાત્ર પ્રલાપ કર્યો નથી. માટે હે નિપુણ પુરુષો!' આહાહા..! છે? હે ડાહ્યા પુરુષો! આમ તો 'અમૃતચંદ્રાચાર્ય' બોલે છે, આ તો અર્થ કરનાર છે. પણ પાઠમાં આવ્યું ને? પોતે પોતાને સ્થાપિત કરતો. આહા..! 'હે નિપુણ પુરુષો! સારી રીતે વિચાર કરી...' આહાહા..! સારી રીતે વિચાર કરી 'પ્રત્યક્ષ અનુમાન...' બે. પ્રત્યક્ષ–સીધો જે આત્મા નિત્ય છે તે પર્યાયમાં અનિત્ય છે, એમ સીધો પ્રત્યક્ષ કર અને કાં અનુમાનથી કરે કે આ પર્યાય બદલે છે એ દ્રવ્ય નહિ અને જે દ્રવ્ય છે તે બદલે છે એ નહિ. આહાહા..! આવી વાતું હવે. આમાં શું કરવું?

એક વસ્તુમાં.. ગજબ વાત કરી છે. વસ્તુપણાની નિપજાવનારી વ્યવસ્થિત વિરૂદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે. એ જૈનશાસનનું મૂળિયું છે. આહાહા..! કઠણ પડે. અજાણ્યા માણસને બહારનું કાંઈક કરવું છે. આમાં કાંઈ કરવું નથી. અહીં તો એક તત્ત્વ છે એ સ્વપણે છે, પરપણે નથી. પછી પરપણે નથી તો પરનું કરવું એ પ્રશ્ન રહ્યો જ ક્યાં? અને પરપણે નથી તો પર તારામાં કાંઈ કરે એ રહ્યું જ ક્યાં? અને તે તારાપણે નથી તો તું તેનું કરી શકે એ રહ્યું ક્યાં? તું પરનું કાંઈ કરી શકે છે તો તું પરપણે છો એમ થઈ ગયું. આહાહા..! પરનું કાંઈ કરી શકે છે, આ શરીરને આમ હલાવી શકે તો આત્મા પરરૂપ થઈ ગયો. આહાહા..!

મુમુક્ષુ :– બધા વેપારી તો પરનું કરે છે.

ઉત્તર :– ધૂળેય (કરતો નથી), અભિમાન મિથ્યાત્વ કરે છે. આખો દિ' મિથ્યાત્વ સેવે છે. મેં આને આ કીધું ને મેં આ વેપાર કર્યો ને એમાં આ નફો મળ્યો. દુકાને બેઠો હોય અને એમાં નીકળ્યા હોય તો કહે, બા! આવો.. આવો.. શું લેવું છે? એમ કરે છે ને? માલ વેચવા (એમ કરે). અમારી દુકાને હતા ત્યારે એ લોકો કરતા. હું નહોતો કરતો. હું તો ભગત. આપણે દુકાને માલ લેવા આવે એને આપતા. ન્યાં તો અમારે મોટી દુકાન હતી ને? બા! શું લેવું છે? આવો.. આવો.. આહાહા..! એ ક્રિયા આત્મા કરી શકતો નથી. કેમ? કે એક ચીજમાં તે ચીજમાં વિરૂદ્ધ શક્તિનું પ્રકાશવું તે અનેકાંત છે. તે જ શક્તિને પરથી કાંઈ થાય અને સ્વથી પણ થાય એવું અનેકાંત નથી પણ એ એકાંત છે. આહાહા..! ગજબ વાત છે. 'હિમત'! પેલું લખી લેજે. બોલ છે ને? આ માલનો બોલ છે.

મુમુક્ષુ :– બધા સિદ્ધાંતો લખ્યા છે એમાં એક ઔર સિદ્ધાંત.

ઉત્તર :– સિદ્ધાંત લખ્યા છે. આહાહા..!

જિનદેવનું અલંઘ્ય શાસન-ત્રણ કાળમાં કોઈ તોડી શકે નહિ એવું શાસન. શું? એક તત્ત્વ છે તે પોતાની વ્યવસ્થા કરવામાં તે જ તત્ત્વ વ્યવસ્થિત છે. તેની પર્યાયની વ્યવસ્થા કરનારું તે જ તત્ત્વ છે. બીજું તત્ત્વ પર્યાયની વ્યવસ્થા કરે છે એ જૈનશાસન નથી. આહાહા..! આવી વાત હવે સાંભળી ન હોય ને બહારમાં રોકાય (રહે). આહાહા..! પેલો પારસી જેવો ડરી ગયો. વૃદ્ધાવસ્થા થઈ ગઈ, આ દેહ ક્યારે છૂટશે? કઈ રીતે છૂટશે? આહાહા..! દુઃખી થઈને ન મરું એવા મહારાજના આશીર્વાદ મળે. આહાહા..! આમ કહ્યું.

અત્યારે 'નાનચંદભાઈ' ને આખા (શરીરમાં) અહીં ને પાછળ બધે વ્યાપી ગયું છે. છે પૈસા, એક હજાર મૂક્યા. 'સોનગઢ' ખાતે એક હજાર. 'શાંતાબેન' ના ભાઈને ત્યાં ગયા હતા. એણે ચૌદ લાખનું નવું મકાન લીધું.

મુમુક્ષુ :- અત્યારે તો અઢાર બોલાય છે.

ઉત્તર :- અઢાર બોલાય છે. ચૌદ લાખના મકાનના અત્યારે અઢાર લાખ મળે છે. ત્યાં પગલા કરવા ગયા હતા. મહારાજ! નવું મકાન છે. એણે એક હજાર રૂપિયા મૂક્યા. અહીં જ્ઞાન ખાતે. શાસ્ત્રની (કિંમત) ઘટાડવા.. મેં જ્યાં ઉતારો કર્યો હતો...

મુમુક્ષુ :- ત્યાં સારી શાંતિ મળી રહે.

ઉત્તર :- ધૂળમાં શાંતિ નથી. પૈસામાં શાંતિ છે? મકાનમાં શાંતિ છે? બપોરે માણસ તે માણસ... ક્યાંય સમાય નહિ, ક્યાંય સમાય નહિ એટલું માણસ. છેલ્લે આઘે ઊભા ઊભા સાંભળે. પણ શું કરે? વ્યાખ્યાન નહિ, ચર્ચા.. ચર્ચા. ડૉક્ટર પ્રશ્ન કરે.

અહીં તો અત્યારે અનેકાંતમાં આખું જૈનશાસન ભરાય એવું છે. આહાહા..! અને તે અનેકાંતની વ્યાખ્યા બીજા એમ કરે છે, નિશ્ચયથી પણ થાય, વ્યવહારથી પણ થાય. ઉપાદાનથી પણ થાય, નિમિત્તથી પણ થાય. સ્વથી પણ થાય, પરથી પણ થાય એનું નામ અનેકાંત. અહીં અનેકાંતની વ્યાખ્યા-આહાહા..! ત્રણલોકના નાથના શ્રીમુખે નીકળેલી વાણી. એક તત્ત્વની અંદર ભેદરૂપે કહીએ તો સત્તાને વ્યવહાર કહીએ, અને એ સત્તાથી અભેદ છે એમ કહીએ તો નિશ્ચય છે. એ સિવાય બીજું કોઈ અનેકાંત નથી. એની ને એની ચીજમાં ભેદ અને અભેદ, એક અને અનેક, નિત્ય અને અનિત્ય. એના ને એના સ્વભાવમાં છે એ જ જૈનશાસનની વ્યવસ્થાની વ્યવસ્થા છે. આહાહા..! અત્યારે તો ગડબડ ચાલે છે અને આ શેઠિયાને કાંઈ ખબર ન હોય, જય નારાયણ કરીને... શેઠ! ઠપકો આપ્યો.. તમે એક શું બધા એમ છે.

ત્યાં કીધું હતું, બિચારો સ્થાનકવાસી આવતો હતો. 'નરેશ'. અગિયાર હજારની એના બાપે પચીસ વર્ષ પહેલા જમીન લીધી હતી એના દોઢ કરોડ ઊપજ્યા. દોઢ કરોડ! અને અત્યારે એની પાસે આઠ-દસ કરોડ છે. સ્થાનકવાસી પણ અમારા ઉપર એનો પ્રેમ છે. વળાવવા આવ્યા હતા. મહારાજ! દશમનું અમારું મુહૂર્ત છે. કેટલાક લોકો ત્યાં સુધી કહેતા

હતા, એવું દિગંબર મંદિર બનાવવું છે, એવું મંદિર બનાવવું છે કે ક્યાંય ન હોય એવું બનાવવું છે. નંદિશ્વર દ્વિપ બનાવવો છે, બાવન જિનાલય.

મુમુક્ષુ :– કરોડનો ખર્ચ ભલે થાય.

ઉત્તર :– હા, એમ કહેતા હતા, લ્યો! પણ એ હું ન બોલ્યો. કેમકે મારા ખ્યાલમાં છે. એક કરોડ ખર્ચ થાય તોપણ દિગંબર મંદિર બરાબર કાંદીવલીમાં કરવું છે. એમ સ્થાનકવાસી જૈન (બોલે). ભગવાન! અહીં તો માર્ગ પ્રભુનો છે, બાપુ! તમને બેસે ન બેસે પણ વસ્તુસ્થિતિ જ આ છે.

અહીં માથે કીધું ને? આહાહા..! 'વસ્તુના યથાર્થ સ્વરૂપની વ્યવસ્થિતિ...' વ્યવસ્થા દ્વારા. આહાહા..! એક એક શબ્દમાં... જેટલા અનંત દ્રવ્ય છે, અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ. ભગવાને પરમાત્માએ જિનદેવ ત્રિલોકનાથ તીર્થંકરે છ દ્રવ્ય જાતિએ જોયા છે. સંખ્યાએ અનંત છે. એ અનંત અનંતપણે ક્યારે રહે? કે, સ્વપણે હોય અને પરપણે ન હોય ત્યારે અનંતપણે રહે. આહાહા..! જેને પરથી પણ થાય અને સ્વથી થાય એને અનંતપણું રહેતું નથી. વ્યવહારથી પણ થાય અને નિશ્ચયથી પણ થાય તો વ્યવહાર એ ખરેખર જડ છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ... બીજી ચીજમાં છે નહિ અને બીજી ચીજથી કાંઈ થાય એમ નથી. દેવ-ગુરુ અને શાસ્ત્રના પુસ્તકો–પાના, એનાથી આત્મામાં ધર્મનો લાભ કિંચિત્ થાય એવું નથી. એમ એકવાર અનુમાનથી કર અને પછી પ્રત્યક્ષ કર. બન્ને પ્રમાણ લીધા છે ને? આહાહા..!

પ્રત્યક્ષ એટલે? આ ચૈતન્ય ચૈતન્યરૂપ છે, એ રાગરૂપ પરરૂપ નથી એવો અનુભવ (થવો) એનું નામ પ્રત્યક્ષ. અનેકાંતને પ્રત્યક્ષપણે કાં અનુમાનપણે નિર્ણય કર. આહાહા..! અરે..રે...! ન્યાં પણ 'મુંબઈ'માં પણ એટલા માણસ, વાત તો આવી હતી. વધારે તો આમાં અનેકાંતમાં મજા શું છે? કે એની એ ચીજમાં ને ચીજમાં ભેદ અને અભેદ વિરૂદ્ધ બે શક્તિઓ. એક ચીજમાં વિરૂદ્ધ બે શક્તિઓ. નિત્ય અને અનિત્ય બે વિરૂદ્ધ શક્તિઓ, એનું પ્રકાશવું તે અનેકાંત. એ એક ચીજ પોતે નિત્ય રહે અને એની પર્યાય–અવસ્થા બીજી ચીજ બદલાવે એ અનેકાંત નથી, એકાંત છે. મિથ્યાદૃષ્ટિ એકાંત જૈનદર્શનથી વિરૂદ્ધ છે. આહાહા..! આવો માર્ગ? માર્ગ તો એવો છે, બાપુ!

આપણે એ પહેલા આવી ગયું છે. અનિત્યમાં આવી ગયું હતું. ૨૬૧ માં આવી ગયું હતું. 'ઊછળતી નિર્મળ ચૈતન્યપરિણતિથી જુદું કાંઈક (આત્મતત્ત્વને) ઇચ્છે છે...' એકલા સામાન્યને ઇચ્છે છે. '(પરંતુ એવું આત્મતત્ત્વ છે નહિ);...' અજ્ઞાની એમ ઇચ્છા કરે છે કે, પર્યાય-ફર્યાય આત્મામાં નથી. આહાહા..! પર્યાયો અનિત્ય છે, પર્યાય તો બદલતી છે, નાશવાન છે. આહાહા..! એ અવિનાશી ચીજમાં નાશવાન પદાર્થ? અવિનાશીમાં નથી, પ્રભુ! અવિનાશી તો નિત્ય છે પણ વિનાશિક છે, નાશવાન તો પર્યાય છે. આહાહા..! સમજાય

છે કાંઈ? આવી વાત છે. કેટલાક કહે છે, નવું કાઢ્યું. નવું ક્યાં? આ શાસ્ત્રમાં પડ્યું છે. આ શું છે? શેઠ! આ શાસ્ત્રમાં શું પડ્યું છે?

એક સિદ્ધાંત. એક વસ્તુ બીજી વસ્તુને અડે નહિ. ક્રમબદ્ધ થાય. ઉત્પાદને ઊપજવામાં બીજાની કે પોતાના ધ્રુવની અપેક્ષા નહિ. આહાહા..! એ અહીં સિદ્ધ થયું કે ઉત્પાદ અને વ્યય જે પર્યાય છે અને ધ્રુવ છે એ બે પરસ્પર વિરૂદ્ધ શક્તિઓ છે. એ પરસ્પર વિરૂદ્ધ શક્તિનું પ્રકાશવું તે જ વસ્તુ છે. આ કેમ બદલે છે? કે, આ વાણી કાને પડી માટે ન્યાં પર્યાય બદલે છે એમ નથી. ગજબ વાત છે. આહાહા..!

આ લખાણ વાંચે છે માટે અહીં જ્ઞાનની પર્યાય થાય છે એમ નથી. કેમકે પોતે નિત્ય અને અનિત્ય છે. નિત્ય એટલે કાયમ રહેનાર, અનિત્ય એટલે બદલતી દશા. બહાર બીજી જ્ઞાનની પર્યાય હતી અને અહીં જ્ઞાનની પર્યાય સાંભળવામાં બીજી આવી માટે સાંભળવાથી ત્યાં આવી છે, એમ નથી. આહાહા..!

પરસ્પર વિરૂદ્ધ શક્તિનું પ્રકાશવું. પરસ્પર. એક તત્ત્વને બીજા તત્ત્વની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..! સ્ત્રીનું, કુટુંબનું, વેપારની જીવ કાંઈ વ્યવસ્થા કરી શકે.. 'શિવલાલભાઈ'! ત્યાં કપાસના ગાડા તો બહુ લેતા. આહાહા..! વીતરાગનો એક પણ સિદ્ધાંત જો બરાબર બેસે તો એને બધા ન્યાય બેસી જાય. એવું આ અનેકાંત છે. આહાહા..! એ પહેલું આવી ગયું ને?

વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી. વસ્તુ છે તેને વસ્તુપણાની નિપજાવનારી વિરૂદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે. આ ગજબ વાત છે. 'અમૃતચંદ્રાચાર્ય' કોઈ પરમેશ્વરમાંથી બોલે છે કે શું આ! આહાહા..! એ અહીં કહે છે, એકાંતવાદી.. આહાહા..! આવી ગયું? હા, આવી ગયું. 'સારી રીતે વિચાર કરી પ્રત્યક્ષ અનુમાન-પ્રમાણથી અનુભવ કરી જુઓ.'

* સમયસાર ગાથા ૫૦ થી ૫૫ મા અનુભૂતિને આત્મા કહ્યો છે ત્યાં જેટલા વિકલ્પો ઉઠે છે તેનાથી ભિન્ન અને સ્વથી અભિન્ન કહેવું છે, તેથી અનુભૂતિની નિર્મળ પર્યાયને આત્મા કહ્યો છે પણ જ્યારે એ અનુભૂતિ કેમ પ્રગટે છે તે બતાવવું હોય ત્યારે તો ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય તે સ્વ છે ને તેનો આશ્રય કરનાર પર્યાય તે પર છે, ભિન્ન છે-તેમ નિયમસાર ગાથા ૫૦ મા કહ્યું છે. એ અનુભૂતિની નિર્મળ પર્યાય ધ્રુવદ્રવ્યને સ્પર્શતી નથી ને ધ્રુવદ્રવ્ય અનુભૂતિને સ્પર્શતું નથી. અહો! આ તો પરમ અધ્યાત્મના અંદરના ગંભીર સૂક્ષ્મ ભાવો છે. જાણનક્રિયા અને ત્રિકાળી ધ્રુવદ્રવ્ય એ એક બીજાને સ્પર્શતા નથી, છતાં જાણનક્રિયાનો આધાર આત્મદ્રવ્ય છે. ૪૭૯.

– દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર

नन्वनेकान्तमयस्यापि किमर्थमत्रात्मनो ज्ञानमात्रतया व्यपदेशः? लक्षणप्रसिद्धया लक्ष्यप्रसिद्ध्यर्थम्। आत्मनो हि ज्ञानं लक्षणं, तदसाधारणगुणत्वात्। तेन ज्ञानप्रसिद्धया तल्लक्ष्यस्यात्मनः प्रसिद्धिः। ननु किमनया लक्षणप्रसिद्धया, लक्ष्यमेव प्रसाधनीयम्। नाप्रसिद्धलक्षणस्य लक्ष्यप्रसिद्धिः, प्रसिद्धलक्षणस्यैव तत्प्रसिद्धेः। ननु किं तल्लक्ष्यं यज्ज्ञानप्रसिद्धया ततो भिन्नं प्रसिध्यति? न ज्ञानाद्भिन्नं लक्ष्यं, ज्ञानात्मनोर्द्रव्यत्वेनाभेदात्। तर्हि किं कृतो लक्ष्यलक्षणविभागः? प्रसिद्धप्रसाध्यमानत्वात् कृतः। प्रसिद्धं हि ज्ञानं, ज्ञानमात्रस्य स्वसंवेदनसिद्धत्वात्; तेन प्रसिद्धेन प्रसाध्यमानस्तदविनाभूतानन्तधर्मसमुदयमूर्तिरात्मा। ततो

(આચાર્યદેવ અનેકાંતને હજુ વિશેષ ચર્ચે છે :–)

(પ્રશ્ન :–) આત્મા અનેકાંતમય હોવા છતાં પણ અહીં તેનો જ્ઞાનમાત્રપણે કેમ *વ્યપદેશ કરવામાં આવે છે? (આત્મા અનંત ધર્મોવાળો હોવા છતાં તેને જ્ઞાનમાત્રપણે કેમ કહેવામાં આવે છે? જ્ઞાનમાત્ર કહેવાથી તો અન્ય ધર્મોનો નિષેધ સમજાય છે.)

(ઉત્તર :–) લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષ્યની પ્રસિદ્ધિ કરવા માટે આત્માનો જ્ઞાનમાત્રપણે વ્યપદેશ કરવામાં આવે છે. આત્માનું જ્ઞાન લક્ષણ છે, કારણ કે જ્ઞાન આત્માનો અસાધારણ ગુણ છે (-અન્ય દ્રવ્યોમાં જ્ઞાનગુણ નથી). માટે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે તેના લક્ષ્યની-આત્માની-પ્રસિદ્ધિ થાય છે.

(પ્રશ્ન :–) એ લક્ષણની પ્રસિદ્ધિથી શું પ્રયોજન છે? માત્ર લક્ષ્ય જ પ્રસાધ્ય અર્થાત્ પ્રસિદ્ધ કરવા યોગ્ય છે. (માટે લક્ષણને પ્રસિદ્ધ કર્યા વિના માત્ર લક્ષ્યને જ-આત્માને જ-પ્રસિદ્ધ કેમ કરતા નથી?)

(ઉત્તર :–) જેને લક્ષણ અપ્રસિદ્ધ હોય તેને (અર્થાત્ જે લક્ષણને જાણતો નથી એવા અજ્ઞાની જનને) લક્ષ્યની પ્રસિદ્ધિ થતી નથી. જેને લક્ષણ પ્રસિદ્ધ થાય તેને જ લક્ષ્યની પ્રસિદ્ધિ થાય છે. (માટે અજ્ઞાનીને પહેલા લક્ષણ બતાવીએ ત્યારે તે લક્ષ્યને ગ્રહણ કરી શકે છે.)

(પ્રશ્ન :–) ક્યું તે લક્ષ્ય છે કે જે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે તેનાથી (-જ્ઞાનથી) ભિન્ન પ્રસિદ્ધ થાય છે?

(ઉત્તર :–) જ્ઞાનથી ભિન્ન લક્ષ્ય નથી, કારણ કે જ્ઞાન અને આત્માને દ્રવ્યપણે અભેદ છે.

(પ્રશ્ન :–) તો પછી લક્ષણ અને લક્ષ્યનો વિભાગ શા માટે કરવામાં આવ્યો?

(ઉત્તર :–) પ્રસિદ્ધત્વ અને *પ્રસાધ્યમાનત્વને લીધે લક્ષણ અને લક્ષ્યનો વિભાગ કરવામાં

* વ્યપદેશ = કથન; નામ.

* પ્રસાધ્યમાન = પ્રસિદ્ધ કરવામાં આવતું હોય તે. (જ્ઞાન પ્રસિદ્ધ છે અને આત્મા પ્રસાધ્યમાન છે.)

ज्ञानमात्राचलितनिखातया दृष्टया क्रमाक्रमप्रवृत्तं तदविनाभूतं अनन्तधर्मजातं यद्यावल्लक्ष्यते तत्तावत्समस्तमेवैकः खल्वात्मा। एतदर्थमेवात्रास्य ज्ञानमात्रतया व्यपदेशः। ननु क्रमाक्रमप्रवृत्तानन्त-धर्ममयस्यात्मनः कथं ज्ञानमात्रत्वम्? परस्परव्यतिरिक्तानन्तधर्मसमुदायपरिणतैकज्ञप्तिमात्रभावरूपेण स्वयमेव भवनात्। अत एवास्य ज्ञानमात्रैकभावान्तःपातिन्योऽनन्ताः शक्तयः उत्प्लवन्ते।

---

આવ્યો છે. જ્ઞાન પ્રસિદ્ધ છે, કારણ કે જ્ઞાનમાત્રને સ્વસંવેદનથી સિદ્ધપણું છે (અર્થાત્ જ્ઞાન સર્વ પ્રાણીઓને સ્વસંવેદનરૂપ અનુભવમાં આવે છે); તે પ્રસિદ્ધ એવા જ્ઞાન વડે પ્રસાધ્યમાન, તદ્-અવિનાભૂત (-જ્ઞાનની સાથે અવિનાભાવી સંબંધવાળા) અનંત ધર્મોના સમુદાયરૂપ મૂર્તિ આત્મા છે. (જ્ઞાન પ્રસિદ્ધ છે; અને જ્ઞાન સાથે જેમનો અવિનાભાવી સંબંધ છે એવા અનંત ધર્મોના સમુદાયસ્વરૂપ આત્મા તે જ્ઞાન વડે પ્રસાધ્યમાન છે.) માટે જ્ઞાનમાત્રમાં અચલિતપણે સ્થાપેલી દૃષ્ટિ વડે, ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતો, તદ્-અવિનાભૂત (-જ્ઞાનની સાથે અવિનાભાવી સંબંધવાળો) અનંતધર્મસમૂહ જે કાંઈ જેવડો લક્ષિત થાય છે, તે સઘળોય ખરેખર એક આત્મા છે.

આ કારણે જ અહીં આત્માનો જ્ઞાનમાત્રપણે વ્યપદેશ છે.

(પ્રશ્ન :–) જેમાં ક્રમ અને અક્રમે પ્રવર્તતા અનંત ધર્મો છે એવા આત્માને જ્ઞાનમાત્રપણું કઈ રીતે છે?

(ઉત્તર :–) પરસ્પર ભિન્ન એવા અનંત ધર્મોના સમુદાયરૂપે પરિણત એક જ્ઞપ્તિમાત્ર ભાવરૂપે પોતે જ હોવાથી (અર્થાત્ પરસ્પર ભિન્ન એવા અનંત ધર્મોના સમુદાયરૂપે પરિણમેલી જે એક જાણનક્રિયા તે જાણનક્રિયામાત્ર ભાવરૂપે પોતે જ હોવાથી) આત્માને જ્ઞાનમાત્રપણું છે. માટે જ તેને જ્ઞાનમાત્ર એક ભાવની અંતઃપાતિની (-જ્ઞાનમાત્ર એક ભાવની અંદર પડનારી અર્થાત્ જ્ઞાનમાત્ર એક ભાવની અંદર આવી જતી–) અનંત શક્તિઓ ઊછળે છે. (આત્માના જેટલા ધર્મો છે તે બધાયને, લક્ષણભેદે ભેદ હોવા છતાં, પ્રદેશભેદ નથી; આત્માના એક પરિણામમાં બધાય ધર્મોનું પરિણમન રહેલું છે. તેથી આત્માના એક જ્ઞાનમાત્ર ભાવની અંદર અનંત શક્તિઓ રહેલી છે. માટે જ્ઞાનમાત્ર ભાવમાં-જ્ઞાનમાત્ર ભાવસ્વરૂપ આત્મામાં-અનંત શક્તિઓ ઊછળે છે.) તેમાંની કેટલીક શક્તિઓ નીચે પ્રમાણે છે :–

---

'(આચાર્યદેવ અનેકાંતને હજુ વિશેષ ચર્ચે છે :–)'

'(પ્રશ્ન) :– આત્મા અનેકાંતમય...' છે. હવે શિષ્ય પ્રશ્ન કરે છે. પ્રભુ! તમે શું કરવા કહો છો? પણ અનેકાંતમય તો વસ્તુ છે. તમે શા માટે ઉપદેશ આપો છો? આહાહા..! છે? આત્મા અનેકાંતમય છે જ, વિરૂદ્ધ શક્તિવાળો છે. નિત્ય છે તે અનિત્ય છે. અનિત્ય

છે તે નિત્ય છે, એક છે તે અનેક છે, અનેક છે તે એક છે, સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે, એ પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. એ આત્મા અનેકાંતમય છે. 'છતાં પણ અહીં તેનો જ્ઞાનમાત્રપણે કેમ વ્યપદેશ કરવામાં આવે છે?' એ તો વસ્તુનું સ્વરૂપ છે. તો વળી આત્મા જ્ઞાનમાત્ર છે એમ આપ ઉપદેશ કરો છો. શિષ્યનો પ્રશ્ન છે. આહાહા..!

'જ્ઞાનમાત્ર કહેવાથી તો અન્ય ધર્મોનો નિષેધ સમજાય છે.' શિષ્ય પ્રશ્ન કરે છે કે અનેકાંત તો એ વસ્તુનું સ્વરૂપ જ પ્રકાશે છે અને તમે જ્ઞાનમાત્ર કહેવા માગો છો તો ત્યાં અન્ય ધર્મ છે તેનો નિષેધ થઈ જાય છે. અનંત ધર્મ છે એમાં તો વસ્તુની સ્થિતિ છે અને તમે આ જ્ઞાનમાત્ર કહો છો, તેમાં અન્ય ધર્મોનો નિષેધ સમજાય છે. જાણે બીજા દર્શન, આનંદ આદિ અનંત ગુણ છે જ નહિ. આહાહા..!

પ્રશ્ન સમજાણો? હજી પ્રશ્ન. પ્રશ્નમાં શું છે? પ્રશ્નનું રૂપ પણ સમજવું જોઈએ. વસ્તુ તો અનેકાંતમય છે એમ તમે કહો છો. કેમકે વિરૂદ્ધ શક્તિનું પ્રકાશવું તે અનેકાંત છે. તો વિરૂદ્ધ શક્તિનું પ્રકાશવું એ અનેકાંત તો છે જ. તો પછી અહીંયાં જ્ઞાનમાત્રથી કેમ કથન કરવામાં આવે છે? આત્મા અનંત ધર્મયુક્ત છે. જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ધર્મ છે. 'છતાં પણ તેનો જ્ઞાનમાત્રપણે કેમ વ્યપદેશ કરવામાં આવે છે?' શિષ્ય પ્રશ્ન કરે છે. 'જ્ઞાનમાત્ર કહેવાથી તો અન્ય ધર્મોનો નિષેધ સમજાય છે.' અનેકાંત ક્યાં રહ્યું? અનેકાંત છે પણ તમે તો જ્ઞાનમાત્ર કહો છો. વસ્તુમાં તો અનંત ધર્મ છે અને તમે કહો છો એક જ્ઞાનમાત્ર આત્મા છે. એમાં બીજા ધર્મોનો નિષેધ થઈ જાય છે. પ્રશ્નકાર કહે છે. આહાહા..! આમ તો બહુ મર્મની વાતું છે, બાપુ! આહાહા..!

'(ઉત્તર :–) લક્ષણની પ્રસિદ્ધિ વડે...' શું કહે છે? આ જ્ઞાન એ લક્ષણ છે. આત્મા તે લક્ષ છે. એ 'લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષ્યની પ્રસિદ્ધિ કરવા માટે...' લક્ષણ જે જ્ઞાન છે એ લક્ષણની પ્રસિદ્ધ વડે લક્ષ્ય ને પ્રસિદ્ધ કરવા માટે, આહાહા..! 'આત્માનો જ્ઞાનમાત્રપણે વ્યપદેશ કરવામાં આવે છે.' આહાહા..! સમજાય છે કાંઈ? શિષ્યે પ્રશ્ન કર્યો કે પ્રભુ! તમે કહેવા માગો છો કે વસ્તુ તો અનેકાંતમય છે. એ વસ્તુ પોતે જ વિરૂદ્ધ શક્તિની ધરનારી છે. છતાં વળી તમે ઉપદેશ શું કરવા આપો છો? કેમકે જ્ઞાનમાત્ર કહેતા બીજા ધર્મોનો નિષેધ થઈ જાય છે. બીજા ગુણો અંદર છે.

'(ઉત્તર :–) લક્ષણની પ્રસિદ્ધિ વડે...' આત્માનું લક્ષણ જ્ઞાન છે. એનાથી 'લક્ષ્યની પ્રસિદ્ધિ...' લક્ષ્ય એટલે દ્રવ્ય. દ્રવ્યની પ્રસિદ્ધિ કરવા માટે 'આત્માનો જ્ઞાનમાત્રપણે વ્યપદેશ કરવામાં આવે છે.' આહાહા..! આખી ચોપડી જાણે વાંચી જતા હોય એમ 'સમયસાર' વાંચી જાય. એક જણો કહેતો હતો, મહારાજ! તમે આટલા બધા વખાણ કરો છો, હું તો પંદર દિ' માં વાંચી ગયો.

મુમુક્ષુ :– સમજી ગયો એમ ક્યાં એણે કીધું?

ઉત્તર :- વાંચી ગયો. તમે તો કહો છો, બહુ ગૂઢ છે, બહુ ગૂઢ છે. 'વાંચે પણ નહિ કરે વિચાર, એ સમજે નહિ સઘળો સાર.' એ તો અમારે ૮૦ વર્ષ પહેલા નિશાળમાં આવતું. 'દલપતરામ... દલપતરામ'. 'વાંચે પણ નહિ કરે વિચાર, એ સમજે નહિ સઘળો સાર' સાર કાંઈ સમજે નહિ. આહાહા..! પઢ ડાલા.. પઢ ડાલા.

'લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષ્યની પ્રસિદ્ધિ કરવા માટે આત્માનો જ્ઞાનમાત્રપણે વ્યપદેશ કરવામાં આવે છે.' ઉત્તર આપે છે. 'આત્માનું જ્ઞાન લક્ષણ છે. કારણ કે જ્ઞાન આત્માનો અસાધારણ ગુણ છે...' એ શું કહે છે? આત્મામાં અનંત ગુણ છે પણ જ્ઞાન અસાધારણ છે. એના જેવો બીજો કોઈ ગુણ નથી. જ્ઞાન ચીજ એવી છે કે જ્ઞાનમાત્ર આત્મા કહીએ તો આત્માને કહી દે. કેમકે એનું સ્વરૂપ અસાધારણ છે. અસાધારણ એટલે? એના જેવો બીજો કોઈ ગુણ નથી.

'(-અન્ય દ્રવ્યોમાં જ્ઞાનગુણ નથી) માટે...' આત્મા સિવાય પરમાણુ આ જડ માટીમાં કાંઈ જ્ઞાનગુણ નથી. 'માટે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે...' જ્ઞાનની પ્રસિદ્ધિ વડે 'તેના લક્ષ્યની-આત્માની પ્રસિદ્ધ થાય છે.' આહાહા..! એમ કે, પરની સાથે તો કાંઈ સંબંધ નથી અને તમે તો અનેકાંત એક જ ચીજમાં કહેવા માગો છો. એ વસ્તુ અનેકાંતમય છે છતાં તમે બે ભાગ કેમ પાડો છો? તો કહે છે, સાંભળ! 'લક્ષણ વડે લક્ષ્યની...' પણ એમાં ને એમાં. જ્ઞાન એ લક્ષણ છે, વસ્તુ લક્ષ્ય છે. આહાહા..! લક્ષણ વડે લક્ષ્યની પ્રસિદ્ધિ માટે જ્ઞાનમાત્ર અસાધારણ લક્ષણથી વર્ણન કરવામાં આવે છે. આહાહા..! આવો ધર્મ. પેલું તો વ્રત પાળવા, અપવાસ કરવા, બ્રહ્મચર્ય પાળવા, આ કરવું ને તે કરવું... અરે..! ભાઈ! મૂળ ચીજ જે રીતે છે એ રીતે દૃષ્ટિમાં ન આવે અને કંઈ પણ ફેર એ કરે તો ખલાસ મિથ્યાત્વ છે. આહાહા..! શું કહ્યું?

નિત્ય અને અનિત્ય બે વસ્તુપણાની નિપજાવનારી બે વિરૂદ્ધ શક્તિઓ છે. નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. જો તું એકલું નિત્ય કરવા જા તો અનિત્ય દ્વારા નિત્યનો નિર્ણય થાય છે. નિત્ય દ્વારા કાંઈ નિત્યનો નિર્ણય થતો નથી. આવું ક્યાંય મળે છે? વીતરાગની બહુ આકરી વાત છે. આહાહા..!

'આત્માનું જ્ઞાન લક્ષણ છે. કારણ કે જ્ઞાન આત્માનો અસાધારણ ગુણ છે (-અન્ય દ્રવ્યોમાં જ્ઞાનગુણ નથી). માટે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે તેના લક્ષ્યની (એટલે કે દ્રવ્યની)-આત્માની-પ્રસિદ્ધિ થાય છે.' આ જાણે.. જાણે.. જાણે.. તે આત્મા. જાણે તે લક્ષણ છે અને એના દ્વારા આ આત્મા લક્ષ્ય છે. તેથી લક્ષણ દ્વારા લક્ષ્યને પ્રસિદ્ધ કરવા માટે અમે જ્ઞાનમાત્ર આત્માને કહેવા માગીએ છીએ. આહાહા..! ગજબ વાત છે. પરદ્રવ્યને લઈને કાંઈ નહિ? દેવ-ગુરુ-શાસ્ત્રને લઈને, એની વાણીને લઈને...

મુમુક્ષુ :- અત્યંત અભાવ છે.

ઉત્તર :- અત્યંત અભાવ છે. આહાહા..! એ વસ્તુ જ પોતે બે વિરૂદ્ધ શક્તિની ધરનારી

છે. સ્વપણે છે અને પરપણે નથી, કાયમ રહેનાર છે અને પલટતી પણ છે. એવી બે પ્રકારની વિરૂદ્ધ શક્તિનો ધરનાર આત્મા છે. એમ દરેક તત્ત્વ એવું છે. આહાહા..! 'માટે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે તેના લક્ષ્યની–આત્માની પ્રસિદ્ધિ થાય છે.'

'(પ્રશ્ન :–) એ લક્ષણની પ્રસિદ્ધિથી શું પ્રયોજન છે?' તમારે શું કહેવું છે? જ્ઞાનઆત્મા, જ્ઞાનઆત્મા, જ્ઞાનઆત્મા વારંવાર કહો છો. જ્ઞાનરૂપી આત્મા. 'એ લક્ષણની પ્રસિદ્ધિથી શું પ્રયોજન છે? માત્ર લક્ષ્ય જ પ્રસાધ્ય અર્થાત્ પ્રસિદ્ધ કરવાયોગ્ય છે.' આત્મા જ પ્રસિદ્ધ કરવા યોગ્ય છે. આત્માનું જ્ઞાન લક્ષણ પ્રસિદ્ધ કરવા લાયક છે? શિષ્ય એમ પૂછે છે. આહાહા..! શું પૂછે છે સમજાય છે? કે, આત્મા છે તે લક્ષ્ય છે. એને પ્રસિદ્ધ કરો ને! એનું વળી જ્ઞાનલક્ષણ છે એની પ્રસિદ્ધિ? આ શિષ્યનો પ્રશ્ન છે. આહાહા..!

'(ઉત્તર :–) જેને લક્ષણ અપ્રસિદ્ધ હોય...' ભાઈ! જેને લક્ષણની ખબર નથી, ભગવાન આત્મા જ્ઞાન લક્ષણે લક્ષિત છે એવા જ્ઞાનના લક્ષણની એને ખબર નથી. એ જાણે કે રાગથી થાય, દયા, દાનથી ને ભક્તિ, પૂજાથી (થાય). એ એનું લક્ષણ પણ નથી. આહાહા..! 'જેને લક્ષણ અપ્રસિદ્ધ હોય તેને (અર્થાત્ જે લક્ષણને જાણતો નથી એવા અજ્ઞાની જનને)...' લ્યો, અહીં તો ભાઈ! અજ્ઞાની આવ્યા. પેલો કહે છે કે, આ 'સમયસાર' સાધુ માટે જ છે. જ્યાં જ્ઞાની આવે ત્યાં મુનિ લેવા. અહીં તો અજ્ઞાનીની વાત છે. આહા..! અરે..રે..!

'(અજ્ઞાની જનને) લક્ષ્યની પ્રસિદ્ધિ થતી નથી.' જેને લક્ષણની અપ્રસિદ્ધિ હોય તેને લક્ષ્યની દ્રવ્યની પ્રસિદ્ધિ થતી નથી. એના જ્ઞાન લક્ષણની જેને પ્રસિદ્ધિ નથી તેને લક્ષ્ય દ્રવ્યની પ્રસિદ્ધિ હોતી નથી. 'જેને લક્ષણ પ્રસિદ્ધ થાય...' જેને લક્ષણ પ્રસિદ્ધ થાય, જેને જ્ઞાનની પ્રસિદ્ધિ થાય 'તેને જ લક્ષ્યની પ્રસિદ્ધિ થાય છે.' આહાહા..! જ્ઞાન લક્ષણ છે એની જેને પ્રસિદ્ધિ છે તેને લક્ષ્યની પ્રસિદ્ધિ છે પણ જ્ઞાન લક્ષણની ખબર નથી, અમે તો આ રાગ કરીએ, દયા પાળીએ, વ્રત કરીએ, ભક્તિ કરીએ, પૂજા કરીએ એ તો લક્ષણથી બહાર છે. આહાહા..! એને સમજાવવા માટે લક્ષણની પ્રસિદ્ધિ કરીને લક્ષ્યની પ્રસિદ્ધિ કરાવવી છે પણ એને ને એને. બે શક્તિઓ, પણ એમાં ને એમાં. આહાહા..! આવો જૈનધર્મ.

'તેને જ લક્ષ્યની પ્રસિદ્ધિ થાય છે. (માટે અજ્ઞાનીને પહેલા લક્ષણ બતાવીએ ત્યારે તે લક્ષ્યને ગ્રહણ કરી શકે છે.' આહાહા..! છે? અજ્ઞાનીને પહેલા જ્ઞાન બતાવે છે કે જુઓ! જાણન.. જાણન.. જાણન.. જાણન જે લક્ષણ છે એ આત્માનું લક્ષણ છે. એ જાણન લક્ષણ બીજી કોઈ ચીજમાં છે જ નહિ. એ લક્ષણ એ ચીજ–લક્ષ્ય દ્રવ્યનું છે. અજ્ઞાની લક્ષ્ય જાણતો નથી તેને લક્ષણ દ્વારા લક્ષ્યને પ્રસિદ્ધ કરાવવા લક્ષણ દ્વારા પ્રસિદ્ધ કરાવે છે. સીધું લક્ષ્ય જે ન જાણી શકે તેથી તેને લક્ષણ બતાવીને લક્ષણથી લક્ષ્યની સિદ્ધિ કરાવે છે. આહાહા..! આવી વાત. પછી લોકો કહે ને, એકાંત છે, એકાંત છે, એકાંત છે. બીજા દ્રવ્યથી કાંઈ થાય એ તો વાત જ કરતા નથી. પણ પ્રભુ! તું જૈનશાસન...

અનાદિ તીર્થંકરો, અનંત તીર્થંકરો, કેવળીઓ, અનંત મુનિઓ અનેકાંત કહેતા આવ્યા છે. એ અનેકાંતનો અર્થ આ. તે તે તત્ત્વમાં વિરુદ્ધ શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત. એવું અનંત તીર્થંકર કહેતા આવ્યા છે અને તું બીજા દ્રવ્યની સાથે સંબંધ વળગાડીને અનેકાંત કરવા જાય છે. આહાહા..! હવે લોકો વિચારે છે, સાંભળે છે. કેટલું માણસ હતું કાલે, પરમ દિ'! બે વાર. પહેલે દિ' તો ન્યાં અંદરમાં બેઠા હતા. સમાય નહિ માણસ. બીજા ચાલ્યા જાઓ, બેઠા હોય એ ચાલ્યા જાઓ, નવા આવવા દ્યો, બેઠા હોય એ ચાલ્યા જાઓ, નવા આવવા દ્યો. ઓરડો નાનો, અઢીસો માણસ માંડ માંડ સમાય અને માણસ ઘણા. આહાહા..! પણ હવે સાંભળે છે કે કાંઈક કહે છે. ૪૫ વર્ષથી આ ચાલે છે. આહાહા..! શું આજનો વિષય! આજે તો બહુ ગજબ આવ્યું.

લક્ષણ અને લક્ષ્ય, જેને લક્ષણથી લક્ષ્યની પ્રસિદ્ધિ નથી એને લક્ષણથી લક્ષ્યની પ્રસિદ્ધિ ભેદ પાડીને કરવામાં આવે છે. છે તો એની ને એની શક્તિ પણ ભેદ પાડીને જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા, જાણપણું તે આત્મા, જાણપણું તે સર્વજ્ઞ શક્તિવાન પ્રભુ, એમ જ્ઞાનની પ્રસિદ્ધિ દ્વારા આત્મા જે લક્ષ્ય છે તેની પ્રસિદ્ધિ કરાવવા કહેવામાં આવે છે. આહાહા..! વખત થઈ ગયો, વખત થઈ ગયો.. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

પ્રવચન નં. ૪૮૦ પરિશિષ્ટ રવિવાર, ભાદરવા વદ ૧૨, તા. ૦૫-૧૦-૧૯૮૦

---

નોંધ :- મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

ક્યો પ્રશ્ન આવ્યો? ત્રીજો? એક પ્રશ્ન ને ઉત્તર આવી ગયો, બીજો પ્રશ્ન ને ઉત્તર આવી ગયો. ત્રીજો પ્રશ્ન. ઝીણી વાત છે.

'(પ્રશ્ન :–) ક્યું તે લક્ષ્ય છે...' શિષ્ય પૂછે છે કે આ આત્માને જાણવા માટે આત્મા લક્ષ્ય એ કોણ છે? એ ક્યું લક્ષ્ય છે? આહાહા..! અહીં તો મૂળની વાત છે. મૂળ વાત સમજે નહિ ત્યાં સુધી બધું થોથા છે. શું કહ્યું? 'ક્યું તે લક્ષ્ય છે કે જે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે...' જ્ઞાન લક્ષણ, જ્ઞાન પ્રસિદ્ધ અને લક્ષ્ય પ્રસાધ્યમાન. લક્ષણથી લક્ષ્યની પ્રસિદ્ધિ માટે લક્ષણ કહેવામાં આવે છે.

જ્ઞાનલક્ષણ. આહાહા..! હવે જ્ઞાન લક્ષણ એ જ્ઞાન ક્યું? પરનું જ્ઞાન નહિ. અંતર ભગવાન આત્મા અનંત ગુણમાં મુખ્ય પ્રધાન જ્ઞાન લક્ષણ છે. એ જ્ઞાન લક્ષણથી ભિન્ન લક્ષ્ય નથી. પ્રશ્ન તો એ કર્યો છે કે 'ક્યું તે લક્ષ્ય છે કે જે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે...' જ્ઞાનની પ્રસિદ્ધિ જાણન.. જાણન.. એ જાણન અંતરમાં લઈ જવાથી 'પ્રસિદ્ધિ વડે તેનાથી (–જ્ઞાનથી) ભિન્ન...'

જ્ઞાનથી ભિન્ન લક્ષ્ય કોણ છે? શિષ્યનો પ્રશ્ન છે. સમજાય છે કાંઈ?

આપે કહ્યું કે, જ્ઞાન લક્ષણથી આત્મા લક્ષ્ય થઈ જાય છે. એ પહેલી વાત છે. ધર્મની શરૂઆત, સમ્યગ્દર્શનની, અનુભૂતિની, શ્રદ્ધા ભ્રષ્ટ છે તે જ્ઞાન અને ચારિત્રથી ભ્રષ્ટ છે એમ કહ્યું છે. જે શ્રદ્ધામાં ભ્રષ્ટ છે તે જ્ઞાન અને ચારિત્રમાં ભ્રષ્ટ છે. શ્રદ્ધા કોની કરવી? અને તે શ્રદ્ધા કરવામાં આત્માનું લક્ષણ શું? શ્રદ્ધા તેનું લક્ષણ નથી. કેમકે શ્રદ્ધા તો એકલી નિર્વિકલ્પ છે અને જ્ઞાન પોતાને જાણે અને આત્માને જાણે. આહાહા..!

'ક્યું તે લક્ષ્ય છે કે જે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે...' આહાહા..! જ્ઞાન જાણન.. જાણન.. જાણન.. જે સ્વભાવ છે ને? એ જ્ઞાનની પ્રસિદ્ધિ દ્વારા... આહાહા..! '(–જ્ઞાનથી) ભિન્ન...' શિષ્યનો પ્રશ્ન છે. જ્ઞાનથી ભિન્ન એ કઈ ચીજ છે? કઈ પ્રસિદ્ધ ચીજ છે? '(-જ્ઞાનથી) ભિન્ન પ્રસિદ્ધ થાય છે?' કોણ છે? પ્રશ્નનું રૂપ પહેલું સમજાયું? એવું ક્યું લક્ષ્ય.. લક્ષ્ય.. દ્રવ્ય છે? (કે જે) 'જ્ઞાનની પ્રસિદ્ધિ વડે...' જ્ઞાનની પ્રસિદ્ધિ–જ્ઞાન તે આત્મા, એવી પ્રસિદ્ધિ વડે 'તેનાથી (–જ્ઞાનથી) ભિન્ન પ્રસિદ્ધ થાય છે?' એ કોણ છે? શિષ્યનો પ્રશ્ન છે. પ્રશ્ન સાચો નથી. પ્રશ્ન તો શંકા છે. દેહ નહિ, વાણી નહિ, દયા, દાન, પુણ્ય-પાપ, કામ, ક્રોધ, જાત્રા, ભક્તિનો રાગ એ કોઈ ચીજ નથી. એ કોઈ આત્માનું લક્ષણ નથી. લક્ષણ એનું જ્ઞાન છે તો જ્ઞાનથી ભિન્ન એવી લક્ષ્ય કઈ ચીજ છે? જ્ઞાનથી ભિન્ન લક્ષ્ય–ચીજ કઈ છે કે જે જ્ઞાનના લક્ષણ દ્વારા લક્ષ્ય કરાવે છે? આહાહા..! સમજાય છે કાંઈ? આ કળાની વાત છે.

'(ઉત્તર :–) જ્ઞાનથી ભિન્ન લક્ષ્ય નથી,...' જ્ઞાનથી ભિન્ન લક્ષ્ય નથી. જ્ઞાન લક્ષણ, આત્મા લક્ષ્ય. એ લક્ષણ લક્ષ્યને બતાવે છે, પણ એ જ્ઞાનથી ભિન્ન નથી. આહાહા..! લક્ષણથી લક્ષ્ય ચીજ ભિન્ન નથી. બહુ ઝીણી વાત. આહાહા..! છેલ્લે માખણ કાઢ્યું છે. એકલું બાર અંગનું રહસ્ય કે જે જૈન સર્વજ્ઞ સિવાય ક્યાંય છે નહિ. એના વાડામાં પણ અત્યારે તો નથી. અત્યારે તો આ ક્રિયાકાંડ ને આ કરો, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા છે, દેવ-ગુરુ-ધર્મની તમને શ્રદ્ધા છે. હવે વ્રત કરો, તપ કરો, ભક્તિ કરો, બસ! અહીં તો કહે છે તારી મૂળમાં જ ભૂલ છે. આહાહા..! 'છોટાભાઈ'!

અહીં તો હજી લક્ષ્ય-લક્ષણમાં શંકા ઉઠે. આ જાણન.. જાણન.. જાણે છે ને? એ જાણવું એ લક્ષણ અને એનું લક્ષ્ય દ્રવ્ય. તો શિષ્યનો પ્રશ્ન એ હતો કે લક્ષણથી લક્ષ્ય, જ્ઞાનથી ભિન્ન એ ચીજ કોણ છે? સમજાય છે કાંઈ? લક્ષણથી લક્ષ્ય દ્રવ્ય, લક્ષણ જ્ઞાન, રાગ નહિ, વિકલ્પ નહિ, કોઈ નહિ. એ જ્ઞાન લક્ષણ, વસ્તુ લક્ષ્ય. એ જ્ઞાનના લક્ષણથી લક્ષ્ય જે ચીજ એ જ્ઞાનથી ભિન્ન કઈ ચીજ છે? આ તો પ્રશ્નકારનો પ્રશ્ન છે. સમજાય છે કાંઈ? ભિન્ન ભિન્ન નથી પણ પ્રશ્ન ઉઠ્યો ને? લક્ષણથી લક્ષ્ય, એમ આવ્યું ને? તો જાણે બન્ને ભિન્ન હોય. લક્ષણ અને લક્ષ્ય બે ચીજ જાણે ભિન્ન હોય એમ શિષ્યને પ્રશ્ન થયો. સમજાય છે કાંઈ? આ ક્યાં આમાં નવરાશ છે? આહાહા..! ત્રણલોકના નાથ સર્વજ્ઞ ભગવાનના શ્રીમુખે

નીકળેલી વાણીનું રહસ્ય સંતો બતાવે છે. દિગંબર સંત સિવાય આવી સ્પષ્ટ વાત ક્યાંય નથી. આહાહા..!

મુમુક્ષુ :- 'સોનગઢ' સિવાય ક્યાંય નથી.

ઉત્તર :- ભગવાન સિવાય ક્યાંય નથી. તમે ભગવાન છો ને! 'ભગવાનદાસ' શેઠ. ભગવાનદાસ શેઠ આ. આહાહા..! બહુ ઝીણી વાત. શાંતિથી બે વાર, ત્રણ વાર વાત કરીએ છીએ, બાપુ!

પહેલા શિષ્યના પ્રશ્નનું રૂપ શું છે? કે જ્યારે એમ કહેવામાં આવ્યું કે જ્ઞાન લક્ષણ છે અને તેના વડે દ્રવ્ય લક્ષ્ય થઈ શકે. રાગ દ્વારા, પુણ્ય દ્વારા, દયા, દાન દ્વારા, દેવ-ગુરુ-શાસ્ત્ર દ્વારા લક્ષ્ય ન થઈ શકે, દ્રવ્યનું લક્ષ્ય - ધ્યાન ન થઈ શકે, દ્રવ્યનું જ્ઞાન હોઈ શકે નહિ. આહાહા..! ફક્ત જ્ઞાન જાણન જે પર્યાયમાં લક્ષણ છે એ લક્ષણથી લક્ષ્ય જે વસ્તુ આખી અખંડ પ્રભુ લક્ષ્યમાં આવે છે. ત્યારે શિષ્યનો પ્રશ્ન થયો. બે આવ્યું ને? લક્ષણ અને લક્ષ્ય બે આવ્યા તો શિષ્યનો પ્રશ્ન છે કે જ્ઞાનથી ભિન્ન એવું ક્યું લક્ષ્ય છે કે જે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે જ્ઞાનથી ભિન્ન પ્રસિદ્ધ થાય છે? એવી કઈ ચીજ છે? સમજાય છે કાંઈ? આહાહા..! ભાષા તો સાદી છે, પ્રભુ! માર્ગ તો એવો છે કોઈ. આહાહા..!

શિષ્યનો પ્રશ્ન છે એનું હજી રૂપ બંધાય છે. શિષ્ય પણ એ પ્રકારે જાણકાર થયો. ગુરુએ કહ્યું કે જાણન જે જ્ઞાન અંદર છે, જાણવાની જે સત્તા છે એ જ્ઞાન લક્ષણથી લક્ષ્ય જે દ્રવ્ય અનંત ગુણસ્વરૂપ છે, અનંત ગુણસ્વરૂપ જ્ઞાન લક્ષણથી લક્ષિત થાય છે, એમ ગુરુએ કહ્યું. બીજા કોઈ કારણથી લક્ષ્ય થતું નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, લાખો, કરોડો રૂપિયાના મંદિરો કે કરોડો રૂપિયાના દાન કે કરોડો-અબજો રૂપિયાના પુસ્તકો બનાવે તો તેનાથી આત્માનું લક્ષ થાય છે એમ નથી.

આત્માનું લક્ષ-ધ્યેય, ધ્યાનમાં ધ્યેય લક્ષ્ય જેના ઉપર દૃષ્ટિ કરવી છે, પર્યાય જ્ઞાન લક્ષણ અને તેની દૃષ્ટિ કરવી છે લક્ષ ઉપર. એ લક્ષણથી લક્ષ જ્યારે ગુરુએ કહ્યું તો શિષ્યને પ્રશ્ન ઉઠ્યો કે એ લક્ષણથી લક્ષ્ય ભિન્ન ચીજ કોણ છે? તમે બે વાત કરી કે લક્ષણથી લક્ષ્ય થાય છે. તો એ જ્ઞાનથી ભિન્ન ચીજ કોણ છે? જ્ઞાન લક્ષણે બતાવ્યું કે આ લક્ષ્ય દ્રવ્ય છે. આપે જ્યારે બે કહ્યા તો હું પ્રશ્ન કરું છું કે, એ જ્ઞાનથી લક્ષ્ય બતાવ્યું તો એ જ્ઞાનથી ભિન્ન કોણ છે? જ્ઞાનથી (લક્ષિત) જે લક્ષ કહ્યું તો એ જ્ઞાનથી ભિન્ન કોણ છે કે જેનું લક્ષ કરે છે? આહાહા..! શેઠ! આવી વાત છે. બહુ ઝીણી વાત, ભાઈ! આહાહા..!

'ઉત્તર :- જ્ઞાનથી ભિન્ન લક્ષ્ય નથી,...' છે? જ્ઞાનથી ભિન્ન કોઈ લક્ષ્ય નથી. એ તો સમજાવવા માટે કહ્યું. જ્ઞાન જાણન, તેનાથી લક્ષ્ય દ્રવ્ય જુદું નથી. આહાહા..! હવે આ કરવું ને આ કરવું એ તો ક્યાંય પડ્યું રહ્યું. આહાહા..! જ્ઞાનથી ભિન્ન કોઈ લક્ષ્ય નથી, લક્ષ્ય કોઈ જુદું નથી. 'કારણ કે જ્ઞાન અને આત્માને દ્રવ્યપણે અભેદ છે.' આહાહા..! ગજબ

વાત કરી છે. બાર અંગનું રહસ્ય મૂક્યું છે.

જ્યારે તમે જ્ઞાન લક્ષણ (કહ્યું)... રાગ, દયા, દાન, પુણ્ય, વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્ર નહિ, આહાહા..! તેનું લક્ષણ જેનાથી લક્ષ થાય, જે ચીજ લક્ષણથી લક્ષિત થાય એવું જ્ઞાન લક્ષણ, તેનાથી લક્ષમાં આવે છે. તો શિષ્યને એવો પ્રશ્ન ઉઠ્યો કે જ્ઞાનથી ભિન્ન એવી લક્ષ્ય કઈ ચીજ છે કે જ્ઞાન લક્ષણથી બીજી ચીજ લક્ષમાં આવે છે? જ્ઞાનથી ભિન્ન એ છે કોણ? તો ઉત્તરમાં કહ્યું કે, પ્રભુ! સાંભળ! આહા..! 'જ્ઞાનથી ભિન્ન લક્ષ્ય નથી,...' આહાહા..! આ તો સાદી ભાષા છે, શેઠ! પણ છે વસ્તુ. આ સાંભળવા માણસ ભેગા ન થાય, રસ પડે નહિ. એ તો વળી શેઠ જેવા ત્યાંથી આવે છે. આહાહા..! શું કહ્યું?

આ શાસ્ત્ર સ્વાધ્યાય કરી કરીને અગિયાર અંગ અનંતવાર ભણ્યો. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પણ અનંતવાર કરી અને મહાવ્રત ને વ્રત, તપ આદિ અનંતવાર કર્યા. એ કોઈ લક્ષણ નથી. અર્થાત્ એનાથી આત્મા લક્ષમાં આવે, તેનાથી આત્માનું જ્ઞાન થાય એવી એ ચીજ નથી. આહાહા..! તો શું ચીજ છે? કે અંદર જે જ્ઞાનપર્યાયમાં જે જ્ઞાન જણાય છે એ જ્ઞાન લક્ષણથી આ આત્મા પ્રસિદ્ધ–લક્ષ્ય થાય છે. જ્ઞાન લક્ષણથી લક્ષ્ય જે દ્રવ્ય, અનંત ગુણનું એકરૂપ એ લક્ષણથી લક્ષ્ય જણાય છે. આહાહા..! ત્યારે શિષ્યનો પ્રશ્ન થયો કે જ્ઞાનથી ભિન્ન એ ચીજ છે કોણ? જ્ઞાન લક્ષણ અને લક્ષ્ય (કઈ ચીજ)? લક્ષણથી લક્ષ્ય કરાવે છે તો એ ભિન્ન ચીજ છે કોણ? પ્રભુ! ભિન્ન કોઈ નથી. એ તો જ્ઞાન... જુઓ!

'જ્ઞાનથી ભિન્ન લક્ષ્ય નથી. કારણ કે જ્ઞાન અને આત્માને દ્રવ્યપણે અભેદ છે.' જુઓ! અહીંયા. જ્ઞાન એટલે જાણવું. પરનું જાણવું એ નહિ. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. એ જ્ઞાનથી લક્ષ્ય થાય છે તો એ જ્ઞાનથી લક્ષ્ય કોઈ ભિન્ન ચીજ નથી. એ તો દ્રવ્યપણે અભેદ છે. જ્ઞાન, આ શાસ્ત્રનું જ્ઞાન નહિ. આહાહા..! અંતરનું જ્ઞાન, એ જ્ઞાનથી લક્ષ્ય ભિન્ન નથી. અભેદ ચીજ છે. જ્ઞાન અને આત્મા અભેદ છે, કોઈ જુદી ચીજ નથી. જેમ રાગ અને પુણ્ય-પાપ જુદી ચીજ છે.. આહાહા..! એવી જુદી ચીજ નથી. શિષ્યનો પ્રશ્ન એમ થયો કે, તમે બે કહો છો તો વળી જુદી કઈ ચીજ છે? બે કહ્યું, સાંભળ તો ખરો.

સાકર ગળી છે. ગળી કહે છે? મીઠી. મીઠી સાકર છે પણ એ સાકરથી મીઠાશ જુદી નથી. એમ જ્ઞાનલક્ષણથી આત્માનું લક્ષ્ય કરાવે છે ત્યારે જ્ઞાનથી આત્મા જુદો નથી. આહાહા..! હવે આવી વાત. 'જ્ઞાન અને આત્માને દ્રવ્યપણે અભેદ છે.' જ્ઞાન છે ને? જ્ઞાન કોણ? આ શાસ્ત્રજ્ઞાન નહિ, સ્વાધ્યાયજ્ઞાન નહિ. અંતરનું જ્ઞાન. આહાહા..! એ જ્ઞાન લક્ષણથી લક્ષ્ય દ્રવ્ય, દ્રવ્યથી અભેદ છે. વસ્તુ તરીકે અભેદ છે. ભલે જ્ઞાન એક ગુણ છે અને ધર્મી અનંત ગુણવાન છે પણ દ્રવ્યપણે જ્ઞાન અભેદ છે. એ વસ્તુ અને જ્ઞાન કોઈ જુદી ચીજ નથી. આહાહા..!

આમ કહેવામાં તો એમ પણ આવ્યું કે... બહુ ગૂઢ! કે શાસ્ત્રજ્ઞાન એ જ્ઞાન નથી.

એ લક્ષણ નથી અને તેનાથી આત્મા લક્ષ્ય થાય છે એમ નથી. આહાહા..! દેવ-ગુરુ અને ધર્મની શ્રદ્ધા અને દેવ-ગુરુ ને ધર્મનું જ્ઞાન એ જ્ઞાન લક્ષણ અને આત્મા લક્ષ્ય, એમ નથી. આહાહા..! આવી વાતું છે. લોકો એટલા ભાગ્યશાળી કે સાંભળવા આવે છે. નહિતર આ ચીજ બહુ આકરી વાત છે. 'મુંબઈ' માં તો એટલું માણસ.. એટલું માણસ.. ઓહોહો..! પહેલા દિવસે તો ૨૫૦ માણસનો ઓરડો. એમાં બેઠા. અનેક હજારો માણસ. ઓરડામાં પહેલા આવ્યા હોય એ ઉઠી જાઓ. નવાને આવવા દ્યો. એ બેસીને ઉઠી જાઓ, બીજાને આવવા દ્યો. હતા કે નહિ? પછી બીજે દિવસે તો નીચે મંડપ બંધાવ્યો. તો મંડપમાં સમાય નહિ. એટલા માણસ.. એટલા માણસ.. આ બારણું છે ને? એ બારણાથી પણ આઘે દૂર.. દૂર.. દૂર.. એટલો મોટો મંડપ. સાંભળે છે, લોકો કહે છે કે, ૪૫-૪૬ વર્ષથી વાત ચાલે છે તો આ છે શું? આહા..! અને દુનિયાથી જુદી જાત લાગે છે તો છે શું? આહાહા..!

કહે છે, 'જ્ઞાન અને આત્માને દ્રવ્યપણે અભેદ છે.' જાણન.. જાણન સ્વભાવ અને આત્મા એકમેક અભેદ છે. આ જ્ઞાન શાસ્ત્રજ્ઞાન નહિ. આહાહા..! સાંભળવામાં આવ્યું એ જ્ઞાન નહિ. અંદર જ્ઞાન લક્ષણ એકદમ રાગથી ભિન્ન, એ જ્ઞાન લક્ષણથી આત્મા લક્ષિત થાય છે તે અભેદ છે. વસ્તુ તરીકે જ્ઞાન લક્ષણ, દ્રવ્ય લક્ષ્ય વસ્તુ અભેદ છે, એક છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ફરીને પ્રશ્ન કરે છે, 'તો પછી લક્ષણ અને લક્ષ્યનો વિભાગ શા માટે કરવામાં આવ્યો?' વળી, તમે કહો છો કે અભેદ છે. જ્ઞાન અને ત્રિકાળી આત્મા અભેદ છે. જ્ઞાન લક્ષણ અને વસ્તુ લક્ષ્ય બન્ને અભેદ છે, એક છે 'તો પછી લક્ષણ અને લક્ષ્યનો વિભાગ શા માટે કરવામાં આવ્યો?' જ્ઞાન લક્ષણ અને આત્મા લક્ષ્ય એવા બે વિભાગ કેમ કર્યા? કેમકે તમે તો કહો છો કે જ્ઞાન અને આત્મા અભેદ છે, જ્ઞાન અને આત્મા એક છે. એક છે તો પછી બે ભાગ કેમ પાડ્યા? આહાહા..! સમજાય છે કાંઈ? ધીમેથી, ધીરેથી (સમજવું). આ તો અંતરનો માર્ગ (છે). વીતરાગ પરમાત્મા ત્રણલોકના નાથના ભરતક્ષેત્રમાં વિરહ પડ્યા. આહા..! કેવળી રહ્યા નહિ, પરમાત્મા રહ્યા નહિ, એવી કોઈ અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાનની લબ્ધિ પણ રહી નહિ. એમાં આવી વાત કરવી... આહાહા..! સૂક્ષ્મ વાત છે, 'છોટાભાઈ'! ભગવાન! પણ તારા ઘરની વાત છે, હોં! નાથ! બહારનું લક્ષ છોડી દે, પ્રભુ! લક્ષ્ય ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ છે ત્યાં જ્ઞાનના લક્ષણ વડે લક્ષ્ય કર. લક્ષણ અને લક્ષ્ય બન્ને અભેદ છે. એ લક્ષણ ભિન્ન જુદું છે અને લક્ષ્ય જુદી ચીજ છે એવી ચીજ નથી. આહાહા..!

'તો પછી લક્ષણ અને લક્ષ્યનો વિભાગ શા માટે કરવામાં આવ્યો?' એક બાજુ એમ કહો છો કે લક્ષણથી લક્ષ્ય ખ્યાલમાં આવે છે, બીજી બાજુ કહો છો કે લક્ષણ અને લક્ષ્ય બન્ને એક છે. તો હું પ્રશ્ન કરું છું કે તો પછી બે ભાગ કેમ પાડો છો? આહાહા..! આ વાંચે તો બેસે એવું નથી, શેઠ! એની મેળાએ વાંચે તો (સમજાય એવું નથી).

મુમુક્ષુ :– પોતે એકલો વાંચે તો ભાવ ન નીકળે.

ઉત્તર :– ભાવ ન નીકળે. એમ ને એમ વાંચી જાય કે કાંઈક છે. આહાહા..! સવારે પણ ઝીણી વાત હતી, કાલે બપોરે પણ એવી વાત હતી. આજે પણ આવી. શું કહ્યું?

જ્યારે મીઠાશ અને સાકર બન્ને એક જ છે તો મીઠાશ લક્ષણ અને સાકર લક્ષ્ય એવા ભેદ કેમ કર્યા? એ રીતે જ્ઞાન લક્ષણ અને આત્મા લક્ષ્ય, બન્ને ચીજ એક જ છે તો પછી ભેદ કેમ કર્યા? આહાહા..! સમજાય છે કાંઈ? ગજબ વાત છે.

'(ઉત્તર :–) પ્રસિધ્ધત્વ...' શાસ્ત્રની ભાષા.. 'પ્રસિધ્ધત્વ...' જ્ઞાન પ્રસિદ્ધ છે. જાણવું.. જાણવું.. જાણવું.. એ તો બધા જાણે કહે છે, કે હું જાણું છું, હું જાણું છું, હું જાણું છું.. ભલે ગમે તે જાણું. અજ્ઞાનમાં પણ જાણવું તો છે ને? તો જ્ઞાન એ પ્રસિદ્ધત્વ છે અને પ્રસાધ્યમાન, જ્ઞાન લક્ષણથી પ્રસાધ્યમાન આત્મા પ્રસિદ્ધ કરવામાં આવે છે. એ જ્ઞાન લક્ષણથી ભગવાન પ્રસિદ્ધ કરવામાં આવે છે. આહાહા.! તેથી બે ભાગ કરવામાં આવ્યા છે. બે ભાગ છે તો અભેદ, પણ જ્ઞાન પ્રસિદ્ધ છે, બધા જીવોને સંવેદનમાં આવે છે. બધા જીવોને એમ કહે કે, હું નથી. હું નથી પણ શેમાં નિર્ણય કર્યો? એ જ્ઞાનમાં નિર્ણય કર્યો, એ જ્ઞાનની સત્તામાં નિર્ણય કર્યો, હું નથી. હું નથી ત્યાં હું છું એમ આવી ગયું. આહાહા..!

હું નથી. ત્યાં હું નથી એ હું માં નિર્ણય કર્યો. હું નથી તો હુંમાં નિર્ણય કર્યો. ત્યાં હું છું એમ આવી ગયું. પણ એ વિચાર ક્યાં કરવાનો અવસર છે? અરે..રે..! બહુ આકરી વાત છે. જન્મ-મરણ રહિત થવાની આ (ચીજ છે). પેલા પારસીએ કહ્યું નહિ? બિચારો વૃદ્ધ નરમ છે. બહાર નીકળીને કહે, મહારાજ પાસેથી મને આશીર્વાદ આપો. આ દેહ છૂટવા ટાણે રિબાઈ રિબાઈને ન મરીએ. રિબાઈ સમજ્યા? દુઃખી.. દુઃખી. (કુડકુડકર.)

અમે જોયા છે ને. (સંવત) ૧૯૭૬ માં એક ભાઈ હતા. ૧૯૭૬, 'ધ્રાંગધ્રા'. એને હાર્ટ એટેક આવ્યો. પણ દુઃખ તે દુઃખ. ખાટલે સૂઈ શકે નહિ. નીચે પથારી કરી. પથારીમાં સૂઈ શકે નહિ. હું ગયો. મહારાજને બોલાવો માંગલિક સંભળાવે. ત્યાં અંદરમાં પીડા.. પીડા.. પીડા.. નીચે પથારીમાં પણ બેસી શકે નહિ. આમ નીચે ભટકે, આમ ભટકે, આમ ભટકે. પ્રભુ! માંગલિક તો સાંભળો. પણ એને એટલું દુઃખ..

એકવાર 'દાદભા' માં, 'વઢવાણ', જેને કામધેનુ ગાય હતી. ચોવીસે કલાક દૂધ આપે એવી એને ત્યાં ગાય હતી. કામધેનુ. એને ત્યાં એના કોઈ કુટુંબી માંદા હતા. એ (સંવત) ૧૯૮૨ ની સાલની વાત છે. પહેલી વાત એ ૧૯૭૬. આહાહા..! હું ગયો, કુટુંબ ભેગા થયા હતા. બધા લાખોપતિ શેઠિયા માણસો હતા. પણ એ માણસ ઓઠીકણે (ટેકે) બેસી શકે નહિ, કામ થઈ શકે નહિ. આહાહા..! ભાઈ! માંગલિક સાંભળો. આહાહા..! એ અંદરની પીડા... કેમકે એ હાર્ટ એટેક, હાર્ટનો હુમલો. એનો અર્થ શું છે? આ લોહી છે તેના એ વખતે ચોસલા થઈ જાય છે. ચોસલા સમજ્યા? ઢીમ થઈ જાય છે, જામી જાય છે. તો

શ્વાસ લઈ શકે નહિ, એવું જામી જાય. આહાહા..! એ દુઃખ.. એથી અનંતગુણા દુઃખ તો નરકની પહેલી નરકે. આહાહા..! દસ હજાર વર્ષની જઘન્ય નાનામાં નાની સ્થિતિ. પહેલી રત્નપ્રભા (નરક). નરકનું નામ રત્નપ્રભા. એ કહ્યું હતું ને એકવાર.

એક સાધુએ એક બાઈની મશ્કરી કરી. બાઈ હશે (એને પૂછ્યું), કેમ બેનબા! રત્નપ્રભા જવું છે? રત્નપ્રભા નામ ખરું ને? કેમ બેન રત્નપ્રભા જાવું છે? અરે..! મહારાજ! રત્નપ્રભા અમારા જેવા જાય? આપ જેવા જાય. એ જાણે, રત્નપ્રભા એટલે શું હશે? એ તો પહેલી નરકનું નામ છે. સાત નરક છે. તેમાં રત્નપ્રભા. ન્યાંના દુઃખો.. આહાહા..! સાંભળ્યા જાય નહિ. એ સાંભળીને રૂદન આવે. એવા દુઃખો પહેલી નરક ને પહેલે પાસડે છે. એવા એક ક્ષણ નહિ પણ ૩૩-૩૩ સાગરોપમ વેઠ્યા પ્રભુ! એક સાગરના દસ ક્રોડી ક્રોડી પલ્યોપમ અને એક પલ્યના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ. એવા અનંત વાર ૩૩ સાગર. પ્રભુ! એનાથી મુકાવું હોય તો આ ઉપાય છે. આહાહા..!

એ દુઃખથી મુકાવું હોય તો જ્ઞાન લક્ષણથી આત્માને પકડી લેવો. આહાહા..! એ બે નથી. જ્ઞાન અને આત્મા બન્ને એક જ છે. 'તો પછી લક્ષણ અને લક્ષ્યનો વિભાગ શા માટે કરવામાં આવ્યો?' 'પ્રસિદ્ધત્વ અને પ્રસાધ્યમાનત્વને લીધે...' જ્ઞાન લક્ષણ છે તે પ્રસિદ્ધ છે. લોકોને ખ્યાલમાં આવે છે. જાણવું.. જાણવું.. જાણવું તો ખ્યાલમાં આવે ને? (એ રીતે લક્ષણ) 'લક્ષ્યનો વિભાગ કરવામાં આવ્યો છે.' લક્ષ્ય એટલે દ્રવ્ય. લક્ષણ એટલે જ્ઞાન લક્ષણ. એ લક્ષણ અને લક્ષ્યનો વિભાગ કરવામાં આવ્યો છે. કારણ કે પ્રસિદ્ધત્વ જ્ઞાન છે અને પ્રસાધ્યમાન સાધન કરવું છે એવું ધ્યેય. ધ્યેય બનાવવો છે આત્મા. આહાહા..! પ્રસિદ્ધ એવા જ્ઞાન લક્ષણથી પ્રસાધ્યમાન બનાવવો છે આત્મા પ્રસાધ્ય-ધ્યેય. આહાહા..! આ સૂઝ પડે નહિ એટલે બહારમાં મથે બિચારા. અરે..! બાપુ! ઘરમાં અંદર ચીજ પડી છે, ભાઈ! તારા પરમાત્મા અંદર બિરાજે છે, ભાઈ! તને ખબર નથી. આહાહા..! તને એની મહિમા આવતી નથી, પ્રભુ!

અહીં કહે છે કે, બે ભાગ કેમ કર્યા? લક્ષણ અને લક્ષ્ય એવા બે ભાગ કેમ કર્યા? વસ્તુ તો એક છે, તો એકમાં બે ભાગ કેમ કર્યા? એમ શિષ્યે પ્રશ્ન કર્યો. તો કહે છે કે, પ્રસિદ્ધ.. જ્ઞાનનું પ્રસિદ્ધપણું છે. જાણન.. જાણન.. જાણન. અને પ્રસાધ્યમાન-જ્ઞાનથી સાબિત-સિદ્ધ કરવું છે દ્રવ્ય, ધ્રુવ. ધ્રુવ અનંત ગુણનો પિંડ. એ જ્ઞાનલક્ષણથી લક્ષિત એ પ્રસાધ્યમાન કરવું છે. એ કારણે લક્ષણ અને લક્ષ્યનો વિભાગ કરવામાં આવ્યો છે. આહાહા..! વાત તો આવી ઊલટી છે. હવે આ બહારમાં માથાકૂટ કરીને વ્રત કરો ને સ્વાધ્યાય કરો ને ફલાણું કરો, આ કરો, માળા ગણો. અનંત વાર ગણી, બાપુ! જન્મ-મરણ નહિ મટે, બાપા! આહા..! આ દેહ છૂટીને બીજે ચાલ્યો જશે. આહાહા..! જેવા પરિણામ કર્યા હશે તેવા પરિણામી પદાર્થ, ત્યાં જઈને અવતરશે. આહાહા..!

અહીંયા કહ્યું, પ્રસિદ્ધત્વ–જ્ઞાન અને પ્રસાધ્યમાન–આત્મા. પ્રસિદ્ધત્વ લક્ષણ, પ્રસાધ્યમાન આત્મા, લક્ષ્ય. એ લક્ષણ અને લક્ષ્યનો વિભાગ આ કારણે કરવામાં આવ્યો છે. જ્ઞાન પ્રસિદ્ધ છે. જ્ઞાન લોકોને ખ્યાલમાં આવે છે. તારી સત્તામાં જાણવામાં આવે છે એ કોણ છે? તું પરને જાણવા જાય છે પણ જાણવામાં તો તારી સત્તામાં જ્ઞાન છે. પરને જાણવામાં પણ તારી સત્તામાં જ્ઞાન છે. એ જ્ઞાન પરથી નથી. આહાહા..! આવું લોજીક. વીતરાગના કાયદા આકરા, પ્રભુ! જાડી બુદ્ધિ અને આ દુનિયા ચાલી જાય છે. કરોડોપતિ, અબજોપતિ જોયા છે ને! આહાહા..! મજુરની પેઠે, ગધેડાની પેઠે આખો દિ' મજુરી કરે. રાગ ને દ્વેષ, રાગ ને દ્વેષ. ક્રિયા નહિ, એ પરની ક્રિયા કાંઈ કરી શકે નહિ. રાગ, આ કર્યું, આ કર્યું, આને દીધું, આ લાવ્યા, આટલું લાવ્યા... આહા..! પચીસ લાખ હતા અને પાંચ લાખ પેદા કર્યા તો ત્રીસ લાખ ભેગા થયા. આહાહા..! શું છે પ્રભુ! મોટા મજુર છે. વિકારના મજુર. આહાહા..! મજુરને શું કહે છે? મજુર જ કહે છે? આહાહા.!

ભગવાન તો વરાંકા કહે છે, પાઠ છે. વરાંકા એટલે ભિખારી. ભીખ માગે છે. એ બેનમાં આવી ગયું. ચક્રવર્તી રાજા ભીખ માગે. કોઈ વખતે ચક્રવર્તી રાજા, કોઈ વાઘરણ હોય, વાઘરણ–દાંતણ દેવાવાળી, શું કહે છે? વાઘરી.. વાઘરી નથી હોતા? વાઘરી કહે છે ને? એ વાઘરણ ચક્રવર્તીને ઘરે ગઈ. પણ એને ટેવ ખરીને? તો હંમેશા રોટલી રાખે અને એક.. શું કહેવાય? ગોખલો. એ ગોખલામાં રોટલી મુકે અને દાતણ આપે. એમાંથી રોટલી લે અને દાતણ આપે. ચક્રવર્તીને ઘરે રહેલી બાઈ.. આહાહા..! દાતણ મુકીને ગોખલામાંથી રોટલી લે. ગોખલો કહે છે ને? ગોખલો નથી હોતો? ગોખ ખાલી પડ્યો હોય એમાં રોટલી મુકે, રોટલી લે. એમ ત્રણલોકનો નાથ અતીન્દ્રિય આનંદના લક્ષણથી લક્ષ જણાય એવો.. અરે..રે..! એ એક દયા ને દાન ને વ્રતના પરિણામમાં ભિખારીની પેઠે ભીખ માગે છે. એમાંથી મને લાભ થશે, એમાંથી મને લાભ થશે. મને એનાથી લાભ થશે. પણ અહીં કહે છે કે, એમ નથી.

'જ્ઞાન પ્રસિદ્ધ છે, કારણ કે જ્ઞાનમાત્રને સ્વસંવેદનથી સિદ્ધપણું છે...' જુઓ! જ્ઞાનમાત્રને સ્વસંવેદન.. બધાને. સ્વસંવેદન 'અર્થાત્ જ્ઞાન સર્વ પ્રાણીઓને સ્વસંવેદનરૂપ અનુભવમાં આવે છે);...' જ્ઞાન તો બધાને થાય છે કે નહિ? ખ્યાલમાં આવે છે કે નહિ? આહાહા..! 'તે પ્રસિદ્ધ એવા જ્ઞાન વડે...' એ જ્ઞાન–સ્વસંવેદન સર્વ પ્રાણીઓને થાય છે તેથી એ પ્રસિદ્ધ એવા જ્ઞાન વડે પ્રસાધ્યમાન–જે સિદ્ધ કરવું છે, ધ્યેય કરવું છે, લક્ષ કરવું છે 'તદ્-અવિનાભૂત (–જ્ઞાનની સાથે અવિનાભાવી સંબંધવાળા)...' જ્ઞાનથી જુદું દ્રવ્ય નથી. આહાહા..!

જ્ઞાન જાણવામાં આવે છે તે જ્ઞાન આત્માથી જુદું નથી. છતાં.. આહાહા..! છતાં, '(–જ્ઞાનની સાથે અવિનાભાવી સંબંધવાળા) અનંત ધર્મોના સમુદાયરૂપ મૂર્તિ આત્મા છે.' શું કહ્યું? જ્ઞાન પ્રસિદ્ધ છે અને જ્ઞાનની સાથે જેનો અવિનાભાવી સંબંધ છે. જ્ઞાન સાથે દ્રવ્યનો

સંબંધ છે. વસ્તુ જે ભગવાન આત્મા, સાકરમાં ભલે મીઠાશ, સફેદાઈ, સુંવાળપ, તોલ હોય પણ એ મીઠાશને સાકર સાથે અવિનાભાવી સંબંધ છે. એમ જ્ઞાન લક્ષણથી અંતર અનંત ગુણને ધરનાર દ્રવ્ય આત્મા સાથે સંબંધ છે. આહાહા..! આવો ઉપદેશ! ઘરેથી કોઈ આવ્યું ન હોય અને પૂછે કે તમે શું સાંભળીને આવ્યા? તો કહે, કાંઈક કહેતા હતા. પ્રસિદ્ધ ને પ્રસાધ્યમાન ને લક્ષણ ને લક્ષ્ય. અરે..રે..! ત્રણલોકના નાથે આત્મતત્ત્વને આવી સાદી ભાષામાં સંતોએ જગતને જાહેર કર્યું. પ્રભુ! તું જાહેર થા. તું તારા નાથને ગોપવીને પડ્યો (છો). આહાહા..! ગોપ કરીને અંદર પડ્યો છે, એ હવે જાહેર થા. કઈ રીતે જાહેર થાય? જ્ઞાન લક્ષણથી જાહેર થાય છે. બીજો કોઈ ઉપાય નથી. આહાહા..! ભાષા તો સાદી છે. ભાવ જરી ઝીણા છે. આહાહા..! એ કહ્યું, જુઓ!

'જ્ઞાન પ્રસિદ્ધ છે,...' દરેક પ્રાણીને વેદનમાં જ્ઞાન તો આવે છે. જ્ઞાન-જાણપણું. અને '(જ્ઞાનની સાથે અવિનાભાવી...)' એટલે જ્ઞાન વિના આત્મા નહિ અને આત્મા વિના જ્ઞાન નહિ એવો અવિનાભાવી સંબંધ છે. એવા 'અનંત ધર્મોના સમુદાય...' સ્વરૂપ આત્મા. અનંત ધર્મોનો સમુદાય એવો ભગવાન. તે જ્ઞાન દ્વારા પ્રસાધ્યમાન છે. તે જ્ઞાન વડે જણાય છે. જ્ઞાન વડે સિદ્ધ-સાબિત કરાય છે. પ્રસાધ્યમાન ધ્યેય બનાવવામાં આવે છે. જ્ઞાન વડે ધ્યેય બનાવવામાં આવે છે. આહાહા..!

વર્તમાન જે પર્યાય પ્રગટ છે વિશેષ, એ વિશેષ જ્ઞાન દ્વારા સામાન્ય સિદ્ધ કરવામાં આવે છે. આ આત્મા છે એમ અનુભવમાં આવે છે. આહાહા..! આ બધી મોટી મોટી વાતું કરો છો પણ કરવું શું અમારે? એ તો કહે કે, જ્ઞાન લક્ષણ કરે શું? જ્ઞાન જાણે.

મુમુક્ષુ :- જ્ઞાન દ્વારા આત્માને પકડવો.

ઉત્તર :- અને જ્ઞાન કરે શું? જાણે. પરને પણ કરે નહિ અને પરથી કાંઈ લે નહિ. જ્ઞાન પરનું કાંઈ કરે નહિ અને એ જ્ઞાન પરમાંથી કાંઈ લે નહિ. કારણ કે એ જ્ઞાન પોતાનું લક્ષણ છે. આહાહા..! આવી વાત.

'(અનંત ધર્મોના સમુદાયસ્વરૂપ આત્મા તે જ્ઞાન વડે પ્રસાધ્યમાન છે).' એટલે પ્રગટ કરવામાં આવે છે. 'માટે જ્ઞાનમાત્રમાં અચલિતપણે સ્થાપેલી દૃષ્ટિ વડે...' આહાહા..! જ્ઞાનમાત્ર. રાગ, પુણ્ય આદિ નહિ. એ 'જ્ઞાનમાત્રમાં અચલિતપણે...' એ જ્ઞાનમાત્રમાં અચલિતપણે-ચળે નહિ એવી 'સ્થાપેલી દૃષ્ટિ વડે, ક્રમરૂપ અને અક્રમરૂપ...' હવે આવ્યું. આ ક્રમરૂપ વિકાર નહિ. આમાં ક્રમમાં વિકાર નહિ. કારણ કે અહીં શક્તિનું વર્ણન લેવું છે તો ક્રમમાં પણ નિર્મળ પર્યાય અને અક્રમમાં પણ નિર્મળ ગુણ. આહાહા..! વ્યાખ્યાન તો થઈ ગયા છે અઢાર વખત. આ તો ઓગણીસમી વાર ચાલે છે. શક્તિનું તો વીસમી વાર ચાલશે. આખું શાસ્ત્ર ઓગણીસમી વાર. શું કહ્યું?

ક્રમ અને અક્રમ. શું કહે છે? ક્રમ એટલે પર્યાય. જ્ઞાનની ઉત્પાદ-વ્યયની પર્યાય અને

અનંત ગુણની. એક સમયમાં અનંત ગુણની ક્રમ પર્યાય થયા વિના એકલું સામાન્ય કદી હોતું જ નથી. આહાહા..! એ ક્રમરૂપ. આત્મામાં જે અનંત ગુણ છે તેની જે પર્યાય–અવસ્થા છે તે એક પછી એક, એક પછી એક નિર્મળ થાય છે. એને ક્રમ કહે છે. ક્રમસર એક પછી એક. આહાહા..! એ ક્રમરૂપ અને અક્રમરૂપ એ ગુણ. ક્રમરૂપ પર્યાય છે, અક્રમરૂપ ગુણ છે. આહાહા..!

'ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતો, તદ્-અવિનાભૂત (–જ્ઞાનની સાથે અવિનાભાવી સંબંધવાળો)...' જ્ઞાનની સાથે એ દ્રવ્યનો અવિનાભાવી સંબંધ છે. આહાહા..! જ્યાં જ્ઞાન પ્રગટ થાય છે ત્યાં સાથે અનંત ગુણ પર્યાયમાં પ્રગટ થાય છે. કારણ કે જ્ઞાન અને અનંત ગુણ અંદર એકસાથે ભેગા છે. જ્ઞાનનું ભાન થાય છે તો અનંત ગુણની પર્યાય જ્ઞાનની સાથે ઉત્પન્ન થાય છે. આહાહા..! '(અવિનાભાવી સંબંધવાળો) અનંતધર્મસમૂહ જે કાંઈ જેવડો...' અનંત ગુણસમૂહ 'જે કાંઈ જેવડો લક્ષિત થાય છે, તે સઘળોય ખરેખર એક આત્મા છે.' શું કહ્યું?

પ્રસિદ્ધ જે સંવેદનમાં આવનારું જ્ઞાન, એ જ્ઞાન લક્ષણથી લક્ષમાં આવે છે એ બધું પૂર્ણ જે કંઈ અનંત ગુણનો પિંડ લક્ષમાં આવે છે, એ અનુભવમાં દૃષ્ટિમાં આવે છે. આહાહા..! એક કલાકમાં આવી વાતું. દરેક ઝીણી વાતું. બાપુ! મારગડા.. તાકડે આ વસ્તુ જ આવી છે. છેલ્લે પરિશિષ્ટ નામ છે ને? પરિશિષ્ટ છે. પરિશિષ્ટ એટલે કહેલું કહેવું અને ન કહેલું પણ કહેવું અને થોડામાં બધું કહેવું તેનું નામ પરિશિષ્ટ. આહાહા..!

શિષ્યનો પ્રશ્ન હતો કે લક્ષણ અને લક્ષ્ય એવા બે ભાગ તો તમે પાડ્યા. બે ભાગ નથી, પ્રભુ! જ્ઞાન લક્ષણની સાથે દ્રવ્યને અવિનાભાવ સંબંધ છે. જ્યાં દ્રવ્ય છે ત્યાં જ્ઞાન છે, જ્યાં જ્ઞાન છે ત્યાં દ્રવ્ય વસ્તુ છે. દ્રવ્ય એટલે વસ્તુ આત્મા. આહાહા..! 'અનંતધર્મસમૂહ જે કાંઈ...' જેટલા અનંત અનંત ગુણનો સમૂહ, 'જેવડો લક્ષિત થાય છે,...' જ્ઞાનમાં. પર્યાયમાં અનંત ગુણ લક્ષિત થાય છે. આહાહા..! એક સમયની પર્યાયમાં બધા અનંતા ગુણ લક્ષિત થાય છે. આહાહા..! ધીમેથી તો કહેવાય છે, ભાઈ! પણ હવે જે વાત સંતોએ દિગંબર મુનિઓએ કરુણા કરીને... આહાહા..! એવી વાત જગતને જાહેર કરી. એ જગતના હિતને માટે છે, જગતના હિતને માટે છે. બાકી દુનિયા થોથા.. થોથા (છે). આહાહા..! પેલો પારસી એમ બોલી ગયો, લ્યો! નરમ છે માણસ. બે વાર પોર (ગયે વર્ષે) પણ આવ્યો હતો અને ઓણ (આ વર્ષે) પણ આવ્યો. એક પાઈ લીધી નહિ. અરે..! ગુરુદેવનું લેવાય? પણ એટલી માગણી કરું છું કે રિબાઈ રિબાઈને ન મરું એ આશિષ આપો. બસ! રિબાઈને એટલે દુઃખી થઈ થઈને. આહાહા..! પીડા ભોગવીને લ્યો, એ ભાષા છે. પીડા ભોગવી ભોગવીને ન મરું. આહાહા..! એવો બિચારો. અવસ્થા થઈ ગયેલી.

આજે એક બેન આવ્યા છે ને? 'છોટાભાઈ રાયચંદ'ના સાસુ. સો વર્ષની ઉંમર. હમણા

અંદર આવ્યા હતા. 'છોટાભાઈ રાયચંદ'. નવીના બા છે. સો વર્ષની ઉંમર સો. ઝીર્ણ થઈ ગયું. એ દેહની સ્થિતિ છે. દેહની સ્થિતિ છૂટી જશે, ભગવાન તો અનાદિઅનંત છે. આહાહા..! આ ભવ છોડી બીજા ભવમાં ક્યાંક અવતરશે, પ્રભુ! દુનિયાની સફારશ.. સફારશને શું કહે છે? સિફારશ કાંઈ કામ નહિ આવે. ડૉક્ટરની દવા નહિ કામ આવે, ડૉક્ટર કામ નહિ આવે. લાખ ડૉક્ટર ઉતારો, ઉપરથી ઇન્દ્ર ઉતારો તો કાંઈ કરી શકે નહિ. આહાહા..! એ દુઃખથી મુક્ત થવાનો ઉપાય હોય તો આ એક છે. આહાહા..! શું?

જ્ઞાન જે લક્ષણ છે એ દ્વારા દ્રવ્યને પકડવું, ધ્રુવ. લક્ષણ દ્વારા લક્ષ્યને પકડવું. તેમાં અતીન્દ્રિય આનંદ આવે છે અને અનંત ગુણની પર્યાય પ્રગટ થાય છે. એનું નામ ધર્મ કહેવામાં આવે છે. એ ધર્મ જન્મ-મરણ રહિત થવાનો ઉપાય છે. આહાહા..! આ બધું પણ આખો દિ' ભાષણો કરવા ને પ્રોફેસર મોટા પાંચ-પાંચ હજારના પગારદાર. લાખ-લાખ માણસની અંદર ભાષણ (કરે). ઊંચો આમ.. શું કહેવાય? મંચ.. બાંધે મંચ ઉપર બેસે, આમ. અરે..! પ્રભુ! કાંઈ શરણ નથી. એ બધી ચીજ જડની છે, પ્રભુ! તારો નાથ અંતરના જ્ઞાન સ્વભાવ... એ (બહારનું) જ્ઞાન નહિ. એ પ્રેસિડેન્ટ..

મેં કહ્યું હતું ને? (સંવત) ૧૯૬૩ ની સાલ. 'વડોદરા' માં અમારો અફીણનો કેસ ચાલતો હતો. ખોટો તદ્દન. તે દિ' એક મહિનાના ત્રણ હજારનો પગાર. આહાહા..! તે દિવસ અને અત્યારે ત્રીસ ગુણો ફેર. પણ એવો શાંત માણસ માળો. કોર્ટમાં જ્યાં અમે અંદર ગયા, આ કોણ? આ અફીણના ચોર? અફીણની ગાંગડી લીધી ને.. કોણ કહે છે આ? બહાર ઊભા રહો. શું કહેવાય લાકડાની? પાંજરું. પાંજરામાં નહિ. એવા માણસો. અને એનો કારકૂન હતો એ એવો માણસ. એ અંદર લાકડામાં, હોં! એ અંદર રહ્યો, કારણ કે કોઈ આવીને વિરોધ ન કરે. આહાહા..! પણ એ ચીજ બીજી, આ ચીજ બીજી. આહાહા..!

અહીં તો ભગવાન એમ કહે છે, પ્રભુ! તું એકવાર બધું છોડીને એકવાર લક્ષમાં લે કે આ જે જાણન જે જ્ઞાન લક્ષણ છે એ પરનું જ્ઞાન નહિ. પોતાનું જ્ઞાન એ લક્ષણથી આત્મા લક્ષમાં આવે છે. એ દ્રવ્યનું લક્ષ, દૃષ્ટિ થઈ. જ્ઞાન પોતાના ધ્રુવની દૃષ્ટિમાં ગયું તો દ્રવ્યદૃષ્ટિ થઈ, ધર્મ–સમકિત થયું. એમાં અનંત ગુણની પર્યાયનું વેદન (થયું) આહાહા..! એ ધર્મ. વીતરાગ જૈનદર્શન અલંઘ્ય શાસન, જે શાસનને કોઈ તોડી શકે નહિ, એ આપણે પહેલા આવી ગયું છે. આહાહા..! એ આ ચીજ છે. આહાહા..!

'તે સઘળોય ખરેખર એક આત્મા છે.' આવ્યું ને? શું? જ્ઞાન લક્ષણ અને આત્મદ્રવ્ય લક્ષ્ય, બન્ને આત્મા જ છે. આત્માથી કોઈ જુદી ચીજ નથી. આહાહા..! છે? 'તે સઘળોય ખરેખર એક આત્મા છે.' જ્ઞાન લક્ષણ અને તેનાથી લક્ષ્ય થયું એ બે નથી. એ એક જ આત્મા છે. આહાહા..! શું ટીકા! દિગંબર સંતોની કરુણા... આવી વાત જગત પાસે જાહેર કરવાનો વિકલ્પ ઉઠ્યો, પણ જાણ્યું કે આ વિકલ્પ દુઃખરૂપ છે. પ્રભુ! મને હિત નથી. આહાહા..!

પણ કમજોરીથી મનમાં આની ટીકા કરું, આની ટીકા કરું.. 'નિયમસાર' માં આવે છે ને? ભાઈ! 'નિયમસાર' માં 'પદ્મપ્રભમલધારીદેવ' (કહે છે), આ શાસ્ત્રની ટીકા તો ગણધરથી ચાલી આવી છે. હું પામર કરનાર કોણ? પણ મને એવો વિકલ્પ રહ્યા કરે છે કે આની ટીકા થાય, આની ટીકા થાય એવો વિકલ્પ રહ્યા કરે છે તો એ ટીકા બની જાય છે. હું ટીકાનો કરનાર નથી. આહાહા..! જ્ઞાન લક્ષણ છે તે શું પરનું કરે? જ્ઞાન લક્ષણ છે એ તો સ્વનું લક્ષ કરે. આહાહા..! પરનું લક્ષ કરે એ જ્ઞાન લક્ષણ જ નહિ. આહાહા..!

'આ કારણે જ અહીં આત્માનો જ્ઞાનમાત્રપણે વ્યપદેશ છે.' છે? આ કારણે. આ કારણે એટલે? કે જ્ઞાન અને આત્મા બન્ને અભેદ છે. ભલે લક્ષણ અને લક્ષ્ય એવા બે ભેદ પાડીને સમજાવે છે છતાં વસ્તુ એક જ છે. 'આ કારણે જ અહીં આત્માનો જ્ઞાનમાત્રપણે વ્યપદેશ છે.' વિશેષ કહેશે.. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

પ્રવચન નં. ૪૮૧ પરિશિષ્ટ સોમવાર, ભાદરવા વદ ૧૩, તા. ૦૬-૧૦-૧૯૮૦

---

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' પ્રશ્ન. શેઠ! છેલ્લો પ્રશ્ન છે. પ્રશ્ન કેમ ઉઠ્યો? કે આચાર્ય મહારાજે એમ કહ્યું, કે આ આત્મા જ્ઞાનમાત્ર છે, તો કહે છે કે જ્ઞાનમાત્ર કહેવાથી તો અનેકાંત ન આવ્યું, એમાં અનંત ધર્મ ન આવ્યા. જ્ઞાનમાત્ર કહેવાથી અનંત ધર્મ તો આવ્યા નહિ. તો કહે છે, જ્ઞાનમાત્ર કહેવાથી અવિનાભાવીરૂપે અનંત ધર્મ આવી ગયા. જ્યાં જ્ઞાન છે ત્યાં આનંદાદિ છે. અનંત ધર્મ અવિનાભાવીપણે આવી ગયા. અનંત ધર્મ વિના જ્ઞાન નહિ અને જ્ઞાન વિના અનંત ધર્મ નહિ. ધર્મ એટલે સ્વભાવ. આહાહા..! એ કારણે જ્ઞાનમાત્ર કહેવાથી પણ એમાં અનંત ધર્મ આવી ગયા. એકલું જ્ઞાનમાત્ર છે એમ નથી. ત્યારે પ્રશ્ન ઉઠ્યો.

'જેમ ક્રમ...' જેમાં એટલે? જ્ઞાનમાત્ર અનુભવ કરવાથી, જાણન.. જાણન.. જાણન.. જાણન... જાણનક્રિયાનો અનુભવ કરવાથી. જેમાં એટલે એ અનુભવ કરવાથી 'ક્રમ અને અક્રમે પ્રવર્તતા...' પર્યાયથી ક્રમ છે. આ ક્રમ નિર્મળ લેવો. મલિન પર્યાયનો ક્રમ અહીંયા નહિ. અહીંયા શક્તિનું વર્ણન છે. અનંતી નિર્મળ પર્યાય ક્રમસર થાય છે. એ અને અક્રમ અનંત ગુણ. ક્રમસર થનારી પર્યાય અને અક્રમે રહેનારા ગુણ. એ 'ક્રમ અને અક્રમે પ્રવર્તતા અનંત ધર્મો છે એવા આત્માને જ્ઞાનમાત્રપણું કઈ રીતે છે?' પ્રશ્ન સમજાણો?

આત્મામાં અનંત નિર્મળ પર્યાયનો ક્રમ છે. ક્રમસર નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે અને નિર્મળ અક્રમ ગુણ એકસાથે અનંત છે. આમ હોવા છતાં જ્ઞાનમાત્ર આત્મા આપ

કઈ રીતે કહો છો? આહાહા..! સમજાય છે કાંઈ? આ ઝીણી વાત બહુ, ભાઈ! અહીંયા તો જ્ઞાતા-દૃષ્ટા સિદ્ધ કરવો છે. એ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. નહિ રાગ, નહિ પુણ્ય, નહિ દયા આદિ કાંઈ નહિ. આહા..! એ જ્ઞાતા-દૃષ્ટા છે પણ જ્ઞાન અને દર્શન એકલા નથી. એ જ્ઞાન અને દર્શનની સાથે અનંત ધર્મો સાથે છે. અનંત ધર્મ એટલે ગુણ. અનંત ગુણ વિના જ્ઞાન નહિ અને જ્ઞાન વિના અનંત ગુણ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! અહીંયા તો શુભ-અશુભભાવની તો વાત જ નથી. કેમકે એ આત્મામાં છે જ નહિ, એ આત્માની ચીજ જ નથી. આહાહા..!

આત્મા જ્ઞાનમાત્ર કહેવાથી અનંત ગુણ અને અનંતી ક્રમસર પર્યાય, જ્ઞાનમાત્ર કહેવાથી કઈ રીતે આવી જાય છે? એમ પ્રશ્ન છે. છે ને? 'જેમાં ક્રમ અને અક્રમે પ્રવર્તતા...' જોયું? પ્રવર્તતા. ક્રમે ક્રમે અનંતી પર્યાય ક્રમસર થાય છે અને અનંત ગુણ અક્રમે 'પ્રવર્તતા અનંત ધર્મો છે...' ગુણ. આહાહા..! અહીં તો ભાઈ ક્રમ અને અક્રમ બન્નેને ધર્મ કીધો છે. ધર્મ–ધારી રાખેલો. ભગવાન આત્માએ અનંત ગુણ ધારી રાખ્યા છે. એવા અનંતા ગુણની અનંતી પર્યાય પણ ધારી રાખી છે. ધારી રાખી સમજો છો? એ ધર્મ. તેથી તેને ધર્મ કહે છે. આહાહા..!

'જેમાં...' આહાહા..! જ્ઞાનમાત્ર ભાવમાં 'ક્રમ અને અક્રમે પ્રવર્તતા અનંત ધર્મો છે એવા આત્માને...' એવા અનંત ધર્મો તો છે, અનંત ગુણ છે, અનંત પર્યાય છે 'એવા આત્માને જ્ઞાનમાત્રપણું કઈ રીતે છે?' પહેલા પ્રશ્ન સમજાણો? આહાહા..! આવો ધર્મ. જ્ઞાતા-દૃષ્ટા વસ્તુ છે. એ તો જાણન-દેખનની ક્રિયાનો કર્તા છે. બીજા રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ એ કોઈ ચીજને અડતો નથી. આહાહા..!

અહીંયા તો જ્ઞાનમાત્ર આત્મા છે એમ જ્યારે આચાર્યે કહ્યું તો શિષ્ય કહે છે કે પ્રભુ! એકલો જ્ઞાનમાત્ર નથી. એમાં અનંતી નિર્મળ પર્યાય પણ ક્રમસર ઉત્પન્ન થાય છે અને અનંતા અક્રમ ગુણ પણ સાથે છે. એવા અનંતા ધર્મો તો છે તો એને જ્ઞાનમાત્ર કઈ રીતે કહ્યો? સમજાય છે કાંઈ? આહાહા..! આવો ધર્મ. અંતર ચીજની... આ તો જૈનધર્મનું મૂળ છે. મૂળિયા છે મૂળ. આ મૂળ સમજ્યા વિના બધું થોથા છે. આહાહા..! આ પ્રશ્નનું રૂપ સમજ્યા? પ્રશ્ન.. પ્રશ્ન.

આ ભગવાન આત્મા... આ તો દેહ જડ માટી–ધૂળ છે. અંદર દયા, દાન, કામ, ક્રોધના પરિણામ થાય છે તે દુઃખરૂપ છે. આહાહા..! અરે..રે..! કોઈ દિ' સાંભળ્યું નથી. કરવાના ટાણા આવ્યા તો કંઈકમાં અટકીને ચાલ્યા ગયા. ઓહોહો..! એક શેઠિયો હતો કીધું ને. ગામનો શેઠિયો. ગામના કામ પડે ત્યાં જાતા. જાય ત્યાં કામનો નિવેડો કરી દે. એનું વચન તોડે નહિ, મુસલમાન પણ તોડે નહિ. મુસલમાનમાં પણ, 'દામનગર.. દામનગર'. અહીં 'જબુબાઈ' રહેતા એના બાપ 'ખુશાલભાઈ' હતા. એક આંખ નહોતી, એક આંખ હતી. પણ જ્યાં જ્યાં જાય ત્યાં તકરાર મટાડી દે. એનું વચન કોઈ મુસલમાન આદિ પણ તોડે

નહિ. એ મરણ વખતે શેઠિયાઓ જોવા આવ્યા. 'દામોદર' શેઠ ગૃહસ્થ માણસ ગામમાં, તે દિ' જોવા આવ્યા, આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે. અરે..રે..! હું ગામની પંચાતમાં પડ્યો, મેં ગામની પંચાત કરી. મેં મારું કાંઈ કર્યું નહિ. અરે..! મારું શું થશે? આંખમાંથી આંસુ... મરતા રોવે. આહાહા..! મેં મારું કાંઈ કર્યું નહિ અને મેં ગામની પંચાત.. પંચાત કહે છે ને? એ બધી વાતમાં પડીને બધાનું સમાધાન કર્યું. આહાહા..! શેઠ! આ બનેલી વાત છે. 'દામનગર' ચોમાસુ કરેલું. 'જબુબેન' અહીં રહેતા. એના પિતા. શેઠ હોશિયાર બુદ્ધિવાળો પણ લૌકિક. લૌકિકમાં હોશિયાર. કોઈપણ ગામના ભવાડા હોય, લોટિયા, વ્હોરા (હોય) પણ એની નાતની કોઈ તકરાર હોય પણ 'ખુશાલભાઈ' જઈને ઉભા હોય, એ કહે પછી નિવેડો કરી દે. આખા ગામની પંચાત, નિવેડો કરી દે. એ ભાઈ મરતાં.. આહાહા..! અરે..રે..! મેં મારું કાંઈ ન કર્યું. અરે..રે..! જિંદગી એમ ને એમ ચાલી ગઈ. અકસ્માત રોગ એવો આવ્યો કે હવે દેહ છૂટી જશે અને મેં પંચાત આડે કાંઈ ન કર્યું. કરવાનું શું? કે હું જ્ઞાયક સ્વરૂપ છું. એ જ્ઞાયક જાણનક્રિયા, એમાં અનંતા ધર્મની પર્યાય પણ આવે છે અને એ જાણનક્રિયા અનંત ધર્મને પણ જાણે છે. આહાહા..! આમ કરવાનું છે એ કર્યું નહિ. એ સાંભળવું જોઈએ તે સાંભળ્યું નહિ. આહાહા..! છે?

'(ઉત્તર :–)...' હવે એનો ઉત્તર આપે છે. આહાહા..! 'પરસ્પર ભિન્ન...' આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ એવા અનંત ગુણ છે, અનંત ગુણ છે પણ 'પરસ્પર ભિન્ન...' દરેક ગુણ પરસ્પર જુદા છે. કોઈ ગુણ બીજા ગુણમાં એકમેક થઈ જતા નથી. આહાહા..! 'પરસ્પર...' પરસ્પર એકબીજા 'ભિન્ન એવા અનંત ધર્મો...' એવા અનંત ધર્મ એટલે ગુણ અને પર્યાય. ધર્મ એટલે અનંતા ગુણો અને અનંતી પર્યાય. તેના 'સમુદાયરૂપે...' અનંત ધર્મોના એકરૂપથી 'પરિણત..' પર્યાય લીધી. આહાહા..! હું જ્ઞાનમાત્ર લક્ષણથી લક્ષિત છું એમ જ્યાં દૃષ્ટિ થઈ તો જ્ઞાનમાત્રની પર્યાયથી જ્યાં લક્ષ થયું ત્યાં અનંત ધર્મની પરિણતિ જ્ઞાનની પર્યાય સાથે આવી ગઈ. આહાહા..! આવા પુસ્તક તો અત્યારે લાખો બહાર આવી ગયા છે. ત્રીસ લાખ પુસ્તક તો અહીંથી છપાયા છે. અરે..! એની એક એક લીટી, એક એક પંક્તિ અમૃતની ધારા વહે છે.

ત્રિલોકનાથ સર્વજ્ઞદેવની દિવ્યધ્વનિ સંતોએ શબ્દોમાં કરુણા કરીને રચના કરી. આહાહા..! એ કહે છે કે, તેં કહ્યું કે જ્ઞાનમાત્ર અમે કહીએ છીએ તો જ્ઞાનમાત્રમાં અનંત ગુણ અને અનંતી પર્યાય ક્યાંથી આવી? વસ્તુ તો જ્ઞાનમાત્રની સાથે અનંત ગુણ અને અનંતી નિર્મળ પર્યાય છે. તો કહે છે કે, 'પરસ્પર ભિન્ન એવા અનંત ધર્મો...' એટલે ગુણ અને પર્યાયના 'સમુદાયરૂપે પરિણત...' આહાહા..! આત્મામાં જેટલા ગુણ છે, અનંતા.. અનંતા.. અનંતા.. અનંતા.. એ જ્ઞાનમાત્ર આત્મા જ્યાં જાણવામાં આવ્યો ત્યાં 'અનંત ધર્મોના સમુદાયરૂપે પરિણત...' અનંત ગુણની પર્યાયમાં દશા થઈ.

'એક જ્ઞપ્તિમાત્ર ભાવરૂપે...' આહાહા..! એમાં જાણનશક્તિની પર્યાય, જાણનની પર્યાય 'પરિણત એક જ્ઞપ્તિમાત્ર...' જાણન પર્યાયમાં ભાવરૂપે 'ભાવરૂપે પોતે જ હોવાથી...' અનંત ભિન્ન ભિન્ન ધર્મોમાં પરિણત જ્ઞાનની એક જ્ઞપ્તિક્રિયા ભાવરૂપે પોતે જ છે. આહાહા..! આવું કોઈ દિ' વાંચ્યું પણ નહિ હોય. આહાહા..! આ તો વીતરાગ ત્રિલોકનાથ 'સીમંધર' ભગવાનની દિવ્યધ્વનિ! આહાહા..!

શિષ્યને ઉત્તર આપે છે, પ્રભુ! સાંભળ! અનંત ગુણ છે તો દરેક ગુણ ભિન્ન ભિન્ન છે. ભિન્ન ભિન્ન હોવા છતાં સમુદાય છે અને તેમની અનંતી ક્રમસર નિર્મળ આનંદ અને વીતરાગી પર્યાય થાય છે, એ બધી પર્યાય અને બધા ગુણ, એ બધાના સમુદાયરૂપ 'એક જ્ઞપ્તિમાત્ર ભાવ...' જાણવાની જ્ઞપ્તિ પર્યાયમાં, એક જાણવાની પર્યાયમાં બધી પર્યાયનું જ્ઞાન આવ્યું અને બધા ગુણનું પણ જ્ઞાન આવ્યું. છે કે નહિ અંદર? જુઓને! અરે..રે..! મૂળ વાતને કદી અડ્યો નહિ, કરી નહિ. જિંદગી ચાલી જાય છે. દુનિયા શું કરે છે એ દુનિયાની આલોચના કરીને શું કામ છે? પ્રભુ! તારી વાત કરને હવે. આહાહા..! એક એક પંક્તિમાં કેટલું ભર્યું છે!

અનંત ગુણ છે પણ ભિન્ન ભિન્ન શક્તિ છે. એક ગુણ બીજા ગુણરૂપે થતો નથી. ભલે અનંત ગુણનું એક એક ગુણમાં રૂપ હો, છતાં સમુદાયરૂપે એક છે, આખા પિંડરૂપે એક છે અને તેના જે અનંત ગુણ છે તેની જ્ઞપ્તિ જ્ઞાનલક્ષણથી ચૈતન્યનું લક્ષ કર્યું, ધ્યેય બનાવ્યું ત્યાં જ્ઞપ્તિ-જાણનક્રિયા જે પર્યાય ઉત્પન્ન થઈ તેમાં બધા ગુણની અને પર્યાયની પરિણતિ સાથે ઉત્પન્ન થઈ છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ તો હજી એક એક લીટી... આહાહા..! ચોપડા ફેરવી ફેરવીને કેટલા ફેરવ્યા હશે? શેઠ! પણ આ 'સમયસાર' ફેરવ્યું એક પાનું, એક લીટી, એક પંક્તિ... આહાહા..! એક એક પંક્તિમાં બાર અંગ ભરી દીધા! આહાહા..!

પ્રભુ! તારે કરવું હોય તો આ છે. ભલે અમે જ્ઞાનમાત્ર કહ્યું, પ્રભુ ચૈતન્ય પ્રજ્ઞાબ્રહ્મ, પ્રજ્ઞાબ્રહ્મ ચૈતન્ય, એમ અમે કહ્યું છતાં એમાં અનંત ધર્મ છે, અનંત ગુણ છે તે સાથે આવી જાય છે અને અનંત ગુણની પર્યાય જ્યારે દ્રવ્યની દૃષ્ટિ-જ્ઞાનથી થઈ તો જ્ઞાનની પર્યાયમાં અનંત ગુણની પર્યાય એકસાથે ક્રમસર ઉત્પન્ન થાય છે. આહાહા..! છે કે નહિ બ્રહ્મચારીજી? આવી વાત છે પણ શું થાય? લોકો પછી એમ કહે, એકાંત છે.. એકાંત છે. બાપુ! આ એકાંત જ છે.

'શ્રીમદ્' કહે છે, 'શ્રીમદ્' ની એક કડી, એક લીટી છે, 'અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી.' ભલે અનંત ગુણ અને અનંતી પર્યાય છે પણ સમ્યક્ એકાંત, સમ્યક્ એકાંત એટલે જ્ઞાયક સ્વભાવ તરફ ઝુકવું એ નય છે, સમ્યક્ એકાંત નય છે. એ સમ્યક્ એકાંત નયની જે પરિણતિ થઈ, જ્ઞાનની ક્રિયા (થઈ),

પરિણતિ જે જ્ઞાનની ક્રિયા થઈ તેમાં અનંતા ધર્મ જે ગુણ છે, અનંતી પર્યાય છે તે આ પર્યાયમાં આવી જાય છે. ધર્મનું જ્ઞાન અને પર્યાયનું જ્ઞાન, એ જ્ઞપ્તિક્રિયામાં બધાનું જ્ઞાન આવી જાય છે. આહાહા..! આ કથા નથી, પ્રભુ! કે એક રાજા હતો ને રાણી હતી. રાણી રિસાણી ને રાજા મનાવવા ગયો. ઘરે હોય એટલે એવી વાતું સાંભળે. રાજાને આમ માર્યો હતો ને પેલાને આમ માર્યો. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો. આહાહા..!

મુમુક્ષુ :– ચેતનરાજાની કથા..

ઉત્તર :– આ ચેતનરાજાની કથા છે. આહાહા..! ઠીક આવ્યા છે. ટાઈમસર આવ્યા છે. આહાહા..!

શિષ્યનો પ્રશ્ન છે એનો ઉત્તર આપ્યો. શિષ્યનો પ્રશ્ન હતો કે તમે જ્ઞાનમાત્ર કહો છો તો એને તો અમે જાણીએ છીએ કે અનંત ગુણ છે અને જ્ઞાનની પર્યાય સાથે અનંત ગુણની ક્રમસર પર્યાય પણ ઉત્પન્ન થાય છે તો તમે જ્ઞાનમાત્ર કેમ કહો છો? સાંભળ પ્રભુ! અમે જ્ઞાનમાત્ર કહીએ છીએ એ જ્ઞાનની ક્રિયા જ્યારે ઉત્પન્ન થઈ તો એ જ્ઞાનમાં અનંત ગુણનું પણ જ્ઞાન થયું અને અનંતી પર્યાય જે ક્રમસર ઉત્પન્ન થઈ તો સાથે અનંતી પર્યાય છે. અનંતા ધર્મ સાથે છે એવી અનંતી પર્યાય એક સમયમાં સાથે છે. 'શિવલાલભાઈ'! આવી વાતું છે. આહાહા..! પર્યાય વિનાનું એકલું સામાન્ય કદી હોઈ શકે નહિ. એ કહે છે, જુઓ!

'સમુદાયરૂપે પરિણત એક જ્ઞપ્તિમાત્ર ભાવ...' જાણન.. જાણન.. જાણન.. જાણન.. જાણનની પર્યાય જે પ્રગટ પર્યાય, એ પર્યાયનું લક્ષ દ્રવ્ય ઉપર થવાથી અનંતા ગુણનું પણ જ્ઞાન થયું અને અનંતા ગુણની પર્યાય પણ સાથે પરિણત થઈ. 'ભાવરૂપે પોતે જ હોવાથી...' શું કહે છે? એ અનંત ધર્મ–ગુણો અને અનંતી પર્યાય, એ જ્ઞપ્તિક્રિયા એ સ્વયં જ છે. એને કોઈની અપેક્ષા નથી. આહાહા..! 'પોતે જ હોવાથી...' એમ લીધું છે. છે? ઇ શું કહ્યું?

જે જાણન લક્ષણ છે.. રાગ, પુણ્ય, દયા, દાન એ કાંઈ નથી. અંદર જે જાણન ક્રિયા છે તે દ્રવ્યનું લક્ષ કરે છે, ત્રિકાળીને જ્યારે જ્ઞાન પકડે છે ત્યારે એ જ્ઞાનમાં અનંતા ધર્મ પણ જ્ઞાન જાણે છે અને અનંતા ધર્મની એટલે ગુણની ક્રમસર પર્યાય થાય છે, એ જ્ઞાનની પર્યાય સાથે, જ્ઞપ્તિક્રિયાની સાથે અનંત ગુણની પર્યાય પણ સાથે પોતે જ છે. છે? 'જ્ઞપ્તિમાત્ર ભાવરૂપે પોતે જ હોવાથી...' આહાહા..! આવો માર્ગ. અનંત કાળ વીત્યો પણ એ ચીજ શું છે? સામાન્ય અને વિશેષ. વિશેષ આવ્યું ને? પરિણત એટલે વિશેષ. 'સમુદાયરૂપે પરિણત...' આહાહા..!

અવ્યક્તમાં આવ્યું છે ને? ભાઈ! ચૈતન્યસામાન્યની સર્વ વ્યક્તિઓ અંદર છે માટે અવ્યક્ત છે. અવ્યક્ત છે એનું જ્ઞાન થયું ને? ભાઈ! અવ્યક્ત છે ને? તો અવ્યક્તનું જ્ઞાન થયું ને? એ પર્યાય થઈ. આહાહા..! સામાન્યરૂપ ત્રિકાળી વસ્તુ, એ અહીંયા કહે છે, કે ત્રિકાળી સામાન્ય ધર્મ અનંત છે અને એની અનંત ધર્મની પરિણતિ એક સમયમાં સાથે છે. આહાહા..! આવી વાત.

'એક જ્ઞપ્તિમાત્ર ભાવ...' આહાહા..! ભલે એક જાણનમાત્ર. એ જાણનમાત્ર હોવા છતાં અનંત ગુણ અને અનંતી પર્યાયનું જ્ઞાન એમાં જ્ઞપ્તિરૂપે-જાણનરૂપે આવી જાય છે. આહાહા..! કહો! આવી વાત છે. ઝીણી પડે. માર્ગ એવો છે અંદર. શિષ્યનો પ્રશ્ન (છે). શિષ્યે પણ એટલું તો પકડી લીધું. સાંભળીને એટલું તો પકડી લીધું, એમ ને એમ કાઢી નથી નાખ્યું. આહાહા..! સાંભળીને આટલું પકડ્યું કે, પ્રભુ! તમે તો જ્ઞાનમાત્રની ક્રિયા ઉપર વજન આપો છો અને આત્મા તો અનંત ગુણનો પિંડ છે અને અનંત ગુણની પરિણતિ પણ પર્યાયમાં છે, તો જ્ઞપ્તિ-એકલી જ્ઞાનમાત્ર ક્રિયા ઉપર વજન કેમ આપો છો?

કહે છે, પ્રભુ! સાંભળ! એ જ્ઞાનમાત્ર ક્રિયામાં જે અનંત સામાન્ય ધર્મ છે તેનું પણ જ્ઞાન આવે છે અને એ જ્ઞપ્તિક્રિયામાં અનંતી પરિણતિ, અનંત ગુણની પર્યાય ક્રમસર સાથે થઈ તે પણ જ્ઞપ્તિક્રિયામાં સાથે પરિણત થઈ છે. આહાહા..! ભગવાનની વાણીની ગંભીરતાનો પાર ન મળે. આહાહા..! એક એક કડી અને એક એક વાણી... બહારમાં તો દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા આપણને છે હવે વ્રત ને નિયમ ને તપ કરો. અરે પ્રભુ! જન્મ-મરણનો નાશ નહિ થાય, નાથ! એ ચોરાશીના અવતાર.. આહાહા..! એ જન્મ-મરણ કરી કરી કાગડાના, કૂતરાના, ભૂંડના, નરકના, કંથવાના, ઇયળના.. આહાહા..!

એકવાર ભાઈ જોયું હતું. દોરા જેવી ઇયળ થાય. દોરો હોય ને? સૂતરનો દોરો. એટલી લાંબી ઇયળ. ઇયળ સમજ્યા? કીડા. દોરા જેવી પાતળી લાંબી આમ એક હાથ લાંબી. એમાં થોડા ભાગમાં એના માથે પથરો પડ્યો. આહાહા..! હવે એ એમાંથી નીકળી શકે નહિ. ઘણું આમ કરે. ઇયળ થાય છે, કીડા. દોરા જેવી, સૂતરનો દોરો હોય ને? દોરો કહે છે ને? ધાગા. પાતળો દોરો. એવી પાતળી લાંબી ઇયળ થાય છે કીડા. હાથ-હાથ, દોઢ-દોઢ હાથની લાંબી. આહાહા..! નાની નાની તો ઘણી જોઈએ છીએ. એમાં કોઈ પથરો ઉપર પડ્યો. હવે? આઠ-દસ આંગળ તો પકડાઈ ગયું, બીજું શરીર છૂટું રહ્યું. નીકળવું કઈ રીતે? શક્તિ ક્યાં? આવો પાંચ શેર પથ્થર માથે પડ્યો હોય. આહાહા.! ત્યાં ને ત્યાં સૂકાઈને મરી જાય. આહાહા..! પ્રભુ! એ દુઃખને જ્યાં યાદ (કરે), એ દુઃખનું યથાર્થપણાનું સ્મરણ કરતાં.. આહાહા..! ક્યાંય એની નજરું દુઃખ... ચીજ ઉપર પડે છે. દુઃખની જ્યાં વિચારણા ચાલે છે... આહાહા..! આવા દુઃખ? એ દુઃખની વિચારણામાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડે છે. આહાહા..! અને રસ્તામાં તો જોઈએ છીએ ને, રસ્તા ઉપર કૂતરા મરી ગયા હોય, મીંદડી, નોળ, કોળ રસ્તામાં ચગદાઈ જાય, ચગદાઈ જાય. આહાહા..! પ્રભુ! એ દુઃખ તેં ભોગવ્યા છે. આહાહા..! એ દુઃખને યાદ કરતાં.. કહે છે ને?

'વાદીરાજ' મુનિને શરીરે કોઢ હતો. ભગવાનની સ્તુતિ કરતા કરતા (કહે છે), પ્રભુ! ગયા કાળમાં મેં દુઃખ વેઠ્યા. એને હું યાદ કરું છું તો અંદરમાં ઘા વાગે છે. આહાહા..! આવા દુઃખ કઈ રીતે વેઠ્યા? એ દુઃખ મટાડવાની આ ચીજ છે.

જે જ્ઞાનની પર્યાય જ્ઞાયક ત્રિકાળ ઉપર દૃષ્ટિ પડવાથી જેટલા ધર્મ એટલે ગુણ છે એ બધા ગુણની પર્યાય–પરિણતિ અંદર જ્ઞાનની પર્યાય સાથે બધા ગુણની પર્યાય, અનંતી અનંતી પર્યાય, અનંતા ગુણોનું પણ જ્ઞાન અને અનંતા ગુણોની પર્યાય પ્રગટ સાથે પરિણમન (થાય છે). આહાહા..! એવા ભાવરૂપે 'એક જ્ઞપ્તિમાત્ર ભાવરૂપે...' ભાષા કેવી છે? એ બધાનું પરિણમન પણ એકરૂપ એમ લીધું. અનંત રૂપ નહિ. આહાહા..! શું કહ્યું સમજાણું? જ્ઞપ્તિક્રિયા પણ એકરૂપ, ભેદ નહિ. જ્ઞપ્તિક્રિયામાં અનંત ગુણનું પરિણમન સાથે છે, ભેદ નથી. 'એક જ્ઞપ્તિમાત્ર ભાવરૂપે પોતે જ હોવાથી...' આહાહા..! આવી વાત સાંભળી નથી, પ્રભુ! આહાહા..! અને નિશ્ચયની સત્ય વાત જ્યાં આવે ત્યાં એ તો બધું નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય છે. અમારે કેમ કરવું એ વાત તો (કરતા નથી). પ્રભુ! આહાહા..!

મોટી ટીકા આવી છે. પેલો 'વિદ્યાસાગર' છે ને? એણે 'સમયસાર' નો અર્થ કર્યો. જ્યાં જ્યાં જ્ઞાની આવે ત્યાં ત્યાં મુનિ લીધા છે. અપ્રતિબુદ્ધ અજ્ઞાની પણ આવ્યા ને? અજ્ઞાનીને સમજાવવા માટે જ્ઞાન લક્ષણથી લક્ષિત તમે કેમ કહ્યું? પ્રસિદ્ધ તો જ્ઞાન છે છતાં આ કેમ કહ્યું? પ્રસિદ્ધ છે પણ અજ્ઞાનીને પ્રસિદ્ધ નથી. જ્ઞાનની પર્યાયની પ્રસિદ્ધિ અજ્ઞાનીને નથી. માટે જ્ઞાન લક્ષણથી આત્મા લક્ષિત કરાવ્યો. આ વાત નાખી છે. 'અજમેર'નો કોઈ 'સુજાનમલ' છે એણે 'વિદ્યાસાગર' ની ભૂલ કાઢી છે. સાધુ જુવાન, ક્રિયા કરે છે, નગ્ન મુનિ જંગલમાં રહે અને બહાર બેસે ત્યાં માણસો બે-બે હજાર, પાંચ-પાંચ હજાર ભેગા થાય અને ઓહો..ઓહો..! અરે પ્રભુ!

મુમુક્ષુ :– એ બધી બહારની વાત છે.

ઉત્તર :– બધી બહારની વાતું, પ્રભુ! આહાહા..!

આ અનંત ગુણનો પિંડ પ્રભુ એ જ્ઞાન લક્ષણથી લક્ષિત કર્યો તો એ જ્ઞાન લક્ષણથી જ્યાં દ્રવ્યની પકડ કરી તો જ્ઞાનની પર્યાયમાં અનંત ગુણનું પણ જ્ઞાન થયું અને એ અનંત ગુણની પર્યાયનું પરિણમન જ્ઞપ્તિ–જ્ઞાનની પર્યાયમાં, જ્ઞપ્તિક્રિયામાં અનંત ગુણ સાથે ભેદ વિના એક જ્ઞપ્તિમાત્ર ભાવ પોતે જ છે. આહાહા..! પહેલી બે લીટી. આહાહા..!

પ્રભુ! તું અંદર કોણ છે? આહાહા..! કૌંસમાં '(અર્થાત્ પરસ્પર ભિન્ન એવા અનંત ધર્મોના સમુદાયરૂપે...)' ભલે પરસ્પર ભિન્ન છે. જ્ઞાન દર્શન નહિ, દર્શન જ્ઞાન નહિ એમ અનંત (ગુણ) ભિન્ન ભિન્ન છે. '(અનંત ધર્મોના સમુદાયરૂપે પરિણમેલી જે એક જાણનક્રિયા...)' આહાહા..! '(પરિણમેલી જે એક જાણનક્રિયા...)' સામાન્યમાં જેટલા ગુણ છે એ બધા ગુણની એક સમયની પર્યાયમાં જાણનક્રિયામાં બધાનું પરિણમન સાથે થઈ ગયું. આહાહા..! આમ અંદરમાં પડે તો ભેદજ્ઞાન થયા વિના રહે નહિ. આહાહા..! અને ભેદજ્ઞાન વિના ગમે તેટલી વ્રત ને તપની ક્રિયા કરે એક ભવ ઘટે નહિ. મરીને કાગડા, કૂતરા, ભુંડ થવાના. આહાહા..! શું કરે? શું કહ્યું?

'(પરસ્પર ભિન્ન એવા અનંત ધર્મો...)' ધર્મો એટલે ગુણો અને પર્યાય. '(સમુદાયરૂપે પરિણમેલી..)' એ અનંત ગુણનું પરિણમન. એક સમયમાં અનંતી પર્યાય થઈ. આહાહા..! અનંત ગુણની એક સમયમાં અનંતી પર્યાય થઈ. એ '(પરિણમેલી જે એક જાણનક્રિયા...)' છે. આહાહા..! પણ એ બધાનું નામ એક જાણનક્રિયા કહેવામાં આવે છે. એ જાણનક્રિયા અનંતી ગુણની પરિણતિ સાથે છે પણ જાણનક્રિયામાં અનંતી પર્યાય જ્ઞેય છે અને પોતે જ્ઞાન છે, પણ અભેદ છે. આહાહા..! પકડાય એટલું પકડવું, પ્રભુ!

મુમુક્ષુ :- આ દ્રવ્યદૃષ્ટિનો વિષય છે કે પ્રમાણનો?

ઉત્તર :- દૃષ્ટિનો વિષય. આ તો જ્ઞાનનો વિષય બનાવ્યો. જ્ઞાનથી વાત કરે છે. આહાહા..! કરવાનું તો મૂળ આ છે. પ્રભુનો તો અહીં વિરહ પડ્યો. ભગવાન તો મહાવિદેહમાં રહી ગયા. અહીંયા કેવળજ્ઞાન ઉત્પન્ન થાય એવી તાકાત રહી નહિ. આહાહા..!

એક જ્ઞાનપર્યાયમાં, લક્ષણ કેમ કહ્યું? અને લક્ષણથી આત્મા કેમ લક્ષિત થાય છે? કે, જ્ઞાન લક્ષણ અને લક્ષ્ય અભેદ છે. જ્ઞાન લક્ષણ અને લક્ષ્ય દ્રવ્ય અભેદ છે તો એની ઉપર દૃષ્ટિ પડવાથી જ્ઞાનમાં અનંતા ધર્મો-ગુણો અને અનંતી પર્યાય એક સમયમાં એકરૂપે જ્ઞપ્તિક્રિયામાં બધા આવી જાય છે. આહાહા..! છે? '(પરિણમેલી જે એક જાણનક્રિયા તે જાણનક્રિયામાત્ર...)' ક્રિયા એટલે પરિણતિ-પર્યાય.

એ તો સવારમાં કહ્યું હતું. એક નિષ્ક્રિય નામનો આત્મામાં ગુણ છે, ભાઈ! આત્મામાં એ નિષ્ક્રિય ગુણ છે એ પરથી ભિન્ન અને રાગથી પણ ભિન્ન એવી એક નિષ્ક્રિય નામની શક્તિ છે. તેની પરિણતિમાં-નિષ્ક્રિય શક્તિની પરિણતિ થાય છે તે સક્રિય થઈ ગઈ, એ અપેક્ષાથી. આહાહા..! અને દ્રવ્યની અપેક્ષાએ એ સક્રિય છે, રાગની અપેક્ષાએ અક્રિય છે. પર્યાય હોં! આહાહા..!

'(જાણનક્રિયામાત્ર ભાવરૂપે પોતે જ હોવાથી) આત્માને જ્ઞાનમાત્રપણું છે.' આ કારણે આત્માને જ્ઞાનમાત્રપણું છે. આત્માને જ્ઞાનમાત્ર કેમ કહ્યો? કે, જ્ઞાન લક્ષણથી જ્યાં દ્રવ્યને પકડ્યું તો એ જ્ઞાનમાત્રમાં અનંતા ગુણના ધર્મની પ્રતીતિ આવી ગઈ અને અનંતા ગુણની ક્રમસર નિર્મળ પર્યાય હોં! રાગ નહિ, એ જ્ઞપ્તિક્રિયામાં નિર્મળ પર્યાય પણ સાથે આવી ગઈ. આ કારણે.. આહાહા..! 'માટે જ તેને જ્ઞાનમાત્ર એક ભાવની અંતઃપાતિની...' આહાહા..! 'માટે જે તેને જ્ઞાનમાત્ર એક ભાવની અંતઃપાતિની...' એ શું કહે છે? કે એ જાણન જ્યાં જાણન (ક્રિયા) પરિણમી, ત્રિકાળીને જાણ્યો.. આહાહા..! એ જાણનક્રિયામાં, આહા..! 'જ્ઞાનમાત્ર એક ભાવની અંતઃપાતિની...' એ જ્ઞાનની પર્યાયે દ્રવ્યને પકડીને જે જ્ઞાન થયું એ જ્ઞાનમાત્રમાં એક ભાવની અંદર આવી જનારી. શું કહે છે?

'જ્ઞાનમાત્ર એક ભાવની અંતઃપાતિની...' એ જ્ઞાનમાં બીજી બધી પર્યાય પણ આવે છે. જેટલા ગુણ છે એમાં જ્ઞાનમાત્રની પર્યાયમાં બધા ગુણ આવી જાય છે. બધા ગુણની પર્યાય

(આવી જાય છે). આહાહા..! એક એક પંક્તિ.. આહાહા..! આખા બાર અંગનો સાર છે. શું કહ્યું? જાણન.. જાણન.. જાણન લક્ષણ કહ્યું તેનાથી જ્યાં લક્ષ્ય પકડાયું ત્યાં જ્ઞાનની જે સમ્યક્ ક્રિયા ઉત્પન્ન થઈ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર આદિ અનંત ગુણની પર્યાય પ્રગટ થઈ, એમાં અંતઃપાતિની. એ જ્ઞાનની પર્યાયમાં અનંતી પર્યાય આવી જાય છે. જ્ઞાનની પર્યાયમાં અનંત ગુણની પર્યાય અંતઃપાતિની–અંદરમાં આવી જાય છે. આહાહા..! જુવાનિયાને આ સમજાય છે? આહાહા..! આવી વાતું છે.

મુમુક્ષુ :– આ દ્રવ્ય અને પર્યાય ભેગા લીધા છતાં પ્રમાણ નહીં?

ઉત્તર :– અહીં તો જાણનક્રિયા પર્યાયમાં બધું આવી જાય છે, એટલું (કહેવું છે). આહાહા..! એ ક્રિયાનું જ્ઞાન અને દ્રવ્યનું જ્ઞાન, ભલે નિર્વિકલ્પ પ્રમાણ કહો પણ એ વાત અત્યારે નહિ. અહીંયા તો જાણન... જાણન.. જાણન, જ્ઞાનની પર્યાય ભગવાન પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ છે, જ્ઞાનનો પિંડ ભગવાન અને આનંદનો સાગર આત્મા છે, એ જ્યાં જ્ઞાન લક્ષણથી લક્ષિત થયો તો જ્ઞાનની એકરૂપ પર્યાયમાં અનંત ગુણની પર્યાય આવી ગઈ. આહાહા..! અનંત ગુણની પર્યાય એમાં આવી ગઈ. આહાહા..!

'(જાણનક્રિયામાત્ર ભાવરૂપે પોતે જ હોવાથી)' છે? 'માટે જ તેને જ્ઞાનમાત્ર એક ભાવની અંતઃપાતિની...' જ્ઞાનની પર્યાયથી જ્યાં આત્માનું લક્ષ (કર્યું), દૃષ્ટિ કરી ત્યાં જ્ઞાનની પર્યાયમાં અંતઃપાતિની. અંદરમાં અનંતા ગુણની પર્યાય આવી જાય છે. એક સમયની પર્યાયમાં, જ્ઞાનની પર્યાયમાં અનંત ગુણની પર્યાય અંતઃપાતિની – એક સમયની જ્ઞાનની પર્યાયમાં અનંત ધર્મની પર્યાય આવી જાય છે. આહાહા..! આવું છે. તોપણ લોકોના એટલા ભાગ્ય છે કે સાંભળે છે. નહિતર તો આ વાત સાંભળવા ભેગા ન થાય. શું માંડી આ તમે? આ અમે કરીએ છીએ એમાં ક્યાંક બહારનો ઉદ્ધાર થાય એવું તો કહો. બાયડી ને છોકરા ને કુટુંબ, ધંધા કરીએ એ પાપ કાંઈક ઓછા કરીએ... આહાહા..! પ્રભુ! એ તો ઓછા શું? એ તો કોઈ આત્મામાં છે જ નહિ. તેનું તો ભેદજ્ઞાન કરાવ્યું. જ્ઞાન તે આત્મા (એમ કહ્યું) તો પરની વાતથી તો ભેદજ્ઞાન કરાવ્યું. આખા લોકાલોકની ક્રિયામાં જ્ઞાનની પર્યાયથી ભિન્ન છે. પણ પોતાની જ્ઞાનની ક્રિયામાં અનંતા ગુણ અને અનંતા ગુણની પર્યાય અંતઃપાતિની, એક સમયની પર્યાયમાં એ બધું આવે છે. લોક ને એ બધું નથી આવતું. આહાહા..! સમજાય છે કાંઈ?

હવે ગુણનું વર્ણન કરશે. એ શક્તિના વર્ણનનો આ ઉપોદ્ઘાત છે. આત્મામાં અનંત શક્તિ છે એમાંથી ૪૭ લેશે. અનંત ક્યાં કહી શકે? આહાહા..! એનો આ ઉપોદ્ઘાત– પ્રથમ મથાળું બાંધે છે. ૪૭ શક્તિ કહેતા પહેલા તેનું મથાળું બાંધે છે. આહાહા..! જેમ આ ઝાડમાં પહેલા પત્થરની પીઠિકા બાંધે છે ને? પછી ઝાડ ઊગે છે ને? એમ આ પહેલા પીઠિકા બાંધે છે. આહાહા..! અરે..રે..! નિજ સામું કોઈ દિ' જોયું નહિ. જ્યાં લક્ષ્મી પડી છે, જ્યાં મહા ભગવાન અંદર બિરાજે છે એની સામું નજર કરી નહિ. નિધાનમાં નજરું

ન કરી અને પામરની નજરમાં રોકાઈ ગયો, અટકી ગયો. આહાહા..!

'(જ્ઞાનમાત્ર એક ભાવની અંદર આવી જતી-)' અનંત શક્તિઓ ઊછળે છે. ભાષા જુઓ! પહેલા આપણે આવી ગયું છે. પહેલા (૨૬૧ શ્લોકમાં) આવ્યું હતું ને? ઊછળે છે. 'ઊછળતી નિર્મળ...' એ શું કહે છે? અજ્ઞાની પર્યાયને માનતો નથી. એ 'ઊછળતી નિર્મળ ચૈતન્યપરિણતિથી જુદું કાંઈક (આત્મતત્ત્વને) ઇચ્છે છે...' પર્યાય વિનાનું આત્મતત્ત્વ ઇચ્છે છે તે અજ્ઞાની છે. આહાહા..! આવ્યું ને? આહાહા..! અંદરમાં અનંતી પર્યાય ઊછળે છે તે પર્યાય વિનાનું એકલું સામાન્ય અજ્ઞાની ઇચ્છે છે, પણ એવી કોઈ ચીજ છે નહિ. આહાહા..! ગજબ વાત છે.

અવ્યક્ત કીધું ને? ભાઈ! ચૈતન્ય સામાન્યમાં ચૈતન્યની વિશેષ શક્તિઓ અંતર્લીન છે માટે તે અવ્યક્ત છે, પણ અવ્યક્તનું જ્ઞાન કર્યું ને? એ તો પર્યાયમાં જ્ઞાન થયું. આહાહા..! અવ્યક્તના છ બોલ છે, બહુ સૂક્ષ્મ.. બહુ સૂક્ષ્મ.. ૪૯ ગાથા. બધા વ્યાખ્યાન તો ૧૯ વાર થઈ ગયા છે.

અહીં કહે છે કે, આ ઊછળતી કહ્યું ને? 'ઊછળતી નિર્મળ ચૈતન્યપરિણતિથી જુદું કાંઈક ઇચ્છે છે...' અજ્ઞાની પર્યાયથી કોઈ જુદું દ્રવ્ય ઇચ્છે છે, પણ એવી કોઈ ચીજ નથી. અહીં એ કહે છે કે, અંતર પર્યાય જે છે એમાં અનંત ગુણની પર્યાય પરિણત થાય છે અને જ્ઞપ્તિક્રિયામાં જે અનંતા ગુણ છે તેનું પણ જ્ઞાન આવી ગયું. આહાહા..! 'માટે જે તેને જ્ઞાનમાત્ર એક ભાવની અંતઃપાતિની (-જ્ઞાનમાત્ર એક ભાવની અંદર પડનારી અર્થાત્ જ્ઞાનમાત્ર એક ભાવની અંદર આવી જતી-) અનંત શક્તિઓ ઊછળે છે.' શું કહ્યું? ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ એ જ્યાં જ્ઞાનમાત્રથી જણાયો ત્યાં જ્ઞાનની પર્યાય સાથે અનંતી શક્તિ ઊછળે છે. અનંતા ગુણની પર્યાય ઊછળે છે એટલે પ્રગટ થાય છે. આહાહા..! આ શબ્દો, શેઠ! પૈસા આડે... આહાહા..! એકલું માખણ છે. આ કર્યું ને આ કર્યું.. નિશ્ચયની વાતુમાં તો નિશ્ચયમાં આવું આવ્યા વિના વાસ્તવિક નિશ્ચય કહેવાય નહિ. આહાહા..!

'કૈલાસચંદજી' છે ને? એક વાત, બે વાત મુકી છે એ તો મશ્કરી માટે હોય પહેલી વાત સોનગઢવાળા નિમિત્તને માનતા નથી એમ નહિ પણ નિમિત્તથી થતું નથી એમ માને છે. એ તો બરાબર છે. અત્યારે એક આવ્યું છે, સોનગઢનો માર્ગ નિશ્ચયતમ છે. એકલું નિશ્ચય નહિ, નિશ્ચયતર નહિ, નિશ્ચયતમ છે. મશ્કરી માટે અનાદર કર્યો હોય જેણે એનું એ જાણે. છે તો એમ. નિશ્ચયતમ છે.

મુમુક્ષુ :- તમ શબ્દ મુક્યો એનો હેતુ શું?

ઉત્તર :- શી ખબર. બહુ ઝીણું ઝીણું કરે ને? એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ. એક દ્રવ્યની એક ક્રિયા ગુણની ક્રમે ક્રમે થાય. આહાહા.! એમાં અહીંયા તો વિકાર પણ નહિ. આહાહા..! અને વિકાર થાય છે તે કર્મથી નહિ. એ બધાની માન્યતા એ છે (કર્મથી

વિકાર થાય). અને વિકારથી રહિત થવાની અંદર શક્તિ છે. ચૈતન્યપ્રભુ, જેને ચૈતન્ય ભગવાનની દૃષ્ટિ થઈ તેમાં વિકારરહિતપણાનું જ પરિણમન થયું. વિકારથી રહિતપણાનું જ પરિણમન થયું. તેથી અહીંયા ક્રમમાં નિર્મળ પર્યાય લીધી છે. આહાહા..! કેટલું યાદ રાખવું? કેટલું નથી, પ્રભુ! અંદર ભગવાન ભર્યો છે. અંદર ચૈતન્યપ્રભુ (ભરેલો છે). આહાહા..! આ તો હાડકા, ચામડા, માંસ મસાણમાં રાખ થશે. રાખ ભસ્મ થશે. અંદર ભગવાન ચૈતન્ય અનાદિ સત્તા અનાદિ નિત્ય પ્રભુ એને જ્ઞાનના લક્ષણથી લક્ષિત કરવો એ વાત ચાલે છે. લક્ષિત થવાથી એકલું જ્ઞાન જ આવ્યું એમ નહિ. જ્ઞાનમાં અનંત ગુણનો પિંડ દ્રવ્ય પણ આવ્યું અને અનંતા ગુણની પર્યાય પણ અંતઃપાતિનીમાં આવી ગઈ. આહાહા..! થોડું ન સમજાય એ રાત્રે પૂછવું. 'મીઠાલાલજી'! ભાષા તો સાદી આવે છે, પ્રભુ! પણ શું કરે?

'અંતઃપાતિની અનંત શક્તિઓ ઊછળે છે.' શું કહ્યું? જ્ઞાન તે આત્મા એમ જ્યાં નિશ્ચય અનુભવ થયો એ જ્ઞાનની પર્યાયમાં અનંત ગુણની પર્યાય સાથે ઊછળે છે. આહાહા..! કોઈ ગુણ સામાન્યમાં રહે અને વિશેષ ન થાય એવો કોઈ ગુણ નથી. આહાહા..! એ માટે કહ્યું ને? 'અનંત શક્તિઓ ઊછળે છે.' પર્યાય. '(આત્માના જેટલા ધર્મો છે તે બધાયને, લક્ષણભેદે ભેદ હોવા છતાં,...' લક્ષણભેદે ભેદ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર (આદિ). 'પ્રદેશભેદ નથી...' અહીં આ લેવું છે. 'આત્માના એક પરિણામમાં બધાય ધર્મોનું પરિણમન રહેલું છે.' આત્માના એક પરિણામમાં, એક પરિણામમાં... આહાહા..! પરિણામી ત્રિકાળી વસ્તુ. પરિણામી પરિણામ વિના હોતો નથી અને એ એક પરિણામમાં બધા ધર્મોનું પરિણમન હોય છે. આહાહા..! આવું ક્યાં પકડવું?

'તેથી આત્માના એક જ્ઞાનમાત્ર ભાવની અંદર...' આત્માના જાણન.. જાણન.. જાણન.. જાણન... જાણન એવા જાણનમાત્ર ભાવની અંદર અનંત શક્તિઓ રહે છે. ઊછળતીનો અર્થ એ–રહે છે. જ્ઞાનની એક સમયની પર્યાયથી જ્યાં અંદર ભગવાનને દૃષ્ટિમાં જોયો ત્યાં એક સમયની પર્યાયમાં અનંતી શક્તિની પર્યાય રહે છે. આહાહા..! છે? અનંત શક્તિઓ રહે છે. 'એક જ્ઞાનમાત્ર ભાવની અંદર અનંત શક્તિઓ રહેલી છે.' આહાહા..! અનંત શક્તિની અંદરમાં એકરૂપે દૃષ્ટિ થઈ તો જ્ઞાનમાત્ર ભાવમાં, જ્ઞાનમાત્ર ભાવસ્વરૂપ આત્મામાં. એમ એનો અર્થ કર્યો. જ્ઞાનમાત્ર ભાવમાં એટલે? 'જ્ઞાનમાત્ર ભાવસ્વરૂપ આત્મામાં–અનંત શક્તિઓ ઊછળે છે.' આહાહા..! એક જ્ઞાનની પર્યાય જ્યાં દ્રવ્ય તરફ લક્ષ કરીને (પરિણમી), અંતરમાં ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ, એ જ્ઞાનના લક્ષણથી લક્ષિત કરે છે તો એક સમયની પર્યાયમાં સાથે અનંતી શક્તિની પર્યાય ઊછળે છે. આહાહા..! ભાષા તો સાદી છે, પ્રભુ! ભાવ ગંભીર છે. આહાહા..!

'જ્ઞાનમાત્ર ભાવમાં–જ્ઞાનમાત્ર ભાવસ્વરૂપ આત્મામાં–અનંત શક્તિઓ ઊછળે છે. તેમાંની કેટલીક શક્તિઓ નીચે પ્રમાણે છે :–' બધી શક્તિઓનું વર્ણન તો થઈ શકે નહિ. અનંત

અનંત ધર્મ-ગુણો અંદર આત્મામાં છે. સંખ્યાએ અનંતા અનંતા ગુણ છે તો એ અનંતની વ્યાખ્યા કરી શકાય નહિ. આહાહા..! 'તેમાંની કેટલીક શક્તિઓ...' છે ને? 'કેટલીક શક્તિઓ નીચે પ્રમાણે છે :-' નીચે કહે છે એ પ્રકારે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

પ્રવચન નં. ૪૮૨ શક્તિ ૧, ૨, ૩ મંગળવાર, ભાદરવા વદ ૧૪, તા.૦૭-૧૦-૧૯૮૦

---

નોંધ :- મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

आत्मद्रव्यहेतुभूतचैतन्यमात्रभावधारणलक्षणा जीवत्वशक्तिः १।

આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્ર ભાવનું ધારણ જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી જીવત્વશક્તિ. (આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે એવી જીવત્વ નામની શક્તિ જ્ઞાનમાત્ર ભાવમાં-આત્મામાં-ઊછળે છે.) ૧.

'સમયસાર' શક્તિનું વર્ણન છે. ૪૭ શક્તિ છે ને? છે તો અનંત. આ આત્મા જે છે, આત્મા, એમાં ગુણ કહો, શક્તિ કહો, તેનો સ્વભાવ કહો એ અનંત છે. અનંત શક્તિ કેવી છે? અને એ શક્તિવાન-શક્તિના ધરનારની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! પ્રથમમાં પ્રથમ આ ચીજ છે. અહીંયા આવ્યું છે.

'આત્મદ્રવ્યને કારણભૂત...' પેરેગ્રાફ. જરી સૂક્ષ્મ વાત છે. આત્મદ્રવ્ય. આ આત્મા જે પદાર્થ છે તે દ્રવ્યને કારણભૂત. દ્રવ્યનું કારણ શું? એની જે શક્તિ છે, ગુણ છે એ આત્મદ્રવ્યનું કારણ કહેવામાં આવ્યું છે. બાકી ગુણ અને દ્રવ્ય અભેદ છે. અહીંયા તો શક્તિનું વર્ણન છે, ગુણનું વર્ણન છે. આત્મદ્રવ્ય. આહાહા..! તેના કારણભૂત. આત્મદ્રવ્યના કારણભૂત.. 'એવા ચૈતન્યમાત્ર ભાવનું ધારણ...' આહાહા..!

મુમુક્ષુ :- આત્મદ્રવ્ય એ કાર્ય છે?

ઉત્તર :- એ અહીંયા અભેદ કીધા, પહેલા કીધા ને? વાત લીધી છે કારણ (તરીકે) પણ છે તો અભેદ. પહેલા કહ્યું હતું.

અહીંયા તો ત્રિકાળ વસ્તુ છે એમાં આ શક્તિ છે તે પણ ત્રિકાળ છે. શક્તિ અને દ્રવ્ય જુદા નથી પણ દ્રવ્યમાં શક્તિ છે તે શક્તિ દ્રવ્યનું કારણ કહેવામાં આવી છે. કારણ

કે શક્તિથી જ દ્રવ્ય છે. પર્યાયથી દ્રવ્ય છે એ નહિ. સમજાય છે કાંઈ? પર્યાયથી દ્રવ્ય નહિ પણ શક્તિથી દ્રવ્ય છે. આહાહા..! ઝીણી વાત છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ છે તો ત્રણમાં પર્યાયને કારણે દ્રવ્ય છે એમ નહિ. પણ ગુણને કારણે દ્રવ્ય છે એ તો અભેદ છે. આહાહા..!

જેણે આત્મદૃષ્ટિ કરવી હોય તો આત્મામાં જે શક્તિઓ છે તેનું જ્ઞાન કરવું પડશે અને જ્ઞાન થયા પછી શક્તિવાન જે દ્રવ્ય છે તેની દૃષ્ટિ કરવી તો સમ્યગ્દર્શન-ધર્મની પહેલી સીઢી, પહેલું પગથિયું ત્યારે ધર્મ થાય છે. આહાહા..! અહીં એ શબ્દ છે. એ તો તર્ક મગજમાં ઉઠ્યો હતો. ચિહ્ન પણ કર્યું છે. આત્મદ્રવ્યને વળી કારણ કોણ? દ્રવ્ય તો ત્રિકાળ છે. તેનું કારણ એ દ્રવ્યમાં જે શક્તિ છે, ગુણ છે તે દ્રવ્યનું કારણ છે. કારણ કે ગુણ અને દ્રવ્ય અભેદ છે. પર્યાય એ અભેદ નથી. દ્રવ્યનું કારણ પર્યાય નથી. આહાહા..! તેમ એ આત્મદ્રવ્યનું કારણ રાગ, દયા, દાન પણ નથી. આ તો એની શક્તિ ગુણ સ્વભાવ છે.

કહે છે, 'આત્મદ્રવ્યને કારણભૂત...' એટલે કે આત્મદ્રવ્યમાં રહેનારી. 'એવા ચૈતન્યમાત્ર ભાવ...' જાણનમાત્ર ભાવ. આહાહા..! એ એમાં શક્તિ છે. એ જાણનભાવ કોઈનું કરતો નથી, કોઈથી એ જાણનભાવ રહેતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? 'ચૈતન્યમાત્ર...' માત્ર લીધું છે ને? ચૈતન્યમાત્ર (કહ્યું, પણ) છે તો અનંતી શક્તિ પણ આ જે કહેવું છે એ 'ચૈતન્યમાત્ર ભાવનું ધારણ...' ચૈતન્યમાત્ર ભાવ, તેને ધારણ કરવો. આહાહા..! 'જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે...' 'ચૈતન્યમાત્ર ભાવનું ધારણ જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે...' આહાહા..! 'એવી જીવત્વશક્તિ.' પ્રથમમાં પ્રથમ આ લીધી.

જીવત્વશક્તિ-જીવપણું, જીવદ્રવ્ય. આ જીવપણું, જીવ સત્ અને જીવત્વશક્તિ સત્પણું, ભાવ. એ તો એક જ વસ્તુ છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ શક્તિનું વર્ણન બીજે ક્યાંય નથી. શ્વેતાંબરમાં પણ એક 'દેવચંદજી' થયા એણે આ શક્તિ વાંચી, વાંચીને થોડી શક્તિ શ્વેતાંબરની શૈલીએ કરવા મંડ્યા, પાંચ-સાત શક્તિ કરી પણ પછી કરી ન શક્યા બરાબર. એ વાંચી. આ તો મુનિઓના અંતરના હૃદય (છે). સર્વજ્ઞે જે અંતરથી કહ્યું છે એ વાત અહીંયા કહે છે. આમાં વ્યવહાર ને નિમિત્ત તો ક્યાંય ઊડી ગયા.

જીવનું ટકવું, એના કારણભૂત 'એવા ચૈતન્યમાત્ર ભાવનું ધારણ...' ચૈતન્યમાત્ર ભાવનું ધારણ. આહાહા..! 'જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી જીવત્વશક્તિ.' આ (શક્તિ) ક્યાંથી કાઢી છે? 'કુંદકુંદાચાર્ય' ની બીજી ગાથા છે. 'जीवो चरित्तदंसणणाणठिदो' પહેલી ગાથા એવી આવી કે, 'वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते। वोच्छामि समयपाहुड' હું સમયસાર શાસ્ત્ર કહીશ. એમાં પહેલો જ શબ્દ 'जीवो' આવ્યો છે. બીજી ગાથા છે. 'जीवो' તો 'અમૃતચંદ્રાચાર્યે' એ જીવમાંથી જીવત્વશક્તિ કાઢી. 'કુંદકુંદઆચાર્ય' મહારાજે જીવ એટલે આત્મા (કહ્યું). એમાંથી શક્તિ કાઢી, જીવત્વ નામની શક્તિ (કાઢી). આહાહા..! જીવત્વ એટલે શું? સમજ્યા? જીવપણું. જીવ, તેની જીવત્વ શક્તિ તે જીવપણું, જીવનું સત્ત્વ જ એ છે.

આહાહા..! ઝીણી વાત છે. આ તો શેઠે કહ્યું, અમારે બે દિવસ રહેવું છે. 'માણેકચંદજી'ને પૂછ્યું તો કહે ચાર દિવસ રહેવું છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ તો અલૌકિક માર્ગ છે.

જીવત્વનું કારણ એવા ચૈતન્યમાત્ર ભાવનું ધારણ. છે જ. અનાદિથી ધારેલું છે. જેનું સ્વરૂપ છે. એ ધાર્યું એ એનું સ્વરૂપ જ છે. એ જીવત્વ શક્તિ-જીવપણું. જીવત્વ લીધું છે ને? જીવપણું. કોઈપણ ચીજ છે તેનું પણું એટલે તેનો ભાવ. આત્મવસ્તુ. વસ્તુ સત્, સત્‌નું સત્‌પણું. એમ જીવ છે, તેનું જીવપણું. આહાહા..! એ જીવત્વ નામની શક્તિપણે છે. એ જીવત્વશક્તિની દૃષ્ટિ કરવાથી, દ્રવ્યની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. બાકી બધું થોથા, વાતું છે. જેટલી વાતું બહારથી કરવામાં આવે (એ થોથાં છે). આહાહા..!

'અમૃતચંદ્રાચાર્યે' પહેલો જ આ જીવનો બોલ લીધે. આત્મ-અધિકાર છે ને? જીવ કહો કે આત્મા કહો. અન્યમતિ કહે છે કે જીવ જુદો છે, આત્મા જુદો છે, એમ કહે છે. આત્મા વ્યાપક છે અને જીવ તો મન અને રાગસહિત છે અને જીવ જુદો છે. એમ કાંઈ નથી. અહીં તો આત્મદ્રવ્ય... આહાહા..! એનું જીવત્વ, એમ ભાષા લીધી છે. વાત સમજાણી? નહિતર તો આત્મદ્રવ્ય, તેનું કારણ આત્મપણું, આત્મપણું, ભાઈ! આહા..! પણ બન્ને સમાવી દીધા. આત્મદ્રવ્ય પણ સમાવ્યું અને તેનું પણું એ જીવત્વ. જીવ જુદો અને આત્મા જુદો એવી કોઈ ચીજ નથી. આહાહા..!

આ પહેલામાં પહેલી શક્તિ માંગલિકમાં માંગલિક (છે). 'કુંદકુંદાચાર્યે' બીજી ગાથામાં માંગલિક કર્યું. 'जीवो चरित्तदंसणणाणठिदो' એ જીવોમાંથી જીવત્વ શક્તિ કાઢી. અને 'કુંદકુંદાચાર્યે' પણ આત્મા શબ્દ ન વાપરતા જીવ શબ્દ વાપર્યો. બીજી ગાથા. સમજાય છે કાંઈ? એ જીવ કહો કે આત્મા કહો, બન્ને એક જ છે. અન્યમતિ જીવ અને આત્મા ભિન્ન કહે છે, એમ નથી. આહાહા..!

કૌંસમાં 'આત્મદ્રવ્યને કારણભૂત...' કૌંસ.. કૌંસ. 'એવા ચૈતન્યમાત્રભાવરૂપી...' ચૈતન્યમાત્ર-ભાવરૂપી. ચૈતન્યમાત્રભાવ. જાણન-દેખનમાત્ર ભાવ સ્વરૂપ આત્મા છે. એ જીવત્વશક્તિ 'ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરવું...' ભાવપ્રાણ. આહાહા..! જીવત્વ શક્તિ ભાવપ્રાણને ધારણ કરનાર છે. આહાહા..! જ્ઞાન, દર્શન, આનંદ આદિ ભાવપ્રાણથી જીવનું જીવન છે. આ શરીરના પ્રાણ, પાંચ ઇન્દ્રિય, મન, વચન ને કાયા, આયુષ્ય અને શ્વાસ એવા દસ પ્રાણ છે. પાંચ ઇન્દ્રિય, મન, વચન, કાયા, શ્વાસોશ્વાસ, આયુષ્ય એ દસ પ્રાણ છે. પણ એ દસ પ્રાણ જડના છે. ચૈતન્યના પ્રાણ આ છે. જીવના પ્રાણ ચૈતન્યપ્રાણ જીવના છે. તેનાથી જીવનું જીવપણું ટકી રહ્યું છે. આહાહા..! આમાં ધર્મ શું હશે? ભાઈ! એક પણ શક્તિ એના લક્ષમાં આવે તો શક્તિવાન લક્ષમાં આવ્યા વિના રહે નહિ. કેમકે શક્તિ અને શક્તિવાન બન્ને એક જ વસ્તુ છે. દ્રવ્યને કારણ વળી બીજું છે એવું કાંઈ નથી. આહાહા..!

'ચૈતન્યમાત્રભાવરૂપ ભાવપ્રાણ...' જુઓ! મન-વચન-કાયા, પાંચ ઇન્દ્રિય એ દ્રવ્યપ્રાણ.

એ તો જડને, શરીરને ધારણ કરે છે. આત્માને એ ધારણ કરતા નથી. 'ભાવપ્રાણનું ધારણ કરવું...' આહાહા..! 'જેનું લક્ષણ છે...' એટલે જેનું સ્વરૂપ છે. જીવત્વ શક્તિનું સ્વરૂપ ભાવપ્રાણનું ધારણ કરવું (તે છે). જ્ઞાન, દર્શન, આનંદ એ ભાવપ્રાણ છે, જડપ્રાણ નહિ. મન-વચન-કાયા, આયુષ્ય એ બધા જડ પ્રાણ છે. એ એને કાંઈ નથી, એને લાગુ પડતું નથી. 'એવી...' આહાહા..! 'ભાવપ્રાણનું ધારણ કરવું...' એ કોણ? જીવત્વ શક્તિ ભાવપ્રાણનું ધારણ કરવું એનું સ્વરૂપ છે. આહાહા..!

'એવી જીવત્વ નામની શક્તિ જ્ઞાનમાત્ર ભાવમાં–આત્મામાં–ઊછળે છે.' એ શું કહે છે? કે, જ્ઞાન લક્ષણ છે અને લક્ષણથી આત્માનું લક્ષ કરવા જાય છે ત્યાં પર્યાયમાં જ્ઞાન સમ્યક્ પ્રગટ થાય છે. તેમાં જીવત્વ શક્તિની પર્યાય પણ ઊછળે છે, આવે છે. આરે..! આવી વાત. આ શેઠને થોડું રહેવાનું છે પછી કીધું, લ્યો આ. આહાહા..! સાંભળે તો ખરા કે આ કાંઈક અંદર રહી જાય છે. આહા..! અત્યારે આ ભરતક્ષેત્રમાં ૪૭ શક્તિ કોઈ સ્થાનમાં, કોઈ ઠેકાણે નથી. આહાહા..!

અને એ શક્તિ સ્વયં પોતે આત્મા છે. આત્મા–આત્માપણું. માણસ નથી કહેતા? તારાપણું. તારી શક્તિનું તેં શું કર્યું? તારાપણું તેં ક્યાં રાખ્યું? અહીં કહે છે કે, જીવનું જીવત્વપણું, જીવનું જીવત્વપણું ચૈતન્યભાવપ્રાણ–જાણન-દેખનભાવપ્રાણ ધારણ કરવા એ જીવની જીવત્વ શક્તિનું સ્વરૂપ છે. એમાં નહિ રાગ, નહિ દયા, નહિ દાન, નહિ વ્રત, નહિ દેવ-ગુરુ-શાસ્ત્ર બિલકુલ નહિ. આહાહા..! એમાં નહિ સ્વાધ્યાય, એમાં નહિ માળા ગણવી, એમાં નહિ કોઈ જાત્રા (કરવી), એમાં નહિ શાસ્ત્ર, શાસ્ત્રને પગે લાગવું એ એમાં નથી. આહાહા..! આકરી વાત છે, પ્રભુ! આ ૧૯ વાર વંચાઈ ગયું છે. શાસ્ત્ર ૧૮ વાર વંચાણું અને આ (શક્તિ) તો એકવાર થઈ ગઈ છે. ઉપરથી આખું લીધું હતું. એ વ્યાખ્યાન છપાશે, 'મુંબઈ' તરફથી. સાત લાખ રૂપિયા ભેગા ત્યાં 'મુંબઈ'માં કર્યા છે. એમાંથી બે પુસ્તક બહાર આવ્યા છે. શક્તિ, નય આદિનું બધું વર્ણન ચાર મહિના કર્યું હતું. એ બધું આવશે. આનો પાર ન મળે, બાપુ! એક શક્તિ... આહાહા..!

કહે છે કે, તારું તારાપણું શું? તારાપણું–સત્ત્વ શું? તારું સત્ત્વ.. તું સત્ છો તો સત્નું સત્ત્વપણું શું? આહાહા..! જીવત્વ શક્તિ તે તેનું સત્ત્વપણું છે. આહાહા..! અને જે જીવત્વ શક્તિ છે એ ચૈતન્યમાત્ર.. ચૈતન્યમાત્ર.. આહાહા..! એમાં કોઈ રાગની ગંધ નથી. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ ચૈતન્યમાત્ર શક્તિમાં નથી. આહાહા..! આ તો અલૌકિક વર્ણન છે. કહ્યું નહિ? શ્વેતાંબરમાં 'દેવચંદજી' છે. પુસ્તક ઘણા બનાવ્યા. આગમસાર ને ચોવીસ તીર્થંકરની સ્તુતિ. ઘણું વર્ણન કર્યું છે. એનામાં શ્વેતાંબરમાં પંડિત ગણાય. એ આ શક્તિ કરવા ગયા હતા, પણ આ જીવત્વ શક્તિ પહેલી નહોતી આવી. પાંચ, સાત નામ આપ્યા પણ નામ પોતાની કલ્પનાથી (આપ્યા). આ તો મુદ્દાની રકમની પહેલી વાત છે. એ વાત

તો એને યાદ પણ ન હોય. આહાહા..! કરવા ગયા પણ પહેલી જીવત્વ શક્તિ ન મુકી. પાંચ, સાત કરી છે પછી છોડી દીધી. બની શકી નહિ. આ મુનિઓ તો કેવળજ્ઞાનના દીકરા છે. 'ગૌતમ' ભગવાનના પુત્ર છે. ગણધર એ પુત્ર છે. આહાહા..! શાસ્ત્રમાં પાઠ છે. સર્વજ્ઞપુત્ર. સર્વજ્ઞના પુત્ર. આહાહા..! કે જે સર્વજ્ઞની ઋદ્ધિ વારસો બધો રાખ્યો. આહાહા..!

અહીંયા એ કહે છે, 'ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે એવી જીવત્વ નામની શક્તિ જ્ઞાનમાત્ર ભાવમાં–આત્મામાં–ઊછળે છે.' એ શું કહ્યું? કે આ જે જ્ઞાન છે ને? જ્ઞાન લક્ષણ, તો જ્ઞાન એ આત્મા એમ કહ્યું હતું. જ્ઞાન તે આત્મા કહ્યું હતું. તો શું જ્ઞાન એકલું છે? કે, ના. જ્ઞાનમાત્ર આત્મા એવો જ્યાં અનુભવ થયો ત્યાં જ્ઞાનમાત્રમાં આ જીવત્વ શક્તિની પર્યાય પણ ઊછળે છે. જેમ જ્ઞાનની પર્યાય દ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ દેવાથી, ત્રિકાળી ઉપર દૃષ્ટિ દેવાથી, જ્ઞાયક ઉપર દૃષ્ટિ દેવાથી જેમ જ્ઞાન પરિણતિ-પર્યાય ઉત્પન્ન થાય છે, તેની સાથે જીવત્વ શક્તિ ઊછળે છે. તેની સાથે જીવત્વ શક્તિ પણ પર્યાય તરીકે પ્રગટ થાય છે. આહાહા..! એની મેળાએ વાંચે તો કાંઈ સમજાય એવું નથી, શેઠિયા!

મુમુક્ષુ :– ૧૯૬૨ માં આ શક્તિ સાંભળેલી.

ઉત્તર :– ચાલી હતી. આ શક્તિ તો વીસમી વાર વંચાય છે. ૧૯ વાર વંચાઈ ગઈ છે. આહાહા..! અરે..! મુદ્દાની રકમ છે.

એક જરીક વિચાર બીજો આવ્યો કે આ જે જીવત્વ શક્તિ છે, ભાવપ્રાણ એ આ શરીરમાં રહે છે તે આયુષ્યને કારણે નહિ. એમાં રહેવાની લાયકાતથી ચૈતન્ય ભાવપ્રાણની પર્યાય જેટલી અહીંયા રહેવાને લાયક છે તેટલી શરીરમાં આયુષ્ય વિના પોતાને કારણે રહે છે. ભાવપ્રાણને કારણે અહીંયા રહે છે. દ્રવ્યપ્રાણને કારણે શરીરમાં આત્મા રહેતો નથી. આહાહા..! અરે..! મુનિઓ આવી વસ્તુ મુકી ગયા, વારસો મુકી ગયા છે. એને વાંચવો પણ નહિ, વિચારવો નહિ... આહાહા..!

'જ્ઞાનમાત્ર ભાવમાં...' એમ કહ્યું ને? જ્ઞાન લીધું હતું ને? જ્ઞાન લક્ષણ અને આત્મા લક્ષ્ય એમ લીધું હતું. જ્ઞાન લક્ષણ અને આત્મા લક્ષ્ય. લક્ષણથી લક્ષ્ય પકડાયું. પકડાય છે તો સાથે જીવત્વ શક્તિનું પરિણમન પણ આવ્યું. જ્ઞાનનું પરિણમન થયું, જ્ઞાન લક્ષણે લક્ષિત દ્રવ્યનું લક્ષ્ય કર્યું તો જ્ઞાન એટલે સમ્યગ્જ્ઞાન, ચૈતન્યની પરિણતિ થઈ, એની સાથે જીવત્વ શક્તિની પરિણતિ પણ ઊછળે છે એટલે ઉત્પન્ન થાય છે. આહાહા..! એક લીટીમાં કેટલું ભર્યું છે! આહાહા..! આ વાણિયા ચક્રવર્તી વ્યાજ કાઢવા હોય તો કાઢે. ચક્રવર્તી વ્યાજ સમજ્યા? પાંચ લાખ રૂપિયા આપ્યા હોય, આઠ આને આપ્યા હોય, પહેલા તો આઠ આના (વ્યાજ) હતું અત્યારે દોઢ ટકા (થઈ ગયા). એ આઠ આના તરીકે એક એક દિવસનું વ્યાજ લઈ, બીજા દિવસનું વ્યાજ ભેળવી એનું વ્યાજ ગણે. એમ ચક્રવર્તી વ્યાજ બાર મહિના સુધીનું (કાઢે). એ બધું વાણિયાને કરતા આવડે. આહા..! આ તો આત્મ-રાજ છે, એ ચક્રવર્તી

રાજ છે આ આત્મ-રાજ છે. આહાહા..!

ભગવાન આત્મા.. જ્ઞાન લક્ષણે લક્ષિત કહ્યું તો એકલું જ્ઞાનનું જ પરિણમન થાય છે એમ નથી અને આત્મા એકલો જ્ઞાનમાત્ર જ છે એમ પણ નથી. જ્ઞાનમાત્ર કહેવાથી રાગાદિ પણ નહિ એમ કહેવા માટે જ્ઞાનમાત્ર કહ્યું હતું. પણ જ્ઞાનમાત્રમાં બીજા અનંત ગુણ નથી એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

જ્ઞાનમાત્ર ભાવમાં એટલે જીવત્વ નામની શક્તિ.. જાણન શક્તિથી જ્યાં ભગવાનને પકડ્યો, રાગથી પકડાતો નથી, નિમિત્તથી પકડાતો નથી, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિથી ત્રણ કાળમાં પકડાતો નથી. એ તો પોતાની જીવત્વ શક્તિથી અથવા જ્ઞાન લક્ષણથી પકડાય છે. જ્યારે જ્ઞાન લક્ષણ.. પર્યાયમાં, જ્ઞાન લક્ષણ અવસ્થા. એ લક્ષણની પર્યાયથી જ્યારે આત્મા પકડાયો તો એ જે સમ્યગ્જ્ઞાનનું પરિણમન થયું એ સમ્યગ્જ્ઞાનનું નામ અહીંયા જ્ઞાનમાત્ર ભાવ (કહ્યું). અર્થાત્ આત્મામાં. એમ લીધું. જ્ઞાનમાત્ર ભાવ એટલે એકલું જ્ઞાન નહિ. આત્મા સાથે લીધો. જ્ઞાનમાત્ર ભાવમાં આખો આત્મા આવી જાય છે. આહાહા..! ઓહોહો..! આવી વાતું. આહાહા..!

જ્ઞાનમાત્ર ભાવમાં અર્થાત્ આત્મામાં જ્ઞાન લક્ષણથી જે આત્મા લક્ષમાં લીધો તો જ્ઞાનની પરિણતિ થઈ તો સાથે જીવત્વ શક્તિનું પરિણમન સાથે આવ્યું. જ્ઞાનની પર્યાયમાં જીવત્વ શક્તિનું પરિણમન પણ સાથે આવ્યું. પરિણમન, હોં! પર્યાય. જાણન શક્તિથી આત્મા જણાયો તો એ જ્ઞાનની સમ્યક્ પરિણતિ થઈ તે જ્ઞાનની સાથે જીવત્વ શક્તિ સાથે આવે છે. જીવત્વ શક્તિ પણ સાથે આવે છે. આહાહા..! એ એક બોલ થયો. અડધો કલાક થયો. એક શક્તિમાં અડધો કલાક થયો. આહાહા..! પાર નથી, અંદર ગંભીરતાનો તો પાર નથી. આહાહા..!

આત્માનું કારણ કહ્યું તો આત્મા કાર્ય અને આ કારણ એમ છે? એમ નથી. એ તો બતાવે છે કે આત્મામાં જીવત્વ શક્તિ છે, એ ત્રિકાળી આત્મા જેમ છે તેમ જીવત્વ શક્તિ ત્રિકાળી છે. એ જ્ઞાનથી જ્યારે દ્રવ્ય પકડાયું તો એ જીવત્વ શક્તિ જે શક્તિરૂપ હતી, ભાવપ્રાણરૂપ શક્તિ હતી તે જ્ઞાનની પરિણતિમાં તેની પરિણતિ ઊછળે છે. જીવત્વ શક્તિની પર્યાય ઊછળતી એટલે ઉત્પન્ન થાય છે. આહાહા..! કોઈ દિ' સાંભળ્યું નથી. એય શેઠ! '...' આહાહા..! ધંધા.. ધંધા.. ધંધા.. અને એમાં બહારમાં કલાક જાય તો ભક્તિ કરે કાં ભગવાનની પૂજા કરે કાં માળા ગણે. આહાહા..! આ માળા ગણ, પ્રભુ!

ચૈતન્ય ભગવાન જ્ઞાન સ્વભાવે જણાય એવો જ્યારે જ્ઞાનની પર્યાયમાં જણાયો તો એકલી જ્ઞાનની પર્યાય ન પરિણમી, એકલી જ્ઞાનની પર્યાય ન થઈ. આહાહા..! તેની સાથે જીવત્વ શક્તિ પણ ઊછળે છે. આત્મામાં કહો કે જ્ઞાનમાત્ર ભાવમાં કહો. એ જીવત્વ શક્તિ ઊછળે છે. ભાષા જુઓ! આહાહા..! આ દૂધ છે ને? દૂધ. દૂધમાં જ્યારે ઉભરો આવે છે, નીચે અગ્નિ મૂકે તો ઉભરો આવે પણ એ દૂધ પોલું છે. એ દૂધ નથી, દૂધ તો પાંચ શેર છે

એ છે. ઉભરો આવ્યો તોપણ પાંચ શેર રહ્યું. આ ઉભરો આવ્યો તો મજબુત થયું એમ કહે છે. આહાહા..! જીવત્વ શક્તિનો અંદરથી ઉભરો આવ્યો, ઊછળી. જ્ઞાન લક્ષણે જ્યાં આત્માને લક્ષિત કર્યો ત્યાં જીવતર શક્તિ ઊછળી, ઊભરો આવ્યો. (દૂધનો) ઉભરો પોલો છે, આ મજબુત છે. આહાહા..! એક શક્તિ થઈ.

अजडत्वात्मिका चितिशक्तिः २। અજડત્વસ્વરૂપ ચિતિશક્તિ. (અજડત્વ અર્થાત્ ચેતનત્વ જેનું સ્વરૂપ છે એવી ચિતિશક્તિ.) ૨.

'અજડત્વસ્વરૂપ ચિતિશક્તિ.' દરેકમાં જ્ઞાન તો સાથે છે. જ્ઞાન લક્ષણે લક્ષિત થયો તો સાથે અજડત્વસ્વરૂપ. 'અજડત્વ અર્થાત્ ચેતનત્વ જેનું સ્વરૂપ છે...' એમાં જડપણું બિલકુલ નથી. શરીર, વાણી, મન તો જડ છે પણ દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત આદિના પરિણામ પણ જડ છે. ૭૨ ગાથામાં આવી ગયું છે, જડ છે. અહીંયા અજડત્વ શક્તિ. આહાહા..! રાગપણાની શક્તિ એમાં નથી. એ તો જડ છે. વ્રત, નિયમ આદિ જે શુભ પરિણામ એ જડ છે. એ જડ આત્મામાં નથી. આત્મામાં તો અજડત્વ સ્વરૂપ ચિતિ-જાણન શક્તિ (છે).

પહેલામાં પણ જ્ઞાન તો આવ્યું હતું. જીવત્વ શક્તિમાં જ્ઞાન, દર્શન પ્રાણ આવ્યા હતા. જ્ઞાન લક્ષણે લક્ષિતમાં પણ આવ્યું અને આમાં પણ જ્ઞાન આવ્યું. આહાહા..! અજડત્વસ્વરૂપ ચિતિશક્તિ. 'અજડત્વ અર્થાત્ ચેતનત્વ જેનું સ્વરૂપ છે...' ચેતન એની શક્તિ છે. આહાહા..! ચિતિ-ચેતન. ચિતિ-ચેતન જેની શક્તિ છે એવી બીજી ચિતિશક્તિ છે. એ ચિતિશક્તિ પણ જ્ઞાન લક્ષણથી જ્યાં દ્રવ્યનું લક્ષ કર્યું તો ચિતિશક્તિ પણ જ્ઞાનની પર્યાયમાં ઊછળે છે. ચિતિશક્તિ પણ જ્ઞાન પર્યાયમાં સાથે ઉત્પન્ન થાય છે. આહાહા..! આવી વાત છે. સાધારણને બેસે નહિ તેથી હો..હા.. હો..હા કરે. ગજરથ કાઢવા ને વરઘોડા કાઢવા, વરઘોડામાં દસ-દસ લાખ ખર્ચે એટલે ઓહોહો..! આમ હાથી ને ઉપર રાજકુમાર બેસાડે, ભગવાનના ફેરા ફરે ને મેરુ પર્વત બનાવે, આવું દેખાય પણ એ બધી ક્રિયા હું કરું છું એ માન્યતા મિથ્યાત્વ છે. એ તો ઠીક પણ એમાં જે શુભભાવ થાય છે એ ચૈતન્ય શક્તિની સાથે ઊછળતા નથી. એમાં નથી ને. આહાહા..! સમજાય છે કાંઈ?

'અજડત્વસ્વરૂપ ચિતિશક્તિ.' આહાહા..! જાણન શક્તિ જે ત્રિકાળી છે અને દર્શન ભેગી, હોં! ચિતિમાં બન્ને લેવા, જ્ઞાન અને દર્શન બન્ને લેવા. એ બન્ને શક્તિરૂપ એક ચિતિશક્તિ છે. જ્ઞાનથી જ્યાં આત્મા જણાય છે, રાગથી, નિમિત્તિથી, સંયોગથી જણાતો નથી, ત્યારે એ જ્ઞાનની સમ્યક્ પરિણતિ થઈ તેની સાથે ચિતિશક્તિ પણ ઊછળે છે, પર્યાયમાં ચિતિશક્તિ પણ પ્રગટ થાય છે. પર્યાયમાં, હોં! શક્તિ તો ગુણ છે. શક્તિ તો ત્રિકાળી ધ્રુવ ગુણ છે. પણ જ્ઞાને જ્યાં અંતર દ્રવ્યને પકડ્યું તો સર્વ અનંત ગુણને પકડ્યા. તે કારણે

ચિતિશક્તિ જ્ઞાનની શક્તિની પરિણતિ સાથે ચિતિશક્તિ ઊછળે છે. આહાહા..! પર્યાયમાં આવે છે. શક્તિ તો શક્તિ છે. ચિતિશક્તિ ઊછળે છે એમ બધામાં લેવું. આહાહા..! હવે આવું વ્યાખ્યાન. બહારનું જેટલું કાંઈ કરવાનું હોય એ માહેલું તો આમાં કાંઈ વાત આવે નહિ, ઊલટાનો નિષેધ આવે. નિષેધ નામ એ તો થાય છે એને કારણે, તારે કારણે નહિ. આહાહા..! તારે કારણે થાય તો આ. આહાહા..!

જ્ઞાનની પરિણતિની પર્યાયની સાથે.. આહાહા..! જીવત્વ શક્તિ પણ પર્યાયમાં ઉત્પન્ન થાય છે. પર્યાયમાં, હોં! અને ચિતિશક્તિ પણ પર્યાયમાં ઊછળે છે, ઉત્પન્ન થાય છે. આહાહા..! 'અમૃતચંદ્રાચાર્યે' ગજબ કામ કર્યું છે. આહાહા..! આવા શબ્દો અને આવા ભાવ ગજબ વાત છે. એની ઊંડપનો ક્યાંય પત્તો ખાય નહિ, એટલી એમાં ગંભીરતા ભરી છે.

મુમુક્ષુ :– એ તો લખી ગયા હતા, પ્રગટ તો આપે કર્યું.

ઉત્તર :– એ પ્રગટ કરી ગયા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ત્રણ વાત આવી. કઈ ત્રણ? શક્તિ તો બે હતી પણ ત્રણ વાત કઈ આવી? જ્ઞાનની પર્યાય વડે જ્યાં દ્રવ્ય પકડાયું ત્યાં દ્રવ્યમાં રહેલી શક્તિઓ ઊછળે છે તો દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે આવી ગયા. આહાહા..! સમજાય છે કાંઈ? દ્રવ્ય એટલે વસ્તુ આત્મા, આ શક્તિ એટલે એનું સત્ત્વ–ગુણ, સત્‌નું સત્ત્વ–કસ.. કસ. આહાહા..! શું કહેવાય પેલું લાકડું? ઊંચું લાકડું થાય છે ને? નામ પણ ભૂલી જવાય છે. સીસમ. એ સીસમ લાકડામાં ઉપર પોલું હોય અને અંદર કઠણ હોય, બહુ કઠણ હોય. ચીકાશથી ભરેલું. એકલો માલ. ઉપર લાકડું સામાન્ય હોય, અંદર ભરેલું હોય. એમ આ ઉપરમાં રાગાદિ છે તે બીજી ચીજ છે, અંદરમાં સીસમ છે. આહાહા..! એ ચિતિશક્તિ.

નામ ભલે બે આપ્યા પણ એ બન્ને એક જ સમયમાં છે, સમય જુદા નથી. એક સમયમાં જ્ઞાનનું પરિણમન થયું–ધર્મ, સમ્યગ્દર્શનપૂર્વક જ સમ્યગ્જ્ઞાન હોય છે. આ શક્તિમાં સમ્યગ્દર્શન અને ચારિત્ર શક્તિ નહિ આવે. કેમ? કે એ શક્તિ સુખશક્તિમાં સમાવી દીધી છે. આનંદશક્તિમાં સમ્યગ્દર્શન અને ચારિત્ર (બન્ને સમાવી છે). કારણ કે બન્ને આનંદ છે. (દ્રવ્ય) પર દૃષ્ટિ જતાં જ્યારે આનંદ નામનો ગુણ ઊછળે છે તો સાથે જ્ઞાન, આનંદ ને સમકિતની પર્યાય ઉત્પન્ન થાય છે. આહાહા..! ચિતિશક્તિ, બે શક્તિ થઈ.

**અનાકારોપયોગમયી દૃશિશક્તિઃ ૩। અનાકાર ઉપયોગમયી દૃશિશક્તિ. (જેમાં જ્ઞેયરૂપ આકાર અર્થાત્ વિશેષ નથી એવા દર્શનોપયોગમયી-સત્તામાત્ર પદાર્થમાં ઉપયુક્ત થવામયી-દૃશિશક્તિ અર્થાત્ દર્શનક્રિયારૂપ શક્તિ.) ૩.**

ત્રીજી. 'અનાકાર ઉપયોગમયી દૃશિશક્તિ.' શું કહે છે? આત્મામાં એવો એક દર્શન

ગુણ છે. દર્શન ગુણ, સમકિત નહિ, દર્શન ગુણ. કે નિરાકાર-અનાકાર (છે). એ શક્તિ કોઈ ચીજને ભેદ પાડીને જાણતી નથી. અનાકાર-આકાર નહિ-ભેદ નહિ-વિશેષતા નહિ. આખી દુનિયા લોકાલોક છે, બસ! અનાકાર, આકાર વિના. આ જીવ છે ને આ જડ છે ને આ ગુણ એમ કાંઈ નહિ. એવી એક અનાકાર ઉપયોગમયી આત્મામાં શક્તિ છે. આહાહા..! અનાકાર એટલે આકાર નહિ, આકાર નહિ એટલે જુદાઈ નહિ, ભિન્ન ભિન્ન નહિ. આહાહા..! 'ઉપયોગમયી...' એક સ્વરૂપમાં ઉપયોગમયી સત્તા છે. બસ! એનું લક્ષણ 'છે' એટલું દર્શન ઉપયોગનું કાર્ય છે. આહાહા..! જે સમયે જ્ઞાનની પરિણતિ થઈ તે સમયે ચિતિની થઈ, એ સમયે અનાકાર દર્શનની પણ પરિણતિ થઈ.

'અનાકાર ઉપયોગમયી દશિશક્તિ.' જોયું? દશિશક્તિ. આહાહા..! દર્શનક્રિયારૂપ શક્તિ એમ કહે છે. પરિણતિ લેવી છે ને? દર્શનક્રિયારૂપશક્તિ. આહાહા..! છે તો ત્રિકાળ પણ એ નિરાકાર નામ કોઈ ચીજને ભેદ પાડીને જાણવું એ એનો સ્વભાવ નથી. એ તો સત્તા-મહાસત્તાને જોવી, 'છે' બસ! એટલું. એ અનાકાર ઉપયોગમયી (દશિશક્તિ). આહાહા..! છે?

'(જેમાં જ્ઞેયરૂપ આકાર અર્થાત્ વિશેષ નથી...)' શું કહે છે? અંદર એવી એક શક્તિ છે, અનાકાર ઉપયોગ કે જેમાં જ્ઞેય કે આ દેવ છે ને આ કુદેવ છે ને આ જડ છે ને આ ચૈતન્ય છે એવા 'જ્ઞેયરૂપ આકાર...' જાણવાલાયક ચીજના આકાર એટલે વિશેષ-ભેદ નથી. આહાહા..! આવી વાત છે. શું કહ્યું?

જ્ઞાનની પરિણતિ સાથે એવી એક પરિણતિ ઉત્પન્ન થાય છે, શક્તિ તો ત્રિકાળ છે, પણ એ શક્તિ પણ જ્ઞાનની શક્તિ જ્યાં દ્રવ્યનું લક્ષ કરીને પરિણમે છે તો એ અનાકાર ઉપયોગમયી.. અનાકાર એટલે વિશેષ કંઈ નહિ. આ જીવ છે ને આ જીવનો ગુણ છે ને આ જડ છે, એવા વિશેષ કંઈ નહિ. આહાહા..! છે? 'જ્ઞેયરૂપ આકાર અર્થાત્ વિશેષ નથી...' જ્ઞેયને 'છે' એમ માને છે પણ વિશેષ નહિ કે આ ભગવાન છે ને આ નિગોદનો જીવ છે ને આ ત્રસ છે, એવા ભેદ નહિ. આહાહા..! આ તો શેઠને લઈને આ થોડું લેવું પડ્યું કે થોડું લઈ જાય. નહિતર અત્યારે તો બેનનું વાંચતા હતા ને! આહાહા..!

જે કંઈ જગતમાં જાણવાલાયક અનંતી ચીજ છે, એ અનંતી ચીજમાં અનાકાર ઉપયોગમાં કોઈ વિશેષ નહિ, કોઈ ભેદ નહિ કે આ સિદ્ધ છે ને આ નિગોદ છે, એવા ભેદ નહિ. આખો લોકાલોક છે. એ લોકાલોક છે એમ પણ નહિ. આહાહા..! છે. એવી સત્તા અનાકાર ઉપયોગમયી છે. આહાહા..! ગજબ વાત છે.

'અધ્યાત્મ પંચ સંગ્રહ' માં 'દીપચંદજી'એ લીધું છે. જેણે આ 'ચિદ્‌વિલાસ', 'અનુભવ પ્રકાશ' આદિ બનાવ્યા. એક સમયમાં સર્વદર્શીશક્તિ ભેદ પાડ્યા વિના (પરિણમે છે). હું જીવ છું, આ જડ છે એમ પણ નહિ. છે, એવી એ શક્તિનું પરિણમન પણ છે એવી શક્તિનું પરિણમન છે. અને તેની સાથે જ્ઞાનશક્તિ જે છે તે બધાને ભેદ પાડી પાડીને જાણે

છે. આ જીવ છે, આ જડ છે, આ જીવનો ગુણ છે, જીવની પર્યાય છે, જડનો ગુણ છે. બધું ભેદ પાડીને (જાણે છે). એક સમયમાં બે પર્યાય–એક દર્શનપર્યાય અને એક જ્ઞાનપર્યાય. એક અનાકાર અને એક આકાર. આહાહા..! ત્યાં તો એણે એ નાખ્યું છે–અદ્ભૂત રસ, અદ્ભૂત રસ. આહાહા..! ખ્યાલમાં આવવું મુશ્કેલ પડે. શું કહે છે?

એવી એક શક્તિ છે કે કોઈપણ ગુણ અને કોઈપણ દ્રવ્યનો ભેદ કરતી નથી, જુદાઈ કરતી નથી, વિશેષ કરતી નથી. એવી એક શક્તિ, અનાકાર ઉપયોગ એટલે વિશેષ વિનાનો ઉપયોગ, અનાકાર એટલે વિશેષ વિનાનો ઉપયોગ, એવી અનાકાર ઉપયોગમયી શક્તિ. આહાહા..! ગજબ છે ને! 'જ્ઞેયરૂપ આકાર અર્થાત્ વિશેષ નથી...' છ દ્રવ્ય છે અને આ જીવદ્રવ્ય છે અને બીજા પાંચ જડ છે, એવા ભેદ નહિ. એવી એ દર્શનશક્તિ ભગવાન આત્મામાં જીવમાં જીવપણું.. આહાહા..! લોકોમાં કહે છે ને? તારામાં હોય તેટલું બળ વાપરી લે. તારામાં જેટલું જોર હોય તે કરી લે. એમ આ કહે છે કે, આત્મામાં આટલું જોર છે. આહાહા..! આવી વાતું.

'આકાર અર્થાત્ વિશેષ નથી...' એટલે શું? અનાકાર ઉપયોગમાં છ દ્રવ્યમાં વિશેષ નહિ. અનાકાર એટલે વિશેષ વિનાની એક સત્તા. છે એવી સત્તા નામનો એક ગુણ છે. આહાહા..! આહાહા..! 'એવા દર્શનઉપયોગમયી...' દર્શનઉપયોગમયી. 'સત્તામાત્ર પદાર્થમાં...' સત્તામાત્ર–છે એટલું માત્ર. 'સત્તામાત્ર પદાર્થમાં ઉપયુક્ત...' એટલે ઉપયોગ થવાવાળી 'દશિશક્તિ...' આહાહા..! 'અર્થાત્ દર્શનક્રિયારૂપશક્તિ.' ભાષા જુઓ! અંદર દર્શનક્રિયારૂપશક્તિ, હોં! આહાહા..! આત્મામાં આ દર્શનક્રિયારૂપશક્તિ એક અંદર છે. એ જ્યારે જ્ઞાનની પરિણતિ–પર્યાય જ્યારે સમ્યગ્દર્શન થયું, સ્વદર્શન સ્વની દૃષ્ટિથી (થયું) તેની સાથે અનાકાર ઉપયોગમયી પર્યાય, જ્ઞાનની પર્યાય સાથે ઊછળે છે. જેવું સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું ત્યાં અનંતા ગુણની અનંતી પર્યાય ઊછળે છે, ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થાય છે એને પર્યાય કહે છે. ગુણ અને દ્રવ્ય ઉત્પન્ન થતા નથી. સમજાય છે કાંઈ?

દ્રવ્ય અને ગુણ તો ત્રિકાળ રહે છે પણ જ્યાં જ્ઞાને અંદરમાં જ્ઞાયકને પકડ્યો, એનું તળિયું જ્ઞાને પકડ્યું. પોતાના સ્વભાવનું તળિયું પકડ્યું તો એ પર્યાયમાં સમ્યગ્જ્ઞાન થયું એ એકલી સમ્યગ્જ્ઞાનની પર્યાય નથી, એની સાથે અનંતી પર્યાય ઊછળે છે. એમાં આ ચિતિશક્તિ પણ ઊછળે છે. આહાહા..! છે તો દર્શનક્રિયારૂપશક્તિ, દર્શનક્રિયારૂપશક્તિ. પરિણતિ નહિ, હોં! શક્તિ ત્રિકાળ. આહાહા..!

ક્રિયા ગુણ એક કીધો છે ને? ભાઈ! ૪૭ માં. જે પર્યાયમાં વિપાક–કર્મની વિકૃત દશા થાય છે તેનાથી રહિત એકલી નિર્મળ પરિણતિ ઉત્પન્ન થાય છે એવી એક ક્રિયા નામની શક્તિ છે. શું કહ્યું? આત્મામાં એક ક્રિયા નામની શક્તિ છે. આગળ આવશે. જે શક્તિથી એકલી નિર્મળ પરિણતિ ઉત્પન્ન થાય છે. આહાહા..! એ ક્રિયાશક્તિ, દશિશક્તિની ક્રિયા

શક્તિ એ બધાનો પિંડ પ્રભુ આત્મા (છે). એ આત્માને પકડીને જ્યાં આત્માનો સ્વીકાર થયો અને આત્માનું દર્શન થયું.. આહાહા..! ત્યારે આ અનાકાર ઉપયોગનું પણ પર્યાયમાં પરિણમન, જ્ઞાનની પર્યાય સાથે આનું પણ પરિણમન ઉત્પન્ન થાય છે. આહાહા..!

પાછી ભાષા કેવી છે? દશિશક્તિ શબ્દ છે ને? દશિશક્તિ. દર્શન સ્વભાવ એમ નથી લીધું, દર્શન સ્વભાવ એમ નથી લીધું. ભાઈ! દશિશક્તિ. એટલે દશિશક્તિમાં ક્રિયા આવી ગઈ. આહાહા..! દર્શન શક્તિ એમ ન લીધું. સમજાય છે કાંઈ? દશિશક્તિ. આહાહા..! દશિશક્તિ એટલે દર્શનક્રિયારૂપ શક્તિ. આહાહા..! ત્રિકાળ, હોં! એવી અંદર આત્મામાં શક્તિ છે, ત્રિકાળ દર્શનમયી ક્રિયા શક્તિ કે જેનું, જ્ઞાન લક્ષણે લક્ષિત, લક્ષણે જ્યાં દ્રવ્યનું લક્ષ કર્યું તો એ અનાકાર ઉપયોગમયી પરિણતિ પણ જ્ઞાનની પરિણતિની સાથે ઊછળે છે, ઉત્પન્ન થાય છે. એ એક જ ગુણની પર્યાય ઉત્પન્ન થાય છે એમ નહિ. આહાહા..! એવી દર્શનક્રિયારૂપ શક્તિ. ત્રણ થઈ ને? જીવત્વશક્તિ, ચિતિશક્તિ, દશિશક્તિ-ત્રણ થઈ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

પ્રવચન નં. ૪૮૩ શક્તિ ૩, ૪, ૫ મંગળવાર, ભાદરવા વદ ૧૪, તા.૦૭-૧૦-૧૯૮૦

---

નોંધ :- મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' શક્તિનો અધિકાર છે. ત્રણ શક્તિ થઈ. એનું તાત્પર્ય શું છે? આ શક્તિઓ જે છે એ આત્મામાં ગુણરૂપ શક્તિ છે. એ કોઈ નવી ઉત્પન્ન થઈ છે એમ નથી. અનાદિ આત્મામાં અનંત શક્તિનો ભંડાર ભગવાન (છે) પણ એનું લક્ષ, દૃષ્ટિ કરવી એને માટે આ શક્તિનું વર્ણન છે. અંદર ભગવાનમાં નિધાન ભર્યું છે તો બહારની દૃષ્ટિ છોડ, પ્રભુ! અંદરમાં દૃષ્ટિ લગાવી દે તો તને આનંદ અને શાંતિ મળશે. આહાહા..! આ શક્તિનું વર્ણન કરવાનો હેતુ આ છે. અંદર શક્તિનું નિધાન ભર્યું છે એ તરફ તો તારી નજર નથી. આહાહા..! એ તરફની તારી ચિંતા નથી.

એક ફેરી (વખતે) કબીર, અમે તો દુકાન ઉપર સમાચાર મગાવતા હતા. તે દિ', હોં! સંવત ૧૯૬૩, ૧૯૬૪, ૧૯૬૫ દુકાન ઉપર (મંગાવતા). 'કબીર' ની ચોપડી (મંગાવેલી). 'વાડીલાલ મોતીલાલ' સ્થાનકવાસી ખરા ને એટલે એને કબીરનું પુસ્તક ભેટ આપ્યું. માસિક મગાવે ને? એમાં એક કડી લખી હતી, કબીર.. કબીર.. 'સુખીયો સબ સંસાર ખાઈ-પીને સૂવે, દુઃખિયો દાસ કબીર જબ જાગે તબ રોવે.' શું કહ્યું? 'સુખીયો સબ સંસાર' ખાઈ-

પીને નિરાંતે ઉંઘમાં સૂવે છે. ચિંતા નથી કે મારું શું થશે? આહાહા..! ભવભયથી ડર નહિ. ખાઈ-પીને સ્ત્રી, વિષય આદિ (ભોગવે). 'સુખીયો સબ સંસાર' એમ લખેલું. સુખીયો.

મુમુક્ષુ :– આપ કહો છો કે દુઃખીયો.

ઉત્તર :– એ પણ મશ્કરી કરે છે. એક સુખીયા કહીને મશ્કરી કરે છે. દુનિયા સુખ માની અને પોતાની ચિંતા છોડી પરની ચિંતામાં મશગુલ છે. 'દાસ કબીરો...' આહાહા..! 'સુખીયો સબ સંસાર, ખાઈ પીને સૂવે, દુઃખીયો દાસ કબીર' હું દુઃખી છું. નિંદ્રા બે-ચાર-છ કલાક નિંદ્રા આવે છે. અરે..રે..! મારી નિંદ્રામાં મારી આત્માની ચિંતા ગઈ. મેં આત્માની ચિંતા છોડીને નિંદર લઈ લીધી. 'દુઃખીયો...' હું દુઃખીયો છું. આહાહા..! મારી ચિંતા છોડીને હું નિંદ્રામાં આવી ગયો. આહાહા..! એ વખતે (સંવત) ૧૯૬૪ કે ૧૯૬૫ ની સાલની વાત છે. 'કબીર' નું પુસ્તક ભેટ આવ્યું હતું. બધું વાંચતા હતા. એ વખતે એમાં આ આવ્યું હતું. એ 'વાડીલાલ મોતીલાલ' સ્થાનકવાસી હતા ને તો એણે આ નાખ્યું. પ્રતિમા પૂજે, મૂર્તિ પૂજે તો... આહાહા..! ભગવાન મળે તો હું પૂજું મોટા પહાડ. સ્થાનકવાસી હતા ને! આ ૧૯૬૪ ની સાલની (વાત છે). 'મૂર્તિ પૂજે હરિ મિલે તો મૈં પૂજું મોટા પહાડ' આહાહા..! આ વીતરાગ માર્ગ તો કોઈ બીજી ચીજ છે. આહાહા..! વીતરાગ માર્ગમાં તો એ શુભભાવ આવે છે. મૂર્તિપૂજાના, ભક્તિના ભાવ અશુભથી બચવા આવે છે, ધર્મ નથી. આહાહા..! એકાંત નથી. અનેકાંત આ કહે છે કે શુભભાવ થાય છે પણ એ ધર્મ નથી. એ અનેકાંત છે.

આ શક્તિના વર્ણનમાં એ આવ્યું. પહેલી શક્તિ જીવતર શક્તિ કહી. પોતાનું જીવનપણું તો અંતરમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ પ્રાણથી જીવ જીવે છે એ પોતાનું જીવન છે. આહાહા..! પોતાના સ્વરૂપના જીવનથી જીવવું એ ધર્મીનું જીવન સફળ છે અને પોતાના આનંદ અને જ્ઞાન સ્વરૂપ જીવત્વ–જીવપણું, અંદર અનંત ગુણનું જીવપણું, આનંદ, જ્ઞાનથી જે જીવતો નથી.. આહાહા..! એ તો મડદાં છે.

'અષ્ટપાહુડ' માં 'કુંદકુંદાચાર્યે' કહ્યું છે, 'અષ્ટપાહુડ' છે ને? એમાં કહ્યું છે. જેને આ દેહમાં ભગવાન બિરાજે છે એની જેને ખબર નથી, જ્ઞાન નથી, ઓળખાણ નથી, અનુભવ નથી.. 'કુંદકુંદાચાર્ય' કહે છે. ભગવાન પાસે ગયા હતા, દિવ્યધ્વનિ સાંભળી હતી એ કહે છે. આહાહા..! કે આ ભગવાન આત્માને જે જાણતા નથી, ઓળખતા નથી એ ચાલતા મડદાં છે. મડદાને તો બીજા ઉપાડે, આ ચાલતા મડદાં છે. આહાહા..! જેણે આ દેહમાં ભગવાન અનંત શક્તિનો પિંડની ઓળખાણ કરી નથી, એની દરકાર નથી, ચિંતા નથી.. અરે..! મારી અનાદિ સત્તા છે. હું ક્યાં રહીશ? એવી ચિંતાવાળાને આ વાત કહે છે. એક જીવતર શક્તિ કહી.

બીજી, અજડત્વરૂપ ચિતિશક્તિ. આહાહા..! ચૈતન્ય શક્તિ અનાદિથી આત્મામાં છે. એ શક્તિ માટે, એના જ્ઞાન માટે બહારના પુસ્તકના પાનાની જરૂર નથી એમ કહે છે. આહાહા..! પુસ્તક પાછું રાખવું પડે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! નિમિત્ત તો

છે પણ એ નિમિત્તથી થતું નથી. આહાહા..!

ચિતિશક્તિ, ચિતિ ગુણ, ચૈતન્ય સ્વભાવ એવો પોતાનો સ્વભાવથી આત્મા ત્રિકાળ ટકી રહ્યો છે. ધર્મી જીવને ચિતિશક્તિનો ધરનાર પ્રભુ ચૈતન્યમાં દૃષ્ટિ આપવી, એનો સ્વીકાર કરવો, એનો સત્કાર કરવો અને એનો અનુભવ કરવો એને માટે આ કહેવામાં આવે છે. અત્યારે તો બહારની ધમાલ (ચાલે છે). આહાહા..! હમણા આ બાહુબલીનું થવાનું છે ને? હજાર વર્ષ (થયા). ઓહોહો..! એક મંગળ કળશ કાઢવાના છે. મંગળ કળશ ગામોગામ ફેરવી, લાખો માણસો ધમાધમ (કરશે). શું કહેવાય? પહેલાં કાંઈક કાઢ્યું હતું ને? ધર્મચક્ર. શેઠ! તમારે ત્યાં આવ્યું હતું. 'ડાલચંદજી' ની વહુએ... ધર્મચક્ર ખબર છે? છાપામાં આવ્યું હતું. 'ડાલચંદજી' ની વહુએ પચીસ હજાર આપ્યા હતા. ખબર છે. છાપામાં આવે છે ને! ધર્મચક્ર. આ મંગળ કળશ દેશમાં ફેરવશે. બધા એની પૂજા કરશે ને પૈસા આપશે ને પછી હો..હા.. હો..હા... સૌ શેઠિયા એમ માનશે, આપણે ધર્મ કર્યો, આપણે ધર્મ કર્યો, ધર્મ કર્યો. આહાહા..!

પ્રભુ! તું તો ચિતિશક્તિનો ધરનાર છો ને! તો તું તો જે કાંઈ થાય તેનો જાણનાર-દેખનાર છે ને! આહાહા..! તેનો કરનાર કે ભોગવનાર કે રાખનારો તું નથી. આહાહા..! એ ચિતિ(શક્તિ).

ત્રીજી (શક્તિ). અનાકાર ઉપયોગમયી. તારામાં એક શક્તિ-ગુણ એવી છે કે જે પરના આકાર એટલે વિશેષ વિના, આકાર એટલે વિશેષ વિના, સામાન્યપણે નિરાકારપણે શ્રદ્ધે. નિરાકારપણે શ્રદ્ધે, માને, જાણે તેનું નામ અનાકાર ઉપયોગમયી શક્તિ આત્મામાં છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ ('સમયસાર') તો હમણાં સવાર-બપોર બન્ને ટાઈમ (વાંચવાનું) રાખ્યું છે. શેઠને લઈને, હોં! આહાહા..!

અનાકાર ઉપયોગ એ આત્મામાં અનાદિ અનંત છે. અર્થાત્ જે શક્તિ અનંત પદાર્થના ભેદ ન પાડે. અનંત પદાર્થમાં વિશેષપણે ન કરે. છે, અનંત છે એવી અનાકાર એટલે આકાર વિનાની, આકાર એટલે વિશેષ વિનાનું. દરેક પદાર્થના ભેદ વિનાના. અભેદ સત્તાનો સ્વીકાર જેને અંદર છે એ અનાકાર ઉપયોગમયી શક્તિ, ગુણ કહેવામાં આવે છે. અરે..! આવી વાતું.

પેલી વાત નથી આવતી? ચક્રવર્તી. 'રામ અને લક્ષ્મણ.' એક બાઈ નહોતી? શું નામ? 'વિશલ્યા'. એ 'વિશલ્યા' ને પૂર્વભવમાં કોઈ વિદ્યાધરે ઉપાડીને જંગલમાં મૂકી દીધી. જંગલમાં રાજકન્યા. જંગલમાં એકલી, કોઈ નહિ. આહાહા..! હમણા એક આવ્યું હતું. પ્લેન તૂટી ગયું. પ્લેનમાં બધા માણસો મરી ગયા. એક અઢાર વર્ષની છોડી અસાધ્ય થઈ ગઈ. બાકી બધા પ્લેન પડ્યું તો મરી ગયા. આ જંગલમાં અસાધ્ય થઈ ગઈ. જંગલમાં ચારે કોર વાઘ, સિંહ. આમ જ્યાં આંખ ખોલી... આહાહા..! આ શું છે? એમ કરતાં બાર દિ'ગયા. એ શું ખાતી હશે? શું પીતી હશે? ત્યાં દેડકા.. દેડકાને શું કહે છે? મેઢક. ઝેરીલા દેડકા ત્યાં

રહેતા હતા. છાપામાં આવ્યું છે. બાર દિવસ સુધી ભટકી બિચારી, કાંઈ ખાવાનું નહિ. ઉપર આભ ને હેઠે આ. કોઈ ઠેકાણું નહિ. એમાં બારમે દિવસે એ જંગલમાં શિકાર કરનારા માણસો હતા એની એક મઢુડી હતી. મઢુડી સમજ્યા? ઝુંપડી. શિકાર કરનારા (એમાં રહેતા). એ ત્યાં પહોંચી એમાં શિકાર કરનાર આવ્યા. એને કહે, અરે..! માતા! બા! બેન! આ શું? અહીં ક્યાં? આ જંગલમાં કાંઈ ન મળે. અરે...! પ્લેન તૂટી ગયું છે એમાંથી હું એક બચી ગઈ છું. આહાહા..! એ વખતે શું થતું હશે? એ વખતે અંદર ચિંતા થતી હશે. આહાહા..!

રાજકુમારી 'વિશલ્યા' ને પણ જંગલમાં મૂકી દીધી. જંગલમાં મૂકી એમાં અજગર હતો. અજગર–અજ નામ બોકડો અને ગર એટલે બોકડાને ગળે, ઘેટાંને ગળી જાય એનું નામ અજગર છે. અજગર મોટો, બાઈને ગળી ગયો. એનો બાપ ગોતતો ગોતતો આવ્યો. અરે..! મારી દીકરી ક્યાં છે? મારી દીકરી ક્યાં છે? અંદર આટલું (શરીર) અને બાકીનું બહાર. બાકી બધું અજગરના પેટમાં. એનો પિતા અજગરને મારવા તૈયાર થયો. આ કહે, પિતાજી મારશો નહિ. મેં અનશન કર્યું છે, હું જીવીશ તોપણ આહાર કરવાની નથી. હું તો હમણાં ખલાસ થઈ જઈશ, મને અંદર લઈ લેશે. આહાહા..!

એમ સંસારરૂપી અજગરમાં અનાદિથી ગરી ગયો છે. ધર્મપિતા તીર્થંકરદેવ આવ્યા એણે પોકાર કર્યો કે અરે..! પ્રભુ! તું ક્યાં છો? આહાહા..! તારામાં કેટલી શક્તિ પડી છે! તું કોણ છો? આહાહા..! એ અજગરમાંથી નીકળી જા. અજગર સમજ્યા? અજગરનો મૂળ અર્થ તો એવો છે, અજ એટલે બોકડો અને ગર એટલે આખો બોકડો ગળી જાય. માટે અજગર નામ પડ્યું છે. મોટો અજગર. આ સંસાર મિથ્યાત્વરૂપી મોટો અજગર છે. આહાહા..! એ ગળી ગયો છે. આ શક્તિ અને શક્તિવાનની દૃષ્ટિ કરે તો ભવભયથી રહિત થઈ શકે એવું છે. એ સિવાય એનો બીજો કોઈ ઉપાય નથી. બહારની ધમાલ, કરોડો રૂપિયા ખર્ચે ને... આ કરે.. કળશ (ફેરવે છે) તો છાપામાં એવું છે, શેઠિયા રાજી રાજી, ચારે કોર. પ્રમુખ ને મોટા આમ કરો, આમ કરો, આમ કરો, ધર્મની પ્રભાવના કરો. અરે..! ધર્મની પ્રભાવના પ્રભુ! અંદરમાં થતી હશે કે બહારમાં થતી હશે? આહાહા..! બહારમાં કોઈ એવો ભાવ હોય તો એ શુભ છે, પુણ્ય છે અને તે પણ પુણ્યમાં અને પાપમાં ફેર માને તો મિથ્યાત્વ છે. મિથ્યાત્વ છે તો અનંત સંસાર નરક ને નિગોદ છે. આહાહા..! ત્રણ બોલ કહ્યા.

> साकारोपयोगमयी ज्ञानशक्तिः ४। સાકાર ઉપયોગમયી જ્ઞાનશક્તિ. (જે જ્ઞેય પદાર્થોના વિશેષોરૂપ આકારોમાં ઉપયુક્ત થાય છે એવી જ્ઞાનોપયોગમયી જ્ઞાનશક્તિ.) ૪.

ચોથો બોલ. 'સાકાર ઉપયોગમયી...' છે? તગડા પછી. ચોથી શક્તિ. 'સાકાર

ઉપયોગમયી જ્ઞાનશક્તિ.' એટલે? '(જે જ્ઞેય પદાર્થોના વિશેષોરૂપ આકારોમાં ઉપયુક્ત થાય છે...)' જ્ઞાનનો વેપાર જે જ્ઞેય છે, સ્વ અને પર, એને જાણવાના ઉપોયગમય પરિણમે તેનું નામ સાકાર જ્ઞાનઉપયોગ કહે છે. સાકારનો અર્થ–બધી ચીજને જાણે. ભેદ કરી કરીને જાણે તેથી સાકાર (કહ્યું). અનાકારમાં ભેદ વિના જાણે, દેખે એનું નામ દર્શન છે. આહાહા..! આવી શક્તિનું વર્ણન છે. આ તો વીસમી વાર ચાલે છે, હોં! ઓગણીસ વાર તો બધી શક્તિનું વર્ણન અક્ષરે અક્ષર થઈ ગયું છે. ૪૬ ચોમાસા જંગલમાં (આવ્યાને થયા). અહીં પાડા બેસતા હતા. આહાહા..!

અહીંયા કહે છે, 'સાકાર ઉપયોગ...' સાકાર સમજ્યા? સવિકલ્પ. જ્ઞાન સવિકલ્પ જ છે. સવિકલ્પ કહો કે સાકાર (કહો). અર્થાત્ સ્વ અને પરને બન્નેને જાણે તેનું નામ સાકાર કહેવામાં આવે છે. બધા ને એકસાથે 'છે' એમ ભેદ પાડ્યા વિના દેખે તેનું નામ અનાકાર ઉપયોગમયી દર્શનશક્તિ કહે છે. આહાહા..! આ જ્ઞાનઉપયોગમયીશક્તિ. એક એક અરિહંતને, સિદ્ધને, કેવળીને, નિગોદના જીવના અનંત ગુણ આદિ બધાને ભિન્ન ભિન્ન જાણે. સાકાર એટલે વિશેષ. એનો આકાર એટલે જે ભિન્ન છે એ બધાને ભિન્ન તરીકે જાણે. જાણે પણ એ પોતાના ઉપયોગમયી છે, કોઈને કરે, પરની દયા પાળે... આહાહા..! એવો આત્મામાં કોઈ ગુણ નથી. આહાહા..! આવી વાતું.. અરે..રે...!

'ભવભયથી ડરી ચિત્ત' જેને ભવનો ભય લાગે. અરે..રે...! અહીંથી ક્યાં જઈશ? અહીં એક માણસનો વિયોગ પડે ત્યાં રાડ પાડે. પહેલા તો આ વીજળી હતી નહિ. દીવા હતા. માટીનું પેલું હોય એમાં દીવો રાખતા. માટીના (કોડિયામાં) દીવો રાખતા. ખાટલા પાથરી રાખે. નવ ખાટલા હોય એમાં બધા સૂતા હોય અને એક ખાલી હોય તો, આ ભાઈ કેમ નથી આવ્યા? આ ખાટલો ખાલી કેમ છે? આહાહા..! એને ગોતવા જાય. આ ક્યાં ખોવાઈ ગયો? ગયો ક્યાં? નવ ખાટલા ભર્યા છે, બધા સૂતા છે. પણ આ અનંતકાળથી સૂતો છે એને ગોતતો નથી. આહાહા..!

એ કહે છે, સાકાર. તારો સ્વભાવ જ સાકાર છે. સાકાર એટલે બધાને જાણવું. સાકાર એટલે વિશેષપણે સ્વને અને પરને જાણવું એવા સાકાર ઉપયોગમયી. ઉપયોગ એ પરિણતિ છે, પર્યાય છે. ત્રિકાળ ઉપયોગ એ શક્તિ છે પણ પછી પરિણતિમાં ઉપયોગ આવે છે એ પર્યાય છે. આ સાકાર ઉપયોગમયી છે એ તો ત્રિકાળ છે. આહાહા..! 'સાકાર ઉપયોગમયી...' ભાષા શું છે? જુઓ! ઉપયોગવાળો એમ નથી લીધું, ઉપયોગવાળો એમ કહેવામાં ભેદ પડી જાય છે. ઉપયોગમયીમાં અભેદ થાય છે. એક એક શબ્દમાં મહા ગંભીરતા ભરી છે. ઓહો..! 'અમૃતચંદ્રાચાર્ય' આ ભરતક્ષેત્રના સૂર્ય! આહાહા..! ધર્મના સૂર્ય! જેણે ધર્મનો પ્રકાશ.. આહાહા..! વીણી વીણીને શક્તિઓ કાઢી છે. આહાહા..!

પ્રભુ! તારામાં એક અનાકાર ઉપયોગમયી શક્તિ છે અને એક સાકાર ઉપયોગમયી

શક્તિ છે. ઓહોહો..! બે તો વિરૂદ્ધ થઈ. એક શક્તિ બીજી ચીજના કંઈ પણ ભેદ પાડ્યા વિના દેખે અને એક શક્તિ દરેકના ભેદ (પાડીને જાણે). અનંત આત્મા, જીવ, જડ, ચૈતન્ય, ગુણ, પર્યાય (બધાને જાણે). એક જ સમયમાં બન્ને વિરૂદ્ધ શક્તિ છે. આહાહા..! છતાં સ્વભાવમાં વિરોધ નથી, સ્વભાવમાં બન્ને છે. આહાહા..!

આ શક્તિનું વર્ણન છે. જરી ઝીણું તો છે ને! ભાઈ! આહાહા.! આવી શક્તિનું વર્ણન દિગંબરમાં પણ ક્યાંય નથી. આ 'સમયસાર' સિવાય ૪૭ શક્તિનું વર્ણન ક્યાંય નથી. આમાંથી પછી વર્ણન કર્યું છે. 'ચિદ્‌વિલાસ', 'અધ્યાત્મ પંચ સંગ્રહ' 'દીપચંદજી' એ બનાવ્યા છે. એમાં થોડી ઘણી નાખી છે. આહાહા..! 'દીપચંદજી' એ તો બહુ નાખ્યું છે.

એક આત્મામાં અનંત ગુણ છે. એ અનંત ગુણની એક એક ગુણની અનંતી ત્રિકાળી પર્યાય. એક એક પર્યાય અનંત અનંત દ્રવ્યને જાણે. એક પર્યાયમાં અનંત અનંત ત્રિકાળીને જાણે એટલી સત્તા અને એક પર્યાયમાં અનંતને જાણે તો એના અનંતા ગુણ અને એની અનંતી પર્યાયના ભેદ જાણે. આહાહા..! ઘણું લીધું છે. ગુણની પર્યાયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે એવો ઠઠ છે. એવા ભાવનો ઠઠ છે. ઠઠ છે, નૃત્ય છે, કળા છે, રસ છે, પ્રભાવ છે. એમ બહુ લીધું છે. જરી સૂક્ષ્મ વાત પડે. આહાહા..! સમજાય છે કાંઈ? 'અધ્યાત્મ પંચ સંગ્રહ' માં સવૈયામાં પાઠ લીધો છે. અહીં નથી ને ઇ? 'પંચ સંગ્રહ' છે? નથી. આહાહા..!

અહીં કહે છે કે, એક જ્ઞાનમયી ઉપયોગમાં અનંતી શક્તિ. એક શક્તિમાં એકમાં અનંતુ રૂપ. એક જ્ઞાનશક્તિ દર્શનને દેખે, બધાને દેખે એમ ત્રણ કાળ ત્રણ લોકને જાણે. આહાહા..! કરવાનું કાંઈ અને જાણવાનું પૂરેપૂરું. આહાહા..! જ્ઞાનશક્તિનું સ્વરૂપ એક રજકણ કે પરની દયા પાળવાનું નહિ. (દયા પાળવી) એવું એનું સ્વરૂપ જ નથી. અને કોઈ ચીજ બાકી રાખ્યા વિના પૂર્ણ જાણે એવો એનો સ્વભાવ છે. આહાહા..! અરે..રે..! બહારથી આ ઠાઠમાઠથી મળે એવું નથી. 'બાહુબલી' ને એક હજાર વર્ષ થાય છે. લાખો માણસ ભેગા થવાના. લાખો..! આ મંગળ કળશ ગામેગામ કાઢે છે તો જાણે ઓહોહો...! ધર્મ થઈ ગયો, જાણે ધર્મ થઈ ગયો. હજી તો અંદર શુભભાવના પણ ઠેકાણા ન હોય. કોઈ માન માટે, સન્માન માટે (કરતા હોય). અમે શેઠિયા છીએ ને આટલું ન કરીએ તો ઠીક ન રહે. એ કારણે કાંઈ કરવું પણ પડે. આહાહા..!

આ આત્મામાં સાકાર. કોઈપણ ચીજના જેટલા પ્રકાર, ભેદ છે એ બધાને એક સમયમાં જાણે એવી એની શક્તિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? લક્ષણ પણ બે પ્રકારના કહ્યા, ભાઈ! એક આત્મામાં અંદર જ્ઞાનલક્ષણ શક્તિ ત્રિકાળ, એ પણ લક્ષણ. અને એક પર્યાયથી જણાય છે એ લક્ષણ. 'નિયમસાર' માં લીધું છે. એક ધ્રુવ લક્ષણ, એક પર્યાય લક્ષણ જ્ઞાનનું. અહીં એ વાત ચાલે છે ને? કે, જ્ઞાન લક્ષણ છે એ જ્ઞાનથી દ્રવ્યને પકડ્યું તો આ અનંતી શક્તિઓ સાથે ઊછળી. જે શક્તિઓ છે એનો જ્યાં સ્વીકાર કર્યો તો જ્ઞાનની પર્યાયમાં

બધી શક્તિ પ્રગટ થઈ ગઈ. આહાહા..! જ્ઞાનમાં લક્ષણ લીધું. જાણવાની પર્યાય લક્ષણ અને ત્રિકાળી લક્ષ્ય. પણ ધ્રુવ જે શક્તિ છે તેને પણ લક્ષણ કહ્યું છે, ભાઈ! આહાહા..! ધ્રુવ જાણતું નથી, જાણવાની શક્તિ છે.

અહીં તો ઉપયોગમયી એમ જ્યાં અંદર લાગ્યું, આ શક્તિ જ્ઞાનમયી સાકાર છે એવી દૃષ્ટિ થઈ તો પર્યાયમાં નિર્મળતા અને અતીન્દ્રિય આનંદનો ઉભરો આવ્યો. ઉભરો એટલે ઉફાન. આહાહા..! આવો ધર્મ? પ્રભુ! છે તો એવો માર્ગ. બીજાને એકાંત લાગે. એ ખબર નથી ને. ઘણા એકાંત કરીને સોનગઢનો વિરોધ કરે છે.

મુમુક્ષુ :– આટલી બધી શક્તિ કહી પછી એકાંત ક્યાં રહ્યું?

ઉત્તર :– એકાંત એટલે કહે છે કે, તમે વ્યવહારને ધર્મનું કારણ માનતા નથી. નિમિત્તને માનતા નથી, નિમિત્તથી થાય એમ માનતા નથી અને રાગ, દયા, દાન, વ્રત, ભક્તિથી કલ્યાણ થાય (એમ માનતા નથી) એમ ઇ કહે છે. બધી ખબર છે, શું કહે છે. અરે..રે..! આવી વાતું આવી નથી. આહાહા..!

અહીં શું કહે છે? સાકારમયી. આહા.! સાકાર એટલે વિશેષ. ઉપયોગ એટલે અંદર જાણવું ત્રિકાળ. એવી શક્તિ, જ્ઞાન શક્તિ. આવો જ્યાં નિર્ણય થયો ત્યારે પર્યાયમાં પણ જાણવાની શક્તિ પ્રગટ થઈ. છે ને? '(જ્ઞેય પદાર્થોના વિશેષોરૂપ આકારોમાં..)' જ્ઞેય એટલે જેટલા જ્ઞેય, પાંચ પરમેષ્ઠી પણ જ્ઞેય. આહાહા..! અનંત સિદ્ધો પણ જ્ઞેય. એ '(જ્ઞેય પદાર્થોના વિશેષરૂપ...)' વિશેષ એટલે ભેદરૂપ જે ભાવ. ભિન્ન ભિન્ન ગુણ, ભિન્ન દ્રવ્ય બધાના '(આકારોમાં ઉપયુક્ત થાય છે...)' બધાના વિશેષમાં જ્ઞાન ઉપયોગ–વેપાર થાય છે. આ તો શક્તિ છે પણ એનું લક્ષ કરે ત્યારે આવી શક્તિનો નિર્ણય થયો કહેવાય ને? આહા.! '(એવી જ્ઞાનઉપયોગમયી જ્ઞાનશક્તિ).' આહાહા..! એક એક શક્તિમાં ન્યાલ કરી નાખ્યા છે!

તારામાં એક સાકાર જ્ઞાનશક્તિ એવી છે કે તારા ક્ષેત્રમાં રહીને પરક્ષેત્રમાં રહેલી બધી ચીજને એક સમયમાં જાણે એવી તું વસ્તુ છો. સમજાય છે કાંઈ? આ સાકાર જ્ઞાન ઉપયોગ પોતાના ક્ષેત્રમાં, પોતાના ભાવમાં અહીંયા રહીને અનંત અનંત આકાશનો પાર નથી તેને પણ અહીંયા પોતાના ક્ષેત્રમાં રહીને જાણવાની શક્તિ છે. આહાહા..!

ઉપયોગમયી જે જ્ઞાન છે, એ પોતામાં અહીંયા રહીને પોતાના દ્રવ્ય, ગુણને, અનંતી શક્તિઓને તો જાણે પણ પરપદાર્થ જે પોતાના ક્ષેત્રમાં નથી, પોતાનું ક્ષેત્ર એટલે પોતાની સત્તામાં એ સત્તા નથી. એ બધી સત્તાનું, એ સત્તા તરફ લક્ષ કર્યા વિના, નિજ સ્વરૂપનું–શક્તિવાનનો ઉપયોગ કરી સ્વપરને પૂર્ણ જાણે તેનું નામ સાકાર ઉપયોગમયી જ્ઞાનશક્તિ કહેવામાં આવે છે. આહાહા..! 'છોટાભાઈ'! આવી વાતું છે, ભગવાન! આહા..! બહુ ઝીણી વાતું. એ પણ દિગંબર દર્શન સિવાય ક્યાંય છે નહિ. આહાહા..! પણ સંપ્રદાયમાં પડ્યા એને ક્યાં દરકાર છે? ખ્યાલ પણ નથી કે શું છે. આહાહા..! અરે..! આમ જ અનંતકાળ

ગુમાવ્યો છે, ભાઈ! એક એક પળ...

'શ્રીમદ્' કહે છે, મનુષ્યનો એક પળ કૌસ્તુભમણિની કિંમત કરતાં પણ વિશેષ કિંમતી છે. આહાહા..! મણિની કિંમત શું? ધૂળ. આ એક મનુષ્યભવના એક સમય, એક પળમાં ધ્યાન કરે તો અંદર કેવળજ્ઞાન થઈ જાય. એવી એક સમયની મનુષ્યપણાની શક્તિ! મનુષ્ય એ તો નિમિત્તથી કથન (કહ્યું). એ મનુષ્યપણાના એક સમયમાં આવી અનંત શક્તિ તરફ ધ્યાન આપતાં, બરાબર સ્થિર થતાં એક સમયમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે, એવી શક્તિ છે. આહાહા..! એ ચાર (શક્તિ) થઈ.

अनाकुलत्वलक्षणा सुखशक्तिः ५। અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી સુખશક્તિ. ૫.

પાંચમી સુખ શક્તિ. આહાહા..! કેવું છે સુખ? 'અનાકુળતા જેનું લક્ષણ...' જેમાં આકુળતા નથી, દુઃખ નથી. આનંદ જેનું લક્ષણ છે. આહાહા..! 'અનાકુળતા જેનું લક્ષણ...' જેનું એટલે? સુખનું. સુખ નામનો ગુણ અંદર છે. આનંદ, સુખ કે જેનું લક્ષણ અનાકુળ લક્ષણ છે, એમાં આકુળતા નથી. આહાહા..! ગમે તે પ્રસંગ, અનંત પ્રતિકૂળ પ્રસંગ આવી જાય, અરે..! મુનિને ઉપાડીને, સાચા ભાવલિંગી સંતને એના વેરીઓ એને ઉપાડીને દરિયામાં નાખી દે. દરિયામાં! એ અંદર બૂડતા બૂડતા ધ્યાન સ્થિર થઈને કેવળજ્ઞાન પામીને ત્યાંથી મોક્ષ ચાલ્યા જાય. દરિયામાંથી મોક્ષ ચાલ્યા જાય. અનંતા (ગયા છે).

એ વાત તો સાંભળી છે કે નહિ? કે અઢી દ્વિપમાં મનુષ્ય છે ત્યાં કોઈ સ્થાન ખાલી નથી કે જ્યાં અનંતા સિદ્ધ ન હોય અને સિદ્ધ થાય તે સીધા થાય. અહીંયા હોય અને મોક્ષમાં જાય એ સીધા જાય. અહીંયાથી પણ અનંત સિદ્ધ થયા છે. આહાહા..! પીસ્તાલીસ લાખ જોજનમાં સિદ્ધ ભગવાન બિરાજે છે તો ત્યાં એક અંગુલનો અસંખ્યમો ભાગ પણ ખાલી નથી. અનંત અનંત સિદ્ધ બિરાજે છે અને એ બધા સિદ્ધ થયા, પિસ્તાલીસ લાખ જોજનમાં, એ બધા અહીંથી થયા છે. આહાહા..! એ દરિયામાં મુનિને નાખીને ત્યાંથી કેવળજ્ઞાન પામીને સિદ્ધ થઈ ગયા. દરિયામાં પણ એક બિંદુ ખાલી નથી કે જ્યાંથી સિદ્ધ ન થયા હોય. આહાહા..!

મુમુક્ષુ :- એની છત્રછાયામાં જ આપણે છીએ.

ઉત્તર :- છત્રછાયા તો... એ પ્રશ્ન 'બરવાળા'વાળા એક સ્થાનકવાસીએ પૂછ્યો હતો, આમ તો બિચારાને ઊંડે ઊંડે પ્રેમ ખરો પણ સંપ્રદાય છોડાય નહિ. પછી જાત્રા કરવા નીકળ્યા હતા ને અમે? 'મુંબઈ'. જ્યારે પહેલી વાર સમ્મેદશીખર (ગયેલા). એ સ્થાનકવાસીએ પૂછ્યું કે આ જાત્રા ને આ બધું શું છે? પ્રભુ! કીધું, સાંભળો! જે સ્થાનમાંથી તે આત્મા મુક્તિ

પામ્યા છે તે સ્થાનમાં જઈને તેમને યાદ કરવા એ જાત્રા છે. છે શુભભાવ, ધર્મ નહિ. પણ તે સ્થાનમાં જઈને,.. આ શેત્રુંજય જાય તો ત્યાંથી પાંડવો સીધા મોક્ષમાં ગયા છે. ત્યાંના ક્ષેત્રમાંથી પાંડવો સીધા મોક્ષમાં ગયા છે. તો ત્યાં તે ક્ષેત્રમાં જઈને યાદ કરવું કે અહીંયા માથે સિદ્ધ ભગવાન છે, પાંડવના જીવ અહીંયા સિદ્ધ છે, ઉપર. હતો સ્થાનકવાસી (એ કહે), વાત ભારે ભાઈ આવી! જાત્રાનો હેતુ આ છે, કીધું. જે સ્થાનથી મુક્તિએ ગયા એ સ્થાનમાં જઈને યાદ કરવું કે અહીં માથે સિદ્ધ ભગવાન બિરાજે છે. આહાહા..! 'બરવાળા'ના હતા. આહાહા..!

અહીં કહે છે કે, 'અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી સુખશક્તિ.' પ્રભુ! આનંદ તો તારા આત્મામાં શક્તિ પડી છે ને! પ્રભુ! આહાહા..! મૃગની નાભિમાં કસ્તૂરી, મૃગલાને કસ્તૂરીની કિંમત નથી. એમ આત્મામાં સુખ-આનંદ નામની શક્તિ પડી છે. એ મૃગ જેવો મનુષ્યને એની કિંમત નથી. આહાહા..! સર્વાંગ આનંદ ભર્યો છે. સર્વાંગ શબ્દ સમજ્યા? આ બધી શક્તિ સર્વાંગ છે. દરેક શક્તિ આખા આત્મામાં સર્વાંગ ભરી છે. દેહથી, વાણીથી, વિકલ્પથી ભિન્ન આખા અસંખ્ય પ્રદેશમાં આખા આત્મામાં આનંદ ભર્યો છે. આખા આત્મામાં અનાકાર ઉપયોગ દર્શન ભર્યું છે. આખા આત્મામાં જ્ઞાન ઉપયોગ ભર્યો છે. આખા આત્મામાં જીવત્વ શક્તિ ભરી છે. આહાહા..! અને આખા આત્મામાં ચિતિશક્તિ ભરી છે. અરે..રે...! આહાહા..! આ તો શબ્દો થોડા છે પણ ઘણી ઊંડી ગંભીરતા બતાવે છે. આહા..! 'અમૃતચંદ્રાચાર્ય' અને તે પણ અહીંયાં મુક્તિએ ગયા તેમનું સ્મરણ કરવું એ તો શુભભાવ છે, ધર્મ નહિ, પણ મુક્ત સ્વરૂપ આ ભગવાન છે. શાસ્ત્રમાં કળશમાં પાઠ છે, 'मुक्त एव'. પ્રભુ! તું અંદરથી મુક્ત છો, નિરાળો છે. આહાહા.! એમાં આ સુખશક્તિ પડી છે. એ આનંદ પરથી નિરાળો છે. આહાહા..!

ભિખારી! પોતામાં આનંદ છે ત્યાં દૃષ્ટિ કરતો નથી અને અહીંયા પૈસામાં આનંદ છે, સ્ત્રીમાં આનંદ છે, દીકરામાં આનંદ છે, આબરૂમાં આનંદ છે, મકાનમાં આનંદ છે... આહાહા..! અરે..રે...! પ્રભુ! શું કરે છે તું? આનંદની ખાણ-નિધાન તો પ્રભુ! તારામાં સર્વાંગ ભર્યો છે. અસંખ્ય પ્રદેશે.. ચેઈન હોય છે ને? ચેઈનમાં કડી હોય છે ને? કડી સોનાની ૧૦૦-૨૦૦ (હોય). એમ આત્મા ચેઈન છે એમાં અસંખ્ય પ્રદેશની કડી છે. આહાહા..! એ કડી દીઠ સોનું છે. એમ અહીંયા પ્રદેશદીઠ અનંત ગુણ છે. ભલે ગુણનો અંશ છે. આખા અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણ સર્વાંગ વ્યાપ્ત થઈને ભર્યા પડ્યા છે. આહાહા..!

આવું સાંભળવું મુશ્કેલ પડે. અહીં એક બીડીમાં રાજી થઈ જાય. આહાહા..! એક અડદની દાળ બરાબર સરખી થાય તો રાજી રાજી થઈ જાય અને સરખી ન થાય તો.. કોણે આ બનાવી? અડદ.. અડદ. અડદની દાળ બનાવે છે ને? છાશની સાથે એકમેક સરખી થઈ જાય તો હદડી કહેવાય અને એકમેક થયા વગર છૂટા પાણી જેવું લાગે, દાણો બરાબર

ચડ્યો ન હોય.. આહાહા..! અને એમાં દીકરીનો સત્તાપ્રિય સાસરો આવ્યો હોય અને તે દિ' અડદની દાળ બગડી હોય, ભાઈનો પિત્તો ફાટી જાય. કોણે કર્યું આ? આ દાળ બગાડી. બાઈઓ કહે, બોલશો નહિ, પિત્તો ફાટી ગયો છે. આવા..!

મુમુક્ષુ :– દૃષ્ટાંત સમજ્યા નહિ.

ઉત્તર :– દીકરીના સાસરા ઘરે આવે ને? એ વખતે ચૂરમું બનાવ્યું હોય અને અડદની દાળ બનાવી હોય પણ એ દાળ સરખી એકરૂપ ન થઈ હોય તો જમવા વખતે સત્તાપ્રિય સાસરો હોય, એટલે એને લઈને ઘરના માણસનો પિત્તો ફાટી જાય. કોણે બનાવ્યું આ? ઘરમાં વહુ ચાર-પાંચ હોય, સાસુ હોય એ કહે, બોલશો નહિ. આહાહા..! દુનિયાના બધા નાચ દેખ્યા છે, શેઠ! દુનિયાના એકે એક નાચ દેખ્યા છે, નાચ કર્યા નથી પણ જોયા છે બધા નાચ. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! તારામાં સર્વાંગ આનંદ ભર્યો છે ને! ભિખારી તું સુખ માટે ક્યાં અથડાય છે? એક બીડી પીવે જ્યાં આમ કરી આમ કરીને પીતા હશે. શું કહેવાય? સીગરેટ. પ્રભુ! આ શું છે? પ્રભુ! તારામાં આનંદ ભર્યો છે ને આ ભિખારાવેડા? આ રાંકાઈ તેં ક્યાંથી કાઢી? પ્રભુ! હમણા આવશે. તારામાં પ્રભુત્વ નામનો ગુણ છે. હમણા આવશે. પ્રભુત્વ નામનો ગુણ છે, તેં રાંકાઈ ક્યાંથી કાઢી? આવી ઊંધાઈ કરી કરીને રખડી મર્યો. આહાહા..!

કહે છે કે, 'અનાકુળતા જેનું લક્ષણ...' સુખનું લક્ષણ અનાકુળતા–જેમાં બિલકુલ આકુળતા નહિ. અહીંયા લગ્ન પ્રસંગમાં પાંચ-પચીસ લાખ ખર્ચે એમાં સુખ માને, પણ એ તો આકુળતા છે, એ તો એકલી આકુળતા છે. આહાહા..! એ જલેબી ને લાડવા ને દીકરો પરણતો હોય, નાતના પાંચ-છ ઘર હોય તો ઘરદીઠ બેડુ.. શું કહેવાય ઇ? લાણી કરે. લગ્ન પ્રસંગે નાતમાં લાણી કરે. 'મુંબઈ' માં બન્યું હતું. એના બાપે બેડાની લાણી કરી. બેડુ સમજ્યા? આહાહા..! પાણીનો હાંડો. એ તો માટી ધૂળ છે. ભોગમાંથી સુખ લેવું છે? સ્ત્રીના શરીરના અવયવને કદી અડતો નથી. તારે ક્યાં સુખ લેવું છે? તું કલ્પનાથી માને છે કે મને ઠીક છે. બાકી શરીરના અવયવ બીજા શરીરના અવયવને ત્રણ કાળમાં કદી અડતા નથી. આહાહા..! આવી વાત.

સુખની વ્યાખ્યા ચાલે છે. પ્રભુ! તારામાં સર્વાંગ સુખ ભર્યું છે. અસંખ્ય પ્રદેશમાં આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ ઠસોઠસ ભર્યો છે. આહાહા..! આ તો શક્તિનું વર્ણન તમારે લઈને માંડ્યું. સવારે ને બપોરે પણ. આહાહા..! આવી વાત. આહાહા..! એ સુખશક્તિ આત્મામાં છે તો આત્મા સિવાય બીજા કોઈ પણ પદાર્થમાં આ સુખ નથી. સિદ્ધમાં સુખ છે એ આ સુખ નહિ. એમનું સુખ એમનામાં છે. તારું સુખ તારામાં છે. સિદ્ધના સુખને કારણે તારામાં સુખ છે, એમ નથી. સમજાય છે કાંઈ? અરિહંતને અનંત આનંદ છે તો અરિહંતના સ્મરણ કરવાવાળાને જરીયે આનંદ આવે છે, બિલકુલ નહિ. એ તો શુભરાગ દુઃખ છે. પરદ્રવ્યનું સ્મરણ તો રાગ અને દુઃખ છે. આહાહા..!

અનાકુળ સુખ તો અહીં છે. મૃગની નાભિમાં કસ્તૂરી, એ કસ્તૂરીની ગંધ વનમાં ગોતે છે. વનમાં ફરતો ફરતો ગોતે છે. એમ મૃગલા જેવા મનુષ્યો અંતરમાં આનંદ છે, અનાકુળ જેનું લક્ષણ છે, સર્વાંગ અસંખ્ય પ્રદેશે ભર્યું છે, ત્રિલોકનાથ પરમાત્માનો પોકાર છે એ સુખ અહીંયા ન ગોતતા બહારમાં કાંઈક ઠીક લાગે, આનાથી ઠીક છે. ઠીક, વિસ્મય આત્માના સુખ સિવાય બીજી ચીજમાં કાંઈ પણ અધિકતા (લાગે).. આહાહા..!

'સમયસાર' ૩૧ મી ગાથામાં તો એમ કહ્યું છે, 'णाणसहावाधियं मुणदि' તારો આત્મા સુખ અને જ્ઞાનથી (ભરેલા અને) પરથી ભિન્ન છે અને જડ ઇન્દ્રિય, ભાવેન્દ્રિય-જે જે ઇન્દ્રિયથી જાણવામાં આવે છે તે ઇન્દ્રિય ભાવેન્દ્રિય અને ભાવેન્દ્રિયમાં જે દેવ, ગુરુ, શાસ્ત્ર જણાય છે, સમવસરણ, પ્રતિમા, શાસ્ત્ર, પુસ્તક, સ્ત્રી, કુટુંબ જે જ્ઞાનમાં જણાય છે તે ઇન્દ્રિય છે. આહાહા..! ગજબ વાત છે. ત્રણલોકના નાથને ઇન્દ્રિય કહે છે, આ અતીન્દ્રિય આત્માની અપેક્ષાએ. અતીન્દ્રિય આનંદ અહીંયા છે. આહાહા..! ૩૧ ગાથા. 'णाणसहावाधियं मुणदि आदं' આ પાઠ. ધર્મીજીવ પોતાના જ્ઞાનથી અધિક, પર ચીજથી જ્ઞાન અધિક-ભિન્ન છે. સુખથી અભિન્ન, પરથી ભિન્ન છે. વિકલ્પથી માંડી અનંત સિદ્ધ પણ ઇન્દ્રિયમાં આવે છે. કારણ કે સિદ્ધ ઉપર લક્ષ જાય છે તો રાગ ઉત્પન્ન થાય છે. રાગ ઉત્પન્ન થાય છે એ ઇન્દ્રિયનો વિષય થયો. આહાહા..! આવી વાત છે, ભાઈ! આ તો ખજાના ખોલી નાખ્યા છે, તાળા ખોલી નાખ્યા! ભોંયરામાં માલ પડ્યો હોય અને કપાટને તાળા માર્યા હોય. એ કપાટને ખોલે ને અંદરથી નિધાન નીકળે. આહાહા..!

'અનાકુળતા જેનું લક્ષણ...' લક્ષણ એટલે સ્વરૂપ. 'અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી સુખશક્તિ.' આત્મામાં છે. એ સુખ ક્યાંય નથી. ચૂરમાના લાડવામાં સુખ નથી, મેસુબમાં સુખ નથી, સક્કરાપારામાં સુખ નથી. સક્કરપારા સમજો છો? એક શેર ચણાનો લોટ અને ચાર શેર ઘી પાઈને મેસુબ બનાવે. ઘઉંનો એક શેર લોટ અને ચાર શેર ઘી પાય તેનું નામ સક્કરપારા. અમે તો બધું ખાધું છે ને બધું જોયું છે. બધી ચીજ જોઈ છે. ૯૧ વર્ષ થયા. નિવૃત્તિ.. નિવૃત્તિ.. નિવૃત્તિ.. નાચનારને નાચતા જોયા છે. 'ગઢડા' માં બનાવ્યું હતું. (સંવત) ૧૯૮૧ માં 'ગઢડા' માં ચોમાસુ હતું. સંઘને સક્કરપારાનું જમણ. ૧૯૮૧. કેટલા વર્ષ થયા? ૫૫ વર્ષ પહેલાની વાત છે. 'બોટાદ'વાળા બધા દર્શન કરવા આવેલા. 'ગઢડા' ચોમાસુ હતું તો સક્કરપારાનું જમણ કરેલું. લોકો તો આહાહા..! આજે તો સક્કરપારા ખાધા. શું પણ સક્કરપારો? સક્કરપારો તો અહીં છે. એ સુખ-સક્કરપારો અહીંયા છે. આહાહા..! આખી નાત જમાડી હતી. 'લાઠી'વાળા પૈસાવાળા હતા. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! તારી સિવાય કઈ ચીજમાં આનંદ છે? તારા સિવાય કઈ ચીજમાં વિસ્મયતા છે? તારી ચીજ સિવાય કઈ ચીજમાં તને આશ્ચર્ય લાગે છે? આહાહા..! તારા સિવાય પરચીજમાં આશ્ચર્ય લાગે, વિસ્મયતા લાગે, આનાથી અધિક-ભિન્ન વસ્તુ વિશેષ લાગે.

આહાહા..! તેણે આત્માને બગાડી નાખ્યો છે. એણે આત્માનો અનાદર કર્યો છે. આહાહા..! પોતાની ચીજ સિવાય કોઈ ચીજ, સુંદર કપડા પાંચ-પાંચ હજાર, દસ-દસ હજારના થાય છે ને? સ્ત્રીના કપડા, લાખો રૂપિયાના કપડા, એક એક કપડું લાખ રૂપિયાનું. છેડો હોય ને છેડો? છેડામાં સોનાના રાખે. લાખ લાખ રૂપિયાના છેડા. ઇ પછી છેડે હાથ રાખે. અહીં નહિ. છેડો હોય ને? એ બીજાને બતાવવો હોય ને? આમ રાખે. આહાહા..! એમાં પણ જેની વહુ એ પહેરીને નીકળી હોય એને લોકો એના ઉપર નજર કરે, ભલે નજર બીજી હોય, પણ પેલો શેઠ ખુશી થાય.. આહાહા..! મારા દીકરાને મેં દસ હજાર, પંદર હજારનો સાડલો કરાવ્યો એ બહાર પડે છે, હું બહાર પડું છું, મારી આબરૂ વધે છે. આહાહા..! અરે..રે...! ભિખારાવેડા તેં કેટલા કર્યા? પ્રભુ! એ ભિખારાવેડાની તને ખબર પણ નથી. તેં કદી તને સાંભળ્યો નથી. આહાહા..!

અહીં એ કહે છે, પ્રભુ! 'અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે...' એવું સુખ તો અહીં અંતરમાં–આત્મામાં છે. ત્રણકાળ ત્રણલોકમાં ક્યાંય કોઈ ચીજમાં તારું આ સુખ નથી. આહાહા..! 'અમેરિકા' માં ૧૩૫ માળનું મકાન છે. ત્રીસ-ત્રીસ, પાંત્રીસ-ચાલીસ માળના મકાન તો 'મુંબઈ' માં છે. અમે ઊતર્યા હતા ત્યાં ત્રીસ માળનું મકાન હતું. આહાહા..! અહીં કહેતા હતા કે, 'અમેરિકા'માં ૧૩૫ માળ. આહાહા..! ઉપર છેલ્લે રહે એને હવા, પાણી.. આહાહા..! ધૂળેય નથી, ભગવાન! એમાં જો નીચેથી કાંઈક સળગ્યું.. એ પણ જોયું છે. 'મુંબઈ' માં અમે એકવાર બહાર નીકળ્યા હતા તો બીજે માળે સળગ્યું તો ત્રીજે માળે, ચોથે માળે ભડકા ગયા હતા. જોયું છે, નજરે જોયું છે. જંગલ જઈને મોટરમાં આવતા હતા. બીજે માળે કાંઈક સળગ્યું એનો ભડકો ત્રીજે, ચોથે (માળે પહોંચ્યો). બધું હડ.. હડ.. હડ.. હડ.. સળગે. એમાં ૧૩૫ માળમાં પહેલેથી સળગ્યું હોય તો... જાય. આહાહા..!

આ અનંત અનંત માળનો ખજાનો છે. અનાકુળ આનંદ તારામાં પડ્યો છે. એવી સુખ શક્તિ છે. તારી નજર ત્યાં જાય તો જ્ઞાનની પર્યાય જેમ જ્ઞાન લક્ષણે આત્માને જાણે છે તો જ્ઞપ્તિક્રિયા ઉત્પન્ન થઈ એની સાથે બધા ગુણોની પર્યાય અંદર ઊછળતી ઉત્પન્ન થાય છે અને તને આનંદ આવે છે. એ આ વસ્તુ કહેવામાં આવે છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૪૮૪ શક્તિ ૬, ૭ બુધવાર, ભાદરવા વદ ૧૫, તા. ૦૮-૧૦-૧૯૮૦

---

स्वरूपनिर्वर्तनसामर्थ्यरूपा वीर्यशक्तिः ६ । સ્વરૂપની (-આત્મસ્વરૂપની) રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ. ૬.

'સમયસાર' શક્તિનો અધિકાર છે. પાંચ શક્તિ ચાલી ગઈ છે. છઠ્ઠી. શક્તિ એટલે શું? શક્તિવાન આત્મા, એની શક્તિ-ગુણ તે શક્તિ. શક્તિવાનનો ગુણ તે શક્તિ. ગુણવાનનો ગુણ તે શક્તિ. સ્વભાવવાનનો સ્વભાવ તે શક્તિ. આહાહા..! 'વીર્ય' જગતને ઝીણું પડે, શું થાય? ભાઈ! હમણા ત્યાં 'ઇન્દૌર' માં વિરોધ થયો હતો. 'ફૂલચંદજી' ગયા હતા. 'ફૂલચંદજી' કહે, અહીં કેટલીક વાત તો એને બેઠી છે. એ ભાષણ કરવા માંડ્યા. દિગંબર સાધુ બેઠા હતા. એ કહે, આ સોનગઢની વાત છે. અરે પ્રભુ! ત્યારે આમનાથી બોલાણું, શું કહો છો તમે? એટલે મુનિભક્તો ઉશ્કેરાઈ ગયા. અને કહે, પરનું અકિંચિત્કર ક્યાં છે? પરનું કાંઈ કરી શકે નહિ એવું ક્યાં છે? કહો, શેઠ! પરનું કાંઈ કરી શકે નહિ એવું ક્યાં છે? મોટા વાંધા ઉઠ્યા છે. 'ઇન્દૌર... ઇન્દૌર' 'ફૂલચંદજી' ગયા હતા. ૨૬૭ ગાથા કાઢો, ૨૬૭. મોટી રાડ પાડી. લોકોને કંઈ ખબર ન મળે. શું થાય?

'બંધ અધિકાર' ૨૬૭ ગાથાની ટીકા છે. ૨૬૭ ની ટીકા છે ને? ૨૬૭ ની ટીકા, એ ટીકાની છેલ્લેથી ત્રીજી લીટી. 'માટે પરમાં અકિંચિત્કર હોવાથી...' છે? શું કહે છે? આહાહા..! આવા સિદ્ધાંત ભર્યા છે. આત્મા એક રજકણ આત્માનું કાંઈ કરી શકે નહિ. છે? 'માટે પરમાં અકિંચિત્કર હોવાથી (અર્થાત્ કાંઈ નહિ કરી શકતું હોવાથી) આ અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું નથી;...' એટલે હું પરને જીવાડી શકું છું, મારી શકું, મદદ કરી શકું, સહાય કરી શકું, પૈસા દઈ શકું એવો જે અધ્યવસાય તે મિથ્યાત્વ છે. આહાહા..! આવી વાત ચોખ્ખી પડી છે છતાં પ્રશ્ન ચાલ્યો છે. છાપામાં આવ્યું છે. સાધુએ પૂછ્યું, પરનું કાંઈ કરી શકે નહિ, અકિંચિત્કર-કાંઈ કરી શકે નહિ એવું ક્યા શાસ્ત્રમાં લખ્યું છે? જવાબ આપ્યો નથી. અહીં તો આપણે... આહાહા..! છે શેઠ! મકાન-બકાનનું કાંઈ કરી શકતો નથી. 'ડાલચંદજી' નું કાંઈ કરી શકતો નથી.

મુમુક્ષુ :- 'સોનગઢ'માં તો એમ જ બતાવે છે.

ઉત્તર :- શાસ્ત્ર તમારું છે કે નહિ? દિગંબરનું શાસ્ત્ર છે, શાસ્ત્ર તો દિગંબરનું છે, ટીકા દિગંબરની છે, 'અમૃતચંદ્રાચાર્ય'ની છે. ટીકા છે ને? આ ટીકા છે. આ તો અનાદિથી ચાલ્યું આવે છે. આ પાઠ ટીકામાં છે. 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા છે? 'ततः परत्राकिंचित्कर' સંસ્કૃતની ચોથી લીટી છે. અકિંચિત્કર-કાંઈ કરી શકે નહિ. એક આંગળી હલાવી શકે નહિ, પ્રભુ! શું થાય? આહાહા..! જીવ પરની દયા પાળી શકે નહિ. રાડ પાડે. છે? 'છોટાભાઈ' છે? પરમાં કાંઈ કરી શકે નહિ.

અહીંયા તો એથી વિશેષ વાત ત્રીજી ગાથામાં બતાવી છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડે નહિ. આહાહા..! પ્રભુ! તારી પ્રભુતા તને સંતો બતાવે છે. અનાદર થાય છે, નાથ! આહાહા..! તારી પ્રભુતામાં આ વીર્ય.. વીર્ય પડ્યું છે. આ વીર્યશક્તિ ચાલે છે ને? પ્રભુ! તારામાં વીર્યશક્તિ પડી છે. એ વીર્ય તારી સિવાય પરનું કાંઈ કરી શકે નહિ. આહાહા..!

હવે આપણે વીર્યશક્તિ. 'બંધ અધિકાર' માં આ આવ્યું–અકિંચિત્કર. આહાહા..! અરે..! એક ચશ્મો ઉપર ચડાવવો એ આત્મા કરી શકે નહિ. પ્રભુ! ગજબ વાત છે, ભાઈ! જિનદેવનો માર્ગ, વીતરાગ રહી ગયા (ત્યાં). 'સીમંધરસ્વામી' મહાવિદેહમાં રહી ગયા. માર્ગ આ છે. અરે..! એની નિંદા કરે છે. પ્રભુ! તું સાંભળ તો ખરો, નાથ! પ્રભુ! તું ભગવાન છો ને!

મુમુક્ષુ :– ભગવાન ભૂલ્યો છે.

ઉત્તર :– ભગવાન ભૂલી ગયો, પ્રભુ! તારામાં વીર્યશક્તિ છે. એ ચાલે છે ને?

છઠ્ઠી શક્તિ. 'સ્વરૂપની (–આત્મસ્વરૂપની) રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ.' એ શું કહે છે? આટલામાં તો કેટલું ભર્યું છે. આહાહા..! પ્રભુ! તારામાં એક વીર્ય નામનો ગુણ છે. ભાઈ! પુરુષાર્થ ગુણ ન લીધો. પુરુષાર્થ શબ્દ ન લીધો, વીર્ય લીધો. આહાહા..! આત્મામાં એક વીર્ય નામનો અરૂપી ગુણ છે. આ વીર્ય એટલે રેત નહિ. જેના દીકરા-દીકરી થાય એ રેત તો ધૂળ માટી છે. તેનું તો આત્મા કંઈ કરી શકે નહિ. 'નિયમસાર' માં આવે છે ને? जिनं वीरं પહેલી ગાથામાં. વીર્ય તે પરાક્રમતે ઇતિ વીર્ય. સંસ્કૃત ટીકામાં છે. ત્રણ-ચાર અર્થ કર્યા છે. 'નિયમસાર'. આહાહા..!

અહીં પ્રભુ એમ કહે છે, પ્રભુ! તારામાં એક વીર્યશક્તિ છે. શક્તિવાન વીર્યશક્તિથી તું શક્તિવાન છો, પણ એ કરે શું? આહાહા..! શું પરની દયાની રચના કરે? પૈસા ભેગા કરે? ગણે? વ્યાજ ઉપજાવે? દુકાન ચલાવે? આહાહા..! એ કાંઈ કરી શકે નહિ, પ્રભુ! આવો વીતરાગ માર્ગ. અરે..રે..!

અહીં તો કહે છે, 'વીર્ય' સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ વીર્ય. પોતાના આનંદ અને જ્ઞાનાદિ શુદ્ધ ચૈતન્ય, એવી પવિત્ર શક્તિઓ, એની પર્યાયમાં રચના કરે એનું નામ વીર્ય કહીએ. આહાહા..! ભાષા તો સાદી છે, પ્રભુ! માર્ગ તો આ છે. ભલે થોડા ન માને, નિંદા કરે, વિરોધ કરે. આહાહા..!

અહીંયા તો પરમાત્માની દિવ્યધ્વનિ દ્વારા આ આવ્યું કે, વીર્ય એને કહીએ... આહાહા..! પુરુષાર્થ અંદર કરે છે તો એ પુરુષાર્થ એને કહીએ કે પોતામાં જે શુદ્ધ ચૈતન્ય આદિ અનંત ગુણ છે, ચૈતન્ય, આનંદ, શાંતિ, વીરતા, વીતરાગતા એ સ્વરૂપની પર્યાયમાં રચના કરે તેનું નામ જૈનદર્શન (કહે છે). ત્રિલોકનાથની વાણીમાં આ ધ્વનિ આવ્યો છે. આહાહા..! એક આંગળી આમ ફેરવે નહિ. આવો માર્ગ છે. લોકોને લાગે, અજાણ્યા માણસ, કંઈ સાંભળ્યું નથી, આહાહા..! પૂર્વાપર મેળ કર્યો નથી. ૨૬૭ ગાથા જોઈ. અકિંચિત્કર-અકિંચિત્કર. કિંચિત્કર નહિ. એક આંગળીને હલાવવી કે આ લાકડીને આમ હલાવવી.. અરે..! દાળ, શાક, રોટલી ખાય છે તો દાઢને હલાવવી, પ્રભુ! એ કરી શકતો નથી. અરે..રે..! કોને બેસે? વીતરાગ ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવનો આ હુકમ છે. આહાહા..!

સવારમાં તેથી લીધું હતું, 'ચરિત્ ભટ્ઠા સિઝંતિ, શ્રદ્ધા ભટ્ઠા ન સિઝંતિ' જે શ્રદ્ધાથી

ભ્રષ્ટ છે એ તો નિગોદમાં રખડવાના પણ શ્રદ્ધામાં સમકિત સહિતમાં દોષ હોય, ચારિત્રદોષ હોય વાસના રાગ આવી જાય, પણ એ 'ચરિત્ત ભટ્ઠા સિઝંતિ' પાઠ સવારમાં આવી ગયો છે. કારણ કે એના ખ્યાલમાં છે કે આ દોષ છે, રાગ છે. એ બીજે સમયે, બીજી ક્ષણે એનો નાશ કરી દે છે. આહાહા..! વાસના આવી ગઈ. આહાહા..! પણ ચારિત્રનો દોષ, એ ચારિત્રવંત, દોષવંત સીઝે છે. કારણ કે એના ખ્યાલમાં છે કે આ મારો દોષ છે. એ સિઝંતિ, ચરિત્ત ભટ્ઠા સિઝંતિ. સવારે આવ્યું હતું. 'અષ્ટપાહુડ'ને? આમાં છે 'અષ્ટપાહુડ'? નહિ હોય.

જુઓ! 'दंसणभट्टा भट्टा दंसणभट्टस्स णत्थि णिव्वाणं।' ત્રીજી ગાથા છે. સવારે સજ્ઝાય થઈ ગઈ. જેને શ્રદ્ધામાં ફેર છે, હું પરનું કાંઈ પણ કરી શકું છું, પરને મદદ કરી શકું છું, અત્યારે સાધુનો પોકાર એ છે. 'વિદ્યાનંદજી' ને એ બધા. બીજાને આમ કરો, મદદ કરો, સહાય કરો.. દુનિયાને... વાણિયાને ખબર ન મળે, ધંધામાં મશગુલ. આહાહા..! અહીં પરમાત્મા એમ કહે છે, 'दंसणभट्टा भट्टा' સમ્યક્‌શ્રદ્ધાથી ભ્રષ્ટ એ ભ્રષ્ટ છે. 'दंसणभट्टस्स णत्थि णिव्वाणं। सिज्झंति चरियभट्टा' આહાહા..! ચારિત્રના દોષથી સીઝશે. એના ખ્યાલમાં છે, મને રાગ આવ્યો અને વાસના આવી ગઈ. છતાં તેના ખ્યાલમાં છે. એ બીજી ક્ષણે તોડી શકશે. આહાહા..! કેમકે દર્શનનું જોર છે. ચારિત્રનો દોષ છે એ ખ્યાલ છે. સમજાય છે કાંઈ? પણ શ્રદ્ધાનો જે દોષ છે એ તો કોઈ દિ' સિઝશે નહિ.

ભરત વૈભવ. શું નામ? 'ભરતેશ વૈભવ' પુસ્તક છે. બધું જોયું છે. એમાં એમ લખ્યું છે, છન્નું હજાર સ્ત્રી. એ સ્ત્રીનો વિષય લે ત્યારે રાગ છે. પણ જ્યાં વિષય પૂરો થયો, નીચે ઊતર્યો, બેઠો... એમાં 'ભરતેશ વૈભવ' માં પાઠ છે કે, એ ચારિત્રદોષ છે પણ નીચે ઊતરીને ધ્યાનમાં બેસે ત્યાં નિર્વિકલ્પ થઈ જાય છે. આહાહા..! એ..ઇ...! કોઈ વાત સાંભળી ન હોય, પ્રભુ! અરે..રે..! ત્રણલોકના નાથ કેવળીનો માર્ગ આ છે, એની સત્યતા જ્યાં બહાર આવી તો લોકો નિંદા કરે, વિરોધ કરે. પ્રભુ! પ્રભુ! તારો માર્ગ આ છે ને, ભાઈ! આહાહા..!

અહીં કહે છે, વીર્ય એને કહીએ કે પરને મદદ કરે ને પરનો ઉદ્ધાર કરે એનું નામ વીર્ય કહીએ, એમ નથી કહ્યું. આહાહા..! અને આ શેઠ જેવા મોટા મોટા વેપાર કરે માટે એ વીર્ય છે, એમ અહીંયા નથી કહ્યું. શેઠ! શેઠને માથે નાખ્યું. મોટાને મોઢા આગળ (કર્યા). આહાહા..! વીર્ય તો એને કહીએ.. પરમાત્મા ત્રણલોકના નાથ, જિનેશ્વરદેવનું ફરમાન એ છે કે, વીર્ય એને કહીએ કે, 'સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ વીર્ય...' આહાહા..! એ તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર, આનંદ, અતીન્દ્રિય આનંદની રચના કરે એને વીર્ય કહીએ, પ્રભુ! આહાહા..! રાગની રચના કરે એને વીર્ય ન કહ્યું, પ્રભુ! એ શું કહ્યું? પોતા સિવાય પરમાણુ કે બીજા આત્માનું તો કાંઈ કરી શકતો નથી. આ બાળકનું પોષણ કરવું ને આ મોટા કરવા ને કાંઈ કરી શકતો નથી. એ ક્રિયા થાય છે ત્યાં નિમિત્તપણે હું કરું છું એવું અભિમાન મિથ્યાત્વ છે. આહાહા..!

અહીંયા તો એ કહે છે, સ્વરૂપ.. પર રજકણ, પરનું તો કરી શકતો નથી પણ દયા, દાનના રાગને પણ કરે એ વીર્ય નહિ, એ નપુંસક છે. આહાહા..! પહેલા આવી ગયું છે. જોવું છે? ૪૩ ગાથામાં આવી ગયું છે. ૪૩ છે ને? આહાહા..! ૪૩ ગાથાની ટીકા. 'આ જગતમાં આત્માનું અસાધારણ લક્ષણ નહિ જાણવાને લીધે નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા,...' આહાહા..! પ્રભુ! તને શરમાવું પડે એવું છે. આહાહા..! ટીકાની પહેલી લીટી. છે? શું છે? જુઓ! 'જગતમાં આત્માનું અસાધારણ લક્ષણ...' આત્મા કોણ છે? જ્ઞાન છે, આનંદ છે, વીર્ય છે. એને નહિ જાણનારા 'નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા, તાત્ત્વિક (પરમાર્થભૂત) આત્માને નહિ જાણતા એવા ઘણા અજ્ઞાની જનો બહુ પ્રકારે પરને પણ આત્મા કહે છે,...' આહાહા..! આટલા પાઠ ભર્યા છે. 'ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા' આહાહા..! શું કહ્યું?

પરમાત્મા ત્રણલોકના નાથ, આત્મા શક્તિવાનમાં વીર્યશક્તિ એને કહે છે કે, પોતાની શુદ્ધતા, પવિત્રતા, અનંત ગુણની શુદ્ધતાની રચના કરે તેને ભગવાન વીર્ય કહે છે. અને જે વીર્ય દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામને કરે એ વીર્યને નપુંસક કહીએ. આહાહા..! 'નાગા બાદશાહથી આઘા' નગ્ન મુનિઓને જગતની ક્યાં પડી છે? કે હું આ કહીશ તો દુનિયાને કેમ (રહેશે)? એ તો નાગા બાદશાહથી આઘા છે. શેઠિયાઓને, અબજોપતિને નપુંસક કહી દીધા.

મુમુક્ષુ :- આપ બધાને ઢોરમાં મોકલો છો ને!

ઉત્તર :- એ તો સ્થિતિ એવી. વાણિયા માંસ આદિ ન ખાય અને ધર્મ-સમકિત તો છે નહિ અને પુણ્યના પરિણામ પણ ચાર-ચાર, પાંચ-પાંચ કલાક સત્સમાગમ નથી, પ્રભુ! એનું ફળ બીજું શું હોય? ભાઈ!

એ તો (સંવત) ૧૯૬૪ ની સાલ, તમારા જન્મ પહેલા.. આહાહા..! અંતરથી પૂર્વની વાત આવતી હતી ને! ભગવાન પાસે હતા. ત્યાં વાત સાંભળી છે. ભગવાન ત્રિલોકનાથ બિરાજે છે. એથી સંવત ૧૯૬૪ ની સાલમાં કહ્યું, વાણિયાઓ માંસ ખાય નહિ, દારૂ પીવે નહિ, ઇંડા ખાય નહિ માટે નરકમાં ન જાય. પણ ધર્મ નથી અને પુણ્ય પણ નથી. સમકિત તો નથી પણ ચાર-ચાર કલાક તદ્દન નિવૃત્તિ લઈને શાસ્ત્ર વાંચન, સત્સમાગમ મળતો નથી. આહાહા..!

મેં તો મારા ભાઈને કહ્યું હતું, ફઈના દીકરા ભાગીદાર (હતા). 'કુંવરજી જાદવજી' મોટી દુકાન છે, અત્યારે છે. મોટું પાટિયું 'કુંવરજી જાદવજી'. ચાર ભાઈ ભેગા હતા ત્યારે તો ચાલીસ લાખ રૂપિયા હતા. ચાર લાખની પેદાશ. અત્યારે તો ત્રણે જુદા પડી ગયા. 'કુંવરજી જાદવજી' દુકાનનું આમ મોટું પાટિયું છે. આવડું મોટું... મોટી દુકાન 'પાલેજ' માં છે. મેં તો ચોખ્ખું કીધું, બાપુ! મને તો એવું લાગે છે, ભાઈ! વીતરાગ ત્રણલોકના નાથ.. ત્યારે

પણ શાસ્ત્ર તો વાંચ્યા હતા ને! ભાઈ! આહાહા..! આ શક્તિ આવી છે, બહુ સારી આવી છે, તમારી હાજરીમાં. 'માણેકચંદજી'! આહાહા..! ધીમેથી સમજવું, પ્રભુ!

તારો આત્મા અંદર છે એ રાગ ને દ્વેષના વિકલ્પથી રહિત છે. તેમાં એક વીર્ય નામની શક્તિ છે. એ શક્તિનું કાર્ય શું? પરમાત્મા ત્રિલોકનાથ ફરમાવે છે, એ નગ્ન મુનિ દિગંબર 'અમૃતચંદ્રાચાર્ય' જગત પાસે જાહેર કરીને ઢંઢેરો પીટે છે, આહાહા..! ઢંઢેરો પીટે છે, પ્રભુ! તારું વીર્ય એને કહીએ, પ્રભુ! તારું બળ એને કહીએ કે તારી નિર્મળ પરિણતિ જે અનંત ગુણ છે એની પર્યાયમાં રચના કરે, પ્રગટ કરે એનું નામ વીર્ય છે. 'નટુલાલજી'! આ ભાષા તો સાદી છે, પ્રભુ! ભાષા તો સાદી છે પણ કદી કર્યું નથી. આ તો નવી વાત છે ને, ભગવાન! શાસ્ત્રમાં એટલી વાતું પડી છે.. ઓહોહો..! ઢગલા પડી છે, પણ કોઈ દિ' વિચાર કર્યો નથી. મારું હિત કેમ થાય? અરે..રે..! દેહ છૂટીને હું ક્યાં જઈશ? કોઈ સાથે આવતું નથી. આહાહા..!

અહીં કહે છે કે, વીર્ય એને કહીએ, પરાક્રમ એને કહીએ, પરાક્રમી, વીરતા, પરાક્રમી એને કહીએ કે જે પોતાના અનંત ગુણ નિર્મળ છે તેની પર્યાયમાં શુદ્ધતા રચે તેનું નામ પરાક્રમી અને વીર કહીએ. શુભરાગને રચે, પરને તો રચે નહિ. ત્રણ વાત. આત્મા સિવાય રજકણ ને પર સ્ત્રી, આત્મા કે બીજું શરીર, જડનું તો કાંઈ કરી શકે નહિ. એક વાત. હવે અંદર પુણ્ય અને પાપના ભાવ, એ કરે. પણ એ વીર્યને નપુંસક કહેવામાં આવે છે. કેમ? કે, નપુંસકને વીર્ય ન હોય તેથી એને પુત્ર ન થાય. પાવૈયા, હીજડાને. હીજડા, પાવૈયા હોય છે ને? અમારે તો બધો અનુભવ (થઈ ગયો છે). અમારી દુકાન ઉપર લેવા આવે ને! એ હીજડા માગવા નીકળે. એક ફેરી ચાર-પાંચ હીજડા દુકાન ઉપર ચડી ગયા અને એ તો બેશરમા હોય ને? વાર લાગે તો લૂગડુ ઊંચું કરે, નાગા થાય, બતાવે. અર..ર..ર..! એવા ઢોલ વગાડે. લાવો, ચાર પૈસા લાવો, બે આના લાવો, ચાર આના લાવો.

અહીં કહે છે કે, પ્રભુ! પરનું તો કાંઈ કરી શકતો નથી. હીજડા, નપુંસકતા પણ શુભ અને અશુભભાવ કરે એનું નામ નપુંસકતા. પરનું તો કરે નહિ ત્યાં પ્રશ્ન શું? પરનું કરે એ માન્યતા મિથ્યાત્વ છે અને શુભાશુભ કરે એ ભાવ નપુંસક (છે). એ શુભાશુભ મારા એ મિથ્યાત્વ છે. આહાહા..! ગજબ વાત છે. ત્રણ વાત થઈ.

ત્રીજી (વાત). અંદર શુદ્ધ સ્વરૂપ જે ભગવાન, અનંત પ્રભુતા, અનંત શાંતિ ને અનંત આનંદ, અનંત સ્વચ્છતા, જેના વિશાળ ગુણનો પાર ન મળે, જેમાં એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે... આહાહા..! એ અનંત ગુણની વર્તમાન દશામાં જે અંતર દૃષ્ટિ કરવાથી જે નિર્મળતાની રચના થાય છે તે વીર્યથી થાય છે. આહાહા..! સમજાય છે ને? શેઠ! ભાષા તો સાદી છે, ભાવ તો છે ઇ છે, પણ હવે બીજું શું થાય? અરે..રે..! જે કુળમાં જન્મ્યો અને જેનો પરિચય રહ્યો, બસ! એમાંથી છૂટવું કઠણ પડે. પ્રભુ! આહાહા..!

ત્રણ બોલ આવ્યા. આત્માનું વીર્ય રજકણનું અને બીજા આત્માનું કાંઈ કરી શકે નહિ. એક વાત. એ પુણ્ય-પાપને રચે તો તે વીર્ય આત્માનું નહિ. એ તો નપુંસક વીર્ય છે. આહાહા..! જે વીર્ય આત્માની સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર, આનંદ, શુદ્ધતાના સ્વભાવની રચના કરે તેનું નામ વીર્ય કહીએ. આવું તો સીધુ છે, ભગવાન! આહાહા..! હવે પેલા કહે છે, અકિંચિત્કર ક્યાં કહ્યું છે? અર..ર..ર...! દિગંબર સાધુ હતા. 'ફૂલચંદજી' ને ખોટા પાડવા (આમ કહે). 'ફૂલચંદજી' અહીંની વાત કરે, અહીંની ક્યાં છે? વાત તો જે સાચી છે એ એણે પકડી હતી. 'ફૂલચંદજી'ને એ વાત બેસી ગઈ છે. 'ફૂલચંદજી', આ 'હુકમચંદજી'. 'હુકમચંદજી' ને તો વળી એનાથી નિર્મળ... બેઠી છે. આહાહા..!

મુમુક્ષુ :– અધ્યાત્મની વાત કરે એટલે સોનગઢની છાપ લગાવી દે.

ઉત્તર :– એ વાત સાચી છે. શેઠ કહે છે એ બરાબર છે. અધ્યાત્મની વાત કોઈ કહે તો એ સોનગઢની આવી ગઈ. અરે ભગવાન! પ્રભુ! તું કોણ છો? પ્રભુ! તને ખબર નથી. આહાહા..!

'સ્વયં જ્યોતિ સુખધામ' 'શ્રીમદ્દે' 'આત્મસિદ્ધિ'માં કહ્યું. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન' શુદ્ધ પવિત્ર, બુદ્ધ નામ જ્ઞાન પિંડ, 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન' અસંખ્ય પ્રદેશી પિંડ. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ..' ચૈતન્ય જ્યોતિ સ્વયં અનાદિઅનંત સત્તા સ્વયંસિદ્ધ છે. 'સ્વયં જ્યોતિ સુખધામ' આનંદનું સ્થાન–ધામ આત્મા છે. 'બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' આહાહા..! 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન..' આહાહા..! 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન..' પછી શું છે? આહાહા..! 'સ્વયં જ્યોતિ સુખધામ.' સ્વયં ચૈતન્ય જ્યોતિ ઝળહળે છે. અંદર આનંદનો નાથ 'સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું...' પ્રભુ! તને શું કહીએ? કેટલું કહીએ? 'કર વિચાર તો પામ.' અંતર્મુખ જા તો પામી શકે, બાપુ! બીજો તો કોઈ પંથ નથી, ભાઈ! એ સોનગઢનો પંથ નથી. એ સોનગઢની વાત નથી, આ તો ત્રણલોકના નાથની વાત છે. આહાહા..! આ એક શબ્દમાં આટલું (ભર્યું છે). આહાહા..!

સ્વરૂપની રચના, એમ છે ને? શેઠ! સ્વરૂપની રચના, શબ્દ છે વીર્ય સ્વરૂપની રચના કરે. આહાહા..! આ વીર્યશક્તિ છઠ્ઠી ચાલે છે. કાલે બે ચાલી હતી, પરમ દિ' પણ ચાલી હતી. આ છઠ્ઠી ચાલે છે. આમાં તો છઠ્ઠીના લેખ છે. આહાહા..! મરી ગયા પછી નથી કહેતા? છઠ્ઠીના લેખ. એ તો લખાવીને આવ્યો છે, હવે શું લખે? એ તો લખીને જ આવ્યો છે. પૂર્વનું કરીને આવ્યો છે. નવા લેખ ક્યાં કાગળમાં લખે છે? છઠ્ઠીના લેખ લખે ને? છઠ્ઠે દિવસે. બધું ઊંધું છે. લેખ લખીને આવ્યો છે. આ છઠ્ઠીનો લેખ. આહાહા..!

તારા સિવાય કોઈ રજકણ ને કોઈ આત્માનું કાંઈ પણ કરી શકે, મદદ કરી શકે કે પરની મદદ લઈ શકે, પર આત્માથી મદદ લઈ શકે.. આહાહા..! પ્રભુ! એ તારામાં છે નહિ, હોં! એ તો નથી પણ દયા, દાન ને વ્રત, ભક્તિ ને કામ, ક્રોધના પરિણામ રચાય,

પ્રભુ! એ તારો ગુણ નહિ. આહાહા..! એ તારી શક્તિ નહિ, તારું સામર્થ્ય નહિ, તારું વીર્ય નહિ. 'છોટાભાઈ'! આવું છે, ભગવાન! આહાહા..! અરે..રે...! અધ્યાત્મની વાત આવે ત્યારે કહ્યું કે, નામ સોનગઢના પડે. પણ સોનગઢનું ક્યાં છે? પ્રભુ! આ તો ભગવાનનું છે, બાપુ! આહાહા..!

એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ. ત્રીજી ગાથા. એક દ્રવ્ય બીજાને ચૂંબે નહિ. આહાહા..! અને એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યને કરે નહિ. એ દ્રવ્યની પર્યાયને તે દ્રવ્ય-ધ્રુવ કરે નહિ. આ તે ગજબ વાત! એ પર્યાયને ધ્રુવની અપેક્ષા નહિ. આહાહા..! આ 'પ્રવચનસાર'. બધો ખ્યાલ છે, બતાવવા જઈએ તો વાર લાગે. આહાહા..! આ શક્તિ તો ગજબ છે. જેને આ વીર્યશક્તિવાન, વીર્યશક્તિવાન એટલે વીર્યશક્તિનું સ્વરૂપ. વાન કહીએ ને? આ ફલાણો વાન છે, શરીરનો વાન છે, કાળો વાન છે, ધોળો વાન છે. એમ આ સ્વરૂપનું વીર્યવાન. વીર્ય જેનું સ્વરૂપ છે. આહાહા..! એ વીર્ય નિર્મળ શુદ્ધ ધર્મની પરિણતિ, વીતરાગતાની રચના કરે તેને વીર્ય કહીએ. રાગને રચે તેને નપુંસક કહીએ. પરને રચે એમ માને તેને મિથ્યાદૃષ્ટિ કહીએ. આહાહા..! 'યશપાલજી'! આવી વાતું છે. આહાહા..! સોનગઢને નામે લોકો ભડકી જાય છે.

મુમુક્ષુ :- આ વાત આગળ ચાલતી નહોતી એટલે લોકો ભડકે છે.

ઉત્તર :- એટલે ભડકે છે. એ આત્મા છે. એને સારું કરવાનું ભાવ તો છે ને? દુઃખી થવાનો ભાવ તો એનો પણ નથી, પણ મળતું નથી, સાચું મળ્યું નથી. અરે..રે..! બીજે રસ્તે ચડી ગયા પણ સિદ્ધનો પંથ કયો છે એની ખબર ન મળે. આહાહા..! એટલી નિવૃત્તિ ક્યાં છે? બૈરાઓ પણ આખો દિ' રાંધવું ને સાફ કરવું, ઘઉં ને ચોખા સાફ કરવા, દાળ આમ કરવી, ઢીકણું આમ કરવી, શેવ વણવી... પેલું શું કહેવાય? વડી.. વડી કરવી.. આમાં ને આમાં રોકાય જાય. અરે..રે..! પ્રભુ! તારો વખત જાય છે ને!

તને તારું, તું ને તું ક્યારે કહેવાય? તું તારો ક્યારે કહેવાય? કે પવિત્રતાને પર્યાયમાં રચે ત્યારે તું તારો કહેવાય. આહાહા..! મીઠી મધુરી વાત છે, ભાઈ! આહાહા..! આ વાત તો સંવત ૧૯૭૨ ની સાલથી વાત ચાલે છે. ગુરુ હતા એ તો નરમ હતા, સજ્જન (હતા) પણ ગુરુભાઈ હતા, જરીક પ્રકૃતિ આકરી ને અભિમાની હતા. એ કહે, ભગવાને દીઠું થાશે, આપણે શું પુરુષાર્થ કરીએ? પુરુષાર્થને ઊડાડતા હતા. ૧૯૭૨ ની સાલ. એકવાર ૧૯૭૨ ના ફાગણ મહિનામાં કહ્યું, તમે આ શું કહો છો? પહેલા બે વર્ષ ન બોલ્યો. નવદીક્ષિત હતો. ૧૯૭૦ માં દીક્ષા લીધી. ૬૬ વર્ષ થયા. બે વર્ષ પછી ૧૯૭૨ માં એ વાત નીકળી. ભગવાને દીઠું હશે તે થશે, આપણે શું કરીએ? પ્રભુ! તમે આ શું કહો છો? પુરુષાર્થ ઊડાડો છો? પણ ભગવાન જેને બેસે... આહાહા..! જેને એક સમયનું જ્ઞાન ત્રણકાળ ત્રણલોકને જાણે એવી પર્યાયની સત્તા જગતમાં છે, જગતમાં બિરાજમાન છે, એવા અનંતા કેવળીઓ

સિદ્ધ બિરાજમાન છે, લાખો કેવળીઓ મનુષ્યપણે બિરાજમાન છે. એ કેવળજ્ઞાની પ્રભુની શ્રદ્ધા થાય... આહાહા..! અને એની શ્રદ્ધા ક્યારે થાય? કે પરસન્મુખ દેખીને શ્રદ્ધા ન થાય. અંદરમાં જેમ વસ્તુ છે તેમાં સ્વસન્મુખ થાય એમાં એ શ્રદ્ધા થાય. તો એ પુરુષાર્થ કરવાનું એમાં જ આવી ગયું. ભગવાન છે, એમણે દીઠું થશે એમ માનનારને કેવળજ્ઞાનની સત્તાનો સ્વીકાર સ્વસન્મુખ થઈને થાય તેનું નામ પુરુષાર્થ કહેવામાં આવે છે. આહાહા..! આ તો કોઈ દિ' જેણે સાંભળ્યું ન હોય.. પેલો બારોટ આવે ને? બારોટને શું કહે છે? બારોટ હોય ને? ચારણ કહે છે? કુટુંબનો બારોટ આવીને વાત સંભળાવે. સાતમી પેઢીમાં તારા બાપાએ આમ કર્યું હતું, પાંચ લાખ ખર્ચ્યા હતા. ત્યાં રાજી રાજી થઈ જાય. પણ શું છે?

આ ત્રણલોકના નાથ બારોટ છે. કેવળજ્ઞાની બારોટ છે. તારો ઇતિહાસ તને કહે છે. આહાહા..! ગજબ રચના છે. 'અમૃતચંદ્રાચાર્યે' અમૃત રેડ્યાં છે. આહાહા..!

જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત રે,
ગુણવંતા રે જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમ કાળમાં.

'અમૃતચંદ્રાચાર્યે' અમૃત વરસાવ્યા છે. આહા..! અરે..રે...! બાપ મરી જાય એનો વારસો લેવા તૈયાર (હોય). જ્યાં મરી ગયો હોય ત્યાં તૈયાર. બાપાની કૂંચી દ્યો. કૂંચી ક્યાં છે? આહાહા.! ત્રણ લોકના નાથ આ વારસો મૂકી ગયા.

મુમુક્ષુ :- ચોપડા જોતો નથી.

ઉત્તર :- સામું જોતો નથી. આહાહા..! 'ઇન્દૌર' જેવા શહેરમાં કેટલી વસ્તી ને રાજકુમારસિંહને નબળાઈ આવી ગઈ. એને ઠીક છે, હવે કહે છે. પણ કોઈ નિર્ણય કરનાર (ન મળે). ત્યાં તો એવું લખ્યું છે, પોર (ગયા વર્ષે) 'વિદ્યાનંદજી' હતા. ઓણ (આ વર્ષે) આ રહ્યા, સોનગઢના ભક્તોનું અહીં મીંડું વળી ગયું. એવું લખ્યું છે. સોનગઢની શ્રદ્ધા ફરી ગઈ. આહાહા..! અરે..! સોનગઢનું ક્યાં છે પ્રભુ! આ બધી આટલા શબ્દની વાત ચાલે છે.

સ્વરૂપની એટલે કે... કૌંસમાં છે ને? '(-આત્મસ્વરૂપની) રચનાના સામર્થ્યરૂપ..' આત્મસ્વરૂપની રચના કરવી, પરિણતિ કરવી પુરુષાર્થથી તેને અહીંયા વીર્યશક્તિ, સામર્થ્યરૂપ વીર્યશક્તિ-પુરુષાર્થ કહેવામાં આવે છે. આહાહા..! એક શક્તિએ ગજબ કામ કરી નાખ્યું છે! પોણો કલાક તો એકમાં ચાલ્યું. આહાહા..! બહારના ભપકા બધા, શરીરની સુંદરતા ને રૂપાળુ (શરીર) એમાં ઇયળ પડશે, જીવડા પડશે. એક બેનને તો આમ કરે ત્યાં કેટલાય જીવડા.. શું કહેવાય એને? કીડા.. કીડા. આમ કરે ત્યાં કીડા પડે. કીડા પડેલા માથામાં. આહાહા..!

કહ્યું હતું ને? એક બાઈને તો શીતળા નીકળ્યા. શીતળા કહે છે ને? દાણે દાણે ઇયળ, દાણે દાણે ઇયળ. 'લાઠી' માં. છે કોઈ 'લાઠી'વાળું? ત્યાં આગળ 'ધીરૂભાઈનો ડેલો' છે ને? એની અંદર આઘે આઘે રહેતા. અઢાર વર્ષની ઉંમરની છોડી હતી. એનો વર બીજી પરણેલો.

એમાં એને આ શીતળા રોગ થયો. દાણે દાણે ઇયળ પડી. એમ બોલી, બા! મેં આવા પાપ આ ભવમાં કર્યા નથી. મારાથી સહ્યું જતું નથી. બધે બટકા (ભરે). આખા શરીરમાં ઇયળ. આહા..! અહીંયા આ ભાવસાર 'લલીતાબેન' છે ને? કેટલા વર્ષથી આખા શરીરમાં અગ્નિ બળે છે. અહીં છે. 'મોતીબેન' ચાકરી કરે છે. આખા શરીરમાં અગ્નિ બળે છે. આહાહા..!

પ્રભુ! તારો પુરુષાર્થ, અંતરમાં જો ત્યારે તારી પુરુષાર્થની ક્રિયા થાય. એનું નામ વીર્ય કહેવાય. બહારના વીર્યથી બહુ પરાક્રમી છે ને શૂરવીર છે (એમ નથી). અહીં તો 'અષ્ટ પાહુડ' આદિમાં કહે છે કે, એ શૂરવીર ને પંડિત ને વીર્ય તો એને કહીએ કે જે આત્મસન્મુખ થઈને સમ્યક્ પ્રગટ કરે એને વીર કહીએ. એ વીર, એ શૂરવીર, એ પરાક્રમી છે. આહાહા..! હજી એમાં પાર નથી, બાપુ! એટલા શબ્દની અંદર તો પાર નથી. આહાહા..! એક તો આત્મા, બીજું એનું સ્વરૂપ, ત્રીજુ એની રચના. ત્રણ આવ્યા–દ્રવ્ય, ગુણ અને પર્યાય. શું આવ્યું?

આત્મા એ દ્રવ્ય–વસ્તુ છે. હવે એનું જે સ્વ-રૂપ છે અનંત શક્તિઓ એ ગુણ છે, એમાં વીર્ય નામનો ગુણ છે. એ ગુણ અનંત ગુણની શુદ્ધતાને રચે એ પર્યાય છે. આહાહા..! કેટલું આવ્યું! રચે એ પર્યાય છે. ગુણ રચાતો નથી, ગુણ તો ત્રિકાળ છે. આહાહા..! દ્રવ્ય અને ગુણ તો ધ્રુવ ત્રિકાળ છે. પણ એમાં વીર્ય નામનો ગુણ છે તો દ્રવ્યનો જ્યાં સ્વીકાર થાય તો અનંત ગુણનું સ્વરૂપ છે તેની પર્યાયમાં અનંતી નિર્મળ પરિણતિની રચના થાય. આહાહા..! 'છોટાભાઈ'! આવું છે, ભગવાન! શું થાય? પ્રભુ!

દુનિયા સ્વતંત્ર છે. કોઈ કોઈને સમજાવી શકે એવી તાકાત નથી. એ આમાં આવી ગયું કે નહિ? કોઈ કોઈને સમજાવી શકે એવી તાકાત નથી. આહાહા..! પોતે પોતાના સ્વરૂપની રચના કરવામાં તાકાતવાળો છે. આહાહા..! પૂરેપૂરો તાકાતવાળો છે. પરને સમજાવી શકે (એવું નથી) એ તો 'નિયમસાર' માં 'કુંદકુંદાચાર્યે' લીધું છે, પ્રભુ! તું કોની સાથે વાદવિવાદ કરીશ? આવો ઝીણો વિષય. કોઈ સાથે કરીશ નહિ. એ નાના જીવા, નાના કમ્મા, નાના લબ્ધિ, એવો 'નિયમસાર'માં પાઠ છે. અનેક પ્રકારના જીવ, અનેક પ્રકારના કર્મ, અનેક પ્રકારનો એનો ઉઘાડ, તું કોની સાથે વાદવિવાદ કરીશ? બાપુ! માટે સ્વસમય એટલે જૈનદર્શનની અંદર પણ ચર્ચા કરીશ નહિ, વિવાદ કરીશ નહિ. આહાહા..! અને અન્ય સાથે પણ વિવાદ કરીશ નહિ. 'નિયમસાર'. આહાહા..!

'સ્વરૂપની (–આત્મસ્વરૂપની) રચનાના સામર્થ્યરૂપ...' રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ. આહાહા..! ગજબ વાત છે ને! એ છઠ્ઠી શક્તિ થઈ.

अखण्डितप्रतापस्वातन्त्र्यशालित्वलक्षणा प्रभुत्वशक्तिः ७। જેનો પ્રતાપ અખંડિત છે અર્થાત્ કોઈથી ખંડિત કરી શકાતો નથી એવા સ્વાતંત્ર્યથી (-સ્વાધીનતાથી) શોભાયમાનપણું જેનું લક્ષણ છે એવી પ્રભુત્વશક્તિ. ૭.

સાતમી. 'જેનો પ્રતાપ અખંડિત છે...' આહાહા..! હવે સાતમી પ્રભુત્વશક્તિ. ભગવાન! તારામાં પરમેશ્વર થવાની એક શક્તિ છે. આહાહા..! પ્રભુત્વશક્તિ. કેવી શક્તિ છે? 'જેનો પ્રતાપ અખંડિત છે અર્થાત્ કોઈથી ખંડિત કરી શકાતો નથી...' આહાહા..! કર્મથી મારામાં આ થયું ને કર્મથી મારામાં આ થયું ને કર્મે મને બહુ નુકસાન (કર્યું). પ્રભુ! એમ નથી. તારામાં એવી શક્તિ છે, પ્રભુત્વ નામની એવી શક્તિ છે કે કોઈથી ખંડિત થાય અને તું કોઈથી પરાધીન થાય એવી તારામાં શક્તિ નથી. આ સ્વતંત્ર શક્તિ છે. આહાહા..!

આ એક શક્તિ દરેક શક્તિમાં વ્યાપક છે. વીર્યશક્તિમાં પ્રભુત્વશક્તિ વ્યાપક છે અને પ્રભુત્વશક્તિમાં વીર્યશક્તિ વ્યાપક છે. આહાહા..! આવો ઉપદેશ. આમાં ક્યાંય પેલું આવ્યું નહિ કે આ કરવું. એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રણઇન્દ્રિય, ગિરનારની, સમ્મેદશીખરની જાત્રા કરવી.. હોય છે ઇ, અશુભથી બચવા શુભભાવ આવે છે, હોય છે, પણ છે હેય, ધર્મ નહિ. એ અશુભથી બચવા માટે આવે. આહાહા..!

પ્રભુત્વ. 'જેનો પ્રતાપ અખંડિત છે અર્થાત્ કોઈથી ખંડિત કરી શકાતો નથી...' આહાહા..! કોઈ પરદ્રવ્યથી તારી શક્તિ ખંડિત થઈ જાય એવું છે નહિ. પરદ્રવ્ય તને અડતા નથી. આહાહા..! આવું આકરું લાગે. 'કોઈથી ખંડિત કરી શકાતો નથી...' કર્મથી ખંડિત કરી શકાતો નથી. આહાહા..! તારામાં પ્રભુત્વ નામની શક્તિ–એક ગુણ છે. અરે..! પરમેશ્વર થવાનો તારામાં ગુણ છે. પ્રભુત્વ નામ ઇ. આહાહા..! 'કોઈથી ખંડિત કરી શકાતો નથી...' ભાષા.. 'કોઈથી ખંડિત કરી શકાતો નથી એવા સ્વાતંત્ર્યથી...' આ ભાષા બીજી આવી પાછી. સ્વતંત્ર.. સ્વતંત્ર. પોતાની પ્રભુતા કરવામાં કોઈની મદદ નહિ. સ્વતંત્ર એને કહીએ, કર્તા સ્વતંત્રપણે કરે તે કર્તા. જે કર્તા પરની આશા રાખે તે સ્વતંત્રપણે કર્તા નથી. આહાહા..! એક વ્યાખ્યાન પણ આવું જીણું.

એક તો જાણે પર્યાયમાં વીર્યહિન અને ઓશિયાળી વૃત્તિ, ભિખારા વૃત્તિ. એટલે બીજાઓ એમ કહે, અમારાથી તને આમ થાશે, અમારાથી તને આમ થાશે. એટલે જાણે કે, હાશ! આપણે બીજાથી કાંઈક સારું થશે. આહાહા..! આવી દૃષ્ટિ અને આવું સાંભળે એને સારું લાગે. અહીં તો કહે છે કે, ત્રણલોકના નાથ આવે તોપણ એમનાથી તને કાંઈ લાભ નથી. કેમકે પ્રભુતા તારામાં અખંડિત ભરી છે. સ્વતંત્ર શોભાયમાન એવી ચીજ તારામાં ભરી છે. આહાહા..! છે કે નહિ અંદર? આહાહા..!

'જેનો પ્રતાપ અખંડિત છે...' એ દરેક ગુણનો પ્રતાપ અખંડિત છે. પ્રભુત્વ નામનો ગુણ અનંત ગુણમાં છે. જ્ઞાનગુણ પણ અખંડિત પ્રતાપ છે. જ્ઞાનાવરણીય હણી શકે એને (એમ) ત્રણકાળમાં નથી. આહાહા..! દર્શનને દર્શનાવરણીય હણી શકે એમ ત્રણકાળમાં નથી. મોહનીય કર્મ આત્માના સમ્યગ્દર્શનને હણે એ ત્રણકાળમાં નથી. આહાહા..! અંતરાય કર્મ દાન, લાભમાં અંતરાય પાડે એમ ત્રણકાળમાં નથી. આહાહા..! ઊતરે છે એમાં? ઊતરે

છે? આહાહા..!

'જેનો પ્રતાપ અખંડિત...' અનંત ગુણમાં એ પ્રભુત્વ નામનો ગુણ છે કે જે ગુણ અનંત ગુણમાં વ્યાપ્યો છે. વ્યાપ્યો એટલે એનું રૂપ છે. એથી કોઈપણ ગુણને કોઈ બીજો ખંડિત કરે, જ્ઞાનાવરણીયનું જોર આવ્યું એટલે જ્ઞાન અવરાયું, ના.. ના.. તારી હિણી દશા કરનારો તું તારાથી છે. જ્ઞાનનો વિકાસ નથી.. ભાષા આવે કે, જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય. એ તો નિમિત્તના કથન છે. ટૂંકી ભાષા કરવા માટે. બાકી પોતાની પર્યાય પોતાથી હિણી થાય છે. જ્ઞાનાવરણીય કર્મથી હિણી કદી થતી નથી. પરદ્રવ્યથી પરદ્રવ્યમાં ક્યારેય ખંડિત થતું નથી. આહાહા..! આવી વાતું છે. 'જીવરાજભાઈ'! 'બોટાદ'.

મુમુક્ષુ :- સમજવા જેવી આ વાત છે.

ઉત્તર :- આ વાત છે, બાપા! 'બોટાદ' માં કેટલા ચોમાસા કર્યા? ચાર. એક શબ્દ વાત હતી નહિ. આહાહા..! આ કાંઈ વાડો નથી, આ કોઈ પક્ષ નથી. આ તો ત્રણલોકના નાથ, એમણે જે જોયું તે જાણ્યું તે વસ્તુ આ છે. આહાહા..!

'જેનો પ્રતાપ અખંડિત..' છે. દરેક ગુણમાં પણ જેનો પ્રતાપ અખંડિત છે. આહાહા..! 'કોઈથી ખંડિત કરી શકાતો નથી...' કોઈથી, વેરીથી પણ તારી પર્યાયમાં ખંડ થઈ જાય એમ ત્રણ કાળમાં નથી. જગતમાં કોઈ વૈરી છે જ નહિ, બધા જ્ઞેય છે. જ્ઞેય છે તેનાથી તારામાં લાભ-નુકસાન થતું નથી. એ જ્ઞેય છે તેનું જ્ઞાન પણ તેને કારણે થતું નથી. શું કહ્યું? પંચ પરમેષ્ઠી જ્ઞેય છે, જ્ઞાનમાં જાણવાલાયક છે. પણ એને કારણે એમનું જ્ઞાન થતું નથી. પોતાને કારણે તેમનું જ્ઞાન થાય છે. આહાહા..! એવી સ્વતંત્ર જ્ઞાનશક્તિ, દર્શનશક્તિ, આનંદશક્તિ, જેનો પ્રતાપ અખંડિત અને સ્વતંત્ર શોભાયમાન છે. આહાહા..! 'શોભાયમાનપણું જેનું લક્ષણ છે એવી પ્રભુત્વશક્તિ.' એ સાતમી વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

પ્રવચન નં. ૪૮૫ શક્તિ ૬, ૭, ૮ ગુરુવાર, આસો સુદ ૧, તા. ૦૯-૧૦-૧૯૮૦

---

નોંધ :- મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' શક્તિનું વર્ણન છે, શક્તિનું વર્ણન ચાલે છે. સાતમી આવી ને? છઠ્ઠી શક્તિ આવી ને? સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ. પહેલી વાત એ છે કે કોને આ હોય છે? વીર્યશક્તિ પોતાના સ્વરૂપની રચના કરે એ કોને પણ? જે આ દ્રવ્ય સ્વભાવ દૃષ્ટિમાં માને તેને. સમજાય છે કાંઈ? શું કહ્યું? જેને આ આત્મા વીર્ય આદિ અનંત ગુણનો

પિંડ છે એવી સ્વસન્મુખ દૃષ્ટિ કરે છે તેને સ્વરૂપની રચના થાય છે. જગતમાં આવો એક આત્મા છે એમ ધારણામાં માની લે કે આત્મા છે, એમ નહિ. થોડી ઝીણી વાત છે.

અહીંયા તો આત્મા શબ્દ આવ્યો ને? સ્વરૂપ એટલે આત્મસ્વરૂપની રચના. પણ સ્વરૂપની રચના કરે એવું સામર્થ્ય, એવી એક વીર્યશક્તિ (છે) પણ કોને? આહાહા..! જેણે પોતાના સ્વરૂપમાં એ વીર્ય આદિ અનંત શક્તિઓનો સમુદ્ર, સાગર એવા આત્મા ઉપર દૃષ્ટિ પડી હોય તો આત્મામાં વીર્ય નામની શક્તિ છે તેનાથી આત્માની શાંતિ, આનંદ અનંત ગુણની વર્તમાન પ્રગટ પર્યાયની રચના કરે એવું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? આ શક્તિ.. શક્તિ.. શક્તિ પણ છે શું આ? સાંભળીને સાંભળી લેવું એમ નહિ.

શક્તિવાન આત્મા છે એમ અંતરમાં જેને દૃષ્ટિ થઈ તેને તેનો વીર્ય ગુણ પોતાના અનંત ગુણની નિર્મળપર્યાય પ્રગટ કરીને રચના કરે એ એનો સ્વભાવ છે. બીજી રીતે કહીએ તો દ્રવ્ય અને ગુણની જેને પ્રતીતિ થાય છે, દ્રવ્ય વસ્તુ અને ગુણ અનંત, એવી જેને પ્રતીતિ થાય તેને અનંત ગુણની નિર્મળ પર્યાયની રચના થયા વિના રહેતી નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

એકવાર કહ્યું હતું ને? 'ત્રિભુવન વારિયા' એ પ્રશ્ન કર્યો હતો. મહારાજ! કારણ પરમાત્મા, કારણ પરમાત્મા ઘણી વાર કહો છો અને છે. અંદર કારણ પરમાત્મા ભગવાન (છે) તો કારણ છે તો કાર્ય તો આવવું જોઈએ. વાત સાચી, ભાઈ! પણ કોને? એ કારણ પરમાત્મા જેવો છે એવો સ્વીકાર કરે તેને. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. કાલ તો 'પ્રભુત્વ શક્તિ' ચાલીને, બહુ સૂક્ષ્મ હતું. આહાહા..!

સ્વરૂપની એટલે આત્મ સ્વરૂપ જેને દૃષ્ટિમાં બેઠું.. આહાહા..! જેણે આત્મસ્વરૂપનો અંતર્મુખ થઈને સ્વીકાર કર્યો, આત્મા સિવાય સર્વ બહિર્મુખ (ભાવ), ભગવાનની ભક્તિના વિકલ્પથી માંડીને આખી દુનિયા, એ તરફની ઉપેક્ષા કરીને પોતાનો ત્રિકાળી અનંત શક્તિવંત જે પ્રભુ (છે) તેની સન્મુખ થવાથી અનંત ગુણની નિર્મળ પર્યાયની રચના વીર્ય કરે, એ કર્યા વિના રહે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આ શક્તિ તો આવી ગઈ છે. ફરીને વિસ્તાર (કરીએ છીએ). અહીં તો પાર ન મળે. આહાહા..! એટલી (શક્તિ) ભરી છે.

આમ લ્યો તો એક એક શક્તિ છે... એ 'દીપચંદજી'એ લીધું છે, 'દીપચંદજી'એ 'ચિદ્વિલાસ', 'આત્માવલોકન' બનાવ્યું છે ને? એ તો અંતરમાં... આહાહા..! જુઓ! આત્મામાં આ એક વીર્યશક્તિ (છે). અહીંયાં કહે છે, 'ગુણ એક એક જાકે પર્યાય અનંત કરે, પરજાય મેં અનંત નટ' આહાહા..! એ પર્યાયમાં અનંત દ્રવ્ય જણાય છે એવું નૃત્ય–નાચ થાય છે. આહાહા..! પર્યાયમાં, હોં! આહાહા..! 'અનંત નૃત્ય નાના વિસ્તર્યો હૈ, નૃત્ય મેં અનંત થટ' પર્યાયમાં અનંત દ્રવ્ય, ગુણ જાણ્યા તે દ્રવ્ય, ગુણ, પર્યાયના થટ બધા દૃષ્ટિમાં આવ્યા છે. પર્યાયમાં, એ પર્યાયનું થટ છે. નૃત્ય છે, થટ છે, અનંત કળા છે. એક એક પર્યાયમાં અનંતી

કળા છે. ગુણની તો વાત શી કરવી, ગુણ તો પહેલા કહ્યું, ‘એક એક ગુણમેં જાકે પર્યાય અનંત’ અનંત પર્યાય થાય છે. આહાહા..! આ તો અનંત અનંત.. પૂર્વે કોઈ દિ’ સાંભળ્યું નથી કદી અનંતકાળમાં. સમવસરણમાં ભગવાન પાસે ગયો ત્યારે સાંભળ્યું હતું, અનંત વાર ત્યાં મહાવિદેહમાં અવતર્યો છે પણ એ શું કહે છે એનું હૃદય જે હતું તે ન કર્યું. આહાહા..!

હું આત્મા, એમાં અનંત ગુણ અને એક એક ગુણમાં અનંતી પર્યાય. એક એક પર્યાયમાં અનંતા દ્રવ્ય, અનંતા સિદ્ધ અને અનંતા કેવળી જણાય. માટે એટલા અનંતા થટ ભર્યા છે. એક પર્યાયમાં અનંતા થટ! આહાહા..! પછી અનંત કળા. એ એક એક પર્યાયમાં જે અનંતા સિદ્ધો, કેવળી દેખાણા એ અનંત. પાછી એની અનંતી કળા. એ પર્યાયમાં અનંતી કળા (છે). આહાહા..! આ અધિકાર થોડોક ‘ચિદ્‌વિલાસ’માં લીધો છે અને થોડો ‘બનારસીદાસે’ ‘સમયસાર નાટક’માં લીધો છે. ઘણો વિસ્તાર લીધો છે આ તો આટલો શ્લોક બોલ્યા.

‘અનંત કળા, અખંડિત અનંત રૂપ..’ અનંત કળામાં અનંત રૂપ. એક એક પર્યાયમાં અનંત કળામાં અનંત રૂપ ધારે છે. આહાહા..! કારણ કે અનંતા દ્રવ્ય, ગુણ, પર્યાય જણાયા છે, પ્રતીતિમાં આવ્યા છે. આહાહા..! એ પર્યાયમાં અનંત અનંત રૂપ ધર્યું છે. રૂપમાં અનંત સત્તા (છે). એક પર્યાયમાં અનંતા રૂપ થાય એવી અનંતી સત્તા સાબિત થઈ. આરે.. આરે..! આવી વાતું. લોકોને બહારથી કાંઈક લઈ લેવું છે. વસ્તુ અંદર છે એની ખબર નથી. આહાહા..!

આવા અનંતા ગુણોથી.. આ તો એક ગુણની એક પર્યાયની વાત આવે છે. એવા અનંતા ગુણોની અનંતી પર્યાય. આહાહા..! એની જે સત્તા, એ સત્તામાં અનંતા ભાવ, એક પર્યાયમાં અનંતી પર્યાયની સત્તા, એના અનંતા ભાવ. ‘ભાવકો લખકે અનંત રસ ભર્યો’ એ ભાવમાં અનંત રસ છે. આહાહા..! ‘રસકે સ્વભાવમેં પ્રભાવ’ છે. રસના સ્વભાવમાં અનંતો પ્રભાવ છે. આહાહા..! ‘અનંત અનંત .. લહ્યો હૈ’ આહાહા..! ઘણો વિસ્તાર કર્યો છે. આ તો એક કડી વાંચી. એક એક કડીનો વિસ્તાર પાછો બહુ છે. આહાહા..!

અહીં તો શું વિચાર આવ્યો હતો? કે આત્મામાં પોતાના સ્વરૂપની રચના કરે એ કોને? જેને આત્મા અનંત અનંત ગુણ અને એક એક ગુણની અનંતી પર્યાય, એક એક પર્યાયમાં અનંતા સિદ્ધો જાણવાની તાકાતની સત્તા (જણાઈ), એવા આત્માની જેને અનુભવમાં પ્રતીત થઈ તેના આત્મામાં જે વીર્ય નામનો ગુણ છે એ અનંત ગુણની રચના કરે છે. પર્યાયમાં અનંત ગુણની પર્યાયની નિર્મળ ધારા વહે છે. આહાહા..! પર્યાયમાં અનંતી શાંતિ, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા એવી અનંતા ગુણની પર્યાયમાં ધારા વહે છે. આહાહા..! અરે..! આવો આત્મા.. અહીં તો એક જરીક પાંચ-પચીસ રૂપિયા એક મિનિટમાં મળે કાપડનો ધંધો હોય, ત્યાં રાજી રાજી થઈ જાય. આહાહા..! આજે ઘરાક આવી ગયું. અરે..! પ્રભુ! તું ક્યાં જાય છે? આહાહા..! તારી ઋદ્ધિ, તારો બાદશાહ, તારી બાદશાહીમાં આ દુનિયામાં કોઈની સાથે તુલના કરે એવી કોઈ ચીજ નથી. તારાથી કોઈપણ ચીજ અધિક, વિસ્મય, આશ્ચર્યકારી

ત્રણ કાળમાં નથી. આહાહા..! એ આત્મા પોતાના સ્વરૂપની રચના કરે. આહાહા..! એ છઠ્ઠી શક્તિ થઈ.

સાતમી. 'જેનો પ્રતાપ અખંડિત છે...' એ પણ એક એક ગુણમાં પ્રભુત્વ નામનું રૂપ છે. આહા..! એક એક ગુણમાં અનંતી પર્યાય છે. દરેકમાં પ્રભુત્વની પર્યાય પડી છે. પણ કોને? જેણે અનંત ગુણ સ્વરૂપ ભગવાન આત્માનો સ્વીકાર, અંતર અનુભવ કર્યો તેની પ્રભુતા... આહાહા..! અખંડિત... છે? 'જેનો પ્રતાપ અખંડિત...' જેણે આત્માને જાણ્યો તેને અખંડિત પ્રતાપ છે. બાકી તો રાંકાની જેમ અનાદિથી ફરે છે. ભિખારીની જેમ જ્યાં ત્યાં માંગે છે, આબરૂ આપો, પૈસા આપો, લક્ષ્મી આપો, ભોગ આપો, વિષય આપો, મોટા માન આપો, અભિનંદનના પૂંછડા મૂકો, અભિનંદન.. અભિનંદન.. અરે..! તારા અભિનંદન... આહાહા..!

અહીંયા ભગવાન આત્મા પ્રભુત્વ નામનો પરમેશ્વર નામનો એક ગુણ છે. આહાહા..! કે જે પરમેશ્વર ભગવાન પૂર્ણાનંદનો નાથ, તેનો સ્વીકાર અંદર સન્મુખ થઈને કર્યો અને વિકલ્પથી માંડી આખા લોકાલોકથી વિમુખ થઈને, અરે..! પંચ પરમેષ્ઠીથી પણ વિમુખ થઈને, અને પંચ પરમેષ્ઠીની વાણીથી પણ વિમુખ થઈને, કારણ કે એ પરદ્રવ્ય છે. આહાહા..!

'જેનો પ્રતાપ...' છે? 'અખંડિત છે...' આહાહા..! જેણે અંદર આત્માને જાણ્યો, અનંત ગુણના રૂપમાં પ્રભુત્વનું રૂપ પડ્યું છે તો એક એક ગુણની જે પર્યાય છે તેનો કોઈ ખંડ કરે, ખંડિત થાય, કોઈ હિણી બનાવે એવી કોઈની તાકાત નથી. સમજાય છે કાંઈ? જ્ઞાનાવરણીય કર્મથી જ્ઞાન હિણું પડે, એમ લોકો કહે છે ને? એ અજ્ઞાનીને જ્ઞાનાવરણીય કર્મ ઉપર લક્ષ છે. તેથી તે કર્મના નિમિત્તે પોતાના અપરાધથી જ્ઞાનની હિણી દશા કરે છે, કર્મથી નહિ. આહાહા..! પોતાનો નિરપરાધી ભગવાન.. આહાહા..! અતીન્દ્રિય આનંદ સર્વાંગ ભર્યો છે, અતીન્દ્રિય વીર્ય સર્વાંગ ભર્યું છે, અતીન્દ્રિય જ્ઞાન સર્વાંગ ભર્યું છે, અતીન્દ્રિય શાંતિ, શાંતિ, શાંતિ.. શાંતિ એટલે વીતરાગ ભાવ, વીતરાગ ભાવ શાંતભાવ, જેમાં ભરચક્ક ભર્યો છે. એવો તો એક ગુણ. એવા અનંત ગુણનું એકરૂપ આત્મા. એ આત્માનો જેને સ્વસન્મુખ થઈને સ્વીકાર થયો તેને અનંત ગુણની પર્યાય પ્રગટ થઈ. તેને કોઈ ખંડિત કરે, વિઘ્ન કરે, હિણી બનાવે એવી કોઈની તાકાત દુનિયામાં નથી. આહાહા..! અરે..! આવો આત્મા એણે સાંભળ્યો નથી.

આત્માના એક એક ગુણ અનંતી પર્યાયથી ભરેલો. એક એક પર્યાય અનંતા સિદ્ધ આદિને જાણવાની તાકાતવાળી પર્યાય.. આહાહા..! એવો જે ભગવાન આત્મા, પોતા સિવાય બધાની પામરતા નહિ લઈને, પોતાનો આત્મા અધિકપણે, પર્યાયથી પણ અધિક–ભિન્ન, જાણનારી પર્યાય છે, રાગ નહિ, પણ એ પર્યાયથી પણ અધિક દ્રવ્ય છે. કેમકે આવી આવી અનંતી પર્યાયનો પિંડ એક ગુણ છે. આવા અનંતા ગુણનો પિંડ એક દ્રવ્ય છે. આહાહા..!

શું કહે છે આ? રાવણને નવ માથા કહે છે ને? કેટલા કહે છે? દસહરા. માથા દસ

નહોતા, હાર હતો, હાર. એને લઈને મસ્તક દસ દેખાય. એ લક્ષ્મણે.. પણ એ તો બધા ઉત્તમ પુરુષો. લક્ષ્મણે માર્યું, કાપી નાખ્યા અને જ્યારે બાળવા સ્મશાનમાં લઈ ગયા તો પહેલા તો એ લક્ષ્મણ અને રામ એના બૈરાં પાસે ગયા. બા! અમે વાસુદેવ, બળદેવ છીએ. અમારી પદવી આ છે. માતા! અમારી પદવી પ્રમાણે થયું. અમને કોઈ વિરોધ નથી. આહાહા..! અમને કોઈ વ્યક્તિ પ્રત્યે વિરોધ નથી. અમારી વાસુદેવ અને બળદેવની પદવી છે. માતા! આહાહા..! પેલી જાણે કે આ તો શત્રુ આવ્યા. માતા! શત્રુ નથી. અમે તો તમારા બાપ છીએ, તમારા પિતા છીએ. આહાહા..! એ..ય..! શેઠ!

મુમુક્ષુ :- આપે શું ફરમાવ્યું તે હિન્દીમાં કહો.

ઉત્તર :- આ હિન્દીમાં ન આવ્યું? ભૂલી ગયા. રાવણને મારી લક્ષ્મણ અને રામ રાવણની સ્ત્રી પાસે ઘરે ગયા અને જઈને કહે છે, માતા! મેં આ કર્યું, અમારી પદવી એવી છે. પદવી પ્રમાણે થયું છે, માતા! અમને કોઈ પ્રત્યે વિરોધ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અને જ્યારે એની-રાવણની સ્મશાનયાત્રા નીકળી તો રામ અને લક્ષ્મણ જાય છે. સ્મશાનમાં બાળતા હતા ત્યાં તળાવ હતું તળાવ, એ તળાવની પાળી ઉપર બેઠા. આહાહા..! ઉત્તમ પુરુષો છે. પદવીધર છે, વાસુદેવ, બળદેવ. આહાહા..! તીર્થંકરની તો શું વાત કરવી પણ આ વાસુદેવ ને બળદેવ. મારી નાખ્યો ને બાળવામાં જોડે રહ્યા. તળાવની પાળ ઉપર બેઠા. રાજકુમાર હતા. પૂરું થયા પછી ગયા. આહાહા..!

આટલી મોટપ તો એક પદવીધર છે એમાં આવે છે. તો અંદર જ્યારે તીર્થંકરને કેવળજ્ઞાન થાય... આહાહા..! તો આ જે અનંતા ગુણ છે,... અરે..! સમ્યગ્દર્શન થાય ત્યાં જે અનંત ગુણ છે તેમાં પ્રભુત્વ નામનો ગુણ પડ્યો છે તો એ દ્રવ્યનો સ્વીકાર કરવાથી... આહાહા..! પ્રભુત્વશક્તિનો ભગવાન અનંત ગુણનો આવો ભંડાર. એ પ્રભુત્વશક્તિ દરેક ગુણમાં પડી છે. એક ગુણ તો છે પણ એમાં જ્ઞાનપ્રભુ, દર્શનપ્રભુ, વીર્યપ્રભુ, બધામાં પ્રભુતા ભરી છે. આહાહા..! આ તો ગજબ વાત છે. એટલી ગંભીરતા ભરી છે, પારાવાર ભરી છે. એક એક શબ્દમાં એટલી ગંભીરતા છે. શું કહ્યું?

'જેનો પ્રતાપ અખંડિત છે...' કોને? પ્રભુત્વ ગુણનો સ્વીકાર કર્યો તેને. પ્રભુત્વ ગુણનો સ્વીકાર કોણે કર્યો? જેમાં-આત્મામાં પ્રભુત્વ છે એ આત્માનો સ્વીકાર કરનારને. આહાહા..! આ ભાષા તો સાદી છે. પ્રભુત્વનો પાર નથી, પ્રભુ! શું કહીએ? આહાહા..! અત્યારે બહુ ગડબડ (થઈ ગઈ છે). આ કરો ને આ કરો ને આ કરો ને આ કરો.. બે-પાંચ લાખ પૈસા ખર્ચે.. આહાહા..! એવું છે.

મુમુક્ષુ :- ગડબડી આપે બચાવી.

ઉત્તર :- હા. ઇ ન્યાંનો કાગળ આવ્યો'તો ને 'મુંબઈ'નો.

મુમુક્ષુ :- સીધુ ગાડું ચાલ્યું જતું હતું એને આપે રોક્યું.

ઉત્તર :– સાચી વાત છે. કાલે કાગળ આવ્યો છે. છે ને 'નરેશ'? આઠ-દસ કરોડ રૂપિયા, સ્થાનકવાસી છે. એણે ૫૦x૫૦ જમીન આપી. અહીં આવ્યા પછી ૪૦x૪૦ આપી હતી. અઢી લાખ રૂપિયા આપ્યા. કાલે પત્ર આવ્યો છે, બીજા એકાવન હજાર આપું છું. બાવીસ હજારનું આ.. વિશ્રાંતિ ગૃહના મકાનમાં એક બાવીસ હજાર રૂપિયા. અગિયાર હજાર રૂપિયા બેનના ચિત્રમાં. ત્યાં પાંચ-પાંચ હજાર માણસને જમાડવા માટે મોટો મંડપ કરે છે. માંગલિક કરાવવું છે કે મહારાજ પધારો. નોમ.. નોમે સવારમાં (જવાનું છે). અગિયારસે પાછા આવી જવાનું છે. બે દિવસ છે. આહાહા..! પણ એ બધી બહારના ભપકા છે. પાણીની જેમ પૈસા ખર્ચે. દસ લાખ રૂપિયા. સાધારણ સ્થાનકવાસી છે. આહાહા..! અરે..રે..!

પ્રભુ! તું કોણ છો? એ પૈસા તો તારી પર્યાયમાં એ તરફનું લક્ષ કર્યા વિના એનું જ્ઞાન કરવાની તાકાત તારામાં છે અને એ પર્યાયનો પણ અખંડિત પ્રતાપ છે. આહાહા..! રાવણનું જે મકાન–રહેવાનું સ્થાન હતું એ સ્ફટિકમણિનું હતું. સ્ફટિકમણિ, આ લાદી નહિ. એનો દાદરો પણ સ્ફટિકમણિનો. દાદરો સમજ્યા? શું કહે છે? સીડી. જોવાની મુશ્કેલી પડે. ચડે આમ તો નીચે દેખાય. એટલે પછી ધ્યાન રાખવું પડે. સ્ફટિકમણિના મકાનમાં રહેવાવાળા મરીને અત્યારે નરકમાં ગયા. આહાહા..! તીર્થંકર થવાના છે, હોં! સીતાજીને હરી ગયો. અત્યારના પરિણામ એવા હતા જરી. ભવિષ્યમાં તીર્થંકર થશે અને સીતાજી ગણધર થશે. આહાહા..! આત્માના પુરુષાર્થથી, આત્માનું વીર્ય ફોરવે તો ગમે તે કરી શકે. આહાહા..! અહીં સિતાજીને લાવ્યા અને એમને મારી નાખ્યા. એ ભવિષ્યમાં તીર્થંકર થશે અને સીતાજી ગણધર થશે. આહાહા..! આત્માની તાકાતની વાત છે, ભાઈ!

અહીં કહે છે, 'જેનો પ્રતાપ અખંડિત છે...' આહાહા..! મને તો એ વિચાર આવ્યો કે જેને અંદર આત્માનું જ્ઞાન થયું એ જ્ઞાનની પર્યાય હવે અખંડિત રહેવાની છે, ભાઈ! એ વિચાર આવ્યો હતો. અપ્રતિહત. આહાહા..! જે જ્ઞાનનો કણ અંદરમાં અંશ જાગ્યો, સમ્યક્ ચૈતન્ય નિર્મળ (કણ જાગ્યો) એ અખંડિત (રહેશે). હવે ખંડ થાય અને પાછો પડે એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા..! શું અંદર ચીજ છે એ ખબર નથી. બહારમાં આ ફર્નીચર ને.. કહ્યું નહોતું? 'મણિભાઈ' છે ને? 'મુંબઈ'માં. પાંચ-છ કરોડ રૂપિયા છે. આહાર કરવા ગયા હતા. આહાર કરવા માટે વિનંતી કરી હતી. દૂર હતું પણ ગયા હતા. એના મકાનમાં એટલા ઓરડા.. જ્યાં જ્યાં એ મકાનમાં પગલા કરાવ્યા ત્યાં બધે મખમલના (ગાલીચા). પાંચ-છ કરોડ રૂપિયા. આ શાંતાબેનના નણદોઈ. આમ ઠાઠ જુઓ..! છે નરમ માણસ. હમણા ગયા ત્યારે આવ્યા હતા, અહીં આવ્યા હતા. ઘરવખરો, પાંચ લાખ રૂપિયાનો તો ઘરવખરો હશે એકલો કપડાનો. પાંચ લાખ. ઘરવખરો સમજ્યા? ફર્નીચર. આહાહા..! પણ એમાં ને એમાં.. વિચાર તો એવો આવ્યો, અરે..રે...! આમાંથી નીકળવું મુશ્કેલ પડશે. દેહ છૂટીને આ બધું મુકીને જવું. પણ એની દરકાર, કાંઈ પણ અપેક્ષા નથી, ઉપેક્ષા કરે અને ભગવાનની અપેક્ષા

કરે. આહાહા..!

જેના જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ, પ્રભુ! હવે ખંડિત નહિ થાય, હોં! આહાહા..! જેની આત્માના પ્રતાપે જે સમ્યગ્દર્શન પર્યાય પ્રગટ થઈ એ પર્યાય ખંડિત નહિ થાય. આહાહા..! જે શાંતિ પ્રગટ થઈ એ શાંતિ હવે ખંડિત નહિ થાય. આહાહા..! જે વીર્ય પ્રગટ થયું એ વીર્ય ખંડિત નહિ થાય. આહાહા..! જે સ્વચ્છતા પ્રગટ થઈ, એમાં સ્વચ્છતા ગુણ છે, સ્વચ્છતા પ્રગટ થઈ તે સ્વચ્છતાનું ખંડિતપણું નહિ થાય. આહાહા..! એક વાત.

'જેનો પ્રતાપ અખંડિત...' અનંત ગુણનો, હોં! અનંત ગુણની પર્યાયમાં જેનો પ્રતાપ અખંડ છે. આહાહા..! બધા ઉપરથી દૃષ્ટિ ઉઠાવી આત્મા ઉપર દૃષ્ટિ કરવાથી આ ઋદ્ધિ પ્રગટ થાય છે કે જે ઋદ્ધિ આગળ ચક્રવર્તીના રાજ અને ઇન્દ્રના ઇન્દ્રાસન સડેલાં તરણા જેવા છે. સમજાય છે કાંઈ? એમાં છે કે નહિ? 'જેનો પ્રતાપ અખંડિત છે...' આહાહા..!

બીજી વાત, 'કોઈથી ખંડિત કરી શકાતો નથી...' આહાહા..! એ પ્રભુ અંદરમાંથી જાગ્યો એ જાગ્યો, એ જાગૃત થયેલો ઊંઘે કે ઘટી જાય એવું કદી બનતું નથી. એ તો પરમાત્મા જ થશે. આહાહા..! કેવળજ્ઞાન લઈને સિદ્ધ થશે. એવી એમાં પ્રભુત્વ નામની શક્તિ છે કે પ્રભુ બની જશે. પર્યાયમાં પ્રભુ બની જશે. આહાહા..! અરે..! આ એક શક્તિનું વર્ણન..

બીજી વાત, 'એવા સ્વાતંત્ર્યથી (–સ્વાધીનતાથી) શોભાયમાન...' અનંત ગુણની પર્યાય પ્રગટ થઈ તે તેની સ્વતંત્રતા છે. સ્વતંત્ર એને કહીએ કે એનો કોઈ કર્તા નહિ. સ્વતંત્રપણે પર્યાય કર્તા થાય છે તે સ્વતંત્ર છે. આહાહા..! કોને? જેણે સ્વતંત્ર ભગવાન આત્મા, અનંત ગુણનો પિંડ છે એ આત્માનો અંદર સ્વીકાર કર્યો એના અનંત ગુણની પર્યાય પ્રગટ થઈ એ સ્વતંત્રતાથી શોભિત છે. સ્વતંત્રતાથી શોભિતનો અર્થ એ પ્રગટ થઈ તે હવે અશોભિત નહિ થાય. શોભિત શણગાર પ્રગટ થયો તે પ્રગટ થયો. આહાહા..! આવો આત્મા સાંભળ્યો નથી. આ કરો, આ કરો, આ કરો, આ કરો... અમારા નામની તકતી ચોડાવો. દસ લાખ આપ્યા છે તો ફલાણા નામની (તખ્તી લગાવો). એમાં પાછા ચાર-પાંચ નામ આપે. ફલાણા .. ફલાણું આમ. એવું નાખે. ક્યાં જાવું છે? પ્રભુ! તારે શું કરવું છે? તું કોણ છો ને શું કરી રહ્યો છે નાથ! આહાહા..!

જેની સ્વતંત્રતા, કહે છે, કે જેણે આ પ્રભુત્વ ગુણથી ભરેલો ભગવાન અને એક એક ગુણમાં બધામાં પ્રભુત્વ છે તો બધા ગુણની જે પર્યાય પ્રગટ થઈ એ સ્વતંત્રતાથી શોભાયમાન છે. હવે પરતંત્રતાથી અશોભાયમાન થતો નથી. આહાહા..! આવો ઉપદેશ છે. આહાહા..! વીતરાગનો માર્ગ..

મુમુક્ષુ :– પૈસાથી બધા સાધન થાય છે, આ ધર્મ કેમ થતો નથી?

ઉત્તર :– ધૂળેય સાધન થાતું નથી. પૈસા મળે ને સાધન આવીને ખડા થઈ જાય છે. પૈસા શું કરે? એનું આવવું-જવું સ્વતંત્ર છે. આવવું, રહેવું, જવું સ્વતંત્ર છે. આહાહા..!

એક ગુણે ગજબ કર્યો છે. એક તો અખંડિત પ્રતાપ અને સ્વતંત્રતાથી શોભાયમાન. આ ચાર શબ્દ. આહાહા..! ભગવાન અંદર આત્મા પ્રભુ, પરમેશ્વરની સન્મુખ દૃષ્ટિ થઈ... આહાહા..! અરે..! અંદરની શ્રદ્ધા થઈ ત્યાં અનંતા ગુણની પર્યાય જે પ્રગટ થાય છે તે પર્યાય અખંડિત સ્વતંત્ર શોભિત છે. એ પોતાથી શોભે છે, પરને કારણે નહિ. એક એક પર્યાય પોતે પોતાથી શોભિત છે, બીજી પર્યાયને કારણે પણ નહિ. આહાહા..! આ શક્તિનો તો મોટો ભંડાર ભર્યો છે.

'સ્વતંત્રતાથી (–સ્વાધીનતાથી) શોભાયમાનપણું...' જે દ્રવ્યની–વસ્તુ ભગવાનની દૃષ્ટિ થઈ, એ ભગવાનને જેણે સ્વીકાર્યા તેની પર્યાયમાં સ્વતંત્રતાથી અખંડિત પ્રતાપથી શોભિત, બધી પર્યાય શોભિત થશે. કોઈ પર્યાયમાં કલંક લાગે.. આહાહા..! કે કોઈ પર્યાય હિણી થઈ જાય કે કોઈ પર્યાય પાછી પડી જાય એવું વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા..! એમાં છે કે નહિ? આહાહા.! આ ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર મુનિ જંગલમાં વસનારા, સિંહ અને વાઘની ત્રાડ ચારે કોર પડતી હોય. અંદરમાં ઊતરી જાય, બહારમાં ... સિંહ અને વાઘ. મોટો સિંહ પોતે.. આહાહા..! પરાક્રમી સિંહ અંદરથી જાગ્યો અને જાગીને અંદરમાં સમાણો... આહાહા..! એની શોભા ને અખંડતાના પ્રતાપની શું વાત કરવી! આહાહા..!

લોકો એમ કહે છે કે, આ બધું સોનગઢવાળા એક નિશ્ચયની વાત કરે છે. અરે પ્રભુ! નિશ્ચય એટલે સત્ય, પ્રભુ! વ્યવહાર તો જ્યાં નિશ્ચય હોય ત્યાં કોઈ વ્યવહાર આવે તો એને ઉપચારથી વ્યવહાર કહેવામાં આવે છે. મૂળ તો પરમ સત્ય તો આ છે. આહાહા..! એ હોય ત્યાં દેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધા, ભક્તિ આવે પણ આ ચીજ હોય તો તેને વ્યવહાર કહીએ. સમજાય છે કાંઈ? થેલો છે એમાં માલ છે પણ એ માલ હોય તો થેલાને માલનો થેલો કહેવામાં આવે છે. ચોખાના થેલા કહેવાય ને? શું કહેવાય? ગુણી. ચોખાની ખાલી ગુણી. દાળની ગુણી. પણ માલની ગુણી ને? એમ આ માલ હોય તો પછી મંદ રાગાદિ ને ભગવાનની ભક્તિ આદિ હોય તો વ્યવહાર કહેવામાં આવે છે. થેલા સમાન છે. આહાહા...! આવો આત્મા. કોઈ દિ' સાંભળ્યો નહિ, શેઠ! 'માણેકચંદજી'! આહા..! ગજબ છે. એમાં બે બોલ..

અખંડિત પ્રતાપ અને સ્વતંત્રતાથી શોભાયમાન. આહાહા..! એક તો અખંડિત પ્રતાપ અને સ્વતંત્રતાથી શોભાયમાન. આહાહા..! છે? 'જેનો પ્રતાપ અખંડિત છે અર્થાત્ કોઈથી ખંડિત કરી શકાતો નથી...' આહાહા..! આત્માનો સ્વીકાર થયો તે પરમાત્મા થયા વિના રહેતો નથી. આહાહા..! નિશ્ચયથી મિથ્યાત્વ એ સંસાર છે. સંસાર કોઈ સ્ત્રી, કુટુંબ, પૈસો, લક્ષ્મી એ કોઈ સંસાર નથી, એ તો બધી પરચીજ છે. ત્યાં સંસાર ક્યાં છે? સંસાર તો પર મારા અને હું નથી, એવી જે મિથ્યાત્વ માન્યતા છે તે સંસાર છે. આહાહા..! એ સંસારનો તો અહીં ભુક્કો ઊડી ગયો. આહાહા..! મારું શું થશે? હું ક્યાં જઈશ? જાવું છે ક્યાં? છે

ત્યાં રહે ને! જાય ક્યાં? આવે ક્યાં? આહાહા..! અનંત ગુણનો ધણી નાથ! અખંડ પ્રતાપથી સ્વતંત્રતાથી શોભતો છે ત્યાં રહે ને! આહાહા..! એ સાતમી (શક્તિ) થઈ. આ બે વંચાણી હતી પણ વિસ્તારથી લીધી.

સર્વભાવવ્યાપકૈકભાવરૂપા વિભુત્વશક્તિઃ ૮ । સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશક્તિ. (જેમ કે, જ્ઞાનરૂપી એક ભાવ સર્વ ભાવોમાં વ્યાપે છે.) ૮.

આઠમી. 'સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશક્તિ.' શું કહે છે? એક શક્તિ સર્વ શક્તિમાં વ્યાપક એવી એક વિભુત્વશક્તિ છે. વિભુ-વ્યાપક. અન્યમતિ કહે છે ને અમારા પ્રભુ વિભુ છે. વિભુ–સર્વ વ્યાપક છે, સર્વ વ્યાપક લોકાલોક. આ વિભુ છે. આહાહા..! છે? વિભુ એને કહીએ કે પોતાના અનંત ગુણમાં એ વ્યાપક છે. જ્ઞાનવિભુ, દર્શનવિભુ, ચારિત્રવિભુ, આનંદવિભુ, અસ્તિત્વવિભુ, વસ્તુત્વવિભુ, આહાહા..! પ્રભુત્વવિભુ, વીર્યવિભુ... આહાહા..! ગજબ કામ કર્યા છે, પ્રભુ! આહાહા..! આ પંચમઆરામાં આ 'અમૃતચંદ્રાચાર્ય' ક્યાંથી જાગ્યા? આહાહા..! અને શું આ રચ્યું છે! આહા..! એ તો અંદરમાં જાણનાર જાણે. આહાહા..!

'સર્વ ભાવોમાં વ્યાપક...' જુઓ! વ્યાપક કીધું ને? વેદાંતી વ્યાપક કહે છે ને? એક જ આત્મા વ્યાપક છે. એક બૌદ્ધ છે એ એમ કહે છે વિજ્ઞાન વ્યાપક છે. વિજ્ઞાન છે એ જ્ઞાન સર્વ વ્યાપક છે, બીજી કોઈ ચીજ જ નથી. વિજ્ઞાન ગુણ વ્યાપક રહે છે. આ વેદાંત વળી આત્મા વ્યાપક કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં કહે છે કે, આ આત્મા વ્યાપક છે. એમાં એક ગુણ છે કે જે સર્વ ગુણમાં વ્યાપક છે. આહાહા..!

'સર્વ ભાવોમાં...' જેટલા ગુણ છે, જેટલા ભાવ છે. ભાવવાન આત્મા અને જેટલા એના ગુણ છે તેને ભાવ કહે છે, તે 'સર્વ ભાવોમાં...' આહાહા..! 'વ્યાપક...' પ્રસરી રહેલ, વિસ્તાર પામેલ, પ્રસરી ગયેલ. આહાહા..! 'એવા એક ભાવરૂપ...' શું કહે છે? કે અનંતગુણમાં વિભુત્વ વ્યાપક છે છતાં એ વસ્તુ એક છે. આહાહા..! 'સર્વ ભાવોમાં...' સર્વ ભાવમાં કોઈ બાકી નહિ. આત્માના અનંત ગુણ (આવી ગયા). આ વીર્યશક્તિ પણ સર્વ ગુણમાં વ્યાપક છે. પ્રભુત્વશક્તિ પણ સર્વ ગુણમાં વ્યાપક છે. જ્ઞાનગુણ પણ સર્વ ગુણમાં વ્યાપક છે. દર્શન ગુણ પણ સર્વ ગુણમાં વ્યાપક છે. આહાહા..!

'સર્વ ભાવોમાં વ્યાપક...' પ્રસરેલ.. પ્રસરેલ. 'એવા એક ભાવરૂપ...' સર્વ ભાવમાં પ્રસરતા અનેકરૂપ નથી થયો, એમ કહે છે. સર્વ ભાવમાં પ્રસરવા છતાં રૂપ તો એક છે. વિભુ નામનો એક ગુણ. આહાહા..! પછી લોકો કહે ને, સોનગઢનું આવું છે. અત્યારે આ બાહુબલી ભગવાનનું... આહાહા..! મંગળ કળશ (ફેરવે છે). પહેલા ધર્મ ચક્ર નીકળ્યું હતું ને? શું કીધું?

ધર્મચક્ર. અત્યારે તો મંગળ (કળશ ફેરવે છે). બાહુબલીના પ્રતિમાને એક હજાર વર્ષ થયા. ઓહોહો..! જાણે ધર્મ થશે, ધર્મ થશે.. વ્રત ને ફલાણા ને ઢીકણા.. બાહુબળ તો પ્રભુ તું છો. આહાહા..! તારામાં જે બળ અને જે શક્તિ ભરી છે એ બીજામાં ક્યાંય નથી. આ નથી, ભગવાનમાં છે એ તો ભગવાનની શક્તિ છે. આહા..!

'સર્વ ભાવોમાં વ્યાપક...' પ્રસરેલ, વિસ્તાર પામેલ 'એવા એક ભાવરૂપ...' સર્વમાં વ્યાપક છતાં વસ્તુ એક. વિભુ છે ને? ગુણ છે ને? એક ગુણ. એક ગુણ સર્વમાં વ્યાપક, છતાં ગુણ એક. આવી વ્યાખ્યા હવે. કોઈ દિ' નવરા નહિ, સાંભળી ન હોય. અરે..રે..! જિંદગી ઢોરની જેમ જાય. પશુ જેમ ઘાસ ચરે, આહાહા..! એમ અજ્ઞાની રાગ ને દ્વેષ કરે ને જિંદગી ચાલી જાય છે. આહાહા..! અંદર ભગવાન ચૈતન્યપ્રભુ, જેમાં વિભુ એટલે સર્વવ્યાપક. આમ સર્વવ્યાપક નહિ. ક્ષેત્રથી સર્વવ્યાપક નહિ. એ તો આમાં સર્વ ગુણમાં સર્વવ્યાપક.

'સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ...' ઓહોહો..! વિભુત્વશક્તિ. '(જેમ કે જ્ઞાનરૂપી એક ભાવ સર્વ ભાવોમાં વ્યાપે છે).' જ્ઞાન છે બધાને જાણે છે ને? જાણવાની અપેક્ષાએ વ્યાપક છે. પરમાં પેસતું નથી. જ્ઞાન પરને જાણે પણ પરમાં પેસતું નથી. પણ પરને બધાને અડ્યા વિના, પરને સ્પર્શ્યા વિના પોતાના જ્ઞાનમાં બધાને જાણે છે. એવો જ્ઞાનનો વ્યાપક સ્વભાવ છે. આહાહા..! 'સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશક્તિ. (જેમ કે જ્ઞાનરૂપી એક ભાવ સર્વ ભાવોમાં વ્યાપે છે).' જ્ઞાન સર્વ અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે. એમ દર્શન, એમ આનંદ.. અતીન્દ્રિય આનંદ અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે. એ વિભુત્વશક્તિ છે તેનું રૂપ એમાં છે. આનંદમાં પણ એ વિભુનું રૂપ. વિભુત્વશક્તિ જે છે એ ગુણ તો ભિન્ન છે, આનંદ ગુણ ભિન્ન છે, પણ વિભુત્વશક્તિ જે છે... આહાહા..! એનું રૂપ, આત્માના એક એક ગુણમાં દરેક ગુણનું રૂપ છે. એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે. આહાહા..!

જ્ઞાનમાં વિભુત્વ નામના ગુણનું (રૂપ છે). વિભુત્વ જેમ સર્વમાં વ્યાપક છે એમ જ્ઞાન પણ સર્વ અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે. આનંદ સર્વવ્યાપક, સ્વચ્છતા સર્વવ્યાપક, સમકિત પણ સર્વવ્યાપક છે. આહાહા..! ચારિત્ર પણ સર્વવ્યાપક. આહાહા..! અરે..રે..! ચારિત્ર કોને કહેવા, બાપુ! એ ચારિત્રના મોઢા મોટા, બાપુ! આહાહા..! એ ચારિત્રવંતને દેખવા એ મહાભાગ્ય હોય એને દેખાય. એ ચારિત્ર કોઈ બાહ્ય ક્રિયાકાંડ નથી. અનંત આનંદનો નાથ અંદર સર્વ ગુણે વ્યાપક, એમાં ચારિત્ર પણ સર્વ ગુણમાં વ્યાપક છે. આહાહા..!

આમાં ચારિત્ર અને સમકિત બે લીધા નથી. આપણે સુખ આવી ગયું ને? સુખગુણ આવ્યો ને? સુખ. અનાકુળપણું. અનાકુળતા લક્ષણ સુખ. એ આનંદ નામનો ગુણ આત્મામાં છે એમાં સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્ર સમાઈ ગયા. જુદા નથી લીધા. ૪૭ માં એને જુદા નથી લીધા. કેમ? કે, ભગવાન આત્મા જ્યાં અંતરમાં અનુભવ થઈને સમ્યગ્દર્શન થાય છે, તો સાથે આનંદ પણ આવે છે અને ચારિત્ર થાય છે તો પ્રચુર આનંદ થાય છે. આહાહા..!

પાંચમી ગાથામાં છે. એ સુખગુણમાં સમકિત અને ચારિત્ર બન્ને સમાવી દીધા છે. જુદા નથી પાડ્યા. મેં કીધું, બે ચીજ કેમ જુદી નથી પાડી? ૪૭ શક્તિના વર્ણનમાં સમકિત અને ચારિત્રના નામ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! એનું કારણ એ કે, આનંદરૂપ સમકિત અને આનંદરૂપ ચારિત્ર છે. આહાહા..! ચારિત્ર કોઈ ક્રિયા નથી, પંચમહાવ્રત નથી, નગ્નપણું એ કોઈ ચારિત્ર નથી. રસનો ત્યાગ કરવો, એક જ રસ લેવો ને એક જ રોટલી લેવી એ કોઈ ચારિત્ર નથી. આહાહા..!

અહીં તો કહે છે, ચારિત્ર અને સમ્યગ્દર્શન અતીન્દ્રિય આનંદમાં સમાઈ જાય છે. અતીન્દ્રિય આનંદ.. આહાહા..! (એમાં) દર્શન અને ચારિત્ર છે. અતીન્દ્રિય આનંદમાં સમકિત અને ચારિત્રનો સમાવેશ થાય છે. બન્ને આનંદરૂપ છે. આહાહા..! લોકો ક્યાંયનું ક્યાંય ચારિત્ર ખતવે. બહારની ક્રિયા પોતે કરી શકે નહિ અને પરિષહ સહે, નગ્નપણું રાખે, લુગડા છોડી દે, શિયાળાની ઠંડી હવા, ઉનાળાના તડકા સહન કરે. પોતે સહન કરી શકે નહિ, આખો દિ' ગાદીએ બેસવું હોય એટલે જય ભગવાન! આહા..! ભારે ત્યાગી! અરે..! બાપુ! વીતરાગનું કહેલું સમકિત અને વીતરાગનું કહેલું ચારિત્ર, બાપા! એ કોઈ અલૌકિક ચીજ છે, ભાઈ! આહાહા..! એ ચીજને હલકી કરી નાખી. પણ હલકી કરવાથી હલકી થતી નથી. એ તો કહ્યું ને? ખંડિત થતું નથી. એનું સ્વરૂપ તો છે ઇ જ છે. આહાહા..! ભલે નીચ બનાવ્યું, એક પંચ મહાવ્રતની ક્રિયા છે ત્યાં ચારિત્ર છે, છે પંચમહાવ્રતનો ભાવ રાગ, રાગ તો દુઃખ છે. દુઃખ ચારિત્ર છે? લ્યો, આ આવ્યું, ભાઈ!

રાગ એ દુઃખ છે તો ચારિત્ર એ આનંદ છે. દયા, દાન, વ્રત, ક્રિયાકાંડના ભાવ.. અરે..! મહિના મહિનાના અપવાસના ભાવ, એ શુભભાવ છે. એ દુઃખ છે. શુભભાવ એ રાગ છે, રાગ એ દુઃખ છે. માટે તેમાં સમકિત અને ચારિત્ર સમાઈ શકે નહિ. આહાહા..! શું શૈલી એની! ગજબ પ્રભુ! પરમેશ્વરની પેઠે વિચરતા હશે અહીં હજાર વર્ષ પહેલા 'અમૃતચંદ્રાચાર્ય' (વિક્રમ ૧૩મી શતાબ્દીમાં) 'પદ્મપ્રભમલધારીદેવ' બધાની ગજબ વાતું! એક એક સંતની. એક એક શબ્દમાં ને એક એક ગાથામાં ગજબ વાતું છે. આહાહા..!

અહીં કહે છે કે, 'સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશક્તિ. (જેમ કે જ્ઞાનરૂપી એક ભાવ સર્વ ભાવોમાં વ્યાપક છે).' અસંખ્ય પ્રદેશમાં જ્ઞાન વ્યાપક છે ને? તો અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણ છે એમાં જ્ઞાન વ્યાપક છે, દર્શન વ્યાપક છે, ચારિત્ર વ્યાપક છે. આહાહા..! અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણ, એમાં ચારિત્ર-રમણતા વ્યાપક છે, રમણતા વ્યાપક છે. એ ચારિત્ર છે. આહાહા..! ચારિત્રમાં પણ વિભુત્વશક્તિ છે. વિભુપ્રભુ. એ ચારિત્ર અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે. આહાહા..! ધન્ય દિ'! ધન્ય અવતાર! આહાહા..! આ ચારિત્ર. અહીં તો એક જરીક લૂગડા છોડે, બાયડી-છોકરા છોડે ત્યાં થઈ ગયા ત્યાગી, થઈ ગયું ચારિત્ર. અરે..! ભગવાન! બાપા! તારા ઘરની વાતું છે. તને હલકો બતાવવા માટે નથી,

પ્રભુ! તું ભગવાન છો પણ આવી હલકી વાતમાં તું ચારિત્ર માને છે, પ્રભુ! એ તને અશોભા છે, પ્રભુ! તને અશોભા છે, પ્રભુ! તને દુઃખ થશે. આહાહા..! કોઈને દુઃખ ન થાઓ, બધા ભગવાન થાઓ, જ્ઞાનીની તો એ ભાવના હોય છે. કોઈ પ્રાણી વૈરી નથી. બધા ભગવાન છે. આહાહા..!

જેમાં એક એક ગુણ.. આહાહા..! અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે. એક પ્રદેશમાં એક ગુણ નથી રહેતો, અસંખ્ય પ્રદેશમાં ગુણ વ્યાપક છે. એ સમજાણું? આખી ચેઈન છે, ચેઈન, એક કડીમાં ન આવી શકે. એમ અસંખ્ય પ્રદેશમાં આત્મા છે. એ અસંખ્ય પ્રદેશમાં ગુણ વ્યાપક છે. એક એક પ્રદેશમાં ભિન્ન ભિન્ન એમ નહિ. છે? વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

પ્રવચન નં. ૪૮૬ શક્તિ ૯, ૧૦ ગુરુવાર, આસો સુદ ૧, તા. ૦૯-૧૦-૧૯૮૦

---

નોંધ :– મૂળ પ્રવચન હિન્દીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

'સમયસાર' શક્તિનો અધિકાર છે. શક્તિ કહો કે ગુણ કહો. આત્મા અનાદિ સત્ વસ્તુ છે તે સત્‌નું સત્ત્વ, તેનો કસ. સત્ત્વ એ ગુણ. દ્રવ્યને જ્યારે સામાન્ય કહીએ ત્યારે ગુણને–શક્તિને વિશેષ કહેવાય પણ ગુણને જ્યારે સામાન્ય કહેવાય ત્યારે પર્યાયને વિશેષ કહેવાય. ગુણને જ્યારે સામાન્ય કહીએ ત્યારે પર્યાયને વિશેષ કહે છે અને દ્રવ્યને સામાન્ય કહીએ ત્યારે ગુણને વિશેષ કહે છે. આહાહા..! ઘણી ઝીણી વાત છે. આ તો સાધારણ... 'દીપચંદજી'એ તો એટલું વર્ણન કર્યું છે, 'પંચસંગ્રહ'માં ઘણું ઘણું (વર્ણન કર્યું છે).

આત્મા વસ્તુ છે એ અનંત શક્તિનો ભંડાર છે. તેમાં–પોતાની શક્તિમાં બહારથી કંઈ લાવવાનું છે કે બહારની કોઈ મદદ, સહાય મળે તો એ પૂર્ણ રહે એવી એ ચીજ નથી. એ પૂર્ણ સ્વરૂપ છે. આહાહા..! પહેલા દૃષ્ટિમાં એને લેવું જોઈએ પછી બીજી વાત. આહાહા..! પહેલા અહીંયા કહ્યું ને સાતમા બોલમાં? પ્રભુત્વ શક્તિ. સાતમો બોલ આવ્યો ને? એક એક ગુણમાં પ્રભુત્વ શક્તિનું રૂપ છે. આહાહા..! શું કહે છે? પ્રભુત્વ નામની શક્તિ જે અખંડ પ્રતાપથી સ્વતંત્રપણે શોભાયમાન છે એવો પ્રભુત્વ નામનો ગુણ છે એ ગુણનું રૂપ અનંત ગુણમાં છે. આહાહા..! શું કહ્યું?

જ્ઞાનગુણ જે છે એમાં પણ પ્રભુત્વનું રૂપ છે. એ જ્ઞાન પણ અખંડ પ્રતાપથી સ્વતંત્રતાથી શોભાયમાન પર્યાય પ્રગટ કરી શકે એવી એની તાકાત છે. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

'સર્વ ભાવોમાં વ્યાપક...' છે? 'એવા એક ભાવરૂપ...' આહાહા..! અનંત અનંત ગુણ, ત્રણ કાળના સમય, એક સેકંડમાં અસંખ્ય સમય જાય. 'ક' બોલે એમાં અસંખ્ય સમય જાય. એવા એવા ત્રણ કાળના સમય, એનાથી અનંત ગુણા એક જીવમાં ગુણ છે. આહાહા..! અરે..! અહીં તો પાંચ-પચીસ કરોડ, અબજ. બે-પાંચ, દસ કરોડ થાય એટલે રૂપિયા-સંખ્યા અત્યારે પ્રારબ્ધસૂરિ ચાલે છે. અમારે નિશાળ ચાલતી ત્યારે પ્રારબ્ધસૂરિ ચાલતા. પ્રારબ્ધ સો અબજનો એક ખર્વ. જેમ સો કરોડનો એક અબજ, એમ સો અબજનો એક ખર્વ. એમ તે દિ' આવતું. ૮૦ વર્ષ પહેલાની વાત છે. ખર્વ, નિખર્વ, સો ખર્વનો એક નિખર, એમ ખર, નિખર, મધ્યમ, જઘન્ય, અંતર, મધ્યમ અને પ્રારબ્ધ દરેકમાં સો સો ગુણા કરીને પ્રારબ્ધ સુધી લઈ જાય છે. પણ એ સંખ્યા અલ્પ છે. આહાહા..! આ તો અનંતી સંખ્યા. ત્રણ કાળના સમય કરતાં અનંત ગુણા ગુણ આત્મામાં છે. આહાહા..! દરેક ગુણમાં પ્રભુત્વ નામના ગુણનું રૂપ છે. જ્ઞાનપ્રભુ, દર્શનપ્રભુ, આનંદપ્રભુ, અસ્તિત્વપ્રભુ, વસ્તુત્વપ્રભુ, પ્રમેયત્વપ્રભુ, દરેક ગુણમાં પ્રભુત્વ શક્તિનું રૂપ છે. આહાહા..!

મુમુક્ષુ :- શક્તિનું ગોદામ ભર્યું છે.

ઉત્તર :- એ ગોદામમાં ગણતરી ક્યાં? આ ત્રણલોકના કીધા ને? એક જીવની જેટલી સંખ્યા છે, અનંત જીવ છે. એનાથી અનંતગુણા પરમાણુ છે. અનંત જીવ છે. એનાથી અનંતગુણા પરમાણુ છે. એનાથી અનંતગુણા ત્રણકાળના સમય છે. આહાહા..! એનાથી અનંતગુણા આકાશના પ્રદેશ છે. ચારે બાજુ આકાશનો ક્યાંય અંત નથી. આહાહા..! એનાથી અનંતગુણા એક જીવના ગુણ છે. એટલા ગુણ! આહાહા..! અરે..રે...! એણે પોતામાં કેટલી સંપદા અને ઋદ્ધિ ભરી છે, આહા..! એની એને ખબર નથી અને સંસારના ડાહ્યા, દુનિયાના ડાહ્યા. એની વાત કરવા જાય ત્યાં મોટા.. ઓહોહો...!

અહીં પરમાત્મા કહે છે કે, આત્મામાં એક વિભુ નામનો ગુણ છે એ અનંત ગુણમાં વ્યાપક છે. અનંત ગુણમાં એનું રૂપ છે. આહાહા..! એ તો આપણે આઠમી (શક્તિ) આવી ગઈ. આજે નવમી શક્તિ.

विश्वविश्वसामान्यभावपरिणतात्मदर्शनमयी सर्वदर्शित्वशक्तिः ९ । સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને દેખવારૂપે (અર્થાત્ સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે) પરિણમતા એવા આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ. ૯.

'સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને દેખવારૂપે...' શું કહ્યું? સમસ્ત વિશ્વ, આખો લોકાલોક. વિશ્વ શબ્દે જગત, એકલું લોક નહિ. આખો લોકાલોક. સમસ્ત વિશ્વના સામાન્ય ભાવ. સર્વદર્શિશક્તિ બતાવે છે. ભેદ પાડ્યા વિના બધા પદાર્થને.. આહાહા..! ગ્રહણ કરે, જોવે

એનું નામ અહીંયા સર્વદર્શિશક્તિ છે. આહાહા..! ઝીણું બહુ, ભાઈ! છે? અહીં સામાન્ય કોને કહ્યું? ગુણને અહીંયા સામાન્ય કહ્યું અને એની પર્યાયને વિશેષ કહીએ. ત્રણકાળ ત્રણલોકને દેખે એ એની પર્યાય છે. કોઈ દ્રવ્ય સામાન્ય વિશેષ વિના નહિ, તેમ કોઈ ગુણ સામાન્ય વિશેષ વિના નહિ. આહાહા..! એ અહીં કહે છે.

'સમસ્ત વિશ્વના સામાન્ય...' આહાહા..! લોકોને બેસવું કઠણ. આત્મામાં સર્વ જગત, લોકાલોક, એનો ભાવ–સામાન્ય ભાવ... સામાન્ય એટલે? ભેદ પાડ્યા વિના દેખવું તેનું નામ સામાન્ય, તેને દેખવારૂપ. સામાન્યપણે દેખવારૂપ. શક્તિ તો આવી છે. અહીં તો પરિણમન લેવું છે. આહાહા..! સર્વદર્શિશક્તિ છે. 'દેખવારૂપે (અર્થાત્ સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર...)' છે. '(સર્વ પદાર્થોના સમૂહરૂપે લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે)...' સત્તામાત્ર –એકલું છે, બસ! આ જીવ ને આ અજીવ ને આ સિદ્ધ ને આ નિગોદ એમ નહિ. આહાહા..! એવો જે ગુણ, 'સામાન્ય ભાવને દેખવારૂપે (અર્થાત્ સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે...)' દેખવારૂપ 'પરિણમતા એવા...' આહાહા..! ગજબ વાત છે.

આ શું કહે છે? કે, સર્વદર્શિશક્તિ છે પણ એનું પરિણમન આવ્યું નહિ કે આ સર્વદર્શિશક્તિ છે. ભલે સર્વદર્શિશક્તિનું પૂર્ણ પરિણમન ન હોય. પૂર્ણ પરિણમન થઈ જાય એ તો એનો સ્વભાવ છે. પણ સર્વદર્શિશક્તિ આત્મામાં ત્રિકાળ છે અને એ સર્વદર્શિશક્તિનું રૂપ અનંત ગુણમાં છે એમ જ્યાં અંતરમાં દૃષ્ટિ કરવાથી જ્યારે પર્યાયમાં પરિણમન થાય છે.. આહાહા..! પર્યાયમાં પરિણમન થાય છે ત્યારે સર્વદર્શિશક્તિને જોઈ એમ કહેવામાં આવે છે. ત્યારે સર્વદર્શિશક્તિનો ધરનાર આત્મા છે તેને માન્યો ત્યારે કહેવાય. સમજાય છે કાંઈ? આહાહા..! અત્યારે તો કંઈકનું કંઈક ચાલે છે, માર્ગ ક્યાંય રહી ગયો. આહાહા..! કેટલું સમાવ્યું છે! એમાં તો અપાર.. અપાર (ભર્યું છે). શું કહે છે? જુઓ!

'સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને...' ભાવ, દ્રવ્ય, ગુણ, પર્યાય સામાન્ય ભાવમાં આવી ગયા. અંદર સામાન્ય ભાવમાં દ્રવ્ય, ગુણ, પર્યાયનો ભાવ આવી ગયો. સર્વ ભાવને દેખવારૂપે '(અર્થાત્ સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે)...' દેખવારૂપ. ગ્રહવારૂપ કહ્યું પણ એ વસ્તુ ગ્રહણ થતી નથી. છે, સર્વદર્શિશક્તિ છે. દેખવામાં આવી અને પરિણમિત થવાથી.. આહાહા..! ગજબ વાત છે. ભલે પૂર્ણ પરિણમિત ન થઈ હોય પણ આ આત્મા સર્વદર્શિશક્તિવાન છે એમ વર્તમાનમાં સમ્યગ્દર્શન આદિનું પરિણમન થાય ત્યારે સર્વદર્શિશક્તિનો ધરનાર આત્મા છે એની પ્રતીતિ કરી. અરે..રે...! આવો માર્ગ. માર્ગ બહુ ઝીણો, ભાઈ! ઓહોહો..!

સર્વદર્શિશક્તિ ક્યારે માની કહેવાય? આહા..! સર્વદર્શિશક્તિ ભગવાન આત્મામાં છે એ ક્યારે માની કહેવાય? આહાહા..! ગજબ વાત છે. પોતાની પર્યાયમાં તેનું પરિણમન થાય. એ સર્વદર્શિશક્તિનો ધરનાર આત્મા છે તેની ઉપર દૃષ્ટિ કરે અને પરિણમન થાય ત્યારે

સર્વદર્શિશક્તિના ધરનારને માન્યો એમ કહેવામાં આવે છે. પરિણમન થયા વિના એની વાત નથી. સર્વદર્શિશક્તિ ધરનાર આત્મા છે એમ એકલું કહે પણ અંદર જે વસ્તુ છે તેને જોઈ નથી. ગધેડાના શિંગડા. 'સમયસાર' ૧૭ મી ગાથામાં પ્રશ્ન કર્યો છે. કથન શું કરવું? એવો ત્યાં પ્રશ્ન છે. ૧૭ ગાથા, 'સમયસાર'. પહેલા શું કરવું? કે પહેલા આત્માને જાણવો એમ કહ્યું છે. બધી વાત પછી. આહાહા..! પહેલા રાજાનો દૃષ્ટાંત લીધો છે. ૧૭ ગાથા, એક અને સાત. ટીકા.

'નિશ્ચયથી જેમ કોઈ ધન-અર્થી...' પૈસાનો અર્થી. 'પુરુષ બહુ ઉદ્યમથી પ્રથમ તો રાજાને જાણે કે આ રાજા છે, પછી તેનું જ શ્રદ્ધાન કરે કે આ અવશ્ય રાજા જ છે, તેનું સેવન કરવાથી અવશ્ય ધનની પ્રાપ્તિ થશે અને ત્યાર પછી તેનું જ અનુચરણ કરે, સેવન કરે, આજ્ઞામાં રહે, તેને પ્રસન્ન કરે; તેવી રીતે...' એ દૃષ્ટાંત થયો. 'મોક્ષાર્થી પુરુષે..' જેને મોક્ષની ઇચ્છા છે એ પુરુષે. છે? 'મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો આત્માને જાણવો,...' બધી વાત છોડી પહેલા આત્માને જાણવો. આહાહા..! છે શેઠ? 'મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો આત્માને જાણવો, પછી તેનું શ્રદ્ધાન કરવું...' આહાહા..! પહેલા આત્માને જાણવો. આહાહા..!

એમ અહીંયા સર્વદર્શિશક્તિ આત્મામાં છે એવી પ્રતીતિ ક્યારે આવે છે? આહાહા..! કે આત્મા અનંત ગુણનો પિંડ તરફ લક્ષ કરીને પરિણમન થવું, પર્યાયમાં અનંત ગુણનું પરિણમન એકસાથે થવું એ પરિણમનમાં સર્વદર્શિશક્તિનું પણ અંશરૂપે પરિણમન થવું. એ પરિણમનમાં આ સર્વદર્શિશક્તિ ધરનાર આત્મા છે એવી પ્રતીતિ આવે છે. આવો માર્ગ. આહાહા..! ત્યાં એમ કહ્યું કે, પહેલા આત્માને જાણવો. પહેલા દેવ ને ગુરુને જાણવા, નવ તત્ત્વને જાણવા એમ ન કહ્યું. આહાહા..! એમ અહીંયા કહે છે કે, સર્વદર્શિશક્તિ જેને માનવી હોય તેણે એ શક્તિના ધરનાર આત્માને પ્રથમ જાણવો. આહાહા..! આવી વાત છે.

'સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને દેખાવરૂપે...' એનો અર્થ ગ્રહણરૂપ કર્યો છે. '(અર્થાત્ સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે) પરિણમતા આવા આત્મદર્શનમયી...' પરિણમતા એવા આત્મદર્શનમયી. આહાહા..! સર્વદર્શિનું પૂર્ણ રૂપ પ્રગટ હો એમ પહેલા જાણે. સર્વદર્શિશક્તિનું પૂર્ણ રૂપ તો સર્વજ્ઞમાં છે. પણ આ સર્વદર્શિ છે તેનો ધરનાર આત્મા છે એ આત્મા દ્રવ્ય થયું. સર્વદર્શિ ગુણ થયો. દ્રવ્ય, ગુણની શ્રદ્ધા ક્યારે થાય છે? કે એની પરિણતિ, પર્યાય થાય ત્યારે. આહાહા..! આ આત્મા છે, એમ શ્રદ્ધામાં દેખવામાં આખી સત્તાને ગ્રહણ કરી. એવું પરિણમન થયું, પર્યાયમાં એની તાકાતનું અંશરૂપ પરિણમન આવ્યું ત્યારે સર્વદર્શિશક્તિના ધરનાર આત્માની શ્રદ્ધા થઈ. આહાહા..! આકરું કામ છે.

'પરિણમતા...' છે ને? સર્વદર્શિનું પરિણમન તો કેવળીને હોય છે. અહીંયા એ સર્વદર્શિને ધરનાર આત્મા જે છે એનું પર્યાયમાં પરિણમન થવું, વિશેષ પર્યાયરૂપ થવું. કારણ કે કોઈ દ્રવ્ય સામાન્ય-વિશેષ વિના નથી. તેમ કોઈ ગુણ સામાન્ય-વિશેષ વિના નથી. સમજાય છે

કાંઈ? તો કહે છે કે, સામાન્ય ગુણનું ગ્રહણ ક્યારે થાય છે? કે જ્યારે તેનું પરિણમન કરે ત્યારે થાય છે. આહાહા..! આવો માર્ગ હવે. આ કરતાં એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રણઇન્દ્રિયા, ચૌઇન્દ્રિયા, સામાયિક કરે. પડિકમણા કરે, ચોવિહાર કરે, છ પરબી પાળે, બીજ, આઠમ બ્રહ્મચર્ય પાળે, કંદમૂળ ન ખાય. અરે..! ભાઈ! એ બધી વાતું... એ બધી ક્રિયાઓ છે. કદાચિત્ રાગ મંદ હોય તો શુભ છે, ધર્મ નથી.

જેની પર્યાયમાં સર્વદર્શિશક્તિનો ધરનાર આત્મા છે એમ જો દૃષ્ટિમાં આવ્યું નહિ, જ્ઞાનમાં આવ્યું નહિ ત્યાં સુધી તેનું પરિણમન થતું નથી. પરિણમન વિના તેની પ્રતીતિ થતી નથી. આકરું કામ છે.

'(સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે) પરિણમતા એવા આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ.' આહાહા..! આત્મા એક, એવા અનંત આત્મા. એવા એક આત્મામાં સર્વ આત્મા અને સર્વ લોકાલોક દેખવામાં આવે છે એવી શક્તિ મારામાં છે ત્યારે એની પરિણતિમાં સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ પરિણતિ થઈ જાય છે. આહાહા..! આવી વાત છે. 'પરિણમતા...' કહ્યું ને? 'પરિણમતા એવા આત્મદર્શનમયી...' પરિણમતા એવા આત્મદર્શનમયી. પંડિતજી! સર્વદર્શિનું પરિણમન તો તેરમે ગુણસ્થાને પૂર્ણ થાય પણ અહીં તો નીચલા દરજ્જે... આહાહા..! એ શક્તિ ત્રણકાળ, ત્રણલોક, અનંત સિદ્ધ, અનંત કેવળીઓ, ત્રણકાળના અનંત તીર્થંકરો જે પર્યાયમાં સર્વદર્શિની પ્રતીતિ કરે ત્યારે સર્વદર્શિમાં એ આવી જાય છે. સર્વદર્શિ ત્રણકાળ, ત્રણલોકની સત્તાને દેખવાની સત્તાને ગ્રહણ કરવાનો સ્વભાવ છે. એની દૃષ્ટિ થઈ ત્યારે સર્વદર્શિશક્તિના ધરનાર આત્માનું પરિણમન ને શ્રદ્ધા થઈ. પહેલાવહેલા આ કરવાનું છે, બાકી બધી વાતું છે. આહાહા..! જન્મ-મરણનો અંત લાવવાની આ ચીજ છે. લોકોને આ બેસતું નથી. એટલે પછી એનું સાધન? એનું સાધન દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કરવી, વ્રત પાળવા એ બધા સાધન.

'દીપચંદજી' એક ઠેકાણે લખે છે કે, આવા સાધન કરવાથી પરંપરાએ પ્રાપ્ત થશે એમ જે માને છે એ મૂઢ જીવ ચાર ગતિમાં રખડશે. સમજાય છે કાંઈ? 'અધ્યાત્મ પંચ સંગ્રહ' એમાં છે. આ રાગની મંદતાની ક્રિયા કરવાથી પરંપરા.. 'પ્રવચનસાર'માં પરંપરા શબ્દ છે. શુભભાવ પરંપરા કારણ છે. પણ પરંપરાનો અર્થ શું? એ કારણ નથી પણ અશુભ ટળ્યું છે પછી એને ટાળીને અંદર સ્થિર થઈ જશે, એનું નામ પરંપરા કારણ છે. આહાહા..! એમાં છે ક્યાંક. બધું કાંઈ યાદ રહે છે? ખ્યાલમાં રહે. આહાહા..!

એક શક્તિ લોકાલોક ભેદ પાડ્યા વિના દેખે અને એ દેખવામાં તેના ધરનાર દ્રવ્યને દેખે. આહાહા..! એ ધરનારને દેખવાથી પર્યાયમાં દેખવાની પર્યાય પરિણમિત થાય ત્યારે સર્વદર્શિશક્તિ માની એમ કહેવામાં આવે છે. 'યશપાલજી'! આવી વાત છે, ભાઈ! આહાહા..! સામાન્યને માન્યા વિના વિશેષ માને એ યથાર્થ નથી. આહાહા..! સામાન્ય જે ત્રિકાળી (સર્વ)દર્શિ

એને વિશેષપણે પરિણમનમાં માન્યા વિના એને સામાન્યની શ્રદ્ધા યથાર્થ નથી. આહાહા..! ઘણું ભર્યું છે. એ નવમી શક્તિ થઈ.

સર્વદર્શિત્વ આવ્યું ને? કંઈ બાકી નહિ. અનંતા સિદ્ધો, અનંતા કેવળીઓ સર્વદર્શિમાં દેખાય. આહાહા..! દેખાય એટલે ભેદ પાડ્યા વિના, હોં! આ સિદ્ધ છે એમ નહિ. છે, લોકાલોક છે. એવી સત્તાની શ્રદ્ધા, શક્તિની પ્રતીતિ પરિણમન કરીને થાય છે. આહાહા..! આત્મામાં સર્વદર્શિશક્તિ છે, શક્તિ છે એમ ધારી લે તો અગિયાર અંગમાં તો અનંત વાર ધારી લીધેલું. અગિયાર અંગ અનંતવાર ધાર્યા. આ સાકર છે, સાકર છે, સાકર છે એમ ધારી લીધું તેથી કાંઈ સાકરની મીઠાશ આવે છે? અને મીઠાશ વિના સાકર છે એમ પ્રતીતિ થાશે કેવી રીતે? આહાહા..! નવમી થઈ ને? નવ શક્તિ થઈ.

विश्वविश्वविशेषभावपरिणतात्मज्ञानमयी सर्वज्ञत्वशक्तिः १० I સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને જાણવારૂપે પરિણમતા એવા આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વશક્તિ. ૧૦.

દસમી. 'સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને...' પહેલા સામાન્ય ભાવ કહ્યું હતું. સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને. છે એટલું. બધું છે. આમાં તો 'સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને...' એક એક પૃથક પૃથક જાણે. એક એક આત્મા, એક એક પરમાણુ, એક એક ગુણ, એક એક પર્યાય (પૃથક જાણે). આહાહા..! એવા 'સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને જાણવારૂપે પરિણમતા...' વજન અહીં છે. જાણવારૂપે પરિણમતા. એકલા કેવળજ્ઞાની છે, કેવળજ્ઞાની છે એમ નહિ. આહાહા..! કેવળજ્ઞાન અંદર છે, સમસ્ત લોકને પ્રત્યક્ષ ભિન્ન કરીને વિશેષપણે જાણે. આહાહા..! 'વિશેષ ભાવોને જાણવારૂપે પરિણમતા એવા આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વશક્તિ.' એ શું કહ્યું? આહાહા..! પહેલા આત્મદર્શનમયી સર્વદર્શિશક્તિ હતું, અહીંયા આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ કહ્યું. આહાહા..! આત્મામાં સર્વજ્ઞશક્તિ છે. આહાહા..! તેની તરફ, તેની સન્મુખ થઈને તેની પ્રતીતિ, વિકલ્પ વિના, રાગના આશ્રય વિના અંદર પરિણમન (થાય ત્યારે તેને યથાર્થ પરિણમન કહેવાય).

'શ્રીમદ્દે' ૨૮ મા વર્ષમાં કહ્યું છે ને? જેના વચનના વિચારયોગે કેવળજ્ઞાન શ્રદ્ધાએ પ્રગટ થયું છે. કેવળજ્ઞાન શ્રદ્ધાએ પ્રગટ થયું છે. ૨૮ મા વર્ષમાં છે. પુસ્તક છે? જેના વચનના યોગે, ત્રણલોકના નાથ, દિવ્યધ્વનિના વિચારમાં અંતરમાં... આહાહા..! કેવળજ્ઞાનમયી છું એવી શ્રદ્ધા પ્રગટ થઈ. કેવળજ્ઞાનમયી છું એવી શ્રદ્ધા થઈ. આહાહા..! શ્રદ્ધા અપેક્ષાએ કેવળજ્ઞાન થયું, વિચાર અપેક્ષાએ સર્વજ્ઞપણું થયું, ઇચ્છા અપેક્ષાએ સર્વજ્ઞ થયો. આહાહા..! ઇચ્છા સર્વજ્ઞની છે ને? આહાહા..! આમાં પુસ્તક નથી? એ વાત બે-ત્રણ દિ' પહેલા થઈ હતી.

ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવની દિવ્યધ્વનિ 'ૐ ધ્વનિ સુણી અર્થ ગણધર

વિચારે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે.' એ વચનના યોગે એમ લીધું છે. નિમિત્ત છે. સમજ્યો ત્યારે વચન ને નિમિત્ત કહેવાય. આહાહા..! કેવળજ્ઞાન શ્રદ્ધાએ પ્રગટ્યું. કેવળજ્ઞાન છે એમ અનંત કાળમાં શ્રદ્ધા નહોતી એ શ્રદ્ધાએ કેવળજ્ઞાન પ્રગટ્યું. હું કેવળજ્ઞાનમયી આત્મા છું. વિચારદશાએ કેવળજ્ઞાન પ્રગટ્યું. આ કેવળજ્ઞાન છે એવી વિચારદશા પ્રગટી. ઇચ્છા દશાએ પ્રગટ્યું. આહાહા..! અને અમુક ગુણની અપેક્ષાએ વર્તમાન વર્તે છે. નિશ્ચયનયની અપેક્ષાએ સર્વજ્ઞપણું અંદર છે એ વર્તમાન જ છે. આહાહા..!

'સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને જાણવારૂપે પરિણમતા...' વજન અહીંયા છે. સર્વજ્ઞ છે, સર્વજ્ઞ છે એમ નહિ. એ તો કહ્યું હતું ને? સંવત ૧૯૭૨ સાલ. સાધુ લોકો એમ કહેતા હતા, કેવળજ્ઞાનીએ જેમ દીઠું છે એમ થશે આપણે પુરુષાર્થ શું કરીએ? એમ વારંવાર કહે. કેવળજ્ઞાનીએ દીઠું છે એમ થશે આપણે શું પુરષાર્થ કરીએ? બે વર્ષ તો સાંભળ્યું. નવ દીક્ષિત હતા. સંવત ૧૯૭૨ ના ફાગણ માસમાં કીધું, આ શું કહો છો? ભગવાને દીઠું ત્યારે પુરુષાર્થ કરશું. પણ ભગવાન જગતમાં છે કે નહિ? છે એવી શ્રદ્ધા છે કે નહિ? એ કહે છે. સર્વજ્ઞ તો પરિણમિત છે. સર્વજ્ઞ છે, પોતાના સ્વભાવમાં સર્વજ્ઞ છે, સર્વજ્ઞસ્વભાવી આત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો ૧૯૭૨ની સાલની વાત છે. ઘણા વર્ષ થયા.

અહીં એ કહે છે. આહાહા..! સર્વજ્ઞ જગતમાં છે, જેની એક સમયની પર્યાય ત્રણકાળ, ત્રણલોકને દેખે એવી શ્રદ્ધા છે અને એની શ્રદ્ધા ક્યારે થાય? કે પોતાની પર્યાય જ્ઞાયક સ્વરૂપ ત્રિકાળ છે... એટલું બધું નહોતું કહ્યું, એટલું કહ્યું હતું કે, જ્ઞાનસ્વરૂપમાં દૃષ્ટિ જાય ત્યારે કેવળજ્ઞાનની યથાર્થ શ્રદ્ધા થાય. ત્યારે તેના ભવ ભગવાને દીઠા નથી. એ એમ કહેતા હતા કે, ભગવાને અનંત ભવ દીઠા હોય તો શું કરીએ? સમજાય છે કાંઈ?

અહીં એ કહે છે, પરિણમતા કહ્યું ને? પંડિતજી! એકલું એમ ને એમ માનવું એમ નહિ. એ માન્યું કહેવાય નહિ. આહાહા..! સર્વજ્ઞ, સર્વદર્શિશક્તિ આત્મામાં છે. આહાહા..! એવા આત્માની પ્રતીતિ ક્યારે થાય? પરિણમન ક્યારે થાય? કે અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ, સર્વજ્ઞ સર્વદર્શિશક્તિ તરફ ઝુકવાથી પર્યાયમાં જ્યારે સમ્યગ્જ્ઞાનનું પરિણમન થાય અને સમ્યગ્દર્શનનું પરિણમન પર્યાયમાં થયું, દશા થઈ, જો દશા ન હોય તો ધારણાજ્ઞાન કર્યું. એ કોઈ ચીજ નથી. આહાહા..! એ દશા થઈ. 'એવા આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વશક્તિ.' આહાહા..! આત્મજ્ઞાનમયી, આત્મદર્શનમયી. સર્વને દેખે માટે સર્વદર્શનમયી એમ નહિ. સર્વને જાણે માટે સર્વજ્ઞ એમ ન લીધું. છે? 'આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વશક્તિ' એમ લીધું છે. આહાહા..! બહુ ફેર. એમ નથી લીધું કે સર્વજ્ઞશક્તિની શ્રદ્ધા. આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ. આત્મા જ્ઞાનમૂર્તિ છે, સર્વજ્ઞસ્વરૂપી છે એવી અંદર પરિણતિ, પ્રતીતિ શ્રદ્ધામાં થાય ત્યારે એ શક્તિ અને શક્તિવાનની પ્રતીતિ કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત આકરી પડે એટલે સોનગઢવાળાને એમ કહે ને? એ એકાંત છે, નિશ્ચયની વાત કરે છે, વ્યવહાર સાધન છે

એમ કહેતા નથી. આહાહા..! ભાઈ! વ્યવહાર સાધન ત્યારે કહેવાય કે, નિશ્ચય પ્રગટ કરે ત્યારે સાધનનો આરોપ કરવામાં આવે છે. એ સાધન-ફાધન છે નહિ. આહાહા..!

બીજી વાત. એક સમયમાં સર્વદર્શિ અને સર્વજ્ઞ શક્તિની જ્યારે પ્રગટ પર્યાય થાય છે, એક પર્યાય સર્વ સામાન્યપણે દેખે અને એક પર્યાય વિશેષ ભિન્ન ભિન્ન દેખે. આહાહા..! એવી એમાં તાકાત છે. એ અદ્ભુત રસ છે, એમ લીધું છે. 'અધ્યાત્મ પંચ સંગ્રહ', 'દીપચંદજી'. એક સમયમાં સર્વદર્શિશક્તિ સર્વને એકરૂપે દેખે. છે, બસ. અને બીજી પર્યાય સર્વને ભિન્ન ભિન્ન કરીને દેખે. આ તે શું ચીજ છે! આહાહા..! સમજાય છે કાંઈ? જુઓને! પુસ્તક છે? આ બાજુ છે. અદ્ભુત શક્તિનું વર્ણન છે.

'સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને જાણવારૂપે પરિણમતા એવા આત્મજ્ઞાનમયી...' આત્મજ્ઞાનમયી. આત્મજ્ઞાનવાળું એમ પણ નથી કહ્યું. આત્મજ્ઞાનવાળામાં ભેદ થઈ જાય છે. આત્મજ્ઞાનમયી, આત્મજ્ઞાનમયી. આહાહા..!

મુમુક્ષુ :– આ નવી પદ્ધતિ છે.

ઉત્તર :– ભગવાનના ઘરની આ પદ્ધતિ છે. ભગવાનના દાસ થવું હોય તો આ રીત છે. આહાહા..! અનાદિથી અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ આમ કહેતા આવ્યા છે. આહાહા..!

સર્વજ્ઞ શક્તિ. એમાં લીધું છે, અદ્ભુત રસ, અદ્ભુત રસ. નવ રસ છે ને? શ્રૃંગાર રસ, શાંત રસ એવા નવ રસ છે. આ એક સમયની પર્યાયમાં, એક સેકંડના અસંખ્ય ભાગમાં સર્વ લોકાલોકને દેખે છે, બસ. છે એટલું. ભિન્ન ભિન્ન નહિ. અને બીજી સર્વજ્ઞની પર્યાય સર્વને ભિન્ન ભિન્ન કરીને દેખે. એક સમયમાં બે પર્યાય. એક પર્યાય સર્વને એકરૂપે સામાન્ય દેખે. બીજી જ્ઞાનની પર્યાય ભિન્ન ભિન્ન કરીને દેખે. આત્મા ભિન્ન, ગુણ ભિન્ન, ગુણની પર્યાય ભિન્ન, પર્યાયના અવિભાગ પ્રતિચ્છેદ ભિન્ન બધાને દેખે. આહાહા..! અદ્ભુત રસ છે. એને ત્યાં અદ્ભુત રસ કહ્યો છે. છે? ઉપરમાં છે.

મુમુક્ષુ :– આપનો સાદ બેસી ગયો છે.

ઉત્તર :– સાદ બેઠો છે. આખું લૂખું થઈ ગયું છે, આખુ મોઢું લૂખું લૂખું થઈ ગયું છે. આ સર્વજ્ઞશક્તિ. પોણો કલાક થયો. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૪૮૭ શક્તિ ૧૧, ગુરુવાર, આસો વદ ૧૪, તા. ૦૬-૧૧-૧૯૮૦

नीरूपात्मप्रदेशप्रकाशमानलोकालोकाकारमेचकोपयोगलक्षणा स्वच्छत्वशक्तिः ११। અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારોથી મેચક (અર્થાત્ અનેક-આકારરૂપ) એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વશક્તિ. (જેમ દર્પણની સ્વચ્છત્વશક્તિથી તેના પર્યાયમાં ઘટપટાદિ પ્રકાશે છે, તેમ આત્માની સ્વચ્છત્વશક્તિથી તેના ઉપયોગમાં લોકાલોકના આકારો પ્રકાશે છે.) ૧૧.

'સમયસાર' 'શક્તિ અધિકાર'. આ આત્મા જે દેહથી ભિન્ન છે એમાં અનંત શક્તિ છે. ૧૧મી, ૧૧મી શક્તિ.

મુમુક્ષુ :- બરાબર બે એકડા આવ્યા છે.

ઉત્તર :- બરાબર આવ્યા છે. 'અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારોથી મેચક (અર્થાત્ અનેક-આકારરૂપ) એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વશક્તિ.' રાત્રે જરી કહેવાણું હતું. જરી બહેનો સાંભળે કે, આત્મામાં અનંતા ગુણો છે એમાં કોઈ ગુણ વિકાર કરે એવો ગુણ નથી, એક વાત. એની પર્યાયમાં વિકાર થાય છે. એ તો અંશ ઉપર દૃષ્ટિ છે એને વિકાર ને સંસાર ને પરિભ્રમણ છે. વસ્તુના સ્વભાવમાં અનંતા ગુણો છે, એ અનંત અનંત ગુણની સંખ્યામાં કોઈ ગુણ વિકાર કરે એવો કોઈ સ્વભાવ નથી. ભાઈ! રાત્રે આવ્યું હતું ને? એક વાત. બે બાજુથી કર્મ જે વસ્તુ જડ પરમાણુ છે એમાં વિકાર કરે એવો કોઈ એનામાં ગુણ નથી. ગુણ હોય તો કાયમ વિકાર રહેવો જોઈએ. એમ આત્મામાં જો વિકાર થવાનો ગુણ હોય તો કાયમ વિકાર રહીને સંસારમાં પરિભ્રમણ રહેવું જોઈએ. ન્યાય સમજાય છે?

આત્મામાં ગુણ જે સ્વચ્છ છે એ સ્વચ્છત્વશક્તિ અનંત ગુણમાં વ્યાપેલી છે. અનંત ગુણમાં એ સ્વચ્છત્વશક્તિ વ્યાપેલી છે. એટલે કોઈ ગુણ અસ્વચ્છ થાય એવો સ્વભાવ નથી. આહાહા..! ફક્ત એની પર્યાયમાં વિકૃત થાય છે એ તો અંશ દૃષ્ટિ કરે છે એને (થાય છે). અનાદિથી અંશ દૃષ્ટિ હોવાથી એ પરિભ્રમણ કરી રહ્યો છે. વસ્તુમાં અંશપણું નથી, વસ્તુમાં વિકાર થવાની કોઈ શક્તિ-ગુણ નથી, તેમ કર્મમાં પણ કર્મની વિકારી પર્યાય થાય એવો કર્મમાં-પરમાણુમાં પણ ગુણ નથી. સમજાણું કાંઈ? બન્ને બાજુ દ્રવ્યમાં વિકાર થવાની કોઈ શક્તિ નથી આત્મામાં, નથી આત્માના ગુણમાં, નથી પરમાણુમાં. પરમાણુમાં વિકાર થવાની શક્તિ નથી, જો પરમાણુમાં વિકાર થવાની શક્તિ હોય તો પરમાણુ વિકારરૂપ કાયમ

રહે. આહા..હા..! સમજાય છે કાંઈ?

સ્વચ્છત્વશક્તિ 'અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન...' એ તો પ્રકાશમાન, પ્રકાશ શુદ્ધ ચૈતન્ય શક્તિ છે. એ કોઈ દિ' અશુદ્ધ થાય એવો કોઈ એનામાં ગુણ છે જ નહિ. સ્વચ્છત્વશક્તિ અનંત ગુણમાં સ્વચ્છત્વશક્તિ વ્યાપેલી છે. સ્વચ્છત્વશક્તિ નહિ પણ સ્વચ્છત્વશક્તિનું રૂપ અનંત ગુણમાં સ્વચ્છત્વશક્તિનું રૂપ છે. એથી આત્મા પોતે સ્વયં વિકારપણે પરિણમે એવો એનામાં કોઈ ગુણ-શક્તિ છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

તેમ પરમાણુ રજકણો પણ વિકારપણે કર્મપણે પરિણમે એવો પરમાણુમાં ગુણ નથી. જેમ આ દ્રવ્યમાં અશુદ્ધ થવાનો કોઈ ગુણ નથી, તેમ પરમાણુમાં વિકાર થવાનો ગુણ નથી. વિકાર થાય છે પર્યાયમાં, પરમાણુમાં પણ થાય છે, જીવમાં પણ થાય છે પણ એ પર્યાયમાં થાય છે. આહાહા..! જેણે એ અંશ દૃષ્ટિ છોડી, કેમકે ગુણમાં, દ્રવ્યમાં દોષ છે નહિ. તો જેને એ અંશમાં પર્યાયમાં વિકાર થવાની યોગ્યતા છે એ દૃષ્ટિ છોડી અને સ્વચ્છત્વશક્તિનો ધરનાર એવો આત્મા, એની જેણે દૃષ્ટિ કરી કે વિકાર થવાનો ગુણ નથી પણ પવિત્ર થવાનો એનામાં ગુણ છે, તો એ પવિત્ર થઈને રહેશે. જેમ એ દૃષ્ટિમાં, અંશ દૃષ્ટિમાં વિકાર છે. એ દૃષ્ટિ, અંશ દૃષ્ટિ છૂટી, બીજી ભાષાએ કહીએ તો પર્યાયદૃષ્ટિ પણ પર્યાયમાં તો નિર્મળ ને અનિર્મળ બન્ને આવે. અહીં આપણે દોષની વાત લેવી છે. આહાહા..! દોષ જે પર્યાયમાં થાય તે વખતે પણ બધી અનંતી અનંતી પર્યાયમાં પણ નહિ. જેટલા ગુણ છે, એટલી પર્યાય વિકારી નહિ. સમજાય છે કાંઈ? અલ્પ વિકારી પર્યાય તે પર્યાય—અવસ્થા—એક અંશ. આહા..હા..!

અહીં સ્વચ્છત્વશક્તિ. અમૂર્તિક આત્મપ્રદેશ. એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ તો નથી પણ જેમાં રાગ અને દ્વેષ, પુણ્ય-પાપ, વિકારભાવ નથી. એવા 'અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન...' પ્રકાશમાન, સદા પ્રકાશમાન. આહા..હા..! ૧૧મી શક્તિ આવી છે. આહા..! એ આત્મપ્રદેશ અમૂર્તિક, એના પ્રદેશોમાં પ્રકાશમાન. એ પ્રકાશમાન છે એમ અનંત ગુણોના પ્રદેશોમાં, અનંત અમૂર્તિક આત્મપ્રદેશોમાં, અનંત ગુણોમાં પ્રકાશમાન. આહા..હા..! 'લોકાલોકના આકારોથી મેચક...' લોકાલોકને મેચક એટલે અનેક પ્રકારે, જે છે અનેક પ્રકાર. ખરેખર તો લોકાલોક છે તેનું અહીં પર્યાયમાં જ્ઞાન વર્તે એવો પર્યાયનો સ્વભાવ છે. પર્યાયમાં લોકાલોકથી વિકાર થાય એવો એનો સ્વભાવ નથી. તેમ ગુણ ને દ્રવ્યથી વિકાર થાય એવો કોઈ સ્વભાવ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

પરદ્રવ્યથી આત્મામાં વિકાર થાય એવો કોઈ ગુણ નથી. તેમ સ્વદ્રવ્યથી વિકાર થાય એવો કોઈ ગુણ નથી. આહા..હા..! ફક્ત વિકાર પર્યાયમાં અંશબુદ્ધિ અનાદિને લઈને (છે), અનાદિની પર્યાયબુદ્ધિને લઈને વિકાર છે. એ અંશબુદ્ધિ છોડીને સ્વચ્છત્વશક્તિનો ધરનાર એવો જે ભગવાન આત્મા, અનંતી સ્વચ્છત્વશક્તિ, એક નહિ. અનંતી સ્વચ્છત્વશક્તિ. ખરેખર તો દ્રવ્ય, ગુણ કોઈ વિકાર કરે એવો નથી, એથી વિકાર કરે અને કર્તા થાય તે મિથ્યાદૃષ્ટિ છે.

આહા..હા..! કેમકે વસ્તુમાં નથી, વસ્તુનો અનાદર કરે છે. સમજાય છે કાંઈ? વસ્તુમાં કોઈ દોષ નથી અને પર્યાયમાં દોષ ઊભો કરે છે એ ત્રિકાળી દ્રવ્ય અને ગુણનો અનાદર કરે છે. આહા..હા..!

શું આમાં કરવું? કરવું એ, કે 'આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના...' લોકાલોકને પ્રકાશે છે. '(અનેક આકારરૂપ) એવો ઉપયોગ જેનું લક્ષણ છે...' એને લઈને નહિ, લોકાલોકને લઈને નહિ. આને જાણવાનું સ્વરૂપ એવું એનું લક્ષણ છે. 'ચંદુભાઈ'! લોકાલોકને લઈને નહિ, લોકાલોકને જાણવાનું જેનું ઉપયોગ લક્ષણ છે. આહા..હા..! ગજબ વાત. કોઈનું કરવું કે પરની દયા (પાળવી), એ પરની દયામાં જે પર્યાય ત્યાં થવાની છે, એ આયુષ્યને લઈને પણ નહિ. એનામાં રહેવાની યોગ્યતા છે ત્યાં સુધી છે એનું નામ બીજાએ દયા પાળી એમ કહે. તે મિથ્યાત્વ ભાવ છે. એની યોગ્યતાએ ત્યાં રહેલ છે, કર્મને લઈને પણ નહિ, તારે લઈને પણ નહિ. આહાહા..! કર્મને લઈને પણ ત્યાં રહ્યો છે એમ નહિ. તેમ એની દયામાં તારે લઈને તે ત્યાં રહ્યો છે, દયા પડી રહી, જીવ ત્યાં ટકી રહ્યો આયુષ્યથી, તારે લઈને, તેં દયા પાળી માટે... આહાહા..! એમ પણ નથી. કેમકે દયાના પરિણામ જે છે એવો કોઈ ગુણ નથી કે, દયાના પરિણામ જીવ કરે. એમ હશે? અહિંસા પરમો ધર્મ છે ને! એ અહિંસા પરની નહિ. રાગની ઉત્પત્તિ ન થવી એવું સ્વરૂપ જ છે.

એ અહીં કહે છે ને? સ્વચ્છત્વ એવી શક્તિ જ એની છે, એક નહિ. આહા..! એવી સ્વચ્છત્વશક્તિ અનંત ગુણમાં વ્યાપેલી છે. કોઈ ગુણ પરની દયા પાળે એવો ભાવ અંદર કોઈ ગુણમાં નથી. તેમ સામાના જીવની દયાની પર્યાય બીજાથી થાય એવો એનામાં ગુણ નથી, એનામાં શક્તિ નથી. આહા..હા..! હવે આવું અહીં સુધી પહોંચવું. અહીં તો કર્તા... કર્તા... કર્તા... કર્તા... આનો આ કર્તા ને આનો આ કર્તા.

બેય દ્રવ્ય, ખરેખર છએ દ્રવ્ય ગુણથી જ ભરેલા છે. છએ દ્રવ્યમાં ક્યાંય વિકાર છે નહિ. ફક્ત બે દ્રવ્યમાં પર્યાયમાં વિકૃત કરે છે. એ વિકૃત ગુણ નથી. આહા..હા..! પર્યાયમાં વિકાર થાય છે, એ પર્યાયદૃષ્ટિ છોડ. પર્યાય સમજાવવામાં કાંઈ પર્યાય રાખવા માટે સમજાવતા નથી. શું કીધું ઈ? કે તારામાં કોઈ ગુણ નથી વિકાર થવાનો, પર્યાયમાં વિકાર થાય છે. કર્મમાં પણ કર્મરૂપે થવું એવો ગુણ નથી. એ પર્યાયમાં જ પરબારો, પરબારો, પરબારી જ કર્મની પર્યાય થાય છે, કર્મના દ્રવ્યમાં ગુણ ન હોવા છતાં. એમ કહીને એ રાખવા માટે છે એમ નહીં તેમ જાણવા માટે છે માટે નહિ. છોડવા માટે છે.

મુમુક્ષુ :– રાગ છોડે એવી શક્તિ તો ખરી ને આત્મામાં?

ઉત્તર :– એ પણ નહિ. રાગ કરવાની (શક્તિ) નથી તો છોડવાની ક્યાંથી આવે? છોડવાનું એ નામમાત્ર છે. એ ૩૪ ગાથામાં આવી ગયું, ૩૪ ગાથા. આત્મા પરભાવનો ત્યાગ કરે છે એ નામમાત્ર છે. પરભાવ એટલે? શરીર, વાણી, મન એ નહિ. એ પરના તો ત્યાગ-ગ્રહણ આત્મામાં છે જ નહિ. આહાર, પાણી, રસ, શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર,

પૈસો, લક્ષ્મી એનું ગ્રહણ અને એનો ત્યાગ એ તો આત્મામાં છે જ નહિ. એની પર્યાયમાં પણ થાય એવો એનામાં સ્વભાવ નથી. આહા..હા..! માને.

અહીં તો અંદરમાં વિકાર થાય એના ત્યાગ-ગ્રહણની વાત છે. કેમકે એ પર્યાયમાં થાય છે, દ્રવ્ય-ગુણમાં નહિ. આહા..હા..! તેથી દ્રવ્ય, ગુણને જોઈએ તો પર્યાય નિર્મળ જ હોય. એથી દ્રવ્ય, ગુણની પર્યાય નિર્મળ હોવાને લઈને રાગનો ત્યાગ એ પણ નામ ને કથનમાત્ર છે. આહા..હા..! સમજાય છે કાંઈ? રાગનો ત્યાગ, દયાના પરિણામ અહિંસા કે શુભના પરિણામ એનો ત્યાગ એ પણ નામમાત્ર છે. પરના ત્યાગ, ગ્રહણની તો વાત જ નહિ પણ આ ત્યાગ ક્યાં એણે ગ્રહ્યો છે તે ત્યાગ કરે? ગુણે ક્યાં ગ્રહ્યો છે રાગને? એ પર્યાયમાં હતો. એ આ લક્ષ જ્યાં દ્રવ્યનું કર્યું તો એ ઉત્પન્ન ન થયો એ પર્યાયે એને છોડ્યો એમ કહેવામાં આવે છે. 'ચંદુભાઈ'! આવી વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

બધા ભગવાન છે. એમાં વિકાર થવાનો ગુણ નથી. વિકાર જો ગુણ હોય તો ત્રિકાળ રહે, તો શાંતિ કોઈ દિ' આવે નહિ, આનંદ કોઈ દિ' થાય નહિ, વાસ્તવિક તત્ત્વ પ્રગટે નહિ. વાસ્તવિક તત્ત્વ જે પવિત્ર છે એ જો વિકારી ગુણ એમાં હોય તો કોઈ દિ' વાસ્તવિક તત્ત્વ પ્રાપ્ત થાય નહિ. પ્રાપ્તની પ્રાપ્તિ થઈ એ બને નહિ. આહા..હા..! 'બ્રહ્મચારીજી'! આવી વાત છે, ઝીણી વાત. એક શક્તિમાં કેટલું નીકળ્યું!

સ્વચ્છત્વશક્તિ. અરિસામાં જેમ, દાખલો આપ્યો છે ને? 'એવો ઉપયોગ જેનું લક્ષણ...' લોકાલોકને જાણવું એમ પણ નહિ, લોકાલોકને જાણવું આ લોક એમ નહિ. લોકાલોકને,... આહા..હા..! 'લોકાલોકના આકારોથી મેચક એવો ઉપયોગ...' 'લાલચંદભાઈ'! શું કીધું ઇ? એનો ઉપયોગ જ એવો છે. લોકાલોકને જાણે તો લોકાલોકને જાણે છે એમ પણ નહિ. એનો ઉપયોગ જ એવો છે કે લોકાલોક સંબંધીનું જ્ઞાન પોતાથી પોતામાં પરિણમે એવો જ એનો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'પ્રિયંકરજી'! આવી વાત છે.

હજી તો આ ક્રમબદ્ધ માનવામાં મુશ્કેલી પડે છે લોકોને. એમાં આવી વાત. એનો અર્થ જ એ થઈ ગયો કે, ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય છે ત્યાં અંશબુદ્ધિ છૂટી જાય છે. કેમકે એનો નિર્ણય જ્ઞાયકને આશ્રયે થાય છે. અને જ્ઞાયકને આશ્રયે (નિર્ણય) થતાં રાગબુદ્ધિ છૂટી જાય છે. છૂટી જાય છે, છોડતો નથી. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! વીતરાગ દર્શન, જૈનદર્શન અલૌકિક છે. ક્રમબદ્ધ તો છે પણ અહીં લોકાલોકને જાણે છે તો લોકાલોકને અડે છે, સ્પર્શે છે, ચુંબે છે એમ નથી. સમજાય છે કાંઈ? ભાષા તો જુઓ!

'અમૂર્તિક આત્મ પ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારરૂપથી મેચક (અનેક-આકારરૂપ)...' મેચક એટલે અનેક આકાર, 'એવો ઉપયોગ...' એવો ઉપયોગ. એને લઈને નહિ. લોકાલોકને લઈને નહિ, આનો ઉપયોગ એવો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? 'એવો ઉપયોગ જેનું લક્ષણ છે...' આહા..હા..!

શું કહે છે? કે, આત્મામાં એ સ્વચ્છત્વશક્તિ અનંત ગુણમાં વ્યાપી છે (એટલે કે) અનંત ગુણમાં એનું રૂપ છે. તો ખરેખર તો એ આત્માનો જે ઉપયોગ છે કે જે લોકાલોકને જાણવાની તાકાતવાળો પોતે, એની (લોકાલોકની) હયાતીને કારણે નહિ. પોતાની હયાતીને કારણે ઉપયોગ જેનું લક્ષણ છે. લોકાલોકને જાણે આત્મ પ્રદેશમાં પ્રકાશમાન એવો ઉપયોગ જેનું લક્ષણ છે, એવી સ્વચ્છત્વશક્તિ. સ્વચ્છત્વશક્તિનો સ્વભાવ, લોકાલોકને જાણે એવો જે ઉપયોગ એવો ઉપયોગ જેનું લક્ષણ છે, લક્ષ પોતે શક્તિ અને લોકાલોકને જાણે, લોકાલોકને લઈને નહિ. આત્મ પ્રદેશમાં લોકાલોકને જાણે એ સ્વતઃ સ્વભાવ ઉપયોગ જેનું લક્ષણ છે. આહા..હા..! ઝીણી વાત છે. વાત સમજાય છે?

'અમૂર્તિક આત્મપ્રદેશોમાં...' એમ કેમ કહ્યું? કે લોકાલોકમાં તો અનંત મૂર્ત પદાર્થ પણ છે. મૂર્ત પદાર્થ પરમાણુ અનંત છે. છતાં અહીંયા એ સંબંધીનો પોતાનો ઉપયોગ પોતાથી થયેલો થાય એવો જે ઉપયોગ જેનું લક્ષણ છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! આ શક્તિ, અનંત શક્તિ... એ જ્ઞાન ઉપયોગ પણ લોકાલોકને જાણે એવો ઉપયોગ જેનું લક્ષણ છે. દર્શન પણ લોકાલોકને જાણે એવી દર્શન શક્તિ પણ ઉપયોગ જેનું લક્ષણ છે. આહા..હા..! લોકાલોકને જાણે એવો વીર્ય નામનો શક્તિનો ભાવ, સ્વભાવ પણ એ એનું લક્ષણ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આવી વાત છે.

પરની સાથે તો કાંઈ સંબંધ નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. આહા..હા..! આખો દિ' ધંધો કરવો, આ કરવું... આ કરવું... આ કરવું... આ કરવું... દવા ને ઇન્જેક્શનને અડતો નથી, કહે છે. અરે..! એને તો અડતો નથી પણ એનામાં થયેલો રાગ જે છે એને એ જ્ઞાયક સ્વરૂપ અડતો નથી. ઝીણી વાત છે, ભાઈ! દસ શક્તિ વંચાઈ ગઈ છે, આ તો અગિયારમી આવી.

'અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન...' અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન. પરને લઈને નહિ ને પરમાં નહિ અને પરને લઈને નહિ. પરમાં નહિ, પરને લઈને નહિ. આહા..હા..! 'અમૂર્તિક આત્મપ્રદેશોમાં...' એક વાત. બીજું, પ્રદેશો કહીને ક્ષેત્ર બતાવ્યું. સમજાણું? (આ વાત) સર્વજ્ઞ સિવાય ક્યાંય નથી. અસંખ્ય પ્રદેશી આત્મા એ સર્વજ્ઞ સિવાય ક્યાંય નથી. 'ચંદુભાઈ'! તેથી નાખ્યું, કે અમૂર્તિક આત્મપ્રદેશ. આત્મપ્રદેશ કીધા. અખંડ વસ્તુ એક જ છે એમ નહિ. જો કે અસંખ્ય પ્રદેશ છે એમ એક પ્રદેશ પણ કહ્યો છે, અખંડની અપેક્ષાએ. 'પંચાસ્તિકાય'માં 'પંચાસ્તિકાય'.

અહીં તો સીધી વાત કીધી. અમૂર્તિક એક શબ્દ લીધો એટલે કે મૂર્તને અડતો નથી ને મૂર્તને જાણવાનો ઉપયોગ જેનો સ્વભાવ છે. મૂર્તને અડતો નથી અને મૂર્તની હયાતી છે માટે અહીં એને જાણવાનો ઉપયોગ છે, એમ નથી. એ જીવનો જ એ ઉપયોગ પોતાનો સ્વતઃ સિદ્ધ છે. આહા..હા..! એક વાત પણ બેસે તો તેને બીજા ભાવો બેસવા અનુકૂળ

પડી જાય. અહીંથી ખસતું નથી હજી.

એક તો અમૂર્તિક કીધું અને આત્મપ્રદેશ કીધા એટલે ક્ષેત્ર કીધું. અમૂર્તિક કહીને દ્રવ્ય કીધું, પ્રદેશ કહીને ક્ષેત્ર કીધું. આહા..હા..! પ્રકાશમાન કહીને, આહા..હા..! ઉપયોગને ગુણ કીધો. 'પ્રકાશમાન લોકાલોકના આકારથી (મેચક) એવો ઉપયોગ જેનું લક્ષણ છે...' આહા..હા..! ગુણ ને પર્યાય બેય આ કહ્યા. શું કહ્યું? એક તો વસ્તુ અમૂર્તિક, એના આત્મ પ્રદેશ, પરમાણુના પ્રદેશ ને એ નહિ, પોતાના પ્રદેશ. એવી વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય છે? 'અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન...' આત્મપ્રદેશોમાં પ્રકાશમાન. આહા..હા..! લોકાલોકને કારણે પ્રકાશમાન એમ નહિ. આત્મપ્રદેશમાં પ્રકાશમાન. લોકાલોકમાં પ્રકાશમાન, લોકાલોકને લઈને પ્રકાશમાન એમ નહિ. આહા..હા..! આચાર્ય ગજબ વાત કરે છે! એક એક શક્તિ. આહા..હા..! આને આમ સિદ્ધાંત કહેવાય. જેમાં અનંત અનંત રહસ્ય ભરેલું છે. 'પ્રિયંકરજી'! આહા..હા..!

એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ. તેથી આત્મપ્રદેશોમાં લોકાલોકને સ્વતઃ જાણવાનો (સ્વભાવ છે). એને અડ્યા વિના એના તરફના લક્ષ વિના, એની હયાતીના સ્વીકાર વિના આ એક સ્વીકાર કર્યો. આહા..હા..! ઝીણી વાત આવી ગઈ છે. કેમકે પરમાણુમાં ને આત્મામાં કોઈ ગુણ, વિકાર થાય એવો કોઈ ગુણ નથી. ચાર દ્રવ્યમાં તો ગુણ છે જ નહિ. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ એમાં તો કોઈ દોષ થાય એવો ગુણ છે જ નહિ. આ બે દ્રવ્ય જે છે જીવ ને પરમાણુ દ્રવ્ય એમાં પણ કોઈ દ્રવ્ય ને દ્રવ્યનો ગુણ... આહા..હા..! વિકાર થાય એવો એનો કોઈ સ્વભાવ જ નથી. તેથી તે અસંખ્ય પ્રદેશમાં લોકાલોક જેટલો... અલોક પણ લીધો, હોં! આહા..હા..! આકાશનો અંત નથી, એને પણ આ ઉપયોગ જાણવાનો સ્વભાવ અહીંયાં પડ્યો છે.

'આત્મપ્રદેશોમાં પ્રકાશમાન...' શું પ્રકાશમાન? ઉપયોગ. એ ગુણ ને પર્યાય લીધી, ખરેખર તો પર્યાય છે આ. ભાઈ! કેમકે જાણવું છે ને? શક્તિ છે એ શક્તિની કબુલાત થાય ત્યારે તો એ પર્યાય થઈ. સ્વચ્છત્વ શક્તિ છે, આત્મામાં સ્વચ્છત્વ શક્તિ છે એ સ્વચ્છત્વ શક્તિ કબુલ ન કરે, એ તો ગુણ છે.

મુમુક્ષુ :- પર્યાય કબુલ કરે.

ઉત્તર :- હાહા..! એ તો પર્યાયમાં... આ ઉપયોગ એ પર્યાય છે. ઉપયોગ જેનું લક્ષણ એવી આ (સ્વચ્છત્વશક્તિ) સમજાય છે? આહા..હા..! ઝીણું આવ્યું. એક મહિને આસો સુદ એકમે વાંચ્યું હતું.

મુમુક્ષુ :- અવસર શેના આવવાના?

ઉત્તર :- ભાઈ! એ 'ચંદુભાઈ'નો વિચાર હતો. આવ્યા પછી શું કહે છે ઇ? ઇ કહે વાંચો પણ શક્તિ એવી આજે નથી. આખી રાત ઊંઘ નથી.

મુમુક્ષુ :- આજે ઉંઘ આવી જશે.

ઉત્તર :- એથી શું? શરીરનો સ્વભાવ... આહા..! છતાં, આહા..હા..!

લોકાલોકના અનેક પ્રકાર. અનેક પ્રકાર કેમ કહ્યા? લોકાલોક એક જ ચીજ નથી. તેમાં અનંતા દ્રવ્ય, અનંતા ગુણો, અનંતી પર્યાય, અનંતી પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ. આહા..હા..! એવા એ અનેક આકારો એટલે એનું સ્વરૂપ. સામસામું. એમાં અહીંયાં આ જણાય છે. અહીં જણાય છે એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વશક્તિ. આહા..! ગજબ કર્યો છે. એક શક્તિએ ભગવંત...!

'(જેમ દર્પણની સ્વચ્છત્વશક્તિથી...)' દૃષ્ટાંત દીધો છે, લોકોને ખ્યાલમાં આવે. '(જેમ દર્પણની સ્વચ્છત્વશક્તિથી તેના પર્યાયમાં....)' આહા..હા..! 'ઘટપટાદિ પ્રકાશે છે..' છે? '(દર્પણની સ્વચ્છત્વશક્તિથી તેના પર્યાયમાં...)' સ્વચ્છત્વશક્તિની પર્યાયમાં. જોયું? પેલો ઉપયોગ પર્યાય છે. સ્વચ્છત્વશક્તિ ત્રિકાળ છે. સ્વચ્છત્વશક્તિને ધરનારો ભગવાન દ્રવ્ય. એ અંશ દૃષ્ટિ છોડીને અંશી દૃષ્ટિ થઈ ત્યાં પર્યાયમાં ઉપયોગ શુદ્ધ થયો. એ અહીં વાત છે. ત્યારે શુદ્ધ ઉપયોગ થાય, ત્યારે એને ધર્મ થાય. આહા..હા..! આવું ઝીણું.

મુમુક્ષુ :- આત્મા ઝીણો છે તો તેની વાત ઝીણી જ હોય ને!

ઉત્તર :- છે, બધામાં ભગવાન આત્મા બિરાજે છે. પણ એ જે ચીજ છે એના ઉપર અનાદિથી લક્ષ નથી તેથી તેનો સ્વચ્છત્વગુણનો ધરનાર દ્રવ્ય... એકલા સ્વચ્છત્વ ગુણ ઉપર લક્ષ નહિ. અહીંયાં તો ફક્ત જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે. કોને લક્ષે? એમાં અનંતી પર્યાય ઉછળે છે એ વાત સિદ્ધ કરે છે. શું કીધું સમજાણું? ચૈતન્ય દ્રવ્યનો ઉપયોગ લક્ષણ જ્યાં ખ્યાલમાં આવતા જ્ઞાનની સમ્યક્ પર્યાય ઉત્પન્ન થાય છે તે પર્યાયમાં અનંતા ગુણોની પર્યાય ઉછળે છે. પર્યાય ઉછળે છે, ગુણ તો ગુણ છે. 'લાલચંદભાઈ'! આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ? વીતરાગ માર્ગ એવો ઝીણો છે. બહારની ક્રિયાકાંડમાં લોકોને,...

કહ્યું હતું ને? ૩૧મી ગાથા. 'जो इंदिये जिणित्ता' ઇન્દ્રિયને જીતવી. ઇન્દ્રિય શબ્દે આત્મા સિવાય બીજી બધી ચીજો. ભગવાન પણ ઇન્દ્રિયમાં જાય છે, ભગવાનની વાણી ઇન્દ્રિયમાં જાય છે. એ દ્રવ્યને જીતીને અને એ જ વાત ૯૬ ગાથામાં કીધી કે, મનનો વિષય એવા છ દ્રવ્ય, એમાં ભગવાન આવી ગયા, પરમેશ્વર સર્વજ્ઞ આવી ગયા. મનનો વિષય સર્વજ્ઞ પરમાત્મા, એ આત્માનો વિષય નહિ અને ઇન્દ્રિયનો વિષય રૂપી. મનનો વિષય છ દ્રવ્ય, એના ઉપર લક્ષ્ય હોવાથી... આહા..હા..! શક્તિ રોકાયેલી છે. ૯૬ ગાથામાં આવ્યું, રાત્રે કહ્યું હતું. આહા..હા..! મનનો વિષય ભગવાન પંચપરમેષ્ઠી અને છ દ્રવ્ય, એમાં એ જ્ઞાન રોકાયેલું હોવાથી પોતાને જાણી શકતું નથી. આહા..હા..! અને ઇન્દ્રિયનો વિષય, એનાથી... આહા..હા..! શું કીધું પેલામાં? ઢંકાયેલું કીધું. પેલામાં રોકાયેલું કહ્યું, રૂપી દેહ ઇન્દ્રિયના વિષયમાં ઢંકાયેલું કહ્યું. આહા..હા..! ત્યાં રોકાતા આત્માની દૃષ્ટિ થતી નથી, તેને આત્મદર્શન થતું નથી. વિશેષ કહેશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

હું પરમાત્મા છું એમ નક્કી કર
હું પરમાત્મા છું એમ નિર્ણય કર
હું પરમાત્મા છું એમ અનુભવ કર
-પૂ. ગુરુદેવશ્રી

